ॐ

श्री सिद्ध परमात्मने नमः।

# સમયસાર રહસ્ય

## ભાગ–૫

અધ્યાત્મ યુગપુરુષ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી સમયસાર પરમાગમ ઉપરના ૧૭મી વખતના
૩૯ થી ૬૮ ગાથાના સ્વાનુભવ મુદ્રિત ૩૬ અક્ષરશઃ પ્રવચનો

પ્રકાશક
શ્રી કુંદકુંદ–કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ
શ્રી કુંદકુંદ–કહાન પારમાર્થિક ટ્રસ્ટ

| વીર સંવત | વિક્રમ સંવત | ઈ.સ. |
|---|---|---|
| ૨૫૪૯ | ૨૦૭૯ | ૨૦૨૩ |

**પ્રકાશન**

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનો
૧૧૦ મો જન્મ-મહોત્સવ, શુક્રવાર, તા. ૧-૯-૨૦૨૩

**પ્રાપ્તિ સ્થાન**

(૧) શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વિ. એલ. મહેતા માર્ગ,
વિલેપાર્લા (વેસ્ટ), મુંબઈ.

(૨) શ્રી કુંદકુંદ-કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ,
૧૭૩/૧૭૫, બેંક ઑફ બરોડાની ઉપર,
મુંબાદેવી, મુંબઈ-૪૦૦૦૦૨.

**લેસર ટાઈપ સેટિંગ**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

**મુદ્રક**
**અજય ઑફસેટ**
મો. ૯૮૨૫૪૭૭૭૪૫

# પ્રકાશકીય

**મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી**
**મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલં**

શાસનનાયક અંતિમ જિનેશ્વર શ્રી મહાવીરસ્વામીના પ્રવર્તમાન શાસનમાં અનેક ગુણસમુદ્ર એવા આચાર્ય ભગવંતો થયા છે. તેઓએ નિજાનુભવ તથા ભગવાનની દિવ્યધ્વનિના આધારે અનેક મહાન પરમાગમોની રચના કરી, તેમ જ જન્મ-મરણના દુઃખથી મુક્ત થઈ અવિનાશી નિજાનંદ સુખ, શાંતિની પ્રાપ્તિ કઈ રીતે કરવી તેનો માર્ગ પ્રકાશી, ભવ્ય જીવો ઉપર મહાન ઉપકાર કર્યો છે. ભગવાન મહાવીરસ્વામીના મોક્ષગમન બાદ ત્રણ કેવળી અને પાંચ શ્રુતકેવળી થયા. આચાર્યોની પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવતની શરૂઆતમાં થઈ ગયા. દિગંબર જૈન પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે. દિગંબર જૈન સાધુઓ પોતાને કુંદકુંદાચાર્યદેવની પરંપરાના કહેવડાવવામાં ગૌરવ અનુભવે છે. તેઓશ્રીને ભગવાન મહાવીરથી ઉદ્દઘાટિત વિશુદ્ધ જ્ઞાન આચાર્યોની પરંપરાથી મળ્યું હતું, એટલું જ નહિ પણ આઠ દિવસ સુધી મહાવિદેહવાસી શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિ સાક્ષાત્ શ્રવણ કરવાનું મહાભાગ્ય પણ તેઓશ્રીને પ્રાપ્ત થયું હતું.

પવિત્રતાના સ્વામી એવા કુંદકુંદાચાર્યદેવે અનેક કૃતિઓની રચના કરી છે. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય સંગ્રહ, અષ્ટપાહુડ એ પંચ પરમાગમો સહિત બીજી પણ અનેક ભવ્ય કૃતિઓની રચના કરીને જિનશાસન-સ્તંભનું કાર્ય કર્યું છે. શ્રી સમયસાર પરમાગમ તેઓશ્રીની એક અદ્વિતીય કૃતિ છે, જગતનું અદ્વિતીય ચક્ષુ છે. પાંચમી ગાથામાં તેઓશ્રી ફરમાવે છે કે મારા નિજ વૈભવથી હું સમયસારને કહીશ. જિનેન્દ્ર ભગવાન અને ગણધરદેવથી માંડીને અમારા ગુરુ પર્યંતના ઉપકારીઓ દ્વારા પ્રસાદરૂપે અપાયેલ શુદ્ધાત્મતત્ત્વના અનુગ્રહપૂર્વક ઉપદેશથી આ નિજ વૈભવ પ્રાપ્ત થયો છે. નિરંતર ઝરતો-આસ્વાદમાં આવતો સુંદર જે આનંદ, તેની છાપવાળું જે પ્રચુરસ્વસંવેદનરૂપ સ્વસંવેદન છે તેનાથી પણ તેનો જન્મ થયો છે. આ સમયસાર અદ્ભુત શાસ્ત્ર છે. તેમાં નિજ સમયસારરૂપ પરમાત્મતત્ત્વને પ્રકાશિત કરવાનું રહસ્ય ભર્યું છે. તેથી આ પ્રવચન ગ્રંથનું **'સમયસાર રહસ્ય'** નામ આપવામાં આવ્યું છે. આવા નિર્વિકારી અતીન્દ્રિય આનંદની

મહોરછાપ યુક્ત પ્રત્યેક વાક્યો ભવ્યજીવોના આત્મહિતાર્થે લખાયેલા છે.

સાંપ્રત સમાજમાં આવા મહાન રહસ્યયુક્ત પરમાગમની ઉપલબ્ધિ હોવા છતાં, અંતરંગ રહસ્ય ઉકેલનારું કોઈ નહોતું, તેથી મોક્ષમાર્ગ લુપ્તપ્રાયઃ થઈ ગયો હતો. મિથ્યાત્વનું ભયંકર સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું હતું એવા દુષમકાળમાં તેવા ઘોર અજ્ઞાન-અંધકારનો નાશ કરવા તેજસ્વી સૂર્યનો ઉદય થયો. એ સૂર્ય છે-પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. ભાવિમાં સૂર્ય સમાન કીર્તિ ઉદિત થઈ ચૌદ બ્રહ્માંડમાં મોક્ષમાર્ગને પ્રકાશિત કરવાની છે, તેની વર્તમાનમાં ઝાંખી કરાવનાર એવા તારણહાર, યુગપુરુષ, ભવ્યાત્માઓના આત્મ-હિતકર ગુરુદેવશ્રીએ દિગંબર સત્‌શાસ્ત્રોના રહસ્યો ઉકેલી મોક્ષમાર્ગને સ્પષ્ટ કર્યો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં શબ્દોમાં કહીએ તો 'પાંચમા આરાના છેડા સુધી ગુરુદેવશ્રીની વાણી રહેશે. પૂજ્ય ગુરુદેવશ્રીએ ચારે પડખેથી માર્ગને સ્પષ્ટ કર્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીને તો શ્રુતની લબ્ધિ હતી.'

સમયસાર પરમાગમ તેઓશ્રીને સ્વાનુભવ થવામાં મહાન નિમિત્ત થયું છે. તેઓશ્રીનાં પ્રત્યેક પ્રવચનોમાં કુંદકુંદાચાર્યદેવ પ્રત્યેની સાતિશય ભક્તિ પ્રદર્શિત થાય છે. અનેક વાર પ્રવચનોમાં તેઓશ્રી કહેતાં કે અમે તો કુંદકુંદાચાર્યદેવના દાસાનુદાસ છીએ. તેઓશ્રીનાં વ્યક્તિગત સ્વાધ્યાયમાં તો તેઓશ્રીએ અનેક વાર સમયસાર શાસ્ત્રનો સ્વાધ્યાય કરી અમૃતપાન પીધાં જ છે, પરંતુ નિષ્કારણ કરુણાથી ધબકતા તેઓશ્રીનાં હૃદયમાંથી મોક્ષમાર્ગ રહસ્યોદ્‌ઘાટક પ્રવચનધારા વહી અને જાહેરમાં ૧૯ વાર પ્રવચનો કર્યાં. અમૃત ઝરતી તેઓશ્રીની જ્ઞાન-લહેરીઓ આકાશને આંબવા જેટલી ઊંચે ઉછળતી. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી એ સામાન્ય વાણી નથી, પરંતુ મિથ્યાત્વના ભૂક્કા ઊડાવી દે તેવી ભવદુઃખ નાશ કરનારી વાણી છે. તેઓશ્રીનાં પ્રત્યેક વચન અનેક આગમોથી યુક્ત છે. અનેક આગમોના રહસ્ય તેઓશ્રીનાં પ્રત્યેક વચનોમાં ભર્યાં છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો રેકોર્ડિંગ કરવામાં આવ્યા અને જતન કરીને સાચવ્યા તેમ જ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટે તેની ડી.વી.ડી. બનાવી તેમ જ અક્ષરશઃ પ્રવચનો ઈન્ટરનેટ ઉપર ઉપલબ્ધ કરાવી સમાજ ઉપર જે ઉપકાર કર્યો છે તે માટે સર્વેનો આભાર વ્યક્ત કરીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઉપલબ્ધ આશરે ૯૦૦૦ પ્રવચનોમાં સમયસાર પરમાગમ ઉપરના ૧૩મી અને ૧૫મી થી ૧૯મી વારના પ્રવચનો ઉપલબ્ધ છે. તેમાં ૧૭મી વારના પ્રવચનો પ્રકાશિત કરવાની ભાવના શ્રી કુંદકુંદ-કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટને થઈ કે પૂજ્ય ગુરુદેવશ્રીના મુખમાંથી ઝરેલું આ અમૃત જો પુસ્તક રૂપે થાય તો મુમુક્ષુજીવોને મહાલાભનું કારણ થાય. તેથી તેઓએ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ પાસે પોતાના વિચારો રજૂ

કર્યા અને વેબસાઈટ ઉપર આ પ્રવચનો સર્વ સાધારણ મુમુક્ષુજનોને ઉપલબ્ધ થાય તેવી ભાવના વ્યક્ત કરી. ટ્રસ્ટ દ્વારા તેમને સુંદર આવકાર પ્રાપ્ત થયો, સહર્ષ સ્વીકૃતિ આપી અને આ કાર્યને આગળ ધપાવવા માટે પૂરી અનુમોદના વ્યક્ત કરી. ઉક્ત ભૂમિકા સાથે ૧૭મી વખતના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય શરૂ થયું. શ્રી સમયસાર ગ્રંથના ૧૭મી વખતના કુલ ૫૯૬ પ્રવચનો છે, જે લગભગ ૨૫ ભાગમાં પૂર્ણ કરવાની ગણતરી છે.

સમયસાર રહસ્ય ભાગ-૧ પૂજ્ય ગુરુદેવશ્રી તથા ભગવતી માતાને અર્પણ કરવામાં આવી રહ્યો છે. પ્રવચનોને કમ્પ્યુટરમાં ટાઈપ કરી આપવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રવચનોને તપાસી આપવાનું કાર્ય શ્રી રજનીભાઈ દોશી, હિંમતનગર, દ્વારા કરી આપવામાં આવેલ છે તથા પ્રુફ રીડીંગમાં શ્રી હસમુખભાઈ શાહ, હિંમતનગર, શ્રીમતી પારૂલબેન શેઠ, વિલેપાર્લા અને શ્રીમતી ઉપમાબેન દોશીનો સહયોગ મળેલ છે તે બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. આ પ્રવચનો વેબસાઈટ ઉપર મૂકવાની સ્વીકૃતિ આપવા બદલ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈનો પણ હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે. પ્રવચનોને પૂર્ણ ચોકસાઈથી તથા ચીવટ રાખીને પ્રકાશિત કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમ છતાં કોઈ પણ પ્રકારની તૃટિ રહી જવા પામી હોય તો ધ્યાન દોરવા વિનંતી. અનાદિ કાળથી મોહાગ્નિમાં બળી રહેલા જીવોને આ પ્રવચન ગ્રંથના નિમિત્તે ભવ્ય જીવોને સમાધિ-સુખ ને શાશ્વત પરમાનંદની પ્રાપ્તિનો પંથ મળે એવી અમારી ભાવના છે.

અંતતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના ભવતાપવિનાશક પ્રવચનોનો પ્રત્યેક મુમુક્ષુ લાભ લઈ આત્મહિત સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. આ પ્રવચનો Vitragvani.com ઉપર મૂકવામાં આવેલ છે.

શ્રી કુંદકુંદ-કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ, મુંબઈ
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈ

# અહોભાગ્ય!

પરમ પૂજ્ય વીતરાગી જિનેન્દ્ર ભગવંતોની વાણીમાં પ્રવાહિત આધ્યાત્મિક તત્ત્વજ્ઞાન તેમની પરંપરામાં થયેલ વીતરાગી સંતોની પરંપરાથી આજે પણ આપણને સુલભ છે. વીતરાગી નિર્ગ્રંથ સંતોની પરંપરામાં કળિકાળ સર્વજ્ઞ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોપરી છે. મંગલાચરણમાં શાસનનાયક ભગવાન મહાવીર તથા ગૌતમ ગણધર પછી તુરંત સ્મરણ કરવામાં આવતા આચાર્ય કુંદકુંદ આજે જૈનધર્મના આધાર સ્તંભ ગણવામાં આવે છે. વિદેહક્ષેત્રે સ્થિત જીવંતસ્વામી સીમંધર પરમાત્માના સાક્ષાત્ દર્શન અને દિવ્યધ્વનિ શ્રવણનું સૌભાગ્ય પ્રાપ્ત થયું તે તેઓશ્રીની વિશેષ ઉલ્લેખનીય ઉપલબ્ધિ છે. તેમની લેખનીથી ૮૪ પાહુડની રચના થઈ, જેમાંથી અમુક વર્તમાનમાં ઉપલબ્ધ છે. ગ્રંથાધિરાજ સમયસાર, આચાર્યદેવની નિષ્કારણ કરુણાનો અદ્ભુત પ્રસાદ છે. તેઓશ્રીએ આ ગ્રંથ અત્યંત અપ્રતિબુદ્ધ અજ્ઞાની જીવોના હિતાર્થે રચ્યો છે.

વર્તમાન યુગમાં જ્યારે ધર્મનું વાસ્તવિક સ્વરૂપ આત્મજ્ઞાનશૂન્ય કોરા ક્રિયાકાંડમાં આચ્છાદિત થયું હતું અને આત્મધર્મ પ્રાયઃ લુપ્ત થઈ ગયો હતો, એવા વિષમકાળમાં જિનશાસનને જીવંત સ્વરૂપ પ્રદર્શિત કરવા માટે એકપુરુષનું અવતરણ થયું. જેમના દિવ્યવચનો અને અંતર્બાહ્ય વ્યક્તિત્વથી મૂળ જિનશાસનનું સ્વરૂપ આ શતાબ્દિમાં પ્રસિદ્ધિને પ્રાપ્ત થયું. તે યુગપુરુષ છે, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. જેમણે ૪૫ વર્ષો સુધી અનવરત પોતાની દિવ્યવાણીથી આચાર્ય ભગવંતોના રહસ્યોને ઉદઘાટિત કર્યા.

પૂજ્ય ગુરુદેવશ્રીના જીવન પરિવર્તનમાં શ્રી સમયસારજીનું અવિસ્મરણીય યોગદાન રહ્યું છે, જે સર્વવિદિત છે. તેથી જિનાગમના અનેક ગ્રંથોના દોહન-પ્રવચન સાથે જ પૂજ્ય ગુરુદેવશ્રીના સમયસાર ઉપર ૧૯ વાર સભામાં પ્રવચન થયા. જેમાં આપણા સદ્ભાગ્યથી ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯મી વારના પ્રવચનો સી.ડી.માં ઉપલબ્ધ છે.

હું જ્યારે પણ કોઈપણ ગાથાનો સ્વાધ્યાય કરું છું કે કરાવું છું ત્યારે સમયસારની તે ગાથા ઉપર અલગ અલગ વારના પ્રવચનો અવશ્ય સાંભળુ છું અને તેનાથી મને વિશેષ લાભ થતો રહ્યો છે.

અત્યાર સુધી ગુજરાતીમાં શબ્દશઃ પ્રવચનોનું પ્રકાશન કાર્ય આત્માર્થી ભાઈશ્રી ચેતનભાઈ મહેતા, રાજકોટ સંભાળી રહ્યા હતા. પરંતુ તેમના અચાનક દેહપરિવર્તનના કારણે આ કાર્યનું દાયિત્વ મેં સંભાળવાનો નિશ્ચય કર્યો. જેના ફળસ્વરૂપે શ્રી સમયસારજી ઉપર ૧૭મી વારના પ્રવચન '**સમયસાર રહસ્ય**'નો પ્રથમ ભાગ મુમુક્ષુઓને સાદર સમર્પિત છે. આ પવિત્ર ગ્રંથનું કાર્ય કરવાનો મને જે અદ્‌ભુત લાભ મળ્યો તે મારું અહોભાગ્ય જ છે, પરંતુ આપ પણ મનોયોગપૂર્વક સી.ડી. પ્રવચન સાંભળતા સાંભળતા આ ગ્રંથનો ઉપયોગ કરશો તો નિશ્ચિતરૂપે લાભાન્વિત થશો.

પ્રસ્તુત ગ્રંથમાં પૂજ્ય ગુરુદેવશ્રીના સમયસારના ૧૭મી વારના પ્રવચનો સંગ્રહીત છે. મને જીવનમાં આવા લાભ પ્રાપ્ત થતા રહે તથા મુમુક્ષુ સમાજને આ પ્રયાસ આત્મહિતનું કારણ થાય તેવી ભાવના છે.

રજનીભાઈ મીઠાલાલ દોશી
હિંમતનગર (ગુજરાત)

# અનુક્રમણિકા


| પ્રવચન | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૧૨૪ | ૦૬–૦૮–૧૯૭૨ | શ્લોક–૩૨–૩૩ | ૦૦૧ |
| ૧૨૫ | ૦૭–૦૮–૧૯૭૨ | શ્લોક–૩૩, ગાથા–૩૯ થી ૪૩ | ૦૧૪ |
| ૧૨૬ | ૦૮–૦૮–૧૯૭૨ | ગાથા–૩૯ થી ૪૩ | ૦૨૯ |
| ૧૨૭ | ૦૯–૦૮–૧૯૭૨ | ગાથા–૩૯ થી ૪૩ | ૦૪૩ |
| ૧૨૮ | ૧૦–૦૮–૧૯૭૨ | ગાથા–૪૪ | ૦૫૯ |
| ૧૨૯ | ૧૧–૦૮–૧૯૭૨ | ગાથા–૪૪ | ૦૭૨ |
| ૧૩૦ | ૧૨–૦૮–૧૯૭૨ | શ્લોક–૩૪ | ૦૮૫ |
| ૧૩૧ | ૧૩–૦૮–૧૯૭૨ | ગાથા–૪૫ | ૦૯૭ |
| ૧૩૨ | ૧૪–૦૮–૧૯૭૨ | ગાથા–૪૫ | ૧૧૨ |
| ૧૩૩ | ૧૫–૦૮–૧૯૭૨ | ગાથા–૪૫–૪૬ | ૧૨૬ |
| ૧૩૪ | ૧૬–૦૮–૧૯૭૨ | ગાથા–૪૬ થી ૪૮ | ૧૩૯ |
| ૧૩૫ | ૧૭–૦૮–૧૯૭૨ | ગાથા–૪૯ | ૧૫૯ |
| ૧૩૬ | ૧૮–૦૮–૧૯૭૨ | ગાથા–૪૯ | ૧૭૨ |
| ૧૩૭ | ૧૯–૦૮–૧૯૭૨ | ગાથા–૪૯ | ૧૮૬ |
| ૧૩૮ | ૨૦–૦૮–૧૯૭૨ | ગાથા–૪૯ | ૧૯૮ |
| ૧૩૯ | ૨૧–૦૮–૧૯૭૨ | ગાથા–૪૯ | ૨૧૨ |
| ૧૪૦ | ૨૨–૦૮–૧૯૭૨ | ગાથા–૪૯, શ્લોક–૩૫ | ૨૨૫ |
| ૧૪૧ | ૨૩–૦૮–૧૯૭૨ | ગાથા–૫૦થી ૫૫, શ્લોક–૩૫, ૩૬ | ૨૩૮ |
| ૧૪૨ | ૨૪–૦૮–૧૯૭૨ | ગાથા–૫૦ થી ૫૫ | ૨૫૮ |
| ૧૪૩ | ૨૫–૦૮–૧૯૭૨ | ગાથા–૫૦ થી ૫૫ | ૨૭૧ |
| ૧૪૪ | ૨૬–૦૮–૧૯૭૨ | ગાથા–૫૦ થી ૫૫ | ૨૮૫ |

| | | | |
|---|---|---|---|
| ૧૪૫ | ૨૭–૦૮–૧૯૭૨ | ગાથા–૫૦ થી ૫૫ | ૨૯૯ |
| ૧૪૬ | ૨૮–૦૮–૧૯૭૨ | ગાથા–૫૦ થી ૫૫ | ૩૧૨ |
| ૧૪૭ | ૨૯–૦૮–૧૯૭૨ | ગાથા–૫૬, શ્લોક–૩૭ | ૩૨૫ |
| ૧૪૮ | ૩૦–૦૮–૧૯૭૨ | ગાથા–૫૭ થી ૬૦ | ૩૩૯ |
| ૧૪૯ | ૩૧–૦૮–૧૯૭૨ | ગાથા–૫૮ થી ૬૦ | ૩૫૩ |
| ૧૫૧ | ૦૨–૦૯–૧૯૭૨ | ગાથા–૬૧ | ૩૬૫ |
| ૧૫૨ | ૦૩–૦૯–૧૯૭૨ | ગાથા–૬૨ | ૩૭૮ |
| ૧૫૩ | ૦૪–૦૯–૧૯૭૨ | ગાથા–૬૩ થી ૬૬ | ૩૯૩ |
| ૧૫૪ | ૦૫–૦૯–૧૯૭૨ | ગાથા–૬૫–૬૬, શ્લોક–૩૮–૩૯ | ૪૦૭ |
| ૧૫૫ | ૦૬–૦૯–૧૯૭૨ | ગાથા–૬૭–૬૮, શ્લોક–૪૦ | ૪૨૩ |
| ૧૫૬ | ૦૭–૦૯–૧૯૭૨ | ગાથા–૬૮ | ૪૩૮ |
| ૧૫૭ | ૦૮–૦૯–૧૯૭૨ | ગાથા–૬૮, શ્લોક–૪૧ | ૪૫૦ |
| ૧૫૮ | ૦૯–૦૯–૧૯૭૨ | શ્લોક–૪૨–૪૩ | ૪૬૫ |
| ૧૫૯ | ૧૦–૦૯–૧૯૭૨ | શ્લોક–૪૪ | ૪૭૮ |
| ૧૬૦ | ૧૧–૦૯–૧૯૭૨ | શ્લોક–૪૫ | ૪૮૮ |

# શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**(શિખરણી)**

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી તરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

સહજ ચિદાનંદ

।।श्री परमात्मने नमः।।

# સમયસાર રહસ્ય

(અધ્યાત્મયુગસૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી સમયસારજી પરમાગમ ઉપર ચાલેલા ૧૭મી વખતના
શબ્દશઃ સળંગ પ્રવચનો)
(ભાગ-૫)

## અષાઢ વદ-૧૨, રવિવાર, તા. ૦૬-૦૮-૧૯૭૨
## કળશ-૩૨-૩૩, પ્રવચન-૧૨૪

મિથ્યાદૃષ્ટિ એટલે જેની દૃષ્ટિમાં ભ્રમ છે, આત્મા શું છે આનંદસ્વરૂપ એની ખબર નથી. તેને આત્મા સિવાય ક્યાંક ઉત્સાહિત વીર્ય થઈને સ્વભાવિક દૃષ્ટિ દેખાય છે એ બધું મિથ્યાત્વજન્ય છે. પોતાની ચીજ સિવાય ક્યાંય પણ રજકણથી માંડીને ઋદ્ધિ વૈમાનિકની કે સંયોગોની અવસ્થાઓ સુંદર આદિ એમાં જેને કાંઈક આહ્લાદ સુખ છે, ઠીક છે એમ ભાસે છે એ મિથ્યાદૃષ્ટિ છે.

'**મિથ્યાદૃષ્ટિ જીવ-અજીવનો ભેદ નથી જાણતા...**' મારામાં આનંદ છે અને આ બધી ચીજો દુઃખમાં નિમિત્ત છે, દુઃખ છે. રાગાદિના પરિણામ ચાહે તો શુભ હો કે અશુભ એ દુઃખ છે. એ ખરેખર અજીવનું સ્વરૂપ છે એમ જાણતા નથી. '**આ સ્વાંગોને જ સાચા જાણી એમાં લીન થઈ જાય છે.**' શરીરનો સ્વાંગ અજીવનો, પુણ્ય-પાપના વિકલ્પની વૃત્તિઓનો સ્વાંગ જોવું, એ રાગમાં આવતો જ નથી. એને પોતાના જાણી અથવા સાચા જાણી એમ, એમાં લીન થઈ જાય છે. કહો, સમજાય છે આમાં?

**'તેમને સમ્યદૃષ્ટિ યથાર્થ સ્વરૂપ બતાવી,...'** લ્યો, અહીં તો અહીંથી આમ લીધું છે. ઓલા કહે સમયસાર તો છઠ્ઠા ગુણસ્થાનવાળા મુનિને એને જાણવા માટે છે. કહે છેને? અહીં તો સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિને સ્વરૂપ બતાવે છે. ભાઈ! તું જે સ્વાંગ પુણ્ય-પાપનો અને એના ફળનો બહાર સ્વાંગ એમાં તને પ્રીતિ અને રુચિ ને અધિક ભાસે તો તું પરને પોતાનું માને છો. એને સમ્યગ્દૃષ્ટિ (જીવ) સમજાવે છે, તેમનો ભ્રમ મટાડે છે. ભ્રમ તો ઓલો મટે છે. ત્યારે એને મટાડે છે એમ કહેવામાં આવે છે. (ભાષા) તો આમ છે આમાં. **'તેમનો ભ્રમ મટાડી,...'**

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... અહીં તો એને સમજાવનાર મુનિ (છે) અને સમજનાર એ પાત્ર કોણ છે એનો સંબંધ બતાવે છે.

**'તેમનો ભ્રમ મટાડી, શાંતરસમાં તેમને લીન કરી...'** દેખો! આ સમ્યગ્દૃષ્ટિપણું. આત્માનો જે શાંત અનાકુળ આનંદ સ્વભાવ એમાં લીન થવું એ સમ્યગ્દૃષ્ટિનું સ્વરૂપ છે. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? જેવો એનો સ્વભાવ ભગવાન આત્મા અનાકુળ આનંદ, જ્ઞાનસ્વરૂપ એવી અંતરમાં પ્રતીત થવી, એ ભાસ થઈને પ્રતીત થવી એને શાંતિમાં લીન કરે છે. એનો અર્થ કે અનાદિથી અશાંતિમાં લીન હતો. આહા..હા..! ચાહે તે પંચ મહાવ્રતના પરિણામ કરતો હોય કે અવ્રતના પરિણામ અનંતાનુબંધીના જે હોય એ બધી અશાંતિ હતી. શોભાલાલજી! આહા..હા..! એ જીવને એ અશાંતિ મટાડી, બાપુ! એ ચીજ તારી ચીજ નહિ હોં. એ તો કૃત્રિમ સ્વાંગમાં છે. છે એ ચીજ તારાથી જુદી છે. એમ એને જણાવ્યું ત્યારે **'તેમને લીન કરી સમ્યગ્દૃષ્ટિ બનાવે છે.'** જુઓ, એમાં એમ છે (કે) સમ્યગ્દૃષ્ટિ બનાવે છે. ભાષા તો એમ સમજાવામાં શું આવે ભાઈ! સમજાણું કાંઈ?

જે આનંદ અને શાંત જેનું અવિકારી સ્વરૂપ છે એને છોડીને જે પુણ્ય અને પાપ આદિ વિકલ્પ અને જેના ફળમાં પોતાની ચીજ સિવાય પરની કોઈ ચીજ અનુકૂળ છે એમ ભાસે એ બધો મિથ્યાત્વભાવ અશાંતિમાં લીનતા છે. નવરંગભાઈ! આહા..હા..! એને શાંત(રસમાં) લીન કરે છે. બાપુ! તારું સ્વરૂપ તો ભગવાન તું છોને નાથ! તારી મહિમાનો પાર નથી એવો તું છો અને એ તું ક્યાં રાગ અને મહિમામાં લઈ જાય છો? એવું સમજાવીને એને બહિર્મુખમાં શાંતિ માનતો એને અંતરમાં વાળીને શાંતિ એમાં છે એમ બતાવે છે.

**'તેની સૂચનારૂપે રંગભૂમિના અંતમાં આચાર્યે 'मज्जन्तु'...'** 'मज्जन्तु' પહેલો શબ્દ છેને કળશમાં? **'આ શ્લોક રચ્યો છે. તે હવે જીવ-અજીવનો સ્વાંગ વર્ણવશે તેની સૂચનારૂપે છે એવો આશય સૂચિત થાય છે. આ રીતે અહીં સુધી તો રંગભૂમિનું વર્ણન કર્યું.'** એ અખાડાની રંગભૂમિ. જ્યાં નાચેને નાટકમાં. આ એના સ્થળનું વર્ણન કર્યું

એટલે કે જીવના અસ્તિત્વનું વર્ણન કર્યું. હવે અજીવનો સ્વાંગ જે છે એ તારામાં નથી એમ નિષેધથી હવે વ્યાખ્યા કરશે.

**નૃત્યકુતૂહલ તત્ત્વકો, મરિયવિ દેખો ધાય;**
**નિજાનંદ રસમે છકો, આન સબૈ છિટકાય.**

'**નૃત્યકુતૂહલ તત્ત્વકો,...**' એકવાર કુતૂહલ તો કર કહે છે. આહા..હા..! આ શું છે પણ આ ચીજ? આટલા આટલા જેના વખાણ કરે, એના વખાણમાં પણ એ આવી શકે નહિ, એથી આવો પદાર્થ શું છે આ? બધાએ એમ જ આત્માને ગાયો છેને પણ. વસ્તુ સર્વજ્ઞે જોઈને ગાઈ છે એવી ચીજ બીજે ક્યાંય નથી. એવો જે આ આત્મા કહે છે કે તને મહિમા કેમ નથી આવતી? કુતૂહલ તો કર એકવાર એ જોવાને. દુનિયાની બીજી ચીજની અનુકૂળતા અને રંગબેરંગી ભરેલી ચીજને દેખી તને એમાં પ્રહલાદ, અધિકતા, હરખ અને હોંશ આવે છે. એકવાર આ તો જો અંદર જો. આહા..હા..! શરીર કાંઈક રૂપાળું હોય, પૈસા ઠીક હોય, જુવાની ફાટેલી હોય એમાં પોતાને તો અનુકૂળ લાગે, પણ બીજાઓ એને દેખીને કહે આહા..હા..! તારા સુખમાં એવું છે હોં! એમ જેને ભાસે છે એ મૂઢ વિકારની લાગણીમાં શાંતરસ ભાસે છે એને, એમાં મારી શાંતિ છે એમ ભાસે છે. એને કહે છે, એકવાર ભગવાન અંદર જો. જ્યાં અનંત શાંતિ અને અનંત આનંદ પડ્યો છે એમાં કુતૂહલ કરી તત્ત્વનો...

'**મરિયવિ દેખો ધાય;...**' એકવાર મરીને પણ. મરીને એટલે? બધું ભૂલીને એમ. મરીનો અર્થ એમ છે. આહા..હા..! બહારની બધી ચીજથી એકવાર મરી જા. આને જીવતો જાણ. આહા..હા..! ભગવાન આત્મા અનંત આનંદનો નાથ પ્રભુ, જેના ગાણાં સર્વજ્ઞની વાણીમાં પણ એક અપેક્ષાએ પૂરા આવ્યા નથી. એક અપેક્ષાએ બધું કહ્યું છે ભગવાનની વાણીમાં. બહારનું વિસ્મયપણું મટાડી એકવાર અંદરના વિસ્મયપણાની કુતૂહલતા કર એમ કહે છે. આ ધર્મને કરવાની રીત આ છે. ધર્મ કોઈ બહારથી થતો નથી અને ધર્મ માટે પરનો આશ્રય કરવો પડતો નથી. આહા..હા..! આવી ચીજ જ એવી છે. કહે છે કે એકવાર મરીને પણ દેખ. આવ્યું હતુંને, કળશમાં આવ્યું હતું. છ માસ મરીને પણ (કુતૂહલ કર). ગમે તેટલા કષ્ટો, પ્રતિકૂળતા આવી પડે તું ન જો એને. અંતરમાં ઉતરતા, એકાગ્ર થતાં બહારની સગવડતાઓ ગમે તેટલી દેખાય, સગવડતાની સામગ્રીનો અભાવ દેખાય, તોપણ એકવાર એને જો એમ. સુજાનમલજી! આવું છે.

પ્રભુ ચૈતન્યચમત્કાર '**નિજાનંદ રસમે છકો,**' આહા..હા..! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ એના આનંદમાં છકી જા. રસમાં છકો, બીજામાં જેમ છકી ગયો છે આમ. આહા..હા..! આહા..હા..! એમ અહીં એકવાર આમાં આવી જાને. કહો, સમજાણું કાંઈ? નિજાનંદ રસ પોતાનો આનંદરસ છે, અસ્તિરૂપ છે, મહાસત્તા છે, જેના હોવાપણે એકલું

આનંદપણું જ જેમાં ભર્યું છે. એવા નિજાનંદ રસમાં છકો. **‘આન સબૈ છિટકાય.’** અનેરું બધું ભૂલી જા. આહા..હા..! **‘આન સબૈ છિટકાય.’** ભગવાન અતીન્દ્રિય આનંદસ્વરૂપ એને કુતૂહલતાથી આ શું છે આ? એમ જોવામાં નિજાનંદમાં છક અને બીજાને ભૂલ. બહુ ટૂંકું કર્યું. આ પ્રમાણે જીવ-અજીવ અધિકારમાં પૂર્વરંગ સમાપ્ત થયો.

---

# -૧-
# જીવ-અજીવ અધિકાર

## શ્લોક-33

अथ जीवाजीवावेकीभूतौ प्रविशतः।

(शार्दूलविक्रीडित)

जीवाजीवविवेकपुष्कलदशा प्रत्याययत्पार्षदान्
आसंसारनिबद्धबन्धनविधिध्वंसाद्विशुद्धं स्फुटत्।
आत्माराममनन्तधाम महसाध्यक्षेण नित्योदितं
धीरोदात्तमनाकुलं विलसति ज्ञानं मनो ह्लादयत्।।३३।।

હવે જીવદ્રવ્ય અને અજીવદ્રવ્ય-એ બન્ને એક થઈને રંગભૂમિમાં પ્રવેશ કરે છે.

ત્યાં શરૂઆતમાં મંગળના આશયથી (કાવ્ય દ્વારા) આચાર્ય જ્ઞાનનો મહિમા કરે છે કે સર્વ વસ્તુઓને જાણનારું આ જ્ઞાન છે તે જીવ-અજીવના સર્વ સ્વાંગોને સારી રીતે પિછાણે છે. એવું (સર્વ સ્વાંગોને પિછાણનારું) સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે-એ અર્થરૂપ કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [ज्ञानं] જ્ઞાન છે તે [मनोह्लादयत्] મનને આનંદરૂપ કરતું [विलसति] પ્રગટ થાય છે. કેવું છે તે? [पार्षदान्] જીવ-અજીવના સ્વાંગને જોનારા મહાપુરુષોને [जीव-अजीव-विवेक-पुष्कल-दृशा ] જીવ-અજીવનો ભેદ દેખનારી અતિ ઉજજવળ નિર્દોષ દૃષ્ટિ વડે [प्रत्याययत्] ભિન્ન દ્રવ્યની પ્રતીતિ ઉપજાવી રહ્યું છે; [आसंसार-

निबद्ध-बन्धन-विधि-ध्वंसात्] અનાદિ સંસારથી જેમનું બંધન દ્રઢ બંધાયું છે એવાં જ્ઞાનાવરણાદિ કર્મોના નાશથી [विशुद्धं] વિશુદ્ધ થયું છે, [स्फुटत्] સ્ફૂટ થયું છે- જેમ ફૂલની કળી ખીલે તેમ વિકાસરૂપ છે. વળી તે કેવું છે, [आत्म-आरामम्] જેનું રમવાનું ક્રીડાવન આત્મા જ છે અર્થાત્ જેમાં અનંત જ્ઞેયોના આકાર આવીને ઝળકે છે તોપણ પોતે પોતાના સ્વરૂપમાં જ રમે છે; [अनन्तधाम] જેનો પ્રકાશ અનંત છે; [अध्यक्षेण महसा नित्य-उदितं] પ્રત્યક્ષ તેજથી જે નિત્ય ઉદયરૂપ છે. વળી કેવું છે? [धीरोदात्तम्] ધીર છે, ઉદાત્ત (ઉચ્ચ) છે અને તેથી [अनाकुलं] અનાકુળ છે-સર્વ ઈચ્છાઓથી રહિત નિરાકુળ છે. (અહીં ધીર, ઉદાત્ત, અનાકુળ-એ ત્રણ વિશેષણો શાંતરૂપ નૃત્યનાં આભૂષણ જાણવાં.) એવું જ્ઞાન વિલાસ કરે છે.

ભાવાર્થ :— આ જ્ઞાનનો મહિમા કહ્યો. જીવ-અજીવ એક થઈ રંગભૂમિમાં પ્રવેશ કરે છે તેમને આ જ્ઞાન જ ભિન્ન જાણે છે. જેમ નૃત્યમાં કોઈ સ્વાંગ આવે તેને જે યથાર્થ જાણે તેને સ્વાંગ કરનારો નમસ્કાર કરી પોતાનું રૂપ જેવું હોય તેવું જ કરી લે છે તેવી રીતે અહીં પણ જાણવું. આવું જ્ઞાન સમ્યગ્દ્રષ્ટિ પુરુષોને હોય છે; મિથ્યાદ્રષ્ટિ આ ભેદ જાણતા નથી. ૩૩.

## શ્લોક-૩૩ ઉપર પ્રવચન

'હવે જીવદ્રવ્ય અને અજીવદ્રવ્ય-એ બન્ને એક થઈને...' બંને એક થઈને એટલે સ્વાંગમાં આવીને 'રંગભૂમિમાં પ્રવેશ કરે છે.' 'ત્યાં શરૂઆતમાં મંગળના આશયથી (કાવ્ય દ્વારા) આચાર્ય જ્ઞાનનો મહિમા કરે છે કે સર્વ વસ્તુઓને જાણનારું આ જ્ઞાન છે તે જીવ-અજીવના સર્વ સ્વાંગોને સારી રીતે પિછાણે છે. એવું (સર્વ સ્વાંગોને પિછાણનારું) સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે-એ અર્થરૂપ કાવ્ય કહે છે :-'

(शार्दूलविक्रीडित)

जीवाजीवविवेकपुष्कलदशा प्रत्याययत्पार्षदान्<br>
आसंसारनिबद्धबन्धनविधिध्वंसाद्विशुद्धं स्फुटत्।<br>
आत्माराममनन्तधाम महसाध्यक्षेण नित्योदितं<br>
धीरोदात्तमनाकुलं विलसति ज्ञानं मनो ह्लादयत्।।३३।।

અહો..! જ્ઞાન એને કહીએ, આત્મા જે સ્વરૂપે છે તેનું જ્ઞાન થતાં એ જ્ઞાન એને કહીએ

કે **'मनोह्लादयत्' 'મનને આનંદરૂપ કરતું...'** આહા..હા..! એ આનંદના સ્વાદ લેતું જ્ઞાન પ્રગટ થાય એને જ્ઞાન કહીએ. સમજાય છે કાંઈ? બાકી સંસારના ડહાપણ અને શાસ્ત્રના ભણતર એવા ડહાપણ અને ભણતર બધાને જ્ઞાન ન કહીએ. આહા..હા..! જ્ઞાન તો આત્માને, હૃદયને, મનને એમ કહે છે પણ ઈ આત્માને એમ લેવું, અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ એનો જ્યાં સ્વીકાર સન્મુખ થઈને થયો, કહે છે કે એ જ્ઞાન તો અતીન્દ્રિય આનંદ લેતું પ્રગટ થયું છે. આહા..હા..! શોભાલાલજી! આહા..હા..! એવો આનંદ ક્યાંય સર્વાર્થસિદ્ધના દેવમાં પણ નથી, તીર્થંકરની સમવસરણની ભૂમિકામાં પણ એ આનંદ નથી. એવો ભગવાન આત્મા કહે છે કે એનું જ્ઞાન. એનું જ્ઞાન નહોતું ત્યારે એ દુઃખનું જ્ઞાન, દુઃખવાળું જ્ઞાન હતું, દુઃખાયેલું જ્ઞાન હતું. આહા..હા..! એમાં આકુળતા હતી એવું જે જ્ઞાન ક્ષયોપશમ એકલું પરલક્ષી એ તો દુઃખને પેદા કરતું જ્ઞાન એ જ્ઞાન નહિ. કારણ કે એ આત્મા નહિ એવો. આત્માનો તો જ્યાં જ્ઞાન છે ત્યાં અતીન્દ્રિય આનંદ છે. જ્યાં અનંત સ્વચ્છતા અને પ્રભુતાથી પડેલું પ્રભુ તત્ત્વ છે. આહા..હા..! જેની આનંદની દશા અંતર્મુખ થઈને સમ્યગ્જ્ઞાનની સાથે પ્રગટ થાય એવું આનંદ કરતું પ્રગટ થાય છે એમ કહે છે. એકલો ક્ષયોપશમ થાય, ઉઘાડ જ્ઞાનનો થાય એ નહિ. આહા..હા..! જુઓ આ ધર્મની દશા, ધર્મનું જ્ઞાન! આહા..હા..!

ભગવાન આત્મા અતીન્દ્રિયનું ધામ આત્મરામ. અનંતધામ આવે છેને? આવ્યુંને? શબ્દ આવી ગયો છે. આત્મારામ જેને આરામ કરવાનું સ્થાન હોય તો પોતે છે. ત્યાં આરામ કરવાનો. એ માટે તો કહ્યું આ. ડૉક્ટર કહે છે, આરામ (કરવો). ક્યાં બાપા આરામ છે? અંદર આવ્યું છે—આત્મારામ અનંતધામ. કેવો છે ભગવાન આત્મા? તારા જ્ઞાનમાં આવતા તને આનંદ આવે એવો એ આત્મા છે. આહા..હા..! આને ધર્મ કહીએ. ધર્મ એવી ચીજ નથી કે કાંઈક ધર્મ કરીએ છીએ પણ અંતર આત્માનો આનંદ આવતો નથી. એ ધર્મ નહિ. જેના આનંદની આગળ ઈન્દ્રના ઈન્દ્રાસનો જેની સગવડતા એ ધનના ઢીંગલા નથી. હજારો વર્ષે તો જેને ઈચ્છા ઉત્પન્ન થાય આહારની, એની ઈન્દ્રાણીઓ કરોડો એની સગવડતા, કહે છે કે એ અતીન્દ્રિય જ્ઞાન જ્યાં આત્માને પોતાના સ્વભાવ સન્મુખ થઈને પ્રગટ્યું, એ આનંદ લઈને પ્રગટ્યું. કેમકે આનંદ અંદર હતો તો એનું જ્ઞાન થતાં આનંદને લઈને એ સ્વર્ગના ઈન્દ્રાસનો પણ સડેલા કૂતરા અને મીંદડા હોય એવું લાગે. આહા..હા..! સમજાય છે કાંઈ? આવો ધર્મ છે હોં! વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરે જે ધર્મ કહ્યો એ આ ધર્મ છે. આહા..હા..!

કહે છે કે પર તરફનું જ્ઞાન હતું એ તો દુઃખવાળું હતું. ભગવાન આત્માનું જ્યાં જ્ઞાન સ્વસન્મુખ થઈને સ્વીકાર્યો, અરે! છે એને તે રીતે જ્યાં જાણ્યો અને માન્યો એ રીતે જ છે ઈ. સમજાણું કાંઈ? એવો જ અનંતગુણનું ધામ એની આગળ દુનિયા સારી, કેવળજ્ઞાનનો પર્યાય પણ એની આગળ તુચ્છ છે. એવો અનંત આત્મરામ પ્રભુ અસ્તિ અને એવું હોવાપણે

જ એ તત્ત્વ છે. આહા..હા..! અરે! માણસોને રાજીપો બહારમાં થાય છેને. કો'ક કહેતું હતું કે આ અમે પૈસા લાખો ખર્ચીએ છીએ. સોનગઢનો વિરોધ કરવા માટે પંડિતોને આપીએ છીએ. અરે..! પણ આ તો સમજીએ છીએ અમે. પણ બીજું પકડાઈ ગયું છે, શું કરવું? એમ કહે છે. કષાય થયો છે અમને. વાત સાચી છે. અરે! આ તે પણ શું? સોનગઢનું ક્યાં છે આ? આ તો આત્માની જ વાત છે. તારામાં છે એની છે, પણ એને આ બહારથી દયા, દાનના, વ્રતના પરિણામથી ધર્મ ન માને એના ઉપર એને પ્રચારમાંથી એનાથી વિરુદ્ધ પ્રચારમાં આપણે પૈસા ખર્ચો. આહા..હા..!

મુમુક્ષુ :- એકવાર કુતુહલ કરીને અંદર તો આવ.

ઉત્તર :- એ પણ કહ્યું કોઈએ. જેની સાથે વાત થઈ એણે એને કહ્યું, એકવાર તો અમારી પાસે આવ. કષાય અત્યારે તો કષાય કરીએ છીએ. ખબર છે પણ જો ન આપીએ તો નિંદા કરે. અરે ભગવાન! આહા..હા..! આ પંડિતો. કોણ નિંદા કરે અને કોણ તારી પ્રશંસા કરે? તારી પ્રશંસા તું કર અને તારી ચીજને ન જાણ તો નિંદા તું કર. સમજાણું કાંઈ? અરેરે! આવી નિધિને તેં પડદાની ઓથમાં રાખી મૂકી. રાગના પ્રેમમાં તેં ભૂલીને જેની સાથે પ્રેમ કરવો જોઈએ એવી ચીજ રહી ગઈ પ્રભુ તારે. આહા..હા..! એનું જ્યાં જ્ઞાન થાય જ્ઞાન એને કહીએ, પછી ચાહે તો દેડકો હોય—મંડુક-મંડુક તોપણ સમ્યગ્દર્શનમાં તેનું જ્ઞાન અતીન્દ્રિય આનંદ લઈને પ્રગટેલું છે. ચેતનજી! સમજાવનાર હોય હજારો માણસને, લાખો માણસ રંજન કરે, આમ દેશી એવી ચાલે... આહા..હા..! સર્પ જેમ મોરલીથી ... એમ દુનિયા ડોલે. પણ તું ન ડોલ્યોને પ્રભુ! તારી ચીજ અંદર અનંત આનંદનું ધામ એ નિજનિધિને જોવા, નિહાળવા નવરો ન થયો. કહે છે કે એ નવરો થયો એને આનંદ આવે એમ કહે છે. એ નવરો થયો. આહા..હા..! સુજાનમલજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એની નથી આવતી. એણે ખરો રાગની એકતાનો ત્યાગ કર્યો અને આનંદની એકતામાં આવીને આનંદનો સ્વાદ લીધો. આહા..હા..! આ ત્યાગ વિનાના બહારના ત્યાગ બધા થોથેથાથા છે. કેમ બેસે? અનાદિથી અનાદિનો પરિચય આમ પરમાં છેને. એ પરની કાંઈક વસ્તુ ઘટાડે, ઓછી થઈ હોય એમ દેખાય (તો માને કે) હું ત્યાગમાં છું. આહા..હા..! ભ્રમ મોટો હોં! ચુનીભાઈ! આમાં કાંઈ પૈસા-બૈસાનું આવતું નથી. એય..! કારીગર! શું કહેવાય? ઈજનેર. વજુભાઈ! આહા..હા..! પ્રભુ! તું એવો ઈજનેર છોને. અખંડાનંદ પ્રભુ અતીન્દ્રિય જ્ઞાન અને આનંદનો સાગર પ્રભુ છોને. અરેરે! તેં તારી સામે કોઈ દિ' જોયું નહિ. અરે! તને તારા માહાત્મય કદી આવ્યા નહિ અને એનું માહાત્મ્ય આવતા, કહે છે અતીન્દ્રિય આનંદના સ્વાદ લઈને એનું જ્ઞાન આવે. આહા..હા..! જુઓ તો વસ્તુસ્થિતિ! ભગવાન આત્માનું જ્ઞાન

એ સચ્ચિદાનંદ પ્રભુ છે, સત્ છે, શાશ્વત એનો જ્ઞાન અને આનંદ છે. એનું ક્ષેત્ર ટૂંકું છે એમ ન જો. એના ધ્યાન કરવા કાળે તો એ આમ (અંતર્મુખતા) કરે છે અંદર. આમ (બહાર) જોવે છે ઈ? જે તરફ છે જેટલામાં ત્યાં એ આગળ જાય છે અંદર. આહા..હા..! એવો જે ભગવાન આત્મા અનંત જ્ઞાનાદિ સ્વભાવથી ભરેલો, પ્રભુ! એકવાર તું જોને તારી સામું. આહા..હા..! જગતને ભૂલી જા, જગત જગતમાં રહ્યું. રાગાદિ વિકલ્પ બધો જગત રાગાદિ હોં! દયા, દાન, ભક્તિ આદિ રાગ એ બધું જગત છે. એ તારું સ્વરૂપ નહિ. આવું પણ બહારમાં બધું દેખાય. એય..! જયંતિભાઈ! ઓલા સંચા ચાલતા હોય. ક્ષણે ક્ષણે ડબ્બા નીકળે તેલના. એક દિ'ની કેટલી પેદાશ દેખાય. કોને કહેવી પેદાશ! પ્રભુ તને ખબર નથી. તું ત્યાં હણાઈ જા છો હોં, તને ખબર નથી. તારું નિધાન અનંત આનંદનું ધામ એનો સંચો તેં જોયો નથી. આહા..હા..! એને એકવાર હલાવ તો ખરો અંદર. આહા..હા..! તને આનંદ આવશે હોં! એમ કહે છે. આહા..હા..! દુનિયા સામું ન જો, દુનિયા શું કહે છે અને કેમ માને છે? એ એને ઘરે રહી દુનિયા. આહા..હા..! તારા ઘરમાં ક્યાં પરિપૂર્ણતા નથી કે તારે પરથી જોવાનું છે? એમ કહે છે. એકવાર તો જો.. અરે જો! અને કરવાનું હોય તો આ જ છે. બાકી બધું ધૂળધાણી ને વા પાણી છે. આહા..હા..! મોટા મહાત્મા નામ ધરાવે, લાખો માણસ માને એથી શું?

અહીં તો કહે છે કે ભગવાન આત્મા પૂર્ણ આનંદ અને જ્ઞાનનું ધામ એવો એક વિકલ્પમાં આવ્યો કે આ આવો છે. એથી શું? કર્તાકર્મમાં તો એમ જ લખ્યું છે. આહા..હા..! જેવો પ્રભુ છે ચૈતન્ય આનંદ સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનનો સાગર છે એવો એ વિકલ્પ દ્વારા લક્ષમાં લીધો. બીજું બધું મૂક કહે છે. પણ વિકલ્પ નામ રાગના પક્ષમાં અને રાગના પક્ષથી આવો હું છું એવો પક્ષ કર્યો રાગનો એથી શું? એ પણ વિકલ્પ છે, દુઃખરૂપ છે એમ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- નજીક આવે છે.

ઉત્તર :- એનાથી નજીક આવતો નથી. આહા..હા..!

ભગવાન તો અંદર નિર્વિકલ્પ અનાકુળ શાંતિ... શાંતિ... શાંતિ... એવી અનંતી શાંતિની ઉપમા આપે તો એ ઉપમા એને લાગુ ન પડે. એવો તે શાંતિ અકષાયરસનો ઘન પ્રભુ છે. પોતે આત્મા એવો છે પણ આહા..હા..! પોતાની ચીજની ખબર નહિ અને પરચીજની માંડી બધી. સાધુ નામ ધરાવે, વ્રત પાળવા, અપવાસ કરવા, જાત્રા કરવી, ભક્તિ કરવી, જગત પાસે મંદિર બંધાવવા તો અમે મોટા થયા. એય..! શાંતિભાઈ! ધૂળમાંય મોટા નથી, ભગવાન! તને ખબર નથી. આહા..હા..! મોટો તો પ્રભુ અંદર છે. '**मनो ह्लादयत्**' આહા..હા..! જુઓને પહેલો શબ્દ એ લીધો. છેલ્લો શબ્દ છે એ કળશમાં. '**ज्ञानं मनो ह्लादयत्**' જ્ઞાનને આહ્લાદ

ઊપજાવે છે. આહા..હા..! આ તે કાંઈ શબ્દ હશે? એ વાણીથી કહેવામાં આવે તો સમજાય એવો છે ઈ? આહા..હા..! ચાહે તો દયા, દાનના, વ્રતના, ભક્તિના, બ્રહ્મચર્યને પાળું છું બાળબ્રહ્મચારી (છું) એવો જે વિકલ્પ પણ જ્યાં એને કામનો નથી કહે છે. આહા..હા..! એવો વિકલ્પ પણ જ્યાં એને મદદગાર નથી. એ ભગવાન પૂર્ણાનંદ છેને એને આવાની (વિકલ્પની) અપેક્ષા (હોય) એવો એ પાંગળો ક્યાં છે ઈ? આ તો એનું જ્ઞાન થાય તો આનંદ આવે એ વાત ચાલે છે. ભગવાનજીભાઈ! આ કહે, અમે દુઃખી હતા. મારા બાપ કાંઈ રળીને નહોતા ગયા. અમે ૫૦ લાખ, ૬૦ લાખ, ૭૦ લાખ ઉપજાવ્યા. હમણા અમે સુખી છીએ. ધૂળમાંય નથી સાંભળને માળા! મૂર્ખાઈમાં દુઃખી છો. આહા..હા..! આખી દુનિયાથી ઊંધી વાતું. દુનિયાથી ઊંધી છે. ઊંધાથી ઊંધી એટલે સવળી. પોતાની સવળી ઊંધાઈથી વાત.

એકવાર લક્ષમાં તો લે, એકવાર લક્ષનો દોર તો બાંધ. મારા સ્વરૂપનું જ્ઞાન થાય ત્યાં તો આનંદ આવે એનું સ્વરૂપ છે. એના શાસ્ત્રના ભણતર બણતર પણ ત્યાં કામ કરતા નથી. આહા..હા..! અરે! શાસ્ત્રને ભણવાનો વિકલ્પ પણ દુઃખરૂપ. આહા..હા..! ગજબ વાતું છે! સમજાણું કાંઈ? એ શાસ્ત્રથી થતું જ્ઞાન એ દુઃખરૂપ. ગજબ વાત આ તો! શું કહે છે?

મુમુક્ષુ :- શાસ્ત્રનું અધ્યન કરવાનો...

ઉત્તર :- અધ્યન-ફધ્યનની વાત નહિ. અંદર ઠરી ન શકે ત્યારે એવો વિકલ્પ આવે એ એક મર્યાદા જણાવી છે. આહા..હા..! એને બીજું ન હોય એમ જણાવ્યું છે. જેને આવી ભૂમિકામાં હોય, અતીન્દ્રિય આનંદનું જ્ઞાન જ્યાં પ્રગટ્યું અંતરમાં, એની સાથે આનંદ આવ્યો એ ભૂમિકામાં ઠરી ન શકે ત્યારે આવો વિકલ્પ નિમિત્તરૂપે હોય એનું જ્ઞાન કરાવ્યું છે. બીજી વાત છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આગમચક્ષુ છે.

ઉત્તર :- આગમચક્ષુ એ આત્માની આગમચક્ષુ. એવી વાત છે બાપુ! આ તો આત્મા અંતર આનંદસ્વરૂપ એનો ઉઘાડ અંદરમાં સ્વનો આશ્રય થઈને થાય એને જ્ઞાન આનંદ લેતું આવે. એ અનંતકાળમાં કોઈ દિ' જેને આનંદની ગંધ નહોતી અને એને ઈન્દ્રિયસુખની કલ્પનાની દુઃખની ગંધ હતી. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ થતાં દૃષ્ટિ થતાં તેનું જ્ઞાન આનંદ લેતું આવે એમ કહે છે. ગિરધરભાઈ! આહા..હા..! આ દુનિયાથી ભારે ઊંધું પણ હોં! એ અપવાસ મહિના-મહિનાના કરે કે જાત્રાઓ સમ્મેદશિખરની, શેત્રુંજયની કરે, કહે છે કે એ બધા વિકલ્પ અને શુભરાગ (છે), એ અશુભથી બચવા કાળે એવો હો, પણ એ ચીજ નહિ, એ આનંદ નહિ એમાં. આહા..હા..! આનંદ તો પ્રભુ, વિકલ્પથી નિર્વિકલ્પ ચીજ જ પોતે ભિન્ન છે. એવી ચીજનું જ્ઞાન થતાં આનંદ સાથે આવે. કેવું છે તે?

**'જીવ-અજીવના સ્વાંગને જોનારા મહાપુરુષોને...'** એટલે ગણધરને એમાં લીધું છેને ઓલામાં ભાઈ! ગણધર જેવી પ્રતીતિ ઊપજાવતું. એમ લીધું છે. **'पार्षदान्'** શબ્દ છેને? **'पार्षदान्'**નો અર્થ ત્યાં ગણધર કર્યો છે. કળશટીકા. સભાના માલિક. **'पार्षदान्'** એમ છેને? સભાના નાયક ગણધર સંત, મુનિ આત્માના આનંદના લહેરમાં ઉઠતા અંદર. આહા..હા..!

કહે છે કે એ **'જીવ-અજીવના સ્વાંગને જોનારા મહાપુરુષોને...'** એ વિકલ્પ છે જે રાગ એ પણ એક અજીવ છે. વ્રતનો, ભક્તિનો, પૂજાનો, દાનનો, કે ગુણ ગુણીના ભેદનો વિકલ્પ પણ રાગ છે, અજીવ છે. એને અને જીવને જુદાં સ્વાંગને જાણતો એ સ્વાંગ મારો નહિ. એને ઠેકાણે આ શરીર કાંઈક સુંદર સારું, મકાન કાંઈક બે-પાંચ લાખનું સારું અને એમાં એની સામગ્રી (હોય), શું કહેવાય તમારે? ફર્નિચર. એય..! આ ફર્નિચર. ચાલીસ લાખનો બંગલો, પાંચ લાખનું ફર્નિચર, એમાં એ ખુરશીએ બેઠો હોય. મહા દુઃખી છે.

મુમુક્ષુ :- એ વખતે કેમ ...?

ઉત્તર :- દુઃખી છે, દુઃખનું ભાન નથી. હરખ (આવે એ) સનેપાતિયો છે. સનેપાતમાં હરખમાં આવે એ વસ્તુ છે? વાત, પિત્ત અને કફ ત્રણે વકરી ગયા એને સનેપાત કહીએ. એમ આને મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને આચરણ રાગના ફાટી ગયા છે. ફાટી ગયો છે પ્યાલો એનો ઘેલાછાઈમાં. આહા..હા..! એય..! અરે! આ સડેલા ચામડા માથે ગાર લીધા શરીર ઉપર, એવું સડેલું આ શરીર છે. એ હાડકા અને ચામડા ઉપર મઢ્યું છે ગાર. હવે એને સારું માને એમ કહે છે. ઓલો અંદર આનંદનો નાથ બિરાજે. આને સારો માન્યો તો આનો અનાદર કર્યો. પોતાના આનંદ અને જ્ઞાનનું પરિપૂર્ણ જીવન જે છે ટકવું, જીવંતસ્વામી છે ઈ લ્યો! સીમંધર ભગવાનમાં લખ્યું છેને, બયાનામાં. બયાના છેને?

આ સીમંધર ભગવાન પધરાવ્યા છેને, મહાવિદેહમાં સર્વજ્ઞપણે બિરાજે છે. એ પ્રતિમા ઉપર નામ જીવંતસ્વામી લખ્યું છે. બયાના છેને. ત્યાં ગયા હતાને. એ પ્રતિમા ૫૧૬ વર્ષ પહેલાની છે. એમાં લખ્યું છે જીવંતસ્વામી. જીવતા સ્વામી છે આ. બીજા તો સિદ્ધ થઈ ગયા શરીર રહિત. અશરીરી પોતાનું સ્વરૂપ છે એવું થયું. આ તો શરીરમાં રહ્યા છતાં અનંત આનંદને પ્રગટ કરી અને અનંત આનંદનું વેદન અનુભવે એ જીવતા સ્વામી છે. બયાનામાં લખ્યું છે. ભાઈ હતા તમારા પ્રભુભાઈ. પ્રભુભાઈ ૧૦-૧૦ હજાર રૂપિયા સમવસરણમાં નહિ? પંદરસો આપ્યા હતા. ભાઈ નહોતા પ્રેમચંદભાઈ? બયાનામાં હતા. ભાઈ હતા, પ્રભુભાઈ હતા. એણે પહેલો અભિષેક કર્યો હતો. દોઢ હજાર રૂપિયા ભાઈએ પ્રભુભાઈએ (આપ્યા હતા). એ વખતે છ હજાર રૂપિયા થયા હતા. જ્યારે ગયા હતાને. .. ભગવાનની યાદગીરી લઈને અમે આવ્યા છીએ. જીવતા સ્વામી બિરાજે છે. એ જીવતો સ્વામી ક્યાં રહેતો હશે? જીવતો સ્વામી તો તું પોતે છો કહે છે. ટકતું તારું તત્ત્વ, નભતું તારું તત્ત્વ (જીવતું બિરાજે છે).

ઓલા કહે છેને જીવો અને જીવવા દ્યો. ભગવાનની વાણી છે. અહીં ના પાડી તો એની ટીકા કરે છે. અરે! ભગવાન સાંભળને ભાઈ! આયુષ્યથી જીવવું અને જીવવા દેવું એ શું વસ્તુની સ્થિતિ છે? તારો નાથ અનંત આનંદ અને જ્ઞાનથી ભરેલો એને જીવતો રાખ. એને જીવતો રાખ અને જીવતર શક્તિમાં એ આવ્યુંને ભાઈ! આહા..હા..! એને એમ છે તેને જીવવા દે અને બીજાને પણ એ રીતે જીવવા દે. આહા..હા..! આવી ભગવાનની વાણી છે. આહા..હા..! 'મહાવીરની વાણી જીવો અને જીવવા દ્યો'. છોકરાઓ પછી જુવાનિયા રાડ પાડે પાછળ. નહિ? આહા..હા..!

આ તો '**જીવ-અજીવના સ્વાંગને જોનારા...**' ગણધરોને પણ. '**જીવ-અજીવનો ભેદ દેખનારી અતિ ઉજ્જ્વળ નિર્દોષ દૃષ્ટિ વડે...**' આહા..હા..! અંતરમાં ભગવાન પૂર્ણસ્વરૂપ પ્રભુ બિરાજે છે એને અતિ... કેવી કહે છે? '**જીવ-અજીવનો ભેદ દેખનારી...**' એ વિકલ્પને અને ચિદાનંદ આનંદના નાથને બેને જુદા પાડનારી એને જોનારી '**અતિ ઉજ્જ્વળ નિર્દોષ દૃષ્ટિ વડે...**' અતિ ઉજ્જ્વળ નિર્દોષ દૃષ્ટિ વડે. આ વિશેષણ. જે જ્ઞાનની દૃષ્ટિ અતિ ઉજ્જ્વળ નિર્દોષ (છે) એ વડે ભગવાન અજીવથી ભિન્ન પડેલો ભાસે છે. કહો, સમજાણું કાંઈ? એ શાસ્ત્રથી ભાસે નહિ. આહા..હા..! '**જીવ-અજીવનો ભેદ દેખનારી...**' એ દેખનારી દૃષ્ટિ કેવી (છે)? '**અતિ ઉજ્જ્વળ નિર્દોષ દૃષ્ટિ વડે...**' અંતરની દૃષ્ટિએ જ્યાં ભગવાનને જોયો... ઓલામાં આવે છેને એક ભજનમાં? 'નયનને આળસે રે મેં નિરખ્યા ન નયણે હરિ.' હરિ એટલે આત્મા હોં! બીજો કોઈ હરિ નહિ. આહા..હા..! એ ઓલા ભજનમાં આવે છે. પણ એની એને ખબર ન મળે કે આ શું છે. 'મેં નયણના આળસે રે, મેં નિરખ્યા ન નયણે હરિ.' મારા અંતરના નેત્રના આળસમાં પર જોયું પણ મેં (મને) જોયો નહિ. આહા..હા..! જેને જોવાનો છે તેને જોયો નહિ અને જેને ભૂલવાનું છે તેને ભૂલ્યો નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? કોઈને એમ લાગે આ તો બહુ ઊંચી વાત છે. બાપુ! પ્રથમ ધર્મ થવાની વાત આ છે. સમજાણું કાંઈ? (કોઈ કહે) આ તો મોટી વાત એમ.એ.ની અને એલ.એલ.બી.ની છે. અરે ભગવાન! તારી વાતું એલ.એલ.બી. અને એમ.એ.ની તો કોઈ જુદી છે. વીતરાગ વિજ્ઞાન અને કેવળજ્ઞાનની વાતું પ્રગટે એ ચીજ જુદી છે. આ તો ફક્ત વિકલ્પ અજીવનો વેશ એનાથી નિર્વિકલ્પ ભગવાન આત્માને જોનારી દૃષ્ટિની વ્યાખ્યા છે. આહા..હા..! એ દેડકાનું શરીર હોય પણ ભગવાન આત્મા તો જેવડો છે એવડો છે, એ કાંઈ દેડકો થયો છે? આહા..હા..!

કહે છે, '**અતિ ઉજ્જ્વળ નિર્દોષ દૃષ્ટિ વડે ભિન્ન દ્રવ્યની પ્રતીતિ ઉપજાવી રહ્યું છે;...**' કોણ? ઓલું જ્ઞાન. આનંદ આપતું ભિન્ન પ્રતીતિ ઉપજાવી રહ્યું છે એમ કહે છે. ભેગું છેને. પ્રતીત ભાન છેને? 'આત્મા છે' (એવી) વિકલ્પની વૃત્તિ એ અજીવ છે, ચૈતન્યની જાત નહિ એ. એનાથી ભિન્ન અતિ ઉજ્જ્વળ નિર્દોષ (દૃષ્ટિ) વડે જ્ઞાન, આનંદને આપતું પ્રતીતિ

ભિન્ન દ્રવ્યની ઉપજાવી રહ્યું છે. જુઓ! પ્રતીતિ આવીને ભેગી. વિવેક છેને? 'प्रत्यायत्' પ્રતીતિ.

પહેલું હજી એને સ્વરૂપ કેવું છે? એ કેમ ભૂલ્યો છે? એ શું ચીજ છે એની પણ ખબર ન હોય એ અંદરમાં શી રીતે જાય? અંદરમાં માહાત્મ્ય આવ્યા વિના એ માહાત્મ્ય અંતર આ ચીજ છે, જેની માહાત્મ્યમાં જગતના બધા માહાત્મ્યો તુચ્છ થઈ જાય. આહા..હા..! દુનિયા માનો, ન માનો એની સાથે સંબંધ નથી. દુનિયા ગણે કે ન ગણે એની સાથે અહીં મેળ નથી. જેણે આત્માને ગણ્યો... આહા..હા..! 'વાંચે પણ નહિ કરે વિચાર...' એવું આવતું પહેલા. દલપતરામ હતાને કવિ? કદડા. કવિ દલપતરામ ડાહ્યાલાલ. ૬૦-૭૦ વર્ષ પહેલા નિશાળમાં (આવતું). એમાં હતું. 'વાંચે પણ નહિ કરે વિચાર, એ સમજે નહિ સઘળો સાર.' એવું આવતું, પણ એ બધું બહારનું ભણતરના. આ શાસ્ત્ર વાંચે પણ એનો સાર શું છે એની એને ખબર નથી.

કહે છે, ભેદ પ્રતીતિ ઉપજાવતું. એ જ્ઞાન જ આનંદને લઈને પ્રતીતિ ઉપજાવતું પાછું એમ. આ આત્મા રાગથી ભિન્ન છે, પરથી ભિન્ન છે એવી પ્રતીતિ ઉપજાવતું જ્ઞાન, આનંદસહિત અતીન્દ્રિય આનંદના સ્વાદસહિત પ્રગટ થાય એને સમ્યગ્દૃષ્ટિ કહીએ, એને ધર્મની શરૂઆતવાળો કહીએ. આ તો શરૂઆતવાળાની વાત છે. દુનિયાએ તો એવી રીતે ધર્મને ચીતર્યો છેને કે જેને એમ જ લાગે કે આ તો ભાઈ આ શું છે? આ તો ન કરી શકાય. બાપુ! ન કરી શકાય એવો તું રહે? બીજું કરી શકાય, પણ સ્વભાવનું ભાન ન કરી શકાય આ તો મોટું કલંક છે. એવું બોલનારને પણ શરમ નથી આવતી. આહા..હા..!

અલિંગગ્રહણમાં આવે છેને. પોતે તો પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા જ છે. અલિંગગ્રહણનો છઠ્ઠો બોલ છે. ૨૦ બોલ છેને. ઈન્દ્રિયથી જાણતો નથી, ઈન્દ્રિયથી જણાય એવો નથી અને ઈન્દ્રિયના પ્રત્યક્ષનો એ ભગવાન આત્મા વિષય નથી. અને બીજાઓ દ્વારા અનુમાનથી જણાય એવો એ નથી. એકલો આત્મા અનુમાન કરે એવો પણ નથી. પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. આહા..હા..! અલિંગગ્રહણના ૨૦ બોલ છે. એક શબ્દ 'અલિંગગ્રહણ' એના અર્થ ૨૦ છે (પ્રવચનસારમાં). એના ૬ અર્થ કર્યા (સમયસાર ગાથા-૪૯માં). સમજાણું કાંઈ?

**'ભિન્ન દ્રવ્યની પ્રતીતિ ઉપજાવી રહ્યું છે;... ' 'आसंसार-निबद्ध-बन्धन-विधि-ध्वंसात्' 'અનાદિ સંસારથી જેમનું બંધન દૃઢ બંધાયું છે...'** અહીં તો છે કર્મથી વાત, પણ એની સાથે રાગની મુખ્ય વાત છે. ભાવકર્મ જે વિકલ્પ છેને રાગ, એનાથી અનાદિથી બંધાયેલું એકત્વબુદ્ધિમાં દૃઢ બંધન છે. આહા..હા..! આમાં કર્મની વાત કરી છે. કળશટીકામાં બેય લીધું છે. કર્મ અને વિભાવકર્મ બેય લીધા છે. કળશટીકામાં. મૂળ તો એ છેને. આ

જડને ક્યાં... આ તો જડ છે વસ્તુ. જડનું બદલવું તો એના પર્યાય પોતાના સ્વાંગ બદલે છે. એમાં નિમિત્ત ક્યાં છે? નિમિત્ત કહેવાય છે. ખરેખર તો ભગવાન આત્મા સૂક્ષ્મ રાગના કણે બંધાયેલો છે એ એને બંધનનું દઢપણું છે. સૂક્ષ્મ રાગની સાથે એકત્વબુદ્ધિ છે એ એનું બંધન છે. આહા..! ભારે વાત ભાઈ! જડમાં તો આઠ કર્મ છે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય (આદિ). કર્મે બાંધ્યો અને કર્મને બાંધે, બધી વાતું વ્યવહારની છે, સાંભળને. સમજાણું કાંઈ? મીણો કરી જાય એવી વાત છે આ.

કહે છે કે એ ભૂલ એની શું હતી? આ સંસાર. એમ. આ એટલે અનાદિથી. '**आसंसार-निबद्ध-बन्धन-विधि**' કર્મ છેને. ભાવકર્મ એ વિધિ છે. ખરું તો એને માટે ઈ છે. કર્મ જડ છે એ તો બિચારું કાંઈ અડ્યું પણ નથી. એને કર્મને જડથી બંધાયેલો માને ત્યારે ખુશી થાય. આહા..! પણ તું પોતે જ તારી ચીજને ભૂલીને વિકલ્પનો રાગ એની સાથે બંધાયેલો એ તારું બંધન છે. આહા..હા..! સમજાણું કાંઈ? એને બંધનની પણ ખબર નથી. કર્મે બાંધ્યો, કર્મ છોડે ને કર્મ છોડે. પંડિતજી!

મુમુક્ષુ :- આખી દુનિયામાં...

ઉત્તર :- એ તો આખી દુનિયામાં છે તો શું છે? જીવને બંધન કર્મનું નથી. એને બંધન છે રાગના વિકલ્પની સાથે એકત્વબુદ્ધિ. ભગવાન રાગના વિકલ્પથી નિર્વિકલ્પ જુદી ચીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ? બાપુ! અધ્યાત્મની વાતું ઝીણી બહુ. એ ધર્મકથા પણ અલૌકિક વાતું છે, બાપા! દુનિયાના પંડિતો અને બહારના ત્યાગીઓ સાથે મેળ ખાય એવું નથી આ. આહા..!

ક્ષણ ક્ષણમાં દેહ પલટી જાય, જડ પલટી જાય. આહા..હા..! એ ચીજમાં ક્યાં તારાપણું છે ભાઈ! રાગની વૃત્તિ પણ ક્ષણે ક્ષણે પલટી જાય. એ ભગવાન શાશ્વત ચિદાનંદ પ્રભુ એની એ ક્યાં ચીજ છે? એનું નથી એને મારું માન્યું છે એ બંધન છે. સમજાણું કાંઈ? આવી વાતું પણ આકરી માણસને લાગે. આ સમજાય પણ નહિ કેટલાકને. ભગવાન! તને ન સમજાય તારું એમ કેમ કહેવાય ભાઈ? આહા..હા..! એકલો જ્ઞાનનો પિંડ છોને. સમજણનો પિંડ, ચૈતન્ય પિંડ, ચૈતન્ય પૂંજ એવો જ્ઞાનનો ગંજ એને ખ્યાલમાં ન આવે એમ કેમ કહેવું? સમજાય છે કાંઈ?

'**અનાદિ સંસારથી જેમનું બંધન દઢ બંધાયું છે...**' એના નાશથી. છેને? '**ध्वंसात्**' આહા..હા..! આઠ કર્મના રજકણો તો જડ છે, પર છે. તેના લક્ષે ઉત્પન્ન કરેલો વિકલ્પ જે રાગ એ પોતાના જ્ઞાનના ઉપયોગમાં તેને કરવો, રાગને કરવો એ જ એનું દઢ બંધન છે. પોતાની ભૂલથી એ બંધાયેલો છે. આહા..હા..! સમજાણું કાંઈ? એને કર્મે કોઈએ બાંધ્યો નથી. ભારે વાતું ભાઈ આ. શાસ્ત્રમાં તો બહુ લખાણ એવા આવે છે. જ્ઞાનાવરણીયે જ્ઞાનને

રોક્યું, દર્શનાવરણીયે (દર્શનને રોક્યું). આહા..હા..! એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે ભાઈ તને ખબર નથી. આહા..હા..! કહે છે, એ અનાદિથી બંધ હતો તેનો નાશ કર્યો. અબદ્ધ સ્વરૂપ પ્રગટ થતાં જ્ઞાન અને દૃષ્ટિ પણ ખીલી અને આ રાગના એકત્વપણાનો નાશ થઈ ગયો. કહો, સમજાણું કાંઈ? આવી કથા કેવી? આહા..હા..! આવી ધર્મકથા કેવી? બાપુ! તારી વાતું તો આવી છે હોં! આહા..હા..! તને ન બેસે, તને આકરી લાગે અને બીજી સહેલી લાગે. સહેલી તો રાખ જેવી લાગે એવું છે. આ ચીજ તો આ છે હોં!

**'વિશુદ્ધ થયું છે,...'** રાગની એકતાની બુદ્ધિનો સ્વભાવનું જ્ઞાન થતાં એ વિશુદ્ધ પ્રગટ્યું છે. સ્વરૂપ તો વિશુદ્ધ હતું જ પણ અંદર શક્તિમાંથી વ્યક્તિ પ્રગટ દશા વિશુદ્ધ થઈ છે. લ્યો, અહીં તો વિશુદ્ધ શબ્દ એને વાપર્યો છે. આ તો ઓલા ખાણિયા ચર્ચામાં નહોતું? વિશુદ્ધ અને વિશુદ્ધિ. સામાવાળાએ કહ્યું છે કે વિશુદ્ધ તે શુભભાવ છે અને સંક્લેશ તે અશુભભાવ છે. ભાઈએ એમાં .. ના એમ નહિ. વિશુદ્ધિ એ શુભભાવને વિશુદ્ધિ કહીએ. આ તત્ત્વ વિશુદ્ધ છે. આહા..હા..! વિશુદ્ધ-વિશેષે શુદ્ધ. જેની દશામાં વિશેષે શુદ્ધતા પ્રગટી છે. એ સમ્યગ્દર્શનમાં વિશુદ્ધતા આવી બહાર. જુઓ કેટલી વાત કરી છે! આનંદ અનુભવતું જ્ઞાન આવ્યું, ઉજ્જ્વળ નિર્દોષ દૃષ્ટિ વડે જેણે બેને જુદાં પાડ્યા અને એવી પ્રતીતિ ઉપજાવતું જ્ઞાન અને વિશુદ્ધ થયું છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? કાંઈ સમજાણું એમ આવે છેને? એનું મૂળ સમજાય જાય તો નિહાલ થઈ જાય. આહા..! અહીં કાંઈક પાંચ-પચ્ચીસ હજાર મળે, કરોડ, બે કરોડ, પાંચ કરોડ મળે ત્યાં આહા..હા..! બહુ સુખી છે. ધૂળ. બધા કહે છે પણ અત્યારે તમારા બધા. એય..! આ એના બાપ રહ્યા. ત્રણ કરોડ અને ચાર કરોડ બે દીકરા પાસે. એવા છે પૈસા.

મુમુક્ષુ :- એટલે ગણતરી કરવાની હોય?

ઉત્તર :- ગણતરી તો આ બહારમાં રેતી ઘણી પડી છે. ઉતાવળી નદી, શું કહે છે નદી? ઉતાવળી નદી છેને? એમાં રજકણો પણ ઉતાવળા ઘડી ઘડી પલટીને ચાલ્યા જાય. એ કાંઈ તારા નથી અને તારામાં નથી. આહા..હા..! તારી લક્ષ્મીના ભંડારમાં ભરપુર ભંડાર ભર્યો છે. જ્યાં અંતર જ્ઞાન એનું કર્યું ત્યાં જ્ઞાન વિશુદ્ધ થઈ ગયું. એનો અર્થ કે પર્યાયમાં વિશુદ્ધ નહોતું. વસ્તુ તો વિશુદ્ધ છે. પર્યાય એટલે હાલત-દશામાં વિશુદ્ધ નહોતું એ હાલતમાં વિશુદ્ધ થયું. એને સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને આનંદની લહેર ઉપજાવતું નિર્મળ દૃષ્ટિ વડે જીવ-અજીવને જુદું પાડતું એને જ્ઞાન કહેવામાં આવે છે. બાકી બધી વાતું છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ વદ-૧૩, સોમવાર, તા. ૦૭-૦૮-૧૯૭૨
## કળશ-૩૩, ગાથા-૩૯ થી ૪૩, પ્રવચન-૧૨૫

સમ્યગ્જ્ઞાન થતા શું થાય અને એને ધર્મ કેમ થાય? ધાર્મિક જ્ઞાન કેવું હોય? એમ કહે છે. ધાર્મિક જ્ઞાન કેવું હોય? એના ફળ સ્વરૂપે એમાં શું હોય એ વાત કરે છે. અજીવની શરૂઆત કરવી છેને? અહીં સુધી આવ્યું છે. **'વિશુદ્ધ થયું છે,...'** પોતાનો જ્ઞાનનો સ્વભાવ પોતાની પુંજીનું જેને જ્ઞાન થયું છે. મારે ઘરે આટલી ધર્મની પુંજી છે એનું જ્ઞાન થયું છે. આત્મામાં અનંત આનંદ, અનંત જ્ઞાનાદિ અનંતગુણનો સ્વભાવ પરિપૂર્ણ જે છે એનો આશ્રય કરીને જે જ્ઞાન થયું, જે જ્ઞાને અશુદ્ધતાનો નાશ કર્યો છે અને વિશુદ્ધ થયું છે. **'સ્ફુટ થયું છે...'** (અર્થાત્) કળી જેમ ખીલે એમ સ્વ સ્વભાવને જાણવાને અને આનંદરૂપી દશાને માણવાને જે ખીલી ગયું છે. આહા..હા..! એને ધાર્મિક જ્ઞાન કહીએ. જે જ્ઞાન થતાં સ્વનો આનંદ સાથે હોય અને નિર્મળ દૃષ્ટિને આશ્રયે જેમાં પ્રગટ પરિણમન શુદ્ધ થયું હોય. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? સ્ફુટ. ખીલી નીકળે એટલે શક્તિરૂપે પરમસ્વભાવ પરિપૂર્ણ છે એને અનુભવતા, એનો આશ્રય અને એને પડખે ચડતાં શક્તિમાંથી ખીલીને જ્ઞાન વ્યક્ત ખીલેલું થઈ ગયું છે. આવી ભાષા કેવી! આનું નામ જ્ઞાન. પંડિતજી! આનું નામ ધાર્મિક જ્ઞાન. અધર્મથી ઉદ્ધારનાર આનું નામ જ્ઞાન. આહા..હા..!

હવે આવ્યું. ચંદુભાઈ કહેતા એ આવ્યું. આ આત્મારામ આવ્યુંને આત્મરામ. આત્મ આરામ. હવે આવ્યું .. ત્યાં કાલે કહેતા કે આત્મ આરામ હજી આવશે. મેં કીધું, આવતા આવતા આવેને. આ આરામ-આરામ કહે છેને. ક્યો પણ આરામ? એ કહેશે. **'आत्म-आरामम्'** જેને ધર્માત્માને જ્ઞાન પ્રગટ્યું છે એવું કે જે આત્મ-આરામ—આત્મામાં આરામ લે છે, રમે છે એવું જ્ઞાન છે. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? **'आत्म-आरामम्' 'જેનું રમવાનું ક્રીડાવન આત્મા જ છે...'** ધર્મીને પોતાના સ્વસ્વભાવનું સન્મુખ થઈને જે જ્ઞાન થયું એને રમવાનું સ્થાન તો આત્મા જ છે. આહા..હા..! એ (જ્ઞાન) પરપદાર્થને તો અડતું પણ નથી, પણ એ પુણ્યના વિકલ્પો જે દયા, દાન, વ્રતના એમાં એ જ્ઞાન રમતું નથી એમ કહે છે. પોતે પોતાના જ્ઞાનને, પૂર્ણ ચૈતન્યપૂંજને અડીને—સ્પર્શીને પ્રગટેલું જ્ઞાન તેમાં જ રમે છે એમ કહે છે. ચાહે તો એને વિકલ્પ આદિ હોય પણ રમણતા આત્મામાં જ છે એની. આહા..હા..! ધર્મી આત્મામાં રમે છે એમ કહે છે. એનું જ્ઞાન બહારમાં રમે છે એમ નથી. આહા..હા..!

આત્મ આરામ. **'જેમાં અનંત જ્ઞેયોના આકાર આવીને ઝળકે છે...'** કહે છે કે અનંત

જ્ઞેયો જ્ઞાનમાં જણાય છે છતાં એ જ્ઞેયમાં રમતો નથી. એ જ્ઞેય સંબંધીનું જ્ઞાન જે પોતાનું છે એમાં એ રમે છે. આહા..હા..! બહુ શરતું આકરી ભારે. આનું નામ ધાર્મિક જ્ઞાન.

મુમુક્ષુ :- અઘરું લાગે.

ઉત્તર :- લાગે. એ તો એને પરિચય નહિને અનાદિથી. પોતાની જાતમાં કેટલી કિંમત છે? કેટલી કિંમત છે એ કિંમતને ટાંકવાની દૃષ્ટિ જ કરી નથીને. બીજાને પરખવા માટે પાવરધો. પાવરધો એટલે હુશિયાર. પોતાની ચીજ જેવડી છે મોટી એને પરખવાને નવરો જ ક્યાં થયો છે એ? આહા..હા..! આ તે શું છે આ ચીજ? કુતૂહલ આવ્યું હતુંને. એકવાર કુતૂહલ તો કર. એવું જે અંતર વિસ્મયતા અને કુતૂહલનું સ્વના લક્ષે થતું જ્ઞાન એ જ્ઞાન સ્વમાં જ રમવાનું કાર્ય કરે છે. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? નથી એને શરીર, કર્મ કે બાહ્યની ચીજ મકાન કે એની સામગ્રીઓ અને પુણ્ય-પાપના ભાવો. એ ધર્મીનું ધર્મજ્ઞાન એમાં રમવાને લાયક જ નથી. આવું ભારે.

બીજાને તકરાર ઉઠે ત્યાં સોનગઢમાં આમ (કહે છે). એક આત્મા... આત્મા... આત્મા... આહા..હા..! પણ શાસ્ત્રોની કેટલી વાતું ભાઈ! કેટલા નિમિત્તો હોય? કેવો એનો વ્યવહાર હોય? શુભભાવમાં એને સંવર નિર્જરા થાય. જૈન સંસ્કૃત એક આવે છેને પુસ્તક. શું કહેવાય? પત્ર. અહીંના વિરુદ્ધનું એક માસિક નીકળ્યું છે. જૈન સંસ્કૃત નામનું. અહીંના વિરુદ્ધનું નથી ભાઈ, તારા વિરુદ્ધનું છે. આહા..હા..! ભાઈ! તને સમ્યગ્જ્ઞાનમાં નિમિત્ત કારણ હોય તો થાય એમ નથી. સમ્યગ્જ્ઞાનનું કારણ તો કારણપરમાત્મા છે. બહારના ઇન્દ્રિયો ને શબ્દો અને ભગવાનની વાણી આદિ એ પણ સમ્યક્ ધર્મનું જ્ઞાન પ્રગટવામાં કારણ નથી. એને પ્રગટવાના કારણ તો પરમાત્મા પોતે છે કારણપરમાત્મા. એની ઓથે જતાં બધાની ઓશીયાળી એમાં ભાંગી જાય છે. એ આવ્યું હતુંને? સમજાણું? ઇન્દ્રિય વિનાનું જ્ઞાન છે, અનાકુળ છે એ માથે શ્લોકમાં આવી ગયું. ...

વળી, વ્યવહારરત્નત્રયનો વિકલ્પ પણ જ્ઞાનને રમવાનું સ્થાન નથી. આહા..હા..! .. એ વિકાર છે. આહા..હા..! ગિરધરભાઈ! આવું બધું ભારે છે. ભાઈ! તારા ભગવાન સ્વભાવની વાત શું કરવી કહે છે. ભગવાન આત્મા એના જ્યાં સ્વભાવનું જ્ઞાન થયું એ જ્ઞાન તો સ્વમાં રમે એ જ એની સ્થિતિ અને એનું સ્વરૂપ છે. જ્ઞાની ગમે તે રાગાદિમાં દેખાય, બહારની સ્થિતિમાં દેખાય પણ એ બહારમાં છે જ નહિ, બહારમાં એ જ્ઞાન આવ્યું જ નથી. આહા..હા..! એનું જ્ઞાન છે એ તેમાં રમે છે. હીરાભાઈ! આહા..હા..! ભારે આકરું! હવે ઓલા કહે, કર્મ રોકે. અમને કેમ ધર્મ થવા દેતું નથી? કે કર્મ (રોકે છે). અહીં કહે છે કે નહિ. તું તને ભૂલ્યો છો, આવા માહાત્મ્યને ભૂલ્યો છો. એ ભૂલ સ્વભાવને આશ્રયે ભાંગે, બાકી બીજો કોઈ ઉપાય નથી. આહા..હા..!

આત્મા-આરામ. હવે કહે છે કે પણ આત્મ-આરામ કહ્યું પણ છે કેટલું અને કેવડું એ ત્રિકાળ જ્ઞાન કે જેમાં રમે? કે એ તો '**अनन्तधाम**' (છે). આહા..હા..! '**आत्म-आरामम्**' '**अनन्तधाम**' અનંત... અનંત... અનંત... જેનો સ્વભાવ આનંદ અને જ્ઞાન એને મર્યાદા શી? એને હદ શી? એને માપ કરવાની રીત કઈ? એવો ભગવાન આત્મા અનંતધામ (છે). જેનો અંત નહિ, છેડો નહિ, માપમાં વિકલ્પ અને રાગથી ન આવે એવું અનંતધામ. 'સુખધામ અનંત સુસંત ચહી.' શ્રીમદ્‌માં આવે છે છેલ્લે. 'સુખધામ અનંત સુસંત ચહી.' '**જેનો પ્રકાશ અનંત છે;...**' અને '**अध्यक्षेण महसा नित्य-उदितं**' અધ્યક્ષ નામ '**પ્રત્યક્ષ તેજથી જે નિત્ય ઉદયરૂપ છે.**' આહા..હા..! ભગવાન આત્મા વસ્તુ તરીકે જે પૂર્ણ સ્વરૂપ છે એના આશ્રયથી, અવલંબનથી પ્રગટેલું જ્ઞાન પ્રત્યક્ષ છે. પ્રત્યક્ષ જેના તેજ છે. આહા..હા..! પ્રત્યક્ષ જેનું તેજ છે. એવા '**તેજથી જે નિત્ય ઉદયરૂપ છે.**' પ્રગટ-પ્રગટરૂપ જ છે. પર્યાય નિત્ય છે જ્ઞાનની. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ?

'**વળી કેવું છે? ધીર છે,...**' ધીરું છે. જ્ઞાન પ્રગટ્યું ત્યાં ઉછાળા નથી આકુળતાના એમ કહે છે. '**अतं**' છે. ધીર એવું જે ત્રિકાળી જ્ઞાન એના અવલંબે પ્રગટેલું એ પણ જ્ઞાન ધીર છે. ધીરું છે... ધીરું છે. સમજાણું કાંઈ? જે સમજ્યો છે તે સમાઈ ગયો છે અંદરમાં એમ કહે છે. સમજાણું કાંઈ? અમે જાણીએ છીએ અને અમને આવડે છે ને અમે દુનિયાને સમજાવનારા નેતા છીએ. આહા..હા..! એ કહે છે ... સમજાણું કાંઈ? આહા..! જેનો પ્રકાશ ધીર છે. કેવું છે? ધીર છે. એ જ્ઞાનના શણગાર છે. આનંદરૂપી શાંતિને લેતું, પરિણમતું જે જ્ઞાન પ્રગટ્યું એમાં ધીરપણું એ એનો શણગાર છે, એ એની શોભા છે. કહો, સમજાણું? મકાનની શોભા નથી કરતા? ફર્નિચર ને એકાદ-બે કપાટ રમકડાના ભર્યા હોય અને બીજા બહારમાં. મકાન-મકાન. એમાં રમકડા ભરે છેને. રમકડા સમજ્યા? માણસ અને સિંહ એવા બધા નથી રાખતા પૂતળા? પૂતળા ભર્યા હોય. હવે એ હમણાથી નીકળ્યું છે. કપાટ એકાદ-બે કપાટ એ ભર્યો હોય, ભગવાનજીભાઈ! આવું પહેલું નહોતું હોં! પચાસ વર્ષ પહેલા.

મુમુક્ષુ :- પચાસ વર્ષ પહેલાના માણસો ક્યાં હવે છે?

ઉત્તર :- કેવા માણસ? ઘરમાં એક-બે કપાટ ભરેલા હોય. .. શું કહેવાય? રમકડાં. પોપટ ને માણસ ને ફલાણું ને ઢીંકણું. આમ મૂકે ને આમ મૂકે. આહા..હા..! એવા એકાદ-બે કપાટ પૈસા પ્રમાણે હોય. એવું બે-ચાર ઘરે છે. .. ભર્યું હોય, કોઈકે આ ભર્યું હોય. જ્યાં શાસ્ત્ર ભરવા જોઈએ. કહો, ચીમનભાઈ! આમ દેખાય પાછા. મકાનમાં મોટી ગોળીયું લાવતા. ગોળીયું-ગોળીયું સમજ્યા? પીત્તળની, ત્રાંબાની મોટી-મોટી. અભરાઈમાં ઠામડા પીત્તળના, થાળીયું, એમાં એક એક વાટકો, આમ અભરાઈમાં પડ્યું હોય. આ બધી લાઈન ફરી ગઈ. કાચ આવી ગયા.

અહીં તો કહે છે... આહા..હા..! તને જોવે તો તારી અભરાઈમાં એકલો આનંદ ભર્યો હોય એ જોવામાં આવે. આહા..હા..! એને ઠેકાણે આ શું થયું? આહા..હા..! ધીરજ જેની શોભા છે. જે સમ્યક્જ્ઞાન પ્રગટ્યું ભગવાન આત્માને અવલંબે એનો શણગાર તો ધીરો એ ધીર ભાવ એ શણગાર છે. એ શણગારથી પહેરેલો એ આત્મા શોભે છે. કહો, સમજાણું કાંઈ? આ બહારના ટીલા ને ટપકા નથી કરતા શરીરને સારું દેખાડવા? આમ લટકતા હોય. આહા..હા..! હાડકાના શણગાર. મડદું સ્મશાનમાં રહે એના શણગાર. ભગવાન ચૈતન્યજ્યોત જેને અંતરમાં ધીરજ પ્રગટી છે કહે છે. આહા..હા..! અંતરની દશા વિકાસવા માટે અશુદ્ધતા ક્ષણે ક્ષણે ઘટતી જાય છે અને શુદ્ધતા વધતી જાય છે એવું જેનું જ્ઞાન ધીરું છે. આહા..હા..! એ અસ્થિર એવો અધીરો એવો વિકલ્પ એને અડતો નથી એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે આકરું કામ! એય..! કાંતિભાઈ! આ બધા તમારા જ્ઞાન ને લૌકિક જ્ઞાન બધા મીંડાવાળા છે એમ કહે છે.

‘**ધીર છે, ઉદાત્ત (ઉચ્ચ) છે...**’ ઉદાત્ત છે એટલે ઉચ્ચ છે. એ આત્માના અંતરમાં પ્રગટેલું સમ્યક્જ્ઞાન ધાર્મિકનું એ ઉચ્ચપદને પ્રાપ્તને માટે ઉચ્ચ છે. ઉચ્ચ એવો ભગવાન આત્મા એને અવલંબે પ્રગટેલું એ જ જ્ઞાન ઉચ્ચ છે, ઉદાર છે, ઉદાત્ત, ઉદાત્ત છે. આહા..હા..! અંદરમાંથી જેટલું કાઢવું હોય એટલું નીકળે એવો એ ઉદાત્ત છે. સમજાણું? ‘**અને તેથી અનાકુળ છે...**’ આનંદ છે. જેમાં આકુળતા નથી. ‘**સર્વ ઈચ્છાઓથી રહિત નિરાકુળ છે.**’ આહા..હા..! આ મંગળિક કર્યું. જીવ-અજીવના સ્વાંગનું વર્ણન બતાવતા ભેદજ્ઞાન આવું હોય એમ વર્ણન કર્યું.

‘**(અહીં ધીર, ઉદાત્ત, અનાકુળ-એ ત્રણ વિશેષણો શાંતરૂપ નૃત્યનાં આભૂષણ જાણવાં.)**’ લ્યો જોયું! જેને આત્મજ્ઞાન પ્રગટ્યું છે... આત્મજ્ઞાનને? રાગનું કે શાસ્ત્રનું કે પરનું કે એ નહિ. એ જ્ઞાન ધીરું છે, ઉદાર છે, ઉદાત્ત છે એટલે ઊંચું છે. એના જેવી ઉચ્ચતા સમ્યગ્જ્ઞાન સિવાય બીજે ક્યાં હોય? કહે છે ‘**એ ત્રણ વિશેષણો શાંતરૂપ...**’ પરિણમન. એમ કહે છેને અહીંયાં? શાંતિનો સાગર ભગવાન એવા જ્ઞેયમાં લીન થવું એવી જે શાંતિ એનું પરિણમન. નૃત્ય એટલે પરિણમન એના આભૂષણો શોભા છે. ‘**એવું જ્ઞાન વિલાસ કરે છે.**’ ‘**धीरोदात्तमनाकुलं विलसति**’ છેલ્લા શબ્દનું આવ્યું. આહા..હા..! શબ્દો ટૂંકા પડે છે કહેવાને. તારી શું વાત કરવી? તારા દ્રવ્યની તો શું વાત કરવી પણ તારા દ્રવ્યનું જ્ઞાન થાય એની શું કરવી વાત! આહા..હા..!

‘**ભાવાર્થ :— આ જ્ઞાનનો મહિમા કહ્યો.**’ એની મહિમા આગળ કોઈ (બીજી) ચીજ મહિમા લઈ જાય એવી ચીજ નથી. પોતાનો ભગવાન આત્મા એને જેણે સંભાર્યો એવા જ્ઞાનની સંભાળમાં, કહે છે કોઈ મહિમા બીજી ચીજ લઈ જાય એટલે કે બીજી ચીજની

મહિમા આવે એમ છે નહિ. આહા..હા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એની મહિમા એમાં ન આવે એમ કહે છે. આહા..હા..! એ તો કહે, તીર્થંકરગોત્ર બાંધે એ મુક્તિનું કારણ. સોનગઢનું એવું લાગે છે. સોનગઢનું નથી પ્રભુ! આ તો તારા ચૈતન્યની ... સોનાને કાટ ન હોય. ગમે તેટલો કાળ સોનું પાણીમાં રહે તો કાટ ચડે?

મુમુક્ષુ :- કાદવમાં રાખે તો?

ઉત્તર :- કાદવ ચડ્યો એ તો ઉપરથી દેખાય છે, અંદરથી એને અડતો પણ નથી. આહા..હા..! એમ ચૈતન્યમૂર્તિ આવી મહિમાવાળું જ્ઞાન પ્રગટ કર્યું એને કાંઈ અડતું જ નથી.

'**જીવ-અજીવ એક થઈ રંગભૂમિમાં પ્રવેશ કરે છે...**' નાટકમાં. રંગભૂમિ એટલે અખાડો. નાટકનો નાચવાનો અખાડો એટલે જગ્યા. એમાં એક થઈને રંગભૂમિમાં પ્રવેશ કરે છે. આમ બહાર આવે છે એટલે દેખાય છે. '**તેમને આ જ્ઞાન જ ભિન્ન જાણે છે.**' આ જ્ઞાન જ અજીવ ને રાગના વિકલ્પ અને ભગવાન આત્માના સ્વભાવને એનાથી ભિન્ન જાણે છે. એ જાણ્યું એ જાણ્યું. એનું નામ જ્ઞાન અને એનું નામ ધાર્મિક જ્ઞાન. આહા..હા..! '**જેમ નૃત્યમાં કોઈ સ્વાંગ આવે તેને જે યથાર્થ જાણે તેને સ્વાંગ કરનારો નમસ્કાર કરી પોતાનું રૂપ જેવું હોય તેવું જ કરી લે છે...**' આ બહુરૂપિયો આવે છેને? જાણી લે કે આ તો કાલે તું આવ્યો હતો સાહેબ થઈને એ આવ્યો આ તો. ... છે. ગોરો થઈને આવેલો. આટલી .. આવ્યું છે. તમારે ફલાણું છે ને ઢીંકણું છે. રસીદ રસીદ લાવો. આમ જાુઓ તો સામે છે ભીંત, સામે બે તકીયા છે અને બે-ત્રણ હાથની દુકાન હતી. એમાં બેઠેલા. ... બીજે દિ' પાછો માગણ થઈને આવ્યો, એનો એ બહુરૂપિયો. એય..! બાપુ! કાંઈક વધ્યું ઘટ્યું આપો. આ પણ ભીંત દેખે છે. અહીં ચૂલા નથી, અહીં તો દુકાન છે. અહીં શું કહેવાય તમારા ઓશીકાને પડ્યા હોય એ? તકીયા-તકીયા. એને ખબર નથી? પછી એને ખબર આવી ગઈ. ઓહો..! આ તો મારો કાલે હતો એ. બહુરૂપિયો છે પોતે. અહીં તકીયા પડ્યા છે. ત્રણ હાથમાં દુકાન છે. સામી ભીંત દેખાય છે, બે બાજુ આ .. દેખાય છે. માટે આ કાંઈક... મા-બાપ! કાંઈક વધ્યું ઘટ્યું આપજો. ભિખારી થઈને આવ્યો. ઓહો..! પૈસા લેવા પછી આવે. આહા..હા..!

એમ જ્ઞાને જોઈ લીધું, એનું તળિયું તપાસ્યું. આહા..હા..! પોતાના પરિણામથી પાતાળકૂવાને અંદરમાં જોયો. સમજાણું કાંઈ? પાતાળ જેનું માપ નથી, માપ નથી. આમાં તો માપ ચાલ્યું જાય છે. આનું તો કાંઈ માપ જ નથી. જ્ઞાન, શ્રદ્ધા, શાંતિ, આનંદ, સ્વચ્છતા, પ્રભુતા એવા અનંત ગુણની અનંત પ્રમાણિકતા, મહિમા એવા જ્ઞાને પોતાને અને પરને રાગને અને બેને ભિન્ન જાણ્યા.

'**જેમ નૃત્યમાં કોઈ સ્વાંગ આવે તેને જે યથાર્થ જાણે...**' જાણ્યું એટલે એ છૂટી

જાય એમ કહે છે. જ્ઞાનમાં આનંદસ્વરૂપ છું એવું જે જ્ઞાન થયું, એણે જાણ્યું કે આ રાગ અને શરીર આ તો આસ્રવ ને અજીવતત્ત્વ છે એ તો ભિન્ન છે, મારામાં એકપણે નથી. એટલે નાચતા હતા એ એક થઈને છૂટી ગયું. વિકલ્પ આવ્યો એ છૂટી ગયો એમ કહે છે. આહા..હા..! નિશ્ચયની વાત. આગ્રાની ટીકા પણ આવી છે અને આગ્રાના વખાણ પણ આવ્યા છે. .. ત્રણે આવ્યું છે. આગ્રાનું આ. ટીકા પણ કરી છે એક જણાએ. આનું આમ છે ને તેમ છે. બધા નિશ્ચયના જ વ્યાખ્યાન આપ્યા અને પોતાની મોટપ બતાવતા હતા વિદ્વાનો અને છોકરાઓને ઉડાવતા હતા કેટલીક વાર. ... સાચી સમજણની વાત ગોઠે નહિ અને એમ કે આમાં વ્યવહારું વાત આવ્યા વિના લોકો સમજે શું? એમ કહે છે. વ્યવહાર કેવો હોય? એનો વ્યવહાર કેવો કહેવાય? આ તો એકલો નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય. તમે ત્યાં નહોતા. ભગવાનદાસ ગયા હતા આગ્રા. ભાઈ ગયા હતા. મોઢા આગળ જાય જ્યાં ત્યાં. આમાં મોઢા આગળ આવ્યા. કહો, સમજાય છે? એમ કે નિશ્ચયની વાતું પોતાને સમજાય નહિ અને શાસ્ત્રની એવી વાતું કાઢે, લોકો મૂઢ જેવા બેસે. એમ આવ્યું હતું. વીર છેને વીર? વીર ચાલ્યું છેને? વીર નહિ. શું નીકળે છે? આ નહોતું આવ્યું? બે-ત્રણમાં આવ્યું છે. જૈન ગેજેટમાં. હા જૈન ગેજેટમાં. આહા..હા..! ભાઈ! તું જે સમજ્યો છે એ જ સમજાવવું હોય તો એમાં વિશેષતા શું? એ તો સમજ્યો છે. વ્યવહાર ને રાગ ને આ ને તે. એ સમજ્યો છે એ જ જાતની વાત કરે તો એમાં તો એનું એ છે. તારી નિધિ એને તેં જોઈ નથી અને જાણી નથી. એ તું ભણ્યો નથી. એ અહીં ભણવાની વાત છે આ તો. સમજાણું કાંઈ? અરે! જેમાં જ્ઞાનમાં સંસારના અંત ન આવે અને અનંત એવો આત્મા જ્ઞાનમાં ન ભાસે, સંસારનો અંત ન આવે અને અનંત એવો ભગવાન ન ભાસે એ જ્ઞાન કેવું? સમજાણું કાંઈ? વિશુદ્ધિ આવી ગયું હતુંને. ધ્વંસાત. વિધિધ્વંસાત આવ્યું હતુંને? ઈ મૂળ કહેવું હતું. આહા..હા..!

**'તેવી રીતે અહીં પણ જાણવું. આવું જ્ઞાન સમ્યગ્દૃષ્ટિ પુરુષોને હોય છે;...'** લ્યો! અહીં તો અહીંથી વાત માંડી છે. કેવળજ્ઞાનીને હોય છે ને એની વાત અહીં છે જ નહિ. આહા..હા..! **'આવું જ્ઞાન સમ્યગ્દૃષ્ટિ પુરુષોને હોય છે; મિથ્યાદૃષ્ટિ આ ભેદ જાણતા નથી.'** બીજી ગાથામાં આવ્યુંને, સમયસાર. '**जीवो चरित्तदंसणणाणठिदो**' એ તો સ્વસમયની વાત કરી. સમ્યગ્દૃષ્ટિથી જ માંડીને વાત કરી. સ્વસમય સિદ્ધમાં હોય. એ સાંભળનારા બેઠા હતા એ એના વખાણ કરે. અહીંયાં તો બે જ વાત લીધી છે. સમ્યગ્દૃષ્ટિ તે સ્વસમય, મિથ્યાદૃષ્ટિ તે પરસમય. પ્રવચનસારમાં પણ ગાથા નથી આવતી? પરસમય. પર્યાયમૂઢા પરસમયા. મિથ્યાદૃષ્ટિ પરસમય .... સ્વસ્વરૂપનું ભાન, જ્ઞાન એ જ સ્વસમય એટલે આત્મા થયો. સમજાય છે કાંઈ?

એટલે કહે છે '**આવું જ્ઞાન સમ્યગ્દષ્ટિ પુરુષોને હોય છે;...**' લ્યો! અહીં તો એ વાત કરી છે. '**મિથ્યાદષ્ટિ આ ભેદ જાણતા નથી.**' આ સમયસાર એમ કે કોને માટે? અરે પ્રભુ! તારો સ્વભાવ જ એવો છે ભાઈ! આહા..હા..! તને તું નથી જાણતો એને જાણવાની આ વાત છે.

## ગાથા-૩૯ થી ૪૩

अप्पाणमयाणंता मूढा दु परप्पवादिणो केई।
जीवं अज्झावसाणं कम्मं च तहा परुवेंति।।३९।।
अवरे अज्झवसाणेसु तिव्वमंदाणुभागगं जीवं।
मण्णंति तहा अवरे णोकम्मं चावि जीवो त्ति।।४०।।
कम्मस्सुदयं जीवं अवरे कम्माणुभागमिच्छंति।
तिव्वत्तणमंदत्तणगुणेहिं जोसोहवदि जीवो।।४१।।
जीवो कम्म उहयं दोण्णि वि खलु केइ जीवमिच्छंति।
अवरे संजोगेण दु कम्माणं जीवमिच्छंति।।४२।।
एवंविहा बहुविहा परमप्पांण वदंति दुम्मेहा।
ते ण परमट्टवादी णिच्छयवादीहिं णिद्दिट्ठा।।४३।।
आत्मानमजानन्तो मूढास्तु परात्मवादिनः केचित्।
जीवमध्यवसानं कर्म च तथा प्ररूपयन्ति।।३९।।
अपरेऽध्यवसानेषु तीव्रमन्दानुभागगं जीवम्।
मन्यन्ते तथाऽपरे नोकर्म चापि जीव इति।।४०।।
कर्मण उदयं जीवमपरे कर्मानुभागमिच्छन्ति।
तीव्रत्मन्दत्वगुणाभ्यां यः स भवति जीवः।।४१।।
जीवकर्मोभयं द्वे अपि खलु केचिज्जीवमिच्छन्ति।
अपरे संयोगेन तु कर्मणां जीवमिच्छन्ति।।४२।।

एवंविधा बहुविधाः परमात्मानं वदन्ति दुर्मेधसः।
ते न परमार्थवादिनः निश्चयवादिभिर्निर्दिष्टाः।।४३।।

इह खलु तदसाधारणलक्षणाकलनात्क्लीबत्वेनात्यन्तविमूढाः सन्तस्तात्त्विकमात्मानमजानन्तो बहवो परमप्यात्मानमिति प्रलपन्ति। नैसर्गिकरागद्वेषकल्माषितमध्यवसानमेव जीवस्तथाविधाध्यवसानात् अंगारस्येव कार्ष्ण्यादतिरिक्तत्वेनान्यस्यानुपलभ्यमानत्वादिति केचित्। अनाद्यनन्तपूर्वापरीभूतावयवैकसंसरणक्रियारूपेण क्रीडत्मकमैव जीवः कर्मणोऽतिरिक्तत्वेनान्यस्यानुपलभ्यमानत्वादिति केचित्। तीव्रमन्दानुभवभिद्यमानदुरंतरागरसनिर्भराध्यवसानसंतान एव जीवस्ततोऽतिरिक्तस्यान्यस्यानुपलभ्यमानत्वादिति केचित्। नवपुराणावस्थादिभावेन प्रवर्तमानं नोकर्मैव जीवः शरीरादतिरिक्तत्वेनान्यस्यानुपलभ्यमानत्वादिति केचित्। विश्वमपि पुण्य-पापरूपेणाक्रामन् कर्मविपाक एव जीवः शुभाशुभभावादतिरिक्तत्वेनान्यस्यानुपलभ्यमानत्वादिति केचित्। सातासातरूपेणाभिव्याप्तसमस्ततीव्रमन्दत्वगुणाभ्यां भिद्यमानः कर्मानुभव एव जीवः सुखदुःखातिरिक्तत्वेनान्यस्यानुपलभ्यमानत्वादिति केचित्। मज्जितावदुभयात्मकत्वादात्म-कर्मोभयमेव जीवः कात्स्न्र्यतः कर्मणोऽतिरिक्तत्वेनान्यस्यानुपलभ्यमानत्वायिति केचित्। अर्थक्रियासमर्थः कर्मसंयोग एव जीवः कर्मसंयोगात्खट्वाया इव अष्टकाष्ठसंयोगादतिरिक्तत्वेनान्यस्यानुपलभ्यमानत्वादिति केचित्। एवमेवंप्रकारा इतरेऽपि बहुप्रकाराः परमात्मेति व्यपदिशन्ति दुर्मेधसः, किन्तु न ते परमार्थवादिभिः परमार्थवादिन इति निर्दिश्यन्ते।

હવે જીવ-અજીવનું એકરૂપ વર્ણન કરે છે :—

કો મૂઢ, આત્મતણા અજાણ, પરાત્મવાદી જીવ જે,
'છે કર્મ, અધ્યવસાન તે જીવ' એમ એ નિરૂપણ કરે! ૩૯.
વળી કોઈ અધ્યવસાનમાં અનુભાગ તીક્ષણ-મંદ જે,
એને જ માને આતમા, વળી અન્ય કોઈ નોકર્મને! ૪૦.
કો અન્ય માને આતમા કર્મો તણા વળી ઉદયને,
કો તીવ્રમંદ-ગુણો સહિત કર્મો તણા અનુભાગને! ૪૧.
કો કર્મ ને જીવ ઉભયમિલને જીવની આશા ધરે,
કર્મો તણા સંયોગથી અભિલાષ કો જીવની કરે! ૪૨.
દુર્બુદ્ધિઓ બહુવિધ આવા, આતમા પરને કહે,
તે સર્વને પરમાર્થવાદી કહ્યા ન નિશ્ચયવાદીએ. ૪૩.

ગાથાર્થઃ- [आत्मानम् अजानन्तः] આત્માને નહિ જાણતા થકા [परात्मवादिनः] પરને આત્મા કહેનારા [केचित् मूढाः तु] કોઈ મૂઢ, મોહી, અજ્ઞાનીઓ તો [अध्यवसानं] અધ્યવસાનને [तथा च] અને કોઈ [कर्म] કર્મને [जीवम् प्ररुपयन्ति] જીવ કહે છે. [अपरे] બીજા કોઈ [अध्यवसानेषु] અધ્યવસાનોમાં [तीव्रमन्दानुभागगं] તીવ્રમંદ અનુભાગગતને [जीवं मन्यन्ते] જીવ માને છે [तथा] અને [अपरे] બીજા કોઈ [नोकर्म अपि च] નોકર્મને [जीवः इति] જીવ માને છે. [अपरे] અન્ય કોઈ [कर्मणः उदयं] કર્મના ઉદયને [जीवम्] જીવ માને છે, કોઈ '[यः] જે [तीव्रत्वमन्दत्वगुणाभ्यां] તીવ્રમંદપણારૂપ ગુણોથી ભેદને પ્રાપ્ત થાય છે [सः] તે [जीवः भवति] જીવ છે' એમ [कर्मानुभागम्] કર્મના અનુભાગને [इच्छन्ति] જીવ ઇચ્છે છે (-માને છે). [केचित्] કોઈ [जीवकर्मोभयं] જીવ અને કર્મ [द्वे अपि खलु] બન્ને મળેલાંને જ [जीवम् इच्छन्ति] જીવ માને છે [तु] અને [अपरे] અન્ય કોઈ [कर्मणां संयोगेन] કર્મના સંયોગથી જ [जीवम् इच्छन्ति] જીવ માને છે. [एवंविधाः] આ પ્રકારના તથા [बहुविधाः] અન્ય પણ ઘણા પ્રકારના [दुर्मेधसः] દુર્બુદ્ધિઓ-મિથ્યાદૃષ્ટિઓ [परम्] પરને [आत्मानं] આત્મા [वदन्ति] કહે છે. [ते] તેમને [निश्चयवादिभिः] નિશ્ચયવાદીઓએ (-સત્યાર્થવાદીઓએ) [परमार्थवादिनः] પરમાર્થવાદી [-સત્યાર્થ કહેનારા] [न निर्दिष्टाः] કહ્યા નથી.

ટીકાઃ- આ જગતમાં આત્માનું અસાધારણ લક્ષણ નહિ જાણવાને લીધે નપુંસકપણે અત્યંત વિમૂઢ થયા થકા, તાત્ત્વિક (પરમાર્થભૂત) આત્માને નહિ જાણતા એવા ઘણા અજ્ઞાની જનો બહુ પ્રકારે પરને પણ આત્મા કહે છે, બકે છે. કોઈ તો એમ કહે છે કે સ્વાભાવિક અર્થાત્ સ્વયમેવ ઉત્પન્ન થયેલા રાગદ્વેષ વડે મેલું જે અધ્યવસાન (અર્થાત્ મિથ્યા અભિપ્રાય સહિત વિભાવપરિણામ) તે જ જીવ છે કારણ કે જેમ કાળાપણાથી અન્ય જુદો કોઈ કોલસો જોવામાં આવતો નથી તેમ એવા અધ્યવસાનથી જુદો અન્ય કોઈ આત્મા જોવામાં આવતો નથી.૧. કોઈ કહે છે કે અનાદિ જેનો પૂર્વ અવયવ છે અને અનંત જેનો ભવિષ્યનો અવયવ છે એવી જે એક સંસરણરૂપ (ભ્રમણરૂપ) ક્રિયા તે-રૂપે ક્રીડા કરતું જે કર્મ તે જ જીવ છે કારણ કે કર્મથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી.૨. કોઈ કહે છે કે તીવ્ર-મંદ અનુભવથી ભેદરૂપ થતાં, દુરંત (જેનો અંત દૂર છે એવા) રાગરૂપ રસથી ભરેલાં અધ્યવસાનોની જે સંતતિ (પરિપાટી) તે જ જીવ છે કારણ કે તેનાથી અન્ય જુદો કોઈ જીવ દેખવામાં આવતો નથી.૩. કોઈ કહે છે કે નવી ને પુરાણી અવસ્થા ઇત્યાદિ ભાવે પ્રવર્તતું જે નોકર્મ તે જ જીવ છે કારણ કે શરીરથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો

નથી.૪. કોઈ એમ કહે છે કે સમસ્ત લોકને પુણ્યપાપરૂપે વ્યાપતો જે કર્મનો વિપાક તે જ જીવ છે કારણ કે શુભાશુભ ભાવથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી.૫. કોઈ કહે છે કે શાતા-અશાતારૂપે વ્યાપ્ત જે સમસ્ત તીવ્ર-મંદત્વગુણો તે વડે ભેદરૂપ થતો જે કર્મનો અનુભવ તે જ જીવ છે કારણ કે સુખ-દુઃખથી અન્ય જુદો કોઈ જીવ દેખવામાં આવતો નથી. ૬. કોઈ કહે છે કે શિખંડની જેમ ઉભયરૂપ મળેલાં જે આત્મા અને કર્મ, તે બન્ને મળેલાં જ જીવ છે કારણ કે સમસ્તપણે (સંપૂર્ણપણે) કર્મથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી. ૭. કોઈ કહે છે કે અર્થક્રિયામાં (પ્રયોજનભૂત ક્રિયામાં) સમર્થ એવો જે કર્મનો સંયોગ તે જ જીવ છે કારણ કે જેમ આઠ લાકડાંના સંયોગથી અન્ય જુદો કોઈ ખાટલો જોવામાં આવતો નથી તેમ કર્મના સંયોગથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી. (આઠ લાકડાં મળી ખાટલો થયો ત્યારે અર્થક્રિયામાં સમર્થ થયો; તે રીતે અહીં પણ જાણવું.) ૮. આ પ્રમાણે આઠ પ્રકાર તો આ કહ્યા અને એવા એવા અન્ય પણ અનેક પ્રકારના દુર્બુદ્ધિઓ(અનેક પ્રકારે) પરને આત્મા કહે છે; પરંતુ તેમને પરમાર્થના જાણનારાઓ સત્યાર્થવાદી કહેતા નથી.

ભાવાર્થ :— જીવ-અજીવ બન્ને અનાદિથી એકક્ષેત્રાવગાહસંયોગરૂપ મળી રહ્યાં છે અને અનાદિથી જ જીવની પુદ્‌ગલના સંયોગથી અનેક વિકારસહિત અવસ્થાઓ થઈ રહી છે. પરમાર્થદ્રષ્ટિએ જોતાં, જીવ તો પોતાના ચૈતન્યત્વ આદિ ભાવોને છોડતો નથી અને પુદ્‌ગલ પોતાના મૂર્તિક જડત્વ આદિને છોડતું નથી. પરંતુ જે પરમાર્થને જાણતા નથી તેઓ સંયોગથી થયેલા ભાવોને જ જીવ કહે છે; કારણ કે પરમાર્થે જીવનું સ્વરૂપ પુદ્‌ગલથી ભિન્ન સર્વજ્ઞને દેખાય છે તેમ જ સર્વજ્ઞની પરંપરાના આગમથી જાણી શકાય છે, તેથી જેમના મતમાં સર્વજ્ઞ નથી તેઓ પોતાની બુદ્ધિથી અનેક કલ્પના કરી કહે છે. તેમાંથી વેદાંતી, મીમાંસક, સાંખ્ય, યોગ, બૌદ્ધ, નૈયાયિક, વૈશેષિક, ચાર્વાક આદિ મતોના આશય લઈ આઠ પ્રકાર તો પ્રગટ કહ્યા; અને અન્ય પણ પોતપોતાની બુદ્ધિથી અનેક કલ્પના કરી અનેક પ્રકારે કહે છે તે કયાં સુધી કહેવા?

## ગાથા-૩૯ થી ૪૩ ઉપર પ્રવચન

'હવે જીવ-અજીવનું એકરૂપ વર્ણન કરે છે :—'

अप्पाणमयाणंता मूढा दु परप्पवादिणो केई।
जीवं अज्झावसाणं कम्मं च तहा परुवेंति।।३९।।
अवरे अज्झवसाणेसु तिव्वमंदाणुभागगं जीवं।
मण्णंति तहा अवरे णोकम्मं चावि जीवो त्ति।।४०।।
कम्मस्सुदयं जीवं अवरे कम्माणुभागमिच्छंति।
तिव्वत्तणमंदत्तणगुणेहिं जो सो हवदि जीवो।।४१।।
जीवो कम्म उहयं दोण्णि वि खलु केइ जीवमिच्छंति।
अवरे संजोगेण दु कम्माणं जीवमिच्छंति।।४२।।
एवंविहा बहुविहा परमप्पांण वदंति दुम्मेहा।
ते ण परमट्टवादी णिच्छयवादीहिं णिद्दिट्ठा।।४३।।

આહા..હા..! અહીં તો 'वदंति' લીધું લ્યો! કહે છે એટલે કે જાણે છે ખરેખર. ભાષામાં શું કહેવું?

કો મૂઢ, આત્મ તણા અજાણ, પરાત્મવાદી જીવ જે,
'છે કર્મ, અધ્યવસાન તે જીવ' એમ એ નિરૂપણ કરે! ૩૯.
વળી કોઈ અધ્યવસાનમાં અનુભાગ તીક્ષ્ણ-મંદ જે,
એને જ માને આતમા, વળી અન્ય કો નોકર્મને! ૪૦.
કો અન્ય માને આતમા કર્મો તણા વળી ઉદયને,
કો તીવ્રમંદ-ગુણો સહિત કર્મો તણા અનુભાગને! ૪૧.
કો કર્મ ને જીવ ઉભયમિલને જીવની આશા ધરે,
કર્મો તણા સંયોગથી અભિલાષ કો જીવની કરે! ૪૨.
દુર્બુદ્ધિઓ બહુવિધ આવા, આતમા પરને કહે,
તે સર્વને પરમાર્થવાદી કહ્યા ન નિશ્ચયવાદીએ. ૪૩.

જુઓ, અહીં તો દુર્બુદ્ધિ કહ્યા એને. પરમાર્થના જાણનાર આને દુર્બુદ્ધિ કહે છે. આહા..!

‘**ટીકા :- આ જગતમાં...**’ ‘આ’ અસ્તિ કરીને જગત સિદ્ધ કર્યું. જગત છે, લોકાલોક એવી ચીજ છે. આ જગતમાં વસ્તુ છે. એકલો જ આત્મા છે એમ નથી. ‘**આ જગતમાં આત્માનું અસાધારણ લક્ષણ...**’ ભગવાન આત્માનો અસાધારણ (સ્વભાવ) જે બીજામાં નથી અને બીજા રૂપે નથી. દર્શન-જ્ઞાન એ પણ નહિ. એનું અસાધારણ રૂપ છે. ‘**લીધે નપુંસકપણે અત્યંત વિમૂઢ થયા થકા,...**’ જુઓ, અહીં ભાષા વાપરી. આહા..હા..! કહે છે કે રાગને આત્મા માને, ઘણાં બોલ લેશે, પણ એ રાગથી આત્માને લાભ થાય એમ માને એ જ રાગને આત્મા માને છે. એ જીવ નપુંસક છે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ રાગ અને સંયોગથી મને સુખ થાય, તો રાગ અને સંયોગને જ એણે આત્મા માન્યો. એ માનનારા, કહે છે ‘**નહિ જાણવાને લીધે...**’ એમ કીધું છેને? ‘**નહિ જાણવાને લીધે...**’ ભગવાન આત્મા અસાધારણ જેનું જ્ઞાનસ્વરૂપ ભગવાન, જ્ઞાનના લક્ષણે લક્ષિત જાણવામાં અનુભવમાં આવે એવો અસાધારણ લક્ષણવાળો એને નહિ જાણવાને લીધે, એવા ભગવાન આત્માને નહિ જાણવાને કારણે ‘**નપુંસકપણે...**’ ‘**क्लीब**’ ‘**क्लीब**’ કીધા છે એને. છેને? ‘**क्लीबत्वेना**’ ‘**क्लीब**’ એટલે નપુંસક. હીજડા, પાવૈયો છો કહે છે. આહા..હા..! હીજડા હોય છેને હીજડા? આહા..હા..!

રાગનું અસ્તિત્વ એ મારું, એનો હું કર્તા અને એનો હું ભોક્તા. કહે છે કે (તું) માળા નપુંસક છો. આહા..હા..! માથા કાપે બીજાના (તો કહે) શૂરવીર-શૂરવીર. હાથમાં તલવાર. માથું કપાણું હોય પછી પણ બે ઘડી શરીર ધ્રુજે. હાથમાં તલવાર હોય. આમ ધડ પડી ગયું હોય. એ બધા શૂરવીર કહેવાય. અહીં કહે છે કે એ બધા નપુંસક છે. આહા..હા..! ... તો એમ જ કહે ભાઈ! માતા દીકરાને કહે, મૂઢ થઈ ગયો છો? ગાંડો છો? આઠ-દસ વર્ષનો ઢગો થયો તોપણ હજી તને ભાન નથી? એમ કહેને? મોટો થઈને પરણાવે ત્યારે વળી એમ કહે કે એલા ઘરે બાયડી છે તોપણ તને ભાન નથી કાંઈ? તારે માથે કેટલી જવાબદારી છે. હવે તો જુવાન થયો છો. તારે ઘરે છોકરા થયા છે એમ કહે. એય..! ચંદુભાઈ! છતાં કાંઈ ખબર પડતી નથી. કેમ રળવું ને કેમ કરવું? એ તો એમ કહેને. એમ આ પ્રભુ અનંત આનંદ ને જ્ઞાનનું ધામ જેને ખબરમાં નથી, જાણમાં નથી ... અને બીજા બધા જાણપણામાં પ્રવિણ, નિપુણ, વિચિક્ષણ અને પાવરધો. સુજાનમલજી!

મુમુક્ષુ :- આપ નવી નવી વાત કાઢો છો. એક એક વાત આપ કાઢો છો, અજબ ગજબની વાત કરો છો.

ઉત્તર :- ગજબની વાત જ હજમ કરવા જેવી છે. આહા..હા..!

અસાધારણ આત્માનું જે લક્ષણ... આહા..હા..! એને નહિ જાણવાને લીધે. એને આ

પુણ્યના ભાવ નિમિત્તથી થાય, મને લાભ થાય એ બધું અસાધારણ ભગવાન જ્ઞાનસ્વભાવી એને નહિ જાણવાનું એ પરિણામ છે. સમજાય છે કાંઈ? એ '**નહિ જાણવાને લીધે નપુંસકપણે...**' એક તો એ ક્લીબ. એને કારણે '**અત્યંત વિમૂઢ થયા થકા,...**' આહા..હા..! ભાષા વાપરી છેને. '**अत्यन्तविमूढाः**'. સંત છે, સંત છે. કરુણા છે જગત ઉપર હોં! લખવાનો વિકલ્પ છેને એ કરુણા છે. અરે પ્રભુ! તારી ચીજને તું ન જાણ એ તો નપુંસક છે કહે છે. આહા..હા..! તારી ચીજ રાગને રચે, જે તારું સ્વરૂપ નથી. આહા..હા..! પરને રચે એ તો છે નહિ. આ કારખાના અત્યારે બહુ થયા, જુઓને મુંબઈમાં કારખાના ઘણા છે. એવું ત્યાં સાંભળ્યું કે પચાસ હજારની મૂડી હોય તો કારખાનુ (કરે). નોકરી કરીને પચાસ હજાર ભેગા થયા હોય તો કારખાનું કર્યું, ફલાણું કર્યું. ...ફલાણાના, ઢીંકણાના. એના બાંધવાના આવતા. .. એવું સાંભળ્યું છે બધું. તમારે બહુ છે. પેનનું છે એને. આહા..! ઓલાને ઘડિયાળનું છે. સંચા મોટા ૩૦-૩૦ લાખના સંચા. આહા..હા..! અમે તો ક્યાં જઈએ. મોટા ઉદ્યોગો, ક્યાંય વધી ગયા છીએ.

અરે! તારી ચીજ અંતરમાં તારા ગર્ભમાં તો પડ્યું છે કેવળજ્ઞાન અને સિદ્ધપદ. એને પ્રજા જ્ઞાનની પ્રગટ ન કરતાં આ પરને લઈને હું છું અને મારું ટકવું અને મારો લાભ. આહા..! કાંઈક અનુકૂળ સાધન હોય તો સગવડતામાં ધર્મ થાય. અગવડતામાં થાય? શેઠ! તમારે ન્યાં પૈસા-બૈસા છે. નિરાંતે થાય. ત્યાં રોડ ઉપર દુકાન હતી. અરે ભગવાન! નપુંસક છો કહે છે. આહા..હા..! તારું નભવું તારાથી આનંદથી છે એની તને ખબર નથી. સમજાણું કાંઈ?

બે શબ્દ આકરા છે. વસ્તુને નહિ જાણવાને લીધે. વસ્તુના લક્ષણને અસાધારણ લક્ષણને કે જે બીજામાં નથી એવો ભગવાન આત્મા પોતાના અસાધારણ લક્ષણથી એટલે જ્ઞાનથી જણાય એવું જે એનું સ્વરૂપ છે એને નહિ જાણવાથી. બસ એક જ વાત. નપુંસકપણાને લીધે. આહા..હા..! '**અત્યંત વિમૂઢ થયા થકા,...**' અત્યંત મૂઢ થયા. વિમૂઢ પાછું. એકલા મૂઢ નહિ. અત્યંત અને વિમૂઢ. આહા..હા..! ભલે અગિયાર અંગ અને નવ પૂર્વનો ભણનાર હોય, પણ એમાં હું આવ્યો છું કાંઈક વિકાસમાં એમ જેણે જાણ્યું છે એ નપુંસક છે.

અત્યંત વિમૂઢ. '**અત્યંત વિમૂઢ થયા થકા,...**' એમ લીધું છે. એટલે પોતે પોતાના ભાવને ભૂલી અત્યંત વિમૂઢ થયો થકો. કર્મને લઈને અને ફલાણાને લઈને એ વાત અહીં છે જ નહિ. આહા..હા..! ઓલા કહે, નહિ. કર્મને લઈને થાય. આટલી આટલી ચર્ચા કરી છે તોપણ પાછા મૂકે છે ઈ? આચાર્ય મહારાજ વીરસેનાચાર્ય કહે છે જ્ઞાનાવરણીને લઈને જ્ઞાન રોકાણું. વાણીનું કારણ જ્ઞાન છે, જ્ઞાન કર્તા અને વાણી કાર્ય એમ વીરસેનસ્વામી કહે છે. મોટા આચાર્ય. કઈ નયનું જ્ઞાન (કથન) સમજ્યા વિના, કઈ નયનું આ વાક્ય છે સમજ્યા વિના એની ... ન બેસે. આહા..હા..! ઈ એમ કહે છે.. ભાઈ! એ તારું સ્વરૂપ છે? જ્ઞાનનું

કાર્ય કહે છે લ્યો! આહા..! અહીં તો કહે છે કે જ્ઞાનસ્વરૂપ ભગવાન એનું કાર્ય તો જાણવું-દેખવું અને આનંદ થાય એ એનું કાર્ય છે.

'**णियमेण य जं कज्जं**' આવે છે? એ શું કરવાનું? નિશ્ચયથી કરવાલાયક હોય અને કરાય તો સ્વસન્મુખની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર. નિયમસારમાં આવે છે. એવા બે-ત્રણ ઠેકાણે આવે છે. છ આવશ્યક તે નિશ્ચયથી તે કરવાલાયક છે. એમ આવે છે એમાં. કરવાલાયક ઈ છે, કર્તવ્ય તો ઈ છે. અહીં તો અસ્તિત્વને સિદ્ધ કરવું છે. આવા તારા અસ્તિત્વમાં રાગાદિ, પુણ્યાદિ, શરીરાદિ કોઈ ચીજની ગંધ નથી. હું એમાં છું અને એ મારામાં છે એમ તેં પરને આત્મા માન્યો. એવો '**અત્યંત વિમૂઢ થયા થકા,...**' થયા થકા એમ છેને? અત્યંત વિમૂઢનો અર્થ થયોને. પોતે અંતર વિમૂઢ થયો થકો. કર્મને લઈને વિમૂઢ થયો છે એમ નહિ. તને તારા દોષે પરાધીનતા (છે). નથી આવતું શ્રીમદ્‌માં? એ સંતની પહેલી શિખામણ છે. હવે પહેલી શિખામણની ખબર ન મળે લ્યો. તારા દોષે તને બંધન છે એ સંતની પહેલી શિખામણ છે. કહો, ભીખાભાઈ! કર્મને લઈને આ થાય એમ માનો તો ચર્ચા કરીએ. અરે પ્રભુ! શું કરો છો આ? આહા..હા..! ગજબ કરો છો! ચૈતન્યને જે લક્ષણે જે અભેદપણે છે એ લક્ષણે એને ન જાણતા, બીજી ચીજ જે છે એ વડે હું છું એમ જે માને છે તે નપુંસકથી અત્યંત વિમૂઢ થયો થકો. અત્યંત વિમૂઢ પરિણમ્યો થકો. એ જ્ઞાનાવરણીય કર્મને લઈને, દર્શનમોહને લઈને એમ નથી. આ વાત આકરી પડે માણસને. અહીં તો સીધી વાત લીધી છે. પંડિતજી! ... કર્મને કારણે આત્મા વિમૂઢ થઈ ગયો છે (એમ નથી કહ્યું). આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પણ તારાથી તું એમ. પરને લઈને નહિ. આહા..હા..! ભાઈ! અહીં તો શાંતિમાં વાદવિવાદ કેવા? આવી જ્યાં ચીજ છે એ પોતે જ પોતાને ભૂલીને. એમ થયુંને જુઓને. '**નહિ જાણવાને લીધે...**' એટલે ભૂલીને. નપુંસકપણે અત્યંત વિમૂઢ પરિણમે છે. એમાં કર્મ ન આવ્યું ક્યાંય. મોહનીય કર્મને લઈને ... '**તાત્ત્વિક (પરમાર્થભૂત) આત્માને નહિ જાણતા...**' દેખો! ભાષા હવે. તાત્ત્વિક આત્મા. વળી આત્મા તાત્ત્વિક અને અતાત્ત્વિક? એવો એ પરમાર્થે ભગવાન છે, આનંદ અને જ્ઞાનની પુંજની મૂર્તિ એ પૂરું તત્ત્વ છે. એવો તાત્ત્વિક એટલે પરમાર્થભૂત આત્મા. અપરમાર્થભૂત આત્મા અને વ્યવહાર આત્મા એ બધા ભેદ પડી જાય.

'**(પરમાર્થભૂત) આત્માને નહિ જાણતા...**' નહિ જાણવાને લીધે '**નપુંસકપણે અત્યંત વિમૂઢ થયા થકા,...**' પરમાર્થભૂત એવો તાત્ત્વિક આત્મા વસ્તુ એને નહિ જાણતા '**એવા ઘણા અજ્ઞાની જનો...**' લ્યો! એવા ઘણા અજ્ઞાની જનો. ઘણા જીવો લીધા. '**ઘણા અજ્ઞાની જનો બહુ પ્રકારે પરને પણ આત્મા કહે છે,...**' પરને પણ બહુ પ્રકારે, ઘણા-ઘણા

પ્રકારે. પરને પણ (એટલે કે) જે એનામાં નથી, પરમાર્થસ્વરૂપ છે એનામાં નથી એને એનાથી લાભ માને એનો અર્થ જ એ કે પોતે છે એમ માને છે એનો અર્થ. સમજાણું કાંઈ? આહા..હા..! '**બહુ પ્રકારે પરને પણ...**' એટલે પરને પણ આત્મા કહે છે. પોતાને તો આત્મા કહે એ તો જુદી વાત છે, પણ પરને પણ આત્મા કહે છે. '**બકે છે.**' એવો અર્થ કર્યો. સમજાણું કાંઈ? '**प्रलपन्ति**' છેને. '**બકે છે.**' '**परमप्यात्मानमिति**' '**बहवो परमप्यात्मानमिति प्रलपन्ति**' '**प्रलपन्ति**' પ્ર-વિશેષે, લપે છે—લપ કરે છે. બોલે છે. ... લપે ચડી ગયો છે. આચાર્યને .. લેવું છેને. આહા..હા..!

એવી પ્રરૂપણા કરો, એવું જ્ઞાન (કહો) કે લોકો નીતિમાં વધે અને શુભભાવમાં વધે તો શુદ્ધને પામે એવું કહો એમ કહે છે. આહા..હા..! ... એવા ઉપદેશ આપો. એવા નીતિના ઉપદેશો અધ્યાત્મ સહિત. ૧૦-૧૦, ૨૦ હજાર ગામથી લાખો માણસોને તાર્યા. અરે ભગવાન! તરવાનો ઉપાય શું છે અને તરવાનો ઉપાય .. શું છે એની ખબર નથી. એને ઉપદેશીને વિશ્વને તારે, નિમિત્તરૂપે પણ એ ક્યાંથી હોય એમ કહે છે. પ્રવચનસારમાં આવે છે. શુભભાવવાળો બીજાને તારે અને પુણ્ય બંધાય એમ કહ્યું છેને. પ્રવચનસારમાં છે. શુભ-શુદ્ધભાવ. શુભ અને શુદ્ધ. શુદ્ધભાવવાળો નિરાસ્રવી છે અને શુભભાવ આસ્રવ. એમ બે વાત સિદ્ધ કરી વસ્તુની. શુભથી નથી અને શુભમાં .. પરિણતિ કરી, શુદ્ધોપયોગી નિરાસ્રવી છે. એકબીજાને તારે છે અને એનો ભક્તિ કરનાર પુણ્ય બાંધે છે એમ કહ્યું. નિમિત્ત છેને. સમજાણું? આવે છેને. એનો ભક્તિ કરનાર પુણ્ય બાંધે છે. ભક્તિ કરનાર જ્ઞાન પામે છે, મોક્ષમાર્ગ પામે એમ ત્યાં નથી કહ્યું.

અહીં કહે છે કે એવા આત્માને જે પરમાર્થને ન જાણતા પરને (પોતાપણે) જાણે છે, બકે છે. એટલી વાત તો પહેલી સામાન્ય વાત કરી. હવે '**કોઈ તો એમ કહે છે કે સ્વાભાવિક અર્થાત્ સ્વયમેવ ઉત્પન્ન થયેલા રાગદ્વેષ વડે મેલું જે અધ્યવસાન (અર્થાત્ મિથ્યા અભિપ્રાય સહિત વિભાવપરિણામ) તે જ જીવ છે...**' એનાથી તો જુદો અમને તો લાગતો નથી. છેને? .. થાય છે. વિભાવપણું જે દેખાય છે એ જ વિભાવ એનો છે અને એ જ આત્મા છે. વિભાવ વિકલ્પ જ ઉઠે છે એ જ સ્વયમેવ ઉત્પન્ન થયું છે. જોયું! ભાષા એમ છે. '**રાગદ્વેષ વડે મેલું જે અધ્યવસાન...**' એકલી એકત્વબુદ્ધિની પહેલી વાત કરી. '**(અર્થાત્ મિથ્યા અભિપ્રાય સહિત વિભાવપરિણામ) તે જ જીવ છે...**' એમ કહે છે. વિભાવભાવ તે જ આત્મા છે. વિભાવભાવની એકતાનો અધ્યવસાય તે જ આત્મા છે. '**કારણ કે જેમ કાળાપણાથી અન્ય જુદો કોઈ કોલસો જોવામાં આવતો નથી...**' કાળાપણાથી. જોયું! કાળાપણાથી કોલસો જુદો જોવામાં આવતો નથી. આહા..હા..! '**તેમ એવા અધ્યવસાનથી જુદો અન્ય કોઈ આત્મા જોવામાં આવતો નથી.**' લ્યો! એમ

અજ્ઞાની આ રીતે પરને પોતાનું માને છે. વિભાવ એ પરવસ્તુ છે. એની એકતાબુદ્ધિનો અધ્યવસાય તે જ આત્મા છે. એમ માનીને આત્માને ભૂલ્યા છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ વદ-૧૪, મંગળવાર, તા. ૦૮-૦૮-૧૯૭૨
## ગાથા-૩૯-૪૩, પ્રવચન-૧૨૬

૩૯ થી ૪૩ ગાથા. જગતમાં આત્માનો સ્વભાવ, એનું લક્ષણ—સ્વરૂપ આનંદ અને જ્ઞાન લક્ષણથી તે જણાય એવો છે. અને એનું લક્ષણ જ એ જ છે ચૈતન્યસ્વરૂપ મહા સર્વજ્ઞસ્વભાવી. એવો આત્મા સર્વજ્ઞસ્વભાવી વસ્તુ જે આત્મા છે એને નહિ જાણવાને લીધે, પોતાની ચીજને નહિ જાણવાને લીધે. '**નપુંસકપણે અત્યંત વિમૂઢ થયા થકા,...**' અરે! પોતાનું વીર્ય, પોતાનું બળ, પરવસ્તુ છે એને પરને લઈને મને ઠીક પડે છે એમાં એનું બળ રોકાઈ ગયું છે. એથી એને નપુંસક કહેવામાં આવે છે. આહા..હા..! એવા પણાને કારણે '(**પરમાર્થભૂત**) **આત્માને નહિ જાણતા એવા ઘણા અજ્ઞાની જનો બહુ પ્રકારે પરને પણ આત્મા કહે છે,...**' એનો એક બોલ કહ્યો. અધ્યવસાન તે જીવ છે એમ કહ્યુંને? પહેલો બોલ. કેમકે રાગની અને સ્વભાવની એકતાથી જુદું એને ભાસતું નથી અને એણે માન્યું છે એટલે એને જુદું કેમ ભાસે? રાગના પરિણામ અને સ્વભાવનો ભાવ, બે એક માન્યા છે. એને એ જીવ માને છે. સમજાણું કાંઈ?

અધ્યવસાન એટલે એકત્વબુદ્ધિ. ત્યાંથી ઉપાડ્યું છે. અધ્યવસાન એ વડે મેલું છે પરિણામ. કોલસો કાળપથી જુદો નથી. કોલસો કાળપથી જુદો નથી એમ એણે દૃષ્ટાંત આપ્યું. અજ્ઞાનીને દૃષ્ટાંત પણ મળી રહે છે અજ્ઞાનમાં. એમ આત્મા એ રાગ-દ્વેષની મેલપની અધ્યવસાયથી જુદો નથી. એ તો એક છે. એમ અનાદિથી અજ્ઞાનમાં એને જ આત્મા માન્યો છે. એક બોલ થયો એ. એમ એ દલીલ કહે છે કે એનાથી જુદો તો જોવામાં આવતો નથી. જુદા જોવાનો પ્રયત્ન કર્યો નથી. એ બોલ છે. આખું તત્ત્વ અધ્યવસાનથી જુદું છે, એ આગળ ખુલાસો આવશે ૪૪માં, એને જોવાનો તો એટલે એ કહે છે કે આત્મા એનાથી જુદો અમને

તો કાંઈ દેખાતો નથી. આવો આત્મા-આવો આત્મા તમે કહો. બીજો બોલ. આઠ બોલ કહેશે.

'કોઈ કહે છે કે **અનાદિ જેનો પૂર્વ અવયવ છે...**' કોણ? ક્રિયા કરતું કર્મ. વિકારની ક્રિયા કરતું કર્મ. વિકારની ક્રિયા કર્મ કરે છે. ક્રિયાના કારકો છેને? ક્રિયા જે છેને એના કારકો હોયને? કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ. તો એ જે ક્રિયાઓ જે થાય છે રાગ-દ્વેષની એનું બધું કર્તા આદિ એ કર્મ જ છે. બીજો આત્મા એનાથી જુદો છે એમ અમને જણાતું નથી. આહા..હા.! 'કોઈ કહે છે કે **અનાદિ જેનો પૂર્વ અવયવ...**' એટલે અંશ છે ભાગ. '**અને અનંત જેનો ભવિષ્યનો અવયવ છે...**' બસ! એ તો રાગની ક્રિયા એ જ ક્રિયાનું કર્તવ્ય કરનાર કર્મ છે. એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ગોમ્મટસારમાં એમ લખ્યું છે તો કહેને.

ઉત્તર :- કાંઈ લખ્યું નથી. એ તો નિમિત્તની વાતું કરી છે. નય વાક્ય શું છે એ જાણવું જોઈએ કે નહિ? જ્ઞાનાવરણીયને લઈને જ્ઞાન રોકાણું છે, આને લઈને આમ થયું છે બધું છે, પણ કેની ક્રિયા?

મુમુક્ષુ :- એમાં લખ્યું છે ગોમ્મટસારમાં...

ઉત્તર :- લખે છે તો એ આ બધા કહે છેને. જેઠાભાઈ! એમના ગુરુએ બધું એ કહ્યું હતું. આવો ચર્ચા કરીએ. પણ પહેલી એ શર્ત કે કર્મને લઈને થાય એ માનો તો આપણે ચર્ચા કરીએ. આ રહ્યા જેઠાભાઈ. હવે પણ એનો અર્થ શું? કર્મને લઈને વિકાર છે અને એને લઈને જે અનાદિ રખડે છે. પ્રશ્ન એ આવ્યો હતો ત્યાં. કર્મ તૂટે કેમ? કે આ અપવાસ કરે અને વ્રત કરે તો તૂટે. વ્રત કરે તો સંવર થાય, તપસ્યા અપવાસ કરે તો નિર્જરા થાય. સંવર અને નિર્જરા.

મુમુક્ષુ :- ભગવાનના દર્શન કરે તો સંસાર...?

ઉત્તર :- હા, આસ્રવ ચાર ઘટે એમ કહે છે, યશોવિજય કહે છે. અરે! પરદ્રવ્યને આશ્રયે થતો વિકલ્પ એની ક્રિયાનો કરનાર તો જીવ પોતે જ છે. એ ચર્ચા થઈ હતીને (સંવત) ૨૦૧૩માં. ૧૩ને? ૧૫ વર્ષ (પહેલા) ત્યાં ઈસરીમાં. ૬૨મી ગાથા. ફૂલચંદજીએ ૬૨મી ગાથા નાખી ... ઓલામાં નાખી છે, જયપુરના ખાણિયા ચર્ચામાં. એવું કહ્યું છે. જીવ અને જડ કર્મ બેય. વર્તમાન જે એની વિકારી, એટલે વિકારી પર્યાયની વાત છે ત્યાં. વિકારી પર્યાયનું કર્તૃત્વ જીવની પર્યાય છે, કર્મ નહિ. ત્યાં તો ત્યાં સુધી વાત છે એટલે ત્યાં કહ્યું હતું વર્ણીજીની સામે. પંડિતો બેઠા હતા. ન રુચ્યું એને. કીધું, કાઢો ૬૨મી ગાથા પંચાસ્તિકાયની. કર્મની પર્યાય જ્ઞાનાવરણીયપણે થાય એ પર્યાયનો કર્તા એના પરમાણુ છે. એ અહીંયાં રાગ કર્યો છે એ અપેક્ષા રાખીને જ્ઞાનાવરણીય પરિણમે છે એમ છે નહિ. એમ પાઠ છે એમાં. ૬૨મી ગાથા પંચાસ્તિકાય. તે દિ' કહ્યું હતું ૧૫ વર્ષ પહેલા. સમજાણું? પંચાસ્તિકાયમાં છે. પહેલા

કર્મ લીધું છે, પછી જીવ લીધો છે. જીવ, કર્મના ષટ્કારક... આ કેટલાક માણસો કહે છેને કે પણ આપણે રાગ-દ્વેષ કરીએ ત્યારે કર્મને પરિણમવું પડે છેને પુદ્ગલને કર્મપણે?

મુમુક્ષુ :- ન કરીએ તો ન થાય.

ઉત્તર :- ન કરીએ તો ન પરિણમે. લ્યો એ પ્રશ્ન હતો ત્યાં ૨૦૦૬ની સાલમાં, રાજકોટ. એ ના પાડે છે કે તેં રાગ-દ્વેષ કર્યા તેથી મોહનીય કર્મને પરિણમવું પડ્યું એમ છે જ નહિ. ૬૨ ગાથામાં છે, પંચાસ્તિકાય. એ તો એ વખતે એ પરમાણુની એ રૂપે કર્મની અવસ્થા થવાની યોગ્યતાને કારણે થઈ છે. એને અહીંયાં રાગ-દ્વેષની અપેક્ષા રાખ્યા વિના થઈ છે. એવો પાઠ છે. શેઠ! કહો, સમજાણું કાંઈ? આહા..હા..! એ જ્ઞાનાવરણીયની પર્યાય, દર્શનાવરણીયની પર્યાય, મોહનીયની અને આયુષ્યની, એવા ભાવ થયા તો આયુષ્ય ત્યાં બંધાણું સ્વર્ગનું કે તીર્થંકર પ્રકૃતિ બંધાણી લ્યોને. એવા ભાવની અપેક્ષા રાખીને તીર્થંકરની પ્રકૃતિ બંધાણી, બીજાને કેમ બંધાતી નથી? પંડિતજી!

મુમુક્ષુ :- સાક્ષાત્ દેખાય તો છેને.

ઉત્તર :- એમાં એમ છે નહિ. એ પંચાસ્તિકાયમાં છે. પંચાસ્તિકાય છેને? ૬૨ ગાથા કાઢી હતી. તે દિ' હિંમતભાઈ હતા કે નહિ? રામજીભાઈ હતા. આ ૬૨ ગાથા કીધી હતી.

**कम्मं पि संग कुव्वदि सेण सहावेण सम्ममपण्णां।**
**जीवो वि य तारिसओ कम्मसहावेण भावेण।।६२।।**

'**નિશ્ચયનયે અભિન્ન કારકો હોવાથી કર્મ અને જીવ સ્વયં સ્વરૂપના** (-પોતપોતાના રૂપના) **કર્તા છે એમ અહીં કહ્યું છે.**' ષટ્કારકો.

મુમુક્ષુ :- એ તો નિશ્ચયની વાત થઈ.

ઉત્તર :- પણ નિશ્ચયની એટલે નિશ્ચય એટલે યથાર્થ. નિશ્ચય એટલે યથાર્થ, નિશ્ચય એટલે સત્ય, નિશ્ચય એટલે પરમાર્થ, નિશ્ચય એટલે વાસ્તવિક સ્થિતિનું જે સ્વરૂપ છે તે. આહા..હા..! જુઓ છેને, એ તો પાઠ છેને? '**अत्र निश्चयनयेनाभिन्नकारकत्वात्कर्मणो जीवस्य चं स्वयं स्वरूपकर्तृत्वमुक्तम्।**' મોહનીય કર્મ જે બંધાય એ આત્માએ મિથ્યાત્વભાવ કર્યો માટે બંધાય છે એમ નહિ એમ કહે છે. આહા..હા..! ગજબ વાત છેને!

મુમુક્ષુ :- મિથ્યાત્વ ન કરે એને કેમ બંધાતું નથી?

ઉત્તર :- એનો અર્થ શો? તે સમયે તે પરમાણુંમાં જે વર્ગણા છે કર્મ વર્ગણાની જાત એમાં તે જ પરમાણું અને તે પર્યાયપણે પરિણમવાના સમયનો એનો કાળ છે તે તેનાથી થાય છે. જીવની અપેક્ષા નહિ. એ છે જુઓ!

'**એ પ્રમાણે જીવ પણ (૧) ભાવપર્યાયે પ્રવર્તતા આત્મદ્રવ્યરૂપે કર્તાપણાને ધરતો,...**' ઠીક! પોતાથી થયો છે, પરની અપેક્ષા નહિ. પાઠ છે જુઓ. '**એવો—સ્વયમેવ**

**ષટ્કારકરૂપે વર્તતો થકો અન્ય કારકની અપેક્ષા રાખતો નથી.'** વિકાર હોં નિરપેક્ષ. આહા..હા..! ભારે! આ જૈનદર્શનમાં કર્મ વિના થાય આ માન્યતા રાખવી એ ભારે આકરી. અમારે પણ (સંવત) ૧૯૭૧માં ભારે ગડબડ થઈ હતી. લાઠી, ૭૧ની વાત. ત્યારે આ મૂક્યું હતું કે કર્મને લઈને વિકાર બિલકુલ નહિ. વિકાર પોતે પોતાથી થાય અને પોતાના ઊંધા પુરુષાર્થથી થાય અને સવળાથી ટળે. એક જ વાત છે. ખળભળાટ... ખળભળાટ... અમારા ગુરુ હતા એ સાંભળતા હતા, કાંઈ બોલતા નહિ. ભગવતીનો દાખલો આપતા. દામોદર શેઠ હતા. દામનગર. ઓળખતા હતા? કેશુભાઈ! દામનગર. ઘણા વર્ષ પહેલા ગુજરી ગયા. ૨૦૦૦માં ગુજરી ગયા. ૨૮ વર્ષ થઈ ગયા. એ હતા એણે ખાનગી વિરોધ ઉઠાવ્યો. મારી સામે નહિ, સામે તો બોલી શકે નહિ. ખાનગી ઉઠાવ્યો કે આ મહારાજ આવું કેમ કહેવા માંડ્યા? કે વિકાર પોતાથી થાય? પરની અપેક્ષા રાખ્યા વિના? ભગવાનજીભાઈ! આ શું પાઠ છે જુઓને. **'स्वयमेव षट्कारकीरूपेण'** ષટ્કારકરૂપથી **'व्यवतिष्ठमानो न कारकान्तरमपेक्षते।'** બીજા કારકોના અંતર એટલે અનેરા, અનેરા કર્તાકર્મની પર્યાયની અપેક્ષા છે જ નહિ.

મુમુક્ષુ :- પર કારકની અપેક્ષા નથી?

ઉત્તર :- નથી. આહા..હા..! આવી વસ્તુ (છે). પણ વસ્તુ એનું ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વરૂપ છે એ ઉત્પાદ-વ્યય એના ગુણનો થાય, એનો એનાથી થાય ત્યારે પરથી ઉત્પન્ન થાય? એ આમાં કહે છે. અજ્ઞાનીની એવી માન્યતા કે એ કર્મના અવયવને લઈને એ બધી ક્રિયા છે. એ ક્રિયા જે ફરવું અંદર રાગાદિનું એ ક્રિયાનો કર્તા કર્મ છે અને એને લઈને આ સંસાર ઊભો થયો. એનાથી છૂટો પડે એ ચીજ છે જ નહિ.

છએ કારકોનું જીવનુ સ્વરૂપ,... જીવનો વિકાર જે મિથ્યાત્વનો થાય અને રાગ-દ્વેષનો થાય એમાં દ્રવ્ય-ગુણ તો કારણ નહિ, કર્તા-કર્મ તો નહિ, પણ એમાં કર્મના ઉદયનું નિમિત્ત કર્તા-કર્મ ષટ્કારકપણે નહિ. પરની અપેક્ષા રાખ્યા વિના (વિકાર થાય છે). અરે..! આવો ભગવાન તું ઊંધો પડ્યો પણ તારી ઊંધાઈ છે, કોઈ કર્મને લઈને છે નહિ. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? બહુ વ્યાખ્યા સરસ છે. અને અહીં તો એમ લીધું છેને ભાઈ, ૧૬મી ગાથા પ્રવચનસાર. અર્થમાં ભર્યું છેને ભાઈએ, બહુ સરસ. વ્યવહાર ષટ્કારક તે અસત્ય છે એમ કહ્યું છે. ત્યાં તો અસત્ય કીધા, જૂઠાં છે. ચોખ્ખુ જયચંદ્ર પંડિતે (લખ્યું છે). હેમરાજજી પંડિત. એ વખતે તો આ કાંઈ વાંચ્યું પણ નહોતું.

મુમુક્ષુ :- અસત્ય નહિ લખ્યું હોય.

ઉત્તર :- આમ જ લખ્યું છે. આ પ્રવચનસાર છેને.

મુમુક્ષુ :- એમાં તો આપણે લખ્યું છે. ઓલામાં હેમરાચચંદજી પંડિતે.

ઉત્તર :- હા પણ એણે લખ્યું છે. એનો જ આ અર્થ કરીએ છીએ. ઘરનો નહિ. જુઓ.

'**પરમાર્થે કોઈ દ્રવ્ય કોઈનું કર્તાહર્તા થઈ શકતું નથી માટે આ વ્યવહાર છ કારકો અસત્ય છે.**' આ વાંચો. હિન્દીમાં છે. હિન્દીનો અર્થ છે ગુજરાતી. જુઓ, '**અસત્ય છે. તેઓ માત્ર ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી કહેવામાં આવે છે. નિશ્ચયથી કોઈ દ્રવ્યને અન્ય દ્રવ્ય સાથે કારકપણાનો...**' કારકપણાનો હોં! કર્તા-કર્મના નિમિત્ત કારકપણાનો '**સંબંધ છે જ નહિ.**' આવું પ્રત્યક્ષ પડ્યું છે અને વસ્તુ એવી જ છે.

મુમુક્ષુ :- આવું તો સોનગઢે છપાવ્યું છે.

ઉત્તર :- સોનગઢે છપાવ્યું છે? એમ જ છેને પ્રવચનસાર. આ છપાવ્યું એમાં શું થઈ ગયું? છેને? લાવોને. હેમરાજજી પંડિતના શબ્દો છે, જુઓ. શ્રીમદ્ છપાવ્યું છેને પુસ્તક. શ્રીમદ્ રાજચંદ્ર. છેને એ તો બધા. આ ક્યાં જોયા હતા તે દિ'. ૭૧ની વાત છે. એ વખતે હતું ક્યાં બહાર. કીધું, નહિ. વિકારની પર્યાય (ષટ્કારકથી પોતાથી થાય છે). આ હિન્દી છે, એનું પોતાનું છે હોં. આ અહીંનું છપાવ્યું નથી. જુઓ. '**વ્યવહાર છ કારક ઉપચાર અસદ્‌ભુત વ્યવહારનયકરી સિદ્ધ કિયે જાતે હૈં. ઈસ કારણ અસત્ય હૈ.**' આ તો શ્રીમદ્ તરફથી છપાયેલું છે. પહેલું છે એમાંથી છપાવ્યું છે. આપણે આમાં છેને એ? શું કહેવાય આ? મોટું આવું જાડું પુસ્તક નહિ? એ તો સમયસાર. આ પહેલું બહાર પાડ્યું. જુઓ, વ્યવહાર છ કારક એટલે આત્મા વિકાર કરે તો કર્મની પર્યાય થાય એવો જે વ્યવહાર ષટ્કારક છે એ તદ્દન જૂઠો છે. અને આત્મા... જુઓ. પંડિતજી! દેખો!

'નિશ્ચય છ કારક અપનેસે હી જુડે જાતે હૈં. ઈસલિયે સત્ય હૈં.' સત્ય અને અસત્ય બેય વાત કરી. પણ નિશ્ચયથી જુઓ તો સ્વદ્રવ્ય છે તે સત્ છે અને પોતાની અપેક્ષાએ પરદ્રવ્ય અસત્ છે, અદ્રવ્ય છે. અદ્રવ્ય કહો કે અસત્ કહો, એક જ વાત છે. એમ જ્યારે કર્મના પર્યાયો જેવા અહીંયાં આયુષ્યના ભાવ હોય એવા ત્યાં આયુષ્યના પરમાણુ બંધાય. છતાં કહે છે કે એ આયુષ્યના પરમાણુની પર્યાયને આ ભાવની અપેક્ષા છે જ નહિ. એનો ઉત્પાદનો ભાવ છે એમાં આની અપેક્ષા શેની હોય? એમ કહે છે. આહા..હા..! આવા ભાવથી આયુષ્ય બંધાય. એ ભાષા બધી વ્યવહારની છે. વ્યવહાર ષટ્કારક તદ્દન જૂઠા છે. આહા..હા..! સોભાગમલજી! આવું તો સાંભળ્યું પણ ન હોય ત્યાં. આહા..હા..!

આવો ભગવાન પોતે ભૂલે તોપણ વિકારી પર્યાયનો કર્તા અને કર્મ એક સમયમાં, એક સમયની પર્યાયમાં કર્તાપણું દ્રવ્ય-ગુણને લઈને નહિ, નિમિત્તની અપેક્ષા નહિ, કર્તાપણું કર્મ કાર્યપણું, કરીને રાખવાપણું, પોતાથી થયું, પોતાને આધારે એ બધું એક સમયના ષટ્કારક છે. આહા..હા..! સમય એક, વિકારનો અંશ એક, ષટ્કારક છે એક સમયમાં. એમ કર્મના પણ એક સમયમાં (ષટ્કારક પરિણમે છે). અહીંયા (જ્ઞાન) મતિજ્ઞાનની હીણી દશાપણે જીવ પરિણમ્યો ત્યારે ત્યાં આગળ કર્મનું પરિણમન પણ ત્યાં મતિજ્ઞાનાવરણીપણે થયું. પૂર્વનો ઉદય

નિમિત્ત એ વળી એક કોર રાખો, આ તો અહીંયા મતિજ્ઞાનાવરણીય જે થઈ એ પર્યાયને અહીંયાં મતિજ્ઞાનની હીણતાની અપેક્ષા નથી. કહો, સમજાણું કાંઈ? એમ જીવના પરિણામને વિકારમાં કર્મની અપેક્ષા નથી. એ પોતે કર્તા થાય તો તે પોતે પુરુષાર્થથી તેને ટાળી શકે. પણ એકેય વાતનું કાંઈ ઠેકાણું નહિ, બધી વાતું. અને એમ ને એમ ધારી લે વાતને એ પણ વસ્તુસ્થિતિ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શાસ્ત્ર તો બહુ ભણ્યા છે, હજારો શાસ્ત્રો ભણ્યા છે. પણ એમાં આ અંદર ગતિ જ ત્યાં જાય છે, વિચારની ગતિ ત્યાં જાય છે. બહુ સરસ વાત છે. ભાવાર્થ ભર્યો છે મોટો. બહુ સરસ. ષટ્કારક દેખાડે છે જુઓ. '**અપનેકો આપ હી કર્તા ઈસ કારણ નિશ્ચય કારક સત્ય હૈ.**' આ તો હેમરાજજી પંડિતનું લખેલું છે પહેલાનું છે.

મુમુક્ષુ :- પહેલાનું છેને એ કાંઈ અમને માન્ય થોડું હોય? આચાર્યનું બતાવો.

ઉત્તર :- આ પણ પાઠ આ બતાવ્યોને. ગાથામાં આમાં પણ એમ છે.

**तह सो लद्धसहावो सव्वण्हू सव्वलोगपदिमहिदो।**
**भूदो सयमेवादा हवदि सयंभु त्ति णिद्दिट्ठो।।१६।।**

ભગવાને એમ કહ્યું. પોતાના પુરુષાર્થથી, ઉપાદાનથી રાગાદિનો નાશ કરીને, સ્થિરતા પ્રગટ કરીને પોતે સ્વયંભૂ થયો. આહા..હા..! આ ભાષા. પંચાસ્તિકાયનું આચાર્યનું કથન હતું. પંચાસ્તિકાયમાં આચાર્યનું કથન છે. ગાથા છે જુઓ. '**तह सो लद्धसहावो**' એ તો પ્રવચનસાર છે. આ તો પંચાસ્તિકાય કહ્યું, પહેલું બતાવ્યું. ૬૨, ૬૨ ગાથા. એ ત્યાં મૂકી હતી તે દિ'.

મુમુક્ષુ :- એ તો અભેદ કારક છે.

ઉત્તર :- અભેદ પણ અભેદનો અર્થ શો? કે પરની અપેક્ષા રાખ્યા વિના...

મુમુક્ષુ :- એનું નામ જ અભેદ.

ઉત્તર :- એનું નામ અભેદ. કર્મ કર્મપણે પરિણમવાનો એક એક પરમાણુની પર્યાય જ્ઞાનાવરણીયપણે થાય, દર્શનાવરણીયપણે થાય, અંતરાયપણે થાય, એની પરમાણુની વર્તમાન પર્યાયની અપેક્ષાએ થાય છે. આની કોર કાંઈક વીર્ય હીણું થયું માટે અંતરાયકર્મ બંધાણું એ વસ્તુના સ્વરૂપમાં છે નહિ. આ તે ગજબ વાત કરે છે. સમજાણું કાંઈ? કાંટો છે આ કાંટો. કાંટામાં એક કોર છે તોલું પાંચ શેરનું અને એક બાજુ છે અઢી શેર માલ. તો એ કાંટો આમ નીચે રહે. ઊંચો થાય. માલવાળો ઊંચો રહે અને ઓલો નીચે. એનો અર્થ શું? આને લઈને ઊંચો રહ્યો છે? એમ કહે છે. તોલ કરેને તોલ, ત્યારે અહીં પાંચ શેરી હોય અને અહીં અઢી શેર હોય. તો પાંચ શેરવાળું હોય એ નીચે રહે અને અઢી શેરવાળું હોય એ આમ રહે. પણ કહે છે કે આની અપેક્ષા છે માટે આમ ઊંચું રહ્યું છે (એમ નથી). એ

ઊંચા રહેનારને આ અપેક્ષા છે જ નહિ. આહા..હા..! આ તે કાંઈ વાત! સમજાણું કાંઈ?

એ પ્રશ્ન થયો હતો અમારે ત્યાં (સંવત) ૧૯૮૭-૮૮. જામનગર, દામોદર શેઠ સાથે ચર્ચા કરી હતી. જુઓ! કાંટામાં કેટલી શક્તિ છે! આમ કરી શકે આમ તોળી શકે? કાંટો હોય તો બરાબર માપ આપે. અહીં પાંચ શેર હોય તો પાંચ શેરનું માપ આપે. અંદર સળિયો હોયને સળિયો આમ? બરાબર આમ થાય. કોને લઈને થાય? કીધું. આ તોલ અહીંયાં પાંચ શેરનો અને અહીં પાંચ શેર છે માટે ત્યાં થાય છે? એય..! ભગવાનજીભાઈ! એ જામનગરમાં ચર્ચા ચાલી હતી. એ વિનંતી કરવા આવ્યા હતા. અહીં જેવું પાંચ શેર પડ્યું છે એવું અહીં શાક પડતું જાય એમ એમ નમતું જાય. ત્રાજવું આમ ઊંચું હોયને, ઊંચું હોય એ નમતું જાય. જેમ જેમ પડતું જાય. નાખેને .. બરાબર. કહે છે કે અહીં પડ્યું માટે આ અહીં હીણું થયું છે એમ છે નહિ. એય..! શેઠ! ભારે! એય...! ચંદુભાઈ! આ તો તમારા ઘરનું .. ગિરધરભાઈ! આહા..હા..!

કહે છે કે રોટલીનો ટૂકડો થાય છે ત્યાં એટલે આ દાઢ એને અડે છે એ કર્તા થઈને થાય છે એવી અપેક્ષા એને છે જ નહિ. આહા..હા..! આ તે કાંઈ વાત છે! એને બેસવું જોઈએને. આહા..હા..! એવો જ હું ભગવાન આત્મા દ્રવ્યે સ્વતંત્ર, ગુણે સ્વતંત્ર અને પર્યાયની વિકારી-અવિકારી એમાં પણ એ સમયની સ્વતંત્ર છે. કહો, સમજાણું કાંઈ? એ આ કહે છે જુઓ! **'कम्मं पि संग कुव्वदि सेण सहावेण'** આ કોઈ વળી સ્વભાવ-સ્વભાવ કરે છેને? એમ તો સ્વભાવ થઈ જાય. તો અહીં એ જ કીધું છે. જુઓ. જીવો પણ કર્મ સ્વભાવભાવથી. ઠીક! બરાબર પોતાને કરે છે. લ્યો! એ પણ કર્મસ્વભાવ છે એનો વિકારી કર્મસ્વભાવ. સ્વભાવ છે એનો એ. સમજાણું કાંઈ? કૌંસમાં લખ્યું છે એમાં, કર્મસ્વભાવભાવ છેને? ઔદયિકાદિ ભાવથી, ઉદય આદિ ભાવથી. એ ઉદયભાવ પોતાનો છે એનો, એના ભાવથી એ બરાબર પોતાને કરે છે. આહા..હા..! વાંચવું છે, વિચાર કરવો નથી અને વાસ્તવિક આગ્રહ છે એ છોડવો નથી. વાસ્તવિક મળે તો એને છોડવું નથી. એવા છ કારક એક જીવમાં અને એક એક કર્મના ઉતાર્યા છે. આ પ્રવચનસાર. અને આ મૂળ પાઠમાં. ત્યાં ૧૬ ગાથામાં તો એમ પણ કહ્યું, અરે! બાહ્ય સામગ્રી ગોતવામાં પરતંત્ર શું કરવા થા છો તું? ૧૬માં કહ્યું છે. તારા અંદરમાં પુરુષાર્થથી આત્માની વિકારી પર્યાય કે અવિકારી, ત્યાં તો અવિકારીની વાત છે શુદ્ધ ઉપયોગની, એ શુદ્ધ ઉપયોગનો પુરુષાર્થ તારો છે અને તારાથી થાય છે. કોઈ નિમિત્તનો અભાવ થાય અને કાંઈક સારા નિમિત્ત મળે તો આમ થાય એ શું કરવા પરતંત્ર થા છો હાથે કરીને. આહા..હા..! સમજાણું કાંઈ?

બીજી રીતે કહીએ તો ૪૭ નય છે એમાં ઈશ્વર અને અનિશ્વર નય આવી છે. એમાં પણ એમ કહ્યું છે. ઈશ્વરનય એટલે પરાધીન થઈને પોતે જ કર્મરૂપે પરિણમે છે, વિકારરૂપે.

પરાધીન થઈને. અનિશ્વરમાં સ્વતંત્ર થઈને વિકારરૂપે ન પરિણમવું એ સ્વતંત્રપણે પોતાથી છે. સમજાણું કાંઈ? આહા..હા..! એની પોતાની યોગ્યતા છે. ઈશ્વરનયમાં એમ લીધું છે. ઈશ્વર એટલે ઈશ્વર છું એમ નહિ, પરાધીન લીધું છે. ધાવમાતાનો દાખલો આપ્યો છેને? ધાવમાતાનો. બાળકને પરવશ થઈને ધાવમાતા હોયને. ધાવમાતા—ધવડાવનારી માતા. શું કહે છે? ધાય કહે છે. બાળક હોયને એને ધવરાવે. બાળક એને પરાધીનપણે ત્યાં એ પ્રમાણે જ કરે છે. આમ પગ રાખવો કે આમ (રાખવું એ) પરાધીનપણે (કરે છે), પણ એ સ્વતંત્ર છે કહે છે. આહા..હા..! સમજાણું? રાગપણે કે દ્વેષપણે પરિણમવું એ એનો સ્વતંત્ર ઈશ્વરધર્મ છે. આહા..હા..! ભારે વાત ભાઈ! ઈશ્વરમાં પરાધીનતા નાખી. નહિતર ઈશ્વરમાં આમ ભાષા એવી ઉઠે જાણે. સમજાણું કાંઈ? ઈશ્વરનયે પોતે જ પોતાને કારણે વિકારપણે સ્વતંત્ર થઈને પરિણમે છે એવો જ એનો પર્યાયનો તે સમયનો ધર્મ છે. ગણધરો પણ એ રીતે જાણે અને માને છે. આહા..હા..! ભારે કરી ભાઈ!

અહીં (ચાલતી ગાથામાં) એ કહે છે. કોઈ કહે કે એ તો કર્મનો અવયવનો અંશ છે એને લઈને આ બધી ક્રિયાનો કર્તા કર્મ છે અને એનાથી આત્મા જુદો (એ) અમને બેસતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**એક સંસરણરૂપ (ભ્રમણરૂપ) ક્રિયા તે-રૂપે ક્રીડા કરતું...**' ક્રિયાના કારકો બનાવવા છેને? તો કારક તે કર્મ છે ક્રિયાનો કારક એમ. એ જ છે અનાદિ-અનંત એમ કહે છે. અવયવ કીધુંને અનાદિ-અનંત. અનાદિ-અનંત એ રીતે જ ક્રિયાનો કર્મ કર્તા છે. એ ક્રિયાઓ થાય છે એ સંસાર છે. એને કોઈ દિ' મુક્તિ થાય અને જીવ જુદો પડે એવું અમને બેસતું નથી. આહા..હા..! કહો, સમજાણું?

વાંસનો દાખલો આપ્યો છેને? પંચાસ્તિકાયમાં નહિ? કે પહેલો જે ચીતરેલ છે અને પછી અચીતરેલ છે. ઢાંકેલો ભાગ છે એ ચીતરેલ છે અને સામે ખુલ્લો છે એ અચીતરેલ છે. ઓલો ખુલ્લો છે એ ચીતરેલ છે અને બીજો.. એમ બધાને એક દેખે છે. બધું ચીતરેલ જ છે. ભવિષ્યનું આમ ઢંકાયેલું છેને, એટલે એ પણ ચીતરેલું જ છે. જેટલું જેમ ચીતરવવાનો ભાળે છે એમ ભવિષ્યનું ઢાંકેલું છે માટે ચીતરેલ છે એમ ભાળે. વાંસ-વાંસ સમજો છો? વાંસ. વાંસ નથી સમજતા? વાંસ. આ વાંસ નથી થતાં? નીચે ચીતરામણ છે અને ઉપર ખુલ્લો છે અમુક ભાગમાં. પણ ત્યાં બંધ છેને આ મુઠ્ઠીમાં એ બંધ છે એટલે એમ લાગે કે આ ચીતરામણ છે એવું ચીતરામણ ત્યાં છે. એમ અનાદિનો એમ છે એમ કહે છે. વિકારનું પરિણમન અનાદિની ક્રિયાનો કર્તા-કર્મ એ અનાદિનો એમ ને એમ છે. કોઈ દિ' ખુલ્લો થાય એમ નથી. આહા..હા..! ત્યાં તો ખુલ્લાનો દાખલો આપ્યો છે ભાઈ! ભવિષ્યનો ખુલ્લો જ છે. ભવિનો દાખલો છેને ત્યાં. અભિવનું શું કામ છે ત્યાં? ભવિષ્યનો કાળ જે અનંત છે તે રાગની ચીતરામણ વિનાનો છે એનો. આહા..હા..! સમજાણું કાંઈ? ભૂતકાળના રાગનું

ચીતરામણ છે એ એનું છે એનામાં. માટે એ ચીતરામણ રાગનું કાયમ રહે, અનાદિ-અનંત અવયવ કર્મ છે એમ રહે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જેવો વર્તમાન ભાળે એવો જ ભવિષ્યમાં હોય (એમ નથી). પર્યાયની વાત છે હોં! અરે! આવું પણ સમજવું ભારે. એ કરતા વ્રત કરે અને તપ કરે, જાત્રા કરે. આહા..હા..! ધૂળેય કરે નહિ, સાંભળને! જાત્રા-ફાત્રા શેની? આ ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ... આહા..હા..! એની જાતને અંદરમાં જાણ્યા વિના, એની કિંમતું કર્યા વિના પરની કિંમતું હૃદયમાંથી નહિ જાય. એટલે રખડવાનું તારું ટળશે નહિ. આહા..હા..! ભારે કામ આકરું!

અહીં તો કહે છે કે એ પૂર્વ અવયવ છે અનાદિ **'અનંત જેનો ભવિષ્યનો અવયવ છે એવી જે એક સંસરણરૂપ (ભ્રમણરૂપ) ક્રિયા તે-રૂપે ક્રીડા કરતું જે કર્મ તે જ જીવ છે...'** એમ અજ્ઞાની માને છે. આહા..હ..! અનાદિ-અનંત ક્રિયા જે કરે છે એ કર્મ જ કરે છે અને એ ક્રિયા તે સંસારનો અવયવ છે. એ જ જીવનો અવયવ અને એ જ જીવનો અંશ છે. આહા..હા..! એ અવયવનું કાર્ય આનું છેને. એ જ વસ્તુ છે એમ કહે છે. એનાથી જુદો (કોઈ જીવ નથી). આહા..હા..! ભારે કામ આકરું જગતને. કર્મને માથે જ આ બધી પડી છેને જુઓને. જૈનમાં એ નાખે છે. અન્યમાં ઓલો ઈશ્વરકર્તા અને ઈશ્વર કરે, ઈશ્વર કરે એ થાય, ભાઈ પાંદડું પણ ન હલે. એક ફેરી અમે ગયા હતા ત્યાં ગઢડામાં. કો'ક સાથે હતું. મકનભાઈ કે કો'ક. સંસારની વાત છે. (સંવત) ૧૯૬૯ની સાલ, ૬૯ની સાલ. એક સાધુ આમ ને એમ દેખીને (બોલ્યા). શરીર દેખે, પુણ્ય પ્રકૃતિ દેખે, વળી વાત સાંભળે ત્યાં આહા..! આ પણ કાંઈક સાધુ થવાના છે. ૬૯ની વાત છે. એ સાધુ હતો સ્વામીનારાયણનો. ...માં પાછળ મોટો કૂવો હતો. ઈ એમ બોલતો હતો, આ પાંદડું પણ ઈશ્વર વિના હલે નહિ. અમને દેખીને (એમ બોલ્યો). એમાં આવે છેને શ્લોક? અજ્ઞિનો નહિ? વેદમાં એ શ્લોક છે. અજ્ઞ છે પ્રાણી. એને શું ખબર પડે કે મારે અહીં સ્વર્ગમાં જાવું કે નરકમાં જાવું. એ તો સ્વર્ગમાં-નરકમાં જવામાં ઈશ્વર જ કરનારો છે. ખોટી વાત છે, પણ એણે માની એવી છે. આહા..હા..! કહો, સમજાણું? ઈ બીજો બોલ થયો. **'એક સંસરણરૂપ (ભ્રમણરૂપ) ક્રિયા તે-રૂપે ક્રીડા કરતું જે કર્મ તે જ જીવ છે** કારણ કે **કર્મથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી.'** વળી કર્મથી જુદી ક્રિયાવાળો આત્મા ને આ શું છે? બે બોલ થયા.

'કોઈ કહે છે કે **તીવ્ર-મંદ અનુભવથી ભેદરૂપ થતાં,** દુરંત **(જેનો અંત દૂર છે એવા) રાગરૂપ રસથી ભરેલાં અધ્યવસાનોની** જે **સંતતિ (પરિપાટી)** તે જ જીવ છે...' શું કહે છે ઈ? કે રાગ છે એ મંદ થાય, તીવ્ર થાય, પણ રાગનો અભાવ થાય એવું અમને ભાસતું નથી. એને જીવ માન્યો. પુણ્યના પરિણામ થાય દયા, દાન, ભક્તિ,

વ્રતાદિ બસ. અને કાં હિંસા, જૂઠું, ચોરી એવા... છેને? '**તીવ્ર-મંદ અનુભવથી ભેદરૂપ થતાં,...**' અનુભવમાં મંદ રાગ અને તીવ્ર રાગ એના '**અનુભવથી ભેદરૂપ થતાં, દુરંત (જેનો અંત દૂર છે એવા)...**' પણ અંત નહિ આવે. રાગની મંદતા થાય માટે અંત આવશે એમ નહિ. એ તો મંદ અને તીવ્ર, મંદ અને તીવ્રમાં રખડ્યા કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'કોઈ કહે છે કે **તીવ્ર-મંદ અનુભવથી ભેદરૂપ...**' ભેદ પડ્યોને અનુભવમાં? મંદનો અનુભવ અને તીવ્રનો અનુભવ એમ '**ભેદરૂપ થતાં, દુરંત (જેનો અંત દૂર છે એવા)...**' મંદ અને તીવ્રનો અંત આવી જાય, અભાવ થાય એવું અમને દેખાતું નથી. આહા..હા..! એમ કહે છેને મોક્ષમાં જાય તોપણ મોક્ષમાં રાગ તો સાથે છે. એટલે ફરીને અમુક કાળ થાય એટલે વળી પાછો અવતાર ધારણ કરે. ધૂળેય ન કરે, સાંભળને! વર્તમાનમાં જ્યાં રાગની એકતા તોડીને રાગને પોતાનો માનતો નથી એને રાગ સર્વથા ગયા પછી રાગ એને થાય અને સંસારમાં અવતાર ધારણ કરવો પડે, (એ) મિથ્યા ભ્રમ અજ્ઞાનીનો છે. વસ્તુની સ્થિતિની ખબર ન મળે અને હાંકે જાય એમને એમ ગાડા. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

'કોઈ કહે છે કે **તીવ્ર-મંદ અનુભવથી ભેદરૂપ થતાં,...**' મંદ અને તીવ્રનો ભેદ પડે ભલે. રાગની મંદતા થઈ જાય, એવી મંદતા થઈ જાય... એવી મંદતા થઈ જાય અને તીવ્રતા પણ થઈ જાય (કે) કસાઈખાના માંડે. અને મંદ રાગ એવો થાય (કે) લાખ પ્રતિકૂળતા એને આવે અને ગાળું કરોડો દો પણ ક્રોધ ન કરે, તીવ્રતા રાગની કરે નહિ. એવો મંદ-તીવ્ર... મંદ-તીવ્ર... મંદ-તીવ્ર... બસ એમ થાય. રાગ અને વિકારની ઓછપ અને ઘાટપ, ઓછપ અને ઘાટપ બે થાય. એનાથી જુદો પડે એવું અમને દેખાતું નથી. આહા..હા..! ભારે વાત ભાઈ! અજ્ઞાનીનું અજ્ઞાન આમ છે રખડવાનું. ચોર્યાસીના અવતાર. મોક્ષ જાય તોપણ સર્વથા વિકાર ટળી ગયો છે એમ નહિ. ત્યાં પણ થોડો વિકાર તો રહે છે સાથે એમ કહે છે. વળી પાછો અમુક કાળ થાય તો અવતાર ધારણ કરે. એ છેને માન્યતા?

એ તીવ્ર-મંદનું દુરંત છે કહે છે. વિકારની મંદતા ઓછપ થાય અને ઘાટપ થાય, પણ એનો અભાવ થાય, દુરંત એનો અંત આવે એવું અમે માનતા નથી. આહા..હા..! એથી કષાયની તીવ્રતા-મંદતાથી ભિન્ન ભગવાન એ અમને બેસતું નથી. આહા..હા..! એ તો ત્યાં જ ચોંટ્યો છે. મંદતામાં આવ્યો અને વળી કહે છે તીવ્ર થશે. આ પાણી ભરવાનું હોય છેને? શું કહેવાય આ? કૂવામાં ચક્ર, રેંટ-રેંટ. એ હેઠેથી ભરાય અને ઉપરથી ઠલવાય. પણ ભરાયા વિના રહે નહિ એમ કહે છે. રેંટ. રેંટ સમજો છો? પાણી ભરેલા હોય ચારે કોર. હેઠેથી ભરાતા હોય અને ઉપરથી ઠલવાતા જાય. વળી પાછા અહીં ભરાય. પણ ભરાયા વિનાના રહે એ અમને બેસતું નથી. આહા..હા..! એમ આત્મા અખંડાનંદ પ્રભુ, મંદ રાગ

કરે અને પુણ્ય બાંધે. તીવ્ર રાગ કરે તો પાપ (બાંધે), પણ એ મંદ અને તીવ્રથી બહાર નીકળી જાય એવું અમે માનતા નથી. આહા..હા..! એને એ જીવ માને છે લ્યો! ખરેખર તો એ આસ્રવ છે. આસ્રવતત્ત્વની મંદતા અને તીવ્રતા એ જીવ? આમાં ખુલાસો કરશે પછી. એની સંતતિ. એ તો એમ કીધુંને?

'(**જેનો અંત દૂર છે એવા) રાગરૂપ રસથી ભરેલાં અધ્યવસાનોની...**' મંદરાગ અને તીવ્ર-રાગરૂપી એકતાની બુદ્ધિ છે એનાથી તૂટે નહિ કોઈ દિ' એમ કહે છે. આહા..હા..! પહેલો સામાન્ય અધ્યવસાય કહ્યો હતો. અહીંયાં મંદ અને તીવ્રની એકતા. એમ ભેદ પાડ્યો છે. એ પણ છેને એક માન્યતા? અનાદિનો કર્મવાળો છે એને કર્મનો અભાવ કેમ થાય? એ મંદ-તીવ્ર થાય. મંદ કરો તો શુભભાવ, તીવ્ર કરો તો અશુભ. બસ, એ શુભ-અશુભભાવની રમતુંમાં રમે એને અમે જીવ કહીએ છીએ. આહા..હા..! એ અજ્ઞાની આમ માને છે. મૂઢ નપુંસક છે કહે છે ઈ. ભગવાન આત્મા મંદ-તીવ્રના રાગથી તો તદ્દન ભિન્ન છે. એને સંબંધ જ એની સાથે નથી. નિશ્ચયથી યથાર્થપણે વિકાર સાથે સ્વભાવને સંબંધ જ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

આ એક જ ભવમાં જુઓને કેટલાકને પાંચ-પચ્ચીસ લાખ હોય અને એ જ ભવમાં પાંચ-પચ્ચીસ લાખ જાય તો જીવન કેવું થઈ જાય છે? આહા..હા..! પચાસ લાખનો આસામી એ વખતે જે એના જીવનમાં મજા માણતો હોય અને દેખતો હોય ઈ, કહે છે કે જાય ત્યારે પણ હીણું તોપણ હીણી દશામાં રહે. એ લક્ષ્મી વિનાનો થઈ જાય એવો આત્મા નથી દેખતા. અને આ આઘાત (લાગે). પચાસ લાખ, કરોડ રૂપિયા હોય, એ સંપદામાં માણી હોય અને એ જ્યારે બધા જાય એ વખતની દશા, 'સમય પલટાય છે ત્યારે બધું પલટાય છે.' એ પલટાય પણ એ બહારની ચીજ છે, એ ક્યાં તારામાં પલટી છે? આહા..હા..! માણસો એમ કહે કે ભાઈ, એ વખતે હતો ત્યારે આ પુરુષ હતો અને અત્યારે આવો ગરીબ થઈ ગયો તોપણ એ પુરુષ લ્યો! એકને મેં વાત કરી કે ભાઈ, પૂર્વના પુણ્યને લઈને સામગ્રી મળે. એમાં આત્માનો પુરુષાર્થ કાંઈ કામ કરે નહિ. ત્યારે હું તો બાવો થઈ ગયો છું. એમ કહ્યું. મેં તો બરાબર ધ્યાન ન રાખ્યું એટલે બાવો થઈ ગયો છું. સમજાણું કાંઈ? ખોટી વાત છે કીધું. બાવો સમજ્યા? પૈસા વિનાનો થઈ ગયો. આહા..હા..!

અહીં કહે છે કે તીવ્ર-મંદનો રસ તે જ આત્મા. એની સંતતિ એમ કીધીને? પરિપાટી. મંદ-તીવ્ર... મંદ-તીવ્ર... રાગ, રાગ કષાયની મંદતા-તીવ્રતા, મંદતા-તીવ્રતા એ સંતતિ પરિપાટી રહે. એને અમે જીવ કહીએ, પણ એનાથી જુદો ભગવાન ચિદાનંદ સ્વરૂપ છે એ વાત એને સાંભળવી ગોઠતી નથી. આહા..હા..! પડદા પાછળ, પુણ્ય અને પાપની તીવ્રતા-મંદતાના ભાવ પાછળ અવિકારી સ્વરૂપ ભગવાન ચૈતન્યકંદ છે એની એને ખબર નથી. આહા..હા..! લાખ

ભક્તિ કરે અને લાખ ગાણા ગાય ભગવાનના તોપણ એ બધા રાગના ભાવ છે. આપણે તો સદાય ભગવાન પાસે જઈએ તો ભગત જ રહેવાના, એમ કહે કેટલાક. એય..! ભગવાન પાસે જઈએ તો આપણને જુઓ લાડવા બધા આપ્યા છે ભક્તોને તો ત્યાં ભગવાન આપણને લાડવા આપશે. વૈકુંઠમાં. અહીં જો રોટલા નહિ આપ્યા હોય તો નહિ મળે ત્યાં. હજી મોક્ષમાં પણ લાડવા લેવા છે અને થાળીયું ને શરીર (રાખવા છે). આ તે પણ ભાન વિનાના. અમારા સાધુને આપો, લાડવા જમાડો જેથી મોક્ષમાં પણ થાળીમાં લાડવા પડશે. નહિતર સૂકા રોટલા આપશે ત્યાં. કહો, વૈકુંઠમાં એ હશે. આહા..હા..! કહે છે કે એને જીવની શું ચીજ છે એની ખબર નથી. આહા..હા..! મોક્ષમાં જાય તોપણ એમ ત્યાં કહે છે હોં. વાતું સાંભળી છે બધી. સાધુને ભેટ ધરાવવા તો તમને ત્યાં મળશે લાડવા. ત્યાં ભગવાનની પાસે શરીર હશે? વૈકુંઠમાં. વ્યંતર જેવા ભૂતડાની કોઈ ગતિ હશે એમ માની હશે. આહા..હા..! ત્યાં પછી ભગવાન લાડવા આપશે, બહુ સગવડતા મળશે. પણ એ સગવડતા-અગવડતાનો ભાવ એ જ આત્માનો ક્યાં છે? આહા..હા..!

મુમુક્ષુ :- .. ચિઠ્ઠી લખી આપે છે.

ઉત્તર :- લખી આપે. છેને, વોરામાં એમ છે. લોટિયા વોરાને એમાં .. હોય એને ચિઠ્ઠી લખી આપે. એક જણાને પૂછ્યું એના સાધુએ. અહીંના સાંભળનારા હતા. ... મહારાજે કીધું કે ભાઈ! તમે તો મોક્ષમાં જાશો. ત્યારે એ કહે છે કે મહારાજ! તમે તમારું નક્કી કર્યું? અહીંનું સાંભળવા આવતાને. મોહનભાઈ હતા ગઢડાના ગૃહસ્થ આબરૂવાળા. મોટા રાજાઓને .. ગુજરી ગયા અહીં જીથરીમાં. છેલ્લા આવ્યા હતા. એને એક સાધુએ કીધું કે મોહનભાઈ! તમે તો મોક્ષમાં વૈકુંઠમાં જનારા હોં. તમારી ભક્તિ ને આ. મોહનભાઈ કહે કે નહિ, આવું ક્યાંથી સાંભળ્યું તમે? કાંઈ ખબર ન મળે. ભક્તિ કરે અને આ કરે માટે મોક્ષ થાય. ધૂળેય નહિ થાય સાંભળને. રાગની મંદતા અને તીવ્રતાની જાતમાં આત્મા ક્યાં છે? એને એ આત્મા માને છે. '**જે સંતતિ (પરિપાટી) તે જ જીવ છે કારણ કે તેનાથી અન્ય જુદો કોઈ જીવ દેખવામાં આવતો નથી.૩.**'

'**કોઈ કહે છે કે નવી ને પુરાણી અવસ્થા ઈત્યાદિ ભાવે પ્રવર્તતું જે નોકર્મ તે જ જીવ છે...**' લ્યો ઠીક! આ શરીર-શરીર. શરીર જીર્ણ થાય તો આત્મા પણ જીર્ણ (થાય), શરીર પુષ્ટ રહે તો આત્મા પણ પુષ્ટ (રહે). અમે તો શરીરને જ આત્મા માનીએ છીએ. આ જડ, માટી જડ એને અમે આત્મા માનીએ છીએ એમ કેટલાક કહે છે. ક્યાં ભાન પણ છે ત્યાં? મજૂરી કરીને મરી જાય છે. આહા..હા..! '**કોઈ કહે છે કે નવી ને પુરાણી અવસ્થા ઈત્યાદિ ભાવે પ્રવર્તતું...**' કોણ? નોકર્મ એટલે શરીર. '**કારણ કે શરીરથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી.**' શરીર જીણું પડે, હળવું પડે

તો આત્માનો પુરુષાર્થ રહેતો નથી શરીરથી કામ કરવાનો. શરીર પુષ્ટ હોય તો આત્માથી કામ કરવાનું રહે છે. એનો અર્થ શું થયો? શરીર અને આત્મા એક છે. આહા..હા..! દિગંબરમાં એ છે, જીવતા શરીરથી ધર્મ થાય કે નહિ? અરર! આવી વાત. આ તો મડદું છે, માટી છે આ તો. પરમાણુ જડ છે. રાખમાંથી ઉત્પન્ન થયા અને રાખમાં ભળી જવાના છે. આહા..હા..!

કહે છે કે એ શરીરની પુરાણી અને ઝીણી અવસ્થા... એ દાખલો આપ્યો છે શ્વેતાંબર શાસ્ત્રમાં કે શરીર તો અમને દેખાય છે. કેમ? કે આ ઉપાડે છેને, શું કહેવાય? કાવડ. કાવડ ઉપાડે છેને. કાવડ નથી સમજતા? બે બાજુ. કાવડ જીર્ણ હોય તો માણસ ગમે તેવો પુષ્ટ હોય પણ એનો ભાર નહિ ઉપાડી શકે. એ કાવડ સારી નથી. પાણીના બેડા આમ ન ઉપાડે એટલે પછી કાવડમાં રાખીને પાણી ઉપાડે અને બાયું આમ ઉપાડે માથે પાણીના બેડા. ઓલા આદમી ન ઉપાડી શકે, ભરવાડ ને એ બધા ગરાસિયા. બાયડી ઘરે ન હોય, બાયડી હોય તો બહાર નીકળે નહિ પાણી (લેવા). એ કાવડ રાખે. વાંસડો લાંબો, હેઠે બે ઓલા, પાણીના બેડા ભરે બે બાજુ. માથે ઉપાડીને લઈ જવાય? એ કાવડ સારી હોય (તો લઈ જવાય). કાવડ સમજ્યા? ઉપાડવાની લાકડાની. તો કામ કરી શકે અને કાવડ સારી ન હોય તો (ઉપાડી શકે). એનો અર્થ શું થયો? શરીર સારું હોય તો કામ થાય અને શરીર સારું ન હોય તો કામ ન થાય. આત્મા જુદો હોય તો આવું કેમ હોય? એય..! ચંદુભાઈ!

મુમુક્ષુ :- માંદા પડો તો કાંઈ કામ થાય?

ઉત્તર :- ખાટલે પડ્યો હોય એ કારખાને જઈ શકે? માટે અમારે તો એ શરીર જીર્ણ અને પૂર્ણ કે નવીન, એ બધી અવસ્થાવાળો તે આત્મા. અમને તો જુદો દેખાતો નથી. આહા..હા..! સમજાણું? એ કાવડનો દાખલો આપ્યો. તીરનો લાખલો આપ્યો છે. કામઠું હોય પોલું જીર્ણ તો ગમે તેવો જુવાન માણસ હોય તો આમ ખેંચી નહિ શકે. કારણ કે કામઠું જીર્ણ થઈ ગયું છે. કામઠું સમજો છો? તીર કામઠું. તીર જ જ્યાં એવું હશે, કામઠું એવું હશે તો ... એ જીર્ણ હોય તો ક્યાંથી આમ મારે? શી રીતે કરી શકે? ત્યારે એનો અર્થ કે સારું જો કામઠું હોય તો સારું કામ કરી શકે અને મંદ હોય તો (ન કરી શકે). એમ શરીર સારું હોય તો સારું કામ કરી શકે. માટે શરીર અને આત્મા એક છે. ત્યારે શ્રીમદ્દે દાખલો આપ્યો છે. કૃશ દેહમાં આવે છેને. 'પરમ બુદ્ધિ કૃષ દેહમાં' એમ છે. આ કૃશ શરીર જીર્ણ હોય અને બુદ્ધિ તીવ્ર હોય અને 'સ્થૂળ દેહ મતિ અલ્પ.' મોટું શરીર હોય અને મતિ હોય જાડી. બધા રાજા કેટલાક હોય છેને. બધા દેખાય મોટા આમ, બુદ્ધિના બારદાન હોય એવા. કેટલાક હુશિયાર હોય એ જુદી વાત છે. ... કેટલાક એવા જ હોય.

એક માણસ હતો વહીવટદાર મોટો હુશિયાર, અહીંયાં બોટાદમાં. ત્રણસોનો પગાર તે દિ' હતો. ઓલાને કીધેલું કે નવ ટાંક ઘી લઈ આવ. પાંચ રૂપિયા. નવ ટાંક કીધું હતું અને

પાંચ રૂપિયાનું લાવ્યો તું? બેય સરખા. નવ ટાંક ઘી. પહેલા પાંચ રૂપિયાનું નવ ટાંક (આવતું). પાંચ રૂપિયાનું ઘી લઈ આવ. પણ તને નવ ટાંક (કીધું હતું), પાંચ રૂપિયા આપ્યા અને તું નવ ટાંક લાવ્યો? એ નવ ટાંક આને પાંચ રૂપિયા બેય એક જ સરખા છે. નવ ટાંક એટલે પૈસા નવ. નવ પૈસા ભાર, પાંચ રૂપિયાભાર કહો એ તો એક જ છે. આ નવ ટાંક હોય છેને? નવ ટાંક પૈસા છે. નવ પૈસા, નવ પૈસાનો ભાર એ પાંચ રૂપિયાનું તોલું બેય સરખું. પણ તને કીધું હતું કે પાંચ રૂપિયા ભાર અને નવ ટાંક કેમ લઈ આવ્યો? સાહેબ! મારી ભૂલ થઈ. ડફોળ લાગે છે. ભાન ન મળે કાંઈ. આહા..હા..!

એમ આ શરીરના કામથી સારા કામ થાય તો એ બધા આત્માએ કર્યા. શરીરથી ન થાય તો કહે આત્મા એક જ હતો અને શરીર અને આત્મા માટે એનાથી થયા નથી. એમ અજ્ઞાની એની શરીરની સ્થિતિને જ આત્મા માને છે. આહા..હા..! એમ થાય છે ત્યારે એમ થાય જુઓને હવે તો અમે જીર્ણ થઈ ગયા હોં. શરીર જીર્ણ થાય તો એમ માને. હવે તો અમે જીર્ણ થઈ ગયા હોં. ઓઠીંકણ વિના બેસાય નહિ, આંખે દેખાય નહિ, જીભે બોલવું ન થાય. કહો, સમજાણું? આહા..હા..!

એક જણે વળી લખ્યું હતું કાંઈક કે ભગવાને જીભ એક આપી છે અને કાન બે આપ્યા છે. માટે બોલવું ઓછું અને સાંભળવું ઘણું. બોલવા માટે એક જીભ આપી છે. આહા..હા..! કાન બે અને જીભ એક છે. એનો અર્થ કે ઓછું બોલવું અને સાંભળવું વધારે. કોણ બોલે અને કોણ સાંભળે? આહા..હા..! કોઈ રીતે શરીરને અને રાગને પોતાનું માનો એ લાકડા પડ્યા છે કહે છે. એ સંસારમાં રખડવાના બધા ચોર્યાસીના ઘોદા ખાવાના ભાવ છે બધા. આહા..હા..! શરીર આવું થાય... આવું થાય. એ થયો, ચોથો બોલ થયોને?

'**કોઈ એમ કહે છે કે સમસ્ત લોકને પુણ્યપાપરૂપે વ્યાપતો જે કર્મનો વિપાક તે જ જીવ છે...**' હવે અહીં તો શુભાશુભભાવ બે જુદા પાડીને સમજાવ્યા. ઓલામાં તીવ્ર-મંદ પાડ્યું હતુંને? અહીં તો પુણ્ય અને પાપના ભાવ બે શુભભાવ તે પુણ્ય અને અશુભ તે પાપ એનાથી અન્ય જુદો જીવ આત્મામાં જણાતો નથી. આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કરીએ એ પુણ્ય. હિંસા, જૂઠું, ચોરી આદિ પાપ. બસ, બે ભાવથી વળી જુદો, પુણ્ય-પાપથી જુદો આત્મા (એ અમને દેખાતો નથી). આહા..હા..! સમજાણું? એ કર્મનો જે વિપાક શુભ-અશુભભાવ. '**સમસ્ત લોકને પુણ્યપાપરૂપે વ્યાપતો જે કર્મનો વિપાક તે જ જીવ છે કારણ કે શુભાશુભ ભાવથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી.**' આહા..હા..! પુણ્યના ભાવથી જીવ જુદો શુભભાવથી? એમ અજ્ઞાની કહે છે. શુભભાવથી તો સંવર-નિર્જરા થાય. સંવર-નિર્જરા તો આત્માનું સ્વરૂપ છે. એ આવ્યું છે એમાં કાલે.

ભગવાન પૂર્ણાનંદનો નાથ જેનો અનંત સ્વભાવ શાંતિ અને આનંદ અને જ્ઞાન જેનું અનંત

સ્વરૂપ છે પ્રભુ આત્માનું. એમાં અંતરમાં એવો વિશ્વાસ અને અનુભવ કર્યા વિના કલ્યાણ ત્રણ કાળમાં થાય એવું નથી. કહો, સમજાણું કાંઈ? એ પુણ્ય-પાપના ભાવથી, પુણ્યથી કલ્યાણ થાય અને પાપથી નરકમાં જાવું પડે એવું છે નહિ. બેય સંસાર છે એમ કહે છે અહીં તો. ઓલો માને છે એ. શુભાશુભભાવ. તે કેવો છે? એ કર્મનો પાક છે અહીંયાં. કોઈ શુભભાવ થાય અને કોઈ વખતે અશુભ થાય. એનાથી વ્યાપ્ત સમસ્ત... અન્ય જુદો કોઈ જીવ દેખાતો નથી. લ્યો! એમ અજ્ઞાનીની દલીલ છે. એ પાંચ બોલ થયા. બીજા વિશેષ છે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ વદ-૧૫, બુધવાર, તા. ૦૯-૦૮-૧૯૭૨
## ગાથા-૩૯-૪૩-૪૪, પ્રવચન-૧૨૭

... સત્ તત્ત્વથી વિપરીત માને છે. છઠ્ઠામાં સુખ-દુઃખની ભોક્તાની વાત છે કે આત્મા તો શાતા-અશાતા સુખ-દુઃખને જ ભોગવે. વળી આત્માનો આનંદ ભોગવે એવું કાંઈ છે નહિ. શાતા-અશાતાને કારણે અનુકૂળ-પ્રતિકૂળ સંયોગ હોય એના તરફના હરખ અને શોક ભોગવે એ આત્મા. બરાબર છે? ખોટાને માટે બરાબર છેને એમ કહે છે. એ ખોટાને માને છે એ બરાબર છે. શેઠ! સુખ-દુઃખનું ભોગવવું એ આત્માનું એમ કહે છે. અને શુભાશુભભાવ એનું કર્તવ્ય છે અને એ જ એની પર્યાયનું આચરણ છે એનું નામ આત્મા એમ અજ્ઞાની માને છે. જીવ છેને ભાઈ, જીવમાં જીવતો જીવ છે એમ નથી કહેતા માણસો? તો કાંઈ કર્યા વિના રહે ઈ? રાગ ને દ્વેષ ને શુભાશુભભાવને કર્યા વિના ન રહે. જીવતો જીવ કાંઈ કરે કે નહિ? એમ કાંઈક ચાલે છેને. આપણે કાઠિયાવાડમાં ચાલે છે. આમાં હશે હિન્દીમાં તો હશે કાંઈક. જીવતો જીવ છે ભાઈ, એ કર્યા વિના રહે? પણ જીવતો જીવ શું કરે? એ કહે છે પુણ્ય અને પાપના કારણરૂપ શુભાશુભભાવને કરે બસ, એનું નામ જીવ. એમ અજ્ઞાની માને છે. આહા..હા..! અને શાતા-અશાતાથી ઉત્પન્ન થયેલું સુખ-દુઃખ જે છે એને ભોગવે.

**‘અન્ય જુદો કોઈ જીવ દેખવામાં આવતો નથી.’** અનુકૂળ સામગ્રી મળે તો કલ્પનાથી

સુખ ભોગવે. એ કલ્પનાથી નથી કહેતો ઈ, એ તો સુખ ભોગવે એ જ એનું સ્વરૂપ છે એમ કહે છે. અને પ્રતિકૂળ મળે આપદા. આહા..હા..! બે-પાંચ કરોડ રૂપિયા હોય, આબરૂ-કીર્તિ (હોય), શરીર સારું હોય, બાયડી ઠીક હોય, છોકરા ઠીક હોય. પધારો... પધારો... પધારો... ખુરશી આપે પેલી ચાંદીની બેસવાની. પધારો પધારો. કહો, સુખ છે કે નહિ કાંઈ? મજા છે કે નહિ? એમ માને છે કે મને સુખ છે એ જ જીવ બસ. અને પ્રતિકૂળ વખતે ઘેરાઈ ગયેલા અશાતાના ઉદય વખતે ઘેરાવામાં તો દુઃખ લાગે, દુઃખ લાગે એને દુઃખ લાગે. એ દુઃખનું વેદવું એ જ આત્મા. વળી સુખ-દુઃખની વેદનાથી બીજી ચીજ અંદર આત્મા છે. આને આત્મા માને એ જડને માને છે એમ અહીં સિદ્ધ કરવું છે. અજીવ-જીવની વ્યાખ્યા છેને આ. જીવનો એ અજીવનો સ્વાંગ છે. શુભાશુભભાવ એનું કરવું અને હરખ-શોકનું ભોગવવું એ જીવ ઉપર વિકૃત સ્વાંગ છે, અજીવનો સ્વાંગ છે, અજીવનો વેશ છે, આત્માનો નથી. એને જ આત્મા માને છે. એ છ બોલ થયા.

'**કોઈ કહે છે કે શિખંડની જેમ ઉભયરૂપ મળેલાં જે આત્મા અને કર્મ, તે બન્ને મળેલાં જ જીવ છે કારણ કે સમસ્તપણે (સંપૂર્ણપણે) કર્મથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી.**' ઓલી પહેલી ક્રિયારૂપ કીધો હતો ઓલામાં, ભવિષ્યનો અવયવ ને ઈ. આ કર્મ આખું કર્મ લીધું. આનો કરનાર કર્મ ભૂતમાં અને ભવિષ્યમાં છે એમ લીધું હતું. અહીં કર્મ (લીધું), કર્મથી જીવ જુદો જોવામાં આવતો નથી. કર્મસહિત જ હોય. ચાહે તો મોક્ષ-મોક્ષ કહે એને પણ કર્મ તો સાથે હોય જ. અનાદિનો જે સંબંધ છે એ ભવિષ્યમાં કેમ છૂટે? એમ કહે છે. અનાદિની વસ્તુ છે લ્યો! ચણો ઉગે વળી વાવે-ઉગે ને વાવે, ઉગે ને વાવે, ઉગે ને વાવે.. હવે એ કે દિ' ઉગ્યા વગરનો રહે? એમ કહે. એમ આ કર્મ થાય અને વળી કર્મમાં ગતિ મળે એ કર્મને લઈને ઉપજ્યા કરે એવો જ આત્મા છે. કર્મ વિનાનો આત્મા (ન હોય). આવે છેને, દ્રવ્યકર્મથી ભાવકર્મ અને ભાવકર્મથી દ્રવ્યકર્મ. એ શાસ્ત્રમાં પણ છે. દ્રવ્યકર્મથી ભાવકર્મ અને ભાવકર્મથી દ્રવ્યકર્મ લ્યો!

એ મોટી ચર્ચા થઈ હતી અમારે (સંવત) ૧૯૮૩માં. ઓલા આવ્યા હતાને જણા. બિયાવરના માણસો. ધીરૂભાઈ નહોતા રાણપુરવાળા? ધીરજભાઈ હતા. બહુ બુદ્ધિવાળો હતો, ગુજરી ગયા. ધીરૂભાઈના બાપ નહોતા? કેશુભાઈ ત્યાં રાણપુરમાં રહેતા. કેશવલાલ. કેશવલાલ લોયાવાળા. એના બાપ ત્યાં રહેતા. એ ભણેલો ત્યાં બિયાવર. પછી મોટો અધ્યાપક થયો. એ બધાને લઈને આવ્યો હતો ૮૩માં. ૨૦ છોકરાઓ હતા. અમારે દામોદર શેઠ એ શ્રદ્ધાવાળા હતા ખરાને, એટલે એને પૂછ્યું. હું બેઠો હતો. કેમ ભાઈ આ જુઓ કર્મ હોય, કર્મનો ઉદય આવે અને વિકાર થાય અને વિકાર થાય અને કર્મ બંધાય એ વાત બરાબર છે કે નહિ? ઓલા કહે હા. ૮૩ની વાત છે. મેં કહ્યું, ક્યાં હા.. હા.. કરે છે ઈ! એ તો કરે વિકાર

તો કરે ત્યારે કર્મ નિમિત્ત હોય અને વિકાર કરે તો એને કર્મબંધનના પરિણામરૂપ પરમાણું હોય. પણ કરે વિકાર કર્મ હોય એ ક્યાંથી લાવ્યા? આવું ક્યાંથી આવ્યું? હા પડાવી છોકરાઓ પાસે. છોકરાને બિચારાને ખબર નહિ. છેને બિયાવરમાં? શું કહેવાય ઈ? ગુરુકુળ છે. આ ગુરુકુળમાં ગુરુએ આમ શીખવાડ્યું બધું. કર્મ હોય એટલે નિમિત્ત થઈને આવે અને જીવને વિકાર કરવો જ પડે અને વિકાર કરે એટલે પાછા નવા પાછા કર્મ બંધાય, વળી બંધાયેલા ઉદય આવે ત્યારે વિકાર કરવો જ પડે. થઈ રહ્યું, એ તો ત્યાં ને ત્યાં રહ્યો.

મુમુક્ષુ :- એ તો નિમિત્ત થઈને આવે છે.

ઉત્તર :- ધૂળેય નથી નિમિત્ત થઈને આવતું. આહા..હા..! પોતે વિકાર કરે જ્યારે સ્વભાવને ભૂલીને ત્યારે કર્મને નિમિત્ત કહેવામાં આવે છે. આવી વાત છે. શું થાય પણ વાત એટલી બધી ઉંધે રવાડે ચડી ગઈ છે કે એને પાછું ફરવું મુશ્કેલ પડે છે.

કહે છે, શિખંડની જેમ ખાટું અને મીઠું જેમ બંને મળેલા છે, એમ અમે તો માનીએ છીએ કે કર્મ અને આત્મા બે મળેલા ભેગા જ છે. જેમ શિખંડમાંથી મીઠાશ કાઢી નાખો અને ખટાશ જુદી પડી જાય એમ હોતું હશે કાંઈ? એમ કર્મ જુદા પડી જાય અને આત્મા એકલો રહે એવું અમને તો લાગતું નથી. માન્યતા છેને મૂળ તો જગતની. અનાદિની એ માન્યતા છે. આ તો અધ્યવસાયથી વાત કરે છે. આઠની વાત કરી, બાકી તો ઘણા બોલ છે. કહો, સમજાણું? એ છઠ્ઠો બોલ થયો. છઠ્ઠો થયોને? સાત. આ શિખંડનો સાતમો થયો, ઓલો છઠ્ઠો અનુભવનો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ નહિ, હજી વાર છે. એ હવે આવશે. એ આવ્યું નથી. પહેલા તો છઠ્ઠામાં એ આવ્યું કે આત્મા સુખ-દુઃખનો ભોક્તા સિવાય જુદી ચીજ નથી અને છઠ્ઠામાં એમ આવ્યું કે કર્મ અને જીવ બે ભેગા જ હોય છે, જુદાં પડતા નથી. એમ. લ્યો! હવે સાતમો.

'કોઈ કહે છે કે **અર્થક્રિયામાં (પ્રયોજનભૂત ક્રિયામાં) સમર્થ એવો જે કર્મનો સંયોગ તે જ જીવ છે કારણ કે જેમ આઠ લાકડાંના સંયોગથી અન્ય જુદો કોઈ ખાટલો જોવામાં આવતો નથી તેમ કર્મના સંયોગથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી.**' ખાટલો હોયને ખાટલો શું કહે છે? ચાર પાઈ. ચાર લાકડા હોય છેને? બે આમ, બે આમ અને ચાર અને ચાર પાયા એમ આઠ થઈને ખાટલો થાય. હવે ખાટલામાં જુદો માણસ છે. એ ખાટલો એ જ આત્મા એમ કહે છે. એમ આઠ કર્મ ભેગા થઈને થયો એ જ આત્મા. આવે છેને ઓલા .. ઉત્પન્ન કરે એમાં. ચાર્વાક. .. ઉત્પન્ન થાય એ જીવ ઉત્પન્ન થાય એને જીવ કહેવાય. કહે છેને, મોટો છે એક .. સરદાર શહેરમાં. સરદાર શહેરમાં એક છે મોટો બ્રાહ્મણ છે. બહુ હુશિયાર અને મોટો માણસ. એ ભાઈ કહેતા હતા શેઠિયા. મોટો

માણસ છે એ. .. છે જ નહિ. ચાર્વાક મત બધો છે. સરદાર શહેર છેને. શેઠિયા છેને ત્યાં. દીપચંદ શેઠિયાના ગામમાં છે. એવું છે, ભાઈ. એ તો બધા ચાર્વાક જ છે. જે જીવ રાગવાળો અને ભોગવવાવાળો અને કર્મને લઈને વિકાર થાય અને એ વિકાર આત્માને ભોગવવો જ પડે એ બધા ચાર્વાક જ છે, એ આત્માને માનતા નથી. આહા..હા..! આત્મા એવો હોય જ નહિ. કહેશે ઉત્તર સામે.

અહીં તો કહે છે કે અર્થક્રિયામાં આઠેય કર્મ ભેગા થાય ત્યારે એને અર્થક્રિયા થાય. ત્યારે કામ થાય આત્મામાં એમ કહે છે. એટલે એ જ આત્મા. 'કારણ કે **જેમ આઠ લાકડાંના સંયોગથી અન્ય જુદો કોઈ ખાટલો**...' આઠ લાકડા હોયને આઠ? ચાર પાયા, બે ઈંધણ અને બે શું કહેવાય એ? એનાથી એ જુદો ખાટલો હોય? એમ આઠ કર્મથી કાંઈ જુદો ખાટલો (—આત્મા) હોય? એમ કહે છે. અનેક મત છે. '**અર્થક્રિયામાં (પ્રયોજનભૂત ક્રિયામાં) સમર્થ એવો જે કર્મનો સંયોગ તે જ જીવ છે. કારણ કે જેમ આઠ લાકડાંના સંયોગથી અન્ય જુદો કોઈ ખાટલો જોવામાં આવતો નથી**...' લ્યો! આઠ થયા. '(**આઠ લાકડાં મળી ખાટલો થયો ત્યારે અર્થક્રિયામાં સમર્થ થયો; તે રીતે અહીં પણ જાણવું.**)' એ રીતે અહીં પણ આઠ કર્મ ભેગા થાય ત્યારે જ એને આત્મા ઉત્પન્ન થાય એમ તમે કહો તો એ આત્મા કર્મ જ છે, કર્મથી જુદી કોઈ ચીજ છે નહિ.

'**આ પ્રમાણે આઠ પ્રકાર તો આ કહ્યા અને એવા એવા અન્ય પણ અનેક પ્રકારના દુર્બુદ્ધિઓ**...' છેને. '**પરને આત્મા કહે છે**;...' બેની એકતાને આત્મા કહે, કર્મની ક્રિયા થાય ક્રિયાનો અવયવ જે અનાદિ-અનંત એનું કારણ કર્મ એ જ આત્મા છે. પ્રકાર આવ્યાને બધા એ? કોઈ કહે કે તીવ્ર-મંદ ભાવ થયા જ કરે, તીવ્ર-મંદથી રહિત થઈ શકે નહિ. કોઈ કહે કે શરીર એ જ મંદ અને પાતળું, જીર્ણ થયા જ કરે છે. એની સાથે આત્મા પણ એવો હીન અને બળવાળો થાય છે માટે આત્મા અને શરીર બે એક જ છે. શરીરથી જુદો નથી. કોઈ કહે કે ભાઈ કર્તા આત્મા જ છે શુભાશુભનો. એ શુભાશુભ પરિણામ જ કરે, વળી એનાથી રહિત થાય આત્મા એવું છે નહિ. ઓલો કહે, સુખ-દુઃખને જ ભોગવે. આ સંસારી હોં! ઓલો કહે, બે ભેગા થઈને રહ્યો છે. કર્મ અને આત્મા. કોઈ કહે કે ભાઈ આઠેય કર્મ ભેગા થઈને આત્મા છે, બીજો કોઈ આત્મા છે નહિ. કહે છે '**આ પ્રમાણે આઠ પ્રકાર તો આ કહ્યા અને એવા એવા અન્ય પણ અનેક પ્રકારના દુર્બુદ્ધિઓ (અનેક પ્રકારે) પરને આત્મા કહે છે; પરંતુ તેમને પરમાર્થના જાણનારાઓ સત્યાર્થવાદી કહેતા નથી.**' સાચું માનનારા, સાચું કહેનારા એને કહેતા નથી એમ કહે છે.

'**ભાવાર્થ :— જીવ-અજીવ બન્ને અનાદિથી એકક્ષેત્રાવગાહ સંયોગરૂપ મળી રહ્યાં છે**...' એક ક્ષેત્રમાં સંયોગરૂપે છે. એકક્ષેત્રાવગાહ હોવા છતાં એકરૂપ તો છે નહિ. '**અને**

**અનાદિથી જ જીવની પુદ્ગલના સંયોગથી અનેક વિકારસહિત અવસ્થાઓ થઈ રહી છે.'** સંયોગ ઉપર લક્ષ છે એટલે એને વિકાર પણ અનાદિથી થઈ રહ્યો છે. એમ ભૂલ પોતામાં અર્થ કર્યો છે. '**પરમાર્થદૃષ્ટિએ જોતાં, જીવ તો પોતાના ચૈતન્યત્વ આદિ ભાવોને છોડતો નથી...**' એ તો જ્ઞાયકસ્વરૂપ, આનંદસ્વરૂપ ત્રિકાળ એકરૂપ જ છે. એ વસ્તુ છે એ કોઈ દિ' વસ્તુપણું છોડતું નથી. કહો, સમજાણું? '**આદિ ભાવોને છોડતો નથી અને પુદ્ગલ પોતાના મૂર્તિક જડત્વ આદિને છોડતું નથી. પરંતુ જે પરમાર્થને જાણતા નથી તેઓ સંયોગથી થયેલા ભાવોને જ જીવ કહે છે;...**' સંયોગથી થયેલો ભાવ તે સંયોગીભાવ છે. સુખ-દુઃખની કલ્પના, શુભાશુભનું કરવું, બેની એકતા એ પણ બધો સંયોગીભાવ છે. અજીવનો માથે ભેખ છે. જીવને માથે એ તો અજીવનો સ્વાંગ છે, એ કાંઈ જીવપણું નથી. આહા..હા..! ભારે આકરું પડે જગતને. જ્ઞાયક તો જ્ઞાયક જ રહ્યો છે. પ્રવચનસાર. ૨૦૦ ગાથા છેલ્લે. એ તો છે એ જ રહ્યો છે. જ્ઞાયક ચૈતન્યરસ. જ્ઞાયક સ્વભાવ ઝળહળ જ્યોતિ ચૈતન્યસ્વરૂપ જ અનાદિથી એવો ને એવો રહ્યો છે. એને માન્યતામાં અધ્યવસાયે અનેક કર્યો એમ કહે છે. અનેરી રીતે અધ્યવસિત માન્યો છે, કર્યો છે. વસ્તુ તો ચૈતન્યરસ વસ્તુ છે. જ્ઞ સ્વભાવી છે. કહ્યુંને, સર્વજ્ઞ સ્વભાવી છે. કાલે કહ્યું હતુંને, અભવિને સર્વજ્ઞ ગુણ હોય કે નહિ? એય..! સવારમાં પૂછ્યું હતું નહિ? શાંતિભાઈને. અભવિને સર્વજ્ઞશક્તિ--ગુણ હોય કે નહિ? સર્વજ્ઞ શક્તિ ન હોય તો જીવ જ ન હોય. એ તો એકલો જ્ઞ... જ્ઞ... જ્ઞ કહો કે પૂર્ણ જાણવું કહો એવો સ્વભાવની અસલ વસ્તુ છે. આજ બીજું કહ્યું હતું સવારમાં કે જીવને કેવળજ્ઞાનાવરણીય પ્રકૃતિ હોય કે નહિ અભવિને? હોય. અભવિને કેવળજ્ઞાનાવરણીય પ્રકૃતિ હોય કે નહિ? છે. પાંચેય પ્રકૃતિ છે અભવિને. જ્ઞાનાવરણીય (આદિ) પાંચેય પ્રકૃતિ છે. એને ખુલ્લી ન થાય માટે પ્રકૃતિ પાંચ નથી એમ છે નહિ. પંડિતજી!

મુમુક્ષુ :- ન હોય તો તો કેવળજ્ઞાન થઈ જાય.

ઉત્તર :- ના, ના. એ પ્રકૃતિ એમ કે કેવળજ્ઞાન નથી થતું માટે કેવળજ્ઞાનાવરણીય નથી. મોટો પ્રશ્ન આવ્યો હતો, ૮૭ની સાલ. ૮૫માં હોં! વીંછીયામાં ... ૮૫માં મોહનલાલજી સાથે. મોહનલાલજી મણિલાલજી. એ કહે કે પણ એમ કેમ હોય? એને ઉઘડે નહિ કેવળજ્ઞાન કોઈ દિ' તો પ્રકૃતિ કેમ હોય? ઉઘડે નહિ એનું શું કામ છે? પાંચ પર્યાયો જ્ઞાનગુણની છે એમાં એક પર્યાય છેલ્લી રહે. એક પર્યાય છે એ કેવળજ્ઞાનની પર્યાય પ્રગટપણે નથી એને પાંચ આવરણ છે. આવરણ છે, આવરણ તો છેને. એનો અર્થ કે એને હીણી પર્યાયપણે પરિણમન છે. આહા..હા..! આ તો ઘણા વર્ષથી ચાલતું હતુંને. કર્મ અને વિકાર વચ્ચે તો બધાને વાંધા એકે એકને. સ્થાનકવાસીને પૂછો તો વાંધા, દેરાવાસીને પૂછો તો વાંધા, દિગંબરને પૂછો તો વાંધા. બધા કર્મને માથે નાખે. કર્મને લઈને આમ થાય... કર્મને લઈને આમ થાય... અને

એ થાય એ જ જીવનું સ્વરૂપ છે. એ કહે છેને. કર્મને લઈને જે થાય, થાય પોતાથી, એ તો કહે છે કે એને લઈને થાય. અહીં તો કહે છે કે કર્મને લઈને પણ પોતાની યોગ્યતાથી થાય એ પણ જીવસ્વરૂપ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો અજીવનો સ્વાંગ છે એમ કહેવું છે અહીં તો. ભેખ છે. ભેખ લઈને આવે નાટકમાં (તો) ડાહ્યો માણસ કળી લ્યે કે આ તો મેનેજર આવ્યો હતો એ હતો.

અમારે ત્યાં થયું હતું. બ્રાહ્મણ મોટો હતો. એ પછી પીંગળાનો વેશ લઈને વેશ પહેરતો હતો. પીંગળા નહિ આ? ભર્તૃહરિની રાણી. ભર્તૃહરિ નથી આવતો? આ પીંગળા રાણી. મોટું નાટક આવે છે. રાણી પીંગળા હતીને, એને એક વેશ્યા પાસે એક ઊંચું ફળ આવ્યું. અમરફળ. નામ આપ્યું. અમરફળ તો ક્યાં હતું? નામ આપ્યું ઊંચું હશે એટલે. વેશ્યા પાસે હતું. વેશ્યાએ રાજાને આપ્યું. આહા..! ... રાજાએ આપ્યું પીંગળાને, એની રાણી. એના ઉપર પ્રેમ હતો. સાંભળ્યું છે? નાટક મોટું અમે તો જોયું છે. બધું જોયું છે. પછી પીંગળા ઉપર પ્રેમ હતો એટલે પીંગળાને આપ્યું, પીંગળાને અશ્વપાળ ઉપર પ્રેમ હતો. ત્યાંનો ઘોડાનો મોટો ઉપરી. અશ્વ-ઘોડાનો ઉપરી એના ઉપર પ્રેમ હતો પીંગળાને. વ્યભિચારિણી બાઈ હતી રાણી. એ તેને આપ્યું. એને વેશ્યા ઉપર પ્રેમ હતો. વેશ્યાને આપ્યું. વેશ્યાને આના ઉપર હતો. વળી આવ્યું અહીં. અરે! આ શું? મેં તમને આપ્યું હતુંને અહીં કેમ પાછું (આવ્યું)? અહીં કેમ? એ બધી વાત ખુલ્લી પડી ગઈ. પછી એ રાજા ઉદાસ ઉદાસ... મોટો બાણું લાખ માળવાનો અધિપતિ. 'દેખ્યા નહિ કુછ સાર, જગત મેં દેખ્યા નહિ કુછ સાર.' નાટક આવે છે મોટું. વૈરાગ્યના પહેલા આવતા. આ તો અત્યારે તો ફિલ્મમાં તો બધા કાળા કેર થઈ ગયા છે. પહેલા તો વૈરાગ્યના એવા નાટકો (આવતા).

ભર્તૃહરિ આવે છે. આમ બોલે છે જ્યારે ગાય છે ત્યારે. વેશ .. પહેરે છે બાવો થાય છે. બાણુ લાખ માળવાનો રાજા. આહા..હા..! આ દશા સંસારની. મેં જેને અર્ધાંગના તરીકે રાણી કહી અને બધી રાણીના અગ્રેસર, એ રાણી વ્યભિચારી? મને મૂકીને અશ્વપાળની સાથે! આહા..હા..! અરે સંસાર! 'દેખ્યા નહીં કુછ સાર જગતમેં, દેખ્યા નહીં કુછ સાર.' ગાયન બોલે છે. આ શબ્દ બોલે છે. 'પ્યારી મારી પીંગળા અશ્વપાળસે યાર..' આ વહાલામાં વહાલી પીંગળા પણ અશ્વપાળની સાથે... આહા..હા..! છોડી છે ... રાણી એ આવે છે. અરે! બાપુ! શું કર્યું તમે આ? 'બાપુજી આ વેશ શાને તેં ધર્યો?' એમ આવે છે ગાયન. ભૂલી ગયા. ચોપડી. 'બાપુજી આ વેશ શાને ધર્યો?' એમ કહે છે. રાણી પાસે જાય છે. .. છોડી કહે છે, બાપુજી! મારી મા તો ગુજરી ગયા, પિતાજી તમે જાવ છો. હું તો લગનને યોગ્ય થઈ ગઈ છું. મારું શું થાશે? એમ કહે છે. બેટા! મેં પ્રધાનને કહ્યું છે. હું તો બાવો છું, હું તો જોગી થયો, મને તો ક્યાંય હવે સંસારમાં રસ નથી. હું તો બાવો છું, જોગી થઈ ગયો.

આહા..હા..! એ ગાયન આવે છે. 'ગુજરી ગઈ છે માત, વળી જાવ તાત, પિતા ઓથ કોની છે? ઓરમાન માત.' આ પીંગળા ઓરમાન હતીને. સગી મા મરી ગઈ છે. દીકરા! બેટા! હવે મને રાજમાં ક્યાંય ચેન પડતું નથી. મારી લાઈન હવે ઉદાસ થઈ ગઈ છે બધેથી. ક્યાંય મને રસ બહાર દેખાતો નથી. બેટા! મેં પણ પ્રધાનને ભલામણ કરી છે. તારું બધું સગપણ, લગન કરશે. આહા..હા..!

પછી એનો ગુરુ કહે છે, ભર્તૃહરિના ગુરુ. પોતે બાવા થઈ ગયા. રાણી પાસે જાવ ભીખ માગવા. ભીક્ષા લેવા જા. બાવાનો વેશ અને મોટો રાજા. આમ વેશ પહેર્યો તો લોકો તો આમ વિસ્મય પામી ગયા. આહા..હા..! આવા રાજા? રાજા જોગી થઈ ગયા. અંદર જાય છે એની પીંગળા પાસે રાજમાં. માતા! મને આહાર દે એમ કહે છે. ઓલો ભર્તૃહરિ. 'ભીક્ષા દેને મૈયા પીંગળા.' હે પીંગળા માતા! મને ભીક્ષા દે. અરે! રાણી કહે, મને માતા ન કહો, રાજન! માતા! મારા ગુરુએ મને ભીક્ષા લેવાનું કહ્યું છે તારા ઘરેથી જ પહેલું. હું આવ્યો છું લાવ તું. હું શોકમાં છું. કાંઈ કર્યું નથી. ઘડી ઉભા રહો તો ખીર બનાવું. ખીર-ખીર. ખીર સમજો છો? ખીર નથી સમજતા? આ દૂધપાક તો.. પણ આપણે ખીર હોયને દૂધ અને ચોખા? પા-અડધા કલાકમાં તૈયાર થઈ જાય. પાણી નાખી અડધો કલાક થાય તો ચોખાની ખીર બનાવે. એ આવે છે. 'ઉભા રહો તો રાજા ખીર બનાવું ક્ષણ એકમાં.' 'ખીર બનાવું ક્ષણ એકમાં' એવું કાંઈક આવે છે. ભૂલી ગયા. એ વખતે હતું. માતા! હું ક્ષણ પણ ઊભો નહિ રહી શકું. મારું યોગીનું શું કહેવાય એ? યોગી જાયને. .. ઓલા જાય છે બધા એની સાથે મારે જાવું છે. હું ક્ષણ પણ ઊભો નહિ રહી શકું. ઓલી રોવે છે. મારી જમાત જાય છે. હા ઈ. ભૂલી જવાય છે. જમાત જાય છે મારી. હું તેની સાથે જવાનો છું ચાલીને. ક્યાંય ઊભા રહેવાનું નથી. વયા ગયા, થઈ રહ્યું. ત્યાં ક્યાં અમારે... ઓલી રોવે છે પીંગળા. આહા..! આ શું? આ સંસાર. એવો વૈરાગ્ય બતાવતા હતા જેઠાભાઈ!

એમાં એ પીંગળા રાણી થઈને આવી. અંદર રાણીનો વેશ પહેર્યો હતો. ઓલો કોણ? એનો મેનેજર. એમાં થઈ તકરાર બહાર. ગામમાં વોરા રહે છેને. ઓલા જોવા આવ્યા હતા કેટલાક. તકરાર થઈ એ યાદ નથી. એટલે એમને એમ બહાર આવ્યો. વેશ હજી પહેરેલો હતો પૂરો. કપડા પહેરેલા. અરે! આ તો મેનેજર, કીધું. એ રાજા ભર્તૃહરિ બન્યો હતો એ જ પાછો પીંગળા બન્યો છે. આહા..હા..! એમ વેશ ધારણ કર્યા બીજા. પણ એ વખતે વૈરાગ્યના નાટક હતા. ભલે અન્યમતના હોય.

અરે! આ પણ બધા ભેખ કર્યા છે કહે છે અજીવના માથે. એમ કહે છે. એ કાંઈ એનું સ્વરૂપ નથી. આહા..હા..! રાજા જ્યારે જોગીનો ભેખ પહેરે ત્યારે દુનિયાને તો આમ વિસ્મય લાગે. એમ જીવે આ અજીવના સંગે રાગ-દ્વેષનો સંગ ભેખ પહેર્યો છે. આહા..હા..!

વિસ્મય છે, કહે છે, ભાઈ! તારે ઘરે આ શું થયું? એમ કહે છે. તને આવો આત્મા ભાસે છે એ શું તને થયું છે? મહારાજા પ્રભુ! આહા..હા..! આવ્યું છેને ૧૭-૧૮માં જીવરાજ. 'एवं जीवराया'. ધનાર્થી હોય એ રાજાની સેવા કરે, પછી એને રાજા જાણે, પછી શ્રદ્ધે પછી એની આજ્ઞા પાળે એમ જે મોક્ષાર્થી છે એણે જીવરાજને જાણવો પહેલો. આહા..હા..! અનંતા-અનંતા આનંદ આદિના ગુણોથી શોભિત રાજતે ઇતિ શોભતે એવો પ્રભુ છે. એને આ શું છે લપ? એને તું આત્મા માને છે? આ મૂઢ છો તું હોં. કીધુંને નીચે? દુર્બુદ્ધિ. આહા..હા..! સમજાણું કાંઈ?

અનંત-અનંત ગુણની રાશિનો ગંજ પ્રભુ, અનંત મહાસાગરમાં જેમ મોતી પડ્યા હોય એમ અનંતા ગુણોનો ચૈતન્ય રત્નાકર. એવા ચૈતન્ય સ્વરૂપને માથે આ ભેખ બધા. આહા..હા..! રાગને પોતાનો માનવો એવો અધ્યવસાય એ ભેખ છે, એ મિથ્યા ભેખ છે. એમ દરેક ક્રિયા કર્મની થાય એને પોતાની માનવી, સુખ-દુઃખની કલ્પનાનો ભોક્તા એટલો જ આત્મા માનવો, પુણ્ય-પાપનો કર્તા એટલો જ માનવો એ બધા અજીવના ભેખને માનનારા છે. એને જીવની શ્રદ્ધાની ખબર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? બિચારો બહાર આવ્યો હતો ભેખ લઈને. તકરાર કાંઈક થઈ હતી. એમાં વળી પાછો પહેરવા ગયો, પછી પીંગળા થઈને આવ્યો. આહા..! આ પણ ભેખ જ પહેર્યા છેને બધા? પડદાની પાછળ ઘડીકમાં બાયડીનો ભેખ, ઘડીકમાં આદમીનો, ઘડીકમાં ગધેડાનો. આજ કોણ કહેતું હતું ગધેડાનું? આવે છેને ૧૭મી ગાથામાં. રમણિકભાઈ કહેતા હતા. ગયા? ૧૭-૧૮માં આવે છેને કે નહિ જાણેલાની શ્રદ્ધા ગધેડાના શિંગડા જેવી છે. એમ કે ત્યાં ખરગોશને કેમ ન નાખ્યો? એને શિંગડા હોતા નથીને. ખરગોશ-સસલા. આ ગધેડા. આહા..હા..! ગામડામાં હોય. જંગલમાં રહેતા હોય ઓલા (સસલા) તો. ગધેડા તો ગામોગામ હોય. આહા..હા..! એવો દાખલો આપ્યો છે. ભાઈ! ગધેડાના શિંગડાની જેમ શ્રદ્ધા ખોટી છે. કેમકે શિંગડા છે જ નહિ.

એમ ભગવાન આત્મા પૂર્ણાનંદનો રસકંદ પ્રભુ દ્રવ્યસ્વરૂપ આખો વીતરાગી પિંડ જિનસ્વરૂપ એને જ્ઞાનમાં આવ્યો નથી અને આ આત્મા એમ શ્રદ્ધવું એ ક્યાંથી આવશે? આહા..હા..! સમજાણું કાંઈ? અને એ જાણ્યા વિનાની શ્રદ્ધા કરવી એ તો ગધેડાના શિંગડાની શ્રદ્ધા કરવા જેવી છે. એમ કહ્યું છે ત્યાં તો. આહા..હા..! જગતમાં પ્રસિદ્ધ થયેલું જે તત્ત્વ આખું ચૈતન્યરસવાળું પ્રસિદ્ધ જ છે. એવો આત્મા જ્ઞાનમાં ન આવ્યો, જ્ઞાનમાં પ્રસિદ્ધપણે ન જણાણો અને એને માનવું કે આત્મા છે, એ તો ગધેડાના શિંગડાની શ્રદ્ધા જેવું છે કહે છે. આહા..હા..! ૧૭-૧૮માં આવે છે. સમયસાર ૧૭-૧૮ ગાથા છેને એમાં આવે છે. ગધેડાના શિંગડા-જાણ્યા વિનાની ચીજને માનવી એ ગધેડાના શિંગ જેવી છે. જુઓ ત્યાં વજન જ્ઞાનને આપ્યું. એકલી શ્રદ્ધા-શ્રદ્ધા નહિ. શ્રદ્ધાનું પણ વજન છે એક અપેક્ષાએ .. મોહનો ભાગ છેને. મોહનો ભાગ

છે તો પરમાં સાવધાની છે એ બતાવવા એને શ્રદ્ધામાં વિરુદ્ધ બતાવીને સમકિત.. સાવધાની બતાવી છે. પણ એને જાણ્યા વિના સાવધાની ક્યાંથી (થાય)? આ સાવધાની કર એમ ક્યાંથી જાણ્યું? સમજાણું?

કહે છે કે આવા આત્માને જે કોઈ માને છે એ બધા દુર્બુદ્ધિઓ (છે). આઠ બોલ કહ્યાને? ચૈતન્યસ્વભાવ વડે જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે. એ તો ૪૪માં આવ્યું, નહિ? '**પરંતુ જે પરમાર્થને જાણતા નથી તેઓ સંયોગથી થયેલા ભાવોને જ જીવ કહે છે;...**' લ્યો આ સિદ્ધાંત. મુદ્દો અહીં છે. જે નવો અંદર ભેખ આવ્યો કે રાગ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ તો નવો ભેખ છે, એ કાંઈ આત્મા નથી. અને એને એમ કહે છેને કે એ શુભભાવથી ધર્મ થાય. અજીવથી જીવ થાય. આહા..હા..! ગજબ વાત છે!

મુમુક્ષુ :- એ તો સમ્યગ્દૃષ્ટિને શુભભાવ છે, મિથ્યાદૃષ્ટિને ન થાય.

ઉત્તર :- મિથ્યાદૃષ્ટિને શું, કોઈને થાય નહિ. સમ્યગ્દૃષ્ટિને થાય નહિ, કોઈને ન થાય. આહા..હા..!

કહે છેને. '**પરમાર્થને જાણતા નથી તેઓ સંયોગથી થયેલા ભાવોને જ જીવ કહે છે;...**' આ સિદ્ધાંત છે આખો. બહુ ટૂંકામાં લખ્યો છે. સંયોગી ચીજ કર્મ આદિ અને સંયોગી ચીજ કર્મના નિમિત્તથી થયેલા પોતામાં શુભાશુભ પરિણામ અને સુખ-દુઃખની કલ્પના એને અજ્ઞાનીઓ જીવ માને છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? '**કારણ કે પરમાર્થે જીવનું સ્વરૂપ પુદ્‌ગલથી ભિન્ન સર્વજ્ઞને દેખાય છે...**' એક વાત. '**તેમ જ સર્વજ્ઞની પરંપરાના આગમથી જાણી શકાય છે,...**' એ તો પરોક્ષ છેને એટલે આગમનો આધાર લીધો. સર્વજ્ઞને પ્રત્યક્ષ જણાય છે, નીચે મતિજ્ઞાનથી જણાય છે પણ પરોક્ષ છે. આખું સ્વરૂપ જણાતું નથીને એ અપેક્ષાએ. મતિજ્ઞાન છે પ્રત્યક્ષ, પણ છતાં એના આવા અસંખ્ય પ્રદેશી, આ અનંત ગુણ એવું એ જ્ઞાનમાં જણાય નહિ. મતિજ્ઞાનમાં ન જણાય માટે એને આગમ પરંપરા (કહ્યું).

'**આગમથી જાણી શકાય છે, તેથી જેમના મતમાં સર્વજ્ઞ નથી...**' જુઓ! હવે અહીં આવ્યું. '**તેઓ પોતાની બુદ્ધિથી અનેક કલ્પના કરી કહે છે.**' આહા..હા..! જેમના મતમાં સર્વજ્ઞ નથી. એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જાણે એવી સર્વજ્ઞતા જેના સ્વીકારમાં નથી, જેના મતમાં નથી એ પોતાની કલ્પનાથી જીવનું સ્વરૂપ કહ્યા કરે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? વજન અહીં આપ્યું છે. કેમકે જીવ પોતે સર્વજ્ઞસ્વભાવી છે. સમજાણું કાંઈ? મોહનો અભાવ થતાં જીવમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ને સુખ પ્રગટે છે. એથી તો ક્યાંક એમ કહ્યું છે (કે) મોહનો અભાવ થતાં સમકિત એકલું લીધું સિદ્ધને. ભાઈ! સિદ્ધમાં આઠ ગુણ કહ્યાને એમાં સમકિત લીધું છે. અને... એ તો ભેગા આવી ગયા. અને જ્યાં

અનંત ચતુષ્ટય લીધા છે ત્યાં સુખ લીધું છે. એ સુખમાં સમકિત અને ચારિત્ર બેય સમાઈ જાય છે. અનંત જ્ઞાન... કેમકે સર્વજ્ઞ સ્વભાવમાં અનંત જ્ઞાન પડ્યું છે એ પ્રગટ થાય છે. અનંત દર્શન, અનંત વીર્ય અને અનંત સુખ. એ સુખમાં સમકિત અને ચારિત્ર સમાઈ જાય છે.

મુમુક્ષુ :- આ બોલમાં એમ આવ્યું.

ઉત્તર :- છેને એ. જુદા જુદા, કોઈ ઠેકાણે જુદા લ્યે છે, કોઈ ઠેકાણે એક લ્યે છે. મોહનો અભાવ.. એક રાખ્યું, લ્યો ઓલામાં. સમકિતમાં ચારિત્ર અને સુખ સમાઈ ગયું. સમ્યક્નું જોર આપ્યું ત્યાં. સમ્યક્ના બળે એ ઇચ્છતા નથી સંસારને. એમ આવે છેને મોક્ષમાર્ગપ્રકાશકમાં. એ રાગને ઇચ્છતા નથી એ સમકિતનું બળ છે એમ કહ્યું છે. ત્યારે ઓલા કહે કે કર્મ નથી માટે વિકાર થાતો નથી. બેના કથનમાં ફેર કેટલો? સિદ્ધમાં કેમ વિકાર નથી? એય..! ચેતનજી! તમારો વિવેકસાગર. કેવો? હા એ કહેતો હતો ત્યાં ઇડરમાં. વિકાર નથી જીવને... એ તો સિદ્ધને કર્મ નથી માટે વિકાર નથી. જ્યાં કર્મ છે ત્યાં વિકાર હોય જ. કર્મને લઈને હોય એમ. આહા..હા..! આ કહે છે કે કેમ વિકાર થતો નથી સિદ્ધને? કે એને સમકિતનું બળ છે. અનંત ગુણો આવા છે એનું બળ વર્તે છે એથી એ રાગરૂપે થતા નથી. એમ કહે છે લ્યો! કર્મ નથી માટે રાગરૂપે થતા નથી એમ નહિ. એમ વાત ઈ. આહા..હા..! ઓલા કહે કે સિદ્ધને કર્મ નથી માટે વિકાર નથી થતો. એમ નહિ. એને અનંત ગુણનો આનંદકંદનો નાથ એવો સ્વીકારમાં આવી ગયો છે શ્રદ્ધામાં. પોતાનું અનંત પૂર્ણ સ્વરૂપ જેને પ્રતીતમાં, અનુભવમાં આવી ગયું છે. એને લઈને એને રાગની ઇચ્છા અને સંસાર નથી. આહા..હા..! કથન તો જુઓ એ. બેયમાં ઉગમણો-આથમણો ફેર છે. સમજાય છે કાંઈ? મોક્ષમાર્ગપ્રકાશકમાં છે એ. છેને? ૯મો અધિકાર. ૩૨૩ પાનું. વાંચનારા થઈ ગયા બધા ઘણા. ૩૨૩ નીકળ્યું લ્યો. એ ૩૨૩ પાનું જ નીકળ્યું. કોણે કહ્યું? ધનજીભાઈ. ધનજીભાઈને ક્યાંથી યાદ રહ્યું? ૩૨૩ પાને બરાબર છે. જુઓ!

'કેવળી સિદ્ધ ભગવાન રાગાદિરૂપ પરિણમતા નથી.' આહા..! જુઓને શૈલી તો જુઓ. 'અને સંસાર અવસ્થાને ઇચ્છતા નથી. તે આ શ્રદ્ધાનનું બળ જાણવું.' આ કહે કે સિદ્ધને વિકાર કેમ થતો નથી? કર્મ નથી માટે. આહા..હા..! કેવળી (અને) સિદ્ધ ભગવાન બેયને હોં! રાગાદિરૂપ પરિણમતા નથી અને સંસાર અવસ્થાને ઇચ્છતા નથી તે આ શ્રદ્ધાનનું જ બળ જાણવું. લ્યો! સમ્યગ્દર્શન હોય ત્યાં હોય પણ પૂર્ણ કેવળજ્ઞાનમાં કેમ ...

અહીં કહે છે, **'સર્વજ્ઞની પરંપરાના આગમથી જાણી શકાય છે,...'** આગમ શબ્દે ઓલા શાસ્ત્રો એમ નહિ હોં! એણે કહ્યું હતું એવું અંતરમાં જાણ્યું ત્યારે આગમથી પ્રત્યક્ષ દેખાણું એટલે આગમથી જાણ્યું એમ કહેવામાં આવે છે. **'જેમના મતમાં સર્વજ્ઞ નથી તેઓ પોતાની બુદ્ધિથી અનેક કલ્પના કરી કહે છે. તેમાંથી વેદાંતી,...'** એમ કહે છે આ

આઠમાં મેં આ રીતે કહ્યું. ફેરફાર છે થોડો. ઓલો અધ્યવસાની એક માને છેને? અધ્યવસાયી એકપણું માને છે, એકપણું માનીને બધું એક છે એમ. એને વેદાંતી કહ્યા, મીમાંસક કહ્યા. કર્મથી કર્મ ને કર્મની ક્રિયા વિનાનો આત્મા હોઈ શકે નહિ એ આવે છે, એ લોકોમાં આવે છે. કર્મની ક્રિયા વિનાનો આત્મા હોઈ શકે નહિ. કર્મ ક્રિયા.. આવે છે.

**'સાંખ્ય, યોગ, બૌદ્ધ, નૈયાયિક, વૈશેષિક, ચાર્વાક...'** છેલ્લો ઓલો આઠ લાકડાનો. **'આદિ મતોના આશય લઈ આઠ પ્રકાર તો પ્રગટ કહ્યા; અને અન્ય પણ પોતપોતાની બુદ્ધિથી અનેક કલ્પના કરી અનેક પ્રકારે કહે છે તે કયાં સુધી કહેવા?'** એમ કહે છે. કંઈ કંઈ અજ્ઞાનીઓ પોતાના સ્વરૂપની ભાન દશા વિના અને સર્વજ્ઞની પરંપરાની દશામાં આવ્યા વિના કંઈક કલ્પે જીવને. જીવ જીવ તો બધા કહે છે એક ચાર્વાક સિવાય. પણ એ જીવનું જેવું વાસ્તવિક સ્વરૂપ છે, એ સર્વજ્ઞના પંથ સિવાય ક્યાંય હોઈ શકે નહિ. કહો, સમજાણું કાંઈ? એ તો અન્યમતની સાથે પણ આને સમન્વય કરો (એમ કહે છે).

મુમુક્ષુ :- બે મળતા નથી.

ઉત્તર :- ના બે છે. સમન્વય છે. બે છે, છે અપેક્ષાએ સમન્વય છે. બે સાચા છે એમ નહિ. આહા..હા..! ત્રણકાળ ત્રણલોક જેને જાણવાની શક્તિ હતી એ પ્રગટ થઈ. શક્તિમાં તો બધું હતું એ. જેટલી કેવળજ્ઞાનની પર્યાય પ્રગટી એક સમયમાં એવી એવી અનંતી પર્યાય બધી દ્રવ્યમાં શક્તિરૂપ પડી જ છે. સમજાણું? એ કાંઈ બહારથી આવતી નથી. એક સમયની એક અવસ્થા અને બીજી બધી અવસ્થાઓ જે સર્વજ્ઞની થવાની એ બધી દ્રવ્યરૂપે અંદર છે. એવડું દ્રવ્ય ઈ છે. સમજાણું કાંઈ? એવડો આત્મા જેનામાં નથી અને એવી પર્યાય જેને પ્રગટ થઈ નથી એના સર્વજ્ઞ સિવાયના મતમાં આવું તત્ત્વ હોઈ શકે નહિ. આહા..હા..!

ભગવાનનો અનેકાંત માર્ગ છે. ભગવાને કહ્યું એ પણ હોય અને બીજાએ કહ્યું એ હોય. બીજાને મેળવો, ભેળવો. શેઠ! એમ કહે છે. આહા..હા..! અને આ બધી ટૂંકી નજરવાળા. જુઓ તમારી સભામાં માણસ કેટલા થાય? સો, બસ્સો, પાંચસો, હજાર, બે હજાર માણસો. ઓલા તો પચ્ચીસ-પચ્ચીસ હજાર માણસો. જવાહરલાલજી આવ્યા હતા ત્યારે બે લાખ થયા હતા. ભાવનગર એક ફેરી જવાહરલાલજી નેહરુ આવ્યા હતા. તેથી શું પણ? આ જવાહરલાલજી ગુજરી ગયાને? એને બે લાખ માણસ સાંભળવા. એમ કે આપણું કલ્યાણ કરનાર, આપણું હિત કરવા માટે મોટા છે. લોકો માને બિચારે. હિત કોણ કરે? કોણ કરે? આહા..હા..!

## ગાથા-૪૪

कुतः —

एदे सव्वे भावा पोग्गलदव्वपरिणामणिप्पण्णा।
केवलिजिणेहिं भणिया कह ते जीवो त्ति वुच्चंति।।४४।।
एते सर्वे भावाः पुद्गलद्रव्यपरिणामनिष्पन्नाः।
केवलिजिनैर्भणिताः कथं ते जीव इत्युच्यन्ते।।४४।।

यतः एतेऽध्यवसानादयः समस्ता एव भावा भगवद्भिर्विश्वसाक्षिभिरर्हद्भिः पुद्गलद्रव्यपरिणाममयत्वेन प्रज्ञप्ताः सन्तश्चैतन्यशून्यात् पुद्गलद्रव्यादतिरिक्तत्वेन प्रज्ञाप्यमानं चैतन्यस्वभावं जीवद्रव्यं भवितुं नोत्सहन्ते; ततो न खल्वागमयुक्तिस्वानुभवैर्बाधितपक्षत्वात्तदात्मवादिनः परमार्थवादिनः। एतदेव सर्वज्ञवचनं तावदागमः। इयं तु स्वानुभवगर्भिता युक्तिः—न खलु नैसर्गिकरागद्वेषकल्माषितमध्यवसानं जीवः तथाविधाध्यवसानात् कार्तस्वरस्येव श्यामिकाया अतिरिक्तत्वेनान्यस्य चित्स्वभावस्य विवेचकैः स्वयमुपलभ्यमानत्वात्। न खल्वनाद्यनन्तपूर्वापरीभूतावयवैकसंसरणलक्षणक्रियारूपेण क्रीडत्कर्मैव जीवः कर्मणोऽतिरिक्तत्वेनान्यस्य चित्स्वभावस्य विवेचकैः स्वयमुपलभ्यमानत्वात्। न खलु तीव्रमन्दानुभवभिद्यमानदुरन्तरागरसनिर्भराध्यवसानसन्तानो जीवस्ततोऽतिरिक्तत्वेनान्यस्य चित्स्वभावस्य विवेचकैः स्वयमुपलभ्यमानत्वात्।

न खलु नवपुराणावस्थादिभेदेन प्रवर्तमानं नोकर्म जीवः शरीरादतिरिक्तत्वेनान्यस्य चित्स्वभावस्य विवेचकैः स्वयमुपलभ्यमानत्वात्। न खलु विश्वमपि पुण्यपापरूपेणाक्रामन् कर्मविपाको जीवः शुभाशुभभावादतिरिक्तत्वेनान्यस्य चित्स्वभावस्य विवेचकैः स्वयमुपलभ्यमानत्वात्। न खलु सातासातरूपेणाभिव्याप्तसमस्ततीव्रमन्दत्वगुणाभ्यां भिद्यमानः कर्मानुभवो जीवः सुखदुःखाकातिरिक्तत्वेनान्यस्य चित्स्वभावस्य विवेचकैः स्वयमुपलभ्यमानत्वात्। न खलु मज्जितावदुभयात्मकत्वादात्मकर्मोभयं जीवः कार्त्स्न्यतः कर्मणोऽतिरिक्तत्वेनान्यस्य चित्स्वभावस्य विवेचकैः स्वयमुपलभ्यमानत्वात्। न खल्वर्थक्रियासमर्थः कर्मसंयोगो जीवः कर्मसंयोगात् खट्वाशायिनः पुरुषस्येवाष्टकाष्ठसंयोगादतिरिक्तत्वेनान्यस्य चित्स्वभावस्य विवेचकैः स्वयमुपलभ्यमानत्वादिति। इह खलु पुद्गलभिन्नात्मोपलब्धिं प्रति चिप्रतिपन्नः सान्नैवैवमनुशास्यः।

એવું કહેનારા સત્યાર્થવાદી કેમ નથી તે કહે છેઃ-

પુદ્‌ગલ તણા પરિણામથી નીપજેલ સર્વે ભાવ આ
સહુ કેવળીજિન ભાખિયા, તે જીવ કેમ કહો ભલા? ૪૪.

ગાથાર્થ :— [एते] આ પૂર્વે કહેલાં અધ્યવસાન આદિ [सर्वे भावा:] ભાવો છે તે બધાય [पुद्गलद्रव्यपरिणामनिष्पन्ना:] પુદ્‌ગલદ્રવ્યના પરિણામથી નીપજ્યા છે એમ [केवलिजिनै:] કેવળી સર્વજ્ઞ જિનદેવોએ [भणिता:] કહ્યું છે [ते] તેમને [जीव: इति] જીવ એમ [कथं उच्यन्ते] કેમ કહી શકાય?

---

ટીકા :— આ અધ્યવસાનાદિ ભાવો છે તે બધાય, વિશ્વને (સમસ્ત પદાર્થોને) સાક્ષાત્ દેખનારા ભગવાન (વીતરાગ સર્વજ્ઞ) અર્હંતદેવો વડે, પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય કહેવામાં આવ્યા હોવાથી, તેઓ ચૈતન્યસ્વભાવમય જીવદ્રવ્ય થવા સમર્થ નથી કે જે જીવદ્રવ્ય ચૈતન્યભાવથી શૂન્ય એવા પુદ્ગલદ્રવ્યથી અતિરિકત(ભિન્ન) કહેવામાં આવ્યું છે; માટે જેઓ આ અધ્યવસાનાદિકને જીવ કહે છે તેઓ ખરેખર પરમાર્થવાદી નથી કેમ કે આગમ, યુકિત અને સ્વાનુભવથી તેમનો પક્ષ બાધિત છે. તેમાં, 'તેઓ જીવ નથી' એવું આ સર્વજ્ઞનું વચન છે તે તો આગમ છે અને આ (નીચે પ્રમાણે) સ્વાનુભવગર્ભિત યુકિત છેઃ- સ્વયમેવ ઉત્પન્ન થયેલા એવા રાગ-દ્વેષ વડે મલિન અધ્યવસાન છે તે જીવ નથી કારણ કે, કાલિમા(કાળપ)થી જુદા સુવર્ણની જેમ, એવા અધ્યવસાનથી જુદો અન્ય ચિત્સ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ પ્રત્યક્ષ ચેતન્યભાવને જુદો અનુભવે છે. ૧. અનાદિ જેનો પૂર્વ અવયવ છે અને અનંત જેનો ભવિષ્યનો અવયવ છે એવી જે એક સંસરણરૂપ ક્રિયા તે-રૂપે ક્રીડા કરતું કર્મ છે તે પણ જીવ નથી કારણ કે કર્મથી જુદો અન્ય ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ તેને પ્રત્યક્ષ અનુભવે છે. ૨. તીવ્ર-મંદ અનુભવથી ભેદરૂપ થતાં, દુરંત રાગરસથી ભરેલાં અધ્યવસાનોની સંતતિ પણ જીવ નથી કારણ કે તે સંતતિથી અન્ય જુદો ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ તેને પ્રત્યક્ષ અનુભવે છે. ૩. નવી પુરાણી અવસ્થાદિકના ભેદથી પ્રવર્તતું જે નોકર્મ તે પણ જીવ નથી કારણ કે શરીરથી અન્ય જુદો ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ તેને પ્રત્યક્ષ અનુભવે છે.૪. સમસ્ત જગતને પુણ્યપાપરૂપે વ્યાપતો કર્મનો વિપાક છે તે પણ જીવ નથી કારણ કે શુભાશુભ ભાવથી અન્ય જુદો ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન

છે અર્થાત્ તેઓ પોતે તેને પ્રત્યક્ષ અનુભવે છે. ૫. શાતા-અશાતારૂપે વ્યાપ્ત જે સમસ્ત તીવ્રમંદપણારૂપ ગુણો તે વડે ભેદરૂપ થતો જે કર્મનો અનુભવ તે પણ જીવ નથી કારણ કે સુખ-દુઃખથી જુદો અન્ય ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ પોતે તેને પ્રત્યક્ષ અનુભવે છે. ૬. શિખંડની જેમ ઉભયાત્મકપણે મળેલાં જે આત્મા અને કર્મ તે બન્ને મળેલાં પણ જીવ નથી કારણ કે સમસ્તપણે (સંપૂર્ણપણે) કર્મથી જુદો અન્ય ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ પોતે તેને પ્રત્યક્ષ અનુભવે છે. ૭. અર્થક્રિયામાં સમર્થ એવો જે કર્મનો સંયોગ તે પણ જીવ નથી કારણ કે, આઠ કાષ્ઠના સંયોગથી (-ખાટલાથી) જુદો જે ખાટલામાં સૂનારો પુરુષ તેની જેમ, કર્મસંયોગથી જુદો અન્ય ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ પોતે તેને પ્રત્યક્ષ અનુભવે છે. ૮. (આ જ રીતે અન્ય કોઈ બીજા પ્રકારે કહે ત્યાં પણ આ જ યુકિત જાણવી.)

(ભાવાર્થઃ- ચૈતન્યસ્વભાવરૂપ જીવ, સર્વ પરભાવોથી જુદો, ભેદજ્ઞાનીઓને અનુભવગોચર છે; તેથી જેમ અજ્ઞાની માને છે તેમ નથી.)

## ગાથા-૪૪ ઉપર પ્રવચન

'એવું કહેનારા સત્યાર્થવાદી કેમ નથી તે કહે છે :—' આવા માનનારા જૂઠાં છે એમ કેમ માનવું? એનો ખુલાસો ૪૪મી ગાથામાં કરે છે.

एदे सव्वे भावा पोग्गलदव्वपरिणामणिप्पण्णा।
केवलिजिणेहिं भणिया कह ते जीवो त्ति वृच्चंति।।४४।।

**પુદ્‌ગલ તણા પરિણામથી નીપજેલ સર્વે ભાવ આ**
**સહુ કેવળીજિન ભાખિયા, તે જીવ કેમ કહો ભલા? ૪૪.**

એ લોકો તો કહે છે કે કર્મને લઈને શુભાશુભભાવ થાય. અહીં એમ કીધું લ્યો. કર્મને લઈને શુભાશુભભાવ એમ કીધું અહીં તો. કઈ અપેક્ષાએ છે? આહા..હા..!

'**ટીકા :— આ અધ્યવસાનાદિ ભાવો છે...**' પાછું છે ખરા એ ભાવ. અજીવનો સ્વાંગ જીવ ઉપર આવો હોય છે. '**તે બધાય, વિશ્વને (સમસ્ત પદાર્થોને) સાક્ષાત્ દેખનારા ભગવાન (વીતરાગ સર્વજ્ઞ)...**' આહા..હા..! વિશ્વ નામ સમસ્ત જગત લોક અને અલોક.

બધા પદાર્થ છેને? વિશ્વ એટલે બધા પદાર્થ. આકાશ પણ—લોક અને અલોક આવી ગયું. આહા..હા..! જેની જ્ઞાનની પર્યાયમાં '**(સમસ્ત પદાર્થોને) સાક્ષાત્ દેખનારા...**' ભવિષ્યની પર્યાયને સાક્ષાત્ દેખતા હશે? ભવિષ્યની પર્યાય ક્યાં થઈ (છે)? ... છેલ્લી કઈ પર્યાય? છેલ્લી જાણી? ભગવાને છેલ્લી જાણી? હોય નહિ ને જાણે શું? આહા..હા..! સાદિસાંતમાં પણ અનાદિશાંત લ્યો, એને એમ જાણી. અનાદિ આદિ નથી માટે અહીંથી થઈ એમ જાણે તો એણે જાણ્યું કહેવાય? તો અહીંથી થઈ તો આદિ થઈ ગઈ. વસ્તુમાં તો વસ્તુ આદિ છે જ નહિ, વસ્તુ અનાદિ છે. છે એને આદિ (કેવી)? આ તો અલૌકિક જૈનદર્શન છે ભાઈ! જેના એક એક બોલને અંતરથી સમજવા, માનવા એ તો અલૌકિક વાતું છે. અંતરથી સમજવા-માનવા હોં! આહા..હા..!

કહે છે, '**(સમસ્ત પદાર્થોને) સાક્ષાત્ દેખનારા...**' એમ શબ્દ છેને? આવી જેને શ્રદ્ધા થાય એવા જીવ તો સમકિતી હોય એમ કહે છે. આહા..હા..! સર્વ પદાર્થને સાક્ષાત્ દેખનારા ભગવાન વીતરાગ સર્વજ્ઞ '**અર્હંતદેવો વડે,...**' આટલા શબ્દ વાપર્યા છે. સાક્ષાત્ દેખનારા ભગવાન અર્હંતદેવો એ વડે '**પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય કહેવામાં આવ્યા હોવાથી,...**' એ પુણ્યના, પાપના શુભ-અશુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ બધા પુદ્‌ગલદ્રવ્યના પરિણામ છે એમ કહ્યું. ગજબ વાત છેને! બેસે કેમ? એક કોર ઉદયભાવ જીવતત્ત્વ કહેવો. તત્ત્વાર્થસૂત્રમાં. પાંચ ભાવ જીવનું તત્ત્વ છે. કારણ કે એની પર્યાયમાં છેને એ અપેક્ષાએ. વસ્તુમાં નથી, વસ્તુ એવી નથી. એમ વાત છેને. આહા..હા..! પર્યાયના અંશમાં છે, એ તો અંશમાં છે ઉદયભાવ. વસ્તુ... એ કહે છે, એ આવ્યા હોવાથી એ પુદ્‌ગલદ્રવ્યના પરિણામ કહેવામાં આવ્યા છે ભગવાનના માર્ગમાં. એક કોર સર્વજ્ઞ સિદ્ધ કર્યા, એની વાણી એટલે આગમ સિદ્ધ કર્યા અને એ આગમમાં આ કહ્યું છે. આહા..હા..! લ્યો, જેઠાભાઈ! આ કર્મને લઈને વિકાર થાય એ તો આવ્યું. પુદ્‌ગલના પરિણામ છે આવ્યું. ઓલા પણ એમ કહે છે અને અહીં તમે એમ કહો છો. એ વાત જુદી છે. એ તો કહે છે, કર્મ હોય તો વિકાર થાય. એ તો એનું કર્મને લઈને અસ્તિપણું પર્યાયનું એને લઈને સ્વીકાર્યું. અહીં તો કહે છે કે એને લઈને સ્વીકાર્યું હોવા છતાં, પોતાને લઈને સ્વીકાર્યું હોવા છતાં વસ્તુમાં એ નથી. સમજાણું કાંઈ? એથી એને જેના નિમિત્તથી નિમિત્તના લક્ષે આલંબને થયા એ એના છે, એ જીવના નથી એમ કહ્યું. સ્વભાવને આશ્રયે થાય? એને આશ્રયે લક્ષ થયું, થયા એ એના પરિણામના કારણે છે, આત્માના સ્વભાવમાં ક્યાં છે?

સ્વર્ગના સુખને અનુભવવું, નરકના દુઃખને અનુભવવું, જે ભાવે તીર્થંકરપ્રકૃતિ બંધાય એ ભાવનું કરવું એ બધા પુદ્‌ગલદ્રવ્યના પરિણામ. કહો, સમજાણું? આજ તો બીજા ઘણા વિચાર આવ્યા હતા કે જે ભાવ છે પુદ્‌ગલ કર્મ બાંધવામાં .. એ ભાવ જાણે જીવ નહિ. હવે

પ્રકૃતિ બંધી એ પણ જીવ નહિ. કારણ કે પ્રકૃતિ બંધી એ પણ પ્રતિજીવીગુણની... શું કહેવાય? પ્રતિજીવી ગુણની પર્યાયમાં વિપરીત નિમિત્ત છે. એ પ્રકૃતિનો નાશ થાય, છે ત્યારે પણ આત્માની પ્રતીજીવી ગુણની પર્યાયને વિઘ્નરૂપ છે નિમિત્તરૂપ. નાશ થાય ત્યારે શું થાય એ? તીર્થંકર (પ્રકૃતિનો) નાશ થાય તો તીર્થંકરપણે પ્રકૃતિનો નાશ થાય એટલે કેવળજ્ઞાન થાય? એના નાશથી તો નામકર્મની પ્રકૃતિ નાશ થઈને અનામ અરૂપી (પર્યાય થઈ). આહા..હા..! એનો નાશ થઈને તો અરૂપી... નામકર્મમાં ભાગ છેને ઈ? નામકર્મનો નાશ થાય તો શું થાય? સૂક્ષ્મપણું પ્રગટ થાય. એમ ત્યાં નથી કીધું કે નામકર્મનો નાશ થાય તો કેવળજ્ઞાન થાય. તીર્થંકરની હયાતીમાં કેવળજ્ઞાન થાય અને નાશ થાય એ વાત જ ક્યાં છે? એ તો પરચીજ છે. ભગવાનજીભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. એ તો એક અપેક્ષા જણાવે છે કે આવી એક ચીજ છે. વસ્તુના સ્વરૂપને શું સંબંધ છે? ચૈતન્ય ભગવાન સર્વજ્ઞદેવે તો એ પરિણામને પુદ્‌ગલના પરિણામ કહ્યા લ્યો અહીં તો. આહા..હા..! ષોડશકારણ ભાવના. એય..! પંડિતજી! આહા..હા..! તારા ચૈતન્ય આનંદના જ્ઞાનસ્વભાવની અપરિમિતતાની સાથે એ રાંકાનો મેળ ક્યાં છે? આહા..હા..! એ પુદ્‌ગલ પરિણામ છે, તું મહા રાજા છો. ચૈતન્ય આનંદનો નાથ જ્ઞાનના સ્વભાવથી ભરેલો પ્રભુ છો. અરે! તને એના ભરોસા નહિ અને આ રાગના ભરોસા? સમજાણું કાંઈ? એને લઈને મને તીર્થંકર પદવી બંધાણી અને પછી તીર્થંકર પ્રકૃતિ પરંપરા મુક્તિનું કારણ છે એવું આવે શાસ્ત્રમાં. એય..! જયસેનાચાર્યમાં આવે છે સમયસારમાં. આવે, આવે બાપુ! ભાઈ! હજી તને એ પરિણામ પુદ્‌ગલના છે એનાથી જુદો એમ જાણવામાં ન આવે અને તને પરિણામ અને પરિણામથી બંધાણી પ્રકૃતિ અને એનાથી લાભ થાય તો તેં અજીવને જીવ માન્યો છે. આહા..હા..! ભારે કામ આકરું. રીતને જાણી નથી, ભાઈ! તું કોણ છો અંદર?

કહે છે કે જેટલા પરિણામ શુભ-અશુભના થાય, એ મહાવ્રતના પરિણામ થાય એ પુદ્‌ગલના પરિણામ છે કહે છે. એય..! શ્રીમદ્‌માં પણ આવે છેને? જે બાદ કરતા બાકી રહે તે આત્મા. અબાધ્ય અનુભવ જે રહે. રાગને બાદ કરી નાખ તો રહેશે ઈ. આહા..હા..! સમજાણું? આ બધા પૈસાવાળાને બધાને ગણવા કેવા? કહે છે. અમે પૈસાવાળા છીએ. એ કેવા જીવ કહેવાય? એ અજીવ કહેવાય. પણ પૈસાવાળા પાસે જાય.. ઓલામાં નહોતું કહ્યું? ઓલા શાંતિભાઈએ ૬૧ હજાર આપ્યા. તમારા જોબાલિયાએ ત્યાં સુરેન્દ્રનગર. ૬૧ હજાર જયચંદભાઈએ આપ્યા. .. છેને. એ તો એના નથી. એ તો એની બૈરાના અને એની મા માટે એના છોકરાએ કાઢેલા એમાંથી આપ્યા. જુદા આપ્યા નથી. ઓલાએ કાઢેલા. કાઢેલા ત્યારે તો માન ખાટ્યું અને એમાંથી આપ્યા ત્યારે પણ માન ખાટ્યું. ગિરધરભાઈ! પણ

આ તો રામજીભાઈ કહેતા હતા. એની પાસે બધા માગે, બે-ચાર જણા શેઠિયાઓ જાય એટલે એને આપે. અહીં તમે કોઈ માગો નહિ તો તમને શેના આપે પૈસા?

મુમુક્ષુ :- ...ગોઠવવું જોઈએ.

ઉત્તર :- ગોઠવવું જોઈએ. તમારા જેવાને મોઢા આગળ લઈ જાય. ગિરધરભાઈ જેવાને મોઢા આગળ લઈને બેસાડે, બે-ચાર જણા મોટા શેઠિયાઓને. ઓલા આવે એટલે બિચારો શરમાઈ જાય. પણ તમે અહીં રહેનાર કાંપમાં અને તમે આવા શેઠિયા અને તમારે નામે કાંઈ ન આવે તો એનો અર્થ શું? અમારે બીજા પાસે માગવા શી રીતે? એવી વાતું કરેને. લ્યો! આ તમારા શાંતિભાઈ. આહા..હા..! ૬૧ હજાર એના વેવાઈએ આપ્યા. ઓલા જયચંદભાઈ છેને. ત્યાં જોરાવરમાં મકાન છે. અહીં આવ્યા હતા. ૬૧-૬૧ હજાર કાઢ્યા. મનમાં એમ થયું હતું હોં જરી એ વખતે. ... વગર કીધે કેમ આપવા? ત્યાં બે-ચાર જણા મોઢા આગળ જાય સરખાયના અને પહેલેથી આમ ખંખેરો કર્યો હોય. હવે શેઠિયા પાસે જાશું તો મળશે. શેઠિયા છે એ પૈસાવાળા છે. એમ કેમ ...? આવું ક્ષયનું એક મોટું કારખાનું કરવું છે. આ તો નજીકમાં છે. શેઠિયા જે .. એના નજીકમાં આવું થાય એ માયલા નજીકવાળાને તો દેવું જ પડે. અમે બહારથી માગશું બીજે. પણ આવી રકમ પહેલી ભેગી થઈ હોય તો પછી... એમ કરીને વાતું કરે બધા. એ.. ગિરધરભાઈ! ... આહા..હા..! અરે! એ માગે મળે નહિ અને આવતા આવ્યા વિના રહે નહિ એવી વાત છે અહીં તો. એ આત્માને કારણે કાંઈ નથી એમ કહે છે. ક્ષયનું ટીબીનું મોટું એક કરોડનું કરવાના છે. .. એમાં કાંઈ નહિ. એ તો ઠીક છે. એ જ્યાં થવાનું હોય ત્યાં થાય. એ તો જે ઠેકાણે.. આત્મા એને લાવી શકે અને બનાવી શકે એ આત્મા નહિ. પૈસા ભેગા કરી શકે અને એનાથી બનાવે એ આત્મા નહિ એમ કહે છે. ભારે વાત! એ બધા પુદ્ગલના પરિણામ ઊભા થવાના અને અહીં રાગ થયો હોય દીધા-લેવાના એ પુદ્ગલના પરિણામ છે. આહા..હા..! એની મેળાએ છે.

અરે! મહાપ્રભુ ચૈતન્ય મહારાજા એ પોતાના અનંત... અનંત... અનંત... અનંત... પવિત્ર ગુણોથી શોભાયમાન (બિરાજે છે) એને આ રાગના પરિણામ કહે છે પુદ્ગલના, ભાઈ! જીવના નહિ એ તો પુદ્ગલના છે. આહા..હા..! એ પુદ્ગલના પરિણામ પોતાના સ્વીકારે એ તો અજીવ છે. જેઠાભાઈ! આહા..હા..! ભારે આકરું!

મુમુક્ષુ :- કુંદકુંદાચાર્યની અજીવની વ્યાખ્યા પણ ભારે.

ઉત્તર :- એ અજીવ જ છે. જીવ એને કહીએ, ચૈતન્યમૂર્તિ જ્ઞાયકભાવથી ભરેલો એને જીવ કહીએ. આ અજીવ છે. આ જીવ છે? એ તો અજીવ છે. રાગ પણ અજીવ અને શરીર પણ અજીવ એમ. એ બધાને મારા (માન્યા છે). શરીર આવ્યું. શરીર જીર્ણ અને નવું થાય એવો આત્મા, અમે તો આત્માને એવો જાણીએ. કારણ કે એમાં બળ ઘટી જાય

છે, શરીર જીર્ણ થાય ત્યારે બળ ઘટી જાય, પુષ્ટ થાય તો વધી જાય છે માટે એની સાથેની ચીજ છે ઈ. શરીરના બળની સાથે આત્માના બળનું શું કામ છે?

કહે છે અર્હંતદેવો વિશ્વને સાક્ષાત્ દેખનારાઓ ભગવાન. આહા..હા..! એ બધા પરિણામને **'અર્હંતદેવો વડે, પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય કહેવામાં આવ્યા હોવાથી, તેઓ ચૈતન્યસ્વભાવમય જીવદ્રવ્ય થવા સમર્થ નથી...'** જુઓ, આવ્યું પાછું. આહા..હા..! એ શુભરાગના પરિણામ દયા, દાન, શુભભાવ એ ચૈતન્યસ્વભાવમય, ચૈતન્યસ્વભાવમય જીવદ્રવ્ય એમ. આહા..હા..! એ એવા થવા સમર્થ નથી. **'ચૈતન્યસ્વભાવમય જીવદ્રવ્ય થવા સમર્થ નથી કે જે જીવદ્રવ્ય ચૈતન્યભાવથી શૂન્ય...'** કે જે જીવદ્રવ્ય ચૈતન્યભાવથી શૂન્ય. જીવદ્રવ્ય ચૈતન્યભાવ છે એનાથી શૂન્ય **'એવા પુદ્ગલદ્રવ્યથી અતિરિકત (ભિન્ન)...'** શુભભાવમાં ચૈતન્યસ્વભાવ એવું જીવદ્રવ્યથી શૂન્ય છે એ ભાવ. પહેલા પુદ્‌ગલ પરિણામ અસ્તિ કર્યું. જીવદ્રવ્યના સ્વભાવથી શૂન્ય એવા પુદ્‌ગલદ્રવ્યથી ભિન્ન કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? **'ચૈતન્યભાવથી શૂન્ય એવા પુદ્ગલદ્રવ્યથી અતિરિકત (ભિન્ન) કહેવામાં આવ્યું છે;...'** આહા..હા..! વિશેષ વાત છે એમાં.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ સુદ-૧, ગુરુવાર, તા. ૧૦-૦૮-૧૯૭૨
## ગાથા-૪૪, પ્રવચન-૧૨૮

૪૪ ગાથા, જીવ-અજીવ અધિકાર. ટીકા ફરીને. **'આ અધ્યવસાનાદિ ભાવો છે...'** અસ્તિ છે. કહે છે કે પુણ્ય અને પાપ, શુભ-અશુભભાવ એની એકત્વબુદ્ધિ એવો અધ્યવસાય એ ભાવો છે. પછી બધા આઠેય બોલ લીધા છેને. અધ્યવસાન આદિ. અધ્યવસાનથી ઉપાડ્યું છે. ખરેખર તો ચૈતન્યનો જ્ઞાયક ત્રિકાળી શુદ્ધ સ્વભાવ એની સાથે વિભાવરૂપ પરિણામની એકતા એ અધ્યવસાન છે. એ અધ્યવસાય 'તે બધાય,...' અને શુભ-અશુભભાવ પુણ્ય-પાપના. કોઈ કહે કે એકત્વબુદ્ધિને જ પુદ્‌ગલના પરિણામ કહ્યા છે. પણ અહીંયાં તો એકત્વબુદ્ધિ લઈને પછી જુદી જુદી વાત પણ કરી છે. શુભ અને અશુભભાવ અને એનું કરવું અને એનું ભોગવવું એ જીવના અસ્તિત્વમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'વિશ્વને (સમસ્ત પદાર્થોને) સાક્ષાત્ દેખનારા ભગવાન...'** સર્વજ્ઞ પરમેશ્વર જેણે એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક પ્રત્યક્ષ પર્યાયની પૂર્ણતામાં દેખ્યા એ ભગવાન **'અર્હંતદેવો વડે, પુદ્ગલદ્રવ્યના પરિણામમય કહેવામાં આવ્યા હોવાથી,...'** વ્યવહારરત્નત્રય દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાના ભાવ, પંચ મહાવ્રતના ભાવ, શાસ્ત્રને ભણવાના વિકલ્પનો ભાવ એ પુદ્ગલદ્રવ્યના પરિણામ. પુદ્ગલદ્રવ્યના પરિણામમય. એને જુદાં પાડવા છેને. આમ તો જ્યારે કહે ત્યારે એમ કહે કે ભાઈ! પરિણામ અને પરિણામી જુદા ન હોય. પરિણામ એનું કર્મ છે અને કર્તા એ આત્મા છે. જ્યારે પરથી જુદું પાડવું હોય ત્યારે એમ આવે છેને, પ્રવચનસારમાં. પરિણમનની ક્રિયા અને પરિણામ એનાથી પરિણામી કાંઈ જુદો નથી. એ પરથી જુદું પાડવાની વાત છે. અહીં તો વિભાવના પરિણામથી જુદું પાડવાનું પ્રયોજનભૂત આ છે. આહા..હા..!

ચૈતન્ય ભગવાન અધ્યવસાન આદિ ભાવો પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી. મય કહેવામાં આવ્યા છે ભગવાનથી (ભગવાન દ્વારા) એમ કહે છે. સર્વજ્ઞની વાણીમાં આ આવ્યું છે. ત્યારે ઓલું આવ્યું છેને વળી? એ જીવના પરિણામ છે. એ પણ સર્વજ્ઞની વાણી છે. પણ એ વાણી વ્યવહારની છે અને આ યથાર્થ નિશ્ચયની છે. અધ્યાત્મની દૃષ્ટિએ નિશ્ચયની હોં! આગમની નિશ્ચય દૃષ્ટિમાં તો એ પરિણામ જીવના જ છે. જીવના જ છે, પરના નહિ. આરે! આટલી બધી અપેક્ષાઓ. આહા..હા..! ભગવાન સર્વજ્ઞદેવોએ, અર્હંત ભગવાને એ શુભ-અશુભભાવ એ આકુળતાના ભાવ, સુખ-દુઃખ આવ્યુંને, એમાં આવ્યું, એ બધા ભાવોને પુદ્ગલમય પરિણામ કહેવામાં આવ્યા હોવાથી. એનો અર્થ કે એ પરિણામ અને પરિણામી અભેદ છે. એટલે પુદ્ગલની સાથે એનું અભેદપણું જાય છે, આત્માની સાથે નહિ. આ ભારે વાતું આકરી.

**'તેઓ ચૈતન્યસ્વભાવમય જીવદ્રવ્ય થવા સમર્થ નથી...'** ભગવાન ચૈતન્ય સ્વભાવમય આત્મા એ પણે પુણ્યના દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ કે હિંસા, જૂઠું, ચોરી, વિષય વાસનાના ભાવ ચૈતન્યસ્વભાવમય જીવ થવાને લાયક નથી. આહા..હા..! લ્યો! શું આ તમારા વર્ષીતપ ને ઉપધાન ને, એમાં રાગની મંદતા હોય તોપણ ચૈતન્યસ્વભાવ જીવમય થવાને લાયક નથી એમ કહે છે. આહા..હા..! **'પુદ્ગલદ્રવ્યના પરિણામમય કહેવામાં આવ્યા હોવાથી,...'** ભગવાને તો એને પુદ્ગલદ્રવ્યના પરિણામમય (કહેવામાં આવ્યા) હોવાથી. ચૈતન્યસ્વભાવમય એકલો જાણનાર-દેખનાર જ્ઞાયકસ્વભાવમય એવો આત્મા. એના **'જીવદ્રવ્ય થવા સમર્થ નથી...'** હવે એ ચૈતન્યસ્વભાવમય જીવદ્રવ્ય થવા સમર્થ નથી. ત્યારે પર્યાય થવા સમર્થ હશે? આહા..હા..! સમજાણું કાંઈ? આ શરીર, વાણી, મન અને આ બધું દેખાય જેટલું એ તો બધું પુદ્ગલની વિભાવિક પર્યાય (છે), ઈન્દ્રિયોથી જે કાંઈ દેખવામાં આવે, શરીર, વાણી .. બધી પુદ્ગલની વિભાવી અવસ્થા એનાથી તો જુદો.

જગતને આંખથી દેખવામાં આવે તે પુદ્‌ગલની વિભાવિક પર્યાય. એનો પરમાણું કે એના ગુણો પણ એને દેખવામાં આવે નહિ. આહા..હા..! એ પણ એને દેખે એમ કહેવું એ વ્યવહાર છે. એની પર્યાયમાં તે તાકાત પ્રમાણે જ્ઞાન, આવું અસ્તિત્વ છે એમ જાણવાપણે પરિણમે છે છતાં કહે છે કે એ ચીજથી અને એ જ્ઞાનનું જે જાણવું પરિણમવું થવું અસ્તિત્વ છે બધું, એવા જ્ઞાનના ભાવથી પણ એ જુદી ચીજ છે. પરલક્ષી છેને ઈ? આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગ સ્વભાવ માર્ગ કોઈ અલૌકિક છે! અનંત કાળથી હાથ ન આવ્યો એ માર્ગ તો દુર્લભ જ હોયને. અશક્ય ન હોય, અશક્ય ન હોય. ... અને અપૂર્વ હોયને. આહા..હા..! કહે છે એ પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય કહેવામાં આવ્યા હોવાને કારણે, એમ પાછું.

‘**તેઓ ચૈતન્યસ્વભાવમય જીવદ્રવ્ય થવા સમર્થ નથી કે જે જીવદ્રવ્ય ચૈતન્યભાવથી...**’ જે જીવદ્રવ્ય એટલું બસ. જીવદ્રવ્ય કેવો છે ભગવાન? જે ‘**ચૈતન્યભાવથી શૂન્ય એવા પુદ્ગલદ્રવ્યથી અતિરિકત (ભિન્ન) કહેવામાં આવ્યું છે;...**’ આહા..હા..! ભગવાન આત્મા જીવદ્રવ્ય એને ભગવાને કીધું કે જે પુણ્ય અને પાપના ભાવ આદિ, એ ચૈતન્યસ્વભાવથી શૂન્ય છે. શરીર, વાણી, મન, કર્મ અને પુણ્ય-પાપના ભાવ અને પુણ્ય-પાપ તે મારા, શુભભાવ મારા એવી એકત્વબુદ્ધિ એ બધા ચૈતન્યસ્વભાવથી શૂન્ય છે એ ભાવ. સમજાણું કાંઈ? આહા..હા..! ચૈતન્યપ્રકાશનો પુંજ પ્રભુ એવું જે જીવદ્રવ્ય એમ કીધુંને? ચૈતન્યસ્વભાવથી શૂન્ય એવા. એમ. પુણ્ય અને પાપ, શુભ અને અશુભભાવ, દયા, દાન, વ્રતાદિનો ભાવ એ ચૈતન્યસ્વભાવથી ખાલી છે. શું? (રાગાદિ) ભાવ એ ચૈતન્યસ્વભાવથી ખાલી છે. એવા પુદ્‌ગલદ્દ્રવ્ય છે એ તો. આહા..હા..! એનાથી જીવદ્રવ્યને તો અતિરિક્ત કહેવામાં આવ્યું છે. આહા..હા..! કાને પડવા મુશ્કેલ પડે અને અંદર હા પાડવી મુશ્કેલ. આહા..હા..! પંડિતજી! કરો વ્યવહાર અને પછી નિશ્ચય પમાશે. વ્યવહારની દિશા જ પર ઉપર જાય છે. એનાથી સ્વ ઉપર જાય એવું કાર્ય થાય? આહા..હા..!

કહે છે, બે વાત સિદ્ધ કરી કે ‘**પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય કહેવામાં આવ્યા હોવાથી, તેઓ ચૈતન્યસ્વભાવમય જીવદ્રવ્ય થવા સમર્થ નથી કે જે જીવદ્રવ્ય...**’ હવે. કોણ? ઓલા પરિણામ પુણ્ય-પાપના એ ચૈતન્યસ્વભાવમય જીવ છે એ થવાને લાયક નથી. હવે જીવ કેવો? આહા..હા..! જીવદ્રવ્ય એવો છે, ભગવાને એવો કહ્યો છે, સર્વજ્ઞ પરમેશ્વરે એવો કહ્યો છે. આગમમાં એ જ રીતે કીધું છે. સમજાય છે? અનુભવમાં એ રીતે જ આવે છે. ત્રણ વાત કરશે. આગમ, યુક્તિ અને અનુભવ. કહે છે... આહા..હા..! (જીવને) વિકલ્પથી શૂન્ય કહેવામાં આવ્યો છે અને વિકલ્પથી અભેદ પુદ્‌ગલના પરિણામ કહેવામાં આવ્યા છે એને તો. જુઓ! આ અજીવનો ભેખ જીવે પહેર્યો એમ અજ્ઞાની માને છે. સમજાણું કાંઈ? એ ચૈતન્યસ્વભાવથી ખાલી—શૂન્ય છે એ તો. એવા જે પુદ્‌ગલદ્રવ્ય. એને પાછું પુદ્‌ગલદ્રવ્ય

લઈ લીધું આખું. અહીં જીવદ્રવ્ય, ઓલું પુદ્‌ગલદ્રવ્ય. પહેલા સાધારણ પરિણામની વાત કરી હતી. પરિણામ તન્મય અભેદ છે પુદ્‌ગલની સાથે. તેથી તે પુદ્‌ગલદ્રવ્યથી ચૈતન્યસ્વભાવવાળું જીવદ્રવ્ય જુદો છે. અને ચૈતન્યસ્વભાવ તે એનાથી ખાલી એ ભાવ છે માટે એનાથી ભગવાન અતિરિક્ત નામ ભિન્ન છે.

'માટે...' ઓહો..! એક વાત જાણે .. અહીં તો હજી શરીરની ક્રિયાથી ધર્મ થાય કે નહિ? આવા પ્રશ્ન છે. પંડિતજી! વાંચ્યા કે નહિ? ખાણિયા ચર્ચા, ખાણિયા ચર્ચા. એમાં છેને. વાંચ્યું? વાંચ્યું છે? એમાં બીજો પ્રશ્ન છે. ૧૭ પ્રશ્ન છે. પંડિતો તરફથી સામા પક્ષ તરફથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, વાત સાચી. ફૂલચંદજી એમ કહેતા હતા. પંડિતોમાં કેટલું જ્ઞાન છે એ પ્રકાશે. એમાં બીજો પ્રશ્ન ઈ છે. ... કરે છે એ કર્મને લઈને છે કે નહિ? એ છે. બીજો પ્રશ્ન આ છે (કે) જીવિત શરીરથી ધર્મ થાય કે નહિ? અરે ભગવાન! શું તું કહે છો આ? અહીં તો રાગના પરિણામ એ પુદ્‌ગલમય કહ્યા, એનાથી જીવ નથી. આહા..હા..! આ તો પંડિતોના પાણીના માપ આવી ગયા. શરીર આ જડ એને તો પુદ્‌ગલ કહ્યું, પણ પુણ્ય-પાપના ભાવ પણ પુદ્‌ગલમય પરિણામ છે ઈ, અભેદ છે ઈ. પછી અહીં છેવટે કીધું કે એ પુદ્‌ગલદ્રવ્ય છે. ચૈતન્યસ્વભાવથી ખાલી છે એ તો. ઓહો..હો..! કથન તે કથન! ભગવાન એમ કહે છે. ૪૬માં પાછું આવશે. ભગવાને પણ એને વ્યવહારે એના કીધા છેને. વ્યવહારે એટલે એની પર્યાયમાં છે પર્યાયદૃષ્ટિથી જોવો તો. વસ્તુદૃષ્ટિથી જુઓ તો એમાં નથી. આહા..હા..! અરે! આ પૈસા તો નથી આત્મામાં, શેઠ! તમારી મૂડીયું બધી, ૪૦-૪૦ મોટરું, મોટા મકાન ૬-૬ લાખના, એ તો આત્મામાં નથી અને એ તો પુદ્‌ગલમય છે બધા. આહા..હા..!

મુમુક્ષુ :- ચૈતન્યસ્વભાવથી ખાલી છે.

ઉત્તર :- ખાલી છે એ તો. મોમ્બાસામાં હતાને મકાન? ક્યાં હતા? નાઈરોબી? નાઈરોબીના મકાનનું દોઢ લાખ રૂપિયા તો ભાડું આવતું હતું. પછી એમ જાણ્યું કે .. વેંચી નાખ્યું. દોઢ લાખ રૂપિયાનું ભાડું હોં! ભાડું સમજ્યાને? ભાડું એટલું ઉપજતું હતું. ધૂળ. એ કહે છે કે ખાલી છે. એ તો ચૈતન્યના સ્વભાવથી ખાલી છે. એ ચૈતન્યના સંબંધમાં ક્યાં છે? આહા..હા..! નિશ્ચયનો ઓલો અર્થ કર્યો છેને નિશ્ચયનો? ફૂલચંદજીએ નિશ્ચયનો અર્થ (કર્યો છે). નિશ્ચય-ચયથી રહિત. ભગવાન આત્મા ગુણ-પર્યાયના ભેદથી પણ રહિત માટે નિશ્ચયતત્ત્વ એમ કહે છે. શરીર, વાણીથી તો રહિત, પુણ્ય-પાપના પુદ્‌ગલ પરિણામથી પણ રહિત એમ ભગવાને કહ્યું છે પણ એમાં નિશ્ચય—ચય વિનાનો છે એ. ચય-ચિ ધાતુ છેને. એકઠું છે. ગુણપર્યાય એવા છે ભેદો. એવા જે ચય એનાથી રહિત તે આત્મા નિશ્ચય છે. આહા..હા..!

મુમુક્ષુ :- પર્યાયથી...

ઉત્તર :- ગુણ-પર્યાયથી, ભેદથી રહિત છે. ચય છેને? સમુદાય છેને? ગુણ-પર્યાયનો સમુદાય, ભેદ, સંયોગ સંબંધ, નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એ બધાથી તે સંબંધવાળો નથી, રહિત છે. આહા..હા..! સમજાણું કાંઈ? એને નિશ્ચય કહીએ. ઓલાએ વળી ઉપાદાન અને નિમિત્તની વ્યાખ્યા કરી. રતનચંદજી. એણે આ કરી વ્યાખ્યા. .. આણે આ કરી. આહા..હા..! નિમિત્ત તો જુદું પણ નિમિત્તના લક્ષે વિકલ્પ ઉઠે એથી જુદો, પણ ગુણ અને પર્યાયના ભેદ પડે એનાથી ચયથી રહિત છે. આહા..હા..! ગજબ વાત છે! વસ્તુસ્થિતિ આવી છે ત્યાં. અભેદનો આશ્રય લીધા વિના એને સત્યનું પ્રયોજન સિદ્ધ થાય જ નહિ. જેમાં સુખી થવું છે એટલે કે સમ્યગ્દર્શન છે એ સુખી થવાનો રસ્તો છે. સમ્યગ્દર્શન એ સુખનો પંથ છે. એ સમ્યગ્દર્શનનો વિષય તો ભેદ પણ નથી. આહા..હા..! સમજાણું? ત્યાં પછી આ પુણ્ય-પાપના પરિણામ તો પુદ્ગલના પરિણામમય હોવાથી જીવદ્રવ્ય થવાને લાયક નથી. અને જીવદ્રવ્ય પણ ચૈતન્યથી શૂન્ય એવા પુદ્ગલથી અતિરિક્ત કહેવામાં આવ્યું છે. આહા..હા..! એક જ પંક્તિ સમજેને, એક જ આ.

**'માટે જેઓ આ અધ્યવસાનાદિકને જીવ કહે છે...'** આ કારણે. એ પુણ્યના ભાવથી જીવને લાભ થાય, શુભભાવથી જીવને લાભ થાય એમ જે કહે છે **'તેઓ ખરેખર પરમાર્થવાદી નથી...'** જૂઠાં છે બધા. આહા..હા..! સમજાણું કાંઈ? પરમાર્થને સમજનારા, કહેનારા નથી એટલે કે પરમાર્થને સમજનારા નથી. **'ખરેખર પરમાર્થવાદી નથી...'** આહા..હા..! આવું પરમસ્વરૂપ જેને હજી દૃષ્ટિ અને શ્રદ્ધામાં, વ્યવહારશ્રદ્ધામાં પણ લેતાં ન આવડે એને નિશ્ચય સમ્યગ્દર્શન ત્રણકાળમાં થાય નહિ. આહા..હા..! આવી ચીજ છે. ત્રિલોકનાથ સર્વજ્ઞદેવે આમ કહ્યું છે. ત્યારે પ્રશ્ન ઉઠશે વ્યવહારનો ૪૬માં. આ પણ અરિહંતદેવે કહ્યું છે. આહા..હા..! ઓલો વ્યવહાર કહ્યો છે, ભાઈ! આહા..હા..! એ સ્વરૂપમાં નથી અને સ્વરૂપ થવાને લાયક એ રાગ નથી. અને રાગથી રહિત જ એનું સ્વરૂપ છે જીવનું. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણું પડે. પહોંચી શકે નહિ અંદર. હજી હા પાડવામાં પહોંચી શકે નહિ તો અંદરમાં તો ક્યાં જાય? એય..! કર્મથી વિકાર થાય શુભભાવ, કર્મથી શુભભાવથી આત્માનો ધર્મ થાય. આહા..હા..! ગજબ વાત છેને. જડથી ધર્મ થાય આત્મામાં (એમ) એનો અર્થ થયો. શોભાલાલજી! આહા..હા..! પુદ્ગલદ્રવ્યથી અતિરિક્ત ચૈતન્યને કહેવામાં આવ્યો છે એમ કીધું. જીવદ્રવ્યને. ભગવાને એમ કહ્યું છે. આહા..હા..! ત્રિલોકનાથ ભગવાને એમ કહ્યું છે.

**'માટે જેઓ આ અધ્યવસાનાદિકને...'** આઠ બોલ છેને આ? એને જીવ કહે છે એટલે કે એ જીવમાં છે, જીવના છે, જીવને એનાથી લાભ થાય છે **'તેઓ ખરેખર પરમાર્થવાદી નથી. કેમ કે આગમ, યુક્તિ અને સ્વાનુભવથી તેમનો પક્ષ બાધિત છે.'** એય..!

પ્રકાશદાસજી! આ શું કીધું? સાહેબની ભક્તિ અને ગરીબને ભૂખ્યાને દાન, આ કબીરનો માર્ગ. આ બધા કબીરના ભક્તો સાધુ માને. કબીર સાહેબે તો આમ કહ્યું છે. વળી એ તો ઊંચો ઊંચો જૈન કહે છે પરમેશ્વરને એનાથી ઊંચો. પણ અહીં હજી ઠેકાણું તારું નથી અને ઊંચો ક્યાંથી આવ્યો? 'કબીર કહે કમાલ કો દો બાતા સીખ લે.' એમ આવે છેને? 'કર સાહેબકી બંદગી, ભૂખ્યા કો કુછ દે.' લ્યો! આહા..હા..! એય..! વળી એકકોર એમ કહે કે જૈન જે કહે છે ... એનાથી અમારા પરમેશ્વર ઊંચા છે. એથી આગળ છે, એના સાહેબના સાહેબ છે. એક અપેક્ષાએ તો એ સિદ્ધ છે એનાથી પણ જુદું છે. વાત સાચી. તત્ત્વ જીવ એવું છે, પણ એ એને ખબર નથી. સિદ્ધપદની સ્થિતિથી પણ આત્મા જુદી ચીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

અરે! તારે પ્રયોજન સુખનું, સમકિતનું પ્રગટ કરવું હોય એ પ્રયોજન છે જીવનું. બંધનમાં તો રખડે છે. હવે એને બંધનથી મુક્ત થવાનું પ્રયોજન શું? હેતુ શું? એ કારણે પ્રયોજન સિદ્ધ થાય એમ. આહા..હા..! આવો ભગવાન રાગથી શૂન્ય અને રાગથી ચૈતન્ય શૂન્ય. રાગથી ચૈતન્ય શૂન્ય અને રાગ ચૈતન્યથી શૂન્ય. આહા..હા..! સોભાગમલજી! આ બધા.. આહા..હા..! ભોગના સુખની કલ્પના, કહે છે કે એ તો પુદ્ગલના પરિણામ છે એમ કહે છે. આહા..હા..! એ આત્મા નહિ, ભગવાન! કેમકે એ ભોગના સુખની કલ્પના એ ચૈતન્યસ્વભાવથી શૂન્ય છે અને પુદ્ગલ પરિણામમય છે માટે એ પુદ્ગલદ્રવ્ય છે. આહા..હા...!

મુમુક્ષુ :- મય કીધું.

ઉત્તર :- અભેદ છે માટે. સમજાણું કાંઈ? આવો આત્મા છે એ ક્યાંય સાંભળ્યો પણ નથી. આત્મા કોને કહેવો? આ ત્રસ. હાલે ચાલે એ ત્રસ અને સ્થિર રહે એને સ્થાવર. ત્રસ અને સ્થાવર એની આ વ્યાખ્યા. એય..! ચેતનજી! જીવ વિચાર કરે કે આટલા ભેદ જીવના. આહા..હા..!

અહીં તો ગુણપર્યાયનો ભેદ પણ વ્યવહારનો વિષય છે. અભૂતાર્થ છે. આહા..હા..! '**ववहारोऽभूदत्थो**' કીધુંને? સદ્ભૂત વ્યવહારનય પણ વ્યવહાર છે. એ પણ અભૂતાર્થ છે. એ છતી ચીજ નહિ. એકરૂપ જીવદ્રવ્ય ભગવાન જ્ઞાયકભાવ જે રાગથી અને નિમિત્તથી તો જુદું પણ પર્યાયના ભેદથી જુદી ચીજ છે. એવો જે જ્ઞાયક ચૈતન્યદ્રવ્યસ્વભાવ, ભગવાને પુદ્ગલમય પરિણામથી જુદો કહ્યો. કેમ કે એ પુદ્ગલ પરિણામમય ચૈતન્યસ્વભાવથી શૂન્ય છે. કહો, આમાં તો બેને બે ચાર જેવી સીધી વાત છે. પણ માણસને વાદવિવાદ કરીને અરેરે! આવો કાળ માંડ આવ્યો, આંખો મીંચાઈ જઈને ચાલ્યો જશે ક્યાંક. ચોર્યાસીના ઘાટમાં. જાળવીને ચાલજો... નથી આવતું? .. આવે છેને? શું તમારે? ઘાટ આવે છેને. .. નીચે મોટા ખાડા, ખીણ હોય, આમ ત્રણ ત્રણ મોટા ડુંગરા ઊંચા. મોટી પંદર માઈલમાં આવે

છે ઘાટ-ઘાટ. સીધી સડક ન હોય ત્યાં. ત્યાં ક્યાં સીધી સડક હોય? ત્યાં તો આડાઅવળા પડ્યા હોય ઓલા આમ... આમ... ધ્યાન રાખવું જોઈએ બહુ. નહિતર મોટરના ભુક્કા થઈ જાય. અમે એક ફેરી ગયા હતા તો મોટર અથડાણી હતી, પડી હતી. ચાલવાનું માંડ-માંડ. નહિ એક ઠેકાણે? ત્યાં મોટર-બોટર જોઈ હતી. ઊંચી મોટર છે, કોઈ ઊંચા માણસ છે. માર્ગ કરી દીધો. અથડાણી, રહી ગઈ. પડી હતી હેઠે. આ મોટી ચોર્યાસીની ખાણ છે કહે છે. મોટો ઘાટ. એને ઓળંગવાનો માર્ગ તો જ્ઞાયકસ્વભાવ અભેદ એ જીવદ્રવ્ય એનું અવલંબન લેવું એ ઓળંગવાનો માર્ગ છે. સમજાણું કાંઈ? એવા ઘણે ઠેકાણે ઘાટ આવે છે. આપણે તો આ એક જોયો. ... ઊંડો ઊંડો હોય. સડક આમ ચાલી જાતી હોય.

આ નવનીતભાઈ... નવનીતભાઈને? એનો દીકરો એમ મરી ગયોને? .. જાતો હતો ઘોડે. એક દીકરો હતો, મરી ગયો. એક જ છોકરો. ઘોડો અને છોકરો બેય પડ્યા હેઠે ખીણમાં. ખીણમાં. થઈ રહ્યું. ત્યાં કોણ લેવા જાય? એમને એમ છોકરો અને ઘોડો ... ગયો ત્યાં નીચે. ઊંડી ઊંડી ખાણું. ઝાડના પાર ન મળે. આહા..હા..! એમ આ ચોર્યાસીના અવતાર ઊંડી ખાણ છે. ક્યાં અવતરશે? ક્યાં જાશે? ક્યાંય પત્તા નથી. આહા..હા..! એને ઉતરવાનો આરો હોય તો આ એક છે કહે છે. જે પુદ્ગલ પરિણામમય રાગાદિ એનાથી ચૈતન્યસ્વભાવ ભિન્ન છે. આહા..હા..! એની અંતર દૃષ્ટિનો પ્રસાર કરવાથી સમ્યગ્દર્શન થતા ભવના અંતના ભણકાર વાગે છે. ભવ જ નથી ત્યાં વસ્તુમાં કેવા? ભવ અને ભવનો ભાવ જ પુદ્ગલમય છે ત્યાં આત્મામાં એ ક્યાં છે? આહા..હા..! એ તો નિર્વાણપુરી છે. ભગવાન તો નિર્વાણપુરી પોતે. નિર્વાણનાથ. નિર્વાણનગરમાં પેસતા આ એની પર્યાયમાં નિર્વાણતા થશે, બાકી કોઈ માર્ગ નથી.

મુમુક્ષુ :- નિર્વાણનગર આપ કોને કહો છો?

ઉત્તર :- આત્માને. એમાંથી નિર્વાણપર્યાય થાય છે એ આખું સ્થાન પોતે નિર્વાણનગર છે. આહા..હા..! કહે છે કે એને અમે જીવદ્રવ્ય કહીએ. બીજી ભાષાએ કહીએ તો દ્રવ્યને મુક્ત કીધું છેને? જીવદ્રવ્ય એ મુક્તસ્વરૂપ છે. પર્યાયમાં મુક્તિ ... પણ એ મુક્તસ્વરૂપ જ છે. બીજી ભાષાએ કહીએ તો અબંધને જુઓ તો અબંધ પરિણામ થાય. એ અબંધ એટલે મુક્તસ્વરૂપ છે એ. બીજી બીજી રીતે વાત કરી છે. ભગવાન મોક્ષસ્વરૂપ જ છે. આહા..હા..! એ આવે છેને આપણે ૩૨૦ ગાથામાં નહિ? ભાઈ! અહીં તો મોક્ષપર્યાય થાય એની વાત છે. વસ્તુ તો મોક્ષસ્વરૂપ જ છે. એની પર્યાય મોક્ષની થાય એનો એ કર્તા દ્રવ્ય નથી. મુક્તસ્વભાવ મુક્તની પર્યાયનો પણ કર્તા નહિ. આહા..હા..! આવી વાત ક્યાં..? બિચારાને એવું લાગે માણસને. ઓલી તો એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિયા, પંચેન્દ્રિયા. આવડે છે કે નહિ ઈચ્છામી પડિક્કમણું? જીવિયા વહોરવિયા મિચ્છામી દુક્કડમ જાવ. તસ્સઉતરી

કરણેણં તાવકાયં અપ્પાણં વોસરે જાવ. આહા..હા..!

અહીં તો ભગવાન અરિહંત દેવોએ તો એમ કહ્યું છે કે એને જીવ કહે છે રાગને, પુણ્યને, એનાથી જીવને લાભ કહે છે એ બધા જીવને આવો માનનારા છે એમ કહે છે. એ પરમાર્થવાદી નથી. આગમ, યુક્તિ અને સ્વાનુભવથી તેમનો પક્ષ વિરોધ પામે છે, બાધિત છે. આહા..હા..! **'તેમાં, 'તેઓ જીવ નથી' એવું આ સર્વજ્ઞનું વચન છે તે તો આગમ છે...'** કહો, સમજાણું કાંઈ? એ પુણ્ય અને પાપ, દયા અને દાન શુભરાગ આદિ જીવ નથી. એ તો આગમનું વચન છે. કહો, સમજાણું કાંઈ? એ સર્વજ્ઞનું વચન છે માટે આગમ છે. સમજાણું કાંઈ? પરમાગમ. કહો, સમજાણું કાંઈ? માથે આવી પડ્યા કામમાં રોકાવું. મારી નાખ્યો. એઈ..! કામ આવી પડેને બધા બહારના, સંચા કર્યા ને ઢીંકણા કર્યા અને ફલાણા કર્યા. એય..! આ તમારા ભાઈની વાત છે. એમ બીજા બધાએ લેવું. માથે કામ આવી પડે તો. આહા..હા..! કહે છે કે સર્વજ્ઞનું વચન એ છે કે તેઓ જીવ નથી એમ કીધું છે. તો આગમમાં, પરમાગમમાં એ શુભભાવને જીવ કહ્યો નથી. આહા..હા..!

મુમુક્ષુ :- જીવ નથી એમ કહ્યું છે.

ઉત્તર :- જીવ નથી એમ કહ્યું આગમમાં. ત્યાં આવું સાંભળ્યું હતું? ઉપધાન કર્યા. કેટલા કર્યા? બે-ત્રણ વાર? ઉપધાન-ઉપધાન. ચાર વાર. ઉપધાનની મજૂરી કરી ઉઠ-બેઠ કરે ભગવાનના. પગે લાગે. માંડ કંટાળો આવી જાય તો પાપ થઈ જાય. આહા..હા..! ભગવાન તો કહે છે કે એ વિકલ્પ છે એ આકુળતા છે અને એ પુદ્‌ગલના પરિણામ હોવાથી એ પુદ્‌ગલ છે અને જીવ થવાને લાયક નથી કેમકે જીવના સ્વભાવથી એ શૂન્ય છે. આ જીવનો સ્વભાવ છે તો જ્ઞાયકભાવ ત્રિકાળ ધ્રુવ છે. આહા..હા..!

**'આ સર્વજ્ઞનું વચન છે તે તો આગમ છે...'** લ્યો આ નિશ્ચયનું આ આગમ. નિશ્ચયવચન તેને અહીંયાં પરમાર્થ આગમ કહીએ. વ્યવહારના વચનોને જાણવાના કહ્યા છે, છે એમ જાણવું. જાણવા માટે છે. સમજાણું કાંઈ? **'અને આ (નીચે પ્રમાણે) સ્વાનુભવગર્ભિત યુકિત છે :-'** યુક્તિ અને અનુભવ બે ભેગા નાખે છે હવે. આગમ કહ્યું. વીતરાગના સર્વજ્ઞના મુખમાંથી વાણી નીકળી એણે એમ કહ્યું કે એ રાગ અને પુણ્ય દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ જીવ નથી. તું હોંશ કરીને એમાં રહેતો હોય તો એ જડમાં રહે છે એમ કહે છે. આહા..હા..! ભારે! સમ્મેદશિખરના એક પગલાના દર્શન થાય એટલે સમ્યગ્દર્શન ન્યાલ થઈ જાય. કહે છે કે એના દર્શનમાં તો રાગ શુભભાવ છે. આહા..હા..! બહુ ઉત્સાહથી અને હોંશથી ગાતો હો, આવા ભગવાન, આ ભગવાન... એ બધો રાગ તો પુદ્‌ગલ છે કહે છે. આહા..હા..! એવું સર્વજ્ઞ ભગવાને કહ્યું છે. આગમમાં આમ કહ્યું છે એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવે એ જણાવ્યું છે, પણ એ છે એના એમ નહિ. એ જીવ નથી પછી બહાર તો આખી દુનિયા પડી છે અને રાગ બધો દુનિયામાં જાય છે. વ્યવહારરત્નત્રય જગતમાં વિશ્વધર્મ... વિશ્વ એટલે અનેક સ્વભાવ એમાં એ જાય છે. ભગવાન એક સ્વભાવી વસ્તુ છે. સમજાણું કાંઈ? આમાં પરદેશના માણસો બિચારા અરે! રળવા જાય બધા અમેરિકા ને ... રખડી મરે બિચારા. ન્યાં ૧૦-૧૦ હજારના પગાર અને ૧૫ હજારના પગાર. હવે ત્યાં તો ઢેઢને પણ પંદર હજારનો પગાર હોય, સાંભળને હવે. ત્યાં જાય તો આહા..હા..! ક્યાંય ચડ્યા અને જાણે ક્યાંય વધી ગયા છોકરા મારા. એય..! કેટલાય પૈસા આપ્યા હતા ત્યાં એના દીકરા માટે. સુમનભાઈ. એ બધા પૈસા ઉપરાંત ખાવું-પીવું કાઢીને પચાસ હજાર લઈને આવ્યો લ્યો હવે. અમેરિકાથી. ૫૦-૬૦ હજાર તો ભણાવવામાં રોકડા આપ્યા હતા. એ સિવાયનો ખર્ચ કાઢ્યો ત્યાં. પાંચ-પાંચ હજાર આહા..હા..! એક એક મહિનાનો હોં ત્યાં ખર્ચ. બધો કાઢ્યો અને વળી પચાસ હજારનો નવો માલ લઈને અહીં ઉતરે ઓહો..હો..! શું કરીને આવ્યો જાણે! ધૂળેય નથી કર્યું સાંભળને. ઝેર પીધા છે એકલા. આહા..હા..! એય..! જડને ચૈતન્ય માન્યો છે. તો એ બિચારો .. અરે! અમે અહીં આવી પડ્યા છીએ. આમાં ક્યાંય નથી ધર્મ. આહા..હા..!

અરે! અમૃતનો સાગર એને કાંઠે જાવું ગોઠે નહિ અને આવા વિકારના ઝેરના ભરેલા દરિયા એના સમીપમાં ઘૂંટડા પીવા એના અને એને માનવો હુશિયારી. ભગવાનજીભાઈ! કહ્યું હતુંને, એકનું ... મકાનનું વાસ્તુ લીધું હતું. તે દિ' અમે ત્યાં હતા અને એના મકાનમાં ઉતર્યા અમે. કો'કને મોઢે વાત સાંભળી હતી. અમેરિકાથી ભણીને જો આવે તો મારે પચાસ હજારની કન્યા બે દેવી છે. એક જણ આવ્યો. માગણું આવ્યું છે, અમદાવાદના હરિભાઈ. ખબર છે. ત્યાં ઓલામાં ઉતર્યા હતાને અમે નવા મકાન કર્યા ત્યાં. તે દિ' વાત સાંભળી હતી. કન્યાને પરણાવવી છે પણ જો અમેરિકાથી કોઈ ઉતર્યો હોય, પચાસ હજાર ત્યાં આપીને, સાકરિયા. જમુભાઈના ભાઈના દીકરા. ઈ ત્યાં રહે છેને. એ આવ્યા હતા. બેય આવ્યા હતા. આપણે આંકડિયા હતાને. બેય આવ્યા હતા. અરેરે! પણ આમાં શું ...? ભાઈ! શું તમે કમાણા આમાં? શું તમે એમાં રળ્યા? ઘરની પૂંજી ગુમાવી છે. આહા..હા..! એમાં પાછા હરખજમણ કરે. ભાઈ ચાર-પાંચ વર્ષે અમેરિકાથી આવ્યા છે. બનાવો લાપસી, ઢોકળા, ભજીયા, કેરીનો વખત હોય તો કેરીનો રસ. રસ અને ઘીની પુરી. કેરી હોયને રસ? અંબ—ઊંચી કેરીનો રસ અને પુરી ઘીની. બસ આમ ખાય પીવે ને...

મુમુક્ષુ :- એટલો તો આનંદ આપેને.

ઉત્તર :- ધૂળમાંય નથી. ઝેર છે. એમાં આત્મા તો આવ્યો નહિ ક્યાંય. આહા..હા..! સોભાગમલજી! ભગવાન એમ કહે છે જુઓ! આહા..હા..! ત્રિલોકનાથ તીર્થંકરદેવ સો ઈન્દ્રના

પૂજ્ય પ્રભુ એની વાણી કે એ રાગ એ જીવ નહિ હોં નાથ. તારે રક્ષા કરવા જેવી ચીજ નહિ, રાખવા જેવી નહિ. તારામાં નથી માટે રાખવા જેવી નહિ. આહા..હા..! જાણવા જેવી તો હોયને. એ તો કીધુંને, વ્યવહાર જાણેલો પ્રયોજનવાન. એ તો જાણવા જેવું તો આખી દુનિયા હોય, એમાં શું? ભેગી એ ચીજ પણ હોય.

**'અને આ (નીચે પ્રમાણે) સ્વાનુભવગર્ભિત યુકિત છે :-'** સર્વજ્ઞનું વચન કહ્યું આગમ. હવે યુક્તિ. **'સ્વયમેવ ઉત્પન્ન થયેલા એવા રાગ-દ્વેષ વડે મલિન...'** કહે છે કે રાગ-દ્વેષ તો એની મેળાએ ઉત્પન્ન થયેલા છે, દ્રવ્યસ્વભાવમાં છે નહિ. આહા..હા..! આ અધ્યવસાયની વાત પહેલી છે હોં! રાગ-દ્વેષ સ્વયમેવ ઉત્પન્ન, સ્વયમેવ ઉત્પન્ન થયેલા છે. પોતાની મેળાએ સ્વયં નિશ્ચયથી ઉત્પન્ન થયેલા એવા **'રાગ-દ્વેષ વડે મલિન અધ્યવસાન છે તે જીવ નથી...'** આહા..! **'કારણ કે, કાલિમા (કાળપ)થી જુદા સુવર્ણની જેમ,...'** ઓલું એમ કહ્યું હતું કે રાગ-દ્વેષના, પુણ્ય-પાપના પરિણામ, કોલસાથી કાળપ જુદી ન હોય એમ ભગવાન આત્માથી પુણ્ય-પાપના પરિણામ જુદા ન હોય. એમ અજ્ઞાનીએ એમ સિદ્ધ કર્યું હતું. કોલસા-કોલસા. આહા..હા..! આવી ધર્મકથા કેવી ભાઈ આ તો. ક્યાંય ઊંડે-ઊંડે લઈ જવું. આહા..હા..! કહો, રમણીકભાઈ! હતું ત્યાં? નથી? ઘાટકોપર નહિ? મુંબઈ છેને.

કહે છે કે એ પુણ્ય-પાપના ભાવ, કોલસાથી કાલપ જુદી નથી, એમ એ પુણ્ય-પાપના ભાવ જીવથી જુદા નથી એમ અજ્ઞાની મૂઢ કહે છે. તેની સામે દલીલ આપી કે ભાઈ, સર્વજ્ઞદેવો તો એને જીવ કહેતા નથી. જીવ નથી એમ કીધું અને અનુભવમાં પણ **'કાલિમા (કાળપ)થી જુદા સુવર્ણની જેમ, એવા અધ્યવસાનથી જુદો...'** દેખો! આહા..હા..! **'અન્ય ચિત્સ્વભાવરૂપ જીવ...'** અન્ય ચિત્સ્વભાવરૂપ જીવ. એ પુણ્ય અને પાપના એકત્વબુદ્ધિ એવો અધ્યવસાય મેલો એનાથી **'અન્ય ચિત્સ્વભાવરૂપ જીવ...'** પાછી વ્યાખ્યા કરી કે જીવ કેવો? કે ચિત્સ્વભાવરૂપ. જીવ તો ચિત્સ્વભાવરૂપ છે. દ્રવ્ય છે, આ ભાવ છે એમ. ઓલો સ્વભાવવાન છે, આ સ્વભાવ છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! ગજબ વાત છેને! ભાઈ! તું તો ભગવાન છોને. આહા..હા..! ભગવાન કહેતા આકરું પડ્યું એક જણાને.

કહે છે કે પ્રભુ! તું તો **'ચિત્સ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે...'** ભાષા દેખો! જેમ કાળપ તે સુવર્ણથી જુદી છે. લ્યો, એ યુક્તિ આપી. અનુભવમાં આવ્યું કે **'અધ્યવસાનથી જુદો અન્ય ચિત્સ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે...'** આહા..હા..! સમ્યગ્દૃષ્ટિઓ વડે સ્વયં-સ્વયં. રાગ એમાં નથી એવો આત્મા સ્વયં અનુભવમાં આવે છે. તેને રાગની અપેક્ષા નથી. એમાં રાગની અપેક્ષા હોય તો અનુભવમાં આવે એ વાત છે નહિ. આહા..હા..! આવો વ્યવહાર હોય પહેલો ભાઈ! રાગની મંદતા દયા, દાન, વ્રત, ભક્તિ એમ પરિણામ કરતાં-કરતાં નિર્મળ પરિણામ થઈ જાય તો તત્ત્વાર્થશ્રદ્ધાન સમકિત

થાય લ્યો. એમ એક જણો કહેતો હતો. માંડ માંડ મુનિપણું લઈ લીધું અને એમાં નીકળ્યા સોનગઢની વાત. માર્યો સરખાઈનો કે આ નહિ તારા પરિણામ. પછી બચાવ કરવો પડ્યો. હવે શું કરવું છે પણ તારે? શાસ્ત્રજ્ઞાન અને આ વ્રતાદિ પરિણામ એ ચારિત્રના પરિણામ એ કરતાં-કરતાં તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થશે. અરે પ્રભુ! શું કરે છે તું? અનંતા અરિહંતોથી તારી વાત તો બીજી પડી. અનંતા સર્વજ્ઞો એણે તો એ રાગની ક્રિયા અને એ શાસ્ત્રના જ્ઞાન અને એ બધાને ચૈતન્ય પરિણામ કહ્યા નથી કે જેથી એને ચૈતન્ય પરિણામ એવું સમકિત પ્રાપ્ત થાય. સમજાણું કાંઈ? જાધવજીભાઈ! બહુ ઝીણું પડે એટલે પછી માણસોએ .... દિલીપ તો કહેતો હતો બિચારો હોં. આહા..હા..! આ તે વાતું બહુ ગજબ છે! છોકરો ભાગ્યશાળી છે. વાતું ગજબ! ઝીણું આવ્યું હતુંને? ૩૮મી ગાથા અને સવારમાં ઓલી ૫૦મી આવી હતી. સાતમને દિ'. શનિવારના આવ્યું હતું, રવિવારે તો આપણે... આહા..હા..!

કહે છે કે '**ભેદજ્ઞાનીઓ વડે...**' દાખલો અનુભવનો આપ્યો અને યુક્તિ. સોનું જેમ કાળપથી જુદું છે એ યુક્તિ અને અનુભવ. અનુભવીને અંદરમાં રાગથી જુદો આત્મા જાણવામાં આવે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાને કહ્યું કે એ જીવ નથી. કહો, સમજાણું કાંઈ? એ તો ભગવાને કહ્યું. એક વાત. એથી આગમમાં એમ કહ્યું. યુક્તિ કે સોનામાં જેમ મેલ નથી, કાળપ નથી એમ ભગવાન સોના સમાન ચૈતન્યપ્રભુ એમાં એ શુભ-અશુભભાવ મેલપ કાળપ, એ કોલસાની કાળપનો ત્યાં દાખલો આપ્યો તો એ તો અભેદથી આપ્યો હતો, અમે તો ભેદથી કહીએ છીએ કે સોનામાં કાળપ છે જ નહિ. એમ ભગવાન આત્મામાં સોનાના દાખલે પુણ્ય અને પાપના વિકલ્પો ભગવાને તો (ભિન્ન) કહ્યા અને યુક્તિથી પણ સાબિત થાય છે. અનુભવથી અનુભવીઓને અંદર ભેદજ્ઞાન દ્વારા '**ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે...**' આહા..હા..! સમયસાર તે સમયસાર છેને! રાગથી ભિન્ન પડેલું તત્ત્વ '**ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે...**' જેને કોઈ પરની અપેક્ષા નથી. એવું અનુભવમાં ભેદજ્ઞાનમાં આવે છે. આહા..હા..! '**સ્વયં ઉપલભ્યમાન...**' ભગવાન આત્મા સ્વયં રાગથી ભિન્ન પ્રાપ્ત થાય છે. કહો, વ્યવહારથી પણ (નિરપેક્ષ) એ વસ્તુ ભેદજ્ઞાનીઓને સ્વયં પ્રાપ્ત થાય છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

'**તેઓ પ્રત્યક્ષ ચૈતન્યભાવને જુદો અનુભવે છે.**' આહા..હા..! સમ્યગ્દષ્ટિ જીવ— ભેદજ્ઞાની જીવ એ વ્યવહારના વિકલ્પના ભાવથી પ્રત્યક્ષ જુદો અનુભવે છે. એના મતિ અને શ્રુતજ્ઞાનના પ્રત્યક્ષમાં એ જુદો દેખાય છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે એમાં એક પ્રકાશ નામનો ગુણ છે, એવો ગુણનો ધરનાર આત્મા રાગનો ધરનાર નથી એમ જ્યાં અંતરમાં અભેદ દૃષ્ટિ થતાં ભેદજ્ઞાનીઓને સ્વયં રાગથી ભિન્ન પ્રાપ્ત થાય છે. વસ્તુ આવી છે એમ પ્રાપ્ત થાય છે. આમ છે એમ અંદરમાં ભાનમાં આવે છે. અમુકને આવે,

(અમુકને) નથી આવતું એમ નહિ એમ કહે છે. આહા..હા..! ઓલા કહે, ના, ચોથે જાણવામાં ન આવે, એ તો આઠમે જાય ત્યારે આવે. આહા..હા..! બહુ થયું, બહુ થયું. ભાઈ! તને નુકસાન છે. આવું જૈનશાસન...!

જૈનશાસન તો અબદ્ધસ્પૃષ્ટને જૈનશાસન કહે છે. રાગ થાય બંધવાળો એ નહિ, ભેદવાળો નહિ. આહા..હા..! એને અંતરમાં ભેદજ્ઞાનથી જાણવો એને જૈનશાસન કહે છે. સમજાણું કાંઈ? વચ્ચે વ્યવહાર આદિ હોય અને કર્મનો સંબંધ પણ વ્યવહારે હોય એ જાણવાલાયક છે, જાણવાલાયક છે. જાણેલો પ્રયોજનવાન છે. સમજાણું કાંઈ? એ આત્માના છે એમ જાણેલો પ્રયોજનવાન નહિ. આહા..હા..! સમકિત સાવન આવ્યો કહે છેને? મીશ્રીલાલ નથી બોલતા? આ શ્રાવણ સુદ એકમ છે આજ. એવું આવે છે કાંઈક, નહિ? તમે બોલ્યા હતા. સમકિત સાવન આવ્યો. એવું આવે છે. સમકિત સાવન આવ્યો. મીશ્રીલાલજી બહુ બોલે સભામાં.

મુમુક્ષુ :- આપ બોલો એક કડી તો...

ઉત્તર :- ન તાણીને બોલે તો કહે બોલો, તાણીને બોલો. બોલે એમાં શું છે? આહા..હા..! સમકિત સાવન આવ્યો. આ વરસાદ વરસેને, મેઘ વરસે. અનાજ પાકે, અંકુરા થાય. મનુષ્યપણું, પશુ ક્રિડા કરે, કિલ્લોલ કરે. એમ ભગવાન આત્મા ભેદજ્ઞાની વડે આત્મા ભિન્ન છે એ શ્રાવણ મહિનો આવ્યો એને સમકિત આવ્યું કહે છે. શેઠ! કહો, સમજાણું કાંઈ? મેઘ વરસે ને એવું બહુ આવે છે એમાં.

મુમુક્ષુ :- તેથી તો શ્રાવણ મહિનામાં શિબિર રાખી છે.

ઉત્તર :- શિબિર શું છે? ઠીક. શ્રાવણ મહિનો તો ઓલા નવરા હોય ધંધેથી... આહા..હા..! હજી તો આગળથી સમાચાર આવશે કેમ છે મહારાજને? .. બહુ માણસો આવે છે પાંચસો-પાંચસો. આ ચાર મહિના ફર્યા છેને. શ્રાવણ મહિનામાં નવરા હોય, વેપાર-ધંધા મંદ હોય તો આ ધંધે આવે. સાંભળવા તો આવે. આહા..હા..! ઓલા કહે કે ભાષણ કરે. મેં કીધું આમાં મહેનત ક્યાં છે કાંઈ? આ તો વાતું કરવાની વાતું છે. મીઠાભાઈ! આવું વ્યાખ્યાન હોય? ઝપટ મારતા હોય. આમ છે ને આમ છે. દાખલા બહારના આપે. લોકો રાજી થાય અને દાંત કાઢે. બાપુ! એ હરખના રસ્તા તો પરથી ભેદ પાડવો એ ભેદજ્ઞાન હરખના રસ્તા છે. સમજાય છે કાંઈ?

**'અધ્યવસાનથી જુદો અન્ય ચિત્સ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે...'** અધ્યવસાનથી જુદો અન્ય **'સ્વયં ઉપલભ્યમાન...'** આત્મા થાય છે. **'તેઓ પ્રત્યક્ષ ચેતન્યભાવને જુદો અનુભવે છે.'** ત્રણ વાત કરી. એક તો સર્વજ્ઞ ભગવાનની વાણી છે કે એ અધ્યવસાન રાગ પુણ્યાદિ જીવ નથી. ભગવાને એમ કહ્યું છે. ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! રાણાને કહ્યુંને કે હું તો વ્રજની ગોપી હતી. હે રાણા! ત્યાંથી ચ્યુત

થઈને હું આવી ગઈ અહીં. મારા બાપના ઘરે અને તને મને પરણાવી. હું તો બીજી ચીજ છું હોં. મારો ગિરધર એની સાથે મેં તો લગન કર્યા છે. ગિરધર પરમાત્મા પોતે આત્મા. ... એમ અહીં કહે છે કે ભેદજ્ઞાનીઓએ લગન આત્મા સાથે કર્યા છે. સમજાણું કાંઈ? લ્યો, અહીં તો ચોથા ગુણસ્થાનની વાત ચાલે છે આ. કે આ છઠ્ઠાની, સાતમાની હશે આ બધી? આઠમાની? ઓલો અધ્યવસાય એક માને એને તો સમજાવે છે અહીં. અપ્રતિબુદ્ધને સમજાવે છે. આહા..હા..! અરેરે!

મુમુક્ષુ :- છઠ્ઠે-સાતમે ઉત્પન્ન થાય એ ચીજ શું છે એ તો સમજ્યો નથી.

ઉત્તર :- આહા..હા..! શ્વેતાંબરમાં એક એવું આવે છે. .. કેમ થાતું નથી? કે એને બીજામાં ઘણામાં આવી વાતુંમાં રોકાવું પડે છે એટલે નવરા થઈને અંદરમાં આવી શકતો નથી ... સાચી-ખોટી વાતુને કહેવી પડે એણે કે આ સાચી છે અને આ ખોટી છે ને આ છે ને તે છે. એને યુક્તિ કાઢીને, તર્ક કાઢીને સમજાવવું. એવું આવે છે. એ તો એવું કાંઈ નથી. એવું તો ક્યાં ... લ્યો! કાંઈ નથી. પૂર્વનું થઈ ગયું છે એ જાતનું. ... જાતિસ્મરણ પૂર્વના ભવનું જ્ઞાન મુસલમાનને આવે છે. જાત એ આત્માની જાત. એનું યાદ કરવું, અનુભવવું અને પછી એનું સ્મરણ કરવું. આહા..હા..!

મુમુક્ષુ :- સ્વ જાતિ.

ઉત્તર :- એ સ્વજાત ચૈતન્યની. કહે છે કે રાગથી, પુણ્યથી અને વ્યવહારના વિકલ્પથી પુદ્ગલમય પરિણામથી ભેદજ્ઞાનીઓ જુદી જાણે છે. પ્રત્યક્ષ ચૈતન્યભાવને જુદો અનુભવે છે એમ કહે છે. આહા..હા..! એક બોલની વ્યાખ્યા થઈ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ સુદ-૨, શુક્રવાર, તા. ૧૧-૦૮-૧૯૭૨
## ગાથા-૪૪, પ્રવચન-૧૨૯

૪૪મી ગાથા. આઠ બોલમાં એક આવ્યો. બીજો બોલ. ઓલો કહે છે કે જે આ ક્રિયાનું કારણ જે કર્મ છેને એ જીવ છે. આ બધી ક્રિયાઓ થાયને અંદર રાગની, દ્વેષની, ગતિની એ ક્રિયાનું કારણ તો કર્મ છે અને એ ક્રિયાનું કારણ એ જીવ છે (એમ અજ્ઞાની માને છે). જુદો વળી જ્ઞાયકભાવ અને ચૈતન્ય ને આવી વાતું મોટી એ અમને બેસતું નથી. કહો, સમજાણું

કાંઈ? '**૧. અનાદિ જેનો પૂર્વ અવયવ છે...**' કર્મની ક્રિયાનો '**અને અનંત જેનો ભવિષ્યનો અવયવ છે...**' અનંત કાળ એમ ને એમ રાગની ક્રિયાઓ કર્મની ક્રિયા થયા જ કરશે. '**એવી જે એક સંસરણરૂપ ક્રિયા...**' એમ. '**તે-રૂપે ક્રીડા કરતું કર્મ છે...**' એ રૂપે પરિણમતો. '**તે પણ જીવ નથી...**' એ જીવ નહિ. ગતિ આદિની અને રાગાદિની ક્રિયા એ જીવ નહિ. '**કારણ કે કર્મથી જુદો અન્ય ચૈતન્યસ્વભાવરૂપ જીવ...**' કર્મથી જુદો એવો અન્ય ચૈતન્યસ્વભાવરૂપ જીવ. પાછી વ્યાખ્યા આપી કે જીવ કેવો? કે ચૈતન્યસ્વભાવરૂપ છે એ તો. જાણક સ્વભાવ... જાણક સ્વભાવ. એમાં દર્શન અને જ્ઞાન બેય આવી ગયા. એવો '**ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે...**' લ્યો, અહીં તો નીચલી દશામાં એમ કહે છે. કેવળજ્ઞાનીની વાત નથી આ.

'**ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે...**' રાગ અને ગતિની ક્રિયાનું કારણ કર્મ એનાથી ભિન્ન ભગવાન છે. સમજાણું કાંઈ? વર્તમાનમાં એનાથી ભિન્ન પડીને ચૈતન્યની પ્રાપ્તિ કરે છે એવા ભેદજ્ઞાનીને પ્રત્યક્ષ ચૈતન્ય સ્વભાવ જીવ અનુભવમાં આવે છે. આ વસ્તુ. એમાં પૈસા અને શરીર ને બરીર કાંઈ નથી એમ કહે છે. આ તો એના અસ્તિત્વમાં ગતિ અને રાગાદિની ક્રિયા એનું કારણ કર્મ છે. એ વસ્તુમાં નથી. ચૈતન્યસ્વભાવ અંતર જોતાં રાગ અને ગતિ આદિના ભાવથી ભિન્ન પાડતા ચૈતન્યસ્વભાવરૂપ આત્મા જ્ઞાનીઓ વડે—ભેદજ્ઞાનીઓ વડે એટલે નીચલી દરજ્જાની વાત છે અહીં. તે પ્રત્યક્ષ. છે? આહા..હા..! '**ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ તેને પ્રત્યક્ષ અનુભવે છે.**' આહા..હા..! ભારે! ત્યારે એણે આત્માને માન્યો કહેવાય એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? રાગથી અને ગતિ આદિની ક્રિયા આદિથી, ગુણસ્થાન આદિ એ બધા ભેદથી ભિન્ન અંતર્મુખ થઈને તેનું લક્ષ છોડીને ત્રિકાળ જ્ઞાયકમાં દૃષ્ટિ આપતા, ભેદજ્ઞાનની પ્રધાનતા... અંતરમાં જોતાં એ ચૈતન્યસ્વભાવરૂપ આત્મા જ અનુભવમાં આવે છે. એ પ્રત્યક્ષ અનુભવમાં આવે છે એમ કહે છે. એને કાંઈ રાગની કે મનની અપેક્ષા રાખીને જણાય છે એમ નથી. કારણ કે એ તો ચૈતન્યસ્વભાવરૂપ આત્મા છે. રાગ અને ગતિના ભાવરૂપ આત્મા નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાત ભાઈ આવી! આવો આત્મા પહેલો તો બેસે નહિ. પહેલો સાંભળવા મળે નહિ અને કહે તો બેસે નહિ, શું કહે છે આ? આહા..હા..! મહાપ્રભુ ચૈતન્યસ્વભાવથી ભરેલો, ચૈતન્યસ્વભાવરૂપ જીવ છે. બે ભાગ ક્યાં? સમજાણું કાંઈ? એવો '**ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે...**' સ્વયં પોતાના સ્વભાવથી પ્રાપ્ત થાય છે. એને પરની અપેક્ષા નથી. આહા..હા..! આવો અંદર ભગવાન આત્મા એને અહીંયાં આત્મા કહેવામાં આવે છે. આહા..હા..! આવું છે. બીજો બોલ થયો ઈ.

ત્રીજો. '**તીવ્ર-મંદ અનુભવથી ભેદરૂપ થતાં,** દુરંત...' રાગનો અંત લાવવો એ દુષ્કર

છે. એવા '**દુરંત રાગરસથી ભરેલાં અધ્યવસાનોની સંતતિ...**' શુભ અને અશુભ... શુભ અને અશુભભાવ, મંદ અને તીવ્ર ભાવની સંતતિ—પરંપરા એ '**પણ જીવ નથી...**' ત્યારે '**તીવ્ર-મંદ અનુભવથી ભેદરૂપ થતાં,...**' એટલી વાત એક. અને '**દુરંત રાગરસથી ભરેલાં...**' એ રાગની મંદતા અને તીવ્રતાનો અંત ન આવે એવી એ ચીજ છે. એને ઓલો કહે કે આ આત્મા છે. કારણ કે રાગ કરે મંદ કરે, તીવ્ર કરે, મંદ કરે, તીવ્ર કરે. અહીં કહે છે એનાથી ભિન્ન. '**અધ્યવસાનોની સંતતિ પણ જીવ નથી કારણ કે તે સંતતિથી અન્ય જુદો ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે...** ' ગુરુ વડે જણાય છે કે તીર્થંકરની વાણી વડે જણાય છે એમ નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- એના નિમિત્તે જણાય.

ઉત્તર :- પણ એનો અર્થ શું થયો? એના ઉપર લક્ષ છે ત્યાં સુધી તો પરલક્ષ છે. એનાથી ભિન્ન પાડીને અંતરમાં અનુભવમાં ભેદજ્ઞાનીને પરની અપેક્ષા વિના અનુભવમાં આવે છે. આહા..હા..! ઘણું સમાડ્યું છે થોડા થોડા શબ્દોમાં. પ્રત્યક્ષ અનુભવમાં આવે છે, એનું વેદન પ્રત્યક્ષ છે. એમ નહિ કે આ આ. એ પોતાની પ્રસિદ્ધિથી પ્રસિદ્ધ થાય છે એમ કહે છે. એને પરની કોઈ અપેક્ષા છે નહિ. આહા..હા..! લ્યો! જુદો ચૈતન્યસ્વભાવ '**તેઓ તેને પ્રત્યક્ષ અનુભવે છે.**'

'**નવી પુરાણી અવસ્થાદિકના ભેદથી પ્રવર્તતું...**' હવે શરીર આવ્યું. શરીર જીર્ણ થાય, વૃદ્ધ થાય લ્યો! એ બધી શરીરની ક્રિયાવાળો જીવ. એમ માનનારને કહે છે કે ભાઈ એમ નથી. ચૈતન્યની મહાસત્તા એવી શરીરની અવસ્થાથી ભેદથી પ્રવર્તતું '**જે નોકર્મ તે પણ જીવ નથી...**' આહા..હા..! લ્યો, આ તો શરીરથી ભિન્ન છે એમ કહે છે. શરીરની ક્રિયાથી ધર્મ થાય કે નહિ? આહા..હા..! અરે..! અહીં છે ભિન્ન. સિદ્ધ થાય એની વાત ક્યાં છે? એય..! રાજમલજી! આ તો નિશ્ચયની વાત છે, પણ વ્યવહારે? પ્રવચનસારમાં આવે છેને. ધ્યાન રાખતા પણ જરી જીવને નિમિત્ત શરીર થઈ જાય તો આલોચના કરવી એની. ત્યાં વજન દ્યે છે. પ્રવચનસારમાં છે. પ્રયત્નથી ચાલતા છતાં, પ્રમાદ ન હોવા છતાં. પ્રમાદમાં ચાલતો નથી, પણ પ્રમાદ એટલે આ જાતનો પ્રમાદ. આમ તો શુભરાગ છે, શુભરાગ છે. (એ જ પ્રમાદ છે) પણ પ્રમાદ એટલે કે તીવ્ર રાગની આસક્તિ વિના ... એમ. જીવ હણાઈ જાય કોઈ તો એને શરીર નિમિત્ત થયુંને એટલું? નિમિત્તપણું થયુંને? એટલો સંબંધ થઈ ગયોને? એટલી અપેક્ષાએ એને આલોચના કરવી. છે એમ જાણવું બસ એટલું. એવો પાઠ છે. ધન્નાલાલજી! પ્રવચનસાર. આહા..હા..!

અહીં તો કહે છે કે એનાથી લક્ષ છોડતાં એ ચાલતા વખતે એ કાંઈ પ્રાપ્ત ન થાય. ચાલવાની ક્રિયા વખતે પ્રાપ્ત ન થાય. એ તો અંતરમાં,... કીધુંને એલચીકુમાર દોરડે નાચતા

કેવળજ્ઞાન થયું. શ્વેતાંબરમાં આવે છેને.

મુમુક્ષુ :- શુક્લધ્યાન થઈ શકે...

ઉત્તર :- એ શુક્લધ્યાન પણ અંદરમાં આવી ગયું એટલું. પગ દોરડા ઉપર હતો. પગ દોરડા ઉપર હોય અદ્ધર અને એવી રીતે ધ્યાન શી રીતે થતા હશે? એ શ્વેતાંબરમાં આવે છે. આપણે ઓલામાં આવે છે વિરોધ કરવામાં કે આવા આવા કીધા. એ બધું બહુ છે. એલચીકુમાર નાચતો હતો દોરડે. મોટો કરોડાધિપતિનો છોકરો નટડીને પરણવા માટે એના બાપે કહ્યું હતું કે તું નાચ એવો કર કે રાજને ખુશી કર તો તને કન્યા પરણાવું. આહા..હા..! એવો નાચ્યો દોરડા ઉપર. દોરડા ઉપર પહેલા નાચતા હોં! અમારે ઉમરાળામાં આવેલા. વાંસ મોટા બબ્બે વાંસ બાંધે અને ઉપર ચાલે એ વાંસથી ચાલે. હાથ જાલીને. ત્યાં અમારે ઊંચો છેને ડેલો દરવાજો. ત્યાં બેસે માથે, પછી વાંસ બાંધે. ત્યાંથી વાંસ બાંધે બજારમાં ચોકમાં હોય. ઈ જોયું હતું અમે. એ વાંસ ઉપર કાંઈ બાંધેલું ન હોય, પણ એ અંગુઠો એવો ભરાવે આમ. અને વાંસ બાંધ્યો હોય. વાંસ ઉપર ચાલે. દોરડા બાંધ્યા હોય તો દોરડા ઉપર ચાલે. એ પણ જોયું છે એ વખતે. નાની ઉંમરમાં બહુ આવતું હતું ત્યાં ઉમરાળામાં તો. દોરડા ઉપર નાચતા. આમ જાણે એકલું દોરડું બાંધ્યું હોય અહીંથી ત્યાં બાંધ્યું હોય. અરે! ઉંધે માથે ચાલે દોરડામાં. વાગે થાળી. થાળીને હલાવતા જાય. આહા..હા..! આવી મહેનતું અજ્ઞાનમાં (કરી). પણ એને આ આત્મા નિરાલંબી (છે) એને જાણવાનો પ્રયત્ન કર્યો નહિ. જે જાણવાનું છે એને જાણ્યો નહિ. જાણનારને જાણ્યો નહિ, બાકી બધી વાતું. આહા..હા..! જોનારને જોયો નહિ. આહા..હા..! એની કિંમત ન કરી.

મહાપ્રભુ જ્ઞાનથી બિરાજમાન, આનંદથી શોભિત રાગ અને ક્રિયાથી ભિન્ન, મંદ અને તીવ્રથી ભિન્ન એવો ધર્મી જીવને, ભેદજ્ઞાનીને ભેદજ્ઞાન વડે સ્વયં પોતાથી પ્રાપ્ત થાય છે. સ્વભાવથી જે પ્રત્યક્ષ થાય છે. એ આવ્યુંને? એ આવી ગયું અહીં જુઓને. અલિંગગ્રહણમાં છઠ્ઠો બોલ છેને. આત્મા સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. આ એ બોલ છે. છઠ્ઠો બોલ છે. આત્મા સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. એ આ છે. એના જ્ઞાનસ્વભાવથી અને તે પ્રત્યક્ષ એવો જ એનો સ્વભાવ છે, એવું જ એનું સ્વરૂપ છે. આવો જ્યાં પ્રતીતમાં આવે એટલે ત્યાં પ્રત્યક્ષ થયા વિના રહે નહિ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આ તો બધી નિશ્ચયની વાતું કરી, પણ એનો કોઈ ઉપાય હશે કે નહિ? સાધન-બાધન વ્યવહારના કોઈ? સોભાગમલજી! સાધન એનો નિશ્ચય એ સાધન છે. ત્યારે પછી પૂર્વનો રાગાદિ મંદ હોય એને વ્યવહાર સાધનનો આરોપ અપાય. આરોપ ત્યારે પણ હોં! આહા..હા..! શરીરની અવસ્થાથી પણ જુદો એને પ્રત્યક્ષ અનુભવે છે. ચાર બોલ થયા ઈ.

**'સમસ્ત જગતને પુણ્યપાપરૂપે વ્યાપતો કર્મનો વિપાક છે તે પણ જીવ નથી**

કારણ કે **શુભાશુભ ભાવથી અન્ય જુદો...'** એ શુભાશુભભાવ કર્મનો વિપાક છે. એ જ આત્મા છે એમ માને છેને? આહા..હા..! પણ એ તો કર્મના નિમિત્તે, અવલંબે, લક્ષે થયેલો ભાવ એ બધો શુભાશુભ પુદ્‌ગલમય વિપાકનું ફળ છે. ચૈતન્યનો વિપાક થાય અને શુભાશુભ થાય એમ હોઈ શકે નહિ. આહા..હા..! પહેલું તો હજી વ્યવહારશ્રદ્ધાના પણ ઠેકાણા ન મળે. વ્યવહારશ્રદ્ધા એટલે? પરલક્ષી જ્ઞાનમાં વ્યવહાર રાગથી લાભ થાય એ તો પરલક્ષી શ્રદ્ધા પણ ખોટી. સમજાણું કાંઈ? શુભરાગથી શુદ્ધતાની પ્રાપ્તિ થાય એવી જેની શ્રદ્ધા (છે) એ તો વ્યવહારશ્રદ્ધા પણ ખોટી. આહા..હા..! એનું જ્યાં આ પ્રમાણે જ્ઞાન ન આવે કે રાગથી નહિ, સ્વભાવથી પ્રાપ્ત થાય એવી શ્રદ્ધા કરે ત્યારે હજી વ્યવહારશ્રદ્ધા કહેવાય, પછી અંતરમાં જઈને ભેદજ્ઞાન વડે પ્રાપ્ત થાય ત્યારે નિશ્ચયશ્રદ્ધા કહેવાય. આહા..હા..! આ તો આંખ ન હોય એને પણ આવું થાય. કહો, મગનભાઈ! શું કીધું? આંખ ન હોય સરખી તોપણ એને આવું થાય એમ કહે છે. ભેદજ્ઞાન વડે જાણવામાં કાંઈ આંખની જરૂર નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- લક્ષ છોડ. આંખેથી દેખાય છે કે ન દેખાય એમ નહિ, પોતે દેખનારો અંદર જુદો છે. આહા..હા..! પોતાના જાણવાના-દેખવાના સ્વભાવથી પ્રાપ્ત થાય છે. કહો, સુજાનમલજી! આવું વસ્તુનું સ્વરૂપ. આહા..હા..!

મુમુક્ષુ :- 'ગુરુ ગોવિંદ દોનો ખડે કિસકો લાગુ પાય, બલિહારી ગુરુદેવકી ગોવિંદ દીયો બતાય.' આપના વગર શું જાણતા? ... વ્યવહાર કર્યો.

ઉત્તર :- એ ચાર બોલ થયા. આ પાંચમો ચાલે છે.

**'પુણ્યપાપરૂપે વ્યાપતો કર્મનો વિપાક છે...'** ભાષા તો જુઓ! એ શુભ-અશુભ પરિણામ જે થાય છે... **'ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે...'** લ્યો આમાં તો એ આવ્યું કે ભગવાનની ભક્તિ કરે, શેત્રુંજય ને આ કેવા? સમ્મેદશિખરની જાત્રા કરે તો એનાથી આ પ્રાપ્ત ન થાય એમ કહે છે. શુભભાવ છે એ. કર્મનો વિપાકનો ભાવ છે. વળી મોટા દેરાસર બંધાવે. ગિરધરભાઈને હજી બાકી છે, બીજા બધાને થઈ ગયા. એક ઓલું સાંભળ્યું હતું ભાઈ ત્યાં બેંગ્લોરમાં કહે છે પાંચ લાખ ખર્ચીને... અઢી લાખ રૂપિયા ભાઈએ આપ્યા છે. કેવા? જુગરાજજી. અને અઢી લાખ ઓલા ભભૂતમલ અહીંનો મુમુક્ષુ છેને. ગૃહસ્થ છે, મારવાડી છે, આવે છે. ત્યાં પણ આવ્યા હતા. એ તો અહીં પણ આવે છે. બેયે અઢી-અઢી લાખ રૂપિયા આપ્યા છે. નવીન મંદિર બનાવવું છે. અઢી લાખની જમીન લીધી. કો'ક કહેતું હતું. બરાબર છે? કો'ક કહેતું હતું ખરું. હમણા કો'ક આવ્યું હતું બેંગ્લોરથી. પાંચ લાખ રૂપિયા. અઢી લાખ આપ્યા જુગરાજજીએ અને અઢી લાખ આપ્યા ભભૂતમલે. અહીંના મુમુક્ષુ છે મારવાડી આવે છે એ. મોટો પૈસાદાર. ૫૦-૬૦ લાખ રૂપિયા પેદા કર્યા છે. હોય એ તો

બધું. પાંચ લાખનું. મંદિર તો કેવું કરાવ્યું હતું. અઢી લાખની જમીન. અઢી લાખની તો જમીન લીધી. મોંઘી હોયને ત્યાં. પછી નવું મકાન થાય છે એટલે આવો ત્યાં પ્રતિષ્ઠા કરવા. રામજીભાઈ ના પાડે. આ તો એ માટે વાત છે. એવું સાંભળ્યું છે હોં! કો'ક કહેતું હતું. કો'ક કાલે જ કહેતું હતું. બેંગ્લોરમાં આમ થયું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ .. નવું કાંઈક સંભળાવો. એમ માણસને થાયને. બેંગ્લોરનું હતું કોણ હતું કો'ક? એણે કીધું ત્યાં આમ થયું છે. નવું મકાન થવાનું છે મંદિર. આપણા તરફથી દિગંબર મંદિર. થવા કાળે થાય એમાં કાંઈ કોઈ મટાડી દે એવું છે? કોઈથી થાય છે ત્યાં? અને ઓલો શુભભાવ એ કર્મનો વિપાક છે, એનાથી પણ કાંઈ આત્માને લાભ નથી અને એનાથી તો થયો નથી, પણ કર્મના વિપાકથી થયેલો એમ કીધું અહીં તો. આહા..હા..! ગજબ વાત છેને. એય..! મંદિરથી શુભભાવ થયો નથી એમ કહે છે. જાધવજીભાઈ! કલકત્તામાં તો ઘણા મંદિર ત્યાં હોયને. જરૂર ન હોય. ...

કહે છે કે એ મંદિર અને દેવ-ગુરુ-શાસ્ત્રને કારણથી નિમિત્તથી એ શુભભાવ થયો નથી. આહા..હા..! એ તો કર્મના પાકથી થયેલો છે. આહા..હા..! ગજબ વાત છેને! એવા શુભ-અશુભભાવ એનાથી જુદો. આહા..હા..! એટલે કે બહારને કારણે, એને કારણે શુભભાવ થયો નથી અને શુભભાવથી અહીંયાં શુદ્ધતા થતી નથી. એમ. એનાથી ભેદ પાડે ત્યારે પ્રાપ્ત થાય છે. કહો, સમજાણું કાંઈ? થોડું પણ સત્ય હોવું જોઈએને. મોટું લાંબુ હોય ઘણી વાતું. સત્ય હોવું જોઈએ, સત્ય હોવું જોઈએ. જેવું સત્ય છે તેનું શરણ લે તો સત્ય પ્રાપ્ત થાય. આહા..હા..! આ તો નિશ્ચયથી સત્ય આવું જ છે એમ કહે છે. સમજાણું કાંઈ? અન્ય જુદો, શુભાશુભભાવથી જુદો. કર્મનો વિપાક કેમ નાખ્યો? એ તો એના પોતાની પર્યાયમાં પોતાના અપરાધથી થાય છે શુભાશુભભાવ. પણ એ શુભાશુભભાવનું નિમિત્ત અવલંબન ત્યાં હતું એનાથી થયું માટે એનાથી પાક થયો એમ કીધું. વસ્તુમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જેના લક્ષે, જેના અવલંબે, જેને આશ્રયે થયું એ એના પાકથી થયું એમ કહીને એને ભિન્ન બતાવ્યું. કહો, પંડિતજી! આહા..હા..!

ભગવાન! તારો આનંદસ્વભાવ અને જ્ઞાનસ્વભાવ નિત્ય... નિત્ય... નિત્ય... અનાદિ-અનંત એમ કહેવું એ પછી કાળથી અનાદિ અનંત લાંબુ-લાંબુ થઈ ગયું. પણ એકલો એક સમયમાં જ્ઞાયકભાવ ધ્રુવ. સમજાણું? આહા..હા..! એનો આશ્રય કરતાં પરથી જુદો પડતાં એનો પ્રત્યક્ષ અનુભવ થાય એવો એ આત્મા. શુભાશુભ ભાવકર્મનો વિપાક. ભાષા તો જુઓ! એક કોર કહે એ તો ઉદયની ચીજને શુભભાવ અડ્યો પણ નથી. દેવ-ગુરુ-શાસ્ત્રથી થયો નથી પણ ઉદય જે છે એને અડ્યો નથી. એ શુભભાવ પોતાથી થયો છે. ષટ્કારકથી આવે

ને પંચાસ્તિકાય? ૬૨મી ગાથા. પોતાને કારણે વિકાર પુણ્ય-પાપનો વિકલ્પ એ પોતાની પર્યાયને કારણે ષટ્કારકથી ઉભો થયેલો છે, પણ એ તો પર્યાયદષ્ટિને સમજાવવા એ વાત છે. વસ્તુદષ્ટિને સમજાવવા અને પ્રગટ કરાવવા એ સાધન છે નહિ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? એથી જુદો '**ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ પોતે તેને પ્રત્યક્ષ અનુભવે છે.**'

'**શાતા-અશાતારૂપે વ્યાપ્ત જે સમસ્ત તીવ્રમંદપણારૂપ ગુણો...**' આ ભોક્તા. ઓલો કર્તા હતો. શુભાશુભભાવનો કર્તા થઈને ભેદજ્ઞાન થાય એમ નથી. કારણ કે એનું કર્તાપણું સ્વરૂપમાં છે જ નહિ. એનો કર્તા, કર્મ જ છે. આહા..હા..! આ અપેક્ષાએ હોં! સમજાણું કાંઈ? ચૈતન્યગોળો આખો આનંદનો ધામ પ્રભુ ત્રિકાળ વસ્તુ એવી ને એવી જ્યાં છે એમાં આ એક સમયનો વિકાર એ તો કર્મના પાકનું ફળ છે એમ કહે છે. પ્રભુ આત્માના આનંદનો આશ્રય કરીને ફળ આવે એ નહિ આ. એનો આશ્રય કરીને ફળ આવે એ તો આનંદ આવે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પાંચ બોલ થયા.

હવે છઠ્ઠો. '**શાતા-અશાતારૂપે વ્યાપ્ત જે સમસ્ત તીવ્રમંદપણારૂપ ગુણો તે વડે ભેદરૂપ થતો જે કર્મનો અનુભવ...**' અનુકૂળ અને પ્રતિકૂળ સંયોગો જે શાતા-અશાતાથી મળે, એના લક્ષમાં અનુકૂળતામાં ઠીક એવો જે દુઃખરૂપ વિકલ્પભાવ અને અશાતાના ગંજ ભરેલા મહા ઉદયના પ્રસંગ, સંયોગો અશાતાના, ઘેરાયેલા સાતમી નરક જેવા. આહા..હા..! કહે છે એના ફળથી જુદું. '**તીવ્રમંદપણારૂપ ગુણો તે વડે ભેદરૂપ થતો જે કર્મનો અનુભવ...**' (તેનાથી) ભગવાનનો અનુભવ જુદો છે. એ શાતા-અશાતાના લક્ષે અનુભવ થાય એ અનુભવ જીવ નહિ, એ આત્મા નહિ. અલિંગગ્રહણમાં તો કહ્યું છેને? વિષયનો ભોક્તા આત્મા નથી. અલિંગગ્રહણનો બારમો બોલ છે. ઇન્દ્રિયના વિષયનો ભોક્તા આત્મા નથી. ભોક્તા તે આત્મા નથી એમ કહે છે. આહા..હા..! કહો, ભગવાનજીભાઈ! આ બધા પૈસા ને છોકરા ડાહ્યા હુશિયાર નીકળે એને સાંભળીને આમ ફડકો આવે ઠીકનો. કહે છે કે એ જીવ નહિ. એય..! શેઠ!

મુમુક્ષુ :- એ છે કોણ?

ઉત્તર :- એ જડ અજીવ. આહા..હા..! અને છોકરો પરણતો હોય અને બહારમાં લાખ-લાખ, બબ્બે લાખ ખરચે સાધારણ માણસ હોં. આ શેઠિયા જેવાની વાત જુદી, પણ સાધારણ માણસને લાખ-લાખ ખર્ચવા પડે. આ બાજુ લાખ ખરચે દીકરા તરફના લાખ, કન્યા તરફના લાખ (ખરચે). એ અત્તર ને ચાંદીની અત્તરદાની એટલે અત્તર નાખે આમ. અંદર અત્તરનું દાન આપે. અત્તરદાની કહે છેને? હા, એ અત્તરદાની. ... ત્યાં ફતેહપુરમાં. સભા એની ભરાતીને ભગવાન વખતે. ત્યારે લાવતો હતો એ. બહુ નાખતા. ભાઈ! આની કોર લાવીશ નહિ. એ અત્તરના મહાપાપ હોં! આજે એક મોટું લખાણ આવ્યું છે જૈનપ્રકાશમાં. ભેળસેળનું ભાઈ!

બધી ચીજોમાં ભેળસેળ ઝેર-ઝેર. ભેળસેળ હળદરમાં ફલાણા (નાખે).

મુમુક્ષુ :- ભાવનગર..

ઉત્તર :- એ તે દિ' એક આવ્યું હતુંને. આ તો હમણાં એક કોકનો લેખ હતો જૈનપ્રકાશમાં. બહુ વાત... બધી લાઈન ફેર છે. ઝેર રંગીલા રંગ ચડાવીને ઘોડાની લાદને રંગ ચડાવીને લાદ નાખે હળદરમાં નાખે, ફલાણામાં એમ બધું નાખે. મરીમાં... સમજ્યાને. શું કીધું? પપૈયાના બી. પપૈયાના બી. મરી હોયને તીખા, ઝીણા. કાળી મીર્ચ, એમાં પપૈયાના બી (નાખે). એવી ઘણી ચીજ નાખી છે. આજે જૈનપ્રકાશ આવ્યું છે.

મુમુક્ષુ :- દુનિયા બહુ આગળ વધી.

ઉત્તર :- આગળ વધી છે કે પાછળ? રંગબેરંગી લોકોને સારું લાગે આમ. ચામાં પણ રંગીલી ચા હોય. એ ઝેર છે માથે રંગ ચડાવવો. બહુ લખ્યું છે. એ લોકોને પસંદ પડે, માણસને આંખે આમ સારું દેખાયને. એવા ઘણામાં નાખે છે હોં! .. ભાવનગરમાં. મ્યુનિસિપાલિટી તરફથી એક ગાંધીની દુકાનેથી ૪૦-૫૦ નમુના લઈ આવેલા. એમાં સાત-આઠ વસ્તુ ચોખ્ખી હતી, બાકી બધી ભેળસેળ. બધામાં નાખ્યા. દાખલો આપ્યો છે બહુ. શિંગોડાનું.. શિંગોડાનું તો મોંઘું પડે પણ એવી બધી ચીજ હોય હલકી એ એમાં નાખે. આ પત્થરનો લોટ, ચિરોડીનો લોટ. મોંઘુ પડે પણ સાધારણ છે બાપુ! ઊંચી ચિરોડી હોયને શું કહેવાય એ? ચિરોડી બોલ્યા હતા. પત્થર-પત્થર. બહુ ઊંચી ચીજ હોય છે. એનો લોટ લશ્કરને આપે હાડકા મજબુત થવા માટે. અહીં છેને આપણે કુંડલામાં હતુંને. જયચંદભાઈના દીકરા. મોહનભાઈ! તમારા ભત્રીજાનું હતું. એ જોવા ગયા હતા ત્યાં હોં! ત્યાં લઈ ગયા હતા જોવા. શું કહેવાય એ? ચિરોડી બહુ ઊંચી હતી આમ. લોટ કરીને લશ્કરના માણસને આપે. પૈસા બહુ ઉપજે. પણ આ સાધારણ ચિરોડીનો લોટ ક્યાંક મેળવે. ઘઉંના લોટમાં કાંઈક કહ્યું છે. ભાષા એવી નાખી છે. કાંઈક લખ્યું છે. ઘણાં નામ આપ્યા છે. ઘઉંના લોટમાં ફલાણું ભેળવે, હળદરમાં ફલાણું ભેળવે. કહો, ઓહો..હો..! હવે આ ખોરાક જગતના થઈ ગયા. આત્માના અનુભવનો ખોરાક મૂકી દઈને રાગનો અનુભવ પણ એનો નહિ એમ કહેવું છે. આહા..હા..!

અહીં તો પરમાત્મા પોતે એનો અનુભવ તો પુણ્ય-પાપના ભાવથી ભિન્ન છે. શુભાશુભના કરવાપણાથી ભિન્ન છે અને ભોક્તાપણાથી પણ ભિન્ન છે. એવો એ આત્મા છે. એવા આત્માને અંતર્મુખ થઈને જોવે જાણે, અનુભવમાં આવે ત્યારે એને આત્મા કહેવામાં આવે છે. આહા..હા..! અરે! જેને કરવાનું છે એ કર્યું નહિ અને મોથાફોડ બીજી (કરી). એમાં વાદવિવાદ પાછા. આહા..હા..! દુઃખનો અનુભવ કરે અને વાદવિવાદ (કરે કે) નહિ, એ શુભભાવથી થાય. છેલ્લે શુભભાવ હોય કે નહિ? છેલ્લે ક્યો ભાવ હોય ત્યારે ધર્મ થાય? એય..! છેલ્લો કંઈ

અશુભભાવ હોય? સાંભળને હવે. હવે એનું લક્ષ છોડીને (અંતર્મુખ) થાય ત્યારે થાય. એને રાખીને થાય? આ શું કહે છે?

શુભાશુભભાવથી વ્યાપ્ત અનુભવ, તીવ્રમંદરૂપ અનુભવ. '**તે પણ જીવ નથી** કારણ કે **સુખ-દુઃખથી જુદો...**' આહા..હા..! '**શાતા-અશાતારૂપે વ્યાપ્ત જે સમસ્ત તીવ્રમંદપણારૂપ ગુણો...**' સુખ-દુઃખમાં શાતા-અશાતા નિમિત્ત કીધું. એ સામગ્રી. એ તરફની સુખ-દુઃખની કલ્પના. તૃષા લાગી હોય, મોસંબીના પાણી આવે. હાશ! કહે છે કે એ ભાવ જડનો છે. આહા..હા..! આ અનુકૂળનો (દૃષ્ટાંત આપ્યો). અને વીંછી કરડે. અશાતાના ઉદયનો યોગ. કાળો વીંછી હોય કાળો. કેવો કહેવાય એ? ઠાકરીયો. ઠાકરીયો વીંછી આવો મોટો લાંબો. અમે નજર સામે જોયો છે બહાર. એકલા પહેલા તો બહાર જતાને. લાંબો. મારી નાખે. ગઢડામાં એક છોકરાને કરડ્યો હતો. જુવાન છોકરો. કરડ્યો, છ દિવસમાં મરી ગયો. એવા વીંછી થાય. એ વીંછીના કરડ વખતે વ્યાપતો જે દુઃખનો ભાવ એનાથી ભગવાન ભિન્ન છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? ધર્મી જીવને પ્રતિકૂળ સંયોગનો તો અનુભવ નથી, અજ્ઞાનીને પણ નથી. આમાં તો સુખ-દુઃખની કલ્પનાનો અનુભવ ધર્મીને નથી. આહા..હા..! ભગવાનજીભાઈ! આહા..હા..! ભારે!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ ત્યાં પંદર લાખનો મોટો સંચો. શું કહેવાય એ? પ્લાસ્ટિકનું કારખાનું મોટું. જોડા કરે, આ કરે. થાણામાં તો એમનું પણ છે અને એક આનું છે પોપટભાઈનું. પોપટભાઈ આવવાના છે કે નહિ હવે હમણા? આવશે. આ તો ભણતર છે એમાં આવશે. આ ક્લાસ છેને એટલે આવશે. કો'ક કહેતું હતું ખરું હમણાં, નહિ? ચીમનલાલ કહેતા હતા, તમારા ભાઈ કહેતા હતા. એ કહેતા હતા. મોટું લાદીનું કારખાનું છે થાણામાં અને ભગવાનજીભાઈનું આનું પ્લાસ્ટિકનું છે.

મુમુક્ષુ :- એ ભગવાનજીભાઈનું ક્યાં છે? એના દીકરાનું છે.

ઉત્તર :- આ તો એક વાત છે. એ તો એના દીકરાનું હોય. .. એને પૂછ્યા વિના .. વાતું .. અહીં તો એક જ એવા, બીજા ઘણાય છેને એને તો. ઘણા મોટા ગૃહસ્થ એ ક્યાં પંદર લાખમાં આવે છે. મોટા પૈસાવાળા માણસ છે. ... આહા..હા..! એના તરફનો વિકલ્પ છે, ઠીક અને અઠીક એવો વિકલ્પ છે એ પણ જીવનો નહિ. એ જીવનો અનુભવ નહિ. આહા..હા..! એ જડનો છે, અજીવનો ભેખ પહેર્યો (એણે). આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આમાં છે એ વ્યાખ્યા ચાલે છે હોં આ. કોઈ કહે, અદ્ધરથી પોતાની મેળે (કરે છે એમ નથી). ચેતનજી! છે એમાં? આનંદે ઘેર્યો જીવને એ જીવનું સ્વરૂપ છે. સુખ-દુઃખની કલ્પનાથી ઘેરાઈ જાય એ જીવ નહિ. આહા..હા..!

એ '**સુખ-દુઃખથી જુદો અન્ય ચૈતન્યસ્વભાવરૂપ જીવ...**' અન્ય ચૈતન્યસ્વભાવરૂપ જીવ. એ તો પહેલેથી કહ્યું હતું કે પુણ્ય-પાપનો ભાવ છે એ ચૈતન્યસ્વભાવથી શૂન્ય છે. એ પુદ્ગલથી અનેરો જીવ છે. આવી વાતું... આહા..હા..! સિદ્ધના પાડોશી થવાની વાતું છે આ તો. આહા..! કોઈ અટકાવે... અટકાવ્યો.... પાર નથી પાર. સિદ્ધ ઉપરથી નહિ આવે, હું આવું છું હવે. આહા..હા..! આવો માર્ગ આત્માનો વીતરાગનો સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરનો, હવે એ સાંભળવા મળે નહિ અને બિચારા દયાઓ પાળે, વ્રત કરવા અને અપવાસ કરવા. મરી ગયા કરી કરીને અજ્ઞાનમાં. લ્યો, એણે (મોક્ષમાર્ગપ્રકાશકમાં) વાત કરી નહિ? એ તો (વ્યવહારાભાસ) છે જાવ. .... આ શું કહે છે અહીં? શુભાશુભ પરિણામનો અનુભવ એ આત્માનો નહિ. આહા..હા..! કહો, સમજાય છે? એનું કર્તાપણું તો નહિ, પણ એનો અનુભવ પણ નહિ. કર્તા અને ભોક્તા પુણ્યના પરિણામનો શુભનો એ બધો જડ છે. છ બોલ થયા.

'**તેઓ પોતે તેને પ્રત્યક્ષ અનુભવે છે.**' ક્યાંક સ્વયં નાખ્યું છે અને પોતે બેય નાખ્યું છેને. ક્યાંક સ્વયં નાખ્યું છે, ક્યાંક પોતે નાખ્યું છે. આહા..હા..! આતમરામ તારી વાતું આવી છે. આહા..હા..! આતમરામ રમતો ચૈતન્યમાં રમે તેને આત્મા કહીએ, રાગમાં રમે તેને અનાત્મા કહીએ. આહા..હા..! સમજાણું કાંઈ?

ઓલો રાવણ કહે, આ સીતા પ્રસન્ન પડતા નથી હોં! કે રાવણ રામનું રૂપ લે તો સીતાજી પ્રસન્ન થાય. ભાઈ! જ્યાં રામનું રૂપ લઉં ત્યાં માતા દેખાય છે. રામ થાવ એની તો વાત જ ક્યાં રહી? તો તો એને ... ક્યાં છે? રામનું રૂપ જ્યાં લઉ છું ત્યાં સીતા જેને પસંદ કરું એ તો માતા દેખાય છે. એમ અહીં તો વિકલ્પથી તો નિર્ણય કરે અને અનુભવે એ તો હજી રામનું રૂપ છે. આતમરામ અંદર રમતો રામ પ્રભુ એ અનુભવથી પુણ્ય-પાપના શુભાશુભભાવના અનુભવથી ભિન્ન છે ચૈતન્ય. આવી વાત બહુ પણ આ તો... પહેલા દરજ્જાની વાતમાં આવી વાત! કોઈને એમ લાગે છે. પણ એ વસ્તુ જ આવી છે ત્યાં. એ તો કહે છે કે ચૈતન્યસ્વભાવરૂપ ભગવાન, શુભાશુભના અનુભવથી ભિન્ન વસ્તુ જ એવી છે ત્યાં પ્રશસ્ત ... એને તો આત્મા કહેવો. નહિતર તો અજીવ ને પુણ્ય-પાપના ભાવ બધા બીજા છે એ તો બધા અજીવમાં જાય છે.

સાતમો બોલ. '**શિખંડની જેમ ઉભયાત્મકપણે મળેલાં...**' શિખંડમાં જેમ ખટાશ અને મીઠાશ બે ભેગી દેખાય છે એમ ઉભયપણે મળેલાં '**જે આત્મા અને કર્મ તે બન્ને મળેલાં પણ જીવ નથી...**' બે ભેગા થઈને મિશ્રપણું એમ કહે છેને? આહા..હા..! રાગ અને શુદ્ધતાનો અંશ બે મિશ્રિત એનાથી મોક્ષમાર્ગ થાય. શુભભાવમાં મિશ્રિત પર્યાય કહે છેને? ખાણિયા ચર્ચામાં આવ્યું છે. એય..! માણેકલાલજી! ખાણિયા ચર્ચા વાંચી છે કે નહિ? વાંચી છે? જરી અક્ષર ઝીણા, ઝીણા અક્ષર છે. સમજાણું કાંઈ? એમાં એમ કહ્યું છે કે શુભયોગ મિશ્રિત

છે. થોડીક શુદ્ધતા છે અને થોડીક અશુદ્ધતા છે. શુભયોગમાં. કહો, ઠીક!

મુમુક્ષુ :- શુદ્ધ અને અશુભ બે લીધું.

ઉત્તર :- હા. બે લીધું. શુદ્ધતાનો અંશ છે શુભમાં. બનારસીદાસે નથી કહ્યું? શુભયોગમાં શુદ્ધનો અંશ છે. પછી એમાંથી પ્રશ્ન તો એક છે પાછો? કે શુભયોગમાં શુદ્ધનો અંશ છે નહિતર યથાખ્યાત ન થાય. પછી અશુભયોગ વખતે શું? એ તો ઘણા વખતથી પ્રશ્ન છે. તો પછી શુદ્ધ ન હોય તો તો એનો અંશ જો વ્યક્ત ન હોય તો ત્યાં યથાખ્યાતમાં પહોંચવું એ કોણ પહોંચાડે? એમ મારું કહેવું છે. શું કહું છું સમજાય છે? જ્યારે શુભયોગમાં શુદ્ધનો અંશ ન હોય, ત્રિકાળી શુદ્ધ છે એ નહિ, પર્યાયની શુદ્ધતાનો અંશ ન હોય તો એની તાકાત નથી કે એકલો અશુદ્ધતા યથાખ્યાતને પામે. એનો અશુભ વખતે પણ અમુક તો શુદ્ધતાનો અંશ છે. અશુભને લઈને નહિ, પણ એ પોતાનો એવો સ્વભાવ જ છે. નહિતર જો એકલા અશુભ કાળે શુદ્ધનો અંશ ન હોય તો એ શુદ્ધનો અંશ વ્યક્તપણે ન હોય તો પછી શુભ વખતે વ્યક્ત ક્યાંથી થયો? અને એ શુદ્ધનો અંશ ન હોય તો ચારિત્ર યથાખ્યાત કેમ પામે? એક ગુણનો બીજો ગુણ ન પમાડી શકે. એવી શૈલી છે. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો આ તમારું ઓલું અશુભયોગનું આ આવ્યું પાછું. અરે! એની વાતું બાપા! વિકલ્પથી ગમ્ય નથી, ભણતરથી ગમ્ય નથી. આહા..હા..! સ્વયં ભગવાન આનંદનો નાથ. આહા..હા..!

કહે છે કે એને અશુભજોગ વખતે શુભજોગ નથી. પણ શુભ અને અશુભ જોગનો અનુભવ જ એને નથી. આહા..હા..! અહીં તો શરીર જરી રૂપાળુ મળ્યું હોય માખણ જેવું એને જાણે કે શું કરીએ આ શરીરને? બટકા ભરી લઈએ કે એનું શરીર જાણે આત્મામાં નાખી દઈએ આ શરીરમાં. એ શરીરમાં હું સમાઈ જાઉં! આહા..હા..! મૂર્ખાઈના તે માપ હશે કાંઈ? એની અશુદ્ધતા પણ બડી. આવે છેને અનુભવપ્રકાશમાં. તેરી શુદ્ધતા ભી બડી, તેરી અશુદ્ધતા ભી બડી. ઓહો..હો..! અશુદ્ધતાના પરિણામમાં ઘેરાયેલો. હોંશને હરખે ચડેલો ચૈતન્ય ભગવાન કોણ છે એનો અનાદર કરી રહ્યો છે. એમ કહે છેને અહીં? સમજાણું કાંઈ?

ધર્મીને વિષયભોગના વાસનાના કાળે પણ એનો અનુભવ નથી એમ કહે છે. એ તો જ્ઞાનમાં જ્ઞેય થઈ ગયું છે. એય..! આહા..હા..! એને તો અંદરમાં... અંદરમાં... અંદરમાં... હું જાઉં, સમાઈ જાઉં, એમાંથી નીકળું જ નહિ. ક્યાંક આવ્યું હતુંને નીકળવું નહિ. શેમાં હતું? ભક્તિમાં આવ્યું હતું નહિ? ... એમાં આવ્યું હતું. ..માં આવ્યું હતું. કોણ ક્યાં.. આહા..હા..! જ્યાં અતીન્દ્રિય આનંદમાં પ્રવેશ છે ત્યાં નીકળવું કેમ ગોઠે? આનંદમાંથી નીકળીને રાગમાં દુઃખમાં આવવું? એમ છેલ્લે આવે છેને સમયસાર. ભવિષ્યની આ બધી આવળી—કાળ આનંદમાં જાવ. બહાર કેમ નીકળીએ? અહીંયાં પણ આવે છે હોં! સમયસાર નહિ? છેલ્લામાં આવે છે. પોતાના આનંદમાંથી બહાર કેમ નીકળે એ તો. આવો ને આવો સમય ભવિષ્યનો અનંત

જાવ. મોટી વાતું લાગે, પણ મોટો બાપુ! આ તારી વાતમાં તું ન આવે એવો મોટો છો. અરે! તારી શુદ્ધ પરિણતિમાં ન આવે એવડો મોટો છો. આહા..હા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પરિણતિમાં ન આવે. આહા..હા..! અનુભવ પરિણતિનો છે, અનુભવ કાંઈ ધ્રુવનો નથી. ધ્રુવનો અનુભવ ન હોય. આહા..હા..! અલિંગગ્રહણમાં તો કહ્યું છેને. છેલ્લો બોલ નહિ? શું છેલ્લા શબ્દો? પર્યાય. પ્રત્યભિજ્ઞાન... કેવો? એ ખરું પણ એની ભાષા શું છે? પ્રત્યભિજ્ઞાનના કારણભૂત. પ્રત્યભિજ્ઞાનના કારણરૂપ એવો જે સામાન્ય દ્રવ્ય. અહીંયાં શબ્દો હોય. પ્રત્યભિજ્ઞાન—આનો આ... આ... આ... આ... એવો જે પ્રત્યભિજ્ઞાનના કારણભૂત એવું સામાન્ય દ્રવ્ય તેને નહિ સ્પર્શતી એવી શુદ્ધ પર્યાય છે. એ શુદ્ધ અનુભવની પરિણતિ તે આત્મા છે ત્યાં એમ કીધું લ્યો! એ અહીં કહે છે, શુભાશુભ પરિણતિ તે આત્મા નહિ, એનો અનુભવ એ આત્મા નહિ. શુદ્ધ પરિણતિ તે આત્મા છે. આહા..હા..! અરે! એની વાછટ તો આવવા દે કહે છે. વરસાદ આવે ત્યારે વાછટ આવેને થોડી? ફુવાર.

કહે છે કે પ્રભુ આત્મા શુભાશુભ પરિણામને ભોગવતો નથી. આ શિખંડની જેમ બેને ભેગા થઈને પણ ભોગવતો માનતો નથી. તદ્દન જુદી ચીજ છે. આહા..હા..! કર્મથી જુદા... લ્યો! મળેલો આત્મા '**જે આત્મા અને કર્મ તે બન્ને મળેલાં પણ જીવ નથી કારણ કે સમસ્તપણે (સંપૂર્ણપણે) કર્મથી જુદો...**' કેમકે કર્મ એ આત્મામાં છે ક્યાં? રાગ આત્મામાં નથી તો વળી કર્મ એ તો પર સ્વતંત્ર દ્રવ્ય છે. એ કાંઈ આત્મામાં છે નહિ. એ તો એનામાં છે, એનામાં છે. આત્મામાં ક્યાં છે? એ કર્મથી જુદો. '**શિખંડની જેમ ઉભયાત્મકપણે...**' ઉભયસ્વરૂપપણે '**મળેલાં જે આત્મા અને કર્મ તે બન્ને મળેલાં પણ જીવ નથી કારણ કે સમસ્તપણે (સંપૂર્ણપણે) કર્મથી જુદો...**' એમ. કર્મથી જુદો સંપૂર્ણપણે, પૂર્ણપણે એમ પાછું. કાંઈક કર્મ છે અને કાંઈક નથી એવું કાંઈ નથી. આહા..હા..! '**(સંપૂર્ણપણે) કર્મથી જુદો અન્ય ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે...**' વળી અહીં સ્વયં લીધું. ત્યાં પોતે અનુભવે છે (એમ લીધું હતું). '**સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ પોતે તેને પ્રત્યક્ષ અનુભવે છે.**' એ સ્વયંની વ્યાખ્યા કરી. '**અર્થાત્ તેઓ પોતે તેને પ્રત્યક્ષ અનુભવે છે.**' આહા..હા..! એ સાતમો બોલ થયો..

આઠમો. '**અર્થક્રિયામાં સમર્થ એવો જે કર્મનો સંયોગ...**' ઓલું કહ્યું હતુંને, ખાટલાના ચાર પાયા હોયને, ચાર લાકડા (આડા) હોય એ ખાટલો. '**અર્થક્રિયામાં સમર્થ એવો જે કર્મનો સંયોગ તે પણ જીવ નથી કારણ કે, આઠ કાષ્ઠના સંયોગથી (-ખાટલાથી) જુદો જે ખાટલામાં સૂનારો પુરુષ...**' લ્યો! ખાટલામાં સુનારો પુરુષ ખાટલાથી જુદો છે. આહા..હા..! ખાટલાને અડ્યો પણ નથી એમ કહે છે. '**ખાટલામાં સૂનારો પુરુષ તેની**

**જેમ, કર્મસંયોગથી જુદો અન્ય ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ પોતે તેને પ્રત્યક્ષ અનુભવે છે.**' લ્યો! બહુ સરસ અલૌકિક વાત છે! આને આત્મા કહીએ. એમ. નવ તત્ત્વમાં આને આત્મા કહીએ. '**भूदत्थेणाभिगदा**'. આવે છેને? નવ તત્ત્વને ભૂતાર્થથી જાણવા. એનો અર્થ? કે ભૂતાર્થથી પોતાને જાણતા નવને જાણે છે એમ કહેવામાં આવે છે. આહા..હા..!

'**(આ જ રીતે અન્ય કોઈ બીજા પ્રકારે કહે ત્યાં પણ આ જ યુકિત જાણવી.)**' ખાટલા શું કહેવાય? ઢોલિયા, પલંગ-પલંગ. ઢોલિયા અમારી કાઠિયાવાડી ભાષા. હીરાના પલંગ. એ પોઢ્યા નરકે ગયા સાતમી. અહીં દેવો ખમ્મા-ખમ્મા (કરતા), હીરાના પલંગમાં પોઢ્યા હતા આમ. જાવ પોઢો નરકમાં. આહા..હા..! રાજા મોટા હોયને એને મરી ગયા એમ ન કહે. પોઢ્યા એમ કહે. બહાર એમ ન કહે રાજા મરી ગયા. મરી ગયા એમ ન કહે. મરી ગયા અને વળી આ..

મુમુક્ષુ :- આત્મા મરતો નથી પછી ક્યાં.

ઉત્તર :- એ આત્મા મરતો નથી એને માટે ક્યાં છે? એવા મહાપુરુષો રાજા ખમ્મા-ખમ્મા જેને. આંખો ફરતા દુનિયા ડોલતી હોય આમ. આહા..હા..! ઘોડાગાડી નીકળે, માથે (છત્રી હોય). મોટા ઘોડા મોઢા આગળ બે માણસ દોડે ગામમાં આવે ત્યારે બહાર. ઘોડાની મોઢા આગળ. નહિતર એમ કે ઘોડા મોટા હોય ઊંચા કદાવર મોઢા આગળ (જાય). અમારે ગારિયાધારમાં આવતા. .. માનસિંહ હતો. મેં જોયેલા છે. પોતે આવતો આમ માથે ઘોડાગાડીમાં. ગામમાં બેસે. ઘોડા મોટા થોડા ઊંચા. દસ-દસ હજારના ઘોડા. મોઢા આગળ આમ (ચાલે). આહા..હા..! જાણે અમે આત્માને કઈ રીતે સુખી છીએ અને કઈ રીતે અમે આ સામગ્રીવાળા છીએ! આહા..! મારી નાખ્યો જીવને. માનસિંહજી હતા. બહાદુરસિંહજીના બાપ. બહાદુરસિંહજી મરી ગયા. આથી બીજી રીતે પણ જીવને કહેતા હોય તો આ યુક્તિથી એને સમજાવવું, કહેવું.

'**(ભાવાર્થ :- ચૈતન્યસ્વભાવરૂપ જીવ, સર્વ પરભાવોથી જુદો, ભેદજ્ઞાનીઓને અનુભવગોચર છે;...**' અનુભવગોચર છે. '**તેથી જેમ અજ્ઞાની માને છે તેમ નથી.)**' વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૩૪

इह खलु पुद्गलभिन्नात्मोपलब्धिं प्रति विप्रतिपन्नः साम्नैवैवमनुशास्यः।

(मालिनी)

विरम किमपरेणाकार्यकोलाहलेन
स्वयमपि निभृःत सन् पश्य षण्मासमेकम्।
हृदयसरसि पुंसः पुद्रलाद्भिन्नधाम्नो
ननु किमनुपलब्धिभांति किंचोपलब्धिः।।३४।।

અહીં પુદ્‌ગલથી ભિન્ન આત્માની ઉપલબ્ધિ પ્રત્યે વિરોધ કરનાર (-પુદ્‌ગલને જ આત્મા જાણનાર) પુરુષને (તેના હિતરૂપ આત્મપ્રાપ્તિની વાત કહી) મીઠાશથી (અને સમભાવથી) જ આ પ્રમાણે ઉપદેશ કરવો એમ કાવ્યમાં કહે છેઃ-

શ્લોકાર્થ :— હે ભવ્ય! તને [अपरेण] બીજો [अकार्य-कोलाहलेन] નકામો કોલાહલ કરવાથી [किम्] શો લાભ છે? [विरम] એ કોલાહલથી તું વિરકત થા અને [एकम्] એક ચૈતન્યમાત્ર વસ્તુને [स्वयम् अपि] પોતે [निभृतः सन्] નિશ્ચળ લીન થઈ [पश्य षण्मासम्] દેખ; એવો છ મહિના અભ્યાસ કર અને જો (-તપાસ) કે એમ કરવાથી [हृदय-सरसि] પોતાના હૃદયસરોવરમાં [पुद्रगलात् भिन्नधाम्नः] જેનું તેજ-પ્રતાપ-પ્રકાશ પુદ્‌ગલથી ભિન્ન છે એવા [पुसः] આત્માની [ननु किम् अनुपलब्धिः भाति] પ્રાપ્તિ નથી થતી [किं च उपलब्धिः] કે થાય છે.

ભાવાર્થ :— જો પોતાના સ્વરૂપનો અભ્યાસ કરે તો તેની પ્રાપ્તિ અવશ્ય થાય; જો પરવસ્તુ હોય તો તેની તો પ્રાપ્તિ ન થાય. પોતાનું સ્વરૂપ તો મોજૂદ છે, પણ ભૂલી રહ્યો છે; જો ચેતીને દેખે તો પાસે જ છે. અહીં છ મહિનાનો અભ્યાસ કહ્યો તેથી એમ ન સમજવું કે એટલો જ વખત લાગે. તેનું થવું તો અંતર્મૂહૂર્તમાત્રમાં જ છે, પરંતુ શિષ્યને બહુ કઠિન લાગતું હોય તો તેનો નિષેધ કર્યો છે. જો સમજવામાં બહુ કાળ લાગે તો છ મહિનાથી અધિક નહિ લાગે; તેથી અન્ય નિષ્પ્રયોજન કોલાહલ છોડી આમાં લાગવાથી જલદી સ્વરૂપની પ્રાપ્તિ થશે એવો ઉપદેશ છે. ૩૪.

## શ્રાવણ સુદ-૩, શનિવાર, તા. ૧૨-૦૮-૧૯૭૨
## કળશ-૩૪, પ્રવચન-૧૩૦

કળશ છે. ૩૪મો કળશ. ૪૪મી ગાથા થઈ એનો કળશ કહે છે.

(मालिनी)

विरम किमपरेणाकार्यकोलाहलेन
स्वयमपि निभृ:त सन् पश्य षण्मासमेकम्।
हृदयसरसि पुंसः पुद्गलाद्भिन्नधाम्नो
ननु किमनुपलब्धिर्भाति किंचोपलब्धि:।।३४।।

'**શ્લોકાર્થ :— હે ભવ્ય!**' ભગવાન અમૃતચંદ્રાચાર્ય મુનિ દિગંબર સંત સાચા ભાવલિંગી હતા. કુંદકુંદચાર્યના કેડાયત એના અર્થ કરનારા, ટીકા કરનારા. આહા..હા..! '**હે ભવ્ય!**' સંબોધન કર્યું છે. હે જીવ! એમ કહે છે. '**તને બીજો નકામો કોલાહલ કરવાથી શો લાભ છે?**' આ જીવ પુણ્યથી લાભ થશે, પાપથી નુકસાન થશે, પુણ્ય-પાપના ભાવ એ જીવના છે. એવા બધા કોલાહલથી તને શું કામ છે? ભાઈ! '**अकार्य**' છેને? એ તો અકાર્ય છે. અંદર પુણ્ય-પાપના વિકલ્પ જે ઉઠે છે એ મને લાભ કરશે અથવા એ હું છું એવા '**अकार्य**' મફતનું જેમાં કાર્ય થાય નહિ એવા કોલાહલથી શું કામ છે? કોલાહલ છે, અકાર્ય કોલાહલ. '**अकार्यकोलाहलेन**'. આહા..હા..! શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ. અશુભભાવ હિંસા, જૂઠ, ચોરી, વિષય આદિ એવા ભાવથી તને શું? એ તો અકાર્ય કોલાહલ છે. આહા..હા..! એમાં જીવ નથી અને એ જીવના સ્વરૂપે નથી અને જીવના સ્વરૂપને એ લાભદાયક નથી. કહો, સમજાણું કાંઈ? આ તો ગુજરાતી ભાષા સમજાય એવું છે, બહુ આકરી ભાષા નથી. કહો, પંડિતજી! આહા..હા..!

કહે છે, '**બીજો નકામો કોલાહલ...**' શા માટે? આ બીજો કહેવાય. તારું કામ છે એ કરને. આહા..હા..! તારામાં દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિના ભાવ શુભાશુભ થાય એ મને લાભ કરે છે, મને નુકસાન કરે છે એ બધા કોલાહલથી તારે કામ શું છે કહે છે. તારા સ્વરૂપમાં એ નથી. આહા..હા..! આવી વાત ભારે કામ આકરું. સચ્ચિદાનંદ નિર્મળાનંદ સ્વરૂપ છો પ્રભુ. અતીન્દ્રિય આનંદનો ભંડાર આત્મા છે. એવા કાર્યને છોડી દઈ આ બીજું આવું '**अपरेण**' કેમ? '**अपरेण**' એટલે બીજા આવા કોલાહલમાં કેમ પડ્યો છો? અકાર્ય કોલાહલ

છે એ તો. આહા..હા..! તેમાં તારું કાર્ય કાંઈ થાય નહિ. આહા..હા..! વ્યવહારના ક્રિયાકાંડના પરિણામ એનાથી મને લાભ થાય એ તને આ કોલાહલ ક્યાં સૂઝ્યો? કહે છે. '**अपरेण**' છેને? તારી ચીજ અંદર સચ્ચિદાનંદ પ્રભુ છેને. નિર્વિકલ્પ અભેદ અનુપચાર-જેનો ઉપચાર નથી એવી ચીજ અંદર અખંડ આનંદ અને જ્ઞાનનો પુંજ છે ઈ. એને છોડીને '**अपरेण**'- આ બીજા વિકલ્પોની કોલાહલમાં ક્યાં રોકાણો? ભાઈ! આહા..હા..!

'**નકામો કોલાહલ કરવાથી શો લાભ છે?**' એવા હઠથી તને હઠ કેમ પડ્યો આવો? ઓલામાં એમ લખ્યું છે કળશટીકામાં. આ તને હઠ શું છે કે મને અંદર શુભભાવ કરતા-કરતા શુભભાવથી આત્માને ધર્મ થશે. આવો નકામો હઠ તને શું છે આ? સમજાણું કાંઈ? આ બાળક હોય છેને, હઠે ચડેને. બાળક, ઘોડો, સ્ત્રી ત્રણે કહે છેને. બાળહઠ, સ્ત્રી હઠ અને રાજહઠ, બાળહઠ એટલે ... બાળ હઠ એવો હોય છે, ... હઠ અને ઘોડાનો હઠ. એમ તને આ હઠ શું કરવા છે? ભાઈ! આહા..હા..! જ્ઞાનનો પુંજ પ્રભુ છેને. એ તો નિર્વિકલ્પ આનંદનો કંદ આત્મા છે. એનાથી અનેરો '**अपरेण**' નામ બીજા વિકલ્પની જાળ એમાં હઠમાં કેમ તું આવ્યો છો? એમ કહે છે. **નકામો શો લાભ છે?**

'**विरम**' હઠ છોડ હવે. કહો, સમજાણું? '**विरम**' વિરક્ત થા. ભાઈ! તારી ચીજ તો અંતર આનંદસ્વરૂપ છેને. ચૈતન્ય મહાપ્રભુ અનંત પ્રભુતાના સ્વભાવથી ભરેલો પ્રભુ છે ઈ. અરે! એવા વિકલ્પોથી આ આવો છે ને આ આવો છે (એનાથી) વિરક્ત થા. આહા..હા..! '**अकार्य-कोलाहलेन अपरेण**' વિરક્ત થા. એ શુભ-અશુભ વિકલ્પ જે રાગ એનાથી વિરક્ત થા. એમાં તારો આત્મા છે? આ અત્યારે જુઓને એવું ચલાવે છેને આમ આ કરો... આ કરો.. દયા કરો, વ્રત પાળો, પૂજા કરો, ભક્તિ કરો. કરતાં-કરતાં આત્મા પ્રાપ્ત થશે. એમ ધૂળેય નહિ વધે, એ તો રાગ છે. એમાં ક્યાં આત્મા છે?

મુમુક્ષુ :- આપણે પણ મંદિર તો બંધાવ્યું છે.

ઉત્તર :- કોણ બંધાવે છે? કોઈ બંધાવતું નથી. એ તો એને કાળે થાય છે. આ તમારા ગિરધરભાઈ બંધાવાના છે. કાલે વાત થઈ હતી. ભાઈ! કો'ક કહેતું હતું. ઘણા વખતથી કહેતા હતા. અઢી લાખ અને અઢી લાખ પાંચ લાખ કાઢ્યા છે. બેંગ્લોર. જુગરાજજી છેને જુગરાજજી? જુગરાજજી નહિ? ગૃહસ્થ સ્થાનકવાસી છે, સ્થાનકવાસી છે. અહીંયાં .. ૭૦-૮૦ લાખ રૂપિયા છે. મોટું મુંબઈમાં મહાવીર માર્કેટ છે. આમ દેખો તો કાંઈ લાગે નહિ. અઢી લાખ રૂપિયા આણે આપ્યા અને અઢી લાખ બીજો મારવાડી છે ભભૂતમલ એણે આપ્યા. પાંચ લાખનું મકાન બેંગ્લોરમાં દિગંબર મંદિર બનાવવાનું છે. અઢી લાખની તો જમીન લીધી છે. હવે અઢી લાખ.

મુમુક્ષુ :- સારું કામ કર્યુંને?

ઉત્તર :- એ તો એને કારણે થાય અને એમાં વિકલ્પ આવે કે એનાથી મને લાભ થાય એ તને લાભ નથી એમ કહે છે. આહા..હા..! એવો વિકલ્પ હોય અને એનું નિમિત્ત પણ ત્યાં દેખાય પણ એને કારણે અહીંયાં સમ્યગ્દર્શન થાય એમ નથી. સમજાય છે કાંઈ? ગૃહસ્થ માણસ છે. એ.. ગિરધરભાઈ! આ પણ કરવાના છે. આ તો ઓલા બે જણાએ અઢી-અઢી લાખ કાઢ્યા. તમારા ગામમાં તો બે જણા મોટા ૫૦-૬૦-૬૦ લાખવાળા બે જણા છે. કેવા? ભગવાનજીભાઈ? રમણીકભાઈ અને નાનો ... પૈસા છે ઘણા. એક એક પાસે સાંઈઠ લાખ, સીત્તેર લાખ છોકરા બે છે. આપણા અહીં મુમુક્ષુમાં છે. એ તો હોય છે એવો વિકલ્પ અને એ બહારની ચીજ બનવી છે એ કાંઈ વિકલ્પ છે માટે બને છે એમ નથી. એ તો એના બનવાના સમયને કાળે પરમાણુનું પરિણમન એ ક્ષેત્રે એ રીતે થવાનું હોય ત્યાં થાય છે. બનાવવાનો ભાવ જેનો છે એનો શુભભાવ છે.

મુમુક્ષુ :- એ કોલાહલમાં આવે કે ન આવે?

ઉત્તર :- એનાથી લાભ થાય (એમ માને) એ કોલાહલમાં આવે. એવો વિકલ્પ આવે એને એ જાણે. આહા..હા..! એવી વાત છે. એનાથી લાભ થાય એમ કીધું છે અહીં (એમ નથી) જુઓ! નકામો કોલાહલથી લાભ શો? હોય ભલે એ કાળે શુભને કાળે શુભભાવ હોય, અશુભથી બચવા માટે. પાઠ આવે છેને? અશુભ વંચનાર્થં. અશુભથી બચવા માટે. પંચાસ્તિકાયમાં છે. અસ્થાનેથી ખસવા માટે, બચવા માટે એવો શુભભાવ હોય, પણ એ શુભભાવ પુણ્યબંધનું કારણ છે, ધર્મ નહિ.

મુમુક્ષુ :- અભિપ્રાયમાં એનો નકાર છે.

ઉત્તર :- અભિપ્રાય એ તો વાત નકારની એ વસ્તુ જ મારી નથી, મારાથી થતી જ નથી. આહા..હા..! એ તો એને કારણે થાય, એમાં જે શુભભાવ આવે એ મારું ખરું પરમાર્થે કર્તવ્ય નથી. આહા..હા..! વ્યવહારે પરિણમન છે એટલે છે એમ કહેવાય. પરિણમન છેને? શુભ વખતે શુભ પરિણમન આવે છેને? પ્રવચનસાર. શુદ્ધ, શુભ અને અશુભ. ટીકામાં એમ છે. શુભે પરિણમેલો શુભ કહેવાય, અશુભે પરિણમેલો અશુભ કહેવાય, શુદ્ધે પરિણમેલો શુદ્ધ કહેવાય. આહા..હા..! ગજબ વાત છે! એવા શુભ-અશુભના વિકલ્પો એનાથી ચૈતન્યને ધર્મ થશે, જન્મ-મરણ ટળશે અને સમકિત થશે એ વાત રહેવા દે. એ કોલાહલ છોડ. આહા..હા..! ભારે જગતથી જુદું ભાઈ! આવો વીતરાગમાર્ગ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કરે જ છેને. એ તો કહે છે. '**अपरेण अकार्य-कोलाहलेन**' ભાષા જુઓને વાપરી છેને. બાપુ! એ તો બીજું કાર્ય છે, તારું કાર્ય નહિ એ. શુભાશુભભાવ કરવા અને એને હરખ-શોકથી ભોગવવા, પ્રભુ! એ તારું કાર્ય નહિ. ભગવાનના ઘરે આ વાત ન હોય.

એમ શ્રદ્ધા અને જ્ઞાનમાં તો લે. આહા..હા..! દુનિયા તને નહિ તારે કે દુનિયા રાજી થાય છે મારી આ ક્રિયાથી, શુભભાવથી... લોકો મને પસંદ કરે છે, લોકો મને ધર્મી કહે છે. એથી શું છે ભાઈ? છોડ, હઠ છોડ હવે કહે છે. આહા..હા..! વિરક્ત થા. એકવાર દૃષ્ટિમાં પુણ્ય અને પાપના શુભ-અશુભ વિકલ્પથી વિરક્ત (થા). રક્ત છો એ વિરક્ત થા એમ કહે છે. કામ તો આવું છે, ભાઈ! ધર્મનું સ્વરૂપ આવું છે. દુનિયાએ ગણ્યું છે અને કહ્યું છે એવું નથી સ્વરૂપ, આ તો બીજી જાત છે. અનંત કાળના સંસારનો અંત અને અનંત અનંત કાળ આનંદ રહે એવું જેનું ફળ, એવો જે ધર્મ આત્માનો પર્યાય એની શું વાત કરવી? આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે '**વિરક્ત થા અને...**' '**एकम्**' '**स्वयम् अपि**' '**એક ચૈતન્યમાત્ર વસ્તુને...**' ભગવાન તો જાણનાર-જાણનાર-દેખનાર એવી વસ્તુ છે એ તો. ચૈતન્યમાત્ર ભગવાન આત્મા વસ્તુ સ્વયં '**પોતે...**' '**निभृतः सन्**' '**નિશ્ચળ લીન થઈ...**' એ વિકલ્પની જાળને છોડી. આહા..હા..! નિશ્ચળ. નિશ્ચળ પુરુષોને જ પ્રાપ્ત થાય છે એમ કહે છે. વિકલ્પની જાળમાં ગૂંથાયેલાને આ આત્મા પ્રાપ્ત થતો નથી, એને સમ્યગ્દર્શન થતું નથી. આહા..હા..! જગતથી બહુ જુદી ચીજ. હવે આવા માર્ગને બીજા સાથે સમન્વય કરવો. બીજા પણ ઠીક છે. ધૂળેય ઠીક નથી. એક વીતરાગ સર્વજ્ઞ સ્વભાવ વીતરાગે કહેલો એ આત્મા, તે પણ વીતરાગે કહેલો, એણે જાણેલો, જોયેલો અને એ કહ્યો તે પ્રભુ ચૈતન્ય સ્વભાવી ભગવાન એની દૃષ્ટિ કરને. આવા વિકલ્પથી નિશ્ચળ ચિત્ત કરીને સ્પષ્ટ અનુભવ કર.

'**છ મહિના અભ્યાસ કર...**' આટલી મુદ્દત મારી. છ માસ. ઝાઝી એમાં ઝાઝી લાગશે તો છ માસ લાગશે. ઉત્કૃષ્ટ (મર્યાદા છે). અંતર્મુહૂર્તમાં એ તો પ્રભુ પ્રાપ્ત થાય છે. એ વિકલ્પની જાળથી રહિત હું આત્મા એવો અનુભવ અંતર્મુહૂર્તમાં થાય, પણ તને અણઅભ્યાસે બહુ આકરું લાગતું હોય, કહે છે, તો છ માસ સુધી તો એની આ જ માર્ગ છે, આ જ માર્ગ છે, આવો માર્ગ છે એમ ઘુંટ. ઓહો..હો..! આહા..હા..! ઘુંટ સમજ્યા? વારંવાર. એમાં વારંવાર એની તું રુચિ કર. ઓહો..! એકલો જ્ઞાયકસ્વરૂપ ભગવાન આત્મા છ માસ સુધી એમાં ધારામાં ક્યાંય ખંડ ન પડવો જોઈએ રુચિમાં એમ કહે છે. એ રુચિ જો ત્યાં જામી તો છ માસે તો તને આત્મા પ્રાપ્ત થશે જ.

મુમુક્ષુ :- વારંવાર પાઠ કરે તો ચાલે?

ઉત્તર :- પાઠની વાત નથી. આ તો શાસ્ત્રનું શ્રવણ છે. એને રટ-રટ એમ કહ્યું છેને. આહા..હા..! ભારે આકરું કામ છે. એ સમ્યગ્દર્શન વિના બધું એકડા વિનાના મીંડા છે.

મુમુક્ષુ :- મીંડા એટલે?

ઉત્તર :- શૂન્ય. અંક વિનાની શૂન્ય. આહા..હા..! મનુષ્યપણું પામીને આ ચીજ જ જેને

કરવા જેવી (છે). ન્યાયતે ઈતિ મનુષ્ય. જાણનાર ભગવાન આત્મા એને છ મહિના સુધી તો એનો આદર કરવાને મથને એમ કહે છે. સમજાણું કાંઈ? આચાર્યે મુદ્દત મારી. ઓલાએ છ માસનો અર્થ એવો નથી કર્યો કળશ ટીકાકારે. અનુભવ કર. છ માસ સુધી તો એટલે અમુક (કાળ) સુધી એનો અનુભવ કર. મુદ્દત નથી મારી. કળશટીકા.

જીવ ઉપર આ અજીવનો ભેખ છેને એમ કહે છે. શુભ-અશુભ વિકલ્પનો જે ભેખ છે એ અજીવનો ભેખ છે, એ તારી ચીજ નહિ. આહા..હા..! વ્યવહાર મોક્ષમાર્ગનો રાગ શુભરાગ એ પણ જીવ નહિ હોં! એ અજીવનો ભેખ છે ભાઈ! આહા..હા..! ગજબ વાત છે, પ્રભુ! અતીન્દ્રિય આનંદનો સાગર એમાં રાગનો ભાગ એ તો દુઃખ અને આકુળતા છે. એને છોડી એકવાર અંતરમાં આ વાદ અને વિકલ્પની જાળ નહિ. હું તો ત્રિકાળ શુદ્ધ ચૈતન્ય છું. આનંદ છું... જ્ઞાન છું. લ્યો, આ સમકિત સાવન આવ્યો. ભજન નથી ભજન? 'અબ તો અબ સમકિત સાવન આવ્યો.' સમકિતરૂપી સાવન આવ્યો. આ શ્રાવણ માસ છેને. આહા..હા..! ઘનઘોર વરસાદ પડે, મોરલા ટહુકે, સાધક જીવો ત્યાં ટહુકે અંદર. ધોધમાર વરસાદ પડે અંદરમાં, નિર્વિકલ્પ સ્વરૂપ હું નિર્વિકલ્પ સ્વરૂપ. આહા..હા..! દુનિયા ગમે તે માનો અને ગમે તે કહો, મારે એની સાથે કાંઈ સંબંધ નથી. સમજાય છે કાંઈ? આહા..હા..!

કહે છે, '**છ મહિના અભ્યાસ કર અને જો (-તપાસ) કે એમ કરવાથી પોતાના હૃદયસરોવરમાં...**' '**पुद्गलात् भिन्नधाम्नः**' એ વિકલ્પથી.. એ પુદ્‌ગલ છે એ કીધુંને? વિકલ્પને પુદ્‌ગલ પરિણામ કહ્યાને? એવા પુદ્‌ગલપરિણામ એવા વિકલ્પથી ભિન્ન '**भिन्नधाम्नः**' જેનું તેજ. ચૈતન્યના તેજ એનો પ્રકાશ પુદ્‌ગલથી ભિન્ન છે. સમજાણું કાંઈ? '**એવા આત્માની...**' '**ननु किम् अनुपलब्धिः भाति**' શું એની શોભા પ્રાપ્ત ન થાય? આહા..હા..! અવશ્ય થાય. '**ननु किम् अनुपलब्धिः भाति**' કેમ એની શોભાની પ્રાપ્તિ ન થાય? આહા..હા..! એ પુણ્ય અને પાપના વિકલ્પના રાગથી પ્રભુ એ શોભતો નથી. એ તો કલંક છે. આહા..હા..! શરીર તો કિચ્ચડ છે આ તો. હાડ-માંસનો કોથળો છે આ. કોથળો સમજો છો? બોરા.

ભગવાન આત્મા..! વિકલ્પની જાળ આહા..હા..! એનાથી એની શોભા નથી કહે છે હોં! અને તું એનું મનન કર અને એની શોભા પ્રગટે નહિ એમ ન થાય, એમ ન થાય. આહા..હા..! અનુપલબ્ધિ પ્રાપ્તિ ન થાય એમ નહિ. સમજાય છે કાંઈ? એનો અર્થ એ છે. શોભાની પ્રાપ્તિ ન થાય? કે શોભાની પ્રાપ્તિ થાય જ. સુંદર ભગવાન આત્મા.. આ કરવાનું નથી? એ જ કરવાનું છે. સુંદર સ્વભાવી ભગવાન આત્મા શુદ્ધ આનંદઘન અતીન્દ્રિય સુખનો સાગર એના તરફના વલણના ઘુંટણથી એની શોભા છે. સમકિત એને લઈને પ્રાપ્ત થશે. એ સમકિતનો શણગાર એને શોભે છે. મિથ્યાત્વ અને રાગ એને શોભા આપતું નથી, નુકસાન કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! તો પછી અમારે રળવું કે દિ'? ત્યારે આ ન

કરવું? બાયડી, છોકરા હાથ .. વાળાના પકડ્યા છે કે આ મારી બાયડી છે, આ મારા છોકરા છે. આહા..હા..! વિકલ્પની જાળે વળગ્યો કહે છે.

એક બે પગવાળો હતો, બાયડી થઈ (તો) ચાર પગવાળો થયો. સમજાણું કાંઈ? આ બે પગ છે કે નહિ? બે પગ છે. સ્ત્રી થઈ તો ચાર પગ થયા. ઢોર થયો. ચાર પગ થયાને? પશુ થયો. મારા છે એમ માનીને હોં! એને થયું છોકરું, એના બે પગ થયા તો છ પગ થયા. એ થયો ભમરો. ભંવરા-ભંવરા એને છ પગ હોય છે. ષટ્ પગ. ભમરો થયો. જાદવજીભાઈ! એકના બે અને બેના ત્રણ. આહા..હા..! અને એમાં વળી એનું સગપણ કર્યું. બે પગવાળી (છોકરી) આવી. આઠ પગ થયા. કરોળિયો થયો. કરોળિયો સમજ્યા? મકડી. કરોળિયાને આઠ પગ હોય છે. આ કોલાહલ... કોલાહલમાં ચોંટ્યો. આહા..હા..! એકલો ચૈતન્ય ભગવાન એને આવા બેકલાથી (કોલાહલમાં જોડ્યો). એકડે એક અને બગડે બે. એક સ્વરૂપી ભગવાન એમાં આવા વિકલ્પથી બગાડ થાય છે. કારણ કે એ બીજી ચીજ છે. કહો, ભગવાનજીભાઈ! આ પૈસાવાળાને આવું બધું? કોલાહલ છે? આહા..હા..!

મુમુક્ષુ :- તમે કહો છો તો કોલાહલ જ છે.

ઉત્તર :- અંદર કોલાહલ છે. એ પર મારા અને હું એનો અને અંદર દયા, દાન, વ્રતના, શુભરાગના ભાવ એ મને લાભદાયક છે, એ મારી જાતના છે, હું આત્મા છું ઈ, એ મિથ્યાત્વનો કોલાહલ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! એ ભ્રમણાની ભ્રાંતિને ભગવાન છોડને હવે, કહે છે. આવો ભગવાન થઈને તું આમાં ક્યાં મથ્યો? નિભ્રત થા, ચંચળતા રહિત થા, નિશ્ચળ થા. તારો પ્રભુ તારી પાસે છે. તારા વિકલ્પની પાછળ તારો પ્રભુ બિરાજે છે. સમજાય છે કાંઈ?

બનારસીદાસ કહે છેને, 'મેરો પ્રભુ હૈ...' 'મેરો ધણી હૈ મેરી પાસે. મારાથી દૂર નથી. મોહીમેં હૈ મોકુ સુજત નીકે. મેરો ધણી હૈ મેરેમેં એ મેરે સુજત નીકે.' નીકે એટલે? નજીક છે. આહા..હા..! એ સમયસાર નાટકમાં આવે છે. 'મેરો ધણી નહીં દૂર દિશાંતર, મોહી મેં હૈ મોહી સુજત નીકે.' આહા..હા..! 'મોહી મેં હૈ મોહી સુજત નીકે.' સમજાણું કાંઈ? 'મેરો ધણી નહીં દૂર દિશાંતર.' એ સમ્મેદશિખરમાં મારો આત્મા નથી ભગવાન. ત્યાંથી પ્રાપ્ત ન થાય એમ કહે છે. શેત્રુંજયની જાત્રાથી પ્રાપ્ત ન થાય એમ કહે છે. આહા..હા..! 'મેરો ધણી નહીં દૂર દિશાંતર, મોહી મેં હે મોહી સુજત નીકે.' મેરે સુજત નીકે. બરાબર છે. આ આત્મા છે. આહા..હા..! સમજાય છે કાંઈ? હવે આ બધું કરીએ છીએ એમાંથી નહિ મળે? આ દાન કરીએ, દયા પાળીએ, વ્રત પાળે, ભગવાનની ભક્તિ (કરે), મંદિરો (બંધાવે), જીવ મંડળના દયા મંડળના અગ્રેસર થાય, પૈસા ઉઘરાવે. એય..! ગિરધરભાઈ! આ ગિરધરભાઈ જેવા મોઢા આગળ પડે શેઠિયા તે પૈસા દેવા પડે ત્યાં જાય તો. ભેગા કરે પછી એનાથી

કલ્યાણ થાય કે નહિ? એય..! આહા..હા..! એના દીકરાએ એક લાખ રૂપિયા કાઢ્યા છે. એની મા મરી ગયા પાછળ. એમાંથી ભાગ પાડીને જાણે એમાંથી લાભ લે છે બધા. મલુપચંદભાઈ એને દીકરા છેને બે. ૩-૩ કરોડ રૂપિયા એક પાસે.

મુમુક્ષુ :- બહુ કિંમતી.

ઉત્તર :- ધૂળેય કિંમતી નથી. પણ એની મા મરી ગઈ એટલે આને ઘરેથી ત્રણેએ લાખ કાઢ્યા. લાખમાં ક્યાં બીજાને કેટલાને ભાગ પાડીને ખુશી કરશે. કોકને બે હજાર, કોકને પાંચ હજાર. આ વળી પચાસ હજાર આપે ત્યાં કાંઈક તમારે. સુરેન્દ્રનગર થાય છેને શિબિર. પણ એલા એ તો તેં કાઢ્યા હતા. એમાંથી આપ્યા એમાં શું તેં કાઢ્યું? ભારે ભાઈ! આહા..હા..! અરે! લાખ શું તારા કરોડ કાઢને, એ તો જડ છે. એમાં કદાચિત્ રાગની મંદતા કરે તો પુણ્ય છે. એ કાંઈ દાન છે માટે ત્યાં ધર્મ થાય છે (એમ નથી). તો તો નિર્ધન પૈસા વિનાના માટે પૈસા ગોતવા માટે. પૈસા ઝાઝા હોય તો આપણને ધર્મ થાય. ધૂળેય નથી સાંભળને. તારા અબજ હોય કે કરોડ હોય. આહા..હા..! કહે છે કે અબજપતિ છેને આપણે એક અહીં વાણિયા. ઘણાને નભાવીએ છીએ વળી એમ કહે. બે અબજ ચાલીસ કરોડ.

મુમુક્ષુ :- ... રૂપિયા ક્યાં છે?

ઉત્તર :- લોકો એમ કહે છે. વાતું કરતા હતા. એના બનેવી જ વાત કરતા હતા. આપણે તો એ સાંભળ્યું હોયને. પોપટભાઈ આપણે અહીંના છેને. એની દીકરી બ્રહ્મચારી છેને. એ કહે આ અમારા શાંતિલાલ પાસે આટલા પૈસા છે. ત્યાં સુધી એ તો કહેતા હતા કે એક દિ'ની પાંચ લાખની પેદાશ છે. એ વાત કરેને. ઓળખો છો? પોપટભાઈ નહિ? લીંબડીવાળા આવે છે એક. એના બનેવી. ગોવા. એના બનેવી પોપટભાઈ એનો સાળો છે એ. એ વાત કરે. આપણને તો ક્યાં બધી ખબર. આમ છે. ધૂળેય નથી હવે કાંઈ. આહા..હા..! એય..! મોહનભાઈ! ઓલું જોયું કે નહિ? સંસારમાં શું છે? હોળી છે ત્યાં. પૈસા હોય તોપણ હોળી છે અને કષાય છે. એને વાપરવામાં પણ કષાયનો ભાવ છે, રાખવાનો પણ કષાયનો ભાવ છે અને રળવાનો પણ કષાયનો ભાવ છે. આહા..હા..! કષાય અગ્નિથી સળગે છે. પ્રભુ એના વિકલ્પથી ભિન્ન છે આત્મા. આહા..હા..! એની પ્રાપ્તિ માટે આવા વિકલ્પ અને આવા કામની જરૂર નથી. આહા..હા..! વ્રત પાળીએ છીએ અમે હમણા. આ કહે કે ધૂળેય નથી, સાંભળને! તારા વ્રત કહેવા કોને? એ તો હજી બહારના છે તો વિકલ્પ શુભરાગ છે. એ તો ધર્મ ક્યાં છે? આહા..હા..!

સર્વજ્ઞ પરમેશ્વર.. આમ બોલે ખરા સાંજ-સવાર 'કેવળી પણ્ણંતો ધમ્મો શરણં. અરિહંતા શરણં.' જાધવજીભાઈ! આ બધા અગ્રેસરો હતા ન્યાં કલકત્તામાં, લ્યો શેઠિયાઓ. 'કેવળી પણ્ણંતો ધમ્મો શરણં, અરિહંતા શરણં, સિદ્ધા શરણં, સાહુ શરણં, કેવળી...' પણ કેવળી

પણ્ણંતો ધર્મ કહેવો કોને એની ખબર છે તને? આહા..હા..! એય..! રમણીકભાઈ! આ આત્મા અનંત આનંદનો નાથ અતીન્દ્રિય એને આ પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન પાડીને અનુભવવો એનું નામ ધર્મ અને કેવળી પણ્ણંતો ધમ્મો એને કહીએ. બાકી બધી અજ્ઞાનીઓની વાતું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અનુભવ એ મોક્ષનો માર્ગ છે, અનુભવ એ ધર્મ છે. એ વિકલ્પ-બિકલ્પ એ વ્રતના એ કાંઈ ધર્મ નથી, એ તો પુણ્યભાવ છે. પુણ્યભાવનો વિકલ્પ છે એ કોલાહલ છે. આહા..હા..! કઠણ ભારે ભાઈ! વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ જેની હાજરીમાં ઈન્દ્રો, લોકના સ્વામી અર્ધલોકના સ્વામી ઈન્દ્રો જેને ઘરે અનેક કરોડો તો અપ્સરાઓ, એની સામે ભગવાન આમ કહેતા હતા. સમજાય છે કાંઈ? અરે! ભાઈ! હઠ છોડને પ્રભુ! અને તારી શોભા છે ત્યાં આવને. આહા..હા..! ઈન્દ્રના ઈન્દ્રાસનો અને કરોડો અપ્સરાઓ એ તારી શોભા નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિના, પૂજાના વિકલ્પ રાગ એ તારી શોભા નહિ. ભારે કઠણ. બિચારાને અહીં સુધી ઘુંચી ગયો હોય .. એને આ કહે ત્યાં ઘા પડે. આ તે વળી વીતરાગનો માર્ગ આવો હશે? કે આ તે નવો માર્ગ કાઢ્યો હશે આ? ગિરધરભાઈ! નાગરભાઈએ તો સાંભળ્યો પણ નહોતો આવો. આહા..હા..!

ભાઈ! તું અનંત આનંદના શાંતિના સાગરથી ખાલી નથી. એ પુણ્ય અને પાપના રાગથી ખાલી છો. ખાલી સમજ્યા? રહિત, શૂન્ય. તારો વસ્તુ સ્વભાવનો ધર્મ, વસ્તુ તે આત્મા એનો સ્વભાવ જ્ઞાન, આનંદ અને શાંતિ એનો સ્વભાવ એમાં એકાગ્ર થવું તે ધર્મ છે. આહા..હા..! વીતરાગનો આ ધર્મ છે. પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ ઈન્દ્રો અને ગણધરોની વચ્ચે પરમાત્મા આમ કહેતા હતા. એ વાત છે આ. આહા..હા..!

મુમુક્ષુ :- થતો કેમ નથી?

ઉત્તર :- દરકાર કરી નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પરમાં રુચિ થઈ ગઈ છે બહુ. સાંભળે એમાં શું? રુચિમાં પોષાણમાં માલ ન આવે જ્યાં સુધી ત્યાં સુધી એ સાંભળ્યું એ શું? આહા..હા..! સાંભળ્યું કે ત્યાંથી એક લાખ મણ મગ લઈ આવીએ તો એમાંથી ત્યાં સાડા ત્રણના મળે છે અને અહીં ચાર થાશે. એમ સાંભળે એમાંથી આટલો લાભ થશે. પણ સાંભળ્યું એમાં શું થયું? એમ આ સાંભળ્યું ત્યારે કહીએ. આહા..હા..! નહિતર તો પ્રભુ કહ્યું નહિ ચોથી ગાથામાં? ભગવાન! 'सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा।' એ શુભરાગની ઈચ્છા અને રાગ એને કરવો અને એને ભોગવવો, પ્રભુ! એ વાત તો તેં અનંત વાર સાંભળી છે. આહા..હા..! એ પુણ્યનો ભાવ જે રાગ એને કરવો અને એને ભોગવવો, સંસ્કૃત ટીકામાં એ શબ્દ પડ્યો

છે—'**कामभोगानुबद्धा कथा**' અનુબંધ છે. આ સંસ્કૃતમાં છે અહીં છેને. પાંચમી ગાથાને? ચોથી-ચોથી, ચોથી છે. '**कामभोगानुबद्धा कथा**' પાનું છે તેર. પહેલી લીટી સંસ્કૃતની. '**कामभोगानुबद्धा कथा**' અમૃતચંદ્રાચાર્યનું સંસ્કૃત છે. '**कामभोगानुबद्धा कथा**' ભગવાન! કામ નામ પુણ્યના પરિણામ રાગાદિ એને કરવા અને એને ભોગવવા એવો અનુબંધ જેમાંથી રાગનો અને વિકારનો જ અનુબંધ જાગે એવી વાર્તા તો તેં અનંતવાર સાંભળી પ્રભુ! આહા..હા..! છે પંડિતજી? '**कामभोगानुबद्धा कथा। इदं तु नित्यव्यक्तयान्तःप्रकाशमानमपि कषायचक्रेण**' એ લાંબી વાત છે. આહા..હા..! ભગવાન! તું જેવડો અંદર છો એવડો અને એટલી કિંમતની માલવાળો તેં સાંભળ્યો નથી. આહા..! સમજાય છે કાંઈ?

આ તો વીતરાગ માર્ગ છે. કહે છે કે એ રાગ જે વિકલ્પ છે દયા કરવી ને દાન ને ભક્તિ ને પૂજા ને વ્રત એવો જે રાગ એ તો તેં અનંત વાર સાંભળ્યો છે. રાગના અસ્તિત્વથી મને લાભ થશે એવું અનંત વાર સાંભળ્યું છે. અરે! પરિચયમાં આવી ગયો છે એમાં. આહા..હા..! અનુભવમાં આવી ગયો છે. '**सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा।** ' કામભોગની બંધકથા. પરંપરા-પરંપરા રાગ જ થાય ને વિકાર થાય અને આકુળતા થાય. આહા..હા..! ભારે વાત ભાઈ! આવી વાત! સમજાણું કાંઈ? શેઠ! રાગ કરવો અને ભોગવવો, શુભ હો કે અશુભ.. આહા..હા..! એ કરવું અને ભોગવવું એ વાત તો તેં અનંત વાર સાંભળી છે. અનંત વાર કરી છે. તારા વેદનમાં, અનુભવમાં એ વિકારની વેદના અનંત વાર કરી છે તેં, પણ એનાથી ભિન્ન ભગવાન આત્મા (એને અનુભવ્યો નથી). એ વિકલ્પ જે રાગ છે એને માણસ એમ માને છે કે આ અમે ધર્મ કરીએ છીએ. આહા..હા..! અને મનાવનારા એમ મનાવે છે ઉપદેશકો. જાધવજીભાઈ! ત્યાં એ સાંભળ્યું હતું? બીજું શું સાંભળ્યું હતું કલકત્તા? આહા..! આ વ્રત પાળો, અપવાસ કરો, આઠમના કરો, .. કરો, માસખમણું કરો અને પછી અમે ઉજવીએ, રથ કાઢીએ. ધૂળેય ધર્મ નથી સાંભળને. આહા..હા..!

આ તો ધર્મનું સ્વરૂપ ભગવાન ધર્મી એવો આત્મા એમાં જે અનંત જ્ઞાન અને આનંદથી ભરેલો પ્રભુ એને વિકલ્પથી છોડીને એકવાર જો તો ખરો. તારી પ્રભુતાની સંપદાએ શોભતો અંદર પડ્યો છો. સમજાય છે કાંઈ? તારી પ્રભુતાની સંપદાથી શોભતો અંદર છો. આવા રાગની શોભાથી તને કાંઈ શોભા નથી ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? આવી કરૂણાથી મુનિઓ વાત કરે છે હોં! આહા..હા..! અરે! એકવાર તો જો ભાઈ! આ હઠમાં કેમ આવી ગયો? આ તને શો હઠ થઈ ગયો? એ ક્રિયાકાંડમાં રાગની મંદતાથી તને ધર્મ થાય, આવો હઠ કેમ થઈ ગયો છે તને? આહા..હા..!

મુમુક્ષુ :- કજીયાવાળો છોકરો છે.

ઉત્તર :- કજીયાળો છોકરો છે. કજીયાળો છોકરો કોઈ દિ' હા પાડે જ નહિ. તરબુચ

હોયને તરબુચ. આ એમાં પણ આવ્યું છે. અત્યારે તો ચારે કોર ભેળસેળ. તરબુચને કાપે બતાવે ત્યારે છરી હોય એ સાકરવાળી કરીને કાપે. ગજબ કરી! ગળી લાગે. આવું હોય? છરીએ સાકર રાખે.

મુમુક્ષુ :- સાકરવાળી નહિ સેક્રીન રાખે.

ઉત્તર :- સેક્રીન હશે સાકર નહિ. અને ત્યાં સુધી આવ્યું પાછું કે લાલચોળ બતાવવું હોય તો ભેગું લાલ રંગ ચડાવે છે. લાલ રંગ બતાવે. જુઓ આ ચીર. ચીર સમજ્યાને? આખામાંથી કાઢેલું. અધ મણ તરબુચ હોય. શેઠ! આ શોભાલાલજી જેવા શેઠ લેવા ગયા હોય પછી બરાબર એને એ રીતે આવું અધ મણ તરબુચ. તરબુચ સમજો છો? તરબુચને શું કહે છે? તરબુચ હોયને, આમ ડગળી કાઢીને (બતાવે). ડગળી કરી નીચેથી આમ ખેંચે. આમ-આમ. એ છરી જે હોય તે અંદર સાકર અને રંગ એ બેય ચડાવીને મારી હોય અંદર. ધોળું તરબુચ હોય તો લાલ દેખાય. ગજબ! ત્યાં પણ દગા. કાલે આવ્યું હતું જૈનપ્રકાશમાં. ઘણું આવ્યું છે. બહુ ભારે દગા થઈ ગયા અત્યારે. આહા..હા..! દગા અને રાગની દગા વિનાની ચીજ તારી છે. રાગથી ધર્મ મનાવે એ દગો છે હોં. આહા..હા..! ભાઈ! તને ખબર નથી. તું ખુશી થઈ જઈશ. પણ એ રંગને મારેલી છરી રંગ પાછા એ રંગ એવો હોય કે મારી નાખે, ઝેર ચડે. મીઠાશ ... હળવે હળવે આમ નુકસાન થાય કહે છે. એમ લખ્યું છે હોં! આહા..હા..! એ લખ્યું છે, એવા રંગ આવે છે. દેખાય ખરો પણ અંદરમાં નુકસાન કરે. આહા..!

આવું એક કહે છેને, સૂર્યનો ધડાકો આવ્યો છે. એના પરમાણુ આવશે તો લોકો વૃદ્ધ થઈ જશે અને કેન્સર થશે. હવે કેન્સર થવા દેને થાવું હશે બધું (એ થશે), અહીં મારને. એ માણસ બહુ વાંચે છે લ્યો! સૂર્યમાં ધડાકો થયો છે. છાપામાં આવ્યું છેને. એવો ધડાકો થયો કે આ દુનિયા જેટલી છે એનાથી ત્રણ ગણો ખાડો પડી ગયો. આ જગતથી મોટો સૂર્ય એમ કહે છેને તમારા વિજ્ઞાનમાં? સૂર્યથી આ પૃથ્વી તો ઘણી નાની. સૂર્ય તો આ પૃથ્વી જેટલી છે એનાથી તો ઘણો મોટો. કેટલો ખાડો પડ્યો? કે આ પૃથ્વી જેટલી એથી ત્રણ ગુણો તો ખાડો પડ્યો. હવે એથી તો કેવડો મોટો હશે! આહા..હા..!

પ્રભુ! તું ચૈતન્યસૂર્ય છો. આ વિકલ્પ અને પુણ્યની ક્રિયાથી લાભ થાય (એ માન્યતાથી) મોટો ખાડો પાડ્યો છે હોં એણે. એ ચૈતન્યના સૂર્યમાં ધડાકો માર્યો છે તેં. બહારની વાત તો એને ઘરે રહી. આહા..હા..! ભાઈએ નાખ્યું છે ફૂલચંદજીએ. '**कामभोगानुबद्धा**' શબ્દ સંસ્કૃતમાં છે. '**कामभोगानुबद्धा**' રાગની વિકારની પરંપરા વધારનારી. આવે છેને ભાઈ ઓલું? આસ્રવ (અધિકાર). અનર્થકારક છે ઈ. દ્વાદશાંગમાં. બાર ભાવનામાં. શુભભાવ, આસ્રવ એ અનર્થનો કારક છે, પરંપરા અનર્થનો કારક છે. આહા..હા..! હવે આ કહે કે શુભભાવની ક્રિયાથી

અમને કલ્યાણ થાય. ગજબ વાત છે! તેં આત્માને હણી નાખ્યો ભાઈ! ભગવાન, જેને રાગની મંદતા એની પણ અપેક્ષા નથી જેને સ્વરૂપની પ્રાપ્તિમાં એવો નિર્લેપ નિરપેક્ષ (પરમાત્મા છે). અરે! કબુલાતમાં ક્યાં આવે છે એને? બેસે એં.. એં.. લથડિયા (ખાય છે).

આવો ભગવાન આત્મા જો તો ખરો કહે છે. **'ननु अनुपलब्धिः' 'ननु अनुपलब्धिः'** શું ન પ્રાપ્ત થાય? તારી શોભા શું તને ન પ્રગટ થાય? ન હો, થાય જ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આ ગાય છે અમારે કાઠિયાવાડમાં. ઓલો પરણવા આવેને વર દુલ્હો-દુલ્હો, ત્યારે. નાણાનો બળિયો હોઈ કોઈ... એવું કાંઈક બોલે છે. નહિ પાછો વળે. શું કહે છે? નહિ? નાણાનો બળિયો એવી ભાષા. એના પહેલા છે થોડું. ભૂલી ગયા. એક ફેરી સાભળ્યું અમે કુંવરભાઈ પરણવા આવ્યા હતા ગઢડા. અપાસરામાં હતાને. ૭૨માં. આ નવી હોં! ૭૨ની સાલની વાત છે. પાછો નહિ ફરે નાણાનો બળિયો. એવું આવે છે કાંઈક.

એમ ભગવાન નાણાં એટલે આ જ્ઞાન. એનો બળવંત પ્રભુ એને રસ્તે જતા એ પાછો નહિ ફરે કહે છે. આહા..હા..! જેને જ્ઞાનનું બળ છે, સ્વરૂપ આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ એનું જેને બળ છે એ મોક્ષથી પાછો નહિ ફરે. એ મોક્ષમાં (જશે), મોક્ષ થશે એનો. આહા..હા..! સમજાણું કાંઈ? આવો તે વીતરાગ ધર્મ હશે? ભાઈ! અત્યારે તો અમે એમ સાંભળ્યું કે દયા પાળવી, વ્રત પાળવા, અપવાસ કરવા, આ પર્યુષણમાં આઠ દિ' તાણવા-ખેંચવા અપવાસમાં પર્યુષણ. આવે છેને ઓલા? આહા..હા..! મારી નાખ્યા બિચારાને. એ શુભરાગ કરે કદાચિત્ એમાં હોં! માન માટે કરે અને એ માટે કરે તો એને પાપ છે. માન માટે કરે અને એ માટે તો એને પાપ છે. પણ એની બુદ્ધિમાં ધર્મના હેતુએ કરે તો એ શુભરાગ છે, પુણ્ય છે, ઝેર છે. એનાથી ભિન્ન પડને પ્રભુ! આહા..હા..! અમૃતનો સાગર ડોલે છેને ત્યાં અંદર. એવા અમૃત પાસે આ શોભા આ રાગની ન શોભે. તારી પ્રાપ્તિ થાય એ શોભે તને. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો!

**'ભાવાર્થ :— જો પોતાના સ્વરૂપનો અભ્યાસ કરે તો તેની પ્રાપ્તિ અવશ્ય થાય;...'** છેને? વસ્તુ છે એને પ્રાપ્ત કરવી એમાં ન મળે એમ કેમ થાય? રજકણનો બનાવવો હોય આત્મા કે પરમાણુને પોતાનો બનાવવો હોય તો ન બને. કેમકે એની ચીજ નથી. રાગરૂપે બનાવવો હોય આત્માને તો એની ચીજ નથી, નહિ બને એ. પુણ્ય-પાપનો વિકલ્પ રાગ છે. રાગરૂપે બનાવવો હોય તો નહિ બને એ. પણ પોતાના સ્વરૂપનો અભ્યાસ કરે તો તેની પ્રાપ્તિ જરૂર થાય, જરૂર બને. આહા..હા..! એ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ બિરાજે છે. ભગવાન કહેતા એ પામરને આકરું પડે છે. આહા..હા..! રાંકાઈ વેદી છેને. રાંકાઈ કરી છેને અનાદિથી. સાધુ થયો તોપણ રાંકા ભિખારા બિચારા. એ ક્રિયાકાંડના રાગી અને એ રાગના ભિખારા એનાથી ધર્મ થાય એમ માનનારા. સમજાય છે કાંઈ? ભગવાનજીભાઈ! આવી વાત છે અહીં

તો. બહારમાં તો આહા..હા..! મોટો વરઘોડો કાઢ્યો હતો, વર્ષીતપ કર્યા સો જણાએ અને એમાં મુંબઈનો વરઘોડો. ઘોડાગાડીઓ, મોટરું, ધજાઓ, મોટા ફલાણાની દીકરીએ મોટો તપ કર્યો હતો, ફલાણાની વહુએ મોટો તપ કર્યો હતો. તપ કેના હતા? લાંઘણું હતી, સાંભળને. ભગવાન આનંદનો નાથ જેને અંતરમાં નજરમાં પડતો નથી અને એવી ક્રિયાકાંડના વિકલ્પની જાળમાં કરોળિયો સલવાણો, સલવાઈ ગયો છે. કરોળિયો સમજ્યા? મકડી. આઠ પગવાળો. આ આઠ આવરણવાળો. થઈ રહ્યું, ઘુંચ્યો. આહા..હા..!

કહે છે, '**પોતાના સ્વરૂપનો અભ્યાસ કરે તો તેની પ્રાપ્તિ અવશ્ય થાય; જો પરવસ્તુ હોય તો તેની તો પ્રાપ્તિ ન થાય.**' રાગને, રજકણને પોતાનો કરવો હોય તો એ નહિ બની શકે. કારણ કે એ ચીજ પર છે. આહા..હા..! એને તો એવું લાગે કે આ વાત બહુ ઊંચા દરજ્જાની છે. એલ.એલ.બી. આ તો કેટલાકને એમ લાગે. હજી તો ધર્મ પહેલો પામવાની આ રીત છે. પ્રાથમિક ભૂમિકાની વાત છે આ તો. ઓહો..હો..! ક્યાંય લોકો... પુણ્ય પણ નહિ ધર્મમાં? હો પુણ્ય, પણ એ ધર્મ નહિ. પુણ્ય કરવાની ના પાડે છે, વળી એમ કહે છે. કરવાની ના કોણ પાડે? છોડવાની ના કોણ પાડે? ધર્મ (માનવાની ના પાડે છે). સાંભળને! એય..!

'**પોતાનું સ્વરૂપ તો મોજૂદ છે,...**' ભગવાન આત્મા જ્ઞાન અને આનંદથી તો હયાતીવાળું તત્ત્વ છે એ તો. છે તેની પ્રાપ્તિ કરવી છે અંતરમાં. એ ન મળે એમ કેમ બને? આહા..હા..! પણ એનો એને વિશ્વાસ આવતો નથી. સમજાણું? આવડો મોટો? કારણ કે પર્યાયની આડમાં આખું પર્યાયવાન તત્ત્વ આખું ગુપ્ત થઈ ગયું. '**पज्जयमूढा हि परसमया**' આવે છેને? એ પર્યાયનો અર્થ શરીરનું એમ કર્યો. પણ એ પર્યાયમૂઢનો (અર્થ) એક સમયની અવસ્થામાં મૂઢ થયો. એમ છે. એનો અર્થ તો એવો છે. એવો અર્થ કરવો પડે. પર્યાયમૂઢનો અર્થ. પર્યાય એટલે શરીર એમાં મૂઢ થઈ ગયેલો. શરીર તો હવે જડ છે, સાંભળને હવે. ત્રણલોકનો નાથ એક સમયની પર્યાયવાળો અને પર્યાયવાળો અને પર્યાયસ્વરૂપ હું છું એ મૂઢતા છે. આહા..હા..! એ પરસમય અનાત્મા મિથ્યાદૃષ્ટિ છે. આહા..! સમજાણું કાંઈ? પછી ભલે સાધુ નામ ધરાવતો હોય. બાયડી, છોકરા છોડીને બેઠો હોય, ભીખ માંગીને ખાતો હોય. પણ કહે છે કે એ બધી જડની ક્રિયાઓ શરીરની એને મારાથી થાય એમ માને અને એમાં રાગની મંદતા હોય એ મારું સ્વરૂપ અને ધર્મ થાય. મૂઢ છો. આહા..હા..! ભારે આકરું કામ ભાઈ! બાપુ! તું તો છોને. પણ ભૂલી ગયો છો. દાખલો આવ્યો હતોને ૩૮ ગાથામાં, નહિ? મુઠ્ઠીમાં (રાખેલું) સોનું ભૂલી ગયો. એમ ભગવાન આનંદસ્વરૂપ જ્ઞાન છે ચૈતન્ય હીરલો, ભૂલી ગયો છે. પુણ્ય અને પાપના પરિણામ ભિખારા રાંકા ઝેરના પરિણામ એને પોતાના માન્યા. સમજાણું કાંઈ? આ રહી ગયું છે ઈ આ.

**'જો ચેતીને દેખે તો પાસે જ છે.'** અંદરમાં ચેતીને—જાગૃત થઈને—રાગના અવલંબનને છોડી દઈને, ચેતીને જો તો જાગૃતસ્વરૂપ બિરાજે છે કહે છે. એ ક્યાંય બહાર નથી કે જે ન મળે અને તારી હયાતી નથી એમ નથી. ન મળે એમ કેમ બને? સમજાણું કાંઈ? આહા..હા..! પાસે જ છે. **'જો ચેતીને દેખે તો પાસે જ છે.'** આ તો પુરુષાર્થથી વાત કરી. કર્મ ઘટે અને કાંઈક રાગની મંદતા થાય ને મળે એમ વાત ન કરી.

સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવ ત્રિલોકનાથ એની વાણીમાં આ આવ્યું. એણે સાંભળ્યું નહિ કોઈ દિ' હોં! ગણકાર્યું નહિ. આહા..હા..! નનૂર થઈ ગયો નનૂર. નૂર નામ ચૈતન્યના તેજ વિનાનો. આહા..હા..! મીંઢડા કેટલાક હોયને માણસ અને બાયડીયું. કાંઈક બહુ વાંક હોયને પછી સોટી મારે માથે. ઓલી શું કહેવાય? નેતરની. નેતરની સોટી હોયને. હુંકારો ન કરે. એમ કહે, નનૂર છે, મીંઢડો થયો છો. મીંઢડી! આ બધું સાંભળેલું, જોયું છે હોં! નીચે સાસુ-સસરા બેઠા હોય અને માથે મારતો હોય એનો ધણી. હુંકારો ન કરી શકે. શું છે? મીંઢડી થઈ ગઈ છે? એમ અહીં કહે છે કે મીંઢડો થઈ ગયો છો. મીંઢડો અમારી ગુજરાતી ભાષા છે. મીંઢડાનું શું હશે? એય..! શું હશે એ મીઢડાની ભાષા? મુંગો. આટલો આટલો માથે પ્રહાર પડે પણ જાગતો નથી. એ ગુજરાતી ભાષા પ્રમાણે આવવું જોઈએ અહીં તો.

**'અહીં છ મહિનાનો અભ્યાસ કહ્યો તેથી એમ ન સમજવું કે એટલો જ વખત લાગે. તેનું થવું તો અંતર્મૂહૂર્તમાત્રમાં જ છે,...'** આહા..હા..! એક અંતર્મુહૂર્તની અંદર આત્માનો અનુભવ થાય એવી ચીજ છે. પણ પહેલી શ્રદ્ધામાં લે કે આ રાગ અને વિકલ્પની બધી ક્રિયાઓ મારી નહિ. એમ અંતરમાં અનુભવ કરે તો અંતર્મુહૂર્તમાં પ્રાપ્ત થાય એવો છે. **'પરંતુ શિષ્યને બહુ કઠિન લાગતું હોય તો તેનો નિષેધ કર્યો છે. જો સમજવામાં બહુ કાળ લાગે તો છ મહિનાથી અધિક નહિ લાગે; તેથી અન્ય નિષ્પ્રયોજન કોલાહલ છોડી...'** આવ્યું હતુંને એ? **'આમાં લાગવાથી જલદી સ્વરૂપની પ્રાપ્તિ થશે એવો ઉપદેશ છે.'** લ્યો! હવે વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ સુદ-૪, રવિવાર, તા. ૧૩-૦૮-૧૯૭૨
## ગાથા-૪૫, પ્રવચન-૧૩૧

**નોંધ :- પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

આ સમયસાર. જીવ-અજીવ અધિકાર. એનો ૩૪મો કળશ છે. કહો, ચેતનજી! ચેતનજીએ સવારમાં વ્યાખ્યાન પછી કહ્યું. આપણે ગુજરાતીમાં કાલે લેવાઈ ગયુંને. હિન્દીમાં લઈએ છીએ.

(मालिनी)

विरम किमपरेणाकार्यकोलाहलेन
स्वयमपि निभृ:त सन् पश्य षण्मासमेकम्।
हृदयसरसि पुंसः पुद्गलाद्भिन्नधाम्नो
ननु किमनुपलब्धिर्भाति किंचोपलब्धिः।।३४।।

આહા..હા..! શું તેની અપ્રાપ્તિ એ શોભે છે? એમ કહે છે. વસ્તુ તો આમ છે.

'**શ્લોકાર્થ :— હે ભવ્ય! તને બીજો નકામો કોલાહલ કરવાથી શો લાભ છે?**' શું કહે છે? કે પુણ્ય અને પાપના ભાવ એ આત્માના છે, આત્માનું કર્તવ્ય છે, આત્મા એને ભોગવનાર છે અને રાગની એકતા-અધ્યવસાન તે આત્મા છે, શરીરની જૂની-જીર્ણ અવસ્થા થાય છે એ આત્મા છે, એવા વિકલ્પનો કોલાહલ નામ મિથ્યાત્વ. '**अकार्य**'નો અર્થ ખરેખર તો મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? તે પોતાનું કાર્ય નથી. એવો વિકલ્પ કરવો કે પુણ્યથી મને ધર્મ થશે, શુભભાવથી મારા આત્માને લાભ થશે, શુભભાવ તે આત્મા એવા '**अकार्य**' મિથ્યાત્વભાવથી તને શું લાભ છે? સમજાણું કાંઈ? શરીર તો જડ-માટી છે. જીર્ણ કે વૃદ્ધાવસ્થા થાય એ તો જડની અવસ્થા છે. એનાથી તારો આત્મા શરીરરૂપ છે અને શરીરની ક્રિયા હોય તો મને લાભ થાય એવો મિથ્યાત્વનો કોલાહલ '**अपरेण**' તારી જાતનો નથી, આ તો બીજો કોલાહલ છે. સમજાણું કાંઈ? તારી વસ્તુમાં નથી. આહા..હા..! એવો '**अपरेण**' તને. એટલે '**अपरेण**' પછી તને. બીજા એમ એની અંદર આવી ગયું. એવો અર્થ લેવાય. તને નકામો '**अकार्य**' (કોલાહલ છે). તારી ચીજ તો અખંડ આનંદકંદ પ્રભુ છે. શરીરથી કોઈ ક્રિયા થાય એ તો જડની છે. એનાથી આત્માને લાભ થતો નથી.

એ પ્રશ્ન ઉઠ્યો છેને ખાણિયા ચર્ચામાં. જીવિત શરીરથી ધર્મ થાય છે કે નહિ? એય..! રાજમલજી ક્યાં ગયા? કહો, સમજાય છે? અરે! આવા કોલાહલથી તને શું લાભ છે? ભાઈ!

તારી ચીજમાં ક્યાં અપૂર્ણતા છે અને ક્યાં વિપરીતતા છે? તારી ચીજ અંદર અખંડ આનંદકંદ પ્રભુ પૂર્ણ અભેદ, પૂર્ણ સ્વરૂપ તારું પડ્યું છે. એવી અંતર દૃષ્ટિનું કાર્ય નહિ કરતાં એવા પુણ્ય અને પાપ, શુભ અને અશુભભાવનું વેદન અથવા ભોગવવું અથવા કરવું તો મને લાભ થાય એવો મિથ્યાત્વનો કોલાહલ તારી ચીજમાં નથી. એવા વિપરીત કોલાહલ કરવાથી શું લાભ છે? એનાથી તો તને મિથ્યાત્વનો લાભ છે.

**'એ કોલાહલથી તું વિરક્ત થા...'** '**विरम**' છેને પહેલો શબ્દ? '**विरम**' અટકી જા હવે. આહા..હા..! તારી ચીજ તો આનંદ અને જ્ઞાનથી પરિપૂર્ણ ભરેલી છેને પ્રભુ! એ પર ચીજથી મને લાભ થાય અને પર ચીજ હું છું, વિરમ, અટકી જા, પ્રભુ! હઠ છોડી દે. સમજાણું કાંઈ? રાગાદિ વિકલ્પાદિ, પુણ્યાદિ મારા છે, પ્રભુ! (એ) છોડી દે હઠ. '**विरम**' વિરમી જા. આત્મા સ્વભાવ શુદ્ધ આનંદઘન એના કાર્યમાં આવી જાને. આ તો મિથ્યાત્વનું શલ્ય છે. આહા..હા..! અને એ તો બીજો. તારી ચીજમાં નથી એ ચીજનું તારું કથન, વિકલ્પ અને વાર્તા થઈ. સમજાણું કાંઈ? આ વ્યવહારથી લાભ થાય એમ કહે છેને? એ વ્યવહાર નામ શુભરાગ વિકલ્પ છે એ તો. એનાથી મારા આત્મામાં લાભ થાય એ '**अकार्य-कोलाहलेन अपरेण**' કહો, સમજાણું કાંઈ? કહો, ધન્નાલાલજી!

મુમુક્ષુ :- સર્વથા નથી થતો, કથંચિત્ થાય છે.

ઉત્તર :- ધૂળેય નથી થતો. કથંચિત્ શું? કથંચિત્ એ કે મારાથી થાય અને એનાથી થતું નથી એ અનેકાંત છે. એ અનેકાંત છે. પોતાનો દ્રવ્યસ્વભાવ ભગવાન પૂર્ણ પરમબ્રહ્મ પ્રભુ એનો ભેટો, આશ્રય કરવાથી જ કલ્યાણ થાય છે. એવા વ્યવહારના વિકલ્પથી કલ્યાણ નથી થતું એ અનેકાંત છે. વ્યવહારથી પણ લાભ થાય અને નિશ્ચયથી પણ લાભ થાય એ અનેકાંત નથી. એ તો ફુદડીવાદ છે. ફુદડી-ફુદડી ફરે છેને? ચક્કર.

મુમુક્ષુ :- ભમરડો?

ઉત્તર :- ભમરડો નહિ. ફુદડી-ફુદડી નથી ફરતા? ફુદડી ફરે છેને? પીત્તળની, તાંબાની ચક્ર ફરેને. ચક્રી. ગાડું હોય છેને ગાડું? શું કહે છે? ગાડું-ગાડું. બળદગાડું. એ ગાડાના પૈડા સાથે ચક્રી બાંધે. જોઈ છે? આમ ફરે એટલે ખનખનાટ થાય એમાં. પૈડું હોયને પૈડું? પૈડાને શું કહે છે? પૈડું રથનું છે એ પૈડામાં જે આરા હોય છેને. એ આરાદીઠ ચક્રી બાંધે છે. ફુદડી આમ ચક્કર ફરે. તો આમ પૈડું ફરે એટલે આમ ફરે.

મુમુક્ષુ :- અવાજ થાય.

ઉત્તર :- અવાજ નીકળે અને આમ ખડ-ખડ ખડ-ખડ થાય. બેસનારાને પણ મજા પડે. બળદ જોડ્યા હોય એને એમ થાય કે આહા..હા..! ખડખડાટ અવાજ થાય છે. એવો ફુદડીવાદ નથી એમ કહે છે. ઉપરની ફુદડી હેઠે આવે અને હેઠેથી ઉપર જાય, એનું એ ચક્કર મારે.

એમ વ્યવહારથી પણ લાભ થશે અને સ્વના આશ્રયથી પણ લાભ થશે એ તો ફુદડીવાદ છે, અનેકાંતવાદ નથી. અનેકાંત તો અમૃતસ્વરૂપ છે. સમજાણું કાંઈ? આહા..હા..! તારી ચીજમાં ક્યાં અપૂર્ણતા છે કે તું બીજાનો આશ્રય લેવા જાય છે? તારી ચીજમાં ક્યાં વિપરીતતા છે કે તું બીજાનો આશ્રય લેવા જાય છે? સમજાણું કાંઈ? વાત તો બાપુ પ્રભુના ઘરની છે. આહા..હા..! એ ચૈતન્યના તેજ અને પ્રતાપના પૂંજ આગળ આવા વ્યવહારથી કાર્ય થશે અને એનાથી લાભ થશે, ધીમે-ધીમે, હળવે-હળવે રાગની મંદતા કરતાં-કરતાં થશે (એમ નથી).

મુમુક્ષુ :- ... થશે.

ઉત્તર :- સને સને એ તો બીજી વાત છે. એ તો શુભરાગ છે. દૃષ્ટિ તો સમ્યગ્દર્શન છે. પંચાસ્તિકાયમાં કહ્યુંને. ત્યાં તો શુભરાગથી છે, અશુભરાગ ટળે છે. તો કહે છે ટળતા-ટળતા સને સને એ વ્યવહારના કથન છે. રાગ ઘટતો જાય છે. એ તો નિશ્ચયનો અનુભવ અને દૃષ્ટિ છે એ કારણે. સમજાણું કાંઈ? જેને અંતર દૃષ્ટિ ભગવાન આત્મા જ્ઞાયકભાવનો જેને આશ્રય નથી એને અંતરમાં વિશ્વાસ નથી કે આવી મારી હયાતી મોજૂદગી પૂર્ણ જ્ઞાન, આનંદથી ભરેલી છે એ મારી ચીજ છે. એનો જેને ભરોસો નથી એ પર્યાય અને રાગની દૃષ્ટિથી મને લાભ થશે એમ માને છે. આહા..હા..! ભારે આકરું કામ ભાઈ! હજી તો અંદર મગજમાં પેસવું (કઠણ પડે કે) શું કહે છે આ? સમજાણું કાંઈ? શું કહે છે એ સમજાવું મુશ્કેલ પડે. છે નહિ મુશ્કેલ, પ્રભુ! તારી ચીજ તો આવી છે. આહા..હા..! કેવળજ્ઞાન એક સમયમાં પ્રગટ કરે એવી તો તારી ચીજ છે. અલ્પજ્ઞપણું પ્રગટ કરવું એ તારી ચીજ નથી ખરેખર તો, એવી ચીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

તો કહે છે કે **'એ કોલાહલથી તું વિરક્ત થા...'** ભગવાન! એવા વિકલ્પની જાળ, મને શુભભાવથી ઠીક થશે, શાંતિ મળશે, ક્રમે-ક્રમે રાગ મંદ કરતા-કરતા મને શાંતિ મળશે એવો મિથ્યાત્વનો કોલાહલ એ પરનું કાર્ય છે, તારું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? વિરમ. **'એક ચૈતન્યમાત્ર વસ્તુને પોતે નિશ્ચળ લીન થઈ દેખ;...'** ભગવાન એક ચૈતન્યમાત્ર વસ્તુ એમ કહી. કેવી છે વસ્તુ આત્મા? એક ચૈતન્યમાત્ર. જ્ઞાન-દર્શનના સ્વભાવનો પિંડ એ છે. આહા..હા..! એવો અંતરમાં સ્વીકાર કરીને સ્વયં **'ચૈતન્યમાત્ર વસ્તુને પોતે નિશ્ચળ લીન થઈ દેખ;...'** તારા સ્વભાવને જ સાધન બનાવીને લીન થા. બીજું કોઈ સાધન છે એમ નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ આવ્યુંને? **'स्वयम् अपि'** એમ છેને. **'स्वयम् अपि'** તારાથી. તું છો કોણ? તું ચૈતન્યમાત્ર સ્વભાવ છે. ચૈતન્યમાત્ર સ્વભાવથી જ તેમાં લીન થા. આહા..હા..! સમજાણું કાંઈ? આત્મા આત્માથી જ લીન થાય છે. વિકલ્પ આદિ તો અનાત્મા છે, જડ છે. આહા..હા..! ભારે કામ ભાઈ! આહા..હા..!

જ્ઞાયક ચિદાનંદ પ્રભુ પૂર્ણ અમૃતનો સાગર પૂરો ભરેલો છે એ અમૃતના સ્વભાવથી જ

તારામાં લીન થા. જ્ઞાયકમાત્ર સ્વભાવ તો જ્ઞાયકમાત્ર સ્વભાવથી જ તેમાં પર્યાયમાં લીન થા એમ કહે છે. ભારે વાત, ભાઈ! શું કહે છે? દુનિયાને તો આમ કરો ને આમ કરો, ભગવાનની પૂજા કરો, ભક્તિ કરો, દાન કરો, દયા કરો, વ્રત પાળો. વ્રત પાળે એ સંવર અને તપસ્યા અપવાસ કરે એ નિર્જરા. ... થઈ ગઈ. ભગવાન! તારી ચીજમાં એ ભૂલ છે. મિથ્યાત્વની ભૂલ છે. અકાર્ય કોલાહલ અને મિથ્યાત્વ છે, તારું કાર્ય નથી. એ અકાર્ય થયું છે, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ?

**'પોતે નિશ્ચળ લીન થઈ દેખ;...'** ભગવાન અંદર પૂર્ણાનંદ પ્રભુ એની નજર કર. સુરતી ત્યાં લગાવી દે. સમજાણું કાંઈ? તારી સુરતી સુ-રતી. આહા..હા..! નિર્મળ દશાને ત્યાં લગાવી દે એનું નામ સુરતી. 'અલખ નામ ધુની લગી ગગનમેં, મગન ભયા મન મેરા જી, અલખ નામ ધુની લગી ગગનમેં.' નિરાલંબી ચીજ. 'આસન મારી સુરત દૃઢ ધારી દિયા અગમ ઘર ડેરા જી' 'દિયા અગમ ઘર ડેરા' ભગવાન રાગ અને વિકલ્પથી ગમ્ય ન થઈ શકે એવી એ ચીજ છે. એથી કહ્યુંને, **'પોતે નિશ્ચળ લીન થઈ...'** તારું સ્વરૂપ તો પ્રભુ જ્ઞાયકસ્વરૂપ છેને. એ જ્ઞાયકસ્વભાવની નિર્મળ પરિણતિ દ્વારા એમાં લીન થા. વિકલ્પ અને વ્યવહારથી અંતરમાં લીન થઈ શકે નહિ. એ તો અજીવ છે. આહા..હા..!

મુમુક્ષુ :- એક કાર્યમાં બે કારણ હોય છેને.

ઉત્તર :- બે કારણ જ છે જ નહિ, એક જ કારણ છે. બીજું કારણ તો નિરૂપણ કથનમાં સાચા કારણની સાથે એવું નિમિત્ત દેખીને કારણનો આરોપ કર્યો છે. ખરેખર કારણ છે જ નહિ. આહા..હા..! જેમ મોક્ષમાર્ગ બે નથી. માર્ગ શું છે? કારણ છે. શું કહ્યું? નિશ્ચય મોક્ષમાર્ગ અને વ્યવહાર એવા બે માર્ગ નથી. માર્ગ કહો કે ઉપાય કહો કે કારણ કહો. આહા..હા..! જુઓને! કેટલી સ્પષ્ટતા કરી છે! મોક્ષરૂપી કાર્યનું કારણ એક જ છે. ત્રિકાળ જ્ઞાયકભાવનો આશ્રય લઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થવા એ એક જ કારણ છે. કારણ કહો, ઉપાય કહો, માર્ગ કહો, એક જ કારણ છે. આહા..હા..! બહુ સ્પષ્ટ કર્યું છે. સમજાણું કાંઈ? બીજી ચીજ છે એમાં આરોપથી કહેવામાં આવે છે, પણ એ છે તો બંધનું જ કારણ. મહાવ્રત, શાસ્ત્રનું વાંચવું અને નવ તત્ત્વની શ્રદ્ધા આદિ ભેદ છે એ તો બંધનું જ કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? નવ તત્ત્વના ભેદનો અનુભવ એ તો મિથ્યાત્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વધારે સ્પષ્ટ કરો.

ઉત્તર :- નવ ભેદ છે તો ભેદ વસ્તુમાં ક્યાં છે? વસ્તુ તો અભેદ અખંડ જ્ઞાયક છે એનો અનુભવ કરવાનો છે. જિનેશ્વરદાસજી! આહા..હા..! તારી ચીજમાં ચૈતન્યનું તેજ ભર્યું છે, આનંદની લહેર પડી છે. અતીન્દ્રિય આનંદ હોં! આ ..માં માન્યું છે. પૈસામાં ને સ્ત્રીમાં,

આબરૂમાં, સુંદર શરીરમાં, નામ કરવાથી મોટું સુખ મળશે, ધૂળમાં પણ નથી. મૂઢ છે. આહા..હા..! મૂઢ છે. તારી ચીજમાં સુખ છે અને તું સુખને માટે ઝાંવા નાખે છો. ઝાંવા સમજો છો? શું કહે છે? ઝાપટા મારે છે. અહીંયાં છે અને અહીંયાં છે. શરીરની સુંદરતામાં છે, વાણીની મીઠાશમાં છે અને મનમાં રાગ થાય છે એમાં છે અને સ્ત્રીના શરીરથી મને સુખ થાય, આબરૂ સારી હોય, અભિનંદન દે તો એમાં મજા આવે છે. મૂઢ છો. આહા..હા..! એ તો તારો મિથ્યાત્વનો કોલાહલ છે. આહા..હા..! તારી ચીજમાં અતીન્દ્રિય અનંત આનંદ પડ્યો છે. આહા..હા..! એવી ચીજને છોડીને, એવો અભ્યાસ તેં રાગનો કર્યો છે તો હવે પોતે નિશ્ચળ થઈને જો, આત્મ અભ્યાસ કર એમ કહે છે.

**'એવો છ મહિના અભ્યાસ કર...'** ઉત્કૃષ્ટ છ મહિના લીધા છે. કળશમાં તો એમ કહે છે કે ભાઈ! છ મહિનામાં મળે નહિ એમ નહિ. અહીં તો મળે જ. અંતર્મુહૂર્તમાં પોતાની વસ્તુને શું ગુપ્ત રાખે? આહા..હા..! પૂર્ણાનંદ અભેદ અખંડ આનંદ પ્રભુ એની જ્યાં અંતર રુચિ અને વિશ્વાસમાં આ છે એમ આવ્યું, તો એ ચીજ ગુપ્ત રહી જાય? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- છ મહિના...

ઉત્તર :- છ મહિનાની મુદત તો માણસ મુંઝાઈ ન જાય માટે નાખ્યું છે. નહિતર છે તો અંતર્મુહૂર્તની વસ્તુ. કેમકે દૃષ્ટિ પલટતા દિશા પલટી જાય છે. અહીંયાં જે પર્યાય અને રાગમાં દૃષ્ટિ છે એ મિથ્યાત્વ છે. એ દૃષ્ટિ જ્યાં અંદરમાં આવે છે તો પર્યાયની દિશા પલટી જાય છે. દિશા પલટતા દશા પલટી જાય છે. અંતર્મુહૂર્તમાં થાય છે. આહા..હા..! ઉપદેશ વાક્યમાં તો એમ જ આવેને. સમજાણું કાંઈ?

દૃષ્ટાંત આપીએ છીએ. કરોડપતિ માણસ હોય. એના ઘરમાં ચાર દીકરા હોય, એની ચાર સ્ત્રી હોય, પોતાની સ્ત્રી હોય, બે-ચાર દીકરી હોય. બધા માને કે અમે કરોડપતિ છીએ, અમે કરોડપતિ છીએ. એમ માનેને? પછી ૧૮ વર્ષની દીકરી થઈ અને એની સગાઈ કરી સગાઈ. સમજો છો? શું કહે છે? સગાઈ કરી. કોઈ ૨૦ વર્ષના છોકરા સાથે. અત્યાર સુધી તો એમ કહેતી હતી કે હું કરોડપતિ છું. કરોડપતિ છું. જ્યાં ખ્યાલ આવ્યો કે આ છોકરાની સાથે સગાઈ કરી છે. એની પાસે તો બસ્સોનો પગાર છે અને લાખ રૂપિયાની પુંજી એમ સાંભળ્યું છે. બસ! એટલું સાંભળ્યું કે એની સાથે સગાઈ થઈ તો હું કરોડપતિ છું એ દૃષ્ટિ એક ક્ષણમાં ફરી જાય છે. બરાબર છે? કે એને દિવસો લાગે છે? અંતર્મુહૂર્ત. મૂરતિયા, અમારે મૂરતિયા કહે છે એને. તમારે શું કહે છે? છોકરો. એની સાથે અંગ્રેજીના ફલાણા સાથે સગપણ કર્યું. ઓહો..! અમરેલીમાં તો અમે ઘણીવાર ગયા છીએ. એને ઘરે પણ ગયા છીએ જોવા. આ છોકરો? એની પાસે તો બે-ચાર લાખનું મકાન નથી અને પુંજી પણ નથી. એના પિતાજી નોકરી કરે છે બસ્સો-ત્રણસોની અને છોકરો પણ બસ્સો-ત્રણસોની નોકરી કરે છે.

આહા..હા..! હવે હું કરોડપતિ નથી.

એમ દૃષ્ટિમાં એક સમયની પર્યાય અને રાગને પોતાનો માનતો હતો એ નિર્ધનપણાને પોતાનું માનતો હતો. ઓલામાં સધનને પોતાનું માનતો હતો એટલું. અરે! નિર્ધન હોય દીકરીનો પિતા. બહુ સારી સુંદર હોય તો કરોડપતિમાં આપી હોય. આપી હોય તો તરત ખબર પડી જાય. ક્યાં ગયા તમારા .. ત્યાં ક્યાં બેઠા છે? રૂપિયાનું યાદ આવ્યું. એનો દીકરો છે. બહુ કરોડપતિ છે, ધૂળપતિ છે. ખૂબ પૈસા એટલે ધૂળ. એનો પતિ માને એ મૂઢ છે. ભેંસનો પતિ પાડો હોય. બરાબર છે? પાડો સમજો છો? ભેંસા. ભેંસનો પતિ પાડો હોય. એમ જડનો પતિ જડ હોય. આહા..હા..!

અહીં તો પ્રભુ! તું રાગનો, મેલનો સ્વામી થા તોપણ મૂઢ છે. આહા..હા..! તારી લક્ષ્મીમાં તો અનંત આનંદ અને જ્ઞાન પડ્યા છેને પ્રભુ! તારા સ્વભાવનો સંબંધ કરીને એનો સ્વામી થા. ઓહો..હો..! સ્વસ્વામીસંબંધ શક્તિ આવે છેને? એક આત્મામાં ગુણ એવો પડ્યો છે. સ્વસ્વામીસંબંધ નામનો ગુણ છે. તો જ્યારે અંદર આત્મા અખંડ આનંદ પૂર્ણ છું એવી દૃષ્ટિ થઈ તો હું રાગ અને પર્યાય જેટલો હતો એમ પામર માનતો હતો, એ એક ક્ષણમાં ગુલાંટ ખાધી. એ ચીજ પરિપૂર્ણ અખંડ અભેદ છે એનો સ્વામી થયો. સમજાણું કાંઈ? વાત છે ઊંચી પણ છે એની જાતની. આહા..હા..! એને અંતરના સ્વભાવના માહાત્મ્ય વિના એ ચીજની પ્રાપ્તિ થતી નથી. આહા..હા..! એવી વાત છે. ઠીક પડે ન ઠીક પડે એની સાથે સંબંધ નથી, એ ચીજ એવી છે. સમજાણું કાંઈ?

કહે છે કે અરે! '**છ મહિના અભ્યાસ કર અને જો (-તપાસ) કે એમ કરવાથી પોતાના હૃદય સરોવરમાં...**' આહા..હા..! ચૈતન્યરૂપી સરોવર આનંદનું સરોવર પ્રભુ છે. અરે! એમાં ડૂબકી તો માર, અંદર લીન તો થા. આહા..હા..! રાગ અને પુણ્ય-પાપના પરિણામમાં ડૂબી ગયો છો. સમજાણું કાંઈ? આ હૃદય સરોવર, જ્ઞાનરૂપી સરોવર પડ્યું છેને. એ હંસલા ભૂખ્યા હોય તોપણ અનાજ ન ખાય. એમ તારી ચીજ હંસલો એ રાગ અને પુણ્યના વિકલ્પથી પ્રભુ! તારી ચીજ ભિન્ન છે. તારા હંસલાની ચીજ તો આનંદના મોતી ચણવા અને અનુભવ કરવો એ તારી ચીજ છે. સમજાણું કાંઈ? એ શુભરાગનો અનુભવ કરવો એ તારી ચીજ નથી. એ હંસ ભૂખ્યા હોય તોપણ અનાજ ન ખાય. એના હંસલાના ચારા તો મોતી હોય. ભગવાન તો હંસલો છે. રાગ અને પુણ્યના વિકલ્પથી ભિન્ન પડે એવી તારી ચીજ. આહા..હા..! વિવેકરૂપી હંસે તારી અંદરમાં લીનતા કરી, શું લાભ ન થાય? પેલા કોલાહલથી શું લાભ થયો? આનાથી શું લાભ ન થાય? એમ કહે છે. વાત જરી સૂક્ષ્મ તો છે, ભગવાન! આહા..હા..! એવી વાત છે, ભાઈ! દુનિયા શું કહે છે અને વિદ્વાનો શું કહે છે એ તરફનું લક્ષ છોડી દે. સમજાણું કાંઈ? તું દુઃખી છે. શુભરાગથી મારી ચીજ છે એમ માનનારો મિથ્યાત્વથી

મોટો દુઃખી છે. આકુળતાના અંગારે શેકાતા .. છે. આહા..હા..! એકવાર પ્રભુ તારી ચીજની, સ્વભાવની દૃષ્ટિથી અને સ્વભાવની પરિણતિથી એમાં લીન થા. આહા..હા..! દિશા ફેરવ. તારી દૃષ્ટિ ફરી જાય તો દિશા ફરી જાય છે. આહા..હા..!

કહે છે, **'પોતાના હૃદયસરોવરમાં...'** એમ શબ્દ છેને? પોતાના જ્ઞાનસરોવરમાં. હૃદય બીજું ક્યુ? અંતર ચૈતન્ય જ્ઞાન અને આનંદથી (ભરેલું સરોવર છે). અરે! એ વાત છે, પણ બેસે કેમ? જેને બેસે એને માટે છે. ન બેસે એને માટે 'છે' તો આવ્યું નથી. સમજાણું કાંઈ? ભગવાન શુદ્ધ આનંદ સરોવર પ્રભુ છે. છે એવો અંતર્મુખ થઈને વિશ્વાસ થયો તો એને માટે છે. પણ વિશ્વાસ આવ્યો નથી તો છે છતાં એને માટે તો છે નહિ. સમજાણું કાંઈ? અહો! એ આત્માની પ્રાપ્તિ થાય છે કે નહિ? પાઠ તો એમ છે. **'ननु किम् अनुपलब्धिः भाति'** શું પ્રાપ્ત ન થાય એ એની શોભા છે? એ પ્રાપ્ત થાય તે એની શોભા છે. સમજાણું કાંઈ? રાગથી પ્રાપ્ત થાય એ એની શોભા છે? રાગથી પ્રાપ્ત થાય છે? એનાથી તો અનુપલબ્ધિ છે. આહા..હા..! પોતાનું નિજ સ્વરૂપ પવિત્ર પર્યાયમાં હોં! એ પર્યાયથી અંદરમાં દેખતા તારી પ્રાપ્તિ થાય જ અને એ તારી શોભા છે અને એ તારી સુંદરતા છે અને એ તારા પૂર્ણ અસ્તિત્વનો સ્વીકાર છે એ જ સત્યદર્શન અને સમ્યગ્દર્શન છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે કામ ભાઈ!

નયચક્રમાં આવ્યું છેને ભાઈ! પ્રમાણ પૂજ્ય છે કે નિશ્ચયનય પૂજ્ય છે? સમજાણું કાંઈ? ભાઈએ નાખ્યું છે ફૂલચંદજીએ. પ્રમાણમાં તો ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ અને વર્તમાન પર્યાય અને રાગ એનું જોડાણ થઈને જ્ઞાન થાય છે. એનો અભાવ નથી થતો. આહા..હા..! પ્રમાણમાં વ્યવહારનો, પર્યાયનો, રાગનો અભાવ નથી થતો અને અભાવ થયા વિના નિશ્ચયની દૃષ્ટિ થતી નથી. અને નિશ્ચય છે આત્માના સ્વભાવની દૃષ્ટિ એ જ પૂજ્ય છે, પ્રમાણ પૂજ્ય નથી. આહા..હા..! કેમકે પ્રમાણમાં તો રાગ અને પર્યાયનું જોડાણ થયું છે. એ સહિત પ્રમાણજ્ઞાન થયું છે. વાસ્તવિક તો એ છે કે પ્રમાણજ્ઞાન પણ નિશ્ચયના અભેદ સ્વભાવનો નિષેધ નથી કરતું. એને રાખ્યું છે, પણ એની સાથે રાગ અને પર્યાયનું પણ જ્ઞાન કરે છે તો નિષેધ કરનારી ચીજને સાથે રાખી. સમજાણું કાંઈ? પ્રમાણજ્ઞાન પૂજ્ય નથી. આહા..હા..! જેમાં દ્રવ્યનું જ્ઞાન અને પર્યાયનું જ્ઞાન, રાગનું જ્ઞાન એ તો બહુ પુષ્ટિ થઈ, જ્ઞાનની બહોળતા થઈ. હો, તોપણ એ પૂજ્ય નથી. જેમાં વ્યવહારનો, પર્યાયનો સંબંધ છૂટે નહિ (તે પૂજ્ય નથી). સમજાણું કાંઈ? ઓલા કહે વ્યવહારને પૂજ્ય કહ્યું છેને પદ્મનંદિમાં અને ફલાણે-ફલાણે. અરે..! બધી ખબર છે, સાંભળને. એ તો એક હોય છે. વ્યવહાર દ્વારા જાણવામાં આવે છે કે આ સમજાયું વ્યવહારથી પણ અંદર આ વસ્તુ છે (એમ અનુભવમાં આવ્યું) તેથી એને વ્યવહારે પૂજ્ય કહેવામાં આવે છે, પણ છતાં એ વ્યવહાર આદરણીય નથી. આહા..હા..! ભારે વાત!

'**હૃદયસરોવરમાં...**' આત્માની પ્રાપ્તિ થાય છે. અહીંયાં થાય છે એમ કહે છે. જ્ઞાનાનંદની પર્યાય વર્તમાનને અંતરમાં જોતાં પૂર્ણ પ્રભુની પ્રાપ્તિ પ્રતીતમાં થાય છે. એનું નામ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. એ સમ્યગ્દર્શન વિના જેટલું શાસ્ત્રનું વાંચવું, ઉપદેશ દેવો, વ્રત કરવા, તપ કરવા એ બધું સંસાર ખાતે છે, સંસાર છે. એમાં ધર્મ નથી અને મુક્તિનું કારણ નથી. આત્માની પ્રાપ્તિ થાય છે કે નહિ? તો કહે છે કે '**જેનું તેજ-પ્રતાપ-પ્રકાશ...**' જેનું તેજ ચૈતન્યનું સૂર્ય પાસે અંધકાર, રાગ હું છું એવો અંધકાર રહેતો જ નથી. સમજાણું કાંઈ? ચૈતન્યનો તેજ અને પ્રતાપ અને પ્રકાશ એ વિકલ્પથી અને પુદ્‌ગલથી ભિન્ન ચીજ છે. આહા..હા..! ભારે! શેઠ! આ તો બધા બાહ્યના પૈસાના તેજ અને આબરૂ ને મોટર-બોટર બધી વઈ ગઈ આમાં તો. આહા..હા..! મોટા શેઠ છે. ૪૦ તો મોટરું ઘરે છે. બીડીયું લેવા-દેવા જાય. પૈસાવાળા કે આનંદવાળા? રાગવાળો કહેવાથી પણ મિથ્યાત્વનું કલંક છે. આહા..હા..! ભગવાન આત્માને શુભરાગવાળો માનવો એ પણ મિથ્યાત્વનું કલંક છે. તો બીજી ચીજવાળો માનવો (એ તો બહુ દૂર રહી ગયું). શું કરે ત્યારે? બધું મળ્યું છે, શરીર મળ્યું છે એને છોડીને ક્યાં જાવું? એની છે જ ક્યાં? છૂટા જ પડ્યા છે, તારામાં આવ્યા જ નથી. ભારે કામ. એય..! જેચંદભાઈ! આહા..હા..!

ભાઈ! પ્રભુ! તું રાગ અને પુણ્યના વિકલ્પને પણ આત્માના માનનાર દુઃખી છો. આહા..હા..! તારી દુઃખની દશા સોજા છે. સોજા સમજ્યા? સુજન. શરીરમાં સોજા ચડેને. શું એ નિરોગતા છે? એમ રાગની પુષ્ટિ, સંયોગની પુષ્ટિ એ તો સોજા છે, સુજન છે. તું તો રોગી છો. આહા..હા..! સમજાણું કાંઈ?

આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ સુજાણ.
ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન.

શ્રીમદ્‌નું છે. આત્મભ્રાંતિ સમ રોગ નહિ. ભગવાન આત્મા, વિકલ્પથી લાભ છે, વિકલ્પ મારો છે, બીજી ચીજ મારી છે એ તો ક્યાંય રહી ગયું, એવી ભ્રાંતિ એ જ મિથ્યાત્વભાવ છે. એ રોગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એકવાર ક્ષણ તો છોડ કહે છે, ભાઈ! પ્રભુ! તારી સંપદા પૂર્ણ પડી છે, નાથ! એનો રક્ષક થા. રાગનો રક્ષક છોડ.

'**જેનું તેજ-પ્રતાપ-પ્રકાશ પુદ્‌ગલથી ભિન્ન છે એવા આત્માની પ્રાપ્તિ નથી થતી...**' ભિન્ન છે અને કેમ ન થાય? એમ કહે છે. રાગ અને શરીરથી ભિન્ન છે એવી દૃષ્ટિ થાય તો અનુભવમાં આવ્યા વિના રહે નહિ એમ કહે છે. લ્યો, આ કળશકારે કહ્યું. સમજાણું કાંઈ? એ અર્થ તો વંચાઈ ગયો છે, ભાવાર્થ. ભાવાર્થ છેને, કાલે વંચાઈ ગયો છે. વાંચવો છે ફરીને? ભાવાર્થ લ્યો.

'**ભાવાર્થ :— જો પોતાના સ્વરૂપનો અભ્યાસ કરે...**' ભગવાન અનંત આનંદમય

પરિપૂર્ણ એની અંતર શ્રદ્ધાનો અભ્યાસ કરે તો એની જરૂર પ્રાપ્તિ થાય છે. કેમકે એ પોતાની ચીજ છે. રાગ અને રજકણને પોતાનો કરવાનો પ્રયત્ન કરે તો કદી ન થાય. કેમકે એ તો પરચીજ છે. આહા..હા..! બરાબર છે? **'જો પરવસ્તુ હોય તો તેની તો પ્રાપ્તિ ન થાય.'** આહા..હા..! શુભ-અશુભ રાગને પોતાનો માને તો એ રાગ પોતાનો કદી નથી થતો. આહા..હા..! સમજાણું કાંઈ?

**'પોતાનું સ્વરૂપ તો મોજૂદ છે,...'** ઓલી ચીજ તો પોતામાં છે જ નહિ. દયા, દાન, વ્રત, વ્યવહારના વિકલ્પ છે એ વ્યવહારથી આત્માની પ્રાપ્તિ થાય એ વ્યવહાર તો તારામાં છે જ નહિ. આહા..હા..! ભારે આકરું! આને અનેકાંત નથી કહેતા. (કે) વ્યવહારથી પણ લાભ થાય અને નિશ્ચયથી પણ લાભ થાય તો અનેકાંત છે. ફુદડીવાદ છે, મિથ્યાત્વભાવ છે. અનેકાંત તો ભગવાન એને કહે છે કે ભગવાન આત્મા પોતાનું સ્વરૂપ વિદ્યમાન ત્રિકાળ એની દૃષ્ટિથી લાભ થાય છે, વ્યવહારથી લાભ થતો નથી એનું નામ અનેકાંત છે. અનેકાંતનો અર્થ સમજે નહિ. આહા..હા..! **'પણ ભૂલી રહ્યો છે;...'** છે તો ખરું. ભૂલ પણ ભૂલી રહ્યો છે એમાં એમ નથી કહ્યું કે કર્મને કારણે ભૂલ્યો છે. કર્મ દર્શનમોહનો ઉદય છે માટે ભૂલી રહ્યો છે. એમ નથી. 'અપને સે આપ ભૂલકર હૈરાન હો ગયા.' આહા..હા..! **'પણ ભૂલી રહ્યો છે; જો ચેતીને દેખે...'** જેવી સાવધાની રાગમાં, નિમિત્તમાં, સંયોગમાં છે એમ અંતરમાં સાવધાનીથી **'દેખે તો પાસે જ છે.'** અથવા વિદ્યમાન જ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અહીં છ મહિનાનો અભ્યાસ કહ્યો તેથી એમ ન સમજવું કે એટલો જ વખત લાગે. તેનું થવું તો અંતર્મૂહૂર્તમાત્રમાં જ છે,...'** એની પ્રાપ્તિ અંતર્મુહૂર્તમાં જ થાય એનો અર્થ શું? કે એ તો પૂર્ણ સ્વરૂપ છે એ તરફ દૃષ્ટિ કરી તો પ્રાપ્તિ થઈ, એ તો અંતર્મુહૂર્તમાં જ છે. પ્રકાશદાસજી! આહા..હા..! **'તેનું થવું તો અંતર્મૂહૂર્તમાત્રમાં જ છે,...'** ગુલાંટ ખાવાથી એક સમયમાં પ્રાપ્તિ થાય છે એમ કહે છે. બહાર દૃષ્ટિ કરી છે, તેને અંતર્મુખ કરને. જ્યાં છે ત્યાં જા. જ્યાં છે, જ્યાં વસ્તુ પૂર્ણ છે ત્યાં દૃષ્ટિ કરને. દૃષ્ટિ કરતા કેમ પ્રાપ્ત ન થાય? આ હું છું એવી પ્રાપ્તિ કેમ ન થાય? સમજાણું કાંઈ?

**'પરંતુ શિષ્યને બહુ કઠિન લાગતું હોય તો તેનો નિષેધ કર્યો છે.'** અરેરે! આવું તે પહોંચાય? અરે! પહોંચાય શું, અંતર્મુહૂર્તમાં મળે. એક સમયમાં જ્ઞાનાંતર દશા થઈ જાય છે. અંતર્મુહૂર્ત કહ્યું એ તો ઉપયોગમાં ખ્યાલ આવે છે એ અપેક્ષાએ. સમજાણું કાંઈ? એક સમય. દશાંતર થઈને જ્યાં ગુલાંટ ખાય છે અંતરમાં, ભગવાન આત્મા ચિદાનંદ હું છું એમ અનુભવમાં આવે છે તેને વિશેષ કાળ લાગતો નથી. આહા..હા..! ભારે પણ માર્ગ. આ તો નિશ્ચય... નિશ્ચય... નિશ્ચયની વાત છે. પણ કાંઈક વ્યવહાર છે કે નહિ? છેને. નુકસાન

કરવા માટે છે એ. સમજણું કાંઈ? આશ્રય કરવા માટે નથી. આહા..હા..! રતનચંદજી ... કહ્યું હતુંને. ચૌદ ગુણસ્થાન, ચૌદ માર્ગણાસ્થાન, ચૌદ જીવસ્થાન એ છે નહિ એમ નથી, છે ખરા. પણ એ તો જાણવાલાયક છે, આદરવાલાયક નથી. આદરવાલાયક તો ત્રિકાળી જ્ઞાયકભાવ એ એક જ આદરવાલાયક છે. સમજાણું કાંઈ? થોડું સમજાય પણ સત્ય સમજાવું જોઈએ. આવી મોટી લાંબી-લાંબી વાતું, મોટા પૂંછડા.

મુમુક્ષુ :- અમે તો બહુ દૂરથી આવ્યા છીએ, મહારાજ! અમને સમજાવી દો.

ઉત્તર :- કોણ સમજાવે? આ જિનેશ્વરદાસજી તો બહુ દૂરથી આવ્યા છે, તમારા કરતાં પણ. તમે તો કુરાવળ. આ તો ઘણા દૂરથી આવ્યા છે. દિલ્હીથી આગળ, ૧૧૦ માઈલ. એટલું છે? ૧૧૦ માઈલ છે. અમે આવ્યા હતાને એકવાર આવ્યા હતા. (સંવત) ૨૦૧૩ની સાલમાં. ઘણું દૂર. દિલ્હી ... દિલ્હી. ૭૦૦ માઈલ. દિલ્હી. એનાથી ૧૧૧ માઈલ એ. ૧૨૦. ... આહા..હા..! ભગવાન તારું સુંદર ચૈતન્ય પૂર્ણ આનંદરૂપ છેને. એના સમીપમાં જાને, દૂર નહિ. આહા..હા..! આવ્યું હતુંને એ? પોતાની નિકટ જ છે. પોતાની નિકટ છે એમ શબ્દ આવ્યો છે. પર્યાયમાં નિકટ છે એમ બતાવવું છે, પર્યાયથી દૂર નથી. આહા..હા..!

**'જો સમજવામાં બહુ કાળ લાગે તો છ મહિનાથી અધિક નહિ લાગે; તેથી અન્ય નિષ્પ્રયોજન કોલાહલ છોડી આમાં લાગવાથી જલ્દી સ્વરૂપની પ્રાપ્તિ થશે એવો ઉપદેશ છે.'** સમજાણું કાંઈ? એ ૩૮મી ગાથામાં કહ્યુંને? કે અનાદિનો પ્રાણી અપ્રતિબુદ્ધ હતો. ૩૮માં. અનાદિ કાળનો અજ્ઞાની અપ્રતિબુદ્ધ હતો (તેને) વિરક્ત ગુરુએ નિરંતર સમજાવ્યું. એવો પાઠ છે. એમાં ત્રણ વાત છે. એક તો અનાદિનો અજ્ઞાની હતો અપ્રતિબુદ્ધ એને સમજાવે છે. કોણ? વિરક્ત ગુરુ. રાગથી ભિન્ન પડનારા એને સમજાવે છે. સમજાવનાર રાગથી ભિન્ન પડેલા સમજાવે છે. બે વાત. ત્રીજી વાર નિરંતર સમજાવે છે. તો ગુરુ નિરંતર સમજાવે છે? પાઠ તો એમ છે.

મુમુક્ષુ :- ગુરુની જવાબદારી તો છેને.

ઉત્તર :- બિલકુલ જવાબદારી નથી. નિરંતર સમજાવે છે એનો અર્થ.. પાઠ તો એવો છે કે વિરક્ત ગુરુ દ્વારા નિરંતર સમજાવવાથી કોઈપણ રીતે સાવધાન થઈને આત્માની પ્રાપ્તિ થઈ. એવો પાઠ છે. તો ગુરુ નિરંતર સમજાવે છે? એનો અર્થ એ છે કે એકવાર એના કાનમાં વાત પડી... ઓહો..! અભેદ, અભેદ, અભેદ એવી ચીજ મારી પૂર્ણ મારી પાસે છે, હું જ છું. અને તું એવો છો એમ ગુરુએ કહ્યું એની ધૂન લાગી. નિરંતર ધૂન લાગી એને ગુરુ નિરંતર સમજાવે છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આશય શું છે એમ સમજવું. શું ગુરુ નિરંતર સમજાવવા નવરા છે? નિર્ગ્રંથ મુનિ હોય તો એ વિકલ્પ તો છઠ્ઠે ગુણસ્થાને આવે છે લ્યો. પછી ક્ષણમાં સાતમું આવે અને ક્ષણમાં છઠ્ઠું (આવે).

એ તો જંગલમાં રહે છે.

મુમુક્ષુ :- તો ત્યાં બેસશું.

ઉત્તર :- જાય તો ત્યાં પડ્યા રહે છે? અહીં તો નિરંતર સમજાવ્યું એમ કહ્યું છે. ત્યાં બેસી રહે? ખાવું, પીવું, બાયડી, છોકરા ત્યાં છે? પણ અંદરમાં ધૂન ચડી ગઈ. અહો..! હું પુણ્ય-પાપના વ્યવહારના વિકલ્પથી પણ મારી ચીજ તો ભિન્ન છે. એવો જે શુદ્ધાત્માનો ઉપદેશ ગુરુએ આપ્યો હતો. કુંદકુંદાચાર્યે કહ્યુંને? મારા ગુરુએ મને એ ઉપદેશ આપ્યો હતો કે પ્રભુ! તું શુદ્ધાત્મા છેને. લ્યો! એમ કહ્યું. ગુરુએ એટલું જ કહ્યું હશે? સાર માટે તો એટલું જ કહ્યું હતું મને. કુંદકુંદાચાર્ય કહે છે પાંચમી ગાથામાં. મારા ગુરુએ મને (શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો). અને મારા ગુરુ કેવા છે? સર્વજ્ઞથી માંડીને મારા ગુરુ (શુદ્ધાત્મામાં) અંતર્મગ્ન લીન છે એમ હું જાણું છું. પરને નથી જાણતો એમ નથી. એમ કહે છે. એય..! ચેતનજી! પરની આપણને શું ખબર પડે? કુંદકુંદાચાર્ય તો આમ કહે છે. સર્વજ્ઞ પરમાત્મા અંતર્મગ્ન હતા, એમ એના શિષ્ય, એના શિષ્ય પોતાના ગુરુ ત્યાં સુધી કહે છે કે આત્મામાં અંતર્મગ્ન એ પણ છે, એણે મને ઉપદેશ આપ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

પણ અહીં તો બીજું કહેવું છે કે એ અંતર્મગ્ન છે, છદ્મસ્થ છે, એને તેં કેવી રીતે ઓળખ્યા? જ્ઞાનમાં તાકાત છે. સમજાણું કાંઈ? અંતર્મગ્ન છે મારા ગુરુ. અંતર્મગ્ન છે તો તને શુદ્ધાત્માનો ઉપદેશ ક્યાંથી આપ્યો? ... પણ એ અંતર્મગ્ન હતા ત્યારે વિકલ્પ આવ્યો એ એમનો નહોતો. વાણી દ્વારા અમને એમ કહ્યું કે હે પ્રભુ! શુદ્ધ આનંદકંદ તારી ચીજ છે. એમ સાંભળવાથી મારો નિજ વૈભવ પ્રગટ થયો છે એમ કહે છે. અને નિજવૈભવથી હું સમયસાર કહીશ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'લાગવાથી જલદી સ્વરૂપની પ્રાપ્તિ થશે...'** લગની લાગવી જોઈએને. પહેલા તો એવી વાત સાંભળવામાં એની રુચિમાં હા પડવી જોઈએ, કંટાળો ન આવવો જોઈએ. સમજાણું કાંઈ? આ શું કહે છે? આવી વાત કહે છે ખ્યાલમાં ન આવે એવી વારંવાર કહે છે. તો એને તો હજી સાંભળવાની પણ રુચિ નથી. સમજાણું કાંઈ? વારંવાર સમજાવે છે. એમાં પણ એમ આવ્યું છે. ધોબીના દૃષ્ટાંતમાં ૩૫ ગાથામાં. ગુરુ વારંવાર સમજાવે છે. કંટાળો નથી આવતો એમ બતાવવું છે. આવી વાત! શું કહે છે આ! અખંડ આનંદ પૂર્ણ ધ્રુવ ચૈતન્યમાં દૃષ્ટિ લગાવો. આ શું કહે છે? .. પોતાનો સ્વભાવ નિરાલંબભાવથી પ્રગટે છે. શું કહે છે? અમારાથી પણ તને પ્રગટ નહિ થાય. સમજાણું કાંઈ? એ વાત જ્યારે તેને યથાર્થપણે રુચે છે તો વારંવાર સાંભળે છે અને વારંવાર રુચિનો અભ્યાસ કરે છે. વારંવાર રુચિનો અભ્યાસ કરવાથી પ્રાપ્ત થશે જ થશે. આહા..હા..! કઈ શૈલી તો જુઓ! કાયરના કામ નથી અહીં એમ કહે છે. આહા..હા..!

## ગાથા-૪૫

कथं चिदन्वयप्रतिभासे ऽप्यध्यवसानादयः पुद्गलस्वभावा इति चेत्—

अट्ठविहं पि य कम्मं सव्व पोग्गलमयं जिणा बेंति।
जस्स फलं तं वुच्चदि दुक्खं ति विपच्चमाणस्स।।४५।।

अष्टविधमपि च कर्म सर्वं पुद्गलमयं जिना ब्रुवन्ति।
यस्य फलं तदुच्यते दुःखमिति विपच्यमानस्य।।४५।।

अध्यवसानादिभावनिर्वर्तकमष्टविधमपि च कर्म समस्तमेव पुद्गलमयमिति किल सकलज्ञज्ञप्तिः। तस्य तु यद्विपाककाष्ठामधिरूढस्य फलत्वेनाभिलप्यते तदनाकुलत्वलक्षणसौख्याख्यात्मस्वभावविलक्षणत्वात्किल दुःखम्। तदन्तःपातिन एव किलाकुलत्वलक्षणा अध्यवसानादिभावाः। ततो न ते चिदन्वयविभ्रमेऽप्यात्मस्वभावाः, किन्तु पुद्गलस्वभावाः।

---

હવે શિષ્ય પૂછે છે કે આ અધ્યવસાનાદિ ભાવો જીવ ન કહ્યા, અન્ય ચૈતન્યસ્વભાવ જીવ કહ્યો; તો આ ભાવો પણ ચૈતન્ય સાથે સંબંધ રાખનારા પ્રતિભાસે છે, (ચૈતન્ય સિવાય જડને તો દેખાતા નથી,) છતાં તેમને પુદ્ગલના સ્વભાવ કેમ કહ્યા? તેના ઉત્તરનું ગાથાસૂત્ર કહે છે :—

રે! કર્મ અષ્ટ પ્રકારનું જિન સર્વ પુદ્ગલમય કહે,
પરિપાક સમયે જેહનું ફળ દુઃખ નામ પ્રસિદ્ધ છે. ૪૫.

ગાથાર્થ :— [अष्टविधम् अपि च] આઠે પ્રકારનું [कर्म] કર્મ છે તે [सर्वं] સર્વ [पुद्गलमयं] પુદ્ગલમય છે એમ [जिना:] જિનભગવાન સર્વજ્ઞદેવો [ब्रुवन्ति] કહે છે- [यस्य विपच्यमानस्य] જે પકવ થઈ ઉદયમાં આવતા કર્મનું [फलं] ફળ [तत्] પ્રસિદ્ધ [दुःखम्] દુઃખ છે [इति उच्यते] એમ કહ્યું છે.

ટીકા :— અધ્યવસાન આદિ સમસ્ત ભાવોને ઉત્પન્ન કરનારું જે આઠે પ્રકારનું જ્ઞાનાવરણ આદિ કર્મ છે તે બધુંય પુદ્ગલમય છે એવું સર્વજ્ઞનું વચન છે. વિપાકની હદે પહોંચેલા તે કર્મના ફળપણે જે કહેવામાં આવે છે તે (એટલે કે કર્મફળ),

**અનાકુળતાલક્ષણ જે સુખ નામનો આત્મસ્વભાવ તેનાથી વિલક્ષણ હોવાથી, દુઃખ છે. તે દુઃખમાં જ આકુળતાલક્ષણ અધ્યવસાન આદિ ભાવો સમાવેશ પામે છે; તેથી, જોકે તેઓ ચૈતન્ય સાથે સંબંધ હોવાનો ભ્રમ ઉપજાવે છે તોપણ, તેઓ આત્માના સ્વભાવો નથી પણ પુદ્‌ગલસ્વભાવો છે.**

**ભાવાર્થ :— કર્મનો ઉદય આવે ત્યારે આ આત્મા દુઃખરૂપ પરિણમે છે અને દુઃખરૂપ ભાવ છે તે અધ્યવસાન છે તેથી દુઃખરૂપ ભાવમાં(-અધ્યવસાનમાં) ચેતનતાનો ભ્રમ ઊપજે છે. પરમાર્થે દુઃખરૂપ ભાવ ચેતન નથી, કર્મજન્ય છે તેથી જડ જ છે.**

## ગાથા-૪૫ ઉપર પ્રવચન

‘**હવે શિષ્ય પૂછે છે કે આ અધ્યવસાનાદિ ભાવો જીવ ન કહ્યા,...**’ ઉપર કહેલા બધા. રાગ મારો છે, પુણ્ય મારું છે, પુણ્યનો ભોક્તા, પુણ્યનો કર્તા, વ્યવહાર ક્રિયા દયા, દાનનો હું કર્તા. એ જીવ નથી એમ આપે કહ્યું. ‘**અન્ય ચૈતન્યસ્વભાવ જીવ કહ્યો;...**’ આપે તો ભગવાન જાણન-દેખન સ્વભાવ પ્રભુ એને જીવ કહ્યો. ‘**તો આ ભાવો પણ ચૈતન્ય સાથે સંબંધ રાખનારા પ્રતિભાસે છે,...**’ અમને તો પર્યાયમાં, મારામાં જ્ઞાનનો ભેદ, રાગાદિનો મારામાં છે એમ પ્રતિભાસ થાય છે. એ કોઈ જડમાં છે એમ ભાસતું નથી. કથંચિત્ પર્યાયબુદ્ધિ છે. ચૈતન્યની સાથે જ પુણ્ય અને પાપ, વિકલ્પનો મારા ચૈતન્યની સાથે સંબંધ રાખનારા પ્રતિભાસે છે.

‘**(ચૈતન્ય સિવાય જડને તો દેખાતા નથી,)**’ લાકડામાં નથી. રાગ-દ્વેષ છે એમાં? શરીરમાં છે આ જડમાં? રાગ-દ્વેષ તો પર્યાયમાં ચૈતન્યને છે. અને તમે કહો છો કે એ તારા નથી. શું છે? આપને શું કહેવું છે? ‘**(ચૈતન્ય સિવાય જડને તો દેખાતા નથી,) છતાં તેમને પુદ્‌ગલના સ્વભાવ કેમ કહ્યા?**’ કોને? રાગાદિને. એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પુદ્‌ગલનો સ્વભાવ. ગજબ વાત છે! એ શુભરાગ છે, વિભાવ છે. એમાં ચૈતન્ય ભગવાન જ્ઞાયક સ્વભાવના જ્ઞાનના અંશનો અભાવ છે. સમજાણું કાંઈ? ભગવાન ચૈતન્યસ્વરૂપ જાણનાર સ્વભાવ એનો એ પુણ્યભાવ, વ્યવહારભાવમાં તો અભાવ છે. તો એ અભાવ છે એની અમને ખબર નથી પડતી એમ કહે છે. એમાં તો અમારો ભાવ દેખાય છે. એને

પુદ્‌ગલનો સ્વભાવ કેમ કહ્યો? એ પુદ્‌ગલનો ભાવ છે, તારો નહિ એમ કેમ કહ્યું? **‘તેના ઉત્તરનું ગાથાસૂત્ર કહે છે :—’** ૪૫.

**अट्ठविहं पि य कम्मं सव्व पोग्गलमयं जिणा बेंति।**
**जस्स फलं तं वुच्चदि दुक्खं ति विपच्चमाणस्स।।४५।।**
**રે! કર્મ અષ્ટ પ્રકારનું જિન સર્વ પુદ્‌ગલમય કહે,**
**પરિપાક સમયે જેહનું ફળ દુઃખ નામ પ્રસિદ્ધ છે. ૪૫.**

વીતરાગનો આશ્રય લઈને વાત કરે છે.

‘ટીકા :— **અધ્યવસાન આદિ સમસ્ત ભાવોને ઉત્પન્ન કરનારું જે આઠે પ્રકારનું જ્ઞાનાવરણ આદિ કર્મ છે તે બધુંય પુદ્‌ગલમય છે…**’ શું કહે છે? આત્મામાં પુણ્ય અને પાપનો ભાવ જે ઉત્પન્ન થાય છે એને ઉત્પન્ન કરનારું કર્મ છે, તારી ચીજ નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- બધાય એમ કહે છે.

ઉત્તર :- તો તો બધાય એમ કહે છે. કર્મને લઈને રાગ થાય… કર્મને લઈને (રાગ થાય). આ બીજી વાત છે. થાય છે તો તારી ચીજમાં તારાથી થાય છે, પણ નિમિત્તના લક્ષે થાય છે તો એના છે એમ અહીંયા કહેવામાં આવ્યું છે. આહા..હા..! તારો સ્વભાવ ચૈતન્યપુંજ રસ આનંદરસ પ્રભુ આત્મા, ચૈતન્યસ્વભાવ પ્રકાશનો તેજ પુંજ પ્રભુ એમાં ઈ ક્યાં છે? એના આશ્રયે ઉત્પન્ન થાય છે? જેના આશ્રયે નિમિત્તથી ઉત્પન્ન થયા, નૈમિત્તિક દશા તો એના કારણે પોતાથી થઈ છે, પણ આ નિમિત્તના આશ્રયે થયા તો પુદ્‌ગલ પરિણામ કહેવામાં આવ્યા. આહા..હા..! ભારે વાત ભાઈ! તીર્થંકરગોત્ર જે ભાવે બંધાય એ પુદ્‌ગલ પરિણામ. કેમકે એ તો વિભાવ છે. કર્મના ઉદયના સંગે પરિચય કરવાથી, સંપર્ક કરવાથી (થયા છે). સ્વભાવનો સંપર્ક કરવાથી એ ભાવ નથી થતા.

મુમુક્ષુ :- કોનો?

ઉત્તર :- રાગનો. પુણ્યભાવનો, દયા, દાન, વ્રત ભાવનો. સમજાણું કાંઈ? ભગવાન આત્માનો સ્વભાવના સંગે ઉત્પન્ન થાય છે? પુદ્‌ગલના સંગથી ઉત્પન્ન થાય છે.

‘**આઠે પ્રકારનું જ્ઞાનાવરણ આદિ કર્મ છે તે બધુંય પુદ્‌ગલમય છે એવું સર્વજ્ઞનું વચન છે.**’ ભગવાનની વાણી એવી છે કે પુણ્ય અને પાપ, દયા અને દાન, વ્રત અને ભક્તિના પરિણામ આઠ કર્મના વિપાકનું ફળ છે. તારા ચૈતન્યના આનંદના ફળ એ નહિ. અરે! ભારે વાતું ભાઈ! સમજાણું કાંઈ? અહીં તો જ્યાં જરી પાંચ-પચાસ લાખ પૈસા થઈ જાય, બાયડી કાંઈક ઠીક હોય, છોકરા ઠીક હોય ત્યાં આહા..હા..! અમને પ્રાપ્તિ બહુ થઈ છે. શેની? એ કર્મના પાક બધા દુઃખરૂપ છે. આહા..હા..! અહીં તો કર્મના નિમિત્તે આઠે પ્રકારની વાત કરી છેને? અઘાતિ કર્મને ભેગું નાખ્યું દેખો!

મુમુક્ષુ :- બધુંય નાખ્યું. તીર્થંકર નામકર્મ આવી ગયું.

ઉત્તર :- તીર્થંકરગોત્ર આવ્યું. જે ભાવ છે તીર્થંકરગોત્રનો એ રાગ છે, એ કર્મનો પાક છે, એ પોતાનો સ્વભાવ છે? આહા..હા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

પાંચ પાંડવો ધ્યાનમાં હતા. બે પાંડવોને વિકલ્પ આવ્યો કે ભાઈને કેમ હશે? એક તો સંત છે, સાધર્મી છે, સહોદર છે. છેને અહીંયા? એવો વિકલ્પ આવ્યો, બસ. એ શુભભાવ છે. શુભભાવથી તો બે ભવ વધી ગયા. ત્રણ મોક્ષે ગયા. એવો વિકલ્પ આવ્યો, છે તો શુભ. એ પણ સાધર્મી સંત મુનિને લોઢાના (દાગીના પહેરાવ્યા હતા). આહા..હા..! ભીમ, અર્જુન, ધર્મરાજા મોટા ભાઈ છે, મોટા સાધુ છે, સંત છે (એમને શું હશે)? એવો શુભરાગ આવ્યો તો બે ભવ વધી ગયા. આહા..હા..! લાભ થયો આત્માને? એ તો કર્મનો પાક છે, આત્માનો નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ સુદ-૫, સોમવાર, તા. ૧૪-૦૮-૧૯૭૨
## ગાથા-૪૫, પ્રવચન-૧૩૨

**નોંધ :- પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

૪૫મી ગાથા. શું કહે છે તમારે? જીવ-અજીવ અધિકાર છેને? જીવ કોને કહે છે? અને કેવા જીવની પ્રતીત થતાં સમ્યક્ પ્રતીત અને સમ્યગ્દર્શન થાય છે અને સુખ થાય છે? એ વાત ચાલે છે. અહીંયાં આવ્યું. ટીકા. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ અને જ્ઞાનસ્વરૂપ એમાં અધ્યવસાન આદિ ભાવ ઉત્પન્ન કરનારા જે આઠેય પ્રકારના જ્ઞાનાવરણાદિ કર્મ છે. શુભ અને અશુભભાવ, એ શુભભાવ મારા છે એવું અધ્યવસાન મિથ્યાત્વ, એ બધો કર્મનો પાક છે. સમજાણું કાંઈ? શુભ અને અશુભભાવ, પુણ્ય અને પાપના ભાવ એ આઠેય એમાં આવી ગયા. એ કર્મનો પાક છે '**એવું સર્વજ્ઞનું વચન છે.**' છે? '**આઠે પ્રકારનું જ્ઞાનાવરણ આદિ કર્મ છે તે બધુંય પુદ્‌ગલમય છે એવું સર્વજ્ઞનું વચન છે.**' '**અધ્યવસાન આદિ**

**સમસ્ત ભાવોને ઉત્પન્ન કરનારું જે આઠે પ્રકારનું જ્ઞાનાવરણ આદિ કર્મ છે તે બધુંય પુદ્‌ગલમય છે...'** એ પુદ્‌ગલથી ઉત્પન્ન થયેલા છે પુણ્ય કે પાપ, એમ કહે છે. આહા..હા..! એ જીવ નહિ. શરીર તો જીવ નહિ, પુણ્ય અને પાપના ભાવ એ જીવ નહિ. કેમકે એ તો આઠ કર્મના પાકથી ઉત્પન્ન થનારા દુઃખરૂપ ભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? દુઃખ નથી સ્વભાવમાં, દુઃખ નથી સંયોગમાં. શું કહ્યું? ફક્ત જે વિકારના પરિણામ ઉત્પન્ન થાય છે તે દુઃખ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**વિપાકની હદે પહોંચેલા તે કર્મના ફળપણે જે કહેવામાં આવે છે...'** એ તો કર્મનો પાક છે. ભગવાન આનંદકંદ પ્રભુ એની સાથે કર્મ છે એના પાકની મર્યાદા. વિપાકની મર્યાદાને પ્રાપ્ત '**તે કર્મના ફળપણે જે કહેવામાં આવે છે તે (એટલે કે કર્મફળ), અનાકુળતાલક્ષણ જે સુખ નામનો આત્મસ્વભાવ તેનાથી વિલક્ષણ હોવાથી, દુઃખ છે.'** આહા..હા..! ભગવાન આત્મા તો અનાકુળલક્ષણ સુખ છે. સમજાણું કાંઈ? ભાઈ! આત્માનો સ્વભાવ શું કહ્યો? '**અનાકુળતાલક્ષણ જે સુખ નામનો આત્મસ્વભાવ...'** અતીન્દ્રિય અનાકુળ આનંદ આત્માનો સ્વભાવ એનાથી પુણ્ય અને પાપનો ભાવ વિરુદ્ધ ભાવ છે તેથી દુઃખ છે, વિલક્ષણ છે. આહા..હા..! ભગવાન આત્માનું લક્ષણ અનાકુળ આનંદસ્વરૂપ ભગવાન આત્મા એ જીવ, એ આત્મા. આહા..હા..! એ અનાકુળતા લક્ષણ '**આકુળતાલક્ષણ અધ્યવસાન આદિ ભાવો સમાવેશ પામે છે;...'** શેમાં? '**અનાકુળતાલક્ષણ જે સુખ નામનો આત્મસ્વભાવ તેનાથી વિલક્ષણ હોવાથી, દુઃખ છે.'** આહા..હા..! સમજાણું કાંઈ? આ તો કાંઈક અનુકૂળતા હોય, પૈસાની, આબરૂની, શરીરની તો અમે સુખી છીએ. મૂઢ છે.

મુમુક્ષુ :- સુખી છે અને મૂંઢ કહો?

ઉત્તર :- સુખી છે જ નહિ. એ તરફનો જે વિકલ્પ છે એ તો દુઃખ છે. આહા..હા..! સમજાણું કાંઈ? મૂળ વાત છેને.

અહીં તો કહે છે કે '**અનાકુળતાલક્ષણ જે સુખ નામનો આત્મસ્વભાવ...'** ભગવાન આત્માનો એનાથી વિલક્ષણ. એ કર્મનું ફળ તો એમાં વિલક્ષણ દુઃખ છે. આહા..હા..! ચાહે તો દયાનો, દાનનો, વ્રતનો, ભક્તિનો, પૂજાનો, ભગવાનની ભક્તિનો શુભભાવ હો, એ કર્મના ફળરૂપ, અનાકુળ લક્ષણ જે ભગવાન આત્મા એનાથી વિલક્ષણ એ દુઃખ છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કોઈ જાણી જોઈને દુઃખમાં પડે?

ઉત્તર :- જાણી જોઈને જ પડે છે. વિકારી ભાવ પોતાનો છે એવું જાણીને દુઃખમાં પડે છે. આહા..હા..!

મુમુક્ષુ :- એને .. નથી કહેતા. .. તો જ્ઞાનીને કહે છે.

ઉત્તર :- જાણે અને બુઝે જીવ. એ જાણે છે એમ લીધું. આવે છેને એ સમયસારની બીજી ગાથામાં. એને જાણે છે એમ આવે છે. એય..! ક્યાં ગયા? મનુભાઈ! ક્યાં બેઠા છે? સમયસારની બીજી ગાથા. એને જાણે છે એમ આવે છેને. આહા..હા..! બીજી બીજીને? પાનું નવ છે. '**સર્વ પરદ્રવ્યોથી છૂટી દર્શનજ્ઞાનસ્વભાવમાં નિયત વૃત્તિરૂપ (અસ્તિત્વરૂપ) આત્મતત્ત્વ સાથે એકત્વગતપણે વર્તે છે ત્યારે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત હોવાથી યુગપદ્ સ્વને એકત્વપૂર્વક જાણતો તથા સ્વ-રૂપે એકત્વપૂર્વક પરિણમતો...**' જુઓ, શું કહે છે? ભગવાન અનાકુળ આનંદસ્વરૂપ એની વસ્તુની સ્થિતિ છે એવી દૃષ્ટિ છોડીને જે શુભ અને અશુભભાવ એનું જ્ઞાન કરે છે. જાણે છેને જુઓ. એક જ સમયે જાણતો અને પરિણમતો. આહા..હા..! એ પુણ્ય અને પાપના ભાવરૂપ પરિણમન અવસ્થામાં થવું એ દુઃખરૂપ છે. આહા..હા..! આકુળતા છે, ખેદ છે, એ કષાયરૂપી અગ્નિ છે. આહા..હા..!

મુમુક્ષુ :- પરિણમન થવું?

ઉત્તર :- પરિણમન થવું. વિકારનું પરિણમન અવસ્થામાં થવું એ દુઃખરૂપ પરિણમન છે, એ પરસમય છે, એ અનાત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓલા ભાઈ આવ્યા હતા બપોરે. વયા ગયા છે? ગયા હશે. છે? આવ્યા નથી? એમ કે નિશ્ચય તો અમે સમજીએ છીએ, પણ વ્યવહાર કરવો જોઈએ ભેગો. કોને કહેવો વ્યવહાર? ભાઈ! એની ખબર નથી. આહા..હા..!

મુમુક્ષુ :- કરવો જોઈએ એમ માને એ જ...

ઉત્તર :- એ જ મિથ્યાત્વ છે. નિશ્ચય જાણતા જ નથી. શું ચીજ છે? આહા..હા..!

મુમુક્ષુ :- એટલે રાગ કરવો?

ઉત્તર :- પણ રાગ વ્યવહાર અને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, સ્મરણ એવો પણ સાથે વ્યવહાર કરવો. એ તો રાગ છે, એ તો રાગ છે. રાગ તો દુઃખ છે. દુઃખમાં વર્તવું એ વ્યવહાર છે? બહુ ઝીણી વાત ભાઈ! એણે સાંભળી નથી. એને પોતાની ચીજ શું છે? કહે છે કે ભગવાન! તું અનાકુળ લક્ષણ સ્વભાવ છોને. આહા..હા..! અતીન્દ્રિય આનંદ એવા લક્ષણવાળો આત્મસ્વભાવ એમાં કર્મનો વિપાક જે દુઃખ છે એ આકુળતામાં દુઃખ આવી પડ્યું છે. અનાકુળતાની સામે લેવું છેને. સમજાણું કાંઈ? આહા..હા..!

અનાકુળતાલક્ષણ સુખ નામનો આત્મસ્વભાવ. આહા..હા..! એનાથી વિલક્ષણ શું? કર્મનું ફળ. આહા..હા..! ભગવાન અતીન્દ્રિય આનંદસ્વરૂપ એમાં ચાહે તો શુભ હો દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ કે ચાહે તો અશુભ હો હિંસા, જૂઠું, ચોરી, વિષયના પરિણામ એ બધા આત્માના અનાકુળલક્ષણ સ્વભાવથી વિલક્ષણ દુઃખ છે. આહા..હા..! કહો, ધન્નાલાલજી! વીંછી કરડે, ડંખે, સર્પ કરડે, રોગ હોય તો દુઃખી છે એમ કહેવામાં આવે છે. દુનિયા એમ

કહે છે.

અહીંયાં તો પરમાત્મા સર્વજ્ઞની વાણીમાં એવું આવ્યું અને એવું સ્વરૂપ છે. પહેલા કહ્યું હતું, નહિ? એ સર્વજ્ઞનું વચન છે. આઠેય કર્મનું ફળ એ કર્મ એ પુદ્‌ગમલય છે અને એનાથી ઉત્પન્ન થયેલા એ પુણ્ય-પાપ છે. ચિદાનંદ ભગવાન અનાકુળ આનંદસ્વરૂપ એનાથી વિપરીત આઠેય કર્મનું ફળ શુભ-અશુભભાવ એ સર્વ અનાકુળલક્ષણ સ્વભાવથી ભિન્ન લક્ષણ છે. એનું લક્ષણ જ જુદા છે. આહા..હા..! જેઠાભાઈ! અશુભભાવ તો દુઃખ, પણ શુભભાવ? જિનેશ્વરદાસજી! આહા..હા..!

ભગવાન! તું તો અનાકુળ આનંદસ્વભાવી વસ્તુ છેને પ્રભુ! એને આત્મા કહે છે. સમજાણું કાંઈ? એનાથી વિપરીત (રાગાદિ દુઃખરૂપ ભાવ છે). પ્રથમ દરજ્જામાં આ નક્કી કરવું એમ કહે છે. જેટલા આઠ ભાવ કહ્યા, અધ્યવસાન એ આત્મા, પુણ્ય-પાપ એ આત્મા, કહે છે કે ભાઈ! એ આત્મા નહિ. શુભ-અશુભભાવ, એ શુભ-અશુભભાવને ભોગવવો એ આત્મા નહિ. શુભ-અશુભભાવને કરવા એ આત્મા નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! આ તો સંસાર છોડી દે ત્યારે આ તો થાય. બાયડી-છોકરા છોડે તો. છૂટા જ પડ્યા છે, શું છોડવું છે? દૃષ્ટિમાં પોતાનો અનાકુળ આનંદલક્ષણ સ્વભાવસ્વરૂપ પ્રભુ દૃષ્ટિમાં ન લેતા, શુભ-અશુભભાવ અને શુભભાવથી મને શુદ્ધભાવ થશે, એ શુભભાવથી મને શુદ્ધભાવ થશે, તો કહે છે કે દુઃખથી આત્માને આનંદ થશે (એમ થયું). સમજાણું કાંઈ? એમ છે નહિ, પ્રભુ! તારી મોટી ભૂલ છે, મોટી ભૂલ છે. આહા..હા..! તારી શ્રદ્ધામાં, વ્યવહારશ્રદ્ધામાં મોટી ભૂલ છે. સમજાણું કાંઈ?

અનાકુળલક્ષણ સુખ નામનો આત્મસ્વભાવ. આહા..હા..! પરમ આનંદ અનંત અમૃતસ્વરૂપ ભગવાન આત્મા. અમૃતસ્વરૂપ ભગવાન આત્મા એ એનું લક્ષણ અને એ એનું સ્વરૂપ અને એ સ્વભાવ છે. એનાથી વિલક્ષણ. કર્મના પાકરૂપ પુણ્ય-પાપના ભાવથી વિલક્ષણ-વિપરીત લક્ષણવાળો છે. ત્યારે તે આનંદ છે તો આ દુઃખ છે. આહા..હા..! હજી તો વ્યવહાર કોને કહેવો એની ખબર નથી. ગજબ વાત છે, ભાઈ! તારી ચીજ સર્વજ્ઞે કહે એની તને ખબર નથી. બોલે 'કેવળી પણ્ણંતો ધમ્મો શરણં, કેવળી પણ્ણંતો ઉત્તમ લોગુત્તમા' આવે છેને મંગળિકમાં? આહા..હા..! 'કેવળી પણ્ણંતો ધમ્મો શરણં' મંગળિક. ઉત્તમ, મંગળ અને શરણ કોને કહેવા? ભાઈ! ત્યારે કેટલાક કહે છે કે અરેરે! આવું સમજવા કરતા તો આ વ્રત ને દયા, દાન, વ્રત અને ચારિત્ર છે એનાથી ભ્રષ્ટ થઈ જાય છે. અરે! સાંભળ તો ખરો પ્રભુ! તને ખબર નથી. આહા..હા..! એ આત્માના સ્વભાવનો અનાકુળ લક્ષણનો અનુભવ થવો. જેટલા તારા વ્રત, તપ આદિ વિકલ્પ છે એ તો દુઃખ છે. એ કહે છેને? સોનગઢ જાય એ તો ચારિત્રથી ભ્રષ્ટ થઈ જાય છે. નંદકિશોરજી! અરે ભગવાન! શું કહે છે? તને ચારિત્ર

છે જ ક્યાં?

મુમુક્ષુ :- થોડું-ઘણું પણ નહિ?

ઉત્તર :- ધૂળેય ચારિત્ર નથી. વિકલ્પ ઉઠ્યા કોઈ વ્રતના, તપના, અપવાસના એ રાગ છે એ તો દુઃખ છે. એ આત્મા નથી.

મુમુક્ષુ :- બધું ઉડાવી દીધું.

ઉત્તર :- ઉડાવ્યા નહિ, એ તો અનાત્મા છે જ. ઉડાડે શું? સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, '**તે દુઃખમાં જ આકુળતાલક્ષણ...**' બેને ફેરવવું છેને. ઓલામાં '**અનાકુળતાલક્ષણ જે સુખ નામનો આત્મસ્વભાવ તેનાથી વિલક્ષણ...**' હવે અસ્તિ. '**તે દુઃખમાં જ આકુળતાલક્ષણ અધ્યવસાન આદિ ભાવો સમાવેશ પામે છે;...**' આહા..હા..! એ દુઃખ છે એમાં જ શુભ-અશુભ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ આદિના વિકલ્પ દુઃખમાં જ સમાવેશ પામે છે. વસ્તુની ખબર નહિ અને અમે વ્રતધારી છીએ, અમે તપધારી છીએ, મુનિ છીએ. મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! પ્રકાશચંદજી! આહા..હા..! એ કબીરના સાધુ છે. કબીર. કબીરપંથી. આ તો એ માટે તો આવ્યા છે. સાધુ થવાના હતા. સ્થાનકવાસી સાધુ થવાની તૈયારી હતી. એમાં આત્મધર્મ આવ્યું. અરે! આ શું? એકવાર તો જોઉં. આવ્યા તે આવ્યા, અહીં રહી ગયા. આહા..હા..!

ભાઈ! તને સત્ય જોઈએ છે કે અસત્ય જોઈએ છે? તો સત્ય તો ભગવાન આત્મા એ શુભ-અશુભ વિકલ્પ જે દુઃખ છે એનાથી ભિન્ન છે. એવી અંતરમાં દૃષ્ટિમાં આત્મા અનાકુળ આનંદનું લક્ષ ન કર્યું તો એણે આત્માને જાણ્યો જ નથી. આહા..હા..! એ આત્મા જાણ્યા વિના પુણ્ય અને પાપને દુઃખરૂપમાં સમાવેશ થાય છે. એ તો અનાત્મા છે. આહા..હા..! લોકોને અંતર ચીજ શું છે એની ખબર નથી. આમ તપ કરે અને અપવાસ કરે છે, વ્રત પાળે છે, ત્યાગી તો છે. શેનો ત્યાગી? સાંભળ તો ખરો. ધર્મનો ત્યાગી છે. ભગવાન અનાકુળ આનંદસ્વરૂપ પ્રભુ એવો જે પોતાનો ધર્મ એનાથી વિપરીત ભાવ એ તો ધર્મનો ત્યાગી છે. આહા..હા..! સમજાણું કાંઈ? આકરી વાત છે, ભાઈ! આ તો હજી પહેલા આત્મા કેવો છે એને જાણવો એ જ સુખરૂપ દશા પ્રગટ કરવી એ છે. સમજાણું કાંઈ?

કહે છે કે '**તે દુઃખમાં જ આકુળતાલક્ષણ અધ્યવસાન...**' આહા..હા..! વ્રત ને તપ ને અપવાસ ને શરીર જીર્ણ થઈ જાય ક્લેશ કરતાં-કરતાં, કહે છે કે એ તો દુઃખ છે. આહા..હા..! એ આત્મા નહિ, એ અજીવ છે. ગજબ વાત છે! દુઃખરૂપભાવ એ અનાકુળલક્ષણ ભગવાન આત્માથી વિપરીત અજીવ છે. આહા..હા..! અરે! નિજ ચીજ શું છે અને ભગવાન શું કહે છે એ ખબર નથી. આહા..હા..! લઈ લ્યો, સાધુ થઈ જાવ. વ્રત લઈ લ્યો, અપવાસ કરો, તપ કરો. બધું અજ્ઞાન છે, એમાં મિથ્યાત્વની પુષ્ટિ થાય છે. મોટું પાપ ભ્રમણા એની વૃદ્ધિ

થાય છે અને માને છે કે મને ધર્મ થાય છે. કહો, સમજાણું કાંઈ?

એવા '**તે દુઃખમાં જ આકુળતાલક્ષણ અધ્યવસાન આદિ ભાવો સમાવેશ પામે છે; તેથી, જોકે તેઓ ચૈતન્ય સાથે સંબંધ હોવાનો ભ્રમ ઉપજાવે છે...**' એનો પ્રશ્ન હતોને શિષ્યનો. મહારાજ! એ શુભ-અશુભ, દયા, દાન, વ્રતના પરિણામ એ ચૈતન્યની સાથે સંબંધ રાખે છે. તમે કહો છો કે નહિ. એ તો દુઃખ છે, અચેતન છે, પુદ્ગલ છે, પુદ્ગલના પરિણામ છે. શું કહો છો આપ? સમજાણું કાંઈ? તો કહે છે કે ભગવાન! એકવાર સાંભળ તો ખરો, પ્રભુ! તારો અનાકુળ આનંદ સ્વભાવથી લબાલબ ભરેલો આત્મા છે. એનાથી આ પુણ્ય અને પાપના, વ્રત અને તપ ને આ ભગવાનનું સ્મરણ, ભક્તિ અને પૂજાનો ભાવ એ બધા પુદ્ગલના પરિણામ છે, અજીવ છે, દુઃખ છે, આકુળતાલક્ષણમાં એનો સમાવેશ થાય છે. અનાકુળલક્ષણ આનંદ સાથે એનો સંબંધ નથી. આહા..હા..! દુનિયા કહે છેને સુખી છે આ બધા. ક્યાં ગયા મલૂકચંદભાઈ? પાછળ બેઠા છે. કહો, સમજાણું કાંઈ? સમજાણું કાંઈ એટલે સમજમેં આયા કુછ? એ તમારી હિન્દી ભાષામાં થોડુંક ગુજરાતી આવી જાય.

કહે છે, આહા..હા..! '**જોકે...**' યદ્યપિ એટલે '**જોકે તેઓ ચૈતન્ય સાથે...**' ભગવાન જ્ઞાનમૂર્તિ અનાકુળ આનંદસ્વરૂપ પ્રભુ એની સાથે '**સંબંધ હોવાનો ભ્રમ ઉપજાવે છે...**' તને ભ્રમણા થાય છે. ભગવાન ચૈતન્યનો પુંજ ગંજ અને અનાકુળ આનંદ રસકંદ તત્ત્વ એમાં શુભ-અશુભભાવનો મને સંબંધ છે એ તને ભ્રમ ઉત્પન્ન થાય છે. એવા જીવસ્વભાવની સાથે અજીવભાવનો સંબંધ છે એવો ભ્રમ ઉત્પન્ન થાય છે. આહા..હા..! શિખરચંદજી! ભારે આકરું! વળી પાછું એ નાખે કોને માથે? કે એ બધું સોનગઢનું છે એમ કહે છે. પણ સોનગઢનું છે કે આત્માનું છે? એ સોનગઢથી વાત નીકળી છે. એય..! ધન્નાલાલજી! અરેરે! તારી ચીજ જ એવી છેને, ભગવાન! સોનગઢનું (ક્યાં છે). આહા..હા..! તને ખબર નથી.

હું અનાકુળ આનંદ, શાંતિ... શાંતિ... શાંતિ... જેના આનંદના એક અંશની આગળ ચક્રવર્તી અને ઈન્દ્રના ભોગ... આહા..હા..! એમાં આવે છેને? 'ચક્રવર્તીકી સંપદા અને ઈન્દ્ર સરીખા ભોગ, કાગ વીટ સબ માનત હૈ સમકિતદૃષ્ટિ લોક.' ચક્રવર્તીની સંપદા અને ઈન્દ્રના ભોગ, સમ્યગ્દૃષ્ટિ જીવ કાગ-કાગડા-કૌઆની વિષ્ટા સમાન માને છે. આહા..હા..! અહીં તો મોટા શેઠ છે, મોટા ધર્મધુરંધર છે. કરોડ, બે કરોડ રૂપિયા હોય તો બે-પાંચ લાખ ખર્ચી નાખે. એટલા બધા ન ખર્ચે એકદમ, પણ કદાચ કોઈ ખર્ચે દસ લાખ, વીસ લાખ (તો કહે) તમે ધર્મધુરંધર. ધૂળમાંય ધર્મ નથી, સાંભળ તો ખરો. 'કાગ વીટ સબ માનત હૈ.' કાગડાની વિષ્ટા જે ખેતરમાં ખાત કહે છેને? ખાત-ખાત. ખાતર અમારે કહે છે. ખાત નાખે છેને. એમાં કાગડાની વિષ્ટા કામ ન આવે. એ તો સુકી એવી છે .. મનુષ્યની વિષ્ટા હોય તો ખેતરમાં ખાતરમાં નાખે છે અને મનુષ્યની વિષ્ટા તો ભૂંડ પણ ખાય છે. આ કાગડાની વિષ્ટા... આહા..હા..! પુણ્યનું

ફળ મળ્યું. ભગવાને દીધું અને અમે ભોગવીએ છીએ. શું ભોગવે છે? ધૂળ? રાંકા પોતાની ચીજને જાણ્યા વિના એવા પર તરફના લક્ષવાળો ભાવ એ તો કર્મનો પાક છે, એ અજીવનું ફળ છે, એ જડના પરિણામ છે, એ અજીવ છે, દુઃખરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તેઓ ચૈતન્ય સાથે સંબંધ હોવાનો ભ્રમ ઉપજાવે છે...**' ભગવાન અનાકુળ આનંદસ્વરૂપ એવો આત્મા એ આત્મા, એની સાથે શુભ-અશુભભાવ, મારા સ્વભાવની સાથે એનો સંબંધ છે એમ ભ્રમ ઉપજાવે છે. સંબંધ કેવો? આહા..હા..! સંબંધ-સમ્યક્ પ્રકારે હું એમાં એકત્વ છું. મૂઢ છો. તને ભ્રમણા ઉપજી છે. જે ભાવથી તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ દુઃખરૂપ છે.

મુમુક્ષુ :- આઠ કર્મમાં આવે છેને.

ઉત્તર :- આઠ કર્મમાં આવે છે નામકર્મ, નહિ? નામકર્મનું ફળ શું છે? એ તો દુઃખ છે. આહા..હા..! લોકોને પણ આત્મા શું ચીજ છે અને એનું લક્ષણ અને સ્વભાવ શું? અને કેવા આત્માને જાણવાથી આત્મા માન્યો એ જાણવામાં ન આવ્યો. ઓહો..હો..! અહીંયાં તો શરીર, વાણી, મન એ તો અજીવ, કર્મ અજીવ અને એ અજીવના સંબંધે ઉપજેલો જે પુણ્ય-પાપના ભાવ એ તો દુઃખરૂપ અજીવ છે. દુઃખ સ્વભાવ આત્માનો નથી. બહુ જ થોડી અલ્પ વાતમાં મોટો પ્રભુ દેખાડે છે. આહા..હા..! એકવાર હા તો કહે. એ શુભ અને અશુભભાવ અજીવ છે, જડ છે, પુદ્ગલ પરિણામ છે, દુઃખ છે. આકુળતામાં સમાવેશ પામે છે. મારા અનાકુળ આત્મામાં એનો સમાવેશ થતો નથી. મારા જીવસ્વભાવમાં એનો સંબંધ નથી. આહા..હા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? દુનિયાથી તો વિપરીત છે. ષોડશકારણ ભાવના ભાયે. શું કહેવાય એ? દર્શનવિશુદ્ધિ ભાવના ભાયે, ષોડશકારણ તીર્થંકર પરમ ગુરુ હોં! બકબકીયા વગાડે અને (ગાય). અહીં તો કહે છે કે પ્રભુ! એકવાર સાંભળ તો ખરો નાથ! તારી ઋદ્ધિમાં, તારી સંપદામાં એ પુણ્ય પરિણામ તીર્થંકરગોત્રનો પણ સમાવેશ નથી થતો. એ અનાકુળ આનંદમાં એનો સમાવેશ નથી થતો. આહા..હા..! કહો, શેઠ! એ ભાવ દુઃખમાં સમાવેશ પામે છે, એની ગણતરી દુઃખમાં છે. આહા..હા..!

મુમુક્ષુ :- અંદરમાં હા પાડવી કઠણ પડે.

ઉત્તર :- એ વિના કદી આત્માનું કલ્યાણ નથી થતું. બહારથી મનાવે, માને અને પોતાને રાજી રાખે કે અમે ધર્મ કરીએ છીએ. માનો, પણ એમાં ધર્મ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન ચિદાનંદ પ્રભુ પ્રત્યેક આત્માનું સ્વરૂપ અનાકુળ, આકુળતા વિનાના લક્ષણવાળો આનંદસ્વરૂપ પ્રભુ તો છેને. એને આત્મા કહે છે. તો એ આત્મા ઉપર દૃષ્ટિ પડતાં એને સમ્યગ્દર્શન થાય છે. એ સમ્યક્ નામ પ્રશસ્ત દર્શન, ભલું દર્શન, સત્ય દર્શન, સમકિત સત્ય દર્શન તો પરમ સત્ અનાકુળ આનંદસ્વરૂપ ભગવાન એનો અંતરમાં સ્વીકાર કરવાથી સમ્યગ્દર્શન-સત્દર્શન થાય છે. રાગ મારો છે અને એનાથી મને લાભ થશે (એ) અસત્ દર્શન, મિથ્યાદર્શન,

દુઃખદર્શન, દુઃખદષ્ટિ છે. આહા..હા..! ધન્નાલાલજી! એથી કહે છેને કે સોનગઢમાં તો વ્રત અને તપને ઉડાવી દે છે. અરે! પણ તારા વ્રત-તપ છે ક્યાં? સાંભળ તો ખરો. આહા..હા..! સમજાણું કાંઈ? વ્રત તો એને કહીએ કે અનાકુળ આનંદ પ્રભુ આત્મા એની દષ્ટિ અનુભવ થઈને એ ચૈતન્યમાં અંદર એકાકાર થઈ જાય, આનંદમાં ગુપ્ત થઈ જાય એનું નામ ભગવાન વ્રત કહે છે. અને એ આનંદમાં ઉગ્ર પુરુષાર્થથી પ્રતપન, સોનું જેમ ગેરુથી ઓપે-શોભે છે, સોનું-સોનું, ગેરુ છેને ગેરુ? ગેરુ કહે છેને? ગેરુથી ઓપે છે, શોભે છે એમ પ્રભુ પોતાના અતીન્દ્રિય આનંદની દશાથી અંદરમાં શોભે છે, અતીન્દ્રિય આનંદ અંતરમાં અનાકુળ આનંદના લક્ષણવાળા ભગવાનના અવલંબે અતીન્દ્રિય આનંદ જે એની દશામાં થયો તેને ભગવાન તપ કહે છે. સમજાણું કાંઈ? બાકી તો બધી લાંઘણ છે. વસ્તુ એવી છે. કોઈના ઘરની નથી. એ તો સત્ત્વના ઘરની વાત છે, ભાઈ!

**'તોપણ, તેઓ આત્માના સ્વભાવો નથી...'** આહા..હા..! ભ્રમ ઉત્પન્ન થાય તને. ચૈતન્ય ભગવાનની સાથે શુભ-અશુભભાવ ઉત્પન્ન થાય એ ચૈતન્યની સાથે સંબંધ રાખે છે એ તને ભ્રમ થાય છે. તોપણ એ ભ્રમ હો, પણ એ આત્માનો સ્વભાવ નથી. એ આત્મ સ્વભાવ નહિ, એ આત્મા નહિ. આત્મસ્વભાવ નહિ એમ આવ્યું, ભાઈ! આત્મસ્વભાવથી ઉપાડ્યું છેને. અનાકુળ સ્વભાવ તે આત્મા અને દુઃખભાવ તે પુણ્ય-પાપનો ભાવ. આહા..હા..! ભારે વાતું ભાઈ! આવી વાત. ભડકે છે બધા. આવું સાંભળતા એક કલાક સાંભળે તો આ શું? આ તો બધું ઉડાવી દે છે. ઉડાવે છે ક્યાં, તારામાં છે જ નહિ, સાંભળ તો ખરો. સમજાણું કંઈ? આહા..હા..! લીંબોળી. લીંબોળી હોય છેને? લીંબડાની. એમાં નિલમણિ માને. બીજો કહે કે એ નિલમણિ નથી. તો કહે ઉડાવી દે છે. સાંભળ તો ખરો. એ નિલમણિ હતો જ નહિ. ઉડાવ્યું શું? આહા..હા..! અરે! ભગવાન સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરની દિવ્યધ્વનિમાં તારો આત્મા તો અનાકુળ લક્ષણવાળો આવ્યો. એ પુણ્ય-પાપની ક્રિયાકાંડના પરિણામ લક્ષણવાળો આત્મા નથી. એ તો દુઃખરૂપ છે. આહા..હા..!

મુમુક્ષુ :- પહેલા દુઃખ સહન કરવું પડે પછી સુખ મળે.

ઉત્તર :- હા, કહે છેને. ભાઈ, ઘણું સહન કરે પછી સુખ મળે. કષ્ટ સહન કરવા પડે છે તપના, અપવાસના. કરી તો જુઓ. એમ વળી કહે છે. હવે સાંભળ તો ખરો. એવા કષ્ટ સહન કરે તો ધર્મ થાય છે. અપવાસ, લુખ્ખા આહાર, પાણી મળે નહિ એમ નભાવવું, લોંચ કરવા, કષ્ટ સહન કરે તો પછી સુખ મળે. મૂઢ છો. સાંભળ તો ખરો. કષ્ટ જેને માન્યું એ જ દુઃખ છે, એ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કષ્ટ લાગ્યું કે આ ઠીક નથી, આહા..! એ ભાવ જ દુઃખ છે. એ આત્માના અનાકુળ આનંદથી વિપરીતભાવ છે. આત્મા અનાકુળ લક્ષણવાળો આત્મા, તો આકુળતા લક્ષણવાળું એ દુઃખ અને અજીવ.

આહા..હા..! વાત તો એવી છે. બેને બે ચાર જેવી છે. અભ્યાસ નથી (એટલે) ગળે ઉતરવું કઠણ. ભગવાનજીભાઈ કહે છે અમારે. મંદિર બનાવે મોટા દસ-દસ લાખના, વ્રત કરે મહિના-મહિનાના અપવાસ અને કહે કે તારો વિકલ્પ જો રાગ મંદ એમાં થયો હોય તો દુઃખ છે, અજીવ છે, પુદ્‌ગલના પરિણામમાં-તું પુદ્‌ગલમાં ચાલ્યો ગયો. આહા..હા..! નિજ ઘર તેં છોડી દીધું. સંપ્રદાયમાં તો આવું કહે તો કહે, કાઢી નાખો. સંપ્રદાયમાંથી કાઢી નાખો. સંપ્રદાય ક્યાં છે? આ તો માર્ગ આવો છે. અહીંયા કોઈ સંપ્રદાય નથી, આત્માનો સંપ્રદાય છે.

**'સંબંધ હોવાનો ભ્રમ ઉપજાવે છે તોપણ,...'** એમ કહે છે. તને ભમ્ર હો, એનાથી શું આત્મા થઈ જાય છે? એમ કહે છે. **'આત્માના સ્વભાવો નથી...'** આહા..હા..! **'પણ પુદ્‌ગલસ્વભાવો છે.'** ગજબ વાત છે. એય..! મગનલાલજી! વ્યવહારરત્નત્રયનો શુભભાવ પુદ્‌ગલ સ્વભાવ છે એમ કહે છે. અહીં કહે છે કે વ્યવહારરત્નત્રય... નિયમસારમાં આવતું નથી? નિયતને હેતુ વ્યવહાર. ત્યાં હેતુ નિયત્વ કહ્યું. અહીં કહે છે જે હેતુ છે એ તો દુઃખરૂપ છે. આહા..હા..! એ તો નિમિત્તથી જ્ઞાન કરાવ્યું હતું. એ ભૂમિકામાં કષાયની મંદતાની મર્યાદા કેટલી હોવી જોઈએ એ બતાવ્યું હતું. એ હેતુ તો દુઃખનું કારણ છે. ભારે આકરું કામ હોં! નવા માણસને તો એવું લાગે કે આ શું કહે છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કદી લખ્યું જ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એમ છે જ નહિ. મૂઢના લક્ષણ છે એ તો. શબ્દ આવે છે અષ્ટપાહુડમાં. **'दुक्खे पज्जदि णाणं'** એ શબ્દ આવે છે. દુઃખનો અર્થ મહાપુરુષાર્થ કરીને એમ એનો અર્થ છે. એમાં છે. અષ્ટપાહુડ છેને એમાં છે. શીલપાહુડમાં (ગાથા-૩) આવે છે. **'दुक्खे पज्जदि णाणं'** દુઃખથી જ્ઞાન પ્રાપ્ત કરે છે. દુઃખથી ચારિત્ર થાય છે. એનો અર્થ? મહા મહા પુરુષાર્થ. અંતરમાં દશા જ્યાં પલટે છે ત્યાં દિશા પલટે છે. પર ઉપર જે પુણ્યાદિ, વિકલ્પાદિ પર્યાય ઉપર દૃષ્ટિ છે એ દુઃખદૃષ્ટિ છે. ગુલાંટ ખા. આહા..હા..! હું તો પૂર્ણ આનંદસ્વરૂપ છું. વર્તમાનમાં હું પૂર્ણ છું. એવા પૂર્ણની પ્રતીતિ અને અનુભવ વિના કદિ સત્યદર્શન, પદાર્થ છે એવું સાચું દર્શન, સાચી પ્રતીતિ થતી નથી. આહા..હા..!

કહે છે કે એ તો **'પુદ્‌ગલસ્વભાવો છે.'** અસ્તિ-નાસ્તિ કરી. છે? આત્મસ્વભાવ નથી, ભગવાન! આહા..હા..! આત્મામાં એ થયેલો ભાવ નથી. એ તો કર્મના પાકથી થયેલો ભાવ એ તો દુઃખરૂપ છે, પુદ્‌ગલસ્વભાવ છે. આહા..હા..! ગળે ઉતરવું (કઠણ). ભગવાનની ભક્તિ કરી, સમ્મેદશિખરની જાત્રા. 'એકવાર...' ઈ શું કહે છે? 'એકવાર વંદે જો કોઈ, તાહિ નરક પશુ નહિ હોઈ.' નરક-પશુ ન થાય એમાં શું આવ્યું? પછી ચાર ગતિમાં મનુષ્ય અને સ્વર્ગ

મળશે અને પછી નરક અને નિગોદમાં જશે. આહા..હા..!

મુમુક્ષુ :- પછી તો અનુક્રમે મોક્ષ જાશે.

ઉત્તર :- અનુક્રમે જાશે નરકમાં. મોક્ષ ધૂળમાંય નહિ જાય. આહા..હા..! સમ્મેદશિખરની જાત્રા એ તો શુભરાગ છે. એય..!

મુમુક્ષુ :- આપણે તો જાત્રા થઈ ગઈ.

ઉત્તર :- થઈ ગઈ માટે હવે વાંધો નહિ એમ કહે છે. આહા..હા..! સમ્મેદશિખર ગયા હતાને બે વાર. પહેલી વાર ગયા હતા ત્યારે તમારે ત્યાં આવ્યા હતા. પહેલી વારમાં. (સંવત) ૨૦૧૩ની સાલ. ઘણા વર્ષ થયા. આહા..હા..! એ તો અશુભથી બચવા એ સમયે એવો ભાવ આવે છે, પણ છે તો દુઃખરૂપ એ હોં. નબળાઈને કારણે જ્ઞાનીને પણ એવો ભાવ આવ્યા વિના રહેતો નથી, પણ એ ધર્મ નથી. ગજબ વાત છે, ભાઈ! સમજાણું કાંઈ? સમ્મેદશિખરની જાત્રા કરી. ખુશી ખુશી થઈ જાય. પગલાં હોયને! ભગવાન છેને ત્યાં. મૂર્તિ છે. હો, ભાવ હો. અશુભભાવથી બચવાનો ભાવ શુભભાવ છે, પણ એ શુભભાવ ધર્મ છે અને ધર્મનું કારણ છે એમ બિલકુલ નથી. આહા..હા..! શુભભાવ હેતુ એ દુઃખ હેતુ અને આત્માનું આનંદ એનું કાર્ય. લખ્યું છેને છ ઢાળામાં? હેતુ નિયતકો હોઈ. એમ છે નહિ. ભગવાન! એ તો એ ભૂમિકામાં વ્યવહારની કષાયની મંદતા કેવી હોય એનું જ્ઞાન કરાવ્યું છે. આહા..હા..! નહિતર તો ભગવાનના શાસ્ત્રમાં વિરોધ થશે. એક કોર કહે કે શુભભાવ દુઃખ છે, બીજી કોર કહે કે શુભભાવ ધર્મનું સાધન-હેતુ છે. એ તો વિરુદ્ધ થયું. વીતરાગ માર્ગમાં વિરોધ નથી હોતો. સમજાણું કાંઈ? ખબર નથી, ખબર નથી. અભ્યાસ નથી. મારી ચીજમાં શું છે એનું માહાત્મ્ય નથી. આહા..હા..!

અનંત-અનંત કેવળજ્ઞાન, અનંત-અનંત દર્શન, અનંત આનંદ અને અનંત વીર્ય જે ચતુષ્ટય પરમાત્માને પ્રગટ થાય છે એનાથી પણ અનંત-અનંતગુણા જ્ઞાન, અનંતગુણા આનંદ, અનંતગુણા એવો સ્વભાવભાવ છે. કહો, સમજાણું કાંઈ? એવી અંતર દૃષ્ટિ વિના વ્યવહારની શુભ-અશુભ દૃષ્ટિ ક્રિયાકાંડમાં છે એ મિથ્યાદૃષ્ટિ છે, દુઃખરૂપ દૃષ્ટિ છે. આકરું કામ ભાઈ! અનંતકાળમાં કર્યું નથી. એક સેકન્ડ પણ એ દૃષ્ટિ થાય તો જન્મ-મરણનો અંત આવી જાય. એ વિના લાખ વ્રત ને તપ ને ક્લેશ કરીને મરી જાય, નરક અને નિગોદનું કારણ છે, તારા ભવનું બીજ નાશ નહિ થાય. સમજાણું કાંઈ?

એ આવે છેને, પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં ૧૪મી ગાથામાં છે. **'एवमयं कर्मकृतैर्भा'** પુરુષાર્થસિદ્ધિ ઉપાય છે એમાં ૧૪મી ગાથા છે. પાછળની ગાથામાં હશે. પુરુષાર્થસિદ્ધિ ઉપાય છેને. પુરુષાર્થસિદ્ધિ ઉપાય. ત્યાં બતાવ્યું હતું. ૧૪મી ગાથા. **'एवमयं कर्मकृतैर्भा वैरसमाहितोऽपि युक्त इव।'** અહીં જુઓ સંબંધરહિત છે એમ કહે છે અહીં. અહીં અજ્ઞાની

સંબંધસહિત માને છે. શુભ-અશુભરાગનો ચૈતન્ય ભગવાન, ચૈતન્યના પ્રકાશના નૂર, પ્રતાપ, તેજ આગળ શુભભાવને સંબંધ છે એ અજ્ઞાનીનો ભ્રમ છે. એ કહે છે. **'આવી રીતે આ આત્મા કર્મ વડે કરેલા...'** અહીં કહ્યુંને કર્મનો વિપાક ભાઈ! ... એનો અર્થ એ છે, આત્માનો સ્વભાવ નથી. **'રાગાદિ અથવા શરીરાદિ ભાવોથી સંયુક્ત ન હોવા છતાં પણ...'** ભગવાન રાગ અને પુણ્ય અને શરીરથી સહિત નથી. અરે..! જીવ અજીવથી સહિત છે? સમજાણું કાંઈ? **'રાગાદિ અથવા શરીરાદિ ભાવોથી સંયુક્ત ન હોવા છતાં પણ...'** ભગવાન અંતર આત્મા વર્તમાનમાં રાગ તો આસ્રવતત્ત્વ છે, શરીર અને કર્મ અજીવતત્ત્વ છે તો અજીવતત્ત્વ અને રાગના આસ્રવતત્ત્વથી ભગવાન સહિત નથી. એમ **'ન હોવા છતાં પણ અજ્ઞાની જીવોને...'** **'बालिशानां'** મૂઢ જીવોને **'बालिशानां'** મને રાગનો અને શરીરનો સંબંધ છે. એવા **'સંયુક્ત જેવો પ્રતિભાસે છે અને તે પ્રતિભાસ જ નિશ્ચયથી સંસારના બીજરૂપ છે.'** આહા..હા..! ભારે કામ ભાઈ! ભગવાનજીભાઈ! એ ૧૪મી ગાથા છે. પુરુષાર્થસિદ્ધિ ઉપાય. અમૃતચંદ્રાચાર્ય. આ અમૃતચંદ્રાચાર્યની ટીકા છે.

ભગવાન! તું તો અનાકુળલક્ષણ એવો આત્મા છોને. એમાં પુણ્ય-પાપના સંબંધથી રહિત છે એ તો. એને સહિત માનવું એ જ મિથ્યાત્વભાવ ભવનું બીજ છે. શુભરાગ સહિત હું છું. ભારે આકરું કામ હોં! ઓલા તો .. ધક્કા કરી કરીને બિચારા... મોટી ચર્ચા થઈ પણ તોપણ હજી કરો ચર્ચા. કોની સાથે ભગવાન? એક કોર પંચાધ્યાયીને ખોટું ઠરાવે છે એમાંથી. આજે લેખ છે. મખનલાલજીનો આવ્યો છે. મખનાલાલજીનો આજે લેખ છે. મખનલાલજીએ પંચાધ્યાયીમાં આપ્યું છે. એને જૂઠા ઠરાવે તો વીતરાગ જૂઠા ઠરી જાય છે એમ કહે છે. વાત ઠીક લખી છે. રતનચંદજી અને બધા પંચાધ્યાયીના લખાણ એવા આપે કે આકરા પડે જગતને. એવા લેખ આવ્યા હતાને કેટલાકે... મખનલાલજીએ જવાબ આપ્યો છે. બિલકુલ જૂઠી વાત છે. પંચાધ્યાયી જેવો ગ્રંથ એ મહા ગ્રંથ છે. એ સમયસાર જેવો જ ગ્રંથ છે. એનાથી વિપરીત માનવું, એમાંથી ભૂલ કાઢવી એ પરમાત્મામાંથી ભૂલ કાઢવા બરાબર છે.

મુમુક્ષુ :- મખનલાલજીએ લખ્યું છે?

ઉત્તર :- લખ્યું છે. વાંચવા જેવું છે. લેખ છે. જે વાત સાચી હોય એના ઉપર .. વિવેકી માણસ હોય લેખ છે. સત્ય છે. દુશ્મન હોય પણ એ સત્ય કહે તો એની વાત સત્ય છે, એમાં શું? લખાણ છે. લખાણ તો આમ છે. 'પંચાધ્યાયી કે તત્ત્વ વિવેચનમેં મિથ્યાભ્રાંતિ. પંચાધ્યાયી કે તત્ત્વ વિવેચનમેં મિથ્યાભ્રાંતિ. એક તો ભ્રાંતિ ઐસે કરતે હૈં કિ ઉસમેં ઐસા લિખા હૈ પંચાધ્યાયીમેં કિ શુદ્ધ નિશ્ચયનય એક હી હૈ. દો માનનેવાલા સર્વજ્ઞકી આજ્ઞાકે બાહર હૈ. તો વહ કહતે હૈ કિ ભગવાનકી આજ્ઞા શાસ્ત્રમેં મિલતી નહીં.' અરે..! સાંભળ તો ખરો. લેખ લખ્યો છે. પણ બહાર આવ્યો નથી. ૧૫૦ પાનાનો લેખ લખ્યો

છે. એમ કે આ પંચાધ્યાયી છપાય છે હમણા ભાઈ તરફથી, શેઠ નહિ? ગોહાટી. નવું પંચાધ્યાયી છપાય છે. એમાં એમ કે એને પરિશિષ્ટમાં નાખો. બીજો કોઈક નાખે. આ કહે કે મેં આ લેખ લખ્યો છે. ... અરે! પોતાની દૃષ્ટિથી સાથે મેળ ન ખાય તો એ શાસ્ત્ર નથી, લ્યો.

અહીંયાં કહે છે... બહુ સારો લેખ છે. જેટલું સારું છે એટલું તો સારું જાણવું જોઈએને. .... એ તો શુભથી ધર્મ થાય એવું ઘણું માને છે. ધૂળેય થાતો નથી, સાંભળ તો ખરો. દુઃખથી આનંદ થાય? ઝેર પીવાથી અમૃતનો ઓડકાર આવે? લસણ ખાવાથી કસ્તુરીનો ઓડકાર આવે? એમ રાગની મંદતાનો વ્યવહાર કરવાથી નિશ્ચય થાય? મૂઢ છો. અહીંયાં તો એવી વાત છે. એય..! નંદકિશોરજી! અહીં કાંઈ ઢાંકપછેડી નથી. અહીં તો માલ રાખ્યો છે. આગમના તત્ત્વનું રહસ્ય ઉદ્‌ઘાટન આવું છે. આહા..હા..!

મુમુક્ષુ :- આપને ત્યાં તો ખાલી નિશ્ચય-નિશ્ચયની કથની થાય છે.

ઉત્તર :- નિશ્ચય એ જ સત્ય છે. નિશ્ચય કહો કે સત્ય કહો, વ્યવહાર કહો કે અસત્ય કહો, ઉપચાર કહો. શું છે? હોય વ્યવહાર વ્યવહારના સ્થાનમાં. અસત્ય છે ઈ. ત્રિકાળી ભગવાનના અવલંબને જે આનંદ અને સમ્યક્ આદિ પ્રગટ થયા એ જ એક સત્ય છે. સમજાણું કાંઈ? જેવું પોતાનું આત્મદ્રવ્ય છે એ અપેક્ષાએ આત્મા સત્ છે અને પરની એમાં અસ્તિ નથી એ અપેક્ષાએ આત્મા અસત્ છે. આત્મા અસત્ છે. આહા..હા..! ગજબ વાત છેને!

મુમુક્ષુ :- એમ ન હોય તો પરરૂપ થઈ જાય.

ઉત્તર :- પોતાના નિરાકુળ આનંદસ્વભાવથી સત્ છે અને પરદ્રવ્યની એમાં નાસ્તિ છે તો અસત્ છે. અને પોતાના આત્માનો સ્વભાવ પોતાની અપેક્ષાએ પરદ્રવ્ય જે છે એ અસત્ છે. આ અપેક્ષાએ તે અસત્ છે. પોતાની અપેક્ષાએ સત્ છે. એમ વ્યવહાર નિજ નિજાનંદ ભગવાન પોતાના પરિણમનની અપેક્ષાએ એ અસત્ છે. એની અપેક્ષાએ હો. એનું નામ અનેકાંત છે. અનેકાંતની એવી વ્યાખ્યા નથી કે નિશ્ચયથી થાય છે અને વ્યવહારથી થાય છે અને ઉપાદાનથી થાય છે અને નિમિત્તથી થાય. એનું નામ અનેકાંત નથી. એ તો ફુદડીવાદ છે. ફેરફુદરડી. ચક્કર મારે છેને. આહા..હા..! કહે છે... આ વાણિયાને નવું સાંભળવાનું આવે છે. આવું સાંભળ્યું છે ક્યાંય? તમારે ત્યાં ક્યાંથી મળે. ભાઈ આ માર્ગ છે. આ સમજવો પડશે એમ કહે છે. પૈસા-બૈસામાં ધૂળમાં નથી કાંઈ. કહો, સમજાય છે કાંઈ?

**'આત્માના સ્વભાવો નથી...'** આહા..હા..! આવી સ્પષ્ટતા તો કેટલી પણ! આહા..હા..! ભગવાન! એ તો પુદ્‌ગલના પરિણામની સિદ્ધિ છે. આહા..હા..! તારો ચૈતન્ય હીરો, ચમકતો હીરો એ તો અનાકુળ આનંદસ્વરૂપથી ચમકે છે. શું એ રાગથી ચમકે છે? સમજાણું કાંઈ? કહે છે કે એ તો પુદ્‌ગલસ્વભાવ છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ પુદ્‌ગલસ્વભાવ છે. અહીં 'ષોડશકારણ ભાવના ભાવતા પરમગુરુ હોય.' ... એ તો ખંડ થઈ ગયો. ગજબ વાત

છે. એ તો પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં કહ્યુંને કે જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ આત્માનો પરિણામ અપરાધ છે. જિનેશ્વરદાસજી!

મુમુક્ષુ :- શું કહ્યું?

ઉત્તર :- એ જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ શુભ અપરાધ છે. શુભ ઉપયોગ અપરાધ છે. એમાં લખ્યું છે.

મુમુક્ષુ :- શુભ ઉપયોગ એ જ અપરાધ છે.

ઉત્તર :- અપરાધ છે. આહા..હા..! કેટલામી ગાથા છે? ૨૨૦?

रत्नत्रयमिह हेतुर्निर्वाणस्यैव भवति नान्यस्य।
आस्रवति यत्तु पुण्यं शुभोपयोगोऽयमपराधः।।२२०।।

અમૃતચંદ્રાચાર્ય જે આ ટીકા કરે છે ઈ. ભગવાન કુંદકુંદાચાર્યના (શાસ્ત્રની) ટીકા કરનારા. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ગણધર સમાન.

ઉત્તર :- ગણધર સમાન. કુંદકુંદાચાર્ય તીર્થંકર સમાન તો અમૃતચંદ્રાચાર્ય ગણધર સમાન. એ ટીકાકાર કરનારા એવા અમૃતચંદ્રાચાર્ય સંત મહામુનિ આનંદમાં ઝુલનારા ચાલતા સિદ્ધ! આહા..હા..!

કહે છે, '**આ લોકમાં રત્નત્રયરૂપ ધર્મ નિર્વાણનું જ કારણ થાય છે, અન્ય ગતિનું નહિ, અને જે રત્નત્રયમાં પુણ્યનો આસ્રવ થાય છે, તે આ અપરાધ શુભોપયોગનો છે.**' આહા..હા..! શુભકષાય અને શુભયોગથી ઉત્પન્ન થાય છે. અપરાધ-અપરાધ. આહા..હા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ અપરાધ. જિનેશ્વરદાસજી! એ ધર્મ છે?

મુમુક્ષુ :- ચરણાનુયોગનું શાસ્ત્ર છે.

ઉત્તર :- ચરણાનુયોગના શાસ્ત્રમાં આવું લખ્યું છે. આ ચરણાનુયોગનું શાસ્ત્ર છે. આ વાત તો અમે સંપ્રદાયમાં કહી હતી એક-બે વાર (સંવત) ૧૯૮૫ની સાલમાં. એમાં હતાને અમે સંપ્રદાયમાં ત્યારે કહ્યું હતું બોટાદમાં. ઘણી પ્રતિષ્ઠા. પ્રતિષ્ઠા ઘણી હતીને એમાં પણ અમારી. હજારો માણસો, ૧૫૦૦-૧૫૦૦ માણસ. બોટાદ. એકવાર એવું કહ્યું, એટલું થોડું બહાર પાડ્યું. ૮૫ની સાલ હતી. ૪૩ વર્ષ થયા. ૪૦ અને ૩. સવારે પ્રવચન ચાલતું હતું. સભા ભરી હતી. ગૃહસ્થ લોકો બેઠા હતા. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ ધર્મ નથી. ધર્મ નથી તો બીજી અપેક્ષાએ અધર્મ છે. અપરાધ છે. અપરાધ તો તે દિ' નહોતું કહ્યું. અને જે ભાવથી મહાવ્રત થાય એ મહાવ્રત આસ્રવ છે. બધા .. કોઈ બોલે નહિ. એક સાધુ હતા એ ઊભા થઈ ગયા. વોસરે-વોસરે. આ શ્રદ્ધા ન જોઈએ, ન જોઈએ. આહા..હા..! એ આવ્યા હતાને કાલે. કાલે આવ્યા હતા અમારી પાસે, દર્શન કરવા આવ્યા હતા. આ

બનાવ્યું. એય..! આપણે નામ ન જાણીએ. .. કહેતા હતા. એ આપી છે. થિએટર થિએટર બનાવ્યું મોટું. આવ્યો હતો દર્શન કરવા. હતાને ભાઈ? ભાઈ હતા. આ બધા હેરાન થઈ જાય એવું છે. ફિલ્મ નવી બનાવે થિએટર અને એમાં પછી પૈસા પાંચ-પાંચ હજાર પેદા થાય. ધૂળમાંય નથી સાંભળને. દુઃખી છે. મૂઢ મિથ્યાદષ્ટિ રાગની ચેતનામાં શેકાઈ ગયો છે. આહા..હા..! પાગલ થઈ ગયો છે કહે છે.

મારામાં સકળ મોહ-રાગ-દ્વેષ. મારામાં પુણ્યાદિના પરિણામ થાય એ મારામાં નથી. એ પુણ્યના પરિણામનો હું કર્તા નથી. આહા..હા..! પુણ્યના પરિણામને હું કરાવનાર નથી, એ પુણ્યના પરિણામનો અનુમોદક નથી અને પુણ્યના પરિણામમાં હું કારણ નથી. એ વિશેષ વાત આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૪૬

यद्यध्यवसानादयः पुद्गलस्वभावास्तदा कथं जीवत्वेन सूचिता इति चेत्—

ववहारस्स दरीसणमुवएसो वण्णिदो जिणवरेहिं।
जीवा एदे सव्वे अज्झावसाणादओ भावा।।४६।।

व्यवहारस्य दर्शनमुपदेशो वर्णितो जिनवरैः।
जीवा एते सर्वेऽध्यवसानादयो भावाः।।४६।।

सर्वे एवैतेऽध्यवसानादयो भावाः जीवा इति यद्भगवद्भिः सकलज्ञैः प्रज्ञप्तं तदभूतार्थस्यापि व्यवहारस्यापि दर्शनम्। व्यवहारो हि व्यवहारिणां म्लेच्छभाषेव म्लेच्छानां परमार्थप्रतिपादकत्वादपरमार्थोऽपि तीर्थप्रवृत्तिनिमित्तं दर्शयितुं न्याय्य एव। तमन्तरेण तु शरीराज्जीवस्य परमार्थतो भेददर्शनात्त्रयसस्थावराणां भस्मन इव निःशंकमुपमर्दनेन हिंसाऽभावाद्भवत्येव बन्धस्याभावः। तथा रक्तद्विष्टविमूढो जीवो बध्यमानो मोचनीय इति रागद्वेषमोहेभ्यो जीवस्य परमार्थतो भेददर्शनेन मोक्षोपायपरिग्रहणाभावात् भवत्येव

मोक्षस्याभावः।

હવે પૂછે છે કે જો અધ્યવસાનાદિ ભાવો છે તે પુદ્‌ગલસ્વભાવો છે તો સર્વજ્ઞના આગમમાં તેમને જીવપણે કેમ કહેવામાં આવ્યા છે? તેના ઉત્તરનું ગાથાસૂત્ર કહે છેઃ-

વ્યવહાર એ દર્શાવિયો જિનવર તણા ઉપદેશમાં,
આ સર્વ અધ્યવસાન આદિ ભાવ જ્યાં જીવ વર્ણવ્યા. ૪૬.

ગાથાર્થ :— [एते सर्वे] આ સર્વ [अध्यवसानादयः भावाः] અધ્યવસાનાદિ ભાવો છે તે [जीवाः] જીવ છે એવો [जिनवरैः] જિનવરોએ [उपदेशः वर्णितः] જે ઉપદેશ વર્ણવ્યો છે તે [व्यवहारस्य दर्शनम्] વ્યવહારનય દર્શાવ્યો છે.

ટીકા :— આ બધાય અધ્યવસાનાદિ ભાવો જીવ છે એવું જે ભગવાન સર્વજ્ઞદેવોએ કહ્યું છે તે, જોકે વ્યવહારનય અભૂતાર્થ છે તોપણ, વ્યવહારનયને દર્શાવ્યો છે; કારણ કે જેમ મ્લેચ્છભાષા મ્લેચ્છોને વસ્તુસ્વરૂપ જણાવે છે તેમ વ્યવહારનય વ્યવહારી જીવોને પરમાર્થનો કહેનાર છે તેથી, અપરમાર્થભૂત હોવા છતાં પણ, ધર્મતીર્થની પ્રવૃત્તિ કરવા માટે (વ્યવહારનય) દર્શાવવો ન્યાયસંગત જ છે. પરંતુ જો વ્યવહાર ન દર્શાવવામાં આવે તો, પરમાર્થે (પરમાર્થનયે) શરીરથી જીવ ભિન્ન દર્શાવવામાં આવતો હોવાથી જેમ ભસ્મને મસળી નાખવામાં હિંસાનો અભાવ છે તેમ, ત્રસસ્થાવર જીવોનું નિઃશંકપણે મર્દન (ઘાત) કરવામાં પણ હિંસાનો અભાવ ઠરશે અને તેથી બંધનો જ અભાવ ઠરશે; વળી પરમાર્થ દ્વારા રાગ-દ્વેષ-મોહથી જીવ ભિન્ન દર્શાવવામાં આવતો હોવાથી, 'રાગી, દ્વેષી, મોહી જીવ કર્મથી બંધાય છે તેને છોડાવવો'-એમ મોક્ષના ઉપાયના ગ્રહણનો અભાવ થશે અને તેથી મોક્ષનો જ અભાવ થશે. (આમ જો વ્યવહારનય ન દર્શાવવામાં આવે તો બંધ-મોક્ષનો અભાવ ઠરે છે.)

ભાવાર્થઃ- પરમાર્થનય તો જીવને શરીર તથા રાગદ્વેષમોહથી ભિન્ન કહે છે. જો તેનો એકાંત કરવામાં આવે તો શરીર તથા રાગદ્વેષમોહ પુદ્‌ગલમય ઠરે અને તો પછી પુદ્‌ગલને ઘાતવાથી હિંસા થતી નથી અને રાગદ્વેષમોહથી બંધ થતો નથી. આમ, પરમાર્થથી જે સંસાર- મોક્ષ બન્નેનો અભાવ કહ્યો છે તે જ એકાંતે ઠરશે. પરંતુ આવું એકાંતરૂપ વસ્તુનું સ્વરૂપ નથી; અવસ્તુનું શ્રદ્ધાન, જ્ઞાન, આચરણ અવસ્તુરૂપ જ છે. માટે વ્યવહારનયનો ઉપદેશ ન્યાયપ્રાપ્ત છે. આ રીતે સ્યાદ્વાદથી બન્ને નયોનો વિરોધ મટાડી શ્રદ્ધાન કરવું તે સમ્યક્ત્વ છે.

## શ્રાવણ સુદ-૬, મંગળવાર, તા. ૧૫-૦૮-૧૯૭૨
## ગાથા-૪૫-૪૬, પ્રવચન-૧૩૩

**નોંધ :- પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

અધ્યવસાન આદિ ભાવ છે એ પુદ્ગલ સ્વભાવ છે. શું કહે છે? આત્મામાં પર્યાયમાં જે પુણ્ય અને પાપ, દયા અને દાન, વ્રત અને ભક્તિ, પૂજા અને કામ-ક્રોધના ભાવ થાય તેને તો આપે પુદ્ગલસ્વભાવ કહ્યા. સમજાણું કાંઈ? અધ્યવસાન પુદ્ગલસ્વભાવ છે એમ કહ્યું. '**તો સર્વજ્ઞના આગમમાં તેમને જીવપણે કેમ કહેવામાં આવ્યા છે?**' પહેલા પણ પ્રશ્ન હતો કે રાગ દયા, દાન વિકલ્પની જે વૃત્તિ ઉઠે છે એ સર્વજ્ઞનું વચન છે કે એ જીવ નથી. પહેલા ૪૪ ગાથામાં એમ કહ્યું હતું. સમજાણું કાંઈ? ૪૪ ગાથામાં. ૪૪ કહે છેને? એમાં એમ કહ્યું હતું કે સર્વજ્ઞનું વચન છે એ આગમ છે. એમાં એમ કહ્યું કે ભગવાન આનંદમૂર્તિ પ્રભુ ચિદાનંદ સ્વભાવમાં જેટલા પુણ્ય અને પાપ, શુભ અને અશુભ રાગ, વાસનાની વૃત્તિઓ જેટલી ઉઠે છે એ જીવ નથી. સમજાણું કાંઈ?

બીજી બાજુ શિષ્યનો પ્રશ્ન છે કે એ જ આગમમાં એને જીવ કહ્યો છેને? એક કોર એ જીવ નથી એમ કહ્યું. ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ જ્ઞાન અને પવિત્ર મૂર્તિ પ્રભુ એમાં જે રાગાદિ ચાહે તો વ્રત હો કે તીર્થંકરગોત્રનો ભાવ હોય કે ચાહે તો અશુભ હિંસા, રૌદ્રધ્યાન, આર્તધ્યાનનો ભાવ હો, બધાને પુદ્ગલસ્વભાવ કહ્યા હતા, જીવ નથી એમ કહ્યું હતું. તો પ્રભુ! એવું સાંભળ્યું છે કે આગમમાં એને જીવ કહ્યો છેને? આપ કહો છો કે આગમમાં જીવ નથી કહ્યો. અમે તો સાંભળ્યું છે કે રાગ-દ્વેષ એ તો આત્માની પર્યાયમાં ઉત્પન્ન થાય છે, એ કોઈ જડ પરમાણુમાં ઉત્પન્ન નથી થતા. સમજાણું કાંઈ? જુઓ! વ્યવહારને સિદ્ધ કરે છે.

આગમ બે પ્રકારે છે—એક નિશ્ચયનયના કથનવાળા, એક વ્યવહારનયના કથનવાળા આગમ. આગમ તો એ જ છે. નિશ્ચયસ્વભાવનું કથન આગમ એમ કરે કે, પ્રભુ! તારી ચીજ આનંદમય, વીતરાગસ્વભાવમય તારી ચીજ છે તેને અમે જીવ કહીએ છીએ. જેટલા શુભ-અશુભભાવ, અધ્યવસાય, સુખ-દુઃખની કલ્પના અને શુભ-અશુભનું કર્તાપણું એ બધો પુદ્ગલનો સ્વભાવ છે. અને આ કહો છે કે અમે તો એવું સાંભળ્યું છે કે '**અધ્યવસાનાદિ ભાવો છે તે પુદ્ગલસ્વભાવો છે તો સર્વજ્ઞના આગમમાં તેમને જીવપણે કેમ કહેવામાં આવ્યા છે?**'

જીવરૂપ કેમ કહ્યા છે? જુઓ આ અનેકાંતની દૃષ્ટિ. સમજાણું કાંઈ? '**તેના ઉત્તરનું ગાથાસૂત્ર કહે છે :-**' જેને આવી જિજ્ઞાસા થઈ, શંકા અંદરમાં પડી એને આ ઉત્તર આપે છે. આહા..હા..! શરીર, વાણી, મન એ તો ક્યાંય દૂર રહ્યા, એ તો અજીવ થઈને રહ્યા છે પણ પુણ્ય અને પાપના ભાવ જે જીવ નથી એમ આપે કહ્યું, એ જીવ થઈને રહ્યા નથી એમ આપે કહ્યું, તો બીજા આગમમાં એને જીવ કહ્યા છે. આ શું છે? સમજાણું કાંઈ? એનો ઉત્તર.

**ववहारस्स दरीसणमुवएसो वण्णिदो जिणवरेहिं।**
**जीवा एदे सव्वे अज्झावसाणादओ भावा।।४६।।**
**વ્યવહાર એ દર્શાવિયો જિનવર તણા ઉપદેશમાં,**
**આ સર્વ અધ્યવસાન આદિ ભાવ જયાં જીવ વર્ણવ્યા. ૪૬.**

'**ટીકા :— આ બધાય અધ્યવસાનાદિ ભાવો જીવ છે એવું જે ભગવાન સર્વજ્ઞદેવોએ કહ્યું છે...**' ભગવાનમાં—આત્મામાં એની પર્યાયમાં જેટલો મિથ્યાત્વભાવ, અધ્યવસાન એટલે મિથ્યાત્વ, રાગાદિથી, પુણ્યાદિથી હું એકત્વ છું એવો મિથ્યાત્વ, ત્યાં તો કહ્યું કે એ તો પુદ્‌ગલ સ્વભાવ છે. અહીં કહ્યું કે મિથ્યાત્વ અને અજ્ઞાન અને અવ્રત આત્માની પર્યાય છે. વ્યવહારે જીવ કહ્યો, નિશ્ચયથી જીવ નથી. સમજાણું કાંઈ? તો કહે છે કે '**બધાય અધ્યવસાનાદિ...**' શુભ-અશુભ વિકલ્પ જે વૃત્તિઓ ઉઠે છે એ બધા '**ભાવો જીવ છે એવું જે ભગવાન સર્વજ્ઞદેવોએ કહ્યું છે...**' જુઓ, બેય સર્વજ્ઞદેવે કહ્યું છે. આહા..હા..! આ અનેકાંત ન સમજાય તો ગડબડ ઉઠે છેને. '**તે, જોકે વ્યવહારનય અભૂતાર્થ છે તોપણ,...**' જોકે વ્યવહારનય પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત એ અભૂતાર્થ છે. નિશ્ચયથી તો બંધ અને મોક્ષની પર્યાયનો ભેદ કરવો એ પણ અભૂતાર્થ છે. સમજાણું કાંઈ? એ પણ વ્યવહાર છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રાગ જો બંધાય નહિ તો એને બંધથી મુક્ત થવાનો ઉપાય પણ નથી કરવાનો રહેતો. તો એને મોક્ષ થવો એ વ્યવહાર પણ નથી. વ્યવહાર છે એની બરાબર શ્રદ્ધા હોવી જોઈએ. છે એનું જ્ઞાન હોવું જોઈએ એ જાતની જ્ઞાનની શ્રદ્ધા. (વ્યવહાર) છે, (પણ એનો) આશ્રય નથી, આદરણીય નથી, ઉપાદેય નથી. ભગવાન પૂર્ણાનંદનો નાથ એની જ્યાં દૃષ્ટિ કરાવવી છે તો એને જ સત્ય કહ્યું અને વ્યવહાર છે તેને એની અપેક્ષાએ અસત્ કહ્યો. સમજાણું કાંઈ? ત્રિકાળી જ્ઞાયકભાવ ચૈતન્ય ધ્રુવ સ્વરૂપ જે પરમ જીવ આત્મદ્રવ્ય સ્વરૂપની મોજૂદગી... સમજાણું કાંઈ? ત્રિકાળ એવો જીવ જે સત્ છે તો એ અપેક્ષાએ વ્યવહાર જેટલો રાગાદિ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના પરિણામ એ બધું અસત્ છે. નિશ્ચયની અપેક્ષાએ એને અસત્ કહ્યું છે પણ વ્યવહારની અપેક્ષાએ તે સત્ છે. છે એટલું હોં! સમજાણું કાંઈ? છે એટલું. જો એ છે જ નહિ તો તો બંધ અને મોક્ષની પર્યાય ભેદરૂપ વ્યવહાર

એ પણ નથી. છે, આશ્રય કરવા લાયક નથી. સમજાણું કાંઈ? એ વ્યવહારનું અવલંબન લઈને લાભ થશે એમ નથી.

કહે છે કે વ્યવહારનય... જુઓ! અહીં તો ક્યાંય એમ નથી કહ્યું કથંચિત્ અભૂતાર્થ અને કથંચિત્ ભૂતાર્થ. વ્યવહારનય... આહા..હા..! ત્રિકાળ ભગવાન પરમાનંદસ્વરૂપ ચૈતન્યદળ આનંદકંદ એવું જે નિશ્ચય સ્વરૂપ. દ્રવ્ય આત્મહેતુ આવ્યું હતુંને ભાઈ! ૫૬ ગાથામાં નહિ? પારિણામિકભાવ. પંચાસ્તિકાય ૫૬ ગાથા. દ્રવ્ય આત્મસ્વરૂપ લાભ નામ મોજૂદગી. વસ્તુના સ્વરૂપની મોજૂદગી એ તો ત્રિકાળી પારિણામિકભાવ ધ્રુવ ભાવ એ વસ્તુના સ્વરૂપની મોજૂદગી છે. એ અપેક્ષાએ રાગાદિ અને એક સમયની પર્યાય પણ અસત્ છે. પણ જે ભગવાનના આગમમાં એને જીવ કહ્યો એ વર્તમાન વ્યવહારનયનું કથન છે. આહા..હા..! આ ઝઘડા વ્યવહાર અને નિશ્ચય.

'નિશ્ચય અને વ્યવહારનયે જગત ભરમાયા હૈ.' આવે છેને ઈ? બનારસીદાસમાં આવે છે. સમયસાર નાટકમાં આવે છે. 'નિશ્ચય અને વ્યવહારનયે જગત ભરમાયા.' એનો અર્થ વ્યવહાર શું અને નિશ્ચય શું એની ખબર નથી. ગડબડી કરે. ભગવાને કહ્યો છેને વ્યવહાર? કહ્યો છે તો શું થયું? છે. રાગ છે, પુણ્ય છે, પાપ છે. શરીરની સાથે જીવને વર્તમાન નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે વ્યવહાર. સમજાણું કાંઈ? જો એટલો વ્યવહાર ન હોય તો વ્યવહારથી લક્ષ છોડાવીને નિશ્ચયમાં દૃષ્ટિ લગાવવી, એ છે એનાથી લક્ષ છોડાવવું છે. વેદાંતની જેમ અહીંયાં નથી કે બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા. એક જ આત્મા સત્ય છે અને બીજી કોઈ ચીજ નથી. એમ નથી. એકો અહં એવું આવે છે એમાં. હું એક છું પણ ઘણો થાઉં છું. એ કારણે ઘણો થાય છે? તને દુઃખ છે એકમાં રહેવામાં? બધી કલ્પિત વાત છે.

અહીંયાં તો કહે છે કે બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા જે કહ્યું એ પોતાની ચીજની અપેક્ષાએ પર નથી એમ કહ્યું છે. નિશ્ચયની અપેક્ષાએ વ્યવહાર અને જીવના નથી એમ કહ્યું છે. પણ વ્યવહારના પર્યાયમાં જે રાગાદિ છે એ જીવ છે એવું વ્યવહારનયથી પણ ભગવાનની વાણીમાં પણ આવ્યું છે. આહા..હા..! એ કહે છે જુઓ, વ્યવહાર છેને, તો ધર્મ થાય છે કે નહિ? પણ થાય છે એ થાય છે અને નથી થતો એ તો બધી પર્યાયની વાત છે. પણ ધર્મ કોના આશ્રયે થાય છે? ત્રિકાળી ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ અનાકુળ શાંતરસનો કંદ આત્મા એવો જ્ઞાયક પરમપારિણામિકભાવ એના લક્ષે, એના આશ્રયે ધર્મ થાય છે. બાકી ત્રિકાળ કોઈ બીજાને આશ્રયે ધર્મ થાય એ ત્રણ કાળમાં નથી. સમજાણું કાંઈ?

તો કહે છે '**વ્યવહારનય અભૂતાર્થ છે તોપણ,...**' એમ છેને? '**તોપણ, વ્યવહારનયને દર્શાવ્યો છે;...**' જુઓ, દર્શાવ્યો છે હોં. જણાવ્યો છે. આદરણીય છે કે આશ્રય કરવા લાયક છે એ વાત નથી. આહા..હા..! એ તો દશમી ગાથામાં આવ્યું છેને ભાઈ! આઠમી

ગાથામાં. વ્યવહારનય સ્થાપવા યોગ્ય છે. વ્યવહારનય સ્થાપનયોગ્ય છે. છે એમ સ્થાપવા યોગ્ય છે. આશ્રય કરવાલાયક નથી.

મુમુક્ષુ :- અનુસરવા યોગ્ય નથી.

ઉત્તર :- અનુસરવા યોગ્ય નથી. આહા..હા..! કહો, ધન્નાલાલજી!

કહે છે કે '**કારણ કે જેમ મ્લેચ્છભાષા મ્લેચ્છોને વસ્તુસ્વરૂપ જણાવે છે...**' મ્લેચ્છોને મ્લેચ્છભાષા વસ્તુસ્વરૂપ જણાવે છે. '**તેમ...**' મ્લેચ્છ હોય છેને એને મ્લેચ્છભાષાએ જણાવે. બાજરો હોય છેને. બાજરો નથી સમજતા? બાજરી, ઘઉં, બાજરી, જુવાર... ... પહેલા ત્યાં ૮૩માં નહોતુંને .. ઘરે ગયા હતા. .. પહેલા. એ આવ્યા હતા તો બા-જ-રો એમ બોલતો હતો. બા-જ-રો. કારણ કે એને ભાષાની ખબર નહિ. અંગ્રેજી માણસ.

મુમુક્ષુ :- આ દરબાર નાના હતા.

ઉત્તર :- હા, એ વખતે નાનો હતોને ત્યારે આવ્યા હતા. પછી ઘોડેસ્વાર થઈને .. હતા. પછી બોલે ભાષે, બા-જ-રો એમ બોલ્યા. પણ આ ભાષા એની ક્યાં. એને સમજાવવા માટે બાજરો એમ નહિ, બાજરો એમ કહો. બાજરો એમ કહો. સમજાણું કાંઈ? એય..! એની ભાષામાં એને સમજાવે છે. આહા..હા..!

'**વ્યવહારનયને દર્શાવ્યો છે; કારણ કે જેમ મ્લેચ્છભાષા મ્લેચ્છોને...**' હવે જુઓ ભાષા, વસ્તુસ્થિતિ. '**વસ્તુસ્વરૂપ જણાવે છે તેમ વ્યવહારનય વ્યવહારી જીવોને...**' આહા..હા..! વ્યવહારનય મ્લેચ્છભાષા તરીકે છે. આહા..હા..! તારું 'સ્વસ્તિ હો' એમ કહ્યુંને? સ્વસ્તિ હો. એ સમજ્યો નહિ. ટગ... ટગ... ટગ... જોવે કે આ શું કહે છે? સ્વસ્તિ હો, આ શું કહે છે? એનો અર્થ કર્યો એની ભાષામાં. તારું અવિનાશી કલ્યાણ થાવ. એવો એનો અર્થ છે. તો મ્લેચ્છને એ ભાષામાં સમજાવ્યું. સમજાણું કાંઈ? એમ મ્લેચ્છ ભાષાના સ્થાનમાં વ્યવહારનય અને વ્યવહારિક જીવો મ્લેચ્છ જેવા છે. સમજાણું કાંઈ? કેમકે જે પુણ્ય ને પાપ ને રાગાદિને પોતાના માનનાર મ્લેચ્છ જીવ છે. મળને ઇચ્છનાર મ્લેચ્છ છે. સમજાણું કાંઈ? ભગવાન નિર્મળાનંદ પ્રભુ એને છોડીને શુભ-અશુભરાગ, વિભાવભાવ, મલિનભાવ એને ઇચ્છનાર. મ્લેચ્છનો મૂળ અર્થ તો મળ નામ માંસ છે. માંસને ઇચ્છનાર મ્લેચ્છ છે. સમજાણું કાંઈ? પણ એની ભાષા ફરી. ભગવાન કુંદકુંદાચાર્યે મ્લેચ્છ કહ્યું, પછી અમૃતચંદ્રાચાર્યે હજાર વર્ષ પહેલા એને અનાર્ય કહ્યું. ભાષાંતર કર્યું. સમજાણું કાંઈ? અનાર્ય કહ્યું. આમણે મ્લેચ્છ કહ્યું. પહેલી ભાષામાં મ્લેચ્છ, પછીની ભાષા અનાર્ય. અનાર્યોને સમજાવવા માટે, કુંદકુંદાચાર્ય મ્લેચ્છોને સમજાવવા માટે. એ ભાષા અહીંયાં રાખી. ભાઈ! મ્લેચ્છની ભાષા મ્લેચ્છોને સમજાવવા માટે છે. આહા..હા..!

મુમુક્ષુ :- પરમાર્થ સમજાવવા માટે.

ઉત્તર :- હા, હેતુ તો સમજાવવું એ છેને. એ શું સમજાવવું છે? વ્યવહારથી વ્યવહાર નથી સમજાવવો. એ તો કહે છેને, '**જીવોને પરમાર્થનો કહેનાર છે...**' એમ આવે છેને? હમણાં આવ્યુંને. '**વ્યવહારનય વ્યવહારી જીવોને પરમાર્થનો કહેનાર છે...**' વ્યવહારનય વ્યવહારનયને કહેનાર છે એમ અહીંયાં વાત નથી. સમજાણું કાંઈ? રાગ જીવ છે એમ કહે છે. (તે) રાગ જીવ નથી એમ બતાવવા માટે, પરમાર્થ જણાવવા માટે એ વાત કહી છે. સમજાણું કાંઈ? રાગ પુણ્ય જીવ છે એમ વ્યવહારથી કહ્યું. એ વ્યવહાર બતાવે છે પરમાર્થને. એ જીવ નથી, જીવ નથી. એ પરમાર્થને બતાવ્યો. જીવ નથી, એ પોતાની પર્યાય નથી એને નથી બતાવતું, એનું જ્ઞાન થાય છે.

ભગવાન આત્મા રાગથી રહિત અભેદ છે. જ્ઞાન, દર્શન, ચારિત્રનો ભેદ પાડીને બતાવવું એ વ્યવહાર છે. એ મ્લેચ્છભાષાના સ્થાને છે. અને જે નથી સમજતા તેને સમજાવવા માટે (એમ કહે કે) ભગવાન એ જ્ઞાન-દર્શનનું પરિણમન કરનારો એ આત્મા છે. પણ સમજાવવો છે આત્મા. ભેદ નથી સમજાવવો. આહા..હા..! બહુ ઝીણું કામ છે. સમજાણું કાંઈ? ભેદ દ્વારા અભેદને સમજાવવો છે. વ્યવહાર દ્વારા નિશ્ચયને સમજાવવો છે. વ્યવહાર દ્વારા નિશ્ચય પમાય છે એ વાત નથી, (ફક્ત) સમજાવવું છે. આહા..હા..! જુઓ! અહીંયા વ્યવહાર છે. વ્યવહાર સ્થાપવાયોગ્ય છે, વ્યવહાર પરમાર્થને કહેનાર છે માટે વ્યવહાર લાભદાયક છે એમ નથી. એ વ્યવહાર ભેદ પાડીને બતાવવું કે જો, તારામાં જ્ઞાન, દર્શન, ચારિત્ર છે એ વ્યવહાર ભાષા મ્લેચ્છના સ્થાને થઈ. મ્લેચ્છ જીવને કે જે અભેદ નથી જાણતા એને બતાવવો છે અભેદ, પરમાર્થ બતાવવો છે. ભગવાન! તારી ચીજ તો અંદર સચ્ચિદાનંદ પ્રભુ છે. તારા સ્વભાવભાવને તેં કદી સંભાળ્યો નથી. આહા..હા..! એ સુંદર શરીર અને વૈક્રિયકવાળા દેવનો દેહ બધું જડ છે. તારામાં નથી, તારું નથી. એ નિશ્ચયથી છે. વ્યવહારથી કહે કે શરીર અને આત્માનો નિમિત્ત સંબંધ છે. જો એવો સંબંધ ન હોય તો શરીરને મસળવાથી, જેમ ભસ્મને મસળવાથી પાપ નથી લાગતું, એમ શરીર અને જીવ એક વ્યવહારથી ન હોય તો એને મારવાના ભાવથી પાપ ન થાય. આહા..હા..! ઝીણી વાત છે. સમજાણું કાંઈ?

કહે છે કે '**વ્યવહારી જીવોને પરમાર્થનો કહેનાર છે...**' વ્યવહાર વ્યવહારને કહેનાર છે એમ નહિ. પરમાર્થ વસ્તુ ભગવાન અખંડ અભેદ ચૈતન્ય વસ્તુ એ ભેદથી બતાવે છે. એનું પ્રયોજન આટલું છે. આહા..હા..! કદી એણે પોતાનો ચૈતન્ય સ્વભાવ પરમાનંદ, નિત્યાનંદ એકરૂપ એનું કદી એણે લક્ષ, આશ્રય, અવલંબન લીધું નથી. અને એનું અવલંબન લીધા વિના એનું શરણ નામ સ્વીકાર થશે નહિ. આહા..હા..! અંતર જ્ઞાનની પર્યાયમાં એને બતાવે છે કે ભાઈ! તારી ચીજ તો અંદર અભેદ પરમાર્થ વસ્તુ છે. પર્યાયથી તને કહીએ છીએ કે એ પર્યાય તારી છે. રાગ તારામાં થાય છે પણ બતાવવું એ છે કે રાગ અને પર્યાય

તારી વસ્તુમાં નથી. આહા..હા..! બહુ સૂક્ષ્મ. આ જૈનદર્શન. જૈનદર્શન, જૈનશાસન એ તો રત્નત્રયરૂપ પરિણતિ છે, એ તો વ્યવહાર છે દૃષ્ટિની અપેક્ષાએ.

મુમુક્ષુ :- એ તો પર્યાય છે.

ઉત્તર :- પર્યાય છે. શું કહ્યું? ત્રિકાળ ભગવાન આત્મા એની અપેક્ષાએ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય પરિણતિ જે છે એ તો વ્યવહાર છે. એ પરિણતિ દ્વારા બતાવવું છે કે તારી ચીજ અભેદ છે. જિનેશ્વરદાસજી! બહુ સૂક્ષ્મ વાત. આહા..હા..! કેમકે ભેદ નથી, અભેદ છે. સદ્ભૂત વ્યવહારથી જે જ્ઞાન-દર્શન-ચારિત્રથી કહ્યું એ પણ એને કહ્યું એ પરમાર્થ અભેદ બતાવવા કહ્યું છે. સમજાણું કાંઈ? રાગ જે તારામાં થાય છે એ તો પર્યાયમાં થાય છે એ તો વ્યવહાર કહ્યો, પણ બતાવવું એ છે કે રાગરહિત તું છો એમ એમાં બતાવવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ વ્યવહારી લોકોનો વ્યવહાર એટલો પક્ષ કાઢે છે. જુઓ! વ્યવહાર કહ્યો છે. વ્યવહાર નથી એમ કોણે કહ્યું? અમરચંદજી! આહા..હા..!

'**વ્યવહારી જીવોને પરમાર્થનો કહેનાર છે તેથી, અપરમાર્થભૂત હોવા છતાં પણ,...**' એ રાગ અને દ્વેષ અને પુણ્ય અને પાપ એ ખરેખર વસ્તુમાં નથી. એમ ભેદ પણ વસ્તુમાં નથી. ભેદ અને રાગ-દ્વેષ '**અપરમાર્થભૂત હોવા છતાં પણ,...**' છે? '**ધર્મતીર્થની પ્રવૃત્તિ કરવા માટે...**' આમાં ગોટા વાળે છે. ધર્મતીર્થની પ્રવૃત્તિનો અર્થ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે મોક્ષનો માર્ગ એ ધર્મતીર્થની પ્રવૃત્તિ છે. એ બતાવવું છે કે આ પર્યાય છે એ ધર્મ છે. પણ એને બતાવવું છે કે એ પર્યાય દ્રવ્યના આશ્રયે થાય છે. આહા..હા..! ધર્મતીર્થની વ્યવહારથી પ્રવૃત્તિ (કહ્યું એટલે) વ્યવહારથી ધર્મ થાય છે એમ નથી કહેવું. આત્મામાં સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર અને ચૌદ ગુણસ્થાનના ભેદ એ ચોથે, પાંચમે, છઠ્ઠે એ બધો વ્યવહાર છે અને એ તીર્થની પર્યાય છે, ધર્મતીર્થની પર્યાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે વાત!

'**ધર્મતીર્થની પ્રવૃત્તિ કરવા માટે...**' એનો અર્થ કે ત્રિકાળી ચીજ તો જ્ઞાયકસ્વરૂપ છે. એમાં મોક્ષમાર્ગ બતાવવો છે. બંધથી છોડાવવો છે, રાગથી એને છોડાવવો છે અને મુક્ત પર્યાયમાં લઈ જવો છે. એ મુક્ત પર્યાય, મુક્ત પર્યાયનું કારણ એ તીર્થ છે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. એ વ્યવહાર છે. સમજાણું કાંઈ? નિશ્ચય મોક્ષમાર્ગ સાધવો એ પણ વ્યવહાર છે. વ્યવહાર મોક્ષમાર્ગ તો મોક્ષમાર્ગ છે જ નહિ. આહા..હા..! ભારે કામ ભાઈ! સમજાણું કાંઈ? અંદર ભગવાન એકરૂપ ચીજ છે એના આશ્રયે પર્યાય પ્રગટ થાય એનું નામ ધર્મતીર્થ છે. એ પર્યાયને બતાવવી છે. જો પર્યાય ન બતાવે તો ધર્મતીર્થનું સાચું જ્ઞાન પણ એને નહિ થાય. ધર્મતીર્થ વ્યવહારનયના આશ્રયે થાય છે એ વાત અહીંયાં નથી. ધર્મતીર્થની પ્રવૃત્તિ કરવા માટે, એમાં નિર્મળ પરિણતિ બતાવવા માટે (કહ્યું છે). સમજાણું કાંઈ? તો નિર્મળ પરિણતિ ધર્મતીર્થ એ વ્યવહારનો વિષય છે. ભારે આકરું કામ. ભેદ છેને.

**'ધર્મતીર્થની પ્રવૃત્તિ કરવા માટે** (વ્યવહારનય) **દર્શાવવો ન્યાયસંગત જ છે.'** એ દર્શાવવો હોં. દેખાડવો એ ન્યાયસંગત છે. આદરણીય છે, આશ્રય કરવાલાયક છે, અવલંબનમાં વ્યવહારનય કાર્યગત થશે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? **'ન્યાયસંગત જ છે. પરંતુ જો વ્યવહાર ન દર્શાવવામાં આવે તો, પરમાર્થે** (પરમાર્થનયે) **શરીરથી જીવ ભિન્ન દર્શાવવામાં આવતો હોવાથી...'** શરીરથી તો જીવ ભિન્ન છે. હવે કોઈ શરીરને આમ મર્દન કરે તો શરીર તો જડ છે. એની સાથે જીવને કાંઈ સંબંધ નથી એમ નથી. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. ભીખાભાઈ! ઝીણી વાત છે. કહે છેને. **'જો વ્યવહાર ન દર્શાવવામાં આવે તો, પરમાર્થે** (પરમાર્થનયે) **શરીરથી જીવ ભિન્ન દર્શાવવામાં આવતો હોવાથી જેમ ભસ્મને મસળી નાખવામાં હિંસાનો અભાવ છે...'** કેમકે શરીર અને આત્માને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે જ નહિ. તો શરીરને મસળવાથી જીવ મરી જાય છે. એની પર્યાયમાં દુઃખ પહોંચે છે. એ વ્યવહારનય બતાવ્યા વિના એનો અર્થ સિદ્ધ થતો નથી. જીવ અને શરીરનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોં એ વ્યવહાર. અને એ જીવની પર્યાયમાં એમ કરે છે તો એની પર્યાયમાં હિંસા થાય છેને? એની પર્યાયમાં દુઃખ થાય છેને? એ દુઃખ પોતે વ્યવહાર છે, એ દુઃખ વ્યવહાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? દેવીલાલજી! ગાથા વ્યવહારની આવી છે.

**'જેમ ભસ્મને મસળી નાખવામાં હિંસાનો અભાવ છે તેમ, ત્રસ સ્થાવર જીવોનું નિઃશંકપણે મર્દન** (ઘાત) **કરવામાં...'** કેમકે ત્રસ સ્થાવર જીવ તો નિશ્ચયથી તો છે જ નહિ. નિશ્ચયથી તો જ્ઞાનસ્વરૂપી આત્મા છે. એય..! આહા..હા..! ત્રસ અને સ્થાવર ને પંચેન્દ્રિય કહેવું એ તો બધો વ્યવહાર છે. એ વ્યવહાર છે જ નહિ એમ હોય તો એને નાશ કરવાનો ઉપદેશ અથવા નાશ કરવાનો ભાવ જૂઠા ઠરે છે અને નાશ ન કરો એવો ઉપદેશ પણ વ્યવહારનો થઈ શકે નહિ, જો બિલકુલ સંબંધ ન હોય તો. ત્રસ સ્થાવર ન જ હોય, એકેન્દ્રિય આદિ જીવ ન જ હોય (એમ નથી). છે. સમજાણું કાંઈ? આહા..હા..! **'શરીરથી જીવ ભિન્ન દર્શાવવામાં આવતો હોવાથી જેમ ભસ્મને મસળી નાખવામાં હિંસાનો અભાવ છે તેમ, ત્રસસ્થાવર જીવોનું નિઃશંકપણે મર્દન** (ઘાત) **કરવામાં પણ હિંસાનો અભાવ ઠરશે...'** કેમકે હિંસા તો થઈ નહિ. એ તો એણે શરીરને મસળ્યું છે. ત્રસ જીવને માર્યા છે, સ્થાવરને માર્યા છે એ તો જીવ નથી. પણ ત્રસ, સ્થાવરમાં જીવ છે વ્યવહારે. સમજાણું? એ પર્યાયમાં ત્રસ સ્થાવરપણું છે. ગતિ છે. વ્યવહારની વાત છે. સમજાણું કાંઈ? ત્રસ અને સ્થાવર યોગ્યતાવાળી પર્યાય જીવમાં છે. એમ ન હોય તો એને મારવાથી કોઈ પાપ લાગતું નથી. જુઓ! આ વ્યવહાર છે એટલું સિદ્ધ કરવું છે. શાસ્ત્રમાં આવે છે. મસળી શકે છે એ વાત નથી પણ એ શરીરને મર્દન કરવાથી એની પર્યાયમાં દુઃખ થાય છેને. પર્યાયમાં

થાય છે કે નહિ? એ બિલકુલ શરીરથી ભિન્ન હોય અને એકલો જ્ઞાયકભાવ જ હોય તો પર્યાયમાં દુઃખ ઉત્પન્ન થાય છે એ સિદ્ધ નહિ થાય. આહા..હા..! છે, ત્રસ સ્થાવર જીવ છે. મારવાવાળાનો હિંસાનો ભાવ છે એ પાપ છે. પાપ છે એ વ્યવહાર છે અને એને દુઃખ થાય છે એ પણ વ્યવહાર છે. સમજાણું કાંઈ? આ નિશ્ચયમાં વ્યવહાર આવ્યો. વ્યવહાર નિશ્ચયને બતાવનાર છે. આશ્રય કરવાલાયક છે એ વસ્તુ નથી.

**'મર્દન (ઘાત) કરવામાં પણ હિંસાનો અભાવ ઠરશે અને તેથી બંધનો જ અભાવ ઠરશે;...'** લ્યો ઠીક! હિંસાના પરિણામ સિદ્ધ નહિ થાય કેમકે જીવ તો મરતો નથી. જ્ઞાયકભાવ મરે છે? નિશ્ચય જ્ઞાયકભાવ છે એ કદી મરે છે? એ મરે છે? એ તો ત્રિકાળ છે. એની પર્યાયમાં જે ત્રસ સ્થાવરની યોગ્યતા છે એમાં દુઃખ થાય છે. મારવાનો ભાવ પણ એને મારવાનો ભાવ છે. જ્ઞાયકને મારવાનો ભાવ છે એને? જ્ઞાયક મરે છે? આહા..હા..! સમજાણું કાંઈ? વ્યવહારનયથી જીવોને નહિ મારવાથી, ત્રસ સ્થાવર આદિને નહિ મારવાથી હિંસાનો અભાવ ઠરશે. અને એ કારણે બંધનો અભાવ પણ સિદ્ધ થશે. હિંસા નથી, તો બંધ પણ નથી. ભાવબંધ જે રાગ છે એ પણ સિદ્ધ નહિ થાય. ભાવબંધ જે રાગ છે એ પણ વ્યવહાર છે. આ બધું સમજવાની ક્યાં દરકાર છે? એય..! ચીમનભાઈ! આમાં ક્યાં પકડાય એવું છે, આમાં કાંઈ સમજાય નહિ. માથા ફરી જાય.

અહીં તો કહે છે કે સાંભળ તો ખરો, ભગવાન! વ્યવહાર ક્યા કારણે કહ્યો? અને નિશ્ચયને બતાવવાનું શું પ્રયોજન છે? વ્યવહાર છે. .. જે ત્રસ સ્થાવર જીવ છે એને મારવાનો ભાવ તો પાપ છે અને એ ભાવથી એને દુઃખ થાય છે એ બધો વ્યવહાર છે. જ્ઞાયકભાવને કોઈ મારી શકે છે? જ્ઞાયકભાવ નિશ્ચયથી જીવ છે એને મારું, એમ છે? એને તો જ્ઞાયકભાવ જીવ કહ્યો. જ્ઞાયકભાવ જીવ છે તો આ જ્ઞાયકભાવ છે એનો એને ખ્યાલ છે, વ્યવહારી જીવને? ખ્યાલ તો આ ત્રસ સ્થાવર જીવ છે એને મારવાનો ભાવ થાય છે. એ તો વ્યવહાર થઈ ગયો. આહા..હા..! કહો, ધન્નાલાલજી! ૪૬ ગાથા વ્યવહાર સાબિત કરે છે. એકાંત નિશ્ચયને ગ્રહ્યો અને વ્યવહાર છે એમ માને નહિ. એ હોય છે. આહા..હા..!

અહીં તો પછી કહેશે, જુઓ. **'અને તેથી બંધનો જ અભાવ ઠરશે; વળી પરમાર્થ દ્વારા રાગ-દ્વેષ-મોહથી જીવ ભિન્ન દર્શાવવામાં આવતો હોવાથી,...'** વસ્તુ દૃષ્ટિથી પરમાર્થે તો ભગવાન દયા, દાન, કામ, ક્રોધના રાગથી ભિન્ન બતાવ્યો અને **'જીવ ભિન્ન દર્શાવવામાં આવતો હોવાથી, 'રાગી, દ્વેષી, મોહી જીવ કર્મથી** બંધાય છે...' રાગ અને દ્વેષના પરિણામથી કર્મથી બંધાય છે એ વ્યવહારથી સિદ્ધ નહિ થાય. જો વ્યવહાર નહિ માનો તો એ વાત સિદ્ધ નહિ થાય. બંધ પણ વ્યવહાર છે અને બંધથી છૂટવું એ પણ વ્યવહાર છે. રાગથી બંધ માનવો એ પણ વ્યવહાર છે અને રાગથી છૂટીને વીતરાગ થવું કેવળજ્ઞાન

એ પણ વ્યવહાર છે. તો વ્યવહાર છે એમ જો ન માને તો બંધ અને મોક્ષની પર્યાય સિદ્ધ નહિ થાય. સમજાણું કાંઈ? આહા..હા..! એના આશ્રયે જે પર્યાય પ્રગટ થઈ એ છે જ નહિ, એકલો જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... છે એમ કહે તો તો પર્યાય સિદ્ધ નહિ થાય. સમ્યગ્દર્શન પણ સિદ્ધ નહિ થાય, મિથ્યાદર્શન પણ સિદ્ધ નહિ થાય. આહા..હા..! આ ઝઘડો નિશ્ચય અને વ્યવહારનો મોટો છે. જુઓ, અહીંયા વ્યવહાર કહ્યો છે. કહ્યો છે, કોણ કહે છે નથી? દૃષ્ટિમાં તો બંધ-મોક્ષની પર્યાય પણ નથી.

મુમુક્ષુ :- વ્યવહારની ગાથા...

ઉત્તર :- અહીં આવી તો નથી વાંચતા? વાંચીએ છીએ તો બધામાં વાંચીએ છીએ. નિશ્ચય વખતે પણ વ્યવહાર નથી એમ માનીએ છીએ? એ પર્યાય છે. નિશ્ચયથી તો આત્મામાં બંધ-મોક્ષ છે જ નહિ. એ તો ત્રિકાળ છે. પરમાર્થ દૃષ્ટિમાં તો બંધની પર્યાય અને મોક્ષની પર્યાયનો અભાવ છે. જો વ્યવહાર દર્શાવામાં ન આવે તો બંધ અને મોક્ષની પર્યાય સિદ્ધ થતી નથી. છે એટલી વાત હોં! સમજાણું કાંઈ? આહા..હા..! નિશ્ચયથી તો વ્યવહાર અસત્ય છે. એ અપેક્ષાએ નિશ્ચયથી એને નથી એમ કહ્યું, પણ વ્યવહારથી વ્યવહાર સત્ છે.

મુમુક્ષુ :- વ્યવહારથી વ્યવહાર સત્ છે.

ઉત્તર :- છે. રાગ છે. .. છે, ત્રસ સ્થાવર જીવ છે, સંસાર પર્યાય છે, મોક્ષ પર્યાય થાય છે એ બધો વ્યવહાર છે. વ્યવહાર ન બતાવે તો આ કોઈ વાત સિદ્ધ જ નહિ થાય. વ્યવહાર નથી તો મોક્ષ નથી અને વ્યવહાર બંધ પણ નથી, રાગ પણ નથી અને રાગનો ભાવ પણ નથી. પણ એનો અર્થ એવો નથી કે વ્યવહાર બતાવે છે તો વ્યવહાર ધર્મ, તીર્થ ધર્મ વ્યવહારની પર્યાયના આશ્રયે થાય છે. સમજાણું કાંઈ? આશ્રય તો ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા પોતે એક સમયમાં પૂર્ણાનંદ પ્રભુ છે એ જ આત્મા અને એને જ દ્રવ્ય આત્મા ખરેખર કહે છે. નિયમસારમાં આવ્યું છેને? ખરેખર દ્રવ્ય એમ આવ્યું છે. ખરેખર આત્મા તો .. છે. ખરેખરનો અર્થ પરમાર્થ નિશ્ચય. પર્યાયવાળો આત્મા એ તો વ્યવહાર આત્મા છે. જો વ્યવહાર ન બતાવે તો પર્યાયની સિદ્ધિ નહિ થાય. પર્યાય છે જગતમાં એના દ્રવ્યમાં એ પર્યાય સાબિત નહિ થાય. દેવીલાલજી! આહા..હા..! દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય કરવો એ પણ નહિ રહે. કારણ કે વિવેક કરવો એ પણ વ્યવહાર છે. છે એટલી વાત.

મુમુક્ષુ :- કથંચિત્ ..

ઉત્તર :- કથંચિત્ નહિ. વ્યવહાર વ્યવહાર તરીકે યથાર્થ છે. નિશ્ચય તરીકે વ્યવહાર અસત્ય છે. સમજાણું કાંઈ? એનો અર્થ એમ નથી કે વ્યવહારથી ધર્મ થાય છે અને વ્યવહારથી નિશ્ચયની પ્રાપ્તિ થાય છે એ વાત બિલકુલ અસત્ય છે. આવી વાત છે. ગડબડ બહુ ગડબડ.

મુમુક્ષુ :- કઈ વાત જૂઠી છે?

ઉત્તર :- આ વ્યવહારથી મુક્તિ થશે, દયા, દાન, વ્રતના પરિણામથી નિશ્ચય મોક્ષમાર્ગ થશે એ બધું અસત્ય છે.

મુમુક્ષુ :- પરંપરાએ પણ નહિ?

ઉત્તર :- બિલકુલ નહિ પરંપરાથી. પૂર્ણાનંદનો નાથ એના આશ્રયે નિર્મળ (પર્યાય પ્રગટ થાય), ઉગ્ર આશ્રયે કેવળજ્ઞાન થાય. જઘન્ય આશ્રયથી સમકિત, મધ્યમ આશ્રયથી ચારિત્ર, ઉત્કૃષ્ટ આશ્રયથી કેવળજ્ઞાન. એક જ વાત છે. સમજાણું કાંઈ? ત્રણલોકનો નાથ પરમાત્મા એના ભેટાથી લાભ થાય છે. વ્યવહારની પર્યાયના આશ્રયે વ્યવહાર થતો નથી. આહા..હા..! અમરચંદભાઈ! ભારે વાતું ભાઈ! છે. ન હોય તો સિદ્ધપદની પર્યાય (પણ ન હોય). કેમકે પર્યાય એ વ્યવહાર છે. દ્રવ્ય એ નિશ્ચય છે. એક જીવના બે ભાગ પાડવા કે સંસારપર્યાય અને મોક્ષપર્યાય એ તો વ્યવહાર છે. પણ એ બંધપર્યાય અને મોક્ષની પર્યાય કોની છે? દ્રવ્યની છે. એ દ્રવ્ય છે એમ બતાવવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પર્યાય આ દ્રવ્યની છે. આવ્યું કે નહિ પર્યાય અને દ્રવ્ય? સર્વથા દ્રવ્યથી પર્યાય ભિન્ન છેને? એ કઈ અપેક્ષાએ? સમજાણું કાંઈ? એ પર્યાય એક સમયની છે એ વ્યવહાર છે. નિશ્ચયથી જુઓ તો એ પર્યાયનું ક્ષેત્ર-મોક્ષમાર્ગની પર્યાયનું ક્ષેત્ર અને રાગની પર્યાયનું ક્ષેત્ર ભાવ અને કાળ દ્રવ્યથી ભિન્ન છે. સમજાણું કાંઈ? આકરી વાત છે.

વસ્તુ ભગવાન અસંખ્યપ્રદેશી પ્રભુ અનંત ગુણનું ધામ ક્ષેત્ર એ વસ્તુ. એ અપેક્ષાએ એમાં વર્તમાન જે પર્યાય છે મોક્ષ કેવળજ્ઞાનની... સમજાણું કાંઈ? કે મોક્ષમાર્ગની, નિશ્ચય મોક્ષમાર્ગ, એ પર્યાયનું પણ નિશ્ચયથી તો ક્ષેત્ર ને ભાવ ને કાળ જુદા છે. ઝીણી વાત છે. કેમકે અસંખ્ય પ્રદેશમાં જે પ્રદેશમાંથી પર્યાય પ્રગટી છે એટલા પ્રદેશ ત્રિકાળી ધ્રુવથી ભિન્ન ગણવામાં આવ્યા છે. આહા..હા..! આ તો આખરની વાત છે. ભગવાન આત્મા જેટલા અસંખ્ય પ્રદેશમાં ધ્રુવતા છે, પૂર્ણતા છે એ દ્રવ્ય અને જેટલી પર્યાયનો અંશ છે, ચાહે તો નિર્મળતાનો કે રાગનો, રાગની તો વાત ક્યાં છે, એ તો સંવર અધિકારમાં આવ્યું છે. (સંવરનો) અધિકાર તો સમયસારમાં આવ્યો કે રાગ છે એ આત્માની વસ્તુથી, ક્ષેત્રથી ભિન્ન છે. અહીં કહે છે કે એના ક્ષેત્ર છે એમ દર્શાવવું એ વ્યવહાર છે. સમજાણું કાંઈ? સંવર અધિકારમાં આવ્યું છે. પહેલી (ગાથાઓની) ટીકા. પુણ્ય ને પાપ ને વ્યવહાર સમકિત આદિ રાગ વિકલ્પ એ, વસ્તુના ક્ષેત્રથી એનું ક્ષેત્ર જ ભિન્ન છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? પણ એની પર્યાયમાં પર્યાય છે. એના ક્ષેત્રમાં પણ અસ્તિ છે એમ દર્શાવવું વ્યવહાર છે. ગજબ વાત છે!

ફરીને. એક સમયમાં આત્માના બે અંશો છે—એક નિર્મળ પર્યાય અંશ. રાગના અંશનું ક્ષેત્ર તો પર છે, એ તો ભેખ છે. ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ ધ્રુવ અસંખ્યપ્રદેશી સત્‌નું સત્ત્વ એના ક્ષેત્રથી અને એના ભાવથી એક સમયની પર્યાય જે છે એ પર્યાય જેટલામાં ઉત્પન્ન

થાય છે એ પ્રદેશના અંશ છે આ અસંખ્ય માયલા, પણ એ અસંખ્ય પ્રદેશથી આ અંશ ભિન્ન છે. જિનેશ્વરદાસજી! જરી કઠણ છે. આહા..હા..!

અસંખ્ય પ્રદેશ જે છે એ તો પિંડ છે. હવે એ અસંખ્ય પ્રદેશમાં જેટલા પ્રદેશમાં ધ્રુવતા છે, જેટલા પ્રદેશના અંશમાં પર્યાય છે એ ભિન્ન છે. આહા..હા..! પ્રદેશ એક ભાવ છેને? તો ભાવ જેમ ત્રિકાળી સ્વભાવથી ભિન્ન છે, ત્રિકાળી સ્વભાવથી જેમ એક સમયની પર્યાય પણ ભાવ છેને? ત્રિકાળી નથી ભલે, એક સમયનો ભાવ છે, એક સમયના ભાવનું કોઈ ક્ષેત્ર હોય કે નહિ? એકલો ભાવ છે? ઝીણી વાત છે. આહા..હા..! પરથી તો ભિન્ન, પણ પર્યાયથી દ્રવ્ય ભિન્ન. આ આત્માની લીલા, આત્મરામની લીલા છે. અરે! એણે પોતાની નિજ ચીજ અને એક સમયની અવસ્થા કેવી છે એને લક્ષમાં લીધું નથી. કેમકે એ અસંખ્ય પ્રદેશ પિંડ છે એમાં એક અમુક અંશમાંથી પર્યાય ઉત્પન્ન થાય છે. એટલા એ અસંખ્ય ધ્રુવના પ્રદેશથી એક સમયના ક્ષેત્ર જેટલી પર્યાય ઉત્પન્ન થઈ એ ક્ષેત્રને ભિન્ન ગણવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? ઉત્પાદ-વ્યય એ એક પર્યાય છે. મોક્ષની પર્યાય, બંધની પર્યાય એ તો ઉત્પાદ-વ્યયવાળી છે. એ બેય વ્યવહાર છે તો એનું ક્ષેત્ર પણ વ્યવહાર છે. આ નિશ્ચયની અપેક્ષાએ. આ વાત ભારે. હજી તો વ્યવહાર કરતાં-કરતાં ધર્મ થશે એમ માનનારને આ વળી પર્યાય ભિન્ન દ્રવ્યથી. આ શું કહે છે? પાગલ છે કે શું? સાંભળ તો ખરો પ્રભુ!

તારામાં બે ભાવ છે તો એના બે ક્ષેત્ર છે. ભલે અસંખ્યપ્રદેશ માહ્યલું જ એ ક્ષેત્ર છે, અસંખ્યપ્રદેશનો જ ભાગ અંશ છે. પણ એટલો ભેદ થઈ ગયો. જેટલામાં નિર્મળ પર્યાય ઉત્પન્ન થાય છે એ ક્ષેત્ર અને જેમાં ધ્રુવ છે એ ક્ષેત્ર ભિન્ન છે. ભારે કામ ભાઈ! એય..! વકીલજી! કોઈ દિ' સાંભળ્યું ન હોય ત્યાં. વિદિશાને? ગયા હતાને અમે.

મુમુક્ષુ :- અસંખ્યપ્રદેશ...

ઉત્તર :- એ અસંખ્ય પ્રદેશ માહ્યલા એક અંશ એમાં અંશ ભેદ છે. એક ધ્રુવનો અને એક ઉત્પાદ-વ્યયનો. છે અસંખ્ય પ્રદેશ માહ્યલા. પણ એ અસંખ્ય પ્રદેશ છે એમાંથી જેટલા પ્રદેશમાં ધ્રુવતા છે અને એક અંશનો પ્રદેશ ઉત્પન્ન થયો તો એના કોઈ પ્રદેશ છે કે નહિ? તો એ અસંખ્ય પ્રદેશ માહ્યલા એક અંશ જે છે એ ક્ષેત્ર છે. જિનેશ્વરદાસજી! એમાં એ આવ્યું છે, દ્રવ્યદષ્ટિપ્રકાશમાં. ઘણો ખુલાસો કર્યો છે એમાં. દ્રવ્યદષ્ટિપ્રકાશ ભાઈ! વાંચ્યું છે કે નહિ? નથી વાંચ્યું. સોગાની નિહાલચંદભાઈ! એને તો ઉપદેશ કરવાનો નહોતો તો આમ ચર્ચા થઈ તો વાત આવી ગઈ. એમાં પણ તકરાર. અરે.. ભાઈ! આ તકરાર મટાડવાની ચીજ છે, તકરાર થવાની-રાખવાની ચીજ નથી.

મૂળ ચીજની વાત જ ગુમ થઈ ગઈ અને બહારની થોથાની વાત. આમ કરો. પ્રતિષ્ઠાચાર્ય! પણ તારી પ્રતિષ્ઠા કોણ છે? એ આવે છેને ૧૬મી ગાથામાં ભાઈ આવે છેને? પુણ્ય અને

પાપના વિકલ્પ આત્મામાં પ્રતિષ્ઠા પામતા નથી. એવો પાઠ છે. ૧૬મી ગાથાનો કળશ છે. સમજાણું કાંઈ? વ્યવહારના વિકલ્પ સ્વસ્વભાવમાં પ્રતિષ્ઠા પામતા નથી. એ પર છે, બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવ (પર છે). આહા..હા..! સમજાણું કાંઈ? ૧૬મી ગાથામાં છેને. છે જુઓ. આ તો આ ભાઈ પ્રતિષ્ઠાચાર્ય છેને. એ શબ્દ આવી ગયો. આવી ગયો મગજમાં.

'**न हि विदधति**' ૧૧મો કળશ છે, ૧૧મો કળશ છે. પાનું-૪૧. ૪ અને ૧. કળશ-૧૧. '**જગતના પ્રાણીઓ...**' હે જગતના જીવો! છે? '**એ સમ્યક્ સ્વભાવનો અનુભવ કરો...**' ભગવાન આનંદમૂર્તિ પ્રભુ એનો અનુભવ કરો. છે તો એ અનુભવ પર્યાય. '**કે જ્યાં આ બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવો સ્પષ્ટપણે તે સ્વભાવના ઉપર તરે છે...**' બદ્ધ રાગાદિનો, વિશેષ આદિના ભાવો ઉપર તરે છે. અનિત્ય પર્યાય ઉપર તરે છે. '**તોપણ (તેમાં) પ્રતિષ્ઠા પામતા નથી,...**' છે? ભાઈ! પાઠમાં છે, પાઠ છેને.

**न हि विदधति बद्धस्पृष्टभावादयोऽमी**
**स्फुटमुपरि तरन्तोऽप्येत्य यत्र प्रतिष्ठाम्।**
**अनुभवतु तमेव द्योतमानं समन्तात्**
**जगदपगतमोहीभूय सम्यक्स्वभावम्।।११।।**

અહો..! ભગવાન આત્માનો ત્રિકાળી સ્વભાવ એમાં રાગ અને બદ્ધસ્પૃષ્ટ આદિ પ્રતિષ્ઠા પામતા નથી. આહા..હા..! ભૈયાજી! એવી વાત છે, ભગવાન! આ તો સર્વજ્ઞથી વસ્તુ સિદ્ધ થયેલી છે, આ કોઈ કલ્પનાની વાત નથી. આમ હશે, આમ હોવું જોઈએ. આમ હશે નહિ, આમ જ છે. સમજાણું કાંઈ? '**न प्रतिष्ठाम्**' છે? '**પ્રતિષ્ઠા પામતા નથી,** કારણ કે **દ્રવ્યસ્વભાવ તો નિત્ય છે, એકરૂપ છે અને આ ભાવો અનિત્ય છે, અનેકરૂપ છે; પર્યાયો દ્રવ્યસ્વભાવમાં પ્રવેશ કરતા નથી,...**' હવે શું કરવું છે તમારે? જુઓ. છે કે નહિ એમાં? પર્યાય જે પ્રગટ થાય છે એ પર્યાય દ્રવ્યમાં પ્રવેશ કરતી નથી. અબદ્ધસ્પૃષ્ટ આદિ અબદ્ધસ્પૃષ્ટ આદિ પર્યાય થઈ. અબદ્ધસ્પૃષ્ટના આશ્રયે અબદ્ધસ્પૃષ્ટ પર્યાય થઈ એ પણ અનિત્ય છે. એ ત્રિકાળી દ્રવ્યમાં પ્રવેશ પામતી નથી.

મુમુક્ષુ :- આ ગ્રંથ તો સોનગઢથી છપાણો છે.

ઉત્તર :- છપાયો છે પણ કોનો છે આ? આ તો બે હજાર વર્ષ થયા.

મુમુક્ષુ :- નિર્માતા તો એ જ છે.

ઉત્તર :- એ જ છે. કુંદકુંદાચાર્ય નિર્માતા, અમૃતચંદ્રાચાર્ય નિર્માતા. નાથ! અંતરની વાણી છે. એને કોઈ બીજા છપાવે એમાં શું? આહા..હા..! એ પાઠમાં છે કે નહિ જુઓને.

'**जगत् तम् एव सम्यक्स्वभावम् बद्धस्पृष्टभाव न हि विदधति**' એ રાગાદિ ભાવ, સંસારભાવ... આહા..હા..! એ વ્યવહારરત્નત્રયનો વિકલ્પભાવ એ નિત્ય ધ્રુવમાં પ્રવેશ કરતા

નથી. એમ અહીં તો લેવું છે. વધારે લેવું હોય તો **નિર્મળ** પર્યાય પ્રગટ થાય એ પણ દ્રવ્યમાં પ્રવેશ **નથી** કરતી. સમજાણું કાંઈ? આહા..હા..! આવી ચીજ સાંભળવા મળે **નહિ**, વિચારમાં આવે **નહિ**, રુચિ ક્યારે કરે? અને પરિણમન ક્યારે કરે? સમજાણું કાંઈ? ત્રણ લોકનો નાથ પરમાત્મા... આહા..હા..! અનંતા-અનંતા સિદ્ધોની દશા જેના ગર્ભમાં-પેટમાં-શક્તિમાં છે. એવો ભગવાન આત્મા જે પર્યાયે સ્વીકાર કર્યો એ પર્યાય અંદર પ્રવેશ **નથી** કરતી. કહો, ભીખાભાઈ! હવે ક્યાં માગવું રહ્યું એણે? આહા..હા..!

અહીં તો ખુલાસો કર્યો છે કે '**આ ભાવો અનિત્ય છે, અનેકરૂપ છે; પર્યાયો દ્રવ્યસ્વભાવમાં પ્રવેશ કરતા નથી,...**' પ્રતિષ્ઠા **નથી** પામતી. આહા..હા..! બંધનો જ અભાવ સિદ્ધ થશે. '**વળી પરમાર્થ દ્વારા રાગ-દ્વેષ-મોહથી જીવ ભિન્ન દર્શાવવામાં આવતો હોવાથી, 'રાગી, દ્વેષી, મોહી જીવ કર્મથી બંધાય છે...**' રાગ-દ્વેષ કે મોહ એ પર્યાયમાં છે એમ સિદ્ધ કરવું એ પણ વ્યવહાર છે. કર્મથી બંધાય છે એ વ્યવહાર થઈ ગયો. પરથી બંધાય એ તો અસદ્ભુત વ્યવહાર છે. આ તો ખરેખર અસદ્ભુત વ્યવહાર તો આ થયો. અધ્યાત્મદૃષ્ટિમાં રાગ અને પુણ્યથી બંધાયો છે એ અસદ્ભુત વ્યવહાર છે. કર્મથી બંધાયો છે એ તો આગમની અસદ્ભુત અનુપચારનય છે એ બીજી વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે ''**રાગી, દ્વેષી, મોહી જીવ કર્મથી બંધાય છે...**' આવા જીવ રાગવાળા, મિથ્યાત્વવાળા એને બંધન છે. '**તેને છોડાવવો**'...' તેને છોડાવવો. બંધ છે એને છોડાવવો છે કે બંધ **નથી** એને છોડાવવો? બંધ છે એ વ્યવહાર થયો. એમાં પર્યાયમાં બંધ છે કે આ દ્રવ્યની પર્યાયમાં બંધ છે એટલું બતાવવું છે. સમજાણું કંઈ? એ પર્યાયમાં રાગાદિ બંધ ન હોય તો રાગથી છોડાવવાનો મોક્ષનો ઉપાય એ પણ વ્યવહાર છે એ સિદ્ધ **નહિ** થાય. વ્યવહારથી બંધ અને વ્યવહારથી મુક્તિ એવો વ્યવહારનયનો વિષય છે જ **નહિ** એમ કહો તો છોડાવવાનો ઉપાય પણ **નહિ** રહે તો એનું ફળ મોક્ષ પણ રહેશે **નહિ**. ઝીણી વાત તો છે પ્રભુ! આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છૂટી જ ગયો, છૂટેલો જ પડ્યો છે, બંધાયેલો ક્યાં છે? ઓહો..! એ તો ભગવાન તો કહે છે કે એને બંધ માનવો એ મિથ્યાત્વભાવ છે. એ તો અબદ્ધસ્વરૂપ છે. સમજાણું કાંઈ?

'**એમ મોક્ષના ઉપાયના ગ્રહણનો અભાવ થશે અને તેથી મોક્ષનો** જ **અભાવ થશે.**' રાગથી અટક્યો છો, રોકાણો છે એવો વ્યવહાર જો સિદ્ધ **નહિ** કરે તો રાગથી છૂટીને મોક્ષનો ઉપાય જ સિદ્ધ **નહિ** થાય, તો એનું ફળ મોક્ષ પણ સિદ્ધ **નહિ** થાય. '**આમ જો વ્યવહારનય ન દર્શાવવામાં આવે તો બંધ-મોક્ષનો અભાવ ઠરે છે.)**' રાગથી

બંધ છે અને રાગના અભાવથી મુક્તિ છે એ વાત સિદ્ધ થશે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ-૭, બુધવાર, તા. ૧૬-૦૮-૧૯૭૨**
**ગાથા-૪૬ થી ૪૮, પ્રવચન-૧૩૪**

**નોંધ :- પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

૪૬ ગાથા એનો ભાવાર્થ ચાલે છે. સૂક્ષ્મ વાત છે થોડી. વ્યવહાર સિદ્ધ કરવો છેને અહીંયા?

'**ભાવાર્થ :- પરમાર્થનય તો જીવને શરીર...**' ભગવાન આત્માને પરમાર્થથી જુઓ તો એ '**શરીર તથા રાગદ્વેષમોહથી ભિન્ન કહે છે.**' શરીર પણ એમાં નથી. શરીર સહિત પણ નથી, રાગદ્વેષમોહ એમાં નથી અને રાગદ્વેષમોહ સહિત નથી. સમજાણું કાંઈ? પરમાર્થનય તો ખરેખર વસ્તુને દેખનારી નય એનાથી તો ભગવાન આત્મા શરીર અને રાગ-દ્વેષ-મોહથી તો ભિન્ન કહ્યો છે. સવારમાં તો બહુ આવ્યું હતું. જ્ઞાનીને શરીર તો નથી, સંસાર નથી. વ્યવહાર વિકલ્પ ઉઠે છે એ જ્ઞાનીનો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? છતાં પર્યાયમાં જે કમી છે અને રાગાદિ છે એ વ્યવહારથી જાણવાલાયક છે, વસ્તુ છે, નથી એમ નહિ. પર્યાયનું લક્ષ કરવાથી એમાં જેટલી પર્યાયમાં કચાશ છે અને રાગાદિ છે એટલો વ્યવહાર છે. એક બાજુ કહે કે નિશ્ચયથી નથી, વળી વ્યવહારથી વ્યવહાર છે. આ અનેકાંત, અનેકાંત દૃષ્ટિ. સમજાણું કાંઈ?

'**જો તેનો એકાંત કરવામાં આવે...**' ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ, શરીરનો સંયોગ અને રાગ-દ્વેષની વિકારી વિભાવિક પરિણતિ એનો જો એકાંત કરે '**તો શરીર તથા રાગદ્વેષમોહ પુદ્‌ગલમય ઠરે...**' તો શરીર અને રાગ-દ્વેષના પુણ્ય-પાપના ભાવ એ બધા પુદ્‌ગલ ઠરશે, પુદ્‌ગલ ઠરશે. પરમાર્થે તો એ પોતાના છે નહિ. '**અને તો પછી પુદ્‌ગલને ઘાતવાથી હિંસા થતી નથી...**' શરીર જ્યારે પુદ્‌ગલ ઠરે, નિશ્ચયથી તો એમ જ છે, પણ વ્યવહારથી પણ

શરીરને એકલું પુદ્‌ગલ ઠરાવે તો શરીરને મારવાથી હિંસા થાય છે એમ સિદ્ધ નહિ થાય. સમજાણું કાંઈ? શરીરનો ભગવાન આત્માને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. નથી એમ નહિ. પરમાર્થ દષ્ટિથી એમાં નથી. આહા..હા..! ઘડીકમાં નથી અને વળી કહે હા. આ અનેકાંત વસ્તુ છે.

કહે છે કે શરીર અને રાગ-દ્વેષ-મોહને જો એકલા પુદ્‌ગલ કહો તો '**પુદ્‌ગલને ઘાતવાથી હિંસા થતી નથી...**' એક વાત. '**રાગદ્વેષમોહથી બંધ થતો નથી.**' કારણ કે રાગ-દ્વેષ-મોહ છે નહિ અંદરમાં. તો ભાવબંધ અને દ્રવ્યબંધ પણ કાંઈ સિદ્ધ થતો નથી. '**આમ, પરમાર્થથી જે સંસાર-મોક્ષ બન્નેનો અભાવ કહ્યો છે...**' પરમાર્થ વસ્તુમાં તો ભગવાન આત્મામાં સંસારની પર્યાય પણ નથી અને મોક્ષની પર્યાય પણ નથી. કેમકે એ તો પર્યાય છે, ત્રિકાળ દ્રવ્યમાં તો છે નહિ. સમ્યગ્દર્શનનો વિષય જે ત્રિકાળી ધ્રુવ સ્વરૂપ એમાં તો બંધપર્યાય અને મોક્ષ બેય નથી. આહા..હા..! બંધ અને મોક્ષ તો વ્યવહારનયનો વિષય છે. છે. પંડિતજી! ઘડીકમાં કહે કે નથી. સવારે તો બધું ઉડાવી દીધું હતું. સમ્યગ્દર્શન સ્વરૂપ પોતાની ચીજ જે પરમાર્થ વસ્તુ છે એમાં તો શરીર નથી, રાગદ્વેષનો સંબંધ પણ નથી. ઓહો..! અરે! એમાં ત્રિકાળી ચીજમાં જે દષ્ટિનો વિષય છે પરમાર્થસ્વરૂપ, એમાં તો બંધ-મોક્ષની પર્યાય પણ સિદ્ધ નથી થતી. રાગમાં રોકાવું અને રાગનું છૂટવું એ બંને વ્યવહાર છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ સચ્ચિદાનંદ સ્વરૂપ એ રાગમાં અટક્યો ન હોય તો સંસાર કોનો? જડનો છે? એમ અહીંયાં સિદ્ધ કરવું છે. ભીખાભાઈ! ભારે વાત! પ્રભુ છે તો બંધ અને મોક્ષથી રહિત દ્રવ્ય વસ્તુ. પરમાર્થથી તો વસ્તુ અખંડાનંદ છે પણ એની પર્યાયમાં, અવસ્થામાં શરીરનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ન હોય તો પુદ્‌ગલનો ઘાત કરવાથી જેમ હિંસા નથી, એમ શરીરનો ઘાત કરવાથી હિંસા નથી થતી. કહો, ધન્નાલાલજી! ૪૬ ગાથા એવી છે. વ્યવહારનયનો વિષય છે. જાણવા લાયક નથી એમ નહિ. આહા..હા..!

'**તે જ એકાંતે ઠરશે.**' બંનેનો અભાવ કહ્યો ત્યાં એકાંતે એ ઠરશે. એટલે? ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એ રાગમાં અવસ્થામાં રોકાણો છે એ સિદ્ધ નહિ થાય અને રાગથી રહિત થઈને મુક્તાત્માની પૂર્ણાનંદ દશા એ પણ એકાંત ગ્રહણ કરવાથી સિદ્ધ નહિ થાય. '**પરંતુ આવું એકાંતરૂપ વસ્તુનું સ્વરૂપ નથી;...**' સમજાણું કાંઈ? ભગવાન પરમાર્થદષ્ટિથી, નિશ્ચયદષ્ટિથી પૂર્ણાનંદ અખંડ અભેદ એક ચીજ છે પણ એની પર્યાયમાં જ્યાં સુધી રાગનો સંબંધ અને શરીરનો સંબંધ છે એટલો જો સ્વીકાર ન કરે તો શરીરને પુદ્‌ગલ કહો તો શરીરનો નાશ થતા આત્મામાં જરા દુઃખ થાય છે એ સંબંધમાં તો એ હિંસા નહિ થાય. સમજાણું કાંઈ? આ તો શાંત ચિત્તે સમજવાની ચીજ છે. ત્યારે કહે કે પરમાર્થે બંધ-મોક્ષ છે જ

નહિ. પણ બંધ-મોક્ષ છે કે નહિ? પર્યાયમાં રાગનું રોકાવું અને રાગનો અભાવ થઈને પરમાનંદની દશા પ્રગટ થવી એ વ્યવહારનો વિષય પર્યાય છે. પંડિતજી! ભારે ભાઈ!

**'આવું એકાંતરૂપ વસ્તુનું સ્વરૂપ નથી; અવસ્તુનું શ્રદ્ધાન,...' 'અવસ્તુનું શ્રદ્ધાન, જ્ઞાન, આચરણ અવસ્તુરૂપ જ છે.'** જેનાથી ખસવું છે એ ચીજ કોઈ અંદર છે કે નહિ? રાગથી હટવું છે તો એ રાગ છે કે નહિ? આહા..હા..! અને શરીરથી રહિત છે તો શરીર કોઈ સંબંધમાં, નિમિત્તમાં છે કે નહિ? સમજાણું કાંઈ? છે એટલું સિદ્ધ કરવું છે હોં! વ્યવહાર આશ્રય કરવા લાયક છે કે વ્યવહારને આશ્રયે ધર્મ થશે એ પ્રશ્ન નથી. ભારે જૈનદર્શન. ઇન્દ્રજાળ જેવું છે. લખ્યું છે કે નહિ?

ભગવાન! વસ્તુનું સ્વરૂપ જ એવું છે. બંધ, મોક્ષ, શરીર, રાગાદિ એ ચેતનમૂર્તિ ભગવાન ધ્રુવ સ્વરૂપ નિત્યાનંદ અસ્તિ મહાપ્રભુ એમાં તો છે નહિ. જો એમાં હોય, ત્રિકાળી વસ્તુ રાગરૂપ થઈ જાય તો બંધરૂપ થઈ જાય. સમજાણું કાંઈ? ત્રિકાળી વસ્તુ રાગરૂપ કદી થતી નથી. એ તો જ્ઞાયકભાવ... જ્ઞાયકભાવ... જ્ઞાયક ત્રિકાળી જ્ઞાયકભાવપણે બિરાજમાન છે. આહા..હા..! ભારે ઝીણું! પર્યાયમાં રાગાદિક ન હોય, એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌ ઇન્દ્રિય, પંચેન્દ્રિય આદિ કહે છેને? તો પરમાર્થે તો દ્રવ્યસ્વરૂપ તે જ જીવ છે.

મુમુક્ષુ :- પર્યાયનું આટલું બધું કામ શું છે?

ઉત્તર :- (પર્યાય) છે કે નહિ? એય..! ચેતનજી! ક્યાં ગયા? કાલે ચેતનજી લાવ્યા હતા, બરાબર છે એક વાત. એમ કે તીર્થંકરગોત્ર બંધાય એ વખતે સંક્લેશ પરિણામ પણ હોય. સંક્લેશ પરિણામ હોય એમાં પણ તીર્થંકરગોત્ર બંધાય. વાત સાચી.

મુમુક્ષુ :- ધવલમાં આવે છે.

ઉત્તર :- હા ધવલમાં આવે છે. શુભયોગ હોય તો જ તીર્થંકરગોત્ર બંધાય એવું કાંઈ નથી. વાત સાચી છે. ધવલમાં ખુલાસો છે. પરિણામ એ જાતના બંધની પ્રકૃતિ છે તો બંધાય જ છે. સંક્લેશ પરિણામના સ્થાનમાં અશુભમાં હોય. છેને. આ કૃષ્ણને ત્યાં નથી? પણ આ કાપૂતમાં તો તીર્થંકરગોત્ર બંધાય છે. નીચે કૃષ્ણ છે ત્યાં તીર્થંકરગોત્રનો બંધ નથી. પણ ત્યાં સમકિત તો થાય છેને. સાતમી નરકમાં, રવ-રવ નરકમાં પણ આત્મજ્ઞાન થાય છે.

મુમુક્ષુ :- ત્યાં તો કૃષ્ણ લખ્યું છે.

ઉત્તર :- ત્યાં કૃષ્ણ લખ્યું છે. છતાં કૃષ્ણ ... એવો કૃષ્ણ એક મંદ હોય કે જેને શુભયોગ કહેવામાં આવે છે. જરીક આમ .. એવી વાત છે.

એ વસ્તુ એવી ચીજ કે જેમાં તો પર્યાય વર્તમાન અવસ્થા એક સમયની એમાં પણ એનો તો અભાવ છે. પણ એનો અભાવ એકાંત માનો અને પર્યાય પર્યાય તરીકે નથી તો

એનો (સર્વથા) અભાવ (થતાં) એમાં છે એ વાત સિદ્ધ નહિ થાય. સમજાણું કાંઈ? જૈનદર્શન સર્વજ્ઞથી સિદ્ધ થયેલું અનુભવમાં આવે એવું. અનુભવમાં આવે એવું. એવું તો ગુજરાતી ભાષા છે. આહા..હા..! વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે એમ આવ્યુંને? તો વ્યવહાર કોઈ છે કે નહિ? રાગાદિ છે, શરીરમાં નિમિત્ત સંબંધ છે એ જાણવાલાયક છે. આદરવાલાયક તો ત્રિકાળી ભગવાન જ્ઞાયકભાવ એનું શરણ લેવાથી જ આત્માની પ્રાપ્તિ થશે. સમજાણું કાંઈ? કોઈ વ્યવહારના આશ્રયે શરણ લેવા જાય તો રાગ છે વ્યવહાર અને પર્યાય સમકિત પર્યાયનો આશ્રય લેવાથી તો રાગ ઉત્પન્ન થાય છે. પણ છે ખરી ચીજ. આહા..હા..!

આસ્રવ અધિકારમાં તો ત્યાં સુધી લીધું છે કે જઘન્ય પરિણમનમાં બંધ છે. એક કોર બંધની ના પાડી કે સમકિતીને બંધ છે જ નહિ. બીજે ઠેકાણે વળી એમ કહે કે જઘન્ય પરિણમન જ્યાં સુધી છે ત્યાં સુધી તેને હિનદશામાં બંધ પણ થોડો થાય છે. આહા..હા..! ચૈતન્યની લીલા એવી છે. ભગવાન આત્મા પૂર્ણાનંદ અને પૂર્ણ જ્ઞાન, આનંદ આદિ, વીર્ય આદિ શાંતિથી પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... વસ્તુ છે. એમાં તો રાગ પણ નથી, બંધ પણ નથી, મોક્ષની પર્યાય પણ નથી. એ બધી પર્યાય (છે). પર્યાયમાં જે કાર્ય થાય છે એ તો પર્યાય છે. આ તો ત્રિકાળી ચીજ પ્રભુ છે. એનો આશ્રય લેવાથી ધર્મ થાય છે, પણ આશ્રય લેનારી પર્યાય છે કે નહિ? આહા..હા..! સમજાણું કાંઈ? અનુભૂતિ થાય એ અનુભૂતિ વર્તમાન પર્યાયને એમાં લાવવાથી અનુભૂતિ થાય છે. એ અનુભૂતિ પર્યાય છે કે વસ્તુ છે? પર્યાય છે. જો એનો નિષેધ કરે તો પર્યાય જે આશ્રય કરે છે એની વાત સાબિત થતી નથી. આહા..હા..! ભારે વાતું ભાઈ!

**'અવસ્તુનું શ્રદ્ધાન, જ્ઞાન, આચરણ અવસ્તુરૂપ જ છે. માટે વ્યવહારનયનો ઉપદેશ ન્યાયપ્રાપ્ત છે.'** રાગનો સંબંધ પર્યાયદૃષ્ટિથી છે, વ્યવહારદૃષ્ટિથી શરીરનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે એવો ઉપદેશ ન્યાયપ્રાપ્ત છે. એ જાણવાલાયક છે એવી વાત સિદ્ધ કરવી એ બરાબર છે. પણ વ્યવહારનો આશ્રય કરવો અને વ્યવહારથી ધર્મ થાય એ વાત નથી. કહો, સમજાણું કાંઈ? **'આ રીતે સ્યાદ્વાદથી બન્ને નયોનો વિરોધ મટાડી...'** વસ્તુમાં નથી, દૃષ્ટિના વિષયમાં નથી, પણ જે દૃષ્ટિ છે એ પર્યાય અભેદ સ્વભાવથી ભિન્ન છે. આહા..હા..! એ છે. અવસ્થા જેમાં બદલવું-બદલવું (થાય છે). નિત્ય પરિણામી વસ્તુ છે. એકલી કૂટસ્થ છે એ તો ધ્રુવ તરીકે કૂટસ્થ છે. કાર્ય કરવું છે. દુઃખનો ભાવ છે કે નહિ? આત્યંતિક દુઃખથી મુક્ત થાઓ તો એનો અર્થ શું થયો? કે એની દશામાં દુઃખ છે. એ વ્યવહાર છે. અને એનાથી રહિત થવું હોય તો ત્રિકાળ સ્વભાવના આશ્રયથી રહિત થવાય એ દશા પણ વ્યવહાર છે. આહા..હા..! છે ખરો. મોક્ષમાર્ગ, નિશ્ચય મોક્ષમાર્ગ પણ વ્યવહાર છે. એક સમયની પર્યાય છેને? ત્રિકાળ વસ્તુ ભગવાન આત્માની અપેક્ષાએ એક સમયની પર્યાય તો વ્યવહાર છે. ત્રિકાળ

વસ્તુ છે જે આશ્રય કરવાલાયક છે એ તો નિશ્ચય પરમાર્થ છે. સમજાણું કાંઈ?

**'આ રીતે સ્યાદ્વાદથી...'** બેયને અપેક્ષાથી સમજવું જોઈએ. એકાંત કહે કે રાગનો સંબંધ પર્યાયમાં છે જ નહિ. સંસારદશા દશામાં છે નહિ એવો એકાંત નથી. સંસારદશામાં ન હોય રાગ... ઉદયભાવ સંસાર છે, એ પર્યાયમાં ન હોય તો નિષેધ કરીને, લક્ષ છોડીને અંદરમાં જાવું છે એ વસ્તુ સિદ્ધ નહિ થાય. અરે..! ભારે કઠણ આવું! સમજવું... સમજવું... સમજવું... એ જ્ઞાનનો પિંડ પ્રભુ છે, પ્રજ્ઞાબ્રહ્મ છે. તો એને સમજવું એ જ વસ્તુ છે. રાગ-દ્વેષ, વિકાર, સંસાર, ઉદયભાવ (એ પર્યાય છે). એ તત્ત્વાર્થસૂત્રમાં આવ્યુંને, બીજા ભાગમાં. બીજું અધ્યયન પહેલો ભાગ. પાંચ ભાવ જીવતત્ત્વ છે એમ લીધું છે. ઉદય રાગાદિ જીવતત્ત્વ છે, મિથ્યાત્વ જીવતત્ત્વ છે એમ ત્યાં કહ્યું, લ્યો. છે? તત્ત્વાર્થસૂત્ર તો બહુ ચાલે છે દશલક્ષણી પર્વમાં. ચાલે, એમ ને એમ હાંકે રાખે ગાડા, સમજે નહિ કે શું ચીજ છે. પંડિતજી! દશલક્ષણી પર્વમાં ચાલે. પણ સત્ય શું છે એ સમજ્યા વિના હાંકે જાય ગાડા.

મુમુક્ષુ :- રોજ કરવું પડે.

ઉત્તર :- એનો અર્થ શો? એક જ વાત, એક જ ભાવ ભલે પૂરો હોય, પણ સત્ય હોવું જોઈએને.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ મોક્ષમાર્ગ એ પણ પર્યાયથી વાત વ્યવહારનયથી કરી છે. સમજાણું કાંઈ? ભેદથી કહી છે. સમ્યગ્દર્શન-જ્ઞાન એ નિશ્ચય છે પણ ત્રણ પર્યાયનો ભેદ કરીને જે કહ્યું એ વ્યવહાર છે. ભારે ઝીણી વાત, ભાઈ! સમજાણું કાંઈ? ભગવાન અખંડાનંદ પ્રભુ એ તો પરમાર્થ દૃષ્ટિનો વિષય નિશ્ચય છે, પણ જ્ઞાન છે, દર્શન છે, આનંદ છે, એવો ભેદ છે કે નહિ? ભેદ ન હોય તો અભેદમાં ભેદ નથી એવો નિષેધ કોણ કરે? સમજાણું કાંઈ? ભેદ હો, ચૌદ ગુણસ્થાન આવ્યાને? માર્ગણા અને એ બધું આવ્યુંને? પર્યાયદૃષ્ટિએ ભેદ છે. વર્તમાનને જુઓ તો એમાં ભેદ આદિ છે. જો એમ ન હોય તો એ સિદ્ધ કરતા એકલો પરમાર્થ સિદ્ધ થતાં રાગ-દ્વેષનો ભાવ સિદ્ધ નહિ થાય અને એનો અભાવ કરવો એ બંને સિદ્ધ નહિ થાય. આહા..હા..! **'બન્ને નયોનો વિરોધ મટાડી શ્રદ્ધાન કરવું તે સમ્યક્ત્વ છે.'** પણ એનો અર્થ એવો નથી કે વ્યવહારથી પણ ધર્મ થાય છે અને નિશ્ચયથી પણ થાય છે.

મુમુક્ષુ :- ત્યારે વિરોધમાં છેને.

ઉત્તર :- એ વિરોધ છે એ મટે નહિ. નિશ્ચયથી ધર્મ થાય છે અને વ્યવહાર છે, પણ એના આશ્રયે ધર્મ થતો નથી એનું નામ અનેકાંત છે. ભારે વાત ભાઈ! આહા..હા..! 'દો નયે જગત ભરમાયા હૈ.' એ આવે છે સમયસાર નાટકમાં. બનારસીદાસ. પોતાની ચીજ અંદર શું છે એની ખબર નથી. વ્યવહારથી સમજાવે છે તો વ્યવહાર છે. અનુસરણ કરવા

લાયક નથી. એ સમયસાર આઠમી ગાથામાં આવ્યું છે. ઓલી એક ભૂલી થઈ ગઈ છે ભાઈ કે અનાર્ય તો કુંદકુંદાચાર્યે કહ્યું અને અમૃતચંદ્રાચાર્યે મ્લેચ્છ કહ્યું છે. અનાર્ય.

મુમુક્ષુ :- અનાર્ય તો કુંદકુંદાચાર્યે કહ્યું.

ઉત્તર :- અમૃતચંદ્રાચાર્યે એને મ્લેચ્છ કહ્યું. '**जह ण वि सक्कमणज्जो**' એમ કહ્યું ત્યાં. વ્યવહાર વિના વસ્તુની સ્થિતિ બતાવી શકાતી નથી એ કારણે વ્યવહાર બતાવવા માટે છે, પણ એ વ્યવહાર અનુસરવા લાયક નથી. એમાં એ આવ્યું છે. અનુસરવા લાયક નથી. ગાથામાં છે.

મુમુક્ષુ :- 'व्यवहारनयो नानुसर्तव्यः'

ઉત્તર :- હા, 'नानुसर्तव्यः'. આહા..હા..! પણ છે એને 'नानुसर्तव्य' કે નથી એને 'नानुसर्तव्यः'? આહા..હા..!

મુમુક્ષુ :- એક હજાર વર્ષ પછી આટલો ફેર પડી ગયો. એ અનાર્ય કહે છે આ...

ઉત્તર :- મ્લેચ્છ કહે છે. એ વખતે જરી ફેર પડ્યો હતો. .. હતુંને. મ્લેચ્છ કુંદકુંદાચાર્યે કહ્યું અને અનાર્ય આણે કહ્યું. ભાષા એવી આવી હતી. પછી ખ્યાલ આવ્યો. પહેલા અનાર્ય કહ્યું, હજાર વર્ષ પછી એને મ્લેચ્છ કહ્યું. સમજાણું કાંઈ? સંતોની ભાષામાં ફેર છે પણ એમાં શું ફેર છે એ સમજવું જોઈએને? આહા..હા..!

કહે છે કે '**બન્ને નયોનો વિરોધ મટાડી શ્રદ્ધાન કરવું તે સમ્યક્ત્વ છે.**' સ્યાત્ અપેક્ષાએ કથન છે. પરમાર્થથી રાગ અને શરીરરહિત છે એ પણ અપેક્ષા છે (એ) નિશ્ચયનયની અપેક્ષા અને વ્યવહારમાં રાગ અને શરીર સંબંધ છે એ વ્યવહારનયની અપેક્ષા. બેયને જેમ છે એમ સમજવું, જ્ઞાન કરવું એ યથાર્થ છે. સમજાણું કાંઈ? લ્યો એ પૂરી થઈ.

---

## ગાથા-૪૭-૪૮

अथ केन दृष्टान्तेन प्रवृत्तो व्यवहार इति चेत्—

राया हु णिग्गदो त्ति य एसो बलसमुदयस्स आदेसो।
ववहारेण दु उच्चदि तत्थेक्को णिग्गदो राया।४७।।
एमेव य ववहारो अज्झवसाणादिअण्णभावाणं।
जीवो त्ति कदो सुत्ते तत्थेक्को णिच्छिदो जीवो।।४८।।
राजा खलु निर्गत इत्येष बलसमुदयस्यादेशः।
व्यवहारेण तूच्यते तत्रैको निर्गतो राजा।।४७।।

एवमेव च व्यवहारोऽध्यवसानाद्यन्यभावानाम्।
जीव इति कृतः सूत्रे तत्रैको निश्चितो जीवः।।४८।।

यथैष राजा पंच योजनान्यभिव्याप्य निष्क्रामतीत्येकस्य पंच योजनान्यभिव्याप्तुमशक्यत्वाद्व्यवहारिणां बलसमुदाये राजेति व्यवहारः, परमार्थतस्त्वेक एव राजा; तथैष जीवः समग्रं रागग्राममभिव्याप्य प्रवर्तत इत्येकस्य समग्रं रागग्राममभिव्याप्तुमशक्यत्वाद्व्यवहारिणामध्यवसानादिष्वन्यभावेषु जीव इति व्यवहारः, परमार्थतस्त्वेक एव जीवः।

---

હવે શિષ્ય પૂછે છે કે આ વ્યવહારનય કયા દૃષ્ટાંતથી પ્રવર્ત્યો છે? તેનો ઉત્તર કહે છે :-

'નિર્ગમન આ નૃપનું થયું'-નિર્દેશ સૈન્યસમૂહને,
વ્યવહારથી કહેવાય એ, પણ ભૂપ એમાં એક છે; ૪૭.
ત્યમ સર્વ અધ્યવસાન આદિ અન્યભાવો જીવ છે,
-સૂત્રે કર્યો વ્યવહાર, પણ ત્યાં જીવ નિશ્ચય એક છે. ૪૮.

ગાથાર્થ :— જેમ કોઈ રાજા સેના સહિત નીકળ્યો ત્યાં [राजा खलु निर्गतः] 'આ રાજા નીકળ્યો' [इति एषः] એમ આ જે [बलसमुदयस्य] સેનાના સમુદાયને [आदेशः] કહેવામાં આવે છે તે [व्यवहारेण तु उच्यते] વ્યવહારથી કહેવામાં આવે છે, [तत्र] તે સેનામાં (વાસ્તવિકપણે) [एकः निर्गतः राजा] રાજા તો એક જ નીકળ્યો છે; [एवम् एव च] તેવી જ રીતે [अध्यवसानाधन्यभावानाम्] અધ્યવસાન આદિ અન્યભાવોને [जीवः इति] '(આ) જીવ છે' એમ [सूत्रे] પરમાગમમાં કહ્યું છે તે [व्यवहारः कृतः] વ્યવહાર કર્યો છે, [तत्र निश्चितः] નિશ્ચયથી વિચારવામાં આવે તો તેમનામાં [जीवः एकः] જીવ તો એક જ છે.

ટીકાઃ- જેમ આ રાજા પાંચ યોજનના ફેલાવથી નીકળી રહ્યો છે એમ કહેવું તે, એક રાજાનું પાંચ યોજનમાં ફેલાવું અશક્ય હોવાથી, વ્યવહારી લોકોનો સેનાસમુદાયમાં રાજા કહેવારૂપ વ્યવહાર છે; પરમાર્થથી તો રાજા એક જ છે, (સેના રાજા નથી); તેવી રીતે આ જીવ સમગ્ર રાગગ્રામમાં (-રાગનાં સ્થાનોમાં) વ્યાપીને પ્રવર્તી રહ્યો છે એમ કહેવું તે, એક જીવનું સમગ્ર રાગગ્રામમાં વ્યાપવું અશક્ય હોવાથી, વ્યવહારી લોકોનો અધ્યવસાનાદિક અન્યભાવોમાં જીવ કહેવારૂપ વ્યવહાર છે; પરમાર્થથી તો જીવ એકજ છે, (અધ્યવસાનાદિક ભાવો જીવ નથી).

## ગાથા-૪૭-૪૮ ઉપર પ્રવચન

'હવે શિષ્ય પૂછે છે કે આ વ્યવહારનય કયા દૃષ્ટાંતથી પ્રવર્ત્યો છે?' વ્યવહાર સિદ્ધ કર્યોને? તો એનું કોઈ દૃષ્ટાંત છે? કહે છે, છે. સાંભળ!

राया हु णिग्गदो त्ति य एसो बलसमुदयस्स आदेसो।
ववहारेण दु उच्चदि तत्थेक्को णिग्गदो राया।।४७।।
एमेव य ववहारो अज्झवसाणादिअण्णभावाणं।
जीवो त्ति कदो सुत्ते तत्थेक्को णिच्छिदो जीवो।।४८।।
**'નિર્ગમન આ નૃપનું થયું'-નિર્દેશ સૈન્યસમૂહને,**
**વ્યવહારથી કહેવાય એ, પણ ભૂપ એમાં એક છે; ૪૭.**
**ત્યમ સર્વ અધ્યવસાન આદિ અન્યભાવો જીવ છે,**
**-સૂત્રે કર્યો વ્યવહાર, પણ ત્યાં જીવ નિશ્ચય એક છે. ૪૮.**

આહા..હા..! સમયસારની રચના એવી કોઈ પળે થઈ ગઈ છે. ન ભૂતો ન ભવિષ્યતિ એવી વસ્તુ છે. ઓહો..હો..! ભગવાનનું પેટ! સર્વજ્ઞ પરમેશ્વરે દિવ્યધ્વનિમાં કહ્યું એનું એ સંગ્રહ છે.

'**ટીકા :- જેમ આ રાજા પાંચ યોજનના ફેલાવથી નીકળી રહ્યો છે...**' રાજા હોય ને? નીકળે છે તો સેના. લાખ, બે લાખ, પાંચ લાખ સેના નીકળે. પણ કહેવાય શું? કે રાજા નીકળ્યો. રાજા તો ઘેર બેઠો છે, મહેલમાં બેઠો હોય, ખાતો, પીતો હોય અને સૂતો હોય. પણ સેનામાં એનું નિમિત્ત છે તો સેનામાં રાજા નીકળ્યા એમ કહેવામાં આવે છે. આહા..હા..! '**જેમ આ રાજા પાંચ યોજનના ફેલાવથી...**' પાંચ યોજનમાં રાજા પડ્યો છે એમ કહે છેને. પડી તો હોય સેના પણ કહે છે કે પાંચ યોજનમાં રાજા છે. આહા..હા..! '**એમ કહેવું તે, એક રાજાનું પાંચ યોજનમાં ફેલાવું અશક્ય હોવાથી, વ્યવહારી લોકોનો સેના સમુદાયમાં...**' રાજાની હાજરી નથી. આહા..હા..! સેના એકલી લડે તોપણ એમ કહેવામાં આવે છે કે રાજા લડે છે. સમજાણું કાંઈ? '**સેના સમુદાયમાં રાજા કહેવારૂપ વ્યવહાર છે;...**' કેમકે એક રાજાનું '**પાંચ યોજનમાં ફેલાવું અશક્ય હોવાથી,...**' આ બત્તી કરોને. બત્તી નહિ હોય. છે? સમજાણું કાંઈ? જુઓ, વ્યવહારનું દૃષ્ટાંત નિશ્ચયની સાથે. પાંચ યોજનમાં રાજા નીકળ્યો એમ કહેવામાં આવે છે. રાજા પાંચ યોજનમાં છે? એની સેના છે. રાજા તો ઘરમાં બેઠો છે. પણ એના હુકમનું ફક્ત નિમિત્ત

દેખીને રાજા નીકળ્યો અને રાજા લડાઈ કરે છે અને રાજા પાંચ યોજનમાં ફેલાયો છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! એ '**વ્યવહાર છે; પરમાર્થથી તો રાજા એક જ છે, (સેના રાજા નથી); તેવી રીતે...**' આહા..હા..!

'**આ જીવ...**' ભગવાન આત્મા એક જીવ તો અભેદ જ્ઞાયકભાવરૂપે એ છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, સ્વભાવભાવ એકરૂપ છે. એ '**સમગ્ર રાગગ્રામમાં (-રાગનાં સ્થાનોમાં) વ્યાપીને પ્રવર્તે છે...**' ભાષા જુઓ. ચાહે તો દ્વેષ હોય, મિથ્યાત્વ હોય બધાને અહીંયાં રાગ કહ્યો છે. રાગની ચીકાશ. સમગ્ર રાગ. અધ્યવસાનાદિ કહ્યુંને? ભગવાન આત્મા એકરૂપ ચૈતન્ય પૂર્ણાનંદનો નાથ પ્રભુ એ આત્મા સમગ્ર રાગમાં પ્રસરે એમ સંભવતું નથી. સમજાણું કાંઈ? '**એમ કહેવું તે,...**' '**વ્યવહારી લોકોનો અધ્યવસાનાદિક અન્યભાવોમાં જીવ કહેવારૂપ વ્યવહાર છે;...**' આહા..હા..! રાગમાં, પુણ્યમાં જીવ કહેવો એ તો વ્યવહારીજનોનો વ્યવહાર છે. આહા..હા..! ભારે આવું સમજવું.

'**એક જીવનું સમગ્ર રાગગ્રામમાં વ્યાપવું અશકય હોવાથી, વ્યવહારી લોકોનો અધ્યવસાનાદિક અન્યભાવોમાં જીવ કહેવારૂપ વ્યવહાર છે;...**' કેમકે '**એક જીવનું સમગ્ર રાગગ્રામમાં વ્યાપવું અશકય હોવાથી,...**' આહા..હા..! જુઓ તો ખરા! ભગવાન જ્ઞાયકભાવ જ્ઞાનરસ, આનંદરસ એકરૂપ સ્વભાવનું અધ્યવસાનાદિકમાં વ્યાપવું, રાજાનું સેનામાં આવવું વ્યાપવું તે અશક્ય છે. આહા..હા..! એમ ભગવાન આત્મા સત્ એનું સત્ત્વ જે સ્વભાવ એકરૂપ એવી ધ્રુવ ચીજનું રાગાદિમાં પ્રસરવું, આવવું અશક્ય છે. સમજાણું કાંઈ? એકરૂપ એ રાગમાં ક્યાંથી આવે? પણ વ્યવહારથી કહેવામાં આવે છે કે પર્યાયમાં રાગ છે, સંસાર છે. જીવની પર્યાયમાં રાગ છે, જીવની પર્યાયમાં સંસાર છે. આહા..હા..! એ તો વ્યવહારથી કહેવામાં આવે છે. વસ્તુ તો વસ્તુ છે. એ વસ્તુ કાંઈ રાગની અનેક પ્રકારની પર્યાયમાં આવી જાય એમ નથી. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ?

'**એક જીવનું સમગ્ર રાગગ્રામમાં...**' અસંખ્ય પ્રકારના શુભભાવ, અસંખ્ય પ્રકારના અશુભભાવ. ઓહો..! એમાં જીવ એકરૂપ જ્ઞાયકભાવ એમાં આવી જાય તે અશક્ય છે. પણ પર્યાયમાં, અંશમાં રોકાવાથી જે રાગાદિ અનેક પ્રકારના ભાવ થયા એ વ્યવહારી જીવ કહે છે કે એ જીવ છે એમ કહેવામાં આવે છે. કહો, અમરચંદભાઈ! ભારે વાતું આ. આવી વાત કરતાં ભાઈ, વ્રત પાળે અને તપસ્યા કરે, ભક્તિ કરે અને પૂજા કરે જાવ ભગવાનની.

મુમુક્ષુ :- એ પણ હોય નહિ.

ઉત્તર :- હોય ક્યાંથી પણ તારે? સાંભળને! સાંભળ તો ખરો. ભગવાન આત્મા એક સ્વરૂપે અનેકમાં કેમ આવી શકે? એમ કહે છે. સમજાય છે કાંઈ? ભગવાનની અનેકાંત શૈલી સ્યાદ્વાદની એ વસ્તુને સિદ્ધ કરે છે. જેમ સેનામાં રાજા નહિ હોવા છતાં રાજા પાંચ યોજનમાં

આવ્યો છે એમ કહે છે. પાંચ યોજનમાં રાજા આવ્યો છે. રાજાએ પડાવ નાખ્યો છે. એ તો રાજાનું નિમિત્ત જોઈને લોકો એમ કહે છે. એમ આત્માની પર્યાયમાં એક સ્વરૂપે ભગવાન આત્મા એ અનેક રાગરૂપે પર્યાયમાં રહ્યો છે એમ કહેવું વર્તમાન વ્યવહારના અંશમાં છે એ અપેક્ષાએ કહેવામાં આવે છે. અરે..! આ સમજવું. કહો, ધન્નાલાલજી! આહા..હા..!

'**(અધ્યવસાનાદિક ભાવો જીવ નથી)**' લ્યો! '**પરમાર્થથી તો જીવ એક જ છે,...**' આહા..હા..! વળી એક કહે, વળી સેનામાં રાજા આવ્યો એમ પર્યાયમાં સમગ્ર રાગાદિમાં છે એ વ્યવહારથી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? શું સમજે આમાં? કહે છે કે પરમાર્થ વસ્તુ ધ્રુવ અનાદિ-અનંત નિત્યાનંદ પ્રભુ એ તો એકરૂપ જીવ છે. દૃષ્ટિનો વિષય અને એને આશ્રયે જ્ઞાન થાય છે અને એમાં ચારિત્ર થાય એ તો ચીજ એકરૂપ ધ્રુવ છે. પણ પર્યાયમાં અવસ્થાનો અંશ જે રાગમાં રોકાણો છે એવા વ્યવહારીજન જેની દૃષ્ટિ ત્યાં છે એ વ્યવહારિકજનો એમ કહે છે કે એ જીવ છે. ભાઈ! એમ કહ્યુંને? સર્વમાં જીવ કહેવાનો વ્યવહાર છે. '**વ્યવહારી લોકોનો અધ્યવસાનાદિક અન્યભાવોમાં જીવ કહેવારૂપ વ્યવહાર છે;...**' એમ કહ્યું. વ્યવહારી લોકોનો. આહા..હા..!

મુમુક્ષુ :- જ્ઞાનીજનોનો નહિ.

ઉત્તર :- નહિ. આહા..હા..! વ્યવહારી લોકોનો. વ્યવહારીજન જેની દૃષ્ટિ રાગ ને પુણ્ય અને વિકલ્પ ઉપર છે એવા વ્યવહારીજનની દૃષ્ટિથી એ '**અધ્યવસાનાદિક અન્યભાવોમાં જીવ કહેવારૂપ વ્યવહાર છે;...**' એને માટે પણ એ વ્યવહાર છે હોં! આહા..હા..! ત્યારે હજી પ્રશ્ન ઉઠે છે કે સમકિતી વ્યવહારી છે કે નહિ? એય..! એ પ્રશ્ન .. સાલમાં આવ્યો હતો. એ પણ વ્યવહાર સમકિતી છે. ખોટી વાત છે. નિશ્ચયથી... શ્વેતાંબરમાં આવે છે. વ્યવહારી તે સમકિતી. અરે! પર્યાયદૃષ્ટિવાળો સમકિતી કેવો? સમજાણું કાંઈ? જેને સમ્યક્ નામ યથાર્થ સત્ય શું ચીજ છે એની પ્રતીત અને અનુભવમાં આવી નથી... સમજાણું કાંઈ? એને વ્યવહાર કેવો? નિશ્ચયનું ભાન થાય પછી અંદર રાગાદિ થાય છે તેને જાણવું એ વ્યવહારનયનો વિષય જાણેલો પ્રયોજનવાન છે. સંસ્કૃત પાઠ એવો છે. '**तदात्वे**' તે તે કાળે એવો પાઠ છે. ૧૨મી ગાથામાં સંસ્કૃત છે. અભેદ ચીજ પ્રભુ એક સ્વરૂપે પરમાનંદનો નાથ એને જેણે પકડ્યો, પક્કડમાં લીધો તો સમ્યગ્દર્શન અને જ્ઞાન થયું એ ધર્મની શરૂઆત થઈ. એમાં જે અલ્પજ્ઞાન હજી બાકી છે, રાગાદિ છે અને કર્મના નિમિત્તનો સંબંધ છે એ જાણેલો પ્રયોજનવાન છે. '**तदात्वे**' નામ તે તે કાળે.

સમયસાર છેને? જુઓ! ૧૨મી ગાથા લો, ૧૨મી ગાથા. '**विचित्रवर्णमालिका-स्थानीयत्वात्परिज्ञायमानस्तदात्वे प्रयोजनवान्;**' ૨૬ પાનું છે. શાસ્ત્રમાં તો ભંડાર ભર્યો છે. ૨૬મું પાનું છે. નીચેથી બીજી લીટી સંસ્કૃતની. છે? '**परिज्ञायमानस्तदात्वे प्रयोजनवान्;**'

એમાં તો ઘણું ગંભીર કહ્યું છે. મળ્યું કે નહિ? છેલ્લી લીટી છે. ૨૬મું પાનું. પુસ્તકમાં ફેર છે? ૧૨મી ગાથા છે કે નહિ? એની સંસ્કૃત ટીકા છે કે નહિ? ટીકામાં ચાર, પાંચ, છ, સાત. સાતમી લીટી. સંસ્કૃત ટીકાની સાતમી લીટી. લીટી સમજ્યા? પંક્તિ. છે? વાંચો, પંડિતજી! ક્યાં છે? બીજી લીટી છેને. '**व्यवहारनयो विचित्रवर्णमालिका-स्थानीयत्वात्परिज्ञायमानस्तदात्वे प्रयोजनवान्;**' બતાવ્યું? આવ્યું? નથી આવ્યું. '**व्यवहारनयो**' હા બસ એ. '**विचित्रवर्णमालिकास्थानीयत्वात**' વિચિત્રવર્ણના સ્થાનને ઠેકાણે વ્યવહારનય '**स्थानीयत्वात्परिज्ञायमानस्तदात्वे**' એનું પરિજ્ઞાન જાણવામાં, '**तदात्वे**' જાણવામાં, તે કાળે જાણેલો પ્રયોજનવાન બસ એટલું. તે તે કાળે કેટલી પર્યાય હિણી છે, રાગ છે એને જાણવું એ પ્રયોજનવાન છે. આદરવું પ્રયોજવાન નથી. આહા..હા..!

મુમુક્ષુ :- '**तदात्वे**'નો શું અર્થ છે?

ઉત્તર :- તે કાળે, તે તે સમયે. સમ્યગ્દર્શન થયું પણ પર્યાયમાં જરી કમી છે અને હજી થોડો રાગ આવે છે તેને તે સમયે તે પ્રકારે જાણવું. બીજા સમયે બીજી પર્યાય જેવી નિર્મળ થઈ, રાગ ઘટી ગયો તો બીજે સમયે '**तदात्वे**' તેને જાણવું પ્રયોજનવાન છે. જેમ જેમ સમયે સમયે પર્યાયની શુદ્ધિ થાય છે, અશુદ્ધિ ઘટે છે તે કાળે તેનું જ્ઞાન કરવું તે પ્રયોજનવાન છે. ભારે! સમજાણું કાંઈ? આદરણીય પ્રયોજનવાન છે એમ નહિ. '**तदात्वे**' શબ્દ પડ્યો છેને? '**तदात्वे**' નામ તે સમયે, તે કાળે. જ્યાં સુધી સાધકદશા છે ત્યાં સુધી પર્યાયમાં રાગાદિ છે તે કાળે તે પ્રકારના રાગને જાણવો, તે કાળે તેને જાણવું એ વ્યવહારનય પ્રયોજનવાન છે. આહા..હા..! ભારે વાતું ભાઈ!

મુમુક્ષુ :- એટલી ઉપાદેયતા તો થઈ.

ઉત્તર :- ઉપાદેયતા ક્યાં થઈ? જાણેલો પ્રયોજનવાન કહ્યુંને. પણ એવી વાત છે કે સમ્યગ્દર્શન ધ્રુવ ભૂતાર્થને આશ્રયે થાય છે એ ૧૧મી ગાથામાં આવ્યું. '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो**' પહેલા ૧૧માં આવ્યું. તો હવે કહે છે કે જ્યારે સમ્યગ્દર્શન '**भूदत्थो देसिदो दु सुद्धणओ।**' ભૂતાર્થ ભગવાન પૂર્ણાનંદનો નાથ એનું નામ શુદ્ધનય. તો '**भूदत्थो देसिदो**' ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદનો આશ્રય લઈને જે સમ્યગ્દર્શન થયું, અનુભવ થયો એ તો નિશ્ચયના આશ્રયે થયો. હવે વર્તમાન પર્યાયમાં હજી પૂર્ણતા નથી રાગાદિ હો તો તે તે કાળે જ્ઞાન, તે તે પ્રકારના રાગની હીણી દશાને જાણે એ પ્રયોજનવાન છે. મોટો ગોટો છે. સમજાણું કાંઈ? પહેલા ગયા હતાને અમે ઈંદોર. ત્યાં શું નામ? ફૂલચંદજી હતા. ફૂલચંદજીના ભાઈ બંસીધરજી. સોલાપુર રહેતા હતાને? સોલાપુરના. ગયા હતા. ફૂલચંદજી અને બંસીધરજી આવ્યા હતા. આ આવ્યા હતા તો સાંભળતા હતા. મોટી સભા હતી. ઘણાં પંડિત લોકો હતા. ૧૩ની સાલની વાત છે. .. તો આ શબ્દ કહ્યો. જુઓ ભાઈ! વ્યવહારનયનો વિષય

શું? અને શા માટે છે? વ્યવહારનય, નિશ્ચયમાં જ્યારે પોતાનું સ્વરૂપ અખંડાનંદ, પૂર્ણાનંદ છે એવો આશ્રય કરીને દૃષ્ટિ થઈ તો પર્યાયમાં પૂર્ણતા નથી, પર્યાયમાં રાગનો બિલકુલ અભાવ થયો નથી તો જેટલો રાગ એ સમયે થાય છે એટલી જ્ઞાનની પર્યાય સ્વપરપ્રકાશકમાં રાગ તેને જાણે, પર્યાય હીણી છે તેને જ્ઞાન જાણે. '**तदात्वे**' તે કાળે જાણેલો પ્રયોજનવાન છે. આદરેલો પ્રયોજનવાન છે એવી વાત નથી. સમજાણું કાંઈ? તો એ બિચારાએ કોઈ દિ' સાંભળ્યું નહોતું. પંડિત મોટા હતા. શું કહેવાય એ? બંસીધરજી હતા. આવ્યા, નસિયાજીમાં હતા ત્યાં આવ્યા. એ કાંઈક ... સાધારણ બાંધ્યું એટલે આપણે ... પગે લાગીને બંસીધરજી બોલ્યા, અરે..! આ વાત અમે કદી સાંભળી નથી. આવી અપૂર્વ વાતને અમે અભિનંદન દેવા આવ્યા છીએ.

ભગવાન! તારી ચીજ શું છે? તું પરમાર્થે તો રાગ અને પર્યાયથી અભેદ ત્રિકાળ ચીજ છે. એવી દૃષ્ટિ કરવાથી... જિનેશ્વરદાસજી! એ ધ્રુવ ઉપર દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થાય છે. પણ ધ્રુવ ઉપર દૃષ્ટિ કરી અને સમ્યગ્દર્શન થયું તે સમયે શુદ્ધિ હજી પૂર્ણ શુદ્ધ નથી પર્યાયમાં, રાગાદિ સાથે છે તે તે સમયે જેટલી શુદ્ધિ અને જેટલી અશુદ્ધતા છે તે જ્ઞાનમાં જાણવાલાયક છે બસ. '**तदात्वे**' જ્ઞાનમાં જાણવા લાયક છે એ પ્રયોજનવાન છે, બીજું કાંઈ નહિ. પંડિતજી! કહો, સમજાણું કાંઈ? આહા..હા..! નિશ્ચય અને વ્યવહારનો મોટો ગોટો. વ્યવહાર છે તો એને જાણવા લાયક છે એટલું અહીંયાં તો કહ્યું. સમજાણું કાંઈ? આહા..!

છઠ્ઠે ગુણસ્થાને ત્રણ કષાયનો અભાવ થયો તો એ અનંતાનુબંધી મિથ્યાત્વનો એટલી પર્યાય નિર્મળ થઈ તો એ સમયે જે ત્રણ કષાયનો ભાવ રાગ છે એ જેટલી પર્યાય શુદ્ધિ અને જેટલી અશુદ્ધિ (તેને), જ્ઞાનનો સ્વભાવ છે એ તો જાણે છે અને એને જાણવું કે એટલો તે તે કાળે ભાવ છે એને જાણેલો પ્રયોજનવાન છે. આદરેલો પ્રયોજનવાન વ્યવહારનય છે એમ ભગવાનના શાસ્ત્રમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! આવી વાત ... પૂર્ણાનંદ વસ્તુ. એક એક પર્યાયમાં અશુદ્ધતા છે કે નહિ? પૂર્ણ સિદ્ધ ક્યાં થયો છે? તે સમયે છે. સમ્યક્ થયું પછી પાંચમું ગુણસ્થાન, છઠ્ઠે મુનિની દશા છે, સાચું ભાવલિંગ તોપણ અંદર સંજ્વલનનો રાગભાગ છે કે નહિ? છઠ્ઠા ગુણસ્થાનની ભૂમિકામાં પર્યાય હજી અલ્પ છે, કેવળજ્ઞાનની પર્યાયથી તો અનંતમે ભાગે થઈ છે. તો એવી અલ્પ પર્યાય અને રાગને તે કાળે તે તે સમયે જાણવો. જે જે સમયે શુદ્ધિ અને રાગ થાય છે બીજે સમયે તે, ત્રીજે સમયે તે, તે તે કાળે જાણેલો પ્રયોજનવાન છે. અસ્તિ છે ખરી. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, શિખરચંદજી! છે? શું છે?

મુમુક્ષુ :- જાણેલો પ્રયોજનવાન છે.

ઉત્તર :- જાણેલો. પણ જાણેલો એકલો નહિ. '**तदात्वे**' તે તે કાળે એમાં મહા મર્મ

છે. એક સમયમાં જેટલી શુદ્ધિ સ્વને આશ્રયે થઈ એ પર્યાયને જાણવી અને અશુદ્ધિનો રાગ છે એ સમયે તે કાળે એ પ્રયોજનવાન જાણવું. બીજે સમયે જરી શુદ્ધિ વધી, અશુદ્ધિ ઘટી એ સમયે તે જાણવું પ્રયોજનવાન છે, બસ એટલું.

મુમુક્ષુ :- નહિતર વિકલ્પ થઈ જશે.

ઉત્તર :- વિકલ્પ નહિ, જાણેલો પ્રયોજનવાન એમ કહ્યું છે. જાણેલો, જાણવું. ખરેખર તો થોડી ઝીણી વાત છે. જ્યારે સમ્યક્ સિદ્ધાંતના આશ્રયે સમ્યક્જ્ઞાન થયું તો જ્ઞાનની પર્યાય એવી સ્વપરપ્રકાશક તે સમયે સહજ ઉત્પન્ન થાય છે. એ રાગને જાણે. રાગ આવ્યો, ભવિષ્યમાં આવશે તો એ રાગને કારણે જ્ઞાન જાણે એવી પર્યાય ઉત્પન્ન થાય છે એમ નથી. ઝીણી વાત છે થોડી. એ જ્ઞાનની પર્યાય જ એવી ઉત્પન્ન થાય છે કે પોતાને જાણે છે અને જે રાગાદિ અલ્પ છે એને જાણવાની પર્યાય સ્વપરપ્રકાશક સહજ ઉત્પન્ન થાય છે. વાત એવી છે બાપુ આ તો. ...

મુમુક્ષુ :- એ પણ પરાલંબી નથી.

ઉત્તર :- નહિ, નહિ. એ રાગ આવ્યો અને રાગને રાગને કારણે જાણ્યો એમ પણ નથી. એ રાગને જાણેલો જ રાગ જેટલા પ્રકારે ઉત્પન્ન થયો તે સમયે જ્ઞાન સ્વતઃ પોતાને કારણે પોતાને અને પરને જાણતું પ્રગટ ઉત્પન્ન થાય છે. અરે! ભારે માર્ગ ભાઈ!

ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ એવી દૃષ્ટિ જ્યારે ભૂતાર્થની થઈ ત્યારે તો સમ્યગ્દર્શન થયું. પર્યાયને આશ્રયે, રાગને આશ્રયે, નિમિત્તિને આશ્રયે, ભેદને આશ્રયે સમ્યગ્દર્શન કદી ત્રણ કાળમાં પ્રગટ થતું નથી. પણ સમ્યગ્દર્શન જે છે એ ઉત્પન્ન થયું ત્રિકાળી દ્રવ્યને આશ્રયે અંદર વસ્તુની એકતામાં, પણ હજી રાગની ખામી છે એનું શું કરવું? તો કહે છે એ વ્યવહાર છે. એ વ્યવહારને (જાણતું) જ્ઞાન જ એવા પ્રકારનું ઉત્પન્ન થાય છે કે રાગને જ્ઞાન જાણે છે. ખરેખર તો રાગનું જ્ઞાન નથી, એ જ્ઞાન તો પોતાનું છે. પણ પોતાના જ્ઞાનમાં સ્વને જાણે છે એમ રાગને જાણે છે એટલો તે તે કાળે જ્ઞાનમાં જાણેલો પ્રયોજનવાન છે. ભારે વાત. સમજાણું કાંઈ? આ તો લોજિકથી તો વાત ચાલે છે, આમ કચડીમચડીને નથી.

મુમુક્ષુ :- સ્વયંને જાણતું થકું...

ઉત્તર :- પરને જાણવાની પર્યાય જ એવી પ્રગટ થા છે.

મુમુક્ષુ :- જ્ઞાનની પર્યાયમાં એને જાણતું...

ઉત્તર :- જાણતી એવી પર્યાય જ પ્રગટ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવો રાગ છે માટે રાગ છે એના સંબંધનું જ્ઞાન રાગને કારણે ઉત્પન્ન થયું એમ નથી. એ તો એ સમયની 'तदात्वे' તે તે કાળે જ્ઞાનની પર્યાય પોતાને-સ્વજ્ઞેયને જાણે છે અને રાગ જેટલો છે અને અલ્પ જ્ઞાન છે એને જાણનારી પર્યાય તે તે સમયે તે તે કાળે પ્રગટ થાય છે.

એનું નામ વ્યવહાર કહેવામાં આવે છે. આહા..હા..! ભારે વાત ભાઈ! અરે! વીતરાગમાર્ગ!

સ્વતંત્ર-સ્વતંત્ર એવી પૂર્ણ ચીજ છે એવું ભાન થયું, અનુભવ થયો તો કહે છે કે અનુભવનું જ્ઞાન અને એ સમયના રાગના જ્ઞાનની પર્યાય જે સમયે ઉત્પન્ન થાય તો રાગની ખામી છે અને હજી થોડી અશુદ્ધતા છે તેને જાણેલો (પ્રયોજનવાન છે). તો જ્ઞાનની પર્યાય એવી પ્રગટ થાય છે. લોકાલોકને કેવળજ્ઞાની જાણે છે એક જ્ઞાનની પર્યાયમાં. આને તે સમયે એટલી પર્યાય નિર્મળ થઈ અને રાગ છે એને જાણે એનું નામ વ્યવહાર છે. ભગવાન લોકાલોક જાણે છે એ પણ વ્યવહાર છે. ખરેખર તો પોતાની પર્યાયને પૂર્ણ જાણે છે. એ તો પરચીજ છે. સમજાણું કાંઈ? પોતાની પર્યાય એટલી સામર્થ્યવાળી છે કેવળજ્ઞાનમાં. જે પર્યાયને લોકાલોક દેખતા એમાં લોકાલોક સંબંધીનું જ્ઞાન પોતાથી પોતાને કારણે ખીલ્યું છે. લોકાલોક છે તો કેવળજ્ઞાનની પર્યાય ખીલી છે એમ નથી. આહા..હા..! માર્ગ તો જુઓ!

એમ નીચે કેવળજ્ઞાન નથી, મતિશ્રુતજ્ઞાન છે. ત્રિકાળી જ્ઞાયકભાવને આશ્રયે પ્રગટ થયું. એ જ્ઞાનની પર્યાય છે એ સ્વજ્ઞેયને પણ જાણે, તે સમયે જેટલો રાગાદિ કે અલ્પજ્ઞ શુદ્ધિ થોડી છે તેને જાણે છે. એ વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. વ્યવહારને આદરણીય કરવો એ પ્રયોજનવાન છે એવી ચીજ નથી. કહો, સમજાણું કાંઈ? અરે! માર્ગ બહુ ઊંડો છે માર્ગ ભાઈ! તારો માર્ગ ઘણો ગંભીર છે ભગવાન! આહા..હા..!

કહે છે કે જ્યારે ભગવાન અંદરમાં પ્રાપ્ત થયો એ તો દૃષ્ટિના વિષયથી પ્રાપ્ત થયો. પણ પ્રાપ્ત થયો એની પર્યાયમાં હજી પૂર્ણતા ક્યાં છે? પર્યાયમાં રાગનો બિલકુલ અભાવ ક્યાં થયો છે? તો તે તે સમયે રાગાદિનો ભાવ અને અપૂર્ણ જ્ઞાન છે, પોતાને એ જ્ઞાન જાણે છે કે અપૂર્ણ છે. આહા..હા..! આ બાજુ પૂર્ણને જાણે છે તે જ સમયે, તે જ સમયે અપૂર્ણ જ્ઞાન જ્ઞાનને જાણે અને રાગને જાણે. એવી સ્વપરપ્રકાશક જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય છે. એવો તે તે સમયે જાણેલો વ્યવહાર પ્રયોજનવાન છે. આહા..હા..! બાપા! માર્ગ તો તારો આવો છેને, પ્રભુ! આહા..હા..! એ માર્ગને કદી એણે સાંભળ્યો નથી.

વસ્તુ છેને વ્યવહાર? ભેદ છેને? રાગ છે કે નહિ? છે તો જાણેલો પ્રયોજનવાન છે. છે એટલું જાણવું પ્રયોજનવાન છે. સમજાણું કાંઈ? કહો, વકીલજી! લોજિકથી છે કે નહિ? ઘચડપચડ કરીને બેસાડવું છે? લોજિકથી સર્વજ્ઞનો માર્ગ નયાવોયમ એમ પરમાત્મા કહે છે. ન્યાયથી અમારી વાત સિદ્ધ થાય છે. પ્રવચનસારમાં ભાઈ આવે છેને? અમે જે કહીએ છીએ એ તર્કથી, વિતર્કથી, શ્રુતજ્ઞાન જે કહ્યું એ વિતર્કથી સાબિત થાય છે. પ્રવચનસાર. જેટલું અમે તમને કહ્યું એ વિતર્કથી શ્રુતજ્ઞાનથી સાબિત થાય છે. સમજાણું કાંઈ? તમારા જ્ઞાનમાં એ ખ્યાલ આવી જાય છે કે એ ચીજ એવી છે. આહા..હા..!

એ '**(અધ્યવસાનાદિક ભાવો જીવ નથી)**.' એક બાજુ જીવ છે એ પર્યાયની અપેક્ષાએ

કહ્યું. ત્રિકાળની અપેક્ષાએ તે જીવ નથી. તો ત્રિકાળની અપેક્ષાવાળો જે જીવ છે એની દૃષ્ટિ કરતાં પર્યાયમાં જીવ છે એટલું જ્ઞાન કરવું રાગાદિનું, એનું નામ વ્યવહાર છે. પણ એકલો વ્યવહારી જીવો તેને જ જીવ માને તે મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? પણ ત્રિકાળ ભગવાનનો આશ્રય લઈને જે જ્ઞાન થયું એ જ્ઞાન, રાગાદિ આવે છે એને મારી પર્યાય જાણે છે. એમ. છે, એ સિદ્ધ નથી થઈ ગયો એમ જાણવું એટલું પ્રયોજનવાન છે. આહા..હા..! એના ઘરની વાત, એના દ્રવ્ય અને એની પર્યાયની વાસ્તવિક વાત પણ સાંભળવા ન મળે, અરે! એના ઘરમાં શું છે આહા..હા..! અને એની પર્યાયમાં કેટલી હીનતા છે, રાગાદિ શું છે, બસ એ તો જ્ઞાનનું જ્ઞેય છે. એ જ્ઞાન જાણે છે કે એટલી જ્ઞાનની ખામી છે. પૂર્ણ હોય તો પૂર્ણ લોકાલોકને જાણે. અપૂર્ણ જ્ઞાનમાં એ પ્રકારનું જ્ઞાન રાગાદિ અલ્પજ્ઞને જ્ઞાન જાણે. સમય સમયનું જ્ઞાન ભિન્ન-ભિન્ન છે. છદ્મસ્થનું સમય સમયનું જ્ઞાન ભિન્ન-ભિન્ન છે. કેમ? સમય સમયમાં રાગની ભિન્નતા, રાગની અનેકતા ઉત્પન્ન થાય છે. તો ભિન્ન-ભિન્ન જેવો રાગ ઉત્પન્ન થાય તેને જાણતું જ્ઞાન પોતાથી ઉત્પન્ન થાય છે. ભારે વાત આવી! બીજા તો ક્યાંને ક્યાં સ્યાદ્વયાદ, અનેકાંત (ખતાવે). જુઓ, લખ્યું છે વ્યવહાર છે આમાં. ત્યાં તો ભાઈ એમ કાઢે છે લોકો. પાઠમાં એમ છે કે '**अपरमे ट्ठिदा भावे ववहारदेसिदा पुण**'. જે નીચલી દશામાં છે એને વ્યવહારનો ઉપદેશ કરવો. પણ એમ છે નહિ એમાં ઈ. આહા..હા..! પાઠ છેને જુઓ ૧૨મી ગાથામાં.

सुद्धो सुद्धादेसो णादव्वो परमभावदरिसीहिं।
ववहारदेसिदा पुण जे दु अपरमे ट्ठिदा भावे।।१२।।

અપરમભાવમાં સ્થિતને વ્યવહારનો ઉપદેશ દેવો. એ ઉપદેશ દેવાની વાત જ નથી. સમજ્યા વિના? ત્યાં કહે છે કે જે નીચલી દશા છે તેને તે સમયની દશાને જાણવી, એ જાણવું એ ઉપદેશનું કથન છે. ઉપદેશ શું કરે? જડનો ઉપદેશ કરે કોણ? આહા..હા..! છે? ૧૨મી ગાથા છે. '**सुद्धो सुद्धादेसो णादव्वो परमभावदरिसीहिं।**' જે નિર્વિકલ્પદશામાં પડ્યો છે એને તો વ્યવહાર છે નહિ. પણ અપરમ નામ વિકલ્પમાં જ્યારે આવ્યો તો અપરમભાવમાં સ્થિત છે ત્યાં, તો એને જાણેલો જાણવો. એ જાણવો એનું નામ વ્યવહારનો ઉપદેશ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ચાલ્યું જાય નહિ આઘું. સમજાય છે કાંઈ?

એમ અહીંયાં કહે છે કે સ્યાદ્વાદની ચીજ એવી છે. એક બાજુ પૂર્ણાનંદના નાથમાં એ છે નહિ એમ કહ્યું, એક બાજુ પર્યાયમાં છે એમ કહ્યું. તો એ જ્ઞાન કરવા માટે કહ્યું છે. સમજાણું કાંઈ? આદરણીય અને આશ્રય કરવાલાયક તો ત્રિકાળી ચીજ જ એક છે. લ્યો ૪૮ થઈ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૪૯

यद्येवं तर्हि किंलक्षणोऽसावेकष्टङ्कोत्कीर्णः परमार्थजीव इति पृष्टः प्राह—

अरसमरुवमगंधं अव्वत्तं चेदणागुणमसद्दं।
जाण अलिंगग्गहणं जीवमणिद्दिट्ठसंठाणं।।४९।।

अरसमरूपमगन्धमव्यक्तं चेतनागुणमशब्दम्।
जानीहि अलिङ्गग्रहणं जीवमनिर्दिष्टसंस्थानम्।।४९।।

यः खलु पुद्गलद्रव्यादन्यत्वेनाविद्यमानरसगुणत्वात्, पुद्गलद्रव्यगुणेभ्यो भिन्नत्वेन स्वयमरसगुणत्वात्, परमार्थतः पुद्गलद्रव्यस्वामित्वाभावाद् द्रव्येन्द्रियावष्टम्भेनारसनात्, स्वभावतः क्षायोपशमिकभावाभावाद्भावेन्द्रियावलम्बेनारसनात्, सकलसाधारणैकसंवेदन-परिणामस्वभावत्वात् केवलरसवेदनापरिणामापन्नत्वेनारसनात्, सकलज्ञेयज्ञायकतादात्मस्य निषेधाद्रस-परिच्छेदपरिणतत्वेऽपि स्वयं रसरूपेणापरिणमनाच्चारसः; तथा पुद्गलद्रव्यादन्यत्वेनाविद्यमान-रूपगुणत्वात्, पुद्गलद्रव्यगुणेभ्यो भिन्नत्वेन स्वयमरूपगुणत्वात्, परमार्थतः पुद्गलद्रव्यस्वामित्वाभावाद् द्रव्येन्द्रियावष्टभेनारूपणात्, स्वभावतः क्षायोपशमिकभावाभावाद्भावेन्द्रियावलंबेनारूपणात्, सकलसाधारणैकसंवेदन-परिणामस्वभावत्वात्केवलरूपवेदनापरिणामापन्नत्वेनारूपणात्, सकलज्ञेयज्ञायकतादात्म्यस्य निषेधाद्रूपपरिच्छेदपरिणतत्वेऽपि स्वयं रूपरूपेणापरिणमनाच्चारूपः; तथा पुद्गलद्रव्यादन्यत्वेनाविद्यमानगन्धगुणत्वात्, पुद्गलद्रव्यगुणेभ्यो भिन्नत्वेन स्वयमगन्धगुणत्वात्, परमार्थतः पुद्गलद्रव्यस्वामित्वाभावाद् द्रव्येन्द्रियावष्टभेनागंधनात्, स्वभावतः क्षायोपशमिक-भावाभावाद्भावेन्द्रियावलंबेनागन्धनात्, सकलसाधारणैकसंवेदनपरिणामस्वभावत्वात्केवल-गन्धवेदनापरिणामापन्नतेवनागन्धनात्, सकलज्ञेयज्ञायकतादात्म्यस्य निषेधाद्गन्धपरिच्छेद-परिणतत्वेऽपि स्वयं गन्धरूपेणापरिणनाच्चागन्धः, तथा पुद्गलद्रव्यादन्यत्वेनाविद्यमानस्पर्श-गुणत्वात्, पुद्गलद्रव्यगुणेभ्यो भिन्नत्वेन स्वयमस्पर्शगुणत्वात्, परमार्थतः पुद्गलद्रव्य-स्वामित्वाभावाद् द्रव्येन्द्रियावष्टम्भेनास्पर्शनात्, स्वभावतः क्षायोपशमिकभावाभावा-द्भावेन्द्रियावलम्बेनास्पर्शनात्, सकलसाधारणैकसंवेदनपरिणामस्वभावत्वात्केवलस्पर्शवेदना-परिणामापन्नत्वेनास्पर्शनात्, सकलज्ञेयज्ञायकतादात्म्यस्य निषेधात् स्पर्शपरिच्छेदपरिणतत्वेऽपि स्वयं स्पर्शरूपेणापरिणनाच्चास्पर्शः; तथा पुद्गलद्रव्यादन्यत्वेनाविद्यमानशब्दपर्यात्वात्,

पुद्गलद्रव्यपर्यायेभ्यो भिन्नत्वेन स्वयमशब्दपर्यायत्वात्, परमार्थतः पुद्गलद्रव्यस्वामित्वाभावाद् द्रव्येन्द्रियावष्टभेन शब्दाश्रवणात्, स्वभावतः क्षायोपशमिकभावाभावद्भावेन्द्रियावलंबेन शब्दाश्रवणात्, सकलसाधारणैकसंवेदनपरिणाम-स्वभावत्वात्केवलशब्दवेदनापरिणामापन्नत्वेन शब्दाश्रवणात्, सकलज्ञेयज्ञायकतादात्म्यस्य निषेधा-च्छब्दपरिच्छेदपरिणतत्वेऽपि स्वयं शब्दरूपेणापरिणमनाच्चाशब्दः; द्रव्यान्तरारब्धशरीरसंस्थानेनैव संस्थान इति निर्देष्टमशक्यत्वात्, नियतस्वभावेनानियतसंस्थानानन्तशरीरवर्तित्वात्, संस्थाननाम-कर्मविपाकस्य पुद्गलेषु निर्दिश्यमानत्वात्, प्रतिविशिष्टसंस्थानपरिणतसमस्तवस्तुतत्त्वसंवलित-सहजसंवेदनशक्तित्वेपि स्वयमखिललोकसंवलनशून्योपजायमाननिर्मलानुभूतितयात्यन्तम-संस्थानत्वाच्चानिर्दिष्टसंस्थानः; षड्द्रव्यात्मकलोकाज्ज्ञेयाद्व्यक्तादन्यत्वात्, कषायचक्राद् भावकाद्व्यक्तादन्यत्वात्, चित्सामान्यनिमग्नसमस्तव्यक्तित्वात्, क्षणिकव्यक्तिमात्राभावात्, व्यक्ताव्यक्तविमिश्रप्रतिभासेऽपि व्यक्तास्पर्शत्वात्, स्वयमेव हि बहिरन्तः स्फुटमनुभूयमानत्वेऽपि व्यक्तोपेक्षणेन प्रद्योतमानत्वाच्चाव्यक्तः; रसरूपगन्धस्पर्शशब्दसंस्थानव्यक्तत्वाभावेऽपि स्व-संवेदनबलेन नित्यमात्मप्रत्यक्षत्वे सत्यनुमेयमात्रत्वाभावादलिंगग्रहणः; समस्तविप्रतिपत्तिमाथिना विवेचकजनसमर्पितसर्वस्वेन सकलमपि लोकालोकं कवलीकृत्यात्यन्तसौहित्यमन्थरेणेव सकलकालमेव मनागप्यविचलितानन्यसाधारणतया स्वभावभूतेन स्वयमनुभूयमानेन चेतनागुणेन नित्यमेवान्तःप्रकाशमानत्वात् चेतनागुणश्च; स खलु भगवानमलालोक इहैकष्टंकोत्कीर्णः प्रत्यग्जोतिर्जीवः।

---

હવે શિષ્ય પૂછે છે કે એ અધ્યવસાનાદિ ભાવો છે તે જીવ નથી તો તે એક, ટંકોત્કીર્ણ, પરમાર્થસ્વરૂપ જીવ કેવો છે? તેનું લક્ષણ શું છે? એ પ્રશ્નનો ઉત્તર કહે છે :—

**જીવ ચેતનાગુણ, શબ્દ-રસ-રૂપ-ગંધ-વ્યકિતવિહીન છે,**
**નિર્દિષ્ટ નહિ સંસ્થાન જીવનું, ગ્રહણ લિંગ થકી નહીં. ૪૯.**

ગાથાર્થ :— હે ભવ્ય! તું [जीवम्] જીવને [अरसम्] રસરહિત, [अरुपम्] રૂપરહિત, [अगन्धम्] ગંધરહિત, [अव्यक्तं] અવ્યકત અર્થાત્ ઇંદ્રિયોને ગોચર નથી એવો, [चेतनागुणम्] ચેતના જેનો ગુણ છે એવો, [अशब्दम्] શબ્દરહિત, [अलिङ्गःग्रहणं] કોઈ ચિહ્નથી જેનું ગ્રહણ નથી એવો અને [अनिर्दिष्टसंस्थानम्] જેનો કોઈ આકાર કહેવાતો નથી એવો [जानीहि] જાણ.

ટીકા :— જે જીવ છે તે ખરેખર પુદ્ગલદ્રવ્યથી અન્ય હોવાથી તેમાં રસગુણ

વિદ્યમાન નથી માટે અરસ છે.૧. પુદ્‌ગલદ્રવ્યના ગુણોથી પણ ભિન્ન હોવાથી પોતે પણ રસગુણ નથી માટે અરસ છે.૨. પરમાર્થે પુદ્‌ગલદ્રવ્યનું સ્વામીપણું પણ તેને નહિ હોવાથી તે દ્રવ્યેન્દ્રિયના આલંબન વડે પણ રસ ચાખતો નથી માટે અરસ છે.૩. પોતાના સ્વભાવની દૃષ્ટિથી જોવામાં આવે તો ક્ષાયોપશમિક ભાવનો પણ તેને અભાવ હોવાથી તે ભાવેન્દ્રિયના આલંબન વડે પણ રસ ચાખતો નથી માટે અરસ છે.૪. સકલ વિષયોના વિશેષોમાં સાધારણ એવા એક જ સંવેદનપરિણામરૂપ તેનો સ્વભાવ હોવાથી તે કેવળ એક રસવેદનાપરિણામને પામીને રસ ચાખતો નથી માટે અરસ છે.૫. (તેને સમસ્ત જ્ઞેયોનું જ્ઞાન થાય છે પરંતુ) સકલ જ્ઞેયજ્ઞાયકના તાદાત્મ્યનો (-એકરૂપ થવાનો) નિષેધ હોવાથી રસના જ્ઞાનરૂપે પરિણમતાં છતાં પણ પોતે રસરૂપે પરિણમતો નથી માટે અરસ છે.૬. આમ છ પ્રકારે રસના નિષેધથી તે અરસ છે.

એ રીતે, જીવ ખરેખર પુદ્‌ગલદ્રવ્યથી અન્ય હોવાથી તેમાં રૂપગુણ વિદ્યમાન નથી માટે અરૂપ છે.૧. પુદ્‌ગલદ્રવ્યના ગુણોથી પણ ભિન્ન હોવાથી પોતે પણ રૂપગુણ નથી માટે અરૂપ છે.૨. પરમાર્થે પુદ્‌ગલદ્રવ્યનું સ્વામીપણું પણ તેને નહિ હોવાથી તે દ્રવ્યેન્દ્રિયના આલંબન વડે પણ રૂપ દેખતો નથી માટે અરૂપ છે.૩. પોતાના સ્વભાવની દૃષ્ટિથી જોવામાં આવે તો ક્ષાયોપશમિક ભાવનો પણ તેને અભાવ હોવાથી તે ભાવેન્દ્રિયના આલંબન વડે પણ રૂપ દેખતો નથી માટે અરૂપ છે.૪. સકલ વિષયોના વિશેષોમાં સાધારણ એવા એક જ સંવેદનપરિણામરૂપ તેનો સ્વભાવ હોવાથી તે કેવળ એક રૂપવેદનાપરિણામને પામીને રૂપ દેખતો નથી માટે અરૂપ છે.૫. (તેને સમસ્ત જ્ઞેયોનું જ્ઞાન થાય છે પરંતુ) સકલ જ્ઞેયજ્ઞાયકના તાદાત્મ્યનો નિષેધ હોવાથી રૂપના જ્ઞાનરૂપે પરિણમતાં છતાં પણ પોતે રૂપરૂપે પરિણમતો નથી માટે અરૂપ છે.૬. આમ છ પ્રકારે રૂપના નિષેધથી તે અરૂપ છે.

એ રીતે, જીવ ખરેખર પુદ્‌ગલદ્રવ્યથી અન્ય હોવાથી તેમાં ગંધગુણ વિદ્યમાન નથી માટે અગંધ છે.૧. પુદ્‌ગલદ્રવ્યના ગુણોથી પણ ભિન્ન હોવાથી પોતે પણ ગંધગુણ નથી માટે અગંધ છે.૨. પરમાર્થે પુદ્‌ગલદ્રવ્યનું સ્વામીપણું પણ તેને નહિ હોવાથી તે દ્રવ્યેન્દ્રિયના આલંબન વડે પણ ગંધ સૂંઘતો નથી માટે અગંધ છે.૩. પોતાના સ્વભાવની દૃષ્ટિથી જોવામાં આવે તો ક્ષાયોપશમિક ભાવનો પણ તેને અભાવ હોવાથી તે ભાવેન્દ્રિયના આલંબન વડે પણ ગંધ સૂંઘતો નથી માટે અગંધ છે.૪. સકલ વિષયોના વિશેષોમાં સાધારણ એવા એક જ સંવેદનપરિણામરૂપ તેનો સ્વભાવ હોવાથી તે કેવળ એક ગંધવેદનાપરિણામને પામીને ગંધ સૂંઘતો નથી માટે અગંધ છે.૫. (તેને સમસ્ત જ્ઞેયોનું જ્ઞાન થાય છે. પરંતુ) સકલ જ્ઞેયજ્ઞાયકના તાદાત્મયનો નિષેધ હોવાથી ગંધના

જ્ઞાનરૂપે પરિણમતાં છતાં પણ પોતે ગંધરૂપે પરિણમતો નથી માટે અગંધ છે.૬. આમ છ પ્રકારે ગંધના નિષેધથી તે અગંધ છે.

એ રીતે, જીવ ખરેખર પુદ્ગલદ્રવ્યથી અન્ય હોવાથી તેમાં સ્પર્શગુણ વિદ્યમાન નથી માટે અસ્પર્શ છે.૧. પુદ્ગલદ્રવ્યના ગુણોથી પણ ભિન્ન હોવાથી પોતે પણ સ્પર્શગુણ નથી માટે અસ્પર્શ છે.૨. પરમાર્થે પુદ્ગલદ્રવ્યનું સ્વામીપણું પણ તેને નહિ હોવાથી તે દ્રવ્યેન્દ્રિયના આલંબન વડે પણ સ્પર્શને સ્પર્શતો નથી માટે અસ્પર્શ છે.૩. પોતાના સ્વભાવની દૃષ્ટિથી જોવામાં આવે તો ક્ષાયોપશમિક ભાવનો પણ તેને અભાવ હોવાથી તે ભાવેન્દ્રિયના આલંબન વડે પણ સ્પર્શને સ્પર્શતો નથી માટે અસ્પર્શ છે.૪. સકલ વિષયોના વિશેષોમાં સાધારણ એવા એક જ સંવેદનપરિણામરૂપ તેનો સ્વભાવ હોવાથી તે કેવળ એક સ્પર્શવેદનાપરિણામને પામીને સ્પર્શને સ્પર્શતો નથી માટે અસ્પર્શ છે.૫. (તેને સમસ્ત જ્ઞેયોનું જ્ઞાન થાય છે પરંતુ) સકલ જ્ઞેયજ્ઞાયકના તાદાત્મયનો નિષેધ હોવાથી સ્પર્શના જ્ઞાનરૂપે પરિણમતાં છતાં પણ પોતે સ્પર્શરૂપે પરિણમતો નથી માટે અસ્પર્શ છે.૬. આમ છ પ્રકારે સ્પર્શના નિષેધથી તે અસ્પર્શ છે.

એ રીતે, જીવ ખરેખર પુદ્ગલદ્રવ્યથી અન્ય હોવાથી તેમાં શબ્દપર્યાય વિદ્યમાન નથી માટે અશબ્દ છે.૧. પુદ્ગલદ્રવ્યના પર્યાયોથી પણ ભિન્ન હોવાથી પોતે પણ શબ્દપયાર્ય નથી માટે અશબ્દ છે.૨. પરમાર્થે પુદ્ગલદ્રવ્યનું સ્વામીપણું પણ તેને નહિ હોવાથી તે દ્રવ્યેન્દ્રિયના આલંબન વડે પણ શબ્દ સાંભળતો નથી માટે અશબ્દ છે.૩. પોતાના સ્વભાવની દૃષ્ટિથી જોવામાં આવે તો ક્ષાયોપશમિક ભાવનો પણ તેને અભાવ હોવાથી તે ભાવેન્દ્રિયના આલંબન વડે પણ શબ્દ સાંભળતો નથી માટે અશબ્દ છે.૪. સકલ વિષયોના વિશેષોમાં સાધારણ એવા એક જ સંવેદનપરિણામરૂપ તેનો સ્વભાવ હોવાથી તે કેવળ એક શબ્દવેદનાપરિણામને પામીને શબ્દ સાંભળતો નથી માટે અશબ્દ છે.૫. (તેને સમસ્ત જ્ઞેયોનું જ્ઞાન થાય છે પરંતુ) સકલ જ્ઞેયજ્ઞાયકના તાદાત્મ્યનો નિષેધ હોવાથી શબ્દના જ્ઞાનરૂપે પરિણમતાં છતાં પણ પોતે શબ્દરૂપે પરિણમતો નથી માટે અશબ્દ છે.૬. આમ છ પ્રકારે શબ્દના નિષેધથી તે અશબ્દ છે.

(હવે 'અનિર્દિષ્ટસંસ્થાન' વિશેષણ સમજાવે છેઃ-) પુદ્ગલદ્રવ્ય વડે રચાયેલું જે શરીર તેના સંસ્થાન(આકાર)થી જીવને સંસ્થાનવાળો કહી શકાતો નથી માટે જીવ અનિર્દિષ્ટસંસ્થાન છે.૧. પોતાના નિયત સ્વભાવથી અનિયત સંસ્થાનવાળા અનંત શરીરોમાં રહે છે માટે અનિર્દિષ્ટસસ્થાન છે.૨. સંસ્થાન નામકર્મનો વિપાક(ફળ) પુદ્ગલોમાં જ કહેવામાં આવે છે (તેથી તેના નિમિત્તથી પણ આકાર નથી) માટે અનિર્દિષ્ટસંસ્થાન છે.૩. જુદાં જુદાં સંસ્થાનરૂપે પરિણમેલી સમસ્ત વસ્તુઓનાં સ્વરૂપ

સાથે જેની સ્વાભાવિક સંવેદનશકિત સંબંધિત (અર્થાત્ તદાકાર) છે એવો હોવા છતાં પણ જેને સમસ્ત લોકના મિલાપથી(-સંબંધથી) રહિત નિર્મળ (જ્ઞાનમાત્ર) અનુભૂતિ થઈ રહી છે એવો હોવાથી પોતે અત્યંતપણે સંસ્થાન વિનાનો છે માટે અનિર્દિષ્ટસંસ્થાન છે.૪. આમ ચાર હેતુથી સંસ્થાનનો નિષેધ કહ્યો.

(હવે 'અવ્યકત' વિશેષણને સિદ્ધ કરે છેઃ-) છ દ્રવ્યસ્વરૂપ લોક જે જ્ઞેય છે અને વ્યક્ત છે તેનાથી જીવ અન્ય છે માટે અવ્યકત છે.૧. કષાયોનો સમૂહ જે ભાવકભાવ વ્યક્ત છે તેનાથી જીવ અન્ય છે માટે અવ્યકત છે.૨. ચિત્સામાન્યમાં ચૈતન્યની સર્વ વ્યક્તિઓ નિમગ્ન (અંતર્ભૂત) છે માટે અવ્યકત છે.૩. ક્ષણિક વ્યક્તિમાત્ર નથી માટે અવ્યકત છે.૪. વ્યક્તપણું તથા અવ્યક્તપણું ભેળાં મિશ્રિતરૂપે તેને પ્રતિભાસવા છતાં પણ તે વ્યક્તપણાને સ્પર્શતો નથી માટે અવ્યકત છે.૫. પોતે પોતાથી જ બાહ્ય-અભ્યંતર સ્પષ્ટ અનુભવાઈ રહ્યો હોવા છતાં પણ વ્યક્તપણા પ્રતિ ઉદાસીનપણે પ્રદ્યોતમાન (પ્રકાશમાન) છે માટે અવ્યકત છે.૬. આમ છ હેતુથી અવ્યક્તપણું સિદ્ધ કર્યું.

આ પ્રમાણે રસ, રૂપ, ગંધ, સ્પર્શ, શબ્દ, સંસ્થાન અને વ્યકતપણાનો અભાવ હોવા છતાં પણ સ્વસંવેદનના બળથી પોતે સદા પ્રત્યક્ષ હોવાથી અનુમાનગોચરમાત્રપણાના અભાવને લીધે (જીવને) અલિંગગ્રહણ કહેવામાં આવે છે.

પોતાના અનુભવમાં આવતા ચેતનાગુણ વડે સદાય અંતરંગમાં પ્રકાશમાન છે તેથી (જીવ) ચેતનાગુણવાળો છે. કેવો છે ચેતનાગુણ? જે સમસ્ત વિપ્રતિપત્તિઓનો (જીવને અન્ય પ્રકારે માનવારૂપ ઝઘડાઓનો) નાશ કરનાર છે, જેણે પોતાનું સર્વસ્વ ભેદજ્ઞાની જીવોને સોંપી દીધું છે, જે સમસ્ત લોકલોકને ગ્રાસીભૂત કરી જાણે કે અત્યંત તૃપ્તિ વડે ઠરી ગયો હોય તેમ (અર્થાત્ અત્યંત સ્વરૂપ-સૌખ્ય વડે તૃપ્ત તૃપ્ત હોવાને લીધે સ્વરૂપમાંથી બહાર નીકળવાનો અનુદ્યમી હોય તેમ) સર્વ કાળે કિંચિત્માત્ર પણ ચલાયમાન થતો નથી અને એ રીતે સદાય જરા પણ નહિ ચળતું અન્યદ્રવ્યથી અસાધારણપણું હોવાથી જે (અસાધારણ) સ્વભાવભૂત છે.

-આવો ચૈતન્યરૂપ પરમાર્થસ્વરૂપ જીવ છે. જેનો પ્રકાશ નિર્મળ છે એવો આ ભગવાન આ લોકમાં એક, ટંકોત્કીર્ણ, ભિન્ન જયોતિરૂપ વિરાજમાન છે.

**શ્રાવણ સુદ-૮, ગુરુવાર, તા. ૧૭-૦૮-૧૯૭૨**
**ગાથા-૪૯, પ્રવચન-૧૩૫**

**નોંધ :- પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

સમયસાર ચાલે છે. જીવ-અજીવ અધિકાર. ૪૮ ગાથા થઈ. હવે શિષ્ય પૂછે છે શિષ્ય. '**હવે શિષ્ય પૂછે છે કે એ અધ્યવસાનાદિ ભાવો છે તે જીવ નથી...**' આ અધ્યવસાન પુણ્ય અને પાપ, શુભ-અશુભભાવ એ જીવ નથી તો તમે કોને જીવ કહો છો? એમ પ્રશ્ન છે. કેવા જીવની દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થાય છે? એ જીવ, શુભ અને અશુભ રાગાદિ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો ભાવ એ જીવ નથી. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એ પણ જીવ નથી. કેમકે એ તો આસ્રવતત્ત્વ છે. આહા..હા..! એનાથી તો રહિત છે. તો છે કેવો? એવો પ્રશ્ન છે. '**તો તે એક, ટંકોત્કીર્ણ, પરમાર્થસ્વરૂપ જીવ કેવો છે?**' શિષ્યના પ્રશ્નમાં જ એટલું આવ્યું. જુઓ! એક સ્વરૂપ અંદર ટંકોત્કીર્ણ. ટાંકણાથી જેમ ખોદેલી મૂર્તિ અંદરમાંથી નીકળે એવો ભગવાન આત્મા નિત્યાનંદ ધ્રુવ સ્વરૂપ ટંકોત્કીર્ણ પરમાર્થસ્વરૂપ અખંડ અનંત આનંદનો કંદ પ્રભુ એ વસ્તુ જીવ કેવો છે? એમ શિષ્યનો પ્રશ્ન છે.

'**તેનું લક્ષણ શું છે?**' છેને માથે? '**परमार्थजीव इति पृष्टः प्राह**' પહેલા તો લક્ષણ કહ્યું છે. '**यद्येवं तर्हि किंलक्षणोसावेकष्टङ्कोत्कीर्णः परमार्थजीव इति पृष्टः प्राह**' આહા..હા..! શુભ અને અશુભ વિકલ્પો રાગ, અધ્યવસાન—રાગની એકતા એ આત્મા એવો અધ્યવસાન એ બધું જીવ સ્વરૂપ નથી, જીવની જાત નથી, જેને જીવ કહીએ એ ચીજ નથી. જીવ કોને કહીએ? એનું લક્ષણ શું? તો શિષ્યે પ્રશ્ન પહેલા કર્યો કે એકરૂપ ટંકોત્કીર્ણ પરમાર્થસ્વરૂપ ભગવાન આત્મા જ્ઞાયકભાવ ચૈતન્યસ્વભાવ એ જીવ કેવો છે? સમજાણું કાંઈ? '**તેનું લક્ષણ શું છે? એ પ્રશ્નનો ઉત્તર કહે છે :—**' એવી જેને અંતરમાં સ્વરૂપ જાણવાની ધગશ, જિજ્ઞાસા છે એ પ્રશ્ન કરે છે તેનો ઉત્તર આપવામાં આવે છે એમ કહે છે. આહા..હા..! સાધારણ પ્રાણી કહે કે આપણે સાંભળીએ, ચાલો ભાઈ આપણે. એમ નહિ. પ્રભુ! આ દેહમાં ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનો નાથ અભેદ ચીજ પરમાર્થરૂપ આત્મા શું છે? એનું લક્ષણ શું છે? જુઓ જિનેશ્વરદાસજી! એનો અનુભવ કેવો છે એ પૂછે છે. આહા..હા..! ૪૯.

अरसमरुवमगंधं अव्वत्तं चेदणागुणमसद्दं।
जाण अलिंगग्गहणं जीवमणिद्दिट्ठसंठाणं।।४९।।

ગાથા બહુ સારી ઊંચી છે.

**જીવ ચેતનાગુણ, શબ્દ-રસ-રૂપ-ગંધ-વ્યકિતવિહીન છે,**
**નિર્દિષ્ટ નહિ સંસ્થાન જીવનું, ગ્રહણ લિંગ થકી નહીં. ૪૯.**

એની ટીકા. ભગવાન આત્મા જીવ, નિશ્ચયથી યથાર્થ દૃષ્ટિથી જો જુઓ તો એ ભગવાન આત્મા પુદ્ગલદ્રવ્યથી ભિન્ન છે. શરીરાદિ પુદ્ગલ છે, કર્મ આદિ પુદ્ગલ છે, જડ એનાથી તો એ ભિન્ન ભગવાન છે. આહા..હા..! નિશ્ચયથી પુદ્ગલદ્રવ્યથી ભિન્ન છે માટે. એમ. એ કારણે. '**તેમાં રસગુણ વિદ્યમાન નથી...**' પુદ્ગલદ્રવ્યથી ભગવાન ચૈતન્યસ્વરૂપ ભિન્ન છે એ કારણે એમાં રસ છે નહિ. એક વાત એ લીધી. પહેલા દ્રવ્ય લીધું. પુદ્ગલદ્રવ્ય જે રજકણ આદિ છે અજીવ, શરીર, કર્મ, વાણી, મન એ પુદ્ગલદ્રવ્યથી તો એ ભિન્ન છે. એ કારણે એમાં રસગુણ વિદ્યમાન નથી. કેમકે પુદ્ગલદ્રવ્યનો ગુણ જે રસ આદિ છે એ પુદ્ગલદ્રવ્યથી ભિન્ન છે તો એ રસ નથી એમાં.

પહેલા રસથી કેમ ઉપાડ્યું? આત્માના નિર્વિકલ્પ અનુભવરસમાં પુદ્ગલનો કોઈ સંબંધ નથી. ભગવાન આત્મા પોતાના સમ્યગ્દર્શનમાં પોતાની પૂર્ણ ચીજનો જ્યાં સ્પર્શ કરે છે ત્યાં એને અતીન્દ્રિય નિર્વિકલ્પરસ આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવી દૃષ્ટિમાં, અનુભવમાં અંતર રસ, નિજ રસ, આત્મરસ એનો અનુભવ, અનુભૂતિ, પરથી ભિન્ન થઈને ભગવાન જ્ઞાયકસ્વરૂપનું અસ્તિત્વ, સત્તા મહાપ્રભુ તરફ જ્યાં આશ્રય કરવા જાય છે તો એને નિર્વિકલ્પ આનંદરસ આવે છે એમ કહે છે. એનું નામ એની પ્રતીત અનુભવ કરીને આનંદરસનો અનુભવ થાય અને એમાં પ્રતીતિ થાય કે આ આત્મા છે એનું નામ સમ્યગ્દર્શન છે. લોકોએ સમ્યગ્દર્શનને કાંઈકનું કાંઈક માની રાખ્યું છે. દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા કરો, નવ તત્ત્વની શ્રદ્ધા કરો એ બધી વાત જૂઠી છે. બપોરે તમારે ચાલે છેને? નવ તત્ત્વની શ્રદ્ધા. નવ તત્ત્વમાં એકરૂપની દૃષ્ટિ છે ત્યાં. સમજાણું કાંઈ? એક જ્ઞાયકભાવ હું ચિદાનંદ સ્વરૂપ અભેદ છું એવી દૃષ્ટિમાં પુણ્ય-પાપ, આસ્રવ, બંધનું જ્ઞાન આવી જાય છે. સમજાણું કાંઈ? બહુ સૂક્ષ્મ વાત છે. અનંત કાળથી કોઈ વાત રહી ગઈ હોય તો સમ્યગ્દર્શન અને એ સમ્યગ્દર્શનનો વિષય પરિપૂર્ણ પરમાત્મા પોતે. પોતે કહે છેને? સ્વયં. સમજાણું કાંઈ? ગુજરાતી ભાષા કોઈ આવી જાય અંદર. આહા..હા..! એવો પ્રભુ પુદ્ગલથી ભિન્ન હોવાને લીધે પુદ્ગલનો રસગુણ પુદ્ગલથી, દ્રવ્યથી ભિન્ન હોવાને કારણે એમાં રસગુણ નથી. આત્મરસ છે, પુદ્ગલ રસ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદના રસથી ભરેલો પદાર્થ છે. એવા અતીન્દ્રિય આનંદની સન્મુખ થઈને જ્યારે અતીન્દ્રિય આનંદનો સ્પર્શ કરે છે ત્યારે એ અતીન્દ્રિય આનંદમય મૂર્તિ પ્રભુ દૃષ્ટિમાં અને અનુભવમાં આવે છે. આહા..હા..! એનું નામ ભગવાન સમ્યગ્દર્શન કહે

છે. એને રાગવાળો માનવો, રસવાળો માનવો એ તો મિથ્યદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? કહ્યુંને એ? પંડિતજી! પુરુષાર્થસિદ્ધિ ઉપાય નહિ? ચૌદમી ગાથા. '**एवमयं कर्मकृतैर्भावैरसमाहितोऽपि युक्त इव।**' આહા..હા..! શુભ અને અશુભ વિકલ્પો એ કર્મકૃત નામ નિમિત્તના સંગે ઉત્પન્ન થયેલા હોવાથી એ રાગસહિત આત્મા માનવો એ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! '**अरसमाहितोऽपि युक्त इव। प्रतिभाति बालिशानां प्रतिभासः स खलु भवबीजम्।।**' એવો પાઠ છે. અમૃતચંદ્રાચાર્યના પુરુષાર્થસિદ્ધિ ઉપાયની ૧૪મી ગાથા. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં તો સમ્યગ્દર્શન, પોતે ભાઈએ એમ કહ્યુંને ... કહ્યું છે. સંસારી મિથ્યાદૃષ્ટિને અસિદ્ધ કહ્યો છે તો સમ્યગ્દૃષ્ટિ જીવને મોહસિદ્ધ, ઈષત્ સિદ્ધ (કહ્યો છે). જેમ નોકષાય કહે છેને? એમ ઈષત્ સિદ્ધ તત્ત્વાર્થસારમાં અમૃતચંદ્રાચાર્યનો શ્લોક છે. અસિદ્ધ, ઈષત્ સિદ્ધ અને સિદ્ધ. જીવના ત્રણ ભેદ પાડ્યા છે. સ્વરૂપની અભેદ ચૈતન્યમૂર્તિ વસ્તુની દૃષ્ટિ નથી અને જેની બુદ્ધિમાં રાગ અને શરીરસહિત હું છું એવા બુદ્ધિવંતને મિથ્યાદૃષ્ટિ અસિદ્ધ કહે છે. આહા..હા..! અને એ રાગ અને શરીરથી અસમાહિત (અર્થાત્) સહિત નથી પણ '**युक्त इव प्रतिभाति बालिशानां**' અમૃતચંદ્રાચાર્ય કહે છે કે રાગ અને શરીર અને કર્મસહિત આત્મા છે એવું ભાસન '**बालिशानां भवबीजम्**' એ અજ્ઞાનીઓના ભવબીજનું કારણ છે, ચોર્યાસીના અવતારનું કારણ છે. આહા..હા..! ૧૪મી ગાથા, પુરુષાર્થસિદ્ધિ ઉપાય. રાગ અને શરીરથી રહિત છે. ત્યારે રાગમાં રત, હમણાં આની અંદર આવશે આગળ. રસ આદિ સ્થૂળથી પહેલા વાત કરી. સ્પર્શથી નહિ લેતા. અહીં તો સ્પર્શથી શરૂઆત ... છેલ્લે આ શ્રવણ છે. બેમાં પહેલા રસથી લીધું. સમજાણું કાંઈ? સ્પર્શેન્દ્રિય પહેલી છે અનાદિથી અને શ્રોત ઈન્દ્રિય છેલ્લી છે. છતાં વચ્ચેથી લીધું. અહો..! ભગવાન આત્મા પુદ્‌ગલદ્રવ્યથી ભિન્ન હોવાથી પુદ્‌ગલદ્રવ્યનો જે રસગુણ છે એ ભગવાન આત્મામાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- રૂપિયામાં રસ ઘણો છે.

ઉત્તર :- ધૂળમાં પણ રૂપિયામાં રસ નથી. અજ્ઞાની માને છે. એય..! શેઠ! આ રહ્યા અમારે મોટા શેઠ. જુઓને. મોટા શેઠ આવશે પણ અત્યારે મોટા આ છે. તાર આવ્યો હતો ચીમનભાઈનો. ચીમન ચુનીલાલનો તાર આવ્યો હતો. ... હમણા આવ્યા હતાને ચીમનભાઈ. શું પૂછવું છે, એ પદવીમાં શું છે? આહા..હા..! સમ્યગ્દર્શનની પદવી મળે તો સંસારનો અભાવ થઈ જાય. એ સિવાય બીજી પદવી અહમઈન્દ્રની હોય... સમજાણું કાંઈ? ધૂળની પદવી છે. અબજોપતિ કહેવાય, અબજોપતિ! અબજનો પતિને? જડનો પતિ એ જડ છે.

મુમુક્ષુ :- એમાં રસ બહુ આવે છે એનું શું?

ઉત્તર :- રસ આવે છે મૂઢનો. રસ ત્યાં આવે છે. એય..! શેઠ! પૈસામાં બહુ રસ આવે

એમ કહે છે. આહા..હા..! એ પૈસા મારા છે એવી માન્યતાનો મિથ્યાત્વનો રસ છે. આહા..હા..! પ્રભુ પૂર્ણાનંદનો નાથ,.. અરે! એક સમયની પર્યાય જેટલો હું છું એ પણ મિથ્યાત્વનો રસ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ આનંદઘનજી કહે છે, 'આશા ઓરનકી ક્યા કીજે? આતમ અનુભવ નિર્વિકલ્પરસ પીજે, આશા ઓરનકી ક્યા કીજે?' નિર્વિકલ્પરસ પીજે. આહા..હા..! જેની શક્તિમાં અનંત આનંદનો રસ પડ્યો છે. ભગવાનને અનંત આનંદ જે પ્રગટ થાય છે એનાથી પણ અનંત-અનંતગુણો આનંદરસ આત્મસ્વભાવમાં પડ્યો છે. એ કેવળજ્ઞાનીને અનંત આનંદ જે પ્રગટ થાય છે એ તો અનંત આનંદના અનંતમા ભાગે પ્રગટ થાય છે. આહા..હા..! કેમકે એ તો પર્યાય છે. ભગવાન આત્મામાં અનંત-અનંત (આનંદ ભર્યો છે). આહા..હા..! પૂર્ણાનંદ, નિત્યાનંદ, સહજાનંદ એવી ચીજ ઉપર દૃષ્ટિ કરતા, એવી ચીજ જ છે એનો સ્વીકાર કરવાથી, અંતર્મુખ સ્વભાવ સન્મુખ થવાથી આનંદનો રસ આવવો એ ચીજ આત્મા છે. સમજાણું કાંઈ? એવો આત્મા અમે માનીએ છીએ એમ નહિ ભાઈ! આત્મા તો અનંત આનંદનો પિંડ છે એને માનતા તો અનંત આનંદમાંથી આનંદનો અંશ પ્રગટ થાય છે. ત્યારે અનંત આનંદને અને આત્માને માન્યો એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પહેલા એ (દ્રવ્ય) લીધું.

બીજો બોલ. '**પુદ્ગલદ્રવ્યના ગુણોથી પણ ભિન્ન...**' પહેલા દ્રવ્ય લીધું હતું. ભગવાન આત્મામાં પુદ્ગલદ્રવ્યથી ભિન્ન હોવાને કારણે રસગુણ નથી. આહા..હા..! તો આ શું કહે છે? પૈસામાં રસ આવે છે એય..! ભીખાભાઈ! નહિ?

મુમુક્ષુ :- પૈસામાં દુઃખ છે કહે છે.

ઉત્તર :- વાત સાચી છે. પૈસા મારા એ ભાવ દુઃખ જ છે. વિકલ્પ છે, એ રાગ છે, એ દુઃખ છે. ચાહે તો અશુભરાગ હો, ચાહે તો શુભરાગ હો, એ દુઃખ છે. છ ઢાળામાં ન આવ્યું છેલ્લે? 'રાગ આગ દાહ દહે સદા...' દૌલતરામજી કહે છેને. ભગવાન! સાંભળ તો ખરો પ્રભુ! ચાહે તો અશુભરાગ હો કે ચાહે તો શુભ દયા, દાન, વ્રતનો વિકલ્પ હો, 'રાગ આગ દાહ દહે' આહા..હા..! આ કઠણ પડે જગતને. એ રાગરૂપી આગ જીવની શાંતિને દઝાડે છે. ભારે કઠણ જગતને. એને સાધન માનવું કે કષાયની મંદતા કરતાં-કરતાં, વ્રત પાળતા-પાળતા, ભક્તિ કરતાં-કરતાં સમકિત થશે. આહા..હા..! મોટી ભૂલ છે. જગતને ખ્યાલ નથી આવતો. ભગવાન આત્મા જેને પરમ આનંદની પ્રાપ્તિમાં કોઈ રાગની મંદતા કે ગુરુની વાણીની પણ અપેક્ષા નથી એવી ચીજ આત્મા છે. ઈ આગળ લેશે. કરવાનું હોય તો આ કરવાનું છે અને છોડવું એ તો છૂટી જાય છે, મિથ્યાત્વ અને અજ્ઞાન છૂટી જાય છે એને છોડ્યું એમ કહેવામાં આવે છે. કોણ છોડે? સમજાણું કાંઈ?

સ્વરૂપની, પૂર્ણાનંદની પ્રતીત અનુભવમાં આવે છે ત્યારે મિથ્યાત્વ છૂટી જાય છે. પહેલા

મિથ્યાત્વનો ત્યાગ થવો એ જ વાસ્તવિક ત્યાગ છે અને એના ત્યાગ વિના બધું કરે તો થોથે થોથા છે. સમજાણું કાંઈ? રાગ છોડ્યો, બાયડી છોડી, ધંધા છોડ્યા. શું છોડ્યું? એ તો છૂટા જ પડ્યા છે. શું આત્મામાં પરના ત્યાગ-ગ્રહણની શક્તિ છે? આત્મા તો પરના ત્યાગ-ગ્રહણથી રહિત છે. તો હું પરનો ત્યાગ કરું છું એનો અર્થ થયો કે મેં પરને ગ્રહણ કર્યું હતું. એમ છે નહિ. આહા..હા..! વાત એવી છે, ભાઈ! આ ઝઘડાથી પતે નહિ એવી વાત છે. ઝઘડો કરે કે આમ છે ને તેમ છે, ફલાણે ઠેકાણે વ્યવહાર કહ્યો છે. નિશ્ચય નિયતકો હેતુ. છ ઢાળામાં ન આવ્યું? હેતુ નિયતકો હોઈ. એમાં એમ ન આવ્યું કે નિશ્ચય સમ્યગ્દર્શન એ સત્યાર્થ છે. તો એનો અર્થ શું થયો? વ્યવહાર એ અસત્યાર્થ છે. એ અસત્યાર્થને હેતુ કહ્યો તો એનો અર્થ કે જ્ઞાન કરાવ્યું છે. એ ભૂમિકામાં કષાયની કેટલી મંદતાની મર્યાદા હોય છે એનું જ્ઞાન કરાવ્યું છે. નવનીતભાઈ! એનો આદર કરીને ધર્મ થાય છે અને આત્મામાં કલ્યાણ થાય છે, સમકિત થાય છે એ વાત છે નહિ ભગવાન! આહા..હા..!

કહે છે કે '**પુદ્ગલદ્રવ્યના ગુણોથી પણ ભિન્ન...**' પહેલા દ્રવ્યથી ભિન્ન કહ્યું હતું. એટલે દ્રવ્યથી ભિન્ન છે તો એનો ગુણ એમાં રસ છે નહિ. હવે '**પુદ્ગલદ્રવ્યના ગુણોથી પણ ભિન્ન...**' 'પણ' કહ્યુંને? '**ગુણોથી પણ...**' જેમ દ્રવ્યથી ભિન્ન એમ ગુણોથી પણ ભિન્ન '**હોવાથી પોતે પણ રસગુણ નથી...**' આહા..હા..! '**પોતે પણ રસગુણ નથી.**' એ શબ્દ એટલો વધાર્યો છે? ... લેવું. ઓલામાં સ્વયં નથી. '**યઃ खलु पुद्गलद्रव्यादन्यत्वेनाविद्यमानरसगुणत्वात्,**' એટલું છે. અહીંયા પડ્યું રહ્યું. પાઠમાં સ્વયં શબ્દ નવો છે. શું કહે છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ તો બરાબર છે. પોતે કહો કે સ્વયં કહો. એ તો પાઠમાં છેને. '**पुद्गलद्रव्यगुणेभ्यो भिन्नत्वेन स्वयमरसगुणत्वात्,**' એમ. છે? સંસ્કૃત છેને. આ તો આપણે વાંચીએ છીએ. એમ કહે છે કે પુદ્ગલદ્રવ્યનો જે ગુણ છે એ રસગુણ છે એ સ્વયં આત્મા રસગુણથી રહિત છે એમ બતાવે છે. સ્વયં આત્મા (રસ) ગુણથી રહિત છે. સમજાણું કાંઈ? એ કારણે રસરહિત ભગવાન આત્મા છે.

ત્રીજું. '**પરમાર્થે પુદ્ગલદ્રવ્યનું સ્વામીપણું પણ તેને નહિ હોવાથી...**' ઓહો..હો..! આ જીભ છેને જડ એનાથી રસ ચાખે છેને? શું આ જડનો સ્વામી છે આત્મા ઈન્દ્રિયોનો? અનંત પરમાણુથી બનેલી આ તો જડ ઈન્દ્રિય છે. એનો સ્વામી છે કે એનાથી રસ લે? આહા..હા..! ભારે વાત ભાઈ! '**પરમાર્થે પુદ્ગલદ્રવ્યનું સ્વામીપણું પણ તેને નહિ હોવાથી...**' 'પણ' છેને? એક બોલ કહ્યો, બીજો કહ્યો, ત્રીજો કહ્યો. તેથી '**તે દ્રવ્યેન્દ્રિયના આલંબન વડે પણ રસ ચાખતો નથી...**' આહા..હા..! ભગવાન આત્મા એને કહીએ કે જે આ

ઇન્દ્રિયના દ્વારે રસ ચાખે એ ભગવાન આત્મા નહિ. આહા..હા..! કેમકે આ જડ ઇન્દ્રિય છે. ઈ એનો સ્વામી નથી કે એને હલાવી શકે. સમજાણું કાંઈ? દ્રવ્યેન્દ્રિયનો જેમાં અભાવ છે તો દ્રવ્યેન્દ્રિયનો સ્વામી નથી. તો એ કારણે દ્રવ્યેન્દ્રિય નામ આ જીભ એના અવલંબને પણ રસ નથી ચાખતો. આહા..હા..! આ શિખંડ ને દૂધ ને પુરી એનો સ્વાદ (લઈ શકે છે?)

મુમુક્ષુ :- ઇન્દ્રિયને ખોટી કીધી એટલે રસ આવતો નથી.

ઉત્તર :- સાચી હોય તોપણ આવતો નથી એમ કહે છે. ખોટી હોય એને આવતો નથી, પણ સાચી હોય એને પણ એનાથી આવતો નથી. એનાથી આવતો નથી. આહા..હા..! કહો, ભગવાનજીભાઈ! શિખંડ, પૂરી શું કહે છે? દૂધપાક, ચુરમા ને મોસંબી. એ તો ભગવાન રસ તો જડની પર્યાય છે. જડની પર્યાય, આ જીભ ઇન્દ્રિય જડની પર્યાય છે. એના દ્વારા રસ ચાખે? શું એ જડનો સ્વામી છે? આહા..હા..! ભારે કામ ભાઈ! સમજાણું કાંઈ?

'**સ્વામીપણું પણ તેને નહિ હોવાથી તે દ્રવ્યેન્દ્રિયના આલંબન વડે પણ રસ ચાખતો નથી...**' એ કારણે ભગવાન આત્મા અરસ છે. પરનો રસ નથી. ભારે વાતું ભાઈ! જગત જગતમાં... જીવનો-આત્માનો વાસ્તવિક પદાર્થ એ તો જીભ ઇન્દ્રિયથી રસ ચાખે એવો એ આત્મા નથી. આહા..હા..! કેમકે જીભ ઇન્દ્રિયને આમ હલાવવી ને આમ કરવું એનો સ્વામી છે આત્મા? એ તો અનંત પરમાણુનો સ્કંધ છે, તો સ્કંધની પર્યાય તો એનાથી થાય છે. દ્રવ્યની પર્યાય દ્રવ્યથી થાય છે. એ દ્રવ્યની પર્યાય આત્માથી થાય છે? આહા..હા..! કહો, ..લાલજી! નંદકિશોરજી!

મુમુક્ષુ :- જાણે તો છેને.

ઉત્તર :- જાણે છે તો .. એને પણ જાણે છે એ આવશે. એકલો નથી જાણતો. એ તો સ્વને જાણતા સામાન્યમાં જાણવામાં આવે છે. એકલા રસને જાણે છે એમ પણ નથી. એ આવશે હમણા. આહા..હા..! ભગવાન આત્મા દ્રવ્યેન્દ્રિયનો સ્વામી નથી તો એ જીભ દ્વારા રસ ચાખે એમ છે નહિ. આહા..હા..!

ચોથો બોલ. '**પોતાના સ્વભાવની દૃષ્ટિથી જોવામાં આવે તો ક્ષાયોપશમિક ભાવનો પણ તેને અભાવ હોવાથી...**' આહા..હા..! ભાવેન્દ્રિયથી જે ખ્યાલમાં આવે છે એ ભાવેન્દ્રિય એની ચીજ જ નથી. ભાવેન્દ્રિયમાં ક્ષયોપશમભાવ છેને? ક્ષયોપશમભાવ એ પણ જીવનો સ્વભાવ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પરમસત્યની વાત ઘણી ગૂઢ અને ગંભીર છે. એ ઉપરથી માની લે છે એવી ચીજ નથી. કહે છે કે '**પોતાના સ્વભાવની દૃષ્ટિથી જોવામાં આવે તો...**' ત્રિકાળ જ્ઞાયકભાવ પરમ સ્વભાવ પારિણામિકભાવ એ જ આત્મા. એવી સ્વભાવની દૃષ્ટિથી જુઓ તો એને ક્ષયોપશમભાવનો પણ અભાવ છે. ક્ષયોપશમ પર્યાયનો

ભાવ પણ એમાં નથી. આહા..હા..! એ તો ૩૧માં આવી ગયું છે. '**जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं**' જે કોઈ દ્રવ્યેન્દ્રિય જડનું લક્ષ છોડીને ભાવેન્દ્રિય ખંડ-ખંડ જે ક્ષયોપશમભાવથી એક-એક ઇન્દ્રિય એક-એકને જાણે એવી ભાવેન્દ્રિય એની દૃષ્ટિ છોડીને. એ આત્મા નથી. આહા..હા..! અને ઇન્દ્રિયથી જેટલા વિષય જણાય છે શબ્દ, રસ, રૂપ આદિ, ભગવાનની વાણી પણ ઇન્દ્રિયમાં આવે છે. સાંભળતા કઠણ પડે. ત્યાં ૩૧ ગાથામાં લીધું છે. પાઠમાં કુંદકુંદાચાર્યે એટલું લીધું છે, '**जो इंदिये जिणित्ता**'. અમૃતચંદ્રાચાર્યે ટીકા કરતાં, સ્પષ્ટ કરતા એની ટીકામાં સ્પષ્ટ કર્યું કે દ્રવ્યેન્દ્રિય આ જડ, ભાવેન્દ્રિય ક્ષયોપશમની પર્યાય અને એનાથી જણાય એવા શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ, ભગવાનની વાણી કે ભગવાન એ બધાને ઇન્દ્રિય કહેવામાં આવે છે. આહા..હા..! છે ૩૧મી ગાથામાં. ચાલી ગઈને. આ તો ૧૭મી વાર ચાલે છે. સભામાં ૧૭મી વાર. ૧૭ સમજ્યા? ૧૦ અને ૭. સત્રહ તમારી ભાષા. આ સભામાં ૧૭મી વાર ચાલે છે. ૧૬ વાર તો ચાલી ગયું આખું સમયસાર. ઓહો..હો..! ૧૭ આનાનો માલ છે હવે. આહા..હા..!

ભગવાન આત્મા.. અરે! એની ચીજ શું છે એનું માહાત્મ્ય સાંભળ્યું નથી. કહે છે કે જીભેન્દ્રિયથી એ ચાખતો જ નથી. આહા..હા..! અને ભાવેન્દ્રિય એનું સ્વરૂપ નથી એમ કહે છે. આહા..હા..! છે કે નહિ અંદર જુઓને. '**પોતાના સ્વભાવની દૃષ્ટિથી જોવામાં આવે તો ક્ષાયોપશમિક ભાવનો પણ તેને અભાવ હોવાથી...**' આહા..હા..! એક સમયની પર્યાય ભાવેન્દ્રિય એ વસ્તુમાં ક્યાં છે? પોતે સચ્ચિદાનંદ પ્રભુ સર્વજ્ઞે કહેલો એ હોં! અન્યમતિ સચ્ચિદાનંદ કહે છે એ બધી કલ્પિત વાત છે. આ તો પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ તીર્થંકરદેવ ઇન્દ્રો અને ગણધરની સમીપમાં જે દિવ્યધ્વનિ છૂટી એ દિવ્યધ્વનિમાં એમ કહેવામાં આવ્યું, ભગવાન! તું તો એ રસને ચાખવાનો જે ભાવ છેને એ ભાવ પણ ક્ષયોપશમભાવ એ પણ તારામાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પોતાના સ્વભાવની દૃષ્ટિથી...**' નિજ સ્વભાવ. ભગવાન જ્ઞાયકસ્વભાવ, પરિપૂર્ણ આનંદસ્વભાવ, પરિપૂર્ણ પ્રભુત્વસ્વભાવ, પરિપૂર્ણ સ્વચ્છત્વ સ્વભાવ એવા પોતાના નિજ સ્વભાવથી જુઓ તો તેને '**ક્ષાયોપશમિક ભાવનો પણ તેને અભાવ હોવાથી...**' એને ક્ષયોપશમ નામ જાણવું ભાવેન્દ્રિયથી એનો પણ અભાવ છે. સમજાણું કાંઈ? એ ભાવેન્દ્રિયનું ખંડ ખંડનું જ્ઞાન એકને જાણે એ દૃષ્ટિ છોડી દે. આહા..હા..! તારે આત્માનો અનુભવ કરવો હોય, આત્મા છે એમ જાણવું હોય તો એ ભાવેન્દ્રિયની રુચિ છોડી દે. આહા..હા..! દ્રવ્યેન્દ્રિય તો ઠીક જડ છે અને એનો વિષય જે શબ્દ, રૂપ આદિ છે... આહા..હા..! ભારે આકરી વાત! ભગવાનની પ્રતિમા ઇન્દ્રિય છે એમ કહે છે. અને ભગવાન પૂર્ણ સ્વરૂપે પરમાત્મા બિરાજમાન હોય એ પોતાની અપેક્ષાએ તો ઇન્દ્રિય છે. ઇન્દ્રિયનો વિષય તે ઇન્દ્રિય. આહા..હા..!

આકરી વાત, ભાઈ!

મુમુક્ષુ :- આલંબન તો...

ઉત્તર :- આલંબન-ફાલંબન છે નહિ. ભગવાન આલંબનથી રહિત છે. એ અલિંગગ્રહણમાં આવ્યું છે ઘણું. વાત આવી ગઈ છે કે એ ઈન્દ્રિયથી જાણતો જ નથી. ઈન્દ્રિયથી જાણતો જ નથી અને ઈન્દ્રિયથી જણાતો નથી. અલિંગગ્રહણ છે. પ્રવચનસાર ૧૭૨ ગાથા. ઈન્દ્રિયથી જણાતો નથી એ તો બીજો શબ્દ છે, પણ ઈન્દ્રિયથી જાણતો જ નથી. ઈન્દ્રિયથી જાણે તે આત્મા નહિ. આહા..હા..! ધન્નાલાલજી! પોતાથી (જણાય છે). છઠ્ઠો બોલ છે. પહેલો બોલ એ કહ્યો કે એ ઈન્દ્રિયથી જાણતો નથી તે અલિંગગ્રહણ છે. બીજો કહે છે કે ઈન્દ્રિયથી જાણતો નથી પણ ઈન્દ્રિયથી જણાતો નથી. એ બીજો બોલ છે. જુઓ અલિંગગ્રહણના બોલ આવ્યો. આ ... જુઓ આ અલિંગ્રહણ. ઈન્દ્રિયથી જણાતો નથી. ઈન્દ્રિયથી જાણતો તો નથી પણ ઈન્દ્રિયથી જાણવામાં આવતો નથી. અને પ્રત્યક્ષ ઈન્દ્રિયનો એ વિષય નથી. એ ત્રીજો બોલ છે. આ ૧૭૨ ગાથા છે. ૭૨ કહે છેને? ૭૨ એ સમજી લેવું. પ્રવચનસાર-ભગવાનની વાણીનો સાર. અને બીજા દ્વારા અનુમાનથી જણાતો નથી. સમજાણું કાંઈ? બીજા દ્વારા અનુમાનથી આત્મા જણાતો નથી. ઈ ચોથો બોલ છે. પાંચમો બોલ. આત્મા એકલો અનુમાન કરનારો નથી.

મુમુક્ષુ :- તો શું છે?

ઉત્તર :- પ્રત્યક્ષ અનુભવમાં આવે એવો છે એમ કહે છે. એ છઠ્ઠો બોલ છે. આ પાંચ બોલ તો કહ્યા. છઠ્ઠો બોલ. એક અલિંગગ્રહણમાંથી ૨૦ અર્થ કાઢ્યા છે. ભગવાન અમૃતચંદ્રાચાર્ય. આહા..હા..! અલિંગગ્રહણ એમાંથી ૨૦ અર્થ (કાઢ્યા છે). ઈન્દ્રિયથી જણાતો નથી, ઈન્દ્રિયથી જાણતો નથી, ઈન્દ્રિય પ્રત્યક્ષનો વિષય નથી, બીજા દ્વારા અનુમાનથી જાણતો નથી અને પોતાનો સ્વભાવ પણ અનુમાનથી જાણે એવો છે નહિ એમ કહે છે. આવશે આમાં. અને છઠ્ઠો બોલ. પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. કહો, સમજાણું કાંઈ? ભગવાન આત્મા તેને પરમાત્મા-આત્મા કહે છે કે પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. પરોક્ષ રહે એ આત્મા નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ છઠ્ઠો બોલ છે. એવા ૨૦ બોલ છે. ત્રણ બોલ તો કાલે થયા હતા આપણે. ૧૮, ૧૯, ૨૦. પૂરા ૨૦ બોલ છે. સમજાણું કાંઈ?

પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. મતિ અને શ્રુતજ્ઞાન દ્વારા પ્રત્યક્ષ જણાય એવો આત્મા છે. મન દ્વારા અને રાગ દ્વારા જણાય એ આત્મા નહિ. નંદકિશોરજી! વાત એવી છે, ભગવાન! આહા..હા..! એવા બોલ છે. ૨૦ બોલ છે. આ તો આપણે આટલું કામ હતુંને. પોતાના સ્વભાવથી જણાય છે એટલું. નિર્મળ શુદ્ધ પરિણતિ ધર્મ, આનંદ

અને જ્ઞાનની પરિણતિ દ્વારા એ જાણવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્યારે તેને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. આહા..હા..! અરેરે! એવો આત્મા શું મહત્વવાળી ચીજ છે! એવી નિરાલંબી નિસ્પૃહ પક્ષપાત અથવા પરની અપેક્ષા રાખે એવી એ ચીજ જ નથી.

ભગવાન આત્મામાં પ્રકાશ નામનો ગુણ એક અનાદિ-અનંત છે. ૪૭ શક્તિઓ છેને? આ અલિંગગ્રહણના ૨૦ બોલ છે. ૪૭ શક્તિઓ સમયસારમાં છે. ૪૭ નય પ્રવચનસારમાં છે. બધું ૪૭-૪૭ છે. ૪૭ સમજ્યા? ૪૭. ૪ અને ૭. તો એ ૪૭ શક્તિમાં એક બારમી શક્તિ છે આત્મામાં. શક્તિ નામ ગુણ છે આત્મામાં. જીવતર શક્તિ, ચિતિ, દશિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ, (વિભુત્વ) સર્વદર્શી, સર્વજ્ઞ, સ્વચ્છત્વ અને પ્રકાશશક્તિ. એવો બારમો ગુણ છે આત્મામાં. કેવો ગુણ છે? કે પ્રત્યક્ષ સ્વસંવેદનમાં આવે એવો એમાં ગુણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ગુણ અને ગુણનો ધરનાર ભગવાન,... ક્ષયોપશમભાવથી પણ (જણાતો) નથી એમ કહે છે, પર ઉપરના લક્ષવાળું જ્ઞાન પણ જૂઠું છે. જાવ. આહા..હા..! એ તો પોતાનો સ્વભાવ શુદ્ધ, પરનું લક્ષ છોડીને પોતાના સ્વભાવથી પ્રત્યક્ષ જણાય તેને ભગવાન આત્મા કહે છે. ત્રિલોકનાથ પરમાત્મા તીર્થંકરનો આ હુકમ છે. આહા..હા..! અરે..! એણે ક્યાંયને ક્યાંય માનીને હિંસા કરી નાખી. આમ છે ને તેમ છે. પોતાનું જીવતર જીવન પૂર્ણાનંદ પ્રભુ પોતાના આનંદથી જ જણાય છે એમ કહે છે. રાગાદિ વિકલ્પ તો દુઃખ છે, વ્યવહારરત્નત્રયનો વિકલ્પ પણ દુઃખ છે. આ રાગ છે એ દુઃખ છે. એનાથી જણાય એવો આત્મા નથી. આહા..હા..! ભારે કામ ભાઈ!

અહીંયાં કહે છે, '**પોતાના સ્વભાવની દૃષ્ટિથી જોવામાં આવે તો...**' ઓહો..હો..! જોવામાં આવે એ પર્યાય છે, પણ ત્રિકાળ સ્વભાવની દૃષ્ટિથી જોતાં જે પર્યાયમાં સ્વભાવ પ્રગટ્યો એનાથી જોવામાં આવે તો એ સ્વભાવ '**ક્ષાયોપશમિક ભાવનો પણ તેને અભાવ હોવાથી તે ભાવેન્દ્રિયના આલંબન વડે પણ...**' આહા..હા..! ભાવેન્દ્રિય ખંડ-ખંડ જ્ઞાનનો અંશ એના આલંબનથી પણ રસ ચાખે એવો આત્મા નથી. આ વાત આવી ભારે કઠણ જગતને. વ્યવહારની પક્કડવાળાને આવું સમજવું... '**ભાવેન્દ્રિયના આલંબન વડે પણ રસ ચાખતો નથી...**' લ્યો! દ્રવ્યેન્દ્રિય જડથી તો નહિ, પણ ભાવેન્દ્રિયના આલંબનથી પણ રસ ચાખતો નથી. ખંડ-ખંડ જ્ઞાનના આશ્રયે રસ ચાખે છે એવી વસ્તુ છે? આહા..હા..! ભાવેન્દ્રિયથી રસ ખ્યાલમાં આવે એ પર્યાય પોતે પરાધીન પર્યાય છે, એ આત્માની પર્યાય નથી. આહા..હા..! આ એની ચીજનું માહાત્મ્ય નથી એને. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એ તો પોતાની નિર્મળ પર્યાયથી જણાય છે બસ. સમજાણું કાંઈ? પોતાનો સ્વભાવ નિર્મળ છે, એની પર્યાય નિર્મળ વિકલ્પરહિત થાય એનાથી એ જણાય છે. આહા..હા..! પહેલા સમજણમાં, શ્રદ્ધામાં તો લે કે વસ્તુ આવી છે. શ્રદ્ધાનું ઠેકાણું નથી એને આત્માની પ્રાપ્તિ કદી થતી

નથી.

હવે લીધું, જુઓ! '**સકલ વિષયોના વિશેષોમાં**...' જેટલા પાંચ ઇન્દ્રિયના વિષયના વિશેષ પ્રકાર છે (એમાં) '**સાધારણ એવા એક જ**...' ભગવાન તો બધામાં એક જ જાણનારો છે. એકલા રસને જાણે એવી એકલી પર્યાય નથી. સમજાણું કાંઈ? '**સકલ વિષયોના વિશેષોમાં સાધારણ એવા એક જ સંવેદનપરિણામરૂપ**...' સ્વસંવેદન. આહા..હા..! '**એક જ સંવેદનપરિણામરૂપ તેનો સ્વભાવ હોવાથી**...' આહા..હા..! કહે છે કે એકલા રસને જાણે એટલો ક્યાં એનો સ્વભાવ છે. છે? '**સકલ વિષયોના વિશેષોમાં સાધારણ**...' એક સાધારણ જાણવું-દેખવું, જાણવું-દેખવું, જાણવું-દેખવું ત્રિકાળ, રસને જ જાણે એવી ચીજ છે નહિ. આહા..હા..! પર્યાયદૃષ્ટિ ઉડાવે છે. સમજાણું કાંઈ? કોણ આવ્યું છે ભાઈ તમારે? પંડિતજી! પ્રવિણ આવ્યો છે પ્રવિણ? તમારો પ્રવિણ આવ્યો છે? નથી આવ્યોને? બંસીધરજી .. આવી છે. નથી? ઠીક. જાતિસ્મરણ થયુંને? રાજુલને જોઈ છે તમે? સાંભળ્યું છે. જોઈ નથી. અમારા પંડિતજી છેને એના મોટા ભાઈ છેને, એના દીકરાની દીકરી છે. અહીંયા રહે છે પણ અત્યારે નથી. એ વાંકાનેર છે. એને જાતિસ્મરણ થયું છે અઢી વર્ષે. અત્યારે ૧૦-૧૧ વર્ષની થઈ ગઈ. ૧૨? ૧૨ વર્ષ. અહીંયાં રહેતી હતી પણ અત્યારે નથી. પૂર્વભવનું જાતિસ્મરણ થયું છે અઢી વર્ષે. પ્રવિણભાઈ આવ્યા કેમ નથી? નથી આવ્યા. બેંકમાં નોકરી છેને. અહીં તો ક્ષયોપશભાવ છેને. આહા..હા..! જાતિસ્મરણમાં જે પૂર્વનું સ્મરણ થાય છે એટલી પર્યાય જેવડો પણ આત્મા નથી. સમજાણું કાંઈ?

પોતાની જાત ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ સત્ નામ શાશ્વત, ચિદ્ જ્ઞાન ને આનંદનો ભંડાર એની સન્મુખ દૃષ્ટિ કરે તો એ સ્વભાવથી જણાય છે. કહો, સમજાણું કાંઈ? એકલા રસને જાણનાર એ છે નહિ. બધામાં સાધારણ એક શબ્દ લેવો. બધામાં પાંચેય ઇન્દ્રિયમાં એક જ સાધારણ સ્વસંવેદન—જાણવું-દેખવું, જાણવું-દેખવું એક જ સામાન્ય સાધારણ. '**એક જ સંવેદનપરિણામરૂપ તેનો સ્વભાવ હોવાથી તે કેવળ એક રસવેદનાપરિણામને પામીને રસ ચાખતો નથી માટે અરસ છે.**' આહા..હા..! અમૃતચંદ્રાચાર્યની ટીકા, દિગંબર સંતોની ગજબ ટીકા! આવી વાત બીજામાં ક્યાંય નથી. આહા..હા..! પૂર્ણાનંદનો નાથ એની દૃષ્ટિ કરાવવા અને એવી ચીજ છે, તો કહે છે કે એક્લા રસને ચાખે એવો સાધારણ સ્વસંવેદનવાળો એ છે નહિ. આહા..હા..! બધાને એકસાથે જાણે. આહા..! '**તે કેવળ એક રસવેદનાપરિણામને પામીને રસ ચાખતો નથી**...' આહા..હા..!

'(**તેને સમસ્ત જ્ઞેયોનું જ્ઞાન થાય છે પરંતુ**)' હવે જ્ઞાન લીધું. છઠ્ઠો બોલ. '**સકલ જ્ઞેયજ્ઞાયકના તાદાત્મ્યનો (-એકરૂપ થવાનો) નિષેધ હોવાથી**...' રસ જ્ઞેય છે, બધું જ્ઞેય છે અને ભગવાન જ્ઞાયક છે. તો જ્ઞેય અને જ્ઞાયકનો સંબંધ નામ એકતા થવાનો નિષેધ છે.

સમજાણું કાંઈ? એ વાત એક વાર, બે વાર, ત્રણ વાર લે છે. '**સકલ જ્ઞેયજ્ઞાયકના તાદાત્મ્યનો (–એકરૂપ થવાનો) નિષેધ હોવાથી...**' જગતની ચીજ જે જ્ઞેય છે રસ, ગંધ, સ્પર્શ, ભગવાન તીર્થંકર, વાણી બધું જ્ઞેય (અને) ભગવાન જ્ઞાયક. એ જ્ઞાયક અને જ્ઞેયની એકતાની સંબંધનો નિષેધ છે. જ્ઞેય-જ્ઞાયક કદી એક થતા નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? એ ભગવાનની દિવ્યધ્વનિ પણ આ જ્ઞાનનું જ્ઞેય છે. છતાં જ્ઞાયક અને જ્ઞેય એક નથી થતા.

મુમુક્ષુ :- ભગવાન અને દિવ્યધ્વનિ બે એક ન થાય?

ઉત્તર :- દિવ્યધ્વનિ પણ એમની નથી. એમનું પોતાનું તો જ્ઞાન છે, દિવ્યધ્વનિ તો જડની છે. આહા..હા..! દિવ્યધ્વનિ તો રજકણની પર્યાય, પુદ્‌ગલની પર્યાય છે. એ ભગવાનથી નીકળી એ તો નિમિત્તથી કથન છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ જ્ઞાનમાં વાણી તો જ્ઞેય છે. કેવળજ્ઞાનીને તો જ્ઞાનમાં પહેલેથી જ્યારે કેવળજ્ઞાન થયું ત્યારથી સકળ જ્ઞેયનું જ્ઞાન છે. એને ખબર છે કે અઘાતિ કર્મ ચાર છે એનું પણ જ્ઞાન છે. વાણી નીકળશે એનું પણ જ્ઞાન છે. આહા..હા..! મારાથી નીકળશે એવી ચીજ નથી. ભારે વાત! આમાં વાંધા એ કે ભગવાનની વાણી .... વાણી ભગવાનથી નીકળી જ નથી. વાણી તો વાણીને કારણે ઉપાદાન પરમાણુંની પર્યાય એવી છે. એમાં સ્વપર કહેવાની શક્તિ છે, જાણવાની નથી. ભગવાન આત્મામાં સ્વપર જાણવાની શક્તિ છે, વાણીમાં સ્વપર કહેવાની શક્તિ છે. એ આત્માથી એમાં શક્તિ આવી એમ નથી. સમજાણું કાંઈ?

'**સકલ જ્ઞેયજ્ઞાયકના તાદાત્મ્યનો (–એકરૂપ થવાનો) નિષેધ હોવાથી...**' અહીં તો નીચલી વાત કરે છે. ઉપલી તો વાત પણ ક્યાં છે? અહીં તો નીચે સાધકમાં જે જ્ઞાનમાં જ્ઞેય આવ્યું, રસ આદિ ચીજ, અહીંયાં રસની વાત છેને, એ રસ જ્ઞેય થયો તો જ્ઞેય અને રસનું જ્ઞાન એક નથી થતું. રસનું જ્ઞાન તો પોતાનું પોતામાંથી થયું છે. આહા..હા..! સમજાણું કાંઈ? રસને જાણે છે એમ તો નથી,.. સમજાણું કાંઈ? પણ જ્ઞેયરૂપ જે રસ છે તો જ્ઞાયક ભગવાન અને એ રસ બે એક થતા જ નથી. ઓહો..! જેમ ભગવાન કેવળજ્ઞાની છે અને લોકાલોક બીજી ચીજ છે. તો લોકાલોક જ્ઞેયથી જ્ઞાન એક થાય છે? લોકાલોકથી કેવળજ્ઞાન છે? લોકાલોક છે તો કેવળજ્ઞાન છે? લોકાલોક છે એ જ્ઞેય છે એ જ્ઞાન સાથે સંબંધ રાખે છે? કહો, ધન્નાલાલજી!

મુમુક્ષુ :- એવું જ રુચે છે.

ઉત્તર :- એવું જ રુચે છે. એ તો જ્ઞાનની પરિણતિ પોતાથી સ્વ અને પરના જ્ઞાનની દશા પોતાથી પ્રગટ થઈ છે. એમાં એને જાણે એમ કહેવું એ તો વ્યવહાર છે. ખરેખર તો જ્ઞાનની પર્યાય પોતાના સામર્થ્યથી પૂર્ણ પ્રગટ થઈ એને જાણે છે એમાં એ જણાઈ જાય છે. સમજાણું કાંઈ? કહે છે કે એ રસનું જ્ઞેય એ જ્ઞાનમાં આવ્યું, પરંતુ જ્ઞાન અને જ્ઞેયનો

સંબંધ છે વ્યવહાર, પણ એ જ્ઞેય જ્ઞાનરૂપ થઈ જાય છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'નિષેધ હોવાથી રસના જ્ઞાનરૂપે પરિણમતાં છતાં પણ...'** રસના જ્ઞાનરૂપે પરિણમે એમ ભાષા છે. એ વ્યવહાર છે. રસનું જ્ઞાન નથી, જ્ઞાન તો પોતાનું છે. પણ આ તો સમજાવવું શી રીતે? એ સમયે રસનું જ્ઞાન થયું તો એના રસનું જ્ઞાન થયું એ પણ વ્યવહાર છે. પોતાની પર્યાયનું જ્ઞાન થયું છે. રસને કારણે નહિ. આહા..! ભારે વાતું ભાઈ! **'(તેને સમસ્ત જ્ઞેયોનું જ્ઞાન થાય છે પરંતુ સકલ જ્ઞેયજ્ઞાયકના તાદાત્મ્યનો...'** સમસ્ત જ્ઞેયોનું જ્ઞાન થાય છે એમ કહેવું એ જ્ઞેયોનું જ્ઞાન થાય છે ભાઈ એમ કહ્યું એ વ્યવહાર છે. આહા..હા..! શું કરે? શું સમજાવે? આહા..હા..! ભગવાન, સકળ જ્ઞેય જે છે એનું જ્ઞાન છે એમ કહે છે. જ્ઞાનનો અર્થ? પોતાની પર્યાયની એટલી સામર્થ્યતા છે કે સ્વને અને પરને પોતાની પર્યાયમાં જાણે છે. ખરેખર તો પોતાની પર્યાયમાં એ છે, જ્ઞેયમાં એ નથી. આહા..હા..! શું કહે છે? રસના જ્ઞાનરૂપે, રસના જ્ઞાનરૂપે પરિણમવા છતાં. જુઓ. એનો અર્થ? એ સમયે રસ જે આવ્યો એનું જ્ઞાન પોતાથી થયું હોં! એ રસના કારણે નહિ. રસ તો જ્ઞેય છે. જ્ઞેયને કારણે જ્ઞાન થયું? આહા..હા..! ભારે ઝીણી વાત ભાઈ! તત્ત્વજ્ઞાનનો વિષય એવો સૂક્ષ્મ છે. લોકોને સાંભળવા ન મળે એટલે એમ માને કે અરે! આ તો નિશ્ચયાભાસ છે. એમ કહે છેને? ન સમજાય એટલે એમ કહે.

મુમુક્ષુ :- એકાંત નિશ્ચય છે.

ઉત્તર :- એકાંત નિશ્ચય-નિશ્ચય. વ્યવહારની તો વાત પણ આવતી નથી આમાં. શું આવ્યું? એ જ્ઞેયને જાણે એમ કહેવું એ પણ વ્યવહાર છે. સમજાણું કાંઈ? આહા..! ભગવાન કેવળજ્ઞાનમાં લોકાલોક જાણે છે એમ કહેવું પણ વ્યવહાર છે. પોતાની પર્યાયમાં પૂર્ણ દ્રવ્ય પોતાનું ત્રિકાળી, ત્રિકાળી ગુણ પોતાની પર્યાય ત્રિકાળી અને પરનું દ્રવ્ય એવી પર્યાયમાં પોતાનું જ્ઞાન પરિણમે છે. પોતાને કારણે પરિણમે છે તેને ખરેખર એ જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેટલી વાત પકડવી? એક કલાકમાં તો ઘણાં ભેદ આવે. અરે! ભગવાન! કેવળજ્ઞાન લેવાની તારામાં તાકાત છેને. આ સમજવાની ના કેમ પાડે છે? એય..! આહા..!

**'સકલ જ્ઞેયજ્ઞાયકના તાદાત્મ્યનો (-એકરૂપ થવાનો) નિષેધ હોવાથી રસના જ્ઞાનરૂપે પરિણમતાં છતાં પણ...'** જ્ઞાનરૂપે. ભાષા કેમ સમજાવે? રસના જ્ઞાનરૂપે. લોકાલોકના જ્ઞાનરૂપે પરિણમવા છતાં પણ એ જ્ઞાન જ્ઞેયરૂપે થતું નથી. જ્ઞેય અને જ્ઞાન એક થતા નથી. એમ નીચે, રસના જ્ઞાનરૂપે પરિણમવા છતાં. આહા..હા..! રસ આવ્યોને ખ્યાલમાં? તો એ રસનો કાળ છે તો રસ ત્યાં છે. પણ પોતાનો કાળ જ એવો છે કે પરની અપેક્ષા વિના સ્વપરને જાણવાની પર્યાયરૂપે પરિણમ્યો છે, છતાં રસરૂપે પરિણમ્યો નથી. આહા..હા..! નંદકિશોરજી!

આ વકીલાત બીજી જાતની છે. અરે! ભગવાન! તારી ચીજ એવી છે. આહા..હા..!

કહે છે,.. ભાષા જુઓને. શું કરે આચાર્ય? વાત એવી છે. કહે છે કે '**સકલ જ્ઞેયજ્ઞાયકના તાદાત્મ્યનો (-એકરૂપ થવાનો) નિષેધ હોવાથી રસના જ્ઞાનરૂપે પરિણમતાં છતાં પણ...**' ભાષા શું કરે? રસ જે છે એનું અહીં જ્ઞાન થયું પોતાથી હોં! રસ છે માટે નહિ. એનું અસ્તિત્વ ભિન્ન છે અને પોતામાં એનું જ્ઞાન થયું એ અસ્તિત્વ ભિન્ન છે. આહા..હા..! તે કાળે પોતાનું જ્ઞાન અને રસના જ્ઞાનની પરિણતિ પોતાથી પર્યાયમાં થાય છે. સમજાય છે કાંઈ? ભારે આવો માર્ગ ભાઈ! નિશ્ચય સત્ય માર્ગ તો આવો છે. પછી એવું ભાન થયા પછી રાગાદિ આવે છે એને વ્યવહાર કહેવામાં આવે છે, પણ એ વ્યવહાર બંધનું કારણ છે. કેમકે એ વ્યવહારનું પણ જ્ઞાન થાય છે, વ્યવહારનું જ્ઞાન થાય છે છતાં એ વ્યવહારરૂપ થતું નથી. એમ લેવું છે કે નહિ અહીંયાં? આહા..હા..!

જેમ '**રસના જ્ઞાનરૂપે પરિણમતાં છતાં પણ...**' એમ રાગ આવ્યો એ સંબંધી જ્ઞાનરૂપ પરિણમન થવા છતાં ધર્મીને એ રાગરૂપ વ્યવહારરૂપ જ્ઞાન પરિણતિ થતી નથી. આહા..હા..! આવું સામર્થ્ય કબુલાતમાં કઈ રીતે આવે? આહા..હા..! આવો નિરાલંબી? પરનો કોઈ નિમિત્તનો આશ્રય નહિ? કહે છેને લોકાલોક એ નિમિત્ત છે, કેવળજ્ઞાન નૈમિત્તિક છે. કેવળજ્ઞાન નિમિત્ત છે અને લોકાલોક નૈમિત્તિક છે. એ તો એનું જ્ઞાન કરાવ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? એમ વ્યવહાર નિમિત્ત છે અને નિશ્ચય સમ્યક્ પોતાથી પ્રગટ્યું એ નૈમિત્તિક છે. સમજાણું કાંઈ? વ્યવહારનય જ્ઞાનની પર્યાયમાં નિમિત્ત છે. એ તો અહીંયા નિમિત્ત છે પણ આ પણ નિમિત્ત છે. આ ગજબ વાત છે! શું કહ્યું? રાગાદિ આવે છે વ્યવહાર, પોતાનું જ્ઞાન કરવામાં પોતાનું જ્ઞાન થાય એમાં એ નિમિત્ત છે અને રાગાદિમાં આ જ્ઞાનસ્વરૂપ નિમિત્ત છે. નિમિત્ત છે તો પૃથક્ છે. નિશ્ચય જ્ઞાન થયું તો એનાથી વ્યવહાર ઉત્પન્ન થાય છે એમ પણ નથી અને વ્યવહાર છે તો એનાથી નિશ્ચયજ્ઞાન થયું એમ પણ નથી. અને વ્યવહારનું જ્ઞાન થયું તો વ્યવહાર છે તો એનાથી જ્ઞાન થયું એમ પણ નથી. અરે! સમજાણું કાંઈ?

છઠ્ઠો બોલ બહુ સૂક્ષ્મ છે. '**રસના જ્ઞાનરૂપે પરિણમતાં છતાં પણ...**' જાણે રસનું જ્ઞાન હોય. રસનું જ્ઞાન નહિ, એ તો પોતાનું જ્ઞાન છે. '**પોતે રસરૂપે પરિણમતો નથી...**' ભગવાન આત્મા સ્વયં એ રસરૂપે પરિણમતો નથી. રસ સંબંધી જ્ઞાનની પરિણતિ જે પોતામાં થાય છે એ પોતાના જ્ઞાનરૂપે પરિણમે છે. રસનું જ્ઞાન થયું એમ કહેવામાં આવે છે, પણ એ જ્ઞાન હોવા છતાં પણ રસરૂપ જ્ઞાન થતું નથી. રસના જ્ઞાનરૂપ થયું છે એમ કહેવું એ વ્યવહાર છે. ભારે વાત ભાઈ! વ્યવહાર એ નિશ્ચયને બતાવે છે. રસનું જ્ઞાન? ના, જ્ઞાન તો જ્ઞાનનું છે. જ્ઞાન જ્ઞાનનું છે, પણ રસ છે તો બતાવે છે કે એમાં જ્ઞાન મારા સંબંધીનું અને એના સંબંધીનું જ્ઞાન છે. નિમિત્ત નૈમિત્તિકને જણાવે છે. બસ એટલું. એનાથી થાય

છે એમ નથી. આહા..હા..! ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છેને પણ શું કહ્યું જુઓ. ક્ષયોપશમભાવ ઉડાવી દીધો અને જ્ઞેયનું એવું જ જ્ઞાન થાય છે તો એનાથી નહિ. એ રૂપ થયું નથી. જેવો રસ છે એવું જ જ્ઞાન થાય છે. રસનું જ્ઞાન તો યથાર્થ એવું થાય છે છતાં એ જ્ઞાનરૂપ પરિણમન છે, એ જ્ઞેયરૂપ પરિણમન નથી. આહા..હા..! એવી આત્માની શક્તિ દ્રવ્ય, ગુણ અને પર્યાયની છે. આ તો પરિણમનની વાત કરી છેને? એય..! ચેતનજી! પર્યાયની વાત છેને.

**'પોતે રસરૂપે પરિણમતો નથી...'** પોતે તો પોતાના જ્ઞાનરૂપ અને રસના જ્ઞાનરૂપ પોતાનું જ્ઞાન. રસના જ્ઞાનરૂપ એ પોતાનું જ્ઞાન એ રૂપે થાય છે. એવો આત્મા રસરહિત છે. **'આમ છ પ્રકારે રસના નિષેધથી તે અરસ છે.'** એક રસની વ્યાખ્યા એટલી લીધી. આહા..હા..! વિશેષ લેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ સુદ-૯, શુક્રવાર, તા. ૧૮-૦૮-૧૯૭૨
## ગાથા-૪૯, પ્રવચન-૧૩૬

**નોંધ :- પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

આ ૪૯મી ગાથા ચાલે છે. સમયસાર. એક બોલ કહ્યો રસનો. એ પ્રમાણે બીજા લઈ લેવા. અહીંયાં તો ઘણું સ્પષ્ટ કર્યું છે. રસથી ભિન્ન એવા છ બોલ કહ્યા એવા રૂપગુણના પણ એમ લઈ લેવા. એવી રીતે ગંધગુણના લેવા અને સ્પર્શગુણ. સ્પર્શગુણના પણ છ-છ બોલ લઈ લેવા. કાલે આવ્યા હતાને છ બોલ? હવે એક શબ્દની વાત લઈએ. એક વાત તો એવી યાદ આવી અંદર કે આ નવકાર જે મંત્ર છે એ ત્રિલોકવર્તી ત્રિકાળ અરિહંતોને નમસ્કાર કરે છે.

મુમુક્ષુ :- ત્રિકાળવર્તી?

ઉત્તર :- ત્રિકાળવર્તી. સમજાણું કાંઈ? અને નમસ્કાર કરનાર પણ તેનું પરિજ્ઞાન યથાર્થ હોય તે દેવને નમસ્કાર (કરે છે). પાંચેય દેવ છે. પંડિતજી! શું કહ્યું? અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એ પાંચેય દેવ છે. દેવ છે. ભલે બે દેવ અને ત્રણ (સાધુ અવસ્થા છે પણ) એ પાંચેયને દેવ કહ્યા છે. ધવલમાં પાંચેયને દેવતા કહ્યા છે. આહા..હા..! જેની દિવ્યશક્તિ પ્રગટ થઈ. સર્વજ્ઞ, અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. તો કહે છે કે જેની દિવ્યશક્તિ જે સવારમાં કહી હતીને પૂર્ણાનંદ અનંત અગાધ સ્વભાવ, એ સ્વભાવ પર્યાયમાં, અગાધ પર્યાયમાં પ્રગટ થઈ ગયો. ઓહો..હો..! એવા પંચ પરમેષ્ઠી દેવતા એ ત્રણ લોકમાં વિચરતા હો અને ત્રણ કાળમાં રહેનારને નમસ્કાર છે. સમજાણું કાંઈ? શું કહ્યું?

મુમુક્ષુ :- ત્રણલોકમાં, ત્રણકાળમાં.

ઉત્તર :- કાળમાં. વર્તમાન ત્રણ લોક, ત્રણ કાળ. ઓહો..હો..! ત્રણ કાળ! ઘણા કાળનો અંત નથી એવા ભવિષ્યમાં જે અરિહંત, સિદ્ધ, આચાર્ય આદિ થશે અને ભૂતકાળના થયા (તેમને નમસ્કાર). આમ તો આચાર્ય, ઉપાધ્યાય તો અરિહંત થઈ ગયા, એ સિદ્ધ થઈ ગયા. છતાં એની અવસ્થા જે આચાર્ય, ઉપાધ્યાયની હતી... આહા..હા..! સમજાણું કાંઈ? નહિતર તો નમો સિદ્ધાણંમાં પંચ પદ જે ભૂતકાળના છે એ તો સિદ્ધ થઈ ગયા છે. ભાઈ! આહા..હા..! ભવિષ્યમાં થનારા તો થશે, પણ ભૂતકાળમાં તો અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ પાંચને ત્રિકાળવર્તી નમસ્કાર કર્યા. સમજાણું કાંઈ? આચાર્ય, ઉપાધ્યાય, સાધુની દશા જે નિર્મળ નિરાકુળ આનંદદશા થઈ એવી ભૂમિકાને પ્રાપ્ત હતા ત્યાં સુધી એને નમસ્કાર કર્યા અને એ અરિહંત પદમાં આવ્યા તો એને નમસ્કાર કર્યા અને સિદ્ધ થયા તો સિદ્ધને નમસ્કાર કર્યા. સમજાણું કાંઈ?

નમસ્કાર કરનાર, ધવલમાં એવો સિદ્ધાંત છે કે એના પરિજ્ઞાનવાળો હોવો જોઈએ. વાસ્તવિક પોતાનું જ્ઞાન અને પાંચ પદ શું છે એનું યથાર્થ જ્ઞાન હોવું જોઈએ. એ પાંચ પદને નમસ્કાર કરવાને લાયક છે. આહા..હા..! અગાધ ત્રણ કાળ. ભૂતમાં અનંત અરિહંત, અનંત સિદ્ધ, અનંત આચાર્ય, ઉપાધ્યાય થઈ ગયા. ભવિષ્યમાં અનંત અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય થશે. પંચ પરમેષ્ઠીને ત્રિકાળ નમસ્કાર કરું છું. કેટલી મહત્તા જ્ઞાનની જ્ઞાનમાં! અને કેટલી મહત્તાવાળી ચીજ એને વિકલ્પથી નમસ્કાર કરે છે. છે તો પરદ્રવ્યને એ? સમજાણું કાંઈ? આહા..હા..! પણ વિકલ્પની પાછળ એ નમસ્કાર કરનારને, નમસ્કાર જેને કરે છે એ તો છે, પણ કરનારને એનું પરિજ્ઞાન હોવું જોઈએ. એનું જ્ઞાન ન હોય અને નમસ્કાર કરે એ યથાર્થ નમસ્કાર નથી. સમજાણું કાંઈ? એના જ્ઞાનમાં અરિહંત કેવા છે? સિદ્ધ કેવા છે? આચાર્ય કેવા છે? ઉપાધ્યાય કેવા છે? (એનું જ્ઞાન હોવું જોઈએ). એ પાંચેય આત્મપદ છે. એમાં જે મહાવ્રત આદિ વિકલ્પ છે એ પદમાં નથી, એ તો રાગમાં છે. આહા..હા..!

મહાપ્રભુ પોતાની ચૈતન્ય શક્તિમાં જેણે અવગાહન કરીને અગાધ સ્વભાવ, ગંભીર સ્વભાવ, ઊંડો સ્વભાવ, અપરિમિત પોતાનો સ્વભાવ એમાં અવગાહન કરીને જેણે પૂર્ણ શક્તિઓ પ્રગટ કરી અને અપૂર્ણ થોડી છે તોપણ એના અવયવીનો એ અવયવ છે. સમજાણું કાંઈ? અરિહંત અને સિદ્ધને પૂર્ણ અવયવ પ્રગટ થઈ ગયા. અવયવ એટલે પર્યાય. એની પર્યાય, અવયવીનો અંશ-અવયવ છે એ પણ એની સાથે અભેદ છે. આ શું કહે છે સમજાણું કાંઈ? ધવલમાં એમ છે અને ન્યાયથી એમ છે. ધવલમાં પાઠ છે. ઓહો..! ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંત દેવોને નમસ્કાર. એમ છે. ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સિદ્ધોને નમસ્કાર, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી આચાર્યને નમસ્કાર, ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં ત્રિકાળવર્તીને નમસ્કાર, ણમો લોએ સવ્વ લોકમાં સવ્વ અને કાળમાં સવ્વ (સાધુને નમસ્કાર).

મુમુક્ષુ :- લોએ શબ્દ જે છે તે અંત્યદીપક છે.

ઉત્તર :- પાંચેયને અંત્યદીપક છે. લોએ તો ઠીક પણ અહીં તો વિશેષ ત્રિકાળવર્તી લીધા છે. એવી વાત છે. ઓહો..હો..! હજી તો એ જીવ વર્તમાનમાં તો કોઈ નિગોદમાં પડ્યો હોય, નરકમાં પડ્યો હોય અને ભવિષ્યમાં થવાનો છે. આહા..હા..! સમજાણું કાંઈ? તો એને પણ નમસ્કાર. પરિજ્ઞાનવાળા એને નમસ્કાર કરે છે. મહાપ્રભુ પાંચેય પદ પરમેષ્ઠી છે. પરમેષ્ઠી આત્મપદ છે. ઓહો..હો..! એની ભૂમિકામાં નમસ્કાર કરનારને એનું સમ્યગ્જ્ઞાન છે તો આત્માનું પણ જ્ઞાન છે એ નમસ્કાર કરે છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે! જૈનદર્શનની એક એક વાત એવી ગંભીર અને ગૂઢ! આહા..હા..! એવા ત્રિકાળવર્તી ત્રિલોકમાં રહેનારા પંચપરમેષ્ઠીને (નમસ્કાર). અમે સવારમાં ઉઠીએ તો પહેલા એ આવે છે. ત્રિકાળવર્તી દિવ્યધ્વનિના દાતાર, ત્રિકાળવર્તી દિવ્યધ્વનિને નમસ્કાર. પહેલા ઉઠતા જ એ આવે છે. શું કહ્યું? ત્રિકાળવર્તી દિવ્યધ્વનિ દાતારને નમસ્કાર અને ત્રિકાળવર્તી દિવ્યધ્વનિને નમસ્કાર. સમજાણું કાંઈ? એવા ભગવાન જેનું શરણ લે છે એવા ભગવાનનું એને જ્ઞાન હોવું જોઈએ. સમજાણું કાંઈ?

અહીંયાં એ જ કહે છે કે આત્મા કેવો છે? એ પાંચે પણ જાણ્યો એ આત્મા કેવો છે? રસ, પુદ્‌ગલદ્રવ્યનો જે રસગુણ એ એમાં નથી, પુદ્‌ગલદ્રવ્યનો રૂપગુણ એમાં નથી, તો પુદ્‌ગલદ્રવ્યના ગંધગુણ એમાં નથી અને પુદ્‌ગલદ્રવ્યનો સ્પર્શગુણ એમાં નથી. હવે બીજું. પુદ્‌ગલદ્રવ્યના, ઓલામાં દ્રવ્યના ગુણ લીધા, હવે પુદ્‌ગલના ગુણ જે છે એ એમાં નથી. બીજો બોલ આવ્યોને?

મુમુક્ષુ :- પહેલા દ્રવ્ય છે પછી ગુણ છે.

ઉત્તર :- દ્રવ્યથી એવો પાઠ છે. ઓહો..હો..! ભગવાન આત્મામાં, જડ દ્રવ્યનો રૂપ ગુણ છે એ પોતામાં નથી અને એ ગુણ પણ પોતામાં નથી. જડનો ગુણ. પહેલા દ્રવ્ય લીધું પછી એ ગુણ પોતામાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એવા રૂપને જાણનારું

દ્રવ્યેન્દ્રિયના અવલંબનથી જાણે છે એમ પણ નથી. પછી રૂપને જાણનારું ક્ષયોપશમ જ્ઞાન જે છે એ પણ સ્વભાવની દૃષ્ટિમાં નથી. એકલા રૂપને જાણે છે એમ નથી. એનું જ્ઞાન તો સર્વને જાણનારું છે માટે તે સ્વરૂપે નથી. અને રૂપના જ્ઞેયરૂપ જ્ઞાન હોવા છતાં રૂપનું જ્ઞાન કરનારો રૂપ સ્વરૂપે થતું નથી. આ છ બોલ. એવા રસમાં, એવા રૂપમાં, એવા ગંધમાં, એવા સ્પર્શમાં લઈ લેવા. બહુ લાંબુ કરવા જાય તો..

હવે આપણે જરી વાણીનું લઈએ. '**એ રીતે, જીવ ખરેખર...**' જીવ ભગવાન યથાર્થમાં '**પુદ્‌ગલદ્રવ્યથી અન્ય હોવાથી તેમાં શબ્દપર્યાય વિદ્યમાન નથી...**' જુઓ આ શબ્દના વાંધા કાઢે છેને? કે ભગવાનની વાણી ભગવાનથી નીકળી છે માટે પ્રમાણ છે. એમ નથી. વસ્તુ પ્રમાણં વચન પ્રમાણ. પુરુષપ્રમાણ વચનપ્રમાણ એમ આવે છે. પણ એ તો વ્યવહારનું વચન છે. આહા..હા..! કેમકે શબ્દની પર્યાયનું પરિણમન પુદ્‌ગલની પર્યાય છે. એ આત્માથી થઈ નથી અને એ આત્મામાં છે એમ છે નહિ. આહા..હા..! '**પુદ્‌ગલદ્રવ્યથી અન્ય હોવાથી...**' '**જીવ ખરેખર પુદ્‌ગલદ્રવ્યથી અન્ય હોવાથી તેમાં શબ્દપર્યાય વિદ્યમાન નથી...**' શબ્દપર્યાય આત્મામાં છે જ નહિ. આહા..હા..! તો શબ્દપર્યાય આત્મામાં છે નહિ એ શબ્દપર્યાયને કેમ કરે? આહા..હા..! ગજબ વાત છે. સમજાણું કાંઈ? એ દિવ્યધ્વનિ પુદ્‌ગલ દ્રવ્યની પર્યાય છે. એ આત્મામાં તો છે નહિ તો આત્મા કેવી રીતે દિવ્યધ્વનિ કરે? ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

એ '**શબ્દપર્યાય વિદ્યમાન નથી માટે અશબ્દ છે.**' ભગવાન આત્મામાં પુદ્‌ગલની શબ્દપર્યાય આ વર્ગણા એની એ શબ્દપર્યાય છે, તે આત્મામાં છે જ નહિ. આત્મા બોલે છે? કે ના. એ તો શબ્દની પર્યાય બોલે છે. આહા..હા..! ઈ શબ્દની પર્યાયનો સ્વામી થવું એ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? એ શબ્દપર્યાય પુદ્‌ગલદ્રવ્યની પર્યાય છે એ પોતામાં તો છે નહિ તેથી પણ આત્મા અશબ્દ છે.

બીજું. '**પુદ્‌ગલદ્રવ્યના પર્યાયોથી પણ ભિન્ન...**' ઓલામાં ગુણથી ભિન્ન ભાઈ લીધું હતું. આ તો પર્યાય છેને આ તો? રસ, ગંધ એમાં ગુણ બીજો બોલ હતો. હવે, આ શબ્દ કાંઈ ગુણ નથી. શબ્દો પુદ્‌ગલ દ્રવ્યની એક પર્યાય છે. રંગ, ગંધ, રસ અને સ્પર્શ એ તો પુદ્‌ગલ દ્રવ્યનો ગુણ છે અને શબ્દપર્યાય પુદ્‌ગલ દ્રવ્યની પર્યાય છે. આહા.હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા એ શબ્દપર્યાય '**પુદ્‌ગલદ્રવ્યના પર્યાયોથી પણ ભિન્ન...**' પહેલા તો એમ લીધું કે '**પુદ્‌ગલદ્રવ્યથી અન્ય હોવાથી તેમાં શબ્દપર્યાય વિદ્યમાન નથી...**' આત્મા પુદ્‌ગલદ્રવ્યથી અન્ય હોવાથી પુદ્‌ગલદ્રવ્યની શબ્દપર્યાય એમાં નથી. અહીંયાં એમ લીધું કે '**પુદ્‌ગલદ્રવ્યના પર્યાયોથી પણ ભિન્ન...**' પહેલાં '**પુદ્‌ગલદ્રવ્યથી અન્ય હોવાથી...**' લીધું હતું. સમજાણું કાંઈ? આ બીજામાં પુદ્‌ગલદ્રવ્યની પર્યાયોથી પણ ભિન્ન. આહા..હા..!

ભગવાન ત્રિકાળ-ત્રણે કાળ '**પુદ્‌ગલદ્રવ્યના પર્યાયોથી પણ ભિન્ન...**' એ કહે છે અહીંયાં કે આત્મા બોલે છે? કે ના. એ તો ભાષા બોલે છે. કેમ બેસે? ભીંતમાં કેમ ભાષા નથી? અહીંયાં આત્મા છે તો ભાષા થાય છે. બિલકુલ જૂઠું છે. સમજાણું કાંઈ? અને એક માણસ અહીંયા (સાંભળીને) ગયો. એના આચાર્યને અહીંથી સાંભળીને પૂછ્યું, મહારાજ! આ ભાષા કોણ બોલે છે? કારણ કે એ વાત સાંભળી એણે કે એ તો જડની પર્યાય છે. આત્માથી તો ભિન્ન છે. આત્મા બોલતો નથી. ત્યારે એણે જવાબ આપ્યો કે તારો બાપ બોલે છે? અરે..! ભગવાન! આહા..હા..! એય..! જેઠાલાલજી! એ જેઠાલાલના ગુરુ હતા, જેઠાભાઈના. એણે કહ્યું. તારો બાપ બોલે છે? અરે! ભગવાન! આ શું કરે છે? એ તો પુદ્‌ગલની પર્યાય છે, આત્મા ક્યાંથી બોલે? આહા..! આ વાત બેસવી અંદરમાં.

એ તો ચૈતન્ય ભગવાન તો જ્ઞાન, આનંદનો પિંડ છે. એમાં તો જ્ઞાન, આનંદની દશા પ્રગટ થાય છે. શું શબ્દની પર્યાય એમાંથી થાય છે? આહા..હા..! ઉપદેશકને પણ શબ્દની પર્યાયમાં યથા ... કાઢું છું એ પણ અભિમાન શબ્દની પર્યાય (કરું છું) મિથ્યાત્વભાવ છે. ધન્નાલાલજી!

મુમુક્ષુ :- દલીલ તો કરી શકાય.

ઉત્તર :- દલીલ-ફલીલ કોઈ કરી શકે નહિ. રામજીભાઈ દલીલ કરી શકે નહિ. વાણી કરી શકે નહિ. આ કોર્ટમાં દલીલ-બલીલ કરેને કોઈ કેસ ચાલતો હોય તો. બરાબર કાઢીને કહે આમ છે, તેમ છે. આમ બોલવું, સભા જોઈને ઉપદેશ કરવો. એવું આવે છે.

મુમુક્ષુ :- અંદરથી આત્મા કરંટ દેતો રહે છે.

ઉત્તર :- કરંટ-ફરંટ કાંઈ નથી એમ કહે છે અહીંયાં તો. ભગવાન! એ શબ્દની પર્યાયને તો આત્મા સ્પર્શતો પણ નથીને. આત્માને સ્પર્શીને નીકળતી નથીને. આહા..હા..!

મુમુક્ષુ :- નિમિત્ત પણ નથી?

ઉત્તર :- નિમિત્તનો અર્થ શું? બીજી ચીજ છે એનો શું અર્થ? એ તો લોકાલોક કેવળજ્ઞાનમાં નિમિત્ત છે એનો અર્થ શું? તો લોકાલોક છે તો કેવળજ્ઞાન છે? અને કેવળજ્ઞાનની પર્યાય લોકાલોકને નિમિત્ત છે એવો પાઠ છે. તો અહીં કેવળજ્ઞાન છે તો લોકાલોક છે? સમજાણું કાંઈ? ભાઈ! તારી ચીજ ઘણી મોટી છે. ખબર નથી એને. ક્ષણે અને પળે શબ્દની પર્યાય મેં કરી, મેં આવું ભાષણ કર્યું, મેં લોકોને સમજાવ્યા, મેં રંજન જગતને કર્યું. ભાઈ! એ શબ્દપર્યાયથી તો ભગવાન ભિન્ન છે. એય..! વકીલ!

મુમુક્ષુ :- પોતાનું તો સૌ કરે, પરનું કરે એ...

ઉત્તર :- કોણ કરતું હતું પરનું ધૂળ? આહા..હા..! એક જણો એમ કહેતો હતો. અહીં તો અમારી પાસે બહુ આવેને માણસ? એક સાધુ આવ્યો હતો ખતરગચ્છનો. ચેતનજી! એને

ખબર છે એ નામ. કોક આવ્યું હતું. નામ ભૂલી ગયા છે. ખતરગચ્છનો. કે પોતાનું તો કૂતરા પણ ખાઈને પેટ ભરે છે. બીજાનું કરે એ કહેવાય ખરેખર. અરે ભાઈ! કોણ કરે ભાઈ! ખતરગચ્છનો. સુખસાગર બસ એ. એ સુખસાગર. ત્યાં હીરાભાઈના મકાનમાં આવ્યા હતા. સમજ્યાને? અરે..! પોતાનું કરે એ તો કૂતરા પણ પેટ ભરે છે. કૂતરા પણ પેટ ભરે છે. બીજાનું કરે એની બલિહારી છે.

મુમુક્ષુ :- આ તો દિગંબરમાં છેને.

ઉત્તર :- દિગંબરને પણ ક્યાં ભાન છે કે દિગંબર કોને કહેવા. દિગંબર વાડામાં જન્મ્યા એટલે દિગંબર થઈ ગયા? સમજાણું કાંઈ? આ તો વસ્તુની સ્થિતિ આવી છે. દિગંબર હોય કે શ્વેતાંબર હોય કે ગમે તે હોય. શબ્દપર્યાયથી તો ભગવાન ભિન્ન છે. છે? બે બોલ થયા.

**'પરમાર્થે પુદ્‌ગલદ્રવ્યનું સ્વામીપણું પણ તેને નહિ હોવાથી તે દ્રવ્યેન્દ્રિયના આલંબન વડે પણ શબ્દ સાંભળતો નથી...'** આહા..હા..! આ કાન દ્વારા પણ આત્મા સાંભળતો નથી. એનું આલંબન નથી. આ તો જડ છે. જડ દ્વારા પણ આત્મા સાંભળે છે એમ નથી. આહા..હા..! પ્રભુનો માર્ગ... 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ, ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ.' વીર્યહીન આ વાત સાંભળે તો એને (એમ થાય કે) અરે! આ શું કહે છે? એકાંત થાય છે એકાંત. અરે ભગવાન! સાંભળ તો ખરો પ્રભુ! તારી ચીજમાં ભાષાની પર્યાય સ્પર્શતી જ નથી. ભાષાને ખબર નથી કે અહીંયાં કોણ છે અંદર? જ્ઞાનને ખબર છે કે ભાષાની પર્યાયથી થાય છે. આહા..હા..! ભાઈ! તારી ચીજમાં પ્રભુ! શબ્દ પુદ્‌ગલદ્રવ્યનું સ્વામીપણું નથી કે જેથી કાનનો સ્વામીરૂપ થઈને શબ્દ સાંભળે. આ તો જડ છે, માટી છે. સમજાણું કાંઈ? **'હોવાથી તે દ્રવ્યેન્દ્રિયના આલંબન વડે પણ શબ્દ સાંભળતો નથી માટે અશબ્દ છે.'** આહા..હા..! પ્રતિષ્ઠાચાર્યજી! આ પ્રતિષ્ઠાની ભાષા બોલે છે એ આત્મા બોલે છે? એમ કહે છે. પુદ્‌ગલ છે. આહા..હા..! એ ત્રણ બોલ થયા.

**'પોતાના સ્વભાવની દૃષ્ટિથી જોવામાં આવે તો ક્ષાયોપશમિક ભાવનો પણ તેને અભાવ હોવાથી...'** એ જાણવાની પર્યાય છેને? પર્યાય છે જાણવાની. આ તો પર છે, પણ જાણવાની પર્યાય છે એ ક્ષયોપશમ અંશ છે. ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ ભાવેન્દ્રિયથી રહિત છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાવેન્દ્રિયથી સાંભળે છે? કે ના. એમાં ભાવેન્દ્રિય જ નથીને. આહા..! ખંડખંડ ઇન્દ્રિયનું જ્ઞાન જ એમાં નથી. ભારે વાત ભાઈ! વીતરાગ દર્શન. પરમાત્મા પરમ અમૃતનો પિંડનો અનુભવ એ વીતરાગદર્શન છે. આહા..હા..! અને એનું ફળ અનંત અમૃત સિદ્ધપદ મળે (એ એનું ફળ છે). અમૃત. મોક્ષને અમૃત કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! અમૃતનો સાગર ઉછળે છે તારામાં એ જ તારી ચીજ છે. શબ્દની પર્યાય ઉછળે અને આત્મા સાંભળે એ નહિ, એમ કહે છે. આહા..હા..!

કહે છે કે '**પોતાના સ્વભાવની દૃષ્ટિથી જોવામાં આવે તો ક્ષાયોપશમિક ભાવનો પણ તેને અભાવ હોવાથી તે ભાવેન્દ્રિયના આલંબન વડે પણ શબ્દ સાંભળતો નથી...**' દ્રવ્યેન્દ્રિય દ્વારા તો નહિ, પણ ભાવેન્દ્રિય દ્વારા પણ સાંભળતો નથી. આહા..હા..! હવે અહીં કહે કે કાન મળે તો શબ્દ સંભળાય તો ધર્મનો લાભ થાય. એવી વાત ચાલે છે ઉપદેશમાં. એમ નથી. ભગવાન! એ તો જડ પર્યાય અને ભાવઇન્દ્રિય ભલે ખંડ ઉત્પન્ન હોય એ પણ આત્માના ત્રિકાળ સ્વભાવની અપેક્ષાએ પર છે. ભાવેન્દ્રિયથી પણ આત્મા સાંભળતો નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... સામે આવે તો બેયને મજા આવે. પાર્ટી બરાબર લડે છે આમ. એક વખતે તો અહીં આવી ગયા હતા. આ વાદવિવાદ કરવાની પાર્ટી છે. અમારે રામજીભાઈ કહે છે કે ફલાણા પક્ષના એ પાર્ટીવાળા છે. શું કાંઈક કહે છે? આહા..હા..! ફલાણાના પક્ષના છે એ. કંપની છે ઈ, પાર્ટી છે. અરે ભગવાન! પાર્ટી કેવી બાપા? કોની પાર્ટી કોને કહે? આહા..હા..! ભાષાની પર્યાયને ક્ષયોપશમ જ્ઞાનથી જાણે છે એમ પણ નથી. આહા..હા..! ત્રણ લોકનો નાથ...

મુમુક્ષુ :- કેમ જાણે પરાશ્રયે?

ઉત્તર :- કેમ જાણે? પોતાના સ્વભાવથી જાણે છે, પરથી નહિ. એ પણ સ્વથી પરને જાણે છે એ પણ વ્યવહાર છે. પોતાની પર્યાયમાં એવી યોગ્યતા છે તો એવા જ્ઞાનને જ જાણે છે. આહા..હા..! વીતરાગ માર્ગ એવો છે, ભગવાન! આહા..હા..!

'**અભાવ હોવાથી તે ભાવેન્દ્રિયના આલંબન વડે પણ શબ્દ સાંભળતો નથી...**' ભાવેન્દ્રિય ભિન્ન તો છે, પણ એનાથી સાંભળતો નથી એમ કહે છે. આહા..હા..!

'**સકલ વિષયોના વિશેષોમાં સાધારણ એવા એક જ સંવેદનપરિણામરૂપ તેનો સ્વભાવ હોવાથી...**' સાધારણ એવા એક સંવેદનપરિણામ. એ તો એકરૂપ જાણન... જાણન... જાણન... જાણન... જાણન... બધાને જાણવાનો સ્વભાવ છે. તો એકલા શબ્દને જાણે એમ પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી ધર્મની ઉપદેશ વ્યાખ્યા. માણસને સમજવામાં ન આવે પછી એય..! મોટા બીજામાં ચડી જાય. ભગવાનની સ્તુતિ કરે. ઓહો..હો..! ઝપટ વગાડે સ્તુતિમાં પણ. જાણે હું આગળ વધી જાઉં, ઓલો કહે હું આગળ વધી જાઉં. મારી સ્તુતિ મોટી છે. અરે! કહે છે કે સ્તુતિ તો જડની પર્યાય છે. સમજાણું કાંઈ? એ ભાવેન્દ્રિયથી સાંભળતો નથી, પણ આત્માનો જ્ઞાનસ્વભાવ સર્વ વિષયોમાં, સર્વ જ્ઞેયોમાં સાધારણ છે. માટે એકલા શબ્દની પર્યાયને જાણે છે એમ નથી. ભારે વાત ભાઈ આ. સાધારણ માણસને તો આ ગાથા બહુ.. અવ્યક્તનું હવે આવશે. અલૌકિક વાત છે. આમાં આવશે અવ્યક્તનું. અલૌકિક વાત છે.

'(**તેને સમસ્ત જ્ઞેયોનું જ્ઞાન થાય છે પરંતુ) સકલ જ્ઞેયજ્ઞાયકના તાદાત્મ્યનો નિષેધ હોવાથી...**' '**જ્ઞેયજ્ઞાયકના તાદાત્મ્યનો નિષેધ હોવાથી...**' શબ્દની પર્યાય જ્ઞેય છે, ભગવાન જ્ઞાયક છે. તો જ્ઞાયક અને શબ્દપર્યાયને બેને તાદાત્મ્ય થવાનો નિષેધ છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! સ્પર્શમાં પણ આવ્યું હતુંને? પુદ્‌ગલનો સ્પર્શ ગુણ છે તેનાથી આત્મા ભિન્ન છે. આ સ્પર્શ. ઠંડુ-ઊનું ભોગના કાળમાં એને દેખાય છેને? કહે છે કે એ શબ્દના ગુણથી તો ભિન્ન છે. કેમકે એ સ્પર્શ પુદ્‌ગલનો ગુણ છે અને એ સ્પર્શ પુદ્‌ગલનો ગુણ હોવાથી આત્મામાં તો છે જ નહિ, તો સ્પર્શ દ્વારા કેવી રીતે સ્પર્શે ઈ? આહા..હા..! સમજાણું કાંઈ? દેહના ભોગને કાળે વિષયવાસનાના પ્રસંગમાં દેહથી, સ્પર્શથી આત્મા ભોગ લે છે એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ જડનો સ્પર્શ છે તો એનો ક્ષયોપશમ ભાવ જે છે એમાં જણાય છે કે આ સ્પર્શ આવો છે. એવો ક્ષયોપશમભાવ પણ એનો નથી સ્વભાવની દૃષ્ટિએ. ઓહો..હો..! તો ભોગની ક્રિયા દેહની અને એમાં જે સ્પર્શ ઈન્દ્રિયનું જ્ઞાન છે એનાથી પર આત્મા છે. એ તો અતીન્દ્રિય આનંદનું ચુસણું છે. ચુસણું સમજો છો? ચુસે છેને આઈસક્રીમ ને કુલ્ફી આ છોકરાઓ નહિ આમ (ચૂસે)? ભગવાન તો અતીન્દ્રિય જ્ઞાન અને આનંદની ચુસણી છે. અંદરમાં જઈને ચૂસો એટલો બહાર નીકળે. આહા..હા..! સમજાણું કાંઈ? આ ધાર્મિક ક્રિયાને બહાને જગતને મારી નાખ્યા. હું ધર્મ કરું છું, ધર્મ કરું છું, ષોડશકારણ કરું છું, આમ હું કરું છું. અરે ભગવાન! સાંભળ તો ખરો નાથ! નાથ કેમ કહે છે? એવી ચીજ છે એ છે કે પોતાના સ્વભાવને આશ્રયે જે પ્રગટ દશા છે એની રક્ષા કરે છે અને પૂર્ણ નથી એને પ્રાપ્ત કરે છે માટે ભગવાન તો આત્માના ગુણનો નાથ છે. એ રાગનો અને ભોગનો સ્વામી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ પ્રભુ અનંતગુણનો પિંડ છે. અનંતગુણ સવારે કહ્યું હતું. ઓહો..હો..! એ એમ ધારી લે એમ નહિ. અનંત-અનંત ગુણ. ત્રણ કાળથી અનંતગુણા ક્ષેત્રના પ્રદેશ. કાળથી ક્ષેત્ર મોટું અને ક્ષેત્રથી ભાવ મોટો. એવા અનંત... અનંત... અનંત... જ્ઞાન-દર્શન-આનંદ એવા સ્વભાવની ગહનતા, ગંભીરતા એમાં અવગાહન કરનારો જીવ તેને સમ્યગ્દૃષ્ટિ કહે છે. રાગ અને સ્પર્શમાં જાય છે તે મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે '**સકલ જ્ઞેયજ્ઞાયકના તાદાત્મ્યનો નિષેધ હોવાથી...**' સ્પર્શની પર્યાય એ જ્ઞેય અને આત્મામાં જ્ઞાન. એ જ્ઞાન અને જ્ઞેયની એકરૂપતા હોવાનો નિષેધ છે. તદ્દન ભિન્ન છે. '**શબ્દના જ્ઞાનરૂપે પરિણમતાં છતાં પણ...**' ભાષા તો શું કરે? શબ્દના જ્ઞાનરૂપે પરિણમન. ખરેખર એ જ્ઞાનરૂપ પરિણમન શબ્દનું નથી, પણ સમજાવવું છેને એને કે શબ્દને કાળે પોતામાં પોતાથી સ્વપર (પ્રકાશક) જ્ઞાનની પર્યાય થાય છે એને શબ્દનું જ્ઞાન થયું એમ વ્યવહારે કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મ કોઈ દુર્લભ ચીજ છે અને દુર્લભ મળે તેનો મોક્ષ થયા વિના રહે નહિ. અનંત-અનંત શાંતિ, અનંત સમાધિ સુખમાં અને અનંત જ્ઞાન

અને દર્શનસહિત. આહા..હા..! જેનું ફળ આવું છે એનો ઉપાય કારણ પણ અલૌકિક છે. એ કારણ સ્વભાવ ત્રિકાળી એવો ભગવાન એના અવલંબને, આશ્રયે જે જ્ઞાન થયું... સમજાણું કાંઈ? અને એના આશ્રયે જે પ્રતીત થઈ એ પ્રતીત અને જ્ઞાન એમ પોકાર કરે છે કે હું શબ્દને જાણું છું એમ કહો, પણ શબ્દની પર્યાયરૂપે પરિણમન થાય છે એમ નથી. સમજાણું કાંઈ? આવો ધર્મ. એ કરતા તો એકેન્દ્રિયની દયા પાળવી, બે ઇન્દ્રિયની દયા પાળવી, વ્રત પાળવા (એ સહેલું હતું). અરે ભગવાન! વ્રત અને દયા તું કોને કહે છે? પરની દયા કોણ પાળી શકે છે? પર સ્વતંત્ર પદાર્થ છે. એની પર્યાયનું ટકવું કે વ્યય થવું એ તો એને આશ્રયે છે. તું શું પરની દયા પાળી શકે છે? આહા..હા..! તારી દયા પાળવામાં તારી શક્તિ છે. હું તો એ શબ્દની પર્યાયને જાણવા છતાં શબ્દની પર્યાય જ્ઞેય અને હું જ્ઞાયક બેની એકતા તો કદી થતી નથી. આહા..હા..! એ પ્રકારનું જ્ઞાન અંદર થાય તો એને એમ થઈ જાય કે આ શબ્દથી જ્ઞાન થયું. વેદાંત એમ કહે છે. સમજાણું કાંઈ?

આ છેને જીવન શોધન? શું કીધું? કેશવલાલ મશરુનું. મળ્યા હતા બિચારા. વેદાંતી છે પાક્કા. ત્યાં મળ્યા હતા ૯૫માં. એ તો એનું એક પુસ્તક છે જીવન શોધન નામનું. એણે તો એમ લખ્યું છે કે જ્ઞાનમાં જે ચીજ જણાય છે, એ જણાય છે એવું જ જ્ઞાન થાય છે. એવું જ જ્ઞાન થાય છે તો એ ચીજ પણ જ્ઞાનમય છે. સમજાણું કાંઈ? એનો અહીંયાં નિષેધ છે. જ્ઞાનમાં જેમ જુઓ કપાટ જોવામાં આવ્યું. કપાટનું જ્ઞાન અહીંયાં બરાબર થયુંને? તો કપાટનું જ્ઞાન થયું તો એ જ્ઞાનમય હોય તો અહીંયા જ્ઞાન થયું એમ કહે છે. એમ નથી. શબ્દનું જ્ઞાન થયું તો શબ્દમાં પણ જ્ઞાન છે સર્વવ્યાપક તો જ્ઞાન થયું એમ કહે છે. એનો અહીંયાં નિષેધ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન ત્રણ લોકના નાથ પરમાત્મા એણે કહેલા પદાર્થની વ્યવસ્થા જેવી છે એવી કહી વાણી દ્વારા એ અલૌકિક ચીજ છે. સાધારણ પ્રાણી એને જાણી લે, પકડી લે એવી એ ચીજ નથી. મહા વીર્યના ઉત્સાહિત જીવ સ્વભાવ સન્મુખનો વીર્યનો ઉત્સાહિત જીવ એને જાણી શકે છે. સમજાણું કાંઈ? કહે છે કે શબ્દની પર્યાયરૂપ હું થતો જ નથી. **'આમ છ પ્રકારે શબ્દના નિષેધથી તે અશબ્દ છે.'**

હવે છેલ્લો બોલો આવ્યો. પાઠ તો બીજો છે. છેને? અરસ, અવર્ણ, અગંધ, અવચન. પછી અલિંગગ્રહણ ... ન લેતા ચેતના ગુણ ... લઈને અલિંગગ્રહણનું નહિ લઈને અનિર્દિષ્ટ સંસ્થાનનું લે છે. છેલ્લા પદનો હવે શબ્દ લે છે. વચ્ચેનું છોડી દીધું. વચ્ચેનું પછી લેશે. શું કહ્યું સમજાણું? ગાથાના ક્રમમાં જે શબ્દ આવ્યો એમાં આટલો તો ક્રમ લીધો. શબ્દ સુધી. નહિતર શબ્દ તો એવો છે. **'अव्वत्तं चेदणागुणमसद्दं। जाण अलिंगग्गहणं'** એટલા બોલ છોડી દીધા હમણા. **'जीवमणिद्दिट्ठसठाणं'** એ લીધું ટીકાકારે.

**'(હવે 'અનિર્દિષ્ટસંસ્થાન' વિશેષણ સમજાવે છેઃ-) પુદ્ગલદ્રવ્ય વડે રચાયેલું જે**

શરીર...' આ શરીરનો આકાર. નાક, કાન બરાબર શરીરની રચના સુંદર હોય તો એમ કહે છે કે અમારું શરીર છે. ખરાબ હોય તો ઉંહું... ઉંહું.. આંખ ફૂટી જાયને કોઈ સ્ત્રીની તો ઓલું કપડું આડું રાખે. ચશ્મા તો હવે થયા, પહેલા ચશ્મા ક્યાં હતા. હવે ચશ્મા રાખે એટલે ખબર ન પડે કે આની આંખ ફૂટી ગઈ છે. આંખ ફૂટી ગઈ એની શરમ આવે છે. હવે જડમાં નથી એમાં તને શું શરમ આવી? આહા..હા..! સમજાણું કાંઈ? એ આકાર તો જડનો છે એમ કહે છે. આંખ, બરાબર નાક સરખું, ગરૂડના નાક જેવા, કાન સરખા કુંડળ જેવા, જીભ સરખી બરાબર સમજ્યાને? ચકલાની જીભ હોય છેને એ બહુ ઊંચી હોય છે. ચકલા સમજો છો? ચકલી. આ ચકલી નથી હોતી? એની જીભ બહુ ઊંચી હોય. આ રાજા, મહારાજાના દીકરાઓ હોયને તો એ પહેલા બોલી ન શકે તો એની જીભ એને પીવડાવે. ચકલાની નાની જીભ કાઢીને (પાય તો) અવાજ નીકળે બહાર. તોતડું બોલે છેને. રાજાનો કુંવર તોતડું બોલે હવે કરવું શું? પછી ૨૫, ૫૦, ૧૦૦, ૨૦૦ ચકલા લાવીને જીભ લે. ભાષા પછી નરમ થઈ જાય છે, કુણી થઈ જાય છે. ચકલા જેવી ભાષા બોલે. અરેરે! સમજાણું કાંઈ? અરે! એમાં તને શું આવ્યું? કેટલું પાપ! આહા..હા..! અરે આટલા પાપ! પંચેન્દ્રિયની જીભ કાઢીને.. આ શેઠિયાઓ મોટા કરોડોપતિ, અબજોપતિના છોકરા નાના હોય, ખાનગી-ખાનગી અંદર ચાલે છે. જીભ બરાબર ચાલતી ન હોય તો એ ચકલાની બોલે છેને જુઓને ચું... ચું... ચું... બહુ બોલે છેને? અવાજ બહુ છે એની ભાષામાં. એની જીભ કાઢીને રસ કાઢીને પીવડાવે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... પણ કોઈને થાય તો એમ થાય છે. પણ કોઈને થાય તો એનાથી થયું. આહા..હા..! અરે ભગવાન! એ ભાષાની પર્યાય તારી નથી, એ આકાર તારો નથી. આહા..હા..!

૪૭ શક્તિ છેને? એમાં સ્વધર્મવ્યાપક એક શક્તિ છે. પોતાના સ્વભાવમાં વ્યાપે છે, પણ શરીરના આકારમાં વ્યાપતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અહીંયાં નાક અને કાનના અંદર જે પ્રદેશ છે, નાક અને શરીર આ જે જીભ એના પ્રદેશ તો જડના છે પણ એમાં આત્માનો જે આકાર છે એ પ્રમાણે, એ આકારથી આ આકાર તદ્દન ભિન્ન છે. સમજાણું કાંઈ? એ પ્રમાણે અંદર આત્માના પ્રદેશ આકાર એવો થઈ ગયો છે. છતાં શરીરના આકારથી ભગવાનનો આકાર ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ શરીરની આકૃતિ સુંદર કે અસુંદર મારામાં છે એ માન્યતા મૂઢ પાખંડ અજ્ઞાનીની છે. આહા..હા..! પોતાના શરીરની સુંદરતા દેખાડવી, બીજાને દેખાવ કરવો કે આવો હું છું. મૂઢ છે.

મુમુક્ષુ :- ... એ લોકપ્રમાણ છે.

ઉત્તર :- હા, એ લોક પ્રમાણે તો નિશ્ચયથી છે, પણ વ્યવહારે તો અત્યારે શરીર પ્રમાણે જ છે. સમજાણું કાંઈ? અસંખ્યપ્રદેશી ભગવાન આત્મા એનો પ્રદેશ નામ ક્ષેત્ર છે. એ

અસંખ્યપ્રદેશી ક્ષેત્રમાં જે આકાર છે એ પોતાથી છે. એ શરીરને કારણે આકાર છે એમ છે નહિ. આહા..હા..! જળનો લોટો. લોટો કહે છેને? લોટા પ્રમાણે અંદર પાણીનો આકાર છે. છતાં લોટાને કારણે નહિ. કાશી ઘાટનો હોય છેને? તો એમાં પાણી ભર્યું હોય તો એનો આકાર એવો જ છે જેવો લોટો છે. પાણીનો આકાર એવો હોય છે. પણ પાણીનો આકાર (લોટાને) કારણે નથી. આહા..હા..! એમ શરીરનો આકાર આત્માને કારણે નથી અને એ શરીરને કારણે આત્માનો આકાર નથી. આહા..હા..! બંને ભિન્ન છે. દેખાવ કરે કે અમારું આવું શરીર છે. જુઓ અમારું શરીર. જુઓ હું રૂપાળો છું, સુંદર છે. અમારા હાથ, પગ અને શરીર, છાતી સરખી હોય આમ. કોકની વળી ગઈ હોય અને કોકની અંદર હોય કાં .. હોય. એ તો શરીરની રચના છે, ભગવાન! પુદ્‌ગલની રચના. સમજાણું કાંઈ?

**'અનંત શરીરોમાં રહે છે માટે અનિર્દિષ્ટસસ્થાન છે.'** પણ છતાં પોતામાં વ્યાપક છે. શરીરની કોઈપણ પર્યાયમાં આકૃતિમાં ભગવાન વ્યાપતો નથી, આવતો નથી, રહેતો નથી. ભાષા તો એમ કરી છે શરીરોમાં રહે છે. સમજાણું? બતાવવું છે કે અહીં રહે છે એટલું. છતાં પોતાના આકારે છે, શરીરના આકારે એ છે નહિ. **'માટે અનિર્દિષ્ટસસ્થાન છે.' 'સંસ્થાન નામકર્મનો વિપાક(ફળ)...'** નામકર્મ છેને એક? સંસ્થાન-સંસ્થાન નામકર્મ. એનો વિપાક **'પુદ્‌ગલોમાં જ કહેવામાં આવે છે...'** નામકર્મ સંસ્થાનનો વિપાક તો જડમાં છે. શું આત્મામાં એનો વિપાક આવે છે? આહા..હા..! સમજાણું કાંઈ? સંસ્થાન નામકર્મની એક પ્રકૃતિ અંદર છે તો એના ફળરૂપ આકાર તો શરીરમાં આવે છે. એના ફળરૂપ આકાર આત્મામાં આવે છે? આહા..હા..! આ ભેદજ્ઞાન છે. સમજાણું કાંઈ?

**'પુદ્‌ગલોમાં જ કહેવામાં આવે છે (તેથી તેના નિમિત્તથી પણ આકાર નથી) માટે અનિર્દિષ્ટસંસ્થાન છે.'** લ્યો! એના નિમિત્તથી પણ આકાર નથી. એમ. નામકર્મના નિમિત્તથી પણ પોતામાં આકાર નથી, એ તો પુદ્‌ગલનો આકાર છે. આહા..હા..! પોતાની ચીજ પરથી ભિન્ન કેવી છે એનું ભેદજ્ઞાન છે અહીંયાં. સમજાણું કાંઈ? હાથથી હું કામ કરી શકું છું, ભાષાથી બોલી શકું છું, શરીરથી ચાલી શકું છું. બધો ભ્રમ અજ્ઞાન છે. શરીરથી ચાલે એ તો જડની પર્યાય છે. શું તેં એને ચલાવી છે? સમજાણું કાંઈ? અને એનો આકાર આમ કરે છેને? હાથને આમ કરે, આમ કરે, આમ કરે. શું કહેવાય? મર્દન. લાકડાથી કરે. શું કહેવાય એ? કસરત. કસરત કરે છેને લાકડી બે હોય અધમણની. એવો આકાર થાય એ તો જડનો આકાર છે, તારાથી નથી થતો.

મુમુક્ષુ :- જીવ નીકળી જાય ત્યારે નથી થતો.

ઉત્તર :- નહિ. નીકળી જાય છે તો નથી થતો અને અત્યારે પણ એને કારણે નથી થતો. એ ભ્રમ છેને. આહા..હા..! વાત એવી છે કે જીવનું નિમિત્ત છે એટલું રહે છે. જુઓ

શરીર આમ રહ્યુંને. જ્યાં અંદર જીવ નીકળી જાય... લ્યો! આમ પડી જાય છે. ગાડવા-ગાડવા કહે છેને? જીવ છે ત્યાં સુધી કડક રહે છે. એમ છે નહિ એમ કહે છે. બોલવામાં પણ આ ફૂલે છેને. બહુ બોલે તો આ ફૂલે. મોટા વાજા વગાડે તો આ ફૂલે નહિ? વાજા વગાડેને. પણ એ બધા આકાર થાય એ તો જડની પર્યાય છે. તેં વિકલ્પ કર્યો માટે એવો આકાર થાય એમ નહિ. આહા..હા..! તારી ચીજ પરથી ભિન્ન છે એમાં ક્યાં તને એકત્વ થાય છે? મોટો મિથ્યા ભ્રમ છે.

'**જુદાં જુદાં સંસ્થાનરૂપે પરિણમેલી સમસ્ત વસ્તુઓનાં સ્વરૂપ સાથે...**' જુઓ, સમસ્ત વસ્તુ છે. '**જેની સ્વાભાવિક સંવેદનશકિત સંબંધિત...**' છે? એકલા આકારને જાણવાની લાયકાત (છે એમ નહિ), એ તો સર્વ આકારને જાણવાની સાધારણ જ્ઞાનશક્તિ છે. તો એકલા આકારને જ જાણે એમ છે નહિ. આહા..હા..! છે? '**જુદાં જુદાં સંસ્થાનરૂપે પરિણમેલી સમસ્ત વસ્તુઓનાં...**' લાડવા, દાળ, ભાત, શાક, મકાન, કપાટ અને ઘરની સામગ્રી આવે છેને સુશોભન. કપાટ નથી કરતા? કપાટમાં રાખે છેને ફર્નિચર. નાના છોકરાઓ માટે રમકડાં હાથી ને ઘોડા ને એવા બધા આકાર. તો સમસ્ત આકાર જાણવામાં જ્ઞાનનો તો સામાન્ય સાધારણ સ્વભાવ છે. માત્ર એને જ જાણે છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સ્વાભાવિક સંવેદનશકિત સંબંધિત (અર્થાત્ તદાકાર) છે એવો હોવા છતાં પણ...**' જેવો આકાર છેને એવું જ્ઞાન થાય છે અહીંયાં બરાબર. છતાં એ આકારૂપ થતો નથી. '**જેને સમસ્ત લોકના મિલાપથી (-સંબંધથી) રહિત નિર્મળ (જ્ઞાનમાત્ર) અનુભૂતિ થઈ રહી છે...**' સમસ્ત લોકના મિલાપથી રહિત નિર્મળ અનુભૂતિ થઈ રહી છે. '**એવો હોવાથી પોતે અત્યંતપણે સંસ્થાન વિનાનો છે માટે અનિર્દિષ્ટસંસ્થાન છે. આમ ચાર હેતુથી સંસ્થાનનો નિષેધ કહ્યો.**' હવે આગળ ઝીણી વાત છે.

ભગવાન અવ્યક્ત છે. '(**હવે 'અવ્યકત' વિશેષણને સિદ્ધ કરે છે :-**)' સાંભળો. '**છ દ્રવ્યસ્વરૂપ લોક જે જ્ઞેય છે...**' છ દ્રવ્યમાં સિદ્ધ આદિ પણ આવ્યા હોં! નિગોદ આવ્યા, પુદ્ગલ આવ્યા, શરીર આવ્યા, કર્મ આવ્યા બધા. '**છ દ્રવ્યસ્વરૂપ લોક જે જ્ઞેય છે અને વ્યક્ત છે...**' બહાર છે. વ્યક્ત છે છ દ્રવ્ય. '**તેનાથી જીવ અન્ય છે માટે અવ્યકત છે.**' આહા..હા..! છ દ્રવ્યથી ભિન્ન સાતમો આત્મા છે એમ કહે છે. સાતમો આત્મા થઈ જાય છે (એમ) સમ્યગ્જ્ઞાનદિપીકામાં છે. જોયું છે? ધર્મદાસજીનું સમ્યગ્જ્ઞાનદિપીકા. ભગવાન આત્મા, છ દ્રવ્ય તે વ્યક્ત છે, જ્ઞેય છે અને ભગવાન એનાથી ભિન્ન સાતમું દ્રવ્ય થઈ જાય છે. ઈ અહીંથી કાઢ્યું છે. સમ્યગ્જ્ઞાનદિપીકામાં ધર્મદાસજીએ કાઢ્યું છે એ અહીંથી કાઢ્યું છે. આ શબ્દમાંથી કાઢ્યું છે. આહા..હા..! ભગવાન આત્મા, છ દ્રવ્યસ્વરૂપ જે જ્ઞેય

અને જ્ઞેય એટલે વ્યક્ત, વ્યક્ત એટલે બહાર, પર એનાથી ભગવાન અવ્યક્ત નામ પરથી ભિન્ન, છ દ્રવ્યથી ભિન્ન. છ દ્રવ્ય, છ દ્રવ્યના ગુણ, છ દ્રવ્યની પર્યાય, એની આકૃતિ એનાથી ભિન્ન સ્વરૂપ. અંતરદષ્ટિમાં જ્યાં આવ્યો ત્યાં સાતમો આત્મા થઈ જાય છે. આ શું કહ્યું?

**'છ દ્રવ્યસ્વરૂપ લોક જે જ્ઞેય છે અને વ્યક્ત છે તેનાથી જીવ અન્ય છે...'** છ દ્રવ્યથી અન્ય કહ્યું. સમજાણું કાંઈ? આ વળી શું? છ દ્રવ્યમાં (પોતે) છે કે નહિ? હવે છે અને નહિ એમ બે વાત છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પોતાના સ્વરૂપ સન્મુખ થઈને જ્યારે અનુભવમાં આવ્યો એ તો ષટ્ દ્રવ્યથી ભિન્ન પ્રભુ છે. ષટ્ દ્રવ્ય જ્યારે જ્ઞેય છે તો આ જ્ઞાયક છે. ષટ્ દ્રવ્ય વ્યક્ત છે તો આ એનાથી ભિન્ન અવ્યક્ત છે. શું કહે છે ભાષા તો જુઓ! પૂર્ણાનંદનો નાથ પ્રભુ અવ્યક્ત છે એમ સિદ્ધ કરવું છે. અવ્યક્તનો અર્થ? વ્યક્ત જે આ બાહ્ય છ દ્રવ્ય છે એ વ્યક્ત છે, એ જ્ઞેય છે તો એનાથી જ્ઞાનસ્વરૂપ ભગવાન ભિન્ન અવ્યક્ત છે.

મુમુક્ષુ :- લોકથી ભિન્ન પડી ગયો.

ઉત્તર :- ભિન્ન છે, ભિન્ન જ છે. એક બાજુ આત્મા. કહે છેને? એક બાજુ ગામ અને એક બાજુ રામ. એક બાજુ છ દ્રવ્ય લોક, એક બાજુ આત્મરામ.

મુમુક્ષુ :- ભિન્ન પાડી દીધો.

ઉત્તર :- ભિન્ન છે જ એમ કહે છે. ભિન્નની એને ખબર નથી. આહા..હા..! ટીકા તે પણ ટીકા છેને. અમૃતચંદ્રાચાર્ય, કુંદકુંદાચાર્યના પેટમાંથી કાઢે છે અંદરથી શબ્દમાંથી, આ શબ્દમાં આ પડ્યું છે. જેમ ભેંસ અને ગાયના આઉમાંથી બળુકી બાઈ હોય એ દૂધ કાઢે. સમજાણું કાંઈ? ઈ દૂધ આમ કાઢે હોં! આમ ન કાઢે. આમ ન નીકળે. હોયને શું કહેવાય? આંચળ ભેંસ-ગાયનું. દોહવે તો આમ ન દોહવે, આમ ન નીકળે. એ તો આ અંગૂઠો અને આ ખાડો છે એને આમ કરે. એમ અમૃતચંદ્રાચાર્ય શબ્દના આઉમાંથી આ ટીકા કાઢે છે આવી. કુંદકુંદાચાર્ય આમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ બધી ટીકા પરમાગમમાં કોતરવાની છે હોં એ લોકો મુંબઈ તરફથી. કહે છે અમારે મુંબઈ પૈસા-બૈસા લીધા નથી. મુંબઈનું નામ છે. એય..! હિંમતભાઈ ક્યાં ગયા? ક્યાં ગયા હિંમતભાઈ? ગયા? જોબાળિયા. શું છે? કામે ગયા. ઠીક. આ તો એનું નામ છે. અમારે હીરાભાઈ ને બધા બેઠા છેને મુંબઈવાળા. મુંબઈએ કીધું કે અમારે પરમાગમ કરવું છે. નક્કી કર્યું. પછી છોડી દીધું. ગમે તેમ રામજીભાઈ કરો. એય..! અહીં તો કહે છે, પણ છ દ્રવ્યથી ભિન્ન છે ભગવાન. કોનું કરે? આહા..હા..!

ભગવાન વર્તમાનમાં અનંત ગુણનું અવગાહન કરનારો, દરિયામાં, સમુદ્રમાં ડૂબકી મારતા જેમ મોતી મળે છે એમ અનંત ગુણનો નાથ દરિયો પ્રગટ પ્રભુ સાગર એમાં અંતર્મુખમાં જેમ જાય તેમ તેને આનંદના મોતી મળે છે. અતીન્દ્રિય આનંદના મોતી એ જડ છ દ્રવ્યથી

ભિન્ન ભગવાન છે. સાતમું થઈ જાય ત્યારે તેને આનંદ આવે છે. છ દ્રવ્યમાં ક્યાંય પણ એકત્વ કરે કોઈપણ દ્રવ્યની સાથે એ મિથ્યાત્વ છે. આહા..હા..! તો આ દેવ-ગુરુ છેને? દેવ તો શુદ્ધ છે અરિહંત સિદ્ધ ભગવાન શુદ્ધ. એ શુદ્ધ છે. એ શુદ્ધ આત્માથી ભિન્ન છે અને શુદ્ધથી આત્મા ભિન્ન છે? એવો પ્રશ્ન કર્યો હતો એકવાર ૨૦૧૦ની સાલમાં કે આ દેવ-ગુરુ તો શુદ્ધ છે. તો શુદ્ધથી આત્મા ભિન્ન છે? આહા..હા..! શુદ્ધ છે તો શું છે? શુદ્ધ છે એ તો વ્યક્ત જ્ઞેય પર છે. પરજ્ઞેય અને વ્યક્તથી ભગવાન સ્વજ્ઞેય અને અવ્યક્ત ભિન્ન છે પરથી. આહા..હા..! પોતે સ્વસન્મુખ થઈને અંતર જુઓ તો એ છ દ્રવ્યથી ભિન્ન જ આત્મા છે ત્રણે કાળ, ત્રણ લોકમાં. આહા..હા..! સમજાણું કાંઈ?

'**છ દ્રવ્યસ્વરૂપ લોક**...' લોક શબ્દે બધું. અલોક પણ આમાં લેવું. એ તો ભાષા છે, બાકી અલોક પણ એમાં છે. એવું '**જે જ્ઞેય છે અને વ્યક્ત છે**...' બહાર છે, પ્રગટ છે. આ ભગવાનમાં એ વસ્તુ છે જ નહિ. એ કારણે ભગવાન આત્માને અવ્યક્ત કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિનો વિષય જે દ્રવ્ય છે એ વ્યક્ત છે. વ્યક્ત જગતથી ભિન્ન અવ્યક્ત છે એમ કહે છે. આહા..હા..! એ એક બોલ થયો. બીજો બોલ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ સુદ-૧૦, શનિવાર, તા. ૧૯-૦૮-૧૯૭૨
## ગાથા-૪૯, પ્રવચન-૧૩૭

**નોંધ :- પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

સમયસાર, જીવ-અજીવ અધિકાર, ગાથા-૪૯. અવ્યક્તનો અધિકાર છે. ઓહો..હો..! કહે છે. સમ્યગ્દર્શનનો વિષય, સમ્યગ્દર્શન પ્રથમ એનું ધ્યેય વસ્તુ ચીજ શું કે જેના અવલંબને, આશ્રયે સમ્યગ્દર્શન થાય કે જે ધર્મની શરૂઆત છે. કહે છે, અવ્યક્ત. '**છ દ્રવ્યસ્વરૂપ લોક જે જ્ઞેય છે**...' પોતાના સામાન્ય સ્વભાવ સિવાય, એક સમયની ભલે પર્યાય હોય, છ

દ્રવ્ય જે લોક છે એ જ્ઞેય છે, આત્મા જ્ઞાયક છે. એ વસ્તુ વ્યક્ત છે. બાહ્ય, પોતાથી એ બાહ્ય ચીજ છે છ દ્રવ્ય. અનંત સિદ્ધો, લાખો સંતો ભાવલિંગી મુનિ મહાવિદેહમાં બિરાજે છે. કહે છે કે એ બધા વ્યક્ત છે, પોતાથી બાહ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાનની વાણી, ભગવાન એ બધા ષટ્ દ્રવ્ય લોકમાં આવે છે.

**'છ દ્રવ્યસ્વરૂપ લોક જે જ્ઞેય છે અને વ્યક્ત છે તેનાથી જીવ અન્ય છે...'** આહા..હા..! તેનાથી જીવ અન્ય છે. સામાન્ય ધ્રુવસ્વરૂપ ભગવાન નિત્યાનંદ પ્રભુને અહીંયાં અવ્યક્ત કહે છે. સમજાણું કાંઈ? કેમકે એ પર્યાયમાં આવતો નથી, છ દ્રવ્યમાં જાતો નથી. એવી જે પોતાની ચીજ સામાન્ય ધ્રુવ સદૃશ્ય સ્વભાવ નિત્યાનંદ પ્રભુ જે જગતથી ભિન્ન છે માટે એ અવ્યક્ત છે, સાતમું દ્રવ્ય છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? છ દ્રવ્યસ્વરૂપ લોક એ જ્ઞેય છે તો આત્મા ભિન્ન જ્ઞાયક છે. એ બાહ્ય છે તો આ ચીજ અભ્યંતર છે એમ કહે છે. આહા..હા..! એવો ભગવાન અંદર અવ્યક્ત નામ પર્યાયમાં આવતો નથી, છ દ્રવ્યમાં જાતો નથી. ભારે વાત! એક સમયમાં પ્રભુ પૂર્ણ આનંદ અને સામાન્ય સ્વભાવ, સદૃશ્ય સ્વભાવ, નિત્યાનંદ સ્વભાવ, સ્વભાવનો ગંભીર ભાવ, અગાધ ભાવથી ભરેલો ભગવાન અવ્યક્ત છે. સમજાણું કાંઈ? એ આત્મા અવ્યક્ત છે એનો આશ્રય કરવાથી સમકિત થાય છે. કહો, ..! આહા..હા..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ?

છ દ્રવ્યનું લક્ષ છોડીને નિજ પૂર્ણ સ્વરૂપ ભગવાન (એની સન્મુખ થવું) એ ભાષાની ચીજ નથી. ભાષા પણ લોકમાં ગઈ, વિકલ્પ પણ છ દ્રવ્યમાં ગયો. સમજાણું કાંઈ? એવો જે ભગવાન અવ્યક્ત પરમાત્મા, પરમેશ્વર પોતાનો પરમેશ્વર એ અવ્યક્ત છે. છ દ્રવ્યમાં એ આવતો નથી અને એક સમયની પર્યાય અને વિકલ્પમાં આવતો નથી. આહા..હા..! એ ચીજ સમ્યગ્દર્શનનું કારણ છે. ધર્મની શરૂઆતમાં એ અવલંબન છે. સમજાણું કાંઈ? આવું શું બધું? છ દ્રવ્યથી સાતમું દ્રવ્ય! પાઠ એવો છે, જુઓ! ...

મુમુક્ષુ :- સોનગઢ સાત દ્રવ્ય માને છે?

ઉત્તર :- આ સોનગઢનું શાસ્ત્ર છે? ભગવાનનું શાસ્ત્ર છે. સોનાને કાટ હોય નહિ એમ સિદ્ધાંતમાં કોઈ મેલ, કાટ નથી. કાટ સમજ્યા? મેલ. શું કહે છે તમારે? જંક-જંક. ઓહો..! સોનામાં એ હોય નહિ, ભાઈ! લાખ વર્ષ, કરોડ વર્ષ પાણીમાં રહે પણ સોનાને કાટ લાગતો જ નથી. એમ ભગવાન આત્મા અનાદિથી રાગના સંબંધમાં, સંયોગના સંબંધમાં દેખાય છે, પણ એ સંયોગ અને રાગ જે લોક છ દ્રવ્ય (તેનાથી ભિન્ન અવ્યક્ત છે). એક કોર આત્મરામ અને એક કોર ગામ. 'નિજપદ રમે સો રામ કહીએ.' નિજસ્વરૂપ આરામ અનંત ગુણનું ધામ એ દૃષ્ટિનો વિષય અને એનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે. બીજો કોઈ ત્રણ કાળ, ત્રણ લોકમાં ઉપાય નથી. આહા..હા..! પહેલા સમજણમાં તો નક્કી કરે. શ્રદ્ધામાં તો પહેલા

અવલંબનમાં નક્કી કરે કે અવલંબન તો ત્રિકાળીનું લેવું એ ચીજ છે. સમજાણું કાંઈ? બાકી લાખ વાત કરે, લાખ મંદિર બનાવે ને આમ કરે ને આમ કરે, દાન ને વ્રત બધું પર છ દ્રવ્યમાં જાય છે. સમજાણું કાંઈ? છે કે નહિ અંદર જુઓ. નંદકિશોરજી!

'**છ દ્રવ્યસ્વરૂપ લોક...**' એમ છે. છ દ્રવ્યસ્વરૂપ લોક સિદ્ધ કર્યું. પાછું જગત છે ખરું. વેદાંતની જેમ બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા એમ નથી. જગત છે જ નહિ એમ નથી. જગત જગતમાં છે. સમજાણું? તે પણ જગત છ દ્રવ્યસ્વરૂપ જગત. ઓહો..હો..! એમાં તો કાળ પણ આવ્યો. શ્વેતાંબર તો કાળને માનતા નથી. જેઠાભાઈ! આ તો છ દ્રવ્યસ્વરૂપ લોક (એમાં) અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અનંતગુણા ગુણો એક એક દ્રવ્યના એ સર્વ છ દ્રવ્યસ્વરૂપ લોક છે. પણ ભગવાન આત્મા એ છ દ્રવ્યસ્વરૂપ લોકથી ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? કરવાની આ ચીજ છે. વસ્તુનો સ્વીકાર કરવો હોય તો એ અવ્યક્ત જે દ્રવ્ય છે એનો સ્વીકાર કરવાનો છે, બાકી બધી વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એક તો એવો વિચાર આવ્યો કે આ લોકો કહે છેને કે સ્ત્રી રાંડી છે તો દુઃખી છે. સ્ત્રીનો પતિ મરે છેને, વિધવા. તો એ વિધવા દુઃખી છે. કોઈ પતિએ ત્યજી દીધેલી હોય તો દુઃખી છે. અરે..! આ ક્યાંથી લાવ્યો તું? સમજાણું કાંઈ? એ દુઃખી ક્યાંથી તું લાવ્યો? ભગવાન તો એ દુઃખની પર્યાય અને છ દ્રવ્યથી ભિન્ન આત્મા છે. સમજાણું કાંઈ? આ તો છ દ્રવ્ય, દુઃખ આદિની પર્યાય એ બધું છ દ્રવ્યમાં જાય છે. ભગવાન! તારામાં દુઃખ છે જ નહિ, તું દુઃખી છો જ નહિ. આહા..હા..! અને તું સુખી એક સમયનો નથી એમ કહે છે. સમજાણું કાંઈ? જુવાન શરીર હોય, નિરોગી શરીર હોય, સુંદર શરીર હોય, ભગવાન! એ તો છ દ્રવ્યમાં છે. એ તારું નથી, તારામાં નથી, તેં માન્યું છે કે મારું છે એ તારી દૃષ્ટિ ભ્રમ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**છ દ્રવ્યસ્વરૂપ લોક...**' આહા..હા..! લોક સિદ્ધ કર્યો હોં! અસ્તિ-સત્તા છે. છ દ્રવ્યસ્વરૂપની સત્તા છે. '**જે જ્ઞેય છે...**' અર્થાત્ એ વ્યક્ત છે, બાહ્ય છે. ભગવાન અવ્યક્ત છે. એનાથી ભિન્ન પોતામાં તે છ દ્રવ્ય આવ્યા નથી અને છ દ્રવ્યમાં ભગવાન પ્રવેશ કરતો નથી. સમજાણું કાંઈ? ૪૯મી ગાથા ઘણી ઝીણી છે. આ તો અત્યારે બરાબર ક્લાસમાં આવી ગઈ.

મુમુક્ષુ :- ક્લાસમાં ભાગ્યશાળી પુરુષ આવ્યા.

ઉત્તર :- ભાગ્યશાળી. વાત સાચી છે. મહાભાગ્ય પૂર્વના પુણ્ય હોય તો આવી વાણી સાંભળવા મળે છે. પરમેશ્વરના ઘરની વાણી છે આ. સમજાણું કાંઈ? અને સાંભળનારને એવું સંભળાવ્યું... આહા..હા..! કે આ સાંભળે છે એ વાણી પણ છ દ્રવ્યમાં જાય છે અને સાંભળવાથી જ્ઞાન તને તારાથી થયું એ પણ છ દ્રવ્યમાં જાય છે. એવું સંભળાવે છે. આહા..હા..!

ભગવાન! તું તો અનંત અતીન્દ્રિય આનંદનું પૂર, નૂર, તેજ. અનંત જ્ઞાનનું તેજ જેનો પાર નથી. આહા..હા..! જેનો સ્વભાવભાવ એનો પાર શું? અને પાર પામેલી ચીજ જગતની બાહ્ય છે એનાથી તારી ચીજ અભ્યંતર અવ્યક્ત પર છે. તું એ છ દ્રવ્યસ્વરૂપ લોક ઉપરથી દૃષ્ટિ ઉઠાવી લે કે તારામાં એ નથી. તારામાં તો અવ્યક્તપણા નામ અનંત આનંદ, જ્ઞાનસ્વરૂપ, સામાન્યસ્વરૂપ છે એ તારું છે. આહા..હા..! કહો, શોભાલાલજી! શેઠ વળી ત્યાં રહ્યા કામ કરવા, એકને મોકલ્યા અહીં. અરે..! સંસારને પણ. કહો, સમજાણું કાંઈ? આ તો અત્યારે હિન્દી ચાલે છે. પછી ગુજરાતી ચાલશે ત્યારે આવશે. અહીં પર્યુષણ વખતે ગુજરાતી ચાલશે. .. ત્યાં સુધી હિન્દી, પછી ગુજરાતી.

મુમુક્ષુ :- પછી હિન્દી?

ઉત્તર :- પછી પર્યુષણ આવે ત્યારે માણસો... દશલક્ષણી... આહા..હા..!

કહે છે કે એ અવસર ન ચુક. તને બધા અવસર આવી ગયા છે અને તારામાં પરિપૂર્ણ ચીજ પડી છે. નજર ત્યાં નાખવાથી અવ્યક્ત દ્રવ્ય જે નજરમાં આવે છે... આહા..હા..! એ જ્ઞેય નહિ થતાં આ જ્ઞેય થાય છે એમ કહે છે. તારી નજરમાં શ્રદ્ધા અને જ્ઞાનની પર્યાયમાં અવ્યક્તપણું એટલે વસ્તુસ્થિતિ જે અભ્યંતર છે, જે બાહ્યમાં નથી એ અભ્યંતર ચીજ તારી દૃષ્ટિમાં આવે છે. એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. શાસ્ત્રનું વાંચન એ સમ્યગ્જ્ઞાન નથી.

મુમુક્ષુ :- વ્યક્ત થઈ ગઈ?

ઉત્તર :- પર્યાયમાં વ્યક્ત થઈ, વસ્તુ તો અવ્યક્ત છે. વસ્તુ છે એ તો અવ્યક્ત જ છે. એ પર્યાયમાં ખ્યાલ આવ્યો ત્યારે આ અવ્યક્ત છે એવો વ્યક્તમાં ખ્યાલ આવ્યો. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે .. ભાઈ! આવી વાત દિગંબર સંતોએ કેટલી અંદર અનુભવમાં બોળી-બોળીને વાત કરી છે. અનુભવમાં કલમને બોળીને વાત કરી છે. ઓહો..હો..! આ ચીજ તો જુઓ. 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો.' આવે છે કે નહિ એ? છ ઢાળામાં આવે છે. 'નિશ્ચય ઉર આણો. છોડી જગત દ્વંદ્વ ફંદ નિજ આતમ ધ્યાવો.' તો નિજ આત્મ કેવો? ષટ્ દ્રવ્યથી ભિન્ન એવો. આહા..હા..! દેવ અને ગુરુ જે શુદ્ધ પરિપૂર્ણ સર્વજ્ઞ આદિ પાંચમી ગાથામાં તો સંપૂર્ણ અંતરમગ્ન આત્મામાં છે એમ લખ્યું છે શાસ્ત્રમાં. સર્વજ્ઞ પણ અંતરમગ્ન છે, એમ સાધુ પણ અંતરમગ્ન છે. પાંચેયને સરખા ગણવામાં આવ્યા છે. સમજાણું કાંઈ? પાંચમી ગાથામાં. સમયસારની પાંચમી. કુંદકુંદાચાર્ય કહે છે કે મને આ વાત ક્યાંથી મળી? કે સર્વજ્ઞ જે અંતરનિમગ્ન હતા એમના પછી જે ગણધર થયા એ અંતરમગ્ન હતા, એ બાહ્યમાં હતા જ નહિ એમ કહેતા હતા અને અમારા ગુરુ પર્યંત બધા અંતરમગ્ન છે. અરે..! પણ પરની વાત ક્યાંથી જાણી લીધી? સમજાણું કાંઈ? અમારા જ્ઞાનમાં એ પરવસ્તુ

એવી હતી. સર્વજ્ઞથી અમારા ગુરુ પર્યંત અંતરમગ્ન હતા. અંતરમગ્ન નહિ અંતરનિમગ્ન. એવો શબ્દ છે પાંચમી ગાથામાં. એ ગુરુએ અમને એમ કહ્યું કે તારો આત્મા શુદ્ધ છે. આહા..હા..! આ અવ્યક્તને શુદ્ધ આત્મા કહે છે. મારા પ્રભુ અને મારા ગુરુએ મને એમ કહ્યું કે તું શુદ્ધ આત્મા છે એવો મને ઉપદેશ દીધો. તો એ શુદ્ધ આત્માના અવલંબને મારો નિજવૈભવ પ્રગટ થયો છે. આહા..હા..! નિજ પર્યાયમાં આનંદ અને શાંતિ અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે અમારો વર્તમાન પ્રગટ વૈભવ છે એ શુદ્ધાત્મા ત્રિકાળ અવ્યક્ત એના આશ્રયે થયો છે. સમજાણું કાંઈ?

અવ્યક્ત લોક, જ્ઞેય. હું સાતમો છું. છ દ્રવ્યથી હું ભિન્ન છું. ઓહો..હો..! છ દ્રવ્યનું તો એક સમયની પર્યાયમાં જ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? તો પર્યાયથી પણ ભિન્ન દ્રવ્ય છે. તેને અહીંયાં આત્મા અવ્યક્ત કહેવામાં આવ્યો છે. માટે અવ્યક્ત છે.'**તેનાથી જીવ અન્ય છે...**' આહા..હા..! ભગવાન આત્મા અનંત સિદ્ધોથી પણ અન્ય છે. સિદ્ધો વ્યક્ત નામ બાહ્ય છે, ભગવાન આત્મા અભ્યંતર છે. આહા..હા..! મારી ચીજથી બહાર બધા લોટે છે. મારી ચીજમાં એનો પ્રવેશ નથી અને મારામાં એનો પ્રવેશ નથી અને મારો છ દ્રવ્યમાં પ્રવેશ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. મારી મોક્ષમાર્ગની પર્યાય અવ્યક્તના અવલંબને પ્રગટી છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એવું લાગે કે જાણે આ નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય... જાણે આ કોઈ ઊંચા દરજ્જાની વાત છે. ઊંચા દરજ્જાનો અર્થ ધર્મની વાત છે. અધર્મ તે નીચા દરજ્જાની વાત છે. ધર્મનો નીચો દરજ્જો એટલે બીજી વાત છે અને ઊંચા દરજ્જાની બીજી છે એમ નથી. આહા..હા..!

'**લોક જે જ્ઞેય છે અને વ્યક્ત છે તેનાથી જીવ અન્ય છે માટે અવ્યકત છે.**' જીવ કહો કે આત્મા કહો હોં! એમ પાછો વળી જીવ જુદો છે અને આત્મા કોઈ બીજી ચીજ છે એમ નથી. બીજો બોલ. પહેલો બોલ થયો. અવ્યક્તના છ બોલ. અલિંગગ્રહણના ૨૦ બોલ. આહા..હા..! અહીંયાં તો સંકેલી લીધું છે. '**કષાયોનો સમૂહ જે ભાવકભાવ...**' શું કહે છે? પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ જે કષાયનો સમૂહ છે તે ભાવક. કર્મ જે ભાવક છે એનો એ ભાવ છે. કષાયોનો સમૂહ એમ છેને? તો સમૂહમાં તો અસંખ્ય પ્રકારનો શુભરાગ, અસંખ્ય પ્રકારના અશુભ ભાવ કે રાગ. રાગ સમૂહ કહ્યું હતું. રાગ કહ્યો હતો. ૪૬માં નહિ? ૪૭-૪૮માં. આત્મા સિવાય બધો રાગનો સમુદાય છે. દ્વેષ-રાગ બધું વેદની વાસના બધું રાગમાં નાખી દીધું છે. સમગ્ર રાગ આવ્યું હતુંને પહેલા? આવ્યું હતું? ૪૭-૪૮માં આવ્યું હતું. '**સમગ્ર રાગગ્રામમાં (-રાગનાં સ્થાનોમાં) વ્યાપીને પ્રવર્તે છે...**' રાગગ્રામ. ૪૭-૪૮માં આવ્યું હતું. ... '**આ જીવ સમગ્ર રાગગ્રામમાં (-રાગનાં સ્થાનોમાં) વ્યાપીને પ્રવર્તે છે એમ કહેવું તે,...** ' '**વ્યવહારી લોકોનો**

**અધ્યવસાનાદિક...**' છે. આહા..હા..! અધ્યવસાન નામ એકત્વબુદ્ધિ છે એમ કહે છે. ભગવાન આત્મા અસંખ્ય પ્રકારના રાગ નામ શુભભાવ, અસંખ્ય પ્રકારના અશુભભાવમાં વ્યાપે છે, સેનામાં રાજા આવે છે અને સેના રાજાની છે, એમ રાગમાં આત્મા વ્યાપ્ત છે એ અજ્ઞાનીનું, વ્યવહારીજનોનું કથન છે. એ રાગગ્રામમાં આવતો નથી. આહા..હા..!

ભગવાન ચૈતન્યગોળો, આનંદનો ગોળો. જેમ શ્રીફળમાં નાળિયેર હોય છેને નાળિયેર? ઉપરના છાલા અને વચ્ચેની કાચલી. કાચલી કહે છે? શું કહે છે? અને પછી કાચલી તરફની લાલ છાલ. લાલ પાતળી હોય છેને? તો એ લાલ પાતળી આ શરીર છાલા છે, આઠ કર્મ એ કાચળી છે અને પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ લાલ છાલ જેવી ચીજ છે. એ લાલ છાલ અસંખ્ય પ્રકારની હોય છે. એવા સમૂહમાં... આહા..હા..! ભાવકભાવ વ્યક્ત છે. આહા..હા..! એ અસંખ્ય પ્રકારનો શુભભાવ અને અસંખ્ય પ્રકારનો અશુભભાવ ભાવકભાવ કર્મ ભાવક એના સંગથી પ્રગટેલો ભાવ એ વ્યક્ત છે, એ બાહ્ય છે એમ કહે છે. સમજાણું કાંઈ? એ ભગવાનના દરબારમાં છે નહિ. આહા..હા..!

કહે છે કે '**કષાયોનો સમૂહ...**' એક જ કષાય નહિ પણ અસંખ્ય પ્રકારના ભાવ ચાહે તો દાન, દયા આદિ કહો, તીર્થંકરગોત્ર બાંધવાનો ભાવ એ બધો કષાયનો સમૂહ છે. સમજાણું કાંઈ? '**કષાયોનો સમૂહ જે ભાવકભાવ વ્યક્ત છે...**' એ કષાયોનો ભાવ, પુણ્ય-પાપના ભાવ બાહ્ય છે. ભગવાન એનાથી ભિન્ન અવ્યક્ત છે. કહો, સમજાણું કાંઈ? ભાષા તો સાદી છે, ભાવ ભલે ઊંચા હોય. આહા..હા..! કષાયનો સમૂહ વ્યક્ત છે વિકલ્પ આદિ ધારા. ભગવાન એનાથી ભિન્ન છે. એ વ્યક્તથી ભિન્ન છે. '**તેનાથી જીવ અન્ય છે માટે અવ્યક્ત છે.**' આહા..હા..! એ તો એકલો અકષાય સ્વભાવનો રસ છે. શુભ-અશુભભાવ જે વ્યક્ત છે એનાથી અન્ય જીવ છે, એનાથી અનેરો જીવ છે. જેમાં એકલો વીતરાગભાવ જિન સોહી હૈ આત્મા અકષાયભાવ એ વ્યક્તની અપેક્ષાએ અવ્યક્ત નામ અભ્યંતર ભિન્ન છે અને આ પુણ્ય-પાપના ભાવ એ બાહ્ય ભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ બાહ્યને પોતાના માને તે બહિરાત્મા છે. સમજાણું કાંઈ? જે ભગવાન આત્મામાં નથી એવા પુણ્ય અને પાપના ભાવ વ્યક્ત જે બાહ્ય છે એ અંતરમાં નથી. એને માને કે એ મારા છે એ બહિરાત્મા છે. સમજાણું કાંઈ? એ અંતરાત્મા નથી.

અંતરાત્મા એ કષાયના સમૂહથી ભિન્ન છે એવી ચીજની દૃષ્ટિ થઈ એ અંતરાત્મા છે. એ રાગથી નિરાળો અંદર રહે છે. શુભ અને અશુભભાવથી આત્મા નિરાળો રહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પર્યાયમાં પરિણમન થાય એની અહીંયાં વાત નથી. એનાથી ભિન્ન ભગવાન એકલો ચૈતન્યગોળો જેમ નાળિયેરમાં હોય છેને? છાલા, કાચલી અને લાલ છાલ. ટોપરાપાક કરે છે તો એને કાઢી નાખે છે કે નહિ એને? શું કહેવાય તમારે? ખમણી. ખમણીમાં આમ

ઘસે છે તો નીકળી જાય છે. એ ટોપરાની ચીજ નથી. ટોપરું તો ધોળું, સફેદ એ ટોપરું છે. ગોળો શેર, દોઢ શેરનો હોય છે. એમ ભગવાન ધોળો નામ શુદ્ધ, મીઠો નામ આનંદ. એ અભ્યંતરમાં આત્મા સફેદ અને આનંદ છે એ વ્યક્તભાવથી અન્ય છે. આહા..હા..! હવે અહીંયાં વ્યવહાર વ્યક્ત છે, એનાથી અવ્યક્ત ભાવનું ભાન થાય છે એમ લોકો કહે છે. કહો, અમરચંદભાઈ! આહા..હા..! ભારે તકરાર. છ ઢાળામાં આવ્યું છે. નિયતકો હેતુ, નિયતકો કારણ. અરે! એ તો તે સમયે કષાયની મંદતા (કેવી હોય તે બતાવે છે). ભાઈ! તો તો વિરુદ્ધ થઈ જાય વીતરાગ માર્ગમાં. સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે કે એ કષાયના ભાવથી ભિન્ન આત્મા છે અને એનાથી ભિન્ન કરવું છે. એને સાથે લઈને લાભ થશે એ તો દૃષ્ટિમાં ઘણી વિપરીતતા છે. સમજાણું કાંઈ? જેનાથી ભિન્ન છે એનાથી ભિન્ન ચીજ મને માલુમ પડે છે એ ઊંધી દૃષ્ટિ છે. આહા..હા..! લાખ ભક્તિ, પૂજા, વ્રત કરે, તપ કરે બાર પ્રકારના એ બધો વિકલ્પ કષાય ક્લેશ છે. કહો, સમજાણું કાંઈ? શુભ અને અશુભ કષાય બેય અગ્નિ છે. કષાય અગ્નિસમૂહ છે. ‘રાગ આગ દાહ’ છ ઢાળામાં આવે છે. ‘રાગ આગ દાહ દહે’ એ શુભાશુભ પરિણામરૂપી રાગ અગ્નિ, દાહ દહે. તારી શાંતિને બાળે છે. આહા..હા..! ભારે કામ આકરું પણ. સમજાણું કાંઈ? આહા..હા..! શાંતરસનો કંદ પ્રભુ અતીન્દ્રિય આનંદનું ઢીમ, ઢગલો. ઢગલો સમજો છો? પુંજ, ઢેર. એ કષાયના સમૂહથી અન્ય છે. જ્યારે બાહ્ય વ્યવહાર આદિ વિકલ્પને વ્યક્ત કહ્યું તો એનાથી રહિત છે તો એને અવ્યક્ત કહ્યો. તેને જ્ઞેય કહ્યું તો આ ચીજ ત્રિકાળી છે તેને જ્ઞાયક કહ્યો. આહા..હા..!

આ જીવ-અજીવ અધિકાર છે. ખરેખર જીવ તો પુણ્ય-પાપના વિકલ્પના સમૂહથી અન્ય તે જીવ છે. અને પુણ્ય-પાપના ભાવ એ તો અજીવ છે. આહા..હા..! જીવ-અજીવ અધિકાર છેને. આહા..હા..! પંચ મહાવ્રતના પરિણામ, તીર્થંકરગોત્ર બાંધે એ ભાવ શુભભાવ બધું અજીવ છે. આવું સાંભળવાને કઠણ પડે માણસને. વાત તો એવી છે. જેમાં નજર નાખતા નિધાન નજરમાં આવે એ નિધાન અવ્યક્ત છે, બાહ્યમાં આવતું નથી. આહા..હા..! શુભાશુભ વ્યક્ત નામ બાહ્ય એનાથી અભ્યંતર ભિન્ન ચીજ છે તેને અહીંયાં જીવ કહેવામાં આવે છે. થોડી વાતમાં એટલું ભરી દીધું! આહા..હા..! નિમિત્ત અને વ્યવહારથી ભિન્ન વસ્તુ. નિમિત્ત અને વ્યવહાર એ બાહ્યમાં જાય છે. આહા..હા..! એ કહે કે નિમિત્તથી લાભ થાય છે. એટલે કે બાહ્ય ચીજથી આત્મા પ્રાપ્ત થાય છે. એવી વાત થઈ. થોડું પણ પરમસત્ય હોવું જોઈએને. જ્ઞાનમાં પરમસત્ય જે અવ્યક્તસ્વરૂપ જે બાહ્યમાં આવતું જ નથી. ઓહો..હો..! એક સમયની પર્યાયમાં આવતી નથી એવી જે ચીજ વ્યક્ત પર્યાય એનાથી ભિન્ન અવ્યક્ત તેને અહીંયાં જીવ કહેવામાં આવે છે. નવ તત્ત્વમાં તત્ત્વ આત્મા એને કહે છે. છે કે નહિ એમાં જુઓ.

મુમુક્ષુ :- પરમાર્થસ્વરૂપ જીવ છે.

ઉત્તર :- પરમાર્થસ્વરૂપ જ એ જીવ છે. એ જીવ છે. પર્યાય આદિને વ્યવહારજીવ કહ્યો એ જીવ છે જ નહિ, વસ્તુ સ્વરૂપમાં છે જ નહિ, એ તો અભૂતાર્થ છે. આહા..હા..! વ્યવહારરત્નત્રય અભૂતાર્થ છે. પોતાની ભૂતાર્થ ચીજ જે અવ્યક્ત છે એની સાથે એનો સંબંધ નથી. મેળ નથી, સંબંધ નથી. આહા..હા..! ભારે આકરું કામ ભાઈ! અધ્યાત્મની વાત સાંભળવામાં પણ જરી પુરુષાર્થ જોઈએ. નહિતર કંટાળો આવે કે આ શું કહે છે? આ બધા મંદિર બનાવવા, આ પ્રભાવના કરવી એવી વાત તો અહીંયાં આવતી નથી. વ્યવહાર તો આવતો નથી એમ કહે છે કેટલાક.

મુમુક્ષુ :- એ તો એક પણ વાત નથી કરતા.

ઉત્તર :- કહે છેને. છે એનાથી ભિન્ન છે. કહ્યુંને. વ્યવહારનો જે વિકલ્પ આવે છે એ કષાયનો સમૂહ છે. આહા..હા..!

મુમુક્ષુ :- રાગની આગ છે.

ઉત્તર :- રાગની આગ છે. મોટા મોટાને હલાવી દીધા. અને દીપચંદજી શેઠિયાને પણ એવી શંકા થઈ ગઈ કે આ શુભભાવને અગ્નિ કેમ કહ્યું? જરી સ્પષ્ટ વાત આવી નિહાલભાઈની. ન્યાલચંદભાઈ. એણે કહ્યું કે શુભરાગ ભઠ્ઠી છે. અરે! દુકાનનો ધંધો છોડીને ભગવાનની ભક્તિ કરે છે એ ભક્તિ(નો) રાગ અગ્નિ છે? કઠણ છે. ભઠ્ઠી છે. તીવ્ર કષાય જબ્બર ભઠ્ઠી છે, મંદ કષાય મંદ અગ્નિ છે, પણ છે અગ્નિ. પંડિતજી! એ કષાય છે. મંદ રાગ કષ નામ સંસાર એમાં આય નામ સંસારની વૃદ્ધિ ઉત્પન્ન થાય છે. એમાં સંસારની વૃદ્ધિ ઉત્પન્ન થાય છે, સંસાર ઉત્પન્ન થાય છે એમાં. ભગવાન આત્મા એ સંસારના ક્લેશરૂપ શુભાશુભભાવથી ભિન્ન અંદર પડ્યો છે પ્રભુ. તેને અહીંયાં અવ્યક્ત કહે છે. વસ્તુ તરીકે વ્યક્ત છે, પણ આ અપેક્ષાએ તે અવ્યક્ત છે. સમજાણું કાંઈ? પ્રગટ ચીજ અંદરમાં છે. એ કોઈ ઢંકાયેલી છે, ઢાંકી છે અને ગુપ્ત છે એવી ચીજ નથી. પણ આ શુભાશુભભાવ વ્યક્તની અપેક્ષાએ તેને અવ્યક્ત કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- પોતાથી વ્યક્ત જ છે.

ઉત્તર :- વ્યક્ત જ છે. પ્રગટ વસ્તુ છે કે નહિ? આહા..હા..! સમજાણું કાંઈ?

નિત્યાનંદ પ્રભુ અસ્તિ મહાસત્તારૂપ પ્રગટ પ્રસિદ્ધ છે. આહા..હા..! પણ આ જો વ્યવહારનો વિકલ્પ આદિ પ્રસિદ્ધ છે, પ્રસિદ્ધ એનાથી તે ભિન્ન છે. એ અપેક્ષાએ તેને અવ્યક્ત કહેવામાં આવે છે. આહા..હા..! અરે વીતરાગમાર્ગ તો જુઓ! રાગથી લાભ થાય એ વીતરાગમાર્ગ છે? વીતરાગમાર્ગ કોને કહીએ? કે રાગના સમૂહથી ભિન્ન ભગવાન 'ઉપશમરસ વરસે રે પ્રભુ તારા નયનમાં.' આવે છેને ભક્તિમાં? 'ઉપશમરસ વરસે રે પ્રભુ તારા નયનમાં.' જેની પર્યાયમાં

ઉપશમરસ દેખાય છે એ ઉપશમરસ ત્રિકાળી આનંદના રસનું અવલંબન લીધું તો ઉત્પન્ન થાય છે. શરીરમાં ઉપશમ દેખે છે એમ ત્યાં તો કહે છે. નાથ! આપનું શરીર .. જાણે પરમાણુ ઠંડી ચીજ બરફની જો વાસણમાં નાખે તો વાસણ પણ ઠંડુ લાગે. બરફ વાસણમાં નાખે. અગ્નિ નાખે તો ઉષ્ણ થાય. આહા..હા..!

ભગવાન! તારું સ્વરૂપ અવ્યક્તનું અવલંબન લઈને જેણે પર્યાયમાં વ્યક્તપણું કેવળજ્ઞાન આદિ પ્રગટ કર્યું. પરમ શાંત... પરમ શાંત... પરમ શાંત... શરીર પણ આમ ઠરી ગયેલું. જેટલાં જગતમાં શાંતરસે પરિણમવાવાળા પરમાણું છે એટલા ત્યાં આવીને પરિણમી ગયા. એટલે કે જેટલી શાંતિ જોઈ એટલો પૂર્ણ થઈ ગયો અંદર. તો જગતના પણ જેટલા પરમાણું શાંતરસના પરમાણું પરિણમ્યા હતા એ ત્યાં આવી ગયા. આહા..હા..! આ તો કષાય સામે વાત હતીને. કષાય તો ભઠ્ઠી છે. ચાહે તો વ્યવહારરત્નત્રય જેને હેતુ કહ્યો એ પણ ભઠ્ઠી છે. ભારે વાત ભાઈ! બીજો બોલ થયો એ.

ત્રીજો. '**ચિત્સામાન્યમાં ચૈતન્યની સર્વ વ્યક્તિઓ નિમગ્ન (અંતર્ભૂત) છે...**' ભગવાન આત્મા જ્ઞાનસામાન્ય ત્રિકાળ સ્વરૂપ એમાં ચૈતન્યની સર્વ વ્યક્તિઓ એમ છેને? બોલ એમ લીધોને? ચિત્સામાન્ય લીધું પહેલા. જ્ઞાનસામાન્ય. જ્ઞાનપ્રધાન જ્ઞાનસામાન્ય પ્રભુમાં ચૈતન્યની સર્વ વ્યક્તિઓ નિમગ્ન છે. સર્વ પર્યાયો ભૂત અને ભવિષ્યની નિર્મળ એ બધી અંદરમાં અંતર્મગ્ન છે. સમજાણું કાંઈ? વ્યક્ત જે પર્યાય છે એ ખરેખર સામાન્યમાં મગ્ન છે એમ કહે છે. બધી અંતરમાં પડી છે. કેવળજ્ઞાન પ્રગટે પણ એ તો બાહ્ય પર્યાય છે. એ બધી અંતર દ્રવ્યમાં સમાઈ ગયી, અંદર પડી છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! એક સમયની જ્ઞાનની વર્તમાન પર્યાય એમ જાણે છે કે જેટલી જ્ઞાનની પર્યાય પ્રગટ થઈ એ સર્વ મારા ચૈતન્યમાં સમાઈ ગઈ છે. એ જાણે છે પર્યાય. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સમસ્ત જ્ઞાનની પર્યાય અંતરમાં પડી છે?

ઉત્તર :- પડી છે બધી. એ સામાન્યમાં વિશેષ અંતર ગર્ભમાં પડ્યું છે.

મુમુક્ષુ :- એક સમયની પર્યાય જે પ્રગટ છે તે જાણે છે?

ઉત્તર :- તે જાણે છે. સમજાણું કાંઈ? જે વ્યક્ત પર્યાય છે... આહા..હા..! એ પર્યાય એમ જાણે છે કે મારા જેવી અનંતી જ્ઞાનની પર્યાય મારા ધ્રુવમાં સમાયેલી પડી છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..! આવી વાત પરમેશ્વરના મુખથી નીકળેલી વાત આ છે. પરમેશ્વર થવાની આ ચીજ છે. પરમ પરમેશ્વર મારો સ્વભાવ, પરમ પરમેશ્વર મારો સ્વભાવ. પર્યાય તો પરમેશ્વર છે કેવળજ્ઞાન જ્ઞાનાદિ પણ આ તો પરમ પરમેશ્વર મારો સ્વભાવ. એ વ્યક્ત જે ચૈતન્યની પ્રગટ.. ઓલામાં કષાય લીધું હતું. આમાં બધી જ્ઞાનની પર્યાયો લીધી છે. સમજાણું કાંઈ?

'**ચિત્સામાન્યમાં ચૈતન્યની સર્વ વ્યક્તિઓ નિમગ્ન (અંતર્ભૂત) છે...**' અંતરમાં બધી નિમગ્ન છે. જ્ઞાનની પર્યાય વ્યતીત થઈ ગઈ એ ક્યાં ગઈ? દ્રવ્યમાં ધ્રુવમાં. સમજાણું કાંઈ? ઉપશમ, ક્ષયોપશમ આદિની પર્યાય ક્ષાયિકની સમયે સમયે બદલે છે તો જાય છે ક્યાં? ઉત્પાદ થયો અને પછી બીજે સમયે તો વ્યય થાય છે. વ્યય થઈને ક્યાં જાય? ક્યાં રહે? કે અંતરમગ્નમાં છે બધી. લ્યો પંડિતજી! આવું તો આમાં છે. ક્યાં જાય? આ મોટો પ્રશ્ન. પણ જાય ક્યાં? અંતર પડી છે. વાત એવી છે કે રાગાદિ છે એ પણ અંતરમાં જાય છે પણ એ પારિણામિકભાવે અંદર છે. શું કહ્યું? જે રાગ ઉત્પન્ન થયો બાહ્ય, એ બીજે સમયે તો વ્યય થઈ જાય છે. ગયો ક્યાં? પર્યાયમાં નથી, દ્રવ્યમાં નથી? તો દ્રવ્યસામાન્ય કઈ રીતે સિદ્ધ થશે? શુભ-અશુભ પર્યાયનો પિંડ એ દ્રવ્ય છે. અને એ રાગની પર્યાય અંદરમાં ગઈ એ અંદરમાં પારિણામિકભાવે છે, બાહ્યમાં ઉદયભાવ હતો. પરમપારિણામિકભાવ થઈ ગયો. આહા..હા..! શું કહે છે આ વાત? આહા..હા..!

એમ ઉપશમ સમ્યગ્દર્શન થયું. પ્રભુ! સમય સમયની પર્યાય તો નવી થાય છે. ક્ષાયિક સમકિત થયું એ પણ સમય સમયની ક્ષાયિક સમકિતની પર્યાય પણ નવી થાય છે. એ સમસ્ત પર્યાય વસ્તુમાં નિમગ્ન છે. એવી પ્રગટ પર્યાય એક હોય તો એમ જાણે છે કે મારી પર્યાય તો બધી અંતરમાં છે. સમજાણું કાંઈ? એની દૃષ્ટિ કરનારને અંતરાત્મા કહે છે. સમજાણું કાંઈ? અંતરાત્માનો અર્થ? આઠ કર્મથી ભિન્ન રહે છે અંદર, રાગથી ભિન્ન રહે છે અને એક સમયની પર્યાય ભિન્ન રહે છે એવું ભાન થયું તો એ અંતરાત્મા પર્યાયમાં થયો. સમજાણું કાંઈ? અંતરાત્મા તો પર્યાય છે. અંતર આત્મા જે ત્રિકાળ છે એનો આશ્રય લઈને જે પર્યાય પ્રગટી એ તો પર્યાયવાળો ત્રિકાળી આત્માને દૃષ્ટિમાં લીધો તો એ અંતરાત્મા થયો. અને રાગ અને પુણ્યને માનનારો બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ રહ્યો. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ચિત્સામાન્યમાં ચૈતન્યની સર્વ વ્યક્તિઓ નિમગ્ન (અંતર્ભૂત) છે...**' સામાન્યમાં વિશેષ સર્વ પ્રગટ અવસ્થાઓ સર્વ અંદર શક્તિમાં અંતર્નિમગ્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ કહે છેને કે એક સમયની પર્યાય જ બાહ્ય છે. ભગવાન બાહ્ય એક સમયની દેખે છે પરદ્રવ્યની. ભવિષ્યની પર્યાય બાહ્ય નથી તો કેમ દેખે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ દલીલ છે.

ઉત્તર :- દલીલ છે. જિનેશ્વરજી! તમારા ગામથી .. રતનચંદજી એ કહે છે કે એક સમયની પર્યાય જ પ્રગટ છે સર્વ દ્રવ્યને. ભૂત-ભવિષ્યની પ્રગટ નથી. ભૂતની તો ઠીક વળી. ભવિષ્યની પ્રગટ નથી તો ભવિષ્યની કેમ જાણે? શંકા ઉઠાવી. પ્રગટ જ દેખે છે કેવળી. ત્રણકાળ, ત્રણલોકની પર્યાય વર્તમાનવત્ પ્રગટ છે એમ દેખે છે. જ્ઞાનની .. શું વાત? પણ એ દેખનારી પર્યાય પણ વ્યક્ત છે. એ બધી અંદરમાં સમાઈને પડી છે. આહા..હા..! આવો માર્ગ કેવો?

આવો જૈન માર્ગ! વ્રત પાળવા એ તો વ્યવહારમાં આવતું નથી તમારામાં કંઈ. વ્રત પાળવા, કંદમૂળ ન ખાવા, છ પરબી બ્રહ્મચર્ય પાળવું. છ પરબી સમજ્યા? બીજ, ચોથ. બીજ, પાંચમ, આઠમ, અગિયારસ, ચૌદશ અને પાખી એમ કરવું. લોકોને એમાં મજા પડે હોં. મજા પડે. એવો ઉપદેશ હોયને તો ઠીક પડે. બાપુ! લોકોત્તર નીતિનો આ તો ઉપદેશ છે. ઓલી તો લૌકિક નીતિની વાત છે. સમજાણું કાંઈ?

તારો ભગવાન વ્યક્ત નથી. બહારમાં પર્યાયમાં આવતો નથી તો ચૈતન્યની બધી પર્યાય પણ અંતર્નિમગ્ન છે. એ કારણે વસ્તુ અંતરની એ ચીજને અવ્યક્ત કહે છે. આવો ઉપદેશ પણ સાંભળ્યો ન હોય કેટલાકે તો. આવો ઉપદેશ શું? આ શું છે? ભગવાન! સત્ય ઉપદેશ આ છે. સમજાણું કાંઈ? ભગવાનસ્વરૂપ જ પરમાત્મા આત્મા છે એવો સ્વીકાર થતાં જ પર્યાયમાં ભગવાનપણું પ્રગટ થશે. આહા..હા..! સમજાણું કાંઈ? પૂરેપૂરો ભગવાન પરથી, વ્યક્તથી ભિન્ન છે. આહા..હા..! કેવી ભાષા વાપરી છે કુંદકુંદાચાર્યે! **'अव्वत्तं' 'अरसमरूवमगंधं अव्वत्तं'** એ એક અવ્યક્તના છ બોલ કાઢ્યા અમૃતચંદ્રાચાર્યે.

**'ચિત્સામાન્યમાં ચૈતન્યની સર્વ વ્યક્તિઓ...'** એમ કહ્યુંને? સર્વ વ્યક્તિઓ અંતર્નિમગ્ન છે. આહા..હા..! પ્રગટ પર્યાય પણ એના સન્મુખ થઈ તો સર્વ અંતર્નિમગ્ન છે એમ કહેવામાં આવ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? પર્યાય અંદર જાય છે તો શું પર્યાયરૂપ અંદર રહે છે? પર્યાયરૂપ નથી. અંદરમાં જાય છે તો પારિણામિકભાવ, શુદ્ધ પારિણામિકભાવ, ધ્રુવભાવ, અવ્યક્તભાવ થઈ જાય છે એનો. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો માર્ગ પરમાત્માના ઘરની વાત છે, ભાઈ! જેને પરમાત્મા થવું છે એની વાત છે. લાલા-પેઠા કરવા હોય કે આમ મળે અને આમ મળે, વ્યવહારથી પ્રાપ્ત થાય ને નિમિત્તથી આમ હોય અને નિમિત્તથી મને (લાભ થાય, એમ માનનારનું કામ નથી). નિમિત્ત શું? નિમિત્ત તો નિમિત્તનું કાર્ય કરે છે. એ તો લોક છે, જગત છે, હું તો એનાથી ભિન્ન છું. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? પાંચ તકરાર છેને. નિમિત્તથી થાય, વ્યવહારથી થાય અને ક્રમબદ્ધ નથી. આ પાંચ બોલના વાંધા છે. સોનગઢ સામે પાંચ બોલની તકરાર છે. નિમિત્તથી થાય છે. અહીંયાં કહે છે કે નિમિત્ત તો પર છે. પરથી શું થાય છે? પર્યાયમાં પણ પરથી નથી થતું તો દ્રવ્યમાં તો થાય જ ક્યાંથી? દ્રવ્ય તો પરિપૂર્ણ ભરપૂર પડ્યો છે. વ્યવહારથી નિશ્ચય થાય છે એ વાત તારી ખોટી છે. વ્યવહાર તો પર છે, રાગ છે, લોક છે એનાથી નિશ્ચય ક્યાંથી પ્રાપ્ત થાય? એનાથી પમાય છે? અને ક્રમબદ્ધ. એ અનિયત માનતા નથી. અનેકાંત માર્ગ છે. પર્યાય નિયત પણ થાય છે અને અનિયત પણ થાય છે. આહા..હા..! બધી વાત જૂઠી છે.

મુમુક્ષુ :- આપે તો બે મિનિટમાં નિરાકરણ કરી દીધું.

ઉત્તર :- એ રાડ પાડે છે. બે મિનિટમાં પાંચેયનું નિરાકરણ. નિમિત્ત, વ્યવહાર અને

ક્રમબદ્ધ. પર્યાય ક્રમબદ્ધ થાય છે એ પર્યાય પણ દ્રવ્યમાં નિમગ્ન છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ક્રમબદ્ધનો નિર્ણય કરનારને તો અકર્તાબુદ્ધિ થઈ જાય છે. એને તો સર્વજ્ઞનો સ્વભાવ જેવો છે એવો મારો સ્વભાવ છે એવી પ્રતીતિ થાય છે. તેને ક્રમબદ્ધનો યથાર્થ નિર્ણય છે. સમજાણું કાંઈ? ક્રમબદ્ધમાં તો અકર્તાપણાનો પુરુષાર્થ છે. ઓહો..હો..! પર્યાયમાં ક્રમસર થાય છે એનો નિર્ણય કોની સન્મુખ થાય છે? પર્યાય સન્મુખ રહીને થાય છે? ત્રિકાળ ભગવાનની સન્મુખ થાય ત્યારે નિર્ણય થાય છે.

મુમુક્ષુ :- એમાં પુરુષાર્થ ક્યાં આવ્યો?

ઉત્તર :- પુરુષાર્થ શું કૂદવું છે બહારમાં? વર્તમાન પર્યાયનું અવલંબન દ્રવ્ય ઉપર આપી દીધું એ પુરુષાર્થ છે. પુરુષાર્થ કાંઈ બહારમાં કૂદવું છે? કઠણ વાત છે, ભાઈ!

'જે જે દેખી વીતરાગને તે તે હોશી વીરા.' આવે છે કે નહિ એ? 'અનહોની કબહુ ન હોશી કાહે હોત અધીરા?' 'જે જે દેખી વીતરાગને, તે તે હોશી વીરા રે. અનહોની કબહુ ન હોશે કાહે તું હોત અધીરા?' એનો અર્થ એ થયો કે પર્યાયની દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે. સમજાણું કાંઈ? વીતરાગે જોયું એવી પર્યાય થશે એમ જાણે છે. વીતરાગ એ પર્યાય કરવા આવતા નથી. સમજાણું કાંઈ? કર્તા થઈને તો પોતાની પર્યાય પોતાથી થાય છે, પણ એ કર્તાની પર્યાય પોતાથી થાય એ પર્યાય પણ અંતરનિમગ્ન છે એમ કહે છે. દ્રવ્યરૂપ હોં! અંતરનિમગ્નમાં એ પર્યાય પડી છે, એવી અંતરનિમગ્ન તે દ્રવ્યરૂપ થઈ જાય છે. એ દ્રવ્યમાં ચૈતન્યની સમસ્ત વ્યક્તિઓ અંતર્નિમગ્ન છે દ્રવ્યમાં. આહા..હા..! શું દ્રવ્ય ને આ...? સંસારની વાત જાણવી હોય તો ઝીણો રસ કાઢે. આ સમજવું હોય તો કહે આ શું કહે છે? મગજ કામ નથી કરતું. અરે! મગજ શું? મગજ જ જડ છેને તારું. મગજ જ તારું નથી. તારો તો જ્ઞાનસ્વભાવ છે. સમજાણું કાંઈ?

'**ચિત્સામાન્યમાં ચૈતન્યની સર્વ વ્યક્તિઓ નિમગ્ન (અંતર્ભૂત) છે માટે અવ્યક્ત છે.**' આહા..હા..! કેવી ટીકા બનાવી છે! '**ક્ષણિક વ્યક્તિમાત્ર નથી...**' હવે શું કહે છે? એક સમયની પર્યાયમાત્ર એ વસ્તુ નથી. '**ક્ષણિક વ્યક્તિમાત્ર નથી...**' શું કહે છે? રાગરૂપ તો નહિ, નિમિત્તરૂપ તો નહિ પણ એક સમયની પર્યાય ક્ષણિકમાત્ર આત્મા નથી. સમજાણું કાંઈ? જુવાન કેટલાક આવ્યા છે હોં આ વખતે. ઠીક છે સાંભળવા મળે. યુવાન લોકો આવ્યા છે આ ક્લાસમાં.

મુમુક્ષુ :- અમૃતમય વાણીની ઝંકારા જહાં જહાં પહુંચ રહી હૈ વહાં સે આ રહે હૈ.

ઉત્તર :- આવ્યા છે. આટલી યુવાનીમાં સાંભળવાનો રસ જાગે એ પણ એક ભાગ્યશાળી છેને. ઓહો..હો..! યુવાન, બાળ, વૃદ્ધ એ તો જડની દશા છે, એ આત્મામાં તો છે નહિ. આત્માની પ્રગટ પર્યાય દ્રવ્ય આત્મામાં નથી તો આ તો ક્યાંથી આવી? શું કહ્યું જુઓ.

**'ક્ષણિક વ્યક્તિમાત્ર નથી...'** ક્ષણિક એક સમયની પર્યાયમાત્ર એ નથી. આહા..હા..! ચાહે તો કેવળજ્ઞાનની પર્યાય પણ ક્ષણિક છે, એક સમયમાત્ર છે. ચાર જ્ઞાનની પર્યાય એક સમયમાત્ર છે. ક્ષાયિક સમકિતની પર્યાય એક સમયમાત્ર છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવી એક સમયની ક્ષણિક પર્યાય છે એમ નક્કી કર્યું. પર્યાય નથી જગતમાં એમ નથી. પણ એ ક્ષણિક પર્યાય વ્યક્તિમાત્ર આત્મા નથી. **'ક્ષણિક વ્યક્તિમાત્ર નથી...'** આહા..હા..! સમજાણું કાંઈ? જરી આ અવ્યક્ત સ્વભાવ સૂક્ષ્મ છે. અને આ ક્લાસમાં ટાંકણે આવ્યું છે. સમજવાનો પ્રયત્ન કરવો. કોઈ ચીજ ન સમજાય એવી ચીજ ક્યાં છે? સમજાણું કાંઈ? સંતો, સમજનાર આત્મા છે એને સમજાવે છેને કે રાગને કહે છે કે શરીરને કહે છે? આ શરીરને સમજાવે છે? રાગ અંદર છે સમજવાની ચીજ એ રાગને કહે છે? ભગવાન અંદર જ્ઞાયકસ્વરૂપ ત્રિકાળ એની એક સમયની પર્યાય રાગને જાણે છે એ પર્યાય ક્ષણિકમાત્ર પણ આત્મા નથી. આહા..હા..! કહો, ભગવાનજીભાઈ! આ લક્ષ્મીવાળો તો નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- પર્યાય તો આત્મામાંથી જ આવે છે.

ઉત્તર :- એ આવે છે, જાય છે એ બીજી વાત છે. એ તો ભેદની અપેક્ષા, પણ એક સમયની પર્યાયમાત્ર આત્મા નથી. આ અવ્યક્ત સિદ્ધ કરવું છેને? સમજાણું કાંઈ? મોક્ષમાર્ગની પર્યાયમાત્ર એક સમયની ક્ષણિક છે એટલો માત્ર આત્મા નથી. આહા..હા..! બંધ-બંધ તો એમાં છે નહિ. આહા..હા..! અબંધ ભગવાન આત્મા એની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ, ચારિત્ર થયા એ ક્ષણિક પર્યાયમાત્ર દ્રવ્ય નથી. આહા..હા..! કેમકે ક્ષણિક પર્યાય તો સમયે સમયે બદલે છે. આ તો એકરૂપ રહેનારો છે અંદર. પર્યાય જાય તો દ્રવ્ય પણ નાશ થઈ જાય ભેગું.

મુમુક્ષુ :- ક્ષાયિક પર્યાય...

ઉત્તર :- ક્ષાયિક પર્યાય એક સમયની છે, કેવળજ્ઞાન એક સમયનું છે. આહા..હા..!

મુમુક્ષુ :- સિદ્ધ પર્યાય પણ ક્ષણિક છે.

ઉત્તર :- કેવળજ્ઞાન એક સમયની પર્યાય છે પછી બીજી શું? આહા..હા..! એ પર્યાય જેવડો પોતાને માને છે. એને કેવળજ્ઞાન તો છે નહિ. એને કેવળજ્ઞાનની પર્યાય બીજામાં છે એ આત્માની પૂર્ણ અવસ્થા છે અથવા એ કેવળજ્ઞાનની પર્યાય એ આત્મા છે એમ નથી. આ તો અંતરની વાતું છે ભાઈ! અંતરમાં જાવું હોય તેને ક્યાં જાવું એની વાત છે. આહા..હા..! આવી વાત સર્વજ્ઞના અનુયાયી સંતો દિગંબર સિવાય આવી વાત ક્યાંય છે નહિ. સમજાણું કાંઈ? આવી ચીજ અંદરમાં ઉતારતા પરમાત્મા છે અંદર. એક ક્ષણિક અવસ્થા. વ્યક્તિ ક્ષણિક અને વ્યક્તિ એમ કીધુંને? ક્ષણિક પ્રગટ છે એવડો માત્ર નથી. એવી ક્ષણિક પર્યાયનો અંશ નિર્મળ હોય એટલો માત્ર ભગવાન નથી. નવનીતભાઈ!

'**ક્ષણિક વ્યક્તિમાત્ર નથી માટે અવ્યકત છે.**' એ માટે ભગવાન આત્માને અવ્યક્ત કહેવામાં આવે છે. ચાર બોલ થયા.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ સુદ-૧૧, રવિવાર, તા. ૨૦-૦૮-૧૯૭૨
## ગાથા-૪૯, પ્રવચન-૧૩૮

**નોંધ :- પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

૪૯મી ગાથા ચાલે છે. એમાં અવ્યક્તના બોલ ચાલે છે. ચાર બોલ ચાલ્યા. પાંચમો અને છઠ્ઠો સાંભળવો હતો (એમને) ઈ જ છે અત્યારે. ભાઈ એમ કહે કે પાંચમુ-છઠ્ઠું હોય તો ઠીક. ત્યાં વાત ચાલતી હતી ખીમચંદભાઈની સાથે. આ પાંચમો-છઠ્ઠો નીકળ્યો. થોડો સૂક્ષ્મ છે. અટપટા જેવું લાગે એવું છે જરી.

પહેલો બોલ તો એ આવ્યો કે '**છ દ્રવ્યસ્વરૂપ લોક જે જ્ઞેય છે અને વ્યક્ત છે...**' એનાથી ભગવાન ભિન્ન છે એ અપેક્ષાએ તેને અવ્યક્ત કહેવામાં આવ્યો. છ દ્રવ્ય વસ્તુ વ્યક્ત જ્ઞેય તેને ત્યાં વ્યક્ત કહ્યું. એનાથી ભિન્ન સાતમું પોતાનું દ્રવ્ય છે. તેથી તેને અવ્યક્ત કહેવામાં આવ્યો છે. બીજામાં એ કહ્યું કે '**કષાયોનો સમૂહ જે ભાવકભાવ વ્યક્ત છે...**' ભાવક નામ જે કર્મ એના નિમિત્તના અવલંબે થતા વિકારી ભાવ, કષાયનો સમૂહ એ ભાવકભાવ વ્યક્ત છે, પ્રગટ છે. '**તેનાથી જીવ અન્ય છે...**' શુભાશુભભાવથી અન્ય છે, ભિન્ન છે. એવા આત્માને અહીંયાં અવ્યક્ત કહે છે.

'**ચિત્સામાન્યમાં ચૈતન્યની સર્વ વ્યક્તિઓ નિમગ્ન (અંતર્ભૂત) છે...**' સામાન્ય જ્ઞાયકભાવ જે ધ્રુવસ્વભાવ એમાં ચૈતન્યની સર્વ વ્યક્તિઓ પ્રગટ દશા, બધી પર્યાયો અંતરમાં નિમગ્ન છે. દ્રવ્યમાં બધી પર્યાયો નિમગ્ન છે. એ અપેક્ષાએ પણ તેને અવ્યક્ત કહેવામાં આવે છે. આહા..હા..! ભારે આવું અવ્યક્ત! નહિતર અવ્યક્તનો અર્થ એવો થાય ખરેખર કે વાણીથી કહેવામાં આવતો નથી. એ અર્થ અહીંયાં નથી. સમજાણું કાંઈ? '**ચિત્સામાન્યમાં ચૈતન્યની**

**સર્વ વ્યક્તિઓ...'** ભૂત-ભવિષ્યની સર્વ પર્યાયો નિમગ્ન છે. સામાન્યમાં નિમગ્ન છે. બધી પર્યાય અંદરમાં છે.

મુમુક્ષુ :- ક્રમબદ્ધ...?

ઉત્તર :- એ તો નીકળે છે તો ક્રમબદ્ધ નીકળે છે. પણ અહીં તો અંદર છે એટલી વાત સિદ્ધ કરવી છે. સમજાણું કાંઈ? સામાન્ય ચૈતન્ય સ્વભાવ ભગવાન એમાં એની પર્યાય ત્રણ કાળની સમસ્ત કહીને? સમસ્ત પર્યાય એમાં નિમગ્ન છે. અવ્યક્તમાં નિમગ્ન છે તો તેને અવ્યક્ત કહેવામાં આવી છે. એકલો અવ્યક્ત જ છે. કહ્યુંને? **'માટે અવ્યક્ત છે.'** ભારે વ્યાખ્યા ભાઈ આ. આવી વ્યાખ્યા સમયસાર સિવાય બીજા ગ્રંથોમાં પણ નથી અને બીજે તો હોઈ શકે નહિ. ભગવાન પરિપૂર્ણ પ્રભુ એકરૂપ વસ્તુ એમાં સમસ્ત પર્યાયો (નિમગ્ન છે) એટલે એને દેખનારને પર્યાય દેખાતી નથી. દ્રવ્ય સામાન્ય એકલું છે એમાં સર્વ પર્યાયો નિમગ્ન છે. એવા આત્માને અહીંયાં અવ્યક્ત કહે છે.

**'ક્ષણિક વ્યક્તિમાત્ર નથી માટે અવ્યક્ત છે.'** ક્ષણિક એક સમયની અવસ્થામાત્ર આત્મા નથી તેથી તેને અવ્યક્ત કહેવામાં આવે છે. એ ચાર બોલ તો ચાલ્યા છે. આહા..હા..! આ પરમેશ્વરની રામાયણ છે. નિજપદસ્વરૂપ રામની રામાયણ આ છે. ભાગવત શાસ્ત્ર છે આ. ભાગવત લખ્યું છેને. નિયમસારમાં છે. નિયમસારમાં છેલ્લી ગાથામાં લખ્યું છે કે આ શાસ્ત્ર ભાગવત છે. ચોથા બોલમાં (એમ કહ્યું કે) જેટલી એની પર્યાય વ્યક્ત છે એટલો એ આત્મા ક્ષણિકમાત્ર નથી, એ પર્યાયમાત્ર આત્મા નથી. પર્યાયમાત્ર આત્મા નથી એટલે ત્રિકાળ આત્મા ધ્રુવ છે એમ કહેવું છે. પર્યાય સહિત નહિ. ક્ષણિક વ્યક્તિમાત્ર નથી. એક સમયની પર્યાયમાત્ર આત્મા નથી પણ ત્રિકાળી આત્મા એમ કહેવું છે. સમજાણું કાંઈ? એવા ભગવાનને અવ્યક્ત, નિજપદ ત્રિકાળીને અવ્યક્ત કહેવામાં આવે છે.

હવે આજે પાંચમો બોલ. **'વ્યક્તપણું તથા અવ્યક્તપણું ભેળાં મિશ્રિતરૂપે તેને પ્રતિભાસવા છતાં પણ...'** પર્યાય અને દ્રવ્ય. વ્યક્ત પર્યાય, અવ્યક્ત દ્રવ્ય એકમેક મિશ્રિત પ્રતિભાસવા છતાં. જ્ઞાનમાં તો એક સાથે બેય પ્રતિભાસે છે. જ્ઞાનની પર્યાયમાં વ્યય ક્ષણિક, વ્યક્ત, અવ્યક્ત બેય પ્રતિભાસે છે. જ્ઞાનમાં બેય ભાસ થાય છે, જ્ઞાનની પર્યાયમાં બેય ભાસે છે. સમજાણું કાંઈ? વ્યક્તતા અને અવ્યક્તતા—પ્રગટ અવસ્થા અને અપ્રગટ દ્રવ્ય વસ્તુ એકમેક મિશ્રિતરૂપે એક સમયના જ્ઞાનમાં બેય સાથે જણાય છે. આહા..હા..! **'પ્રતિભાસવા છતાં પણ...'** લ્યો (પ્રતિભાસ) થવા છતાં પણ. **'તે વ્યક્તપણાને સ્પર્શતો નથી...'** એકલી વ્યક્ત પર્યાયને જ નથી સ્પર્શતો. એકલી પર્યાયને નથી સ્પર્શતો, એ તો દ્રવ્યને પણ સ્પર્શે છે. સમજાણું કાંઈ?

**'વ્યક્તપણું તથા અવ્યક્તપણું ભેળાં મિશ્રિતરૂપે તેને પ્રતિભાસવા છતાં પણ...'**

બેય સાથે છેને? **‘છતાં પણ તે વ્યક્તપણાને સ્પર્શતો નથી...’** એમ કહ્યુંને? એકલી વર્તમાન વ્યક્ત પર્યાયને જ નથી સ્પર્શતો. એ કેવળ છે. માત્ર વ્યક્તપણાને નથી સ્પર્શતો. ... એ તો કાંઈ વાંધો નહિ, કાઢ્યું હોય તોપણ. **‘હોવા છતાં પણ વ્યક્તપણાને સ્પર્શતો નથી...’** એનો એ અર્થ છે. બેય પ્રતિભાસવા છતાં પણ એકને સ્પર્શતો નથી માટે તેને અવ્યક્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ પાઠમાં નથી. નહિ હોય ત્યારે કાઢ્યું હોયને. **‘व्यक्ताव्यक्तविमिश्रप्रतिभासेऽपि व्यक्तास्पर्शत्वात्’** બસ ટીકામાં એટલું છે. પણ એનો અર્થ જ એ છે. કેવળ ભલે હોય કે ન હોય, પણ એ વ્યક્ત જે પર્યાય અને અવ્યક્ત ત્રિકાળ બેયનું જ્ઞાન હોવા છતાં એકલી પર્યાય, પર્યાયને જ સ્પર્શે છે, જ્ઞાન પર્યાયને જ જાણે છે એમ નથી. પર્યાય બેયને જાણે છે એ અપેક્ષાએ તેને વ્યક્તરહિત અવ્યક્ત કહેવામાં આવે છે. આ શબ્દ બહુ સૂક્ષ્મ આવ્યો. આહા..હા..!

મુમુક્ષુ :- એ પર્યાય દ્રવ્યને પણ પકડે છે.

ઉત્તર :- પકડે છે. એ ત્યાં પણ છે. પકડે છે એ તો બરાબર છે, પણ એનું જ્ઞાન સાથે છે. જ્ઞાન જાણે છે છતાં અંદરમાં વસ્તુ છે, એકલી વ્યક્ત પર્યાયને જ સ્પર્શે છે એમ નથી. જુઓને કીધુંને. **‘વ્યક્તપણાને સ્પર્શતો નથી...’** આહા..હા..! પર્યાય અને ત્રિકાળી દ્રવ્ય જ્ઞાનની વર્તમાન પર્યાયમાં પ્રતિભાસવા છતાં એકલી વ્યક્ત પર્યાયને સ્પર્શતો નથી એ અપેક્ષાએ તેને દ્રવ્યને અવ્યક્ત કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- બેયને સ્પર્શ કરે છે.

ઉત્તર :- બે છેને. બેને એક સાથે જાણે માટે એકને સ્પર્શ કરતું નથી માટે અવ્યક્ત છે એમ. સ્પર્શ તો કરે છે, પણ કેવળ વ્યક્તપણાને નહિ. અહીં તો અવ્યક્ત સિદ્ધ કરવું છેને? માત્ર વ્યક્તપણાને નહિ, એકલા વ્યક્તપણાને નહિ માટે તેને અવ્યક્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આવું તે કેવું પણ!

ફરીને જુઓ. પ્રગટ અવસ્થા અને અવ્યક્ત વસ્તુ બેય એકમેક મિશ્રિતપણે પ્રતિભાસવા છતાં પણ. જ્ઞાનમાં બેયને મિશ્રિતપણે જાણવામાં આવે છે તોપણ તે વ્યક્તપણાને સ્પર્શતો નથી. માત્ર પર્યાયને જ સ્પર્શતો નથી એમ કહે છે. સમજાણું કાંઈ? એ તો બેયને જાણે છે. બેયને જાણે છે તો એકલા વ્યક્તપણાને નથી સ્પર્શતો માટે અવ્યક્ત કહેવામાં આવે છે. બેયને જાણે છે, પણ એક જ વર્તમાન પર્યાયને સ્પર્શે છે એમ નથી. એનો અર્થ થયોને કે બેયને સ્પર્શે છે. આવ્યું કે નહિ જુઓ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કેવળ શબ્દ નથી. સંસ્કૃતમાં નથી. કાઢી નાખ્યોને? સંસ્કૃતમાં નથી, પાઠમાં નથી. **‘व्यक्ताव्यक्तविमिश्रप्रतिभासेऽपि व्यक्तास्पर्शत्वात् ’** બસ. **‘व्यक्तास्पर्शत्वात्’** એમ.

એનો અર્થ કે એકલું વ્યક્તને જ સ્પર્શતું નથી. બેયને સ્પર્શે છે માટે અવ્યક્ત કહેવામાં આવે છે. આહા..હા..! ભારે ઝીણું, ભાઈ! **'માટે અવ્યકત છે.' 'તે વ્યક્તપણાને જ સ્પર્શતો નથી...'** એમ. એનો અર્થ બેને સ્પર્શે છે માટે તેને અવ્યક્ત કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ ક્લાસ વખતે વળી આ ગાથા આવી. ભગવાન આત્મા પોતાની પર્યાય વ્યક્ત અને ત્રિકાળી અવ્યક્ત, બેને એક સમયે પ્રતિભાસવા છતાં પણ બેયમાં માત્ર વ્યક્તને સ્પર્શતો નથી. એટલે બેને સ્પર્શે છે માટે અવ્યક્ત કહેવામાં આવે છે. એકલા વ્યક્તને સ્પર્શે તો વ્યક્ત કહેવામાં આવે છે એમ છે નહિ. આહા..હા..! લ્યો એ પાંચમો બોલ છે. પાંચમો અને છઠ્ઠો બેય ઝીણો છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પર્યાયમાં જણાય છે બેય, છતાં એકલી પર્યાયને સ્પર્શતો નથી, પણ બેયને સ્પર્શે છે માટે અવ્યક્ત કહેવામાં આવે છે. બેય જણાય છે, છતાં વ્યક્તને જ સ્પર્શે છે એમ નથી માટે અવ્યક્ત કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ન્યાયથી...

ઉત્તર :- ન્યાય તો ત્રિકાળી વસ્તુ બતાવવી છે, અવ્યક્ત બતાવવું છે. અવ્યક્તનું વિશેષણ છે. અવ્યક્ત આત્મા. કઈ રીતે? કે વ્યક્ત-અવ્યક્તપણાનું જ્ઞાન હોવા છતાં પણ વ્યક્તને સ્પર્શતો નથી માટે અવ્યક્ત છે. જુઓને અર્થ તો એટલો જ છે. પાઠમાં છે. **'व्यक्तास्पर्शत्वात्'** પાઠ એમ છે. **'व्यक्तास्पर्शत्वात्'** વ્યક્તને સ્પર્શતો નથી એનો અર્થ બેયને જાણવા છતાં એક સમયની પર્યાયને જ સ્પર્શે છે એમ છે નહિ. દેવીલાલજી! એવી વાત છે. ઝીણું તો છે. પાંચમો અને છઠ્ઠો બેય બોલ ઝીણા છે.

મુમુક્ષુ :- અવ્યક્ત...

ઉત્તર :- અવ્યક્ત બતાવવું છે.

મુમુક્ષુ :- એક .. હોવા છતાં પણ અવ્યક્ત?

ઉત્તર :- અવ્યક્ત છે. એક સમયની પર્યાયનું જ્ઞાન અને ત્રિકાળનું જ્ઞાન હોવા છતાં પણ એક સમયની પર્યાયને **'व्यक्तास्पर्शत्वात्'** એટલે બેયને સ્પર્શે છે માટે અવ્યક્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પકડાય એટલું પકડો, ભાઈ વાત તો એવી છે. સૂક્ષ્મ વાત છે. દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડે છે તો પર્યાયમાં બેનું જ્ઞાન થવા છતાં પણ **'व्यक्तास्पर्शत्वात्'** એ વ્યક્તની પર્યાયને **'व्यक्तास्पर्शत्वात्'** એકલી નથી સ્પર્શતો. બેયને સ્પર્શે છે માટે અવ્યક્ત કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એકલી પર્યાયને સ્પર્શે તો વ્યક્ત થઈ જાય છે?

ઉત્તર :- આ તો અવ્યક્ત સિદ્ધ કરવું છેને. બેને જાણવા છતાં એકને સ્પર્શતો નથી

માટે અવ્યક્ત કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

હવે છઠ્ઠો બોલ એથી પણ જરી (સૂક્ષ્મ છે). **'પોતે પોતાથી જ બાહ્ય-અભ્યંતર સ્પષ્ટ અનુભવાઈ રહ્યો હોવા છતાં પણ...'** ભગવાન આત્મા પોતે પોતાથી જ બાહ્ય અને અભ્યંતર (અર્થાત્) અભ્યંતર દ્રવ્ય અને બાહ્ય પર્યાય એના અનુભવમાં આવી રહ્યાં છે, વેદનમાં આવે છે. પેલું જણાય છે એમ હતું, આ વેદનમાં છે. સમજાણું કાંઈ? **'છતાં પણ વ્યક્તપણા પ્રતિ ઉદાસીનપણે પ્રદ્યોતમાન (પ્રકાશમાન) છે...'** એક તો વ્યક્ત નામ બાહ્ય પદાર્થથી ઉદાસીન છે અને એક તો પોતાની પર્યાય પ્રત્યે ઉદાસીન છે. એક સમયની પર્યાયમાં રોકાતો નથી, ઉદાસીન છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

**'પોતે પોતાથી જ...'** શું કહે છે? પોતાની પર્યાયને દ્રવ્યનો અનુભવ તો પોતાથી જ થાય છે, કોઈ પરને કારણે નથી થતો. એમ અનુભવાઈ રહ્યો છે તોપણ વ્યક્તતા પ્રત્યે, વ્યક્ત નામ બાહ્ય, બાહ્ય શબ્દે પોતાની જે વ્યક્ત પર્યાય એ પ્રત્યે ઉદાસીનપણે પ્રકાશમાન છે. ત્યાં ને ત્યાં રહે છે એમ છે નહિ. પર્યાય પ્રત્યે ઉદાસીન છે. આહા..હા..! આવી વાત સાંભળી નથી કોઈ દિ'. શું છે આ? એક સમયની પર્યાયમાં ટકતો જ નથી. એ તો અંદર દ્રવ્યમાં વારંવાર પરિણમન દ્રવ્ય તરફનું જ થાય છે. એક સમયની પર્યાય પ્રત્યે એ ઉદાસીનપણે પ્રકાશમાન છે. સમજાણું કાંઈ? માટે અવ્યક્ત કહેવામાં આવે છે. પાંચમો અને છઠ્ઠો સૂક્ષ્મ છે. બેને જાણવા છતાં પણ એકને સ્પર્શતો નથી. એમ પાઠ છેને મૂળ તો? જુઓને. **'व्यक्तास्पर्शत्वात्'** એનો અર્થ એ થયો કે બેને જાણવા છતાં પણ એકને સ્પર્શતો નથી, બેને સ્પર્શે છે માટે, બેને સ્પર્શે છે માટે અવ્યક્ત કહેવામાં આવે છે. માત્ર વ્યક્તને જ સ્પર્શે તો અવ્યક્ત કહેવામાં નથી આવતો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અંતરની જ વાત છે, બાહ્યની વાત અહીંયાં નથી. અંદર ને અંદરની પર્યાય છે દ્રવ્યની, પર્યાય અને દ્રવ્ય, બંન્ને એક સમયે પ્રકાશમાન થવા છતાં. બીજી વાત છે. બહારની વાત અહીંયાં નથી. સમજાણું કાંઈ? કેમકે ખરેખર તો સ્વદ્રવ્ય સંબંધી પોતાની પર્યાયમાં જે જ્ઞાન થાય છે એ પોતાની પર્યાયના અસ્તિત્વથી થાય છે. એ છ દ્રવ્ય છે તો થાય છે એમ નથી. સમજાણું કાંઈ? છ દ્રવ્ય છે તો પોતાની પર્યાયમાં જ્ઞાન થાય છે એમ નથી. એ જ્ઞાનની પર્યાયનું જ સામર્થ્ય છે. નીચે હોં! સાધકમાં પણ એટલું સામર્થ્ય છે. એવી પર્યાય વ્યક્ત-અવ્યક્ત સાથે એક સમયમાં જાણવા છતાં વ્યક્તને સ્પર્શતો નથી એટલે કે એક સમયની પર્યાયમાં નથી આવતો, એક સમયની પર્યાયને જ નથી સ્પર્શતો, બેયને સ્પર્શે છે માટે અવ્યક્ત કહેવામાં આવે છે. એમ છે. વસ્તુ તો એવી આવે છે.

મુમુક્ષુ :- પાંચમા અને છઠ્ઠા બોલમાં...

ઉત્તર :- આમાં અનુભવની વાત છે આ. ઓલામાં જ્ઞાન છે. કહ્યુંને? આ અનુભવ વેદનની વાત છે. છઠ્ઠામાં વેદન છે. પાંચમામાં પ્રતિભાસ જ્ઞાનમાં આવ્યો. બેય વાત કરી સાથે. બેય જુદી છે.

મુમુક્ષુ :- જ્ઞાન અને અનુભવ...

ઉત્તર :- આ વેદનની અપેક્ષાએ વાત છે, ઓલી જ્ઞાનની અપેક્ષાએ વાત છે.

**'બાહ્ય-અભ્યંતર સ્પષ્ટ અનુભવાઈ રહ્યો હોવા છતાં...'** પર્યાય અને દ્રવ્ય અથવા બાહ્યની ચીજનું પોતાનું જ્ઞાન એ પણ બાહ્ય છે. આહા..હા..! છ દ્રવ્યનું જ્ઞાન પર્યાયનું એ પણ ખરેખર અભ્યંતરથી બાહ્ય છે. પર્યાય હોં! અને અભ્યંતર વસ્તુ. બેનો અનુભવ તો છેને. અનુભવ તો પર્યાયનો છે એ અહીંયાં નથી લેવું. નહિતર અનુભવ તો પર્યાયનો એકલો છે. ખ્યાલ છેને. એ તો એમ આવેને. ભાષા તો એવી આવેને કે જ્ઞાયક પ્રગટ થયો એમ ન આવ્યું ૧૧મી ગાથામાં? જ્ઞાયકભાવ જે તિરોભાવ હતો, ઢંકાઈ ગયો હતો. જ્ઞાયકભાવ ઢંકાઈ ગયો હતો? જ્ઞાયકભાવ તો જે છે ઈ છે. પણ પર્યાયમાં ખ્યાલ નહોતો તો જ્ઞાયકભાવ ઢંકાઈ ગયો હતો, તિરોભૂત થઈ ગયો હતો. એ અંતર દૃષ્ટિ મૂકતા શુદ્ધનય અનુસાર બોધ થવામાત્રથી જ્ઞાયકભાવનો આવિર્ભાવ થયો. જ્ઞાયકભાવનો આવિર્ભાવ થયો એનો અર્થ શું? ૧૧મી ગાથામાં આવ્યું. (એટલે કે) ખ્યાલમાં આવ્યું. ચિદ્‌ઘન વસ્તુ જે પદાર્થ એનું અસ્તિત્વ ખ્યાલમાં નહોતું. છે એમ ખ્યાલમાં નહોતું એટલે તિરોભૂત થઈ ગયો. પર્યાયની અપેક્ષાએ પોતાની દૃષ્ટિમાં રહ્યો નહિ. વસ્તુ તો વસ્તુ છે. વસ્તુ છે એ તિરોભૂત થાય છે અને આવિર્ભૂત થાય છે એમ નથી. વસ્તુ ત્રિકાળી ભગવાન આત્મા, લક્ષમાં જ્યાં સુધી પર્યાય અને રાગબુદ્ધિ હતી ત્યારે તે તિરોભૂત નામ ઢંકાઈ ગઈ. ઢંકાઈ ગઈનો અર્થ પર્યાયમાં ખ્યાલમાં આવ્યું નહિ. શુદ્ધનય અનુસાર બોધ થવામાત્રથી જ્ઞાયકભાવ આવિર્ભાવ થયો. એટલે કે જ્ઞાયકભાવ ખ્યાલમાં આવ્યો. જ્ઞાયકભાવ જે ત્રિકાળ હતો તેના અસ્તિત્વમાં, એ અસ્તિત્વ ખ્યાલમાં આવ્યું. સમજાણું કાંઈ?

એમ અહીંયાં વસ્તુ તો વસ્તુ છે. બેનો મિશ્રિતપણે પ્રતિભાસવા છતાં વ્યક્તપણાને સ્પર્શતો નથી. તે વ્યક્તપણાને જ માત્ર સ્પર્શતો નથી. એનો અર્થ કે બેને સ્પર્શે છે. તો બેમાં અવ્યક્ત થયો. એકલો વ્યક્ત ન રહ્યો માટે અવ્યક્ત થયો. અહીંયા **'પોતે પોતાથી જ બાહ્ય-અભ્યંતર સ્પષ્ટ અનુભવાઈ રહ્યો...'** છે. વેદનમાં પર્યાય અને દ્રવ્ય બેય વેદનમાં આવે છે. અહીંયાં એમ કહેવું છે. અનુભવ છેને? **'છતાં પણ વ્યક્તપણા પ્રતિ ઉદાસીનપણે...'** એકલી પર્યાય પ્રત્યે ઉદાસ છે. પર્યાયમાં રહેતો નથી એમ અર્થ છે.

મુમુક્ષુ :- પર્યાય પ્રત્યે ઉદાસીન છે, પર્યાયને સ્પર્શતો નથી. બેમાંથી કઈ વાત લેવી?

ઉત્તર :- સ્પર્શતો નથી એ તો કહ્યું. બેમાંથી એકને સ્પર્શતો નથી એમ કહ્યું. એટલે એનો

અર્થ કે બેને સ્પર્શે છે એમ કહ્યું. બેને સ્પર્શે માટે અવ્યક્ત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જ્ઞાનની અપેક્ષાએ ત્યાં છે. જ્ઞાનમાં બેય આવ્યા છતાં જ્ઞાન પર્યાયને સ્પર્શતું નથી. એનો અર્થ શું? એકલા જ્ઞાનમાં રહેતી નથી. બે થયા. બેનો સ્પર્શ થયો, બેનું જ્ઞાન થયું માટે અવ્યક્ત છે. અને આમાં પર્યાય પ્રત્યે ઉદાસીન છે. વ્યક્ત પ્રત્યે ઉદાસીન છે. આહા..હા..! એક સમયની પર્યાય પ્રત્યેથી પણ ખસી ગયો છે. ત્યાં રહે છે એક સમયમાં એમ નથી.

'**પોતે પોતાથી જ બાહ્ય-અભ્યંતર સ્પષ્ટ અનુભવાઈ રહ્યો હોવા છતાં પણ વ્યક્તપણા પ્રતિ ઉદાસીનપણે...**' એકલી બાહ્ય જે પર્યાય વ્યક્ત છે તેના પ્રત્યે ઉદાસીન છે, ત્યાં એ ટકતો નથી. દ્રવ્ય તરફ ઝુકાવમાં વ્યક્તતા પ્રત્યે ઉદાસીન છે એ અપેક્ષાએ અવ્યક્ત કહેવામાં આવે છે. સાધારણ અર્થ એવો થયો. વિશેષ સ્પષ્ટ થશે હજી. આવો અર્થ પહેલા કર્યો હતો. '**આમ છ હેતુથી અવ્યક્તપણું સિદ્ધ કર્યું.**' લ્યો! એક અવ્યક્તને છ રીતે સિદ્ધ કર્યું. સિદ્ધ કરવી છે અવ્યક્ત વસ્તુ. એકલા બે નથી માટે અવ્યક્ત. બે રૂપ હોવા છતાં વ્યક્તતાની પર્યાય સામાન્યમાં સમાઈ ગઈ છે માટે અવ્યક્ત છે એમ કહ્યુંને? એ રીતે છ બોલ કહ્યા લ્યો!

જુઓ! એનો સરવાળો કરે છે. '**આ પ્રમાણે રસ, રૂપ, ગંધ, સ્પર્શ, શબ્દ, સંસ્થાન...**' એ વ્યક્ત કહ્યા. ઠીક. અહીં આવ્યું છેને છેલ્લે અવ્યક્તમાં, વ્યક્તપણાનો અભાવ હોવા છતાં પણ. છે? છેલ્લો શબ્દ. '**આ પ્રમાણે રસ, રૂપ, ગંધ, સ્પર્શ, શબ્દ, સંસ્થાન અને વ્યકતપણાનો અભાવ હોવા છતાં પણ...**' આહા..હા..! '**સ્વસંવેદનના બળથી...**' સ્વ નામ પોતાના પ્રત્યક્ષપણાના આનંદના જ્ઞાનના વેદનના બળથી. આહા..હા..! '**પોતે સદા પ્રત્યક્ષ હોવાથી...**' '**પોતે સદા પ્રત્યક્ષ હોવાથી...**' એવો વ્યક્તપણાનો પણ અભાવ હોવા છતાં પણ સ્વસંવેદનના બળથી, પોતાના-સ્વ જ્ઞાનના પ્રત્યક્ષપણાના વેદનના બળથી પોતે સદા-પોતે સદા પ્રત્યક્ષ છે. આહા..હા..! સમ્યગ્દ્રષ્ટિને પોતે પ્રત્યક્ષ થાય છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં કાંઈ કેવળજ્ઞાનની વાત નથી. કહ્યુંને કે સંસ્થાન વ્યક્તતાનો અભાવ હોવા છતાં પણ સ્વસંવેદનના બળે—પોતાના આનંદ અને જ્ઞાનના અનુભવના પ્રત્યક્ષ બળથી. આહા..હા..! જ્યાં રાગ અને મનની પણ અપેક્ષા પોતાના વેદનમાં નથી.

'**અનુમાનગોચરમાત્રપણાના અભાવને લીધે...**' આ અલિંગગ્રહણમાં ટૂંકુ કરી નાખ્યું. '**અનુમાનગોચરમાત્રપણાના અભાવને લીધે...**' એકલા અનુમાનથી અનુભવમાં આવે એવી એ ચીજ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એમ લીધુંને? કેવળ અનુમાનગોચરમાત્ર. અનુમાન છે પણ પ્રત્યક્ષ સહિત અનુમાન થાય છે. એકલા અનુમાનમાત્રપણાના અભાવને લીધે જીવને.

અલિંગગ્રહણમાં પણ એમ આવ્યું છેને? અલિંગગ્રહણમાં ચોથો બોલ આવ્યો છે. ચોથો બોલ. અલિંગગ્રહણ છેને. પહેલા એમ આવ્યું કે ઇન્દ્રિયથી જાણતો નથી. ભગવાન આત્મા ઇન્દ્રિયથી જણાતો નથી માટે અલિંગગ્રહણ છે. ઇન્દ્રિયરૂપ લિંગથી ગ્રહણ થતો નથી માટે અલિંગગ્રહણ છે. ઇન્દ્રિયથી જણાતો નથી. બીજો બોલ છે. પહેલામાં ઇન્દ્રિયથી જાણતો નથી. બીજામાં ઇન્દ્રિયથી જાણવામાં આવતો નથી. બેમાં ફેર છે કે નહિ? ઇન્દ્રિયથી જાણતો નથી માટે અલિંગગ્રહણ છે. બીજામાં કહે છે કે અલિંગગ્રહણનો અર્થ ઇન્દ્રિયથી જાણવામાં આવતો નથી. ત્રીજામાં ઇન્દ્રિય પ્રત્યક્ષનો વિષય નથી. જ્ઞાન પ્રત્યક્ષનો વિષય છે. સમજાણું કાંઈ? ઇન્દ્રિય પ્રત્યક્ષનો એ વિષય નથી. કેમકે એ સમ્યક્ પ્રત્યક્ષ જ્ઞાનનો જ વિષય છે.

ચોથા બોલમાં એમ કહ્યું કે બીજા દ્વારા અનુમાનગોચર પણ થતો નથી. બીજા પ્રાણી એને અનુમાનથી જાણી શકે આત્માને એવો આત્મા છે નહિ. શું કહ્યું ઈ? બીજા પ્રાણી પરને અનુમાનથી જાણી શકે એવો આત્મા નથી. એનો અર્થ? કે બીજાને પણ પ્રત્યક્ષ આત્માનો (અનુભવ) થયો હોય એ અનુમાનથી પછી પરને જાણે. પણ એકલા અનુમાનથી પરને જાણી શકે એવો આત્મા છે જ નહિ. દેવીલાલજી! અહીં જુઓને આ અનુમાન કહ્યુંને? એ જ લીધું છે. પ્રત્યક્ષની સાથે અનુમાનગોચરમાત્ર નથી, તેનો અભાવ છે એમ કહે છે. બીજા દ્વારા કેવળ અનુમાનથી જણાય એવો આત્મા નથી. આત્મા પોતે પોતાથી એકલા અનુમાનથી પરને જાણે એવો આત્મા નથી. સમજાણું કાંઈ? પહેલા બોલમાં શું કહ્યું?

મુમુક્ષુ :- પહેલા અનુમાનથી આત્માને કોઈ જાણી શકતું નથી.

ઉત્તર :- જાણી શકતું નથી. બીજા દ્વારા અનુમાનથી આત્મા જણાય એમ છે નહિ. પાંચમા બોલમાં એમ કહ્યું કે માત્ર અનુમાન કરનારો આત્મા નથી.

મુમુક્ષુ :- એ તો પ્રત્યક્ષ છે.

ઉત્તર :- પ્રત્યક્ષ છે. આહા..હા..! અલિંગગ્રહણ છે. પુસ્તક આવી ગયું છે. ઘણા વ્યાખ્યાન થઈ ગયા છે.

માત્ર અનુમાનથી જાણે છે એવો આત્મા નથી. હવે આવ્યો સરવાળો. '**સ્વસંવેદનના બળથી પોતે સદા...**' રાગ અને મનની અપેક્ષા નથી. પોતાના જ્ઞાનના વેદનથી પ્રત્યક્ષ જાણવામાં આવે છે. સમજાણું કાંઈ? '**સ્વસંવેદનના બળથી પોતે સદા પ્રત્યક્ષ હોવાથી અનુમાનગોચરમાત્રપણાના અભાવને લીધે...**' એકલો અનુમાનગમ્ય થાય એમ નહિ. એકલા અનુમાનગમ્યનો અભાવ છે. પ્રત્યક્ષ થયા પછી અનુમાન કરે, નિશ્ચય પ્રત્યક્ષ થયા પછી અનુમાન કરે વ્યવહાર તો એ બરાબર છે. પ્રત્યક્ષ એ નિશ્ચય છે. તો નિશ્ચયપૂર્વક પ્રત્યક્ષનું ભાન થયું અને પછી અનુમાન કરે તો એ ઠીક છે, પણ એકલા અનુમાનથી જણાય એવી એ ચીજ જ નથી. આહા..હા..! ભારે ભાઈ! આવું સમાજની અંદર મૂકવું. શું કહ્યું?

મુમુક્ષુ :- સ્વસંવેદન પ્રત્યક્ષ કહ્યું છે.

ઉત્તર :- પ્રત્યક્ષ જ છે. આત્મા પ્રત્યક્ષ જ થઈ શકે એવો જ સ્વભાવ છે એમ કહે છે. પરોક્ષ રહે એવો સ્વભાવ નથી. શું? આત્મા પરોક્ષ રહે એ આત્માનો સ્વભાવ જ નથી. ભારે વાત! જિનેશ્વરદાસજી! પરોક્ષને અનુમાનથી જાણે એવો એનો સ્વભાવ જ નથી એમ કહે છે. 'જ્યાં જ્યાં જ્ઞાન ત્યાં ત્યાં આત્મા, (જ્યાં જ્યાં) આત્મા ત્યાં ત્યાં જ્ઞાન.' એ અનુમાન છેને? એકલું અનુમાન નહિ એમ કહે છે. અમરચંદભાઈ! બે શબ્દ લીધાને? ઓલી વાત ત્યાં લીધી છે. કેવળ અનુમાનથી આત્મા સ્વને અને પરને જાણે એવો આત્મા નથી. બીજા દ્વારા અનુમાનથી આત્મા જણાય એવો આત્મા નથી અને અનુમાનથી પોતાને અને પરને જાણે એવો આત્મા નથી. આહા..હા..! એવો આત્મા સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. એ આત્મા પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ આત્મા છે. એ વાત અહીંયા કરે છે. અલિંગગ્રહણ શબ્દ છેને? અલિંગગ્રહણનો અર્થ છેને આ? અલિંગગ્રહણનો અર્થ છેને આ? તો સારમાં સાર એક અનુમાન કરીને અલિંગગ્રહણ... અલિંગગ્રહણ છેને? અલિંગગ્રહણમાં એમ છે.

**'અનુમાનગોચરમાત્રપણાના અભાવને લીધે (જીવને) અલિંગગ્રહણ કહેવામાં આવે છે.'** સમજાણું કાંઈ? તેમ અનુમાન કરવું, પ્રત્યક્ષ થયા વિના અનુમાન કરવું કે આ જ્ઞાન તે આત્મા અને આત્મા તે જ્ઞાન, એવા એકલા અનુમાનગોચરમાત્રથી આત્મા જણાતો નથી. અનુમાનમાત્રપણાનો એમાં અભાવ છે. એકલા અનુમાનમાત્રનો એમાં અભાવ છે. પ્રત્યક્ષ થઈને પછી અનુમાન કરે ભાવવ્યવહારથી, એ પ્રત્યક્ષ થયો તે નિશ્ચય છે, એ સહિત અનુમાન કરે તો એ વ્યવહાર બરાબર છે. સમજાણું કાંઈ? આ બોલ અત્યારે આમાં આવ્યો. શું કહ્યું જુઓને!

**'આ પ્રમાણે રસ, રૂપ, ગંધ, સ્પર્શ, શબ્દ, સંસ્થાન અને વ્યક્તપણાનો અભાવ હોવા છતાં પણ...'** વસ્તુ **'સ્વસંવેદનના બળથી...'** પોતાનું સં-પ્રત્યક્ષ, સ્વ પોતાનું અને સં-પ્રત્યક્ષ એવા વેદનના બળથી સ્વયં સદા પ્રત્યક્ષ હોવાથી. ઓહો..હો..! એ આત્મા એવો સ્વીકાર જેણે કર્યો તો એ સ્વીકાર પ્રત્યક્ષથી જ થાય છે, એ વિના સ્વીકાર થતો નથી એમ કહે છે. આહા..હા..! અહીં તો હજી તો પુણ્યથી અને વ્યવહારથી આત્મા જણાય છે, દયા, દાનની ક્રિયાથી જણાય છે એ બધી વાત ખોટી ઠરાવીને. એ એકલો અનુમાનથી પણ અનુભવમાં ન આવે. એ તો પ્રત્યક્ષ સદા સ્વસંવેદનથી અનુભવમાં આવનારો છે. .. બોલ સૂક્ષ્મ આવ્યો. આહા..હા..! કોને? છે એવી જેને પ્રતીત થઈ એને તો સ્વસંવેદન પ્રત્યક્ષ જ છે એમ અનુભવમાં આવે છે.

મુમુક્ષુ :- સંસ્કૃતમાં નથી.

ઉત્તર :- હા. છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છતાં. તથાપિ આવ્યુંને. અર્થમાંથી તથાપિ કહ્યુંને અંદર. એમ હોવા છતાં. તો તથાપિ આવ્યુંને? અર્થમાં આવ્યું. તમે કહ્યુંને. '**सति**'નો અર્થ શું થયો? હોવા છતાં. એટલે તથાપિ. એ તો એનું એ થયું. '**नित्यमात्मप्रत्यक्षत्वे सत्यनुमेयमात्रत्वाभावादलिंगग्रहणः**' એનો અર્થ થયોને.

મુમુક્ષુ :- પ્રત્યક્ષ થતાં જ અનુમાન થાય છે.

ઉત્તર :- નહિ... નહિ... નહિ... એમ નથી. પ્રત્યક્ષ થાય ત્યારે અનુમાન થાય એ બીજી વાત છે, પણ એકલા અનુમાનમાત્રથી જણાય એવો નથી. પ્રત્યક્ષની સાથે અનુમાન હોય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હિન્દીમાં ભૂલ છે કાંઈક. આપણે ગુજરાતીમાં શું છે? બરાબર છે, એ બરાબર છે. હોય શબ્દ ફેર. આમાં ગુજરાતીમાં શું છે?

મુમુક્ષુ :- સદા પ્રત્યક્ષ હોવાથી.

ઉત્તર :- હોવાથી એ તો બરાબર છે.

'**સદા પ્રત્યક્ષ હોવાથી...**' અનુમાનગોચરમાત્ર નથી. કેટલામો? ૪૯ એ બરાબર છે. જુઓ! '**પ્રત્યક્ષ હોવાથી...**' બરાબર છે.

જુઓ, '**આ પ્રમાણે રસ, રૂપ, ગંધ, સ્પર્શ, શબ્દ, સંસ્થાન અને વ્યકતપણાનો અભાવ હોવા છતાં...**' ગુજરાતીમાં છે. '**પણ સ્વસંવેદનના બળથી પોતે સદા પ્રત્યક્ષ હોવાથી...**' એમ. આમ નથી પણ આમ છે એમ. જુઓ, '**અભાવ હોવા છતાં પણ સ્વસંવેદનના બળથી પોતે સદા પ્રત્યક્ષ હોવાથી અનુમાનગોચરમાત્રપણાના અભાવને લીધે...**' હિન્દીમાં છે? '**હોવા છતાં પણ...**' આમાં લખ્યું છે. ... એ તો બરાબર છે. '**પોતે સદા પ્રત્યક્ષ હોવાથી...**' બરાબર છે. હોવા છતાં પણ એ તો પરમાં ગયું. '**આ પ્રમાણે રસ, રૂપ, ગંધ, સ્પર્શ, શબ્દ, સંસ્થાન અને વ્યકતપણાનો અભાવ હોવા છતાં પણ...**' એ તો પરમાં ગયું. એમ હોવા છતાં '**સ્વસંવેદનના બળથી પોતે સદા પ્રત્યક્ષ હોવાથી અનુમાનગોચરમાત્રપણાના અભાવને લીધે...**' આ તો વ્યાકરણ ... અહીંયાં તો કહે છે કે ભગવાન આત્મા વ્યક્તપણાનો અભાવ હોવા છતાં. બસ ત્યાં. '**સ્વસંવેદનના બળથી...**' પોતાના જ્ઞાનના, આનંદના પ્રત્યક્ષપણાના બળથી સ્વયં પોતાથી સદા નામ ત્રિકાળ-કાયમ. આમ થયું તો સદાય છે એમ આવ્યુંને. સમજાણું કાંઈ? પ્રત્યક્ષ હોવાથી. અહીંયાં જુઓ હોવા છતાં એમ નથી આવ્યું ત્યાં. '**અનુમાનગોચરમાત્રપણાના અભાવને લીધે...**' અહીંયાં તો આપણે '**અનુમાનગોચરમાત્રપણાના અભાવને લીધે...**'

એ સિદ્ધ કરવું છે. બસ એટલું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- '**नित्यमात्मप्रत्यक्षत्वे सत्य**' આવી ગયું એ. '**अनुमेयमात्रत्वाभावादलिंगग्रहणः**' જરી સૂક્ષ્મ વાત છે, ભગવાન! વાત એવી છે. અહીંયાં એમ સિદ્ધ કરવું છે અને એમ છે કે પોતાના સ્વસંવેદનજ્ઞાનના પ્રત્યક્ષ બળથી અનુભવમાં આવનારી ચીજ છે. કેવળ અનુમાનપણાનો એમાં અભાવ છે. સમજાણું કાંઈ? બહુ સ્પષ્ટ વાત છે. કહ્યુંને? એ અભાવ હોવા છતાં. હવે ભાવ બતાવવો છેને? એ તો પહેલા કહ્યું. '**રસ, રૂપ, ગંધ, સ્પર્શ, શબ્દ, સંસ્થાન અને વ્યકતપણાનો અભાવ હોવા છતાં પણ...**' હવે ભાવ બતાવવો છે કે ભાવમાં '**અનુમાનગોચરમાત્રપણાના અભાવને લીધે...**' પ્રત્યક્ષ ભાન થાય છે. પ્રત્યક્ષથી અનુભવ થાય છે એવી એ ચીજ છે. આહા..હા..!

મુમુક્ષુ :- પ્રત્યક્ષથી...

ઉત્તર :- સ્વવેદનથી પ્રત્યક્ષ હોવાથી અનુમાનગોચરમાત્રપણાનો અભાવ છે એમાં. અનુમાનથી જણાય એવો આત્મા નથી. આહા..હા..! એમાં લીધું છે રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં. આગમ ને બધા લીધા છેને? અનુમાન ને. એ તો પહેલા અનુમાન ને અમુક શબ્દથી વાત કરી છે. એ ચિઠ્ઠીમાં આવે છે, ભાઈ! રહસ્યપૂર્ણ ચિઠ્ઠી. આગમથી, અનુમાનથી નક્કી કરે. રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં આવે છે. વસ્તુ તો સદા પોતાના સ્વસંવેદનથી પ્રત્યક્ષ થનારી ચીજ છે. બસ એટલી વાત. લાખ વાતની વાત પણ એ ચીજ એવી છે. સમજાણું કાંઈ? આહા..હા..! એક શબ્દમાં ફક્ત એટલું બતાવવું હતું. અલિંગગ્રહણમાં માત્ર આ શબ્દ કહ્યો છે. મૂળ છે એટલે એક જ વાત લીધી બધી વાત છોડીને. આહા..હા..!

'**અભાવ હોવા છતાં પણ સ્વસંવેદનના બળથી પોતે સદા પ્રત્યક્ષ હોવાથી અનુમાનગોચરમાત્રપણાના અભાવને લીધે...**' એ અલિંગગ્રહણ થયું. અનુમાનગોચરમાત્રથી નહિ માટે અલિંગગ્રહણ છે. પ્રત્યક્ષ વેદનથી અનુમાનગોચરથી નહિ માટે અલિંગગ્રહણ છે એમ કહે છે.

મુમુક્ષુ :- અરસ લઈ લીધું, અગંધ લઈ લીધું, અસ્પર્શ લઈ લીધું, અસંસ્થાન લઈ લીધું.

ઉત્તર :- અહીં તો ઓલા વીસ બોલને આ બોલમાં સમાડી દીધા એમ મારે કહેવું છે. અલિંગગ્રહણમાં ૨૦ બોલ ચાલ્યા. અહીં એકમાં બધું સમાડી દીધું. અનુમાનગોચર જે લિંગ એવા માત્રથી જણાય એનો અભાવ છે. બધા વ્યવહારના બોલ ઉડાવી દીધા. સમજાણું કાંઈ? ઇન્દ્રિયથી જણાય, ઇન્દ્રિયથી જાણે એ બધું ઉડી ગયું એમાં. અને એના વિરુદ્ધમાં ત્યાં જે છઠ્ઠો બોલ કહ્યો હતો એ આ સ્વસંવેદનના બળથી. પોતાના જ્ઞાયકસ્વભાવના બળથી જાણવામાં આવનારો આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે. એ છઠ્ઠો બોલ છે એ આવી ગયો. આહા..હા..!

સમજાણું કાંઈ? આત્માની વાત અહીંયાં લેવી છેને ભાઈ! પછી તો ઉપયોગની વાત છે. એ સાતમો બોલ છે. અલિંગગ્રહણમાં ઉપયોગ. ઉપયોગ પરજ્ઞેયના આલંબનરહિત તેને ઉપયોગ કહે છે. એ તો ઉપયોગની વાત. પણ આત્માની વાતમાં છ બોલનો સાર જે અનુમાન છે એ લઈ લીધો છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!

પછી તો સાતમા બોલમાં તો ત્યાં એ લીધું કે આત્માનો જે ઉપયોગ છે, પરજ્ઞેયના આલંબનરહિત છે માટે અલિંગગ્રહણ છે. ઉપયોગની અપેક્ષાએ અલિંગગ્રહણ ત્યાં કહેવું છે. સમજાણું કાંઈ? ઉપયોગ છે તે બહારથી આવતો નથી. ઉપયોગ છે તે બહારથી આવતો નથી, અંદરથી આવે છે. ઉપયોગની વાત છેને ત્યાં તો. જાણવું-દેખવું ઉપયોગ જે છે. સમજાણું કાંઈ? અહીં તેથી દ્રવ્ય સિદ્ધ કરવું છે તો એકલા અનુમાનમાત્રનો અભાવ હોવાથી આત્માનું પ્રત્યક્ષ વેદન છે એ વાત લેવી છે. પછી તો ત્યાં ૨૦ બોલ લીધા એમાં ઉપયોગ નાખ્યો છે. ઉપયોગ, ભગવાન આત્માનો જે ઉપયોગ, જાણવું-દેખવું ઉપયોગ તેને પરદ્રવ્યના જ્ઞેયના આલંબનરહિત ઉપયોગ છે. પરજ્ઞેય છે તો જણાય છે એમ નથી, એ તો પોતાથી ઉપયોગ જણાય છે. ઉપયોગ હોં! આ દ્રવ્યની વાત અહીંયાં છે. તો એકલા અનુમાનગોચરમાત્ર કહ્યું. કહો, જિનેશ્વરદાસજી! ભારે!

ઉપયોગ પરદ્રવ્યના આલંબરહિત છે એવો ઉપયોગ. જાણવા-દેખવાનો વ્યાપાર પરદ્રવ્યના આલંબનરહિત એ ઉપયોગ છે. એ ઉપયોગ બહારથી નથી લવાતો અને ઉપયોગનું હરણ નથી થતું. એ નવમો બોલ છે. ઉપયોગનું ... ઉપયોગ આત્મા છે. ઉપયોગ જ્ઞાન, દર્શનનું લક્ષ આત્મા છે દ્રવ્ય એમાં હરણ ક્યાં થાય છે? ઉપયોગનું હરણ થાય તો દૃષ્ટિમાંથી દ્રવ્યનો અભાવ થઈ જાય. સમજાણું કાંઈ? ઉપયોગનું હરણ નથી થતું એવો પાઠ છે. પછી દસમા બોલમાં સૂરજમાં મલિનતા નથી. ઉપયોગમાં મલિનતાનો અભાવ છે, શુદ્ધ ઉપયોગ સ્વભાવી છે. ત્યાં તો શુભોપયોગ કાઢી નાખ્યો. હવે આ અત્યારે તકરાર કરે છે કે ઉપયોગ શુભભાવથી થાય છે ને આમ છે. સાંભળ તો ખરો. એનો સ્વભાવ ઉપયોગ જે છે, સૂરજમાં મલિનતા નથી, એમ ઉપયોગમાં મલિનતા નથી. એટલે કે એ શુદ્ધ ઉપયોગ સ્વભાવી આત્મા છે. સમજાણું કાંઈ? એ દસમો બોલ થયો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પછી. એ તો ખબર છે. હજી તો આ નવમાં બોલમાં .. બધી વાત તો ૨૦ બોલ છે. ૨૦ બોલનું પર્યટન સવાર-સાંજ કાયમ ચાલે છે. ૨૦ બોલ, ૪૭ શક્તિ અને ૪૭ નય અને ૧૬ ગાથા. આ ૧૬ પહેલી ગાથા ભાઈ! સમયસારની પહેલી ૧૬ ગાથા, ૪૭ નય, ૪૭ શક્તિ અને ૨૦ અલિંગગ્રહણ. એનું પર્યટન તો સવાર-સાંજ કાયમ ચાલે છે. સમજાણું કાંઈ?

પછી દસમા બોલમાં એમ આવ્યું કે ઉપયોગમાં કર્મના ગ્રહણનો અભાવ છે. એ અગિયારમો બોલમાં આવ્યો. કર્મ ગ્રહણ કરે એ ઉપયોગ જ નથી, એ આત્માનો ઉપયોગ જ નથી. આહા..હા..! કર્મગ્રહણનો અભાવ એવો ઉપયોગ છે. જ્ઞાન અને દર્શન. કર્મગ્રહણનો સ્વભાવ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અગિયાર બોલ થયા. કર્મગ્રહણનો એમાં અભાવ છે. પછી હવે આત્મા ઉપર.

આત્મા ઇન્દ્રિયના વિષયને ભોગવતો નથી. એ બારમો બોલ છે. ઇન્દ્રિયનો વિષય ભોગવે એ આત્મા નહિ. ભોગવવામાં રાગ છે તો રાગ એ આત્મા નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આત્મા ઇન્દ્રિયના વિષયનો ભોક્તા નથી. આહા..હા..! પોતાના અનુભવનો ભોક્તા તે આત્મા. ઇન્દ્રિયના રાગને ભોગવે એ તો અણાત્મા થઈ ગયો એમ કહે છે. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! સમજાણું કાંઈ? જિનેશ્વરદાસજી! બહેને પ્રશ્ન કર્યો હતો તમારે ત્યાં? કે અલિંગગ્રહણનું થોડું જાણવું છે. મનોકાંતાબહેન. પહેલે દિ' નહિ? ખબર છેને. થોડું-થોડું આવ્યું. આહા..હા..! આ તો અનુમાનગોચર આત્મા નથી એમાં બધા અલિંગગ્રહણના બોલ આવી ગયા. ઉપયોગ પણ પોતાનો સ્વભાવ છે તો એ ઉપયોગમાં કર્મગ્રહણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

અને ઇન્દ્રિય અને મનથી જેનું જીવન નથી. એ તેરમો બોલ છે. આ કહે છેને કે જીવો અને જીવવા દ્યો. નવનીતભાઈ! મહાવીરનો સંદેશ—જીવો અને જીવવા દ્યો. એ શું? ઇન્દ્રિય અને મનથી જીવે છે તે આત્મા નહિ. સમજાણું કાંઈ? એ તેરમો બોલ છે. ઇન્દ્રિય અને મનથી જેનું જીવન નથી. આહા..હા..! જેનું જ્ઞાન અને આનંદથી જીવન છે. એ એનું જીવન છે. જીવતરશક્તિ આવીને પહેલી? જીવતરશક્તિ. જ્ઞાન, દર્શન, આનંદ અને સત્તા એવા પોતાના ભાવપ્રાણથી જીવે છે તે જીવ છે. એ ૪૭ શક્તિમાં લીધું છે. આહા..હા..! સમજાણું કંઈ?

જીવ એને કહીએ કે જે દશ પ્રાણથી જીવતો હતો અને વર્તમાનમાં જીવે અને ભવિષ્યમાં જીવશે એ તો વ્યવહારની વાત થઈ. એ વ્યાખ્યા છેને? એ નહિ. પરમાર્થ જીવ જે છે એ તો આત્મા કહો કે જીવ કહો, એ બળ અને પાંચ ઇન્દ્રિય, ત્રણ બળ, શ્વાસ વગેરેમાં આવી ગયું, તેનાથી જેનું જીવન નથી. પોતાના ભાવપ્રાણથી જેનું જીવન પર્યાયમાં છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે બાપુ ભાઈ આવું. જ્ઞાન, દર્શન, આનંદ આદિ જે પોતાની સત્તા જે ભાવપ્રાણ એનાથી જેનું જીવન છે, મન અને ઇન્દ્રિયથી જેનું જીવન નથી. ભગવાનનો આદેશ આ છે. કહો, સમજાણું કંઈ? એય..! નંદકિશોરજી! તમારે રથ નીકળે ત્યારે બોલેને? રથયાત્રા નીકળે ત્યારે.

મુમુક્ષુ :- જીઓ ઓર જીનેદો.

ઉત્તર :- હા એ. જીને દો... જીને દો... જીને દો. પણ જીને દોનો શું અર્થ છે? આત્મા

મન અને ઇન્દ્રિયથી જીવે એ જીવન જ નહિ. આહા..હા..! અલિંગગ્રહણ. મનથી અને ઇન્દ્રિયથી જીવે એ લિંગ એનાથી જીવતો નથી, પોતાના આનંદ અને જ્ઞાનપ્રાણથી જીવે છે. પર્યાયમાં હોં આવ્યું. આનંદ અને જ્ઞાન શાંતિના પ્રાણથી જીવે તે જીવ.

મુમુક્ષુ :- ચૈતન્યપ્રાણથી.

ઉત્તર :- ચૈતન્યપ્રાણથી, ભાવપ્રાણથી. આહા..હા..! સમજાણું કાંઈ? તેર બોલ થયા.

મેહનાકાર નથી. મેહનાકાર નથી. ઇન્દ્રિયના આકાર છેને? એ આકાર આત્માને નથી. ઇન્દ્રિયથી, વિષયથી કામ લે તે આત્મા નહિ. જેમાં મેહનાકાર લૌકિક સાધન નથી. આહા..હા..! ઇન્દ્રિયથી જે કામ લે છે વિષયના એ હું લઉં છું એ આત્મા નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અલિંગગ્રહણ. મેહનાકાર નથી એવો પાઠ છે. ચૌદમો બોલ. પંદરમાં અમેહનાકાર. પાખંડને પ્રસિદ્ધ આકાર એવા લોકવ્યાપક એવો નથી. પાંખડીઓમાં પ્રસિદ્ધ આકાર. લોકવ્યાપક કહે છેને કે એક સર્વવ્યાપક આત્મા. એ પાખંડીઓની વાત છે એમ કહે છે. કેટલાક કહે છે કે આ વાત જાણે વેદાંત સાથે જતી હોય. અરે..! ક્યાંય નથી જતી સાંભળ તો ખરો. સમજાણું કાંઈ? પાખંડીઓથી પ્રસિદ્ધ આકાર એવો લોકવ્યાપક આત્મા નથી તેને અલિંગગ્રહણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! પંદર થયા. પછી?

મુમુક્ષુ :- બાહ્યનો વેશ...

ઉત્તર :- એ પછી. એ ૧૭મામાં આવે છે. અમહેનાકાર નથી. પાખંડીઓને પ્રસિદ્ધ એવો નથી.

મુમુક્ષુ :- સ્ત્રી, પુરુષ, નપુસંક લિંગ...

ઉત્તર :- હા એ આવ્યું. એ ત્રણ વેદસહિત નથી. એ સોળમો આવ્યો. ભગવાન ભાવલિંગ અને દ્રવ્યલિંગ વેદથી રહિત છે. સમજાણું કાંઈ? ત્રણ વેદસહિત એ આત્મા નહિ એમ કહે છે. ત્રણ વેદરહિત તે આત્મા છે. આહા..હા..! એને આત્મા કહે છે. સમજાણું કાંઈ? અને સત્તરમાં એમ આવ્યું કે યતિની બાહ્યક્રિયાનો જેમાં અભાવ છે. અઠ્યાવીશ મૂળગુણ વિકલ્પ આદિ નગ્નપણાનો જેમાં અભાવ છે તેને આત્મા કહે છે.

મુમુક્ષુ :- ત્રણ ખરા બોલ તો રહી ગયા.

ઉત્તર :- રહી ગયા પણ હવે... પહેલા આવી ગયા, ત્રણ બોલ આવી ગયા.

અહીં તો એટલું સિદ્ધ કરવું હતું કે સ્વસંવેદન બળથી પોતે સદા પ્રત્યક્ષ છે. બસ. માટે અનુમાનગોચરનો તેમાં અભાવ છે. પ્રત્યક્ષ સ્વસંવેદન થાય એ એનો ભાવ છે. તેને આત્મા કહે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ સુદ-૧૨, સોમવાર, તા. ૨૧-૦૮-૧૯૭૨
## ગાથા-૪૯, પ્રવચન-૧૩૯

**નોંધ :- પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

સમયસાર, જીવ-અજીવ અધિકારની ૪૯મી ગાથા ચાલે છે. એ અવ્યક્તના છ બોલ પૂરા થયા એમાં પાંચમા બોલમાં થોડો ફેર હતો. અહીંયાં ફેર છે. ફરીને પાંચમો બોલ લઈએ છીએ.

'**વ્યક્તપણું તથા અવ્યક્તપણું ભેળાં મિશ્રિતરૂપે તેને પ્રતિભાસવા છતાં પણ તે વ્યક્તપણાને સ્પર્શતો નથી...**' એમ છે. હિન્દીમાં છે? 'છતાં પણ...' એ 'બે' શબ્દ નથી. એનો અર્થ શું છે? કે ભગવાન આત્મા પોતાની પર્યાય વ્યક્ત અને અવ્યક્ત દ્રવ્ય, બેનું એક સાથે ભેળું જ્ઞાન હોવા છતાં પણ એ વ્યક્તપણાને સ્પર્શતો નથી. એ પર્યાયને, વ્યક્ત જે પર્યાય છે તેને દ્રવ્ય સ્પર્શતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા પોતાનો દ્રવ્ય સ્વભાવ, વસ્તુ સ્વભાવ ત્રિકાળી અને તેની વર્તમાન પ્રગટ પર્યાય. પર્યાયો વ્યક્ત, વસ્તુ જે ત્રિકાળ છે તે અવ્યક્ત. બેનું જ્ઞાન થવા છતાં પણ વ્યક્તને સ્પર્શતો નથી. વસ્તુ જે છે એ વ્યક્ત નામ પર્યાયને સ્પર્શતું નથી તેથી દ્રવ્યને અવ્યક્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આમાં ભૂલ છે. કેવળ બેયમાં જોઈએ. પાઠમાં તો એમ છે. '**व्यक्ताव्यक्तविमिश्र**' છે હોં. બરાબર છે? છેને? '**विमिश्रप्रतिभासेऽपि व्यक्तास्पर्शत्वात्**' વિશેષણ. ...

અહીંયાં તો કહે છે કે પ્રભુ આત્મામાં એક સમયમાં બે અંશ છે—એક પર્યાય અંશ, એક ત્રિકાળી ધ્રુવ અંશ. સમજાણું કાંઈ? સૂક્ષ્મ છે. ધ્રુવ અવ્યક્ત અને પર્યાય વ્યક્ત, બેનું જ્ઞાન પ્રતિભાસવા છતાં, બેનું જ્ઞાન મિશ્રિત, બેનું મિશ્રિત (જ્ઞાન) એક સાથે છે, એવું જ્ઞાન હોવા છતાં પણ વ્યક્તને સ્પર્શતો નથી. પર્યાયને દ્રવ્ય સ્પર્શતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે ઝીણી, ભાઈ! ભગવાન આત્મા એક સમયમાં પ્રમાણનો વિષય બે—ત્રિકાળી દ્રવ્ય જ્ઞાયકભાવ, સ્વભાવભાવ, ધ્રુવભાવ, સદશ્યભાવ, સામાન્યભાવ અને એની વર્તમાન પર્યાય પ્રગટભાવ, પર્યાયભાવ, અવસ્થાભાવ, અનિત્યભાવ. સમજાણું કાંઈ? એવું બેનું જ્ઞાન એક સાથે, મિશ્રિત જ્ઞાન બેનું હોવા છતાં પણ ભગવાન આત્મા જે દ્રવ્ય છે તે વ્યક્તને સ્પર્શતું જ નથી. આહા..હા..! પર્યાયને અડતું-સ્પર્શતું નથી એમ કહે છે. ભારે વાતું ભાઈ આવી!

કહો, એક દ્રવ્ય બીજાને સ્પર્શતું નથી એ તો આવી ગયું ત્રીજી ગાથામાં. ત્રીજી. પ્રત્યેક

પદાર્થ પોતાના અનંત ધર્મને ચુંબે છે, આલિંગન કરે છે. આમ હોવા છતાં પરદ્રવ્યને તો કદી આલિંગન નામ ચુંબતા નથી. આહા..હા..! એ ત્રીજી ગાથામાં આવી ગયું છે. સમજાણું કાંઈ?

एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे।
बंधकहा एयत्ते तेण विसंवादिणी होदि।।३।।

એ ત્રીજી ગાથા છે. ભગવાન આત્મા 'एयत्त' એમાં એક અર્થ પણ કર્યો ... કે આત્મા એક છે તો મનુષ્ય તરીકે એક ગણો તો તેને બે પગ છે અને તેને સ્ત્રી થાય તો ચાર પગ થયા. ઢોર થયો, પશુ થયો. સમજાણું કાંઈ? અને જો પુત્ર થાય તો છ પગ થયા. ભમરો થયો ભમરો. મકડી તો કરિયોળિયો થાય, આ તો ભમરો—ભૌંરા. છ પગ. ભમરાની પેઠે ભૂંક્યા કરે. આહા..હા..! અને તેના દીકરાના લગ્ન કરે તો આઠ પગ થયા. કરોળિયો થયો. અને પછી કરોળિયો પોતામાંથી લાળ કાઢીને તેમાં ઘૂંચાઈ જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એમ ભગવાન આત્મા પરથી તો નિરાળો છે, પરને તો સ્પર્શતો નથી. આહા..હા..! અને પરને સ્પર્શે નામ પર મારો છે એવી માન્યતામાં તો મિથ્યાત્વ થાય છે. સમજાણું કાંઈ? અહીંયાં તો ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ નિત્યાનંદ સ્વભાવ જેનું ધ્રુવ ચૈતન્યદળ એમાં કારણપર્યાય પણ સાથે આવી ગઈ. પ્રશ્ન કર્યોને એ? શોભાલાલજી નથી આવ્યા? વૃદ્ધ છેને અહીંયાં બેસે છે એમણે પ્રશ્ન કર્યો હતો કે આ કારણપર્યાય શું છે? ઝીણી વાત છે. ધ્રુવ સામાન્ય જે ધ્રુવ છે એની સાથે પર્યાય ક્રમબદ્ધ ઉત્પાદ વિનાની ધ્રુવ આમ વિશેષ... વિશેષ... વિશેષ... છે બધી સામાન્ય હોં! એ બે મળીને આખો ધ્રુવ છે. એ ધ્રુવ જે વસ્તુ છે તેને અહીંયાં અવ્યક્ત કહી અને પર્યાય જે છે વર્તમાન પ્રગટરૂપ ઉત્પાદ-વ્યયની હોં! કારણપર્યાય નહિ, તેને વ્યક્ત કહીને બેનું એક સમયમાં મિશ્રિત જ્ઞાન હોવા છતાં પણ દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી. બે મિશ્રિત નથી થઈ જતા. જ્ઞાન એક સાથે થાય છે, પણ પર્યાય અને દ્રવ્ય એક નથી થતાં. સમજાણું કાંઈ? એવી વાત છે.

એ દ્રવ્ય ત્રિકાળી ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ પ્રભુ એનું જ્ઞાન થાય અને વ્યક્ત પર્યાયનું જ્ઞાન, મિશ્રિત જ્ઞાન બેનું થાય અને બેનું થવાથી વ્યક્તને દ્રવ્ય સ્પર્શતું નથી. ત્રિકાળી વસ્તુનો ધ્રુવ અંશ છે એ એક સમયની પર્યાયમાં આવતો નથી, સ્પર્શતો નથી, ચુંબતો નથી. એ વ્યક્તને સ્પર્શતો નથી તેથી ત્રિકાળી ચીજને અવ્યક્ત કહેવામાં આવે છે. નવનીતભાઈ! આવી તો ક્યાંય વાતેય નથી. આહા..હા..!

જુઓ તો ખરા અંદર બે અંશને સિદ્ધ કર્યા, છતાં એક અંશ બીજાને સ્પર્શતો નથી. નહિતર બે અંશ રહેતા નથી. સમજાણું કાંઈ? પરની સાથે તો કોઈ સંબંધ જ નથી. રાગની

સાથે પણ સંબંધ નથી પણ પોતાની એક સમયની પ્રગટ પર્યાય જે ઉત્પાદ-વ્યયની છે એ ઉત્પાદ થાય છે તો તો પૂર્વનો વ્યય થઈને થાય છે. એ એક જ પર્યાય ઉત્પાદની વર્તમાન છે. એ કારણપર્યાય નહિ ઉત્પાદની નવી, પણ એ વખતે પૂર્વની પર્યાયનો વ્યય છે. વર્તમાન એક સમયની પર્યાય વ્યક્ત છે. ત્રિકાળી ભગવાન અવ્યક્ત છે. બેનું એક સાથે જ્ઞાન થવા છતાં પણ પરનું જ્ઞાન, વીતરાગદેવ અને ગુરુ અને ... એ જ્ઞાનની વાત અહીંયાં લીધી જ નથી. કેમકે એક સમયની પર્યાયમાં છ દ્રવ્યનું જ્ઞાન જાણવાની શક્તિ છે. એવી એક સમયની પર્યાયને વ્યક્ત કહીને (ત્રિકાળી સ્વરૂપને અવ્યક્ત કહ્યું છે). ક્યાં ગયા જુગરાજજી? આ આવી વાત છે. સમજાણું કાંઈ?

બે અંશમાં એક અંશ બીજાને સ્પર્શે તો બે એક થઈ જાય છે. સમજાણું કાંઈ? પરથી ભિન્ન કરવા એમ કહે કે પર્યાય દ્રવ્ય વિના નથી, દ્રવ્ય પર્યાય વિના નથી. એમ પરથી ભિન્ન કરવા માટે કહે. સમજાણું કાંઈ? પંચાસ્તિકાય આદિમાં તો ઘણું આવે છે. પર્યાય વિના દ્રવ્ય નહિ, દ્રવ્ય વિના પર્યાય નહિ. એ તો બીજી વસ્તુથી ભિન્ન કરવા એમ કહ્યું. દેવીલાલજી! પણ એ બે અંશમાં પણ દ્રવ્ય એ પર્યાય નથી અને પર્યાય તે દ્રવ્ય નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નથી. સમજાણું કાંઈ?

તો કહે છે કે એ '**વ્યક્તપણું તથા અવ્યક્તપણું ભેળાં મિશ્રિતરૂપે...**' ઠીક! ઓલું 'વિ' કર્યો, એકમેકનો અર્થ કર્યો. એકમેકનો અર્થ થઈ ગયો ભાઈ! એ 'વિ' શબ્દ પડ્યો છે. અહીંયાં એકમેકનો શબ્દ નવો નથી કાંઈ. '**व्यक्ताव्यक्तविमिश्रप्रतिभासेऽपि**' એમ છેને? એટલે કે...

મુમુક્ષુ :- ગુજરાતીમાં ભેળા શબ્દ છે.

ઉત્તર :- ભેળા એટલે એ તો એક જ શબ્દ. ભેળા એટલે એકમેક. '**વ્યક્તપણું તથા અવ્યક્તપણું ભેળાં...**' એટલે એકમેક મૂળ તો. આ તો શબ્દની સાથે અંદર (કોનું ભાષાંતર છે એની વાત છે). 'વિ' એમ શબ્દ પડ્યો છેને? '**विमिश्रप्रतिभासेऽपि**' ભગવાન આત્મા આહા..હા..! પૂર્ણાનંદ અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ ધ્રુવ તે અવ્યક્ત. કેમકે પર્યાયમાં આવતો નથી એ અપેક્ષાએ અવ્યક્ત અને એક સમયની પર્યાયને સ્પર્શતો નથી એ અપેક્ષાએ તેને અવ્યક્ત કહે છે. આહા..હા..! સાક્ષાત્ ભગવાનના મુખેથી નીકળેલી વાણી છે આ. શું છે? હિન્દી છે? 'કેવળ અને હિ' ઈ કાઢી નાખવું જોઈએ. કેવળ અને હિ કાઢી નાખવું જોઈએ. પહેલાના ગુજરાતીમાં છે. ગુજરાતી પછી છપાણી એમાં નથી. અહીં તો એક એક શબ્દનો શું અર્થ છે એ ચાલે છેને. ભાવ આ તો અંતરની વાત છેને. આહા..હા..!

'**વ્યક્તપણું તથા અવ્યક્તપણું ભેળાં મિશ્રિતરૂપે...**' એમાં છે જુઓ. એકમેક ભેળા

એટલે મિશ્રિતરૂપે પ્રતિભાસે છે. જ્ઞાનમાં તો બેનું જ્ઞાન છે. ધ્રુવ અને એક સમયની પર્યાય. પરની વાત નથી. એક સમયની પર્યાયમાં છ દ્રવ્યનું જ્ઞાન આવી ગયું. સમજાણું કાંઈ? તો એક સમયની પર્યાય પ્રગટ બાહ્ય ઉત્પાદ છે તેને વ્યક્ત કહે છે અને ત્રિકાળી ચીજને અવ્યક્ત કહે છે. બેનું એક સમયમાં જ્ઞાન થવા છતાં પણ એક ચીજ અવ્યક્ત છે તે વ્યક્તને સ્પર્શતી નથી. આ કારણે પણ દ્રવ્યને અવ્યક્ત કહેવામાં આવ્યું છે. પંડિતજી! આવું સાંભળ્યું છે ત્યાં પ્રતિષ્ઠાચાર્યમાં? નહિ. બીજી વાત છે. આ તો સર્વજ્ઞના ઘરની વાત છે એટલે કે તારા ઘરની વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..!

પોતાના ઘરની પર્યાયને પણ દ્રવ્ય સ્પર્શતું નથી. આ તો બીજાને સ્પર્શે અને આમ કરવું, બીજાનું કરવું, આમ કરવું ને તેમ કરવું. અમે કરી શકીએ છીએ, વાણી કરી શકીએ છીએ, મંદિર બનાવી શકીએ છીએ, લાડુ ખાઈ શકીએ છીએ, આમ હલાવી શકીએ છીએ, દાંતને ભીંસીને રોટલીના ટૂકડા કરી શકીએ છીએ એ બધો મિથ્યાભાવ છે. સમજાણું કાંઈ? એવી ચીજ છે.

મુમુક્ષુ :- કોણ..

ઉત્તર :- એ તો જડની પર્યાય થાય છે એમાં. આત્માથી થતી નથી. રોટલીનો ટૂકડો થાય છે એ દાંતથી પણ નથી થતો. દાંતના રજકણની પર્યાય, રોટલીની પર્યાયને સ્પર્શતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! વસ્તુ પણ એવી લોજિક, ન્યાય, યુક્તિ, અનુભવથી એ જ સિદ્ધ થાય છે. એ તો ત્રીજી ગાથામાં આવી ગયું. જુઓ જુઓ ત્રીજી ગાથા. ત્રીજી છેને ત્રીજી? સમયસાર ગાથા ત્રણ. આહા..હા..! એ તો કહેવાઈ ગઈ. આ તો ૪૯ છે. ત્રીજી ગાથા છેને ત્રીજી? એમાં વચ્ચે છે જુઓ.

'**તે સર્વ પદાર્થો પોતાના દ્રવ્યમાં...**' કેટલામી લીટી છે? ત્રણ, ચાર, પાંચ, છ. છઠ્ઠી લીટી છે. '**તે સર્વ પદાર્થો પોતાનાં દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલ પોતાના અનંત ધર્મોના ચક્રને (સમૂહને) ચુંબે છે...**' આલિંગન કરે છે. સમજાણું કાંઈ? પાઠમાં એમ છે. '**सर्व एव स्वकीयद्रव्यान्तर्मग्नानन्तस्वधर्मचक्रचुम्बिनोऽपि परस्परचुम्बन्तोऽत्यन्तप्रत्यासत्तावपि**' એ પછી વાત. આહા..હા..! ભગવાન આત્મા અને પરમાણુ પ્રત્યેક અનંત. પ્રત્યેક પરમાણુ ભિન્ન-ભિન્ન અને પ્રત્યેક આત્મા ભિન્ન-ભિન્ન. એક શરીરમાં અનંત નિગોદના જીવ રહે છે અને એક એક નિગોદની સાથે (બે-બે શરીર છે) તેજસ અને કાર્મણ અને ઔદારિક. છતાં કોઈ દ્રવ્ય પોતાના અનંત ધર્મ જે અનંત જ્ઞાન, દર્શન, આનંદ આદિ છે, પરમાણુમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ છે, એવા અનંત ધર્મને એક એક પદાર્થમાં સામાન્ય અનંત અને વિશેષ અનંત એવા ધર્મ છે. સમજાણું કાંઈ? એક એક પદાર્થમાં. એક પરમાણુમાં, એક આકાશમાં, એક આત્મામાં અનંત સામાન્યગુણ છે ત્રિકાળ રહેનારા અને આનંદ વિશેષગુણ છે કાયમ

રહેનારા. એ સામાન્ય અને વિશેષગુણ તેને દ્રવ્ય સ્પર્શે છે, તેની પર્યાયને પણ દ્રવ્ય સ્પર્શે છે. અહીં તો ત્યાં સુધી લેવું છે. (ત્રીજી ગાથામાં) સમજાણું?

મુમુક્ષુ :- એનાથી ભેદજ્ઞાન...

ઉત્તર :- હા, એનાથી ભેદજ્ઞાન કરાવ્યું છે. પ્રત્યેક પદાર્થ વસ્તુ, ગુણ અને પર્યાય એના સ્વધર્મમાં એ સ્પર્શે છે. તો પર્યાયને પણ સ્પર્શે છે. દ્રવ્ય પોતાની પર્યાયને પણ સ્પર્શે છે, દ્રવ્યને, ગુણને ત્રણેને સ્પર્શે છે. પરપદાર્થની પર્યાયને ગુણ, દ્રવ્યને કદી ચુંબતું નથી, આલિંગન કરતું નથી, સ્પર્શતું નથી. આહા..હા..! ત્યાં તો એક દ્રવ્ય પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને સ્પર્શે છે, પણ પરને નહિ એટલું કહેવું છે. આ ત્રીજી ગાથા. સમજાણું કાંઈ? અહીંયાં તો કહે છે કે પોતાના દ્રવ્યની પોતાની પર્યાય. આહા..હા..! એ પણ એક દ્રવ્ય વ્યક્તને સ્પર્શતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એમ ન હોય તો બે ધર્મ વિશેષ અને સામાન્ય સિદ્ધ નથી થતા. સામાન્ય સામાન્યપણે છે, વિશેષ વિશેષપણે છે. અહીંયા વિશેષને વ્યક્ત કહ્યું અને સામાન્યને અવ્યક્ત કહ્યું. આહા..હા..! આવી વસ્તુ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'વ્યક્તપણું તથા અવ્યક્તપણું ભેળાં મિશ્રિતરૂપે તેને પ્રતિભાસવા છતાં પણ તે વ્યક્તપણાને સ્પર્શતો નથી...'** બસ, એવો પાઠ છે એ. એ વ્યક્તપણાને સ્પર્શતો નથી એમ પાઠ જોઈએ. અર્થ એમ જોઈએ. એ જયચંદ્ર પંડિતે જરી... થઈ ગયું. એ તો ભૂલ થઈ જાય થોડી. છદ્મસ્થ છેને. એ .. આ શું? વ્યક્તને સ્પર્શતું નથી પોતાની પર્યાયને એ ન બેઠું હોય તો... સમજાણું કાંઈ? જૂના હિન્દીમાં જોયુંને રાત્રે? શું કહેવાય એને? સમયપ્રાભૃત. પહેલા છપાણું હતું ત્યાં. કારંજા. કેવા એ? વીરસેન. વીરસેન ભટ્ટારક હતાને. એમને જૈનની શ્રદ્ધા નહોતી, પણ બહારમાં ભટ્ટારક તરીકે પ્રસિદ્ધ હતા. એમને વેદાંતની શ્રદ્ધા હતી. લોકોને ખબર નથી. સમજાણું કાંઈ? પણ એણે પહેલું સમયસાર છપાવ્યું. નહિ તો એ વખતે તો તકરાર થતી હતીને કે આવું પવિત્ર પુસ્તક છપાવવા ન લઈ જવું. છાપવામાં તો બહુ અવિનય થઈ જાય. પણ એને એની શ્રદ્ધા નહોતી.

મુમુક્ષુ :- મુનિઓ સિવાય કોઈને વાંચવાનો અધિકાર નથી.

ઉત્તર :- વાંચવું બીજી વાત છે, છાપવાનો અધિકાર નથી એમ વાત છે. વાંચવાની બીજી વાત છે, ભાઈ! એ તો પહેલા તકરાર એવી હતી કે આવું પવિત્ર પુસ્તક છાપખાનામાં છપાવવું નહિ. કેમકે છાપખાનામાં તો અનેક પ્રકારની દુવિધા, સુવિધા ન હોય. સમજાણું કાંઈ? .. વગેરે આપણે બહુ જોયું નથી. રોશનાઈ-શાહી હોયને. એવામાં કોણ કેવું હોય, કેવા માણસો હોય.. બહુ તકરાર ચાલી હતી કે આવો અધ્યાત્મ ગ્રંથ મહાપવિત્ર છપાવવો નહિ. પછી એ વાત છૂટી ગઈ. પહેલા વીરસેનસ્વામીએ આ વાત બહાર પાડી. સમયપ્રાભૃત જાડું પુસ્તક છે. આપણી પાસે છે. રાત્રે બતાવ્યું હતું. એમાં જરી જયચંદ્ર પંડિતે એવો અર્થ

કર્યો છે. મેળ ન ખાધો જરી તો એમ થઈ ગયું. ... એ પાંચમાનો (અર્થ થયો). છઠ્ઠાનો તો અર્થ કાલે થઈ ગયો હતો.

**'પોતે પોતાથી જ બાહ્ય-અભ્યંતર સ્પષ્ટ અનુભવાઈ રહ્યો હોવા છતાં પણ...'** આહા..હા..! વેદનમાં તો બાહ્ય અને પર બેની... ત્યાં પહેલા રમ્ય સ્વભાવ કહ્યો હતો. ભાઈ! ઓલો અભ્યંતરનો અનુભવ નથીને. અભ્યંતરનું જ્ઞાન છે દ્રવ્યનું. જ્ઞાનનો અનુભવ નથી. એથી તે દિ' રમ્ય સ્વભાવ. એ .. છેને 'સમરતા રમતા ઊર્ધ્વતા, જ્ઞાયકતા સુખભાસ. ચેતનતા વેદકતા એ સબ જીવ વિલાસ.' એમાં રમતા છેને એવો અર્થ કર્યો. મગજમાં આ બેસે નહિ કે દ્રવ્યનો અનુભવ કઈ રીતે? પણ એક અપેક્ષાએ કહેવામાં આવે છે. જ્ઞાનની અપેક્ષાએ અથવા વેદનમાં એમ કહેવાય કે પર્યાયનો અનુભવ છે એ... રાગનો અનુભવ છે એ પર્યાયનો અને દ્રવ્યનો અનુભવ છે એ આત્માનો એમ કહેવામાં આવે છે. અનુભવ તો પર્યાયનો છે. સમજાણું કાંઈ? ધ્રુવનો અનુભવ થતો નથી. મોક્ષમાર્ગની પર્યાય છે એનો અનુભવ થાય છે, સિદ્ધની પર્યાય છે એનો અનુભવ થાય છે. દ્રવ્યનો શું અનુભવ? દ્રવ્ય તો ધ્રુવ છે. આહા..હા..! પણ ધ્રુવનો અનુભવ શું? ધ્રુવ તો પલટતું નથી, બદલતું નથી, કાર્ય થતું નથી, એ તો એકરૂપ છે. જેમાં કાર્ય થાય છે પર્યાયમાં એનો અનુભવ થાય છે. સિદ્ધને પણ પોતાની પર્યાયનો અનુભવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

પણ અહીંયાં એમ લેવામાં જરી આમ (કહેવું છે) કે ધ્રુવનો અનાદિનો અનુભવ નહોતો તો જ્ઞાયકનો અનુભવ કર્યો અને પર્યાયનો પણ અનુભવ કર્યો. એમ કરીને (એમ કહ્યું કે) **'સ્પષ્ટ અનુભવાઈ રહ્યો હોવા છતાં પણ વ્યક્તપણા પ્રતિ ઉદાસીનપણે પ્રદ્યોતમાન (પ્રકાશમાન) છે...'** એક સમયની પર્યાયમાં રોકાતો નથી. એ તો સમયે સમયે દ્રવ્ય તરફ ઝુકાવ છે. એક સમયની પર્યાયમાં રહેતો નથી. ઉદાસીનપણે પ્રકાશમાન છે **'માટે અવ્યકત છે.'** આહા..હા..! ભારે ભાઈ આત્માની વ્યાખ્યા! સમજાણું કાંઈ? **'આમ છ હેતુથી અવ્યક્તપણું સિદ્ધ કર્યું.'**

**'આ પ્રમાણે રસ,...'** છ બોલ આવી ગયા. **'રૂપ, ગંધ, સ્પર્શ, શબ્દ, સંસ્થાન અને વ્યકતપણાનો અભાવ હોવા છતાં પણ...'** એવો અભાવ હોવા છતાં પણ. આહા..હા..! ભારે ભાષા ભાઈ! **'સ્વસંવેદનના બળથી...'** પોતાના આત્માનું સમ્યગ્જ્ઞાન અને આનંદના પ્રત્યક્ષ બળથી. આહા..હા..! **'સ્વસંવેદનના બળથી...'** પરની ભક્તિ કે પરની આજ્ઞા કે પરની કૃપાના બળથી એમ નહિ. એમ દયા, દાન અને રાગની મંદતાના બળથી પણ નહિ. આહા..હા..! ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા... આ સ્વસંવેદન છે પર્યાય, સ્વસંવેદન છે પર્યાય. સ્વ-પોતાના પ્રત્યક્ષ વેદનના બળથી સ્વયં સદા. ઓહો..! પોતાના સ્વભાવને કારણે સ્વયં સદા પરની અપેક્ષા રાખ્યા વિના. આહા..હા..! જેને ગુરુની વાણીની અપેક્ષા નથી,

જિનવાણીની અપેક્ષા નથી, જેને વિકલ્પ નામ રાગની મંદતાની અપેક્ષા નથી, રાગ અને મનની જેમાં અપેક્ષા નથી. એ સીધા સ્વસંવેદનના બળથી '**પોતે પોતાથી...**' સદા કાયમ '**પ્રત્યક્ષ હોવાથી...**' એ તો સ્વસંવેદનથી પ્રત્યક્ષ છે. આહા..હા..! મતિ અને શ્રુતજ્ઞાન સ્વસંવેદનથી પ્રત્યક્ષ આત્મા છે. સમકિતીને પણ... એની વાત ચાલે છેને? આહા..હા..! સમજાણું કાંઈ? તત્ત્વાર્થસૂત્રમાં મતિ અને શ્રુતજ્ઞાનને પરોક્ષ કહ્યું છે. સમજાણું કાંઈ? પણ અહીંયાં આ વાત પેટામાં લઈ લેવી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અનુમાન જ્ઞાન...

ઉત્તર :- પ્રત્યક્ષ છે. એમાં પરોક્ષ કહ્યું છે. અહીં તો મતિ-શ્રુતજ્ઞાનનું પ્રત્યક્ષ સ્વસંવેદન છે એમ આવ્યું છે. પંચાધ્યાયીમાં ખુલાસો કર્યો છે કે આપ કહો છો... પંચાધ્યાયીમાં, પંચાધ્યાયી ગ્રંથનો બહુ વિરોધ કરે છે આ રતનચંદજી. કેમકે એની દૃષ્ટિ વિપરીત છે તો પંચાધ્યાયીનો ભાવ એને બેસતો નથી એટલે એમ કહે છે કે પંચાધ્યાયી અપ્રમાણ છે. ભાઈ! એ વાંચ્યું હતું? ભાઈએ મખનલાલજીએ ઠીક લખ્યું છે. ભાઈને આપ્યું હતું. ... પંચાધ્યાયીને પ્રમાણિક સિદ્ધ કરવા માટે ઠીક લખ્યું છે. બીજી વાતો હતી, બીજી વિપરીત ઘણી છે. આહા..હા..! પંચાધ્યાયીમાં એક જ નય શુદ્ધનયને યથાર્થ ગણી છે, બે નય નથી. સમજાણું કાંઈ? એમાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાનને પરોક્ષ નહિ કહીને પ્રત્યક્ષ લીધું છે. ઈ પરોક્ષ તો પરની અપેક્ષાએ છે. સ્વના અનુભવમાં મતિ અને શ્રુત પ્રત્યક્ષ છે. આહા..હા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

'**સ્વસંવેદનના બળથી પોતે સદા પ્રત્યક્ષ હોવાથી...**' હવે અલિંગગ્રહણનો (અનુમાનનો) નિષેધ કરવો છે થોડો. પાઠમાં અલિંગગ્રહણ છેને. એ કારણે '**સ્વસંવેદનના બળથી પોતે સદા પ્રત્યક્ષ હોવાથી અનુમાનગોચરમાત્રપણાના અભાવને લીધે (જીવને)...**' અનુમાનગોચર માત્રથી જણાય એમ છે નહિ. આહા..હા..! '**અનુમાનગોચરમાત્રપણાના અભાવને લીધે (જીવને) અલિંગગ્રહણ કહેવામાં આવે છે.**' કાલે ૧૭ અર્થ તો થયા હતા. અલિંગગ્રહણના ૧૭ અર્થ ચાલ્યા હતા. ૧૭ સમજ્યા? ૧ અને ૭. સત્રહ તમારી ભાષામાં. ત્રણ બોલ રહ્યા કાલે અલિંગગ્રહણમાં.

મુમુક્ષુ :- તો આજે ફરમાવો.

ઉત્તર :- ૧૮માં બોલમાં એમ લીધું છે અલિંગગ્રહણમાં કે અર્થાવબોધરૂપ ગુણ એવો વિશેષ. પાઠ એવો છે. અર્થાવબોધ જ્ઞાન પાઠ છે. અવબોધ છેને? તો અવબોધ નામ એકલો ગુણ ન લેવો, સર્વ ગુણ. અર્થાવબોધરૂપ જે ગુણ એવા જે જ્ઞાનાદિ અનંત ગુણ. અર્થાવબોધરૂપ ગુણ, ગુણભેદ જેને આલિંગન કરતા નથી એવું એ દ્રવ્ય છે. સમજાણું કાંઈ? ફરીને. અર્થાવબોધરૂપ ગુણવિશેષ. એટલે સામાન્ય જે વસ્તુ છે એમાં ગુણ આ છે એવો ભેદ થઈ ગયો. આ સામાન્ય એકરૂપ ચીજ છે એમાં જે અનંત ગુણ છે એ ભેદ થઈ ગયો. ગુણી અને ગુણ.

તો એવા ગુણનો વિશેષરૂપ ભેદ તેને સ્પર્શતો નથી.

મુમુક્ષુ :- ગુણભેદને સ્પર્શતો નથી.

ઉત્તર :- ભેદને સ્પર્શતો નથી. આહા..હા..! પહેલા પર્યાયને સ્પર્શતો નથી આવ્યુંને? એ પછી આવશે. સમજાણું કાંઈ? ભેદને સ્પર્શતો નથી એ ૧૮મા બોલમાં આવ્યું. આહા..હા..! આવી તે પણ વસ્તુ. નંદકિશોરજી! આહા..હા..! ભગવાન આત્મા વસ્તુ તરીકે અનંતગુણનું એકરૂપ એમાં એના ગુણભેદ. પાઠમાં જ્ઞાન લીધું છે પણ લેવા સર્વ ગુણભેદ. આ ગુણી અને ગુણ એવા ભેદને અણાલિંગન કરે છે, આલિંગન નથી કરતું દ્રવ્ય. આહા..હા..! અર્થાવબોધરૂપ ગુણ એવો જે વિશેષ તેને આલિંગન કર્યા વિના દ્રવ્ય શુદ્ધ છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનનો વિષય એ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ગુણી ગુણના ભેદને દ્રવ્ય સ્પર્શતું નથી, આલિંગન કરતું નથી. ગુણી ગુણના ભેદને દ્રવ્ય ચુંબતું જ નથી, સ્પર્શતું જ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સ્પર્શે છે તો પર્યાયથી..

ઉત્તર :- નહિ એને પણ સ્પર્શતો નથી. એને સ્પર્શે છે એ પછી આવશે. એ વળી પછી આવશે. અહીં તો ગુણગુણીના ભેદને દ્રવ્ય સ્પર્શતું નથી. આહા..હા..!

મુમુક્ષુ :- તેથી અવ્યક્ત છે. ગુણ અવ્યક્ત છે અને ગુણી પણ અવ્યક્ત છે.

ઉત્તર :- ગુણગુણી ભેદ એ વ્યક્ત છે અને એકરૂપ છે એ અવ્યક્ત છે. એવી વાત છે. આપણે વ્યક્ત, અવ્યક્તમાં એમ નહિ નાખીને, પર્યાયને નાખીને છેલ્લે? પણ અહીં તો ત્રણે બોલ લેશે. એ પણ અમૃતચંદ્રાચાર્યની ટીકા છે, આ પણ અમૃતચંદ્રાચાર્યની જ ટીકા છે. સમજાય એટલું સમજો.

ભગવાન આત્મા પરને તો અડતો નથી, ચુંબતો નથી, આલિંગન કરતો નથી. આહા..હા..! નાના બાળકને ચુંબે છેને માણસ? નાનું બાળક હોય વર્ષ, બે વર્ષનું. એમ આત્મા પરને તો ચુંબતો નથી. એ હોઠ બાળકને અડતા જ નથી એમ કહે છે. આ હોઠથી ચુંબે છેને બાળકને, નહિ? બાળકને પ્રેમ કરે છેને? એવી રીતે આ હોઠ એની પર્યાય એના શરીરને સ્પર્શતી નથી. અને આત્માની પર્યાય શરીરની પર્યાયને સ્પર્શતી નથી. એ બીજી વાત છે. એ તો સાધારણ સિદ્ધાંત થયો. સમજાણું કાંઈ? એ તો ત્રીજી ગાથામાં કહ્યું. બાપુ! વીતરાગમાર્ગ એવો કોઈ સૂક્ષ્મ ગંભીર છે. સર્વજ્ઞના મુખથી નીકળેલી વાણી... આહા..હા..! અને જેને ઝીલનારા લોકના સ્વામી, અર્ધલોકના શક્રેન્દ્ર અને અર્ધલોકના ઈશાનઈન્દ્ર જેની સભામાં બેઠા હોય અને જેની સભામાં ચાર-ચાર જ્ઞાનના ધણી ગણધર મુનિના સ્વામી એ વાણી કેવી હોય, ભગવાન! આહા..હા..! એની વાણીમાં એમ આવ્યું કે ભગવાન! તું પરદ્રવ્યને તો સ્પર્શતો નથી, એના દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેને, પણ તું તારા ગુણગુણીના ભેદને પણ સ્પર્શતો નથી

એવી અભેદ વસ્તુ છો. સમજાણું કાંઈ? એ ૧૮મો બોલ છે.

અર્થાવબોધરૂપ ગુણવિશેષ એને અનઆલિંગત, આલિંગન નહિ કરતો એવો ભગવાન આત્મા અલિંગગ્રહણ છે. ભેદરૂપી લિંગથી આત્મા ગ્રહણ થતો નથી. કહો, સમજાણું કાંઈ? રાગથી, વ્યવહારથી તો ગ્રહણ થતો નથી પણ ભેદથી પણ ગુણી ગ્રહણ થતો નથી. એવો ભગવાન આત્મા અભેદ ચીજ જે છે એ અભેદ ચીજ ભેદને સ્પર્શતી નથી. આહા..હા..! સ્પર્શે તો ભેદ થઈ જાય. અભેદ રહે નહિ. આહા..હા..! તો અભેદ રહી શકે નહિ. કહો, દેવીલાલજી! થોડું ઝીણું છે પણ હવે સમજો તો... આવો મનુષ્યદેહ મળ્યો. આવું વીતરાગનું પેટ–હૃદય એને સમજે નહિ તો એણે શું કર્યું? બીજું શું કરવાનું છે? પરલક્ષી જ્ઞાનમાં તો આમ યથાર્થ હોવું જોઈએ. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન આત્મા... અલિંગગ્રહણ કહ્યુંને? અહીં તો એકલું નામ લઈ લીધું. '**અનુમાનગોચરમાત્રપણાના અભાવને લીધે (જીવને) અલિંગગ્રહણ કહેવામાં આવે છે.**' અને એમાં તો આ ૧૮મો બોલ લીધો. ભગવાન આત્મા અભેદ એકરૂપ ગુણના ભેદરૂપ અર્થાવબોધ, જ્ઞાનબોધ, ગુણભેદ તેને સ્પર્શતો નથી તેથી એને અલિંગગ્રહણ—ભેદરૂપી લિંગને ગ્રહણ કરતો નથી માટે અલિંગગ્રહણ કહેવામાં આવે છે. આહા..હા..!

મુમુક્ષુ :- વ્યવહાર દ્વારા પરમાર્થ સમજાવવામાં તો આવે છે.

ઉત્તર :- બિલકુલ કહેવામાં આવે છે, પણ એનાથી સમજાતું નથી. ભેદ દ્વારા સમજાવાય છે, પણ એનું અનુકરણ કરવું નહિ એમ આવ્યું કે નહિ? ૮મી ગાથા સમયસાર. સમયસાર તો અદ્વૈત ચક્ષુ, અજોડ ચક્ષુ ભરતક્ષેત્રનું! આહા..હા..! એ ૧૮મો બોલ થયો.

૧૯મો. અર્થાવબોધરૂપ પર્યાયવિશેષ તેને આલિંગન નહિ કરતો એવો આત્મા અલિંગગ્રહણ છે. પહેલા ૧૮મામાં ગુણભેદને અભેદ સ્પર્શતો નથી તેથી અલિંગગ્રહણ છે. આહા..હા..! અને ૧૯માં અર્થાવબોધરૂપ પર્યાયવિશેષ એ પણ જ્ઞાનની પર્યાય લખી છે પણ બધા ગુણની પર્યાય (લેવી), અર્થાવબોધરૂપ પર્યાયવિશેષને આલિંગન કર્યા વિના આત્મા અલિંગગ્રહણ છે. આહા..હા..! દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી એમ કહે છે. આવ્યુંને પાંચમા બોલમાં? અહીં પાંચમા બોલમાં આવ્યુંને?

મુમુક્ષુ :- જે ત્યાં છે એ અહીં પાંચમા બોલમાં...

ઉત્તર :- એમ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અહીંયાં સર્વ ગુણોની પર્યાય છે?

ઉત્તર :- સર્વ ગુણોની પર્યાયની વાત છે. સર્વ ગુણોની, કોઈ એક ગુણની નહિ. ત્યાં પણ સર્વ ગુણની પર્યાય છે, ત્યાં પણ સર્વ ગુણની પર્યાય છે, પણ પાઠમાં શબ્દ અર્થાવબોધ પડ્યો છે. પાઠમાં અર્થનો અવબોધ નામ ગુણનું જ્ઞાન. એવી વાત છે. પણ એ શબ્દથી સમજાવવું

છે જ્ઞાનપ્રધાનથી, બાકી તો સર્વ ગુણોની પર્યાયને દ્રવ્યસ્વરૂપ ભગવાન આત્મા સ્પર્શતો નથી તેથી ભગવાન આત્માને અલિંગગ્રહણ કહેવામાં આવે છે. આહા..હા..! કહો, દેવીલાલજી!

મુમુક્ષુ :- પર્યાય સમાઈ જાય છે?

ઉત્તર :- સમાઈ જાતી નથી એ પારિણામિકભાવ થઈ જાય છે. આહા..હા..! એવી વાત છે, ભગવાન! જરી ઝીણી વાત છે. ક્ષયોપશમભાવ અસ્તિ છે ત્યાં સુધીની વાત છે. વ્યય થઈ ગયો એનો પ્રશ્ન અહીંયાં ક્યાં છે? ભાઈ! અહીં તો ઉત્પાદ અસ્તિરૂપ છે એની વાત અહીંયાં છે. વ્યય થયો એનો પ્રશ્ન નથી. એ તો અંદરમાં ગયો, એ તો પારિણામિકભાવ દ્રવ્ય થઈ ગયું પાછું. આહા..હા..! કહો, સુકનચંદજી! એવી વાત છે. જૈનદર્શનની ચીજ જે આત્મા એવી ચીજ છે. આહા..હા..! દિગંબર સંતોએ તો આત્માને એવો પ્રસિદ્ધ કર્યો કે સાધારણ જેમ ચીજ છે એમ પ્રસિદ્ધ કરી દીધો છે અને એની પ્રસિદ્ધિ વિના આ બીજી ચીજ છે એ જાણે કોણ? માને કોણ? સર્વને જાણનાર તો એ છે કે આ છે... આ છે... આ છે... આ છે તો તું કોણ છો? સમજાણું કાંઈ? આહા..હા..! એ ૧૯મા બોલમાં એ આવ્યું.

૨૦મા બોલમાં... ત્યાં એક અમારે મગનભાઈ હતા. દફ્તરી ભાઈ! એમ કે અહીં સુધી તો મહારાજે દ્રવ્યને સિદ્ધ કર્યું, પણ આમાં પર્યાયો એટલે એને શું સિદ્ધ કરશે? એ કહેતા હતા તે દિ' ૨૦૦૫ની સાલ. નાનાલાલભાઈના મકાનમાં વ્યાખ્યાન ચાલતા હતાને. આના ચાલતા હતા વ્યાખ્યાન. એક ગાથા ૨૮ દિ' ચાલી હતી એક ગાથા. ૨૦૦૫ની સાલ. ૨૩ વર્ષ થયા. રાજકોટમાં એક ગાથાના ૨૩ વ્યાખ્યાન અને ૯૨મી ગાથા પ્રવચનસારની છે. એના ૮ વ્યાખ્યાન થયા. ૩૭ દિ'માં ૩૬ વ્યખ્યાન થયા હતા. બે ગાથા ચાલી હતી. ત્યારે તો ઘણું સ્પષ્ટીકરણ કરવું પડેને. હવે તો બહુ સ્પષ્ટ થઈ ગયું. તત્ત્વનો અર્થ ચાલે છે. પહેલા તો શરૂઆતમાં તો સાધારણ માણસને બેસે એ રીતે બહુ સ્પષ્ટ કરવું પડતું. રતિભાઈ! તે દિ' તો નહોતા રતિભાઈ ત્યાં. કહો, સમજાણું કાંઈ? નવરંગભાઈ હતા હોં! ત્યારે આવતા. આ ૨૦૦૫ની સાલથી શરૂ થયાને. ત્યાં ઓલા વીંછીયા મંદિર થઈ ગયુંને ત્યાંથી શરૂ થયું કે અહો..! બહારમાં એમ કે દિગંબર ધર્મ આવ્યો. પછી આવ્યા માંડ્યા. એ અને મોહનભાઈ બેય. તમારા બાપ. ત્યાં પણ આવ્યા હતા વીંછીયા, પછી લાઠી આવ્યા. લાઠીમાં. ૨૩ વર્ષ થયા. ૨૦૦૬ની સાલમાં તો નાનાલાલભાઈના મકાનમાં આ ગાથા વંચાણી હતી. એમાં એ આવ્યું. મગનલાલ દફતરીને કાંઈ ખબર ન મળે. પહેલા તો એવો પ્રશ્ન કરતા હતા. ત્યાં આવ્યા, અમે બેઠા હતા ત્યાં. સાંભળતા હતા. ઓહો..! મહારાજ! આ જૈનધર્મ અને વેદાંત ધર્મમાં કાંઈ ફેર નથી. એમ કહ્યું.

સાંભળો. સવારે સાંભળો. અધિકાર આવ્યો હતો અમેહનાકારનો. પંદરમો બોલ છે એ.

૨૦માં ૧૫મો બોલ છે. એ આવ્યો હતો. કીધું સાંભળો સવારે. વેદાંત અને જૈન એક છે કે કેમ છે? અમે તો એમ કહીએ છીએ કે અમેહનાકાર એવી જે આત્મવસ્તુ એ પાખંડીઓને પ્રસિદ્ધ આકારવાળો લોકવ્યાપક એવો આત્મા છે નહિ. નવનીતભાઈ! પાખંડીઓને પ્રસિદ્ધ એક આકારરૂપ લોકના આકારરૂપ વ્યાપક એકરૂપ એવો આત્મા છે નહિ. સમજાણું કાંઈ? તેને પંદરમાં બોલમાં અલિંગગ્રહણ કહેવામાં આવે છે. આહા..હા..! ભાઈ! આ તો ભગવાન ત્રણલોકના નાથ આહા..હા..! જેની સમૃદ્ધિ અનંતી પ્રગટ થઈ ગઈ. ઓહો..! એક એક આત્માની એક પર્યાયમાં શ્રુતજ્ઞાનની હોય તોપણ લોકાલોકને જાણવાની શક્તિવાળી પર્યાય, એવી અનંતી પર્યાયનો (ધરનાર) એક ગુણ અને એવા અનંત ગુણનો એ પિંડ. એવું જ્યાં સર્વજ્ઞપણું પ્રગટ્યું. આહા..હા..! સર્વજ્ઞ ત્રણકાળ ત્રણલોકને ન દેખે તો તો એક પોતાના દ્રવ્યની ત્રિકાળી પર્યાયને ન જોઈ. પોતાનું એક દ્રવ્ય છે વસ્તુ, ત્રિકાળી પર્યાય.. જેણે ત્રિકાળની પર્યાય, ત્રિકાળની પોતાની પર્યાયને ન દેખી તો પરને તો ક્યાંથી જોઈ શકે? આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા તો ત્રિકાળ પર્યાય, અનંતી પર્યાયનો પિંડ છે. આદિ અંત વિનાની પર્યાય એ ત્રિકાળ પર્યાયરૂપ દ્રવ્ય એની પર્યાયનું એકનું જ્ઞાન થાય તો ત્રિકાળનું જ્ઞાન થઈ જાય છે એમાં. સમજાણું કાંઈ? ન્યાય સમજાય છે? ઝીણું છે થોડું. એ પ્રવચનસારમાં આવ્યું છે ૪૮-૪૯ ગાથા. એ આવ્યું ત્યારે અહીં બંસીધરજી હતા. એમ કે સામાન્ય વિશેષરૂપ પરિણમે છે એ પોતાને કારણે. તો એ વખતે વાંધા ઉઠતા હતા. એમ હોય નહિ. એમ નથી તો આ શું આવ્યું? સામાન્યરૂપ દ્રવ્ય, પોતાની વિશેષરૂપ પર્યાય છે એ રૂપ પરિણમન કરે છે, પોતાથી. નિમિત્તથી અને પરને કારણે નહિ. સમજાણું કાંઈ? લોકો અંદર તત્ત્વ શું છે એ સમજ્યા નથીને. પછી જે પોતાની દૃષ્ટિથી માની રાખ્યું હોય એનાથી વિરુદ્ધ આવે. નહિ. એમ નથી એમ કહેતા હતા.

એક દ્રવ્ય જે ભગવાન આત્મા એના વિસ્તારરૂપ અનંત ગુણ અને એની ઊર્ધ્વરૂપ અનંત પર્યાય. ઓહો..હો..! એક દ્રવ્યની પર્યાય અનાદિ-અનંત. તો અનાદિ-અનંત ત્રિકાળ થઈ ગઈ એમાં. ત્રિકાળી પર્યાયને એક દ્રવ્ય જાણે છે. નહિતર તો એક દ્રવ્ય જાણ્યું જ નહિ એણે. આહા..હા..! દ્રવ્યને જાણ્યું તો દ્રવ્ય તો ત્રિકાળી પર્યાયરૂપ છે. ત્રિકાળ પર્યાય આદિ-અંત વિનાની પર્યાય છે. છેલ્લી પર્યાય છે એમ ન જાણ્યું એ ક્યાંથી આવ્યું એમાં? છેલ્લી પર્યાય છે ક્યાં? છેલ્લી કઈ અને શરૂઆત ક્યાં? એવો અનાદિ-અનંત ત્રિકાળી પર્યાયને જાણી તો ત્રણ કાળ આવી ગયા એમાં. સર્વજ્ઞ આવી ગયા. સમજાણું કાંઈ? પોતાની એક સમયની પર્યાય છ દ્રવ્યને જાણવાની તાકાતવાળી એવી-એવી અનાદિ-અનંત પર્યાય. આહા..હા..! એવી અનાદિ-અનંત પર્યાયરૂપ દ્રવ્ય. તો ત્રિકાળી પર્યાયને સર્વજ્ઞ ન જાણે તો તો પોતાનું દ્રવ્ય પણ ન જાણ્યું. સમજાણું કાંઈ? અને એને જાણવામાં પોતાને જાણ્યું તો એની સાથે છ

દ્રવ્યનું જ્ઞાન એની પર્યાયમાં આવી જાય છે તો એને પણ જાણ્યું. આહા..હા..! સમજાણું કાંઈ?

વળી કેટલાક એમ કહે કે અનંતને જાણે તો અનંતની હદ આવી જાય છે. અંત આવી જાય છે. અરે ભગવાન! શું કહે છે તું? અનંત જેમ છે એમ જ્ઞાનમાં અનંતરૂપે જાણ્યું. જાણ્યું તો ત્યાં અંત આવી ગયો? આહા..હા..! એમ એક સમયની પર્યાય ત્રિકાળ અનાદિ-અનંત પર્યાય આદિને જાણે છે. આહા..હા..! અહીં તો કહે છે કે દ્રવ્ય પોતાની પર્યાયને ચુંબતું નથી. આહા..હા..! એવી એક સમયની પર્યાય જેમાં ત્રણકાળ ત્રણલોકને જાણવાની શક્તિ. સમજાણું કાંઈ? તો અર્થાવબોધરૂપ પર્યાયવિશેષને, પર્યાયવિશેષને, પહેલામાં ગુણવિશેષ હતું, અહીંયા પર્યાયવિશેષ છે તેને ચુંબતું નથી.

હવે છેલ્લો ૨૦મો બોલ. પ્રત્યભિજ્ઞાનનું કારણ. પ્રત્યભિજ્ઞાનનું કારણ છેને? પ્રત્યભી શું કહે છે? પ્રત્યભિજ્ઞાન. પ્રત્યભિજ્ઞાનના કારણરૂપ ત્રિકાળી દ્રવ્ય. છે... છે... છે... છે... છે... એવું સામાન્ય ધ્રુવ. પ્રત્યભિજ્ઞાનનું કારણ, એવા પ્રત્યભિજ્ઞાનના કારણરૂપ જે સામાન્ય. ભારે ભાઈ આવી વાત તો ગજબ આવી છે. પ્રત્યભિજ્ઞાનના કારણરૂપ જે દ્રવ્ય, એ દ્રવ્ય પોતાની પર્યાય જે પર્યાય છે, પહેલા દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી એમ હતું, અહીં પોતાની પર્યાય છે તે દ્રવ્યને સ્પર્શતી નથી. એવો શુદ્ધ પર્યાયરૂપ આત્મા છે. ત્યાં અનુભવપ્રધાન દૃષ્ટિ લીધી છે. અનુભવમાં તો પર્યાય આવે છેને, તો મારી પર્યાયમાં અનુભવ થયો એ પર્યાય તે જ હું છું. દ્રવ્ય અનુભવમાં આવતું નથી તો દ્રવ્ય ભિન્ન રહી ગયું. સમજાણું કાંઈ? એ અલિંગગ્રહણમાં આ બધા બોલ સમાડી દીધા. ખાસ તો અનુમાનગોચરનો અભાવ બતાવીને બધા બતાવી દીધા કે અનુમાનમાત્રનો અભાવ છે એમાં. તો પછી શું રહ્યું? એ તો પ્રત્યક્ષ થવાલાયક છે. આહા..હા..!

મુમુક્ષુ :- અનુમાનજ્ઞાનથી જાણવામાં આવે.

ઉત્તર :- આ નથી જણાતું એમ કહે છે. આહા..હા..! એ તો સ્વસંવેદનથી જ જણાય છે. પ્રત્યક્ષથી જ જણાય છે. વસ્તુ જ એવી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અનુમાનથી જાણે તો પ્રમાણ નથી થતું.

ઉત્તર :- નહિ નહિ. એ અનુમાનથી જણાતો નથી, પ્રત્યક્ષ પ્રમાણથી જણાય છે. અનુમાન વ્યવહાર છે, પ્રત્યક્ષ એ નિશ્ચય છે. નિશ્ચય વિના અનુમાન હોતું જ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એનું કાંઈ નહિ. ... આ તો વસ્તુ. અનુમાન છે એ વ્યવહાર છે અને પ્રત્યક્ષ છે એ નિશ્ચય છે. તો પ્રત્યક્ષથી જણાય છે અને વ્યવહારથી અનુમાનથી જાણવામાં આવતું નથી. એકલા અનુમાનથી જાણવામાં નથી આવતું. પ્રત્યક્ષ થયા પછી અનુમાનથી કહેવામાં

આવે છે તે નિશ્ચય સહિત વ્યવહાર થયો. ઝીણી વાત છે, ભાઈ!

મુમુક્ષુ :- લૌકિકમાં અનુમાનને પ્રત્યક્ષ કહ્યું છે.

ઉત્તર :- હા, દુનિયા પ્રત્યક્ષ કહે છે અનુમાનને. એમ છે નહિ.

મુમુક્ષુ :- પ્રત્યક્ષ...

ઉત્તર :- પ્રત્યક્ષ એકથી ટકે છે, એકલા અનુમાનથી નહિ. જ્ઞાનની પર્યાયમાં આ ચીજ છે એમ પ્રત્યક્ષ થયા વિના એ ચીજને જાણી કોણે? સમજાણું કાંઈ? આહા..હા..! આજે વળી થોડું ઝીણું આવ્યું. વસ્તુ એવી છે, ભાઈ!

એ કારણે '(**જીવને) અલિંગગ્રહણ કહેવામાં આવે છે.**' લ્યો! એ પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી. એ છેલ્લો બોલ છે. અનુભવ પર્યાયનો થાય છે, દ્રવ્યનો નહિ. તો એ સમયે કહ્યું કે મારા અનુભવમાં આવી એ મારી પર્યાય અનુભવમાં નથી આવતી એમ હું જાણું, પણ એને વેદું નહિ. આહા..હા..! એવો ભાવ છે. બ્રહ્મચારી આવ્યા પંડિતજી? શોભાલાલજી! નથી આવ્યા? એને રુચિ ઘણી છે. અભ્યાસ ઘણો છે. એ પેરેગ્રાફની વાત થઈ ગઈ.

'**પોતાના અનુભવમાં આવતા...**' એક કલાક તો એમાં થયો લ્યો! સમજાય એવી વાત છે. એવી કોઈ ભાષા અઘરી નથી. ભાવ છે તો છે, પણ ભાષામાં એમ ન આવે. સમજાય એવી ચીજ છે. એય..! ધન્નાલાલજી! '**પોતાના અનુભવમાં આવતા ચેતનાગુણ વડે...**' હવે અસ્તિથી વાત લીધી. '**પોતાના અનુભવમાં આવતા ચેતનાગુણ વડે સદાય અંતરંગમાં પ્રકાશમાન છે તેથી (જીવ) ચેતનાગુણવાળો છે.**' જુઓ, પહેલા તો નકાર કરતા હતા કે આ નહિ... આ નહિ... આ નહિ. હવે છે શું? ચેતના ગુણવાળો છે. ચેતના... ચેતના... ચેતના... ચેતના... ચેતના.. બસ, જાણવું... જાણવું... દેખવું, જાણવું-દેખવું, જાણવું-દેખવું. એવા પોતાના અનુભવમાં આવતા ચેતનાગુણ વડે. પાછા અનુભવમાં આવતા ચેતનાગુણ હોં! આહા..હા..! '**સદાય અંતરંગમાં પ્રકાશમાન છે...**' ચેતનાગુણથી અનુભવમાં આવનાર પ્રકાશમાન. '**તેથી (જીવ) ચેતનાગુણવાળો છે.**' એ કારણે જીવ ભગવાન આત્મા એકલા ચેતનાગુણવાળો છે. જાણનાર-દેખનાર... જાણનાર-દેખનાર... જાણનાર-દેખનાર ગુણવાળો છે.

'**કેવો છે ચેતનાગુણ? જે સમસ્ત વિપ્રતિપત્તિઓનો (જીવને અન્ય પ્રકારે માનવારૂપ ઝઘડાઓનો) નાશ કરનાર છે,...**' આહા..હા..! ચેતનાગુણવાળો ભગવાન આત્મા, ચેતનાગુણથી અનુભવમાં આવનારો ભગવાન, એવો અનુભવ થયો તે સમસ્ત વિપ્રતિપત્તિ-કે રાગથી થાય છે, આમ થાય છે, ફલાણાથી થાય છે. આત્માના બધા વિપરીત ઝઘડાનો નાશ કરનારા છે. એ વિશેષ વાત લેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ-૧૩, મંગળવાર, તા. ૨૨-૦૮-૧૯૭૨**
**ગાથા-૪૯, કળશ-૩૫, પ્રવચન-૧૪૦**

**નોંધ :- પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

સમયસાર, એમાં ૪૯ ગાથા ચાલે છે. છેલ્લું આવ્યું છેને? છે? કેવો છે ભગવાન આત્મા? કે પરથી તો ભિન્ન છે એમ બતાવ્યું. રસ, ગંધથી ભિન્ન બતાવ્યો. વ્યક્ત પર્યાયથી પણ એ ભિન્ન તે અવ્યક્ત દ્રવ્ય છે. એ અવ્યક્તનો અર્થ? જે દૃષ્ટિ કરવાલાયક ચીજ છે એ અવ્યક્ત નામ પર્યાય એક સમયમાં દ્રવ્ય આવતું નથી. સમજાણું કાંઈ? દૃષ્ટિનો વિષય છે એ દૃષ્ટિમાં (—દૃષ્ટિની પર્યાયમાં) આવતો નથી. આહા..હા..! શું કહ્યું? દૃષ્ટિ પણ વ્યક્ત છે. આહા..હા..! દૃષ્ટિ, વર્તમાન જ્ઞાનનું વેદન એ બધું વ્યક્ત છે, પર્યાય છે. એનાથી ભગવાન ત્રિકાળી વસ્તુ અવ્યક્ત નામ ભિન્ન છે. એ અવ્યક્ત નામ દૃષ્ટિ કરવાલાયક ચીજ એ છે. અનુભવ કરવાલાયક ચીજ હોય તો એ છે. અનુભવ થાય છે પર્યાયનો. આહા..હા..! દ્રવ્યનો અનુભવ થતો નથી. અને પર્યાય જે રાગનો અનુભવ કરતી હતી તે પર્યાય દ્રવ્યનો અનુભવ કરે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્માની એક સમયની પર્યાય બહિર્બુદ્ધિ હતી. એક સમયની પર્યાયને પણ આત્મા માનવો એ પણ બહિર્બુદ્ધિ છે. કેમકે બહિર્ છે તેને પોતાનું માને છે. સમજાણું કાંઈ? રાગને અને નિમિત્તને પોતાના માનવા એ તો બહુ સ્થૂળ છે. એનાથી રહિત અવ્યક્ત છ બોલમાં કહ્યું. હવે કહે છે કે પણ ત્યારે અનુભવ કોનો કરવો? એ તો અવ્યક્ત છે એમ કહ્યું. તો એમાં છે શું? આહા..હા..!

'**પોતાના અનુભવમાં આવતા...**' આ પેરેગ્રાફ છે એનો. '**પોતાના અનુભવમાં આવતા...**' તો પર્યાયનો અનુભવ થાય છે. પણ '**ચેતનાગુણ વડે...**' એમાં ચેતના જે ત્રિકાળ ગુણ પડ્યો છે, જાણન-દેખન ચેતનસ્વભાવ ભગવાન આત્મામાં ગુણરૂપ જે છે, જીવમાં ગુણરૂપ એમ બતાવવું છે. જીવમાં ચેતનાગુણ સ્વભાવરૂપ છે એ અનુભવમાં આવનાર તો ચેતનાગુણ છે. સમજાણું કાંઈ? આ જ્ઞાનસ્વરૂપ હું છું એવી ચેતના દ્વારા અનુભવમાં આવતા '**ચેતનાગુણ વડે સદાય અંતરંગમાં પ્રકાશમાન છે...**' ભગવાન ચેતનાગુણ વડે અનુભવમાં આવનાર અંતરંગમાં પ્રકાશમાન છે. સમજાણું કાંઈ?

આત્મા, જીવ કહો અહીંયાં આત્મા કહો. પોતાના અનુભવમાં આવતા. બહુ જ અલ્પ ભાષામાં સંકેત આપ્યો છે. ભગવાન અવ્યક્ત જે કહ્યું હતું એવા જીવમાં ચેતનાગુણ અનુભવમાં આવે છે. ચેતનાગુણ દ્વારા અનુભવમાં આવતો જીવ છે. સમજાણું કાંઈ? '**ચેતનાગુણ વડે સદાય અંતરંગમાં પ્રકાશમાન છે તેથી (જીવ) ચેતનાગુણવાળો છે.**' લ્યો! આ કારણે ભગવાન આત્મા જાણન-દેખન સ્વભાવ ગુણવાળો છે. એવો પર્યાયમાં અનુભવ થયો તો ચેતનાગુણ દ્વારા પ્રકાશમાન થયો એમ કહેવામાં આવે છે. ભારે વાતું ભાઈ! તે ચેતનાગુણ જાણન-દેખન જેની મહાસત્તા એવો ભગવાન જીવનો જે ગુણ છે, આત્માનો જે ગુણ છે એ ગુણ '**જે સમસ્ત વિપ્રતિપત્તિઓનો (જીવને અન્ય પ્રકારે માનવારૂપ ઝઘડાઓનો) નાશ કરનાર છે,...**' એ રાગથી લાભ થશે અને રાગવાળો આત્મા છે, પુણ્યવાળો છે, કર્મવાળો છે, સંયોગવાળો છે, સૂક્ષ્મ વિકલ્પ દ્વારા પણ પ્રાપ્ત થશે, ચેતનાગુણ એ બધા વિપરીત ઝઘડાનો નાશ કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..! છે?

'**ચેતનાગુણ વડે સદાય અંતરંગમાં પ્રકાશમાન છે...**' એનો જે ચેતનાગુણ '**જે સમસ્ત વિપ્રતિપત્તિઓનો...**' જેટલા વિપરીત એનાથી વિરુદ્ધ ભાવ છે. એમાં ગુણ નથી, જ્ઞાન નથી, રાગથી લાભ થાય છે, વ્યવહારથી લાભ થાય છે એ બધા ઝઘડા એ બધાનો, ચેતનાગુણ દ્વારા અનુભવમાં આવનાર તે નાશ કરે છે. સમજાણું કાંઈ? વિકલ્પથી અને રાગથી... કેમકે ચેતનાગુણવાળો છે. તો એ ગુણ દ્વારા અનુભવમાં આવે છે. અનુભવમાં આવનારી પર્યાય છે, પણ એ ચેતનાગુણ એનાથી વિપરીત કોઈપણ ભાવ બતાવે... સમજાણું કાંઈ? કે કષાયની મંદતા કરવાથી, પંચ મહાવ્રત પાળવાથી, બાહ્યનો ભાવ છોડવાથી પોતાનો આત્મા અનુભવમાં આવે એવો જે વિપરીતભાવ. ચેતનાગુણ '**જે સમસ્ત વિપ્રતિપત્તિઓનો (જીવને અન્ય પ્રકારે માનવારૂપ ઝઘડાઓનો) નાશ કરનાર છે,...**' કહો, સમજાણું કાંઈ? એ તો ચૈતન્યનો ગુણ એ જીવ એ પોતાની પર્યાયમાં ચેતના પ્રગટ થઈ તો અનુભવમાં આવે છે. એ ચીજ જ એવી છે. સમજાણું કાંઈ? ભારે ભાઈ ધર્મ આકરો! આવો ધર્મ કેટલાક તો કહે છે અમે સાંભળ્યો પણ નથી એમ કહે છે. માર્ગ તો આવો છે, ભગવાન!

જીવના દરબારમાં એનો સ્વભાવ તો ચેતનાગુણ છે. ચેતનાગુણને પકડવાથી અનુભવમાં આવે છે. ચેતનાગુણ એમ કહે છે કે ચેતનાગુણના અનુભવમાં બીજા કોઈ કારણે અનુભવ થાય છે એનો ચેતનાગુણ નાશ કરે છે. સમજાણું કાંઈ? લ્યો આ વિપરીત છેને વ્યવહારથી નિશ્ચય થાય છે. અનાદિ વાસિત બુદ્ધિ આવે છેને એ? પંચાસ્તિકાયમાં આવે છે કે અનાદિ ભેદવાસિત બુદ્ધિ. એ કહે છે કે પહેલા વ્યવહાર એકલો આવે છે. એમ કહે છે. પંચાસ્તિકાયમાં છે. ૧૭૨ ગાથા. એમ નથી. એ અનાદિ વાસિત બુદ્ધિમાં ચેતનાગુણ દ્વારા ભિન્ન કર્યો છે. ત્યારે જે રાગ રહ્યો તેને વ્યવહાર કહેવામાં આવે છે. આહા..હા..! કામ તો એટલું કરવાનું

છે. બીજું કોઈ લાંબુ કામ નથી.

ચેતનાગુણ સમસ્ત વિપ્રતિપત્તિ, સમસ્ત ઝઘડા, ચૈતન્યગુણ સિવાય (એમ કહે છે કે) બીજાથી પ્રાપ્ત થાય છે, ગુરુથી મળે છે, દેવથી મળે છે... સમજાણું કાંઈ? ક્રમબદ્ધમાં જે મળવાનું હોય તો મળશે, કાળલબ્ધિ પાકશે તો મળશે. સાંભળો! એ બધી વિપ્રતિપત્તિ. કાળલબ્ધિનું જ્ઞાન ક્યારે થાય? સમજાણું કાંઈ? પોતાના ચેતનાગુણનો અનુભવ કરતા તે પ્રાપ્ત થાય છે. તેમાં કાળલબ્ધિ અને ક્રમબદ્ધ બધાનું જ્ઞાન થઈ જાય છે. એવી વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'જેણે...' જેણે એટલે ચેતનાગુણે '**પોતાનું સર્વસ્વ ભેદજ્ઞાની જીવોને સોંપી દીધું છે,...**' આહા..હા..! વિકલ્પથી ભિન્ન કરનાર સાધક ભેદજ્ઞાની તેને ચેતનગુણે બધું સોંપી દીધું છે. એનો અધિકાર એમાં છે. ભેદજ્ઞાન દ્વારા... આહા..હા..! પોતાનું સર્વસ્વ ચેતનાગુણે ભેદજ્ઞાની જીવોને સોંપી દીધું છે. જે અંતર્મુખ થઈને રાગથી અને પરથી ભિન્ન કરે છે તેને ચેતનાગુણે (સર્વસ્વ) સોંપી દીધું છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! ટીકા પણ ગંભીર.

મુમુક્ષુ :- એણે એટલે?

ઉત્તર :- એણે એટલે ચેતનાગુણે.

બોલ તો એ આવ્યો કે '**પોતાના અનુભવમાં આવતા ચેતનાગુણ વડે સદાય અંતરંગમાં પ્રકાશમાન છે તેથી** (જીવ) **ચેતનાગુણવાળો છે.**' એટલી વાત સિદ્ધ કરી. પણ એ પર્યાયમાં અનુભવ થયો કે ચેતનાગુણ આ છે ત્યારે પ્રકાશનમાન થયો. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે. અધ્યાત્મ વાત છેને ભાઈ! અભ્યાસ નથીને અને બહાર ચાલે છે એની વાત નથી. બહારમાં આમ કરો ને આમ કરો ને આમ કરો. વ્રત પાળો, અપવાસ કરો, પૂજા કરો, ભક્તિ કરો, જાત્રા કરો. એ તો .. ભગવાન! એ ચેતનાગુણવાળો આત્મા છે, રાગવાળો આત્મા નથી. સમજાણું કાંઈ? તે રાગવાળો આત્મા નથી કે જેને રાગથી આત્માનો અનુભવ થાય. એ ચેતનાગુણ સમસ્ત ઝઘડાનો નાશ કરનારો છે. એક (વાત).

બીજું, જેણે એટલે ચેતનાગુણે '**પોતાનું સર્વસ્વ ભેદજ્ઞાની જીવોને સોંપી દીધું છે,...**' તે અંતરમાં જ્ઞાનને પકડે છે રાગથી ભિન્ન થઈને એ ચેતનાગુણે સર્વસ્વ સોંપી દીધું કે આ આત્મા. સમજાણું કાંઈ? અરે..અરે.. ભારે વાત! વિકલ્પથી અને વર્તમાન એક સમયની પર્યાયથી પણ ચેતનાગુણ, ધર્મ, સ્વભાવ ભિન્ન છે. સમજાણું કાંઈ? એવો અનુભવ કરનારો સમકિતી પછી ભલે બાળક હોય, સાતમી નરકનો નારકી હોય કે મંડુક હોય. મંડુક-દેડકો. એ ચેતનાગુણે પરથી ભેદજ્ઞાન કરનારને સોંપી દીધું કે હું આવો છું. હું રાગવાળો અને પુણ્યવાળો અને વ્યવહારવાળો, નિમિત્તવાળો, કર્મવાળો હું નથી. કહો, દેવીલાલજી! ઓહો..હો..! ભારે કામ ભાઈ! આવું એકાંત હશે? સમ્યક્ એકાંત એમ જ છે. કહ્યુંને.

'**જેણે પોતાનું સર્વસ્વ ભેદજ્ઞાની જીવોને સોંપી દીધું છે,...**' રાગથી ખસીને, પર્યાયના લક્ષથી ખસીને ચેતનાગુણવાળો જીવ છે એવી અંતરમાં ભેદદષ્ટિ થઈ તેને આખો આત્મા કેવો છે એ એના જ્ઞાનમાં આવ્યું. બીજો કોઈ અનુભવમાં આવતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? શાસ્ત્રને વાંચવું અને રાગની મંદતાની ક્રિયા, એનાથી પણ એ તો ભિન્ન છે. કેમકે ચેતના ત્રિકાળ છે. જીવનો ચેતનાગુણ, જીવ ત્રિકાળ છે એવો ચેતનાગુણ ત્રિકાળ છે. તો એ ગુણને પકડવાની જે પર્યાય છે એ પરથી ભિન્ન થઈને પોતાના ભેદજ્ઞાનથી આત્માની પ્રાપ્તિ થઈ, તો જેણે ચેતનાગુણે સર્વસ્વ પરથી જુદા કરનારને સોંપી દીધું છે. એના અધિકારમાં આખો આત્મા કેવો છે એ પ્રતીત-અનુભવમાં આવે છે. ... બાકી રહી ગઈ હતી. આહા..હા..! માણસો માણસો, માણસો. આહા..હા..! શેઠિયાઓ અને ... આહા..હા..! ત્યારે કહે છે કે એ જંજાળથી આત્મા પર છે. એવો જે વિકલ્પ ઉઠે છે એનાથી પણ તે પર છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ આ.

એવો ભગવાન આત્મા ભેદ કરનાર જીવને ચેતનાગુણવાળો આત્મા છે એમ સોંપી દીધું છે. જેણે દષ્ટિ રાગથી ખસેડી, એક સમયની પર્યાયનું અસ્તિત્વ પણ છોડીને આ ચેતનાગુણ ત્રિકાળ છે એવી દષ્ટિ જે ભેદજ્ઞાનીએ કરી તેને ચેતનાગુણે બધું સોંપી દીધું. આખો ચેતનાગુણવાળો આત્મા છે તે એના કબજામાં આવી ગયો. સમજાણું કાંઈ? કહો, જેઠાભાઈ! હવે આમાં કાંઈક કર્મ મોળા પડે ત્યારે આમ થાયને? જૈનદર્શનમાં તો એવું છે. કર્મ માર્ગ આપે, કર્મથી કાંઈક હળવો થાય તો આવું ભાન થાય એમ છે? અહીંયાં ના પાડે છે. એ તો પરથી ભિન્ન કર્યો તો ચેતનાગુણે સર્વ સોંપી દીધું કે હું આત્મા જ્ઞાન છું. સમજાણું કાંઈ? ગજબ વાત છે. આહા..હા..!

'**જે સમસ્ત લોકલોકને ગ્રાસીભૂત કરી...**' આહા..હા..! પરથી ભિન્ન જ્યાં થયો અને પોતાના જ્ઞાનની પર્યાયે અનુભવ કર્યો તો એ જ્ઞાનની પર્યાયમાં કેટલી તાકાત છે? પર્યાયમાં હોં! '**સમસ્ત લોકલોકને ગ્રાસીભૂત કરી...**' લોકાલોક જેના જ્ઞાનની પર્યાયમાં કોળિયો થઈ ગયો. કોળિયો સમજ્યા? ગ્રાસ. ગ્રાસીભૂત. ત્યારે એનાથી પણ અનંતગુણા હોત તો જ્ઞાનની પર્યાય જાણે એવી પર્યાય છે. આ ભેદજ્ઞાનીની પર્યાયની વાત ચાલે છે. સમજાણું કાંઈ? કરે નહિ કોઈનું પોતાના સિવાય અને પોતાનું અને પરનું બધું જાણ્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ? કરે નહિ પોતાના સિવાય કોઈનું. અને જાણે નહિ પોતાને અને પરને એમ નહિ. પોતાને અને પરને સર્વને જાણે. એવી પોતાની સત્તા જ્ઞાનની પર્યાયમાં એટલી તાકાત છે. સમજાણું કાંઈ? છદ્મસ્થની, સાધકજીવની વાત છેને. '**જે સમસ્ત લોકલોકને ગ્રાસીભૂત કરી...**' કોળિયો કરી ગયો. કોળ કરી ગયો. મોઢું મોટું અને કોળિયો નાનો.

મુમુક્ષુ :- ગળી ગયો.

ઉત્તર :- હા, ગળી ગયો એ ઠીક છે. પણ ગ્રાસીભૂત કહેતા કોળિયો નાનો છે અને મોઢું મોટું છે. એ પર્યાય મોટી છે અને જે જાણવામાં આવ્યું એ તો બહુ થોડું છે. ગ્રાસીભૂત થઈ ગયું. આહા..હા..!

'**જાણે કે અત્યંત તૃપ્તિ વડે ઠરી ગયો હોય તેમ...**' એ પ્રમાણે શાંત... શાંત... શાંત... શાંત... ઠરી ગયો. એમાંથી નીકળવાનો અણઉદ્યમી થયો. અંતર ઠરવામાંથી બહાર નીકળવાનો અનુદ્યમી થયો. સમજાણું કાંઈ? '(**અર્થાત્ અત્યંત સ્વરૂપ-સૌખ્ય વડે તૃપ્ત તૃપ્ત હોવાને લીધે...**' ઓહો...! ભગવાન ચેતનાગુણ દ્વારા જ્યાં પરથી ભેદ કરીને અનુભવમાં આવ્યો તો કહે છે કે અત્યંત સ્વરૂપ-સૌખ્ય. અતીન્દ્રિય આનંદનું મધુર સુખ આનંદ તેનાથી તૃપ્ત-તૃપ્ત તૃપ્ત થઈ ગયો. આહા..હા..! કારણ કે '**સ્વરૂપમાંથી બહાર નીકળવાનો અનુદ્યમી હોય તેમ**)' લ્યો! આ ઉદ્યમી થયો. અંતરમાં દૃષ્ટિ થવાથી જ્યાં અનુભવ થયો તો અંતરમાંથી નીકળવાનો આળસુ થઈ ગયો. એ આળસુ થયો બહાર નીકળવાનો. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ, ભગવાન આત્માની લીલા! આ લીલા છે. કોઈ કહે કે ઈશ્વર લીલા કરે છે અને આ કરે છે, બધી વાત કલ્પના છે.

ભગવાન આત્મા પોતાના ભેદજ્ઞાન દ્વારા જ્યારે ચેતનાગુણનું સર્વસ્વ શું સત્ છે એવું અનુભવમાં આવ્યું તો એમાં પ્રશાંત, અત્યંત સુખની તૃપ્તિ થઈ ગઈ. અનાદિની જે ભૂખ હતી તે ભૂખ નાશ થઈ ગઈ. આહા..હા..! અનંત-અનંત આનંદનો સ્વાદ આવવાથી તૃપ્ત-તૃપ્ત (થઈ ગયો). પહેલા દાખલો બીજો આપ્યો હતો આપણે ઓલો બ્રાહ્મણનો. કાઢી નાખ્યો. બ્રાહ્મણનો દૃષ્ટાંત. બ્રાહ્મણ હોયને બ્રાહ્મણ? લાડવા ખાઈને આમ... પછી ચાલી શકે નહિ. ..ભાઈ રહેતો હતોને. મોઢેથી... બ્રાહ્મણ એમ કે લાડવા ખાયને. લાડવા બહુ ખાય. દાળ-ભાત, શાક તો બહુ ખાઈએ છીએ. એમાં શું? દાળ-ભાત, શાક શું ખાય? એકલા લાડુ. અમારે પોપટભાઈ હતા એ ચૂરમુ ચડાવે એકલા. પોપટભાઈ હતા એક, વઢવાણના નહિ? ભગત સંત-સંત કહેતા. .... પછી એ જમે તો એકલું ચુરમુ જ ખાય. દાળ-ભાત-શાક-રોટલી કાંઈ નહિ. શાક કોણ ખાય? ચોખા કોણ ખાય? એ તો રોજ ખાઈએ છીએ.

એમ ભગવાન આત્માનો આનંદ અનુભવ કરવામાં વિકલ્પ અને શુભરાગની ક્યાં ત્યાં જરૂર છે? એનો કોણ અનુભવ કરે? વીતરાગભાવની પર્યાયમાં જ્યાં આનંદ આવ્યો ત્યાં એમાંથી નીકળવાનો અનુદ્યમી થયો. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો એ અનુદ્યમી થયો. એટલો ઉદ્યમમાં અંદર પડ્યો છે. અનંત-અનંત આનંદ ચેતનાગુણ ... પડ્યો છે તેનું ભેદજ્ઞાન કરીને જ્યાં અનુભવમાં આવ્યો ત્યાં એવી તૃપ્તિ... તૃપ્તિ... તૃપ્તિ... ઉપશમરસની થઈ કે જેમાંથી નીકળવાનો આળસુ થઈ ગયો. એટલે કે એમાંથી નીકળતો નથી. આહા..હા..! પણ નબળાઈ છેને તો વિકલ્પ આવે છે. એની વાત અહીંયાં ન લીધી. સમજાણું કાંઈ?

'**નીકળવાનો અનુદ્યમી હોય તેમ) સર્વ કાળે...**' સર્વ કાળે. આહા..હા..! અનંત-અનંત આનંદની તૃપ્તિમાં, અનુભવમાં તેમાંથી બહાર નીકળવાનો અનુદ્યમી સર્વ કાળે '**કિંચિત્માત્ર પણ ચલાયમાન થતો નથી...**' આહા..હા..! નિર્વિકલ્પ આનંદમાં ભેદજ્ઞાની જ્યારે આવે છે તો ત્યાંથી ચલાયમાન થતો નથી. આહા..હા..! એ અલિંગગ્રહણમાં લીધું છેને. ઉપયોગનું હરણ નથી થતું. આહા..હા..! આત્માના આનંદનો અનુભવ, ઉપયોગ એનું હરણ કેમ થાય? જે ઉપર થાપ મારીને અતીન્દ્રિય આનંદનો અનુભવ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમાં અંતરમાંથી નીકળવામાં તે ઉદ્યમી નથી. ઉદ્યમ તો અંદરમાં લાગ્યો છે. અસંગ છે. આવે છે એની અહીં વાત નથી કરી. સમજાણું કાંઈ? કેટલાક કહે છેને કે સમકિત થયા પછી પડે છે. હવે પડવાની વાત ક્યાં કરે છે પહેલેથી? સમજાણું કાંઈ? પડે-બડે શું? દ્રવ્યનો અભાવ થાય તો તે પડે. એ પડે તો એની દૃષ્ટિ છૂટી ગઈ તેને પડ્યો કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જે ચેતનાગુણમાં જ્યાં પડ્યો અંદરમાં (એને) પડવાનું શું? દ્રવ્ય અને ગુણનો અભાવ થાય છે? તો દ્રવ્ય-ગુણને પકડનારનો અભાવ થતો નથી. એવી વાત છે. બહુ થોડામાં ઘણું ભરી દીધું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કર્મના ઉદયનું જોર હોય તો...

ઉત્તર :- કર્મનો ઉદય કોના ઘરે? જડના ઘરે કે પોતામાં? જડનો ઉદય જડમાં છે એ પોતાને સ્પર્શતો પણ નથી. ભિન્ન-ભિન્ન લોટે છે તેમાં.

મુમુક્ષુ :- એક સાથે રહે છે.

ઉત્તર :- સાથે હોય તો શું થયું? એક ક્ષેત્ર હો. ક્ષેત્ર એક હોવાથી ભાવમાં એક થઈ ગયા? સિદ્ધ જ્યાં રહે ત્યાં નિગોદ પણ છે. સિદ્ધ રહે છે ત્યાં નિગોદ પણ છે પેટમાં, સિદ્ધના પેટમાં. તો સ્પર્શે છે? પેટમાં. એના દેહમાં—એ ચૈતન્ય સ્વભાવ એ એનો દેહ છે એ જ એનો સ્વદેહ છે. એમ છેને. ધવલમાં સ્વદેહ શબ્દ પડ્યો છે. સિદ્ધનો સ્વદેહ ચૈતન્યમૂર્તિ ભગવાન તે સ્વદેહ છે. શરીર-ફરીર જડ ક્યાં એમાં છે? અહીંયાં પણ એનો સ્વદેહ આ આત્મા અંદર અસંખ્ય પ્રદેશી અનંતગુણનું ધામ એ સ્વદેહ છે.

મુમુક્ષુ :- જ્ઞાનશરીરી.

ઉત્તર :- જ્ઞાનશરીરી. એ આવે છેને, કળશમાં આવે છે. આહા..હા..! અરે! આવી ચીજનો સ્વીકાર કરવો એ કોઈ સાધારણ વાત છે? પર તરફની દિશા છે એને અંતર્મુખ વાળીને એનો સ્વીકાર કરવો ભાઈ! એના જન્મ-મરણનો અંત આવી ગયો. ઓહો..હો..! શું ટીકા! એવું વાચ્યનું વાચક છે. આહા..હા..!

ભાઈ! ભગવાન! તારો ચેતનાગુણ છે. સર્વસ્વ ત્રિકાળ લીધું કે એમાં રાગથી લાભ થાય છે અને એનાથી થાય છે અને વ્યવહારથી થાય છે અને નિમિત્તથી થાય છે. આહા..હા..!

એ બધા ઝઘડાનો નાશ કરીને અંતરમાં અત્યંત તૃપ્ત-તૃપ્ત થયો. આ અનુભવ.

મુમુક્ષુ :- નીકળવાનો અનુદ્યમી થયો.

ઉત્તર :- નીકળવાનો અનુદ્યમી થયો. ક્યાં ગયા સુકલચંદજી? ભાવનગર. સમજાણું કાંઈ? ભાવનગર તો આત્મા છે, નહિતર તો ભાન વગર છે. આહા..હા..! ચેતના સ્વભાવ એ તારો ભાવ, એ તારો ગુણ કહો કે નગર કહો. આહા..હા..! ચેતનાગુણમાં જ્યારે જાય છે, પર્યાય એકત્વ થાય છેને, ત્યારે કહે છે કે એટલી શાંતિ અને સુખ અતીન્દ્રિય આવે છે. કે અતીન્દ્રિય આનંદમાંથી (ખસવા માંગતો નથી). માખી માખી હોય છેને? બળખામાં ચોંટે છે. એ છૂટી શકતી નથી. એને એવો રસ લાગ્યો હોય. સાકર ઉપર બેસે છે. બાળક સાકર લેવા જાય તો એની પાંખ ચોંટી જાય છે સાકર ઉપર પછી ત્યાંથી ઉડી શકતી નથી.

મુમુક્ષુ :- સ્વાદમાં લીન થઈ જાય છે.

ઉત્તર :- સ્વાદમાં લીન. ફટકડીના સ્વાદ ઉપર બેઠી હોય માખી તો એકદમ ઉડી જાય, અને સાકરના ગાંગડામાં (બેસે), મન વિનાની છે માખી, એને મન નથી, અસંજ્ઞી એને પોતાની પાંખ સાકર ઉપર ચોંટી હોય બાળક ખાય ત્યારે. રોટલીમાં સાકરનો ગાંગડો હોય. .. તો એમાં ચીકાશ થઈ ગઈ. માખી આવી અને ચોંટી. એ બાળક લે છે તો પાંખ ચોંટી હોય તોપણ ઉડતી નથી. અરે! મન વિનાના પ્રાણી આહાર સંજ્ઞાવાળા પણ જ્યાં સુધી .. ત્યાંથી નથી નીકળતા, તો આ આત્મા મન વિનાનો ચૈતન્યગુણ. સમજાણું કાંઈ? એવો ચૈતન્ય ભગવાન ગુણમાં જ્યાં એકાગ્ર (થયો).... સમજણમાં તો લ્યો કે માર્ગ આવો છે. સમજાણું કાંઈ? બીજી રીતે કોઈ માર્ગ કહેતા હોય તો તે બધો વિરુદ્ધ છે. એ ચેતનાગુણ જ એને કાઢી નાખે છે. સમજાણું કાંઈ?

'**કિંચિત્માત્ર પણ ચલાયમાન થતો નથી...**' આહા..હા..! ઉદય વખતે તો ચલાયમાન છે? ના. જ્યાં દૃષ્ટિનું ધ્યેય ચૈતન્ય ઉપર ગયું ત્યાંથી ખસતો નથી. સમજાણું કાંઈ? '**અને એ રીતે સદાય જરા પણ નહિ ચળતું...**' આહા..હા..! લેશમાત્ર પણ અભેદ દૃષ્ટિમાં, અનુભવમાં લેશમાત્ર પણ ચળતું નથી. એવી પર્યાય દ્રવ્યમાં લીન થઈ ગઈ. '**અન્યદ્રવ્યથી અસાધારણપણું હોવાથી...**' કોણ? ચેતનાગુણ અને આનંદ જે '**અન્યદ્રવ્યથી અસાધારણપણું હોવાથી...**' ભિન્ન છે. ચેતનાગુણ અને આનંદ બીજામાં નથી. આહા..હા..! '**અન્યદ્રવ્યથી અસાધારણપણું હોવાથી જે (અસાધારણ) સ્વભાવભૂત છે.**' કોણ? એ ચેતનાગુણ. સમજાણું કાંઈ? આહા..હા..! અન્યદ્રવ્યમાં એ નથી એવો અસાધારણ. સાધારણ નહિ. એમ. અસાધારણ પોતામાં જ છે એવો ચેતનાગુણ અસાધારણ સ્વભાવભૂત છે, સ્વભાવરૂપ છે, સ્વભાવસ્વરૂપ છે, સ્વભાવની સ્થિતિ એવી છે. આહા..હા..! પૂર્ણ ચેતનાનો ગોળો. ગોળો-ગોળો. ચેતનાનો ગોળો પરથી ભિન્ન થઈને અનુભવમાં આવ્યો તો એવો ચેતનાગુણ અસાધારણ

સ્વભાવભૂત છે. એનો અનુભવ કર્યો તો સર્વસ્વ થઈ ગયો. ભારે વખાણ! કહો, શેઠ! શોભાલાલજી! આવી વાત છે. આહા..હા..! ક્રિયાકાંડમાં રાગ... રાગ... રાગ... રાગ... થાકી જાય, દુઃખ લાગે, અપવાસ કરતા. બે-ત્રણ-ચાર અપવાસ કરે અને કોઈ કોઈ તો અપવાસ કરતાં-કરતાં મરી જાય છે. મહિનાના કર્યા હોય પછી મૂકાય નહિ તો મરી જાય.

મુમુક્ષુ :- તમે તો કહો છોને મહારાજ કે આત્મા મરતો નથી.

ઉત્તર :- પણ એ પર્યાયમાં મરી ગયોને. વ્યય થઈ ગયો, આત્મસ્વરૂપની દૃષ્ટિ ન રહી તો તત્ત્વનો વ્યય થઈ ગયો. સ્વરૂપ હું નથી, હું તો રાગ છું, આ છું એમ મરી ગયો એ તો. ભાવમરણ થયું. ... આ તો તત્ત્વની વાત છે. સાંભળ્યું છે. અમે તો નજરે જોયું છેને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અંદર ઠરવું. એ તો ઠરેલો જ રહે છે એમ કહે છે અહીંયાં તો. પછી જરી વિકલ્પ આવે છે પણ પૂરા અનુભવની દૃષ્ટિમાં સ્થિર થયો એમાંથી નીકળતો નથી.

અમે તો બધું જોયું છે, ઘણું જોયું છેને. ૬૭ની સાલમાં એક સાધુ હતા. દરિયાપરી. એણે સંથારો કર્યો હતો અમદાવાદમાં. ૬૭, સવંત્ ૧૯૬૭. બહુ ચાલ્યું હતું. ૪૭-૪૮ દિવસ. લોકો માણસો હજારો આવે. જૈનના દેરાવાસી સાધુ આવે. જરીક ... આપે. પછી દીક્ષા લઈને બેસે સંથારો કરે. જોયું છે અમે ગયા હતા બે દિવસ ત્યાં. પાલેજથી. પણ એ વખતે તો આપણને તો ઓહો..હો..! મહારાજ! દરિયાપરી હતા. છગનલાલજી સંથારો કર્યો હતો. સંથારો કેવો? હજી આત્માનું ભાન નથીને. શેમાં સૂવું અને શેમાં રહેવું? આત્મા ચૈતન્યની સત્તામાં ચૈતન્યમાં સૂવે છે, ચેતનાગુણમાં સૂવે છે. રાગથી તો ખસી ગયો છે. એવી દૃષ્ટિ થયા વિના સમ્યગ્દર્શન નથી તો ચારિત્ર તો હોય ક્યાંથી? અને સંથારો સમાધિમરણ તો હોતું નથી. આહા..હા..! એ તો બધા બાળમરણ ઝઘડા છે. ... એડવર્ડ હતોને જુઓને. ૬૭ની સાલમાં .. બેઠો હતોને ભાઈ! એડવર્ડ કે કોઈક...

મુમુક્ષુ :- ચારિત્ર તો પહેલા થઈ જાય છે.

ઉત્તર :- ચારિત્ર પહેલા થઈ જાય છે અને સમકિત પછી થાય.

મુમુક્ષુ :- એ તો સ્વભાવિક છે.

ઉત્તર :- હા, એ તો સ્વભાવિક કહે છે એ વાત સાચી. એ તો કાળલબ્ધિ પાકે ત્યારે થાય એમ કહે છે. એ તો અમારે ૪૦ વર્ષ પહેલાં, ૪૫ વર્ષ પહેલાં એક દામોદર શેઠ હતા એ પણ એમ કહેતા હતા. એ અત્યારે વિદ્યાનંદજી કહે છે. અમને બધી ખબર છે. છાપામાં આવ્યું હતુંને. જ્ઞાન અને ચારિત્ર પહેલા કરો. સમ્યગ્દર્શન આદિ તો કાળલબ્ધિ પાકશે ત્યારે થઈ જશે. આહા..હા..! ગજબ વાત છે. દૃષ્ટિ ઘણી વિપરીત. એ જ વાત અમે ૪૫ વર્ષ પહેલાં સાંભળી હતી. દામોદર શેઠ હતા એ કહેતા હતા. સંપ્રદાયમાં અમારા ગુરુ હતા એની

ક્રિયા બહુ કડક હતી. શાંત-શાંત હતા પણ દૃષ્ટિ તદ્દન વિપરીત. એ બાહ્ય ક્રિયામાં મશગુલ હતા.

મુમુક્ષુ :- પાંચે સમવાય એક સાથે થાય છે?

ઉત્તર :- એક સાથે થાય છે. એ કાળલબ્ધિ આદિ પુરુષાર્થમાં સાથે બધું હોય છે. એકલી આ કાળલબ્ધિ હોય એમ હોતું જ નથી. પણ એ તો પહેલેથી કહ્યું હતું કે વ્રતાદિ કરવા, તપાદિ કરવામાં આપણો પુરુષાર્થ છે અને સમકિત પામવું એ કાળલબ્ધિ.. એ કહેતા હતા. એ જ વાત અત્યારે આવી છે. શું કહેવાય? છાપું-અખબાર એમાં આવ્યું, જોયું. જ્ઞાન અને ચારિત્ર તો વર્તમાન કરો. સમ્યગ્દર્શન એ તો કાળલબ્ધિ પાકશે ત્યારે થશે. તો ચારિત્ર અને જ્ઞાન પણ કાળલબ્ધિ પાકશે ત્યારે નહિ થાય? આહા..હા..! કઈ પર્યાયમાં કાળલબ્ધિ નથી? સમજાણું કાંઈ? અનંતગુણની વર્તમાન પર્યાય પ્રગટે છે એ જ એની કાળલબ્ધિ છે.

મુમુક્ષુ :- દંસણ મુલો ધમ્મો ઉડાવી દીધું.

ઉત્તર :- એ પણ અહીંથી વાત એવી આવી કે સમકિતનું બહુ જોર દે છે તો એવું સમકિતનું જોર દે છે એમ નહિ. આહા..હા..! મૂળ વાત છે. એ વાત શું છે? આ વસ્તુ, બાપુ..! એ કાંઈ નગ્ન થઈ ગયા અને બહારની ક્રિયા કરી એથી એને સમ્યગ્દર્શન થાય. શાસ્ત્ર વાંચવાથી એ પણ કહે છે. ચેતનાગુણ દ્વારા એવી વિપ્રતિપત્તિનો નાશ કરી નાખ્યો છે. એકલા ચેતનાગુણને પકડવાથી જ અનુભવ થાય છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન પણ ચેતનાગુણને પકડવાથી થાય છે, સમ્યગ્જ્ઞાન પણ ચેતનાગુણને પકડવાથી થાય છે અને સ્થિરતા ચારિત્ર પણ ચેતનાગુણમાં સ્થિર થવાથી થાય છે. માર્ગ તો એવો છે ભગવાન. સમજાણું કાંઈ? વિપરીત બહુ છે. દૃષ્ટિ વિપરીત ઘણી છે. પણ હવે બાહ્યમાં લોકોને બહુ રંજન લાગે. શેઠિયાઓ પણ ખુશ થઈ જાય છે. નગ્ન ઓહો..! ૨૦-૨૦ હજાર માણસ. એમાં શું છે. કીડીઓ બહુ હોય છે. કીડીઓ ઘણી હોય તો એને માણસ ગણવામાં આવે છે?

સત્‌ને સંખ્યાની જરૂર નથી. સત્‌ને સત્યની જરૂર છે. ઘણી સંખ્યામાં સાંભળે તો સત્ય છે, થોડા કોઈ સાંભળે તો એ સત્ય નથી એવી કોઈ ચીજ નથી. આહા..હા..! ઘણા માણસ માને તો એનું સાચું છે, થોડા માને તો એનું સત્ય નથી. એવું કાંઈ નથી. ઓલા મત દે છેને તમારે શું કહે છે? મત દે છેને મત. ઘણા મત આપે એને પદવી મળે. એવું અહીંયા છે? કે દુનિયા અજ્ઞાની એની પાસેથી વોટ લેવો છે? એની પરીક્ષાની તો એને ખબર નથી. એની પાસેથી તારે સત્ય લેવું છે? આહા..હા..!

અહીંયાં તો ચેતનાગુણે સર્વસ્વ (સોંપી દીધું). ખલાસ થઈ ગયું. આહા..હા..! ભગવાન આત્મા ચેતનાગુણ છે શક્તિ એનું જ્યાં અંદરમાં ભાન થયું ભેદજ્ઞાન દ્વારા, તો બધું છૂટી ગયું. પાંચેય લબ્ધિ એક સમયમાં થઈ ગઈ. એ સમયે કાળલબ્ધિ છે એ બરાબર છે. પણ

કાળલબ્ધિ એકલી છે? પોતાના સ્વભાવનો પુરુષાર્થ, ભવિતવ્યતા, એ સમયની લબ્ધિ. સમજાણું કાંઈ? અને કર્મના નિમિત્તનો એ સમયે સહજ અભાવ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? સ્વભાવ, પુરુષાર્થ, કાળ અને ભવિતવ્ય અને કર્મનો અભાવ, પાંચેય આવી ગયા.

કહે છે કે '**અન્યદ્રવ્યથી અસાધારણપણું હોવાથી...**' એ ચેતનાગુણ તો અનેરા દ્રવ્યમાં નથી. અરે..! આ ચેતનાગુણ છે એ બીજા ચેતનાગુણમાં આ નથી. બીજાના આત્માનો ચેતનાગુણ છે એ આ ચેતનાગુણ એમાં પણ નથી. સમજાણું કાંઈ? અરે! જેને ... ભરોસો... સમજાણું કાંઈ? એ આવ્યું હતુંને તમારે? '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं। सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं।।**' (મોહનો) નાશ થઈ જાય છે. જેણે અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાય જાણ્યા... અને કહે છે કે ભગવાને જોયું એમ થશે, ક્રમબદ્ધ થશે એમાં પુરુષાર્થ ક્યાં આવ્યો? પણ અહીં તો કહે છે કે જેણે અરિહંતની પર્યાય ત્રણકાળ, ત્રણલોક જોયા એમ થાય છે એવી પર્યાય છે. એ પર્યાયને જાણી એનો પુરુષાર્થ સ્વભાવ તરફ વળી ગયો. અરિહંતની, કેવળજ્ઞાનની પર્યાય જાણે એને સમ્યગ્દર્શન થયા વિના રહે નહિ. એમ કહે છે. અને આ કહે કે લ્યો કેવળજ્ઞાનીએ જોયું એમ થશે. અમે પુરુષાર્થ શું કરીએ? જ્યારે કાળલબ્ધિ આવશે ત્યારે થશે. આ શું બોલે છે તું? સમજાણું કાંઈ?

એ વાત તો અમારે (સંવત) ૧૯૭૨ની સાલમાં ચાલી હતી. ૭૨. ૫૭ વર્ષ થયા. ૫૬. સંપ્રદાયમાં ઘણો ઝઘડો થયો. એ કહે કે કેવળજ્ઞાનીએ જોયું છે ત્યારે ભવનો અભાવ થશે. ત્યારે તમે પુરુષાર્થ કરી શકો. કેવળજ્ઞાનને તેં માન્યું? જગતમાં કેવળજ્ઞાન છે એનો સ્વીકાર કર્યો? સ્વીકાર કર્યો પછી પ્રશ્ન છે. કેવળજ્ઞાનીએ જોયું તેમ થશે તો અમે અત્યારે પુરુષાર્થ કરી શકતા નથી. અત્યારે અમારો ગુણ ભવનો અભાવ નથી કરી શકતો. ભગવાને જોયું છે. કેવળજ્ઞાન જગતમાં છે. એક ગુણની એક સમયની પર્યાય ત્રણકાળ, ત્રણલોકને દેખે એવી પર્યાયની સત્તાનો સ્વીકાર છે તને? પછી એ પ્રશ્ન હોય. જેને પર્યાયનો સ્વીકાર થાય તેને ભવનો અભાવ છે. ભગવાને એના ભવ જોયા જ નથી. એ ૭૨ની સાલમાં વાત ચાલી હતી. ૫૬ વર્ષ પહેલાં. જેને ભગવાનની પ્રતીત થઈ તેના ભવ ભગવાને જોયા જ નથી, એને ભવ છે જ નહિ. ધન્નાલાલજી!

મુમુક્ષુ :- બધાને ભગવાનની પ્રતીતિ છે.

ઉત્તર :- શું પ્રતીતિ છે? પોતાનો પૂર્ણાનંદનો નાથ નિજ સ્વભાવ ભગવાન એ કેવળજ્ઞાનનો પિંડ સર્વજ્ઞ. એના અંતરમાં જઈને જે પર્યાયમાં અનુભવ થાય તેને સર્વજ્ઞની પ્રતીત છે.

મુમુક્ષુ :- વ્યાખ્યા બદલાઈ ગઈ.

ઉત્તર :- એવી વાત છે. સમજણું કાંઈ? સર્વજ્ઞ જગતમાં છે એવી પ્રતીત કરવા જાય છે તો પોતાની પર્યાયમાં તો સર્વજ્ઞપણું છે નહિ, ત્યારે સર્વજ્ઞ છે એનો સ્વીકાર ક્યારે થાય?

કે જેમાંથી સર્વજ્ઞપદ નીકળે એવા દ્રવ્યની દૃષ્ટિ થાય ત્યારે સર્વજ્ઞની પ્રતીત એને થાય છે. નંદકિશોરજી! આ તો અમારે ૫૬ વર્ષ પહેલાની વાત છે. ૫૬ વર્ષ પહેલા સંપ્રદાયમાં હતાને. ઘણી ચર્ચા થઈ. મૂળચંદજી હતા અમારે એક ગુરુભાઈ એ બહુ વિવાદ કરતા હતા. બહુ કરતા હતા. અમે તો એમ જ કહ્યું કે સર્વજ્ઞ કેવળજ્ઞાનની પર્યાય જેને ભગવાન જ્ઞાનમાં બેસે તેને ભવ રહે અને ભગવાને ભવ દીઠા છે એવું કદી બનતું નથી. એક દિવસ તો સંપ્રદાયને છોડી દીધો હતો. છોડીની ચાલ્યા ગયા હતા. ૭૨ની વાત છે. દીક્ષા ૭૦માં થઈ. અમને એ વાત રુચતી નથી કીધું. ત્યારે તો આ પ્રવચનસાર અને સમયસાર જોયું પણ નહોતું. પણ મેં અંદરથી એમ કહ્યું કે ભગવાનની વાણી જેણે સાંભળી અને ભગવાનનું કેવળજ્ઞાન જેના હૃદયમાં બેસે તેને ભવ નથી. ભગવાને ભવ દીઠો જ નથી. ભગવાને દીઠું કે આ અલ્પ કાળમાં કેવળજ્ઞાન લેશે. એવું દીઠું છે. સમજાણું કાંઈ?

આ કહે છેને જુઓને. ચેતનાગુણના ભાવે ભેદજ્ઞાનીને સર્વસ્વ સોંપી દીધું છે. ભાઈ! ભેદજ્ઞાનીએ સર્વસ્વ સોંપી દીધું. 'સબ આગમ ભેદ સુ ઉર વસે.' આગમને શું કહેવું છે, સર્વજ્ઞને શું કહેવું છે એ બધું ભેદજ્ઞાનમાં આવી ગયું. ત્રણ લોકનો નાથ પૂર્ણાનંદ પ્રભુ અનંત ગુણનો પિંડ જેના ગુણની સંખ્યાનો પાર નથી, એવું જેણે એક દ્રવ્યમાં સંગ્રહ કરી લીધું છે એવો ભગવાન પરમાત્મા ચેતનાગુણવાળો છે એવી જ્યાં પ્રતીત અંદરમાં થઈ, તો કહે છે કે ચેતનાગુણે ભેદજ્ઞાનીને સર્વસ્વ સોંપી દીધું છે. સમસ્ત ભેદજ્ઞાન આગમને શું કહેવું છે, કેવળીને શું કહેવું છે એ બધું એને સોંપી દીધું છે. સમજાણું કાંઈ? આહા..હા..!

સ્વભાવભૂત છે એમ કહે છે જુઓને. ચેતનાગુણ તો સ્વભાવભૂત છે. વસ્તુનો, જીવનો, આત્માનો ચેતનાગુણ સ્વભાવભૂત છે. એ સ્વભાવભૂતની પક્કડ કરી તો સર્વસ્વ થઈ ગયો. ભગવાનને શું કહેવું છે અને ભગવાન શું કહે છે એનો બધો મર્મ આવી ગયો. સમજાણું કાંઈ?

**'–આવો ચૈતન્યરૂપ પરમાર્થસ્વરૂપ જીવ છે.'** જુઓ, લ્યો! છે છેલ્લો પેરેગ્રાફ? આહા..હા..! જેમ ઉપર કહ્યું તેમ. ચેતનાગુણ દ્વારા જેમાં પ્રકાશ થયો એવો ચેતનાગુણવાળો જીવ અને જેણે ભેદજ્ઞાનીઓને સર્વસ્વ સોંપી દીધું છે ગુણે. એ ગુણનો જેને અંદર આદર થયો, પૂરા તત્ત્વનો સાર એના જ્ઞાનમાં આવી ગયો. સમજાણું કાંઈ? આમ જાણવું નહિ, માનવું નહિ અને ઉપરથી વાત કરે. એ વાત કાંઈ ચાલે નહિ. આ તો પરમાત્મા સર્વજ્ઞનો માર્ગ અથવા સર્વજ્ઞ સ્વભાવી આત્માનો માર્ગ છે આ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પણ એમાં પુરુષાર્થ શું આવ્યો?

ઉત્તર :- પુરુષાર્થ. આહા..હા..! તારી પર્યાયદૃષ્ટિ અને રાગની દૃષ્ટિ છોડીને પૂર્ણાનંદ હું છું એવું વીર્યે કબુલ કર્યું એ અનંત પુરુષાર્થ થયો. એ પણ અનંત પુરુષાર્થ. અનંત પુરુષાર્થ

જે એમાં છે એનાથી અનંતમા ભાગે છે. વસ્તુમાં જે અનંત જ્ઞાન છે અને અનંત પુરુષાર્થ છે, એ પ્રગટમાં જે પુરુષાર્થ અનંત કર્યો એ તો અનંતમા ભાગે પુરુષાર્થ છે. અરે! કેવળજ્ઞાન થયું તોપણ અનંત સર્વજ્ઞ સ્વભાવની સામે અનંતમા ભાગે કેવળજ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવી વસ્તુ છે. એ વસ્તુનો પત્તો લે પ્રભુ એમ કહે છે. એ વસ્તુનો તારી પર્યાયબુદ્ધિ અને રાગબુદ્ધિમાં અનાદર કરી નાખ્યો છે. છે એને નહિ કરી દીધી એ તેં હિંસા કરી. દેવીલાલજી!

'જીવિયા વહોરવિયા' એનો અર્થ શું? જીવતરથી છોડાવે એ પરઘાત. એ તો પરની અપેક્ષા આવી. પણ પોતાનું જીવન ચૈતન્યગુણ અનંત પૂર્ણાનંદ પ્રભુ એવું જેનું જીવન ટકવું અસાધારણ જેનો સ્વભાવભૂત ભાવ એનો આદર ન કરતાં રાગ અને એક સમયની પર્યાયનો આદર કરવો એ જીવિયા વહોરવિયા છે. જીવિયા વહોરવિયા આવે છે શ્વેતાંબરમાં. ઈચ્છામિ પડિક્કમણું આવે છેને. ઈચ્છામી પડિક્કમણું આવે છે. કર્યું હતું કે નહિ? હીરાભાઈ! કર્યું હતું? એમ. ઈચ્છામી પડિક્કમણામાં નથી આવતું? ઈરિયા વિરિયા... જીવિયા વહોરવિયા તસ્સ મિચ્છામી દુક્કડમ. જાવ. પરનું જીવતર છોડી દીધું. ..ભાઈ! દિગંબરમાં નથી. ઈચ્છામી પડિક્કમણું આવે છે. પહેલા નમો અરિહંતાણં, બીજે .., ત્રીજું ઈચ્છામી, ચોથું તસ્સઉતરી, પાંચમું લોગસ્સ, છઠ્ઠું કરમેભંતિ, સાતમું લોગસ્સ. સામાયિક કરનારને સાત પાઠ આવે છે. સમજાણું કાંઈ? આપણે પણ છે પણ પ્રચાર નથી. છે દિગંબરમાં સામાયિકમાં છે. નમોત્થુણં છે પણ એનો બહુ પ્રચાર નથી.

મુમુક્ષુ :- દિગંબરમાં પાઠ છે ઈ.

ઉત્તર :- દિગંબરમાં પણ સામાયિક પાઠ છે એવો. પાઠ છેને. બધું જોયું છેને. પાઠ છે. નમોત્થુણંનો પાઠ છે. નમોસ્તુ અરિહંતાણં, ભગવંતાણં, આઈગયાણં.. બધું છે. પ્રચાર નથી. આમ પગે લાગે ચારે બાજુ ... એવી પ્રથા થઈ ગઈ છે. ચાર દિશાએ પગે લાગવું. શું વસ્તુ છે એની તો તને ખબર નથી. આહા..હા..!

મુમુક્ષુ :- બધું ઉડાવી દીધું.

ઉત્તર :- ઉડાવી દીધું નથી. જેવું હતું એવું કર્યું. અહીં લખ્યું હતું. આ ભાઈ આવતા હતા. વર્ણીજી નહિ? જિનેન્દ્રવર્ણી. ... એ સામાયિક કરતા હતા ત્યાં સાંજે ત્યાં દેરાસરની પાછળ કરતા હતા. ક્ષયોપશમવાળો જીવ છે. પણ અત્યારે તો ફરી ગયું. .. લીધું હતું. ઉતાવળથી લઈ લીધું. હજી સમ્યગ્દર્શન શું છે એના ભાન વિના વ્રત કેવા? અત્યારે તો શ્રદ્ધાથી ઘણા વિપરીત થઈ ગયા છે એવું સાંભળ્યું છે.

અહીંયાં કહે છે, આવો ચૈતન્યરૂપ પરમાર્થસ્વરૂપ જીવ છે. પરમાર્થસ્વરૂપ જીવ. એક સમયની પર્યાય અને રાગાદિ વ્યવહાર એ વ્યવહારઆત્મા એ નહિ. રાગાદિને જીવતત્ત્વ કહ્યું છે તત્ત્વાર્થસૂત્રમાં. સ્વતત્ત્વ. તત્ત્વાર્થસૂત્ર બીજા અધ્યાયમાં પહેલું સૂત્ર. જીવતત્ત્વ કહ્યું છે. ઉદયને

પણ જીવતત્ત્વ કહ્યું છે. વ્યવહારઆત્મા છેને ઈ? છે, એની પર્યાયમાં છેને. કાંઈ જડમાં થાય છે? સંસાર કોઈ જડમાં છે? એની પર્યાયમાં છે. વિકાર ઉદયભાવ એ સંસાર છે. સંસાર એનો નાશ કરવાનો છે. કાંઈ જડને નાશ કરવું છે?

**'–આવો ચૈતન્યરૂપ પરમાર્થસ્વરૂપ જીવ છે. જેનો પ્રકાશ નિર્મળ છે...'** જે ભગવાન ચૈતન્યમૂર્તિ ભગવાનને પકડી લીધો સમ્યગ્જ્ઞાનમાં ભેદજ્ઞાનથી તો એનો પ્રકાશ નિર્મળ છે. રાગનો મલિનભાવ એમાં છે નહિ. આહા..હા..! જેનો પ્રકાશ-ભગવાન ચેતનાગુણનો પ્રકાશ નિર્મળ છે એવો આ ભગવાન. જુઓ, ભાષા! **'એવા આ ભગવાન...'** એવો આ ભગવાન. ભગવાન ભગવાન પાસે રહ્યા. આહા..હા..! **'એવો આ ભગવાન આ લોકમાં...'** આ લોકની અંદર **'એક, ટંકોત્કીર્ણ, ભિન્ન જ્યોતિરૂપ વિરાજમાન છે.'** આહા..હા..! એવો ચેતનાગુણ સ્વભાવભૂતવાળો ભગવાન જેનો પ્રકાશ નિર્મળ છે એવો આ ભગવાન આ લોકમાં એક, એક સ્વરૂપ છે પોતાનું અને ટંકોત્કીર્ણ—ટાંકણાથી જેમ ખોદે, અદબદનાથ કાઢે એવી ચીજ અંદરથી કાઢી છે. ભિન્ન, જગતથી ભિન્ન, રાગથી ભિન્ન, આખી દુનિયાથી ભિન્ન એવો જ્યોતિરૂપ બિરાજમાન છે. એવો ચૈતન્યગુણવાળો જ્યોતિરૂપ બિરાજમાન ભગવાન છે. સમજાણું કાંઈ?

ભગવાન **'આ લોકમાં...'** આ લોકમાં એટલે જગતની અંદર **'એક, ટંકોત્કીર્ણ, ભિન્ન જ્યોતિરૂપ વિરાજમાન છે.'** આહા..હા..! અસ્તિરૂપ એવો સ્વભાવ એનો છે. એ બિરાજમાન ભગવાનને તપાસો. એની તપાસ કરો એમ કહે છે. બીજી તપાસ કરવાની છોડી દે અને આ તપાસ કર. આહા..હા..!

**'હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહી એવા આત્માના અનુભવની પ્રેરણા કરે છે :—'**

सकलमपि विहायाह्नाय चिच्छक्तिरिक्तं
स्फुटतरमवगाह्य स्वं च चिच्छक्तिमात्रम्।
इममुपरि चरन्तं चारु विश्वस्य साक्षात्
कलयतु परमात्मात्मानमात्मन्यनन्तम्।।३५।।

સમયસાર એનો કળશ છે આ. એનો કળશ છે. નિયમસારમાં લે છે પણ અહીંથી લે છે. આધારરૂપ એમનો પોતાનો કળશ છે. એનો અર્થ કરશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૩૫

(मालिनी)

सकलमपि विहायाह्नाय चिच्छक्तिरिक्तं
स्फुटतरमवगाह्य स्वं च चिच्छक्तिमात्रम्।
इममुपरि चरन्तं चारु विश्वस्य साक्षात्
कलयतु परमात्मात्मानमात्मन्यनन्तम्।।३५।।

હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહી એવા આત્માના અનુભવની પ્રેરણા કરે છેઃ-

શ્લોકાર્થ :— [चित्-शक्ति-रिक्तं] ચિત્શકિતથી રહિત [सकलम् अपि] અન્ય સકળ ભાવોને [अह्नाय] મૂળથી [विहाय] છોડીને [च] અને [स्फुटतरम्] પ્રગટપણે [स्वं चित्-शक्तिमात्रम्] પોતાના ચિત્શકિતમાત્ર ભાવનું [अवगाह्य] અવગાહન કરીને, [आत्मा] ભવ્ય આત્મા [विश्वस्य उपरि] સમસ્ત પદાર્થસમૂહરૂપ લોકના ઉપર [चारु चरन्तं] સુંદર રીતે પ્રવર્તતા એવા [इमम्] આ [परम्] એક કેવળ [अनन्तम्] અવિનાશી [आत्मानम्] આત્માનો [आत्मनि] આત્મામાં જ [साक्षात् कलयतु] અભ્યાસ કરો, સાક્ષાત અનુભવ કરો.

ભાવાર્થ :— આ આત્મા પરમાર્થે સમસ્ત અન્યભાવોથી રહિત ચૈતન્યશકિતમાત્ર છે; તેના અનુભવનો અભ્યાસ કરો એમ ઉપદેશ છે. ૩૫.

---

**શ્રાવણ સુદ-૧૪, બુધવાર, તા. ૨૩-૦૮-૧૯૭૨**
**ગાથા- ૫૦ થી ૫૫, કળશ-૩૫-૩૬, પ્રવચન-૧૪૧**

**નોંધ :- પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

૩૫મો કળશ છે. ફરીને કળશ.

सकलमपि विहायाह्नाय चिच्छक्तिरिक्तं
स्फुटतरमवगाह्य स्वं च चिच्छक्तिमात्रम्।
इममुपरि चरन्तं चारु विश्वस्य साक्षात्
कलयतु परमात्मात्मानमात्मन्यनन्तम्।।३५।।

'**चारु**'નો અર્થ જ પડ્યો રહ્યો છે, નહિ? ઓલામાં પણ નથી. અધ્યાત્મ તરંગિણીમાં પણ નથી. '**चारु**'નો શબ્દ પડ્યો રહ્યો છે. આચાર્ય મહારાજ કહે છે કે જેને સુખ જોઈતું હોય, સુખ કહો કે ધર્મ કહો, કેમકે સુખ આત્મામાં છે અને આત્મામાં જ્ઞાન, આનંદ આદિ ધર્મ છે, તો સુખ જોઈએ અથવા ધર્મ જોઈએ તેણે પોતાનો ચૈતન્ય શક્તિ ભગવાન આત્મા જે '**ચિત્શક્તિથી રહિત...**' પોતાનું જ્ઞાન અને આનંદ આદિ સ્વભાવથી જે રહિત '**અન્ય સકળ ભાવોને મૂળથી છોડીને...**' નાસ્તિથી વાત કરી છે. જેટલા વિકલ્પ છે શુભ-અશુભ રાગ કે ગુણ-ગુણીના ભેદનો રાગ (તેને છોડીને). જેને ચિત્શક્તિનો આનંદ જોઈએ છે તેણે આત્મામાં સુખ શોધવું. સુખ બીજે ક્યાંય નથી. સુખ કહો કે ધર્મ કહો. સમજાણું કાંઈ? સુખ નથી પુણ્ય-પાપના વિકલ્પમાં, સુખ નથી શરીરમાં, સુખ નથી સ્ત્રી, કુટુંબ, પરિવાર, પૈસા, આબરૂ, લક્ષ્મી, મકાનમાં સુખ નથી. પોતાના પરિણમમાં જે પુણ્ય થાય છે શુભ, દયા, દાન, વ્રત, ભક્તિ એમાં પણ સુખ નથી. સુખ તો ભગવાન આત્મામાં છે. અહીં ચિત્શક્તિથી લીધું છે પણ અંદર પેટામાં આનંદનો અનુભવ કરો એમ કહે છે. પોતાનું સ્વરૂપ જ્ઞાન શક્તિવંત એનાથી રહિત '**અન્ય સકળ ભાવોને મૂળથી છોડીને...**' એટલે કે ત્રિકાળી જ્ઞાયકશક્તિનું અવલંબન લઈને પરના ભાવને મૂળથી લક્ષમાંથી છોડી દે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન અમૃતનો સાગર છે ત્યાં શોધ. 'ખોજ પિંડ બ્રહ્માંડકા પત્તા તો લગ જાયે.' 'ખોજ પિંડ બ્રહ્માંડકા' પોતાનું સ્વરૂપ બ્રહ્માંડ ત્રિકાળી ચિત્શક્તિ, આનંદ શક્તિ, સ્વચ્છત્વ શક્તિ, પ્રભુત્વ શક્તિ વગેરે એનાથી રહિત (ભાવ છે) ત્યાં ન શોધ. ચિત્શક્તિ, આનંદશક્તિ માત્રમાં શોધ. આહા..હા..! સમજાણું કાંઈ? જેણે ધર્મ કરવો હોય કે સુખ પ્રાપ્ત કરવું હોય એક જ વસ્તુ છે. ધર્મ પ્રાપ્ત હોય અને અતીન્દ્રિય આનંદ ન હોય એવી વસ્તુ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ચિત્શક્તિથી રહિત...**' શક્તિ હોં સ્વભાવ. ત્રિકાળી જ્ઞાનસ્વભાવ, ત્રિકાળી આનંદસ્વભાવ એનાથી રહિત '**અન્ય સકળ ભાવોને મૂળથી છોડીને...**' મૂળમાંથી છોડીને. એના કોઈપણ વિકલ્પનું અવલંબન ન લેતા પૂર્ણાનંદ પ્રભુનું અવલંબન લે. આહા..હા..! ભારે ધર્મ! '**મૂળથી છોડીને પ્રગટપણે...**' ભગવાન આત્માનો પ્રત્યક્ષ જ્ઞાનસ્વરૂપનો પ્રત્યક્ષરૂપે અનુભવ કરો. સમજાણું કાંઈ? પૂર્ણ જ્ઞાન અને આનંદથી ભરેલો પ્રભુ આત્મા છે. એ રાગમાં શોધવાથી

નહિ મળે, વ્યવહારમાં શોધવાથી નહિ મળે. કેમકે ત્યાં છે નહિ. જ્યાં છે ત્યાં તો એકલી ચિત્શક્તિ અને આનંદશક્તિ આદિ પરિપૂર્ણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? છ ખંડનું રાજ હોય ચક્રવર્તીને, છન્નું હજાર સ્ત્રી હોય, ક્યાંય સુખ નથી દેખાતું. સુખ છે ક્યાં? અને શુભ અને અશુભભાવ જે ઉત્પન્ન થાય છે એ તો વિકાર છે, આકુળતા છે, ભઠ્ઠી છે, અગ્નિ છે, એમાં સુખ ક્યાં છે? આહા..હા..!

ધર્મ કહો કે આનંદની પ્રગટતા કહો. એ પ્રગટરૂપ કહ્યુંને? પ્રગટરૂપ ભગવાન ચિત્શક્તિ, આનંદસ્વરૂપ જે અનાદિથી પરોક્ષ છે, લક્ષમાં લીધું નથી, લક્ષમાં રાગાદિને લીધો છે એને છોડી દે. આહા..હા..! અને પ્રગટરૂપ ભગવાન ચિત્શક્તિ જ્ઞાનમય ભગવાનને પ્રત્યક્ષ કર. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! આ મોંઘુ માણસને લાગેને. અભ્યાસ નહિને એટલે પછી આ બીજો માર્ગ ઠીક છે એમ લાગે. પણ આ સિવાય ક્યાંય માર્ગ છે જ નહિ. સમજાણું કાંઈ?

'**પ્રગટપણે...**' પ્રત્યક્ષરૂપે. ચીજ પ્રત્યક્ષ છે અને એમાં ગુણ પણ પ્રત્યક્ષ થવાનો છે. સમજાણું કાંઈ? પ્રકાશ નામની શક્તિ છેને? ૪૭ શક્તિઓ છે એમાં પ્રકાશ નામની ૧૨મી શક્તિ છે. એ તો ગણતરીમાં એક પછી એક (લખે), ત્યાં તો બધી એક સાથે છે. એમાં સુખ નામની, પ્રકાશ નામની શક્તિ છે તો એ આત્મા જેને પૂર્ણાનંદનો પર્યાયમાં સ્વીકાર થાય તો એ પ્રત્યક્ષ આત્માને પકડે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે આત્માનો સ્વભાવ જ સ્વભાવથી જણાય એવો અને પ્રત્યક્ષ જ્ઞાતા જ એનો સ્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે કામ આકરું પણ ભાઈ આવું. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, ત્યાં શોધ, જા ત્યાં અને એ વસ્તુને પ્રત્યક્ષ, જ્ઞાનમાં પ્રત્યક્ષ પ્રગટ કર. વર્તમાન મતિ અને શ્રુતજ્ઞાન જે છે એ સ્વરૂપ સન્મુખ થતાં જ પ્રત્યક્ષ થઈ જાય છે અને પ્રત્યક્ષ હોવાથી આખો આત્મા પ્રત્યક્ષ અનુભવમાં આવ્યો. સમજાણું કાંઈ?

કહે છે કે '**પ્રગટપણે પોતાના ચિત્શક્તિમાત્ર ભાવનું...**' પોતાનો જ્ઞાનસ્વભાવ, ચૈતન્યભાવ, આનંદભાવ, ધ્રુવ સ્વભાવભાવ, એ ભાવનું '**અવગાહન કરીને...**' જેમ સમુદ્રમાં ડુબકી મારે એમ ભગવાન જ્ઞાનાનંદ સ્વભાવમાં અવગાહન નામ અંદર પ્રવેશ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અવગાહન નામ પ્રત્યક્ષ અનુભવ કરવો એનું નામ અવગાહન છે. રાગ અને પુણ્યમાં જે અવગાહન છે એ તો દુઃખરૂપ છે, મેલ છે. આહા..હા..! પોતાનો જ્ઞાનસ્વભાવ, આનંદસ્વભાવ, જાણપણું ભલે ઓછું હોય પણ એ વસ્તુની દૃષ્ટિ કરવામાં કોઈ વિશેષ જાણપણાની જરૂર નથી. સમજાણું કાંઈ? કહે છે, એ ભગવાન ચિત્શક્તિમાત્ર પ્રભુને પ્રત્યક્ષ કરીને રાગાદિ, વિકલ્પાદિ પર્યાયબુદ્ધિ છોડીને ધ્રુવને વિષય બનાવીને, ધ્રુવને ધ્યેય બનાવીને ધ્રુવમાં અવગાહન કર. હવે ધ્રુવમાં અવગાહન થાય? પણ એ પર્યાય એ તરફ વળી તો ધ્રુવમાં

અવગાહન થયું એમ કહેવામાં આવે છે. આહા..હા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

**'ચિત્શક્તિમાત્ર ભાવનું અવગાહન કરીને,...'** એમ ભાષા છેને? એનો અર્થ શું? શબ્દાર્થ લ્યો તો ધ્રુવમાં અવગાહન કરીને એમ આવે. કહો, અમરચંદભાઈ! પ્રભુ જ્યાં બિરાજે છે ધ્રુવ. એ તરફ દૃષ્ટિ અને જ્ઞાનને લઈ જા, તો એ ધ્રુવમાં અવગાહન કર્યું એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમુદ્રમાં પણ અવગાહન કરે છે તો ઊંડે-ઊંડે જઈને મોતી વીણે છે. સમુદ્રમાં જાય છેને? શોધનારો આમ બહારથી પવન આવે એવું અંદર રાખે છે રબ્બરની દોરી કે એવું. સમજ્યાને? પવન આવે બહારથી. ત્યાં તો પવન છે નહિ. તો આંખ ખુલ્લી રાખે અને જોવે એમાં એમ છે. પાણીમાં જવા છતાં આડો કાચ રાખ્યો હોય. એને પાણી અડતું નથી. આમ નજરે પડે. મોતી હોયને અંદરમાં?

એમ ભગવાન આત્મા અનંત ચૈતન્યરત્નાકર પ્રભુ એમાં અંદર ડૂબકી માર કહે છે. .. અવગાહન શું? ડૂબકી ધ્રુવમાં તો મારતો નથી. જેઠાભાઈ! પણ પર્યાય એ તરફ વળી તો એણે અંતરમાં અવગાહન કર્યું એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કરવું હોય તો આ કરવાનું છે. લાખ વાતની વાત આ નિશ્ચય ઉર આણો. ચિત્શક્તિ ભગવાન પૂર્ણ સત્તા ધ્રુવ હોવાપણે પ્રભુ બિરાજે છે એમાં આનંદ છે, જ્ઞાન છે, શાંતિ છે, સ્વચ્છતા છે, પ્રભુતા છે એ તરફ અવગાહન કરો. આહા..હા..! સમજાણું કાંઈ? આ ક્રિયા નથી? લોકો કહે છે કે ક્રિયા કાંઈ નથી, પણ આ ક્રિયા નથી?

મુમુક્ષુ :- દેખાતી નથી.

ઉત્તર :- ખરેખર તો એ જ દેખાય છે. પર જેમાં દેખાય એ તો જ્ઞાન છે. તો આ રાગ, આ .. આ.. આ.. કઈ સત્તામાં દેખાય છે? એ તો જ્ઞાનની સત્તામાં દેખાય છે. ખરેખર તો બીજી ચીજનું જ્ઞાન કરતાં એ પ્રત્યક્ષ અને પ્રસિદ્ધ છે. સમજાણું કાંઈ?

**'પ્રગટપણે પોતાના ચિત્શક્તિમાત્ર ભાવનું...'** જુઓ, ત્રિકાળ. **'અવગાહન કરીને,...'** એના ઉપર દૃષ્ટિ કરીને. તારી દૃષ્ટિ અને જ્ઞાનની પર્યાય એમાં પ્રસારવાથી. ધ્રુવ ઉપર પ્રસારવાથી એમાં અવગાહન કર્યું એમ કહેવામાં આવે છે. આહા..હા..! આવો માર્ગ સમજાય નહિને એટલે આકરો લાગે એટલે બીજે રસ્તે ચડી જાય. ત્યાં પણ કાંઈ પત્તો ન ખાય આત્માનો. સમજાણું કાંઈ? કહે છે કે એવો ચિત્શક્તિમાત્ર. ભાષા છેને. ચિત્શક્તિ જ્ઞાનમાત્ર, આનંદમાત્ર. જેમાં વિકલ્પનો અવકાશ નથી. આહા..હા..! જેમાં તીર્થંકરગોત્ર બંધાય એ ભાવનો પણ જેમાં અવકાશ નથી. જેમાં સર્વાર્થસિદ્ધના આયુષ્યનો બંધ પડે એવા ભાવનો પણ જ્યાં સ્પર્શ નથી. ભગવાન ચિત્શક્તિ માત્ર પ્રત્યક્ષ કરીને અવગાહન કરો. આહા..હા..!

**'સમસ્ત પદાર્થસમૂહરૂપ લોકના ઉપર...'** પ્રવર્તમાન. એમાં થોડો શબ્દ પડ્યો રહ્યો છે ઓલો **'ચારુ'**નો ભાઈ! અંદર **'ચારુ'** શબ્દ છેને. નાખ્યો છે. સુંદર આનંદ. **'ચારુ'** શબ્દે

સુંદર આનંદ. '**પદાર્થસમૂહરૂપ લોકના ઉપર...**' વિકલ્પની ઉપર અંદર ભિન્ન આનંદરૂપી ભાવમાં પ્રવર્તમાન એકમાત્ર આનંદરૂપી પરમાત્મા સુંદર-સુંદર આનંદ. આ વિષયનું સુખ અને ઈન્દ્રનું સુખ બહારનું એ તો ઝેર સુખ છે, ઝેરનો અનુભવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પાંચ ઈન્દ્રિયના વિષયમાં રતિ કરવી એ તો ઝેરમાં રતિ કરવાની છે. ભગવાન આત્મા મહાસત્તા હોવાપણે પ્રભુ બિરાજે છે. એમાં અવગાહન કરને. એ તરફ ઝુકાવ કરને, તેને પ્રત્યક્ષ કરને. એમાં તને સુંદર આનંદ આવશે. કહો, સમજાણું કાંઈ? એ લાખ વાતું કરે. આમ છે ને તેમ છે ને ફલાણું છે. એ બધી વાતું આ સાર માટે છે. આહા..હા..!

ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ 'ખોજ પિંડ બ્રહ્માંડકા તો પત્તા લગ જાયે.' ભગવાન આત્મા બ્રહ્માંડ છે એમાં ખોજ. ખોજી થઈને ખોજ. 'વાદ વિવાદ કરે સો અંધા. ખોજી સો જીવે વાદી સો મરે.' અમારે તો બહુ ચર્ચા ચાલતી હતીને સંપ્રદાયમાં? એક હતા. ૪૦ વર્ષ પહેલાં વાદ જ કર્યા કરે. કોઈપણ પ્રશ્ન ઉઠે તો એની સામે વાદ કરે. કીધું, વાદ એમ ન હોય, શેઠ! કાળલબ્ધિ આમ થાય, ઢીંકણું આમ થાય. એ બધું છે સાંભળો! 'ખોજી જીવે વાદી મરે .. કહત હૈ.' એમાં છે. શેમાં? સમયસાર નાટકમાં. બહુ પહેલા ચર્ચા થતી હતી અમારે. ૮૩માં બહુ ચર્ચા થતી હતી. ૪૫ વર્ષ થયાને. ૮૩ની સાલ. 'ખોજી જીવે' ભાઈ! ભગવાન આત્માને ખોજનારા જીવનને સુંદર બનાવે છે. વાદવિવાદ કરનારો તો મરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો આ બધું ક્યાંય સુખ ન મળે? આ પૈસામાં પણ સુખ નહિ? ભગવાનભાઈ! કેટલું મૂકીને! દેશ મૂકીને ત્યાં ગયા, નાઈરોબી મોમ્બાસા. કેટલા પૈસા! ક્યાં ગયા જુગરાજજી? આઘા બેઠા છે? ત્યાં બેઠા છે. એય..! શેઠ! આહા..હા..! પ્રભુ! ત્યાં તારા સુખની ગંધ નથી. ત્યાં તો દુઃખની ગંધ છે. આહા..હા..! લક્ષ્મીમાં ઝુકાવ કરવાથી તને દુઃખ થાય છે. સ્ત્રી આદિના વિષયમાં ઝુકાવ કરવાથી પ્રભુ! તને દુઃખ થાય છે. ઝેર ચડે છે. શું કહેવાય? સમજાય છે? અંદર ઝેરની ખુમારી ચડે છે. આહા..હા..! તને ખબર નથી.

ભગવાન આનંદની મૂર્તિ (છે). મૃગની નાભીમાં કસ્તુરી, એમ ભગવાન આત્મા અંદરમાં પરમ આનંદની કસ્તુરી પડી છે. એવા આનંદનો ચારુ નામ મનોહર, લોકની ઉપર પ્રવર્તમાન એમ. લોક શબ્દે વિકલ્પ અને પર્યાયથી ખસીને અંતરમાં જવાથી તને ચારુ-મનોહર આનંદ થશે. જે આનંદના એક સમયના સ્વાદ આગળ ચૌદ બ્રહ્માંડ અને ઈન્દ્રના સુખ પણ સડેલા તરણા જેવા દેખાય છે. આહા..હા..!

સમકિતી ચક્રવર્તી હોય, ઈન્દ્ર હોય. આમ દેખાય રત્નના સિંહાસન ઉપર બેઠા હોય. ચક્રવર્તી બેઠા હોય અને સાથે ઈન્દ્ર એના મિત્ર આવે. લ્યો! હીરાના સિંહાસન અને ચક્રવર્તી બેઠા હોય. ... અબજો રૂપિયાના કિંમતના એવો ૬૪ હાર. સાથે ઈન્દ્ર (બેઠા હોય). કેટલો આનંદનો સંયોગ છે. શુકનચંદજી! દુઃખનો સંયોગ છે એ તો. આહા..હા..! પર ઉપર લક્ષ

જાય તો આકુળતા ઉત્પન્ન થાય છે એમ કહે છે. ભગવાન સાથે બિરાજે છે એની સામું નજર ન કર, એ ચીજ જેમાં નથી એની સામે નજર કર તો દુઃખ ઉત્પન્ન થાય છે. એ દુઃખને તે સુખ માને છે. એ જ મિથ્યાત્વભાવ છે. એનું નામ મિથ્યાદર્શન શલ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ મિથ્યાત્વના નામ.. મિથ્યાત્વ તો એને કહીએ કે જે ચીજમાં નથી એમાં એ માને તે મિથ્યાત્વ છે. તો પરમાં સુખ નથી, રાગમાં, પુણ્યમાં સુખ નથી અને એમાં સુખ લહેજત અને મજા આવે છે એવી માન્યતા જે મિથ્યાત્વભાવ છે. આહા..હા..! જૂઠો ભાવ છે. મિથ્યાત્વ શબ્દે જૂઠો ભાવ. જૂઠો ભાવ તે દુઃખરૂપ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**લોકના ઉપર સુંદર રીતે પ્રવર્તતા...**' લોક શબ્દે વિકલ્પ આદિથી માંડીને પોતાની પર્યાયથી ભિન્ન એ બધા લોકથી ખસીને. આહા..હા..! ઉપર પ્રવર્તમાન. ચિદાનંદ ભગવાન ઉપર પ્રવર્તમાન છે, લોકથી ઉપર પોતામાં પ્રવર્તમાન છે. આહા..હા..! આચાર્યે એક કળશ નાનો રચ્યો છે પણ ભરી દીધો છે ગાગરમાં સાગર. નક્શામાં સમુદ્ર દેખાડે તો જ્યાં દેખાડે એટલામાં દેખાડે છે? નક્શામાં. નક્શા સમજો છો? શું કહે છે? નક્શો કહે છે. એવું નક્શાનું ચિત્ર કર્યું છે. આમ દેખાડે છે. ભગવાન! તારો આનંદસ્વરૂપ તારો નક્શો છે અંદરમાં એને દેખને. આહા..હા..!

'**સમસ્ત પદાર્થસમૂહરૂપ લોકના ઉપર પ્રવર્તતા એવા આ એક કેવળ અવિનાશી આત્માનો આત્મામાં જ...**' છેને પાઠમાં? '**परमात्मात्मानमात्मन्यनन्तम्**' આત્માને આત્માથી. આત્માને આત્માથી એનો અર્થ શું? આત્મામાં '**એક કેવળ અવિનાશી આત્માનો આત્મામાં જ...**' પોતાની નિર્મળ પર્યાય દ્વારા એ આત્મા પોતાના નિર્મળ ત્રિકાળભાવમાં અભ્યાસ કરો. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો અધ્યાત્મની વાત છેને ભગવાન! કદી એણે લક્ષમાં લીધું જ નથી. અગિયાર અંગ પણ ભણી ગયો. ભણી ગયો. નવ પૂર્વ પણ ભણી ગયો. આ ચીજ આખા લોકથી ઉપર ભિન્ન પોતાના આનંદથી મોજૂદ પ્રત્યક્ષ છે એવી ચીજ પરથી ભિન્ન પ્રવર્તે છે. આહા..હા..!

મુમુક્ષુ :- અગિયાર અંગમાં સમયસાર શાસ્ત્ર તો આવ્યું હશેને.

ઉત્તર :- અગિયાર અંગમાં સમયસાર આવ્યું નથી. એમાંથી સમયસાર કાઢ્યું છે. પૂર્વમાંથી કાઢ્યું આત્મપ્રવાદ. જ્ઞાનપ્રવાદ પહેલા આવ્યુંને ચૌદ પૂર્વમાં. ઓહો..હો..! 'એગં જાણહિ સવ્વં જાણહિ' એ આચારાંગના શબ્દ છે લ્યો! શ્વેતાંબરમાં એ છે પણ અહીંયા પણ એ છે.

ભગવાન આત્મા વિશ્વ નામ સમસ્ત વસ્તુથી ભિન્ન પોતાના સ્વરૂપને જેણે જાણ્યું તેણે બધું જાણ્યું. અને એ જાણવામાં ન આવ્યું તો કાંઈ જાણ્યું નથી. આહા..હા..! દુનિયામાં તો આમ ડાહ્યા બહુ ગણાય. કરોડપતિ હોય અને અબજપતિ હોય. જડનો પતિ. લખપતિ ને કરોડપતિ ને અબજપતિ, પત્નીનો પતિ, નરપતિ. મનુષ્ય નરપતિ—મનુષ્યનો પતિ. પતિ

પરનો? જડ છે આહા..હા..! પરને સ્વામી માનવો એ જ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! પણ સારા દીકરા હોય, વહુ સારુ હોય. એનાથી સંસાર શોભે કે નહિ? દીકરા વળી જીવને હોય? જીવને બાપ હોય? જીવને તો આનંદ અને જ્ઞાનાનંદ સ્વભાવ છે. આહા..હા..! પાંચ-સાત દીકરા હોય, કન્યા સારી હોય, કરોડપતિની કન્યાઓ આવી હોય, આમ બેઠા હોય તો જાણે ચક્રવર્તીનું રાજ હોય અને બેઠો હોય એમ લાગે. આહા..હા..! મૂઢ છે, ભાઈ! તારામાં આનંદનો નાથ બિરાજે છે. અતીન્દ્રિય આનંદની ખાણ નિધાન તારી ચીજ છે. તેને શોધતો નથી, ખોજતો નથી, સામું દેખતો નથી, પર સામું જોતા તને સુખ થાય છે કે ધર્મ થાય છે? એક જ વાત છે. ધર્મ થાય અને અતીન્દ્રિય આનંદ ન થાય એમ નથી અને અતીન્દ્રિય આનંદ હોય તેને ધર્મ ન હોય એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે ભવ્ય આત્મા. આત્માનો ભવ્ય આત્મા **'આત્મામાં જ...'** આહા..હા..! પોતાની નિર્મળદશા દ્વારા નિર્મળ ત્રિકાળીમાં જ અભ્યાસ કરો. લ્યો આ અભ્યાસ. અંતર અનુભવ કરો એ અભ્યાસ. **'कलयतु'** છેને? **'कलयतु'** બરાબર છે. **'अवगाह्य'**, **'स्फुटतरम्'** અને **'कलयतु'** ત્રણ શબ્દ મૂક્યા છે. આહા..હા..! અંદરમાં ભગવાન સાક્ષાત્ બિરાજે છે પ્રભુ! પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાન આદિ અનંત શક્તિનું નિધાન ચૈતન્ય નિધાન એ પ્રગટ છે, સાક્ષાત્ છે, પ્રત્યક્ષ છે, આનંદ છે. આહા..હા..! એવા આત્માને આત્મામાં. આત્માને આત્માથી, રાગથી, વિકલ્પથી અને વ્યવહારથી એનાથી તો એ ભિન્ન છે. સમજાણું કાંઈ? આહા..હા..! અંદર ચૈતન્ય ભગવાન એની નિર્મળ પર્યાય દ્વારા આત્મામાં અભ્યાસ કરો. લ્યો આ અભ્યાસ. સમજાણું કાંઈ? રાગનો અભ્યાસ, સંથારો કરવા માટે અભ્યાસ કરો. ... શરીર કષ્ટ કરવાનો. એ બધું આ છે. સમજાણું કાંઈ?

**'સાક્ષાત અનુભવ કરો.'** આહા..હા..! **'સાક્ષાત અનુભવ કરો.'** એમ છેને? આહા..હા..! **'कलयतु'** અભ્યાસ કર તું. આહા..હા..! આનંદસ્વરૂપનો પહેલા વિકલ્પથી નિર્ણય કરીને, વિકલ્પથી પહેલા આત્મા કેવો, કેવડો છે? એવો ભગવાને જોયેલો એવો આત્મા એ વિકલ્પથી, રાગમિશ્રિત મનથી નિર્ણય કર. પછી વિકલ્પ છોડી દે. સમજાણું કાંઈ? એવા અભ્યાસને અહીંયાં સમ્યગ્દષ્ટિ કહે છે. આહા..હા..! ભારે લૂખ્ખું લાગે. અને એવું લાગે કે આ એકની (એક) વાત આવે છે. બાપા! તારા ઘરની વાત તો જે હોય તે આવેને. આહા..હા..! સાક્ષાત્ અનુભવો. પ્રત્યક્ષ થઈને આનંદનો અનુભવ કરો. આહા..હા..! મૂળ વિશ્વાસ નથી આવતો. વિશ્વાસ કર. આ અનંત આનંદ ને અનંત જ્ઞાન અને મહાપરમાત્મસ્વરૂપ જેને ભગવાન પણ વાણીમાં કહે છે કે પૂર્ણ કહી શકે નહિ. એક અપેક્ષાએ પૂર્ણ કહ્યું છે. પાંચમી ગાથામાં આવે છે. પૂર્ણ કહે છે, પૂર્ણ કહે છે. સમયસાર પાંચમી ગાથામાં આવ્યું છે. ઓહો..હો..! **'સાક્ષાત અનુભવ કરો.'**

**'ભાવાર્થ :— આ આત્મા પરમાર્થે...' 'આ આત્મા પરમાર્થે સમસ્ત અન્યભાવોથી રહિત ચૈતન્યશકિતમાત્ર છે;...'** એ તો ચેતનાસ્વભાવમાત્ર છે. તો ચેતનામાં આનંદ આદિ આવી ગયા હોં! રાગાદિ નથી, પુણ્યાદિ નથી એ માટે માત્ર કહ્યું છે. બાકી ચેતનામાં અનંતગુણ છે એ ચેતના સ્વભાવ સાથે આવી ગયો. જ્ઞાનની સાથે આનંદ અવિનાભાવી છે અંદર. જ્યાં જ્ઞાન છે ત્યાં આનંદ છે અને આનંદ છે ત્યાં જ્ઞાન છે. બહુ વાત ટૂંકી ઘણી, પણ ઊંચી ઘણી. એટલે કેટલાક કહે છેને કે સોનગઢની વાત તો... સોનગઢની. ભાઈ! સોનગઢની છે કે આ ભગવાનની છે? સોનગઢને નામે કહે. એક કહેતા હતા ભાઈ તમારા દેવચંદજી. પ્રોફેસર છેને. અમથી વાત જો કરીએ, નામ આપીએ સોનગઢનું ત્યાં ભડકે. દેવચંદજી કહેતા હતા. પ્રોફેસર છેને. જો ત્યાં અમથી વાત કરીએ સોનગઢનું નામ દીધા વિના તો કહે હા. પણ આ સોનગઢથી એમ કહે છે (એમ કહીએ તો ભડકે). સમજતા નથી. આહા..હા..!

મુમુક્ષુ :- બીજાને બેસે એવી નથી એટલે.

ઉત્તર :- એવી ચીજ છે. છે વાત એવી પણ બેસે એવી જ છે, પણ બેસે એવી નથી એવું માન્યું છે એણે. સમજાણું કાંઈ? અહીં તો કેવળી પ્રત્યક્ષ હોય એવો જ એનો સ્વભાવ છે. સ્વભાવથી-પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા જ છે. આહા..હા..!

**'આ આત્મા પરમાર્થે સમસ્ત અન્યભાવોથી રહિત ચૈતન્યશકિતમાત્ર છે; તેના અનુભવનો અભ્યાસ કરો...'** લ્યો! અંતર્મુખ થવાનો અભ્યાસ કરો. બહિર્મુખનો અભ્યાસ છોડી દે. આહા..હા..! **'એમ ઉપદેશ છે.'** એવો ભગવાનનો ઉપદેશ છે. ગુરુ અમૃતચંદ્રાચાર્ય, કુંદકુંદાચાર્ય આદિનો આ ઉપદેશ છે.

## શ્લોક-૩૬

(अनुष्टुभ्)

चिच्छक्तिव्याप्तसर्वस्वसारो जीव इयानयम्।
अतोऽतिरिक्ताः सर्वेऽपि भावाः पौद्गलिका अमी।।३६।।

હવે ચિત્શકિતથી અન્ય જે ભાવો છે તે બધા પુદ્ગલદ્રવ્યસંબંધી છે એવી આગળની ગાથાની સૂચનિકારૂપે શ્લોક કહે છે :-

શ્લોકાર્થઃ- [चित्-शक्ति-व्याप्त-सर्वस्व-सार:] ચૈતન્યશકિતથી વ્યાપ્ત જેનો સર્વસ્વ-

સાર છે એવો [अयम् जीवः] આ જીવ [इयान्] એટલો જ માત્ર છે; [अतः अतिरिक्ताः] આ ચિત્શકિતથી શૂન્ય [अमी भावाः] જે આ ભાવો છે [सर्वे अपि] તે બધાય [पौद्गलिकाः] પુદ્‌ગલજન્ય છે—પુદ્‌ગલના જ છે. ૩૬.

## કળશ-૩૬ ઉપર પ્રવચન

૩૬મો કળશ.

चिच्छक्तिव्याप्तसर्वस्वसारो जीव इयानयम्।
अतोऽतिरिक्ताः सर्वेऽपि भावाः पौद्गलिका अमी।।३६।।

**'હવે ચિત્શકિતથી અન્ય જે ભાવો છે તે બધા પુદ્‌ગલદ્રવ્યસંબંધી છે એવી આગળની ગાથાની સૂચનિકારૂપે શ્લોક કહે છે :—'**

**'ચૈતન્યશકિતથી વ્યાપ્ત...'** જ્ઞાન આદિથી વ્યાપ્ત-પ્રસરેલો, ચૈતન્યશક્તિથી વ્યાપ્ત-પ્રસરેલો **'જેનો સર્વસ્વ-સાર છે...' 'ચૈતન્યશકિતથી વ્યાપ્ત જેનો સર્વસ્વ...'** જ્ઞાન, આનંદ, સુખ, શાંતિ આદિનો સર્વ સાર છે. એમ શબ્દ છેને? **'સર્વસ્વ-સાર છે...'** પોતાનું સર્વ નામ પૂર્ણ પોતાનો એ સાર છે. પૂર્ણ આનંદ, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન, પૂર્ણ વીર્ય, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ પ્રભુતા એ એની સાથે ચૈતન્યશક્તિનો સર્વસ્વ સાર છે. **'એવો આ જીવ...'** જુઓ, **'સર્વસ્વ-સાર છે એવો આ જીવ...'** જેમાં અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ-ચારિત્ર, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા આદિ સર્વસ્વ સાર પ્રભુ છે. આહા..હા..! **'એવો આ જીવ...'**

**'સર્વસ્વ-સાર છે એવો આ જીવ એટલો જ માત્ર છે;...'** એટલો જ માત્ર છે. સર્વસ્વ-સાર ચિત્શક્તિમાત્રથી સર્વ છે એટલો માત્ર આત્મા છે. વિકલ્પ આદિ છે એ બધા પુદ્‌ગલ છે એમ કહે છે. આહા..હા..! અજીવ છે. એ દયા, દાન, વ્રતના પરિણામ અજીવ. આહા..હા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ અજીવ. એવી ચીજ છે ભાઈ! જીવ તો એને કહીએ, જેમાં ચૈતન્ય અને આનંદ આદિ ભર્યો છે એ. એ સિવાય એટલો માત્ર છે **'આ ચિત્શક્તિથી શૂન્ય...'** ઓહો..હો..! શુભ-અશુભ ભાવમાં ચૈતન્યશક્તિથી ખાલી ભાવ છે, એ ભાવમાં ચૈતન્યશક્તિનો અભાવ છે. કહો, જેઠાભાઈ! તો આ બધું શું કર્યું અત્યાર સુધી? ઊના પાણી પીવે ને આ કરે ને તે કરે. મહેનત કરીને મરી ગયો અંદરથી. કહે છે કે એ બધા વિકલ્પ ચૈતન્યશક્તિથી શૂન્ય છે. સમજાણું કાંઈ? આવો ઉપદેશ કેવો

આ? ભાઈ! તારું સ્વરૂપ એવું જ છે. થોડામાં સમજ, વિશેષમાં સમજ, ચાહે તો અત્યારે સમજ, ચાહે તો અનંત કાળે સમજ, પણ વસ્તુ તો આવી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'એટલો જ માત્ર છે; આ ચિત્શકિતથી શૂન્ય જે આ ભાવો છે તે બધાય પુદ્‌ગલજન્ય છે—પુદ્‌ગલના જ છે.'** અહીં તો પુદ્‌ગલના પરિણામ એમ નહિ. પુદ્‌ગલદ્રવ્ય એમ જ કહી દીધું ભાઈ! આહા..હા..! પુદ્‌ગલના પરિણામ અને પુદ્‌ગલ બેય એક જ વસ્તુ છે. દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પ જે છે એ પુદ્‌ગલના પરિણામ એ પુદ્‌ગલદ્રવ્ય જ છે, એ ચૈતન્યદ્રવ્ય નથી. આહા..હા..! શુકનચંદજી! આવી વાત છે. મહા ભગવાન તારો પ્રભુ તારામાં ડોલે. તારો પ્રભુ તારામાં ડોલે. એવો ચૈતન્યશક્તિથી શૂન્ય, ચાહે તો ભગવાનની વાણી સાંભળવાનો વિકલ્પ ઉઠે એ વિકલ્પ પણ ચૈતન્યશક્તિથી શૂન્ય છે. આહા..હા..! ચાહે તો ઉપદેશ ભગવાને કહ્યો એ કહે, તો એમાં છદ્મસ્થને તો વિકલ્પ છે તો એ વિકલ્પ પણ આત્માનો સ્વભાવ નથી. એ વિકલ્પ ચૈતન્યશક્તિથી શૂન્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પુદ્‌ગલદ્રવ્ય છે. **'તે બધાય પુદ્‌ગલજન્ય છે—પુદ્‌ગલના જ છે.'** પાઠમાં તો એમ લીધુંને? **'पौद्गलिका अमी'** **'पौद्गलिका अमी'** એ પુદ્‌ગલ જ છે એમ લખ્યું છે. સમજાણું કાંઈ? પછી એમણે જરી ખુલાસો વળી કઠણ પડે તો કહ્યું કે પુદ્‌ગલજન્ય છે એમ કર્યું. **'તે બધાય પુદ્‌ગલજન્ય છે—પુદ્‌ગલના જ છે.'** આહા..હા..!

મુમુક્ષુ :- પૌદ્‌ગલિક પડ્યું છે.

ઉત્તર :- પુદ્‌ગલના જ છે.

---

## ગાથા–૫૦ થી ૫૫

जीवस्स णत्थि वण्णो ण वि गंधो ण वि रसो ण वि य फासो।
ण वि रुवं ण सरीरं ण वि संठाणं ण संहणणं।।५०।।
जीवस्स णत्थि रागो ण वि दोसो णेव विज्जदे मोहो।
णो पच्चया ण कम्मं णोकम्मं चावि से णत्थि।।५१।।
जीवस्स णत्थि वग्गो ण वग्गणा णेव फड्ढया केई।
णो अज्झप्पट्ठाणा णेव य अणुभागठाणाणि।।५२।।

जीवस्स णत्थि केई जोयट्ठाणा ण बंधठाणा वा।
णेव य उदयट्ठाणा ण मग्गणट्ठाणया केई।।५३।।
णो ठिदिबंधट्ठाणा जीवस्स ण संकिलेसठाणा वा।
णेव विसोहिट्ठाणा णो संजमलद्धिठाणा वा।।५४।।
णेव य जीवट्ठाणा ण गुणट्ठाणा य अत्थि जीवस्स।
जेण दु एदे सव्वे पोग्गलदव्वस्स परिणामा।।५५।।
जीवस्य नास्ति वर्णो नापि गन्धो नापि रसो नापि च स्पर्शः।
नापि रूपं न शरीरं नापि संस्थानं न संहननम्।।५०।।
जीवस्य नास्ति रागो नापि द्वेषो नैव विद्यते मोहः।
नो प्रत्यया न कर्म नोकर्म चापि तस्य नास्ति।।५१।।
जीवस्य नास्ति वर्गो न वर्गणा नैव स्पर्धकानि कानिचित्।
नो अध्यात्मस्थानानि नैव चानुभागस्थानानि।।५२।।
जीवस्य न सन्ति कानिचिद्योगस्थानानि न बन्धस्थानानि वा।
नैव चोदयस्थानानि न मार्गणास्थानानि कानिचित्।।५३।।
नो स्थितिबन्धस्थानानि जीवस्य न संक्लेशस्थानानि वा।
नैव विशुद्धिस्थानानि नो संयमलब्धिस्थानानि वा।।५४।।
नैव च जीवस्थानानि न गुणस्थानानि वा सन्ति जीवस्य।
येन त्वेते सर्वे पुद्गलद्रव्यस्य परिणामाः।।५५।।

यः कृष्णो हरितः पीतो रक्तः श्वेतो वा वर्णः स सर्वोऽपि नास्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यः सुरभिर्दुरभिर्वा गन्धः स सर्वोऽपि नास्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यः कटुकः कषायः तिक्तोऽम्लो मधुरो वा रसः स सर्वोऽपि नास्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्ननत्वात्। यः स्निग्धो रूक्षः शीतः उष्णो गुरुर्लघुर्मृदुः कठिनो वा स्पर्शः स सर्वोऽपि नास्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यत्स्पर्शादिसामान्यपरिणाममात्रं रूपं तन्नास्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यदौदारिकं वैक्रियिकमाहारकं तैजसं कार्मणं वा शरीरं तत्सर्वमपि नास्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यत्समचतुरस्रं न्यग्रोधपरिमण्डलं स्वाति कुब्जं वामनं हुण्डं वा संस्थानं तत्सर्वमपि नास्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यद्वज्रर्षभनाराचं वज्रनाराचं नाराचमर्धनाराचं कीलिका अम्प्राप्तासृपाटिका वा संहननं तत्सर्वमपि नास्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे यत्यनुभूतेर्भिन्नत्वात्। यः प्रीतिरूपो रागः स सर्वोऽपि नास्ति

जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। योऽप्रीतिरूपो द्वेषः स सर्वोऽपि नास्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यस्तत्त्वाप्रतिपत्तिरूपो मोहः स सर्वोऽपि नास्ति जीवस्य पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। ये मिथ्यात्वाविरतिकषाययोगलक्षणाः प्रत्ययास्ते सर्वेऽपि न सन्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यद् ज्ञानावरणीयदर्शनावरणीयवेदनीय-मोहनीयायुर्नामगोत्रान्तरायरूपं कर्म तत्सर्वमपि नास्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यत्षट्पर्याप्तित्रिशरीरयोग्यवस्तुरूपं नोकर्म तत्सर्वमपि नास्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यः शक्तिसमूहलक्षणो वर्गः स सर्वोऽपि नास्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। या वर्गसमूहलक्षणा वर्गणा सा सर्वापि नास्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यानि मन्दतीव्ररसकर्मदलविशिष्टन्यासलक्षणानि स्पर्धकानि तानि सर्वाण्यपि न सन्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यानि स्वपरैकत्वाध्यासे सति विशुद्धचित्परिणामातिरिक्तत्वलक्षणान्यध्यात्मस्थानानि तानि सर्वाण्यपि न सन्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यानि प्रतिविशिष्टप्रकृतिरसपरिणामलक्षणा-न्यनुभागस्थानानि तानि सर्वाण्यपि न सन्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यानि कायवाङ्मनोवर्गणापरिस्पन्दलक्षणानि योगस्थानानि तानि सर्वाण्यपि न सन्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यानि प्रतिविशिष्ट प्रकृति परिणामलक्षणानि बन्धस्थानानि तानि सर्वण्यापि न सन्ति जीवस्य, पुद्गलद्रव्य परिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात। सर्वाण्यापि न सन्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुं भूतेर्भिन्नत्वात्। यानि स्वफलसम्पादनसमर्थकर्मावस्थालक्षणान्युदयस्थानानि तानि सर्वाण्यपि न सन्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यानि गतीन्द्रियकाययोगवेदकषायज्ञानसंयमदर्शनलेश्याभव्यसम्यक्त्वसंज्ञाहारलणक्षानि मार्गणास्थानानि तानि सर्वाण्यपि न सन्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यानि प्रतिविशिष्टप्रकृतिकालान्तरसहत्वलक्षणानि स्थितिबन्धस्थानानि तानि सर्वाण्यपि न सन्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यानि कषायविपाकोद्रेकलक्षणानि संक्लेशस्थानानि तानि सर्वाण्यपि न सन्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यानि कषायविपाकानुद्रेकलक्षणानि विशुद्धिस्थानानि तानि सर्वाण्यपि न सन्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यानि चारित्रमोहविपाकक्रमनिवृत्तिलक्षणानि संयमलब्धिस्थानानि तानि सर्वाण्यपि न सन्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यानि

पर्याप्तापर्याप्तबादरसूक्ष्मैकेन्द्रियद्वीन्द्रियत्रीन्द्रियचतुरिन्द्रियसंज्ञ्यसंज्ञिपंचेन्द्रियलक्षणानि जीवस्थानानि तानि सर्वाण्यपि न सन्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यानि मिथ्यादृष्टिसासादनसम्यग्दृष्टिसम्यग्मिथ्यादृष्टयसंयतसम्यग्दृष्टिसंयतासंयतप्रमत्तसंयताप्रमत्त-संयतापूर्वकरणोपशमकक्षपकानिवृत्तिबादरसांरायोपशमकक्षपकसूक्ष्मसाम्परायोप-शमकक्षपकोपशांतकषायक्षीणकषायसयोगकेवल्ययोगकेवलिलक्षणानि गुणस्थानानि तानि सर्वाण्यपि न सन्ति जीवस्य, पुद्गलद्रव्य-परिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्।

---

એવા એ ભાવોનું વ્યાખ્યાન છ ગાથાઓમાં કરે છેઃ-

**નથી વર્ણ જીવને, ગંધ નહિ, નહિ સ્પર્શ, રસ જીવને નહીં,**
**નહિ રૂપ કે ન શરીર, નહિ સંસ્થાન, સંહનને નહીં; ૫૦.**
**નથી રાગ જીવને, દ્વેષ નહિ, વળી મોહ જીવને છે નહીં,**
**નહિ પ્રત્યયો, નહિ કર્મ કે નોકર્મ પણ જીવને નહીં; ૫૧.**
**નથી વર્ગ જીવને, વર્ગણા નહિ, સ્પર્ધકો કંઈ છે નહીં,**
**અધ્યાત્મસ્થાન ન જીવને, અનુભાગસ્થાનો પણ નહીં, ૫૨.**
**જીવને નથી કંઈ યોગસ્થાનો, બંધસ્થાનો છે નહીં,**
**નહિ ઉદયસ્થાનો જીવને, કો માર્ગણાસ્થાનો નહીં; ૫૩.**
**સ્થિતિબંધસ્થાન ન જીવને, સંકલેશસ્થાનો પણ નહીં,**
**સ્થાનો વિશુદ્ધિ તણાં ન, સંયમલબ્ધિનાં સ્થાનો નહીં; ૫૪.**
**નથી જીવસ્થાનો જીવને, ગુણસ્થાન પણ જીવને નહીં,**
**પરિણામ પુદ્‌ગલદ્રવ્યના આ સર્વ હોવાથી નકકી. ૫૫.**

ગાથાર્થ :- [जीवस्य] જીવને [वर्णः] વર્ણ [नास्ति] **નથી,** [न अपि गन्धः] ગંધ પણ **નથી,** [रसः अपि न] રસ પણ **નથી** [च] અને [स्पर्शः अपि न] સ્પર્શ પણ **નથી,** [रूपं अपि न] રૂપ પણ **નથી,** [न शरीरं] શરીર પણ **નથી.** [संस्थानं अपि न] સંસ્થાન પણ **નથી,** [संहननम् न] સંહનન પણ **નથી;** [जीवस्य] જીવને [रागः नास्ति] રાગ પણ **નથી,** [द्वेषः अपि न] દ્વેષ પણ **નથી,** [मोहः] મોહ પણ [न एव विद्यते] વિદ્યમાન **નથી,** [प्रत्ययाः नो] પ્રત્યયો [આસ્રવો] પણ **નથી,** [कर्म न] કર્મપણ **નથી** [च] અને [नोकर्म अपि] નોકર્મ પણ [तस्य नास्ति] તેને **નથી;** [जीवस्य] જીવને [वर्गः नास्ति] વર્ગ **નથી,** [वर्गणा न] વર્ગણા **નથી,** [कानिचित् स्पर्धकानि न एव] કોઈ સ્પર્ધકો પણ **નથી,** [अध्यात्मस्थानानि नो] અધ્યાત્મસ્થાનો પણ **નથી** [च] અને [अनुभागस्थानानि] અનુભાગસ્થાનો પણ [न एव] **નથી;** [जीवस्य]

જીવને [कानिचित् योगस्थानानि] કોઈ યોગસ્થાનો પણ [न सन्ति] નથી [वा] અથવા [बन्धस्थानानि न] બંધસ્થાનો પણ નથી, [च] વળી [उदयस्थानानि] ઉદયસ્થાનો પણ [न एव] નથી, [कानिचित् मार्गणास्थानानि न] કોઈ માર્ગણાસ્થાનો પણ નથી; [जीवस्य) જીવને [स्थितिबन्धस्थानानि नो] સ્થિતિબંધસ્થાનો પણ નથી [वा] અથવા [संक्लेशस्थानानि न] સંકલેશસ્થાનો પણ નથી, [विशुद्धिस्थानानि] વિશુદ્ધિસ્થાનો પણ [न एव] નથી [वा] અથવા [संयमलब्धिस्थानानि] સંયમલબ્ધિસ્થાનો પણ [नो] નથી; [च] વળી [जीवस्य] જીવને [जीवस्थानानि] જીવસ્થાનો પણ [न एव] નથી [वा] અથવા [गुणस्थानानि] ગુણસ્થાનો પણ [न सन्ति] નથી; [येन तु] કારણ કે [एते सर्वे] આ બધા [पुद्गलद्रव्यस्य] પુદ્‌ગલદ્રવ્યના [परिणामाः] પરિણામ છે.

ટીકાઃ- જે કાળો, લીલો, પીળો, રાતો અથવા ધોળો વર્ણ છે તે બધોય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે.૧. જે સુરભિ અથવા દુરભિ ગંધ છે તે બધીયે જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે.૨. જે કડવો, કષાયલો, તીખો, ખાટો અથવા મીઠો રસ છે તે બધોય જીવને નથી કારણ કે તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે.૩. જે ચીકણો, લૂખો, શીત, ઉષ્ણ, ભારે, હલકો, કોમળ અથવા કઠોર સ્પર્શ છે તે બધોય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે.૪. જે સ્પર્શાદિસામાન્યપરિણામમાત્ર રૂપ છે તે જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે.૫. જે ઔદારિક, વૈક્રિયિક, આહારક, તૈજસ અથવા કાર્મણ શરીર છે તે બધુંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે.૬. જે સમચતુરસ્ર, ન્યગ્રોધપરિમંડળ, સ્વાતિક, કુબજક, વામન અથવા હુંડક સંસ્થાન છે તે બધુંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે.૭. જે વજ્રર્ષભનારાચ, વજ્રનારાચ, નારાચ, અર્ધનારાચ, કીલિકા અથવા અસંપ્રાપ્તસૃપાટિકા સહનન છે તે બધુંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે.૮. જે પ્રીતિરૂપ રાગ છે તે બધોય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલ દ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે.૯. જે અપ્રીતિરૂપ દ્વેષ છે તે બધોય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે.૧૦. જે યથાર્થ તત્ત્વની અપ્રતિપત્તિરૂપ(અપ્રાપ્તિરૂપ) મોહ છે તે બધોય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના

પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૧૧. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ જેમનાં લક્ષણ છે એવા જે પ્રત્યયો તે બધાય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૧૨. જે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર અને અંતરાયરૂપ કર્મ છે તે બધુંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૧૩. જે છ પર્યાપ્તિયોગ્ય અને ત્રણ શરીરયોગ્ય વસ્તુ(-પુદ્‌ગલસ્કંધ) રૂપ નોકર્મ છે તે બધુંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૧૪. જે કર્મના રસની શક્તિઓના (અર્થાત્ અવિભાગ પરિચ્છેદોના)સમૂહરૂપ વર્ગ છે તે બધોય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૧૫. જે વર્ગોના સમૂહરૂપ વર્ગણા છે તે બધીયે જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૧૬. જે મંદતીવ્ર રસવાળાં કર્મદળોના વિશિષ્ટ ન્યાસ(-જમાવ) રૂપ (અર્થાત્ વર્ગણાઓના સમૂહરૂપ) સ્પર્ધકો છે તે બધાય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૧૭. સ્વ-પરના એકપણાનો અધ્યાસ હોય ત્યારે (વર્તતાં), વિશુદ્ધ ચૈતન્યપરિણામથી જુદાપણું જેમનું લક્ષણ છે એવાં જે અધ્યાત્મસ્થાનો છે તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૧૮. જુદી જુદી પ્રકૃતિઓના રસના પરિણામ જેમનું લક્ષણ એવાં જે અનુભાગસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૧૯. કાયવર્ગણા, વચનવર્ગણા અને મનોવર્ગણાનું કંપન જેમનું લક્ષણ છે એવાં જે યોગસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૨૦. જુદી જુદી પ્રકૃતિઓના પરિણામ જેમનું લક્ષણ છે એવાં જે બંધસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૨૧. પોતાનું ફળઉત્પન્ન કરવામાં સમર્થ કર્મ-અવસ્થા જેમનું લક્ષણ છે એવાં જે ઉદયસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૨૨. ગતિ, ઇંદ્રિય, કાય, યોગ, વેદ, કષાય, જ્ઞાન, સંયમ, દર્શન, લેશ્યા, ભવ્ય, સમ્યક્ત્વ, સંજ્ઞા અને આહાર જેમનાં લક્ષણ છે એવાં જે માર્ગણાસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૨૩. જુદી જુદી

પ્રકૃતિઓનું અમુક મુદત સુધી સાથે રહેવું તે જેમનું લક્ષણ છે એવાં જે સ્થિતિબંધસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે.૨૪. કષાયના વિપાકનું અતિશયપણું જેમનું લક્ષણ છે એવાં જે સંકલેશસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે.૨૫. કષાયના વિપાકનું મંદપણું જેમનું લક્ષણ છે એવાં જે વિશુદ્ધિસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે.૨૬. ચારિત્રમોહના વિપાકની ક્રમશઃ નિવૃત્તિ જેમનું લક્ષણ છે એવાં જે સંયમલબ્ધિસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે.૨૭. પર્યાપ્ત તેમ જ અપર્યાપ્ત એવાં બાદર ને સૂક્ષ્મ એકેંદ્રિય, દ્વીંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિય અને સંજ્ઞી તથા અસંજ્ઞી પંચેદ્રિય જેમનાં લક્ષણ છે એવાં જે જીવસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે.૨૮. મિથ્યાદૃષ્ટિ, સાસાદનસમ્યગ્દૃષ્ટિ, સમ્યગ્મિથ્યાદૃષ્ટિ, અસંયતસમ્યગ્દૃષ્ટિ, સંયતાસંયત, પ્રમત્તસંયત, અપ્રમત્તસંયત, અપૂર્વકરણ- ઉપશમક તથા ક્ષપક, અનિવૃત્તિબાદરસાંપરાય-ઉપશમક તથા ક્ષપક, સૂક્ષ્મસાંપરાય-ઉપશમક તથા ક્ષપક, ઉપશાંતકષાય, ક્ષીણકષાય, સયોગકેવળી અને અયોગકેવળી જેમનાં લક્ષણ છે એવાં જે ગુણસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે.૨૯. (આ પ્રમાણે આ બધાય પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય ભાવો છે; તે બધા, જીવના નથી. જીવ તો પરમાર્થે ચૈતન્યશક્તિમાત્ર છે.)

## ગાથા-૫૦ થી ૫૫ ઉપર પ્રવચન

હવે ગાથા. ૫૫ એક સાથે છે નહિ? ૫૦. પાંચ. ૫૦થી. આ ૪૯ થઈને? ૫૦ થી ૫૫ છ ગાથા છે.

जीवस्स णत्थि वण्णो ण वि गंधो ण वि रसो ण वि य फासो।
ण वि रुवं ण सरीरं ण वि संठाणं ण संहणणं।।५०।।
जीवस्स णत्थि रागो ण वि दोसो णेव विज्जदे मोहो।
णो पच्चया ण कम्मं णोकम्मं चावि से णत्थि।।५१।।
जीवस्स णत्थि वग्गो ण वग्गणा णेव फड्डया केई।
णो अज्झप्पट्ठाणा णेव य अणुभागठाणाणि।।५२।।

जीवस्स णत्थि केई जोयट्ठाणा ण बंधठाणा वा।
णेव य उदयट्ठाणा ण मग्गणट्ठाणया केई।।५३।।
णो ठिदिबंधट्ठाणा जीवस्स ण संकिलेसठाणा वा।
णेव विसोहिट्ठाणा णो संजमलद्धिठाणा वा।।५४।।
णेव य जीवट्ठाणा ण गुणट्ठाणा य अत्थि जीवस्स।
जेण दु एदे सव्वे पोग्गलदव्वस्स परिणामा।।५५।।

પુદ્ગલ દ્રવ્યના પરિણામ. હરિગીત.

**નથી વર્ણ જીવને, ગંધ નહિ, નહિ સ્પર્શ, રસ જીવને નહીં,**
**નહિ રૂપ કે ન શરીર, નહિ સંસ્થાન, સંહનન નહીં; ૫૦.**
**નથી રાગ જીવને, દ્વેષ નહિ, વળી મોહ જીવને છે નહીં,**
**નહિ પ્રત્યયો, નહિ કર્મ કે નોકર્મ પણ જીવને નહીં; ૫૧.**
**નથી વર્ગ જીવને, વર્ગણા નહિ, સ્પર્ધકો કંઈ છે નહીં,**
**અધ્યાત્મસ્થાન ન જીવને, અનુભાગસ્થાનો પણ નહીં, ૫૨.**
**જીવને નથી કંઈ યોગસ્થાનો, બંધસ્થાનો છે નહીં,**
**નહિ ઉદયસ્થાનો જીવને, કો માર્ગણાસ્થાનો નહીં; ૫૩.**
**સ્થિતિબંધસ્થાન ન જીવને, સંકલેશસ્થાનો પણ નહીં,**
**સ્થાનો વિશુદ્ધિ તણાં ન, સંયમલબ્ધિનાં સ્થાનો નહીં; ૫૪.**
**નથી જીવસ્થાનો જીવને, ગુણસ્થાન પણ જીવને નહીં,**
**પરિણામ પુદ્ગલદ્રવ્યના આ સર્વ હોવાથી નકકી. ૫૫.**

આહા..હા..! એક કોર રામ અને એક કોર ગામ. એક કોર ચૈતન્યરામ અને એ સિવાય વિકલ્પ આદિ બધા પુદ્ગલ અનાત્મા છે. આહા..હા..! એ અજીવનો અખાડો છે એમ કહે છે. પુણ્ય, પાપ, શુભ-અશુભ રાગ તો અજીવનો અખાડો છે. પુદ્ગલ નાચે તો નાચો, આત્મામાં એ નથી. આહા..હા..! એ આવે છેને. આગળ આવી ગયુંને. .. આગળ આવશે.

'ટીકા :- **જે કાળો, લીલો, પીળો, રાતો અથવા ધોળો વર્ણ છે...**' છે ખરી વસ્તુ. સમજાણું કાંઈ? વેદાંતની પેઠે નહિ કે નેતી... નેતી... નેતી... નથી... નથી... નથી... માટે નથી ચીજ. એ નથી રૂપે નથી, અસ્તિ રૂપે છે. સમજાણું કાંઈ? '**જે કાળો, લીલો, પીળો, રાતો અથવા ધોળો વર્ણ છે...**' ખરેખર તો એ પર્યાય છે, વર્ણ રંગ છે. સમજાણું કાંઈ? વર્ણ. આ પાંચ તો પર્યાય છે. '**તે બધોય જીવને નથી...**' આહા..હા..! વર્ણ એ

ગુણ છે. પાંચ એની પર્યાય છે. પર્યાય અને ગુણ એક કરીને જીવના નથી. સુંદર શરીરનું રૂપ, ધોળું-સફેદ એ તો વર્ણ જડ છે કહે છે. એનો આત્મા કર્તા નથી, કરાવનાર નથી, અનુમોદક નથી અને કારણ નથી. જડની, શરીરની પર્યાય આત્મા કરે. આપણે જેવી જડની પર્યાય બનાવવી હોય એવી બનાવીએ. એ તો ખબર વિનાની ચીજ છે. એને ક્યાં ખબર છે કે મારે આમ થાવું? એમ અજ્ઞાની માને છે. અરે! ભાઈ! જ્ઞાન હોય તો જ એ દ્રવ્ય કહેવાય તો પાંચ દ્રવ્ય સિદ્ધ નહિ થાય. જ્ઞાન વિનાની ચીજ પણ પોતાથી પરિણમે છે. આહા..હા..!

સનતકુમાર ચક્રવર્તી લ્યો! આહા..હા..! છ ખંડનું રાજ હતું અને નિરોગ શરીર હતું. રાજ છોડ્યું. ... સાતસો વર્ષ ગળત કોઢ રહ્યો. આંગળા આંગળી ગળત. આહા..હા..! પણ એ મુનિ છેને. ભાવલિંગી સંત છે. આવો રોગ! એ તો શરીરનો છે. એ તો શરીરની અવસ્થા છે એની ક્યાં છે? આત્મામાં છે નહિ. આમ જુઓ તો ગંધ મારે હોં. એ આવે છેને? વાદીરાજ. વાદીરાજનું આવે છેને. વાદીરાજને શરીરે કોઢ હતો. તો એક જૈન ભગત ગયા એની પાસે. એને કહ્યું... રાજાએ કહ્યું ક્યાં જાવ છો તમે? એક મહારાજ સંત છે એની પાસે જાવ છું. કેવા છે સંત? મોટા શાંત અને શરીર સુંદર અને એવા એ છે. હવે રાજાને બતાવવું, રાજા આવશે દેખવા. મહારાજ પાસે ગયા. મહારાજ! મેં આમ કહ્યું છે. શરીરની અવસ્થા પલટી ગઈ. કોઢ એક આંગળીમાં રાખ્યો થોડો એટલે પાછા ખોટા ન પડે કોઈ એટલું થોડું રાખ્યું. આખું શરીર સુંદર. શું આત્મા કરી શકે છે? ગુણની પવિત્રતાથી એમ થાય છે? થયું તો એને કારણે થયું છે. સમજાણું કાંઈ? એ તો પુદ્ગલની પર્યાય થઈ. એ કાંઈ આત્માથી થાય છે? મુનિ છે, પવિત્ર છે તો એનાથી શરીર બદલાઈ ગયું?

મુમુક્ષુ :- ભક્તિ ન કરી હોત તો ન થાત.

ઉત્તર :- ભક્તિ કરે તો.. આહા..હા..! એવી વાત છે. માનતુંગ આચાર્ય. તાળા તૂટ્યા ૪૮. ફડાક-ફડાક. ભગવાન!

મુમુક્ષુ :- ભક્તામરને તો આપ પણ માનો છો.

ઉત્તર :- ભક્તામર માને એમાં શું છે? શુભ વિકલ્પ ભક્તિ છે. એનાથી શું? શું એનાથી તાળા તૂટ્યા છે? એ તો તાળા તૂટવાનો એનો સમય હતો તો તૂટી ગયા. ભક્તિના ભાવથી તૂટે છે? જડની પર્યાયનું પરિણમન શું ચૈતન્યની ભક્તિને કારણે ફરી જાય છે? આહા..હા..! સનતકુમાર, એ વાદીરાજ જુઓ! જોવા આવ્યા. બીજા કહે છે, સાહેબ! એને તો કોઢ રોગ છે. વાણિયો ખોટું બોલે છે. સુંદર શરીર છે જુઓ અહીંયાં. બીજા પણ ખોટો ન પડે માટે જરી આંગળીમાં એટલો રહ્યો. ભાવ પ્રમાણે રહ્યો? આખું શરીર સુંદર બન્યું એમાં એટલો કોઢ રાખ્યો? ઓલો ખોટો ન પડે માટે રાખ્યું. આ તે કેવી વાત! એ તો પરમાણુની પર્યાય

એ પ્રમાણે થવાની હતી તો એને કારણે થઈ. મારામાં એ નથી. મારામાં નથી એને હું કેમ રાખું અને કેમ નાશ કરું? આહા..હા..! આ ભક્તામર ગાય છેને તો એમાં આશા તો એ છે. નાગા-ભૂખ્યા ન રહીએ અને આપણને કાંઈક મળે. પૈસા-બૈસા મળે. ભ્રમણાનો પાર નથી. ભક્તામર ગાય છેને બહુ?

મુમુક્ષુ :- ૪૮ શ્લોકો અનુસાર ૪૮ મંત્ર છે.

ઉત્તર :- છે. મંત્ર છે બધાના. એ તો .. એક એક શ્લોકમાં એક એક મંત્ર છે, બધું વાંચ્યું છે. અહીં પુસ્તક છે. પણ એમાં શું થયું? એ મંત્રથી શરીરનો પલટો થાય છે? આહા..હા..!

મુમુક્ષુ :- નિમિત્ત તો થાય.

ઉત્તર :- નિમિત્તનો અર્થ શું? એ બન્યું એને કારણે બન્યું ત્યારે આને નિમિત્ત કહેવામાં આવ્યું. આહા..હા..! નિમિત્તનો નૈમિત્તક થાય... નૈમિત્તિક પર્યાય થાય છે ત્યારે નિમિત્ત કહેવામાં આવે છે કે એ પહેલા નિમિત્ત કહેવામાં આવે છે? એ તો સાથે થયું. સમજાણું કાંઈ? નિમિત્ત કોનું? કે નૈમિત્તિક છે એનું. આ નૈમિત્તિક તો પોતાની અવસ્થામાં છે જડ તો એને નિમિત્ત શું કરે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પણ એ નિમિત્ત ન હોત તો ન થાતને.

ઉત્તર :- પણ નિમિત્ત ન હોત તો, તું ન હોત તો સાંભળત કોણ? તો તને તર્ક ક્યાંથી થાત? એનો અર્થ શું? કેમ પંડિતજી! આહા..હા..!

**'કાળો, લીલો, પીળો, રાતો અથવા ધોળો વર્ણ છે તે બધોય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી...'** એમ ભાષા છે. એ તો પુદ્‌ગલદ્રવ્યની પર્યાયમય હોવાથી. પર્યાય છેને મૂળ તો? કાળા, લીલો એ તો પર્યાય છે. વર્ણ એ ગુણ છે અને સફેદ તો વર્ણ છેને અને સફેદ એ તો પર્યાય છે. વર્ણ ગુણ છે એની આ પાંચ પર્યાયની વાત ચાલે છે. આહા..હા..! **'બધોય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે.'** જુઓ! પોતાનો અનુભવ સ્વભાવમાં કરવાથી તે ભિન્ન રહી જાય છે. અહીંયાં તો પર્યાય અનુભૂતિથી ભિન્ન છે એમ બતાવવું છે. દ્રવ્યથી ભિન્ન એમ નથી બતાવવું અહીંયાં. અહીંયાં તો સાક્ષાત્ અનુભવ કરે તેને ભિન્ન દેખે છે એમ કહે છે. એકલા દ્રવ્યથી ભિન્ન છે, દ્રવ્યથી ભિન્ન છે એમ નહિ એમ કહે છે. એનો અનુભવ કરનારો જીવ અનુભૂતિમાં આ દ્રવ્યમાં આ નથી, તો આ દ્રવ્યમાં આનંદ છે એવી અનુભૂતિવાળાને એનાથી તે ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા તો પૂર્ણ દ્રવ્ય છે. ખરેખર તો દ્રવ્યમાં એ નથી. પણ અહીંયાં તો એમ નથી કહેવું કે દ્રવ્યમાં નથી, એ કોણે જાણ્યું? અનુભવથી જાણ્યું કે આ એમાં નથી. તો અનુભૂતિથી ભિન્ન છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એકલા દ્રવ્યમાં નથી,

પણ દ્રવ્યમાં નથી એની પર્યાયમાં અનુભવ કર્યા વિના આ મારાથી ભિન્ન છે એમ શેમાં જાણ્યું? અહીં તો અનુભૂતિની પર્યાય જે દ્રવ્ય તરફના ઝુકાવથી જે આનંદની અનુભૂતિ થઈ એનાથી તે ભિન્ન છે, બસ. આહા..હા..! સમજાણું કાંઈ? અનુભૂતિ તો પર્યાય છે. ... પર્યાય તો પરદ્રવ્ય છે. કઈ અપેક્ષાએ? સવારે આવ્યું હતુંને, ૫૦ ગાથા. પર્યાય સંવર, નિર્જરા, મોક્ષ આદિ પર્યાય એ પરદ્રવ્ય છે. કઈ અપેક્ષાએ? પણ એ તો દ્રવ્ય અનુભવમાં આવ્યું, દ્રવ્ય આવું. દ્રવ્ય પર્યાયમાં આવતું નથી એ અપેક્ષાએ વાત છે. પણ દ્રવ્યનો અનુભવ શેમાં થયો? આ દ્રવ્ય આવું છે એવી અનુભૂતિ વિના પરથી ભિન્ન છે એમ કોણે જાણ્યું? સમજાણું કાંઈ? આહા..હા..!

'(પોતાની) **અનુભૂતિથી...**' જુઓ, ભાષા! ચિત્શક્તિમાત્ર આનંદસ્વરૂપ એનો અનુભવ કર્યો. તેની સન્મુખ થઈને અનુભવ કર્યો તો અનુભૂતિથી એ ભિન્ન છે. અનુભવમાં રંગ આવતો નથી, પણ એ અનુભૂતિથી ભિન્ન, પર્યાયથી ભિન્ન છે. પર્યાય દ્રવ્યમાં એકાકાર થઈ છે, પણ એ પર્યાયથી ભિન્ન છે એમ કહેવામાં આવ્યું. કેમકે આત્મા જાણવામાં આવ્યો .. એમ અનુભવ થયો. સમજાણું કાંઈ? ભારે!

'**જે સુરભિ અથવા દુરભિ ગંધ છે તે બધીયે જીવને નથી...**' એ પર્યાય છે. સુગંધ અને દુર્ગંધ. ગંધ નામનો ગુણ છે એની સુગંધ પર્યાય છે. '**જીવને નથી કારણ કે તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે.**' આહા..હા..! પોતાના સ્વરૂપનો અનુભવ થયો તો ભિન્ન છે એમ કહેવામાં આવ્યું એમ કહે છે. સમજાણું કાંઈ? '**જે કડવો, કષાયેલો, તીખો, ખાટો અથવા મીઠો રસ છે તે બધોય જીવને નથી કારણ કે તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે.**' આહા..હા..! લાડવા ખાય તો મીઠા લાગે છે, શેરડીનો રસ મીઠો લાગે છે. શું તારી અનુભૂતિમાં આવે છે એ? એ તો ભિન્ન રહે છે. અનુભૂતિ તો દ્રવ્ય સન્મુખ થયો એ થયો છે. એ અનુભવથી રસનો ભાવ ભિન્ન છે એવી પર્યાયની વાત છે. ભિન્ન છે.

'**જે ચીકણો, લૂખો, શીત, ઉષ્ણ, ભારે, હલકો, કોમળ અથવા કઠોર સ્પર્શ છે તે...**' પર્યાય છે. પણ મારી અનુભૂતિની પર્યાયથી તે ભિન્ન છે. સમજાણું કાંઈ? ચીકણા આદિ જીવના નથી. કેમ? એમ લીધુંને એમાં? કે '**તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે.**' આહા..હા..! ભગવાન આત્મા પોતાના આનંદનો અનુભવ કરે છે ત્યારે આત્માનું ભાન થયું એ અનુભૂતિથી સ્પર્શ આઠેય, પાંચ રસ આદિ ભિન્ન છે. એવો આત્માનો અનુભવ કરવો એનું નામ ધર્મ અને એનું નામ મોક્ષનો માર્ગ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ-૧૫, ગુરુવાર, તા. ૨૪-૦૮-૧૯૭૨**
**ગાથા- ૫૦ થી ૫૫, પ્રવચન-૧૪૨**

**નોંધ :- પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

આ સમયસાર, જીવ-અજીવ અધિકાર, ૫૦ થી ૫૫ ગાથા છે. ચાર બોલ ચાલ્યા છે. પાંચમો બોલ. પહેલા વ્યવહાર બતાવે છે. જૈનદર્શનમાં જે વ્યવહાર હોય છે, સંયોગસંબંધ અને ભેદ એ બતાવે છે. છે ખરો પણ નિશ્ચયથી એ નથી ઈ બતાવવું છે. આખા જૈનદર્શનનો વ્યવહાર કેવો છે એ પહેલા બતાવે છે. પછી એનો નિષેધ કરીને નિશ્ચયમાં શું છે એ બતાવે છે. વેદાંતની જેમ આ નહિ... નહિ... નહિ... વર્ણ, ગંધ આદિ છે જ નહિ એમ નથી. સમજાણું કાંઈ?

પાંચમો બોલ. '**જે સ્પર્શાદિ સામાન્યપરિણામમાત્ર રૂપ છે તે જીવને નથી...**' પહેલા એક-એક બોલ કહ્યો હતો. વર્ણ, રંગ, ગંધ, રસ અને સ્પર્શ. અહીંયાં ચારેયમાં એકરૂપ કહીને '**સ્પર્શાદિ સામાન્યપરિણામમાત્ર...**' આ સ્પર્શ એનું સામાન્યરૂપ. વર્ણાદિ ચારેયનું હોં! '**સામાન્યપરિણામમાત્ર રૂપ છે...**' એક-એકની તો વાત કરી હતી કે વર્ણરહિત છે, ગંધરહિત છે પણ સામાન્ય ચારેયનું એકરૂપ જે સામાન્ય એ પણ આત્મામાં નથી. સમજાણું કાંઈ? પાંચમા બોલમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે જડ એની પર્યાયની વાત અહીંયાં કરે છે હોં! ગુણ અને દ્રવ્ય તો નથી. વર્ણની કાળી, રાતી આદિ પર્યાય, ગંધની સુગંધ-દુર્ગંધ આદિ પર્યાય, રસની ખાટી-મીઠી પર્યાય, સ્પર્શની સુવાળી-ઠંડી આદિ પર્યાય એ આત્મામાં નથી. આહા..હા..! એ તો અનુભૂતિ ભગવાન આત્મા પોતાના ચૈતન્યસ્વભાવ સન્મુખ થઈને અનુભૂતિ કરે છે ત્યાં એ અનુભૂતિથી બધું ભિન્ન રહી જાય છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પોતાનું પૂર્ણ સ્વરૂપ દૃષ્ટિમાં લઈને અનુભવમાં લે છે તો એ અનુભૂતિ પર્યાય છે. તો એ અનુભૂતિ પર્યાયમાં આ પર્યાય નથી એમ કહે છે. સમજાણું કાંઈ? આ ચાર સામાન્ય આદિ પરિણામમાત્ર રંગ, ગંધ, રસ અને સ્પર્શ પર્યાય લીધી છે હોં! જીવના નથી. '**કારણ કે તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે.**' ઓહો..હો..! સંસારથી અંતરમાંથી વિરક્ત મુનિ જગતને એમ કહે છે કે ભગવાન! તું

જ્યાં છો ત્યાં આ શબ્દ, રૂપ, રસ, ગંધ આદિ છે નહિ. આહા..હા..! હજી તો શરીરથી ભિન્ન માનવામાં પણ પરસેવો ઉતરે. આ એકમેક દેખાય, પણ એકમેક છે જ નહિ ત્રિકાળ. સમજ્યા? એકને પૂછ્યું શ્વેતાંબર સાધુ આવતા હતા તેને પૂછ્યું કે દ્રવ્યભાવ યોગ કોને કહે છે? દ્રવ્યયોગ અને ભાવયોગ કોને કહે છે? કે અત્યારે દ્રવ્યભાવ યોગ કાંઈ ભિન્ન છે નહિ. આહા..હા..! અહીં તો અત્યારે ભિન્ન છે એમ વાત કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ પાંચમો બોલ થયો.

છઠ્ઠો. '**ઔદારિક,...**' કહે છેને કે ઔદારિક શરીર ઠીક હોય તો ધર્મ થાય છે. ઔદારિક શરીર મળે તો ઉદાર, ઉદાર શરીરથી ઉદાર કામ થાય છે. કેવળજ્ઞાનાદિ પર્યાય પ્રાપ્ત થવી એ તો ઔદારિક શરીરમાં થાય છે. કહે છે એ વાત છે નહિ ભગવાન! ઔદારિક શરીરથી ભગવાન તો ભિન્ન છે. આહા..હા..! એક એક શરીરની અવસ્થા જૈન શાસનમાં જેવી છે એ બતાવતા જાય છે. ઔદારિક અને વૈક્રિયક એવું બીજામાં છે નહિ. જૈન પરમેશ્વર સિવાય આ પર્યાય ને ઔદારિક અને વૈક્રિયક એવા પાંચ શરીર છે નહિ ક્યાંય. એ પાંચ શરીરની પર્યાય બતાવે છે. છે ખરી જગતમાં.

'**વૈક્રિયિક,...**' આ વૈક્રિયા કરે છેને સ્વર્ગ અને નારક આ દેવ અને મનુષ્ય કરે છે. વૈક્રિયક શરીર કરે છે. અને '**આહારક,...**' મુનિને આહારક શરીર હોય છે એમ કહેવું એ ખોટી વાત છે એમ કહે છે. આહા..હા..! પ્રશ્ન અને શંકા કોઈ પડે તો મુનિ આહારક શરીર બનાવે અને ભગવાન પાસે જાય છે. જતાં જ સમાધાન થઈ જાય છે વગર પૂછ્યે. એનું નામ આહારક શરીર છે. આવે છે કે નહિ? ભગવાન પાસે જાય છે. બહુ ઝીણું અંદરમાંથી સમાધાન ન થાય અને પ્રશ્ન અંદર ઉઠ્યો હોય અને સમાધાન ન થાય તો ત્યાં જાય છે. એ પણ એની નબળાઈ છે ખરેખર તો. સમજાણું કાંઈ? એવી નબળાઈમાં સમાધાન માટે આહારક શરીર બનાવે છે. એટલે કે આહારક શરીર બની જાય છે. આત્મા બનાવતો નથી. આહા..હા..! એ આહારક શરીરથી ભગવાન પોતાનો આનંદ અને જ્ઞાનસ્વરૂપની અનુભૂતિ કરવામાં એ પર્યાય અડતી નથી. સમજાણું કાંઈ? એ આહારકની પર્યાયને આત્મા અડતો નથી. ભાષા છે એ જુદી વાત છે અને એનો ભાવ સમજવો એ જુદી વાત છે. સમજાણું કાંઈ? એવી ભાષા તો અનંત વાર કરી નવ પૂર્ણ ભણ્યો એમાં.

શબ્દનય કહે છેને. શબ્દનય કોને કહે છે? જે ભાષા છે એનો ભાવ અંદરમાં આવી જાય તો તેને શબ્દનય કહેવામાં આવે છે. પાંચ નય છે. નૈગમસંગ્રહમાં આવે છેને. એ પહેલા સાંભળી હોય તોપણ નવી જ્યારે સાંભળે ત્યારે પણ એના ખ્યાલમાં પરથી ભિન્ન એવો અનુભવ થાય તે એને કહે છે કે આહારક શરીરની પર્યાય તારામાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એનાથી અનુભૂતિથી ભિન્ન છે. પોતાના અનુભવની પર્યાયમાં આહારક શરીરની પર્યાય

આવતી નથી. એ પર્યાય પુદ્‌ગલની છે. ગુણ દ્રવ્ય નથી. આહારક શરીર પુદ્‌ગલની પર્યાય છે. દ્રવ્ય ગુણ નથી. એમ આત્માની અનુભૂતિ પણ પર્યાય છે. એ દ્રવ્ય ગુણ નથી. સમજાણું કાંઈ? પોતાના દ્રવ્ય ગુણનો આશ્રય લઈને જે અનુભૂતિ થાય છે તેમાં રાગની પર્યાયનો અભાવ છે. આહા..હા..!

હવે એમ કહેવું કે મુનિને શંકા પડે, આહારક શરીર બનાવે, ભગવાન પાસે જાય. આહા..હા..! એ બધા વ્યવહારના કથન છે. આહારક શરીર જ એમાં નથી. આહારક શરીર બનાવ્યું જ નથી. કહો, હીરાભાઈ! શાસ્ત્રમાં લખ્યું એ બધો વ્યવહાર. પણ વ્યવહાર કહે છે એમ નથી. ... કહે છે કે મુનિને આહારક શરીર ઉત્પન્ન થાય છે, બીજાને નહિ. તો અહીં કહે છે, ના. એ તો નિમિત્ત હતું એમ બતાવ્યું છે, પણ આહારક શરીરની પર્યાય આત્માએ પ્રગટ કરી અને આત્માની અનુભૂતિથી પ્રગટ થાય છે અને અનુભૂતિમાં આહારક શરીરની પર્યાય કોઈ મદદગાર છે (એમ ત્રણ કાળમાં નથી). આહા..હા..! સમજાણું કાંઈ?

'તૈજસ...' શરીર નથી. ગરમી થાય છેને ગરમી. અંદર તૈજસ શરીર છે. એ આત્મા કહે હું નહિ. આત્માની અનુભૂતિથી તારી પર્યાય ભિન્ન છે. '**અથવા કાર્મણ શરીર...**' લ્યો! આખો આઠ કર્મનો કોઠો. કોઠારમાં હોય છેને કોઠાર? એમાં બધી વસ્તુ રહે છેને? તો કાર્મણ શરીર એક કોઠાર છે. બધી ૧૪૮ આદિ પ્રકૃતિ એમાં રહે છે. તો અહીં કહે છે કે સામાન્ય વાત કરીને પછી દરેક પ્રકૃતિ છેલ્લે ભિન્ન કરી નાખશે. અહીં તો કહે છે... સમજાણું કાંઈ? આત્મામાં કાર્મણ શરીર નથી, તીર્થંકર પ્રકૃતિનો બંધ આત્મામાં નથી એમ કહે છે. તીર્થંકર પ્રકૃતિ બાંધે છેને? કોણ બાંધે? એ ભાવ જે છે તીર્થંકર પ્રકૃતિને બાંધવાનો એ ભાવ પણ આત્મામાં નથી, એ આત્માનો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ આહારકની પ્રકૃતિ જે તીર્થંકરની, ૯૩ પ્રકૃતિ છેને નામકર્મની, એ આઠેય કર્મ છે કાર્મણ શરીરમાં તો. અહીં તો આઠેય કર્મની પ્રકૃતિથી કાર્મણની પર્યાય જે છે એ પોતાની અનુભૂતિથી ભિન્ન છે. આહા..હા..!

સમકિત મોહનીયની પર્યાય પ્રકૃતિ છે. કહો, સમજાણું કંઈ? દર્શનમોહની પ્રકૃતિની પર્યાય છે એ પોતાની અનુભૂતિથી ભિન્ન છે. અને સમકિત મોહનીયની પ્રકૃતિ એક છે. એમાં જોકે શંકાદિ સહેજ શિથિલતાની પર્યાય થાય છે. કહે છે, ના. આહા..હા..! સમજાણું કાંઈ? એ દોષ અને દોષના નિમિત્ત આત્મામાં નથી એમ કહે છે અહીંયાં. સમજાણું કાંઈ? બહુ ગંભીર વાત ભરી દીધી છે. બધો આઠેય કર્મનો પુંજ એવું કાર્મણ શરીર. લ્યો ત્યાં તો એમ કહે છે, તીર્થંકર પ્રકૃતિ બંધાય તો એ પ્રકૃતિથી પરંપરા મુક્તિ થાય છે.

મુમુક્ષુ :- એ તો શાસ્ત્રમાં આવે છે.

ઉત્તર :- આવે છે શાસ્ત્રમાં. પણ એનો અર્થ શું? એ વર્તમાન સંબંધ છે એને તોડી નાખશે. પોતાના શુદ્ધ ઉપયોગની અનુભૂતિમાં એનો સંબંધ છૂટી જશે. સમજાણું કાંઈ? લોકોને

આમ મીઠાશ લાગે કે પ્રકૃતિ તીર્થંકરની હોય, સમવશરણ હો, મોટો ઠાઠ માઠ જાણે સો ઈન્દ્રો આવે. સિંહ ગર્જના કરતો હોય ત્યાં શાંત... શાંત (થઈ જાય).

મુમુક્ષુ :- ભગવાનને દેખીને શાંત થઈ જાય.

ઉત્તર :- ભગવાનને દેખીને શાંત (થઈ જાય). એ ભગવાનનો જીવ દસમા ભવમાં? મહાવીર ભગવાનનો જીવ તે સિંહ. સિંહ પાસે મુનિ (આવે છે). ઉપર ચાલતા હતા તો ઉપરથી નીચે ઉતર્યા. તો સિંહને એમ થયું આ શું? હું જ્યાં બેઠો હોય ત્યાં મારી ગતિ હોય ત્યાં મનુષ્ય આવી શકે નહિ. હરણને તો ફાડી ખાતા હતા. એવા મુનિ ઉપરથી નીચે ઉતર્યા.

મુમુક્ષુ :- ચિત્ર છે.

ઉત્તર :- ચિત્ર છે કે નહિ? આ સામે રહ્યું. આ સામે છે. જુઓ સામે ચિત્ર છે. અહીં તો બહુ ખબર પણ ન હોય. અહીં મૂક્યું હોય. અહીં સામે રહ્યું જુઓ. ઉપર જાતા હતા તે મુનિ નીચે ઉતર્યા. અને તેની પાત્રતા હતી. આમ જોયું. અરે! મારી પાસે કોઈ જાનવર અને મનુષ્ય નજીક આવી શકે નહિ અને એ ઉપરથી નીચે ઉતર્યા, અહીં મારી પાસે આવ્યા! એકદમ પરિણામ બદલાઈ ગયા. સમજાણું કાંઈ? આહા..! સિંહ. ગર્જના કરે તો હરણિયા ભાગી જાય, ઘોડા આદિની તો લીંડા નીકળે, વિષ્ટા. મુનિ આમ હાથ કરે છે જુઓ. અરે..! મુનિની ભાષા એ કેમ સમજી ગયો? અને મુનિને સમજે એવી ભાષા એની પાસે ક્યાંથી આવી? સમજાણું કાંઈ? એવા યોગમાં એમ જ થાય છે. એ સ્વતંત્ર પર્યાય છે ભાઈ! તારો જીવ તો દસમા ભવે તીર્થંકર થવાનો છે. ચોવીસમા તીર્થંકર મહાવીરનો તું જીવ છો. આહા..હા..! સાંભળ્યું. શબ્દે-શબ્દ સાંભળ્યો. ઓહો..હો..! પોતાની પર્યાયમાં પાત્રતા હોય તો એવા નિમિત્તો એને મળી જાય છે. મેળવવા પડતા નથી. મેળવવા પડે છે? આહા..! નગ્ન મુનિ દિગંબર. અંતર મગ્ન આત્મામાં નિમગ્ન છે હોં. છતાં એ વિકલ્પનો કાળ છે તો એને કહે છે, અરે સિંહ! ભગવાનનો જીવ તું છો. દસમે ભવે તું તીર્થંકર થઈશ. આહા.હા..! આ શું? સિંહ જેવા પ્રાણીના આંખમાં આંસુ! આહા..હા..! સમજાણું કાંઈ?

છપ્પનીયામાં જોયું હતું ભાઈ. બહુ ઘાસ નહોતું થતુંને. ૧૯૫૬ની સાલ. મારી તો દસ વર્ષની ઉંમર હતી, દસ વર્ષની ઉંમર. ૫૬. છપ્પનીયાનો દુકાળ કહે છેને. દસ વર્ષની ઉંમર હતી એ વખતે તો. ૭૨ વર્ષ પહેલાની વાત છે. અમે બહાર નીકળ્યા હતા એકવાર ગામ બહાર. તો ૨૫, ૫૦ ગાયો હતી. ઘાસ સુકાઈ ગયા હતા. અને ગાયુને ચાર-ચાર, પાંચ દિ' સુધી ઘાસ નહિ. ક્યાં .. આહા..હા..! એ વખતનો ખ્યાલ છે હજી. ૭૨ વર્ષ પહેલાની વાત છે. છપ્પનીયા. દસ વર્ષની ઉંમર હતી. ૪૬માં જન્મ છેને. ભરવાડ પણ સાથે ઉભો હતો એ ... નાખે. એ રોતો હતા. અરે! આ ગાયુને આ મળતું નથી. હું રોટલી કેમ ખાવ?

રોટલી તો મળતી હતી. મનુષ્યને મળતું હતું. અઢી રૂપિયાના મણ ચોખા હતા. અઢી રૂપિયાના મણ ચોખા-ચોખા સમજ્યા? ચાવલ. અઢી રૂપિયાના મણ હતા.

મુમુક્ષુ :- હવે કીલો છે.

ઉત્તર :- હવે કીલો છે. મારે તો એમ કહેવું છે, બધું સુકાઈ ગયું હતું. આંખમાંથી પાણી જાય બિચારાને. આહા..હા..! અને એ ભરવાડ આમ (માથું) નાખીને (રોવે). એમ સિંહ ભગવાનની વાણી આમ સાંભળી. ભગવાન નહિ મુનિની. એ દુકાળમાં રોતો હતો. અહીંયાં પર્યાયમાં દુકાળ હતો હવે સુકાળ આવવાની તૈયારી છે. સમજાણું કાંઈ? આમ ટગ-ટગ જોતો હતો. પ્રભુ! તમે તો આત્મા મહાવીરના જીવ છોને. અમે તીર્થંકર પાસે સાંભળ્યું છે. અમને ખબર છે તમારા જીવની. એ અમે કહીએ છીએ કે તમને આ ન પાલવે. પાલવે શું? તમને આ ઉચિત નથી. આ હરણને ખાવું એ તમારે યોગ્ય નથી. ધર્મ સમજો. આહા..હા..! ત્યાંને ત્યાં પરથી ભિન્ન પોતાનો આત્મા કરીને સમ્યગ્દર્શન થયું. સમજાણું કાંઈ? આહા..હા..! એ વાણીથી નહિ, મુનિથી નહિ. આહા..હા..! શરીરની પર્યાય સાંભળ્યું કાનથી એનાથી પણ નહિ. એમાં છે જ નહિ. કાન જ નથી આત્માને પછી શું? ચૈતન્યસાગર અંદરથી ઉછળ્યો તો આનંદ થયો. ઓહો..હો..! આહાર છૂટી ગયો. સમાધિમરણ. આહાર છૂટી ગયો. પોતાના આનંદનો આહાર લેવામાં બીજો આહાર છૂટી ગયો. સમજાણું કાંઈ? એવી અનુભૂતિથી પરવસ્તુ ભિન્ન છે. આહા..હા..!

પોતાની ચીજની તપાસ કરવા જ્યાં અંદરમાં જાય છે ત્યાં અનુભૂતિ થાય છે. આહા..હા..! એનાથી શરીર કાર્મણની કોઈ પ્રકૃતિની પર્યાય પોતામાં છે નહિ. આહા..હા..! સિદ્ધ થઈ ગયા. કાર્મણ એમાં છે નહિ. કાર્મણરહિત તો આત્મા સિદ્ધ છે. એમ થયું કે નહિ? એમ જ છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો. ચેતન રૂપ અનુપ અમૂરત સિદ્ધ સમાન સદા પદ મેરો.' આહા..હા..! આઠ કર્મના ... પર્યાયથી ભિન્ન ભગવાન. જુઓ શું કહે છે! સમજાણું કાંઈ? 'મોહ મહાતમ આતમ અંગ કીયો, પરસંગ મહાતમ ઘેરો, જ્ઞાનકળા ઉપજી અબ મોકૂ, કહુ ગુણ નાટક આગમ કેરો. તાસુ પ્રસાદ સધે શિવમારગ વેગે મીટે ઘટ વાસ વસેરો.' લ્યો, ગૃહસ્થાશ્રમમાં બનારસીદાસ કહે છે. અમે તો સિદ્ધ સમાન સદા પદ મેરો. અહીં શું કહે છે આ? ...! આહા..હા..!

ભગવાન ચૈતન્ય હીરો અનંતગુણના પાસાથી શોભતો. આ હીરાને તો થોડા પાસા હોય છે. આ હીરા હોય છેને. પાસા સમજ્યા? પહેલ. આ તો અનંત ગુણના પાસાથી શોભિત અનુભૂતિથી ભાનમાં આવનારો. આહા..હા..! અરે! મારામાં કાર્મણ શરીર નથી હોં કહે છે. બીજાને કહે છે એનો અર્થ એ છેને. સમજાણું કાંઈ? કાર્મણ શરીર મારામાં નથી તો એ કાર્મણ શરીરનો ઉદય મને નુકસાન કરે અને આત્માને હટાવી દે એવી વસ્તુ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે એ પાંચેય શરીર જીવના નથી. છે? '**તે બધુંય જીવને નથી કારણ...**'

હું તો અનુભૂતિથી મારી ચીજથી એ ચીજ ભિન્ન દેખાય છે. દેખાય છેનો અર્થ મારા અનુભવમાં જે આત્મા આવે છે એમાં એ નથી.

સંસ્થાન. '**જે સમચતુરસ્ર,...**' સંસ્થાન. સંસ્થાન છેને આ શરીરનો આકાર? બહુ સુંદર આકાર હોય. '**ન્યગ્રોધપરિમંડળ,...**' વડ-વડ જેવું શરીર હોય. '**સ્વાતિક,...**' આ વામન શરીર હોય છેને વામન? વામન સમજો છો? આ વામન કહ્યું હતુંને? આ વામન કર્યું હતુંને? વિષ્ણુકુમારે વામન દેહ કર્યો. રાજપાટ માગ્યા, લાવો ત્રણ પદ જમીન. અરે મહારાજ! શું કહો છો તમે? લઈ લ્યો તમે. મુનિ સમજે છે પણ ૭૦૦ મુનિને... રાજમાં નથી રાખવા એમને? ત્રણ પગ જમીન દે, હું ત્યાં બધા મુનિની રક્ષા કરીશ. આહા..હા..! વામન શરીર બનાવ્યું. એ બની ગયું એ કાળે બનવાનું હતું તો હોં! પણ એ શરીર મેં બનાવ્યું અને એ શરીર મારામાં છે (એમ નથી એમને). આહા..હા..! ભારે વાત ભાઈ! એ વામન શરીર મારામાં નથી.

'**કુબજક,...**' નીકળે છેને અહીંયાં? કુબજ નીકળે છે. કુબડા અને '**વામન...**' છેલ્લે પછી હોં વામન. આવેને? '**ન્યગ્રોધપરિમંડળ, સ્વાતિક, કુબજક, વામન અથવા હુંડક...**' જેમ કોથળામાં હાડકા ભર્યા હોય એમ આ શરીરના કોથળામાં હાડકા ભિન્ન-ભિન્ન રહે એનું નામ હુંડક સંસ્થાન. એ સંસ્થાન મારામાં નથી. પોતાની શરીરની સુંદરતા બતાવવામાં બીજાને દેખાડે છે એ પોતાનું શરીર માને છે એની એ ચીજ છે અજ્ઞાનીની. આહા..હા..! સમજાણું કાંઈ? મારું શરીર સુંદર છે, રૂપવંત છે. અરે પ્રભુ! એ તો જડ માટી છેને. સમજાણું કાંઈ?

ચુડેલ-ચુડેલ. ચુડેલ સમજો છો? આહા..હા..! અમે પાલેજમાં પહેલા ગયાને પાલેજ, દેશમાંથી. (સંવત) ૧૯૫૯ની સાલની વાત છે. ૫૯. અમે પહેલી વાર ગયા. ઉંમર નાની હતી અમારી. ૧૩ વર્ષની. ૪૬ની સાલમાં જન્મ. પિતાજીની ત્યાં દુકાન હતી. પાલેજ. તો અમારી નાની ઉંમર અને સુંદર શરીર હતુંને. બહુ કોમળ હતું. અત્યારે તો ૮૩ થયા છે. બહુ કોમળ શરીર એટલે અમે નજીક ગયાને તો નજીકમાં.. મનસુખ છે કે નહિ? ત્યાં ઓલું તમારું, આ રહો છો ઈ, જિન-જિન. એ જિનમાં બાયું રાસડા લેતી હતી. રાસડા સમજો છો? ગીત ગાતી હતી અને આસો મહિનાનો દિવસ હતો. ૫૯ની સાલમાં આસો મહિનો. આસો મહિનો સમજ્યા? અમે દેશમાંથી ત્યાં ગયા હતા પહેલી વાર. અમારા પિતાજીની ત્યાં દુકાન હતી. ત્રણ ભાઈ ગયા હતા પહેલા. અમે બહાર જોયું કે કોણ ગાય છે આ રાસડા? જોયું, છેટે એક મકાન છે. તો અમને કીધું, એ ચુડેલ રાસડા ગાય છે. જવા ન દેવા માટે (એમ કહ્યું). એ ચુડેલ રાસડા ગાય છે. ચુડેલ સમજો છો? ભૂતડી-ભૂતડી, દેવીઓ. માટે ત્યાં આપણાથી ન જવાય. ઓય મારે શું હશે? પછી તો ખબર પડી કે એ બાયું હોયને ત્યાંની નોકર મજૂર. આસો મહિને, અજવાળિયાનો દિ'. અમે ત્યાં જતા વારંવાર. એમ આ

કહે છે કે આ શરીર તો ચુડેલનું ઘર છે. સમજાણું કાંઈ? એની સામું ન જોવું. આહા..હા..! ચુડેલ છે આ તો. આહા..! હાડકા, ચામડા, માંસ. એ શરીરથી તું ભગવાન ભિન્ન છો. એની સુંદર આકૃતિ અને ખરાબ આકૃતિ બંનેથી ભિન્ન છે. એ આવ્યુંને જુઓ, આવ્યુંને.

'**તે બધુંય જીવને નથી...**' આહા..હા..! એ કાંઈ શબ્દથી પાર ન આવે એમ કહે છે. અંદરમાં અંતર સ્વરૂપમાં સન્મુખ થઈને એવી અનુભૂતિ થાય ત્યારે તેને ભિન્ન છે એવો અનુભવ થયો. ધારણામાં લે ત્યારે (નહિ), અનુભૂતિ વિના ભિન્ન થતો નથી. આહા..હા..! '**જે વજ્રર્ષભનારાચ,...**' સંહનન. હાડકાની મજબુતાઈ. વજનારાચ કહે છેને. વજનારાચથી કેવળજ્ઞાન થાય. અહીં તો કહે છે કે વજનારાચ સંહનન તારામાં છે જ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! એક આવ્યો હતો અહીંયાં પંડિત. જુઓ, મનુષ્ય દેહથી કેવળજ્ઞાન થાય છે. નહિ કુચામણનોને? કુચામણનો એક હતો. એય..! કોક હતો ખરો પંડિત. ઘણા વર્ષ થઈ ગયા. ઘાસીલાલજી. જાણો છો તમે? કલકત્તા રહેતા હતા. ગડબડી હતી બહુ. પછી અહીંયાં એમ જ વાત કરતો કે મનુષ્યપણામાં કેવળજ્ઞાન થાય છે, મનુષ્યપણા વિના થતું નથી. લ્યો! વજનારાચ સંહનન વિના થતું નથી. તો તમે કહો છો કે નિમિત્ત વિના થાય છે. નંદકિશોરજી! નિમિત્ત વિના જ થાય છે એમ કહે છે. એમાં છે નહિ પછી નિમિત્ત શું કરે એમાં? આહા..હા..!

'**જે વજ્રર્ષભનારાચ,...**' છેને? ત્રણનો અર્થ છે. '**વજનારાચ, નારાચ, અર્ધનારાચ, કીલિકા અથવા અસંપ્રાપ્તસૃપાટિકા...**' મોટી ઈયળ જેવો આકાર હોય હાડકાનો. '**તે બધુંય જીવને નથી...**' શરીરની આકૃતિની પર્યાયથી ભગવાન ભિન્ન છે. ચાહે તો સુંદર હોય કે ચાહે તો આકૃતિ અને મજબુતાઈ, હાડકાની મજબુતાઈ, કોઈ પર ચીજથી પોતાની અધિકાઈ બતાવવી કે આ મારી ચીજ છે અને હું એવો છું એમ માનવું એ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં અનુભૂતિમાં જેવો સ્વભાવ છે એનું અનુસરણ કરીને, અનુસરણ કરીને ભવવું, ભવવું. એવી અનુભૂતિથી હાડકાની મજબુતાઈ કે શિથિલતા બધું ભિન્ન છે. વજનારાચ સંહનનથી આત્મામાં કેવળજ્ઞાન થાય છે એ વાત ખોટી છે એમ કહે છે. છે નહિને તારામાં તો એનાથી ક્યાંથી થશે?

મુમુક્ષુ :- ગોમ્મટસારમાં લખ્યું છે.

ઉત્તર :- ગોમ્મટસારમાં લખ્યું છે એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. શેઠ ખુલાસો કરે છે હોં. કહો, સમજાણું કાંઈ? આહા..! લખ્યું છે ગોમ્મટસારમાં. વજનારાચથી સાતમી નરકે જાય. મત્સ્ય પણ નાનું હોય આંગળીના અસંખ્યમે ભાગ પણ વજનારાચવાળો મરીને નરકમાં જાય. આહા..હા..! હજાર યોજનના મચ્છ હોય, એની આંખમાં (કાનમાં) બેઠા હોય મચ્છ. નાનો અંગુલના અસંખ્યમા ભાગે. અંગુલના અસંખ્યમા ભાગે. પંચેન્દ્રિય વજનારાજ સંહનન મનવાળા, આંગળીના અસંખ્યમા ભાગે. આવા અસંખ્ય ભેગા થાય તો એક તસુ થાય. એવું

નાનું શરીર અને વજ્રનારાચ સંહનન. એવું મિથ્યાત્વ કરે છે કે આ મોટો મચ્છ આટલું પાણી અંદર આવે છે, માછલા અંદર આવે છે, મોટા મુખમાંથી નીકળી જાય છે. જો હું એવો હોઉં તો હું બધા ગળી જાઉં. આ ભાવના. સમજાણું કાંઈ? તો એનાથી સાતમી નરકમાં જાય છે. એ કાંઈ વજ્રનારાચ સંહનને કારણે નહિ, પોતાના પરિણામને કારણે થયું. આહા..હા..! એ જ સંહનના નિમિત્તે કેવળજ્ઞાન થાય છે અને એ જ સંહનનના નિમિત્તે સાતમી નરકના પરિણામ થાય છે. તો એ સંહનને શું કર્યું? એ તો કેવળજ્ઞાન થયું તો એને નિમિત્ત કહેવામાં આવ્યું. સાતમી નરકના પરિણામ થયા તો એને એમાં નિમિત્ત કહેવામાં આવ્યું. જગતની ચીજ પોતામાં નથી. આહા..હા..! '**તે બધુંય જીવને નથી...**' કેમકે હું તો ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુને અનુસરીને, અનુભૂતિ કરનારો... આહા..હા..! મારી અનુભૂતિથી તો એ ચીજ ભિન્ન છે. મારી દશા જ, સંહનની પર્યાયથી મારી દશા જ ભિન્ન છે. અનુભૂતિ દશા છે. પર્યાય છેને. આહા..હા..!

'**જે પ્રીતિરૂપ રાગ છે...**' ભગવાનની પ્રીતિ, ત્રિલોકનાથ તીર્થંકરની પ્રીતિ. નવ પદાર્થની રુચિ. સમજાણું કાંઈ? અને સૂત્રની, આગમની રુચિ. ત્રણ બોલ આવ્યા છે. ૧૭૦ ગાથા, પંચાસ્તિકાય. પંચાસ્તિકાય ૧૭૦ માં એમ આવ્યું. ૧૭૦ છે. એ રાગ છે. રુચિ એ રાગ છે. એ તો બીજું લીધું છે જુઓ. '**सपयत्थं**' પદાર્થની રુચિ એ રાગ છે. આહા..હા..! '**सपयत्थं तित्थयरं**' તીર્થંકર કહે છે કે અમારા પ્રત્યેનો પ્રેમ એ તને રાગ છે, અમારી રુચિ એ તને રાગ છે. આહા..હા..! '**अभिगदबुद्धिस्स सुत्तरोइस्स**' અને સૂત્રની રુચિ. આહા..હા..! શાસ્ત્ર જેટલા રુચે છે એ પણ રાગ છે. અરે! '**दूरतरं णिव्वाणं**' એવા જીવની મુક્તિ દૂર છે. '**दूरतर संजमतवसंपउत्तस्स**' ભલે સંયમ અને તપસહિત હોય પણ જ્યાં સુધી સૂત્રનો રાગ, નવ પદાર્થનો રાગ અને તીર્થંકરના રાગની રુચિ છે ત્યાં સુધી મુક્તિ નહિ થાય. પંડિતજી! ૧૭૦. ૭૦ સમજ્યા? ૧, ૭ અને ૦. ૧૭૦ તમારી ભાષા. ૧-૭ને સત્તર કહે છે અને ૭૦ને સીત્તેર કહે છે. ૧૭૦ ગાથા પંચાસ્તિકાય. મૂળ ગાથા કુંદકુંદાચાર્યની. પદાર્થ,... આહા..હા..! નવ પદાર્થ, છ દ્રવ્ય એની રુચિ એ પરદ્રવ્ય પ્રત્યેનો પ્રેમ છે. તીર્થંકર એમ નામ આપ્યું છે હોં! તીર્થંકર કહે છે કે અમે તીર્થંકર છીએ એવી તને રુચિ છે તો ત્યાં સુધી તને રાગ પ્રેમ છે. આહા..હા..! '**अभिगदबुद्धिस्स**' એના સન્મુખે બુદ્ધિ. '**दूरतरं णिव्वाणं**'

**સંયમ તથા તપયુક્તને પણ દૂરતર નિર્વાણ છે,**
**સૂત્રો, પદાર્થો, જિનવરો પ્રતિ ચિત્તમાં રુચિ જો રહે. ૧૭૦.**

આહા..હા..! એ પ્રીતિ છે. રુચિ શબ્દે પ્રીતિ છે, પ્રેમ છે, રાગનો વિકલ્પ છે. એ સર્વ પ્રીતિરૂપ રાગ તે જીવનો નથી. આહા..હા..! આ માર્ગ. સમજાણું કાંઈ? શરીરનો પ્રેમ, સ્ત્રીનો પ્રેમ, પૈસાનો પ્રેમ એ તો ખરાબ પ્રેમ છે. પણ આ દેવ, ગુરુ અને શાસ્ત્રનો પ્રેમ પણ પ્રીતિ

જીવની નહિ. લ્યો ભીખાભાઈ! શું આમાં આવે છે? ક્યાં ગયા હિરાભાઈ? આહા..હા..! પ્રીતિરૂપ રાગ. ભગવાન આત્મા વીતરાગમૂર્તિ પ્રભુ છે. જિનેન્દ્રરૂપ સ્વરૂપ આત્માનું છે. જિનેન્દ્ર સાક્ષાત્ જિનેન્દ્ર આત્માનું રૂપ છે. એમાં દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેનું વલણ એ પ્રીતિ રાગ છે. આહા..હા..! એ રાગ જીવનો નથી. પ્રશસ્ત રાગ છેને. પંચાસ્તિકાયમાં લખ્યું છે કે પ્રશસ્ત રાગનું નિમિત્ત કોણ-કોણ. એમાં લખ્યું છે. નિમિત્ત ... દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ પ્રશસ્ત પદાર્થ એનો પ્રેમ, શ્રદ્ધા એના તરફનું વલણ એ રાગ છે.

'**જે પ્રીતિરૂપ રાગ છે તે બધોય જીવને નથી કારણ કે તે પુદ્ગલ દ્રવ્યના પરિણામમય હોવાથી...**' આહા..હા..! જુઓ, એ ખુલાસો. ત્યાંથી શબ્દ લીધો છે ખુલાસામાં. ઓલામાં કારણ કે કહીને મીંડા વાળતા હતા. પહેલામાં ... '**કારણ કે તે પુદ્ગલ દ્રવ્યના પરિણામમય...**' આહા..હા..! એ ભગવાન તીર્થંકરનો પ્રેમ અને નવ પદાર્થનો પ્રેમ અને આગમનો પ્રેમ એ રાગ છે, એ પુદ્ગલ પરિણામમય છે. આહા..હા..! સમજાણું કાંઈ? પંડિતજી નથી? .. અવસ્થા છેને. શોભાલાલ બહુ રુચિવાળા છે. વૃદ્ધ છે. '**તે બધોય જીવને નથી...**' પ્રીતિરૂપ રાગ સર્વ નામ અશુભ હોય કે શુભ હોય એમ બેય. સ્ત્રી, પુત્ર પ્રત્યેનો રાગ, લક્ષ્મી પ્રત્યેનો રાગ કે દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેનો રાગ, બધો એક પ્રકારનો રાગ છે. એ જીવનો નથી. ભગવાન આત્મા આનંદમય પ્રભુ (છે).

'**કારણ કે તે પુદ્ગલ દ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે.**' આહા..હા..! એવી ચીજ હોય છે. હોં! વ્યવહાર છે, બતાવે છે અને એમાં નથી એમ બતાવે છે. તીર્થંકર છે, નવ પદાર્થ છે, આગમ છે. છે એટલું સિદ્ધ કરે છે અને એ તરફનો રાગ થાય છે પણ એ રાગથી ભગવાન તો ભિન્ન છે. આહા..હા..! અરે..! ત્યાં તો ઉભા રાખો, એય..! ભીખાભાઈ! અહીં તો કહે છે, ના. એક અપવાદ કરો. અપવાદ એટલે એકની નિંદા રાખો. એમ. આહા..હા..! ભાઈ! પહેલા સમજણમાં તો લે. તું ખાત્રી તો કર. મારી ખાત્રીમાં એ રાગ આવતો નથી. ખાત્રી સમજ્યા? નિર્ણય, અનુભૂતિ. ખાત્રી કહો કે અનુભૂતિ કહો. આહા..હા..! મારી વસ્તુની જ્યારે ખાત્રી કરું છું, અનુભૂતિ કરું છું તો એમાં રાગ આવતો નથી. સમજાણું કાંઈ? હવે આ લોકોને કઠણ પડે. નંદકિશોરજી! અરર! સોનગઢવાળા કહે છે કે આ ભગવાનની વાણી કહે છે? ભગવાનની વાણી છે. આ અમે પુસ્તક બનાવ્યું છે?

મુમુક્ષુ :- વાત આપના નામે

ઉત્તર :- છાપે તો કોઈપણ. પૈસા તો કોઈના ઘરના, ગમે તેના ઘરના હોય. સમજ્યા? .. પૈસા તો પર છે. સમજાણું કાંઈ? કે બ્રાહ્મણ દેતા હોય કે .. સમકિતી દે એમાં .. પૈસા તારા ક્યાં છે?

કહે છે કે રાગ જ મારામાં નથી. સમ્યગ્દૃષ્ટિ પહેલેથી અનુભવમાં લે છે એમ કહે છે.

પહેલા આ કરવું અને પછી આ કરવું એમ અહીં લેતા જ નથી. તમારે આવ્યું છે ત્યાં પહેલા નહિ? ચાર બોલમાં આવ્યુંને? ... દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એમાં પ્રશસ્ત રાગ હોય છે. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની શ્રદ્ધા ખસે છે તો ગૃહીત મિથ્યાત્વનો નાશ થાય છે. પણ એ કોઈ ચીજ નથી. એવા ગૃહીત મિથ્યાત્વનો નાશ તો અનંત વાર કર્યો. નવમી ગ્રૈવેયક જ્યારે ગયો, સમવસરણમાં ગયો ત્યારે ગૃહીત મિથ્યાત્વ નહોતું. એ કોઈ ચીજ નથી.

અહીંયાં રાગના પ્રેમથી છૂટીને પોતાના ત્રિકાળી ભગવાનના પ્રેમનો અનુભવ કરવો. જીવના ભાવથી પુદ્ગલ પરિણામ સર્વથા ભિન્ન છે. પોતાની અનુભૂતિથી ભિન્ન છે. આહા..હા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ પોતાની અનુભૂતિથી ભિન્ન છે. કહો, સમજાણું કાંઈ? વળી પાછા ઠાઠ-માઠ કરે. શેઠ! કેટલા હાથી આ જયપુરમાં ગત સાલમાં. ૨૧ હાથી. વરઘોડો નીકળ્યો હતો ૨૧-૨૧ હાથી. પૂનમચંદ ગોદિકા. ૨૧ હાથી, ઘોડા, મોટો લાખ રૂપિયાનો રથ. અને માણસ... માણસ... ૩૦-૪૦ હજાર. લોકો તો ૫૦ હજાર કહેતા હતા. પણ ૩૦-૪૦ હજાર. આખી જયપુર નગરી ભરચક. લોકો કહે આહા..હા..! પણ આહા.. શું? એ ચીજ તો પર છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હમણાં કર્યું હતું. પદમચંદજીએ બહુ પૈસા ખર્ચ્યા. ૨૫-૩૦ હજાર ખર્ચ્યા. સાંભળ્યું છે. ખબર ક્યાં છે? ૨૦ દિવસના એક એકના જુદા જુદા. લગભગ ૪૫ હજાર ખર્ચ્યા એમ કહેતા હતા, માણસ એમ કહેતા હતા. મુખી એ હતા. આ પદમચંદજી. આગ્રામાં. છેલ્લે દિ' કહે ચાર-પાંચ હાથી. એ તો વાત અહીંયાં ચાલે છે. થવા કાળે થાય છે. એ પ્રત્યેના રાગથી પણ ભગવાન ભિન્ન છે. એ ક્રિયાથી તો ભિન્ન છે. વ્યવહાર પ્રભાવનાનો અર્થ એવો નથી કે બહારમાં લોકો ઘણા ભેગા થઈને માને એ વ્યવહાર છે. પોતામાં શુભરાગ આવે છે તેને વ્યવહાર પ્રભાવના કહેવામાં આવે છે. આહા..હા..! એનાથી ભિન્ન (છે).

'**તે પુદ્ગલ દ્રવ્યના પરિણામમય...**' એમ પાછું. આહા..હા..! અરે..! પણ જીવની પર્યાય વિના રાગ થતો જ નથી. સાંભળ તો ખરો. ભગવાન આત્મા જીવ તો જ્ઞાનમય, આનંદમય છે. એ આનંદમયમાં રાગના પરિણામ તો પુદ્ગલમય છે. જાત ભિન્ન છે, ભાત ભિન્ન છે, સ્થળ ભિન્ન છે. આહા..હા..! એક વાત પણ જેવી છે એવી અંતર રુચવી જોઈએ. રુચિ અંદરમાં (થવી જોઈએ), પરિણમન અંદરમાં આવવું જોઈએ. સમજાણું કાંઈ? '**કારણ કે તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે.**' આહા..હા..! રાગ કરતા-કરતા થશેને? શુભરાગ-પ્રશસ્ત રાગ. પ્રશસ્ત રાગ કહ્યોને. એ તો અશુભ રાગની અપેક્ષાએ પ્રશસ્ત કહ્યો. બાકી એ પ્રશસ્ત અશુદ્ધ છે. બેય રાગને ભગવાને અજ્ઞાન કહ્યા છે. એ પુણ્ય-પાપ અધિકારમાં છે. પુણ્ય-પાપ અધિકાર છેને સમયસાર? (શિષ્ય) કહે કે પુણ્યમાં

ફેર છે અને પાપમાં ફેર છે ભાવમાં. ભગવાને ઉત્તર આપ્યો સંતોએ કે ભાઈ! પુણ્ય અને પાપ બેય ભાવ અજ્ઞાન છે. અજ્ઞાન નામ પોતાના જ્ઞાનના સ્વભાવનો એમાં અભાવ છે. છે એમાં. પુણ્ય-પાપનો અધિકારમાં પહેલા. પુણ્ય-પાપ છેને? કર્તા-કર્મ પછી પુણ્ય છેને? જુઓ. **'શુભ અને અશુભ જીવ પરિણામ કેવળ અજ્ઞાનમય હોવાથી એક છે.'**

મુમુક્ષુ :- ક્યા નંબરની ગાથા છે?

ઉત્તર :- અહીંયાં પાનું ૨૩૧. ગાથા ૧૪૫. ૧૪૫. ૧, ૪, અને ૫. છે. ત્રીજો પેરેગ્રાફ. **'શુભ કે અશુભ જીવપરિણામ...'** જીવપરિણામ કહ્યા. છે?

મુમુક્ષુ :- શુભ કે અશુભ જીવપરિણામ કેવળ અજ્ઞાનમય...

ઉત્તર :- હા, કેવળ અજ્ઞાનમય. આહા..હા..! છે શબ્દ? ત્રીજો પેરેગ્રાફ છે. ભાઈને મળ્યું નથી. **'શુભ કે અશુભ જીવપરિણામ...'** શુભરાગ અને અશુભરાગના પરિણામ. ૧૪૫ ગાથા. છે? બસ એ. **'શુભ કે અશુભ જીવપરિણામ કેવળ અજ્ઞાનમય...'** કેવળ અજ્ઞાનમય. આહા..હા..! એનો અર્થ શુભ-અશુભભાવમાં નિજ ચૈતન્યમૂર્તિના અંશનો પ્રકાશ નથી. એ તો અંધારુ છે. આહા..હા..! અજ્ઞાન શબ્દે મિથ્યાત્વની વાત નથી હોં! આ અજ્ઞાન શબ્દે મિથ્યાત્વની વાત નથી. અજ્ઞાન શબ્દે શુભ-અશુભ પરિણામમાં ચૈતન્યની જ્યોતના પ્રકાશનું નુર નથી અંદરમાં. આંધળો છે. શુભ અને અશુભ પરિણામ અંધકાર છે. પાઠ છેને. એ એનો છે. પાઠ છે. **'शुभाशुभजीवपरिणामनिमित्तत्वे सति कारणभेदात्'** એ કહે છેને? પછી આગળ. ટીકામાં છે. **'शुभोऽशुभो वा जीवपरिणामः केवलाज्ञानमयत्वादेकः, तदेकत्वे सति कारणाभेदात्'** ભેદ નથી. એક જ છે બેય પરિણામ. આહા..હા..! અજ્ઞાની શુભ પરિણામ અને અશુભ પરિણામમાં ભેદ પાડતા હતા. શુભ અને અશુભમાં ફેર છે. કેમકે શુભ પરિણામ કષાયની મંદતા છે અને અશુભ તીવ્રતા છે. અને શુભ પરિણામથી પુણ્ય બંધાય છે અને અશુભથી પાપ બંધાય છે અને શુભ-અશુભ પરિણામનું ફળ પણ અનુકૂળ-પ્રતિકૂળ થાય છે એટલે શુભ-અશુભ પરિણામમાં ફેર છે નહિ. બેય અજ્ઞાનમય છે. આહા..હા..! નીકળ્યું? પદમચંદજી! શું છે? વાંચો જોઈ.

મુમુક્ષુ :- જીવ પરિણામ કેવળ અજ્ઞાનમય..

ઉત્તર :- બસ એ. આહા..હા..!

**'શુભ કે અશુભ જીવપરિણામ કેવળ અજ્ઞાનમય...'** કેવળ અજ્ઞાન. એકલા અજ્ઞાન નહિ કહેતા કેવળ અજ્ઞાનમય. આહા..હા..! પાઠમાં જ છે. **'केवलाज्ञानमयत्वादेकः'** આહા..હા..! સમજાણું કંઈ? ઓહો..! વસ્તુ એવી ચીજ છે, પ્રભુ! એ પોતાની અનુભૂતિથી બેય પરિણામ ભિન્ન છે. જ્ઞાનના અનુભવથી એ અજ્ઞાન પરિણામ ભિન્ન છે. આહા..હા..! કહો, જેઠાભાઈ! આ તમારે ત્યાં ઓલી વિધિ કરો, આમ કરો, આમ કરો એ શુભ પરિણામ.

અહીં કહે છે કે એ શુભ પરિણામ અજ્ઞાન છે. એય..! ચેતનજી!

મુમુક્ષુ :- ૧૪૫મી ગાથા પણ બોલે છે.

ઉત્તર :- આ જુઓને ગાથામાં છેને. કહ્યુંને. '**कह तं होदि सुसीलं जं संसारं पवेसेदि।**' પાઠમાં છે, આ તો મૂળ પાઠ. જે ભાવે સંસારમાં જાય એને સુશીલ કેમ કહો? એ તો કુશીલ છે. પોતાના સ્વભાવથી વિપરીત કુશીલભાવ છે. આહા..હા..! ભારે વાત! સમજાણું કાંઈ? એક વાત પણ એને સત્ય રુચવી જોઈએ. એમ ને એમ ગડબડ કરે, આમ કરે. ભગવાન તને સત્‌નો પત્તો નહિ લાગે. જ્યાં સુધી તને શુભભાવમાં પણ રુચિ ઠીક છે ત્યાં સુધી સ્વભાવ સન્મુખ નહિ થાય. સમજાણું કાંઈ? ભાવ હોય. હોય તો કહે છે. હોય તો શું છે? જ્ઞાનમયભાવ છે. '**તે એક હોવાથી કર્મના કારણમાં ભેદ નથી;...**' સમજાણું કાંઈ?

અને પ્રવચનસારમાં લીધું છે. ગાથા નહિ? કેટલામી? પુણ્ય-પાપમાં વિશેષ માને તે ઘોર સંસારમાં રખડશે. પ્રવચનસાર. ૪૫ ગાથા છે? ૭૦? ૭૭. હા બરાબર છે. ૭૭ છે. જુઓ ૭૭ છે.

**ण हि मण्णदि जो एवं णत्थि विसेसो त्ति पूण्णपावाणं।**
**हिंडदि घोरमपारं संसारं मोहसंछण्णो।।७७।।**

આહા..હા..! શુભાશુભ પરિણામમાં ફેર માને છે કે શુભ ઠીક છે અને અશુભ અઠીક છે. '**ण हि मण्णदि जो एवं णत्थि विसेसो**' શુભ-અશુભ પરિણામમાં કોઈ વિશેષ નથી, કોઈ ફેર નથી. આહા..હા..! છે?

**ण हि मण्णदि जो एवं णत्थि विसेसो त्ति पूण्णपावाणं।**
**हिंडदि घोरमपारं संसारं मोहसंछण्णो।।७७।।**

ઘોર સંસાર નિગોદ આદિમાં જશે. આહા..હા..! કાકડીના ચોરને ફાંસી એવું તો નથીને? શું કહે છે નહિ? કાકડીના ચોરને ફાંસી. એટલા પાપમાં આટલું? બાપા! આ તો મહાપાપ છે. આહા..હા..! ભગવાન આનંદકંદ પ્રભુ જેમાં રાગનો સ્પર્શ નથી, રાગને જ્ઞાયકભાવ અડતો નથી, ભિન્ન રહે છે. આહા..હા..! ચાંડાલણીના બે પુત્ર હોય. એક ચાંડાલણીને ઘરે રહે અને એક બ્રાહ્મણને ઘરે રહે, પણ પુત્ર તો ચાંડાલણીનો છે. એમ શુભ-અશુભભાવ તો વિભાવરૂપી ચાંડાલણીનો પુત્ર છે. ભારે આકરું પડે. જુઓને આચાર્ય કેટલું કહે છે. ઓલા ભાઈ કહેતા હતા, આ ગાથા ભાઈ કબુલ કરતા હતા. બંસીધરજી. બંસીધર ઈંદોરવાળા. પાછી ગડબડ કરી દીધી. ...

'**ण हि मण्णदि जो एवं णत्थि विसेसो**' શુભભાવ અને અશુભભાવમાં કાંઈ ફેર નથી. બંધનું કારણ અજ્ઞાનમય અને દુઃખરૂપ છે. એમ '**ण हि मण्णदि हिंडदि घोरमपारं**' ઘોર '**घोरमपार**'. જેનો પાર નથી એવા સંસારમાં રખડશે. આહા..હા..! કાકડીના ચોરને ફાંસી

એમ નથી. મોટું પાપ છે. આહા..! ભગવાન પવિત્રતાની મૂર્તિ, એમાં અપવિત્રતાના પરિણામથી લાભ થાય એ તો મોટો દોષ છે. નંદકિશોરજી! લોકોને એમ લાગે છે. આહા..હા..! ભાઈ! એ વાત અત્યાર સુધી તો હતી નહિ, સોનગઢથી નીકળી એમ કહે છે. આ સોનગઢનું છે? આ પ્રવચનસાર હમણાંનું છે? બે હજાર વર્ષ પહેલાનું છે. કુંદકુંદાચાર્યે કહ્યું છે. આહા..હા..!

મુમુક્ષુ :- દેખાડ્યું તો આપેને.

ઉત્તર :- પણ એ છે એને બતાવ્યુંને? ઈ કહે, નવું કાઢ્યું છે. નવો પંથ છે એમ કહે છે કેટલાક. કહો, પદમચંદજી!

મુમુક્ષુ :- બધા મુનિઓના શાસ્ત્ર છે, મુનિઓ વાંચે.

ઉત્તર :- અહીં તો મિથ્યાદૃષ્ટિને સમજાવે છે, અપ્રતિબુદ્ધને સમજાવે છે. સમજાણું કાંઈ? ગાથા છેને ૨૪-૨૫? જુઓ. શું છે? જુઓ. અપ્રતિબુદ્ધને સમજાવે છે. જુઓ ૧૯ ગાથા.

મુમુક્ષુ :- ૨૩ થી ૨૫.

ઉત્તર :- હા એમાં છે બરાબર છે. '**હવે અપ્રતિબુદ્ધને સમજાવવા માટે પ્રયત્ન કરે છે.**' જુઓ.

મુમુક્ષુ :- ૧૯ ગાથા કેટલા સમય સુધી અપ્રતિબુદ્ધ રહેશે?

ઉત્તર :- પછી એ તો વળી. અહીં તો '**હવે અપ્રતિબુદ્ધને સમજાવવા માટે પ્રયત્ન કરે છે.**' ૨૩-૨૪-૨૫ની ઉપર. ગાથાની શરૂઆત થાય છે. '**હવે અપ્રતિબુદ્ધને...**' અજ્ઞાનીને. અપ્રતિબુદ્ધ છે, મૂર્ખ છે. તેને '**સમજાવવા માટે પ્રયત્ન કરે છે.**' એમ છે. ૨૩-૨૪-૨૫ની ઉપર. ૨૩-૨૪ ગાથા છેને. ૨૩-૨૪ ગાથા ઉપર પહેલી લીટી. એ તો શ્રુત પરિચિત અનુભૂતા કહ્યું. કદી નથી સાંભળ્યું, રુચિ નથી એને અમે કહીએ છીએ. એમ તો કહ્યું એમણે. અરે! જીવની પોતાની મહત્તાનું માન આવતું નથી. પરનું માન છૂટતું નથી અને પોતાનું આવતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે, એ બધો રાગ, એનાથી તો હું ભિન્ન છું. મારામાં છે નહિ. આવ્યુંને એ? આહા..હા..! પોતાની અનુભૂતિથી ભિન્ન છે. '**જે અપ્રીતિરૂપ દ્વેષ છે...**' હવે દ્વેષ આવ્યો. પહેલા રાગ કહ્યો. હવે દ્વેષ. '**તે બધોય જીવને નથી** કારણ કે...' પોતાની અનુભૂતિથી દ્વેષભાવ ભિન્ન છે. એ કહે છે કેટલાક કે જૈનશાસનનો વેરી હોય એના ઉપર તો દ્વેષ કરવો. એય..! હીરાભાઈ! શ્વેતાંબરમાં એમ કહે છે. સમજ્યા? સાધુ હોય અને કોઈ મંદિર હોય અને કોઈ પીપળો ઉગ્યો હોય મોટો. વિઘ્ન કરનાર હોય તો હથોડાથી. હથોડાને શું કહે છે? કુહાડો. કુહાડાથી સાધુ કાપી નાખે.

મુમુક્ષુ :- એમ?

ઉત્તર :- હા, એવું છે. અને કોઈ વિરોધ કરે તો મરી જાય તો... એવું અમારે ૭૧માં

થયું હતું. એમાં છેને ગોશાળાનું. ગોશાળા ભવિષ્યમાં... એવી વાતું કરતા હતા. ગોશાળા જ્યારે ભવિષ્યમાં થશે ત્યારે સાધુ રાજાને મારી નાખશે ભસ્મ કરી નાખશે. એવી વાત કરી ૭૧માં. જુઓ, પછી પ્રાયશ્ચિત લીધું. કીધું, એ સાધુ જ નહિ. પ્રાયશ્ચિત ચલાવે ન ચલાવે તો શું છે? રાજા, ઘોડા અને ઘોડાગાડી. ઘોડાગાડી સમજો છો? ભસ્મ કરી નાખ્યા એવો પાઠ છે. ... રાજા એક ગૃહસ્થ હતા. ભગવાન પાસે ગોશાળા.. એમ કહે છે. ખોટી વાત છે. ગોશાળ નથી સાંભળ્યું? .. છે. બે સાધુને બાળી દીધા. ભગવાનના સમવસરણમાં આવીને... એવી વાત છે શ્વેતાંબરમાં. બધું કલ્પિત છે. એવું હોતું જ નથી. સમજાણું કાંઈ?

અપ્રીતિ. કોઈ પ્રત્યે દ્વેષ. ચાહે તો ભગવાનનો વિરોધી, શાસનનો (વિરોધી હોય), એના ઉપર દ્વેષ નહિ. એ દ્વેષ આત્માની પર્યાયથી ભિન્ન છે. એ તો પુદ્ગલમય પરિણામ છે, પોતાના નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ-૧, શુક્રવાર, તા. ૨૫-૦૮-૧૯૭૨**
**ગાથા- ૫૦ થી ૫૫, પ્રવચન-૧૪૩**

**નોંધ :- પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

૫૦ થી ૫૫ ગાથા ચાલે છે. જીવ-અજીવ અધિકાર. અહીંયાં કહે છે કે જ્યારે દૃષ્ટિ જીવ ઉપર જાય છે તો જીવમાં તો મિથ્યાત્વભાવ પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? બે બોલ ચાલ્યા હતા. પ્રીતિ-અપ્રીતિ. પણ અહીંયાં આજ તો મિથ્યાત્વના ભાવની વાત છે. છે?

**'જે યથાર્થ તત્ત્વની અપ્રતિપત્તિરૂપ(અપ્રાપ્તિરૂપ) મોહ છે તે બધોય જીવને નથી...'** આહા..હા..! કોને? જેની દૃષ્ટિ જીવ ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ છે એની દૃષ્ટિ જેને થઈ તો કહે છે કે માન્યતામાં એને પહેલા હોય કે હું મિથ્યાત્વ છું, રાગ છું, પણ એ તો

માન્યતા છે. વાસ્તવિક તત્ત્વમાં એ વસ્તુ નથી. સમજાણું કાંઈ? હું એકેન્દ્રિય છું, બે ઇન્દ્રિય છું, ત્રણ ઇન્દ્રિય છું, ચૌ ઇન્દ્રિય, પંચેન્દ્રિય (છું) એવો રાગ, પુણ્ય-પાપ એવી માન્યતા હોય, પણ એ માન્યતા માની છે. વસ્તુમાં નથી.

મુમુક્ષુ :- મિથ્યાદૃષ્ટિ કોઈ છે જ નહિ.

ઉત્તર :- છે જ નહિ. માને છે. સમજાણું કાંઈ?

'**જે યથાર્થ તત્ત્વની અપ્રતિપત્તિરૂપ(અપ્રાપ્તિરૂપ)...**' વસ્તુ સ્થિતિ પૂર્ણ જ્ઞાનઘન આનંદનો નાથ પ્રભુ એની અપ્રાપ્તિરૂપ જે મોહ, જેમાં મિથ્યાત્વની પ્રાપ્તિ હોય પણ વસ્તુની પ્રાપ્તિ ન હોય એવો મિથ્યારૂપી મોહ '**તે બધોય જીવને નથી...**' આહા..હા..! સમજાણું કાંઈ? જેમ પ્રીતિરૂપ રાગ એ જીવ નથી, જીવનો નથી, એ તો પુદ્ગલનો છે. એમ અપ્રીતિરૂપ દ્વેષ જીવનો નથી. આહા..હા..! ભગવાન અતીન્દ્રિય જ્ઞાન અને આનંદમય આત્મા છે. એના ઉપર મિથ્યાત્વભાવ આદિ અજીવનો ખેલ છે. સમજાણું કાંઈ?

જીવ-અજીવ અધિકાર છેને. તો વિપરીત માન્યતા પણ અજીવ છે, પુદ્ગલના પરિણામ છે. આહા..હા..! ભગવાન આત્મા પૂર્ણ આનંદસ્વરૂપ તેની પ્રાપ્તિ ન હોય એવો જે મોહ એ બધો પુદ્ગલનો છે. આહા..હા..! જેની દૃષ્ટિ ચૈતન્ય ઉપર લાગી તો એને મોહનો ભાવ એમાં છે નહિ. છે નહિ તો નથી એમ થયું. નથી એમ થયું. શું કહ્યું? આહા..હા..! ભગવાન આત્મા જ્ઞાનનો પુંજ, આનંદનો ગંજ, અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ હોં! એવું પૂર્ણ સ્વરૂપ એના ઉપર જ્યારે દૃષ્ટિ પડી ત્યારે કહે છે કે પુદ્ગલભાવ બધો મોહનો પુદ્ગલભાવ છે એ એમાં આવતો નથી. અનુભૂતિમાં એ આવતા નથી. એમ કહેવું છેને અહીંયાં? છેને? ક્યોંકિ એ જીવનો નથી. કેમકે પુદ્ગલ પરિણામ છે. પોતાની અનુભૂતિથી ભિન્ન છે. એમ અહીંયાં લગાડવું. નિજ સ્વરૂપ પૂર્ણ સ્વરૂપની જ્યાં દૃષ્ટિ (થઈ), પ્રાપ્તના પ્રાપ્તની દૃષ્ટિ થઈ, છે એવી દૃષ્ટિ થઈ તો એ દૃષ્ટિવંતને સર્વ મિથ્યાત્વ આદિ ભાવ પુદ્ગલ પરિણામ છે એની અનુભૂતિમાં આવતા નથી. કેટલો પુરુષાર્થ છે એમાં! સમજાણું કાંઈ? પુરુષાર્થ એટલે કાંઈ બહારમાં કૂદવું છે? ચૈતન્યની વર્તમાન પર્યાયની દિશા પર તરફ છે એ દશા મિથ્યાત્વની છે. સમજાણું કાંઈ?

ભગવાનને દેખવાની દૃષ્ટિ નથી, એની દૃષ્ટિમાં જોવામાં તો રાગ અને પર્યાય અને પર જોવામાં આવે છે. તો કહે છે કે એ મિથ્યાત્વભાવ, ચૈતન્યની ઋદ્ધિની સમૃદ્ધિની અનુભૂતિ કરનારને. એમ છેને? અજ્ઞાનીએ તો માન્યું કે હું એવો છું. પંડિતજી! અજ્ઞાનીએ તો માન્યું છે કે હું એવો છું. માન્યું છે હોં! છે નહિ. કહ્યુંને, શ્રીમદ્‌માં આવે છે એ કે દિગંબરના આચાર્યોએ મોક્ષ થાય છે એમ નથી કહ્યું, મોક્ષ છે એમ સમજાય છે, બસ. જે વિચારથી એમ માન્યું હતું કે હું પરિપૂર્ણ શુદ્ધ નથી, હું રાગમય છું, એક સમયની પર્યાયવાળો છું

એવી માન્યતા હતી, એ માન્યતા જ્ઞાનના વિચાર દ્વારા નાશ થઈ. તો જેવો છે એવો ખ્યાલમાં આવ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? એ કાંઈ વાતથી મળતું નથી, એ કોઈ વિકલ્પથી મળતું નથી. આહા..હા..!

મુમુક્ષુ :- આ વાતને પકડીને ભગવાન થઈ જશે.

ઉત્તર :- ભગવાન થઈ જશે. આહા..હા..! પૂર્ણાનંદ પરમાત્મા પરમસ્વરૂપ, આનંદસ્વરૂપ અતીન્દ્રિય (ઉપર) જ્યાં અંતર દૃષ્ટિ પડી તો દિશા બદલાઈ ગઈ. દિશા બદલતા દશા બદલાઈ ગઈ. જ્યારે પર ઉપર દિશા હતી ત્યારે માનતો હતો કે હું રાગ છું, હું શુદ્ધ નથી, પરિપૂર્ણ (નથી), માનતો હતો. એ ફોગટ માન્યતા, મોહનો અર્થ જ ફોગટ છે. સમજાણું કાંઈ? નિષ્ફળ, જેનું ફળ રખડવાનું છે, આત્માનું ફળ મળતું નથી એવા મોહથી માનતો હતો. ફોગટ. આહા..હા..! જ્યાં અંતર સ્વભાવ પૂર્ણ શુદ્ધ દ્રવ્ય... લાખ વાતની વાત, કરવાનું આ છે અને એ કર્યે જન્મ-મરણનો અંત આવશે. બીજી કોઈ વાત નથી. આહા..હા..! સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્રથી પણ પમાતું નથી, જિનવાણીથી પણ પમાતું નથી અને જિનવાણીની શ્રદ્ધાથી પણ પ્રાપ્ત નથી થતું.

'**જે યથાર્થ તત્ત્વની અપ્રતિપત્તિરૂપ(અપ્રાપ્તિરૂપ)...**' યથાર્થ તત્ત્વ જે શુદ્ધ આનંદઘન છે તેની અપ્રાપ્તિ, પર્યાયમાં અપ્રાપ્તિ, એવો જે મોહ એ તત્ત્વની દૃષ્ટિવંત અનુભવ કરનારને છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આ વાતની કિંમત નથી અને બહારના ત્યાગ અને વૈરાગ્ય અને સાધારણ (કરે). વૈરાગ્ય તો ખરેખર તો એને કહે કે શુભ-અશુભરાગથી પણ વિરક્ત થાય તો વૈરાગ્ય કહેવામાં આવે છે. વૈરાગ્ય એમ નહિ કે બાયડી-છોકરા છોડ્યા માટે વૈરાગી. એમ નથી. એ તો વેરાગી છે. સમજાણું કાંઈ? વૈરાગી તો તેને પરમાત્મા કહે છે પુણ્ય-પાપ અધિકારમાં, પુણ્ય-પાપ અધિકારમાં (છે) કે શુભ-અશુભરાગથી ખસીને અસ્તિરૂપ પરમાત્મા પોતે શુદ્ધ ચૈતન્યઘન છે એમાં જ્યાં દૃષ્ટિ કરી તો પુણ્ય-પાપથી ખસી ગયો તે વૈરાગ્ય છે. સમજાણું કાંઈ? અસ્તિ પૂર્ણાનંદ પ્રભુ, અંતરની અસ્તિનો સ્વભાવનો સ્વીકાર સન્મુખતા થઈ તો એ જ ક્ષણે શુભ-અશુભરાગથી પણ વિરક્ત છે. સમજાણું કાંઈ?

જ્ઞાનીને જ્ઞાન અને વૈરાગ્ય બે શક્તિ કહી છેને. કઈ બે? જ્ઞાનીને જ્ઞાન અને વૈરાગ્ય બે શક્તિ હોય છે. જ્ઞાન તો પૂર્ણાનંદ પ્રભુની સન્મુખ થઈને જે અંકુર પ્રગટ થયો તે જ્ઞાન અને વૈરાગ્ય, શુભ-અશુભ રાગથી ખસી ગયો. બધા શુભાશુભ પરિણામ. ઓહો..હો..! સમજાણું કાંઈ? એનાથી ખસી ગયો તે વૈરાગ્ય છે. જે વૈરાગ્યમાં આખા સંસારથી ઉદાસ છે. સમસ્ત ઉદાયભાવથી ઉદાસ છે એનું નામ વૈરાગ્ય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

મોટી વાત. મોટો જ છેને ઈ. એની મોટપની વાત શું કરવી? આહા..હા.! જેની એક સમયની પર્યાયમાં છ દ્રવ્ય જણાઈ જાય છતાં એ પર્યાયમાં એટલી શક્તિ રહે કે એથી અનંતગુણા

દ્રવ્ય હોય તો જાણી લે. આહા..હા..! એથી અનંતગુણા દ્રવ્ય હોય. આહા..હા..! એવી એક સમયની જ્ઞાનની પર્યાય એટલી તાકાતવાળી. એ પર્યાય એટલી તાકાતવાળી જ્યારે અંતરમાં વળે છે તો કાંઈ નથી. રાગ નથી, મોહ નથી, કાંઈ નથી. હું તો આનંદઘન ચૈતન્ય છું. આઠ વર્ષની બાળિકા પણ જ્યારે સમ્યગ્દર્શન પામે છે તો આ રીતે પામે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'જે યથાર્થ તત્ત્વની અપ્રતિપત્તિરૂપ(અપ્રાપ્તિરૂપ) મોહ છે તે બધોય જીવને નથી...'** આહા..હા..! મિથ્યાત્વના અસંખ્ય પ્રકાર, સૂક્ષ્મ અનંત પ્રકાર. સૂક્ષ્મ અનંત પ્રકાર છે મિથ્યાત્વના. એ બધાય જીવમાં નથી. અનંત-અનંત સ્વભાવનો સ્વામી થયો અંદરમાં, રાગ અને પરથી ભિન્ન જ્યાં અનુભૂતિ થઈ તો કહે છે સર્વ મોહથી વિરક્ત થઈ ગયો. સમજાણું કાંઈ? એનું નામ ભગવાન સમ્યગ્દર્શન અને મોક્ષનો સાધકજીવ કહેવામાં આવે છે. આહા..હા..! કહો, પ્રેમચંદભાઈ! આહા..હા..! અહીં તો કહે, દેવ અને ગુરુની ભક્તિ કરો તો મળશે. ગુરુની કૃપા થઈ જાય તો મળી જાય. શ્રીમદ્‌માં નથી આવતું? ગુરુની કૃપા, મહાપુરુષની કૃપા એ સમકિત છે. પણ એ કૃપાનો અર્થ શું? એનો અર્થ શું? ભગવાન આત્માની કૃપા. આપણે આવી ગયું છે. સંસિદ્ધિ અને રાધ. સવારે નિયમસારમાં. રાધ, સંસિદ્ધિ, રાધ, પ્રસન્નતા, કૃપા. પોતાના સ્વરૂપની શ્રદ્ધા-જ્ઞાનમાં સન્મુખ થયો સ્વભાવમાં તો પ્રસન્નતા થઈ, એ આત્માની કૃપા થઈ. નંદકિશોરજી! આવ્યું હતું સવારે? સંસિદ્ધિ ને પ્રસન્નતા ને પૂર્ણતા ને પૂર્ણ સાધક. આહા..હા..!

ભગવાન આત્મા, એક દૃષ્ટિ પલટી પરમાત્મા છે એમ કહે છે અને દૃષ્ટિ પલટ્યા વિના તે પામર છે. સમજાણું કાંઈ? દૃષ્ટિમાં પરમાત્મા આવ્યો તો સમ્યગ્દર્શન થયું, અનુભૂતિથી ભિન્ન ... તોપણ પોતાની પર્યાય કેવળજ્ઞાન જેવી નથી તો એ અપેક્ષાએ પર્યાયમાં પામરતા માને છે. વસ્તુમાં પામરતા નથી. શું કહ્યું સમજાણું? પર્યાયમાં પામરતા માને છે કે પર્યાય મારી ઘણી અલ્પ છે. અનુભૂતિ થઈ, સમ્યગ્દર્શન થયું તોપણ કેવળજ્ઞાન જેવી પર્યાય નથી તો મારી પર્યાય બહુ અલ્પ છે. પર્યાયદૃષ્ટિમાં અથવા પર્યાયનો ખ્યાલ કરવામાં પોતાના આત્માના જ્ઞાનમાં પોતાને પામર માને છે. આહા..હા..! એ જ સમયે પૂર્ણતાની દૃષ્ટિમાં આત્માને પ્રભુ માને છે. સમજાણું કાંઈ?

એ સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં ગાથા આવી છે કે સમ્યગ્દર્શન થતાં અનંતાનુબંધીનો અભાવ થાય છે. સમ્યગ્દૃષ્ટિ પોતાને પામર માને છે. પર્યાયની અપેક્ષાએ હોં! આહા..હા..! અરે! ક્યાં કેવળજ્ઞાન. આહા..હા..! ક્યાં સર્વજ્ઞની સંપદા, ઋદ્ધિની પ્રગટતા અને ક્યાં સમ્યગ્દર્શનની દશા. એ પર્યાયની અપેક્ષાએ પામરતા જાણવા છતાં ત્રિકાળની અપેક્ષાએ તો પોતાને પ્રભુ માને છે. સમજાણું કાંઈ? આ ઈશ્વરની લીલા છે. એ ઈશ્વર પોતે ઈશ્વર, બીજો કોણ ઈશ્વર?

ઈશ્વરનો ઈશ્વર પોતે છે પોતાનો આત્મા. બીજો ઈશ્વર એની પાસે રહ્યો. એ અનંતા ઈશ્વર એક સમયની પર્યાયનો વિષય અને પર્યાયમાં આવી જાય છે. અનંતા ઈશ્વર એક સમયની પર્યાયમાં આવી જાય છે જ્ઞાનમાં. આ તો મહા ઈશ્વર. આહા..હા..! કહે છે કે અપ્રાપ્તિ છે એ વસ્તુ જ નથી આત્મામાં. એમ કહે છે. પ્રાપ્તિ થાય તે વસ્તુ છે. એમ. આહા..હા..! સમજાણું કાંઈ? એ ૧૧ બોલ થયા. ૧૧ થયાને? કે દસ? ૧૧.

મુમુક્ષુ :- આમાં ૧૧નો આંકડો છે.

ઉત્તર :- આંકડો છે એ દસ થયો. પૂરો થાયને ત્યાં દસ થયો એ. એ ત્યાં આંકડે પૂરું થાય છે. કાળું હોયને ત્યાં પૂરું થયા પછી એકડો છે. પૂરું થયા પછી એક છે, પૂરું થયા પછી બે છે. આ પૂરું થયા પછી ૧૦ છે, આ ૧૧ છે. આ અપ્રતિપ્રતિનો આંકડો ૧૧ છે. ૧૧ પૂરો થયો ત્યાં. હવે ૧૧ નહિ, ૧૧ ત્યાં પૂરો થયો. આહા..હા..!

૧૨. '**મિથ્યાત્વ,...**' વિપરીત માન્યતાના પરિણામ. ચાહે તો કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને માને. અરે! હું આત્મા છું જ નહિ એવી માન્યતા કરે, એ મિથ્યાત્વભાવ તે સર્વ આત્મામાં નથી. ચાર બોલ લે છે. '**મિથ્યાત્વ, અવિરતિ,...**' ઓહો..! પ્રથમ દરજ્જામાં? અવિરતિના પરિણામ એ તો આસ્રવ છે. સમજાણું કાંઈ? એ આસ્રવ પરિણામ છે. એનાથી તો હું ભિન્ન છું. ઓહો..હો..! અનુભૂતિથી એ આસ્રવ પરિણામ ભિન્ન રહે છે. ચોથા ગુણસ્થાને પણ અનુભૂતિથી અવિરતિ ભાવ ભિન્ન રહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**અવિરતિ, કષાય...**' શુભ-અશુભ કષાય બધા. '**અને યોગ જેમનાં લક્ષણ છે એવા જે પ્રત્યયો...**' એ આસ્રવના લક્ષણ છે, એ કાંઈ આત્માના લક્ષણ નથી.

'**મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ...**' પ્રમાદ નથી લીધો. પ્રમાદ કષાયમાં આવી ગયો. સમજાણું કાંઈ? પાંચ બંધના કારણ કહે છેને તત્ત્વાર્થસૂત્રમાં. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ. પણ અહીંયાં કષાયમાં પ્રમાદ સમાવી દીધો છે. '**મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ...**' એ બંધના કારણરૂપ પરિણામ એ આસ્રવ. આસ્રવ બંધનું કારણ છેને? '**તે બધાય જીવને નથી...**' ભગવાન અબંધસ્વરૂપ પ્રભુ, આત્મા અબંધસ્વરૂપના પરિણામ તો અબંધ હોય. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા તો અબંધસ્વરૂપે છે. એટલે કે અબંધ નામ મુક્તસ્વરૂપે છે. અબંધ તો બંધાતો નથી. નાસ્તિથી કહ્યું. અસ્તિથી લ્યો તો ભગવાન મુક્તસ્વરૂપ જ છે. ત્રણે કાળ મુક્તસ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? તો બંધના જે પરિણામ છે એ આસ્રવ છે. બંધના કારણરૂપ આસ્રવ એ તો આસ્રવ છે, એ આસ્રવનું લક્ષણ છે. '**તે બધાય જીવને નથી...**' ઓહો..હો..! પોતાની જ્યાં અનુભૂતિ થઈ... અહીંયાં વાત એ છેને. ચૈતન્યસ્વભાવ ભગવાન પૂર્ણ એ તરફનો ઝુકાવ થયો. અનુ નામ શુદ્ધ આત્માને અનુસરીને પર્યાયમાં આનંદની ભૂતિ નામ અનુભવ થયો. આહા..હા..!

અનુસરીને અનુભૂતિ થઈ. આનંદ છે એને અનુસરીને આનંદની દશા થઈ. એવી અનુભૂતિથી ચાર જે આસ્રવના લક્ષણ છે-મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ એ બધા જુદા છે.

'તે બધાય...' એમ કહ્યું અહીંયાં તો. આ તો એકાંત થઈ જાય છે. દૃષ્ટિની અપેક્ષાએ એકાંત સર્વ જીવ નથી. પર્યાયની અપેક્ષાએ જુઓ તો અંદર છે. પણ દૃષ્ટિની અપેક્ષાએ છે નહિ એમ પર્યાય અપેક્ષાએ નથી એમ નહિ. એમ દૃષ્ટિની અપેક્ષાએ નથી અને વળી દૃષ્ટિની અપેક્ષાએ છે એમ અનેકાંત નથી. એ તો જૂઠી દૃષ્ટિ થઈ. આહા..હા..! જુઓ શું લખ્યું છે? એ ચારેય આસ્રવ '**તે બધાય જીવને નથી...**' એ તો પુદ્‌ગલના પરિણામ છે. આહા..હા..! આ તે કાંઈ વાત છે! સર્વ પુદ્‌ગલના પરિણામ મારામાં શૂન્ય છે. પુદ્‌ગલ પરિણામમાં છે. હું એ પુદ્‌ગલ પરિણામથી ખાલી છું અને અનંત જ્ઞાન અને આનંદથી હું ભરેલો છું. આહા..! એવી અનુભૂતિથી જેનું લક્ષણ આસ્રવ છે ચાર એનાથી હું સર્વથા ભિન્ન છું. આહા..હા..! એક-એક બોલમાં આખા સંસારનો અભાવ બતાવ્યો છે. સંસાર એની પર્યાયમાં છે જ નહિ એમ કહે છે. સંસાર પર્યાય જીવની દૃષ્ટિમાં અને જીવમાં છે જ નહિ. આહા..હા..! જેમાં ભવનો અંત ન હોય એ દૃષ્ટિ જ મિથ્યાત્વ છે. ભવના ભાવનો સ્વીકાર હોય ત્યાં મિથ્યાત્વભાવ છે. આહા..! કેમકે એમાં છે નહિ. ભવનો ભાવ જીવમાં નથી, એનો સ્વીકાર કરનારો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ૧૨ બોલ થયા.

હવે એ કહે છેને, કર્મથી રખડે છે આત્મા. એય..! હીરાભાઈ! ક્યાં ગયા? આ તમારા ગુરુ ત્યાં કહેતા હતા હોં, ૨૦૦૬ સાલમાં. અમે ગયા હતાને ત્યાં પાલિતાણા. ૮૦૦ માણસ હતું સાથે. તો ચર્ચા થઈ. બહાર માણસો બહુ. એનો પડાવ હતો. આનંદજી કલ્યાણજી વંડો. એમાં વ્યાખ્યાન હતું. તો આપ્યું હતું. ૮૦૦ માણસ તો સાથે હતા. એના વ્યાખ્યાનમાં ૨૦૦-૩૦૦ માણસો આવતા હતા. આના આચાર્ય કહેવાતા હતા. એટલે એને દ્વેષ થયો અંદરથી. અરે! એ લોકો કહે છે કે કર્મથી રખડતો નથી. એમ નથી. આઠ કર્મથી આત્મા રખડે છે એવું પરમોપકારી જિનેશ્વરનું કથન છે એમ કહેતા હતા. એય..! જેઠાભાઈ! એ તો તમને અનુભવ છે. જેઠાભાઈ એમના શિષ્ય હતા રામજીવિજયના. પછી એની સાથે ચર્ચા થઈ. ઘણા પ્રશ્નો કાઢ્યા. ૫૦ પ્રશ્નો કાઢ્યા. ભાઈ! શ્વેતાંબરમાં જો આવો ખુલાસો હોય તો હું શ્વેતાંબરમાંથી નીકળીશ નહિ. એવું એણે કહ્યું. એવું કહ્યું. ખબર છે. ૫૦ પ્રશ્નમાં એમ હતું. ભાઈ!

મુમુક્ષુ :- છાપેલું હતું.

ઉત્તર :- છાપેલું હતું. ૫૦ પ્રશ્ન કાઢ્યા હતા. એનો કોઈ જવાબ શ્વેતાંબરમાંથી નીકળે તો મારે શ્વેતાંબર પંથ છોડવો ન પડે. કોઈએ જવાબ આપ્યો નહિ.

મુમુક્ષુ :- બે-ત્રણ જણે દીધા તો ઊંધા દીધા.

ઉત્તર :- ઊંધા દૃષ્ટાંત. અભયકુમારે દીધો હતો. એક જણાએ. આહા..હા..!

અહીં તો કહે છે કે આઠ કર્મ આત્મામાં છે નહિ. એ તો અજીવ છે. છે નહિ એ નુકસાન કરે? છે નહિ એ નુકસાન કરે એમ ક્યાંથી આવ્યું? બરાબર આચાર્ય નામ ધરાવે, સાધુ, સાધ્વી નામ ધરાવે. મોટી ઊંધી દૃષ્ટિ. આહા..હા..! આ ભગવાન આત્મામાં, કહે છે કે તે બધાય જીવના નથી. આવી અનુભૂતિવાળો તો એમ જાણે છે કે મારામાં એ છે નહિ. આઠેય કર્મ છેને?

'**જ્ઞાનાવરણીય,...**' ભાષા એમ છે કે જ્ઞાનને આવરણ કરે તે જ્ઞાનાવરણીય. શબ્દ શું છે જુઓ. જ્ઞાનાવરણીય. એ શું કરે બિચારો? કે જ્ઞાનને આવરણ કરનાર જ્ઞાનાવરણીય છે એ કારણે જ્ઞાન ખીલતું નથી. એમ છે જ નહિ. પોતાની પર્યાયમાં હીણી દશા કરે છે તો જ્ઞાનાવરણીય કર્મને નિમિત્ત કહેવામાં આવે છે. જ્ઞાનાવરણીય જ્ઞાનને રોકે, પરદ્રવ્ય પોતાની પર્યાયને રોકે એમ ત્રણ કાળ, ત્રણ લોકમાં બનતું નથી. આહા..હા..! કોકે પ્રશ્ન કર્યો હતો અહીંયાં ક્ષયોપશમનો રાતે. રાતે કર્યો હતો. આ ક્ષયોપશમ કેમ બરાબર થાતો નથી? કાંઈ કર્મ-બર્મ નડે છે કે નહિ? જ્ઞાનાવરણીય. એ ક્ષયોપશમની પર્યાયનો પુરુષાર્થ જેટલો છે એથી વધારે નથી માટે ખીલતો નથી. સમજાણું કાંઈ? જ્ઞાનાવરણીય રોકે છે તો પર્યાયની યોગ્યતા હીણી થઈ, કર્મને કારણે થઈ એમ નથી.

એ પ્રશ્ન ચાલ્યો હતો, ઈસરીમાં. વર્ણીજીની છેને બુક શું કહેવાય એ? પુસ્તક આપ્યું હતુંને એણે. છપાયું છેને. કાનજીસ્વામી કહે છે કે આત્માની યોગ્યતાથી જ્ઞાનની હીણી દશા છે, જ્ઞાનાવરણીયથી નહિ. એવો પ્રશ્ન છે. એવો પ્રશ્ન હતો. બુકમાં છપાયું છે. બુક છે આમાં. આમાં હશે. એ છે હોં. આ ઠીક છે? એમ પૂછ્યું છે. છે ક્યાંક. આ હશે, એ જ છે. જુઓ એ શબ્દ છે. રતનચંદજી મુખત્યાર તમારા.

મુમુક્ષુ :- અમારા ગામમાં રહેતા હતા.

ઉત્તર :- ગામના. એ તો ગામની અપેક્ષાએ ગામની વાત છે. કોઈ કોઈના છે નહિ.

જુઓ, 'પ્રશ્ન :- શ્રી રતનચંદજી મુખત્યાર સરહાનપુર પ્રશ્ન કરે છે.' વર્ણીજીને. 'કાનજીસ્વામી યહ કહતે હૈં કિ મહારાજ! જ્ઞાનાવરણીય આદિ કર્મ કાંઈ નથી કરતા. પોતાની યોગ્યતાથી જ્ઞાનમાં કમી-બેસી થાય છે.' વાત સાચી છે. સમજાણું કાંઈ? આ છપાયું છે. આવ્યું છે કે નહિ તમારે? .. નથી આવ્યું? 'મહારાજ! જ્ઞાનમાં કમી થાય છે એ પોતાને કારણે થાય છે, પોતાની યોગ્યતાથી થાય છે. કાનજીસ્વામી એમ કહે છે. જ્ઞાનાવરણીય કર્મ કાંઈ નથી કરતું. તો મહારાજ શું એ બરાબર છે?' એવો પ્રશ્ન કર્યો છે. શું એ બરાબર છે એવો પ્રશ્ન કર્યો છે. છપાઈ ગયા હજારો પુસ્તક.

'ઉત્તર :- શું એ બરાબર છે કે નહિ તમે જ સમજો. કેવી રીતે બરાબર છે? બરાબર

નથી. કોઈપણ કહે. ચાહે અમે તો કહીએ છીએ કે અંગધારી કહે તોપણ બરાબર નથી.' મોટી ભૂલ. આહા..હા..! આ વર્ણીજીનો ઉત્તર છે આ પ્રશ્નનો. ભાઈ! આહા..હા..! ઈ ખબર નથી. ખબર નથીને. શાસ્ત્રમાં એમ આવ્યુંને. જ્ઞાનાવરણીય શબ્દ આવ્યોને? શબ્દ શું આવ્યો? જ્ઞાનાવરણીય. જ્ઞાનાવરણીયે જ્ઞાનને રોક્યું એમ શબ્દાર્થ થાય છે. પણ એ કઈ નયનું વાક્ય છે? એ તો અસદ્ભૂત વ્યવહારનયનું વાક્ય છે. જ્ઞાનાવરણીય કર્મથી જ્ઞાન રોકાય છે એ વાત સાચી છે જ નહિ. પોતાને કારણે જ્ઞાનની પર્યાય હીણી કરે છે તો જ્ઞાનની ખીલવટ-વિકાસ થતો નથી. આ ગોમ્મટસાર આખું ખોટુ પડે છે એમ કહે છે. અરે ભાઈ! ભગવાન! સાંભળ તો ખરો. ગોમ્મટસારમાં એમ કહ્યું જ નથી.

કારણ કે ભગવાન તો એમ કહે છેને શાસ્ત્ર? કે દરેક ગાથાનું નય વાક્ય શું છે એનો અર્થ કરવો જોઈએ. આ તો વ્યવહારનયનું કથન છે કે નિશ્ચયનું છે? આ આગમનું છે કે અન્યમતિની અપેક્ષાએ છે? એનો ભાવાર્થ શું છે? એમ એક-એક ગાથામાં પાંચ બોલ લગાવવા. એવો પાઠ છે શાસ્ત્રમાં. તો જ્ઞાનાવરણીએ જ્ઞાન રોક્યું એ કઈ નયનું વાક્ય છે? એ નિશ્ચયનયનું છે? બિલકુલ નહિ. તો વ્યવહારનય નિમિત્તનું જ્ઞાન કરાવવાની વાત છે. પોતાનું જ્ઞાન ભગવાન ચિદાનંદ પ્રભુ પોતાની શક્તિનો વિકાસ નથી કરતો તો જ્ઞાનમાં ખીલવટ અને વિકાસ નથી થતો, ત્યારે જ્ઞાનાવરણીયને નિમિત્ત કહેવામાં આવે છે. એવી વાત છે. મોટી ચર્ચા. ઉત્તરને ઉત્તર.. કહેવાયને? ઉત્તર ભારત કહેવાયને? મોટી ચર્ચા થઈ હતી.

પછી એ પ્રશ્ન આવ્યો ત્યાં કલકત્તા. કલકત્તાને? કલકત્તા. ગજરાજજીને ત્યાં. ગજરાજજી હતાને? ગજરાજજી નહોતા? વચ્છરાજજીના નાના ભાઈ ગજરાજજી હતા. એના ઘરે ભોજન કરવા ગયા હતા, ત્યાં શાહુજી આવ્યા. શાંતિપ્રસાદ. આવ્યા બધા પ્રશ્ન લઈને. આમ છે. ત્યાંથી પ્રશ્ન પૂછ્યા છે કે શું આત્મામાં કર્મના આવરણ વિના નુકસાન થાય છે? એને લઈને થાય છે? ભાવકર્મ કર્મ વિના થાય છે? કીધું, હા. ઈસરીમાં ખુલાસો થઈ ગયો છે. ચાલો. તમને ભાન નથી, મોટા પૈસાવાળા થઈ ગયા તો શું થયું? ચાલીસ કરોડ અને ધૂળ કરોડ. એ કાગળ લઈને આવ્યા હતા. અમે ભોજન કરવા બેઠા હતા. ચાલો કીધું, ઉત્તર દેવાઈ ગયો છે. આ જ્ઞાનારણીય કર્મ જુઓ. જ્ઞાનાવરણીય કર્મની જીવમાં અસ્તિ જ નથીને. જીવમાં આવ્યા વિના એ નુકસાન કરે કેવી રીતે? સમજાણું કાંઈ? જ્ઞાનાવરણીય કર્મને આત્મા કદી સ્પર્શ્યો જ નથી. અજ્ઞાનભાવે પણ સ્પર્શ્યો નથી. આહા..હા..! બરાબર છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું? એ તો નજીક છે માટે અનુપચારિક અસદ્ભૂત વ્યવહારથી કહેવામાં આવ્યું છે. અનુપચારિક અસદ્ભૂત વ્યવહારનય. અને ઘટપટાદિનો કર્તા ઉપચારથી વ્યવહારનય એ અસદ્ભૂત. એ દૂર છેને. આ જરી એક ક્ષેત્રાવગાહ છે. અનુપચાર અસદ્ભૂત વ્યવહારનય.

જૂઠી.

મુમુક્ષુ :- અને વ્યવહારનય તમે માનતા નથી.

ઉત્તર :- શેઠ ખુલાસો કરે છે. કહો, સમજાણું કાંઈ?

જ્ઞાનાવરણીય કર્મ આત્મામાં બિલકુલ જીવના છે જ નહિ. બધાય જીવના નથી. જીવના નથી એ જીવને નુકસાન કરે? સમજાણું કાંઈ? આ પ્રશ્ન તો અમારે ૧૯૭૧થી ચાલ્યો હતો.. ૭૧. ૫૬ વર્ષ થયા. ૫૭. ત્યારે સંપ્રદાયમાં ઝંઝટ ચાલી હતી. કર્મથી થાય એમ બિલકુલ નહિ. વિકાર પોતાથી થાય છે અને પોતાના પુરુષાર્થથી વિકારનો નાશ થાય છે. બીજું નિમિત્ત-ફિમિત્ત હો એમાં. ૭૧ સમજ્યા? ૭૦ અને ૧. લાઠી. લાઠીમાં ચોમાસું હતું. તમારો જન્મ પણ નહિ હોય ત્યારે. કહ્યું, નહિ, એમ નથી. આ ભગવતી સૂત્ર કહે છે. .. ભૂલ પોતાથી થાય છે, પોતાના પુરુષાર્થથી થાય છે. ઊલટા પુરુષાર્થથી મિથ્યાત્વભાવ થાય છે. શું કર્મથી થાય છે? અમને બિલકુલ માન્ય નથી. તમે ગડબડ ઉઠાવો, જૈન સંપ્રદાયવાળાને ખોટું લાગે તો ભલે લાગે. અમારા ગુરુ બહુ શાંત હતા. .. ભગવતીનું દૃષ્ટાંત આપ્યું તો ... પણ એક શેઠ હતા એ જરી ચકચક કરતા હતા. અરે ભાઈ! પોતાની પર્યાય જે હીણી થાય છે, વિપરીત થાય છે એ પોતે કર્તા થઈને થાય છે. કર્મ કર્તા થઈને આત્મામાં હીણી પર્યાય થાય છે? એય..! નંદકિશોરજી!

મુમુક્ષુ :- અત્યાર સુધી તો એમ જ માનતા હતા.

ઉત્તર :- માનતા હતાને. ખબર છેને. ત્રણે સંપ્રદાય માનતા હતા. ત્રણે સંપ્રદાયમાં (એમ છે). પહેલા સ્થાનવાસીમાં એ વાત નીકળી બહાર અમારી તો ખળભળાટ થઈ ગયો. પછી શ્વેતાંબરમાં એ વાત ગઈ તો ખળભળાટ... ખળભળાટ... રામવિજય કહે, અરર! કર્મથી કાંઈ નથી થતું? આહા..હા..!

મુમુક્ષુ :- ખળભળાટ એટલે શું?

ઉત્તર :- ખળભળાટને શું કહે છે? હલચલ, હલચલ. અને દિગંબરમાં જ્યાં આવ્યા તો ત્યાં ખળભળાટ થઈ ગયો પાછો. કર્મથી થાય છે એ બિલકુલ નથી. ખોટી વાત છે. ત્રણકાળ, ત્રણલોકમાં જૈનદર્શનમાં એ વસ્તુ નથી. કર્મ પરદ્રવ્ય છે. ઈશ્વર પરનું નુકસાન કરવાવાળા માને એ ઈશ્વર, આ કર્મથી પોતાને નુકસાન માને, બેય એક સરખા છે. સમજાણું કાંઈ? એ સર્વવિશુદ્ધ અધિકારમાં છે સમયસારમાં. કર્તા. ઈશ્વર કર્તા માને પરને અને આ અજ્ઞાની જૈનમાં રહ્યા, અમે છ કાયની દયા પાળી શકીએ છીએ, એ તો મિથ્યાદૃષ્ટિ એકસરખા છે. સમજાણું કાંઈ? આહા..હા..! એની પર્યાય કરે છે? એમ પરથી તારી પર્યાય રોકાય છે? સમજાણું કાંઈ? પરની પર્યાય તું કરી શકે છે? તો ઈશ્વર કર્તા જગતનો અને તું પરની પર્યાય કર, એ બેય એક જાતની મિથ્યા શ્રદ્ધા છે. એનો ઈશ્વર ચૈતન્ય અને તારો ઈશ્વર જડ. જડ તારો કર્તા.

આહા..હા..! જડ તારો સ્વામી. જડ રખડાવે તો રખડે એવો તારો ભાવ. મૂઢ છો, પાગલ છે કીધું. પાગલમાંથી પણ ગયો. આહા..હા..! સમજાણું કાંઈ?

જુઓ! '**જ્ઞાનાવરણીય,...**' એ તો વ્યવહારનયનું કથન છે. જ્ઞાનમાં આવરણ છે એ વ્યવહારનયનું કથન છે. પર આવરણ કરે છે અને આત્મામાં હીણી દશા થાય છે એમ છે જ નહિ. કેમકે કર્મનો ઉદય એ જડ છે અને ભગવાન આત્મા અરૂપી છે. તો અરૂપીની પર્યાય જડને સ્પર્શતી નથી અને કર્મનો ઉદય આત્માની પર્યાયને સ્પર્શતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એકક્ષેત્રાવગાહ સામાન્ય..

ઉત્તર :- એકક્ષેત્રાવગાહ છએ દ્રવ્ય છે. એમાં શું થયું? નિગોદ છે. સિદ્ધ છે ત્યાં નિગોદ પણ છે. સિદ્ધ ભગવાન બિરાજે છેને, ત્યાં નિગોદના જીવ પણ છે. તો શું થયું? સિદ્ધ સિદ્ધની પર્યાયનો અનુભવ કરે છે, નિગોદ નિગોદની પર્યાયનો અનુભવ કરે છે. શું કર્મની પર્યાયનો અનુભવ કરે છે નિગોદ? ગોમ્મટસારમાં છે. ગોમ્મટસાર છેને? ભાવકલંક પહુરા. મૂળ ગાથા છેને. ભાવકલંક પહુરા નિગોદવાસં ન મુચ્ચંતિ. એવો પાઠ છે ગોમ્મટસારમાં. પોતાના ભાવકલંકની પ્રચુરતાથી નિગોદના જીવ નિગોદવાસ છોડતા નથી. કર્મના જોરથી નિગોદવાસ છોડતા નથી એવું ભગવાને કહ્યું નથી. એ ગોમ્મટસારમાં છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એક ઠેકાણે ન કહ્યું, બીજે ઠેકાણે કહ્યું?

ઉત્તર :- બીજે ક્યાંય કહ્યું નથી. એ તો નિમિત્તનું કથન છે. લાંબી વાત ક્યાં કરે કે આત્મા પોતાના જ્ઞાનની પર્યાય હીણીનો પુરુષાર્થ કરે ત્યારે કર્મનું નિમિત્ત હોય તો હીણી એણે કરાવી એમ કહેવામાં આવે છે. એવી લાંબી વાત ક્યાં કરે? એવી લાંબી વાત નથી. અમારા પંડિતજીએ લખ્યું છે. પંચાસ્તિકાયમાં લખ્યું છે કે આવી લાંબી વાત કરે? ટૂંકી વાત કરી દીધી. સમજી લ્યો. જ્ઞાનની પર્યાય પોતાથી હીણીનો પરિણમનનો કાળ પોતાથી કર્તા, કર્મ છ પ્રકારના કારક, એક સમયની પર્યાયમાં છ કારક છે. જ્ઞાનની પર્યાયનો પર્યાય કર્તા, પર્યાય કર્મ, પર્યાય કરણ, પર્યાય સંપ્રદાન, પર્યાય અપાદાન, પર્યાય અધિકરણ. આહા..હા..! આ તે પણ જૈનદર્શન! સમજાણું કાંઈ? એ ષટ્કારકની હીણી દશાનો કર્તા, કર્મ એ પર્યાય છે. દ્રવ્ય-ગુણ નહિ, નિમિત્ત નહિ. સમજાણું કાંઈ? એય..! પ્રેમચંદજી! આહા..હા..!

અરે! બાદશાહ ત્રણલોકનો નાથ આવો પોકાર કરે કે મને કર્મ હણે. દૃષ્ટાંત આપીએ છીએ અમે ઘણીવાર. આઠ વર્ષનો છોકરો હોય અને એનાથી મોટો છોકરો હોય દસ વર્ષની ઉંમરનો. જરી માર્યું કાંઈક. પછી એ મોટા છોકરાએ પત્થર માર્યો પણ વાગ્યો નહિ એને-નાનાને. તો એની મા પાસે રોતો-રોતો ગયો. અરે.. બા! આણે મને માર્યું. કોણે માર્યું? તો કહ્યું ક્યો છોકરો છે? ઢગા! તું મોટી ઉંમરનો તારાથી નાનો તને મારે? ઢગા સમજો છો? મૂર્ખ? એમ

ભગવાન ત્રણલોકનો નાથ એને કર્મ જડ પરમાણુ જેને ભાન પણ નથી, અમે પદાર્થ છીએ કે નહિ એની ખબર નથી  સમજાણું કાંઈ? એ પુદ્‌ગલને કર્મરૂપ પર્યાય થઈ કે નહિ એની ખબર નથી એ તને હણે? ઢગા! મૂઢ જીવ આ ક્યાંથી લાવ્યો? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આ તો મહારાજ પૂજનમાં પણ આવ્યું હતું.

ઉત્તર :- આવે છેને. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.' એમાં આવે છે. આહા..હા..!

અમારે ત્યાં ભાઈ કોર્ટ ચાલી હતી. એક વકીલ હતા વકીલ. કોર્ટ ચાલી. કોર્ટમાં કરતો હતો એ બોલ્યો. ... વાંઢો હતો. વાંઢો સમજ્યાને? સ્ત્રી નહોતી. પછી કોર્ટમાં ચાલતા-ચાલતા કોઈએ એવી દલીલ કરી અને એની સામે એ વકીલ બોલ્યો કે ભાઈ! એ તો કક્કાના સોળ અક્ષરમાં છે. સોળ અક્ષરમાં છે. ઢ. સાંભળનારા શું કહેવાય તમારા? જજ. આ શું કહે છે? એ કક્કાનો સોળમો અક્ષર. આ કક્કો નથી આવતો? ક, ખ, ગ, ઘ... એમાં સોળમો અક્ષર ઢ આવે છે. ચૌદમો? ચૌદ હશે. એ કાંઈક કહ્યું એણે. ચૌદમો કહ્યો હશે લ્યોને. લોકો કહે આ શું? શું કહે છે? પછી બહુ વિચાર કરતા-કરતા ખબર પડી કે આ ઢ બધાને ઠરાવ્યા. એમ ઢ સમજ્યા? મૂર્ખ મોટો છે. એમ ભગવાન આત્માને જ્ઞાનાવરણીય રોકે એ માન્યતા મૂઢ જીવની છે. આહા..હા..! શોભાલાલજી! કર્મ જ્ઞાનાવરણીય શું ક્ષયોપશમ .. લ્યો! કોઈને ઘણો ક્ષયોપશમ હોય, કોઈને થોડો હોય એનું કોઈ કારણ તો હોવું જોઈએને? પોતાનું ઉપાદાન કારણ છે, બીજું શું? સમજાણું કાંઈ? કોઈને થોડામાં ઘણું યાદ આવી જાય અને ઘણાને ઘણો પ્રયત્ન કરવા છતાં પણ યાદ નથી આવતું. એનું કોઈ કારણ તો હશે કે નહિ? કારણ તારી પર્યાય છે, જ્ઞાનાવરણીય નહિ.

મુમુક્ષુ :- જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ.

ઉત્તર :- ક્ષયોપશમનો અર્થ પોતાનો ક્ષયોપશમ. આહા..હા..! એવી વાત છે, ભાઈ! આ કર્મની તકરાર તો અમારે ૭૧ની સાલથી ચાલે છે. ૭૧ની સાલ. બધા વાંધા ઉઠાવે. ઉઠાવો, અમે કોઈને માનતા નથી. સાધુ હોય કે આચાર્ય હોય. જે શાસ્ત્રમાં એમ લખ્યું હોય કે જ્ઞાનાવરણીયથી જ્ઞાન રોકાય છે નિશ્ચયથી, એ શાસ્ત્ર સાચું નથી. સમજાણું કાંઈ? ખળભળાટ થઈ ગયો હતો. બપોરે એકવાર કહેવાઈ ગયું હતું. બપોરનો ટાઈમ હતોને આઠમ-ચૌદસ. અપવાસ-અપવાસ કરીએને પોષા. તો એક કલાક અમે વાંચતા હતા. ૭૧ની સાલમાં. એમાં આ વાત નીકળી. અમારા ગુરુ બેઠા હતા પાછળ. ઈ પણ બેઠા હતા. કીધું આવી વાત છે. કોઈ બોલ્યા નહિ. આની સામે બોલશું તો આપણને ઉત્તર દેશે. મેં કીધું, શાસ્ત્ર જુઓ. ભગવતી શાસ્ત્રના પહેલા શતકનો ત્રીજો બોલ એમાં બધું છે. કાંક્ષા મોહનીય, મિથ્યાત્વમોહનીય પોતાથી થાય છે, કર્મથી નહિ અને પોતાથી પુરુષાર્થ કાંક્ષા મિથ્યાત્વનો નાશ થાય છે, પરથી નહિ.

મુમુક્ષુ :- સૂત્રમાં લખ્યું છે?

ઉત્તર :- સૂત્રમાં લખ્યું છે.

મુમુક્ષુ :- ભગવતીસૂત્રમાં એમ લખ્યું છે?

ઉત્તર :- હા, એમ છે. એ જરી શબ્દ થોડા લાંબા-લાંબા એવા છે. એવો અર્થ નીકળે છે. જરીક લાંબી વાત છે. પણ એના હું અર્થ કરું. ૭૧ની સાલ અને ભગવતી પહેલું વાંચ્યું અને કહ્યું. એમાં કોઈ બોલી શકે નહિ. સભામાં કોઈ બોલી શકે નહિ. પાછળથી વાત કરે આ દામોદર શેઠ. આવી વાત ક્યાંથી કરે છે આ? અમારા ગુરુએ કીધું નથી અને આ પડાઈ ઉડે છે એની મેળાએ એ ક્યાં જશે? એમ કહે. આહા..હા..! અરે ભગવાન! તારી પર્યાયમાં હીણી દશા તું કરે છો. પોતે કર્તા થઈને કરે છે, સાધન બનાવીને કરે છે. આહા..હા..! અને કરે છે અને તે પર્યાયને તું રાખે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એય..! નેમિદાસભાઈ! શું છે? ઈ ત્યાં હતા કલકત્તામાં. મારી નાખ્યા કર્મે. એમ કાંઈ કહેતા હતા, પહેલા બોલતા હતા. આહા..હા..! ભગવાન ચૈતન્યનો નાથ તને કોઈ બીજી ચીજ હણે એ ચીજ શું? તને શોભતું નથી. સમજાણું કાંઈ? તારો અપરાધ તારાથી થયો છે. બીજી ચીજને નિમિત્ત કહેવામાં આવે છે.

'**દર્શનાવરણીય,...**' લ્યો, એ પણ દર્શનને આવરણ કરે છે. ચક્ષુ, અચક્ષુ, અવધિ, નિંદ્રા નહિ? નવ બોલ છેને. નવ. એ પણ નિમિત્તનું કથન છે. મારામાં છે જ નહિ. હું હીણાપણે પરિણમું છું તો મારા કારણે અને મારી અનુભૂતિથી ભિન્ન છે તો હીણી પર્યાય પણ મારી નથી. સમજાણું કાંઈ? આહા..! હું તો જ્ઞાયકમૂર્તિ ભગવાન, કર્મથી અને પર્યાયથી પણ અધિક થઈને ભિન્ન અનુભવ કરું છું. આહા..હા..! સમજાણું કાંઈ? જૈનદર્શનમાં એ કર્મનું લાકડું બહુ ગરી ગયું છે. જ્યાં હોય ત્યાં પંડિતો એ માને. આ રતનચંદજી દરેક ઠેકાણે નાખે. પ્રશ્ન કોકે કાંઈ પૂછયો હોય તો એનો ઉત્તર આમ આપે કે કર્મના ક્ષયોપશમ વિના એ થતું નથી, કર્મના ઉદયને લઈને (થાય છે). બધે ઠેકાણે આપે. આ જિનેશ્વરદાસજી જેવા ગામમાં રહે છે તોપણ કંઈ ... નથી.

મુમુક્ષુ :- સ્વતંત્ર છેને.

ઉત્તર :- સ્વતંત્ર છે. કોણ માને? આહા..હા..! સાંભળ્યું જ નથી.

દર્શનાવરણીય કર્મ પોતામાં છે જ નહિ. છે નહિ તો દર્શનાવરણીય નુકસાન કરે છે એમ સમકિતી માનતા નથી. આહા..હા..!

મુમુક્ષુ :- સમકિતી માનતા નથી એ ક્યાં લખ્યું છે?

ઉત્તર :- આ શું છે? અનુભૂતિથી ભિન્ન. અનુભૂતિ સમ્યગ્દૃષ્ટિને હોય છે. શેઠ સ્પષ્ટ કરાવે છે. શરાફ છેને શરાફ. અમારે આ પણ શરાફ છે પદમચંદજી. ઈ આગ્રાના શરાફ છે. આ ગ્વાલિયર? ક્યું તમારું ગામ? ગ્વાલિયર. આહા..હા..!

કહે છે '**દર્શનાવરણીય,...**' ભગવાન! મારા દર્શનાવરણીય કર્મમાં હું છું નહિ અને મારામાં દર્શનાવરણીય કર્મ છે નહિ હોં પ્રભુ! આહા..હા..! દર્શનાવરણીય કર્મને હું કદી સ્પર્શ્યો જ નથી અને એ દર્શનાવરણીય કર્મનો ઉદય જડની પર્યાય મને સ્પર્શતી નથી. આહા..હા..! કેવળજ્ઞાનાવરણીય, કેવળદર્શનાવરણીય અને કેવળજ્ઞાનાવરણીય એનાથી પણ ભિન્ન આત્મા? અત્યારે કેવળજ્ઞાન કેમ નથી થતું? એ કહે છે કે ઉપાદાનથી થાય છે તો તમે કેવળજ્ઞાન કેમ પ્રગટ નથી કરતા? એમ કહે છે. તમારા ઉપાદાનથી થાય છે અને નિમિત્તથી કાંઈ નથી થતું તો લાવો કેવળજ્ઞાન. પણ એ પુરુષાર્થ નથી તો કેવળજ્ઞાન નથી થતું એમ છે. અમારો પુરુષાર્થ કેવળજ્ઞાન લેવાની તૈયારીવાળો નથી માટે કેવળજ્ઞાન નથી. કેવળજ્ઞાનાવરણીયને કારણે કેવળજ્ઞાન નથી એ વાત એમ નથી. એય..! પ્રેમચંદજી! ભારે!

'**વેદનીય,...**' વેદનીય કર્મ મારામાં નથી. સુખ-દુઃખ દેનારી ચીજ, સંયોગી ચીજ, સંયોગને દેનારી કર્મ ચીજ મારામાં નથી. ઓહો..હો..! અનુકૂળ સામગ્રી શાતાથી મળે તો સુખની કલ્પના કર્મને કારણે થાય. વેદનીય છેને? પ્રતિકૂળતા હોય, અશાતા વેદનીયથી રોગ આવી જાય, લ્યો. તો એમાં દુઃખ થાય છે. વેદનીય નથી એમાં? બિલકુલ નહિ. સુખ-દુઃખની કલ્પના કરે છે એ પોતાના ઊલટા પુરુષાર્થથી કરે છે. વેદનીય કર્મને કારણે આવે છે એમ છે નહિ. વેદનીય નહિ. '**મોહનીય,...**' નહિ. લ્યો, આખી અઠ્યાવીશ પ્રકૃતિને ઉડાવી દીધી. મોહનીય કર્મની અઠ્યાવીશ પ્રકૃતિ મારામાં છે જ નહિ. સમજાણું કાંઈ? દર્શનમોહનીય મારામાં નથી. મને દર્શનમોહનીયનો ઉદય સ્પર્શતો જ નથી. હું તો જ્ઞાનભાવને સ્પર્શું છું. આહા..હા..! મારી અનુભૂતિથી દર્શનમોહનીય કર્મ બહાર રહી જાય છે. સમજાણું કાંઈ? એ આભડછેટ અમારામાં છે નહિ. આભડછેટ સમજો છો? .. બહાર ન નીકળવું, આહાર લેવા બહાર ન જાવું.

મુમુક્ષુ :- છુઆછુત.

ઉત્તર :- હા. એ છુઆછુત અમારામાં છે જ નહિ. કર્મને અડતા જ નથી. કથંચિત્ કર્મ સ્પર્શે છે અને કથંચિત્ કર્મ નથી સ્પર્શતા એવું અનેકાંત કરો. એમ છે જ નહિ. આહા..હા..! વેદનીય કર્મ અનંત પરમાણુનો પિંડ એના અસ્તિત્વમાં હો, મારા દ્રવ્ય, ગુણ અને પર્યાયના અસ્તિત્વમાં વેદનીય કર્મ કદી સ્પર્શતું નથી. આહા..હા..! પર્યાયમાં કેમ કહ્યું? અનુભૂતિથી ભિન્ન કહ્યુંને? અનુભૂતિ પર્યાય છે. ત્રિકાળી દ્રવ્યનો આશ્રય લઈને જ્યારે અનુભૂતિ થઈ, અનુભૂતિવાળો કહે છે કે વેદનીય કર્મ મારામાં છે જ નહિ હોં! આહા..હા..!

મુમુક્ષુ :- દ્રવ્યમાં તો નથી, પર્યાયમાં પણ નથી.

ઉત્તર :- પર્યાયની જ વાત છેને. દ્રવ્ય-ગુણમાં તો છે જ ક્યાં? મારી અનુભૂતિરૂપ પર્યાયમાં એ વેદનીય કર્મ છે નહિ. આહા..હા..! એનો પુરુષાર્થ ઊલટો થાય છે એ પોતાને કારણે, સૂલટો થાય એ પણ પોતાને કારણે. ઉપાદાન-નિમિત્તમાં આવ્યું છે બહુ. ઉપાદાન-નિમિત્તના

૪૭ દોહા છેને? ૪૭ દોહા ઉપાદાન-નિમિત્ત. ભૈયા ભગવતીદાસ. એમાં આવ્યું છે. ઉપાદાન સૂલટું નથી એ કારણે અમે રખડીએ છીએ. નિમિત્તને કારણ રખડીએ છીએ એમ નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અનંતી વાર. સૂલટ્યો નહિ કો ભટક્યો સંસાર? એમ કહ્યું છે. પહેલા એના પ્રવચન ૨૦૦૨ની સાલમાં થયા હતા. ૨૧ વર્ષ થયા. મૂળમાં ભૂલ પુસ્તક છેને? મૂળમાં ભૂલ. એ ૨૧ વર્ષ પહેલાના વ્યાખ્યાન છે. આ મકાન નહોતું ત્યારે. ત્યાં કર્યા હતા.

ઓહો..! '**આયુ,...**' મારામાં નથી. આયુકર્મ મારામાં નથી, તો મારી સ્થિતિ શરીરમાં આમ રહેવું પડે એ હું નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? નરક આયુષ્ય, મનુષ્ય આયુષ્ય, દેવ આયુષ્ય, તિર્યંચ નિગોદ આદિ એ બધા આયુ મારામાં છે નહિ. હું તો અક્ષયસ્થિતિ ધારણ કરનારો છું. આહા..હા..! અનાદિ-અનંત. '**નામ,...**' કર્મ મારામાં નથી. લ્યો તીર્થંકર પ્રકૃતિ મારામાં નથી એમ કહે છે. બધા નામ આવી ગયા કે નહિ? ૯૩ પ્રકૃતિ છેને. ૯૩ છે. ૯૦ અને ૩. નામ કર્મની ૯૩ પ્રકૃતિ છે. ૯૩ છે.

મુમુક્ષુ :- અસ્થિરની થઈ છે.

ઉત્તર :- અસ્થિરની ભલે હોય, પણ એ મારામાં નથી. આહા..હા..! તો તીર્થંકરગોત્રથી મને લાભ થશે, પણ તીર્થંકરપ્રકૃતિ મેં બાંધી છે. બેય વાત મારામાં નથી. આહા..હા..! હું તો મારો ભગવાન આત્મા એની અનુભૂતિમાં રહેનારો (છું). એના અસ્તિત્વમાં નામ કર્મના અસ્તિત્વની ગંધ નથી. આહા..હા..! સમજાણું કંઈ? કહે છેને કે શ્રેણિક રાજા એકાવતારી છે. તીર્થંકરગોત્ર બાંધ્યું છે. એને નરકમાં કેમ જાવું પડ્યું? નરકને કારણે, ગતિ અને આયુષ્યને કારણે જાવું પડ્યું. અહીં ના પાડે છે. મારામાં નામકર્મ છે જ નહિને. સમજાણું કાંઈ? એ અનુભૂતિથી ભિન્ન છે. હું એને કારણે ત્યાં છું એમ છે જ નહિ અને હું નરકગતિમાં જ નથી. આહા..હા..! હું તો મારી અનુભૂતિમાં છું. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ... સમજાણું કાંઈ?

એ પ્રશ્ન કર્યો હતો શ્રીમદ્‌ને. શ્રીકૃષ્ણ ક્યાં છે? શ્રીકૃષ્ણ વાસુદેવ. તો એણે કહ્યું કે શ્રીકૃષ્ણ વાસુદેવ અત્યારે આત્મામાં છે. સમજાણું કાંઈ? જ્યાં હોય ત્યાં એ આત્મામાં છે. સમજાણું કાંઈ? એ જાણે કે આ સાંભળેને કે આમ નરકમાં જાય ને ઢીકણે જાયે. તો ભડકાવવા પ્રશ્ન કર્યો હતો. જુઓ જૈન એમ કહે છે. એને કહે, શ્રીકૃષ્ણ વર્તમાનમાં ક્યાં છે? વર્તમાનમાં આત્મામાં છે. આહા..હા..! સમકિતી છે, જ્ઞાની છે, આનંદમાં છે, પોતાની અનુભૂતિમાં છે. એ નામકર્મથી ગયા છે અને નામકર્મમાં છે એમ છે નહિ. આહા..હા..! લ્યો! આવી વાત તો કેટલીક સાંભળી પણ નથી હોં! પ્રતિષ્ઠાચાર્યજી! આ તો નવી લાગે છે. આહા..હા..!

'**નામ, ગોત્ર...**' ઊંચ-નીચ ગોત્ર જડમાં છે, મારામાં નથી. આહા..હા..! '**અને**

**અંતરાયરૂપ...'** વીર્ય આદિ છેને. વાંચ્યું નથી. વાંચ્યું હોય તો પોતાની દૃષ્ટિએ વાંચ્યું હોય તો ખબર નથી. ગોમ્મટસાર વાંચ્યું હોય તો એમાં આવે કે દર્શનમોહનીયને કારણે મિથ્યાત્વ થાય છે. જ્ઞાનાવરણીયથી જ્ઞાન થાય. બસ એ શીખી ગયા. એમાં શું થયું? એ તો નિમિત્તનું કથન છે. કોઈપણ વાક્ય.. એ આવે છે કે નહિ ભાઈ? નહિ ઓલા નયચક્રમાં? કોઈપણ વાક્ય નય, નિક્ષેપ અને પ્રમાણ એ વિના કોઈપણ વાક્ય નથી અને એ વાક્યનો નય અને નિક્ષેપ વિના અર્થ કરે તો યુક્તને અયુક્ત સમજી લે અને અયુક્તને યુક્ત સમજે. એવી ગાથા છે. નય-પ્રમાણ વિનાનો ન્યાય જ નથી. આહા..હા..! પૂર્ણ ચીજની વ્યાખ્યા છે. અપૂર્ણ અને આ.. ચીજ શું છે? આ કઈ નયનું કથન છે? એમ ન સમજે તો યુક્તને અયુક્ત સમજી લે અને અયુક્તને યુક્ત સમજી લે.

**'અંતરાયરૂપ કર્મ છે તે બધુંય જીવને નથી...'** કેમકે એ મારી અનુભૂતિથી ભિન્ન છે. **'છ પર્યાપ્તિયોગ્ય...'** ઓહો..હો..! આહાર, શરીર, ભાષા, મન આવે છેને ઈ? **'છ પર્યાપ્તિયોગ્ય અને ત્રણ શરીરયોગ્ય વસ્તુ (-પુદ્ગલસ્કંધ) રૂપ નોકર્મ છે...'** નોકર્મમાં આ નાખ્યું છે. છ પર્યાપ્તિ અને નોકર્મ. તેને યોગ્ય જે પરમાણુ છે **'તે બધુંય જીવને નથી...'** આહા..હા..! આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસ, ભાષા અને છ પર્યાપ્તિ આવે છે કે નહિ? આયુષ્ય. આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસ, આયુ અને ભાષા મારામાં છે જ નહિ. આહા..હા..! શાસ્ત્રમાં એમ આવે કે માતાના ઉદરમાં જાય તો પહેલા શરીર બાંધે છે પર્યાપ્તિ, પછી આહાર. પહેલા આહાર લે છે પછી શરીર, ઈન્દ્રિય, શ્વાસ, ભાષા અને મન. અને જ્યાં સુધી શરીરની પર્યાય પૂર્ણ ન થાય પહેલા ત્યાં સુધી તેને અપર્યાપ્ત કહેવામાં આવે છે. લ્યો એમ આવ્યું કે નહિ? પહેલી પર્યાય પૂર્ણ ન હોય. પહેલી પર્યાય પૂર્ણ હોય તો બધી એક સાથે પૂરી થઈ જાય છે. શરૂઆત એક સાથે થાય છે, પૂરી થવામાં ક્રમ પડે છે. એ તો એની પર્યાય જડમાં કઈ રીતે થાય છે એ બતાવ્યું છે. આત્મામાં ઈ પર્યાય-ફર્યાય છે નહિ. આહા..હા..! પર્યાપ્તિથી ભિન્ન છે, મારી અનુભૂતિથી ભિન્ન છે. લ્યો! કેટલા બોલ થયા? ચૌદ? ચૌદ બોલ થયા. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ વદ-૨, શનિવાર, તા. ૨૬-૦૮-૧૯૭૨
## ગાથા- ૫૦ થી ૫૫, પ્રવચન-૧૪૪

**નોંધ :- પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

૫૦ થી ૫૫ ગાથા. ૧૪ બોલ ચાલ્યા છે. આ આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્યઘન આત્મા છે. એમાં આ જેટલો વ્યવહાર કહેવામાં આવે છે, જૈનશાસનમાં છે એ, આ વાત અન્યમાં હોતી નથી, કર્મ અને કર્મના રસ, શક્તિ ને પર્યાપ્તિ એવી વાત અન્યમાં નથી, જૈનશાસનમાં કેવળીએ જે વ્યવહાર જોયો જીવનો, એ વ્યવહાર જીવનો ત્રિકાળી સ્વભાવમાં નથી. સમજાણું કાંઈ? પહેલા વ્યવહાર સિદ્ધ કરે છે કે વ્યવહાર છે ખરો. પર્યાપ્તિ આદિ, ગુણસ્થાન આદિ છે ખરા. એ ચીજ બીજા અન્યમાં તો છે જ નહિ. સમજાણું કાંઈ? તે અહીંયાં પર્યાયમાં હોવા છતાં ત્રિકાળ જ્ઞાયકભાવ અનંત આનંદનું ધામ પ્રભુ, એની દૃષ્ટિ કરનારને અનુભૂતિમાં એ સાથે આવતા નથી. અનુભૂતિથી એ ભિન્ન રહી જાય છે. આહા..હા..! ૧૪ બોલ આવ્યા.

'**જે કર્મના રસની શક્તિઓના** (અર્થાત્ અવિભાગ પરિચ્છેદોના) **સમૂહરૂપ વર્ગ છે તે બધોય જીવને નથી...**' કર્મમાં અનુભાગ આદિની શક્તિ જે છે એને વર્ગ કહે છે એક સરખા હોય તેને, એ આત્મામાં નથી. લોકો કહે છેને કે ભાઈ! કર્મનો અનુભાગ આવે તો આત્માને એના રસનો અનુભવ થાય. તો આ તો કહે છે કે એની પર્યાયમાં પણ એ નથી. સમજાણું કાંઈ? ગુણસ્થાન, જીવસ્થાન એ તો એની પર્યાયમાં છે, પણ કર્મનો જે વર્ગ પરમાણુંની પર્યાય એ તો આત્મામાં છે જ નહિ. કર્મ કોને રસ દે? અનુભાગ આવે છેને અનુભાગ? આવશે જુઓ. વર્ગોનો '**સમૂહરૂપ વર્ગણા છે તે બધોય જીવને નથી...**' વિશેષ પરમાણુંના વર્ગ ઘણા એકઠા થઈને (પડ્યા હોય). જેમ એકડિયા, બીજી, ત્રીજી એને વર્ગ કહે છેને? એમ બધાને ભેગા કરીએ તેને વર્ગણા કહે છે. નિશાળમાં કહે છે એ વર્ગ નહિ.

'**જે મંદતીવ્ર રસવાળાં કર્મદળોના વિશિષ્ટ ન્યાસ** (-જમાવ) **રૂપ** (અર્થાત્ **વર્ગણાઓના સમૂહરૂપ**) **સ્પર્ધકો છે તે બધાય જીવને નથી...**' આહા..! પરમાણુંમાં એક સમયમાં મંદ અને તીવ્ર રસવાળી જે પર્યાય ઉત્પન્ન થાય છે એ ભગવાન આત્મામાં નથી. સમજાણું કાંઈ? જુઓ આવ્યું. ૧૭ થયા. '**સ્વ-પરના એકપણાનો અધ્યાસ હોય ત્યારે**

**(વર્તતાં), વિશુદ્ધ ચૈતન્યપરિણામથી જુદાપણું જેમનું લક્ષણ છે એવાં જે અધ્યાત્મસ્થાનો છે તે બધાંય જીવને નથી...'** લ્યો હવે આવ્યું. શું કહે છે? **'સ્વ-પરના એકપણાનો અધ્યાસ...'** છે અનાદિનો અથવા એનો નિશ્ચય છે કે રાગ હું છું, પુણ્ય હું છું, કર્મ હું છું એવી જે શ્રદ્ધા, અધ્યવસાન તે સર્વ વર્તતાં હોવા છતાં એ વિશુદ્ધ ચૈતન્ય પરિણામોથી ભિન્ન છે. આહા..હા..! **'વિશુદ્ધ ચૈતન્યપરિણામથી જુદાપણું જેમનું લક્ષણ છે...'** સાથે લઈ લીધું હતું પહેલા તો ભાઈ! અનુભૂતિથી ભિન્ન કહ્યા પહેલા ભિન્ન કરી દીધા. શું કહે છે સમજાણું કાંઈ? રાગ અને પુણ્યાદિ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ એ મારા છે એવો જે અધ્યવસાન એ... શું કહે છે? એ વિશુદ્ધ ચૈતન્યપરિણામથી ભિન્ન છે. આહા..હા..! અહીં તો પરિણામ વિશુદ્ધથી એ ભિન્ન છે. દ્રવ્ય, ગુણથી તો ભિન્ન છે જ. આહા..હા..! ભગવાન આત્મા દ્રવ્યે તો શુદ્ધ છે, ગુણે પણ શુદ્ધ છે, પર્યાયમાં વિશુદ્ધ ચૈતન્ય પરિણામથી એ અધ્યવસાય, રાગ મારો છે, પુણ્ય મારું છે, પાપ મારું છે એવો જે અધ્યવસાય એ વિશુદ્ધ ચૈતન્ય પરિણામથી ભિન્ન છે. એવા જે અધ્યવસાન છે, અધ્યવસાન છે **'તે બધાંય જીવને નથી...'** ભગવાન આત્મા પરની એકતાબુદ્ધિ કરે એ વિશુદ્ધ પરિણામથી તે પરિણામ ભિન્ન છે. માટે આત્માની અનુભૂતિ કરનારને એ વિશુદ્ધ પરિણામના જોરથી અધ્યવસાયની એકતા એમાં છે નહિ.

મુમુક્ષુ :- વિશુદ્ધનો અર્થ શુભને?

ઉત્તર :- નિર્મળ અહીં તો લેવું છે. એકલું શુભ નહિ. અહીં તો વિશુદ્ધ એ નિર્મળ લેવું છે.

મુમુક્ષુ :- ચૈતન્ય પરિણામ વિશુદ્ધ લખ્યું છે.

ઉત્તર :- શુદ્ધ-શુદ્ધ. વિશેષ પ્રકારે શુદ્ધ. વિશુદ્ધ અહીંયાં શુભના અર્થમાં નથી. એ આવશે આગળ, પછી આવશે. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન આત્મા એમાં વિકારની એકતાબુદ્ધિરૂપ અધ્યવસાય. સમજાણું કાંઈ? શુભ તો પછી આવશે, શુભ-અશુભ પછી આવશે. અહીંયાં તો અધ્યવસાન જે અધ્યાત્મસ્થાન અર્થાત્ અધ્વસાય. અધ્યાત્મસ્થાનનો અર્થ અહીંયાં અધ્યવસાય છે. અધ્યાત્મસ્થાનનો અર્થ અહીંયાં નિર્મળ પર્યાય એમ નથી. એ તો નિયમસારમાં પણ આવે છે. અધ્યાત્મસ્થાન આત્મામાં નથી. એ અધ્યાત્મસ્થાનનો અર્થ અધ્યવસાન પ્રકાશ. એ વિભાવ આત્મામાં નથી. આહા..હા..!

મુમુક્ષુ :- અધ્યાત્મસ્થાનનો અર્થ વિભાવ?

ઉત્તર :- અધ્યવસાય-વિકારભાવ. નિયમસારમાં પણ એમ લીધું છે. અધ્યાત્મ શબ્દ પડ્યો છે ત્યાં. આત્માની પર્યાયમાં થાય છેને? એ અપેક્ષાએ અધ્યાત્મ ગણીને એ અધ્યવસાય પોતાના આત્મામાં છે જ નહિ. આહા..હા..! એટલો પુરુષાર્થ છે. અધ્યવસાય છે એ મારામાં

નથી. એ તો અનંત પુરુષાર્થથી એની કબુલાત આવે છે. સમજાણું કાંઈ? એ કોઈ વિકલ્પથી (કબુલાત) આવે એવી ચીજ નથી. સંસારનો ઉદયભાવ એની એકતાબુદ્ધિરૂપ અધ્યવસાન એ વિશુદ્ધ ચૈતન્યના પરિણામથી ભિન્ન હોવાથી પોતાના સ્વભાવની અનુભૂતિથી તે ભિન્ન છે. સમજાણું કાંઈ? (તે અધ્યાત્મસ્થાન) **'જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી...'** આહા..હા..! પરની સાથે એકતાબુદ્ધિ એ પુદ્‌ગલના પરિણામ છે. વિશુદ્ધ ચૈતન્ય પરિણામથી ભિન્ન છે જેનું લક્ષણ એવા ભગવાન આત્મામાં સન્મુખ અનુભૂતિ કરતાં અનુભૂતિથી તે ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'જુદી જુદી પ્રકૃતિઓના રસના પરિણામ જેમનું લક્ષણ...'** હવે અનુભાગસ્થાન આવ્યા. અનુભાગ-અનુભાગ. કર્મમાં જે અનુભાગ—ફળદાન શક્તિ છેને? એ તો જડમાં છે ફળદાન, આત્મામાં ક્યાં આવ્યું? અનુભાગ જડમાં છે એના રસનું જે પરિણામ જેનું લક્ષણ એવા અનુભાગનો પ્રકાર-સ્થાન તે બધાય જીવના નથી. કર્મમાં જે પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ અને અનુભાગ ચાર આવે છે એમાં પહેલા અનુભાગથી લીધું. કેમકે અનુભાગ તરફનું લક્ષ કરવાથી વેદનમાં રાગમાં નિમિત્તમાં અનુભાગનો રસ નિમિત્ત છે એટલે પહેલેથી એ વાત લીધી. **'विपाको अनुभव'**. આવે છે કે નહિ? ..સૂત્રમાં આવે છે. વિપાક, કર્મનો વિપાક તે અનુભવ. પણ એનો અર્થ કર્મમાં જે અનુભાગ છે એ તરફનું જોડાણ કરવાથી જે વિકાર થાય તે વિપાક છે. અહીં તો કહે છે કે એ કર્મના અનુભાગનો રસ આત્મામાં છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? તકરાર કરે છેને, કર્મનો અનુભાગ તીવ્ર આવે તો આત્મામાં વિકાર તીવ્ર થાય છે, મંદ આવે તો મંદ થાય છે. તો અહીં કહે છે કે એ ચીજ જ આત્મામાં નથીને. થાય છે શું? સમજાણું કાંઈ? આ જૈનદર્શનમાં આ ચીજ છે હોં! બીજામાં વિપાક અને અનુભાગ એવું કાંઈ છે નહિ. એ હોવા છતાં પણ જીવના નથી.

**'કાયવર્ગણા, વચનવર્ગણા અને મનોવર્ગણાનું કંપન જેમનું લક્ષણ છે...'** યોગસ્થાનો લીધા. કંપન લક્ષણ લેવું છે હોં! એ વિશુદ્ધ-શુદ્ધ યોગ નહિ, અહીં તો કંપન. મન, વચન અને કાયા. મનોવર્ગણાના કંપન, વર્ગણા નિમિત્ત અને આત્માના પ્રદેશમાં કંપન્ન પરિસ્પંદન થાય **'એવાં જે યોગસ્થાનો તે બધાંય જીવને નથી...'** હવે યોગ તો તેરમા ગુણસ્થાન સુધી રહે છે. જીવમાં નથી. સમ્યક્ અનુભૂતિથી યોગસ્થાન ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહે છેને કે ભાઈ! યોગ તો દસમા ગુણસ્થાન સુધી રહે છે. યોગનું કંપન તેરમે રહે છે. અહીં તો સાંભળ, તારી દૃષ્ટિના વિષયમાં એ વસ્તુ છે જ નહિ. આહા..હા..! પ્રથમથી જ જ્યાં જીવની અનુભૂતિ થાય છે એમાં એ નથી. પર્યાયમાં હો, એનો જ્ઞાની જ્ઞાતા છે. સમજાણું કાંઈ? ભારે ઝીણી વાત, ભાઈ!

**'જુદી જુદી પ્રકૃતિઓના પરિણામ જેમનું લક્ષણ છે એવાં જે બંધસ્થાનો તે**

**બધાંય જીવને નથી...**’ પ્રકૃતિ છેને ભિન્ન-ભિન્ન? ૧૪૮ આદિ. એના જે પરિણામ. બંધના પરિણામ હોં એ પ્રકૃતિના. ‘**પ્રકૃતિઓના પરિણામ જેમનું લક્ષણ છે એવાં જે બંધસ્થાનો...**’ બંધસ્થાન પ્રકાર અંદર. ‘**તે બધાંય જીવને નથી...**’ પ્રકૃતિના પરિણામરૂપ ભાવ એવો બંધ આત્મામાં છે જ નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- તીર્થંકર નામકર્મ પ્રકૃતિ..

ઉત્તર :- આત્મામાં છે જ નહિ તીર્થંકર પ્રકૃતિ. આહા..હા..! સમજાણું કાંઈ? તીર્થંકરગોત્ર જે ભાવે બંધાય એ ભાવ આત્મામાં નથી. પ્રકૃતિ તો જડ છે, અજીવ છે. એ તો પોતાની પર્યાયમાં પણ નથી. આ તો પર્યાયમાં જે છે એનો ભાવ, એ ભાવ પણ જીવમાં નથી. આહા..હા..! ભારે વાત ભાઈ! એવા આત્માનો અનુભવ થાય તેનું નામ સમ્યગ્દર્શન અને ધર્મ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- બંધસ્થાન ભાવ છે?

ઉત્તર :- બંધસ્થાન જડની પર્યાય છે. જડની. જુઓને (કહ્યું), ‘**જુદી જુદી પ્રકૃતિઓના પરિણામ...**’ એમ લીધુંને? કે આત્માના પરિણામ? પ્રકૃતિની અવસ્થા ‘**જેમનું લક્ષણ છે એવાં જે બંધસ્થાનો તે બધાંય જીવને નથી...**’ આહા..હા..! જેટલો વ્યવહાર છે, કર્મની પ્રકૃતિ એવી બંધાય છે અને એવી સ્થિતિ (પડે) એ બધું જડમાં છે, તારામાં નથી. આહા..હા..! જે વીર્ય પોતાના સ્વરૂપ સન્મુખ થઈને અનુભૂતિ કરે છે એમાં એ બંધના સ્થાનના પરિણામની ગંધ નથી કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? મેં એવી પ્રકૃતિ બાંધી અને આમ આવે છેને એ? યોગ અને કષાય. યોગથી પ્રકૃતિ અને પ્રદેશ. કષાયથી સ્થિતિ અને અનુભાગ. આવે છે? દ્રવ્યસંગ્રહ. આવે છે. છે પર્યાયમાં એમ કહે છે. વસ્તુમાં નથી. એ માટે તો કહે છે. યોગ જ આત્મામાં નથી પછી યોગથી પ્રકૃતિ અને પ્રદેશ આવે છે એમ આત્મામાં છે જ નહિ. આહા..હા..! કષાય પણ આત્મામાં નથી તો કષાયથી સ્થિતિ અને રસ પડે છે એમાં એ આત્મામાં નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

એક બાજુ એમ કહેવામાં આવે કે નવ યોગ તો બારમા ગુણસ્થાને હોય. તેરમા ગુણસ્થાને સાત યોગ હોય છે. પંદર યોગ છેને. ચાર મન, ચાર વચન, સાત કાયા. પંદર યોગ છે. એમાં બારમા ગુણસ્થાને નવ યોગ છે. ચાર મનના, ચાર વચનના અને એક કાયાનો. તેરમામાં બે મનના, બે વચનના અને એક કાયા. હો, પણ પોતાના સ્વભાવમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પોતાના સ્વભાવમાં નથી એટલે ચાલ્યા જાય છે.

ઉત્તર :- નીકળી જાય છે. છે જ નહિ. અનુભૂતિથી બહાર રહે છે. એ ચાલ્યા જાય એ તો પછી વળી, પણ અત્યારે છે ત્યારે અનુભવમાં એ વસ્તુ નથી. અંતર આત્માનો અનુભવ

કરવાથી ભગવાન પૂર્ણાનંદનો નાથ એનો આશ્રય કરતાં અનુભૂતિથી એ ચીજ ભિન્ન રહી જાય છે. સમજાણું કાંઈ? કહો, નંદકિશોરજી! આ કર્મની વાત તો બહુ ચાલે છે. પ્રકૃતિ ને પ્રદેશ ને સ્થિતિ ને રસ ને. એ બધું જડમાં છે, તારામાં નથી. આહા..હા..! એ કબુલાતમાં અનંત પુરુષાર્થ છે, ભાઈ! સમજાણું કાંઈ? હું પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિથી અબંધસ્વરૂપ મારી ચીજ જ ભિન્ન છે. પ્રથમ દરજ્જામાં હોં! સમ્યગ્દર્શનમાં. અહીં અનુભૂતિ લીધી છે. જ્ઞાનની અનુભૂતિ થાય છે આત્મામાં. જ્ઞાનની પર્યાય જ્ઞાનાનંદ સ્વભાવ તરફ અનુભૂતિમાં ઢળે છે, અનુભવ થાય છે તો કહે છે કે એ અનુભૂતિમાં એ બંધસ્થાન છે જ નહિ. આહા..હા..!

**'પોતાનું ફળ ઉત્પન્ન કરવામાં સમર્થ કર્મ-અવસ્થા જેમનું લક્ષણ છે એવાં જે ઉદયસ્થાનો...'** ભાઈ! કર્મનો ઉદય આવે તો આત્માને પણ... આવે છે કે નહિ એ? 'કચ્છવી કમ્મો બળિયો, કચ્છવી જીવો બળિયો.' આવે છે. સાંભળ્યું છે? જિનેશ્વરદાસજી! એવું પદ ઉપદેશમાં છે. 'કચ્છવી કમ્મો બળીયો.' એ કર્મ બળીયાનો અર્થ કર્મ તરફના ઝુકાવમાં જે રહે છે એ કર્મનું બળ અને આત્મા તરફનું વલણ રહે છે તે આત્માનું બળ છે. અહીં તો ના પાડે છે જુઓ! **'પોતાનું ફળ ઉત્પન્ન કરવામાં સમર્થ કર્મ-અવસ્થા...'** કર્મની અવસ્થા એ જડ છે. **'એવા જે ઉદયસ્થાનો...'** કર્મ જે આઠ છે એમાં ઉદય આવે છે. ઉદય પ્રગટ પર્યાય. ભગવાન આત્મામાં છે નહિ. આહા..હા..! એ ઉદયને જીવની પર્યાય સ્પર્શતી નથી અને એ ઉદય આત્માની પર્યાયને સ્પર્શતો નથી. સમજાણું કાંઈ? એવો પોતાના શુદ્ધ ચૈતન્યના અનુભવને કાળે અને લબ્ધમાં રહે તે કાળે પણ, આહા..હા..! અનુભૂતિ થાય તોપણ અને અનુભૂતિ ખસી ગઈ હોય, લબ્ધમાં રહે તોપણ એ અધ્યવસાન એનામાં છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે કામ આકરું ભાઈ આ! આઠ કર્મ. જૈનમાં તો કર્મને લઈને (બધું થાય). 'કર્મે રાજા કર્મે રંક કર્મે વાળ્યો આડો અંક.' રાતે વ્યાખ્યાન કરેને ત્યારે બોલે એ. 'કર્મે રાજા, કર્મે રંક, કર્મે વાળ્યો આડો અંક.' આડો અંક એટલે ઊંધે માર્યું કર્મે, હેરાન કર્યા. અહીં કહે છે કે કર્મ તારામાં છે નહિ, હેરાન કોણ કરે? આ ભ્રમ ક્યાંથી લાવ્યો? સમજાણું કાંઈ? આહા..હા..!

**'પોતાનું ફળ ઉત્પન્ન કરવામાં સમર્થ કર્મ-અવસ્થા...'** એ તો કર્મની અવસ્થા છે. એ જીવની નથી. હવે ચૌદ માર્ગણા. આહા..હા..! ચાર ગતિ પર્યાયમાં છે. એ ગતિ જીવના સ્વભાવમાં નથી. આહા..હા..! મનુષ્યગતિ. આ શરીર ગતિની વાત નથી હોં! શરીર કાંઈ ગતિ નથી, આ તો જડ છે. ગતિ અહીંયા લાગુ નથી પડતી. અંદર ચેષ્ટા મનુષ્યયોગ્ય જીવની પર્યાયમાં ચેષ્ટા એ ગતિ છે. ધવલમાં એમ લીધું છે. ગતિની વ્યાખ્યા કરી છે. ગતિ એટલે ચેષ્ટા જીવની અંદર એ પ્રકારની. સમજાણું કાંઈ? આ કાંઈ ગતિ નથી. આ તો પુદ્ગલ, માટી, જડ છે. એમાં ગતિ ક્યાં આવી? અંદર જીવની ચેષ્ટા અંદર થાય છે મનુષ્યયોગ્ય

(એ મનુષ્યગતિ છે). આ તો જડ છે. આમાં ગતિ-ફતિ કેવી? આ તો જડની પર્યાય છે. ઉદયભાવના બોલ નથી આવતા? ૨૧ બોલ આવે છે કે નહિ? કેટલા? ૧૮ કે ૨૧? ૨૧માં આવે છે એ ચાર ગતિ ઉદય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ તત્ત્વાર્થસૂત્રમાં આવે છે. એ તો પર્યાયનું જ્ઞાન કરાવ્યું છે. વસ્તુના સ્વભાવમાં ગતિ-ફતિ છે નહિ. માર્ગણામાં એમ આવે છેને. ચૌદ માર્ગણા છેને? માર્ગણાનો અર્થ શું છે? મૃગતિ શોધતિ ઈતિ માર્ગણા. ક્યાં ક્યાં જીવ પર્યાયમાં છે એ શોધવું એનું નામ માર્ગણા. અહીં તો કહે છે કે એ પર્યાયમાં શોધવું એ માર્ગણા આત્મામાં નથી. ચૌદ માર્ગણા આવે છેને. ધવલમાં એનો મોટો અધિકાર છે. ભાવમાર્ગણાનો અધિકાર છે હોં ત્યાં. ભાવમાર્ગણા.

મુમુક્ષુ :- અહીં પણ ભાવમાર્ગણા છે.

ઉત્તર :- આ ભાવમાર્ગણાની જ વાત છે.

'ગતિ,...' મનુષ્યગતિ, તિર્યંચગતિ, નરકગતિ, દેવગતિ જીવના સ્વભાવમાં નથી. અનુભૂતિથી ગતિ બહાર છે. મનુષ્યગતિ મળવાથી સમ્યગ્જ્ઞાન થાય છે, દર્શન થાય છે એ વાતની ગંધ જૂઠી છે. આહા..હા..! ભારે ભાઈ આ તો! ગતિ આત્માથી ભિન્ન છે. છેને? એવા માર્ગણાસ્થાન. માર્ગણા એટલે શોધવું. પર્યાય ક્યાં છે? કઈ ગતિમાં જીવ છે? એ શોધવું. અહીં તો કહે છે કે એ ગતિ જ આત્મામાં નથી. આહા..હા..! વ્યવહારગ્રંથમાં એમ કહે કે જીવ કઈ કઈ પર્યાયમાં ક્યાં છે એ શોધવું એ માર્ગણા. નિશ્ચયમાં અંતર દૃષ્ટિ કરવાથી એ માર્ગણા આત્મામાં છે જ નહિ. આત્મા મનુષ્યગતિ નહિ, દેવગતિ નહિ, પશુગતિ નહિ, નિગોદગતિ, તિર્યંચગતિ આત્મામાં છે નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- તો શું છે આત્મામાં?

ઉત્તર :- આત્મામાં આનંદકંદ છે. શુકલજી!

મુમુક્ષુ :- માર્ગણામાં શોધવાથી મળે છે.

ઉત્તર :- એ પર્યાયમાં. દ્રવ્યમાં તો છે જ નહિ એમ કહે છે. વસ્તુ તો વિકારી અવસ્થા પર્યાયમાં કેવી છે એને જાણવાની લાયકાત. સ્વભાવમાં છે નહિ. અહીંયા તો અનુભૂતિમાં માર્ગણામાં ગતિ-ફતિ છે નહિ એમ કહે છે. હું રાગવાળો, પુણ્યવાળો, વ્યવહારવાળો, નિમિત્તવાળો, કર્મવાળો હું નથી. દૃષ્ટિ ગુલાંટ ખાય છે, પર્યાય ઉપર અને રાગ ઉપર દૃષ્ટિ છે એ દૃષ્ટિ ગુલાંટ ખાય છે એટલે પલટી જાય છે. પોતાની દ્રવ્ય તરફની દૃષ્ટિનો જ્યાં અનુભવ થાય તો ઈન્દ્રિયો એમાં છે નહિ. તો ઈન્દ્રિયથી જણાય એ વાત જ એમાં નથી. ઈન્દ્રિયથી જાણે તે આત્મા નહિ. એય..! અલિંગગ્રહણમાં આવે છેને? અલિંગગ્રહણમાં. ઈન્દ્રિયથી

જણાતો નથી અને ઇન્દ્રિયથી જાણતો નથી. ઇન્દ્રિયથી જાણતો નથી એ પહેલો બોલ છે ઇન્દ્રિયથી જાણતો નથી અને ઇન્દ્રિયથી જણાતો નથી. ભગવાન આત્મા એવો છે અંદર કે ઇન્દ્રિયથી તો જાણતો નથી. ઇન્દ્રિયથી જાણે તે આત્મા નહિ. ઇન્દ્રિયથી જણાતો નથી. અલિંગગ્રહણ છેને? અલિંગગ્રહણ. ઇન્દ્રિયો જે લિંગ છે તેનાથી જાણતો નથી માટે આત્માને અલિંગગ્રહણ કહેવામાં આવે છે. એકવાર આવી ગઈ છે વાત પહેલા.

મુમુક્ષુ :- અહીંયા ઇન્દ્રિય એટલે ભાવઇન્દ્રિય છે?

ઉત્તર :- ભાવઇન્દ્રિય. ભાવઇન્દ્રિય આત્મામાં નથી. દ્રવ્યઇન્દ્રિય તો જડ છે એ તો આત્મામાં છે જ નહિ. આહા..હા..!

૩૧મી ગાથામાં આવ્યુંને? ૩૧મી ગાથામાં આવ્યું છે. '**जो इंदिये जिणित्ता**' જે ઇન્દ્રિયને જીતે છે તેને જિન કહેવામાં આવે છે. એનો અર્થ શું? કે જડ ઇન્દ્રિય તરફની રુચિ છોડીને, ભાવેન્દ્રિયની રુચિ છોડીને અને ઇન્દ્રિયનો વિષય જે ભગવાનની વાણી એ પણ ઇન્દ્રિય. સમવસરણ અને ભગવાનની વાણી અને ભગવાન પણ ઇન્દ્રિય છે. ઇન્દ્રિયનો વિષય ઇન્દ્રિય ગણવામાં આવ્યો છે. આહા..હા..! એ ત્રણેને જીતીને, ત્રણેથી ભિન્ન થઈને પોતાનો જ્ઞાનસ્વભાવ એનાથી અધિક ભિન્ન છે એવો અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ આ! આહા..હા..! સાધારણ સમાજને આવું! પણ સમાજ સાધારણ અહીં છે જ નહિ. આત્મા જ એવો નથી એમ કહે છે. એક આત્મા અને એવા અનંત આત્મા સમાજ એ કોઈ એવા (સાધારણ) છે નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'ઇન્દ્રિય,...' પાંચ ઇન્દ્રિયમાં શોધવાથી એકેન્દ્રિયમાં જીવ છે? બે ઇન્દ્રિયમાં? એ તો વ્યવહારનયનો વિષય જાણવાનો છે. વસ્તુના અનુભવમાં ઇન્દ્રિય-ફિન્દ્રિય છે નહિ. તો ઇન્દ્રિયથી જાણે છે એમ પણ નથી. આહા..હા..! ઇન્દ્રિયનો પ્રત્યક્ષનો વિષય ભગવાન આત્મા નથી. આહા..હા..! ત્રણ બોલ લીધા છે ૨૦ બોલમાં. અલિંગગ્રહણના ૨૦ બોલ છેને. ત્રણ બોલ તો ઇન્દ્રિયના લીધા છે. આહા..હા..! પછી ૧૭ બોલ બીજા છે. 'કાય,...' આ ઔદારિક ને વૈક્રયિકને એ કાય-બાય આત્મામાં છે નહિ. એક કોર કહેવું કે નારકીને ત્રણ શરીર છે, દેવને ત્રણ શરીર છે. મનુષ્યને ઔદારિક, તેજસ, કાર્મણ ત્રણ (શરીર) છે. આહા..હા..! ગોમ્મટસારમાં એમ આવે. એ તો વ્યવહાર નિમિત્તનું જ્ઞાન કરાવવાની ચીજ છે. પોતાના આત્મામાં એ કાય છે નહિ. ભગવાન તો આત્મા અકાયસ્વરૂપ છે. સમજાણું કાંઈ?

'યોગ,...' પંદર યોગ છે. ચાર મનના—સત્ય, અસત્ય, મિશ્ર અને વ્યવહાર. વચનના ચાર—સત્ય, અસત્ય, મિશ્ર અને વ્યવહાર. કાયાના સાત—ઔદારિક, વૈક્રિયક અને આહારક અને એના મિશ્ર છ અને કાર્મણ કાયયોગ. એ સાત યોગ છે પર્યાયમાં. વસ્તુની દૃષ્ટિ કરવાથી અનુભૂતિથી ભિન્ન છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? ક્યાં ગયા તમારા સોમચંદભાઈ?

પાછળ છે. અંદર આત્માં યોગ નથી એમ કહે છે. આત્મામાં તો જ્ઞાન, દર્શન, આનંદ છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! આ જીવ મનયોગવાળો છે, અસત્ય મનવાળો છે, આવો છે. સમજ્યાને? ધવલમાં ઘણું આવે છે. એ દરેકનો કાળ પણ છે. દરેકનો કાળ. સત્ય મન, અસત્ય મન, મિશ્ર અને વ્યવહારનો કાળ કેટલો છે એનું બહુ આવ્યું છે. પણ એ બધું... સમજાણું કાંઈ? કેટલા કાળ રહે છે એનો .. છે એમાં-ધવલમાં. પોતામાં નથી. આહા..હા..! ઓલા એમ કહે, વીરસેનસ્વામી આમ કહે છે. યશોપ્રસાદજી! પણ વીરસેનસ્વામી શું કહે છે એ તો વ્યવહારનું જ્ઞાન કરાવે છે. સમજાણું કાંઈ? આ વીરસેનસ્વામી આમ કહે છે. દાખલા બહુ આપે છે. રતનચંદજી બહુ આપે છે. નેમિચંદજી પણ આપે છે. ખબર નથી. કહો, સમજાણું કાંઈ?

અહીંયાં તો કહે છે કે યોગમાત્ર ૧૫ યોગ આત્મામાં છે નહિ. જ્યાં કંપન્નનો નિષેધ કર્યો પછી યોગના પંદર પ્રકાર તો આત્મામાં છે નહિ. આહા..હા..! પર્યાયબુદ્ધિ ઉડાડી છે. સમજાણું કાંઈ? ભગવાન જ્ઞાનસ્વરૂપ પ્રભુ, અતીન્દ્રિય આનંદના દળરૂપ પ્રભુ એની અનુભૂતિ પર્યાય. અનુભૂતિ કરવામાં અનુભૂતિની પર્યાયથી પંદર યોગ ભિન્ન છે. યોગ પણ વિકારી પર્યાય છે, અનુભૂતિ નિર્વિકારી અવસ્થા છે. નિર્વિકારી અનુભૂતિ કરવાથી પંદર યોગ ભિન્ન રહી જાય છે. આવો ધર્મ આવો ભારે આકરો! એ કરતા તો આ વ્રત કરવા, તપ કરવા, અપવાસ કરો, આમ કરો, જેમ જેમ ક્ષુધા બહુ લાગે તો સહન કરો. 'બહુ દુઃખં મહા ફલં.' બહુ દુઃખ હોય તો મહાફળ છે. બધી વાત ખોટી છે. દુઃખ કેવું અને સહન કરવું કેવું? ભગવાન આત્મા યોગથી જ્યાં ભિન્ન છે ત્યાં સહન કરવું કેવું? આહા..હા..!

'વેદ,...'થી ભિન્ન છે. એ સાતમા બોલમાં આવે છે અલિંગગ્રહણમાં. ત્રણ દ્રવ્ય અને ભાવ વેદથી રહિત ભગવાન આત્મા છે. દ્રવ્યવેદ તો શરીરનો આકાર આ. સ્ત્રી-પુરુષનો આકાર એ દ્રવ્ય જડ એ તો માટી. અંદર ભાવવેદ છે એ પણ આત્માના અનુભૂતિમાં છે નહિ.

મુમુક્ષુ :- ઓલામાં પણ ભાવ...

ઉત્તર :- ભાવ કીધો. ... લખ્યું છે. .. એમ શબ્દ પડ્યો છે. તો આ પ્રત્યક્ષ જ્ઞાનીઓને તો ભાવવર્ગણા, ભાવમાર્ગણા પ્રત્યક્ષ થાય છે. દ્રવ્યવર્ગણા પ્રત્યક્ષ નથી. એ કારણે તેને ભાવમાર્ગણા કહેવામાં આવે છે. ભાવમાર્ગણા. ... એવો પાઠ છે. .. શબ્દ લીધો છે આચાર્યે. એમાં તકરાર ઉઠીને, ત્યારે ૯૩ના સૂત્રમાં સંયત્ શબ્દ પડ્યો છેને. ૯૩ના સૂત્રમાં સંજત શબ્દ પડ્યો છે. તો એ તકરાર લીધી તો .. શ્વેતાંબર પણ (કહે છે), જુઓ ૯૩ સૂત્ર. સ્ત્રીને પણ સંયતપણું હોય છે. સ્ત્રીને સંયતપણું હોય છે એમ વીરસેનસ્વામી કહે છે. એવી તકરાર થઈ હતી. ૯૩ સૂત્ર. એમ છે નહિ. ભાવ સ્ત્રીવેદવાળાને સંયત હોય છે. દ્રવ્યે પુરુષવેદ હોય. આકાર પુરુષનો હોય લિંગ, અંદર સ્ત્રીવેદ હોય તો તેને સંયતપણું હોય છે. પણ દ્રવ્ય

સ્ત્રી હોય અને અંદર ભાવ સ્ત્રી હોય (એમ ન હોય) સમજાણું કાંઈ? અને (દ્રવ્યસ્ત્રી હોય) અને ભાવપુરુષ હોય તોપણ મુનિપણું નથી આવતું એને. છઠ્ઠું ગુણસ્થાન નથી આવતું. સમજાણું કાંઈ? સ્ત્રીનું શરીર દ્રવ્ય હોય તેને ભાવ પંચમગુણસ્થાન ઉપર આવતો જ નથી. એવી વસ્તુની મર્યાદા છે. એ કોઈ સંપ્રદાયની ચીજ નથી. કોઈ દિગંબર એમ માને છે અને શ્વેતાંબર આ માને છે એમ વળી કહે છે.

'વેદ,...' છે નહિ. એ સંયત કહ્યા છે એ ભાવસ્ત્રીને સંયત કહ્યું છે. ૯૩ સૂત્રમાં જોયું છે પંડિતજી? એ ચર્ચા બહુ ચાલી હતી, બહુ ચાલી હતી. કાઢવાની જરૂર નથી. એ શાંતિસાગરે કાઢી નાખ્યું છે. ત્રાંબાના પત્રમાંથી કાઢી નાખ્યું. ખોટું છે. કાઢવું ન જોઈએ. સંયત્ હોય. એ ભાવસ્ત્રી અંદર હોય તેને સંયતપણું આવે છે એ વાત છે ત્યાં. દ્રવ્ય સ્ત્રીને સંયતપણું ત્રણકાળમાં આવતું નથી.

મુમુક્ષુ :- સૂત્ર કાઢી નાખવું જોઈએ.

ઉત્તર :- નહિ, નહિ. કઢાય નહિ, કઢાય નહિ. તો .. શાસ્ત્રમાં તો મનુષ્યણી કહ્યું છે. મનુષ્યણીને ચૌદ ગુણસ્થાન હોય છે. ભાઈ! મનુષ્યણી એવો પાઠ છે. મનુષ્યણી તો મનુષ્યણીનો અર્થ કાંઈ સ્ત્રી મનુષ્યણી એમ નહિ. પણ એ ભાવ મનુષ્યણી અંદર સ્ત્રી. એને ચૌદ ગુણસ્થાન લીધા જુઓ. પહેલા તો છે મનુષ્યણી નવ ગુણસ્થાન સુધી તો. પછી અભાવ કર્યો પણ શરીર ભલે પુરુષનું હોય, પણ ઓલી મનુષ્યણી પૂર્વે હતી તેને લઈને ચૌદ ગુણસ્થાન ગણવામાં આવ્યા છે. આહા..હા..! ધવલમાં છે. ધવલ તો ભગવાનની વાણી સાથે સંબંધ રાખે છે. ષટ્ખંડાગમ. ઓહો..હો..! વીરસેનસ્વામીએ તો દરિયો... દરિયો ઉછાળ્યો છે! એટલી શક્તિ! એક એક પરિવર્તનનો કેટલા કાળ અને એક એક વેદનો કેટલો કાળ અને એક એક યોગનો કેટલો કાળ. દરિયો ભર્યો છે. પણ અહીંયાં કહે છે કે એ તો જાણવાલાયક વ્યવહારનયનો વિષય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ આશ્રય કરવાલાયક નથી. વ્યવહારનયનો વિષય છે ખરો પણ આશ્રય કરવાલાયક નથી. આશ્રય કરવાલાયક તો ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એનો આશ્રય કરવાથી અનુભૂતિ થાય છે. એ અનુભૂતિની પર્યાયથી પણ ત્રણે વેદ દ્રવ્ય અને ભાવ ભિન્ન છે. આહા..હા..!

મુમુક્ષુ :- વ્યવહારનયના કથન બહુ આવે છે તો વ્યવહારનું જ્ઞાન કરાવવા માટે છે?

ઉત્તર :- વ્યવહારનું જ્ઞાન કરાવવા માટે આવે છે. વ્યવહારનો આશ્રય કરવા, આદરણીય કરવા માટે નથી આવતા. આહા..હા..! વાત તો બહુ આવે છે શાસ્ત્રમાં. ૧૧મી ગાથામાં કહ્યું નહિ? વ્યવહારનું એક તો અનાદિનું ભેદનું લક્ષ છે, ભેદનો પક્ષ છે. ૧૧મી ગાથામાં છે.

મુમુક્ષુ :- ક્યાં લખ્યું છે?

ઉત્તર :- સમયસાર ૧૧મી ગાથા. આ શું છે? આમાં જ છે, આ સમયસાર છે જુઓ.

જુઓ ૧૧-૧૧. ૧૧ લ્યો, ભાવાર્થમાં છેને. જુઓ. ૨૫મું (પાનું) છે. આહા..હા..! '**પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી જ છે...**' ત્યાં ત્રીજી-ચોથી લીટી છે. એ ૨૫ પાને છે. એમાં ફેર હશે. છે? ચોથી લીટી આ બાજુ. '**પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી જ છે...**' એક વાત. '**અને એનો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે.**' પરસ્પર. વ્યવહારનો ઉપદેશ તો પરસ્પર કરે જ છે. છે ભાઈ? નંદકિશોરજી! આહા..હા..! '**પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી જ છે...**' ભગવાન! '**અને એનો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે.**' ભેદની વાત કરે તો સાંભળવી ઠીક પડે અને સાંભળનારને ભેદ બતાવે તો ઓહો..હો..! વાહ! વાહ! (થઈ જાય). સમજાણું કાંઈ? એ બહુધા બહુધા. સર્વજ્ઞ સિવાય અને જ્ઞાની સિવાય. '**સર્વ પ્રાણી પરસ્પર કરે છે.**' પરસ્પર કેમ? એ ભેદની વાત કરે તો કહેનારને તો ઠીક પણ સાંભળનારને ઠીક પડે. આહા..હા..! ઓલા તો નિશ્ચય-નિશ્ચય વાતું કરીને... બે વાત. ત્રીજી. '**વળી જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ (સહાયક)...**' નામ સાથે દેખીને. સહાયક નામ મદદગાર એમ નહિ. સાથે હોય છે એમ જોઈને '**બહુ કર્યો છે;...**' ભગવાનની વાણીમાં વ્યવહારનો ઉપદેશ બહુ આવ્યો છે. આહા..હા..!

મુમુક્ષુ :- કરવો જ જોઈતો હતો.

ઉત્તર :- કરવો જ જોઈએ એની વાત નથી. એવા વ્યવહારનું સ્વરૂપ જાણવામાં આવે છે. પણ શું છે? જુઓ! '**પણ એનું ફળ સંસાર જ છે.**' ભેદનો પક્ષ કરનારને પણ સંસાર, પરસ્પર ઉપદેશ કરનારને પણ સંસાર, વીતરાગની વાણીમાં વ્યવહાર આવ્યો એનું પણ ફળ સંસાર. આહા..હા..! છે કે નહિ અંદર જુઓ.

મુમુક્ષુ :- જિનવાણીનું ફળ સંસાર?

ઉત્તર :- કહ્યું હતું સવારે, નહિ? વ્યવહાર જિનવાણીએ કહ્યું એ બધું બંધનું કારણ છે કરણાનુયોગમાં. સવારે આવ્યું હતું. સમજાણું કાંઈ? એ આચાર અને અનાચાર વખતે. વ્યવહારાચારની વાત જેટલી જિનવાણીમાં આવી છે એ બધી બંધના કારણની વાત જણાવી છે. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ સમજવો ભારે ભાઈ! અલૌકિક વાત છે આ તો. આહા..હા..!

અંતર અનુભૂતિથી તો એ બધું ભિન્ન છે. છતાં એ આત્મામાં છે અને પક્ષ કરવો (એમ નથી). વીતરાગે કહ્યું છેને પણ? વીતરાગે કહ્યું એ કઈ નયથી કહ્યું છે? અને કહ્યું છે તો વીતરાગી ભાવ કરાવવા માટે કહ્યું કે રાગમાં રહેવા માટે કહ્યું છે? રાગાદિની વાત કરી એ વીતરાગતામાં આવવા માટે કહી છે. જાણવાની વસ્તુ છે. સમજાણું કાંઈ? પર્યાયબુદ્ધિ છોડવાલાયક છે. છે તો ખરું. એમ કહ્યું. એનો જ પક્ષ કરે એને તો સંસાર ફળ છે. જિનવરે

કહેલા વ્યવહારનું ફળ સંસાર છે. તો અજ્ઞાનીએ કહેલો વ્યવહાર એના ફળની તો વાત શું કરવી? આહા..હા..! છેને એમાં શું? આ સોનગઢનું નથી કાંઈ. જયચંદ્રજીનો ભાવાર્થ છે. ત્રણે વાત કરી.

એક તો અનાદિનો દ્રવ્યસ્વભાવનો પક્ષ છોડીને, અનાદિનો ભેદનો જ પક્ષ છે એને. ભેદ કહો કે વ્યવહાર કહો. એક. માંહોમાંહે ઉપદેશ એ કરે છે અને જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ (બહુધા કર્યો છે). જુઓ, પહેલા ઓલો ભેદનો પક્ષ લીધો છે. સર્વ પ્રાણી સમજ્યાને? પ્રાણીઓને ભેદરૂપ વ્યવહાર એમ લીધું છે. એકલો વ્યવહાર શબ્દ નથી લીધો. આહા..! ભેદરૂપ વ્યવહારનો પક્ષ એમ લીધું છે. આહા..હા..! પર્યાયમાં રાગ આવે છે, શરીર છે, કાયા છે, ફલાણું છે એવી ભેદ બુદ્ધિનો વ્યવહારનો પક્ષ તો અજ્ઞાનીને અનાદિનો છે અને વ્યવહારનો ઉપદેશ તો બહુ કરે છે માંહોમાંહે પ્રાણી. અને ભગવાનની વાણીમાં પણ નિમિત્ત દેખીને, ક્યા ક્યા ગુણસ્થાનમાં કેવા કેવા કષાયની મંદતા હોય, યોગની પ્રવૃત્તિ આદિ નિમિત્ત કેવા પ્રકારનું હોય એવું નિમિત્ત દેખીને બતાવ્યું, પણ એનું ફળ તો સંસાર છે. આહા..હા..! આ વાત! જિનવાણીએ વ્યવહાર કહ્યો એનું ફળ સંસાર. છે કે નહિ અંદર? ભાઈ! નંદકિશોરજી! આ ત્રણ વાત છે.

એક તો ભેદરૂપ વ્યવહારનો પક્ષ. પર્યાયનો, રાગનો, નિમિત્તનો અને આમ થાય છે, આમ થાય છે, તેમ થાય છે એવો પક્ષ તો અનાદિનો છે. આહા..હા..! એ કર્માનંદ તો એમ કહેતા હતા. કર્માનંદ આવે છેને. એ તો એમ કહેતા હતા કે દરેક જીવની અને જડની પર્યાય, જીવની, એ નિમિત્તથી ન થાય તો આચાર્ય જ ખોટા પડે છે એમ કહેતા હતા. અરે ભગવાન! તને ખબર નથી. દ્રવ્ય-ગુણ સ્વતંત્ર છે, પણ પર્યાય—પરાયણ જાયતે પર્યાયઃ એક વળી બીજા પંડિત પણ એમ કહેતા હતા. નામ ન લઈએ. સમજાણું કાંઈ? પર્યાય છેને?

મુમુક્ષુ :- પંડિત વર્ગમાં એમ જ કહે છે?

ઉત્તર :- પંડિત એમ કહેતા હતા, પરાયણ જાયતે પર્યાયઃ અરે ભગવાન! શું કહે છે તું? તારી પર્યાય સ્વતંત્ર છે એની પણ તને ખબર નથી. અહીં તો પર્યાયદૃષ્ટિ છોડાવવી છે. પણ પર્યાયની સ્વતંત્રતાની પણ જેને ખબર નથી તેને દ્રવ્યદૃષ્ટિની સ્વતંત્રતા પ્રગટશે નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- પર્યાયદૃષ્ટિ છૂટશે જ નહિ.

ઉત્તર :- છૂટે ક્યાંથી પણ? માને કે અમને આમ થયું, મને પરથી થાય છે, પરથી થાય છે, પરની દૃષ્ટિ છૂટતી નથી. નિમિત્ત વિના પર્યાય થાય? કર્માનંદે એમ લખ્યું હતું. નાની ચોપડી આવી હતી અમારી પાસે. મોકલે છે બધા વિરોધ આદિ, એ વિરોધવાળા એનું પુસ્તક મોકલે. મોકલે તો વાંચી લઈએ. એમાં આવ્યું હતું કે પર્યાય.. અરે..! જૈનની

કાંઈ ખબર નહિ. એ તો આર્યસમાજ છાપે. કર્માનંદસ્વામી. બિલકુલ જૈનની ચીજ શું છે એની ખબર નથી. પછી છોડી દીધું. ભ્રષ્ટ. નહિ? .. છોડી દીધું. અન્યમતિના મઠમાં ગયા. પક્ષઘાત થઈ ગયો. પહેલેથી જ પક્ષઘાત હતો, આત્માનો. સ્વભાવનો પક્ષ છોડીને રાગનો પક્ષ કર્યો હતો. પર્યાય પરથી પ્રગટે છે એમ કહેતા હતા. ગજબ વાત છે!

'**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' દરેક પદાર્થ પોતાની ઉત્પાદવ્યય પર્યાયસહિત ધ્રુવ રહે છે. હવે એ ઉત્પાદવ્યયધ્રુવ સહિતની સ્વતંત્રતામાં નિમિત્તથી પર્યાયનો ઉત્પાદ થયો. એ તમારે રતનચંદજી પણ કહે છે. બે કારણે પર્યાયની ઉત્પત્તિ થાય છે. સ્વપર પર્યાય છે. એમ. પણ એનો અર્થ શું? એ પર્યાય સ્વથી ઉત્પન્ન થાય છે એ નિશ્ચય, પરથી ઉત્પન્ન થાય છે તે નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે કહ્યું છે પ્રમાણજ્ઞાન. પરથી ઉત્પન્ન થતી નથી. આહા..હા..! મોટી ગડબડ.

'**શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી...**' જુઓ! હું ત્રિકાળ દ્રવ્ય શુદ્ધ છું, અખંડ છું, રાગ મારામાં નથી એવો પક્ષ તો આવ્યો જ નથી. પક્ષ આવ્યો નથી. આહા..હા..! હું અભેદ છું, અખંડ છું, શુદ્ધ છું એવો પક્ષ આવ્યો નથી. '**અને એનો ઉપદેશ પણ વિરલ...**' છે. આહા..હા..! ઉપદેશ કંઈક કંઈક, ક્યાંક ક્યાંક વિરલ છે. તે ક્યાંક ક્યાંક જોવા મળે છે. બાકી તો વ્યવહારનો ઉપદેશ ચારે બાજુ ચાલે છે. ચાહે તો ઓલા ભક્તિવાળા એમ કહે કે ભગવાનની ભક્તિ અને ગુરુની ભક્તિથી કલ્યાણ થશે. એ બધો વ્યવહારનયના પક્ષકાર મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આહા..હા..! તેથી ઉપકારી શ્રીગુરુએ શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ જાણીને... જુઓ. ભેદરૂપ વ્યવહારનું ફળ સંસાર, શુદ્ધનયનું ફળ મોક્ષ. '**ઉપદેશ પ્રધાનતાથી (મુખ્યતાથી) દીધો છે...**' પ્રધાનતાથી-મુખ્યતાથી. એની પર્યાયમાં ગૌણતા જ્ઞાન કરાવવા માટે રાખી છે, એ આશ્રય કરવાલાયક નથી. આહા..હા..! ઘણો અર્થ કર્યો છે. માટે ''**શુદ્ધનય ભૂતાર્થ છે,...**' ત્રિકાળ શુદ્ધ સ્વરૂપ જ સાચી વસ્તુ છે અને એનો આશ્રય કરવાથી જ સમ્યગ્દર્શન થાય છે. આહા..હા..! પર્યાયનો આશ્રય કરવાથી તો વિકલ્પ ઉત્પન્ન થાય છે. ભેદનો આશ્રય કરવાથી તો રાગ ઉત્પન્ન થાય છે માટે એ પક્ષ છોડ.

મુમુક્ષુ :- બે લાઈન રહી ગઈ.

ઉત્તર :- ક્યાં રહી ગઈ? રહી ગઈ? તેથી ગુરુએ શુદ્ધનયના ગ્રહણનું ફળ જાણીને દીધું. ''**શુદ્ધનય ભૂતાર્થ છે, સત્યાર્થ છે; એનો આશ્રય કરવાથી સમ્યગ્દષ્ટિ થઈ શકાય છે;...**' એ ઉપર કહ્યું હતું. '**એને જાણ્યા વિના...**' અભેદ ભગવાન શુદ્ધ અખંડ અભેદ '**એને જાણ્યા વિના જ્યાં સુધી જીવ વ્યવહારમાં મગ્ન છે...**' ભેદમાં મગ્ન છે, પર્યાયમાં મગ્ન છે '**ત્યાં સુધી આત્મા જ્ઞાનશ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ થઈ શકતું નથી.**'' આહા..હા..! આવો તો જયચંદ્ર પંડિતે ખુલાસો કર્યો છે ચાલતી ભાષામાં. જયચંદ્ર પંડિત

ગૃહસ્થ હતા જયપુરના. સમજાણું કાંઈ? ગૃહસ્થ પંડિત હતા એણે આવા અર્થ કર્યા છે. હવે આ પંડિતોને માન્ય નથી. એ પંડિત છે તો અમે પંડિત નથી? 'પંડ્યા પંડ્યા ફોતરા ખંડ્યા.' ફોતરા ખંડ્યા છે. નિશ્ચય શું ચીજ છે એની તને ખબર નથી. આહા..હા..!

અહીંયાં કહે છે, 'વેદ,...' આત્મામાં નથી. આહા..હા..! ત્યારે શું વેદ જડમાં છે? વળી એમ કોઈ કહે. એ વેદનો ભાવ જ જડ છે, સાંભળ તો ખરો. આહા..હા..! ભાવવેદ હોં! સ્ત્રી, પુરુષ, નપુંસકની વાસના જે ઉત્પન્ન થાય છે તે જડ છે. એમાં જ્ઞાનસ્વરૂપ ભગવાન ક્યાં આવ્યો? એની અંદર જ્ઞાનની ઝલક ક્યાં આવી અંદરમાં? ભગવાન આત્મા દ્રવ્યવેદ અને ભાવવેદના ભાવથી, અનુભૂતિથી તો એ વેદ ભિન્ન રહે છે. ઓહો..હો..! છન્નું હજાર સ્ત્રીમાં ચક્રવર્તી સમકિતી જોવામાં આવે. કહે છે કે એના અનુભવથી વેદ અને વાસના બધું ભિન્ન રહે છે. સમજાણું કાંઈ? છન્નું હજાર સ્ત્રીનું વૃંદ એની ભોગવાસનાના કાળે પણ એ વાસનાથી અનુભૂતિ ભિન્ન છે. આહા..હા..! જ્ઞાની તો એ વાસનાને કાળા નાગ જેવો દેખે છે. કાળો નાગ સમજ્યા? બહુ કડક હોય છે ઝેરીલો. એવો વિકલ્પ મારી ચીજ જ નથીને. નબળાઈને કારણે આવે છે તેને ઝેર દેખે છે, અજ્ઞાની એમાં મજા માને છે. આહા..હા..! વેદ-વાસનામાં અજ્ઞાની મૂઢ જીવ લીન થઈને મજા માને છે એ મૂઢ છે, એ આત્મા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? વિષય-ભોગની વાસનામાં લીન છે. રમમાણ થઈ ગયો એમાં. જડ છે. ભગવાન આત્મા અવેદસ્વરૂપ છે. અવેદસ્વરૂપનો અનુભવ કરવાથી અનુભૂતિના કાળે અને અનુભવ ન હોય તો લબ્ધના કાળે પણ વેદવાસના ત્રિકાળ આત્મામાં છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'કષાય,...' ક્રોધ, માન, માયા, લોભ, શુભ-અશુભ કષાય આત્મામાં છે જ નહિ. પર્યાયમાં જોવું હોય તો કોઈ ક્રોધમાં હોય, કોઈ માનમાં હોય, કોઈ કપટમાં હોય, કોઈ લોભમાં હોય. એ તો પર્યાયદૃષ્ટિનું જ્ઞાન કરાવ્યું છે. અનુભૂતિ પર્યાયને આશ્રયે થતી નથી. આહા..હા..! ભગવાન પૂર્ણ અવિકારી નાથ અકષાયસ્વરૂપ એનો અનુભવ કરવાથી નીચે ચોથે ગુણસ્થાને... આહા..હા..! ભગવાન પૂર્ણાનંદ પ્રભુનો અનુભવ કરવાથી વેદ, વાસના અને કષાય તો ભિન્ન રહી જાય છે. ચાહે તો ભગવાનની ભક્તિનો રાગ પણ સમકિતીના અનુભવથી ભિન્ન છે. સમજાણું કાંઈ? રાગને પોતાની પર્યાયમાં એકત્વ માનવું એ જ મિથ્યાત્વનો અધ્યવસાય છે. આહા..હા..! શોભાલાલજી! આ ૧૩ દિ' તો થઈ ગયા. એમના ભાઈને યાદ કરીને આવ્યું. એ ગુજરાતી થાશે તો આવશે. સાત દિવસ પછી ગુજરાતી ચાલશે. સાત દિવસ બાકી છે હવે. સાત દિવસ છે. તેર દિવસ થઈ ગયા, સાત દિવસ બાકી છે. બે દિવસ પહેલા ગુજરાતી અને પછી આઠ દિવસ તો પર્યુષણ હશે. ...

'કષાય,...' કહો, સમજાણું કાંઈ? આમ તો લોભ કષાય દશમા ગુણસ્થાન સુધી કહે

છે. એ તો એના ભાવમાં છે. પોતાના અનુભવમાં તો કષાય ભાવનો સંગ નથી. આહા..હા..! ભગવાન અકષાયસ્વરૂપ પ્રભુ એનો સ્વીકાર કર્યો. સ્વીકાર કરવાની પર્યાયમાં કષાયભાવ છે નહિ. જે દૃષ્ટિ છે અને જ્ઞાનની પર્યાય છે એ અકષાય સ્વભાવ છે. સ્વીકાર કરવાથી એમાં કષાય પર્યાય આવતી નથી. અકષાયનો જ્યાં આદર થયો ત્યાં કષાય ક્યાંથી આવે? સમજાણું કાંઈ? એય..! ભીખાભાઈ! આવું બહુ ઝીણું ભારે ભાઈ! ઈ કહેતા હતા. રાગ તો દશમા ગુણસ્થાન સુધી લોભ આવે છે અને આ કહે કે આત્મામાં છે નહિ. અરે..! સાંભળ તો ખરો, પ્રભુ! આહા..હા..! એમ કે દશમા ગુણસ્થાન સુધી લોભના કષાયનો અંશ સંજ્વલનનો હોય છે. ભાઈ! એ તો પર્યાયમાં છે, દૃષ્ટિના વિષયમાં, અનુભવમાં એ છે નહિ. આહા..હા..! અનુભૂતિ તો એનું જ્ઞાન કરે છે. એનું (પરનું) જ્ઞાન નહિ. એ સંબંધીનું પોતાનું જ્ઞાન જ કરે છે. આહા..હા..! ભારે ઝીણું, ભાઈ! વીતરાગ માર્ગ આ દુનિયામાં ક્યાંય નથી એવો માર્ગ છે. આહા..હા..!

કષાય. અરે..! જ્ઞાનનો ભેદ જેમાં-જીવમાં નથી. જ્ઞાનની પાંચ પર્યાય અને અજ્ઞાનની ત્રણ પર્યાય એ આત્મામાં નથી. આહા..હા..! કેવળજ્ઞાન, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યય, કેવળ એ ભેદરૂપ પર્યાય એ અનુભૂતિમાં (આવતી નથી). અનુભૂતિમાં તો અભેદ આત્મા જ્ઞાન સાથે હોય છે. એમાં ભેદ આવતો નથી. આહા..હા..! અભિનંદે છે આવે છેને? ૨૦૫ ગાથા છે નિર્જરામાં. મતિ, શ્રુત આદિ નિર્મળ પર્યાય થાય છે એ અભેદને અભિનંદે છે. ભેદને અભિનંદતી નથી. ૨૦૫ ગાથા સમયસારની, નિર્જરા અધિકાર. આહા..હા..! કહે છે કે જ્ઞાનની પાંચ પર્યાય. શોધવો હોય તો શોધે પર્યાયમાં કે અહીંયાં કેવળજ્ઞાન છે, અહીંયાં મતિ છે, અહીં શ્રુત છે ને અહીં અવધિ છે. વસ્તુની દૃષ્ટિ કરવાથી અનુભૂતિથી પણ ભેદ ભિન્ન છે. આહા..હા..! જ્ઞાનના પાંચ પ્રકાર પણ અનુભવથી ભિન્ન છે એમ કહે છે.

મુમુક્ષુ :- અનુભૂતિ પોતે જ્ઞાનની પર્યાય છે.

ઉત્તર :- એ અનુભૂતિ પર્યાય પણ આમ હોય તો એમાં ભેદ નથી. અનુભૂતિ પર્યાય આત્મા તરફ વળી છે. એ પર્યાયમાં ભેદ નથી. સમજાણું કાંઈ? ચૌદ માર્ગણાનું મોટું સ્વરૂપ છે આમાં-ધવલમાં. મોટા પાઠના પાઠ ભર્યા છે. એ ઉપર તો આખું લખાણ છે. ચૌદ માર્ગણામાં ચૌદ ગુણસ્થાન ઉતાર્યા છે.

અહીં કહે છે કે જ્ઞાનનો ભેદ અનુભૂતિથી ભિન્ન છે. આહા..હા..! જ્યાં ભગવાન આત્મા પોતાના પૂર્ણ સ્વરૂપ તરફનો ઝુકાવ જ્યાં થયો, એવી અનુભૂતિમાં ભેદ ક્યાં રહ્યો? એ જ્ઞાનના ભેદનું લક્ષ છોડીને જ્યાં અભેદ ઉપર દૃષ્ટિ થઈ ત્યારે તો અનુભૂતિથી ભેદ ભિન્ન છે. હજી તો શરીરને ભિન્ન માનવો (તો કહે) કે ના. જીવિત શરીરથી ધર્મ થાય છે. કોઈનો પ્રશ્ન છે એ. જિનેશ્વરદાસજી! એ ખાણિયા ચર્ચામાં વાંચ્યું છે કે નહિ? બે પુસ્તક છે.

મુમુક્ષુ :- વિવાદમાં મજા નથી આવતી.

ઉત્તર :- વિવાદમાં મજા નથી આવતી. વાત સાચી. એક કોર વ્યવહારનો પક્ષ કરનારના અને બીજી તરફ નિશ્ચયને સિદ્ધ કરનારા છે. ખાણિયા ચર્ચા છે. બે લીધા છેને. ચાર.

અહીંયાં કહે છે કે એમાં જ્ઞાનના ભેદના ઘણા વ્યાખ્યાન છે. એની સ્થિતિ કેટલી, એનું ક્ષેત્ર કેટલું, કેટલામાં સ્પર્શે છે જ્ઞાનની પર્યાય, બધું લખાણ છે. પણ કહે છે કે ભગવાન આત્માનો અનુભવ કરવાથી એ પર્યાય ભિન્ન રહે છે. ભેદ રહેતો નથી. એનું નામ આત્મા અને એનું નામ અનુભૂતિ કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ વદ-૩, રવિવાર, તા. ૨૭-૦૮-૧૯૭૨
## ગાથા- ૫૦ થી ૫૫, પ્રવચન-૧૪૫

**નોંધ :- પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

આ જીવ-અજીવ અધિકાર. ૫૦ થી ૫૫ ગાથા. માર્ગણાસ્થાન સુધી આવ્યું છે. જ્ઞાન સુધી આવ્યું છે. કાલે પ્રશ્ન થતો હતો. જુઓ! આ આત્મા જે છે એમાં જ્ઞાન એનો અભેદ એકરૂપ સ્વભાવ છે. એ નિશ્ચય છે. એ દૃષ્ટિમાં એ જ્ઞાનના જે આઠ ભેદ છે મતિ-શ્રુત આદિ પાંચ ભેદ અને અજ્ઞાનના ભેદ એ વ્યવહારનયનો વિષય છે. એ વ્યવહારનયનો વિષય નિશ્ચયનયના વિષયમાં આવતો નથી. સમજાણું કાંઈ? ભગવાન જ્ઞાનસ્વરૂપ એમાં માર્ગણા-શોધવું કે આ મતિજ્ઞાન છે કે શ્રુતજ્ઞાન છે? એ તો વ્યવહારનયનો વિષય છે. અનેકાંત દૃષ્ટિમાં અંતર ભગવાન જ્ઞાનસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે એમાં એ આનંદ પણ એકરૂપ છે. સમજાણું કાંઈ? ચોથે ગુણસ્થાને આનંદ અલ્પ છે, પાંચમે વિશેષ, છઠ્ઠે (એનાથી વિશેષ) એ બધા ભેદ છે. આહા..હા..! એ વ્યવહારનયના વિષય તરીકે છે, પણ એ જ વ્યવહારનયનો વિષય તરીકે અંદરમાં અભેદ છે એમ નથી. સમજાણું કાંઈ? અભેદ દૃષ્ટિમાં અંતરમાં એ માર્ગણાના ભેદ અસ્તિપણે પર્યાયમાં હોવા છતાં પણ... આહા..હા..! આ તો એક યાદ આવ્યા, ઓલા આગળ ચારોળી મૂકી ગયું હતુંને. મેવો-મેવો. આ ચારોળી મેવો હોય છેને. કો'ક બાયું આવી હતી. ઓલા ઠામ મૂક્યા ભેગા ચારોળી ને નાળિયેર (મૂક્યા). આપણે તો કાંઈ ખાતા નથી.

પણ એમાંથી યાદ આવ્યું કે મેવો તો આત્મામાં છે. જેના સ્વાદમાં અતીન્દ્રિય આનંદ આવે એવો મેવો આત્મામાં ભર્યો છે. બદામ ને પિસ્તા ને શું કહે છે તમારે? ચારોળી નહિ? એ તો બધી વસ્તુ મોંઘી થઈ ગઈ અત્યારે. આ ચીજ અનાદિની સમજમાં નથી આવી તો મોંઘી છે. બહુ .. પહેલા તો બહુ સસ્તુ હતું. ચાર આના શેર અને આઠ આના શેર. હવે તો બહુ કિંમત વધી ગઈ. ઓહો..હો..! ભગવાન આત્મામાં જ્ઞાન આનંદ આદિ મેવો ભર્યો છે અંદર. તારી નજરને આળસે મેવાનો સ્વાદ આવતો નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સેવાથી મેવા મળે.

ઉત્તર :- સેવાથી મેવા-બેવા કાંઈ મળતા નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં જ્ઞાનરૂપી મેવાની વાત ચાલે છે અત્યારે તો. ભગવાન જ્ઞાનસ્વરૂપ જેનો સ્વભાવ અભેદ, અપરિમિત, અનંત આનંદસહિત (છે). એવા જ્ઞાનસ્વભાવ ઉપર દૃષ્ટિ દેવાથી સમ્યગ્દર્શન થાય છે. સમજાણું કાંઈ? એ પ્રવચનસારમાં આવે છેને? અસાધારણ જ્ઞાન... એ તો અસાધારણ જ્ઞાનને પકડે ત્યારે દ્રવ્ય પકડે છે એમ એનો અર્થ છે. પ્રવચનસારમાં આવે છે ... આહા..હા..! અસાધારણ જ્ઞાનને કારણરૂપે ગ્રહીને કેવળજ્ઞાનરૂપી કાર્ય અથવા અપૂર્ણ ભલે સમ્યગ્જ્ઞાનાદિ હોય પણ ત્રિકાળી અભેદ જ્ઞાન કારણરૂપે ગ્રહવાથી પર્યાયમાં આનંદ અને જ્ઞાનની પર્યાય પ્રગટે છે. એ વ્યવહારનયનો વિષય છે. આહા..હા..! સમજાણું કાંઈ? નિશ્ચયમાં જ્ઞાનમાં ભેદ છે જ નહિ. એકાકાર પ્રભુ ચૈતન્યબિંબ અંદર એની અભેદપણે દૃષ્ટિ કરવાથી ભેદ એને દેખાતા નથી. ભેદ છે ખરા.

રાતે કોઈકે પ્રશ્ન કર્યો હતો. ગોવિંદદાસજી. ભાઈ! ભેદ છે. પણ અંતર દૃષ્ટિમાં માર્ગણાનું શોધન નથી કરવાનું, આત્માનું શોધન કરવાનું છે. એનું જીવન ભગવાન જ્ઞાનસ્વરૂપી જીવનથી જીવે છે અનાદિથી. એના ઉપર અંદર દૃષ્ટિ કરવાથી જ્ઞાન મહાજ્ઞાન એ કારણરૂપ થાય છે. દૃષ્ટિ દીધી તો એમાં દૃષ્ટિ સમ્યગ્દર્શન આદિ કાર્ય પ્રગટ થયું. પણ એ સમ્યક્ અભેદમાં ભેદ દેખાતો નથી એ અપેક્ષાએ એમાં ભેદ નથી. આહા..હા..! દેખાય ક્યાંથી? એકરૂપ વસ્તુ સમ્યક્ નિશ્ચયનયનો સમ્યક્ એકાંત વિષય છે. સમજાણું કાંઈ? વ્યવહારનયનો વિષય એમાં છે નહિ. એનું નામ અનેકાંત છે. વ્યવહારનયના વિષયમાં નિશ્ચયનયનો વિષય નથી. આહા..હા..! વ્યવહાર નથી એમ નથી, પર્યાયનો ભેદ નથી એમ નથી પણ એ તો વર્તમાન નયનો વિષય થઈ ગયો. ત્રિકાળ નયનો વિષય જે નિશ્ચય એ તો એકલો ભગવાન જ્ઞાનસ્વરૂપી છે. વિકાર તો નથી, ભેદ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એવો જ્ઞાનમાં ભેદ પડવો એ સ્વરૂપમાં છે નહિ એમ કહે છે. ઈ છેને?

**'એવાં જે માર્ગણાસ્થાનો તે બધાંય જીવને નથી...'** તો શું જડના હોય છે? ભેદ એ વાસ્તવિક તત્ત્વ નથી. યથાર્થ તત્ત્વ તો ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ! લાખ વાતની વાત

અંતરમાં એકરૂપ સ્વભાવની દૃષ્ટિ કરવી એમાં માર્ગણા જીવમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, સમજાણું કાંઈ? એ પૂછતા હતા. હતા વૈષ્ણવ. વૈષ્ણવ છે મૂળ. જૈનમાં નથી જન્મ્યા જન્મથી. વાંચે છે ત્યાં આગળ .. નહિ? વાંચે છે. અનુભવ બીજી ચીજ છે. પણ એ ચીજ શું છે એની પહેલા પ્રતીત, જ્ઞાન તો કરે. સમજાણું કાંઈ? અને યથાર્થ પ્રતીતિ વિના અનુભવ થતો નથી. રતિભાઈ! આહા..હા..!

'અનુભવીને એટલું રે આનંદમાં રહેવું રે.' ઘણા વર્ષ પહેલા કહેતા હતાને. ૭૦-૭૨ વર્ષ પહેલાં ત્યાં ગાય. અમારે ત્યાં પાડોશી હતા. અમારી માનું મોસાળ હતું, ભૂંભલી. તો એ ત્યાંના હતા એટલે મામા કહેતા હતા એને. એ ન્હાતા હતા તો એમ બોલતા હતા. એને પણ ખબર નહિ હોં! અમે તો બાળક હતા. પણ મારા ખ્યાલમાં આવ્યું કે આ કહે છે કાંઈક. 'અનુભવીને એટલું રે આનંદમાં રહેવું રે, ભજવા પરિબ્રહ્મને બીજું કાંઈ ન કહેવું રે.' પરિબ્રહ્મ આત્મા એનું ભજન કરવું, બીજું કાંઈ લક્ષમાં લેવું નહિ. એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? ભલે જાણપણું ઓછું હોય, વિશેષ હોય, સંયમ હોય, ન હોય એની સાથે સંબંધ નથી. આહા..હા..! પણ અંતરમાં ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ એની દૃષ્ટિ કરતા અભેદમાં જ્ઞાનના અભેદ માર્ગણાના સ્થાન-પ્રકાર દેખાતા નથી અથવા છે નહિ.

**'સંયમ,...'** સંયમનો ભેદ આત્મામાં નથી. આહા..હા..! રાગ અને કષાયના ભેદ તો નથી, પણ સંયમ—સં-સમ્યક્ પ્રકારે સમ્યગ્દર્શન સહિત સ્વરૂપમાં લીનતાની રમતું એ આત્માની રમતું એ રામની રમત એ સંયમ, પણ એ સંયમમાં આ સંયમમાં સામાયિક, છેદોપસ્થાન એ બધો વ્યવહારનયનો વિષય છે. આહા..હા..! સમજાણું કાંઈ? સંયમના માર્ગણાના ભેદ ભગવાન આત્માની દૃષ્ટિ કરવાથી એમાં અભેદમાં ભેદ દેખાતો નથી. તેથી અભેદમાં ભેદ નથી. તો જીવને તે નથી એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? સંયમ. સંયમાસંયમને. સામાયિક .. એ બધા ભેદ છે. ભેદ એ અંતરમાં નથી. અંતર ચીજમાં એ જીવના માર્ગણાના ભેદ એ જીવમાં છે જ નહિ. આહા..હા..! આ તે વાત! હજી તો પુણ્ય અને પાપ, રાગ આત્મામાં નથી એમ કહેવામાં પરસેવો ઉતરે એને. સંસાર નથી એમાં. ભગવાન આત્મામાં સંસાર ત્રણકાળમાં નથી. સંસાર તો વર્તમાન વ્યવહારનયનો વિષય છે. સ્વરૂપની દૃષ્ટિના વિષયમાં સંસાર છે જ નહિ. સમજાણું કાંઈ? ગાથા ...

જીવના ત્રણ પ્રકાર કહ્યું હતુંને? તત્ત્વાર્થસારમાં. મિથ્યાદૃષ્ટિને પરિપૂર્ણ પ્રભુ એનો સ્વીકાર નથી. એક સમયની અવસ્થા અને રાગનો જ્યાં સ્વીકાર છે એ અસિદ્ધ છે, અસિદ્ધ છે. સિદ્ધનો અંશ પણ નથી અને પૂર્ણતા પણ નથી. સમ્યગ્દૃષ્ટિ જીવ ઈષત્‌સિદ્ધ છે. સમજાણું કાંઈ? એ અસિદ્ધ નથી, તેમ સિદ્ધ પૂર્ણ નથી. પણ નોસિદ્ધ એવો શબ્દ પડ્યો છે. અમૃતચંદ્રાચાર્ય જીવનો એક ભેદ નોસિદ્ધ કહે છે. એનો અર્થ લીધો છે ઈષત્‌સિદ્ધ. પરિપૂર્ણ પરમાત્મા પોતાના

સ્વભાવને જ્યાં સ્પર્શ્યો તો ઈષત્‌સિદ્ધ થઈ ગયો. 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' એવી જ્યાં દૃષ્ટિ થઈ, અનુભવ થયો તો ઈષત્‌સિદ્ધ થઈ ગયો. પર્યાયમાં હોં! ત્રિકાળ સિદ્ધ તો છે જ. આહા..હા..! ભારે વાતું ભાઈ આવી! ક્યાંય પ્રભુ શાંતિ નથી. વિકલ્પમાં નથી, ભેદમાં નથી, પરમાં નથી, પરમાં નથી. શાંતિનો સાગર ભગવાન એમાં સંયમનો ભેદ પડે છે શાંતિનો, સંયમ શાંતિ છે... સમજાણું કાંઈ? એ (ભેદ) પણ નથી. આહા..હા..!

ભેદ તો એક નય છે, પણ નયનો વિષય તો એક અંશ જ હોય છે. સમજાણું કાંઈ? ભલે નિશ્ચયનયમાં એ નથી, પણ એ નિશ્ચયનય પણ એક અંશ છે. એમાં વ્યવહારનો અંશ નથી. સમજાણું કાંઈ? અભેદ સ્વભાવ એમાં સંયમનો ભેદ નથી. પૂર્ણાનંદનો નાથ અતીન્દ્રિય આનંદનો પર્વત, ડુંગર છે ઈ. ડુંગર સમજો છો? પર્વત-પહાડ. એ એકરૂપ અતીન્દ્રિય પહાડ આનંદનો અને સંયમનો છે. એની દૃષ્ટિમાં એ અભેદમાં એ ભેદ સંયમની પર્યાયનો ભેદ નથી. આહા..હા..! એમાં સંસાર તો નથી, દેવ-ગુરુ નથી, વાણી દેવ-ગુરુની એમાં નથી. આહા..હા..! એનાથી લાભ થતો નથી. ભેદથી લાભ નથી થતો એમ અહીં તો કહે છે. આહા..હા..! એવો ભગવાન (છે). શાંતિ અને સુખ તારે જોઈતું હોય તો સુખનો સાગર તો પ્રભુ છે. બહારમાં સુખ માનવું, શરીરમાં, ઈન્દ્રિયોમાં, ખાવામાં, પીવામાં... સમજાણું કાંઈ? એ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? જ્યાં સુખ પડ્યું છે પ્રભુ એકરૂપ એમાં, કહે છે કે સંયમથી શાંતિ આવી એ શાંતિનો ભેદ નથી અંદરમાં એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એકરૂપ શાંતિનો આશ્રય લેવો એ અભેદમાં ભેદ દેખાતો નથી તેથી માર્ગણા સ્થાન અભેદમાં છે નહિ. સમજાણું કાંઈ? માર્ગણા સ્થાન .. ભેદ છે, સ્થાનમાં છે, ભેદમાં છે. આહા..હા..!

'**દર્શન,...**' આ ઉપયોગની વાત છે. ચક્ષુ, અચક્ષુ, અવધિ, કેવલ દર્શન છેને ચાર પ્રકાર? એવી ... દર્શન એકાકારમાં જોતાં એ ચાર છે નહિ. કહો, સમજાણું કાંઈ? આ ઉપયોગની વાત છે હોં. દર્શનનો ભેદ, અખંડ ત્રિકાળ દર્શન ઉપયોગસ્વરૂપ ભગવાન એની દૃષ્ટિથી જોતાં પર્યાયનો ભેદ એમાં નથી. તે પર્યાયબુદ્ધિમાં જ્ઞાન કરવાની એ ચીજ છે, વસ્તુમાં નથી. આહા..હા..! વસ્તુ એને કહીએ એમ. પર્યાયને વસ્તુ ન કહીએ ખરેખર. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પર્યાયબુદ્ધિમાં જ્ઞાન કરવા માટે છે.

ઉત્તર :- જ્ઞાન કરવા માટે છે. આહા..હા..!

કહે છે દર્શન નથી. આહા..હા..! દર્શનના માર્ગણા એ આત્મામાં નથી. તો શું જડમાં છે એ? સાતમી ગાથા છે કે નહિ? સમયસારની.

**ववहारेणुवदिस्सदि णाणिस्स चरित्त दंसणं णाणं।**
**ण वि णाणं ण चरित्तं ण दंसणं जाणगो सुद्धो।।७।।**

તો એક જણાએ વાંચ્યું. સમજ્યા વિના વાંચે. લ્યો! જ્ઞાનીને દર્શન નથી, જ્ઞાની જ્ઞાન

નથી અને ચારિત્ર નથી. ત્યારે દર્શન-જ્ઞાન-ચારિત્ર કોને જડને હોય? જિનેશ્વરદાસજી! એ ગાથા વાંચી. સ્થાનકવાસી આચાર્ય હતા. સ્થાનકવાસી છેને? ખબર ન મળે શું ચીજ છે. એણે એમ કહ્યું. જ્ઞાનીને જ્ઞાન નથી, દર્શન નથી, ચારિત્ર નથી. જ્ઞાની તો એકરૂપ શુદ્ધ જ્ઞાયકસ્વરૂપ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- સાતમી ગાથા. આહા..હા..! સાતમી ગાથા. '**ववहारेणुवदिस्सदि**' ત્રણ (ભેદ) વસ્તુમાં નથી. આહા..હા..! દર્શન-જ્ઞાન-ચારિત્રનો ભેદ પણ જેમાં નથી એવી દૃષ્ટિ દ્રવ્ય ઉપર કરવાથી ભેદ દેખાતો નથી, માટે ભેદ નથી એમ કહેવામાં આવ્યું છે.

'**લેશ્યા,...**' લેશ્યા છે નહિ આત્મામાં. લેશ્યાનો ભેદ તો ઠીક પણ લેશ્યા જ નથી. સમજાણું કાંઈ? કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોત લેશ્યા આવે છેને. તેજો, પદ્મ લેશ્યા આત્મામાં છે જ નહિ. આહા..હા..! ક્લેશ તે ક્લેશ. જેમ કાગળમાં.. આ કાગળ હોય છેને? .. ગુંદર-ગોંદ ચોંટે છે. એમ લેશ્યા. જેનાથી યોગ, કષાય અનુરંજિત લેશ્યા. અનુરંજિત યોગ લેશ્યા એવો પાઠ છે. કષાય સાથે યોગનો રંગ ચડવો. એ આત્મામાં છે જ નહિ. સમજાણું કાંઈ? એ તો ઠીક, પણ લેશ્યા અને અલેશ્યા એવો ભેદ આત્મામાં નથી. ભાઈ એ લેવું છે અહીં તો. લેશ્યા તો વસ્તુ જ નથી. સમજાણું કાંઈ? પણ લેશ્યા અને અલેશ્યા એવો ભેદ આત્મામાં નથી. અલેશ્યા પણ એક પર્યાય થઈ. લેશ્યા તો મલિન પર્યાય છે, અલેશ્યા નિર્મળ (પર્યાય) છે. આહા..હા..! એવા ભેદ ભગવાનમાં નથી. આહા..હા..! એક સમયમાં પૂર્ણાનંદ પ્રભુ એમાં એ છે જ નહિ. આ સ્વીકાર તે કાંઈ વાત છે! પ્રગટ પર્યાયને છોડીને અપ્રગટ પૂર્ણાનંદનો સ્વીકાર. પૂર્ણ વસ્તુમાં દૃષ્ટિ દેતા લેશ્યા અલેશ્યા હોં, એના ભેદ નથી. લેશ્યાનો ભેદ નથી એ સમયે પણ અલેશ્યાનો ભેદ નથી. લેશ્યારહિત. એમાં ભેદ ક્યાં છે? એ તો પર્યાયમાં છે. સમજાણું કાંઈ?

'**ભવ્ય,...**' ભવ્ય-અભવ્ય સ્વરૂપમાં નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભવ્ય-અભવ્ય તો પર્યાયનો ભેદ છે. જ્યાં અભેદ ચીજનો અનુભવ દૃષ્ટિમાં છે તો ભવ્ય હું છું કે અભવ્ય એ પ્રશ્ન જ રહેતો નથી. આહા..હા..! ભગવાન આત્મા પૂર્ણાનંદ સ્વરૂપનો જ્યાં ભેટો અંતરમાં દૃષ્ટિએ કર્યો, સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની પર્યાય ત્યાં પ્રસરી, કહે છે કે ત્યાં ભવ્ય-અભવ્યપણું છે નહિ. ભેદ કેવો? અહીં તો હજી કહે કે ભવિ છો કે અભવિ? એની શંકા. સમજાણું કાંઈ? એ પ્રશ્ન અહીંયા એકવાર થયો હતો. ભાઈ નહિ એ? દર્શનવિજયને. દેરાવાસીના સાધુ હતા શ્વેતાંબર. ત્રણ સાધુ. જ્ઞાનવિજય, દર્શનવિજય અને એક ચારિત્રવિજય. પછી એક તો ગુજરી ગયા. બે આવ્યા હતા અહીંયાં. બેઠા. વાત કરતાં-કરતાં કહે, ગુરુના... સમયસાર છેને. પધરાવ્યુંને છે આપણે સમયસાર ત્યાં. એ ગુરુવાણી છે, સર્વજ્ઞની વાણી

નથી. દર્શનવિજય હતા. એમને કીધું, તમારું નામ શું? તમારું નામ શું છે? દર્શનવિજય. ઠીક! તમે ભવિ છો કે અભવિ છો એ ખબર છે તમને? મેં એવો પ્રશ્ન કર્યો. રામજીભાઈ બેઠા હતા. સ્વાધ્યાયમંદિરમાં. દર્શન નહિ ત્રિપુટી? ત્રિપુટી કહેવાય. દર્શનવિજય ને એ. દર્શનવિજય ગુજરી ગયા કે એવું કાંઈક છે. આને એટલો ગર્વ હતો દિગંબર સામે વિરોધ કરવાનો. કહે કે આ તો ગુરુની વાણી છે સમયસાર. મેં કીધું ગુરુની વાણી છે કે સર્વજ્ઞની વાણી, પરીક્ષા કોણ કરી શકે? તમે કોણ છો? નામ શું છે તમારું? દર્શનવિજય. ઠીક. ભવિ-અભવિની ખબર છેને તમને? ના. અચ્છા! હજી ભવિ-અભવિની ખબર નથી એ વીતરાગની વાણી છે કે ગુરુની છે કે સર્વજ્ઞની છે એ કોણ પરીક્ષા કરી શકે? એય..! નંદકિશોરજી! ૯૯ની વાત છે, (સંવત) ૧૯૯૯ની સાલ. પછી બહાર ગયા ... ૯૯. કેટલા વર્ષ થયા? ૨૯.

પછી એક ત્યાં આવ્યા હતા એક પુણ્યવિજય. પુણ્યવિજય નહિ શું કહેવાય એ? પૂનમચંદ. સ્થાનકવાસી સાધુ. ઈ ત્યાં ગયા એની પાસે કે આપણે ભેગા થઈને વિરોધ કરીએ એનો. વિરોધ કરીએ. સ્થાનકવાસી સાધુ હતા. તો અમારી સામે વિરોધ કર્યો હતો. અમે બહાર નીકળ્યા હતાને વિહારમાં, વિરોધ માટે સાથે સાથે રહેતા હતા. ત્યાં કહે, વિરોધ કરીએ આપણે એકઠા થઈને. રહેવા દ્યો, મને ખબર છે. એક શબ્દમાં મને પકડ્યો હતો. એક શબ્દમાં મને પકડી લીધો હતો કે તમે ભવિ છો કે અભવિ? દર્શનવિજય છો તમે? ભવિ છો કે અભવિ? એ ખબર નથી. ભવિ-અભવિની ખબર નથી? જેને અનંત ભવ છે એવો અભવિ છું એ ખબર નથી. પણ માણસ જરી ડાહ્યોને, ખ્યાલમાં આવી ગયું. પકડ્યો બરાબર. થોડી પહેલી ના પાડે કે એ ખબર ન પડે. અચ્છા! ભવિ-અભવિની ખબર નથી એ વીતરાગની વાણી અને આચાર્ય કે દેવની વાણીની પરીક્ષા કરે? ના ના. એ ખબર પડે. હવે એ વાતને ગોખી નાખી. અંદરમાં હતી એ પહેલી આવી. નંદકિશોરજી! ભવ્ય હું છું કે અભવ્ય એનો હજી નિર્ણય નથી તેને અંદરમાં ભવ્ય અભવ્યના ભેદરહિત અનુભવ કરવો (એ કેમ હોઈ શકે)? સમજાણું કાંઈ? કેમકે ભવ્ય છું કે અભવિ? શંકા તો રહી ગઈ કે હું અભવિ છું. ... કદી મુક્તિ પામતા નથી, કદી મુક્તિ પામતા નથી. તો અનંત સંસારી હું છું કે ભવિ છું એની પણ હજી ખાત્રી નથી. એ વીતરાગની વાણીની પરીક્ષા કરી શકે કે આ ગુરની વાણી અને વીતરાગની વાણી. એમ ન ચાલે કીધું આ. આ તો વીતરાગનો માર્ગ છે. સમજાણું કાંઈ? વિરોધ કરવા ગયા. કહે, રહેવા દ્યો આપણે એની સાથે વિરોધ કરવો. ત્યાં તો એક બોલે મને પકડ્યો હતો કે ભવિ કે અભવિ? તને ખબર નથી કે શું ચીજ અંદર છે. સમજાણું કાંઈ? ભવ્ય મોક્ષને લાયક છે, લાયક હજી અને અભવિ તો મોક્ષને લાયક છે નહિ, તો એ લાયક છે કે નહિ એની હજી ખબર નથી. શેઠ! આહા..હા..! અહીં તો બીજી વાત કહે છે કે હું તો ભવિ-અભવિ પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? લાયકાતવાળો છું કે

લાયકાત વિનાનો એવો ભેદ મારામાં નથી. નવનીતભાઈ! આહા..હા..! ઓહો..! ભવ્ય તો છું પર્યાયમાં. વસ્તુમાં તો ભવ્ય-અભવ્યનો ભેદ છે નહિ. સમજાણું કાંઈ? એ કહે છે અહીંયાં. ... પ્રશ્ન કર્યો હતો. આપણે ભવિ છે કે અભવિ? પણ ભવ્ય-અભવ્યનું કામ શું છે તારે? એ તો પર્યાયના ભેદની વાત છે. એક મોક્ષને લાયક અને એક મોક્ષને લાયક નથી. વસ્તુ તો મોક્ષને લાયક છે કે નહિ એમ વસ્તુમાં ક્યાં છે? સમજાણું કાંઈ?

વસ્તુ પૂર્ણાનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદનો નાથ એ ભગવાન પરમેશ્વર સાક્ષાત્ પરમાત્મા એની દૃષ્ટિ કરવાથી ભવ્ય-અભવ્યનો ભેદ વ્યવહારનયથી જે છે ઈ એમાં છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, પ્રેમચંદજી! ડૉક્ટર છે. આહા..હા..! શ્રીમદ્દે પણ નાખ્યું છે. એક પત્ર છે કે સાધુની પાસે જા અને પૂછજે કે તું ભવિ છો કે અભવિ? સમકિતી છો કે મિથ્યાદૃષ્ટિ? કે ભાઈ! આપણને એ ખબર પડે નહિ. આહા..હા..! ત્યારે હજી તમને શંકા આવી છે અને સાધુ થઈને બેઠો ક્યાંથી આવ્યું સાધુપણું તને? સમજાણું કાંઈ? ક્યાંથી તને સાધુપણું આવ્યું? હું ભવિ છું કે અભવિ છું? સમજાણું કાંઈ? એ શંકા ગઈ નહિ અને સાધુ થઈ ગયો સંયમ? મિથ્યાત્વની શંકા છે એ તો. સમજાણું કાંઈ? ભવ્ય-અભવ્ય હું નથી. માર્ગણા શોધવું પર્યાયદૃષ્ટિ.. ભવ્ય-અભવ્ય પર્યાયદૃષ્ટિનો વિષય છે એમ કહે છે. વસ્તુદૃષ્ટિમાં એમ નથી. અને જેને દૃષ્ટિ થઈ એ તો ભવ્ય છે પર્યાયમાં એને એ પ્રશ્ન રહેતો નથી. સમજાણું કાંઈ?

પૂર્ણ સ્વરૂપ ભગવાન આત્મા જ્યાં અંદર જ્ઞાનમાં આવ્યું. પછી પ્રશ્ન ક્યાં રહ્યો ત્યાં? પૂર્ણ જ છે. તો પર્યાયમાં પૂર્ણ થઈ જશે જ. પછી વળી લાયકાતવાળો છું કે લાયકાતવાળો નથી એનો પ્રશ્ન ક્યાં છે? આહા..! સમજાણું કાંઈ? આ ભેદ જૈન સિવાય ક્યાંય છે બીજે? બીજામાં આસુરી પ્રકૃતિ અને દૈવી પ્રકૃતિ, દરબાર! આવે છેને? ગીતામાં આવે છે. આસુરી પ્રકૃતિ પલટીને દેવી થાય. અહીં તો કહે છે કે અભવિ પલટીને ભવિ કદી ન થાય. સમજાણું કાંઈ? ભવિ પલટીને કદી અભવિ ન થાય. પણ એ ભેદ જ આત્મામાં નથી. આહા..હા..! વસ્તુ ભગવાન પૂર્ણાનંદનો નાથ જ્ઞાનનો સાગર છે એમ જ્યાં અંતર દૃષ્ટિમાં અભેદ આવ્યો તો એ પર્યાયનો ભેદ એમાં છે નહિ. એ તો મોક્ષની તૈયારી થઈ ગઈ. આહા..હા..! લાયકાત શું? લાયકાત નહિ પણ લાયકાતવાળી પર્યાય એ તો પર્યાય થઈ લાયકાતવાળી. સમજાણું કાંઈ? આહા..હા..! કેવી વાત કરે છે! વીતરાગ સર્વજ્ઞ પરમાત્માના મુખથી વાણી આવી, આત્મામાં એ માર્ગણા શોધવું એ વસ્તુમાં નથી. ગજબ વાત છે. સમજાણું કાંઈ? એવો ભેદ છે નહિ.

**'સમ્યક્ત્વ,...'** એ સમ્યક્ત્વનો ભેદ આત્મામાં નથી. કે આ ક્ષાયિકસમકિત છે, ઉપશમસમકિત છે, ક્ષયોપશમસમકિત છે. આગળ વળી સાથે ... સમકિતની માર્ગણામાં એ આવે છે. .. છે. આહા..હા..! વસ્તુ જે પરમાત્મા પૂર્ણાનંદનો નાથ જ્યાં દૃષ્ટિમાં આવ્યો,

વર્તમાન જ્ઞાનની પર્યાયે જ્યાં પૂર્ણનો સ્વીકાર કર્યો તો એમાં સમ્યક્નો ભેદ, અભેદમાં છે નહિ. આહા..હા..! સમ્યગ્દર્શન સ્વીકારે છે ત્રિકાળને એનો ભેદ આત્મામાં નથી. વાત તો જુઓ એક! જૈનદર્શનનો આત્મા. અને એ આત્મા એવો બીજે છે નહિ. આહા..હા..! વસ્તુની સ્થિતિ જ એવી છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા એકરૂપ સ્વરૂપે જ્યાં દૃષ્ટિમાં લીધો અને એમાં એ સમકિતનો ભેદ જીવમાં નથી. પર્યાયમાં છે એ જીવ નહિ, એ પૂરો જીવ નથી. વ્યવહાર જીવ છે એ તો વ્યવહાર જીવ. આહા..હા..! ગજબ વાત કરે છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનની પર્યાય, ચારિત્રની પર્યાય એ બધા વ્યવહાર જીવ છે. આહા..હા..! ગજબ વાત છે!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પુદ્ગલના પરિણામ તો પછી એના આશ્રયે ઉત્પન્ન થાય માટે. આ તો ભેદ ઉત્પન્ન થાય છે એની વાત છે. સમજાણું કાંઈ? પર્યાય છે. નિર્મળ પર્યાય છે એ વ્યવહાર આત્મા છે. પર્યાયમાં એ વિષય પર્યાય છે, વ્યવહારનયનો વિષય પર્યાય છે. એક જ દ્રવ્યને પર્યાયથી જોવી એ વ્યવહાર છે, દ્રવ્યને જોવું એ નિશ્ચય છે. પર્યાયનો ભેદ છે એ આત્મા નહિ, ત્રિકાળી આત્મા નહિ. આહા..હા..! વાતું.

મુમુક્ષુ :- એકકોર સમ્યગ્દર્શન પ્રગટ કરો, મોક્ષ પ્રગટ કરો.

ઉત્તર :- પણ જેને આશ્રયે પ્રગટ થાય છે એમાં ભેદ નથી. સમકિતનો ભેદ પણ એમાં નથી. કહો, શેઠ! એવું છે. આહા..હા..! સંકેલ પર્યાયથી અને વિકલ્પથી તારી દૃષ્ટિ એમ કહે છે. આ કરવાનું છે. સાંભળ્યું જ નથી કોઈ દિ' કે શું ચીજ છે. આહા..હા..!

કહે છે, સમ્યક્ત્વનું જેનું માર્ગણાનું લક્ષણ છે. એ માર્ગણાનું લક્ષણ છે, શોધવાની પર્યાયનું એ લક્ષણ છે. તે સર્વે જીવના નથી. પાછા 'તે બધાંય...' એ અભેદમાં ભેદ ક્યાં આવ્યો? સમજાણું કાંઈ? દ્રવ્યદૃષ્ટિથી આત્મા નિત્ય છે તો એકાંત નિત્ય જ છે. વળી દ્રવ્યદૃષ્ટિથી પાછું કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય એમ હશે? આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાનનો માર્ગ તો અનેકાંત છે. કથંચિત્ આવો અને કથંચિત્ આવો. પણ કથંચિત્નો અર્થ શું? તારી ચીજનું જ્ઞાન કરવું હોય તો કથંચિત્ પર્યાય અને કથંચિત્ દ્રવ્ય, કથંચિત્ અનિત્ય અને કથંચિત્ નિત્ય. પણ અહીંયાં નિત્યની એકાંત દૃષ્ટિમાં જ્યાં લેવું છે તો દ્રવ્યદૃષ્ટિથી તો નિત્ય જ છે. વળી દ્રવ્યદૃષ્ટિમાં અનિત્ય પણ આવ્યું એમ છે નહિ. આહા..હા..! દ્રવ્યદૃષ્ટિમાં ભવ્ય-અભવ્યનો ભેદ આવ્યો એમ નથી. આહા..હા..! જેને ભેદ ખુંચે છે અભેદમાં. આહા..હા..! સમજાણું કાંઈ?

આ તો પરમાત્માના પ્રવાહમાં જવાની વાત છે, ભાઈ! સમજાણું કાંઈ? પરમાત્માનો પ્રવાહ છે. આહા..હા..! જે પ્રવાહમાં પરમાત્મા દેખાય છે એમાં પ્રવાહનો ભેદ નથી એમ

કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? મોક્ષનો માર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, કહે છે કે એ અભેદમાં એ ત્રણ છે નહિ. સમ્યગ્દર્શનનો વિષય—દ્રવ્યદૃષ્ટિનો વિષય આવો છે. સમજાણું કાંઈ? અને એ દૃષ્ટિ થયા વિના ત્રણ કાળમાં સમ્યગ્દર્શન થતું નથી, સમ્યગ્જ્ઞાન થતું નથી અને ચારિત્ર થતું નથી, તપ પણ થતું નથી. લાંઘણુ છે. એવા આત્માના સ્વભાવના ભાન વિના અપવાસ આદિ કરે, ભગવાનની ભક્તિ કરે, પૂજા કરે અને વ્રત પાળે એ બધું અજ્ઞાન છે. આહા..હા..!

મુમુક્ષુ :- વ્રતને તો આપ કહો છો તો છોડી દઈએ.

ઉત્તર :- કોણ છોડે? એ તો દૃષ્ટિ થાય ત્યારે છૂટે છે. દૃષ્ટિ વિના છોડે શું? ભેદ છે એ અભેદ દૃષ્ટિમાં છૂટી જાય છે. ત્યારે છોડ્યું કહેવામાં આવે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો એના આશ્રયે ઉત્પન્ન થાય છેને. પર્યાયના આશ્રયે તો રાગ જ ઉત્પન્ન થાય છે એટલે એને પુદ્‌ગલપરિણામ જ કહી દીધા. કેવળજ્ઞાનની પર્યાયને પણ પુદ્‌ગલપરિણામ કહી દીધા છે. એને આશ્રયે રાગ થાય છેને. પર્યાયને આશ્રયે રાગ જ થાય છે. એને આશ્રયે બિલકુલ વીતરાગતા થતી નથી. બસ, રાગ થાય છે તો પુદ્‌ગલના પરિણામ એના આશ્રયે થયા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સમ્યક્‌ના ભેદનું આશ્રય-લક્ષ કરવા જાય તો રાગ થાય છે. આહા..હા..!

અહીં તો એ જ કહ્યું કે પુદ્‌ગલપરિણામ છે. ભેદ છે. ત્રિકાળ અભેદમાં વિકલ્પ ઉઠે છેને. ભેદનું લક્ષ કરે એ વિકલ્પ જ છે. સમ્યક્‌ના ભેદનો આશ્રય કરવા જાય તો ભેદ વિકલ્પ ઉઠે છે. એ પુદ્‌ગલના પરિણામ છે. આહા..હા..! શું છે? પદમચંદજી! આ બીજી જાતનું શરાફ છે. આહા..હા..! અહીં તો કહે છે, એ ભેદને પુદ્‌ગલના પરિણામ કહ્યા. કેમકે ભેદમાં રાગ જ ઉત્પન્ન થયા છે, ભેદના લક્ષે વિકલ્પ જ ઉત્પન્ન થાય છે. અભેદને આશ્રયે સમ્યગ્દર્શન ને જ્ઞાન ને શાંતિ પ્રગટે છે. મેવા ત્યાં પડ્યા છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ છોકરા ગુંજામાં ભરતા નથી? પહેલા ભરતા હતા. હવે તો ક્યાં. ગૃહસ્થ તો બદામ, પિસ્તા અને ચારોળી ભરતા હતા પહેલા. નિશાળે જાય તો. અત્યારે ક્યાંથી લાવે? બદામ-પિસ્તા હોં. બદામ-પિસ્તા અને ચારોળી. અને ગરીબને ઘરે બાજરો કરે. ઓલો શું કહેવાય એ? પોંક નહિ, ઊનો કરે. ઊનો ઊનો બહુ ઊંચો. છોકરાને. ગરીબ માણસ બદામ-પિસ્તા ક્યાંથી લાવે? ધાણી. બાજરાનું એક આનું નામ છે પણ ભૂલી ગયા. કોઠા પણ નહિ. એ બાજરો કરે છે એક. ઊનો કરે તાવડીમાં જરી મીઠું નાખીને. એ બાયું કરે. આપણને ક્યાં ખબર? આ તો સાંભળેલી વાત છે. તાવડીમાં નાખે, જરી મીઠું નાખીને ઊનું કરે. બહુ ફરસો લાગે.

ઓલા દાળિયા-બાળિયા લેવા જાય ક્યાં? ઘરમાં બાજરો હોય, ગરીબ માણસ હોય. સમજ્યા? નિશાળે જાવું હોય તો સૌની સાથે ઓલું તો કરે. શું કહેવાય? માગણી તો કરે. બીજા માગણી કરે તો આ ભરીને જાય. ખજુર લઈને જાય છે, મેવો લઈને જાય છે. ભાઈ આપણે આ બાજરાનો ... એ સિવાય ત્યાં કુળથી કરતા ભાઈ પહેલા. કુળથી આવે છેને? કુળથી નથી હોતી? આમ પાતળા દાણા હોય.

મુમુક્ષુ :- અમે તો હિન્દી છીએ.

ઉત્તર :- પણ હિન્દી છો તો કોઈ નામ નથી? એમાં કુળથી આવે છે. અનાજ છે અનાજ. આહા..હા..! કુળથી અમારે અહીંયાં બહુ થાય છે. જમીન જ એવી હોય. કુળથી થાય કુળથી. કુળથી કહેવાય? શું કહેવાય? કળથી કહે અમારે. કળથી કહેવાય. તમારે કુળથી કહેવાય. કુળથી છે. ખબર ક્યાં છે? એ ગરીબ હોય એ એને ઊનું કરીને મીઠું નાખીને ખાય. કુળથી અને બાજરાનું એ ઊનું કરીને (બનાવે). કાંઈક નામ છે. ભૂલી ગયા, ઘણા વર્ષ થઈ ગયા. બાજરો ઊનો કરીને આપે.

અહીં તો કહે છે કે માવાના ગુંજા ભરવાના છે. તારો અભ્યાસ અંતરમાં જવાનો છેને? ઓલો તો બહારનો અભ્યાસ નિશાળનો. આહા..હા..! ભગવાન! તું તો અંદર સમ્યગ્દર્શન આદિની પર્યાયથી તો અનંતી-અનંતી પર્યાયનો તો તું પિંડ છે. એવો પર્યાયનો ભેદ માર્ગણા છે નહિ. આહા..હા..! એવો ત્રિકાળી ભગવાનનો અભ્યાસ કરનારની પર્યાયમાં મેવા અને માલ નીકળે છે. સમજાણું કાંઈ? એકરૂપ ત્રિકાળી ભગવાનની દૃષ્ટિ કરવાથી પર્યાયમાં માલ ને મીઠાશ ને આનંદ આવે છે. એ મેવો ખાતા ખાતા અભ્યાસ કરીને મોક્ષમાં જશે. સમજાણું કાંઈ? દુઃખ છે ને આમ છે. માણસ કહે છેને અરે! ચારિત્ર મહાદુઃખ છે. ફલાણા... અરે! તને ખબર નથી ચારિત્ર શું છે? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તદ્દન સુખરૂપ છે. ત્રણે સુખ આનંદરૂપ છે. સમજાણું કાંઈ? ત્રિકાળી આનંદરૂપમાં જ્યાં દૃષ્ટિ થઈ તો ભેદ પણ એમાં નથી. આહા..હા..! તેને અભેદનો આનંદ આવે છે.

મુમુક્ષુ :- લાડુ ખાવા અને મોક્ષમાં જાવું?

ઉત્તર :- હા, આનંદમાં રહેવું અને મોક્ષમાં જાવું એમ છે. દુઃખમાં રહેવું અને મોક્ષમાં જાવું (એમ કહેનારા) મૂર્ખ છે. એય..! કષ્ટ સહન કરવા પડે, ઉઘાડે માથે (ચાલવું), પાણી પીવા ઊના, આમ ચાલવા, ઉઘાડે પગે ચાલવું, લોચ કરવા. અરે..! તને ખબર નથી, સાંભળ તો ખરો. એ ચારિત્ર નહિ. ચારિત્ર તો અંદર આત્માના આનંદમાં લીન થવું એ ચારિત્ર છે. જેમાં આનંદ આનંદ. કરતાં-કરતાં મોક્ષમાં જાય છે. લાડવા ખાતા-ખાતા મોક્ષમાં જાય છે. આહા..હા..! એય..! પંડિતજી! આહા..હા..! દુઃખ ભોગતા ભોગતા (મોક્ષમાં જાય)? દુઃખ તો આર્તધ્યાન છે. શરીરના કષ્ટ સહન કરવા એ તો આર્તધ્યાન છે. આ તો મહાપ્રભુ ચિદાનંદ

અમૃતના ઝરણા ઝરે છે અંદર ત્યાં કષ્ટ કેવા? દર્શન, જ્ઞાન અને ચારિત્રની પર્યાય તો આનંદની દશા છે. આહા..હા..! પણ એ દશાનું લક્ષ પણ નથી અહીંયા તો એમ કહે છે. આહા..હા..! એવા સમ્યગ્દર્શનાદિનો ભેદ નથી.

'**સંજ્ઞા...**' આદિનો ભેદ નથી. આ સંજ્ઞી છે કે અસંજ્ઞી છે એવો ભેદ નથી. '**આહાર...**' અને અનાહાર. આ આહારક છે કે અનાહારક છે એવો ભેદ અંદરમાં છે નહિ. '**જેમનાં લક્ષણ છે એવાં જે માર્ગણાસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે...**' આવ્યુંને એ બધું? '**તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી...**' ભગવાન આત્માથી ભિન્ન છે. '**અનુભૂતિથી ભિન્ન છે.**' ભેદ અનુભૂતિથી ભિન્ન છે. આહા..હા..! પોતાનું પૂર્ણ સ્વરૂપ એના ઉપર એકાગ્ર થવાથી જે અનુભૂતિ થઈ એ મોક્ષનો માર્ગ. પણ એ અનુભૂતિથી આ બધા ભેદ ભિન્ન છે. સમજાણું કાંઈ? દ્રવ્યથી ભિન્ન છે એમ નથી કહ્યું અહીંયાં. દ્રવ્યથી ભિન્ન એમ નથી કહ્યું. અહીં તો પ્રગટ અનુભૂતિથી ભિન્ન છે. સમજાણું કાંઈ? પર્યાયનું પણ લક્ષ છોડીને જેણે પૂર્ણ સ્વરૂપ ભગવાન ધ્રુવ ચેતના સ્વભાવ, આનંદ સ્વભાવ, પ્રભુતા સ્વભાવ, સ્પષ્ટ નિર્મળ પૂર્ણ નિર્મળ સ્વભાવ ઉપર જ્યાં દૃષ્ટિ થઈ, એમાં ભેદ છે નહિ. એકલા આનંદનો સ્વાદ અનુભવ એનાથી એ ભેદ-બેદ દૂર છે. સમજાણું કાંઈ? ચોવીસ થયા એ. લ્યો!

'**જુદી જુદી પ્રકૃતિઓનું અમુક મુદત સુધી સાથે રહેવું તે જેમનું લક્ષણ છે...**' મુદ્દત સુધી એટલે સ્થિતિ. એ કર્મની સ્થિતિ આત્મામાં છે નહિ. આહા..હા..! ૭૦ ક્રોડાક્રોડી બાંધી અને ઓલો કહે આટલી બાંધી, પણ કોણ બાંધે? કર્મ બાંધે. કર્મ આવે છેને નહિ તમારે ભજનમાં? 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ'. રાડ નાખે ત્યાં. કર્મ નથી આત્મામાં પણ કર્મ હેરાન કરે છે. પણ કર્મની સ્થિતિ તારામાં નથી. સમજાણું કાંઈ? આહા..હા..! '**જુદી જુદી પ્રકૃતિઓનું અમુક મુદત સુધી સાથે રહેવું...**' પ્રકૃતિ આદિ જ્ઞાનાવરણીય વગેરે. તેની સ્થિતિ '**એવાં જે સ્થિતિબંધસ્થાનો તે બધાંય જીવને નથી...**' એ ચોવીસ બોલ થયા.

હવે '**કષાયના વિપાકનું અતિશયપણું જેમનું લક્ષણ છે એવાં જે સંક્લેશસ્થાનો...**' આહા..હા..! કષાયોનો વિપાક, એનો અતિશય વિશેષ એવું જેનું લક્ષણ સંક્લેશ પરિણામ. આહા..હા..! સમકિતીને સંક્લેશ પરિણામના કાળે પણ તીર્થંકર પ્રકૃતિની ઊંચી સ્થિતિ બંધાય છે. સ્થિતિ બાંધી છે સંક્લેશ પરિણામને કાળે. સમજાણું કાંઈ? તીર્થંકર પ્રકૃતિનો બંધ સદાય બાંધે છે. ધ્રુવ પ્રકૃતિ છે. એય..! ચેતનજી! ધ્રુવ ... ધ્રુવ પ્રકૃતિ. જ્યારથી તીર્થંકર પ્રકૃતિ બંધાય છે ત્યારથી જ્યારે આઠમા ગુણસ્થાન સુધી જાશે ત્યાં સુધી સમયે સમયે બાંધે છે. નરકમાં પણ બાંધે છે. સંક્લેશ પરિણામ આવે તોપણ નરકમાં તીર્થંકરની સ્થિતિ ઉત્કૃષ્ટપણે બાંધે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પણ એ સંક્લેશ પરિણામ જીવમાં નથી. વિપાક છેને?

વિપાકની અતિશયતા. એટલે ત્યાં તીવ્રતા લેવી. '**જેમનું લક્ષણ છે એવાં જે સંકલેશસ્થાનો...**' સંક્લેશના અસંખ્ય સ્થાન છે એ આત્મામાં નથી. આ તો આત્મામાં નથી તો નગ્નતા તો આત્મામાં છે જ નહિ. ઓલા તો ભેદ નથી બતાવવા આ તો વળી મલિનતાનો ભેદ છે. આહા..હા..! સંક્લેશ તે બધાંય જીવના નથી. કારણ કે પોતાની અનુભૂતિથી સંક્લેશ પરિણામ ભિન્ન રહે છે.

હવે વાંધા આ. '**કષાયના વિપાકનું મંદપણુ...**' ઓલામાં અતિશયતા હતી. '**કષાયના વિપાકનું મંદપણું જેમનું લક્ષણ છે એવાં જે વિશુદ્ધિસ્થાનો...**' તે પુણ્યના સ્થાન, પુણ્યભાવના પ્રકાર. કાલે ચાલતું હતુંને તમારે કે શુભભાવ આવો હોય, શુભભાવ હોય તો થાય. હવે શુભભાવને છોડે ત્યારે થાય કે શુભભાવથી થાય? આહા..હા..! એના ઉપરનું લક્ષ છોડે ત્યારે અંતરનું લક્ષ થાય છે. એમાં ક્યાં છે? ભેદ સાથે લઈને આવે છે? શુભભાવથી તો ભેદજ્ઞાન કરવું છે. શુભભાવથી તો ભેદજ્ઞાન કરવાનું છે. ભેદ—જુદા પાડવા છે તો એને સાથે લઈને ભેદ પાડે છે? સમજાણું કાંઈ? '**કષાયના વિપાકનું મંદપણુ...**' મંદ કષાય હોય, શુભભાવ હોય, શુભ ઉપયોગ હોય એ વિશુદ્ધિ સ્થાનના અસંખ્ય પ્રકાર છેને? શુદ્ધના પણ અસંખ્ય પ્રકાર છે. સંક્લેશના પણ અસંખ્ય પ્રકાર છે. '**તે બધાંય જીવને નથી...**' એ શુભભાવ જીવના નથી. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય તે ભાવ જીવના નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જીવના હોય તો જીવની પુષ્ટિ કરે શાંતિ અને આનંદની. આ તો પુદ્ગલ પરિણામ ઉત્પન્ન કરે છે. સમજાણું કાંઈ?

જુઓને! પાંડવોનું દૃષ્ટાંત નહોતું દીધું? પાંડવોનું. પાંચ પાંડવો ધ્યાનમાં આનંદમાં હતા. ત્યાં પાંચેયને એક સાથે દુર્યોધનના ભાણેજે લોઢાના કડા પહેરાવ્યા. નાના ભાઈને એવો વિકલ્પ આવ્યો હોં! સાધર્મીનો. અરે! મોટા ભાઈને કેમ હશે? બે ભવ થઈ ગયા. ત્રણ મોક્ષમાં ગયા. ધર્મરાજા, ભીમ અને અર્જુન છેલ્લો દેહ ચરમશરીર મોક્ષમાં ગયા. જે સ્થાને મોક્ષે ગયા ત્યાં બિરાજે છે ઉપર. જે સ્થાનેથી ગયા ત્યાં ઉપર બિરાજે છે. અને બેને એવો ભાવ આવ્યો. આ તો સાધર્મીનો ભાવ હતો. મુનિ મહા સુંદર કોમળ શરીર રાજકુમાર. શું થયું હશે? આહા..હા..! એવો એક વિકલ્પ આવ્યો હોં! આ કષાયની મંદતાનો. બે ભવ થઈ ગયા. એમાં સર્વાર્થસિદ્ધનો ભવ બંધાઈ ઘયો. ત્યાંથી પાછો મનુષ્યભવ. કેવળજ્ઞાનનો વિરહ પડી ગયો. દુરત્તર નિર્વાણ આવે છેને ભાઈ? ૧૭૦ ગાથા. પદાર્થ ભગવાને કહ્યા એની રુચિ શુભભાવ, તીર્થંકરનો ભાવ અને સૂત્ર આગમની રુચિનો ભાવ. આહા..હા..! વિશુદ્ધિ પરિણામ છે. ભગવાનથી ભિન્ન છે. આહા..હા..! આ તો એવું લાગે માણસને કે આ તે ક્યાંનું છે? કેવળીની વાત કરે છે? કેવળી નહિ, કેવળજ્ઞાનની પર્યાયથી અનંત ભરેલો છે અંદર એના દ્રવ્યની વાત છે. આહા..હા..! એટલે જરી બહાર નીકળ્યો, સાધર્મી પ્રત્યેના પ્રેમનો વિકલ્પ આવ્યો એમાં ૩૩ સાગરનું આયુષ્ય

(બંધાઈ ગયું). કેવળજ્ઞાનનું અંતર પડી ગયું.

રાજકુમાર સુંદર શરીર, કોમળ. એટલે ભાઈને એમ વિચાર આવ્યો કે અરે! મોટા ભાઈઓ ત્રણ. મોટા ભાઈ છે, ઉંમર મોટી છે. આવા લોઢાના... એને પણ લોઢાના હતા. સમજાણું કાંઈ? એ કષાયની મંદતાનો ભાવ શુભભાવ (હતો). ત્યાં કોઈ હિંસા-બિંસા નથી, જૂઠું પણ નથી બોલ્યા, ચોરી પણ નથી કરી. કષાયનો મંદ ભાવ એ બંધનું કારણ છે. એમાં આવ્યા તો બે ભવ થઈ ગયા. સમજાણું કાંઈ? એ જીવના નથી. ..ભાઈ! લ્યો આ સાધર્મી સાધુ. એ કેવા ભાવલિંગી, રાજકુમાર. મહિના-મહિનાના અપવાસ. ભગવાન મોક્ષ પધાર્યા છે. એમ જ્યાં સાંભળ્યું, શેત્રુંજય ઉપર ચડી ગયા. ભગવાન પાસે જાવું હતું. સમજાણું કાંઈ? ભગવાન તો મોક્ષ પધાર્યા છે. ગિરનાર. કોઈ સ્ત્રી કુટુંબ પણ નહિ, રાજ પણ નથી, કાંઈ નથી. ફક્ત બે મુનિને એવો વિકલ્પ આવ્યો. આ તે શું કહે છે જૈનદર્શન? નંદકિશોરજી! એમાં બે ભવ થઈ ગયા. ૩૩ સાગર કેવળજ્ઞાનને દૂર કરી દીધું. અને પછી મનુષ્યભવમાં પણ થોડું રહે પછી કેવળજ્ઞાન થાય છેને? આહા..હા..! એ પોતાનો સ્વભાવ નથી. સમકિતીને એ આદરણીય નથી. આહા..હા..! આ એમ કહે છે.

મુમુક્ષુ :- દ્રવ્ય-ગુણ-પર્યાય...

ઉત્તર :- ભેદ નથી. ધ્રુવમાં પર્યાયનો ભેદ છે નહિ. આ તો શુભ વિકલ્પ આવ્યો. ... ફક્ત સાધર્મી પ્રત્યેનો વિકલ્પ આવ્યો એટલું. મુનિ છેને ભાવલિંગી સંત છે. વાત્સલ્યતાનો વિકલ્પ આવ્યો. એ વાત્સલ્યનો વિકલ્પ પણ ભવબંધનું કારણ છે. આહા..હા..! આ તો વીતરાગમાર્ગ છે. રાગનો કણ પણ આત્માને નુકસાન કરનારો છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવે મોક્ષ ન જઈ શકે. (દેવ થાય, નારકી થાય) પછી મનુષ્ય થઈને મોક્ષે જાય. એટલો આંતરો પડ્યો. વીતરાગમૂર્તિ પ્રભુ એમાં મંદ કષાયના સ્થાન છે નહિ. અનુભૂતિથી ભિન્ન છે એટલે એને પુદ્ગલપરિણામ ગણવામાં આવ્યા છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ વદ-૪, સોમવાર, તા. ૨૮-૦૮-૧૯૭૨
## ગાથા- ૫૦ થી ૫૫, પ્રવચન-૧૪૬

**નોંધ :- પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

સમયસાર જીવ-અધિકાર, ૫૦ થી ૫૫ ગાથા. અહીં આવ્યું છે. ૨૬ બોલ આવ્યાને ૨૬? **'કષાયના વિપાકનું મંદપણું જેમનું લક્ષણ છે એવાં જે વિશુદ્ધિસ્થાનો તે બધાંય જીવને નથી...'** શુભરાગ, પ્રશસ્ત રાગ, કષાય મંદ એ જીવનો સ્વભાવ નથી, જીવમાં નથી. ઓહો..હો..! મોટી તકરાર કરે છેને આ? કષાયની મંદતાથી અનુભૂતિ થાય, અનુભવ થાય.

મુમુક્ષુ :- એમાં થોડી શુદ્ધતા છે.

ઉત્તર :- શુદ્ધતા એમાં ધૂળેય નથી. શુદ્ધતા તો સ્વભાવનો આશ્રય કરે તો શુદ્ધતા થાય છે. એ જે બનારસીદાસે લખ્યું છે એ બીજી ચીજ છે. છેને ઈ? ધન્નાલાલજી! શું?

મુમુક્ષુ :- પરમાર્થ વચનિકામાં છે.

ઉત્તર :- પરમાર્થ વચનિકા. એ તો બીજી વાત છે. શુદ્ધ અંશ છે એ તો અનાદિનો છે. ગ્રંથિભેદ કર્યા વિના શુદ્ધનો અંશ આગળ વધતો નથી. સમજાણું કાંઈ? એ નથી. વસ્તુ આવવી જોઈએને મગજમાં. આ આત્મા અનંત આનંદ આદિ પિંડ પ્રભુ, ગુણનો પિંડ કહો, સામાન્ય કહો, ધ્રુવ કહો એ બધું એકાર્થ છે, એ વસ્તુમાં કષાયની મંદતાનો શુભોપયોગ રાગ મંદ એ છે જ નહિ. કેમકે એ પુદ્‌ગલપરિણામ છે. સીધું અહીંયાં તો એ આવ્યું છે. આહા..હા..!

ચૈતન્ય વસ્તુ અનંત જ્ઞાન, દર્શન, આનંદની ચમત્કારી વસ્તુ. એના જેવો ચમત્કાર જગતમાં કોઈ છે નહિ. એવો ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ પ્રભુતા એવી ચીજમાં અનુભૂતિથી એ ચીજ (બહાર છે). અહીં તો એ ચીજમાં તો નથી પણ પોતાના સ્વરૂપનો અનુભવ કરવાથી અનુભૂતિથી એ શુભરાગ ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? વસ્તુમાં તો છે નહિ, વસ્તુ તો પૂર્ણાનંદ પ્રભુ છે પણ પૂર્ણાનંદ સ્વરૂપનો આશ્રય કરીને અનુભૂતિ જે આનંદનું વેદન, જ્ઞાનની પર્યાયમાં સ્વસંવેદન (થયું તેમાં પણ તે નથી). કાલે કો'ક પૂછતા હતાને સ્વસંવેદન? તમે કહેતા હતા? સ્વસંવેદન અનુભૂતિ. એ પ્રશ્ન કર્યો હતો કોઈએ.

મુમુક્ષુ :- અનુભૂતિ અને સ્વસંવેદન એક જ છે.

ઉત્તર :- બરાબર છે. સ્વ નામ પોતાનું સ્વરૂપ ત્રિકાળી એનું સં નામ પ્રત્યક્ષ. અંતરમાં સ્વભાવ સન્મુખ થઈને પ્રત્યક્ષ વેદન થવું. અનાદિથી અજ્ઞાનીને તો શુભ-અશુભ રાગનું જ

વેદન છે. એ તો મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? કર્મચેતના અને કર્મફળ ચેતનાનો અનુભવ છે. કર્મ નામ પુણ્ય અને પાપના ભાવ એને કર્મચેતના ગણવામાં આવી છે. એ આત્મા નહિ. આહા..હા..! અને અનુકૂળ-પ્રતિકૂળતામાં હરખ અને શોક થાય એ પણ પુદ્ગલના પરિણામ છે. એ કર્મફળ અને રાગાદિને ભોગવવું, કરવું અને ભોગવવું એ તો અનાદિ કાળથી છે. એ ચીજ કાંઈ આત્માની નથી. આહા..હા..! પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા જૈન દિગંબર સાધુ થઈને, તો એ કર્મચેતના છે. સમજાણું કાંઈ? એ આત્મા નથી. એ રાગને કરવું અને રાગનું ભોગવવું એ તો કર્મચેતના અને કર્મફળ ચેતના છે.

ભગવાન આત્મા પોતાના સ્વરૂપમાં જ્ઞાનચેતનાથી વેદન કરે છે. આહા..હા..! ચોથે ગુણસ્થાનથી પોતાના આનંદસ્વરૂપ સન્મુખમાં અનુભૂતિમાં જે જ્ઞાન અને આનંદનું વેદન થાય છે એનું નામ અહીંયાં અનુભૂતિ, સ્વસંવેદન, નિશ્ચય સમ્યગ્દર્શન અને સ્વરૂપમાં આચરણની સ્થિરતા પણ સાથે છે. એ અનુભૂતિથી કષાયની મંદતા ભિન્ન છે. શુભોપયોગ. શોભાલાલજી! આહા..હા..! પંચ મહાવ્રતના પરિણામ, અઠ્યાવીશ મૂળગુણના રાગની મંદતાનો ભાવ, શ્રાવકના બાર અણુવ્રતના રાગનો ભાવ એ બધી કષાયની મંદતા છે. એવી મંદતા અભવિને પણ થાય છે. સમજાણું કાંઈ? અને એ મંદતા દ્વારા કર્મ પ્રકૃતિ મિથ્યાત્વ અનંતાનુબંધીમાં પણ મંદ રસ થાય છે. એ વસ્તુ નહિ. ભગવાન આત્મા પોતાના સ્વરૂપની અનુભૂતિ કરવામાં એ રાગનો સંગ છે નહિ, પુદ્ગલના પરિણામ છે. આહા..હા..!

ભવસમુદ્રને પાર કરવો હોય તો ભગવાન કષાયની મંદતાથી પણ ભિન્ન છે. ભવોદધિ-ભવરૂપી સમુદ્ર એ કષાયની મંદતા પણ ભવરૂપી સમુદ્ર છે. એ આત્મા નહિ. આહા..હા..! એમાં રહેવાથી એકાંતપણે રહેવાથી (તો પરિભ્રમણ વધે છે). જ્ઞાની તો સ્વભાવની અનુભૂતિમાં સ્વભાવમાં રહે છે. ભાવ આવે છે પણ એનાથી એ પૃથક્ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ભવરૂપ ભાવ, એ જ સંસારમાં ડુબાડનારો ભાવ છે. કુંદકુંદાચાર્યે કહ્યુંને કે સંસારમાં પ્રવેશ કરાવે એ ભલો કેમ હોય? એ સુશીલ નથી. સુશીલ તો પોતાના સ્વરૂપની અનુભૂતિ થવી તે સુશીલ છે. આહા..હા..! ભગવાન શીલ નામ આચારવાળો. આનંદસ્વરૂપ ભગવાન પરમાંથી સુખબુદ્ધિ છૂટીને વ્યવહારના વિકલ્પમાં પણ સુખબુદ્ધિ કષાય મંદતામાંથી છૂટીને સ્વભાવની મહિમામાં જ્યારે દૃષ્ટિ પડે છે ત્યારે એમાં જ્ઞાન અને આનંદનો અનુભવ થાય છે. એ અનુભૂતિથી કષાયની મંદતા ચાહે તો તીર્થંકરગોત્રનો ભાવ હોય તોપણ ભિન્ન છે. આહા..હા..! અનુભવ અનાદિનો વિકારનો. શ્રુત પરિચિત આવ્યુંને એ? '**सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा**' પ્રભુ! તેં અનંત વાર રાગનો વિકલ્પ કષાય મંદ કેમ કરવો અને કેમ ભોગવવો એ વાત તો અનંત વાર સાંભળી છે. ત્યાં તો એમ લીધું છે કે સર્વ જીવે સાંભળી છે. નિગોદના જીવ કદી મનુષ્ય નથી થયો એણે પણ રાગ કરવો અને ભોગવવો એવો અનુભવ

છે તો સાંભળી છે. સમજાણું કાંઈ? એ કર્મચેતનાનો અનુભવ કરે છે. નિગોદમાં પણ શુભ અને અશુભભાવ પ્રવાહરૂપ નિરંતર થાય છે, એ કોઈ નવી ચીજ નથી. એ તો કર્મધારા છે. નિગોદમાંથી કદી નીકળ્યા નથી હજી ત્રસ નથી થયા એવા જીવને ક્ષણમાં શુભ, ક્ષણમાં અશુભ (ભાવ થાય છે).

આગળ એક સૂત્ર આવ્યું હતું કે પ્રમત્ત-અપ્રમત્તમાં શાતા-અશાતા હજારો વાર બાંધે છે. એવો પાઠ આવ્યો હતો. શાતા-અશાતા હોં! પાઠ છે પ્રમત્ત-અપ્રમત્ત અને બાંધે છે શાતા-અશાતા. એનો અર્થ એ છે કે છઠ્ઠા ગુણસ્થાને પણ શુભ-અશુભભાવ થાય છે. સાતમે અશુભ નથી. ત્યાં એકલી શાતા બાંધે છે. એ ધવલમાં છે. સમજાણું કાંઈ? એકેન્દ્રિયથી લઈને છઠ્ઠા ગુણસ્થાન સુધી ક્ષણમાં શુભ અને ક્ષણમાં અશુભ થાય છે. સમજાણું કાંઈ? એકલા છઠ્ઠા ગુણસ્થાનમાં અશુભ જ છે એમ નથી.

મુમુક્ષુ :- એકલું શુભ.

ઉત્તર :- એકલું શુભ છે એમ પણ નથી. બેય છે. કોઈ વખતે શુભ, કોઈ વખતે અશુભ. જેમ એકે.. ચાલે એવો ભાવ છે. આ તો સદાય લીધું છે. ક્ષણમાં અશુભ, ક્ષણમાં શુભ, ક્ષણમાં અશુભ, ક્ષણમાં શુભ. એ તો આમ અબુદ્ધિપૂર્વક નથી એ અપેક્ષાએ ના પાડી છે કે અશુભ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! અનાદિથી એ ધારા ચાલે છે. છઠ્ઠા ગુણસ્થાન સુધી છે. એક સાતમો ધ્યાન અને આનંદ હોય. એકલી શાતા બાંધે છે ... દસમા સુધી. એમાં પાઠમાં છે. પ્રમત્ત-અપ્રમત્તમાં હજારો વાર આવે છે અને શાતા-અશાતામાં પરિવર્તન કરે છે એમ છે. શાતા-અશાતા બાંધે એમ. તો કહે કે સાતમામાં તો અશાતા બાંધતા નથી. સાતમે એકલી અશાતા નથી બાંધતા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બંધ છે. શાતાનો બંધ છે. શાતાનો બંધ છે. સાતમે ગુણસ્થાને અશાતાનો બંધ નથી. સત્તામાં પડી હોય, પણ બંધ નથી. સિદ્ધની ધારાએ ચડ્યા એને શું બંધ? બંધ સૂક્ષ્મ છે તો ... છે.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- અબુદ્ધિપૂર્વક છે સાતમે. એક ઠેકાણે તો એને બુદ્ધિપૂર્વક ગણ્યું છે, ભાઈ! પૂર્વનું હતુંને. એ ઓલામાં આવ્યું છે. આત્માવલોકન, આત્માવલોકનમાં આવ્યું છે. ખબર છે. આ બાજુ પાને છે.

મુમુક્ષ :- એ તો સાતમામાં પણ લે છે.

ઉત્તર :- હા, એ જ કહ્યુંને મેં. મેં એ કહ્યું. સાતમામાં ત્યાં બુદ્ધિપૂર્વક લે છે. દિપચંદજી (આત્માવલોકન). એ તો પહેલા છઠ્ઠું ગુણસ્થાન છેને ત્યાં જઈને પાછા આવે છે. જઈને

આવે છે એ અપેક્ષાએ લીધું છે. બાકી તો ખ્યાલ ક્યાં છે? સાતમામાં ખ્યાલ ક્યાં છે. એકલા આનંદમાં છે. એક પ્રમાદભાવ છઠ્ઠે ચાલતો હતો એ તો છૂટી ગયો. મહાવ્રત પાળવાનો ભાવ હતો એ પ્રમાદ હતો. આહા..હા..! અરે વીતરાગમાર્ગ તો જુઓ! એ કષાયની મંદતાનો ભાવ હતો, એ આત્માનો ભાવ નથી. ઈ છેને?

'**વિશુદ્ધિસ્થાનો તે બધાંય જીવને નથી...**' અસંખ્ય પ્રકાર વિશુદ્ધના છે. તો એ છે તો શુદ્ધિ થાય છે એમ નથી. એ આત્મામાં છે જ નહિને, પછી એનાથી શુદ્ધિ થાય એ પ્રશ્ન ક્યાં છે? પ્રશ્ન થાય છે કે નહિ? એ તો મોક્ષમાર્ગ પ્રકાશકમાં પણ કહ્યું છે. શુભથી શુદ્ધ તો અશુભથી શુભ. લખ્યું છેને? છેને. તો તો અશુભથી શુભ અને શુભથી શુદ્ધ (થાય). પણ એમ છે નહિ. આહા..હા..! તારી ચીજની સંપદાનું માહાત્મ્ય નથી અંદર. પવિત્ર ધામ ભગવાન તીર્થ, ભાવતીર્થ છે. સમજાણું કાંઈ? અંતરમાં જવાથી તીર્થ થાય છે-તરવાનો ઉપાય. ભવોદધિ તરવાનો ઉપાય. આહા..હા..! મંદ રાગ એ તો ભવોદધિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન તો આનંદના ઉદધિનો સાગર છે. સમજાણું કાંઈ? આ તો જેને શાંતિ જોઈએ એની વાત છે, ભાઈ! ધમાધમ અને આમ થાય છે ને આમ થાય છે, વાદ કરવો, વિવાદ કરવો... આહા..હા..! આમાં વાદવિવાદના વિકલ્પનો અવકાશ ક્યાં અંદરમાં છે? વાદવિવાદના વિકલ્પથી તો ભિન્ન છે ભગવાન! આ શુભવિકલ્પ .. વિકલ્પ આવે છે કે નહિ? સમજાણું કાંઈ? તો વિકલ્પ કષાયની મંદતા છે. કષાયની મંદતા ભગવાન આત્માથી ભિન્ન છે. આહા..હા..!

'**કષાયના વિપાકનું મંદપણું જેમનું લક્ષણ છે...**' કોનું? '**એવાં જે વિશુદ્ધિસ્થાનો...**' કષાયની મંદતાના સ્થાન '**કષાયના વિપાકનું મંદપણું જેમનું લક્ષણ છે...**' જેનું સ્વરૂપ જ ઈ છે એમ કહે છે. '**તે બધાંય જીવને નથી...**' એ સાંભળતા જ એને વિચારમાં લાવવું જોઈએ. પંડિતજી! આહા..હા..! એના ખ્યાલમાં તો લે કે એ ભાવ આત્માના નથી. મારા સ્વભાવથી એ શુભરાગ ભિન્ન ગણીને પુદ્‌ગલના પરિણામ ગણવામાં આવ્યા તો પોતાના સ્વભાવનો અનુભવ, સ્વભાવમાં તો છે નહિ તો સ્વભાવમાં નથી એનો અનુભવ કરે એના નહિ. સ્વભાવમાં છે નહિ એવો નિર્ણય કોને થયો? આહા..હા..! અનુભવ કર્યો તો એ સ્વભાવમાં નથી અને અનુભૂતિમાં નથી એમ આવ્યું. સમજાણું કાંઈ? પૂર્ણ આનંદ જ્ઞાનસ્વભાવ એનાથી આ ભિન્ન છે. અહીંયાં તો અનુભૂતિથી ભિન્ન ગણે છે. એ .. છે. ત્રિકાળી સ્વભાવમાં રાગની મંદતા નથી. પણ એ નથી ઈ કોને લાગુ પડે છે? એ તરફની અનુભૂતિ કરનારને અનુભૂતિથી, દ્રવ્યથી ભિન્ન છે. આહા..હા..! ગજબ વાત કરે છે! સમજાણું કાંઈ? રાગમાં રહ્યો હોય અને અનુભૂતિથી ભિન્ન કહે. (એમ ન બને)

મુમુક્ષુ :- આપે નિર્ણય કરી દીધો. ઠીક છે.

ઉત્તર :- નિર્ણય કોણ કરે?

મુમુક્ષુ :- આપે નિર્ણય કર્યો કે અનુભૂતિથી ભિન્ન છે.

ઉત્તર :- અનુભૂતિ કરે એને કે કહેનારે કહ્યું એને ધારી લીધું એને? આહા..હા..! સમજાણું કાંઈ?

પરમાત્મા ઓહો..હો..! સર્વજ્ઞ પરમેશ્વરનો પંથ એ પોતાના નિજ સ્વરૂપનો પંથ. સર્વજ્ઞ પામવાનો પંથ એ સર્વજ્ઞનો કહેલો માર્ગ. પંથ કહો કે માર્ગ કહો. ભગવાને આમ ફરમાવ્યું. કર્મનો મંદ વિપાકરૂપ શુભભાવ પ્રભુ! તારી અનુભૂતિથી ભિન્ન છે. પણ ભિન્ન છે એવી ખાતરી ક્યારે થાય? અંતર્મુખ થઈને અનુભવ કરે ત્યારે એમાં અનુભૂતિમાં નથી ત્યારે એમ ખ્યાલ આવે. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે એ પુદ્‌ગલના પરિણામ છે. આહા..હા..! વર્ણીજી પૂછતા હતા. મનોહરલાલજી આવ્યા હતાને જયપુર. આને પુદ્‌ગલના પરિણામ કેમ કહ્યાં? ... આનો પ્રશ્ન ... માણસ નરમ છે. પછી ઉદ્દેશિકનું (પૂછ્યું). બેનું મૂળ ચાલ્યું. ઉદ્દેશિક આહારનો ખુલાસો થઈ જાય તો બહુ કામ થઈ જાય. શું કરે ભાઈ! ઉદ્દેશિક તો બધા ક્ષુલ્લક અને સાધુ બધા લે છે. એ વીતરાગનો માર્ગ નથી. વ્યવહાર માર્ગ નથી તો નિશ્ચય તો છે જ નહિ. જેનો હજી વ્યવહાર સાચો હોય તેને નિશ્ચય ન (પણ) હોય, પણ જેનો વ્યવહાર ખોટો છે ત્યાં નિશ્ચય છે જ નહિ. સમજાણું કાંઈ? જેના અઠ્યાવીશ મૂળગુણ, .. શ્રદ્ધાદિ વ્યવહાર હોય, નિશ્ચય ન હોય. પણ જેનો વ્યવહાર જ ખોટો છે એને તો નિશ્ચય છે જ નહિ. મણીભાઈ! આવું છે. બહુ માર્ગ.. વિરલ માર્ગમાં વિરલ ચાલનારા. આહા..હા..! ભાઈ! તારો માર્ગ આવો છેને પ્રભુ! અકષાયસ્વરૂપ તારો નાથ એની સન્મુખ થઈને જ્યાં અનુભૂતિમાં આવ્યો, આનંદ અને શાંતિ ને સ્વચ્છતા અને પ્રભુતા એ દ્વારા આખો આત્મા પ્રતીતમાં આવ્યો તો એવી અનુભૂતિની પર્યાયથી પણ રાગની મંદતા દૂર રહી જાય છે. એ તો પુદ્‌ગલના પરિણામ છે. એ અનુભૂતિના પરિણામ સાથે એનો મેળ નથી. અનુભૂતિ પણ પરિણામ છે, એ કોઈ દ્રવ્ય-ગુણ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ત્રિકાળ અનુભૂતિ ન લેવી?

ઉત્તર :- નહિ. અહીંયાં વર્તમાન અનુભૂતિ છે. ત્રિકાળી અનુભૂતિ આવે છે ૭૨ ગાથામાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ ચોથા ગુણસ્થાનની વાત ચાલે છે, ભગવાન! ઈ કેવળી જ છે. ઈષત્‌સિદ્ધ કહ્યુંને. ઈષત્‌સિદ્ધ છે, લઘુનંદન છે ભગવાનના. આહા..હા..! નાના દીકરા છે.

મુમુક્ષુ :- જગમાંહી જિનેશ્વરકે લઘુનંદન...

ઉત્તર :- લઘુનંદન. 'જગમાંહી જિનેશ્વર કે લઘુનંદન.' અરે! આ તો ક્યાં રહી ગયા? આહા..હા..! માંસ, હાડકા, ચામડા, લોહી એ તો જડ છે જ, પણ પુદ્‌ગલ પરિણામ શુભને અહીંયાં તો પુદ્‌ગલપરિણામ કહ્યા. એ પુદ્‌ગલ પરિણામનો અર્થ ત્યાં રંગ, ગંધ, રસ, સ્પર્શ

એમ નથી. પણ એમાં આત્માના જ્ઞાનના કિરણનો અભાવ છે તો અચેતન છે એટલે પુદ્ગલપરિણામ કહ્યા. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ આવો છે. અહો..! એ માર્ગનો અંશ પણ જ્યાં અંદર આવે, સંસારનો અંત, ભવોદધિનો અંત. ભવરૂપી દરિયો મોટો. ઓહો..હો..!

મુમુક્ષુ :- આ દરિયો તો કાંઈ હિસાબમાં નથી.

ઉત્તર :- આ દરિયો ક્યાં હિસાબમાં. અસંખ્ય યોજન. ભવોદધિ. ઉદય... ઉદય... ઉદય... ઉદય... ઉદય... અનંત... અનંત... આહા..હા..! એવો ભવરૂપી સમુદ્ર ધર્મી ઓળંગી ગયા. અનુભૂતિ કરનારો ભવોદધિ સમુદ્રથી ઉલટો થઈ ગયો. આહા..હા..! એ તો મોક્ષને કિનારે હવે જાય છે. મોક્ષ... મોક્ષ... મોક્ષ... બંધભાવથી ધર્મી જીવ વિરક્ત છે. અબંધ પરિણામમાં જ્ઞાની રક્ત છે. આહા..હા..! સમજાણું કાંઈ? 'પ્રભુનો માર્ગ છે શુરાનો કાયરના નહિ કામ' આવે છેને? દરબાર! હરિનો માર્ગ છે શુરાનો. ઈ હરિ એટલે આ.

મુમુક્ષુ :- 'પ્રથમ પહેલું મસ્તક મૂકી..'

ઉત્તર :- 'મસ્તક મૂકી વળતા લેવા નામ.' મસ્તક નામ સર્વ ચીજ મારામાં નથી. રાગાદિ મારામાં છે જ નહિ. એવું નક્કી કરે એ મસ્તક મૂક્યું કહેવાય. પછી અંદરમાં જાય છે તો હરિ-આત્માનું ભાન થાય છે. આહા..હા..!

કહે છે, '**તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે.**' આહા..હા..! અરે! એક બોલ પણ યથાર્થ શીખે ભાવમાં હોં! નિહાલ થઈ જાય. સ્વામીનારાયણ થયાને સહજાનંદ? એ જ્યાં જ્યાં ફરતા હતા કાઠી લોકોને માંસનો ત્યાગ કરાવતા હતા. સહજાનંદ આપણે સ્વામીનારાયણ નહિ? સહજાનંદ. દોઢસો વર્ષ પહેલા થયા. બહુ ત્યાગ કરાવતા હતા. બ્રહ્મચારી પાક્કા. વસ્તુ બીજી પણ ત્યાં લોકો એમ ભાઈ કહેતા હતા, ન્યાલ કરણ... ન્યાલ કરણ... ન્યાલ કરણ... ઓલા કાછી લોકો અને ગરાસિયા લોકોને માંસ મૂકાવે, દારૂ છોડાવે અને ડુંગળી મૂકાવે. ડુંગળી નહિ. કાછી લોકો જે આ તોફાન કરેને .. એ બધા બંધ કરાવે. પોતે બ્રહ્મચારી માણસ બહુ. કોઈ શંકા કરતા હતા. બ્રહ્મચારી પાક્કા. .. બીજી વાત. પણ એને લઈને લોકો એટલો ત્યાગ કરતા કાછી લોકો. આ શું કહેવાય? ચોર લોકો, ડાકુ લોકો. એટલે લોકો તો એમ જ કહેતા કે ઓહો..હો..! ન્યાલકરણ જન્મ્યા છે. ન્યાલકરણ એમ કહેતા હતા. સમજાણું કાંઈ? આ ન્યાલકરણ તો આત્મા છે. જે કષાયની મંદતાથી પાર જઈને પોતાના સ્વભાવનો તરણ ઉપાય કાઢ્યો એ ન્યાલકરણ ચોર્યાસીના અવતારમાંથી નીકળી ગયા. સમજાણું કાંઈ? એ ૨૬મો બોલ થયો.

૨૭. '**ચારિત્રમોહના વિપાકની ક્રમશઃ નિવૃત્તિ જેમનું લક્ષણ છે...**' લ્યો ઠીક! આહા..હા..! કહે છે કે રાગની નિવૃત્તિ ક્રમે-ક્રમે થાય એવા સંયમલબ્ધિસ્થાન ભેદ. સંયમલબ્ધિ,

સંયમની પ્રાપ્તિરૂપ ભેદો '**તે બધાંય જીવને નથી...**' ઓહો..હો..! સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનમાં ભગવાન પૂર્ણાનંદનું જ્યાં ભાન થયું, અનુભૂતિ (થઈ), તો કહે છે કે રાગની મંદતા થઈને ક્રમે ક્રમે સંયમની પ્રાપ્તિરૂપ સ્થાન ભેદ છે એ અનુભૂતિમાં નથી. અભેદમાં એ ભેદ છે નહિ. આહા..હા..! લબ્ધિ-સંયમલબ્ધિ સ્થાન. હવે જીવસ્થાન ને ગુણસ્થાન ને માર્ગણાસ્થાન તો ક્યાંય રહ્યા. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અશુભની નિવૃત્તિ?

ઉત્તર :- અશુભની તો વાત જ ક્યાં છે? શુભરાગની નિવૃત્તિ થતાં થતાં સંયમલબ્ધિના ભેદસ્થાન પ્રગટે એ અનુભૂતિના અભેદમાં એ નથી. પર્યાયબુદ્ધિ છેને, એ પર્યાય છે, ભેદો છે. અંતર ભગવાન પૂર્ણ સ્વરૂપની એકાગ્રતાનું અવલંબન લઈને જે દૃષ્ટિ પ્રગટી અનુભૂતિ, એનાથી એ લબ્ધિસ્થાનના ભેદ ભિન્ન રહી ગયા. અભેદમાં ભેદ આવતો નથી. આહા..હા..!

કહો, સંયમલબ્ધિસ્થાન છેને? '**ક્રમશઃ નિવૃત્તિ જેનું લક્ષણ છે...**' રાગની નિવૃત્તિ હોં. શુભની. શુભની નિવૃત્તિ થાય છે તો સંયમનો અંશ નિર્મળ પ્રગટ થાય છે એ કહે છે. નિર્મળ પ્રગટ થાય એ પણ ભેદ અંતર અનુભૂતિથી તો ભિન્ન ભેદ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કુંદકુંદાચાર્ય, આ સમયસાર ભગવાનની દિવ્યધ્વનિ. જાણે ભગવાન કહેતા હોય દિવ્યધ્વનિમાં એમ ગાથામાં કહે છે. '**ચારિત્રમોહના વિપાકની ક્રમશઃ નિવૃત્તિ...**' નાસ્તિ છેને રાગની મંદતા... મંદતા... મંદતા... મંદતા... અને સંયમની લબ્ધિ સહિતના સ્થાન. '**જેનું લક્ષણ છે...**' જેનું નામ? સંયમલબ્ધિસ્થાન એ જીવના નથી. એ પુદ્ગલપરિણામ છે એમ કહ્યું.

મુમુક્ષુ :- શુદ્ધતાને?

ઉત્તર :- શુદ્ધતાના અંશને. કેમકે અંશ ઉપર દૃષ્ટિ જાય, લક્ષ જાય તો વિકલ્પ ઉઠે છે. અભેદ ઉપર દૃષ્ટિ જાય ત્યારે નિર્વિકલ્પ થાય છે. (ભેદોનું) જ્ઞાન હોય, પણ આશ્રય કરવા જાય એનાથી તો વિકલ્પ ઉઠે છે. સમજાણું કાંઈ? રાગ ઉત્પન્ન થાય છે. એ પુદ્ગલપરિણામ એ તારી ચીજ અભેદમાં નથી. અભેદને જોનારને ભેદ દેખાતો નથી. ભેદ દેખાતો જ નથી. આહા..હા..!

'**તે બધાંય જીવને નથી...**' સંયમલબ્ધિસ્થાન જીવને નહિ તો શું જડને હોય? સમજાણું કાંઈ? કહે છે, ભાઈ! ભગવાન આત્મા પોતાની સન્મુખ થઈને, સ્વસન્મુખ થઈને સ્વસંવેદનરૂપી વેદનમાં આવ્યો એ વેદનરૂપી અનુભૂતિ લબ્ધિસ્થાનના ભેદથી ભિન્ન છે અથવા અનુભૂતિથી તે ભિન્ન છે. એ તો પહેલા એમ કહ્યું લબ્ધિસ્થાન ભેદથી આ ભિન્ન છે. એનાથી એ ભિન્ન છે. કાયરના તો કાળજા કંપી ઉઠે એવું છે. આ શું? આ શું? એક બાજુ પુદ્ગલના પરિણામ... આહા..હા..! જડ કહે. એક બાજુ લબ્ધિસ્થાન ચૈતન્યને ક્ષયોપશમભાવ કહે. એ ક્ષયોપશમભાવ

ચારિત્રનો સંયમનો એ પણ જડ છે. એ ક્ષયોપશમમાં ભેદ થયોને? અને એ આપણે આવી ગયું છે ૪૯માં. ક્ષયોપશમભાવ પણ જીવસ્વભાવની અપેક્ષાએ લ્યો તો એમાં છે નહિ. આહા..હા..! એ ૨૭ બોલ થયા.

'**પર્યાપ્ત તેમ જ અપર્યાપ્ત...**' પર્યાય શબ્દ પડ્યો નહિ? ચોખ્ખો પડ્યો છે ત્યાં? પર્યાપ્ત શબ્દ છે? અહીંયાં પર્યાય શબ્દ લીધો છે. '**પર્યાપ્ત તેમ જ અપર્યાપ્ત એવાં બાદર ને સૂક્ષ્મ...**' બધાંય પુદ્ગલના પરિણામ છે. આહા..હા..! મન પર્યાપ્તિ, વચન પર્યાપ્તિ મળે તો આત્માને લાભ થાય. એની તો અહીં ના પાડે છે. મન અને વાણી આદિ અથવા '**સૂક્ષ્મ એકેંદ્રિય, દ્વીંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિય અને સંજ્ઞી તથા અસંજ્ઞી પંચેદ્રિય જેમનાં લક્ષણ છે...**' ચૌદ બોલ છે ઈ. સમજાણું કાંઈ? '**એવાં જે જીવસ્થાનો તે બધાંય જીવને...**' સર્વ જીવસ્થાન જીવને નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અભેદ બુદ્ધિ કરાવવા માટે ભેદને ગૌણ કરીને એમાં નથી એમ કહેવામાં આવ્યું છે. '**એવાં જે જીવસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી...**' સાંભળ્યું ન હોય આ. ચૌદ જીવસમાસ જીવ છે, ચેતનજી! ઓલું આવે છેને જીવવિચારમાં? એમાં આવે છે. સૂક્ષ્મ જીવ અને બાદર જીવ અને પર્યાપ્ત જીવ અને અપર્યાપ્ત જીવ ગોખી નાખે. જીવવિચાર. થઈ ગયું જીવનું જ્ઞાન. સ્થાનકવાસીમાં ૫૬૩ ભેદ. એમ લે છે. પણ ૫૬૩ ભેદ તો નહિ, પણ લબ્ધિસ્થાનના ભેદ આત્મામાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અને પંચેન્દ્રિય આદિ ભેદ પોતામાં નથી. એક બાજુ કહે કે અયોગી જીવ પાંચ ઈન્દ્રિયમાં પંચેન્દ્રિય કહેવામાં આવે છે. એક બાજુ કહે કે તે અણિન્દ્રિય જીવ છે ત્યાં. અહીંયાં તો અનુભૂતિકાળે પણ એ અણિન્દ્રિય છે. એ પાંચ ઈન્દ્રિય એને છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય એ સવારમાં આવ્યું હતું પ્રવચનસારમાં. એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, પંચેન્દ્રિય જીવ નહિ. ધવલમાં એક આવ્યું છે કે જ્ઞાનનું કાર્ય, શ્રદ્ધાન કરે એ જ્ઞાનનું કાર્ય છે. ધવલમાં છે. વસ્તુ અખંડ અભેદ છે એવું શ્રદ્ધાન કરે એ જ્ઞાનનું કાર્ય છે. એકલું જાણપણું ક્ષયોપશમ કરે એ શ્રદ્ધાન નહિ એમ કહે છે ત્યાં. ત્યાં તો લીધું છેને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ... નહિ.. નહિ. અને બીજું, દયા પાળનારા છે છતાં આપ્ત અને આગમની ચીજ શું છે એની ખબર નથી એ મિથ્યાદૃષ્ટિ (છે), દયા પાળનારા મિથ્યાદૃષ્ટિ છે. એવો પાઠ છે ત્યાં. આહા..હા..! પહેલા તો કહેતા. કહો, સમજાણું કાંઈ? દયા પાળો... દયા પાળો... દયા પાળો... ભગવાનનો માર્ગ દયા પાળો. એ દયા (નહિ), અહિંસા એ દયા. પોતામાં રાગની ઉત્પત્તિ ન થાય એનું નામ દયા છે. આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગભાવ પોતાની શક્તિ સ્વભાવમાં પરિપૂર્ણ પડ્યો છે. એમાંથી અંશ પણ વીતરાગભાવ કાઢે સ્વભાવને આશ્રયે

એ અહિંસા છે. એ પરમાર્થ સ્વદયા છે. આહા..હા..! અરે! પોતાની દયા કરી નથી કદી હોં. અરે..! હું ક્યાં જઈશ? ક્યાં જઈશ? ત્યાં કોઈ માતા-પિતા, માસીબા નથી બેઠા. છે ત્યાં? પાંજરાપોળમાં તો અહીંયા જરી મહાજન લોકો બિચારા .. રાખે. ગાયું. એ પણ કાંઈ સિંહને ન રાખે. સિંહને રાખે પાંજરાપોળમાં? પાંજરાપોળ કહે છેને? સમજ્યા? ઢોરની શાળા હોય છેને. સિંહને ખબર પડે કે ગામને પાદરમાં બે ખેતરવા સિંહ માંદો પડ્યો છે. કોઈ લેવા જાય સિંહને? રાખો પાંજરાપોળમાં સિંહ અને વાઘ. એની પાંજરાપોળ ન હોય. રાંકાની પાંજરાપોળ હોય. આહા..હા..! ... 'જે પંથે સિંહ સંચર્યા રજું લાગી તરણા, એ ઊભા ખડ સુખશે પણ નહિ ચરે એને હરણા.' જે પંથે સિંહ ચાલે એના પગની રજું જે તરણાને લાગે... તરણું સમજો છો? ઘાસ ઘાસ હોયને, તિનકા (એની ઉપર સિંહ) ચાલે એ તરણાને અડે. હરણ નીકળે પણ અડે નહિ. એની પાસે તો ન જાય પણ એના તરણાને અડે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- હિન્દીમાં બોલો તો સમજાય.

ઉત્તર :- આ હિન્દી કહ્યું નહિ? જે માર્ગમાં સિંહ સંચર્યા, માર્ગમાં સંચરે એ તો સાદી ભાષા છે, જે માર્ગે સિંહ નીકળ્યા એના પગની રજું છે એ તરણાને અડે છે તો હરણીયા નીકળે પણ એ તરણાને નહિ ખાય. સિંહની ગંધ આવે એમાં. આહા..હા..! એમ વીરના માર્ગમાં અજ્ઞાની ચાલી ન સકે. હરણીયા જેવા, મૃગલા જેવા પ્રાણી. આહા..હા..! સમજાણું કાંઈ? 'તરણું ચરો ... અનિયત ગામીણ' એ શબ્દ અમે સંપ્રદાયમાં કહેતા. લોકોને .. આચારાંગનો એક ટૂકડો છે. 'દરણુ ચરો મગો વિરાયણં' હે વીર! તારા માર્ગ કોઈ અલૌકિક છે. 'અનિયત ગામિણં' પણ જે માર્ગે તું ગયો એમાંથી ન ફરે એવો તારો માર્ગ છે. અફરગામ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ફરે નહિ એવો.

ઉત્તર :- ફરે શું? મોક્ષમાંથી પાછો આવે કોઈ? એવી પોતાની ચીજ રાગથી ભિન્નનું ભાન થયું એ પાછો રાગમાં આવે નહિ હવે. એ તો એ માર્ગે ચાલ્યો જશે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ગયો તે ગયો.

ઉત્તર :- ગયો તે ગયો. આવ્યો એ આવ્યો હવે પાછો ન ફરે. હવે પડે અને ફલાણું એ વાત અહીં નહિ. આહા..હા..! એ તો આવે છેને અલિંગગ્રહણમાં. ઉપયોગનું હરણ કદી થતું નથી. એમ આવે છે. સમજાણું કાંઈ? અલિંગગ્રહણના ૨૦ બોલ છેને એનો નવમો બોલ છે. જ્ઞાનાનંદ ઉપયોગ જ્યારે દ્રવ્યમાં લાગ્યો તે ઉપયોગનું હરણ કોઈ કરી શકે નહિ. આહા..હા..! જાણવા-દેખવાનો ઉપયોગ જ્યારે દ્રવ્ય ઉપર લાગ્યો, જેનો હતો ત્યાં લાગ્યો, હવે કોણ છોડે એને? એ ઉપયોગનું હરણ કોણ કરી શકે? આહા..હા..! એવો માર્ગ, એમાં કહે છે કે પંચેન્દ્રિય આદિ જીવસ્થાન નથી. આહા..હા..! વાદવિવાદ કરીને મરી જાય. પંચેન્દ્રિય

કોણ હોય? જડ હોય? હવે સાંભળને. આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસ, ભાષા, મન એ બધા પુદ્‌ગલ છે. એની યોગ્યતા જે જીવમાં છે એ પણ આત્માની નથી. ભાવેન્દ્રિયની યોગ્યતા છે એ પણ પોતાની નથી, એ પણ ઇન્દ્રિયમાં જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ '**પંચેદ્રિય જેમનાં લક્ષણ છે એવાં જે જીવસ્થાનો તે બધાંય...**' એમ પાછું. પાછું 'જ'. સમ્યક્ એકાંતમાં અભેદમાં તો 'જ' છે. વળી આત્મામાં છે અને આત્મામાં નથી. અભેદ દૃષ્ટિમાં એ નથી. પર્યાયદૃષ્ટિમાં છે તો જાણવાલાયક છે. આખા જૈનશાસ્ત્રનો, જૈનસિદ્ધાંતનો વ્યવહાર પણ સમજાવ્યો. આ ચૌદ જીવસ્થાન બીજે ક્યાં છે? સમજાણું કાંઈ? સંયમલબ્ધિસ્થાન, કષાય મંદ ને તીવ્ર ને, છેલ્લે ગુણસ્થાન આવશે. એ ક્યાં બીજે છે? સર્વજ્ઞ સિવાય બીજે છે? પહેલા એનો વ્યવહાર બતાવ્યો પણ વ્યવહાર ઉડાવ્યો.. આહા..હા..! (વ્યવહાર) છે ખરો (પણ) પોતાની અનુભૂતિથી ભિન્ન છે. ભિન્ન છેને? ભારે કઠણ, ભાઈ! આવું પ્રવચન! ઓલું તો એક રાજા, રાણી, બે ધડાકા વાતું આવે. દયા પાળી અને પછી સંસારમાંથી દીક્ષિત થઈ ગયા, પછી પરિષહ સહન કર્યા. સમજાય પણ ખરું કે શું કહે છે આ? પણ આ આત્માના જ્ઞાન વિના જેટલી દીક્ષા-ફીક્ષા એ બધી પોક છે, રણમાં પોક છે. જ્યાં બાદશાહ ભગવાન પોતે પોતાના સ્વરૂપથી જાગૃત ન થયો એ જાગૃતિ વિનાના એ બધા સંયમ આદિ બધા આંધળા છે. છેલ્લો બોલ. આ ૨૯ બોલનો ઉકરડો અમારે કહેતા, નારણભાઈ હતા તે. ૨૯ બોલ છેને? સામાન્ય રીતે ૨૯. પેટા ભેદનો પાર નહિ.

હવે '**મિથ્યાદૃષ્ટિ,...**' ગુણસ્થાન આત્મામાં નથી. લ્યો! એ પુદ્‌ગલના પરિણામ જીવના નથી. આહા..હા..! મિથ્યાદૃષ્ટિપણું ભગવાન જ્ઞાયકભાવમાં એ નથી. સમજાણું કાંઈ? એ તો પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય એમ લીધુંને? પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય અભેદ છે પુદ્‌ગલની સાથે. આહા..હા..! પોતાની અનુભૂતિથી ભિન્ન છે. પોતાના સ્વભાવની સંભાળ કરતાં એનાથી તે ભિન્ન છે. '**સાસાદન સમ્યગ્દૃષ્ટિ,...**' છેને? સાસાદન સમ્યગ્દૃષ્ટિ. પહેલા ગુણસ્થાનમાં પડે છે અને સમકિતથી પડે છે. પહેલા ગુણસ્થાને આવે છે ત્યારે વચ્ચે થોડો સ્વાદ રહે છે. સાસદન પણ સાસાદન કરે છે, સાસાદન કરે છે. સમકિતથી પડે છે એમ કહે છે. સમજાણું કાંઈ? એ પુદ્‌ગલના પરિણામ છે. સમ્યક્ મિથ્યાદૃષ્ટિ મિશ્રદૃષ્ટિ એ પણ પુદ્‌ગલના પરિણામ છે.

'**અસંયતસમ્યગ્દૃષ્ટિ,...**' કેમકે એ દશાનો વિકલ્પ ઉત્પન્ન થાય છે તો રાગ જ ઉત્પન્ન થાય છે. આહા..હા..! ભગવાન અભેદ સ્વરૂપમાં એ ચોથું અને પાંચમું (ગુણસ્થાન) ક્યાંથી આવ્યું? એમાં કહ્યુંને એ? વ્યવહાર નહિ માનો તો તીર્થનો લોપ થશે, નિશ્ચય નહિ માનો તો તત્ત્વનો નાશ થશે. '**जइ जिणमयं पवज्जह**' ૧૨મી ગાથા. એનો અર્થ? ગુણસ્થાન છે, વ્યવહારે છે એટલી વાત. અનુભવની દૃષ્ટિમાં એ નથી.

મુમુક્ષુ :- પર્યાયમાં છે.

ઉત્તર :- પર્યાયમાં છે. એમાં ન હોય તો કાંઈ જડમાં છે? આહા..હા..! સમજાણું કાંઈ? ભેદથી ખસવું છે. પણ ભેદ છેને? છે એનાથી ખસવું છે કે નથી એનાથી ખસવું છે? છે.

'**અસંયતસમ્યગ્દષ્ટિ,...**' અનુભૂતિથી ભિન્ન છે. કેમકે એ પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી. આ જરી કઠણ પડે. મૂળ બોલ છેને બધા? ચર્ચા ચાલી હતી હોં ત્યાં, મનોહરલાલજી સાથે કે આ પુદ્‌ગલ પરિણામ? એ પુદ્‌ગલપરિણામ ભેદનો આશ્રય કરતાં રાગ થાય છે માટે પુદ્‌ગલના પરિણામ. આહા..હા..! સિદ્ધમાં ગુણસ્થાન રહે છે કોઈ? ગુણસ્થાન અતીત છે ધવલમાં પાઠ છે. ચૌદ ગુણસ્થાનની વ્યાખ્યા કર્યા પછી (કહ્યું), ગુણસ્થાન અતીત. દૂર થઈ ગયા ગુણસ્થાનથી એ સિદ્ધ ભગવાન. એમાં ક્યાં ગુણસ્થાન ચૌદમાં અને ફલાણા છે? આહા..હા..! અસંયતસમ્યગ્દષ્ટિ.. આહા..હા..! જૈનદર્શન વીતરાગના લઘુનંદન. પણ એ પર્યાયના અંશનો આશ્રય કરવા જાય છે તો રાગ ઉત્પન્ન થાય છે, પુદ્‌ગલ ઉત્પન્ન થાય છે એ અપેક્ષાએ તેને પુદ્‌ગલના પરિણામ કહ્યા.

'**સંયતાસંયત,...**' લ્યો! થોડું સંયત અને થોડું અસંયત. ઠીક! આમ તો એક સાથે છેને. પર્યાય સાથે છે. થોડી સંયત પર્યાય છે, થોડી અસંયત પર્યાય છે. કહે છે કે એ ભેદ જ આત્માની અનુભૂતિથી ભિન્ન છે. દ્રવ્ય સન્મુખમાં જ્યાં સાવધાન થઈને અંતર્મુખમાં જાય છે તો પરસન્મુખતાનો ભેદ એમાં આવતો નથી. પછી '**પ્રમત્તસંયત,...**' મુનિપણાના પ્રમત્તસંયત. છઠ્ઠું ગુણસ્થાન, પંચ મહાવ્રત અને ત્રણ સમિતિ, ગુપ્તિ, વ્યવહાર એ બધા પ્રમત્તના ભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીંયાં અપ્રમત્તની દશામાં નિર્મળતા છે એનો પણ આશ્રય કરવા જાય તો રાગ ઉત્પન્ન થાય છે તો એને ગૌણ કરીને એમાં છે જ નહિ (એમ કહ્યું). સમજાણું કાંઈ?

'**અપ્રમત્તસંયત,...**' જ્યારે પંચ મહાવ્રત અને સમિતિ, જતનાએ ચાલવું એ ભૂલી જાય, છોડી દે તો અપ્રમત્તસંયત થાય છે. પંચ મહાવ્રત અને પાંચ સમિતિ અને ગુપ્તિથી ચારિત્ર રહે છે એમ છે નહિ. અપ્રમત્તસંયત આત્મામાં ધ્યાનમાં મશગુલ. ઓહો..! શાસ્ત્રમાં તો એમ લખ્યું છે કે એક અંતર્મુહૂર્તમાં પ્રમત્ત-અપ્રમત્ત હજારો વાર આવે છે. ધવલમાં (આવે છે). શાસ્ત્રમાં પોણી સેકન્ડ એવો શબ્દ નથી. છઠ્ઠા ગુણસ્થાનની સ્થિતિ અંતર્મુહૂર્ત, આત્માની એથી અડધો અંતર્મુહૂર્ત. અંતર્મુહૂર્ત એમ લખ્યું છે. અંતર્મુહૂર્ત. ફૂલચંદજી કહેતા, તમને ખબર છે? ભાઈ! પોણી સેકન્ડ જેવું કાંઈ નથી, અંતર્મુહૂર્ત છે. વાત સાચી. પણ એનો વિચાર કરતા અંતર્મુહૂર્તના અસંખ્ય ભેદ છે અને એક અંતર્મુહૂર્તમાં પણ અસંખ્ય વાર છઠ્ઠું-સાતમું આવે ત્યારે તો ઘણી સેકન્ડોમાં, એક સેકન્ડ પણ ન રહી શકે છઠ્ઠે ગુણસ્થાને એ અપેક્ષાએ પાઠ છે. પોણી સેકન્ડની અંદર એ પણ અંતર્મુહૂર્તમાં. પોણી સેકન્ડની અંદર છઠ્ઠું ગુણસ્થાન રહે છે એ અંતર્મુહૂર્ત છે અને અડધો કાળ સાતમે રહે છે એ અંતર્મુહૂર્ત છે. સમજાણું કાંઈ?

ધવલમાં છે. સેકન્ડ ક્યાં તે દિ' હતી? નહોતી. ઘડી ને...

મુમુક્ષુ :- પળ,...

ઉત્તર :- પળ... એ અપ્રમત્તસંયત અનુભૂતિથી ભિન્ન છે. ભેદ છેને, એક સમયની પર્યાય છેને? વસ્તુ તરીકે છે ખરી, અનુભૂતિથી ભિન્ન છે. પોતાના અભેદ અનુભવમાં ભેદ નિરાળો રહી જાય છે તો ભગવાન આત્મા એની સન્મુખતાની એકતાથી ભિન્ન છે. અનુભૂતિમાં એ મેળ નથી, દૂર રહી જાય છે. આહા..હા..!

'**અપૂર્વકરણ—ઉપશમ તથા ક્ષપક,...**' બેય. આઠમું ગુણસ્થાન છેને? આઠમું ગુણસ્થાન અપૂર્વકરણ-પૂર્વે કદી નથી આવ્યું. એમ ઉપશમ અપૂર્વકરણ, ક્ષપક અપૂર્વકરણ પુદ્ગલના પરિણામ. આહા..હા..! ૬૮મી ગાથામાં આવે છેને આગાળ? જવનું કાર્ય જવ હોય. જવમાંથી કાંઈ ઘઉં થાય છે? ચોખા થાય છે ઘઉંમાંથી? એમ પુદ્ગલના પરિણામમાં પુદ્ગલ ચૌદેય ગુણસ્થાન છે. પુદ્ગલ પરિણામ નિમિત્ત છેને? નિમિત્તથી ભેદ પડ્યા એ ચૌદે ગુણસ્થાન પુદ્ગલ છે લ્યો! ૬૮મી ગાથામાં આવશે. ૬૮. આ તો હજી ૫૫ ચાલે છે. '**અનિવૃત્તિબાદરસાંપરાય-ઉપશમ તથા ક્ષપક,..**' નવમું. અનિવૃત્તિ પરિણામ. કદી આવ્યું નથી એવું. અહીંયાં જે પરિણામ આવ્યા એ નવા નવા જ આવે છે. એવા ઉપશાંત કષાય, સાંપરાય. સાંપરાય ઉપશમ અને ક્ષપક બે.

હવે '**સૂક્ષ્મસાંપરાય-ઉપશમક તથા ક્ષપક,...**' દસમું. થોડો લોભનો અંશ રહે છે. સૂક્ષ્મ સાંપરાય ભાષા જુઓ. સૂક્ષ્મ પણ એ સાંપરાય છે, સાંપરાય છે. '**સૂક્ષ્મસાંપરાય...**' સંસાર છે એટલો. અનુભૂતિથી ભિન્ન છે. અને '**ઉપશમક તથા ક્ષપક...**' એ પણ સાંપરાયના ભેદ છે, એના ભેદ. '**ક્ષીણકષાય,...**' બારમું ગુણસ્થાન ક્ષીણકષાય—કષાયનો નાશ. કહે છે કે એ પુદ્ગલના પરિણામ છે. ગજબ વાત કરે છેને. લોકોને શંકા પડે હોં! જીવની પર્યાય તેરમું ગુણસ્થાન પણ તારું નહિ, ચૌદમું પણ તારું નહિ. ગુણસ્થાનથી અતીત તારી વસ્તુ છે. ભેદમાં તારી વસ્તુ નથી. આહા..હા..!

મુમુક્ષુ :- બધું ઉડાવી દીધું.

ઉત્તર :- બધું રાખ્યું છે, સ્વભાવમાં-અનુભૂતિમાં નથી. વ્યવહારનું જ્ઞાન કરાવ્યું. વ્યવહાર વ્યવહાર તરીકે છે, ભેદ ભેદ તરીકે છે. અભેદમાં ભેદ નથી. અનુભૂતિ જ્યાં અંતર્મુખ થઈ, અંતર્મુખમાં તો અભેદનો જ અનુભવ છે. શું ખંડ ખંડનો અનુભવ છે? ભેદ ઉપર લક્ષ છે? પૂર્ણાનંદ પ્રભુનું અવલંબન લઈને અનુભવ થાય છે. એ સયોગી જીવ. અરે! અયોગી જીવ જેનું લક્ષણ. જુઓ! કંપન છૂટી ગયું છે એવા અયોગી જીવ પણ... આહા..હા..! '**ગુણસ્થાનો તે બધાંય જીવને નથી...**' તે બધાંય જીવને નથી. જીવસ્થાન તો જીવને નથી, પણ ગુણસ્થાન, ગુણસ્થાન (જીવને નથી). આહા..હા..! ગુણ નામ પર્યાયના ભેદ. ગુણ એટલે અહીં ત્રિકાળી

ગુણ નથી, ગુણ શબ્દે પર્યાયના ભેદો એ બધા જીવમાં નથી. **'તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી** (પોતાની) **અનુભૂતિથી ભિન્ન છે.'** ભગવાન આત્મા નિજ પૂર્ણાનંદની અનુભૂતિની પર્યાય કરે છે એ સમયે તે ભિન્ન છે. પર્યાય લબ્ધરૂપ હોય અનુભૂતિ તોપણ ભિન્ન છે.

**'(આ પ્રમાણે આ બધાય પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય ભાવો છે;...'** લ્યો! આ ૨૯. **'તે બધા, જીવના નથી.'** જીવમાં નથી અને જીવના નથી. **'જીવ તો પરમાર્થે ચૈતન્યશક્તિમાત્ર છે.)'** લ્યો! જાણક સ્વભાવના રસકંદરૂપ છે. જાણકનો રસ, જાણકની શક્તિ એવા જ્ઞાયકરસ સ્વભાવની શક્તિરૂપ આત્મા છે. આહા..! એવા આત્માની દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થાય છે, ભેદ ઉપર આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થતું નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૩૭

(શાલિની)

वर्णाद्या वा रागमोहादयो वा
भिन्न भावा: सर्व एवास्य पुंस:
तेनैवान्तस्तत्त्वत: पश्यतोऽमी
नो दृष्टा: स्युर्दृष्टमेकं परं स्यात्।।३७।।

હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

શ્લોકાર્થઃ- [वर्ण-आद्या:] જે વર્ણાદિક [वा] અથવા [राग-मोह-आदय: वा] રાગ-મોહાદિક [भावा:] ભાવો કહ્યાં [सर्वे एव] તે બધાય [अस्य पुंस:] આ પુરુષથી (આત્માથી) [भिन्ना:] ભિન્ન છે [तेन एवं] તેથી [अन्त:तत्त्वत: पश्यत:] અંતર્દષ્ટિ વડે જોનારને [अमी नो दृष्टा: स्यु:] એ બધા દેખાતા નથી, [एकं परं दृष्टं स्यात्] માત્ર એક સર્વોપરી તત્ત્વ જ દેખાય છે-કેવળ એક ચૈતન્યભાવસ્વરૂપ અભેદરૂપ આત્મા

જ દેખાય છે.

**ભાવાર્થઃ-** પરમાર્થમય અભેદ જ છે તેથી તે દૃષ્ટિથી જોતાં ભેદ નથી દેખાતો; તે નયની દૃષ્ટિમાં પુરુષ ચૈતન્યમાત્ર જ દેખાય છે. માટે તે બધાય વર્ણાદિક તથા રાગાદિક ભાવો પુરુષથી ભિન્ન જ છે.

આ વર્ણથી માંડીને ગુણસ્થાન પર્યંત જે ભાવો છે તેમનું સ્વરૂપ વિશેષતાથી જાણવું હોય તો ગોમ્મટસાર આદિ ગ્રંથોમાંથી જાણી લેવું. ૩૭.

---

**શ્રાવણ વદ-૫, મંગળવાર, તા. ૨૯-૦૮-૧૯૭૨**
**ગાથા- ૫૬, કળશ-૩૭, પ્રવચન-૧૪૭**

**નોંધ :- પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

કળશ આવ્યો છે ૩૭. આ ૫૦ થી ૫૫ ગાથામાં ૨૯ બોલ કહ્યા. પેટાભેદ તો ઘણા છે. બધાનો એક કળશમાં સમાવેશ કરી દીધો છે.

वर्णाद्या वा रागमोहादयो वा
भिन्न भावाः सर्व एवास्य पुंसः
तेनैवान्तस्तत्वतः पश्यतोऽमी
नो दृष्टाः स्युर्दृष्टमेकं परं स्यात्।।३७।।

**'શ્લોકાર્થ :- જે વર્ણાદિક અથવા રાગ-મોહાદિક ભાવો કહ્યાં...'** રંગ, ગંધ, રસ, સ્પર્શને તો જડની પર્યાય કહી. પણ અંદરમાં પુણ્ય અને પાપના રાગાદિ ભાવ જે કહ્યાં **'તે બધાય...'** **'अस्य पुंसः'** આ આત્મા. પુરુષ એટલે આત્મા. પાઠમાં પુરુષ છે. પુરુષ શબ્દે કાંઈ સ્ત્રીનો આત્મા નહિ અને પુરુષનો આત્મા એમ કાંઈ નથી. બધાનો આત્મા. **'આ પુરુષથી (આત્માથી) ભિન્ન છે...'** ભગવાન આત્મા અંદર સ્વરૂપ, એની દૃષ્ટિ કરતાં રંગ અને રાગ ભેદ જીવને વર્ણાદિ ભાવ સાથે તાદાત્મ્ય છે એવા અભિપ્રાયમાં પણ આ દોષ આવે છે. સંસારમાં પણ ..

**'અંતર્દષ્ટિ વડે જોનારને...'** આ કારણે રંગ અને રાગ, પુણ્ય અને પાપ અને શરીર આદિ એનાથી ભગવાન આત્મા ભિન્ન હોવાથી. ભિન્ન છે એ કારણે એમ. તેથી, તેથી. **'અંતર્દષ્ટિ**

**વડે જોનારને...'** વસ્તુ જે જ્ઞાનાનંદ સ્વભાવથી ભરેલો પ્રભુ એની અંતર્દષ્ટિથી જોનારને, અભેદ અંતર સ્વરૂપ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન દ્વારા અભેદને જોનારને. આહા..હા..! '**એ બધા દેખાતા નથી,...**' સમજાણું કાંઈ? આહા..હા..! આખું જગત, વિકલ્પથી માંડીને આખું જગત. એ વસ્તુ ભગવાન આત્માની અંતર દૃષ્ટિથી જોતાં, બાહ્યદૃષ્ટિથી તો એ બધું છે એમ જોવે છે, એ છે સંયોગમાં અને સંયોગી ભાવ. શરીર, વાણી, મન આદિ તો સંયોગી ચીજ અને પુણ્ય-પાપના ભાવ એ સંયોગી અને સંયોગીભાવ દેખે એ તો મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવી દૃષ્ટિથી જોનારને તો પુણ્ય-પાપ અને વિકાર, વિભાવભાવ, શરીર, કર્મ એ દેખાય છે. એ તો મિથ્યાદૃષ્ટિ છે.

ભગવાન અંતર દૃષ્ટિથી જોનાર, ભગવાનને અંતરમાં જોનારા... આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ, સમ્યગ્જ્ઞાની એ અંતર્મુખ જોવે છે કે આ ચીજ શું છે? સમજાણું કાંઈ? અનંત પ્રયત્ન અને અનંત અનંત જાગૃતિ છે ઈ. સમજાણું કાંઈ? જ્ઞાનની પર્યાય અંતર્મુખ વળે છે તો અંતર્મુખમાં તો એ બધું દેખાતું નથી. વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ રાગ અને શરીર, વાણીનો સંબંધ અસંગને જોતા એ સંગ દેખાતો નથી. આહા..હા..! બહુ જ થોડામાં વાત કરી છે. ભગવાન આત્મા તો રાગના સંગ વિનાનો અને શરીર અને કર્મના સંગ વિના અંતર્દષ્ટિથી જો આત્માને જોવે તો એ બધા દેખાતા નથી. વસ્તુની દૃષ્ટિથી જોતાં એ દેખાતા નથી એમ કહે છે. સમજાણું કાંઈ? બાહ્યદૃષ્ટિથી જોવે તો પર્યાયમાં રાગાદિ છે, શરીરનો સંબંધ પણ છે. એ તો બાહ્યદૃષ્ટિથી જોતાં. અંતર ચીજ જે છે સુખધામ અનંત અનંત આનંદનું ધામ ભગવાન તેને જે સંભાળે છે, તેને જે દેખે છે, તેનું અવલોકન અંદર જે કરે છે તેને આ બધું દેખાતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આનું નામ સમ્યગ્દર્શન અને એનું નામ આત્મા. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પરિપૂર્ણ સ્વભાવ સંપન્ન જોનારને એમ કહ્યું છે. એકલા જાણનારને ધારણામાં લીધું એને નહિ એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ કહે, આત્મા રાગથી ભિન્ન છે, શરીરથી ભિન્ન છે. એવી ધારણા કરી એની વાત નથી. એને તે ભિન્ન જોતો નથી, કહે ભલે. નવનીતભાઈ! આહા..હા..! ભગવાન આત્મા '**पुंसः**' શબ્દ વાપર્યો છે. '**पुंसः**' પુરુષ એ પુરુષ છે. પોતાના ચૈતન્ય સ્વભાવને સાંભળનારા, પોતાના ચૈતન્ય સ્વભાવમાં સંબંધ કરનારા એ રાગ અને પરનો સંબંધ કરનારા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એમ અંતરદૃષ્ટિથી જોનારને. કેટલી ધીરજ જોઈએ! દૃષ્ટિમાં, દૃષ્ટિને અંતર વાળવી અને જોનારને '**એ બધા દેખાતા નથી,...**' એ પહેલા નાસ્તિથી કહ્યું કે અંતર્દષ્ટિથી જોતાં આ ચીજ રાગાદિ, શરીરાદિ, કર્માદિ દેખાતા નથી.

'**માત્ર એક સર્વોપરી...**' સર્વ ઉપરી. રાગ, વિકલ્પ શુભ દયા, દાન, વ્રતાદિના એનાથી પણ ભિન્ન સર્વોપરી. એનાથી ઉપર નામ અધિક ભિન્ન. સમજાણું કાંઈ? એ શુભ રાગાદિથી

'માત્ર એક સર્વોપરી...' ચૈતન્યઘન એવું 'તત્ત્વ જ દેખાય છે...' સમજાણું કાંઈ? એનું નામ આત્માનું જ્ઞાન કહેવામાં આવે છે, એનું નામ આત્મદર્શન કહેવામાં આવે છે. એનું નામ જ ધર્મની શરૂઆત કહેવામાં આવે છે. આહા..હા..! જુઓ, વીતરાગમાર્ગ! ભગવાન આત્મા પુણ્ય-પાપના વિકલ્પ ચાહે તો મહાવ્રતાદિના હોય કે ભગવાનની ભક્તિનો, તીર્થંકરગોત્ર બાંધવાનો ભાવ હો, એ તો સમકિતીને જ હોય છે, છતાં અંતર દૃષ્ટિથી જોતા એ છે નહિ. કહો, મણિભાઈ! ક્યાં ગયા ભાઈ? પાલિતાણા. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! ચૌદ પૂર્વ અને બાર અંગનો સાર તો આ છે. અંતર સ્વરૂપમાં જોવું. અરે! એ તે કાંઈ વાત છે! નિભ્રતપુરુષોનું કામ. એ આવે છે. ચિંતા રહિતનું કામ છે. આખી દુનિયા હોય, .. મારે પરનું કાંઈ કામ નથી. કોઈ માને, ન માનો, કહે, ન કહે. ચાહે તે પોતાની યોગ્યતા પ્રમાણે કહે અને જાણે. હું તો અંતર્દૃષ્ટિથી જોનાર હું મને રાગાદિથી નથી દેખતા તો પછી એ નિંદા કરનારા, પ્રશંસા કરનારા ત્યાં છે જ ક્યાં? આહા..હા..! સમજાણું કાંઈ? આ માલ છે માલ.

'પુંસઃ' અને અંતર્દૃષ્ટિ. બે શબ્દ વાપર્યા છે. 'પુંસઃ' નામ પુરુષ એ ભગવાન પુરુષ છે. પોતાના આનંદ અને ચેતના સ્વભાવ સાથે સંબંધ રાખનાર. એ રાગ અને શરીરથી સંબંધ રાખનાર નથી. કહો, શેઠ! આ બીડી સાથે અને શું કહેવાય? મોટર-મોટર. ૪૦ મોટરું, ફલાણા, ઢીકણા, આરસપહાણનું છ લાખનું મકાન એની સાથે સંબંધ રાખનાર આત્મા નહિ એમ કહે છે. એ સંબંધ તોડનારો આત્મા છે. સમજાણું કાંઈ? પરનો સંબંધ રાખનારો એ આત્મા નહિ. આહા..હા..! આ તે કાંઈ વાત છે..

ભગવાન આત્મા પરિપૂર્ણ રામ એક કોર અને એક કોર ગામ. શુભ વિકલ્પથી માંડીને આખી દુનિયા. જૈનદર્શનનો વ્યવહાર બતાવ્યો ૨૯ બોલમાં. ચૌદ ગુણસ્થાન, ચૌદ જીવસ્થાન. સમજાણું કાંઈ? ચૌદ માર્ગણાસ્થાન. ઓહો..હો..! માર્ગણામાં તો મોટો દરિયો ભર્યો છે. ગતિ ને બધા ભેદ. આહા..હા..! વસ્તુ ભગવાન પરિપૂર્ણ પ્રભુ એની દૃષ્ટિ કરનારને એ પુરુષને જોનારને. સમજાણું કાંઈ? અંતરદૃષ્ટિ પુરુષને ભગવાન આત્મા જે પરથી ભિન્ન છે તેને દેખનારને અંદરમાં પર દેખાતું નથી. પર. 'માત્ર એક સર્વોપરી તત્ત્વ જ દેખાય છે-' આહા..હા..! રાગથી ઉપર તરતો ભિન્ન સર્વોપરી માત્ર એક જ આત્મા જ્ઞાયકભાવે, આનંદભાવે, પરમસ્વભાવભાવે એક જ દેખાય છે. આહા..હા..! અહીં તો બહારમાં કેટલી પડ માંડે વ્યવહારની. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? એક શુભભાવ અસંખ્ય પ્રકારના હોય છે એમાં એક મંદિરના દર્શન, દેવદર્શન, ભક્તિ, પૂજાનો આવે છે શુભભાવ પણ એટલો વ્યવહારને .. કર્યો કે એની આડમાં ભગવાન ભિન્ન છે એ દેખાતું જ નથી. સમજાણું કાંઈ? એ અકષાયરસનો કંદ પ્રભુ, અકષાયરસનો સાગર એવો ભગવાનને જોનારા. લ્યો! ભગવાનદાસજી! લ્યો આ ભગવાન.

'માત્ર એક સર્વોપરી...' અરે! સિદ્ધ અને પંચપરમેષ્ઠી નથી દેખાતા? અંતર સ્વરૂપમાં

ક્યાં છે? એ તો બહાર રહી ગયા. સમજાણું કાંઈ? '**કેવળ એક ચૈતન્યભાવસ્વરૂપ...**' એ તો ખુલાસો કર્યો તત્ત્વનો. સમજાણું કાંઈ? '**एवं अन्तःतत्त्वतः पश्यतः अमी**' ઓહો..હો..! ૨૯ બોલ અને એના પેટાભેદના પાર નહિ એને એક કળશમાં સમાડી દીધા. અંતઃતત્ત્વ અને બીજા બાહ્યતત્ત્વ એનો સમૂહ થયોને? રાગ, વ્યવહારરત્નત્રય, શરીર, વાણી એ બધા બહિરતત્ત્વ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિના પરિણામ એ બહિરતત્ત્વ છે. આહા..હા..! એ અંતઃ તત્ત્વ ભગવાનને દેખનારને એમાં એ કોઈ ચીજ દેખાતી નથી. એકલો ભગવાન જ્ઞાનસ્વરૂપી, કેવળ એક ચૈતન્યભાવસ્વરૂપ અભેદરૂપ. '**ચૈતન્યભાવસ્વરૂપ અભેદરૂપ...**' એમ. એ જ દેખાય છે. એ '**આત્મા જ દેખાય છે.**' એનું નામ સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને મોક્ષના મંડપ નાખ્યા ત્યાં. આહા..હા..! સમજાણું કાંઈ? જ્યાં ભગવાન આત્માને જોયો ત્યાં બધું ભૂલી ગયો. સિદ્ધપદની શરૂઆત થઈ ગઈ. પર્યાયમાં હોં! આમ તો સિદ્ધ છે જ. અરે ભાઈ! શાસ્ત્રમાં તો દસમા ગુણસ્થાન સુધી રાગ કહ્યો છે, ચૌદમા ગુણસ્થાન સુધી ઉદયભાવ કહ્યો છે. ભગવાનને પણ આયુષ્ય, પ્રાણ આદિ કહ્યા છે. લ્યો! એ બધું હો, એ બહિર્ભાવ છે. અંતઃતત્ત્વ દેખનારને એ ચીજ દેખાતી નથી.

'**ભાવાર્થ :- પરમાર્થનય અભેદ જ છે...**' નિશ્ચયનય તો એક અભેદ. પરમાર્થનય અભેદ જે એમ કહ્યું. નય તો સમ્યગ્જ્ઞાનનો અંશ છે. પરમાર્થનય કહો, નિશ્ચયનય કહો એ તો એક જ્ઞાનનો અંશ છે. નય તો જ્ઞાનનો અંશ છેને? પ્રમાણજ્ઞાન જે પૂરી ચીજને દેખનાર જે પર્યાય પ્રમાણ એનો ભેદ છે નય તો. અહીંયાં કહે છે કે એ પરમાર્થનય અભેદ જ છે. આહા..હા..! જે નયથી દેખે છે એ ચીજ જ પરમાર્થનય છે. સમજાણું કાંઈ? એ વસ્તુ જ અભેદ એ જ પરમાર્થનય છે. નય અને નયનો વિષય ભિન્ન નથી પરમાર્થમાં. આહા..હા..! સમજાણું કાંઈ? પરમાર્થનય તો જ્ઞાનનો એક અંશ છે અને વસ્તુ અભેદ એનો વિષય છે, ધ્યેય છે. ધ્યાનની પર્યાયનું ધ્યાનમાં ધ્યેય પરિપૂર્ણ છે. એવો ભેદ ન રહેતા અભેદ પરમાર્થનય અભેદ જ છે. પરમાર્થનય અભેદને જ દેખે છે તો અભેદ જ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તેથી તે દૃષ્ટિથી જોતાં...**' તેથી એમ. આવ્યું હતુંને એમાં પણ? તેથી. આવ્યું હતુંને? પુરુષ આત્માથી ભિન્ન છે માટે એમ આવ્યું હતુંને ભાઈ! બીજી લીટી. '**તેથી તે દૃષ્ટિથી જોતાં...**' હવે એ રાગાદિ એમાં છે નહિ તો રાગાદિ આત્માને લાભ કરે એ વાત તો ક્યાં રહી? સમજાણું કાંઈ? અને રાગથી, વ્યવહારથી નિશ્ચયની પ્રાપ્તિ થાય છે એ વાત તો રહેતી નથી. રાગમાત્ર વ્યવહારથી ખસીને અંતર પુરુષ આત્મા તેને દેખનારને પરમાર્થે અભેદ જ દેખાય છે. એને જોતા '**ભેદ નથી દેખાતો; તે નયની દૃષ્ટિમાં પુરુષ ચૈતન્યમાત્ર જ દેખાય છે.**' પુરુષ નામ આત્મા તો ચૈતન્યમાત્ર, જ્ઞાયકમાત્ર, જ્ઞાનસ્વભાવ, દર્શનસ્વભાવમાત્ર એ આત્મા. સમજાણું કાંઈ? ચિંતાનો પાર નહિ. ચિંતા એક પછી એક, એક પછી એક વિકલ્પની

જાળ એ ભગવાન આત્મામાં નથી. સમજાણું કાંઈ?

**'ભેદ નથી દેખાતો; તે નયની દષ્ટિમાં...'** ભગવાન આત્મા **'ચૈતન્યમાત્ર જ દેખાય છે.'** એકલો જાણન-દેખન સ્વભાવ, એકરૂપ જાણન-દેખન સ્વભાવ અસ્તિ-સત્તા હોવારૂપ, જાણન-દેખન હોવારૂપ સ્વભાવ એ દષ્ટિમાં દેખાય છે. **'માટે તે બધાય વર્ણાદિક તથા રાગાદિક ભાવો પુરુષથી ભિન્ન જ છે.'** આ કારણે અંતરદષ્ટિથી જોનારને અભેદમાં એ દેખાતા નથી. આ કારણે રાગાદિથી અને શરીરાદિથી ભિન્ન છે. **'ભિન્ન જ છે.'** એમ કહ્યુંને? આટલું બધું જોર દે! અરે ભગવાન! ... વસ્તુમાં ક્યાં છે? વસ્તુ એવી છે. સમજાણું કાંઈ? વસ્તુ તરફનો ઝુકાવ કરવાથી, ઝુકાવમાં તો એકલો અભેદ આત્મા જ આવે છે. એ રાગની હયાતી હો, નથી એમ નહિ. છે, મારામાં નથી. સમજાણું કાંઈ? માટે **'રાગાદિક ભાવો પુરુષથી ભિન્ન જ છે.'**

**'આ વર્ણથી માંડીને ગુણસ્થાન પર્યંત...'** પહેલા આવ્યું હતુંને? .. છેવટે ચૌદ ગુણસ્થાન. **'જે ભાવો છે તેમનું સ્વરૂપ...'** ભાવ છે પણ હોં ઈ. વેદાંતની પેઠે નથી કે એક આત્મા છે અને બીજી કોઈ ચીજ નથી. ભેદ પણ નહિ, અનિત્ય નહિ, પર્યાય નહિ, શરીર નહિ, કર્મ નહિ, સંસાર નહિ એમ નથી. ભગવાન આત્મા સિવાય રાગાદિ છ દ્રવ્ય છે. એ આવ્યું હતું પહેલાં, નહિ? ૪૯ ગાથામાં. છ દ્રવ્યસ્વરૂપ લોક, છ દ્રવ્યરૂપ લોક જ્ઞેય અથવા વ્યક્ત. એનાથી ભિન્ન છે માટે ભગવાન આત્માને અવ્યક્ત કહેવામાં આવે છે. આહા..હા..! છ બોલ આવ્યા હતા. છ દ્રવ્યસ્વરૂપ લોક જ્ઞેય એટલે કે વ્યક્ત અર્થાત્ વ્યક્ત એનાથી ભિન્ન એવા ભગવાનને અવ્યક્ત કહેવામાં આવે છે. આહા..હા..!

**'વર્ણથી માંડીને ગુણસ્થાન પર્યંત...'** બધા ભાવ છે. **'તેમનું સ્વરૂપ વિશેષતાથી જાણવું હોય તો ગોમ્મટસાર આદિ ગ્રંથોમાંથી જાણી લેવું.'** વસ્તુમાં છે નહિ. પર્યાય અને સંયોગમાં હો તો હો, દષ્ટિ કરનારને તો દેખાતા નથી. આહા..હા..! આ કાંઈ પુરુષાર્થ ઓછો છે? અનંત-અનંત વીર્ય જ્યાં સ્વરૂપ તરફના ઝુકાવથી અંતરમાં જોવા લાગ્યો, એકલો અભેદ થયો. એમાં કાંઈ છે નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- એને જાણવા માટે ગોમ્મટસાર આદિ ગ્રંથ જોવા પડશે?

ઉત્તર :- એ વ્યવહાર જાણવા માટે હો, પણ એ અંતરમાં નથી. અસ્તિત્વ છેને, પર્યાયનયનો વિષય તો છે. અંતરમાં નથી. ૨૯ બોલ જાણવામાં આવ્યા તો એમ કહે તો ખરાને. આ તો અધ્યાત્મગ્રંથ છે. એમાં એનો વિસ્તાર નથી. બીજામાંથી જાણવું હોય તો જાણો. જાણે એમાં શું થયું? છ દ્રવ્યને જાણે. છ દ્રવ્યના ગુણ શું? પર્યાય શું? પોતામાં પણ વિકલ્પ વ્યવહાર કેવો છે શુભ-અશુભ આદિ જાણે. એ જાણવામાં શું છે? પણ એ આદરણીયમાં એ ચીજ નથી.

## ગાથા-૫૬

ननु वर्णादयो यद्यमी न सन्ति जीवस्य तदा तन्त्रान्तरे कथं सन्तीति प्रज्ञाप्यन्ते इति चेत्—

ववहारेण दु एदे जीवस्स हवंति वण्णमादीया।
गुणठाणंता भावा ण दु केई णिच्छयणयस्स।।५६।।
व्यवहारेण त्वेते जीवस्य भवन्ति वर्णाद्याः।
गुणस्थानान्ता भावा न तु केचिन्निश्चयनयस्य।।५६।।

इह हि व्यवहारनयः किल पर्यायाश्रितत्वाज्जीवस्य पुद्गलसंयोगवशादनादिप्रसिद्ध-बन्धपर्यायस्य कुसुम्भरक्तस्य कार्पासिकवासस इवौपाधिक भावमवलम्ब्योत्प्लवमानः परभावं परस्य विदधाति; निश्चयनयस्तु द्रव्याश्रितत्वात्केवलस्य जीवस्य स्वाभाविकं भावमवलम्ब्योत्प्लवमानः परभावं परस्य सर्वमेव प्रतिषेधयति। ततो व्यवहारेण वर्णादयो गुणस्थानान्ता भावा जीवस्य सन्ति, निश्चयेन तु न सन्तीति युक्ता प्रज्ञप्तिः।

---

હવે શિષ્ય પૂછે છે કે જો આ વર્ણાદિક ભાવો જીવના નથી તો અન્ય સિદ્ધાંતગ્રંથોમાં 'તે જીવના છે' એમ કેમ કહ્યું છે? તેનો ઉત્તર ગાથામાં કહે છે :—

વર્ણાદિ ગુણસ્થાનાંત ભાવો જીવના વ્યવહારથી,
પણ કોઈ એ ભાવો નથી આત્મા તણા નિશ્ચય થકી. ૫૬.

ગાથાર્થઃ- [एते] આ [वर्णाद्याः गुणस्थानान्ताः भावाः] વર્ણથી માંડીને ગુણસ્થાન પર્યન્ત ભાવો કહેવામાં આવ્યા તે [व्यवहारेण तु] વ્યવહારનયથી તો [जीवस्य भवन्ति] જીવના છે (માટે સૂત્રમાં કહ્યા છે), [तु] પરંતુ [निश्चयनयस्य] નિશ્ચયનયના મતમાં [केचित् न] તેમનામાંના કોઈ પણ જીવના નથી.

ટીકાઃ- અહીં, વ્યવહારનય પર્યાયાશ્રિત હોવાથી, સફેદ રૂનું બનેલું વસ્ત્ર જે કસુંબા વડે રંગાયેલું છે એવા વસ્ત્રના ઔપાધિક ભાવ(-લાલ રંગ) ની જેમ, પુદ્‌ગલના સંયોગવશે અનાદિ કાળથી જેનો બંધપર્યાય પ્રસિદ્ધ છે એવા જીવના ઔપાધિક ભાવ(-વર્ણાદિક) ને અવલંબીને પ્રવર્તતો થકો, (તે વ્યવહારનય) બીજાના ભાવને બીજાનો કહે છે; અને નિશ્ચયનય દ્રવ્યના આશ્રયે હોવાથી, કેવળ એક જીવના

સ્વાભાવિક ભાવને અવલંબીને પ્રવર્તતો થકો, બીજાના ભાવને જરા પણ બીજાનો નથી કહેતો, નિષેધ કરે છે. માટે વર્ણથી માંડીને ગુણસ્થાન પર્યંત જે ભાવો છે તે વ્યવહારથી જીવના છે અને નિશ્ચયથી જીવના નથી એવું (ભગવાનનું સ્યાદ્વાદવાળું) કથન યોગ્ય છે.

## ગાથા-૫૬ ઉપર પ્રવચન

**'હવે શિષ્ય પૂછે છે કે જો આ વર્ણાદિક ભાવો જીવના નથી તો અન્ય સિદ્ધાંતગ્રંથોમાં 'તે જીવના છે' એમ કેમ કહ્યું છે?'** જુઓ, ગોમ્મટસાર આદિમાં જીવના છે (એમ કહ્યું છે). **'તેનો ઉત્તર ગાથામાં કહે છે :—'** એમ કહ્યું છે. ૪૬માં એમ કહ્યું ૪૬. પહેલા કહ્યાને આઠ બોલ? .. વ્યવહાર છે. વ્યવહાર ન હોય તો શરીરનો સંબંધ મસળી નાખે તો પાપ ન લાગે. વ્યવહાર ન હોય તો પર્યાયનું બંધન પણ સિદ્ધ નથી થતું, બંધનો અભાવ પણ સિદ્ધ થતો નથી. છે એટલી વાત છે. આશ્રય કરવાલાયક નથી. ૫૬ ગાથા. **''હવે શિષ્ય પૂછે છે કે જો આ વર્ણાદિક ભાવો જીવના નથી તો અન્ય સિદ્ધાંતગ્રંથોમાં...'** જુઓ, વાંચેલું છે શિષ્યે. બીજા શાસ્ત્રોમાં તો કહ્યું છે અને તમે અહીંયા નકાર કરો છો.

મુમુક્ષુ :- શિષ્ય ભણેલો છે.

ઉત્તર :- ભણેલો છે.

**'એમ કેમ કહ્યું છે?' 'એમ કેમ કહ્યું છે?'** કે તે જીવના નથી. જીવના છે એમ કહ્યું છે. એનો ઉત્તર કહેવો છે. જીવના નથી એમ તમે કહો છો. આહા..હા..! સ્યાદ્વાદ શૈલી તો જુઓ!

**ववहारेण दु एदे जीवस्स हवंति वण्णमादीया।**
**गुणठाणंता भावा ण दु केई णिच्छयणयस्स।।५६।।**
**વર્ણાદિ ગુણસ્થાનાંત ભાવો જીવના વ્યવહારથી,**
**પણ કોઈ એ ભાવો નથી આત્મા તણા નિશ્ચય થકી. ૫૬.**

જુઓ, અસ્તિ-નાસ્તિ કરી. વ્યવહારથી છે, નિશ્ચયથી નથી. વ્યવહારથી છે એનો અર્થ? કે એનું જ્ઞાન કરવા માટે છે પણ આશ્રય કરવાલાયક નથી. આહા..હા..! આવી વાત સર્વજ્ઞ સિવાય (ક્યાંય નથી). જ્ઞાનની પાંચ પર્યાયનું લક્ષ કરે છે તો કહે છે કે વિકલ્પ ઉઠે છે. સમકિતના પાંચ ભેદ વિચારવાથી વિકલ્પ ઉઠે છે. આહા..હા..! ચારિત્રના પણ પાંચ ભેદ

વિચારવાથી વિકલ્પ ઉઠે છે. તેથી તે દૃષ્ટિમાં આદરણીય નથી. સમજાણું કાંઈ?

'**ટીકા :- અહીં, વ્યવહારનય પર્યાયાશ્રિત હોવાથી,...**' જુઓ! આ ગાથા નિશ્ચય અને વ્યવહારનું સ્પષ્ટીકરણ કરવામાં મોટી ગાથા છે. '**વ્યવહારનય પર્યાયાશ્રિત હોવાથી,...**' પર્યાયાશ્રિત છે. '**સફેદ રૂનું બનેલું વસ્ત્ર...**' સફેદ રૂનું બનેલું વસ્ત્ર '**જે કસુંબા વડે રંગાયેલું છે...**' આહા..હા..! સમજાણું કાંઈ? કપડું સફેદ હોય અને કસુંબાનો લાલ રંગ લાગે તો આખું લાલ જ દેખાય. સમજાણું કાંઈ? '**એવા વસ્ત્રના ઔપાધિક ભાવ...**' એવા વસ્ત્રના ઔપાધિક ભાવ. જુઓ! વસ્ત્રનો રંગ છે એ તો ઔપાધિકભાવ છે. એ અસલી ત્રિકાળી ભાવ નથી. '(-લાલ રંગ) **ની જેમ,...**' '**વસ્ત્રના ઔપાધિક ભાવ...**' '**એવા વસ્ત્રના ઔપાધિક ભાવ** (-લાલ રંગ)**ની જેમ, પુદ્‌ગલના સંયોગવશે અનાદિ કાળથી...** ' જુઓ ભાષા! પુદ્‌ગલના સંયોગવશે, સંયોગથી નહિ. આહા..હા..! એને તાબે થાય છે. '**સંયોગવશે અનાદિ કાળથી જેનો બંધપર્યાય પ્રસિદ્ધ છે...**' રાગ કષાય મંદ-તીવ્ર ભેદ આદિ પ્રસિદ્ધ છે. '**એવા જીવના ઔપાધિક ભાવ**(-વર્ણાદિક)**ને અવલંબીને પ્રવર્તતો થકો,...**' પર્યાયનો આશ્રય કરીને પ્રવર્તતો થકો એવો જે વ્યવહારનય. કહો, સમજાણું કાંઈ? '(તે વ્યવહારનય) **બીજાના ભાવને બીજાનો કહે છે;...**' લ્યો! આ ખુલાસો. આહા..હા..!

શરીર, વાણી, કર્મ, પુણ્ય અને પાપના ભાવ બીજાના ભાવ છે એ આત્માના કહે છે. રાગાદિ ભાવ બીજાના. ત્રિકાળી સ્વભાવમાં ક્યાં છે? આહા..હા..! બીજાના ભાવને બીજાનો કહે છે. એ વિકાર પુદ્‌ગલનો છે (અને) જીવનો છે એમ કહે છે. આહા..હા..! ભગવાનની ભક્તિ કરવાનો ભાવ. આકરું છે ભાઈ! અઠ્યાવીશ મૂળગુણ સાધુના એ તો પુદ્‌ગલના ભાવ છે. સમજાણું કાંઈ? ચિદાનંદ દરબારમાં એ ક્યાં છે? પરમાત્માનું નિધાન, એ નિધાન સમ્યગ્દર્શનથી ખુલ્યું એમાં ક્યાં છે? પડ્યો છે એ ભાવ? એમાં તો અનંત આનંદ આદિ, અનંત જ્ઞાન આદિ ભર્યા છે. વ્યવહારનય પરના ભાવને પરના કહે છે. રાગાદિ વ્યવહારરત્નત્રય પરના છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પંચ મહાવ્રતના પરિણામ પરના છે. પુદ્‌ગલના સંયોગથી ઉત્પન્ન થયા તે પુદ્‌ગલ જ છે. એક સમયની ઉપાધિ સંસારમાત્રની એ બધું પર છે. એ જીવના ઔપાધિક ભાવ.. અવલંબીને પ્રવર્તતી... ઔપાધિકભાવનું લક્ષ લઈને કહેનારી નય એ બીજાના ભાવને બીજાના કહે છે. જગતની કોઈ બીજી ચીજ તે બીજા આત્માની છે એમ વ્યવહારનય કહે છે. આહા..હા..! આખો સંસાર બીજાનો છે એમ કહે છે ખરેખર તો. આહા..હા..! આખો સંસારભાવ જે છે એ બીજાનો ભાવ છે. એક સમયમાં ઉપાધિ થઈ. ઔપાધિકભાવ બીજાનો છે, સ્વભાવનો નથી. સમજાણું કાંઈ?

'**જીવના ઔપાધિક ભાવ** (-વર્ણાદિક)**ને અવલંબીને પ્રવર્તતો થકો,** (તે વ્યવહારનય) **બીજાના ભાવને બીજાનો કહે છે;...**' સંસારભાવ. ગજબ વાત છેને!

પુદ્ગલના છે એમ કહે છે.

મુમુક્ષુ :- ભાવ ચોખ્ખા કર્યા.

ઉત્તર :- ... એક ક્ષણનો, એક સમયનો ઔપાધિકભાવ ચાહે ૨૯ બોલ કહ્યા તે બધા એક સમયમાં છે. પુદ્ગલાદિ એક સમયમાં નથી. વજ્રનારાચસંહનન. બે આવ્યાને કાલે? વજ્રનારાચસંહનન, ... કહે છે કે એક સમયમાં પણ નથી, એ તો ભિન્ન છે. ભિન્નના લક્ષે ઉત્પન્ન થયો એ ભાવને પણ પુદ્ગલમાં નાખી દીધા. આહા..! આ તે કાંઈ વાત છે! વેદાંત કહે એવી આ ચીજ નથી. વેદાંત તો કહે છે કે વ્યવહાર છે જ નહિ. સમજાણું કાંઈ? છે ખરો. વ્યવહારનય પરનો પરને કહે એવો વિષય છે, વસ્તુ છે બસ એટલું. આશ્રય કરવાલાયક, અવલંબન કરવાલાયક નથી, એ તો નિષેધ કરવા લાયક છે. સમજાણું કાંઈ?

'**બીજાના ભાવને બીજાનો કહે છે;...**' આ વ્યવહારનયની વ્યાખ્યા અહીંયાં એટલી કરી. સમજાણું કાંઈ? મોક્ષમાર્ગમાં એમ કહ્યું, નિશ્ચય સમ્યગ્દર્શન પોતાના આશ્રયે ઉત્પન્ન થાય છે. એની સાથે રાગનો જે વ્યવહાર છે તેને સહચર દેખીને મોક્ષમાર્ગ કહ્યો. (મોક્ષમાર્ગ) છે નહિ. સમજાણું કાંઈ? મોક્ષમાર્ગમાં એમ કહ્યું. બે નયના (અધિકાર) છેને, નિશ્ચય અને વ્યવહારનયના જ્યાં. આહા..હા..! '**નિશ્ચયનય દ્રવ્યના આશ્રયે હોવાથી,...**' ભાષા જુઓ! '**કેવળ એક જીવના સ્વાભાવિક ભાવને અવલંબીને...**' સ્વભાવિક ભાવ જે ત્રિકાળ પરમાત્મા એને અવલંબીને '**પ્રવર્તતો થકો, બીજાના ભાવને જરા પણ બીજાનો નથી કહેતો,...**' આ સંસાર તો જીવતત્ત્વમાં આવ્યો છે. આવ્યા નહિ પાંચ ભાવ? બીજા અધ્યાયમાં. જીવતત્ત્વ છે પાંચેય ભાવ. આવ્યું છે? વ્યવહારનો ગ્રંથ છે. વ્યવહાર સમજાવ્યો છે. સમજાણું કાંઈ? અહીં કહે છે કે આત્મામાં-જીવતત્ત્વમાં રાગાદિ અજીવતત્ત્વ છે જ નહિ. ... કથન ઉમાસ્વામીનું આ. પર્યાય સમજાવવી છે કે જીવની પર્યાય રાગાદિ છે. એનાથી (પરથી) ભિન્ન પાડવા માટે. અહીં તો રાગથી ભિન્ન પાડવામાં રાગ પુદ્ગલનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? અથવા ગમે તે પ્રકારના રાગાદિ હો, શરીરાદિ હો, મુંઝવણમાં ન આવ, એ તારામાં છે જ નહિ. આહા..હા..! એની સંભાળ કરવાથી, ભગવાન આત્માની સંભાળ કરતાં એ છે જ નહિ. આહા..હા..! છે એમાંથી કઈ રીતે કાઢવા? છે એને કઈ રીતે કાઢવા? કાઢવા જ નથી એમ કહે છે. છે જ નહિ પછી શું કાઢે? સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ચિદાનંદ પ્રભુ અબંધસ્વભાવી નાથ એ અબંધમાં બંધ કેવો? સમજાણું કાંઈ? ૧૪-૧૫ ગાથામાં આવે છે ઈ. '**जो पस्सदि अप्पाणं**' જે કોઈ ભગવાન આત્માને અબંધ દેખે. આવે છેને? અબંધ, અસ્પૃષ્ટ, નિયત, સામાન્ય, સંયુક્તરહિત. પાંચ બોલ છે. એનાથી રહિત દેખે એ જૈનશાસન દેખે. સહિત દેખે એ જૈનશાસન નહિ. આહા..હા..! ૧૫મીમાં ખુલાસો કર્યો છે ત્યાં. '**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं। अपदेससंतमज्झं**'

એ એમાં છે નહિ. આહા..હા..! એમાં તકરાર આવી છે મોટી. દિલ્હી. દિલ્હીમાં નહિ કેવા? જુગલકિશોર મુખત્યાર. બહુ પહેલા ચાલી હતી (સંવત) ૨૦૧૦ની સાલમાં. કેમ નથી? પાંચ બોલ ક્યાં કહ્યા છે? ત્યાં તો ત્રણ બોલ કહ્યા છે ૧૫મીમાં એમ કહ્યું. એ તકરાર અને પાંચ.. તો જૈનશાસન નથી રહેતું. અરે સાંભળ તો ખરો, ભાઈ! પૈસા-બૈસા વાપરે. પૈસા છેને એની પાસે? આપ્યા હતા ત્યાં, નહિ? શું કહેવાય?

મુમુક્ષુ :- પહેલા અડધો લાખ આપ્યા હતા.

ઉત્તર :- હા, પછી હમણા આપ્યા હતા સંસ્થામાં. કાંઈક વાંચ્યું હોય અને થઈ જાય પંડિત લ્યો! અરે! ભાઈ! આપે કોણ? લે કોણ? લોકોને એમ થઈ જાય બે લાખ, પાંચ લાખ આપે તો આહા..હા..! ભારે આનો ત્યાગ ભાઈ! અને એ કહે એ પછી સાચી વાત એમ કહે. એક વાત ઈ. બીજી વાત બાહ્ય ત્યાગ કરીને બેસે નગ્ન મિથ્યાદૃષ્ટિ હોય તોપણ એની વાત સાચી એને. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- જગત તો બહારથી જોવે છે.

ઉત્તર :- જગત બહારનું દેખે છે. બાહ્ય ત્યાગ કરીને બેઠો હોય પાક્કો મિથ્યાદૃષ્ટિ. પાક્કો-પાક્કો રંગ લાગ્યો હોય રાગનો. રાગ કરવો, એ ક્રિયા કરવી એમ રાગથી રંગીત આત્મા, જે છે નહિ એનાથી રંગીત એમ કહે છે. લોકો દેખે કે આણે આટલો ત્યાગ કર્યો તો એ જે કથન શૈલી કરે એ આપણે સાંભળવી પડે. જિનેશ્વરદાસજી! આહા..હા..! અને એક આઠ વર્ષની બાળિકા હોય અને સમ્યગ્દૃષ્ટિ અનુભવી હોય, બાહ્ય ત્યાગ ન હોય, સોનાના થાળમાં, હીરાના વાટકામાં ખાતી હોય. ચક્રવર્તીની દીકરી હોય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- થાળ છોડે ..

ઉત્તર :- કોણ ખાય? કોણ લે છે દુનિયા એને દેખે જુઓ આ. બહારથી દેખે. તો એના વચનનું પ્રમાણ શું? એની પાસે મહાવ્રત ક્યાં છે? મહાવ્રત હોય એનું વચન સાચું હોય. આહા..હા..! આ કહે છેને, જિનેશ્વરદાસના ગામના રતનચંદજી એમ કહે છે. નાત તમારી છે કે નહિ? નાત-નાત-જાત.

મુમુક્ષુ :- જાતિ? જાતિ તો અમારી છે. અમારા તો સગા છે એ.

ઉત્તર :- હા. સગાસંબંધી છે. આહા..હા..! શું કરે ભાઈ! એ તો એને બેસતું હોય એમ કહે. અહીંયાં તો કહે છે... એ કહે છે કે આ ગૃહસ્થો ટોડરમલજી, દોલતરામ એ તો મહાવ્રતધારી ક્યાં હતા? તો એનું વચન કેમ પ્રમાણ કરાય? મહાવ્રતધારીના વચન (પ્રમાણ હોય). મહાવ્રતધારી કેવા છે? તમારા વર્તમાન માનનારા કેવા છે? સમજાણું કાંઈ? અને સમ્યગ્દૃષ્ટિ કહે કે મહાવ્રતધારી કહે, સત્યમાં કોઈ એક અંશે પણ ફેર નથી. આહા..હા..! સ્થિરતામાં ફેર છે. આહા..હા..! એ તો ચારિત્ર અને રમણમાં ફેર છે. વસ્તુ દૃષ્ટિ, વસ્તુનું કથન અને વસ્તુની

શ્રદ્ધા અને વસ્તુનું પ્રરૂપક એમાં ફેર જરીએ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એક આર્જિકા હતી તે એવા પ્રશ્ન કરતી હતી. એક આર્જિકા સ્થાનકવાસી. બીજાને સમજાવે એ મોટો કે પોતામાં સમજીને રહે એ મોટો? બીજાને સમજાવે એ મોટો. એ મોટો નથી. કાંઈ ખબર ન મળે. બીજાને સમજાવે, સભા મોટી કરે, એકઠા કરે, ઝપટ બોલાવે, કંઠ કળા હોય, ગાયન કરે, સ્તુતિ કરે. ઓહો..હો..!

મુમુક્ષુ :- જનરંજન કરે.

ઉત્તર :- જનરંજન. તારણસ્વામીમાં આવે છે. શેઠ! જનરંજન. જનને રંજન કરનારા નરક-નિગોદમાં જશે એવો પાઠ છે. તારણસ્વામીમાં છે. આપણે છે અષ્ટપાહુડમાં. અષ્ટપાહુડમાં છે. અરે પ્રભુ! જનરંજન કરવું છે તારે? તારો રાજીપો, ખુશીપો અંતર આનંદમાં હોવો જોઈએ. દુનિયા બહુ એકઠી થાય અને રાજી થાય એ અજ્ઞાનીનું તારે રજિસ્ટર લેવું છે? અજ્ઞાનીનો રિપોર્ટ લેવો છે તારે કે આ મોટો છે? આહા..હા..!

અહીંયાં તો ભગવાન કહે છે '**નિશ્ચયનય દ્રવ્યના આશ્રયે હોવાથી, કેવળ એક જીવના સ્વાભાવિક ભાવને અવલંબીને...**' જુઓ, કેવળ જીવસ્વભાવને અવલંબીને. અવલંબન તો રહ્યું. '**પ્રવર્તતો થકો,...**' વ્યવહારનય કેવળ પરના ભાવને પરનો કહેનાર પરનું અવલંબન લઈને પ્રવર્તે છે. નિશ્ચયનય પોતાના સ્વભાવમાં એકત્વ છે એમાં પ્રવર્તે છે. આહા..હા..! '**જીવના સ્વાભાવિક ભાવને અવલંબીને પ્રવર્તતો થકો, બીજાના ભાવને જરા પણ બીજાનો નથી કહેતો,...**' આહા..હા..! એ પુણ્યના પરિણામ કર્મના સંગે ઉત્પન્ન થયા એ પરના છે. પોતાનો ત્રિકાળી દ્રવ્યસ્વભાવ એમાં એક સમયનો વિકાર, ચાહે અનંતકાળથી સંસાર હોય, એની સંસારની પર્યાય એક સમયની છે. ત્રિકાળ ભગવાન આનંદકંદ પ્રભુ એમાં મેલ અને ઉદયભાવ એક સમયનો જ છે. ક્યાં એક સમય, ક્યાં ત્રિકાળ! સમજાણું કાંઈ? એક સમયનો ભાવ એની પર્યાયમાં છે, પણ એક સમયનો ભાવ એ સ્વભાવિકભાવથી ઊલટો છે, ઉપાધિભાવ છે. આહા..હા..! વ્યવહારરત્નત્રય ઔપાધિકભાવ છે એમ કહે છે અહીં તો. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન નિરૂપાધિક સ્વભાવ એક ચૈતન્ય જ્ઞાયકમાત્ર જેનો સ્વભાવ એમાં એ રાગાદિ ભાવ એક સમયની ઉપાધિ છે. જ્યારે જ્યારે જુઓ ત્યારે એક સમયની જ ઉપાધિ છે એમાં. બે સમય ઉપાધિ રહેતી નથી. આહા..હા..! આ ત્રણ કાળ રહે છે. કાળ કોને કહે? ભાષામાં ત્રણ કાળ રહે છે એમ ભલે હોય. ભાવ જેનો જ્ઞાનસ્વભાવ, આનંદસ્વભાવ, જ્ઞાયકભાવ એવોને એવો... આહા..હા..! આદિ નહિ, અંત નહિ અનાદિ-અનંત. એકરૂપ ત્રિકાળ સ્વભાવ એમાં એક સમયની પર્યાય ઉપાધિ. વ્યવહારરત્નત્રયનો ભાવ ઉપાધિ. જેઠાભાઈ! શું આ પણ ઉપધાન કરવા, આ બધા ભક્તિ કરવી કહે છે વિકલ્પ ઉપાધિ એમ કહે છે. જ્યાં સુધી વીતરાગભાવ ન હોય તો એવો ભાવ પર્યાયમાં આવે છે,

પણ એ પોતાનો નથી. આહા..હા..! આ તે કાંઈ વાત પુરુષાર્થની છે કે કથનની છે? પર્યાયમાં હોવા છતાં નહિ એમ બતાવે છે અને પર્યાયમાં આખું દ્રવ્ય આવ્યું નથી છતાં ઈ જ છે એમ બતાવે છે. આહા..હા..! છતીને અછતી અને અછતીને છતી કરે છે નય. થાય છે એ નથી અને પર્યાયમાં આખું દ્રવ્ય આવતું નથી તે છે. સમજાણું કાંઈ? આહા..હા..! અરે! ભગવાનનું ઘર તો જુઓ! તારા આંગણામાં તો અનંત આનંદ વરસે છે. તારા આંગણામાં અનંત-અનંત આનંદ અને જ્ઞાનની ધારા વરસે છે. ભગવાન! રાગાદિ તારા આંગણામાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

તો કહે છે કે નિશ્ચયનય પ્રવર્તતો થકો બીજાના ભાવને જરા પણ કહેતો નથી. જરીએ રાગાદિનો બંધનો વિકલ્પ જરી, ગુણગુણીના ભેદનો વિકલ્પ એટલો તો આત્મામાં છે કે નહિ? મોક્ષમાર્ગ આવ્યાને બે પ્રકારના? એક વિકલ્પ અને નિર્વિકલ્પ. એઈ..! પંડિતજી! આવે છે કે નહિ? વિકલ્પવાળી દશા .. એ તો વ્યવહારથી ભિન્ન કહ્યું છે પણ નિશ્ચયમાં આસ્રવ જરી સૂક્ષ્મ વિકલ્પ રહી ગયો છે, પણ છે તો એ બંધનું કારણ. પણ સ્વના લક્ષે વિચાર કરવાથી જે વિકલ્પ ઉત્પન્ન થાય છે તેને વ્યવહાર મોક્ષમાર્ગ કહેવામાં આવ્યો છે. વિકલ્પરહિતને નિર્વિકલ્પ કહેવામાં આવ્યો છે અને એ પણ ખરેખર તો વિકલ્પ પર સંયોગી ભાવ છે. સમજાણું કાંઈ? એ વ્યવહારનય પરના ભાવને પરનો કહે છે. ચોર જેવી વ્યવહારનય છે. ચોર જેવી વ્યવહારનય. ચોર પરની ચીજને પોતાની માને. આહા..હા..! અને નિશ્ચયનય શાહુકાર છે. આહા..હા..! આ શરાફ છે બેય જુઓ. શરાફી વેપાર નિશ્ચયનયનો છે. આહા..હા..!

જેમાં, હું પૂર્ણ છું એવા વિકલ્પની ગંધ નથી. હું પૂર્ણ છું, હું અભેદ છું, એકરૂપ છું એવા વિકલ્પની ગંધ નથી એવો નિશ્ચયનય અંતરમાં પ્રવર્તે છે એ પરના ભાવને પરનો કહે છે, પોતાના માનતો નથી. આહા..હા..! એનો અર્થ કે છે એને જાણે છે એટલી વાત છે. એ વ્યવહારનય જાણેલો પ્રયોજનવાન છે એમ કહ્યુંને? વ્યવહારનય જાણેલો પ્રયોજનવાન છે. એનો અર્થ એ કે એ સમયમાં એવું જ પરપ્રકાશકજ્ઞાન સ્વના જ્ઞાન સાથે પ્રગટે છે. સમ્યગ્દષ્ટિને સ્વના આશ્રયે એકરૂપ આત્મા જોવામાં આવ્યો એની પર્યાયમાં એ પ્રકારનું જ સ્વપરપ્રકાશક જ્ઞાન ઉત્પન્ન થાય છે તે રાગને જાણે એમ કહેવામાં આવે છે. આહા..હા..! ખરેખર તો પોતાની પર્યાય છે તે દ્રવ્ય-ગુણને જાણે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સદ્ભૂત વ્યવહારનયને બતાવે છેને?

ઉત્તર :- એ નહિ. સદ્ભૂતવ્યવહાર એટલે પર. પુદ્ગલ સંયોગે ભેદ પડે છે. આ તો પર્યાય પોતે જ વ્યવહારનય છે.

મુમુક્ષુ :- પર્યાયનય પર્યાય..

ઉત્તર :- એ જ લીધુંને અહીંયાં? પછી .. ઉપાધિભાવ.. એટલું. સ્વભાવિકભાવ પર્યાય

એમ ... અવલંબે છે એનો અર્થ ત્યાં રોકાણો. સ્વભાવિકભાવે અવલંબન કરવું આદિ પર્યાય નિર્મળ થાય છે. સમજાણું કાંઈ? પર્યાય ભાવનું અવલંબન કરનારને મિથ્યાત્વ થાય છે. આહા..હા..! ત્રિકાળ સ્વભાવનું અવલંબન કરનારને સમ્યગ્દર્શન થાય છે અને ત્રિકાળને ભૂલીને એકલા વ્યવહારનયનું અવલંબન લેનારને મિથ્યાદષ્ટિ થાય છે.

મુમુક્ષુ :- પર્યાયને આશ્રયે જેટલા કથન છે એ બધો વ્યવહાર છે.

ઉત્તર :- વ્યવહાર છે. જાણે. એકાંત તે સત્ય છે એમ માને. વ્યવહારનયનું લક્ષણ આવ્યું છેને મોક્ષમાર્ગપ્રકાશકમાં. નિમિત્તાદિની અપેક્ષાએ અન્યથા કહે છે. એમ છે નહિ. એમ છે નહિ એને કહે છે તે વ્યવહારનય છે. આહા..હા..!

મુમુક્ષુ :- બીજાનો બીજાને કહે.

ઉત્તર :- બીજાનો બીજાને કહે. ... આહા..હા..!

**'જરા પણ બીજાનો નથી કહેતો, નિષેધ** કરે છે.' આવ્યું લ્યો હવે. નિશ્ચયનય વ્યવહારનો નિષેધ કરે છે કે મારામાં નહિ... મારામાં નહિ... મારામાં નહિ. લ્યો! આહા..હા..! આ વાત તો ભાઈ જે દુઃખથી કંટાળ્યો હોય, ચાર ગતિના દુઃખથી હોં! એકલા નરક આદિના નહિ. ચાર ગતિના દુઃખ. આહા..હા..! એ વિષયના ભોગમાં મજા લાગે છે એ દુઃખ. અગ્નિ સળગે છે એ. એવા દુઃખથી ડર લાગ્યો હોય એના માટે એ વાત છે. '**નિષેધ કરે છે.**' બેય વાત આવી. પરના ભાવને પરની કહે છે માટે નિશ્ચયનય એનો નિષેધ કરે છે. સમજાણું કાંઈ? નિશ્ચય નિષેધક, વ્યવહાર નિષેધ કરવા લાયક. નિષેધ્ય ટૂંકી ભાષા.

**'માટે વર્ણથી માંડીને ગુણસ્થાન પર્યંત જે ભાવો છે...'** જે ભાવો છે. નથી એમ નહિ. **'તે વ્યવહારથી જીવના છે અને નિશ્ચયથી જીવના નથી એવું (ભગવાનનું સ્યાદ્વાદવાળું) કથન યોગ્ય છે.'** ભગવાન કેવળીનું એ સ્યાદ્વાદયુક્ત અનેકાંત કથન છે. આહા..હા..! અનેકાંતનો અર્થ કથન અનેકાંત નથી, વસ્તુ અનેકાંત છે. પર્યાયમાં છે, દ્રવ્યમાં નથી એવું કથન કરવું એ સ્યાદ્વાદ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૫૭

कुतो जीवस्य वर्णादयो निश्चयेन न सन्तीति चेत्—

एदेहिं य संबंधो जहेव खीरोदयं मुणेदव्वो।
ण य होंति तस्स ताणि दु उवओगगुणाधिगो जम्हा।।५७।।
एतैश्च सम्बान्धो यथैव क्षीरोदकं ज्ञातव्यः।
न च भवन्ति तस्य तानि तूपयोगगुणाधिको यस्मात्।।५७।।

यथा खलु सलिलमिश्रितस्य क्षीरस्य सलिलेन सह परस्परावगाहलक्षणे सम्बन्धे सत्यपि स्वलक्षणभूतक्षीरत्वगुणव्याप्यतया सलिलादधिकत्वेन प्रतीयमानत्वादग्नेरुष्णगुणेनेव सह तादात्म्यलक्षणसम्बन्धाभावात् न निश्चयेन सलिलमस्ति, तथा वर्णादिपुद्गलद्रव्यपरिणाम-मिश्रितस्यास्यात्मनः पुद्गलद्रव्येण सह परस्परावगाहलक्षणे सम्बन्धे सत्यपि स्वलक्षणभूतोपयोग-गुणव्याप्यतया सर्वद्रव्येभ्योऽधिकत्वेन प्रतीयमानत्वादग्नेरुष्णगुणेनेव सह तादात्म्यलक्षण-सम्बन्धाभावात् न निश्चयेन वर्णादिपुद्गलपरिणामाः सन्ति।

---

હવે વળી પૂછે છે કે વર્ણાદિક નિશ્ચયથી જીવના કેમ નથી તેનું કારણ કહો. તે પ્રશ્નનો ઉત્તર કહે છે :—

આ ભાવ સહ સંબંધ જીવનો ક્ષીરનીરવત્ જાણવો;
ઉપયોગગુણથી અધિક તેથી જીવના નહિ ભાવ કો. ૫૭.

ગાથાર્થ :— [एतैः च सम्बन्धः] આ વર્ણાદિક ભાવો સાથે જીવનો સંબંધ [क्षीरोदकं यथा एव] જળને અને દૂધને એકક્ષેત્રાવગાહરૂપ સંયોગસંબંધ છે તેવો [ज्ञातव्यः] જાણવો [च] અને [तानि] તેઓ [तस्य तु न भवन्ति] તે જીવના નથી [यस्मात्] કારણ કે જીવ [उपयोगगुणाधिकः] તેમનાથી ઉપયોગગુણે અધિક છે [-ઉપયોગગુણ વડે જુદો જણાય છે).

ટીકા :— જેમ-જળમિશ્રિત દૂધનો, જળસાથે પરસ્પર અવગાહસ્વરૂપ સંબંધ હોવા છતાં, સ્વલક્ષણભૂત જે દૂધપણું-ગુણ તે વડે વ્યાપ્ત હોવાને લીધે દૂધ જળથી અધિકપણે પ્રતીત થાય છે; તેથી, જેવો અગ્નિનો ઉષ્ણતા સાથે તાદાત્મ્યસ્વરૂપ સંબંધ છે તેવો જળસાથે દૂધનો સંબંધ નહિ હોવાથી, નિશ્ચયથી જળ દૂધનું નથી; તેવી રીતે- વર્ણાદિક પુદ્ગલદ્રવ્યના પરિણામો સાથે મિશ્રિત આ આત્માનો, પુદ્ગલદ્રવ્ય

સાથે પરસ્પર અવગાહસ્વરૂપ સંબંધ હોવા છતાં, સ્વલક્ષણભૂત ઉપયોગગુણ વડે વ્યાપ્ત હોવાને લીધે આત્મા સર્વ દ્રવ્યોથી અધિકપણે પ્રતીત થાય છે; તેથી, જેવો અગ્નિનો ઉષ્ણતા સાથે તાદાત્મ્યસ્વરૂપ સંબંધ છે તેવો વર્ણાદિક સાથે આત્માનો સંબંધ નહિ હોવાથી, નિશ્ચયથી વર્ણાદિક પુદ્ગલપરિણામો આત્માના નથી.

**શ્રાવણ વદ-૬, બુધવાર, તા. ૩૦-૦૮-૧૯૭૨**
**ગાથા- ૫૭ થી ૬૦, પ્રવચન-૧૪૮**

**નોંધ :- પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

સમયસાર ૫૭ ગાથા. 'હવે વળી પૂછે છે કે વર્ણાદિક **નિશ્ચયથી** જીવના કેમ **નથી...'** વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને પુણ્ય-પાપના રાગાદિના ભાવ એ જીવના કેમ નથી? કારણ શું? એમ શિષ્યનો પ્રશ્ન છે. 'તેનું કારણ કહો. તે **પ્રશ્નનો** ઉત્તર કહે છે :'

एदेहिं य संबंधो जहेव खीरोदयं मुणेदव्वो।
ण य होंति तस्स ताणि दु उवओगगुणाधिगो जम्हा।।५७।।

આ ભાવ સહ સંબંધ જીવનો ક્ષીરનીરવત્ જાણવો;
ઉપયોગગુણથી અધિક તેથી જીવના નહિ ભાવ કો. ૫૭.

જુઓ, આ જીવ-અજીવ અધિકાર છેને, તો રાગાદિ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ, હિંસા, જૂઠ આદિના પરિણામ તેને અહીંયાં અજીવમાં નાખ્યા છે. સમજાણું કાંઈ? શા માટે નાખ્યા છે ઈ વાત કરે છે.

'ટીકા :- **જેમ—જળમિશ્રિત દૂધનો,...'** જળ અને દૂધ '**જળ સાથે પરસ્પર અવગાહસ્વરૂપ સંબંધ હોવા છતાં,...'** જળ સાથે પરસ્પર અવગાહસ્વરૂપ સંબંધ હોવા છતાં. આ વિશેષ અહીંયા કહે છે. પુદ્ગલ પરિણામ તો કહ્યા પણ અહીં તો એક ક્ષેત્રે અવગાહ સંબંધ છે એથી એક ચીજ બીજી ચીજની થઈ જતી નથી. '**જળ સાથે પરસ્પર અવગાહસ્વરૂપ સંબંધ હોવા છતાં,...'** કોનો? જળ મિશ્રિત દૂધનો. એ દૂધનો જળની સાથે પરસ્પર અવગાહ-એક ક્ષેત્રે રહેવું, આકાશના એક ક્ષેત્રમાં રહેવું એવો સ્વરૂપ સંબંધ હોવા છતાં સ્વલક્ષણભૂત દૂધના ગુણ દ્વારા વ્યાપ્ત હોવાથી. પણ દૂધનું લક્ષણ જે છે મીઠાશ અને સફેદાઈ વગેરે '**તે વડે વ્યાપ્ત હોવાને લીધે દૂધ જળથી અધિકપણે પ્રતીત થાય છે;...'** જળથી દૂધ

પોતાના સ્વલક્ષણથી, પોતાની મીઠાશ અને સફેદાઈને કારણે જળથી અધિકપણે નામ ભિન્ન માલૂમ પડે છે. આ તો હજી દૃષ્ટાંત છે.

'**તેથી, જેવો અગ્નિનો ઉષ્ણતા સાથે તાદાત્મ્યસ્વરૂપ સંબંધ છે...**' જેમ અગ્નિનો ઉષ્ણતાની સાથે તદ્રૂપ સંબંધ છે. '**તેવો જળ સાથે દૂધનો સંબંધ નહિ હોવાથી,...**' તેવો જળ સાથે દૂધનો સંબંધ નહિ હોવાથી. આ કારણ લીધું. '**નિશ્ચયથી જળ દૂધનું નથી;...**' ખરેખર એ પાણી-જળ દૂધનું નથી. આહા..હા...! '**તેવી રીતે—વર્ણાદિક પુદ્ગલદ્રવ્યના પરિણામો સાથે...**' રંગ, ગંધ, રાગ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધાદિના ભાવ. આહા..હા...! એવા '**પુદ્ગલદ્રવ્યના પરિણામો સાથે...**' એ તો પુદ્ગલ દ્રવ્યના પરિણામ છે. આહા..હા...! '**મિશ્રિત આ આત્માનો,...**' જેમ જળ મિશ્રિત દૂધનો એવા '**પુદ્ગલદ્રવ્યના પરિણામો સાથે મિશ્રિત આ આત્માનો, પુદ્ગલદ્રવ્ય સાથે...**' પહેલા કહ્યું હતું કે પુદ્ગલદ્રવ્યના પરિણામો સાથે મિશ્રિત, પછી તેને પુદ્ગલદ્રવ્ય કહી દીધું. આહા..હા...!

ચૈતન્ય ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપે અધિક એ રાગ અને વર્ણ, રંગ આદિથી મિશ્રિત દેખાવા છતાં, એ પુદ્ગલ પરિણામોની સાથે મિશ્રિત દેખાતો હોવા છતાં એ પુદ્ગલદ્રવ્ય સાથે એમ લઈ લીધું છે. શુભભાવ એ પણ પુદ્ગલ છે એમ કહે છે. પહેલા પુદ્ગલના પરિણામ કહ્યું હતું. સમજાણું કાંઈ? પુદ્ગલ દ્રવ્યની સાથે '**પરસ્પર અવગાહસ્વરૂપ સંબંધ...**' આહા..હા...! જળ અને દૂધ એક ક્ષેત્રે અવગાહ, એક ક્ષેત્રે અવગાહ થઈને રહ્યા છે એટલી વાત છે. સમજાણું કાંઈ? એમ ભગવાન આત્મા પુણ્ય અને પાપના વ્યવહારરત્નત્રયના રાગથી પણ અવગાહ દેખાય છે. ચૈતન્ય જ્ઞાયકભાવ ઉપયોગ લક્ષણથી અધિક એવો ભગવાન આત્મા એ રાગના દયા, દાન, વ્રતાદિના પરિણામ એની સાથે તો અવગાહસ્વરૂપ સંબંધ છે. આહા..હા...! શું કહ્યું? શેઠ! એક જગ્યાએ રહે છે. આકાશની જગ્યા. સમજાણું કાંઈ?

અવગાહનો અર્થ આકાશના એક ક્ષેત્રમાં બે દેખાય છે. જેમ જળ મિશ્રિત દૂધ અવગાહ સંબંધમાં સાથે દેખાય છે, પણ સ્વભાવ સંબંધથી ભિન્ન છે. આ દૃષ્ટાંત આપ્યું. એમ ભગવાન આત્મા પુણ્ય અને પાપના વિકલ્પની સાથે અને શરીરના રંગ, ગંધ, રસ, સ્પર્શ સાથે અવગાહ સંબંધ હોવા છતાં એ પુદ્ગલ છે. ઓહો..હો..! પહેલા પુદ્ગલના પરિણામ કહ્યા હતા, પછી પુદ્ગલ કહ્યું. તેની સાથે ભગવાન આત્માને પરસ્પર અવગાહ સંબંધ છે. પરસ્પર શબ્દ અંદર છેને? પરસ્પર અવગાહસ્વરૂપ સંબંધ. આહા..હા...! પુણ્ય અને પાપના ભાવ અને ભગવાન આત્મા, બેયને પરસ્પર અવગાહ સંબંધ છે. એક ક્ષેત્રે રહ્યા છે એટલો સંબંધ છે. વસ્તુ એક નથી. આહા..હા...! લોકોને લાગે વ્યવહાર... વ્યવહાર... વ્યવહાર. કહે છે કે વ્યવહારનો ભાવ જે વિકલ્પ છે એ તો પરસ્પર, જ્યાં રાગ છે ત્યાં ભગવાન છે અને ભગવાન છે ત્યાં

રાગ છે, એવો પરસ્પર અવગાહ સંબંધ છે. પરસ્પર અવગાહસ્વરૂપ સંબંધ. પરસ્પર અવગાહન સ્વરૂપ સંબંધ. સમજાણું કાંઈ?

શરીર, કર્મ એક ક્ષેત્રાવગાહે દેખાવા છતાં જેમ એ અજીવ છે, ભગવાન આત્મા ચૈતન્યચમત્કાર ઉપયોગસ્વરૂપ છે. એમ પુણ્ય અને પાપના વિકલ્પની વૃત્તિઓ એ પુદ્‌ગલ પરિણામ હોવાથી અને પુદ્‌ગલ હોવાથી આત્માની સાથે એક ક્ષેત્રે-આકાશના એક ક્ષેત્રે (સાથે રહ્યા છે). ખરેખર તો વિકાર અને સ્વભાવનું ક્ષેત્ર ભિન્ન છે. સમજાણું કાંઈ? આ અવગાહન લીધું છે ઈ આકાશની અપેક્ષાએ છે. ભાઈ! રાગ, વ્યવહાર ને આત્મા બેય પોતાના ક્ષેત્રની અવગાહ અપેક્ષાએ એમ નહિ. આકાશના ક્ષેત્રની અપેક્ષાએ જ્યાં રાગ છે ત્યાં આત્મા દેખાય છે એ પરસ્પર આકાશની અપેક્ષાએ અવગાહ સંબંધ છે. સમજાણું કાંઈ? આકાશમાં એક ક્ષેત્રે પરસ્પર અવગાહ ક્ષેત્રમાં દેખાય છે. પોતાના સ્વભાવનું ક્ષેત્ર અને રાગનું ક્ષેત્ર તો તદ્દન ભિન્ન છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એક ક્ષેત્રાભાવ નહિ. એક ક્ષેત્રે આકાશના અવગાહનમાં રહે છે એટલું બસ. સમજાણું કાંઈ? આહા..હા...! કેટલી વાત કરે છે જુઓને. જીવ-અજીવ અધિકાર છેને!

'**વર્ણાદિક પુદ્‌ગલદ્રવ્યના પરિણામો સાથે મિશ્રિત આ આત્માનો, પુદ્‌ગલદ્રવ્ય સાથે...**' એ શુભ-અશુભ રાગની વૃત્તિઓ ઊઠે છે એ પુદ્‌ગલદ્રવ્યની સાથે જાણન લક્ષણ આત્મા, ઉપયોગ લક્ષણથી લક્ષિત થયેલો આત્મા અને એ વ્યવહાર રત્નત્રયના રાગની સાથે એક અવગાહ સંબંધ હોવા છતાં '**સ્વલક્ષણભૂત ઉપયોગગુણ વડે વ્યાપ્ત હોવાને લીધે આત્મા સર્વ દ્રવ્યોથી અધિકપણે પ્રતીત થાય છે;...**' આહા..હા...! સમજાણું કાંઈ? કહે છે કે પુણ્ય અને પાપના ભાવ તો અજીવભાવ છે. આહા..હા...! એ આત્મા અને એ અજીવ ભાવની સાથે આકાશના ક્ષેત્રની અપેક્ષાએ એક ક્ષેત્રમાં દેખાય છે અવગાહન છતાં, પોતાના સ્વરૂપના ઉપયોગ લક્ષણથી ભિન્ન આત્મા એ રાગાદિ દયા, દાન, વ્રતના વિકલ્પથી તદ્દન ભિન્ન છે. સમજાણું કાંઈ? હવે અહીં તો કહે છે કે વ્યવહાર હોય તો નિશ્ચય થાય. આ તો કહે છે, વ્યવહાર હોય તો અજીવ હોય. કહો, મણિભાઈ! ક્યાં ગયા ..ભાઈ? આવી વાત સાંભળવા .. શેઠિયાઓને બધું સાંભળવા મળે તો આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ અને ભગવાન આત્મા એ બે, પુદ્‌ગલ અને આત્માને એક ક્ષેત્રાવગાહ આકાશની અપેક્ષાએ એક ક્ષેત્રાવગાહ હોવા છતાં એનું ક્ષેત્ર અને આત્માનું ક્ષેત્ર તો ભિન્ન છે. સમજાણું કાંઈ? આહા..હા...!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. સંબંધ નામ... ભિન્ન થયો. સંયોગ થઈને બે થયા. સમજાણું કાંઈ? આહા..હા...!

ચૈતન્ય ભગવાન પોતાના ઉપયોગ ગુણ દ્વારા એમ છેને? એ તો જાણન-દેખન ઉપયોગના

ગુણ દ્વારા એ રાગ અને પુણ્ય-પાપનું ક્ષેત્ર આકાશની અપેક્ષાએ એક હો, પણ પોતાના ક્ષેત્રથી તો એ ભિન્ન છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઘણું કઠણ પડે છે. અભ્યાસ કે દિ' કર્યો છે? આહા..હા...! કહો, શિખરચંદજી! શું કહે છે? આહા..હા...! તારો પ્રભુ તો જાણન-દેખન ઉપયોગથી રાગાદિ જે પુદ્‌ગલના પરિણામ કહીને પુદ્‌ગલ કહ્યું હતું અને એકક્ષેત્રાવગાહ કહેવામાં આવ્યું હતું, છતાં એનો ઉપયોગ જાણન-દેખન ઉપયોગ લક્ષણ ભાવથી તો ભિન્ન છે. આહા..હા...! સમજાણું કાંઈ? એવી વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વસ્તુ એક જ છે. અભેદનો અર્થ આવી ચીજ છે. આત્મા એને કહીએ કે પોતાના જાણન-દર્શન ઉપયોગ દ્વારા લક્ષિત થનારો એ રાગ અને પરિણામ વ્યવહારના એક ક્ષેત્રે અવકાશ, આકાશની અપેક્ષાએ અવકાશ હોવા છતાં. આહા..હા...! જેમ ભગવાન આત્મા રહે છે ત્યાં આ શરીરનું ક્ષેત્ર દેખાય છે. એવું જ રાગનું એક ક્ષેત્ર દેખાય છે. છતાં, એ આકાશની અપેક્ષાએ, પોતાના જ્ઞાન દર્શનના ઉપયોગ ભાવની અપેક્ષાએ ભિન્ન ઉપયોગ છેને? ઉપયોગ ગુણના સ્વલક્ષણ ભૂત જાણન-દેખન '**સ્વલક્ષણભૂત ઉપયોગગુણ વડે વ્યાપ્ત હોવાને લીધે...**' એ તો જાણન-દેખન ગુણ સાથે વ્યાપ્ત છે. એ રાગના પુદ્‌ગલ પરિણામ અને પુદ્‌ગલની સાથે વ્યાપ્ત નથી. આહા..હા...! સમજાણું કાંઈ? આત્મા વ્યાપક—વિસ્તરવાવાળો અને રાગ અને વિકલ્પ વ્યવહાર એ વ્યાપ્ય એમ નથી. નવનીતભાઈ! આહા..હા...! ગજબ વાત છે. કેટલા બોલ ... છે.

એક તો ભગવાન આત્મા પોતાનો ઉપયોગ જાણન-દેખન લક્ષણથી વ્યાપ્ત હોવાને લીધે '**ઉપયોગગુણ વડે વ્યાપ્ત હોવાને લીધે...**' એમ. એ રાગાદિના પરિણામ પુદ્‌ગલદ્રવ્યની સાથે વ્યાપ્ય છે. ઈ એની અવસ્થા છે. જડની વ્યાપ્ય અવસ્થા. જડ વ્યાપક છે અને એના રાગ-દ્વેષ, દયા, દાન, ભગવાનની ભક્તિ, તીર્થંકરગોત્રનો ભાવ એ અજીવ વ્યાપક છે તો એ પરિણામ એનું વ્યાપ્ય છે. આહા..હા...! સમજાણું કાંઈ? પોતાનું સ્વરૂપ ભગવાન આત્માનું સ્વરૂપ જાણન-દેખન ગુણ. ગુણ શબ્દે અહીં પર્યાય દ્વારા લેવું છેને. અહીંયાં તો પર્યાયથી ભિન્ન પડે છેને? ગુણ તો છે પણ ગુણનો ભેદ કરે છે એ તો પર્યાય ભેદ કરે છે. શું કહ્યું? અહીંયા કહ્યુંને કે '**પુદ્‌ગલદ્રવ્ય સાથે પરસ્પર અવગાહસ્વરૂપ સંબંધ...**' અવગાહસ્વરૂપ સંબંધ. એકરૂપ સંબંધ નહિ, તાદાત્મ્યસ્વરૂપ સંબંધ નહિ. આહા..હા...! ટીકા પણ કેટલી કરી છે. પોતાની ચીજ શું છે? શું છે? કેમ છે? એની સંભાળ કરી નથી. સમજાણું કાંઈ?

કહે છે કે ભગવાન આત્મા પોતાના ઉપયોગ ગુણ દ્વારા, જાણન-દેખન સ્વભાવના ઉપયોગ

ગુણ દ્વારા વ્યાપ્ત હોવાથી, એની સાથે વ્યાપ્ત હોવાથી. આહા..હા...! '**આત્મા સર્વદ્રવ્યોથી અધિકપણે પ્રતીત થાય છે;...**' રાગાદિ વિકારભાવ, વિભાવભાવ એ બધું પરદ્રવ્યમાં નાખી દીધું. કેટલો ફેર કર્યો! પહેલા પુદ્ગલ પરિણામ કહ્યું હતું, પછી પુદ્ગલ કહ્યું, પછી સર્વદ્રવ્યમાં દ્રવ્ય નાખી દીધું. સમજાણું કાંઈ? આટલી તો સ્પષ્ટતા કરી છે. આહા..હા...!

ભગવાન આત્મા જળમિશ્રિત દૂધ દેખાય છે છતાં જળ અને દૂધનું પરસ્પર એક ક્ષેત્રે અવગાહન આકાશની અપેક્ષાએ હોવા છતાં દૂધત્વ ગુણની અપેક્ષાએ. આહા..હા...! છેને એમાં એ? દૂધત્વગુણ દ્વારા વ્યાપ્ત હોવાથી. એ પાણીના પર્યાયની સાથે વ્યાપ્ત નથી. આહા..હા...! સમજાણું કાંઈ? દૂધ જળથી અધિકપણે પ્રતીત થાય છે. સ્વલક્ષણભૂત દૂધપણું એમ હોં. ગુણ લેવો છેને? દૂધ, દૂધનું દૂધપણું એવા ગુણ દ્વારા દૂધ વ્યાપ્ત હોવાથી જળથી દૂધ બિલકુલ વ્યાપ્ત નથી. એમ ભગવાન આત્મા '**વર્ણાદિક પુદ્ગલદ્રવ્યના પરિણામોની સાથે મિશ્રિત આ આત્માનો,...**' મિશ્રિત આત્મા નામ એક જગ્યાએ બે ભેગા એમ દેખાય છે. સમજાણું કાંઈ? રાગ અને આત્મા મિશ્રિત થઈ ગયા છે એમ નથી. સમજાણું કાંઈ? દૂધનો ભાગ ભિન્ન છે અને જળનો ભિન્ન છે. એમ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના વિકલ્પ અને વિભાવ એનું ક્ષેત્ર ભિન્ન, ભાવ ભિન્ન, એ પુદ્ગલના ભાવ છે. ..! આવી વાત છે.

અહીં તો કહે છે કે પરપદાર્થ, પોતાના જ્ઞાનાનંદ સ્વભાવ સિવાય રાગાદિ વિકલ્પાદિ સર્વ પરપદાર્થ એ પુદ્ગલના પરિણામ અને પુદ્ગલ હોવાથી એકક્ષેત્રાવગાહ સંબંધ અવગાહ સંબંધ—એક જગ્યાએ રહેવા છતાં એનો પરસ્પર અવગાહસ્વરૂપ સંબંધ હોવાથી, એમ હોવા છતાં '**સ્વલક્ષણભૂત ઉપયોગુણ વડે વ્યાપ્ત...**' એ તો જાણન-દેખન ગુણ દ્વારા વ્યાપ્ત હોવાથી, ભગવાનને જાણન-દેખન ગુણની પર્યાય. પર્યાયથી લક્ષણનું ભાન થાય છેને? ત્રિકાળી ગુણ તો ગુણ છે જ. પણ એ ગુણ આત્માનો છે. એવો ગુણ આત્માનો છે એ તો પર્યાય નક્કી કરે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઉપયોગ ગુણ શબ્દ લીધો છે.

ઉત્તર :- ઉપયોગ ગુણનો અર્થ આ. ઉપયોગ ગુણથી અધિક છેને? જુઓ, ગુણ દ્વારા વ્યાપ્ત હોવાથી.

મુમુક્ષુ :- ગુણનો અર્થ શું?

ઉત્તર :- ગુણ શબ્દે ત્રિકાળ ગુણ છે પણ 'આ ગુણથી વ્યાપ્ત છે' એ પર્યાય નક્કી કરે છે. આ ગુણથી વ્યાપ્ત આત્મા છે એ કોણે નક્કી કર્યું? પર્યાયે. તો પર્યાયથી, આત્મા પોતાના ગુણની, જ્ઞાનાનંદની પર્યાયથી વ્યાપ્ત છે. આહા..હા...! સમજાણું કાંઈ? ભારે માર્ગ ઝીણો! લોકોને પછી આ હાથ આવે નહિ ને પછી બહારની ચીજે ચડી ગયા. આહા..હા...!

ભગવાન પૂર્ણસ્વરૂપ પ્રભુ પોતાનો જાણન-દેખન એવો ગુણ, એવા લક્ષણ દ્વારા રાગ

અને પુણ્યના પરિણામની સાથે એક ક્ષેત્રે દેખાવા છતાં પોતાના આનંદ અને જ્ઞાનભાવની સાથે વ્યાપ્ત છે, એ રાગની સાથે વ્યાપ્ત નથી. આહા..હા...! કહો, હીરાભાઈ! આવી વાતું ભારે ઝીણી લાગે. આ માણસ પછી એમ કહે કે એ બધું સોનગઢનું. અરે! કોનું છે આ?

મુમુક્ષુ :- ભગવાનની વાણી છે.

ઉત્તર :- આ તો ભગવાનની વાણી છે. આહા..હા...! બાપુ! તેં સાંભળ્યું નથી, ભાઈ! તેં ભગવાનની વાણીમાં તારો ભગવાન કેવો... ભગવાનજીભાઈ! આહા..હા...! ભગવાનની વાણીમાં આમ આવ્યું કે તારા જ્ઞાન-દર્શનના ઉપયોગ દ્વારા તું વ્યાપ્ત છે. એ રાગ અને વિકલ્પની અંદર તું વ્યાપ્ત નથી. એ દૂધના ગુણથી દૂધ વસ્તુ અભિન્ન છે. એમ ભગવાન જ્ઞાન દર્શનના ઉપયોગ દ્વારા વ્યાપ્ત છે. સમજાણું કાંઈ? પોતાની જાણન-દેખન પર્યાયથી એ વ્યાપ્ત છે.

**'વ્યાપ્ત હોવાને લીધે આત્મા...'** આહા..હા...! કેટલું બે લીટીમાં નાખ્યું છે! અરે! ભાગ્ય વિના આ વાત સાંભળવા મળે નહિ. તારા ઘરમાં શું છે અને તારા ઘરમાં શું નથી? આત્મા કોને કહે છે? કે એ તો જ્ઞાન-દર્શનથી વ્યાપ્ત આત્મા છે. આહા..હા...! પરમાં ક્યાંય પણ મીઠાશ આવી જાય... સમજાણું કાંઈ? શરીરની સુંદરતા, નગ્ન દશા, સ્ત્રીની નગ્ન દશા અવયવથી પણ લક્ષમાં એમ છે કે એ રાગ આવ્યો તો કહે છે, અરે પ્રભુ! એ તો પુદ્ગલના પરિણામ છે. આહા..હા...! ક્યાં તને મીઠાશ આવી? એમ કહે છે. સમજાણું કાંઈ? ક્યાં તારી અધિકતા? સ્વભાવથી અધિકતા બીજામાં તને લાગી? ઓહો..! ઇન્દ્રાણીને જોતાં પણ જે રાગ થયો, એનાથી નથી થયો, એ તો પોતાની પર્યાયમાં આવ્યો છે પણ એ પર્યાયથી આત્મા વ્યાપ્ત નથી. સમજાણું કાંઈ? ભગવાન પોતાની જાણન-દેખન પર્યાય દ્વારા વ્યાપ્ત હોવાથી સર્વ પરદ્રવ્યો... આહા..હા...! આવી ટીકા! તીર્થંકરના જેમ ગણધર હોય એમ કુંદકુંદાચાર્યના ગણધર છે અમૃતચંદ્રાચાર્ય. શું કહે છે!

મુમુક્ષુ :- ગંભીર રહસ્ય.

ઉત્તર :- ગંભીર રહસ્ય. પ્રભુ! તું ક્યાં છે? જ્યાં તું છો ત્યાં રાગનું વ્યાપવાપણું નથી. સમજાણું કાંઈ? જ્યાં તું છો અને જેવો તું છો એમાં રાગનું પ્રસરવું, વ્યાપવું એ તારામાં નથી. તું તો પોતાના જ્ઞાન-દર્શનના ઉપયોગ દ્વારા વ્યાપ્ત એ સર્વ પરદ્રવ્યોથી અધિકપણે છો. એનો અર્થ પરદ્રવ્યથી પરિપૂર્ણ ભિન્ન. પરદ્રવ્યના સંબંધથી રાગ થયો એનાથી દશા હીણી થઈ ગઈ એ નહિ. આહા..હા...! તારી પર્યાયમાં જ્ઞાનદર્શનમાં વ્યાપ્ત હોવાથી તું પરિપૂર્ણ પરથી ભિન્ન છો. સમજાણું કાંઈ? અધિક કહ્યું ને? ૩૧ ગાથામાં એ લીધું છે. **'णाणसहावाधियं मुणदि आदं'** જેણે જ્ઞાનસ્વભાવથી રાગભાવથી ભિન્ન જેણે જાણ્યું એ જિન છે. એ પર્યાયમાં જિન થયો. આહા..હા...! દ્રવ્યસ્વરૂપ તો જિન છે જ, આત્મા વસ્તુસ્વરૂપે તો જિન જ છે. એ જિનની નિર્મળ પર્યાય જ્યારે અંદર ઉત્પન્ન થઈ એમાં વ્યાપે છે તો પર્યાયમાં જિન

થયો. આહા..હા...! સમજાણું કાંઈ? અપૂર્વકરણ પરિણામ આવે છેને? એ બધા પરિણામ મિથ્યાત્વની ભૂમિકામાં છે. આહા..હા...! અધઃકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ એ આગમની ભાષા છે, હો, એ તો મિથ્યાત્વની ભૂમિકામાં છે એમ કહે છે. સમ્યગ્દર્શનની ભૂમિકામાં એ પરિણામ નથી.

મુમુક્ષુ :- એ તો પુદ્ગલના પરિણામ થયા.

ઉત્તર :- હા, એમ જ છે. સમજાણું કાંઈ?

ભગવાન ચૈતન્યમૂર્તિ પ્રભુ પોતાના ગુણની ધારા જે જાણન-દેખન છે એમાં એ વ્યાપ્ત છે. આહા..હા...! એ શુદ્ધાત્માભિમુખ પરિણામ એ પરિણામ દ્વારા આત્મા વ્યાપક છે. રાગ અને પુણ્ય-પાપના વિકલ્પ... પરસ્પર હોં! રાગ, સ્વભાવના ક્ષેત્રમાં આકાશની અપેક્ષાએ અને સ્વભાવ રાગના ક્ષેત્રમાં આકાશની અપેક્ષાએ પરસ્પર અવગાહસ્વરૂપ સંબંધ એમ પાઠ છે. પરસ્પર અવગાહસંબંધ એમ નહિ, અવગાહસ્વરૂપ સંબંધ એ તો છે. આહા..હા...!

'**સર્વ દ્રવ્યોથી અધિકપણે પ્રતીત થાય છે;...**' જુઓ, અહીં તો પ્રતીત થાય છે એમ લેવું છે. શું કહ્યું? આમ છે... આમ છે.. આમ છે એમ એકલું નથી. પોતાના જાણન દર્શન ઉપયોગ પરિણામથી આત્મા વ્યાપ્ત એ સર્વ દ્રવ્યોથી ભિન્ન અધિકપણે જુદો પ્રતીત થાય છે. તેને આત્મા કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ? છે કે નહિ? સામે પુસ્તક તો છે. છે? સ્પષ્ટ છે. પંડિતજી! છે? સ્પષ્ટ છે એમાં. એક જ ગાથાએ બસ છે. ભગવાનના ભેટા કરવાની એક જ રીત છે. રાગાદિ સર્વ ચીજથી મીઠાશ ઉઠાવીને, એ અજીવની મીઠાશ છે. આહા..હા...! પોતાના સ્વભાવથી ભિન્ન અધિક પોતામાં દેખવાનું છોડીને રાગાદિ અને પર આદિથી એ પોતાથી ઠીક છે, અધિક છે એવો દેખાવ કરવો એ તો જડનો દેખાવ કરે છે એમ કહે છે. સમજાણું કાંઈ? એમાં આત્મા વ્યાપ્ત નથી. પૈસા, આબરૂ, શરીર, વિષયવાસના, વિષયનું સ્થાન જે દેહની પર્યાય... આહા..હા...! એ સર્વ પરદ્રવ્ય છે અને પરદ્રવ્યથી પોતાનો અધિકપણે દેખાવો, એ આત્મા એમાં વ્યાપ્યો નથી પણ માને છે કે હું એમાં વ્યાપ્યો છું. સમજાણું કાંઈ? 'એવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન.'

પંચાસ્તિકાયમાં આવે છે કે એ છ દ્રવ્યના સ્વભાવનું સ્વરૂપ, શ્રોતાને સ્વભાવના સાંભળવાવાળાને સંભળાવ્યું. પંચાસ્તિકાયમાં આવે છે. આવે છેને? લોકસ્વભાવ સુણંતમ્. આ આત્મસ્વભાવ સુણંતમ્. સમજાણું કાંઈ? લોક આત્મા પોતાના જ્ઞાન, દર્શન ઉપયોગ દ્વારા વ્યાપ્ત છે. ઉપયોગમાં વ્યાપ્ત છે. એ આત્મા રાગમાં વ્યાપ્ત નથી. એવી ચીજ ભિન્ન જ રહી છે. એકક્ષેત્રાવગાહ હોવા છતાં ચીજ એમ ભિન્ન જ રહી છે. ભિન્ન રહી છે તો ભિન્નનો ભાસ થાય છે. સમજાણું કાંઈ? એ કાંઈ વાત છે?

મુમુક્ષુ :- ધર્મની વાત છે.

ઉત્તર :- ધર્મની વાત છે.

**'સર્વ દ્રવ્યોથી...'** પોતાની પર્યાય ગુણાદિથી વ્યાપ્ત હોવાથી, ભગવાન આત્મા સર્વ દ્રવ્યોથી અધિકપણે પરિપૂર્ણ છે. વસ્તુ પરિપૂર્ણ છે અને પર્યાયમાં પરિપૂર્ણ પ્રતીત થઈ. સમજાણું કાંઈ? પ્રતીતિ પરિપૂર્ણ છે, પ્રતીતિનો વિષય પરિપૂર્ણ છે. સમજાણું કાંઈ? આ વસ્તુ વીતરાગના ઘરની, આ માર્ગ પરમાત્મા આત્માનો. એ સિવાય લોકરંજન કરે ભાઈ! એમાં તને શું લાભ થયો? તારો આત્મા ઉપયોગથી આનંદમાં આવે એ રાજીપો-ખુશીપણું છે. સમજાણું કાંઈ? સૂક્ષ્મ પણ શલ્ય કેવું રહે છે એ બહુ સૂક્ષ્મ છે. સમજાણું કાંઈ?

તેથી.. **'અધિકપણે પ્રતીત થાય છે; તેથી,...'** આહા..હા...! આવા સિદ્ધાંત અને શાસ્ત્ર વીતરાગની વાણી રહી ગઈ કે જે આત્માને સ્પષ્ટ અને સ્પર્શ કેમ થાય એ બતાવે છે. એ આત્મા પોતાના ગુણ દ્વારા વ્યાપ્ત હોવાથી ઓહો..! વ્યવહારથી વ્યાપ્ત નથી, શુભરાગથી વ્યાપ્ત નથી. તો એનાથી આત્માને લાભ થાય એ ક્યાંથી આવ્યું? અજીવના આશ્રયથી જીવને લાભ થાય? ભગવાન આત્મા પરિપૂર્ણ આનંદ આદિ જ્ઞાનનો પૂંજ એ પોતાના ઉપયોગ લક્ષણથી વ્યાપ્ત છે. અને એ ઉપયોગ લક્ષણથી પરથી ભિન્ન, રાગાદિથી પણ ભિન્ન એવું અધિકપણે પરિપૂર્ણપણે પ્રતીત થઈ, પ્રતીત થાય છે એમ કહ્યું. આહા..હા...! સમજાણું કાંઈ? વર્તમાન .. અધિકપણે છે. એકલી વાત નથી કરવી. આહા..હા...! ધન્ય રે ધન્ય! સમજાણું કાંઈ?

ભગવાન પોતાના જ્ઞાનદર્શનથી લક્ષિત, જ્ઞાનદર્શનથી વ્યાપ્ત. **'સર્વ દ્રવ્યોથી અધિકપણે પ્રતીત થાય છે;...'** લ્યો! શ્રદ્ધામાં આવો આત્મા આવે છે એમ કહે છે. એ જ્ઞાનની પર્યાયપણે ... જ્ઞાનની પર્યાયમાં આવો આત્મા પ્રતીતમાં આવે છે. તેને આત્માનું જ્ઞાન કહે છે, તેને આત્માનું ભાન કહે છે, તેને પરથી ભેદજ્ઞાન કહે છે. **'તેથી, જેવો...'** ઓલો જેમ ભિન્નનો દૃષ્ટાંત આપ્યો હતો. હવે અભિન્નનું દૃષ્ટાંત દે છે. **'અગ્નિનો ઉષ્ણતા સાથે...'** તાદાત્મ્યસંબંધ **'તાદાત્મ્યસ્વરૂપસંબંધ...'** ભાષા એમ છે. ઓલામાં એમ હતું. અવગાહસ્વરૂપસંબંધ હતું. અરે! અવગાહસ્વરૂપ એ તો છે એમ કહે છે. **'જેવો અગ્નિનો ઉષ્ણતા સાથે તાદાત્મ્યસ્વરૂપ સંબંધ છે...'** તદ્રૂપ સ્વભાવસંબંધ છે **'તેવો વર્ણાદિક સાથે આત્માનો સંબંધ નહિ હોવાથી,...'** આહા..હા...! એમ રાગાદિ અને રંગ આદિ, રંગ એટલે વર્ણ આદિ, પહેલા વર્ણ છેને? પછી ગંધ, રસ, સ્પર્શ બધું આવી ગયુંને? **'તેવો વર્ણાદિક સાથે આત્માનો સંબંધ નહિ હોવાથી,...'** માન્યતામાં તેં માન્યું છે એ માન્યતા મોહ છે, નિરર્થક છે, પોતાનું પ્રયોજન એમાં નથી. આહા..હા...!

**'વર્ણાદિક સાથે આત્માનો સંબંધ નહિ હોવાથી,...'** આ કારણે **'નિશ્ચયથી વર્ણાદિક પુદ્‌ગલપરિણામો આત્માના નથી.'** લ્યો! આ દૃષ્ટાંત પૂછ્યું હતું કે એનું કારણ તો દ્યો. કારણ આપોને. આ કારણે કહ્યું. જળ મિશ્રિત દૂધ દૂધરૂપે રહે છે. મિશ્રનો અર્થ ઈ થયો.

મિશ્રિતનો અર્થ બે થયો. બે ભિન્ન-ભિન્ન છે એને મિશ્રિત કહેવામાં આવે છે. આહા..હા...! એકબીજાના અંશ ઘૂસી જાય એમ નથી. રાગનો અંશ આત્મામાં આવે છે અને જ્ઞાનની પર્યાય રાગમાં આવે છે એમ નથી. સમજાણું કાંઈ? તેથી '**નિશ્ચયથી વર્ણાદિક પુદ્‌ગલપરિણામો આત્મા નથી.**' લ્યો! આ ઉત્તર આપ્યો. ઓહો..હો..!

## ગાથા-૫૮ થી ૫૯

कथं तर्हि व्यवहारोऽविरोधक इति चेत्—

पंथे मुस्संतं पस्सिदूण लोगा भणंति ववहारी।
मुस्सदि एसो पंथो ण य पंथो मुस्सदे कोई।।५८।।
तह जीवे कम्माणं णोकम्माणं च पस्सिदुं वण्णं।
जीवस्स एस वण्णो जिणेहिं ववहारदो उत्तो।।५९।।
गंधरसफासरुवा देहो सठाणमाइया जे य।
सव्वे ववहारस्स य णिच्छयदण्हू ववदिसंति।।६०।।

पथि मुष्यमाणं दृष्ट्वा लोका भणन्ति व्यवहारिणः।
मुष्यते एष पन्था न च पन्था मुष्यति कश्चित्।।५८।।
तथा जीवे कर्मणां नोकर्मणां च दृष्ट्वा वर्णम्।
जीवस्यैष वर्णो जिनैर्व्यवहारत उक्तः।।५९।।
गन्धरसस्पर्शरूपाणि देहः संस्थानादयो ये च।
सर्वे व्यवहारस्य च निश्चयद्रष्टारो व्यपदिशन्ति।।६०।।

यथा पथि प्रस्थितं कंचित्सार्थं मुष्यमाणमवलोक्य तात्स्थ्यात्तदुपचारेण मुष्यत एष पन्था इति व्यवहारिणां व्यपदेशेऽपि न निश्चयतो विशिष्टाकाशदेशलक्षणः कश्चिदपि पन्था मुष्यते, तथा जीवे बन्धपर्यायेणावस्थितंकर्मणो नोकर्मणो वा वर्णमुत्प्रेक्ष्य तात्स्थ्यात्तदुपचारेण जीवस्यैष वर्ण इति व्यवहारतोऽर्हद्देवानां प्रज्ञापनेऽपि न निश्चयतो नित्यमेवामूर्तस्वभावस्योपयोगगुणाधिकस्य जीवस्य कश्चिदपि वर्णोऽस्ति। एवं गन्धरसस्पर्शरूपशरीरसंस्थानसंहननरागद्वेषमोहप्रत्ययकर्मनोकर्मवर्गवर्गणास्पर्धकाध्यात्म-स्थानानुभागस्थानयोगस्थानबंधस्थानोदयस्थानमार्गणास्थानस्थितिबन्धस्थानसंक्लेशस्थान-

विशुद्धिस्थानसंयमलब्धिस्थानजीवस्थानगुणस्थानान्यपि व्यवहारतोऽर्हद्देवानां प्रज्ञापनेऽपि निश्चयतो नित्यमेवामूर्तस्वभावस्योपयोगगुणेनाधिकस्य जीवस्य सर्वाण्यपि न सन्ति, तादात्म्यलक्षणसम्बन्धाभावात्।

હવે વળી પૂછે છે કે આ રીતે તો વ્યવહારનય અને નિશ્ચયનયને વિરોધ આવે છે; અવિરોધ કઈ રીતે કહેવામાં આવે છે? તેનો ઉત્તર દૃષ્ટાંત દ્વારા ત્રણ ગાથાઓમાં કહે છે :—

દેખી લૂંટાતું પંથમાં કો,'પંથ આ લૂંટાય છે'–
બોલે જનો વ્યવહારી, પણ નહિ પંથ કો લૂંટાય છે; ૫૮.
ત્યમ વર્ણ દેખી જીવમાં કર્મો અને નોકર્મનો,
ભાખે જિનો વ્યવહારથી 'આ વર્ણ છે આ જીવનો'. ૫૯.
એમ ગંધ, રસ, રૂપ, સ્પર્શ ને સસ્થાન, દેહાદિક જે,
નિશ્ચય તણા દ્રષ્ટા બધું વ્યવહારથી તે વર્ણવે. ૬૦.

ગાથાર્થઃ- [पथि मुष्यमाणं] જેમ માર્ગમાં ચાલનારને લૂંટાતો [दृष्टवा] દેખીને '[एषः पन्था] આ માર્ગ [मुष्यते] લૂંટાય છે' એમ [व्यवहारिणः] વ્યવહારી [लोकाः] લોકો [भणन्ति] કહે છે; ત્યાં પરમાર્થથી વિચારવામાં આવે તો [कश्चित् पन्था] કોઈ માર્ગ તો [न च मुष्यते] નથી લૂંટાતો, માર્ગમાં ચાલનાર માણસ જ લૂંટાય છે; [तथा] તેવી રીતે [जीवे] જીવમાં [कर्मणां नोकर्मणां च] કર્મોનો અને નોકર્મોનો [वर्णम्] વર્ણ [दृष्टवा] દેખીને [जीवस्य] જીવનો [एषः वर्णः] આ વર્ણ છે' એમ [जिनैः] જિનદેવોએ [व्यवहारतः] વ્યવહારથી [उक्तः] કહ્યું છે. [गन्धरसस्पर्शरुपाणि] એ પ્રમાણે ગંધ, રસ, સ્પર્શ, રૂપ, [देहः संस्थानादयः] દેહ, સંસ્થાન આદિ [ये च सर्वे] જે સર્વ છે, [व्यवहारस्य] તે સર્વ વ્યવહારથી [निश्चयद्रष्टारः] નિશ્ચયના દેખનારા [व्यपदिशन्ति] કહે છે.

ટીકાં :— જેમ વ્યવહારી લોકો, માર્ગે નીકળેલા કોઈ સાર્થને (સંઘને) લૂંટાતો દેખીને, સાર્થની માર્ગમાં સ્થિતિ હોવાથી તેનો ઉપચાર કરીને, 'આ માર્ગ લૂંટાય છે' એમ કહે છે, તોપણ નિશ્ચયથી જોવામાં આવે તો, જે આકાશના અમુક ભાગસ્વરૂપ છે એવો માર્ગ તો કોઈ લૂંટાતો નથી; તેવી રીતે ભગવાન અર્હંતદેવો, જીવમાં બંધપર્યાયથી સ્થિતિ પામેલો (રહેલો) કર્મનો અને નોકર્મનો વર્ણ દેખીને, કર્મ–નોકર્મના વર્ણને (બંધપર્યાયથી) જીવમાં સ્થિતિ હોવાથી તેનો ઉપચાર કરીને, 'જીવનો આ

વર્ણ છે' એમ વ્યવહારથી જણાવે છે, તોપણ નિશ્ચયથી, સદાય જેનો અમૂર્ત સ્વભાવ છે અને જે ઉપયોગગુણ વડે અન્યદ્રવ્યોથી અધિક છે એવા જીવનો કોઈ પણ વર્ણ નથી. એ પ્રમાણે ગંધ, રસ, સ્પર્શ, રૂપ, શરીર, સંસ્થાન, સંહનન, રાગ, દ્વેષ, મોહ, પ્રત્યય, કર્મ, નોકર્મ, વર્ગ, વર્ગણા, સ્પર્ધક, અધ્યાત્મસ્થાન, અનુભાગસ્થાન, યોગસ્થાન, બંધસ્થાન, ઉદયસ્થાન, માર્ગણાસ્થાન, સ્થિતિબંધસ્થાન, સંકલેશસ્થાન, વિશુદ્ધિસ્થાન, સંયમલબ્ધિસ્થાન, જીવસ્થાન અને ગુણસ્થાન-એ બધાય (ભાવો) વ્યવહારથી અર્હંતદેવો જીવના કહે છે, તોપણ નિશ્ચયથી, સદાય જેનો અમૂર્ત સ્વભાવ છે અને જે ઉપયોગગુણવડે અન્યથી અધિક છે એવા જીવના તે સર્વ નથી, કારણ કે એ વર્ણાદિ ભાવોને અને જીવને તાદાત્મ્યલક્ષણ સંબંધનો અભાવ છે.

ભાવાર્થ :— આ વર્ણથી માંડીને ગુણસ્થાન પર્યંત ભાવો સિદ્ધાંતમાં જીવના કહ્યા છે તે વ્યવહારનયથી કહ્યા છે; નિશ્ચયનયથી તેઓ જીવના નથી કારણ કે જીવ તો પરમાર્થે ઉપયોગસ્વરૂપ છે.

અહીં એમ જાણવું કે—પહેલાં વ્યવહારનયને અસત્યાર્થ કહ્યો હતો ત્યાં એમ ન સમજવું કે તે સર્વથા અસત્યાર્થ છે, કથંચિત્ અસત્યાર્થ જાણવો; કારણ કે જ્યારે એક દ્રવ્યને જુદું, પર્યાયોથી અભેદરૂપ, તેના અસાધારણ ગુણમાત્રને પ્રધાન કરીને કહેવામાં આવે ત્યારે પરસ્પર દ્રવ્યોનો નિમિત્તનૈમિત્તિકભાવ તથા નિમિત્તથી થતા પર્યાયો- તે સર્વ ગૌણ થઈ જાય છે, એક અભેદદ્રવ્યની દૃષ્ટિમાં તેઓ પ્રતિભાસતા નથી. માટે તે સર્વ તે દ્રવ્યમાં નથી એમ કથંચિત્ નિષેધ કરવામાં આવે છે. જો તે ભાવોને તે દ્રવ્યમાં કહેવામાં આવે તો તે વ્યવહારનયથી કહી શકાય છે. આવો નયવિભાગ છે.

અહીં શુદ્ધનયની દૃષ્ટિથી કથન છે તેથી એમ સિદ્ધ કર્યું છે કે આ સર્વ ભાવોને સિદ્ધાંતમાં જીવના કહ્યા છે તે વ્યવહારથી કહ્યા છે. જો નિમિત્તનૈમિત્તિકભાવની દૃષ્ટિથી જોવામાં આવે તો તે વ્યવહાર કથંચિત્ સત્યાર્થ પણ કહી શકાય છે. જો સર્વથા અસત્યાર્થ જ કહેવામાં આવે તો સર્વ વ્યવહારને લોપ થાય અને સર્વ વ્યવહારનો લોપ થતાં પરમાર્થનો પણ લોપ થાય. માટે જિનદેવનો ઉપદેશ સ્યાદ્વાદરૂપ સમજ્યે જ સમ્યગ્જ્ઞાન છે, સર્વથા એકાંત તે મિથ્યાત્વ છે.

## ગાથા-૫૮ થી ૬૦ ઉપર પ્રવચન

'**હવે વળી પૂછે છે કે આ રીતે તો વ્યવહારનય અને નિશ્ચયનયને વિરોધ આવે છે;...**' વ્યવહાર કહે છે કે આ છે, નિશ્ચય કહે છે કે નથી. એવો '**વ્યવહારનય અને નિશ્ચયનયને વિરોધ આવે છે; અવિરોધ કઈ રીતે કહેવામાં આવે છે?**' આહા..હા...! બેના ઝઘડા છૂટી જાય એવો અવિરોધ કઈ રીતે કહેવામાં આવે છે? આ તો વ્યવહારે છે અને નિશ્ચયે નથી લ્યો! સમજાણું કાંઈ? વ્યવહારે છે, એક ચીજ છે પણ બસ એટલું. નિશ્ચયનયે નથી, પોતાના સ્વભાવમાં નથી. ત્રિકાળી સ્વભાવનું અવલંબન લે, પરિણમન જે થયું એમાં છે જ નહિ. એનો '**અવિરોધ કઈ રીતે કહેવામાં આવે છે? તેનો ઉત્તર દૃષ્ટાંત દ્વારા ત્રણ ગાથાઓમાં કહે છે :—**'

पंथे मुस्संतं पस्सिदूण लोगा भणंति ववहारी।
मुस्सदि एसो पंथो ण य पंथो मुस्सदे कोई।।५८।।
तह जीवे कम्माणं णोकम्माणं च पस्सिदुं वण्णं।
जीवस्स एस वण्णो जिणेहिं ववहारदो उत्तो।।५९।।
गंधरसफासरूवा देहो संठाणमाइया जे य।
सव्वे ववहारस्स य णिच्छयदण्हू ववदिसंति।।६०।।

નિશ્ચયના જાણનાર બધાને વ્યવહાર કહે છે. આહા..હા...! એટલે કે પર કહે છે. આહા..હા...! ઓલા તો કહે, દસમા ગુણસ્થાન સુધી, ચૌદમા ગુણસ્થાન સુધી ઉદયભાવ (હોય છે) અને તમે કહો છો, કાંઈ છે નહિ. અરે! ભગવાન! સમજાણું કાંઈ? એ તો જાણવાલાયક પર્યાય કેવી છે એ બતાવે છે. આદરવા લાયક જે આત્મા થયો એનાથી તે બધા ભિન્ન છે. ભાન થયું ત્યારથી ભિન્ન છે. ભિન્ન ન માને તોપણ ભિન્ન જ છે. આહા..હા...! સમજાણું કાંઈ? કદી બે એક થયા નથી. રાગ અને આત્માની જ્ઞાનપર્યાય એક કેમ થાય? એ તો તાદાત્મ્ય અભ્યાસ કર્યો છે એનો. વિભાવનો અભ્યાસ કર્યો છે માટે એક દેખાય છે. એક છે નહિ. આહા..હા...!

આ નિશ્ચય અને વ્યવહારના ઝઘડા. લાવો ચર્ચા કરો. અરે! ભગવાન! તારા આત્મા સાથે કરને પ્રભુ! આ સમય ચાલ્યા જાય છે. અનંતે કાળે નિગોદથી નીકળી મનુષ્યપણું... આહા..હા...! જરીક બોલવાનું સાધન આદિ મળ્યું ત્યાં તને એમ થઈ જાય કે આહા..હા...! ઝઘડા. અહીં તો કહે છે કે ઝઘડો ભગવાનમાં છે જ નહિ. આત્મા ઝઘડાથી વ્યાપ્ત કદી થયો જ નથી. આહા..હા...! 'સદ્‌ગુરુ કહે સહજકા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.' અરે!

ભગવાન! માંડ ટાણા આવ્યા ટળવાના ભવના અભાવના, ત્યાં વળી ચોંટ્યો કે નહિ આ નહિ. એ હોય, એ હોય, એ હોય. એના વિના જ્ઞાન થાય નહિ, એના વિના આત્મા જણાય નહિ. વ્યવહાર વિના આત્મા જણાય નહિ. અજીવ વિના જ્ઞાન-જીવ જણાય નહિ એમ થયું કે નહિ? આહા..હા...! મોટી મોટી વાતું કરે. ક્યાં ગયા? તમારું આવ્યું છે જૈનસંદેશમાં આ શિબિરનું. કોઈ મધ્યસ્થે લખ્યું છે. પ્રચાર ઘણો થયો છે. થોડો દોષ પણ કાઢ્યો છે. પણ દોષ બીજી જાતનો. જરી એમ કે ભરબજારમાં એમ ન થવું જોઈએ. એકાંતમાં થવું જોઈએ. બજારમાં લખ્યું છે કાંઈક ચારેકોર એક બાજુ આ.. એક બાજુ. ગામમાં થાય એમાં તારે.. માણસો આવે.

મુમુક્ષુ :- વધારે માણસો દાન કરે.

ઉત્તર :- ... બહારમાં આવે કોણ? એમ બે વાંક કાઢ્યા છે. અગ્રેસરો આવા હોય, કાર્યકર્તા આવા જોઈએ. એવું બધું લખ્યું છે કાંઈક. થોડો તમારો દોષ કાઢ્યો હશે એમાં. તમે કાર્યકર્તા હતાને. આહા..હા...! આમ તો વખાણ કર્યા છે હોં બધાના. પ્રચાર બહુ સારો, આ રીતે ધર્મનો પ્રચાર થાય એ પ્રશંસનીય છે. કામ બહુ સારું છે. એમ પણ કહ્યું છે. વખાણ તો એવા હોય વળી પાછું થોડું.

મુમુક્ષુ :- દાળમાં કાળું લાગે છે.

ઉત્તર :- કાળું લાગે છે. અરે! ભગવાન! આ તો માર્ગ હિન્દુસ્તાનમાં શું આખી દુનિયામાં પ્રચાર કરવા જેવો છે. માર્ગ જ આ છે, ભાઈ! તારા કલ્યાણના પંથની હા તો પાડ. સમજાણું કાંઈ? અરે! ચોર્યાસીના અવતારમાં દુઃખી થયો છે. ચોર્યાશીના અવતારમાં દુઃખી છે 'मजन्तु' આવે છે કે નહિ? આવો ભાઈ! ભગવાન આત્મામાં બધા સ્નાન કરો અને આ સંસારનો મેલ ધોઈ નાખો. સાગમટે નોતરે છે. સાગમટે નોતરે કહે છે સમજ્યા? સર્વ કુટુંબને. કોઈ વૃદ્ધ આદિ રોગી હોય ને ન આવી શકે એ જુદી વાત છે. બધાને નોતરું છે, આવો.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ... વાત સાચી. આવી વાત નાથ, તને મળે નહિ. તું ના ન કહે. ઝઘડા ન કર ભાઈ! વિકલ્પ ઉઠાવવો એ આત્માને હણી નાખવા જેવું છે. આહા..હા...! વિકલ્પ એ પુદ્ગલની પર્યાય. ગજબ વાત છે. સમજાણું કાંઈ? ખરેખર વસ્તુની દૃષ્ટિ અને વસ્તુનો સ્વભાવ જોતા વર્ણાદિ, રંગાદિ પુદ્ગલ પરિણામ આત્માના નહિ એ તો આવી ગયુંને?

હવે વ્યવહારનય અને આ નય કઈ રીતે છે?

**દેખી લૂંટાતું પંથમાં કો, 'પંથ આ લૂંટાય છે'-**
**બોલે જનો વ્યવહારી, પણ નહિ પંથ કો લૂંટાય છે; ૫૮.**

ત્યમ વર્ણ દેખી જીવમાં કર્મો અને નોકર્મનો,
ભાખે જનો વ્યવહારથી 'આ વર્ણ છે આ જીવનો'. ૫૯.
એમ ગંધ, રસ, રૂપ, સ્પર્શ ને સંસ્થાન, દેહાદિક જે,
નિશ્ચય તણા દ્રષ્ટા બધું વ્યવહારથી તે વર્ણવે. ૬૦.

દૃષ્ટાંત આપે છે. '**જેમ વ્યવહારી લોકો, માર્ગે નીકળેલા કોઈ સાર્થને (સંઘને) લૂંટાતો દેખીને, સાર્થની માર્ગમાં સ્થિતિ હોવાથી...**' એ સંઘ માર્ગમાં ઊભો છેને? '**તેનો ઉપચાર કરીને, 'આ માર્ગ લૂંટાય છે' એમ કહે છે,...**' આ માર્ગ લૂટારું છે. સમજાણું કાઈ? અમારે ઉમરાળા અને ગારિયાધાર જતાં એક લૂંટારો માર્ગ આવે છે. ઉમરાળા અને ત્યાં એક આવે છે. પાનસડા. આ ઉમરાળાથી ગારિયાધાર જઈએને. પહેલા ક્યાં રેલ ક્યાં હતી? એક્કો એક્કો હોયને? એક બળદ બેસીને જાતા બાર ગાવ. સવારે ચાલે તો સાંજે પહોંચી જાય. એમાં વચ્ચે આવતું નેરુ. લૂંટારું નેરુ કહેતા. કારણ કે ઊંચું નેરું આમ ભેખડ અને ઊંડું, લાંબુ અને પહોળું એટલે ચોર લોકો ત્યાં બેસે. ઓલા ગાડા ઉતરે તો એને દેખાય નહિ. ગાડાવાળાને ત્યાં સુધી દેખાય નહિ. ગાડા ચાલતા હોય તો અંદરમાં બેઠા હોય તેને દેખાય નહિ. અંદરમાં જ્યાં ગાડુ ઉતરે ત્યાં ઓલા ઘેરી લે. સમજાણું કાંઈ? બાર વર્ષ, તેર વર્ષની ઉંમરે નીકળ્યા હતા. અમારી સાથે બીજા હતા એ કહે, ભાઈ! આ લૂંટારું છે. રસ્તો લૂંટારો છે એમ કહે. પથરા-બથરા રાખી અને ગાડામાં છોકરા બધા બેઠા હોય એને પણ પથરા આપ્યા હોય કે કો'ક આવે તો પથરા મારવા. પણ એ ત્યાં પથરા મારે કાંઈ.. પણ આ તો લૂંટારું આ માર્ગ છે એમ કહેતા હતા. સમજાણું કાંઈ? ઉમરાળા તમારે બરવાળા જતા એવો કોઈ રસ્તો નથી હોં. ઉમરાળાથી ગારિયાધાર જતાં (આવે). એ બાર ગાવ થાય બરવાળા. એ આવ્યા હતા .. ૮૧માં. શું?

મુમુક્ષુ :- શું સ્વામીજી બોલ્યા?

ઉત્તર :- સમજાણું નહિ? એ માર્ગ છેને માર્ગ હોયને? માર્ગ છેને રસ્તો. એને જગત લૂંટારો કહે છે. આ છેને પાઠ જુઓ! '**માર્ગે નીકળેલા કોઈ સાર્થને (સંઘને) લૂંટાતો દેખીને,...**' માણસ નીકળ્યો હોય એને ચોર લૂંટે તો એ માર્ગ લૂંટારો છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ તો અમને અનુભવ છે નાની ઉંમરનો. વરસાદનું ટાણું, એક બાજુ વીજળી ઝબકાર મારે અને બાર ગાવ જાવું એમાં વચ્ચે આવે નેરું વટવું લાંબુ. નેરુ સમજો છો? .. હોયને .. મોટું. જ્યાં સુધી કાંઠે આવે ત્યાં સુધી તો એ દેખાય નહિ અંદરમાં. પછી અંદર જ્યાં જાય ત્યાં ચોર લોકો બેઠા હોય. લૂંટે. લોકો કહે કે લૂંટારો માર્ગ છે, ધ્યાન રાખજો. માર્ગ લૂંટારો છે?

'**(સંઘને) લૂંટાતો દેખીને, સાર્થની માર્ગમાં સ્થિતિ હોવાથી...**' આ વાત છે.

સંઘ ત્યાં ઊભો છેને? માણસ રસ્તામાં ઊભો તો હોયને. 'તેનો ઉપચાર કરીને, 'આ માર્ગ લૂંટાય છે'' આહા..હા...! 'એમ કહે છે,...' આમ કહે છે. ઓહો..હો..! આચાર્યોને પણ સંસારની બધી વાતની ખબર. 'તોપણ નિશ્ચયથી જોવામાં આવે તો, જે આકાશના અમુક ભાગસ્વરૂપ છે એવો માર્ગ...' એ તો આકાશના અમુક ભાગસ્વરૂપ માર્ગ છે. 'તો કોઈ લૂંટાતો નથી;...' માર્ગ તો કોઈ લૂંટતું નથી, માણસ લૂંટાય છે. એમ બોલાય છે. એમ બરાબર બોલાય છે હોં! એ લૂંટારો માર્ગ આવ્યો, ધ્યાન રાખજો એમ કહે. અમે બાળક હતા ને નાની ઉંમરમાં. ગારિયાધારથી ઉમરાળા જતા હતા. .. તો સાથે આદમી હતા. ધ્યાન રાખજો. માર્ગ એવો આવ્યો છે, લૂંટારો માર્ગ છે. ગાડાને એકદમ હાંકો. ગાડું સમજ્યાને? બળદને એકદમ હાંકો, ઝટ એકદમ ઓલી કોર નીકળી જાવ. 'એમ કહે છે, તોપણ નિશ્ચયથી જોવામાં આવે તો, જે આકાશના અમુક ભાગસ્વરૂપ છે એવો માર્ગ તો કોઈ લૂંટાતો નથી;...' માર્ગ કોઈ લૂંટાતો નથી. 'તેવી રીતે...' હવે સિદ્ધાંત આપે છે. જરી સૂક્ષ્મ છે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ વદ-૮, ગુરુવાર, તા. ૩૧-૦૮-૧૯૭૨
## ગાથા- ૫૮ થી ૬૦, પ્રવચન-૧૪૯

**નોંધ :- પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

સમયસાર, જીવ-અજીવ અધિકાર. ૫૮, ૫૯ અને ૬૦ ત્રણ ગાથા. 'જેમ વ્યવહારી લોકો,...' પહેલા દૃષ્ટાંત દે છે. 'જેમ વ્યવહારી લોકો, માર્ગે નીકળેલા...' એ માર્ગમાં જાય છે સંઘ-સંઘ. માણસોની સાથે માર્ગમાં જાય છે. એ જાય છે એને 'લૂંટાતો દેખીને,...' વ્યવહારી જન. 'સાર્થની માર્ગમાં સ્થિતિ હોવાથી...' માર્ગ તો માર્ગ છે પણ માર્ગને સંઘની અમુક સ્થિતિ છેને થોડો કાળ? ગતિ કરે છે એટલો ભાગ ત્યારે. એવી સ્થિતિ દેખીને 'તેનો ઉપચાર કરીને,...' 'સાર્થની માર્ગમાં સ્થિતિ હોવાથી તેનો ઉપચાર કરીને, 'આ માર્ગ લૂંટાય છે'...' એમ વ્યવહારીજન કહે છે. 'એમ કહે છે,...' સમજાણું પહેલું દૃષ્ટાંત?

માર્ગ તો માર્ગ છે. એમાં અમુક ભાગમાં સંઘ—માણસનો સમુદાય આમ ગતિ કરે છે, આમ જાય છે એટલી સ્થિતિ દેખીને, લૂંટાય છે માણસ, છતાં એ પંથ લૂંટાય છે એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? આ તો દૃષ્ટાંત. ભગવાન આત્મા અર્હંત ભગવાન... ઓલા વ્યવહારી કહેનારા હતા.

'તોપણ **નિશ્ચયથી જોવામાં આવે તો, જે આકાશના અમુક ભાગસ્વરૂપ છે એવો માર્ગ તો કોઈ લૂંટાતો નથી;...**' માર્ગ કાંઈ લૂંટાતો નથી, લૂંટતા પણ નથી. '**તેવી રીતે...**' એમાં આ કહ્યું હતું કે જેમ વ્યવહારી જનો. હવે અહીં કહે છે કે '**તેવી રીતે ભગવાન અર્હંતદેવો, જીવમાં બંધપર્યાયથી સ્થિતિ પામેલો** (રહેલો)...' જીવમાં એક સમયની સ્થિતિને પામેલો. ચાહે તો રાગ હો, કર્મ હો, વર્ણ હો, શરીર આદિ એક સમયની સ્થિતિ છે. ભગવાન તો અનાદિ-અનંત ધ્રુવ સ્વરૂપ પડ્યો છે, મોટો માર્ગ હોય તેમ. સમજાણું કાંઈ? એવો અનાદિ-અનંત ધ્રુવ તેમાં બંધપર્યાયની સ્થિતિ. રાગ, રંગ, ..ને ભાઈ! એ બધું એક સમયમાત્રનું પલટતા... પલટતા... ટકતા... ટકતા... એક સમય રહે છે ત્યાં. છે તો એ અજીવ. આહા..હા..! સમજાણું કાંઈ? રાગ, રંગ, શરીર, કર્મ છે તો એ બધા અજીવ. તો અજીવ ગમન કરતા-કરતા એક સમય અહીંયાં બંધ સ્થિતિમાં રોકાય છે એટલું દેખીને '**કર્મનો અને નોકર્મનો વર્ણ દેખીને,...**' એમ ભાષા લીધી છે. હજી તો કર્મ, નોકર્મ, વર્ણ, રાગ બધું લેશે. એક સમયની સ્થિતિ. ભગવાન તો અનાદિ-અનંત ચિદ્‌ઘન, જેમ માર્ગ મોટો પડ્યો છે એવો અનાદિ-અનંત આત્મા તો પડ્યો છે. એમાં એક સમયની અજીવની જીવમાં એક સમયની બંધ પર્યાયનું રોકાણ દેખાય છે, એ દેખાય છે તો ઉપચારથી એમ કહેવામાં આવે છે કે એ આત્માનો છે. એ આત્માનો છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! દૃષ્ટાંત દઈને સમજાવો એમ કહ્યું છેને? આ દૃષ્ટાંત આપીને સમજાવે છે. ભાઈ! મોટો માર્ગ છે. માર્ગમાં કોણ લૂંટે, માર્ગ ક્યાં લૂંટાય? સમજાણું કાંઈ? માણસનો જથ્થો, સમુદાય જતો હોય એ લૂંટાય. કેમકે માર્ગમાં એની અમુક સ્થિતિ છેને સમુદાયની? સંઘ એટલે સમુદાય. એટલો એક અંશ થોડો વખત. એટલું ગણીને લૂંટાય છે ઈ, પણ આમાં એટલો રહે છે એથી આ લૂંટે છે એમ કહેવામાં આવે છે. આહા..હા..!

એમ ભગવાન આત્મા અરિહંત ભગવંતોએ '**જીવમાં બંધપર્યાયથી સ્થિતિ પામેલો** (રહેલો)...' એક સમય પણ રોકાય છે, ક્રમ બદલતા-બદલતા રાગ બદલતા એક સમય રોકાય છે ત્યાં. સમજાણું કાંઈ? શું કહ્યું? એક સમયમાં. ભગવાન તો ત્રિકાળ આનંદકંદ પ્રભુ જીવ એમાં રાગાદિ એક સમયમાત્રની સ્થિતિ દેખીને (તેને) જીવનો છે એમ ઉપચારથી કહેવામાં આવે છે. આહા..હા..! કર્મ અને નોકર્મની જીવમાં સ્થિતિ હોવાથી. કઈ અપેક્ષાએ? '**બંધપર્યાયથી સ્થિતિ પામેલો** (રહેલો)...' એમ. અટકે છેને એક સમય? છે ચીજ તો સ્વતંત્ર એમ કહે છે. રાગ, કર્મ, શરીર અજીવતત્ત્વ છે. ભગવાન જ્ઞાયકતત્ત્વ ત્રિકાળ છે, પણ એમાં એક સમયની

બંધ સ્થિતિ દેખીને એ સંઘ લૂંટાય છે એમ ન કહેતા પંથ લૂંટાય છે એમ કહેવામાં આવે છે. એ અજીવ છે એમ ન કહેતા, એક સમયનો સંબંધ દેખીને એ જીવના છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! ભાઈ! આહા..હા..!

ભગવાન આત્મા નિત્ય ધ્રુવ અનાદિ-અનંત એકરૂપ પડ્યો છે. માર્ગ પણ એકરૂપ પડ્યો છે. એમાં સમુદાયને જતો દેખીને, એ સમુદાય એ માર્ગમાં જાય છેને? એમ દેખીને એમ કહેવાય ઉપચારથી કે એ માર્ગ લૂંટાય છે. એમ છે નહિ. રાગાદિ અજીવતત્ત્વ, કર્મ, શરીર આદિ અજીવતત્ત્વ, ગુણસ્થાન ભેદ આદિ ભેદતત્ત્વ... આહા..હા..! એક સમયની સ્થિતિને દેખીને, છે તો એ અજીવ ખરેખર, જીવસ્વભાવ નથી. સમજાણું કાંઈ? ભગવાન આત્મા અનાદિ-અનંત જીવસ્વભાવ એમાં કોઈ એ વસ્તુ નથી. એ તો અજીવ છે. એ અજીવમાં અજીવ છે. એક સમયની સ્થિતિ સંબંધ અહીંયાં જોઈને ઉપચારથી, વ્યવહારથી એમ કહેવામાં આવ્યું કે એ જીવના છે. ધન્નાલાલજી! એ તો અજીવતત્ત્વ ગતિ કરે છે, પોતાને કારણે ચાલે છે. સંબંધ તો એક જ સમયનો છે. ભગવાન અનાદિ-અનંત વસ્તુ નિત્ય ધ્રુવ પડ્યો પાથર્યો માર્ગ અનાદિનો છે એમાં એક સમયનો રાગ, કર્મ, શરીર એક સમયનો સંબંધ બંધ સ્થિતિ, બંધ સ્થિતિ રોકાણ છેને એટલું? આત્મા રોકાણો છે હોં! એમ કહે છે. સમજાણું કાંઈ? આત્માની પર્યાયમાં એક સમયનું રોકાણ દેખીને એ જીવના છે એમ ઉપચારથી કરવામાં આવ્યો છે. આહા..હા..! ગજબ વાત છે. સમજાણું કાંઈ?

અર્હંત ભગવંતોએ એમ કહ્યું. એમ કહ્યુંને? ઓલું વ્યવહારી જીવ કહેતો હતો પહેલા દાખલામાં. વ્યવહારીજન માર્ગ લૂંટે છે. અર્હંત ભગવંતોએ, ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ, શુદ્ધ ઘન, આનંદકંદ એવો ને એવો અનાદિ એ આત્મા. પણ એ આત્મામાં એક સમયની સ્થિતિ, બંધ સ્થિતિ દેખીને અર્હંત ભગવંતોએ, છે સ્થિતિ એની સમજાણું કાંઈ? પણ આમ સમીપમાં એક સમય દેખીને જીવના છે એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? કહો, શેઠ! છે તો અસંગ વસ્તુ જીવ, ત્રિકાળ અસંગ છે પણ અજીવ જે ચીજ છે એની એક સમયની સ્થિતિનો સંબંધ જોઈને જીવની પર્યાયની સાથે એક સમય જ રોકાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ચાહે તો અનાદિ-અનંત સંસાર હો પણ સંસાર તો એક સમયનો જ સંબંધ રાખે છે. સમજાણું કાંઈ? ભાઈ! આહા..હા..! તારો આનંદકંદ ભગવાન ત્યાં રોકાણો નથી, એ તો એ ચીજ ત્યાં રોકાણી છે એક સમય. આહા..હા..! સમજાણું કાંઈ? સંઘ ચાલે છે માર્ગમાં. એમ એ ગતિ કરતા એક સમય ત્યાં રોકાણા છે બધા અજીવ તત્ત્વો, પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિ. આહા..હા..! એક સમયનું એનું રોકાણ દેખીને, છે તો એ અજીવનું ભાઈ! એ અજીવનું છે (પણ) એ સંઘ લૂંટાય છે, માર્ગ નહિ. આહા..હા..! દૃષ્ટાંત તો જુઓ! એમ રાગાદિ છે તો અજીવ પણ જીવની પર્યાયમાં એક સમય રોકાય છે એટલો સંબંધ દેખીને

જીવના છે એવો ઉપચાર કર્યો છે. આહા..હા..! ગજબ વાત છે!

જીવ-અજીવ અધિકાર છેને. ભગવાન આત્મા તો એકરૂપ જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... આનંદ... આનંદ આદિ એકરૂપસ્વરૂપ એનું તો છે. કોનું? માર્ગ અખંડ માર્ગ તો ચાલ્યો જાય છે, પણ માર્ગમાં જતા દેખીને. જતા હોય એ, લૂંટાય છે એ, જાય છે એ. સમજાણું કાંઈ? માર્ગ લૂંટાય છે એમ વ્યવહારીજન કહે છે. ભગવાન કહે છે, ભાઈ! તું અનાદિ-અનંત ચૈતન્યઘન છેને. એમાં રાગાદિ સમસ્ત વિકલ્પ આદિ અજીવતત્ત્વ છે. ભગવાનનો તીર્થંકરગોત્ર બાંધવાનો ભાવ પણ એક સમયનો સંબંધ છે. સમજાણું કાંઈ? એવા ત્રિકાળી ભગવાનમાં એક સમયનો સંબંધ સ્થિતિ બંધની દેખીને ભગવંતોએ એમ ફરમાવ્યું કે ઉપચારથી જીવના છે. ખરેખર એ જીવના છે નહિ. આહા..હા..! કહો, મોહનભાઈ! સમજાય છે આ? એય..! સોમચંદભાઈ!

મુમુક્ષુ :- એના હોય તો ભગવાનમાં હોવા જોઈએને.

ઉત્તર :- છે જ નહિ એના. એક સમય ત્યાં આવે છેને આમ ફરતું-ફરતું એ પોતે હોં અજીવ. જાય છેને અજીવ એવી સ્થિતિ જોઈને ઉપચારથી, જાય છે એ, રહ્યો છે એ, લૂંટાય છે સંઘ, જાય છે સંઘ, પણ માર્ગમાં એટલો સંબંધ દેખીને માર્ગ લૂંટાય છે એમ કહેવામાં આવે છે. આહા..હા..!

એમ અર્હંત ભગવંતોએ, પરમાત્મસ્વરૂપ જીવસ્વરૂપ પરમાત્માને એક સમયનો સંબંધ બંધ સ્થિતિ જોઈને, જાય છે એ, રહે છે એ, પલટે છે એ. સમજાણું કાંઈ? આહા..હા..! મીઠાલાલજી! આવું છે. સાંભળવા મળે નહિ. ... આહા..હા..! ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એમાં રાગાદિમાં રોકાવું એક સમયમાં થાય છે એ અજીવ હોં! એક સમયની સ્થિતિમાં છે તો એ એમ કહેવામાં આવ્યું કે આત્માના છે. ઉપચારથી, વ્યવહારથી અર્હંત ભગવંતોએ કહ્યું છે. નંદકિશોરજી! આહા..હા..! એક એક ગાથા જુઓ તો આહા..હા..! દરિયો ઉછાળી નાખ્યો છે.

'**તેનો ઉપચાર કરીને, 'જીવનો આ વર્ણ છે'...**' ભાષા એમ લીધીને? કર્મ, નોકર્મનો વર્ણ જોઈને. પાછું પહેલું વર્ણથી શરૂ કર્યું છેને. એ કર્મ, નોકર્મનો વર્ણ છેને? વર્ણ, ગંધ બધું એનું છે. એમ છે. આહા..હા..! રાગ, અધ્યવસાય, શુભભાવ એ બધા એના છે. અજીવનો છે. સમજાણું કાંઈ? લ્યો સમજાણું કાંઈ એ ગુજરાતી આવે છે કે નહિ અંદર? ગુજરાતી થઈ ગયું. (તે કહે છે) કાંઈ ખબર પડતી નથી ક્યારેક. ... શું છે? ભગવાન આત્મામાં,... વ્યવહારીજન, એ માર્ગમાં ચાલતા સંઘને લૂંટાતો દેખીને માર્ગ લૂંટાય છે એમ કહે છે. આહા..હા..! વ્યવહારીજનનો અપવાદ એવો છે. સમજાણું કાંઈ? લૌકિક છેને વ્યવહારી? લોકોક્તિ છે એમ કહે છે. દ્રવ્યસંગ્રહમાં આવ્યુંને, વ્યવહાર એટલે લૌકિક. સમજાણું કાંઈ? વ્યવહારીજન એમ કહે છે. એમ અર્હંત ભગવાને પણ ભગવાન પૂર્ણાનંદ એમાં એક સમયનો રાગ ને શરીર ને કર્મ ને ૨૯ બોલ છેને? ૨૯ બોલ. એના પેટાભેદ લ્યો તો પાર નહિ. આહા..હા..!

એ ભેદ પણ એક સમયની સ્થિતિનો ત્યાં સંબંધ છે એમ કહે છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા તો અભેદ અખંડ ધ્રુવરસકંદ, ચૈતન્યરસ તત્ત્વ આખો સ્વભાવ છે... છે... છે... એવી વસ્તુમાં રાગ દયા, દાન, વ્રત, ભક્તિનો ... વિકલ્પ છે અજીવ. સંઘ સમાન, સમુદાય સમાન એ ત્યાં રોકાયો છે એક સમય, પંથમાં ગતિ કરતો સંઘ ત્યાં એ ગતિ કરે છે એક સમયમાં .. આહા..હા..! એને કારણે એ રહ્યો છે હોં! પણ એક સમયની સ્થિતિમાં અહીંયાં આત્મામાં આમ રહ્યાને (એટલે જીવના કહ્યા). સમજાણું કાંઈ?

**'અર્હંતદેવો, જીવમાં...'** આ તો ધર્મકથા છે, પ્રભુ! આ કાંઈ એવી વાત નથી કે ઓલા પ્રોફેસર ચાલ્યા જાય. .. આ તો અંતરમાં મેળવણી કરતા-કરતા ચાલે એવી વાત આ તો છે. સમજાણું કાંઈ? એની મેળાએ આ વાંચે... ..ભાઈ! વાંચ્યું છે? ... આહા..હા..! અમૃતસાગરમાં વળી આ ઝેર કેવું? એ કહે છે. રાગાદિ ઝેર અજીવતત્ત્વ છે. સમજાણું કાંઈ? જેમાં જીવપણું તો છે નહિ, ભેદ પણ એમાં નથી, એવા ભગવાન આત્મામાં એક સમયની બંધ સ્થિતિ, રોકાણો, રોકાણો તો એ છે હોં! પલટતા પલટતા એક સમયમાં એ રોકાણો છે પર્યાયની સાથે એમ કહે છે. એટલો સંબંધ જોઈને ભગવાને એમ કહ્યું કે એ ઉપચારથી જીવના છે, વાસ્તવિકપણે એ જીવના નથી. કહો, શેઠ! વાંચ્યું છે કે નહિ આ? ... પડ્યું છે કે નહિ? શું જવાબ દે? આહા..હા..! અમૃત ભર્યા છે એમાં.

મુમુક્ષુ :- ક્યાં ભરેલું છે અમૃત?

ઉત્તર :- અહીંયાં. આ તો વાચક છે, વાચક વાચ્યને બતાવે છે. સમજાણું કાંઈ? સાકરનો શબ્દ એ સાકરને બતાવે છે. આહા..હા..! એમ આ શબ્દો ચૈતન્યઘનને બતાવે છે. સમજાણું કાંઈ? વિકલ્પને પણ ખબર નથી, વાણીને પણ ખબર નથી, જેને ખબર છે એને બતાવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વસ્તુ સંતોએ દિગંબર સંતોએ ઘણી સહેલી કરીને જેવું સ્વરૂપ છે એવું પ્રસિદ્ધ કર્યું છે. સમજાણું કાંઈ?

આ દૃષ્ટાંત અને આ સિદ્ધાંત. આહા..હા..! પહેલા જળ અને દૂધનો દૃષ્ટાંત આપ્યો હતો. જળ અને દૂધમિશ્રિત. મિશ્રિત એટલે શું? બેનું મિશ્રણ થાય છે? કહેવામાં આવે છે. એમ ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ એની એક સમયની સ્થિતિમાં આ દેખાય છે એથી ભગવાન વ્યવહારથી પ્રગટ કરે છે. જીવનો વર્ણ એ વ્યવહારથી પ્રગટ કરે છે, અભૂતાર્થનયથી પ્રગટ કરે છે. સમજાણું કાંઈ? અભૂતાર્થનયથી કહે છે. અરે..! અજીવની એક સમયની સ્થિતિ (જોઈને) એને જીવની કહેવી. આહા..હા..! સમજાણું કાંઈ? પરમાનંદની મૂર્તિ પ્રભુ આમને આમ અનાદિથી ચાલી આવી છે. એમાં આ અજીવની એક સમયની બંધસ્થિતિ જોઈને જીવના છે એમ ઉપચાર, વ્યવહારથી ત્રિલોકનાથ તીર્થંકરની વાણીમાં પણ એમ આવ્યું. એ જાણવાલાયક છે, આદરવાલાયક નથી. સમજાણું કાંઈ? વસ્તુની સ્થિતિ એવી છે. વસ્તુ છે, વસ્તુનો સ્વભાવ છે, વસ્તુની

અવસ્થા છે. એ ત્રણેમાં .. એ પણ અવસ્થા પલટતી ચીજ એના સંબંધમાં એક સમય માટે આવવું. આટલી વાત અસ્તિ કબુલ કરી પછી ઉડાવી દીધી. કહો, અમરચંદભાઈ! આહા..હા..! ભગવાન! તારામાં એ અજીવપણું પલટતા-પલટતા એક સમય ત્યાં રહે છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્રિકાળી તત્ત્વમાં એક સમયની અજીવ બંધસ્થિતિ જોઈને ભગવાને એમ કહ્યું કે રાગ જીવનો છે. રાગ એક સમયનો ભાવ છેને? તે જીવનો છે. શરીર જીવનું છે. એમ નિમિત્ત-નૈમિત્તિક સંબંધમાં, સંબંધ કહો કે બંધ ત્યાં રોકાવું એમ કહો. સમજાણું કાંઈ? પ્રગટ કરે છે. વ્યવહારથી પ્રગટ કરે છે ભગવાન.

'**તોપણ...**' જુઓ! એમ કહેવા છતાં '**નિશ્ચયથી, સદાય જેનો અમૂર્ત સ્વભાવ છે...**' જુઓ, સદાય અમૂર્ત જેનો સ્વભાવ છે. રાગાદિ બધા મૂર્ત છે. આહા..હા..! સમજાણું કાંઈ? વ્યવહારરત્નત્રય એ મૂર્ત છે, અચેતન છે, અજીવ છે. એક સમયની સ્થિતિ જોઈને ભગવાન કહે છે કે વ્યવહાર એનો છે. વ્યવહારે વ્યવહાર એનો છે. એમ થયુંને? વ્યવહારે એમ કહ્યું કે વ્યવહાર એનો છે. આહા..હા.! સમજાણું કાંઈ? '**નિશ્ચયથી, સદાય...**' વળી એક સમયમાં અને વળી સદાય પાછું. ઓલો સમય કાઢી નાખ્યો ભાઈ!

મુમુક્ષુ :- એક સમય કાઢી નાખ્યો, એક સમય પણ નથી.

ઉત્તર :- એ નથી. એ સમયમાં પણ એની સાથે .. નથી. અજીવપણે અંદર કામ કરે છે. એ જીવની પર્યાય પણ યથાર્થ નથી. સમજાણું કાંઈ?

'**સદાય જેનો અમૂર્ત સ્વભાવ છે...**' ભગવાન આત્માનો. 'જેનો' છેને? જેનો એટલે આત્માનો '**અમૂર્ત સ્વભાવ છે...**' ઓહો..હો..! ભિન્ન ભિન્ન ભાષા કરી રાગાદિને મૂર્ત કહે છે, રાગાદિને અજીવ કહે છે, રાગાદિને જડ કહે છે. ચૈતન્ય સ્વભાવથી એક ઉલટા ભાવવાળી ચીજ ત્યાં આવીને રહી છે. ... એમ વ્યવહારે કહ્યું. વસ્તુ સદા અમૂર્ત ઉપયોગ ગુણે અધિક પડી છે. સમજાણું કાંઈ? '**અમૂર્ત સ્વભાવ છે અને જે ઉપયોગગુણ વડે અન્યદ્રવ્યોથી અધિક છે...**' બે વાત. અમૂર્ત છે એ રાગાદિ મૂર્ત એના કેમ કહીએ? એ તો ઉપચારથી કહ્યું. અને '**ઉપયોગગુણ વડે...**' જાણન-દેખન વેપાર દ્વારા. અંદર જાણન-દેખન વેપાર જે અંતરમાં ઉપયોગ જે ત્રિકાળ પડ્યો છે, જ્ઞાન-દર્શન ... છે. નિયમસારમાં ત્રિકાળ ઉપયોગને કહ્યો છેને. ..... ભગવાન આત્મા જ્ઞાન અને દર્શનસ્વરૂપ ઉપયોગ એ ત્રિકાળ છે. પણ નિર્ણય કરનારો ઉપયોગ વર્તમાન પર્યાય છે. 'આમાં આ નહિ' એવો નિર્ણય તો જ્ઞાન, દર્શન અને વર્તમાન ઉપયોગ દ્વારા થાય છે. એ ઉપયોગમાં રાગ આવતો નથી.

મુમુક્ષુ :- નિર્ણય પર્યાય કરે છે?

ઉત્તર :- પર્યાય કરે. નિત્યનો નિર્ણય અનિત્ય કરે. કમાલ છે. આહા..હા..! ભાઈ! તારી લીલા તો જો! આહા..હા..! તારામાં નથી એવી પર્યાયમાં ... એ ખરેખર તો અજીવ છે

હોં! આહા..હા..! એક સમયનું ટકવું દેખીને ઉપચારથી કહ્યું છે, નિશ્ચયથી તો ભગવાન સદા અમૂર્ત-અમૂર્ત ઉપયોગ ગુણે કરી ઉપયોગગુણ દ્વારા... છેને? **'અન્યદ્રવ્યોથી અધિક છે...'** એ રાગાદિથી તો ભિન્ન છે. સમજાણું કાંઈ? રાગ, શરીર, કર્મ ૨૯ બોલનો, અમારે નારણભાઈ કહેતા ૨૯ બોલનો ઉકરડો એમ કહેતા. નારણભાઈ હતાને અમારી સાથે? ગુજરી ગયા. (સંવત) ૧૯૬૭ની સાલ નહિ? હૈદ્રાબાદ. અમે સાથે હતાને. પૂર્વ ભવમાં સાથે હતા. અમારી સાથે હતા. એ કહેતા હતા. તર્કબાજ બહુ હતા. ભગવાનના .. છેને? .. આહા..! ઉકરડો કહેતા ૨૯ બોલનો. આ ચાલીને ૫૦ થી ૫૫ (ગાથા).

મુમુક્ષુ :- ઉકરડાનો અર્થ નથી સમજાતો.

ઉત્તર :- ઉકરડો નથી સમજતા? કૂડા કા ઢેર. સમજાણું કાંઈ? અને કારણપર્યાયનો પણ વિશેષ ખુલાસો વ્યાખ્યાન ચાલતું હતું એમાંથી એકદમ કર્યો. ૨૦૦૦ની સાલમાં. કારણપર્યાય નથી આવતી? કારણપર્યાય ધ્રુવ. ભગવાન ધ્રુવ, ગુણ ધ્રુવ એવી પર્યાય પણ ધ્રુવ. એ ૧૫મી ગાથા સિવાય ક્યાંય એનો ખુલાસો નથી. એ ગાથા જ્યારે ચાલતી હતી ત્યારે કહે ઓહો..! વેદાંત કહે છે કે ઉત્પાદ-વ્યય પરથી નથી, એકસરખી નથી માટે આત્મામાં પર્યાય નથી. આચાર્ય ભગવાન ત્રિલોકનાથ તો કહે છે કે એકસરખી, બીજી એકસરખી અંદર છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સમજાણું નહિ.

ઉત્તર :- સમજાણું નહિ? એ ૧૫મી ગાથા છેને નિયમસારની? આવ્યુંને કે કારણપર્યાય અનાદિ-અનંત છે. કારણશુદ્ધપર્યાય એ ઉત્પાદ-વ્યય નથી. ત્યારે વેદાંત પર્યાયને નથી માનતા. કેમકે આ બધી પર્યાયમાં ફેરફાર થાય છેને. આ ફેરફારવાળી અનિત્ય પર્યાય પર્યાય નથી એમ કહે છે. ત્યારે ભગવાન કહે છે કે તું એમ કહે છે કે ફેરફાર વિનાની પર્યાય છે બસ. સમજાણ કાંઈ? કારણશુદ્ધપર્યાય. જેમાં એક ધારા. જેમ ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળમાં જે પર્યાય પરિણામિકભાવની છે. દ્રવ્ય પણ પારિણામિકભાવ, ગુણ પારિણામિકભાવ અને પર્યાય પારિણામિકભાવ અને એ પર્યાય એક ધારા ચાર દ્રવ્યમાં. સમજાણું કાંઈ? એક ધારા છેને? એક પ્રકાર જ છે. એમાં કોઈ ઓછી, વિપરીત કાંઈ કમી છે નહિ ચાર દ્રવ્યમાં. શુદ્ધ પર્યાય એક સમયની એવી અનાદિ-અનંત એક ધારા છે. ગુણ ત્રિકાળી છે એવી પર્યાય ત્રિકાળી છે અંદર.

મુમુક્ષુ :- સ્થિતિ એક સમયની છે.

ઉત્તર :- એક સમયની છે પણ છે ત્રિકાળ... ત્રિકાળ... ત્રિકાળ... માટે તો આ દૃષ્ટાંત આપે છે. આ દૃષ્ટાંત આપે છે. વેદાંતમાં શું છે? આ તો સર્વજ્ઞના પેટની વાત છે.

મુમુક્ષુ :- દ્રવ્યાર્થિકનયનો વિષય?

ઉત્તર :- દ્રવ્યાર્થિકનય. લ્યો, હજી એક સર્વાર્થસિદ્ધિ નહિ? ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ એને દ્રવ્ય એકસરખું છે, ગુણ એકસરખા છે, પર્યાય એક ધારા ઉત્પાદ-વ્યય... ઉત્પાદ-વ્યય... ઉત્પાદ-વ્યય... એક સરખી છે. તો આત્મામાં એકસરખી છે એમાં ક્યાં ઉત્પાદ-વ્યય છે? સંસારમાં વિકારી પર્યાય, મોક્ષમાર્ગમાં થોડી વિકારી-અવિકારી, મોક્ષમાં અવિકારી એવા ભેદ થઈ ગયા.

મુમુક્ષુ :- એ તો ઉત્પાદ-વ્યયવાળી થઈ ગઈ.

ઉત્તર :- ઉત્પાદ-વ્યય. તો એકસરખી નથી અને એમાં એકસરખી છે. .. આમાં એકસરખી કોણ? કે એ કારણશુદ્ધપર્યાય એકસરખી છે ત્રિકાળ. સમજાણું કાંઈ? સમજો ભાઈ આ તો અલૌકિક વાતું છે. એય..! પંડિતજી! કારણશુદ્ધપર્યાય કદી સાંભળ્યું નહિ હોય. પ્રતિષ્ઠામાં આવી વાત ક્યાં આવે? આહા..હા..! આ તો આત્માની પ્રતિષ્ઠામાં આવે છે. સમજાણું કાંઈ?

જેમ ચાર દ્રવ્ય જે ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ છે એની ઉત્પાદ-વ્યયની પર્યાય એકસરખી (રહે છે). અનાદિ-અનંત પારિણામિકભાવ છેને? ઓછી, મિશ્ર કે પૂર્ણ એવા ભાગ એમાં છે નહિ. તો આત્મામાં એવી એક પર્યાય કે ઓછી, મિશ્ર અને પૂર્ણ એવો ભેદ છે નહિ જેમાં. એવી ત્રિકાળી ધ્રુવ પર્યાયને કારણશુદ્ધપર્યાય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ વખતે દલીલ કરી હતી નારણભાઈએ. બરાબર છે. ચાર દ્રવ્યમાં પર્યાય એકસરખી છે અને આમાં કેમ એકસરખી નહિ? ભગવાન બાદશાહ તો એ છે. બધાને કબુલ કરનાર, જ્ઞાનમાં આ છે એ જાણનાર તો આ છે. સમજાણું કાંઈ? એ જાણનાર ભગવાન ત્રિકાળ ધ્રુવ, ગુણ ધ્રુવ, એક સમયની પર્યાય... પર્યાય... પર્યાય... પર્યાય... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... એ નક્શો બનાવ્યો છે આપણે. જોયો છે? પહેલા જોયો હતો ભાઈ આપણે. ક્યાં ગયા તમારા?

મુમુક્ષુ :- પહેલા જોયો હતો.

ઉત્તર :- હા, પહેલા જોયો હતો. તમારા છેને, સાથે કોણ હતા? એ .. છે. તમારા ... વિચારક છેને. છે? ક્યાં છે? એણે પહેલા જોયો હતો. ખબર છે. એ પહેલા આવ્યા હતા. ..નહિ? અહીં નજીક બેસતા હતા. શું નામ એનું? ભુષણ.

એમ ભગવાન આત્મામાં સર્વજ્ઞ સિવાય આવી વસ્તુની કોઈને ખબર નથી. બીજા આત્મા-આત્મા કરે. એ બૌદ્ધમાં કહે, વેદાંતમાં કહે. આત્મા તો કહે. ભાષા આત્મા. અંગ્રજીમાં પણ કહે સ્થૂળ પરમેશ્વર. એમાં શું? ભાષા (બોલે). પરમાત્મામાં—આત્માપરમાત્મસ્વરૂપમાં એક ત્રિકાળી ધ્રુવ પર્યાય ઉત્પાદ-વ્યય વિનાની છે. પર્યાયદૃષ્ટિનો વિષય નથી એ. દ્રવ્યાર્થિકનો વિષય છે. સાંભળ્યું છે કે નહિ પહેલા? ટાઈમ ક્યાં છે? એય..! શેઠ! વાત એવી છે. અહીં તો કહે છે કે આહા..હા..! એવા દ્રવ્ય-ગુણ-પર્યાય એકરૂપ એવો ભગવાન એમાં આ શું? એક સેકન્ડના અસંખ્યમે ભાગે રાગ અને સંસાર અને બધા સંબંધ એક સમય છે. છે તો ખરેખર અજીવ

રોકાણું છે હોં! આહા..હા..! પણ એને જીવનો કહેવો એ ઉપચારથી કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- મહારાજ! જેની વાત કરવામાં આટલો રસ આવે છે તો એની પ્રાપ્તિમાં તો...

ઉત્તર :- અરે! એ વાત ક્યાં કરે ભાઈ! આહા..હા..! એ ચીજ કોણ છે? એવું અસ્તિત્વ છે. જેની મહાસત્તા ત્રણકાળ, ત્રણલોકને જેની એક સમયની પર્યાય ગળી જાય. એની પર્યાય. આહા..હા..! એ વાત નથી, વસ્તુ છે. જેનો જ્ઞાનસ્વભાવ, ભલે શ્રુતજ્ઞાનનો હોય એ પણ લોકાલોકને જાણે છે એક સમયની પર્યાય. ભલે પરોક્ષપણે. એવી અનંતી... અનંતી... અનંતી... અનંતી... અનંતી... પર્યાયનો સમૂહ એ ગુણ. અને એવો ને એવો અનંતા ગુણરૂપી એક સમુદાય દ્રવ્ય. તો કહે છે કે એવી દ્રવ્યદૃષ્ટિ કરવામાં એ તો ભગવાન સદા અરૂપી અને ઉપયોગ ગુણવાળો છે. એમાં એ રાગ-ફાગ આવતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ઉપયોગગુણ વડે અન્યદ્રવ્યોથી અધિક છે...**' એટલે બીજાને મૂર્ત કહ્યા અને ઉપયોગગુણથી રહિત કહ્યું ભાઈ! ભેદ અને રાગ બધાને મૂર્ત કહ્યું અને એમાં ઉપયોગ ગુણનો અભાવ કહ્યો. સમજાણું કાંઈ? ભગવાન આત્મા સદા અમૂર્ત ઉપયોગગુણ વડે ભિન્ન છે. ઉપયોગગુણ વડે ભિન્ન છે. સમજાણું કાંઈ? '**અધિક છે એવા જીવનો...**' સદા અમૂર્ત સ્વભાવ છે અને '**અને જે ઉપયોગગુણ વડે અન્યદ્રવ્યોથી અધિક છે...**' ભિન્ન છે, જુદો છે '**એવા જીવનો કોઈ પણ વર્ણ નથી.**' એવા જીવનો રાગ કણ નથી. વિભાવના રાગનો કણ અને રજકણનો કણ એ જીવના નથી. સમજાણું કાંઈ? આમાં મોટી તકરાર, વાંધા ઉઠાવે. છેને, ભગવાને કહ્યું છેને. કઈ અપેક્ષાએ કહ્યું, સાંભળ તો ખરો. વ્યવહાર એક સમયનો સંબંધ દેખીને કહ્યું. વસ્તુના સ્વરૂપમાં એ છે નહિ. અહીંયા તો વર્તમાન પર્યાયમાં ત્રિકાળમાં નથી એમ કહ્યુંને? વર્તમાનમાં નથી.

મુમુક્ષુ :- ત્રિકાળમાં વર્તમાન આવી ગયું.

ઉત્તર :- આવી ગયું. આહા..હા..! સમજાણું કાંઈ? જીવના કોઈપણ કર્મ, નોકર્મ, વર્ણ નથી, એ પ્રકારે ગંધ નથી. વર્ણથી લીધું છેને? ન વર્ણ, ન ગંધ, ન રસ. રસ નથી, સ્પર્શ નથી. ... એકરૂપને રૂપ નથી. સામાન્ય છેને એ? વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ભિન્ન સામાન્ય કરીને ચાર રૂપ કહ્યું. એક શબ્દે. રૂપ પણ નથી એમાં. એ તો જડ છે. શરીર નથી. શરીર, નારકી જુઓ તો આટલું શરીર, દેવને આટલું શરીર, મુનિને પણ આટલું શરીર. આહા..હા..! એક સમયનો સંબંધ જોઈને કહ્યું, પરમાર્થે છે નહિ.

'**સંસ્થાન,...**' નથી. સંસ્થાન-આકાર. છ પ્રકારના આકાર છેને? .. આદિ. આકાર શરીરમાં નથી-જીવમાં નથી. જીવ રૂપી શરીરમાં નથી એમ. સમજાણું કાંઈ? '**સંહનન,...**' નથી. હાડકાની મુજબુતાઈના છ પ્રકાર છેને? એ આત્મામાં નથી. એ તો અજીવ છે ત્યાં સુધી તો ઠીક. સ્પષ્ટ અજીવ છે. હવે અહીંયાં '**રાગ,...**' આવ્યો. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ

પણ એક સમયનો છે. વ્યવહારથી એનું કાર્ય, નિશ્ચયથી રાગ એનો નથી. ભાવના જે તીર્થંકરગોત્રની ઉત્પન્ન થઈ એ આત્મામાં નથી. આ તો બિચારા આખો દિ'.. શું કરે? ષોડશકારણ ભાવના ભાયે. આવે છે કે નહિ? અમારા શ્રીચંદજી બહુ બોલે. ... આહા..હા..! 'ષોડશકારણ ભાવના ભાયે, તીર્થંકરપદ પાય, પરમગુરુ હો...' ... રામચંદ્રજી, લક્ષ્મણ, સીતાજી ત્રણે. ભાવ હોય છે. સ્ફટિક રત્ન નહિ આપણે? મંદિરમાં છે. રામચંદ્રજી, લક્ષ્મણ, સીતા. અમારા ભગવાનને દાસ બનાવ્યા? અરે ભગવાન! સાંભળ તો ખરો ભાઈ! તને ખબર નથી. ... જ્ઞાની હતા, ... સમજાણું કાંઈ? વસ્તુની જેટલી મર્યાદા હોય એ પ્રમાણે રહેને. આહા..હા..!

ભગવાન હીરો સરેણે ચડ્યો છે. એની રજું પડે એની કિંમત તો હીરો લઈ જાય એની તો શું વાત કરવી? પણ એની રજ પડેને... સરાણ હોયને સરાણ સમજો છો? સરાણ નથી સમજતા? હીરાની સરાણ હોય છે. એ રજકણની કિંમત હજારો રૂપિયા છે. હીરાની તો વાત શી કરવી અને એના .. શી વાત કરવી? અને હીરાની વાત શું કરવી? આહા..હા..! એમ ભગવાનની વાણી સાંભળવા... સમજાય છે કાંઈ? એ હીરા સરાણે ચડ્યાની વાતું છે.

કહે છે, એવા જીવને રાગ નથી. આહા..હા..! એ પણ અર્હંત ભગવાને કહ્યું છે. ઉપચારથી કહ્યું વ્યવહારથી, એ ભગવાને નિશ્ચયથી એમાં નથી એમ કહ્યું. અહીં તો હજી મોટા મકાન ને હજીરા ને પૈસા ને ખેતર ને બૈરા ને છોકરા આહા..હા..! નાના-નાના છોકરા રૂપાળા સારા હોય તો એમ થાય કે ઓહો..હો..! અમારા દીકરા. એય..! અરે ભાઈ! કોના રૂપિયા અને કોના રાગ? ભાઈ! કોના શરીર અને કોના સંઘયણ? કોના એ રૂપ? એ જડના, એ તારા નહિ ભાઈ! સમજાણું કાંઈ? એમ પરથી નિરાળો કરીને પોતાની અનુભૂતિમાં લેવું એનું નામ ધર્મ છે. સમજાણું કાંઈ? માર્ગ તો એવો છે, ભગવાન! પછી કોઈ વાદવિવાદ કરે ને આમ કરે, ભલે કરો. ભાઈ! માર્ગ તો આ છે. સમજાણું કાંઈ? મોંઘો પડે, દુર્લભ પડે. કહો, લાલચંદજી! આ માર્ગનો કોઈની સાથે સમન્વય થઈ શકે નહિ. સમજાણું કાંઈ? કોઈ સાથે એક ન્યાય મળે નહિ એવી વસ્તુ છે.

સર્વજ્ઞ ભગવાન પરમાત્માએ આ પરમાત્મસ્વરૂપ જોયું એવું જ સમકિતી માને છે. સમજાણું કાંઈ? મારામાં રાગ નથી. આહા..હા..! વ્યવહારરત્નત્રયનો વિકલ્પ એ મારામાં નથી. તો વ્યવહારથી જીવને લાભ થાય (એ તો ક્યાંય દૂર રહી ગયું). આહા..હા..! હમણા એ પ્રરૂપણા એવી ચાલી હતી. .. કરો. .. છેને. .... ત્યાં એવી પ્રરૂપણા આવી વ્યાખ્યાનમાં. એકલા જ્ઞાન ચારિત્ર વિના વ્રતાદિ માનેલા. એ વિના જ્ઞાન એ વ્યભિચાર છે. સમજાણું કાંઈ? અને એ વાત પણ સાંભળવામાં આવી કે જ્ઞાન અને વ્રતાદિ છે ચારિત્ર માનેલા, એ પુરુષાર્થથી થાય છે અને સમ્યક્ આદિ તો કાળલબ્ધિએ થાય છે. આહા..હા..! એય..! લાલચંદજી! એ બધા ત્યાં સાંભળવા જાતા હશે લાલચંદજી ત્યાં. આહા..હા..! ક્યાં ચૈતન્ય ભગવાન સર્વજ્ઞનો

પંથ અને ક્યાં આ બધી ગડબડી. સમ્યગ્દર્શન એ ચીજ મૂળ છે તો કાળલબ્ધિએ થશે. એ વાત ચાલીસ વર્ષ પહેલા અમને સાંભળવામાં આવી હતી. ચાલીસ વર્ષ પહેલા દામનગરમાં એક દામોદર શેઠ હતા. ગૃહસ્થ માણસ. એ વખતે તો પૈસા બહુ ગણાયને. દસ લાખની પુંજી, ચાલી હજારની ઉપજ ૬૦ વર્ષ પહેલા, ૭૦ વર્ષ પહેલાં. તો એ એમ કહેતા હતા, અમારા ગુરુ વ્રત પાળેને? તપ કરે અને અપવાસ કરે. વ્રત અને તપ કરવા એ આત્માના પુરુષાર્થની વાત છે અને સમ્યગ્દર્શનની લબ્ધિ એ સમયે કાળલબ્ધિથી થાય. ભાઈ! ચાલીસ વર્ષ પહેલા આ સાંભળી હતી. આહા..હા..! અત્યારે એ વાત અહીંયા દિગંબરમાં આવી.

મુમુક્ષુ :- ફરતું... ફરતું... ફરતું...

ઉત્તર :- ફરતું ફરતું આવ્યું. આહા..હા..! કાળલબ્ધિ કહો તો કોઈપણ (દરેક) પર્યાયની કાળલબ્ધિ છે. વળી જ્ઞાન અને વ્યવહાર વ્રત ને એની કાળલબ્ધિ છે. સમજાણું કાંઈ? સમજાણું કાંઈ? સમય સમયની પર્યાય જે સમયે થાય એનું નામ કાળલબ્ધિ છે. સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા. કોને કાળલબ્ધિ ન હોય, ભગવાન! જડમાં, છ દ્રવ્યમાં. છ દ્રવ્યમાં જે સમયે જે પર્યાય ઉત્પન્ન થવાની તે એની કાળલબ્ધિ છે. પરમાણુમાં, ધર્માસ્તિમાં, અધર્માસ્તિમાં એમ અર્થ છે. આહા..હા..! સમ્યગ્દર્શન એ કાળલબ્ધિ થશે ત્યારે થશે. એમ છે નહિ, ભાઈ! એ આત્મા અંદરમાં જાય છે કે મારામાં રાગ નથી. એ વ્યવહાર ક્રિયાકાંડ, શાસ્ત્રનું જ્ઞાન, વ્રતનો રાગ એ મારામાં નથી. હું તો સદા અમૂર્ત ઉપયોગગુણથી અધિક ભિન્ન છું એમ અનુભવમાં આવતા સમ્યગ્દર્શન થાય છે. સમજાણું કાંઈ?

'**દ્વેષ,...**' નથી. ભગવાન આત્મામાં કોઈપણ ચીજ પ્રત્યે અણગમો થવો એવો દ્વેષ આત્મામાં નથી. '**મોહ,...**' નથી. પરમાં સાવધાની, મિથ્યાત્વ આત્મામાં નથી. આહા..હા..! એવી કબુલાતને કાળે સમ્યગ્દર્શન થાય છે. સમજાણું કાંઈ? કાળલબ્ધિ એકલી નથી. પાંચે પાંચ બોલ છે. એક એક કાર્યના કાળમાં પાંચ બોલ છે. બાહ્યનું જ્ઞાન અને બાહ્ય વ્રતમાં પુરુષાર્થ છે અને સમકિત પામવામાં કાળલબ્ધિ થશે ત્યારે થશે એ બધું ખોટું છે. સમજાણું કાંઈ? પણ શેઠિયાઓને ખબર ન મળે. એય..! પૂનમચંદજી!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૬૧

कुतो जीवस्य वर्णादिभिः सह तादात्म्यलक्षणः सम्बन्धो नास्तीति चेत् --

तत्थ भवे जीवाणं संसारत्थाण होंति वण्णादि।
संसारपमुक्काणं णत्थि हुं वण्णादओ केई।।६१।।
तत्र भवे जीवानां संसारस्थानां भवन्ति वर्णादयः।
संसारप्रमुक्तानां न सन्ति खलु वर्णादयः केचित्।।६१।।

यत्किल सर्वास्वप्यवस्थासु यदात्मकत्वेन व्याप्तं भवति तदात्मकत्वव्याप्तिशून्य न भवति, तस्य तैः सह तादात्म्यलक्षणः सम्बन्ध स्यात्। ततः सर्वास्वप्यवस्थासु वर्णाद्यात्मकत्वव्याप्तस्य भवतो वर्णाद्यात्मकत्वव्याप्तिशून्यस्याभवतश्च पुद्गलस्य वर्णादिभिः सह तादात्म्यलक्षणः संबंधः स्यात्; संसारावस्थायां कथंचिद्वर्णाद्यात्मकत्वव्याप्तस्य भवतो वर्णाद्यात्मकत्वव्याप्तिशून्यस्या-भवतश्चापि मोक्षावस्थायां सर्वथा वर्णाद्यात्मकत्वव्याप्तिशून्यस्य भवतो वर्णाद्यात्मकत्व-व्याप्तस्याभवतश्च जीवस्य वर्णादिभिः सह तादात्म्यलक्षणः सम्बन्धो न कथंचनापि स्यात्।

હવે પૂછે છે કે વર્ણાદિક સાથે જીવનો તાદાત્મ્યલક્ષણ સંબંધ કેમ નથી? તેનો ઉત્તર કહે છે :—

સંસારી જીવને વર્ણ આદિ ભાવ છે સંસારમાં,
સંસારથી પરિમુકતને નહિ ભાવ કો વર્ણાદિના. ૬૧.

ગાથાર્થઃ- [वर्णादयः] વર્ણાદિક છે તે [संसारस्थानां] સંસારમાં સ્થિત [जीवानां] જીવોને [तत्र भवे] તે સંસારમાં [भवन्ति] હોય છે અને [संसारप्रमुक्तानां] સંસારથી મુકત થયેલા જીવોને [खलु] નિશ્ચયથી [वर्णादयः केचित्] વર્ણાદિક કોઈ પણ (ભાવો) [न सन्ति] નથી; (માટે તાદાત્મ્યસંબંધ નથી).

ટીકાઃ- જે નિશ્ચયથી બધીયે અવસ્થાઓમાં યદ્-આત્મકપણાથી અર્થાત્ જે-સ્વરૂપ-પણાથી વ્યાપ્ત હોય અને તદ્-આત્મકપણાની અર્થાત્ તે-સ્વરૂપપણાની વ્યાપ્તિથી રહિત ન હોય, તેનો તેમની સાથે તાદાત્મ્યલક્ષણ સંબંધ હોય છે. (જે વસ્તુ સર્વ અવસ્થાઓમાં જે ભાવોસ્વરૂપ હોય અને કોઈ અવસ્થામાં તે ભાવો સ્વરૂપપણું છોડે નહિ, તે વસ્તુનો તે ભાવોની સાથે તાદાત્મ્યસંબંધ હોય છે.) માટે બધીયે અવસ્થાઓમાં

જે વર્ણાદિસ્વરૂપપણાથી વ્યાપ્ત હોય છે અને વર્ણાદિસ્વરૂપપણાની વ્યાપ્તિથી રહિત હોતું નથી એવા પુદ્ગલનો વર્ણાદિભાવોની સાથે તાદાત્મ્યલક્ષણ સંબંધ છે; અને જો કે સંસાર-અવસ્થામાં કથંચિત્ વર્ણાદિસ્વરૂપપણાથી વ્યાપ્ત હોય છે અને વર્ણાદિસ્વરૂપપણાની વ્યાપ્તિથી રહિત હોતો નથી તોપણ મોક્ષ-અવસ્થામાં જે સર્વથા વર્ણાદિસ્વરૂપપણાની વ્યાપ્તિથી રહિત હોય છે અને વર્ણાદિસ્વરૂપપણાથી વ્યાપ્ત હોતો નથી એવા જીવનો વર્ણાદિભાવોની સાથે તાદાત્મ્યલક્ષણ સંબંધ કોઈ પણ પ્રકારે નથી.

ભાવાર્થઃ- દ્રવ્યની સર્વ અવસ્થાઓને વિષે દ્રવ્યમાં જે ભાવો વ્યાપે તે ભાવો સાથે દ્રવ્યનો તાદાત્મ્યસંબંધ કહેવાય છે. પુદ્ગલની સર્વ અવસ્થાઓને વિષે પુદ્ગલમાં વર્ણાદિભાવો વ્યાપે છે તેથી વર્ણાદિભાવો સાથે પુદ્ગલનો તાદાત્મ્યસંબંધ છે. સંસાર-અવસ્થાને વિષે જીવમાં વર્ણાદિભાવો કોઈ પ્રકારે કહી શકાય છે પણ મોક્ષ-અવસ્થાને વિષે જીવમાં વર્ણાદિભાવો સર્વથા નથી તેથી વર્ણાદિ ભાવો સાથે જીવનો તાદાત્મ્યસંબંધ નથી એ ન્યાય છે.

---

## શ્રાવણ વદ-૧૦, શનિવાર, તા. ૦૨-૦૯-૧૯૭૨
## ગાથા- ૬૧, પ્રવચન-૧૫૧

**નોંધ :- પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

જીવ-અજીવ અધિકાર. ટીકા ફરીને. કહે છે, વસ્તુનો ન્યાય કહે છે, ન્યાય બતાવે છે. '**જે નિશ્ચયથી** બધીયે **અવસ્થાઓમાં યદ્-આત્મકપણાથી અર્થાત્ જે-સ્વરૂપપણાથી** વ્યાપ્ત હોય અને તદ્-આત્મકપણાની અર્થાત્ તે-સ્વરૂપપણાની વ્યાપ્તિથી રહિત ન હોય, **તેનો તેમની સાથે તાદાત્મ્યલક્ષણ સંબંધ** હોય છે.' ભાષા તો સાદી છે પણ જરી સંસ્કૃત શબ્દ મૂક્યોને એટલે. .. અર્થ કર્યો હતોને. '(જે **વસ્તુ સર્વ અવસ્થાઓમાં** જે **ભાવોસ્વરૂપ** હોય અને **કોઈ અવસ્થામાં** તે **ભાવો સ્વરૂપપણું** છોડે **નહિ,** તે **વસ્તુનો** તે **ભાવોની સાથે તાદાત્મ્યસંબંધ** હોય છે.)' શું કહે છે? તાદાત્મ્યલક્ષણ એની વસ્તુ કઈ રીતે કહેવામાં આવે છે? કે જે વસ્તુની સાથે સર્વ દશાઓમાં રહે. સમજાણું કાંઈ? એ વસ્તુની સાથે સર્વ દશાઓમાં રહે અને કોઈપણ દશામાં ન રહે એમ નહિ. એનું નામ તાદાત્મ્યલક્ષણ

સંબંધ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. એવું શું છે? કહે છે કે જે ભગવાન આત્મા છે એની સર્વ અવસ્થાઓમાં વ્યાપ્ત રહે અને કોઈપણ અવસ્થામાં ન હોય એવું ન હોય એનું નામ આત્માની સાથે તાદાત્મ્યલક્ષણ સંબંધ કહેવામાં આવે છે. આસ્રવ, પુણ્ય-પાપ, કામ-ક્રોધ, મિથ્યાત્વ, શરીર, સંઘયણ, વર્ણ આદિ એ આત્માની સર્વ અવસ્થાઓમાં રહેતા નથી તેથી તે આત્માની વસ્તુ નથી. સમજાણું કાંઈ? ફરીને

ભગવાન આત્મા વસ્તુ છે એ અનાદિ-અનંત ધ્રુવ છે પણ એની જે અનાદિ-અનંત અવસ્થા છે એમાં રાગ, રંગ, શરીરનો સંબંધ અનાદિ-અનંત અવસ્થામાં રહેતો નથી. એની સાથે તાદાત્મ્યલક્ષણ નથી. એની એ વસ્તુ નથી. એની ચીજ હોય તો એની સાથે તાદાત્મ્ય એકરૂપ રહે. કદી કોઈ અવસ્થામાં પણ દૂર રહે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો! '**માટે બધીયે અવસ્થાઓમાં જે વર્ણાદિસ્વરૂપપણાથી વ્યાપ્ત હોય છે...**' એ તો પુદ્‌ગલની સાથે સંબંધ છે એમ કહે છે. જડ જે પુદ્‌ગલ છે એની સાથે રાગ અને રંગનો, સંહનનો સંબંધ છે. જે પુદ્‌ગલની સાથે સર્વ અવસ્થાઓમાં રહે છે. ન્યાયથી આવે એમ તો લીધું. સમજાણું કાંઈ?

'**માટે બધીયે અવસ્થાઓમાં...**' અવસ્થા નામ પર્યાય, પર્યાય નામ હાલત, હાલત નામ દશા. એ બધી અવસ્થાઓમાં જે વર્ણ રાગાદિ સ્વરૂપપણાથી વ્યાપ્ત હોય છે '**અને વર્ણાદિસ્વરૂપપણાની વ્યાપ્તિથી રહિત હોતું નથી એવા પુદ્‌ગલનો વર્ણાદિભાવોની સાથે તાદાત્મ્યલક્ષણ સંબંધ છે;...**' આહા..હા..! એ રાગ અને રંગ એનો પુદ્‌ગલ જડની સાથે સંબંધ છે, ભગવાન આત્માની સાથે સંબંધ નથી. કેમકે સંસાર અવસ્થામાં કદાચિત્ દેખાય, પણ સાદિઅનંત સિદ્ધ અવસ્થામાં તો છે નહિ. જો એની વસ્તુ હોય તો જુદી પડે નહિ. તે એની ચીજ જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? શરીર, રાગ અને રંગ એનો સંબંધ આત્માની અનાદિ-અનંત અવસ્થામાં રહેતો નથી પણ પુદ્‌ગલની સાથે અનાદિ-અનંત રહે છે. એ કારણે પુદ્‌ગલની સાથે રાગ અને રંગનું તાદાત્મ્ય તત્સ્વરૂપ, જેમ અગ્નિ અને ઉષ્ણતા તાદાત્મ્યસ્વરૂપ છે. ઉષ્ણતા વિના અગ્નિ કદી હોતી નથી અને અગ્નિ વિના ઉષ્ણતા હોતી નથી, એમ આત્મા વિના રાગ રહેતો નથી એમ નથી. આત્મા એકલો રહે છે અને રાગ રહેતો નથી. આત્મા છે. પોતાનું સ્વરૂપ સ્વભાવની દૃષ્ટિથી અનુભવમાં લેતા એની પર્યાયમાં પણ રાગ અને રંગ રહેતા નથી. રંગમાં બધું જડ લેવું, રાગમાં આ પુણ્ય આદિ લેવા. ત્રીજી ભાષા લઈ લેવી. ભેદ લેવા. ત્રણ બોલ છે. જડ, રાગ અને ભેદ. સમજાણું કાંઈ? માટે બે લક્ષણ બતાવ્યા હતાને? અમૂર્ત અને ઉપયોગગુણ દ્વારા વ્યાપ્ત એમ કહ્યું હતું.

કેમ એમ કહ્યું? કે શરીર, વાણી, મન એ બધા મૂર્ત છે તો ભગવાન આત્મા અમૂર્ત છે. પુણ્ય અને પાપ આદિ આસ્રવ છે તો આત્મા ઉપયોગગુણવાળો છે. બે બોલ આવ્યા હતાને? અમૂર્ત અને ઉપયોગગુણ દ્વારા.

જડ શરીર, સંહનન, સંસ્થાન, રંગ, ગંધ, રસ, સ્પર્શ એ રૂપી મૂર્ત છે, તો ભગવાન આત્મા તો અમૂર્ત છે. અને રાગાદિ જે મલિન આસ્રવ છે અને આત્મા તો ઉપયોગગુણથી વ્યાપ્ત છે, આસ્રવથી વ્યાપ્ત નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ન્યાય તો લીધો છે. એ રંગ અને રાગ, વ્યવહારરત્નત્રયનો રાગ કે શરીરનો રંગ, ગંધ, રસ, સ્પર્શ કે કર્મનો ભાવ જડની અવસ્થા એ સંહનન, સંસ્થાન આદિ એ તો જડના લક્ષણ છે. પુદ્ગલની સાથે તાદાત્મ્યલક્ષણ સંબંધ છે, આત્માની સાથે નહિ. એમ રાગ, પુણ્ય-પાપનો પુદ્ગલની સાથે સંબંધ છે. કેમકે નિમિત્ત છે ત્યારે થાય છે. પોતાની પર્યાયમાં નિમિત્તના આશ્રયે (થાય છે). તો એ છે તો થાય છે તો એનો છે. પુદ્ગલની સાથે તદ્રૂપ છે, આત્માની સાથે તદ્રૂપ નથી. સમજાણું કાંઈ? અહીંયા તો સાદી ભાષા છે.

**'વર્ણાદિસ્વરૂપપણાથી વ્યાપ્ત હોય છે અને વર્ણાદિસ્વરૂપપણાની વ્યાપ્તિથી રહિત હોતું નથી...'** કોણ? **'એવા પુદ્ગલનો વર્ણાદિભાવોની સાથે તાદાત્મ્યલક્ષણ સંબંધ છે;...'** રાગ અને રંગ, શરીર આદિ એ તો પુદ્ગલની સાથે સંબંધ રાખે છે એમ કહે છે. ભગવાન આત્માની સાથે સંબંધ રાખે તો તો તાદાત્મ્યલક્ષણ થઈ જાય. તાદાત્મ્યલક્ષણ નથી, એ તો છૂટી જાય છે. અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત કાળ સુધી રહેતો નથી. અનંત ગયા કાળમાં સંસાર અવસ્થામાં રહ્યો, એક સમયની અવસ્થા રહીને અવસ્થા... અવસ્થા... રહે છે. સમજાણું કાંઈ? સિદ્ધની અવસ્થા જ્યારે પ્રગટે છે ત્યારે તો રહેતા નથી. એની ચીજ હોય તો જુદી પડે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સંવર-નિર્જરા પણ એની પર્યાયમાં ભેદરૂપ છેને. અનાદિ-અનંત નથી ખરેખર તો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ. નહિ. અહીં તો ઉપયોગગુણે અધિક બસ એટલું લેવું છે. સંવર-નિર્જરાના ભેદ તો લીધાને એમાં? સંયમલબ્ધિસ્થાન, માર્ગણાસ્થાન, જીવસ્થાન, ગુણસ્થાન એ બધા નિમિત્તના આશ્રયે ભેદ પડે છે. એની સાથે સંબંધ છે, રાગની સાથે સંબંધ નથી એમ કહે છે. આહા..હા..! એ આવ્યુંને અનુભૂતિથી ભિન્ન. પોતાનો સ્વભાવ શુદ્ધ અખંડ આનંદઘન એ આત્મા. તો એનો જ્યારે આશ્રય કરે છે તો અનુભૂતિ થાય છે અને અનુભૂતિથી બધા ભેદ ભિન્ન છે. અહીં તો બધા ભેદ ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

નિયમસારમાં તો ત્યાં સુધી કહ્યું શુદ્ધભાવ અધિકારમાં ૩૮ ગાથામાં. સાત તત્ત્વમાં એક

જીવ તત્ત્વ ધ્રુવ, બાકી સાતેય પર્યાય નાશવાન છે. સમજાણું કાંઈ? ત્રિકાળી ભગવાન એક ધ્રુવ તત્ત્વ છે જે કાયમ... કાયમ... કાયમ... તે જ સ્વરૂપે-રૂપે રહે છે. ઉપયોગ સ્વરૂપે, જ્ઞાનાનંદ સ્વરૂપે કાયમ રહે છે. રાગાદિ અને સંવર-નિર્જરા આદિ અવસ્થા તો નાશવાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગ માર્ગ છે, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ?

વીતરાગ સંતો... આહા..હા..! અંતરમાં એકાગ્ર થઈને પરવસ્તુથી ભિન્ન પોતાને અનુભવે છે એ વીતરાગના મુખમાંથી ... સમજાણું કાંઈ? ભાઈ! પ્રભુ! તારી પ્રભુતા પુણ્ય-પાપ રાગાદિના ભેદ સંબંધ એ તારી પ્રભુતા નહિ. અખંડ અભેદ અનુભવમાં આવે એ ચીજ તારી છે. આહા..હા..! મૂળ ચીજનો અભ્યાસ નથીને એટલે બહારની ચીજના અભ્યાસમાં આ વાત એને એવી લાગે. છે તો સત્ સરળ અને સુગમ. એકરૂપ ચીજનો આશ્રય કરતાં જે અનુભવ થાય છે તો બધા ભેદ પણ અનુભૂતિમાં રહેતા નથી. અનુભૂતિ છે પર્યાય, અનુભવ તો પર્યાયનો થાય છેને? દ્રવ્યનો અનુભવ થતો નથી. દ્રવ્ય તો ધ્રુવ છે. અનુભવ ધ્રુવનો નથી થતો, થાય છે પર્યાયનો પણ પર્યાય એમ કહે છે, જાણે છે કે હું નાશવાન છું, અવિનાશી ચીજ તો આ છે. સમજાણું કાંઈ? ભારે આકરું!

વસ્તુ અખંડ અભેદ એનો નિર્ણય તો પર્યાય કરે છે. કાંઈ ધ્રુવ નિર્ણય નથી કરતું. કાર્ય તો પર્યાયમાં થાય છે. ધ્રુવમાં કાર્ય નથી થતું. ધ્રુવ તો સદશ એકરૂપ છે. સમજાણું કાંઈ? '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' તો ઉત્પાદ-વ્યય નિર્ણય કરે છે ધ્રુવનો અને એમાં ઉત્પાદનો નિર્ણય જ્ઞાન સાથે આવી ગયું. જ્ઞાન થઈ ગયું પણ એ ઉત્પાદ-વ્યયથી ભિન્ન ધ્રુવ છે. એ ધ્રુવની સાથે આ અનાદિ-અનંત પર્યાયનો સંબંધ છે નહિ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા ધ્રુવની સાથે એનો ધ્રુવ સંબંધ છે અનાદિ, પણ પર્યાયની સાથે અનાદિ સંબંધ ક્યાં છે? અનાદિ-અનંત ક્યાં છે? પર્યાય તો પલટે છે. એક સમય.. એક સમય.. એક સમય.. રહે છે. નિર્ણય થાય છે પર્યાયથી. પર્યાય એમ કહે છે, પર્યાય એમ જાણે છે, અનુભૂતિથી એ બધી વસ્તુ ભિન્ન રહી જાય છે. મારી અનુભૂતિમાં એ આવતી નથી. મારા અનુભવની સાથે રાગ અને રંગનો મેળ થતો નથી. રાગ અને રંગનો મેળ તો પુદ્‌ગલની સાથે છે. શું કહે છે? સમજાણું કાંઈ? આહા..હા..! અહીં હોય તો ત્રિકાળ રહેવું જોઈએ અને એ તો ત્રિકાળ છે ત્યાં. જ્યાં જ્યાં પુદ્‌ગલ છે ત્યાં રંગ છે અને રાગ છે તો ત્યાં સંબંધ ધારે છે. અહીંયા સંબંધ ધરતા નથી, એની સાથે સંબંધ છે. સમજાણું કાંઈ?

એ તો પહેલા કહ્યું જેની ત્રણે કાળની અવસ્થામાં રહે અને કોઈપણ અવસ્થા એ વિના ન હોય એનું નામ તદ્‌સ્વરૂપલક્ષણ, તદ્‌સ્વરૂપલક્ષણ કહેવામાં આવે છે. પણ સંસાર અવસ્થામાં હોય. એ કહે છે આગળ. જુઓ, '**જો કે સંસાર-અવસ્થામાં કથંચિત્...**' સંસારદશામાં કોઈ પ્રકારે પર્યાય લક્ષે રાગ અને રંગનો વ્યવહાર સંબંધ દેખાય છે. આહા..હા..! જે શરીર મોટું

આવું ચાર મણનું મોટું. સમજાય છે? હાડકા અને ચામડા. કહે છે કે એની સાથે તારે કાંઈ તાદાત્મ્યલક્ષણ સંબંધ જ નથી. એ તો ઠીક, પણ દયા, દાન અને ભક્તિના પરિણામ જે રાગ છે એની સાથે તાદાત્મ્યલક્ષણ સંબંધ નથી. એ તો ઠીક પણ ભેદ પડે છે એની સાથે તારે તાદાત્મ્યસંબંધ નથી. આહા..હા..!

મુમુક્ષુ :- એક સમયમાં બન્નેને જાણે છે પર્યાય?

ઉત્તર :- એક સમયની પર્યાય લોકાલોકને જાણે છે.

મુમુક્ષુ :- લોકાલોકને ભલે જાણે પણ એક સમયની પર્યાય પોતાના દ્રવ્યને પણ જાણે?

ઉત્તર :- પણ લોકાલોકમાં દ્રવ્ય બાકી રહે? લોકાલોક પર્યાયથી દ્રવ્યથી બાકી રહી ગયા? એ તો એકવાર કહ્યું હતું એક ન્યાયે. સમ્રમ (દ્રવ્ય) થઈ ગયું. અવ્યક્તમાં આવ્યું હતું. ૪૯ (ગાથા). છ દ્રવ્યસ્વરૂપ લોક જ્ઞેય છે અથવા વ્યક્ત છે એનાથી ભિન્ન ભગવાન આત્મા અવ્યક્ત છે. આહા..હા..! લોકાલોક... લોક શબ્દ પડ્યો છે. પણ અહીંયાં લોકાલોક (લેવા), લોક અને અલોક એ જ્ઞેય છે અને વ્યક્ત છે, બહાર છે, એક સમયની પર્યાય પણ બહાર છે. આહા..હા..! જેમ લોકાલોક બહાર છે એમ એક સમયની પર્યાય બહાર છે. એનાથી-વ્યક્તથી અનેરી ચીજ અવ્યક્ત છે ભગવાન. સમજાણું કાંઈ? એ ૪૯ ગાથામાં આવી ગયું. છ બોલ આવ્યા હતાને? છ બોલ આવ્યા હતા.

ભગવાન આત્મા, છ દ્રવ્યસ્વરૂપ લોક જ્ઞેય અર્થાત્ વ્યક્ત છે, એનાથી અન્ય છે માટે ભગવાન આત્માને અવ્યક્ત કહેવામાં આવે છે. સમસ્ત વિકારી ભાવરૂપ ભાવકનો ભાવ સમસ્ત કષાયરૂપી ભાવ, જે ભાવકનો ભાવ. ભાષા તો જુઓ! જે ભાવક કર્મ છે એનો એ ભાવ છે. આહા..હા..! સમસ્ત કષાયનો સમૂહ ભાવકભાવ જે વ્યક્ત છે એનાથી ભગવાન ભિન્ન છે માટે અવ્યક્ત છે. કષાયની સાથે આત્મામાં સંબંધ નથી. આહા..હા..! લોકાલોકની સાથે સંબંધ નથી. સમજાણું કાંઈ? ભગવાનને લોકાલોકનું જ્ઞાન થાય છે એ લોકાલોકનું જ્ઞાન નથી, એ તો પોતાનું જ્ઞાન થાય છે, એટલું પોતાનું જ્ઞાન થાય છે.

મુમુક્ષુ :- દ્રવ્યનું થાય છે કે નથી થતું?

ઉત્તર :- દ્રવ્ય તો એમાં આવી ગયું. જેનું છે એનું તો આવી ગયું, પણ જેનું નથી એ પણ અહીંયાં આવી ગયા. એનું નહિ, પોતાનું જ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? 'સ્વપર પ્રકાશક શક્તિ હમારી, તાતૈ વચનભેદ ભ્રમ ભારી, જ્ઞેયશક્તિ દ્વિવિધા પ્રકાશી નિજરૂપા પરરૂપા ભાસી.' સમજાણું કાંઈ? આહા..હા..! એની વાત શું કરવી? ત્રણ લોકનો નાથ અનંતા સિદ્ધોને સોડમાં લઈને પડ્યો છે. આહા..હા..! સોડ સમજાય છે? આ સૂવે છેને? રજાઈમાં. સોડને શું કહે છે તમારી ભાષામાં? સોડ કહે છેને? એક સમયની પર્યાયમાં લોકાલોક સંબંધી પોતાના જ્ઞાનને જાણે છે. લોકાલોકને જાણે છે કહેવું એ પણ વ્યવહાર છે. કેમકે એની સાથે

તન્મય થઈને નથી જાણતું. એ સંબંધી અને પોતાના દ્રવ્ય સંબંધી-ત્રિકાળ સંબંધી અનાદિ-અનંત... અનાદિ-અનંત.. આદિ અંત વિનાના દ્રવ્યનું જ્ઞાન. આહા..હા..! એવી જે લોકાલોકને જાણવાની પર્યાય અને પોતાના દ્રવ્યને જાણવાની પર્યાય... સમજાણું કાંઈ? એ પર્યાય વ્યક્ત છે. ત્રીજા બોલમાં ઈ છે.

ચૈતન્ય સામાન્યમાં ચૈતન્યની વિશેષ વ્યક્તિ-વ્યક્તતા બધું અંતર્મગ્ન છે તેથી તેને અવ્યક્ત કહેવામાં આવે છે. ગજબ વાત આચાર્યો કરે છે! એવી વાત ક્યાંય નથી. સમજાણું કાંઈ? અને વ્યક્તરૂપ નથી માટે અવ્યક્ત છે. વ્યક્તને સ્પર્શતી નથી માટે અવ્યક્ત છે. એક સમયની પર્યાયને દ્રવ્ય સ્પર્શતું જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અને વ્યક્ત-અવ્યક્તનું એકસાથે જ્ઞાન થવા છતાં પણ વ્યક્તને સ્પર્શતું નથી. આહા..હા..! બાહ્ય-અભ્યંતરનો અનુભવ થવા છતાં પણ વ્યક્ત પ્રત્યે ઉદાસીન પ્રદ્યોતમાન દેખાય છે. આહા..હા..! ૪૯ ગથા, નિયમસારની ૫૦ ગાથા. રાગની પર્યાય એક જીવની પણ એક સમયની પર્યાય, નિર્જરા-મોક્ષની એક પર્યાય. આસ્રવ-બંધની વાત તો શું કરવી? બધી નાશવાન. ભગવાન ત્રિકાળી પ્રભુ એક જ અવિનાશી. એવી પર્યાય અવિનાશીને સ્વીકારે છે. ત્યારે તેનું નામ સમ્યગ્દર્શન, સત્‌દર્શન, સત્યદર્શન, છે એવું પ્રતીત થયું દર્શન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે કે વર્ણ, રંગ, ગંધ, રસ, સ્પર્શ, શરીર, સંહનન, સંસ્થાન, રાગ, દ્વેષ આદિ કે ગુણસ્થાન ભેદ આદિ, જીવસ્થાન ભેદ આદિ, માર્ગણાસ્થાન ભેદ આદિ, સ્વયંલબ્ધિસ્થાન ભેદ... સમજાણું કાંઈ? એ ભેદ આત્માની દરેક અવસ્થામાં નથી રહેતા. સમજાણું કાંઈ? આહા..હા..! સૂક્ષ્મ તે વાત. પુદ્‌ગલના પરિણામ કહ્યા આહા..હા..! કઈ અપેક્ષાએ ભાઈ? ભગવાન અભેદ સ્વરૂપ એ વસ્તુ, એ વસ્તુનો અનુભવ કરવામાં ભેદ, રાગ અને સંયોગી ચીજ, સંયોગી ચીજ, સંયોગી ભાવ અને પોતાની ભેદરૂપ દશા... આહા..હા..! સમજાણું કાંઈ? ત્રણે અનુભૂતિથી ભિન્ન છે. આ એની વાત છેને? આ તો દૃષ્ટાંત આપ્યું. કોઈપણ પદાર્થની પ્રત્યેક અવસ્થામાં હોય અને કોઈપણ અવસ્થામાં ન હોય એમ બનતું નથી. એનું નામ તાદાત્મ્યલક્ષણ સંબંધ કહેવામાં આવે છે. વર્ણ અને રંગનું હોવું એ તાદાત્મ્યલક્ષણ સંબંધ પુદ્‌ગલ સાથે છે. આહા..હા..! સમજાણું કાંઈ? .. માણસ. વ્યવહારથી કહેવાય. વ્યવહાર અભૂતાર્થ છે. પરના સંબંધથી ભેદ પડી ગયો. ભગવાન અભેદસ્વરૂપ છે.

આ વીતરાગ માર્ગનો પંથ છે, પ્રભુ! વીતરાગ પંથમાં, વાણીમાં વીતરાગી વાણી એવી નીકળી. ગણધરો અને ઈન્દ્રો સભામાં બેઠા હોય. કોણ છે આ? ... ત્રણ જ્ઞાનના—મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિના ધણી સમકિતી અનુભવની દૃષ્ટિ થઈ ગઈ છે અને ભગવાનની વાણી સાંભળે છે. ગણધરે ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વની રચના અંતર્મુહૂર્તમાં કરી, એ પણ ભગવાનની વાણી સાંભળે છે. આહા..હા..! એ વાણી કેવી હશે? આહા..હા..! એ વાણી એમ કહે

છે કે અમારાથી તમારી વાણી તારા આત્મા સાથે તાદાત્મ્ય સંબંધ નથી અને અમને સાંભળે છે એવો વિકલ્પ જે તને થાય છે તારો એની સાથે તદ્રૂપ ત્રિકાળ સંબંધ નથી. આહા..હા..! માટે એ તારી ચીજ નહિ. આહા..હા..! આકરી વાત છે. ભગવાન વીતરાગદેવ એમ ફરમાવે છે, એ સંભળાવ્યું કે આત્માની સાથે તેને કાંઈ સંબંધ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! વાણીની સાથે અમારે સંબંધ નથી તો તારે તો સંબંધ ક્યાંથી આવ્યો? દિવ્યધ્વનિ ઉઠે છે એની સાથે અમારે તાદાત્મ્ય સંબંધ નથી. આહા..હા..! બીજાને સાંભળવાનો વિકલ્પ એ આત્માની સાથે સદાય રહે છે? જ્યાં જ્યાં પુદ્ગલ ત્યાં ત્યાં ભેદ અને વિકલ્પ અને એ તો પુદ્ગલનું લક્ષણ કહી દીધું. ચૈતન્યજ્યોત ઝળહળ જ્યોતિ ભગવાન ચૈતન્યચમત્કાર એની સાથે રાગ અને રંગનો એકરૂપ સંબંધ નથી. એકરૂપ સંબંધ પુદ્ગલમાં નાખી દીધો. એ વસ્તુનો સ્વીકાર, એ વસ્તુનો વિશ્વાસ, એ વિશ્વાસમાં દૃષ્ટિમાં કેટલી મહત્તા! કેટલી કિંમત! સમજાણું કાંઈ? હું તો પૂર્ણાનંદ સ્વરૂપ છું એમ પર્યાય માને છે. પર્યાય એમ કહે છે કે હું પૂર્ણાનંદ સ્વરૂપ છું. આ તો જૂઠું ઠરે. પર્યાય તો એક સમયની છે અને હું ત્રિકાળ આનંદસ્વરૂપ છું. આહા..હા..! કહો, ધીરૂભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જ છું, એ જ હું છું. મારી કિંમત એનાથી છે. એ જ હું છું, આ હું નહિ. સમજાણું કાંઈ? ભાઈ! ગંભીર સ્વરૂપ છે, ગંભીર સ્વરૂપ છે. આત્મા, આત્મારૂપે બિરાજે છે એનું શું કહેવું? ચાહે તો બાળકનો આત્મા હોય, તિર્યંચના હોય અરે.. નિગોદનો હોય, મિથ્યાત્વને એ આત્મા સ્પર્શતો નથી એમ કહે છે. જેણે મિથ્યાત્વનો સ્પર્શ છોડ્યો એ કહે છે કે નિગોદના જીવને મિથ્યાત્વનો સ્પર્શ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! માર્ગ ગંભીર અલૌકિક માર્ગ છે. લોકોએ બહારથી કલ્પિત વાતોમાં એમાં માની લીધું. અરે..! આવી જિંદગી ચૈતન્યહિરલાને પામવાનો કાળ એને બહારમાં ગુમાવે છે. સમજાય છે કાંઈ? અરે! પરવસ્તુ મારી અને સ્વ એટલે પરની એમાં ગંધ નથી. રાગ અને શરીરમાં ગંધ નથી પોતાની. વાસનાની ગંધ નથી એને પોતાની માને એ દુઃખી પ્રાણી છે. એના પ્રત્યે અનાદર ન હોય, તિરસ્કાર ન હોય, વિરોધ નહિ, તિરસ્કાર નહિ. સમજાણું કાંઈ? વિરોધનો ભાવ પુદ્ગલ સાથે સંબંધ ધરાવે છે.

આત્મા આબાળગોપાળ શરીરથી ભિન્ન ભગવાન. આઠ વર્ષે તો દીક્ષા કરીને કેવળ લે છે. આઠ વર્ષની ઉંમરમાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને કેવળજ્ઞાન લ્યે. સંસાર અનાદિ શાંત, સિદ્ધ સાદિઅનંત. સિદ્ધમાં આઠ વર્ષ આહા..હા..! પરની સાથે સંબંધ ક્યાં છે કે છૂટો ન પડે એક અંતર્મુહૂર્તે એમ કહે છે. સમજાય છે કાંઈ? એ અંતર્મુહૂર્ત જ વચ્ચે સંસાર અવસ્થા. આહા..હા..! છેલ્લી અવસ્થામાં પરમાત્મા થાય છે, પહેલી અવસ્થામાં સંસારી કહેવામાં આવે

છે. એ બધી અંતર્મુહૂર્તની રમત છે.

એની તાકાત... સમકિતમાં વાર કેટલી. એક સમયમાં સમકિત. કેમકે (પર) ચીજ એમાં છે નહિ, રાગાદિ છે નહિ. સમકિત પ્રાપ્ત કરવું એમાં શું છે? આહા..હા..! ત્યારે વળી કેટલાક એમ કહે છે કે તમારા પુરુષાર્થથી થાય છે અને કર્મથી બિલકુલ નહિ, તો લાવો કેવળજ્ઞાન. અરે ભગવાન! સાંભળ તો ખરો. એ પુરુષાર્થની કમીને કારણે કેવળજ્ઞાન નથી થતું. કોઈ કર્મને કારણે, કાળને કારણે, પંચમકાળ છે માટે અહીંયાં નથી થતું એ બધા વ્યવહાર કથન છે. આહા..હા..! સમજાણું કાંઈ? એક અંતર્મુહૂર્તમાં તો આહા..હા..! દરિયો ડોલી નાખે. અનાદિ નિગોદમાંથી નીકળ્યો હોય પહેલા જ એકાદ અવતાર થયો હોય. સમજાણું કાંઈ? આઠ વર્ષની ઉંમરે સિદ્ધ! અંદરમાં જઈને ઉતરી ગયો અંદર. અંદરમાં જઈને ઉતરી ગયો. કેવળજ્ઞાન. એ ન બની શકે એવી વસ્તુ નથી. એને અંતરમાં વિશ્વાસ આવવો જોઈએ. સમજાણું કાંઈ? કેમકે મારા સંબંધમાં તો જ્ઞાન અને આનંદની સાથે તાદાત્મ્ય સંબંધ છે, રાગ અને રંગ સાથે નહિ. એનો સંબંધ તો પુદ્‌ગલ સાથે છે. આહા..હા..!

'**જો કે સંસાર-અવસ્થામાં કથંચિત્...**' પર્યાયદૃષ્ટિએ '**વર્ણાદિસ્વરૂપપણાથી વ્યાપ્ત હોય છે...**' રાગ અને રંગ દેખાય છે એક સમયની પર્યાયમાં. '**અને વર્ણાદિસ્વરૂપપણાની વ્યાપ્તિથી રહિત હોતો નથી...**' અસ્તિ-નાસ્તિ કરે છે. સંસારમાં પર્યાયમાં રાગ અને કર્મનો સંયોગ દેખાય છે. સમજાણું કાંઈ? એનાથી રહિત દેખાતા નથી. '**તોપણ મોક્ષ-અવસ્થામાં જે સર્વથા...**' હવે સર્વથા. કથંચિત્ રાખો કે સંસારથી છૂટે છે અને કથંચિત્ નથી છૂટતો. વિશલ્યા, ભગવાન વિશલ્યા છે—શલ્ય રહિત છે. સમજાણું કાંઈ? સંસારના ભાવને સ્પર્શ પણ નથી કર્યો. એવા સંસારમાં જ્ઞાયકજ્યોતિ તો અનાદિથી એવી ને એવી રહી છે. માન્યતામાં ફેર પડી ગયો. મહાપ્રભુ તો રાગમય, અધ્યવસાયમય, પુણ્યમય એમ માને છે. ઘર ઘાલ્યા. જ્યાં અંદર ભાન થયું, વિશલ્યા. શલ્યરહિત. બાઈ છેને વિશલ્યા નહિ? .. સંથારો કર્યો હતો. એના શરીરનું સ્નાનનું પાણી ઘા વાગ્યા હોય એને ચોપડે. આહા..હા..! તો ભગવાન આત્મામાં અંદર ઉતરીને આનંદની લહેર જ્યાં અંદર આવે, સંસારના બધા ઘા નાશ થઈ જાય. સમજાણું કાંઈ? આ તો આ વાતમાં માણસને માહાત્મ્ય આવે લ્યો! વિશલ્યાને બોલાવી. આવી અંદર. મંડપમાં પેસી. તો કંઈક ઘાવાળા અંદર પડ્યા હતા લશ્કરના માણસો. રુઝ આવવા માંડી. રુઝ સમજો છો? .. આવે છેને .. અંદર જ્યાં ગયા અને પાણી છાંટ્યું લક્ષ્મણને. વાસુદેવ ત્રણ ખંડનો ધણી જેને રાવણને મારવો એટલે એક તીર માર્યું ત્યાં ઉડાડી દીધો. એ લક્ષ્મણ એની શક્તિથી મૂર્છિત જ્યાં વિશલ્યાએ આવીને પાણી છાંટ્યું ... લોકોને બેસવું કઠણ. એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. એ એનાથી મટ્યું નથી. મટવાનું હોય તો નિમિત્ત ત્યાં હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો વિશલ્યા નામ હતું એનું.

આ આત્મા વિશલ્યા સ્વરૂપ છે. સંસારની સાથે તેને તાદાત્મ્ય સંબંધ છે નહિ. આહા..હા..! જ્યારે કર ત્યારે કરી શકે એમ છો, ન થઈ શકે એવી ચીજ નથી. કેમકે એની સાથે રાગનો અને રંગનો સંબંધ જ નથી. એ તો ભગવાન રાગ અને રંગથી સંબંધ વિનાની ચીજ અસંગ પ્રભુ એને આત્મા કહે છે. એ આત્માની જ્યાં સંભાળ કરી ખલાશ. થોડો બાકી રહ્યો એ પુદ્ગલની સાથે સંબંધ રાખે છે, મારા જ્ઞાનનું તો જ્ઞેય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો સ્વપરપ્રકાશની પૂતળી છે. દેહ, ચામડા, હાડકા, પાતળા-જાડા એનું લક્ષ છોડી દે. તારે અને એને કાંઈ સંબંધ છે નહિ. આહા..હા..!

કહે છે કે '**મોક્ષ-અવસ્થામાં જે સર્વથા વર્ણાદિસ્વરૂપપણાની વ્યાપ્તિથી રહિત હોય છે...**' અવસ્થા અવસ્થામાં એક સમયની પર્યાય હો, વ્યવહારથી જોવામાં આવે છે. પર્યાયમાં. પણ એ સિદ્ધ થાય છે ત્યારે રહેતી નથી. એની સાથે તદ્રૂપ લક્ષણ હોય, એકરૂપ લક્ષણ હોય તો કદી છૂટે નહિ. આહા..હા..! નિશ્ચયથી રાગ પોતાનો છે એમ કહે એક બાજુ. ૧૮૯ ગાથા પ્રવચનસાર. એ તો તારો દોષ તારામાં છે, પરને લઈને નહિ. સ્થૂળ નયથી રાગ તારો છે. આહા..હા..! પરને જ્યારે વ્યવહાર કહે તો રાગને નિશ્ચય કહે, રાગને વ્યવહાર કહે તો નિર્મળ પર્યાયને નિશ્ચય કહે. પર્યાયને વ્યવહાર કહે તો ત્રિકાળને નિશ્ચય કહે. સમજાણું કાંઈ? જ્ઞાન કરાવવાની વસ્તુ છે. આ તો ત્રિકાળ આમ છે. એકરૂપ કદી થયો જ નથી. જો એકરૂપ હોય તો છૂટા પડે નહિ. અગ્નિ અને ઉષ્ણતા જુદી પડે છે? એમ ભગવાન આનંદ અને જ્ઞાન ઉપયોગરૂપ કદી જુદા પડે નહિ. ઉપયોગ દ્વારા વ્યાપે છે, રાગ સાથે એની વ્યાપ્તિ નથી. આ પછી તકરારું લે. ગોમ્મટસારમાં આમ કહ્યું છે ને ફલાણે આમ કહ્યું છે.

સવારમાં આવ્યું હતુંને? મિથ્યાશ્રદ્ધાની ભાવના પોતે કરે છે. આવ્યું હતુંને? અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ભાવના પોતે કરે છે. એમાં ક્યાંય કર્મની વાત નહોતી આવી. ત્યારે કહે કે બીજે લખ્યું છેને. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે કે નિમિત્ત કોણ હતું? અરેરે ભાઈ! સ્વપરપ્રકાશક છે એનો અર્થ જ ઈ છે. બીજી ચીજનું જ્ઞાન (કરાવ્યું છે). એ તો આવ્યુંને ૧૨મી ગાથામાં ક્યાં નથી આવ્યું ? ૧૨મી ગાથામાં આવ્યું કે વ્યવહારે જાણેલો પ્રયોજનવાન છે. વ્યવહારમાં શું? આ નથી લખ્યું આમાં? સમજાણું કાંઈ? ૧૨મી ગાથામાં તો સમસ્ત વ્યવહારનો જ્ઞાતા છે. એ બધું જ્ઞેય છે, એનો જાણનાર છે એ કહેવું એ વ્યવહાર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

પોતાની પર્યાય સ્વપરપ્રકાશક શક્તિની વ્યક્તતા પોતાથી છે. વ્યવહાર છે તો એનું જ્ઞાન થયું એમ પણ નથી. સમજાણું કાંઈ? લોકાલોક છે તો કેવળજ્ઞાન છે એમ નથી. એથી નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કહ્યો છેને? લોકાલોકને કેવળજ્ઞાન નિમિત્ત. કેવળજ્ઞાન લોકાલોકને નિમિત્ત, લોકાલોક જ્ઞાનમાં નિમિત્ત. એટલે શું? એ તો ભિન્ન ચીજ બીજી છે એ સંબંધી પોતાના

જ્ઞાનની ખીલવટ પોતાથી થઈ છે. તો કહે છે કે બીજી ચીજ છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવો માર્ગ ભારે કઠણ પડે માણસને. ભક્તિ ને વ્રતવાળા... લ્યો સ્થાનકવાસીમાં વ્રત અને તપ, દેરાવાસીમાં પૂજા શું કહેવાય? શાંતિ સ્ત્રોત અને એવું કાંઈક કહે છે. શાંતિસ્નાત્ર. એ શ્વેતાંબર છે. શાંતિસ્નાત્ર તો આ છે. સ્નાન કરી નાખ ન આવ્યું? આવ્યું હતું, નિયમસારમાં આવ્યું હતું. રાગરૂપી કાદવનો સ્નાન કર અંતર્મુખ જઈને. આહા..હા..! વસ્તુની વસ્તુતા, મહાપ્રભુની વસ્તુતા એનો આશ્રય લે. પંક ધોઈ નાખ. એમાં છે નહિ, રાગ સંસાર ધોઈ નાખ. ધોઈ નાખને શું કહે છે? ધો ડાલ. લ્યો! આહા..હા..! વાત તો એવી લાગે કે... પણ વાત એવી છે. સમજાણું કાંઈ? એને વિશ્વાસમાં આવતું નથી. કહે છે કે વ્યવહાર, વ્રત, તપનો વિકલ્પ એ પુદ્ગલ સાથે તાદાત્મ્યસંબંધ રાખે છે. આહા..હા..!

મુમુક્ષુ :- સોગનઢથી એમ કહેવામાં આવે છે.

ઉત્તર :- સોનગઢથી કહેવામાં આવે છે? આમાં શું છે? શું છે તમે જુઓ. બેય શરાફ બેઠા છે. શરાફીનો વેપાર કરશે કે .. કરશે? .. એ અમેરિકાથી આવ્યા છે. .. માલ માલ મૂકી પૈસા મૂકીને .. હોય એ. ધણી કોઈ ન હોય. અરે..! માલ તો પડ્યો છેને અંદરમાં. કિંમત લે. કિંમત દઈને લે, કાંઈ બહાર નથી વસ્તુ. આહા..હા..! એમાં કોઈને પૂછવું ન પડે ભગવાનને કે હું હવે આ લઉં છું માટે આટલા પૈસા મૂકી જાઉં છું. આહા..હા..! એ પુણ્ય અને પાપના ભાવ... ઓહો..હો..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પુદ્ગલ સાથે સંબંધ રાખે છે. એની સાથે તાદાત્મ્ય છે. એ તો કહ્યું છે ત્યાં, વિકાર છે માટે કર્મ છે એમ નહિ. ત્યાં તો એમ જ કહ્યું નહિ? આત્માવલોકન. કર્મ છે તો વિકાર છે ઈ આ અપેક્ષાએ કહ્યું.

મુમુક્ષુ :- એની મર્યાદા...

ઉત્તર :- એમ જ હોયને. પણ એ તો પર ચીજ છેને એની સાથે સંબંધ ધરાવે છે. એ અપેક્ષાએ કહ્યું છે. આત્માવલોકનમાં આવ્યું છે. દીપચંદજી. એમ ન કહો કે રાગ છે ત્યાં સુધી કર્મ, કર્મ છે ત્યાં સુધી રાગ છે એમ કહો. આહા..હા..! આ લોકો કહે જુઓ, કર્મને લઈને રાગ છે. એમ નથી સાંભળ તો ખરો. રાગ અને કર્મની એકતાને પુદ્ગલ સાથે સંબંધ છે એમ બતાવવું છે. આહા..હા..! પહેલાના સંતો, શ્રાવકો શાસ્ત્રને આધારે વાત કરે છે. સમજાણું કાંઈ? શાસ્ત્ર આધાર સિવાય ભગવાનની વાણી... શ્રાવક હોયને શ્રાવક. ધાનતરાય, દોલતરાય, બનારસીદાસ, ટોડરમલજી ... ત્રણ લોકના નાથે કહ્યું એનાથી અમે બીજું શું કહીએ? સમજાણું કાંઈ? આહા..હા..! આમાં ધવલમાં એમ આવે છે. મત પડી જાય. આમાંથી એક પણ નહિ. ... મત તો ત્રણેને ... અમારું કામ નહિ. ત્રણ લોકના નાથે જાણ્યું એમાં એક જ રૂપ છે. પણ આચાર્યો છદ્મસ્થ છે. ત્રણ અભિપ્રાય એની ધારણામાં રહી ગયા છે. ત્રણમાં એક સાચું હશે એ બરાબર અમે કહીએ, પણ ત્રણમાં આ જ સાચો છે એ અમારાથી ન

કહેવાય. આહા..હા..! જુઓ તો વીરસેનસ્વામી ભવભીરૂ. અમારાથી ન કહેવાય, અમારાથી ન કહેવાય હોં! ભગવાને કહ્યું ત્રણલોકના નાથે. એની વાણીમાં આવ્યું એમાં અમારાથી ફેરફાર કેમ થાય? ધારણામાં ભૂલ હોય અમારી, પણ હવે આચાર્યોએ જ પરંપરાએ કહ્યું છે ધારણામાં ભૂલ હોય તો ભૂલ પડે. પણ અમે ભૂલ નથી એમ કેમ કહીએ? અને આ ત્રણ માયલું એકનું જ સાચું છે (એમ કહેવામાં) અમારી જીભ ઉપડે નહિ. ઓહો..હો..! ધારણાની ... હોય. આહા..હા..! કેટલી વીતરાગતા! સમજાણું કાંઈ? વીતરાગી બિંબ થઈ ગયા. શરીરમાં સિદ્ધ થઈ ગયા. સમજાણું કાંઈ? ગોળો છૂટો પડી ગયો. નાળિયેરનો ગોળો. આહા..હા..! શરીર હો, એની સાથે સંબંધ નથી, રાગ હોય એ તો પુદ્‌ગલની સાથે સંબંધ ધરાવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે મોક્ષ અવસ્થામાં તો બિલકુલ નથી. **'વર્ણાદિસ્વરૂપપણાથી વ્યાપ્ત હોતો નથી...'** સંસારમાં એક સમય દેખાય છે, પણ તાદાત્મ્ય સ્વરૂપ હોય તો એ કોઈ દિ' છૂટે નહિ. સમજાણું કાંઈ? ઓહો..હો..! આચાર્યોએ કેટલી વાતને (સ્પષ્ટ કરી છે)! તાદાત્મ્યલક્ષણ સંબંધ નથી. ભગવાન! તારી સાથે એ વ્યવહારરત્નત્રયના રાગની સાથે એકરૂપતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ એકરૂપતા તો પુદ્‌ગલ સાથે છે, તારામાં નથી. વિશેષ ખુલાસો કરશે.

**'ભાવાર્થ :- દ્રવ્યની સર્વ અવસ્થાઓને વિષે દ્રવ્યમાં જે ભાવો વ્યાપે તે ભાવો સાથે દ્રવ્યનો તાદાત્મ્યસંબંધ કહેવાય છે.'** તાદાત્મ્ય નામ અગ્નિ અને ઉષ્ણતાનો સંબંધ તાદાત્મ્ય છે. પણ અગ્નિ ઉપર જે રાખ નથી થતી રાખ? રાખ હોય છે. એની સાથે સંબંધ નથી. એ તો ફૂ મારે તો ઉડી જાય. અગ્નિ-અગ્નિ. અગ્નિ છેને ઉપરથી. રાખ ઝીણી. ધોળી. .. એ કાજળી અમારે પંડિતજી કહેતા હતા. કાજળી છેને ઉપર, એનો અગ્નિ સાથે તાદાત્મ્ય સંબંધ નથી. ફૂ કરે ત્યાં ઉડી જાય એ. ફૂ કરે તો ઉષ્ણતા ઉડી જાય? સમજાણું કાંઈ? એમ ભગવાન આત્મામાં જ્યાં એકાગ્રતા કરે છે તો સંસાર ઉડીને ફૂ થઈ જાય છે, એની વસ્તુમાં નથી. આહા..હા..!

મુમુક્ષુ :- આજે અંતિમ વિદાયનો સમય છે. ક્લાસવાળાને છેલ્લો દિવસ.

ઉત્તર :- હા છેલ્લો દિવસ છે. વિદાયનો દિવસ છેને. આહા..હા..! અરે! સિદ્ધપદમાં જાય છે તો અનાદિ કાળના સંસારથી વિદાય લે છે. હવે સંસાર નહિ, પર્યાય પણ અમારી નહિ હોં. આહા..હા..! અમે અહીંયા પણ એવા હતા, એમ છૂટીને દેહથી અવગાહન કર્યું હોં! ત્યાં આવ્યું હતુંને પહેલું નહિ? રાગ સાથે અવગાહ સંબંધ છે. એકરૂપભાવ સંબંધ છે નહિ. આહા..હા..! આવી તે સ્પષ્ટતા. ભગવાન આનંદઘન અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ. અરે તને ઉલ્લાસ કેમ આવે છે કહે છે? તારા સ્વભાવ ઉપર ઉલ્લાસ ન આવતા એ ચીજમાં અનુકૂળ શરીર, રંગ, આકાર (એમાં ઉલ્લાસ આવે છે). સમજાણું કાંઈ? એ પુદ્‌ગલ સ્વરૂપ

છે. અરે! રાગ પુદ્ગલની સાથે તાદાત્મ્ય સંબંધ છે. એમાં ઉત્સાહ કેમ આવે છે? આહા..હા..! રાગ તો આવશેને. વ્યવહાર આવશે કે નહિ? .. ચર્ચા શું છે? .. કરવી છે. એ તો પુદ્ગલનો સ્વભાવ છે, તારો સ્વભાવ નથી. એની તને હોંશ છે? એ તો પુદ્ગલની હોંશ થઈ. હોંશ સમજો છો? ઉમંગ. એમ શરીર, આબરૂ, કીર્તી, શરીરના અવયવો સુંદર જોઈને આકર્ષણ થાય. સમજાણું કાંઈ? ભગવાન! તારી વસ્તુથી તો તૂં છૂટી ગયો. એ ચીજ તારામાં નથી. એનું આકર્ષણ કેમ થયું? સમજાણું કાંઈ? રાગનું આકર્ષણ કેમ થયું? એ તારામાં છે નહિ. તું તો અનંત આનંદનો પિંડ પ્રભુ, આનંદનું ઝરણું ઝરે એવું સરોવર તું છો. સમજાણું કાંઈ? બહુ પાણી ભર્યું હોયને. પાણી નીકળે. પાળમાંથી પાણી નીકળે. પાળ સમજો છો?

મુમુક્ષુ :- પર્વત.

ઉત્તર :- પર્વત નહિ. સરોવરમાં પાણી ભર્યા હોયને સરોવરમાં બહુ પાણી ભર્યા હોય. એની પાળ હોય છેને એમાં? એમાં નીચેથી પાણી નીકળે. મોટી પાળ બાંધી હોય તો નીચેથી પાણી નીકળે. અને આજુબાજુ વનસ્પતિ બહુ ઉગી ગઈ હોય. એમાં નીચેથી પાણી નીકળ્યા હોયને. પાણી હોય તો વનસ્પતિ ન ઉગી શકે. પાણી આમ બહાર નીકળને તો આસપાસ બહુ લીલોતરી લીલ-ફુગ આદિ. સમજાણું કાંઈ? એમ કહે છે કે તારા આત્માનો આદર જ્યાં સ્વીકાર કર્યો ત્યાં ઝરણા ઝરે એવી ચીજ તારી છે. કારણ કે આનંદ અને જ્ઞાન સાથે તારો સ્વભાવ તાદાત્મ્યલક્ષણ છે. સમજાણું કાંઈ?

**'સર્વ અવસ્થાઓને વિષે દ્રવ્યમાં જે ભાવો વ્યાપે તે ભાવો સાથે દ્રવ્યનો તાદાત્મ્યસંબંધ કહેવાય છે.'** એનુ લક્ષણ .. **'પુદ્ગલની સર્વ અવસ્થાઓને વિષે પુદ્ગલમાં વર્ણાદિભાવો વ્યાપે છે...'** .. છેને. **'તેથી વર્ણાદિભાવો સાથે પુદ્ગલનો તાદાત્મ્યસંબંધ છે.'** આહા..હા..! **'સંસાર-અવસ્થાને વિષે જીવમાં વર્ણાદિભાવો...'** આદિ એટલે બધા ૨૯ બોલ. **'કોઈ પ્રકારે કહી શકાય છે...'** પર્યાયનયમાં વ્યવહારનયે. **'પણ મોક્ષ-અવસ્થાને વિષે જીવમાં વર્ણાદિભાવો સર્વથા નથી...'** જો એના હોય તો છૂટા કેમ પડે? સમજાણું કાંઈ? **'તેથી વર્ણાદિ ભાવો સાથે જીવનો તાદાત્મ્યસંબંધ નથી એ ન્યાય છે.'** એ વાત ન્યાય પ્રાપ્ત છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૬૨

जीवस्य वर्णादितादात्म्यदुरभिनिवेशे दोषश्चायम् --

जीवो चेव हि एदे सव्वे भाव त्ति भण्णसे जदि हि।
जीवस्साजीवस्स य णत्थि विसेसो दु दे कोई।।६२।।
जीवश्चैव ह्येते सर्वे भावा इति मन्यसे यदि हि।
जीवस्याजीवस्य च नास्ति विशेषस्तु ते कश्चित्।।६२।।

यथा वर्णादयो भावाः क्रमेण भाविताविर्भावतिरोभावाभिस्ताभिस्ताभिर्व्यक्तिभिः पुद्गलद्रव्यमनुगच्छन्तः पुद्गलस्य वर्णादितादात्म्यं प्रथयन्ति, तथा वर्णादयो भावाः क्रमेण भाविताविर्भावतिरोभावाभिस्ताभिस्ताभिर्व्यक्तिभिर्जीवमनुगच्छन्तो जीवस्य वर्णादितादात्म्यं प्रथमन्तीति यस्याभिनिवेशः तस्य शेषद्रव्यासाधारणस्य वर्णाद्यात्मकत्वस्य पुद्गललक्षणस्य जीवेन स्वीकरणाज्जीवपुद्गलयोरविशेषप्रसक्तौ सत्यां पुद्गलेभ्यो भिन्नस्य जीवद्रव्यस्याभावाद्भवत्येव जीवाभावः।

---

હવે, જીવનું વર્ણાદિક સાથે તાદાત્મ્ય છે એવો મિથ્યા અભિપ્રાય કોઈ કરે તો તેમાં આ દોષ આવે છે એમ ગાથામાં બતાવે છેઃ-

**આ ભાવ સર્વે જીવ છે જો એમ તું માને કદી,**
**તો જીવ તેમ અજીવમાં કંઈ ભેદ તુજ રહેતો નથી! ૬૨.**

ગાથાર્થ :- વર્ણાદિકની સાથે જીવનું તાદાત્મ્ય માનનારને કહે છે કેઃ હે મિથ્યા અભિપ્રાયવાળા! [यदि हि च] જો તું [इति मन्यसे] એમ માને કે [एते सर्वे भावाः] આ વર્ણાદિક સર્વ ભાવો [जीवः एव हि] જીવ જ છે, [तु] તો [ते] તારા મતમાં [जीवस्य च अजीवस्य] જીવ અને અજીવનો [कश्चित्] કાંઈ [विशेषः] ભેદ [नास्ति] રહેતો નથી.

ટીકાઃ- જેમ વર્ણાદિક ભાવો, અનુક્રમે આવિર્ભાવ (પ્રગટ થવું, ઊપજવું) અને તિરોભાવ (ઢંકાવું, નાશ થવું) પામતી એવી તે તે વ્યકિતઓ વડે (અર્થાત્ પર્યાયો વડે) પુદ્ગલદ્રવ્યની સાથે સાથે રહેતા થકા, પુદ્ગલનું વર્ણાદિ સાથે તાદાત્મ્ય જાહેર કરે છે- વિસ્તારે છે, તેવી રીતે વર્ણાદિક ભાવો, અનુક્રમે આવિભાર્વ અને તિરોભાવ

પામતી એવી તે તે વ્યકિતઓ વડે જીવની સાથે સાથે રહેતા થકા, જીવનું વર્ણાદિ સાથે તાદાત્મ્ય જાહેર કરે છે, વિસ્તારે છે—એમ જેનો અભિપ્રાય છે તેના મતમાં, અન્ય બાકીનાં દ્રવ્યોથી અસાધારણ એવું વર્ણાદિસ્વરૂપપણું-કે જે પુદ્‌ગલદ્રવ્યનું લક્ષણ છે- તેનો જીવ વડે અંગીકાર કરવામાં આવતો હોવાથી, જીવ-પુદ્‌ગલના અવિશેષનો પ્રસંગ આવે છે, અને એમ થતાં, પુદ્‌ગલોથી ભિન્ન એવું કોઈ જીવદ્રવ્ય નહિ રહેવાથી, જીવનો જરૂર અભાવ થાય છે.

ભાવાર્થ :— જેમ વર્ણાદિક ભાવો પુદ્‌ગલદ્રવ્ય સાથે તાદાત્મ્યસ્વરૂપે છે તેમ જીવ સાથે પણ તાદાત્મ્યસ્વરૂપે હોય તો જીવ-પુદ્‌ગલમાં કાંઈ પણ ભેદ ન રહે અને તેથી જીવનો જ અભાવ થાય એ મોટો દોષ આવે.

---

**શ્રાવણ વદ-૧૧, રવિવાર, તા. ૦૩-૦૯-૧૯૭૨**
**ગાથા- ૬૨, પ્રવચન-૧૫૨**

૬૨ ગાથા. 'હવે, જીવનું વર્ણાદિક સાથે તાદાત્મ્ય છે એવો મિથ્યા અભિપ્રાય કોઈ કરે...' રંગ અને રાગ, વિકાર અને જડ એની સાથે આત્માને એકરૂપપણું છે એમ કોઈ આગ્રહ કરે. 'તો તેમાં આ દોષ આવે છે એમ ગાથામાં બતાવે છે :-'

जीवो चेव हि एदे सव्वे भाव त्ति भण्णसे जदि हि।
जीवस्साजीवस्स य णत्थि विसेसोदु दे कोई।।६२।।

**આ ભાવ સર્વે જીવ છે જો એમ તું માને કદી,**
**તો જીવ તેમ અજીવમાં કંઈ ભેદ તુજ રહેતો નથી! ૬૨.**

આહા..હા..! ટીકા. વર્ણાદિમાં રાગ અને ગુણસ્થાન બધું લેવું. આહા..હા..! કેવી શૈલીએ વાત કરે છે! જેમ રંગ અને રાગ શુભાશુભભાવ અને રંગ એટલે જડ આદિ એનું, એ ભાવો છે એ '**અનુક્રમે આવિર્ભાવ** (પ્રગટ થવું, ઊપજવું)...' લ્યો અહીં તો અનુક્રમ લીધો. ક્રમે-ક્રમે ઉપજે અને વિણસે એ સંબંધ પુદ્‌ગલની સાથે જાય છે. આહા..હા..!

મુમુક્ષુ :- એ .. ત્યારે જ થાય છે.

ઉત્તર :- ત્યારે થાય છે એ અપેક્ષાએ વાત. નહિતર તો રાગ થાય અને જાય એ તો દ્રવ્યમાં સમાય છે એટલું. આહા..હા..! એય..! પણ અહીં એ અપેક્ષા નથી લેવી. રંગની

ઉત્પત્તિ અને વ્યય એ તો પુદ્‌ગલ સાથે સંબંધ રાખે છે. હવે રાગનો પુણ્ય, દયા, દાન, વ્રત, કામ, ક્રોધ આદિ વિકલ્પ છે એ ભાષા તો અનુક્રમ પડ્યો છે. ક્રમબદ્ધ, ક્રમસર એ રાગની ઉત્પત્તિ અને એનું ઢંકાવું—વ્યય એ પુદ્‌ગલની સાથે સંબંધ રાખે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એક બાજુ એમ કહેવું કે શુદ્ધ-અશુદ્ધ પર્યાયનો પિંડ તે દ્રવ્ય છે. અને.. રાગ કઈ અપેક્ષાએ છે એ વાત જાણવી જોઈએને. અને રાગ જે થાય અને બીજે સમયે જાય એ સત્ છે. જાય એ ક્યાં જાય? એ દ્રવ્યમાં ભળે છે. પણ એ વાત અહીંયાં સિદ્ધ નથી કરવી. એ વિકારી પર્યાય... આહા..હા..! અને રંગ, ગંધ, રસ, સ્પર્શનું ઉપજવું એ પુદ્‌ગલની સાથે સંબંધ રાખે છે એમ કહે છે. સમજાણું કાંઈ? કેમકે જેમ રંગ અચેતન છે એમ રાગ પણ અચેતન છે.

'**વર્ણાદિક ભાવો,...**' રંગ, ગંધ, રસ, સ્પર્શ, શરીર, સંસ્થાન, રાગ, દ્વેષ, લબ્ધિસ્થાન, ગુણસ્થાન, જીવસ્થાન, માર્ગણાસ્થાન એ બધા ભાવો, ભગવાન અભેદ સ્વરૂપ જ્ઞાનસ્વરૂપમાં એ ક્યાં છે? સમજાય છે કાંઈ? એ ભાવો અનુક્રમે એક તો એ વાત છે. ક્રમે ક્રમે ઉપજે. ક્રમે ઉપજે હોં પાછું. ક્રમબદ્ધ. જે સમયે રાગનું ઉત્પન્ન થવું થાય એ જ સમયે એનો કાળ હોય છે અને એનો વ્યય થાય તે પણ એના સમયનો એ વ્યય તે કાળ જ એનો હોય છે. રાગ દયા, દાન, વ્રત આદિ વિકલ્પ ઉદયભાવ અહીં તો આખો. પુદ્‌ગલમાં પારિણામિકભાવ. બે લીધા છે એક ન્યાયે. પુદ્‌ગલમાં પારિણામિકભાવ અને ઉદયભાવ બે છે. કર્મ છેને કર્મ? ઉદય આવે છેને જડ હોં એનો જડ. એનો ઉદયભાવ લેવો જડનો હોં. અને એ જડની સાથે આ રાગનું ઉત્પન્ન થવું થાય સંબંધ થઈને અને એ ઉદય જતાં રાગનો અભાવ થાય એ બધો પુદ્‌ગલદ્રવ્ય સ્વરૂપની સાથે સંબંધ રાખે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? બહુ ઝીણું છે આ. ન્યાં ઓલા બીડીયુંમાં પૈસા પેદા થઈ જાય ઝટ એ કાંઈ ડહાપણને લઈને થયું નથી.

અહીં તો એ સિદ્ધ કરવું છે... કેવી વાત સિદ્ધ કરે છે! આહા..! એક કોર અવગાહ, એક કોર તે તે બધી અવસ્થામાં વ્યાપે તે. આ વળી બીજી-ત્રીજી વાત લીધી. આહા..હા..! ભગવાન આત્મા એમાં તો એ રાગનું જ્ઞાન અને એનું થાય અને જ્ઞાન થાય અને જ્ઞાનની પર્યાય જાય એવો સંબંધ જીવદ્રવ્ય સાથે રાખે છે. સમજાણું કાંઈ? વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છેને, એ વાત અહીં બીજી રીતે સિદ્ધ કરી. રાગ અને રંગ ૨૯ બોલનો ઉકરડો... ઉકરડો સમજો છો? ઢેર. કૂડા કા ઢેર. એ ભગવાન આત્મા સાથે સંબંધ નથી રાખતો. સંબંધ ત્યાં છે. એ છે ત્યાં સુધી થાય છે, એ નથી તો થતા નથી. આહા..હા..! એવી શૈલી લીધી છે.

ભગવાન આત્મા છે તો થાય છે તો તો અનાદિ-અનંત છે તો અનાદિ-અનંત તેને રાગાદિ થવા જોઈએ. સમજાય છે કાંઈ? શુભ અને અશુભ રાગ કે મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય,

યોગ, ગુણસ્થાન ભેદ, ગુણસ્થાન ભેદ, માર્ગણાસ્થાન ભેદ એ જીવ હોય ત્યાં થાય તો તો સદાય એ રહે જ અંદરમાં. એમ છે નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? ભગવાન આત્મા એકરૂપ ચૈતન્ય દળ એ રાગ અને રંગને જાણવાની પર્યાય પોતાથી પોતાને લઈને થાય એની સાથે એને તાદાત્મ્ય સંબંધ છે. સમજાય છે કાંઈ? પણ એ વ્યવહાર જેને કહે... સવારે એ આવ્યું હતું કે વ્યવહારરત્નત્રય તો ભવે ભવે કર્યું છે, ભાઈ! એ ... ચીજ નહિ. એનાથી સ્વરૂપનો નિશ્ચય થતો નથી. સમજાય છે કાંઈ? વ્યવહારથી ખસી અને ચૈતન્ય સ્વભાવિક વસ્તુ ત્રિકાળી દ્રવ્ય એના સમીપમાં જાય તો ચૈતન્યની પ્રસિદ્ધિ થાય. આવું ઝીણું!

અનુક્રમે એ ભાવો આવિર્ભાવ (અર્થાત્) ઉત્પન્ન થવું, રાગનું, રંગનું, ભેદનું ઉત્પન્ન થવું, એ ઉત્પન્ન થવું કે પ્રગટ થવું. **'તિરોભાવ (ઢંકાવું, નાશ થવું)...'** એ રાગ અને રંગની અવસ્થાનો અભાવ થાય અને એ ક્રમે ક્રમે ઉત્પન્ન થાય અને ક્રમે ક્રમે એનો નાશ થાય. કહો, જેઠાભાઈ! આ ક્રમબદ્ધ સિદ્ધ કરે છે. આની સાથે ક્રમબદ્ધ છે. ભગવાન સાથે એનો ક્રમસંબંધ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? અજીવ એવા પુદ્‌ગલની સાથે ઉત્પન્ન અને વ્યયપણું એ પુદ્‌ગલની સાથે સંબંધ રાખે છે. કહો, સમજાણું કાંઈ? અને તે પણ ક્રમે. જે સમયે જ્યાં રાગ અને રંગની પર્યાય થવાની તે સમયે થાય એટલે પૂર્વની અવસ્થા તે જ સમયે વ્યય થાય. આહા..હા..!

**'એવી તે તે વ્યકિતઓ વડે...'** પ્રગટ દશાઓ વડે. શુભ-અશુભ રાગ અને રંગ આદિ, સંહનન આદિ, ગુણસ્થાનભેદ આદિ તે તે પર્યાયો વડે **'(અર્થાત્ પર્યાયો વડે) પુદ્‌ગલદ્રવ્યની સાથે સાથે રહેતા થકા,...'** એ તો પુદ્‌ગલદ્રવ્ય છે ત્યાં એ થાય છે. આહા..હા..! ત્યારે એ લોકો કહે છે કે નિમિત્તથી થાય છે એમાં શું ફેર પડે? અહીં એમ વાત નથી. અહીં એના શુદ્ધ ઉપાદાનમાં એ નથી એટલે અશુદ્ધ ઉપાદાન છે એ વ્યવહાર નાખ્યો પરમાં. સમજાય છે કાંઈ? આહા..હા..! ભગવાન આત્મા જ્ઞાયક શુદ્ધ ઉપાદાન સ્વભાવ એમાં અનુક્રમે રાગનું થવું અને રાગનું જવું એવો આત્માની સાથે તાદાત્મ્યલક્ષણ સંબંધ નથી. પોપટભાઈ! આ બધું ઝીણું છે. એમને એમ થોડીવાર બે દિ' સાંભળે અને પાછા ત્યાં લાદીમાં જાય. બહુ ધ્યાન રહે એવું નથી. ત્યાં ઓલા છ છોકરા અને પૈસા એટલા બધા અને હો..હા... હો..હા.. તમારે એક છે, એને છ છે. ભારે આ તો. એ બધા શરીરો કે બીજા આત્માઓ એ એની પર્યાયમાં જે રાગાદિ થાય અને રંગાદિ થાય એ પુદ્‌ગલની સાથે સંબંધ રાખે છે. આહા..હા..! ભગવાનજીભાઈ! આવી વાત છે. આહા..હા..!

ભગવાન આત્માની સાથે સંબંધ રાખે તો તો એ અજીવ છે તે જીવ થઈ જાય. અજીવ વડે જીવનું ગ્રહણ થાય. એમ હોઈ શકે નહિ. આવી વાત કેવી વાત આ! એ તો ચૈતન્યનો પિંડલો પ્રભુ તો છે, જ્ઞાનમૂર્તિ પ્રભુ છે. એમાં ઉત્પાદ-વ્યય થાય તો એની જાતના ઉત્પાદ

અને વ્યય થાય, પણ આ રાગ અને વિકાર દયા, દાન એ જાત એની નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? તારે આત્માની દૃષ્ટિ કરવી હોય તો આત્મા રાગ અને વિકાર સાથે સંબંધ રાખતો નથી એવો આત્મા એના ઉપર દૃષ્ટિ કરવા જેવી છે. સમજાણું કાંઈ? એવી અનુક્રમે પ્રગટ થતી વ્યક્તિઓ અને ઢંકાઈ જતી વ્યક્તિઓ એવી વ્યક્તિઓ વડે '**પુદ્ગલદ્રવ્યની સાથે સાથે રહેતા...**' એ તો પુદ્ગલદ્રવ્યનું નિમિત્તપણું અને એનો વિકાર તે તેના સાથે સંબંધ રાખે છે કહે છે. ભગવાન આત્મા સાથે સંબંધ રાખતો નથી. આહા..હા..!

એક કોર એમ કહેવું કે ઉદયભાવ એક સમયનો છે, બીજે સમયે વ્યય થાય એ જાય ક્યાં? દ્રવ્યમાં પારિણામિકભાવે થઈ જાય. આહા..હા..! એ તો ભાવસ્વરૂપ એનું, પણ એ વાસ્તવિક સ્વરૂપ તો એનું જ્ઞાન છે, એ રાગ એનું વાસ્તવિક સ્વરૂપ નથી. સમજાય છે કાંઈ? આહા..! પુણ્યના, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ કહે છે કે એને કાળે અનુક્રમે આવે અને જાય એવી વ્યક્તિઓનો સંબંધ પુદ્ગલ સાથે છે.

'**પુદ્ગલનું વર્ણાદિ સાથે તાદાત્મ્ય જાહેર કરે છે...**' એ જાહેર તો આ પુદ્ગલ છે એમ ત્યાં પ્રસિદ્ધ પામે છે એમ કહે છે. આત્મા છે એ પ્રસિદ્ધ પામે છે એમ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? અનુક્રમે, શુભરાગ અને અશુભરાગ એ પણ અનુક્રમે ઉપજે અને અનુક્રમે ઉપજીને અનુક્રમે જ તે વ્યય પામે. જે સમયે ઉપજે તે સમયે વ્યય ન પામે. જે સમયે ઉપજે રાગ કે રંગ એની પર્યાય તે સમયે વ્યય ન પામે. અનુક્રમે બીજે સમયે એનો ક્રમ હોય ત્યારે એ વ્યય પામે. આહા..હા..! સમજાય છે કાંઈ? આવું ઝીણું, માર્ગ ઝીણો. માણસને પહોંચવાને માટે ભારે મુશ્કેલ પડે. વાદ અને વિવાદ અને ચર્ચા.

એક કોર કહે કે ભગવાન આત્મા વ્યાપક છે અને અજ્ઞાનભાવે વિકાર તેનું વ્યાપ્ય છે. અજ્ઞાનભાવે. વસ્તુનો સ્વભાવ ક્યાં છે? સમજાણું કાંઈ? અને જે વ્યાપ્ય-વ્યાપક હોય તે જ એનો કર્તાકર્મ કહેવાય. એઈ..! આહા..હા..! અહીં બીજે રીતે છે. વાસ્તવિક આત્મા જેને કહીએ એ તો જ્ઞાનનો પૂંજ ધ્રુવ ચૈતન્ય ગંજ પ્રભુ છે. ચૈતન્ય જ્ઞાનનું ઢોકળું એકલો. એની સાથે સંબંધ રાખીને રાગ ઉત્પન્ન થાય અને રાગ વ્યય થાય એમ બને નહિ. તો અજીવ દ્વારા એ જીવને પકડ્યો, જીવને માન્યો એમ થયું. આહા..હા..! ભારે ઝીણું! સમજાણું કાંઈ?

'**પુદ્ગલનું વર્ણાદિ સાથે તાદાત્મ્ય જાહેર કરે છે...**' એટલે કે એ પુદ્ગલ વિસ્તરે છે એમ. એ પુદ્ગલ લાંબો થાય છે. ભગવાન આત્મા એ રાગમાં અને રંગમાં લાંબો થઈને વિસ્તરતો નથી. અહીં તો હવે ગુજરાતી કાઠિયાવાડી ભાષા આવે. કહો, સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- જડ પણ લાંબું થાય?

ઉત્તર :- હા, .. જડમાં છેને એ સ્વભાવ. પરિણમવું સ્વભાવ નથી? આ શું છે જુઓને આ જડ. આમ થાય છે, આમ થાય છે ત્યાં જડ થાય છે. અહીં એનું જાણપણું .. 'જડ

અને ચૈતન્ય બંને પ્રગટ સ્વભાવ ભિન્ન' જડ પણ ભાવવાળું તત્ત્વ છે. અહીં ભાવ કહ્યાને? એ જડનો રાગ અને રંગ એ જડનો ભાવ છે એમ કહે છે. સમજાણું કાંઈ? ચૈતન્યનો ભાવ હોય તો ચૈતન્ય સાથે તાદાત્મ્ય ત્રિકાળ એકરૂપ રહે. સમજાણું કાંઈ?

**'પુદ્ગલનું વર્ણાદિ સાથે તાદાત્મ્ય...' 'પુદ્ગલદ્રવ્યની સાથે સાથે રહેતા થકા,...'** જ્યાં જ્યાં પુદ્ગલ છે ત્યાં ત્યાં રાગ અને ત્યાં રંગ છે, એ રાગ અને રંગનું રહેવું પુદ્ગલની સાથે છે. એથી **'પુદ્ગલનું વર્ણાદિ સાથે તાદાત્મ્ય જાહેર કરે છે...'** જાહેર કરેમાં શું શબ્દ છે? પ્રસરે છે. **'प्रथयन्ति' 'प्रथयन्ति'** આહા..! છેને બીજી લીટીમાં? **'प्रथयन्ति'** વિસ્તાર પામે છે. પ્રસાર-વિસ્તાર પામે છે. આહા..હા..! એ તો પુદ્ગલનો વિસ્તાર, પુદ્ગલ (પ્રસરે છે). સમજાણું કાંઈ? એ કુતરીના બચ્ચા એ કુતરીના બચ્ચા કુતરી છે, એનો પરિવાર છે. એ વિસ્તાર પામે છે કહે છે. સમજાણું કાંઈ? એ પુદ્ગલ જડ એના સંબંધથી થયેલો ભાવ એ પુદ્ગલને જાહેર કરે છે, પુદ્ગલને વિસ્તારે છે, ભગવાન એમાં આવતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ એની મેળાએ વાંચે તો બરાબર કેટલાકને જાણે આ સમજાય એવું નથી આ શું કહે છે? તુંબડીમાં કાંકરા જેવું લાગે. તમે તો ઘણા વર્ષથી આવો છો અહીં. આહા..હા..!

બે વસ્તુ. એક કોર પુદ્ગલ અને એક કોર ભગવાન આત્મા. હવે કહે છે કે રાગ અને રંગનો વિસ્તાર અને પ્રસરવું, એનો વિસ્તાર થવો એ બધી સ્થિતિની વિશેષતા એ બધી પુદ્ગલની સાથે સંબંધ રાખે છે. આહા..હા..! એ ત્યાં પુદ્ગલ છે એમ પ્રસિદ્ધ કરે છે. આત્મા ત્યાં છે એમ પ્રસિદ્ધ નથી કરતું કહે છે. આહા..! ભારે કહેવાની (શૈલી). જીવને સિદ્ધ કરવાની યુક્તિ અને તત્ત્વ... સમજાય છે કાંઈ? એક કોર કહેવું કે એ ઉદયભાવ જીવતત્ત્વ છે. તત્ત્વાર્થસૂત્રમાં (એમ કહે). બીજા અધ્યાયમાં પહેલું સૂત્ર. ભાઈ! બીજા અધ્યાયનું પહેલું સૂત્ર. ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક, ઉદય અને પારિણામિક પાંચેય જીવ તત્ત્વ છે. અહીં કહે છે કે રાગ તે અજીવતત્ત્વ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? યથાર્થ જેને આત્મા કહીએ એ આત્મા સાથે વિકાર અને રંગનો સંબંધ તાદાત્મ્ય નથી. એનો સંબંધ જ્યાં સુધી પુદ્ગલ ત્યાં સુધી રાગ અને રંગ ઉપજે અને પુદ્ગલ છે ત્યાં સુધી રાગ અને રંગનો વ્યય તે પણ અનુક્રમે ક્રમે-ક્રમે (થાય). આહા..હા..! કેટલી વાત સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? એ વિસ્તારે છે.

એવી રીતે **'તેવી રીતે વર્ણાદિક ભાવો,...'** જેમ હતુંને પહેલું? જેમ હતુંને એટલે હવે **'તેવી રીતે વર્ણાદિક ભાવો,...'** રંગ, ગંધ, રસ, સ્પર્શ, રાગ, દ્વેષ, પુણ્ય, પાપ, શુભ, અશુભભાવ. આહા..હા..! ગુણસ્થાનના ભેદ, માર્ગણાના ભેદ એ બધું પુદ્ગલ સાથે સંબંધ રાખતું પુદ્ગલની પ્રસિદ્ધિ કરે છે કે આ એક પુદ્ગલ છે એમ પ્રસિદ્ધ કરે છે. સમજાય છે કાંઈ? અજીવની પ્રસિદ્ધિ છે. અહીં જીવ-અજીવ છેને અધિકાર આ? **'તેવી રીતે વર્ણાદિક ભાવો,...'** રંગ અને રાગ-દ્વેષ, પુણ્ય અને પાપ, સંહનન આદિ **'અનુક્રમે આવિર્ભાવ...'**

ક્રમે પ્રગટ થવું અને વ્યય થવું. **'એવી તે તે વ્યક્તિઓ વડે જીવની સાથે સાથે રહેતા થકા,...'** જીવ છે ત્યાં ત્યાં એ થાય એમ સાથે રહેતા થકા **'જીવનું વર્ણાદિ સાથે તાદાત્મ્ય જાહેર કરે છે, વિસ્તારે છે—એમ જેનો અભિપ્રાય છે...'** આહા..હા..! ભારે ભાઈ! આવી ધર્મકથા. વાત જ ઈ. એમાં બાયુંને બિચારા ધુમાડા કરતા રાંધે અને એમાં હવે આવી વાતું શું કહે છે આ? એય..! રોટલી કેમ કરવી અને પુરી કેમ કરવી અને શીરો કેમ કરવો? આ કહે આત્મા કેમ કરવો લ્યો. સમજાણું કાંઈ?

જેવી રીતે પુદ્ગલની સાથે સંબંધ રાખીને રાગ અને રંગ જેનું તાદાત્મ્યસ્વરૂપ છે એને પ્રસિદ્ધ કરે છે. એવી રીતે જીવ સાથે પણ જો પ્રસિદ્ધ કરે એવો જેનો અભિપ્રાય છે **'તેના મતમાં, અન્ય બાકીનાં દ્રવ્યોથી અસાધારણ એવું વર્ણાદિસ્વરૂપપણું-કે જે પુદ્ગલદ્રવ્યનું લક્ષણ છે...'** આહા..હા..! ભેદ અને રાગ અને રંગ એ બધું પુદ્ગલદ્રવ્યનું લક્ષણ છે. ભગવાન આત્મા એકલો નિમિત્તના સંબંધ વિના ભેદ અને રાગને કેમ કરે? સમજાણું કાંઈ? વસ્તુ આવી છે. આ અતિશયોક્તિ થઈને કહે છે એમ નથી. સમજાય છે કાંઈ? કહે છે કે જેવો જડ રાગ અને રંગથી પ્રસિદ્ધ પામે છે એવી જ રીતે રાગ અને રંગથી જીવ પ્રસિદ્ધ પામે તો તે પુદ્ગલદ્રવ્ય થયું, જીવ પુદ્ગલ થયો. કહો, શું આવું હતું ત્યાં તમારે? ... નહિ આવું હોય. આહા..હા..!

અહીં તો જગજાહેર. બે હજાર વર્ષથી સમયસાર પ્રસિદ્ધમાં છે. એવો જ આત્મા પ્રસિદ્ધમાં છે. આહા..હા..! કહે છે કે જેમ પુદ્ગલનું હયાતીપણું એના સંબંધથી ઉત્પન્ન થયેલો રાગ અને રંગ એ તો એની સાથે સંબંધ રાખીને પુદ્ગલની પ્રસિદ્ધિ કરે છે. એ તો પુદ્ગલ અજીવ છે એમ પ્રસિદ્ધિ કરે છે. એવી રીતે જ આત્માની સાથે રાગ અને રંગ આદિનું ઉપજવું, આત્માની સાથે ઉપજવું અને વિણસવું થાય તો એ પણ પુદ્ગલની પ્રસિદ્ધિવાળો આત્મા થયો, આત્માની પ્રસિદ્ધિ થઈ નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દૃષ્ટિ વિપરીતવાળાએ કરી. આપણે કોઈનું શું કામ છે? સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- .. અભિપ્રાય.

ઉત્તર :- કહ્યુંને **'એમ જેનો અભિપ્રાય છે...'** અભિપ્રાય એનો છે. આહા..હા..! રાગની ઉત્પત્તિ જીવદ્રવ્યની જીવદ્રવ્યને લઈને છે એમ જેનો અભિપ્રાય છે તે જડને આત્મા તરીકે સ્વીકારે છે. કેમકે રાગ ગમે તે હો, પણ રાગમાં અચેતનપણું છે. જેમ સંહનન અને રંગ, ગંધમાં અચેતપણું છે એવું જ એ જાતની પણ બીજી અપેક્ષા દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના પરિણામ અચેતન છે. ચૈતન્યની જાહેરાત એમાં નથી થતી, ત્યાં તો પુદ્ગલની જાહેરાત થાય છે. આહા..હા..! આહા..હા..! .. સ્ફટિકરત્ન, ચૈતન્ય સ્ફટિકરત્ન એ રાગ દ્વારા

કેમ પ્રસિદ્ધ પામે? આહા..હા..! સમજાય છે કાંઈ? એ તો આનંદ અને જ્ઞાન દ્વારા પ્રસિદ્ધ પામે એવું લક્ષણ એનું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ન્યાય છે. એ વસ્તુ આમ છે.

કહે છે '**તેના મતમાં,...**' જેને રંગ અને રાગની ઉત્પત્તિ વર્ણ, ગંધની સાથે પુદ્‌ગલ.. એવી જ રાગ અને રંગની ઉત્પત્તિનો સંબંધ જીવદ્રવ્ય સાથે છે એવો જેનો અભિપ્રાય છે '**તેના મતમાં, અન્ય બાકીનાં દ્રવ્યોથી અસાધારણ...**' જુઓ, અસાધારણ એટલે જુદું '**એવું વર્ણાદિસ્વરૂપપણું-કે જે પુદ્‌ગલદ્રવ્યનું લક્ષણ છે-તેનો જીવ વડે અંગીકાર કરવામાં આવતો હોવાથી,...**' આહા..હા..! રાગ અને રંગ જે પુદ્‌ગલનું લક્ષણ છે એને જીવ વડે અંગીકાર કરવામાં આવતું હોવાથી. આહા..હા..! કહો, સુજાનમલજી!

મુમુક્ષુ :- ... વાત તો બરાબર છે. ...

ઉત્તર :- હા તો અંદરમાંથી ભિન્ન પડીને આવવું જોઈએને? છે એમ આવવું જોઈએને. સત્ સ્વરૂપે જે રીતે છે (તે રીતે આવવું જોઈએ). કેટલું સ્પષ્ટ!

'**જે પુદ્‌ગલદ્રવ્યનું લક્ષણ છે-તેનો જીવ વડે અંગીકાર કરવામાં આવતો હોવાથી,...**' કારણ કે જીવ સાથે સંબંધ છે રાગ અને રંગનો, તો જીવ વડે જ કરવામાં આવતું હોવાથી '**જીવ-પુદ્‌ગલના અવિશેષનો પ્રસંગ આવે છે,...**' અવિશેષ. જીવ અને પુદ્‌ગલ બે એક થઈ જાય છે. આહા..હા..!

મુમુક્ષુ :- અભિપ્રાય ખોટો.

ઉત્તર :- ખોટો છે અભિપ્રાય. રાગ ઉપર દૃષ્ટિ આપવાથી ચૈતન્ય જાગે એ તો કહે છે કે પુદ્‌ગલ અને જીવ એક માનવા જેવું છે. એમ કહે છે. સમજાણું કાંઈ? ભાઈ સંહનન મજબુત શરીરનું હોય, વજ્રનારાચ સંહનન હોય તો કેવળજ્ઞાન થાય. મનુષ્યપણાની ગતિ હોય તો કેવળજ્ઞાન થાય. એમ જો તું માનતો હો... આહા..હા..! તો તેં અજીવ વડે જીવને ગ્રહણ કર્યો. જીવ જુદો છે એમ તને ગ્રહણ (થયું નહિ). આહા..હા..! સમજાણું કાંઈ? વાર્તા મૂકે, કથા મૂકે તો રાજી-રાજી થઈ જાય. અને ઘરે પણ કહેવાય કે આમ વાત આવી. ધણી ન આવ્યો હોય તો એને બાયડી કહે અને બાયડી ન આવી હોય તો ધણી આવીને કહે કે ત્યાં આમ કથા (આવી). આ શું કહે છે? કહેવું શું ઘરે બૈરાને? અહીં મળે ... અહીં પાછા. એને ઘરે બૈરા કહે શું સાંભળીને આવ્યા? કાંઈક કહેતા હતા, આવિર્ભાવ અને તિરોભાવ. અનુક્રમ ને આવિર્ભાવ ને તિરોભાવ હતું કાંઈક. એટલે કે વિકારનું ઉત્પન્ન થવું અને રંગનું ઉત્પન્ન થવું એક જ જાત છે અહીં તો કહે છે. એ પુદ્‌ગલની સાથે સંબંધ રાખે છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

એ આત્માવલોકનમાં નાખ્યું છે. રાગ છે ત્યાં સુધી કર્મ છે એમ ન લેવું. પુદ્ગલ છે ત્યાં સુધી રાગ છે એમ લેવું. આ અપેક્ષાએ. આત્માવલોકન, દીપચંદજીનું આત્માવલોકન છેને? આત્માવલોકન છે. એ જોયું પણ નહિ હોય ક્યારેય. શેના દેખે? આ ભાઈને ઠપકો આપીએ છીએ. જોયું પણ નથી. બીડીયું દેખી છે ત્યાં. કહો, સમજાય છે કાંઈ? આત્માવલોકન છે. એમા અર્થ કર્યો છે. દીપચંદજી સાધર્મી. ચિદ્વિલાસ, આત્માવલોકન, અનુભવપ્રકાશ એણે બનાવ્યા છે. અરે! એ દિગંબર ગૃહસ્થોએ પણ મૂળ ચીજને ઉભી કરે છે. સમજ્યા? ભલે ગૃહસ્થ હોય તો શું થયું? ગૃહસ્થપણું એના આત્મામાં ક્યાં છે? આહા..હા..! ગૃહસ્થપણે જીવને ઓળખવો એ પુદ્ગલથી ઓળખવા જેવું છે એમ કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? અને ભગવાન! આના દીકરા, આના ધણી, આ દીકરાના બાપ એ બધી ઓળખાણ ખોટી છે. એ આત્માને ઓળખવાની ચીજ જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે જેઓ ક્રમે ક્રમે પુદ્ગલની હયાતી બતાવનાર રાગ અને રંગ છે એમાં ઉપજે છે એવો જ રાગ અને રંગ જીવની સાથે આવિર્ભાવ-તિરોભાવ છે એવો જે જીવનો અભિપ્રાય અને મત છે એના અભિપ્રાયની અપેક્ષાએ જગતમાં અસાધારણ એટલે બીજું નહિ એવું એ પુદ્ગલદ્રવ્ય છે એ દ્વારા એણે જીવને જાણ્યો, એ દ્વારા એણે જીવને કબુલ્યો. સમજાણું કાંઈ? પાછો સરવાળો તો જીવ ઉડી જાય છે ઈ કહેશે. પણ અહીં પહેલું સિદ્ધ તો આ કરવું છેને? કે '**જે પુદ્ગલદ્રવ્યનું લક્ષણ છે-તેનો જીવ વડે અંગીકાર કરવામાં આવતો હોવાથી,...**' જીવ વડે રાગ અને રંગ છે એમ અંગીકાર કરવામાં આવતું હોવાથી '**જીવ-પુદ્ગલના અવિશેષનો પ્રસંગ આવે છે,...**' અવિશેષ એટલે જુદાં રહેતા નથી. બે એક થઈ જાય છે, ખીચડો થઈ જાય છે. આહા..હા..! રાગનો ભગવાન સાથે સંબંધ રાખતા આત્મા અજીવ થઈ જાય છે. અજીવ અને જીવ બે જુદા રહેતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, પુનમચંદજી! શું છે આ? આવી વાત હશે બીજે? કોની સાથે સમન્વય કરવો?

મુમુક્ષુ :- સમન્વય થાય જ નહિ.

ઉત્તર :- થાય નહિ. આહા..હા..! અલૌકિક લોકોત્તર માર્ગ છે. અલૌકિક કહો કે લોકોત્તર કહો. લૌકિક નહિ. જે માર્ગની પ્રસિદ્ધિ આગળ જીવ પ્રસિદ્ધ પામે ત્યાં તો આનંદનો અનુભવ થાય એમ કહે છે. ત્યાં રાગનો અનુભવ રહેતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન પ્રસિદ્ધિ પામે એ તો તાદાત્મ્ય લક્ષણથી પ્રસિદ્ધિ પામે. આ રાગ અને રંગનો તાદાત્મ્ય સંબંધ આત્મા સાથે છે જ નહિ. અગ્નિ અને ઉષ્ણતાનો જેમ તાદાત્મ્ય સંબંધ છે એમ રાગ અને રંગ સાથે આત્માનો સંબંધ છે નહિ. અગ્નિમાં જેમ છાર હોય, ઉપલી જરી રાખ હોય છેને? અગ્નિ. થોડીવાર રહે એટલે જરી ઝીણી... ઝીણી... ઝીણ રાખ ભસ્મ થઈ જાય. એ ભસ્મને (અને) અગ્નિને તાદાત્મ્ય સંબંધ છે નહિ. એકરૂપ સંબંધ જ નથી. આહા..હા..!

ભગવાન આત્મા એને તું રાગ અને રંગથી ઓળખવા માગ અને એ દ્વારા તું જીવ જાણવા માગે, એ જીવના છે એમ જાણવા માગ તો અસાધારણ પુદ્‌ગલ એવી એ ચીજ છે એ પુદ્‌ગલને તેં સ્વીકાર્યું. પુદ્‌ગલથી જીવ જુદો છે એમ સ્વીકારવામાં આવ્યું નથી. આહા..હા..! અવિશેષ (એટલે) બે એક થઈ જાય છે. રાગ, પુણ્યના ભાવ એ જીવ સાથે સંબંધ રાખે છે એમ માનતા જીવને એ રાગ દ્વારા જાણ્યો, માન્યો (તો) અચેતન થઈ જાય છે. ચેતન અને અચેતન બે જુદાં રહેતા નથી. કહો, સમજાય છે કાંઈ?

**'અને એમ થતાં, પુદ્‌ગલોથી ભિન્ન એવું કોઈ જીવદ્રવ્ય નહિ રહેવાથી,...'** આહા..હા..! રાગ અને રંગ દ્વારા જીવને સ્વીકાર્યો એ તો પુદ્‌ગલના લક્ષણ દ્વારા જીવને સ્વીકાર્યો. એ તો અસાધારણ પુદ્‌ગલદ્રવ્ય, જીવમાં છે નહિ એ. સમજાણું કાંઈ? સ્વતંત્ર પુદ્‌ગલદ્રવ્ય અસાધારણ. રાગ અને રંગવાળું પુદ્‌ગલદ્રવ્ય એવું અસાધારણ નામ બીજે ક્યાંય વહેંચાયેલું નથી. આહા..હા..! પુદ્‌ગલને અંગીકાર કરવામાં આવતું જીવ વડે. **'જીવ-પુદ્‌ગલના અવિશેષનો પ્રસંગ આવે છે,...'** અવિશેષ સમજાય છે? જુદા નહિ, બેય એક. રાગ અને રંગ અને આત્મા બે એક. અચેતન અને ચેતન બે એક, અજીવ અને જીવ બે એક. એવો પ્રસંગ આવે છે. **'અને એમ થતાં, પુદ્‌ગલોથી ભિન્ન એવું...'** રાગ અને રંગથી જુદું એવું **'કોઈ જીવદ્રવ્ય...'** ભગવાન અસ્તિ જે ચૈતન્યમૂર્તિની છે એ જીવદ્રવ્યની અસ્તિ નહિ રહેવાથી **'જીવનો જરૂર અભાવ થાય છે.'** આહા..હા..! ભારે વાત, ભાઈ!

વ્યવહારરત્નત્રય વડે જીવને ઓળખાવામાં આવે તો એ અચેતન વડે જીવને ઓળખ્યો તો અચેતન અને ચેતન બે એક થઈ જાય છે. સમજાય છે કાંઈ? એ અચેતનપણું પુદ્‌ગલથી પ્રસિદ્ધિ પામ્યું છે. ભગવાન એ વડે પ્રસિદ્ધ પામે તો બે એક થઈ જાય છે. એથી ભગવાન આત્મા એ વડે તાદાત્મ્ય નથી તેથી તે વડે પ્રસિદ્ધિને પામતો નથી. એ તો જ્ઞાયકમૂર્તિ ભગવાન આત્મા રાગને કાળે રાગનું જ્ઞાન... આહા..હા..! રંગને કાળે પણ તે પ્રકારનું જ્ઞાન પોતાથી થતું એવું જ્ઞાનની પ્રસિદ્ધિથી તે આત્મા ઓળખાય છે. સમજાણું કાંઈ? અટપટી વાતું. હવે આમાં શું શીખવું? એય..! હીરાભાઈ! પ્રેમચંદભાઈ! આવી વાત છે. બાયું બિચારી આખો દિ' રાંધે અને સાંજે ખીચડી કરે અને કઢી કરે. રોટલી-રોટલા. હવે આ શું સમજે આમાં? શું કહેવું છે આ તમારે? એય..! સીધી વાત કરોને અમને. આ સીધી જ કહેવાય છે. સમજાણું કાંઈ? એક કોર કહે કે જીવ રાગ કરે, પુદ્‌ગલ ન કરે. પુદ્‌ગલમાં ક્યાં રાગ હતો? આહા..હા..! એય..!

મુમુક્ષુ :- અજ્ઞાની જીવ.

ઉત્તર :- એ તો અજ્ઞાનીનો અર્થ જ આત્મા નહિ. સમજાણું કાંઈ? કર્તાકર્મમાં એ આવે છે કર્તાકર્મમાં ૭૫ (ગાથામાં). કર્મ વ્યાપક છે અને વિકાર તેનું વ્યાપ્ય છે. કર્મ કર્તા છે,

કારણ છે અને વિકાર તેનું કાર્ય છે. ભગવાન કારણ છે અને વિકાર કાર્ય એવું સ્વરૂપમાં નથી. (જો વિકાર કાર્ય સ્વરૂપ હોય) તો ત્રણે કાળે વિકારસહિત જ રહી જાય, અચેતનસહિત જ રહી જાય. અચેતન રહિત થવાનો પ્રસંગ આવે નહિ. આહા..હા..! આવી વાત પણ સાંભળે નહિ. સાંભળી ન હોય પછી એ ગડબડ... ગડબડ... ગડબડ... આ વળી ઓલા એક કહેતા હતા, ૩૨૦ ગાથા પાસ કરી લોકોએ. એ તો કેમ ઠીક એના મતને અનુકૂળ છે માટે પાસ કરી. (જયસેનાચાર્યદેવ). નહિતર (જયસેનાચાર્યદેવની) ટીકા એ લોકો પાસ નથી કરતા. એવું એક પંડિતે કહ્યું. આહા..હા..! એમ કે એ લોકો તો અમૃતચંદ્રાચાર્યની ટીકાને પાસ કરે છે. જયસેનાચાર્યદેવની ટીકા નથી પાસ કરતા. કારણ કે એમની સાથે મેળ નથી એમને. અરે ભાઈ! નિમિત્તથી, પ્રમાણથી વાત કરી છે. એથી કાંઈ નિશ્ચય છે એ ફરી ગયો છે પ્રમાણમાં? સમજાણું કાંઈ?

અને અહીં તો કારણ એવું કાર્ય. કારણ ભગવાન શુદ્ધ આનંદકંદ તો એનું કાર્ય તો આનંદ અને શાંતિ એનું કાર્ય હોય. એ આત્મા કારણ થાય અને વિકાર કાર્ય એવું એનું સ્વરૂપ છે નહિ. આહા..હા..! આનંદ કારણ અને દુઃખ કાર્ય. પુણ્ય-પાપના વિકલ્પો, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ એ દુઃખ છે. દુઃખ આકુળતાના આવી પડેલા આવી ગયું છે એ. એ બધા દુઃખો છે. એ આત્માનું સ્વરૂપ નથી. આહા..હા..! આવી ગયું છે ક્યાંક, નહિ? ૪૫માં. આવી પડેલા. એ આકુળતામાં આવી પડેલા એ ભાવો છે બધા. એટલે એ દુઃખ જ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દુઃખમાં સમાઈ ગયા, દુઃખમાં સમાઈ ગયા. આહા..હા..! ભગવાન તો જ્ઞાન અને આનંદની મૂર્તિ, અતીન્દ્રિય ત્રિકાળ આનંદ અને જ્ઞાનનો સ્વભાવ એમાં એ પુણ્ય-પાપના ભાવો તો દુઃખરૂપ છે. દુઃખરૂપ એ એનું (આત્માનું) સ્વરૂપ છે નહિ. કોઈને હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? દુઃખ એ પુદ્ગલની પર્યાયની સાથે સંબંધ રાખે એમ કહે છે. એ પુદ્ગલ છે એમ જાહેર કરે છે. ભગવાન આત્મા જાહેર થાય ત્યાં તો આનંદ અને જ્ઞાનની દશા પ્રગટ થતાં આ આત્મા એમ જાહેર થાય. સમજાણું કાંઈ? લ્યો આમાં ક્રમે આવ્યું હતું. ક્રમે-ક્રમે થાય.

મુમુક્ષુ :- ક્રમબદ્ધ.

ઉત્તર :- ક્રમબદ્ધ હતું એય..! રૂપચંદજી! સાંભળ્યું હતું એકવાર કે નહિ? શું છે? ત્યાં. શું કહેવાય? ધ્યાનવિજય હતા, નહિ? ગજપંથા, ગજપંથા. અમે આવ્યા હતાને અંદર. બેઠા હતા તમે ત્યાં. ખબર છેને. એક પ્રશ્ન કર્યો. આ બોલે નહિ અને આ તો કોકની વાતું લઈ લઈને વાતું કરે છે. પ્રશ્ન કર્યો એક. કીધું આ શાસ્ત્રમાં કાળલબ્ધિ આવી છે અને અકાળે

પણ આવ્યું છે. અકાળે થાય. લ્યો! એય..! રૂપચંદજી! હતું? તમે બેઠા હતાને? ગજપંથા. કઈ સાલ હતી પંદર? તેર-તેર. પંદર વર્ષ થયા. સમજાણું કાંઈ? ક્રમબદ્ધ-ક્રમબદ્ધ કાળે મોક્ષ થાય, કાળે મોક્ષ થાય. ભગવાને કીધું છે, અકાળે મોક્ષ થાય ૪૭ નયમાં. ૪૭ નય છે. એનો શું અર્થ કીધું. ઓલો સમજી ગયો કે આમાં હું કાંઈક બોલીશ તો જૂઠું પડશે. મેં વિચાર્યું નથી. અકાળનું વિચાર્યું નથી એ મોટી વાતું શી રીતે કરે? એ પણ કહેવાય .. ન્યાય.. પણ આ તત્ત્વની વાતને કઈ રીતે છે એની ખબર નહિ અને કોકની કહેલી કરે એ તો ધારણા થઈ ગઈ. અકાળે મોક્ષ એ તો એની એ પર્યાયને કાળે અને એની એ પર્યાયમાં સ્વભાવ અને પુરુષાર્થથી થાય તો એને અકાળે કહેવામાં આવે છે. પર્યાય તો એ જ કાળે અને એ જ સમયે હોય છે. સમજાણું કાંઈ? આહા..હા..! આકરી વાતું, બાપા!

જૈનદર્શન વિશ્વદર્શન જગતનું સ્વરૂપ, વસ્તુનું સ્વરૂપ બહુ કઠણ. અનાદિનો અભ્યાસ બીજો અને કરવા જેવી ચીજનો અભ્યાસ નહિ એટલે એમાંને એમાં જિંદગી ચાલી જાય છે. મરણને કાળે કોઈ શરણ નથી. શ્વાસ સગો નથી. લાખ ભગવાન... ભગવાન... ભગવાન... કરે એ રાગ પણ શરણ નથી. ત્યાં કાંઈ એમાંથી શરણ નીકળે એવું નથી. મહાવીર... મહાવીર... મહાવીર... નિર્વિકલ્પ. ભગવાન! હું નિર્વિકલ્પ છું, નિર્વિકલ્પ છું. એ પણ વિકલ્પ છે એ તો. વિકલ્પનો સંબંધ તો પુદ્ગલ સાથે છે અહીં તો એમ કહે છે. એ વિકલ્પથી તને આત્માનું લક્ષણ જ્ઞાનમાં આવે અને આત્મા જણાય એવી ચીજ છે નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- નિર્વિકલ્પ આત્માની નજીકમાં છેને.

ઉત્તર :- બિલકુલ નજીક-ફજીક નથી. પુદ્ગલ નજીક કેવો?

મુમુક્ષુ :- સંસ્કાર તો લઈએ.

ઉત્તર :- મિથ્યાત્વના સંસ્કાર એ કેવા? વિકલ્પથી સંસ્કાર એ સંસ્કાર જ નથી. ..ભાઈ! સંસ્કાર નહિ, સંસ્કાર તો રાગ રહિત આત્મા એવા અંદર સંસ્કાર નાખે એનું નામ સંસ્કાર છે. એય..! ચંદુભાઈ ક્યાં છે? સમજાણું? વજુભાઈ! એની જાતના સંસ્કાર પડે એને સંસ્કાર કહેવાય. વિકલ્પથી નિર્ણય કર્યો એ પણ યથાર્થ નિર્ણય નહિ. નિર્ણયનો કરનાર નિર્ણય કરે ત્યારે નિર્ણય કહેવામાં આવે છે. આહા..હા..! જુઓને ઓહો..હો..! ગજબ વાત કરે છે! આવું જગત પાસે મુકતા જગત શું કહેશે? જગત શું અમને માનશે? એકાંત નહિ માને? એ કાંઈ દરકાર વિના વાત કરી છે કે આવી ચીજ છે, લે. સમાજને સમતોલ રાખવો એવી વાત કરવી. સમાજ તો અજ્ઞાની છે એને સમતોલ શી રીતે રાખવો? સમજાય છે કાંઈ? વસ્તુસ્થિતિ આવી છે જગજાહેર. પ્રસિદ્ધં સિદ્ધં નથી આવતું? સિદ્ધ પ્રસિદ્ધ. આવે છે ભક્તિમાં. સિદ્ધ પ્રસિદ્ધ. પ્રસિદ્ધ તો સિદ્ધ છે. ત્રણ લોકના નાથ પરમાત્મા પ્રસિદ્ધ છે. આ નિગોદના

જીવ પ્રસિદ્ધ છે? એણે કે દી જોયો છે તે પ્રસિદ્ધ હોય? આહા..હા..! સમજાય છે કાંઈ? પ્રસિદ્ધં સિદ્ધં આવે છેને એ?

મુમુક્ષુ :- વિશુદ્ધ

ઉત્તર :- પ્રસિદ્ધ? પૂરું તો બોલો અહીંથી અહીં ક્યાં?

મુમુક્ષુ :- પ્રસિદ્ધ વિશુદ્ધ સુસિદ્ધ સમૂહ.

ઉત્તર :- પ્રસિદ્ધ વિશુદ્ધ. પ્રસિદ્ધ શબ્દ પડ્યો છે. સ્તુતિ આવે છે. પ્રસિદ્ધ વિશુદ્ધ. સિદ્ધનો સમૂહ તો પ્રસિદ્ધ છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

કહે છે, રાગ અને રંગપણું એ પુદ્‌ગલદ્રવ્યનું લક્ષણ. **'તેનો જીવ વડે અંગીકાર કરવામાં આવતો હોવાથી, જીવ-પુદ્‌ગલના અવિશેષનો પ્રસંગ આવે છે,...'** બેય એક થઈ જાય છે. રાગ અને ચૈતન્ય ભગવાન બે એક થઈ જાય છે. રંગ અને રાગ અને આત્મા બે એક થઈ જાય છે. એમ હોઈ શકે નહિ. **'એમ થતાં, પુદ્‌ગલોથી ભિન્ન એવું કોઈ જીવદ્રવ્ય નહિ રહેવાથી,...'** જીવદ્રવ્યની જ નાસ્તિ થાય છે. આહા..હા..! એ તો જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા છે. એને રાગ વડે કરીને જીવને સ્વીકારવો એમાં તો જીવદ્રવ્યનો અભાવ થઈ જાય છે. સમજાણું કાંઈ? આ બધા (કહે છે), વ્યવહારથી થાય... વ્યવહારથી થાય. અચેતનથી ચેતન થાય... અણાત્માથી આત્મા થાય... પુદ્‌ગલથી આત્મા થાય (એમ એનો અર્થ થયો).

**'જીવનો જરૂર અભાવ થાય છે.'** પહેલામાં એમ કહ્યું કે એ લક્ષણ વડે જો જીવને ગ્રહણ કરો એ તો અસાધારણ પુદ્‌ગલસ્વરૂપ છે એનું લક્ષણ છે એ તો. જે બીજામાં નથી, રાગ અને રંગ બીજામાં નથી. પુદ્‌ગલની સાથે સંબંધ રાખતી ચીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પછી કહે કે **'જીવનો જરૂર અભાવ થાય છે.'** ત્રણ લોકનો નાથ ચૈતન્યપુંજ પ્રભુ રાગ અને રંગ નામ અચેતન વડે કરીને જો ગ્રહવામાં આવે તો તો એ જીવ પુદ્‌ગલ થઈ જાય છે. જીવ જુદો રહેતો નથી. આહા..હા..! છોડ અભિપ્રાય. ભગવાન તો જ્ઞાન દ્વારા પ્રસિદ્ધ પામે છે. સમજાણું કાંઈ? લ્યો ક્યાં ગયા ગિરધરભાઈ? આ બધું બાયું સમજતા હશે? એમાં વળી વાડાની સામાયિક અને પોષા ઠીક પડે લ્યો! સામાયિક કરો, પડિક્કમણા કરો સાંજે, પોષા કરો આઠમ. પોષા કરે. આહા..હા..! પોષા પણ કરે પોષામાં. ભગવાન શું ચીજ છે? ભાન વિનાના પુદ્‌ગલને વધારે છે. કારણ કે એ રાગની મંદતા થતા પુદ્‌ગલ વધે છે. એમાં આત્મા વધતો નથી. આહા..હા..! ભારે કામ ભાઈ હોં આકરું લાગે. નવા માણસને તો એવું લાગે. એય..! સુજાનમલજી! આ શું કહે છે? પાગલ છે કે શું આ? ભાઈ! સાંભળને બાપા! તું પાગલ છો એની વાત સમજાવે છે અહીં. આહા..હા..! રાગ અને પુણ્યભાવથી, શુભભાવથી જીવ જાણવામાં આવે એ બધા પાગલ છે. આહા..હા..! એ પાગલને અહીં કહે છે. લાલચંદજી!

'**ભાવાર્થ :— જેમ વર્ણાદિક ભાવો પુદ્ગલદ્રવ્ય સાથે...**' એકરૂપે છે. '**તાદાત્મ્યસ્વરૂપે છે તેમ જીવ સાથે પણ તાદાત્મ્યસ્વરૂપે હોય તો જીવ-પુદ્ગલમાં કાંઈ પણ ભેદ ન રહે...**' જીવ અને પુદ્ગલ બે એક થઈ જાય. આહા..હા..! ગજબ ગાથા! એક-એક ગાથાએ તો નિહાલ કરી દે છે. આહા..હા..! ભાઈ! જ્યાં નજર કરવાની છે ત્યાં રાગ નથી, જ્યાં નજર કરવાની છે ત્યાં રંગ નથી, જ્યાં નજર કરવાની છે એ તો જ્ઞાનાનંદ સ્વરૂપી છે પ્રભુ. એમ કહે છે. સમજાણું કાંઈ? આ તને શું થયો આ ભ્રમ? પુદ્ગલ દ્વારા અને રાગ દ્વારા આત્માને માનવો, જાણવો એ જડનો જ સ્વીકાર કર્યો તેં, જીવનો તો સ્વીકાર કર્યો નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એય..! ચેતનજી! વિધિ-વિધાન શું કીધું તમારે? વિધિ કરતા અવિધિ થઈ હોય. શ્વેતાંબરમાં બહુ આવે. ખબર છેને એ બધી. વિધિમાં કાંઈ દોષ ન લાગવો જોઈએ. પણ વિધિ પોતે જ કરવા જાય એ રાગ જ પોતે દોષ છે, એ જ પુદ્ગલ છે. સાંભળને. આહા..હા..! વિધિમાં અવિધિએ ન કરવું તો બરાબર આરાધન થાય. આહા..હા..! આમ કરો વ્રતને. અહીં કહે છે કે તારી વિધિનો વિકલ્પ પુદ્ગલ છે, લે. આહા..હા..! ભગવાન! ગજબ તારી વાત હોં! ત્રણ લોકના નાથે ઈન્દ્રની સમીપમાં પોકાર આમ કર્યો છે. સમજાણું કાંઈ? ગણધર અને ભગવાન બિરાજે છેને જુઓને. મહાવિદેહમાં બિરાજે છે. આ એ વાત એમ ત્યાં કહી રહ્યા છે એ કુંદકુંદાચાર્ય ત્યાંથી લાવ્યા હતા એ જગત પાસે જાહેર કરે છે. તમને બેસે, ન બેસે તમે જાણો. માર્ગ તો આ છે. '**અને તેથી જીવનો જ અભાવ થાય એ મોટો દોષ આવે.**' લ્યો!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૬૩-૬૪

संसारावस्थायामेव जीवस्य वर्णादितादात्म्यमित्यभिनिवेशे ऽप्ययमेव दोषः——

अह संसारत्थाणं जीवाणं तुज्झ होंति वण्णादि।
तम्हा संसारत्था जीवा रुवित्तमावण्णा।।६३।।
एवं पोग्गलदव्वं जीवो तहलक्खणेण मूढमदी।
णिव्वाणमुवगदो वि य जीवत्तं पोग्गलो पत्तो।।६४।।

अथ संसारस्थानां जीवानां तव भवन्ति वर्णादयः।
तस्मात्संसारत्था जीवा रूपित्वमापन्नाः।।६३।।
एवं पुद्गलद्रव्यं जीवस्तथालक्षणेन मूढमते।
निर्वाणमुपगतोऽपि च जीवत्तं पुद्गलः प्राप्तः।।६३।।

यस्य तु संसारावस्थायां जीवस्य वर्णादितादात्म्यमस्तीत्यभिनिवेशस्तस्य तदानीं स जीवो रूपित्वमवश्यमवाप्नोति। रूपित्वं च शेषद्रव्यासाधारणं कस्यचिद्द्रव्यस्य लक्षणमस्ति। ततो रूपित्वेन लक्ष्यमाणं यत्किञ्चिद्भवति स जीवो भवति। रूपित्वेन लक्ष्यमाणं पुद्गलद्रव्यमेव भवति। एवं पुद्गलद्रव्यमेव स्वयं जीवो भवति, न पुनरितरः कतरोऽपि। तथा च सति, मोक्षावस्थायामपि नित्यस्वलक्षणलक्षितस्य द्रव्यस्य सर्वास्वप्यवस्थास्वनपायित्वाद-नादिनिधनत्वेन पुद्गलद्रव्यमेव स्वयं जीवो भवति, न पुनरितरः कतरोऽपि। तथा च सति, तस्यापि पुद्गलेभ्यो भिन्नस्य जीवद्रव्यस्याभावाद्भवत्येव जीवाभावः।

હવે, 'માત્ર સંસાર-અવસ્થામાં જ જીવને વર્ણાદિક સાથે તાદાત્મ્ય છે' એવા અભિપ્રાયમાં પણ આ જ દોષ આવે છે એમ કહે છે :—

વર્ણાદિ છે સંસારી જીવના એમ જો તુજ મત બને,
સંસારમાં સ્થિત સૌ જીવો પામ્યા તદા રૂપિત્વને; ૬૩.
એ રીતે પુદ્‌ગલ તે જ જીવ, હે મૂઢમતિ! સમલક્ષણે,
ને મોક્ષપ્રાપ્ત થતાંય પુદ્‌ગલદ્રવ્ય પામ્યું જીવત્વને! ૬૪.

ગાથાર્થ :— [अथ] અથવા જો [तव] તારો મત એમ હોય કે [संसारस्थानां जीवानां] સંસારમાં સ્થિત જીવોને જ [वर्णादयः] વર્ણાદિક (તાદાત્મ્યસ્વરૂપે) [भवन्ति] છે, [तस्मात्] તો તે કારણે [संसारस्थाः जीवाः] સંસારમાં સ્થિત જીવો [रुपित्वम् आपन्नाः] રૂપીપણાને પામ્યા; [एवं] એમ થતાં, [तथालक्षणेन] તેવું લક્ષણ તો [અર્થાત્ રૂપીપણું લક્ષણ તો) પુદ્‌ગલદ્રવ્યનું હોવાથી, [मूढमते] હે મૂઢબુદ્ધિ! [पुद्गलद्रव्यं] પુદ્‌ગલદ્રવ્ય તે જ [जीवः] જીવ ઠર્યું [च] અને (માત્ર સંસાર અવસ્થામાં જ નહિ પણ) [निर्वाणम् उपगतः अपि] નિર્વાણ પામ્યે પણ [पुद्गलः] પુદ્‌ગલ જ [जीवत्वं] જીવપણાને [प्राप्तः] પામ્યું!

ટીકા :— વળી, સંસાર-અવસ્થામાં જીવને વર્ણાદિભાવો સાથે તાદાત્મ્યસંબંધ છે એવો જેનો અભિપ્રાય છે, તેના મતમાં સંસાર-અવસ્થા વખતે તે જીવ અવશ્ય રૂપીપણાને પામે છે; અને રૂપીપણું તો કોઈ દ્રવ્યનું, બાકીનાં દ્રવ્યોથી અસાધારણ એવું લક્ષણ છે. માટે રૂપીપણા(લક્ષણ)થી લક્ષિત (લક્ષ્યરૂપ થતું, ઓળખાતું) જે

કાંઈ હોય તે જીવ છે. રૂપીપણાથી લક્ષિત તો પુદ્‌ગલદ્રવ્ય જ છે. એ રીતે પુદ્‌ગલદ્રવ્ય જ પોતે જીવ છે, પણ તે સિવાય બીજો કોઈ જીવ નથી. આમ થતાં, મોક્ષ-અવસ્થામાં પણ પુદ્‌ગલદ્રવ્ય જ પોતે જીવ(ઠરે) છે, પણ તે સિવાય બીજો કોઈ જીવ (ઠરતો) નથી; કારણ કે સદાય પોતાના સ્વલક્ષણથી લક્ષિત એવું દ્રવ્ય બધીયે અવસ્થાઓમાં હાનિ અથવા ઘસારો નહિ પામતું હોવાથી અનાદિ-અનંત હોય છે. આમ થવાથી, તેના મતમાં પણ (અર્થાત્ સંસાર-અવસ્થામાં જ જીવનું વર્ણાદિ સાથે તાદાત્મ્ય માનનારના મતમાં પણ); પુદ્‌ગલોથી ભિન્ન એવું કોઈ જીવદ્રવ્ય નહિ રહેવાથી, જીવનો જરૂર અભાવ થાય છે.

ભાવાર્થઃ- જો એમ માનવામાં આવે કે સંસાર-અવસ્થામાં જીવનો વર્ણાદિક સાથે તાદાત્મ્યસંબંધ છે તો જીવ મૂર્તિક થયો; અને મૂર્તિકપણું તો પુદ્‌ગલદ્રવ્યનું લક્ષણ છે; માટે પુદ્‌ગલદ્રવ્ય તે જ જીવદ્રવ્ય ઠર્યું, તે સિવાય કોઈ ચૈતન્યરૂપ જીવદ્રવ્ય ન રહ્યું. વળી મોક્ષ થતાં પણ તે પુદ્‌ગલોનો જ મોક્ષ થયો; તેથી મોક્ષમાં પણ પુદ્‌ગલો જ જીવ ઠર્યાં, અન્ય કોઈ ચૈતન્યરૂપ જીવ ન રહ્યો. આ રીતે સંસાર તેમ જ મોક્ષમાં પુદ્‌ગલથી ભિન્ન એવું કોઈ ચૈતન્યરૂપ જીવદ્રવ્ય નહિ રહેવાથી જીવનો જ અભાવ થયો. માટે માત્ર સંસાર-અવસ્થામાં જ વર્ણાદિભાવો જીવના છે એમ માનવાથી પણ જીવનો અભાવ જ થાય છે.

---

## શ્રાવણ વદ-૧૨, સોમવાર, તા. ૦૪-૦૯-૧૯૭૨
## ગાથા- ૬૩ થી ૬૬, પ્રવચન-૧૫૩

(રંગ અને રાગ) એની સાથે એક હોય સંસારદશામાં પણ તો એ પણ એનો અભિપ્રાય જૂઠો છે એનો દોષ બતાવે છે. આહા..હા..!

अह संसारत्थाणं जीवाणं तुज्झ होंति वण्णादि।
तम्हा संसारत्था जीवा रुवित्तमावण्णा।।६३।।
एवं पोग्गलदव्वं जीवो तहलक्खणेण मूढमदी।
णिव्वाणमुवगदो वि य जीवत्तं पोग्गलो पत्तो।।६४।।
વર્ણાદિ છે સંસારી જીવના એમ જો તુજ મત બને,
સંસારમાં સ્થિત સૌ જીવો પામ્યા તદા રૂપિત્વને; ૬૩.

**એ રીતે પુદ્‌ગલ તે જ જીવ, હે મૂઢમતિ! સમલક્ષણે,**
**ને મોક્ષપ્રાપ્ત થતાંય પુદ્‌ગલદ્રવ્ય પામ્યું જીવત્વને! ૬૪.**

આહા..હા..! 'વળી,...' ટીકા. કેટલી રીતે સિદ્ધ કરે છે! ભગવાન તો જ્ઞાનાનંદસ્વરૂપ એમાં શરીર સંહનન અને વિકાર અને ભેદ ક્યાંથી? એમ કહે છે. સમજાય છે કાંઈ? કેમકે જે સર્વજ્ઞસ્વરૂપી આત્મા, એની એકાગ્રતા થતા એમાં એ સંહનન, રાગ અને ભેદ રહેતો નથી. સમજાણું કાંઈ? જે પૂર્ણ આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, પૂર્ણસ્વરૂપ, પરિપૂર્ણ સ્વરૂપ એમાં એકાગ્ર થવાનું છે. તો એવા એકાગ્રમાં રંગ અને રાગ અને ભેદ એમાં હોતા નથી. આહા..હા..! સાધવાનો છે એ તો ત્રિકાળી સ્વભાવ. પર્યાય, ભેદ, રાગ અને નિમિત્ત સાધવું નથી. તો સાધવાનો જે સ્વભાવ છે એ તો ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક, આનંદ અને પૂર્ણ જ્ઞાન, એકલો જ્ઞાનરસ (છે). ક્ષેત્ર નાનું એમ ન ગણવું જોઈએ. સમજાય છે કાંઈ? નિગોદના એક શરીરના અસંખ્ય ભાગમાં, એક અંગુળના અસંખ્ય ભાગમાં એનું શરીર. આહા..હા..! અને એક શરીરમાં અનંત જીવ. સિદ્ધની સંખ્યા કરતાં અનંતગુણા. આ તે વાત છે! સ્વભાવ છેને? જેની શક્તિરૂપ તત્ત્વ છેને? એ પર્યાય ભલે નિગોદની હોય, વસ્તુ ક્યાં નિગોદની પર્યાયમાં આવી છે? સમજાણું કાંઈ? વસ્તુ તો વસ્તુ તરીકે પૂર્ણ જ્ઞાન, આનંદ આદિ જે એની શક્તિ છે એનું એ સત્‌નું એ સત્ત્વ છે અને સત્ત્વ છે એ પરિપૂર્ણ છે. આહા..હા..! એય..! જેઠાભાઈ! શું કરવાનું? ઊના પાણી પીવા કે...? શી રીતે મળે આ? ઊના પાણી કોણ પીવે અને સાદા પાણી કોણ છોડે? એ કહે છે. આહા..હા..! એને કરવાનું છે એ મુક્તિ નામ પૂર્ણ પ્રાપ્તિ. આત્માની પૂર્ણ પ્રાપ્તિ. તો પૂર્ણ પ્રાપ્તિ જેમાં છે તેનો આશ્રય કરે તો પૂર્ણ પ્રાપ્તિ થાય. સમજાણું કાંઈ? એથી કહે છે કે એ સંસારમાં પૂર્ણ સ્વરૂપ જ છે. રાગ અને રંગ અથવા વર્ણ સાથે સંસારમાં પણ જો એકરૂપ હોય તો એ રૂપી થઈ જાય છે. આહા..હા..! રંગ, ગંધ, રસ, સ્પર્શ અને ભેદ વિનાની ચીજ એ આખું તત્ત્વ જે ભગવાન સ્વરૂપ જ છે. એને ભેદ અને રાગમાં આવ્યું કહો, એ સ્વરૂપ એનામાં છે કહો તો તે રૂપી થઈ જાય જીવ. સમજાણું કાંઈ? આહા..હા..!

'**સંસાર-અવસ્થામાં જીવને વર્ણાદિભાવો સાથે...**' રંગ, ગંધ, રસ, શરીર, આ કર્મ, વાણી અને પુણ્ય-પાપના વિકલ્પો અને ભેદ. આહા..હા..! ભારે વાત ભાઈ! એની સાથે તાદાત્મ્યસંબંધ હોય, એકરૂપ સંબંધ હોય '**એવો જેનો અભિપ્રાય છે,...**' આહા..હા..! એવો જેનો અભિપ્રાય-માન્યતા છે.

મુમુક્ષુ :- અભિપ્રાય

ઉત્તર :- માન્યતા છે. સંસારમાં તો છેને એની સાથે સંબંધ? આહા..હા..! એ તો ભગવાન તો જ્ઞાનરસ એકરૂપ અભેદ ચીજ એ સંસારમાં એ રાગ અને ભેદમાં આવી જ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આવી ચીજ ક્યાં! આહા..હા..! જેમાં અનંત-અનંત જ્ઞાનરસ અને આનંદ

જેમાં અનંત છે. સમજાણું કાંઈ? એક અધિકાર છે ૯મા અધિકારમાં. અનંત અવધિજ્ઞાનીને નમસ્કાર એવો પાઠ છે. આ ધવલ છેને? .. અનંત અવધિજ્ઞાનીને નમસ્કાર. અવધિજ્ઞાન તો અનંત નથી. ત્યારે વીરસેનસ્વામીએ અર્થ કર્યો કે અનંત એટલે ઉત્કૃષ્ટ. ભાઈ! સમજાણું કાંઈ? અહીં જે અનંત છે એ ઉત્કૃષ્ટ નહિ, એ અનંત તે અનંત જ છે. સંખ્યાએ. સમજાણું કાંઈ? ક્યાંક પહેલા બોલ આવ્યા હતા ઘણાં. નમો જિણાણં, નમો .. એમ કરીને ૪૪ બોલ મંગળિક કરવાનું. ઓહો..હો..! વીતરાગની વાણી સાથે સંબંધ રાખનાર તત્ત્વ છે.

ભગવાન આત્મા... કહે છે કે નમો અનંત અવધિજ્ઞાનીને. એટલે અવધિજ્ઞાનનું સ્વરૂપ કાંઈ અનંત નથી, અનંત તો કેવળજ્ઞાનમાં છે. અનંતનો અર્થ ઉત્કૃષ્ટ અહીં લેવો. ઉત્કૃષ્ટ અવધિજ્ઞાની લેવું. એમ અહીંયાં અનંત જ્ઞાન એટલે ઉત્કૃષ્ટ એમ નહિ, પણ અનંત એટલે બેહદ પૂર્ણ. આહા..હા..! પણ જેનો સ્વભાવ છે એનું ક્ષેત્ર ભલે ટૂંકું હોય. સ્વભાવ છે એનું સામર્થ્ય, એના સત્ત્વનું સત્‌નું સત્ત્વ કેવડું? કે અનંતુ એ સત્ત્વ. સમજાણું કાંઈ? એવો જે અનંત જ્ઞાનમય પ્રભુ એનો આશ્રય લેતા, એનો આશ્રય લેતા મોક્ષનો માર્ગ પ્રગટ થાય છે. આ સિવાય બીજી વાત નથી. રાડું પાડે એય..! વ્યવહારનું આમ થઈ ગયું. ગમે તે થયું, સાંભળને હવે તારે શું થાય?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એને તો ક્યાં હતો? પણ આ રાડ પાડેને જેઠાભાઈના ગુરુ ને બધા. ત્યાં આવ્યા હતાને. જામનગર આવ્યા હતા. અમે હતાને. એ ગામમાં હતા. ૧૫-૨૦ માણસ આવ્યું. શું છે? કે અમારા ગુરુ એમ કહે છે કે આ તમે જે કહો છો એમાં તો કલ્યાણનો નાશ થઈ જાય છે ધર્મનો. ઓલો ભાઈ ... કીધું હતું. .. વિષ્ણુ થઈ ગયો. સ્થાનકવાસીમાં હતો ત્યારે વિષ્ણુ હતો એ સ્થાનકવાસીમાં હતો. માસ્તર. મોટી ઉમર છે, પૈસાવાળો.

મુમુક્ષુ :- અહીં આપણે અહીંયાં આપ્યા હતાને, પંચાસ્તિકાયમાં આપ્યા હતા.

ઉત્તર :- હા, એક ફેરી આપ્યા હતા. એ આવ્યો બધાને લઈને ૨૦-૨૫ને. ખબર પડી ગઈ બધાને. આ તંબોળીને. ક્યાં ગયા તંબોળી? નથી આવ્યા? પણ એ પોતે અત્યારે શ્વેતાંબર થઈ ગયો. અમારા ગુરુ આમ કહે છે કે આ તમારો બધો (ઉપદેશ) નાશવાન (છે), ધર્મનો નાશ કરે છે, કલ્યાણને રોકે છે. શું છે? કીધું, અમારા સિવાય જેટલા બધા ઉપદેશક અત્યારે છે એ બધા ગલત અને જૂઠા છે. આહા..હા..! .. એક હતો બિચારો તંબોળી હતો. તંબોળી એનો અગ્રેસર છે. આ ધીરૂભાઈનો હિંમતભાઈનો યુવાન માણસ પણ બહુ સાત્ત્વિક. આપણે વાત કરવી હોય એ કરો. આ ના પાડે છેને. પછી પ્રશ્ન શું છે તમારે શું કરવું? વિચાર કરીએ, આપણે ચર્ચા કરીએ. કોની સાથે ચર્ચા કરવી? આવો ભગવાન એક સમયમાં પરિપૂર્ણ (પડ્યો છે) એનો આશ્રય લેવાની વાત છે એમાં તમે આમ થાય ને તેમ થાય ને એમ

થાય. બધી પ્રરૂપણાઓ આખી જગતની ઊંધી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. એ પણ મોઢા આગળ બોલતો હતો વધારે. ઓલા બીજા તો બેસી રહ્યા. ... બાપા! માર્ગ તો અલૌકિક છે આ. એને વિશ્વાસ જ આવતો નથી કે આવો પરિપૂર્ણ શું આ? અને પૂર્ણ છે એનો વિશ્વાસ કરવો અને એનો આશ્રય કરવો એ શું? આ ચીજ પણ આ? હાથ આવે નહિ એની આ વાત કરે છે. ધન્નાલાલજી! એ હાથ આવે એ એક ચીજ આ છે બાકી કાંઈ હાથ આવે એવું નથી. સમજાણું કાંઈ? આહા..હા..! મહાપ્રભુ અસ્તિ, જેની અસ્તિમાં અનંત અનંતતા પડી છે, જેની સત્તામાં અનંતા-અનંતા ગુણો સંખ્યાએ અને એક એક ગુણની અનંત સામર્થ્યતા પડી છે. આહા..હા..! એવો અનંતગુણનો સાહેબો આત્મા, એનો આશ્રય લીધા વિના જેટલી વાતું કરે એ બધી જૂઠી છે. વ્યવહારથી થાય અને આનાથી થાય, બધા ગપ મારે છે. માર્ગ આ કહીએ એમ છે. જાવ ચર્ચા-ફર્ચા અમારે કરવી નથી તારી સાથે.

આહા..હા..! ભગવાન આત્મા પરિપૂર્ણ ગુણનો સાહેબો. આહા..હા..! એનો તો જેને વિશ્વાસ નથી, એની સન્મુખ તો જોવું નથી અને પરસન્મુખ જોઈને આ દયા, દાન, વ્રત ને ભક્તિ ને પૂજા (કરીને) મરી ગયો પણ એમાં મારી નાખ્યો જીવને સાંભળને! એય..! લાલચંદજી! અહીં તો ભાઈ (આ વાત છે). એય..! પૂનમચંદજી! આ પૂર્ણ સ્વરૂપ છે આત્મા ત્યાં જોવાનું નથી અને બીજે જોવે કે અહીંથી થાશે. વ્યવહારથી ધૂળેય નહિ થાય. મરી જઈશ. અવતાર એળે જશે. આવો મળ્યો અવતાર આહા..હા..! અહીં તો બીજી ખાત્રી જુદી પણ જેને ખાત્રી હજી એને ક્યાંથી આવ્યો, ક્યાં ગયો અને ક્યાંથી... કહો, સમજાણું કાંઈ? અને પાછું એને ક્યાં રહેવું છે? ક્યાં જાવું છે? આહા..હા..! ચોર્યાસીના અવતાર બાપુ! .. નથી .. આહા..હા..! ક્ષેત્રે અસંખ્ય યોજનમાં મનુષ્યક્ષેત્ર. ચૌદ રાજલોક એ અસંખ્ય યોજનમાં. આ બધું નાનું છે. ઓલું મોટું છે સ્વર્ગ અને નર્ક. પણ છે બધું અસંખ્યમાં. અને તે પણ એક-એક સ્થાનમાં. અરે! એણે ક્યાં માન્યું છે? એક-એક સ્થાનમાં અનંતવાર જન્મીને મરી ચુક્યો છે એની પોતાની જાતની શ્રદ્ધા અને જ્ઞાન વિના. સમજાય છે કાંઈ? અંદર એ બેઠું નહિ, આ શું કહે છે આ? કારણ કે પર્યાયમાં એ આવે નહિ અને દ્રવ્યમાં એ દેખાય નહિ. પર્યાય ઉપર દૃષ્ટિ.

ભગવાન પૂર્ણ એ પણ વસ્તુ છે કે નહિ એ? અને વસ્તુ છે તો એક સમયની પર્યાયમાં જ છે વસ્તુ? સમજાય છે કાંઈ? એ અતીન્દ્રિય આનંદનો નાથ આહા..હા..! જેમાં અતીન્દ્રિય અનંત આનંદની પૂર્ણતા, અપૂર્ણતા નહિ અને વિપરીતતા, દુઃખ પણ નહિ. આહા..હા..! એવો ભગવાન આત્મા એને સંસાર અવસ્થામાં તમે રાગ અને રંગ સાથે એકમેક કરો તો

તો જીવ રૂપી થઈ જશે. આહા..હા..! તારો નાથ તો અંદર બિરાજે છેને ભિન્ન. અનંત ગુણે બિરાજમાન પ્રભુ છે ઈ. સમજાણું કાંઈ?

કાગળ લખે છે ત્યારે કાંઈક લખે છેને કાગળમાં નહિ કાંઈ? પહેલા એવું હતું. હવે બદલાઈ ગયું બધું. .. લખે ભાઈ નહિ? સ્વસ્તિશ્રી શુભસ્થાને! ભાષા પણ એવી કરે. પહેલા કાગળ લખેને સ્વસ્તિશ્રી શુભસ્થાને. ... એવું જ લખતા. સ્વસ્તિશ્રી. સ્વ-અસ્તિશ્રી શુભસ્થાને—અસંખ્ય પ્રદેશમાં જેનું સ્થાન છે. એય..! એને આ કાગળ લખીએ છીએ અને એને ભગવાને જણાવ્યું છે. ભગવાનની વાણીમાં કાગળ એને માટે આવ્યા છે. આહા..હા..! એ પોસ્ટકાર્ડ લખે. સ્વસ્તિ આપણે છેને આઠમી ગાથામાં. સ્વસ્તિ. ખરેખર તો સ્વસ્તિ તત્ત્વ સામાન્ય છે એવું આત્મ તત્ત્વ એમને એમ રહો. કલ્યાણ થાય એનો અર્થ એ થયો. આહા..હા..! આઠમી ગાથામાં આવે છે. આહા..હા..! સમયસાર તો અનંત-અનંત ગુણોના આભરણથી શોભિત એ સમયસાર છે. સમજાય છે કાંઈ? એવા શણગાર જેની અભરાઈ જેમ ભરે છેને ઊંચી ચીજ અંદર? એમ આ ભગવાનમાં અભરાઈ પડી છે બધી. સોનાની થાળી અને આ બધી નથી આ અભેરાઈ ભરેને માણસ? એય..! ભોગીભાઈ! શું ઘરમાં તમારે હજીરો મોટો હોયને. છે કે નહિ ઘરનું મકાન મેડીએ.

મુમુક્ષુ :- છે પણ મુંબઈમાં ન હોય.

ઉત્તર :- મુંબઈમાં ન હોય. એ ઘરનું મકાન નથીને. ભાડે લીધું છેને? ઘરનું? ઘરનું છે ઠીક. મેડીએ છે. નીચે આમ આમ હોય. આહા..હા..!

ભગવાને કાગળ લખ્યા. સ્વસ્તિશ્રી શુભસ્થાને તું બિરાજે છો પ્રભુ! સમજાણું કાંઈ? આહા..હા..! બીજી વાત મૂકી દે. લાખ વાત, કરોડ વાત હોય એ બધી છોડી દે. પ્રભુ પૂર્ણાનંદનો નાથ બિરાજે એને ભેદવાળો ન કહેવો, એને રાગવાળો ન માનવો, એને સંહનન અને રંગવાળો તો માનવો નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**સંસાર-અવસ્થામાં જીવને**...' પહેલું એમ કહ્યું હતું કે બધી અવસ્થામાં (ન) વ્યાપે તેનો તાદાત્મ્યસંબંધ નથી. તો મોક્ષ અવસ્થામાં તો એ આવતા નથી માટે એનું એ ખરુંલક્ષણ નથી. હવે કહે છે કે સંસારમાં પણ તું જો એને પોતાના માન તો એ રૂપી થઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**સંસાર-અવસ્થામાં જીવને વર્ણાદિભાવો સાથે તાદાત્મ્યસંબંધ છે એવો જેનો અભિપ્રાય છે, તેના મતમાં સંસાર-અવસ્થા વખતે**...' સંસારના કાળને વખતે. આહા..હા..! '**તે જીવ અવશ્ય રૂપીપણાને પામે છે;**...' આહા..હા..! સમજાણું કાંઈ? ભેદનું લક્ષ કરે તો રાગ થાય છે અને એ બધું રૂપી છે. રાગ તો પ્રત્યક્ષ રૂપી છે અને રંગ તો પ્રત્યક્ષ રૂપી મૂર્ત છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**તેના મતમાં સંસાર-અવસ્થા વખતે તે જીવ અવશ્ય રૂપીપણાને પામે છે;**...' આહા..હા..! એક સમયની

ભેદરૂપ પર્યાય અને રાગ અને રંગ એ રૂપે જો થઈ જાય તો એ રૂપી થઈ જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! અરે! જીવ! લાવ તો ખરો વિશ્વાસ કે ભગવાન આવડો છે, એવડો એમાં અનંતા ગુણો અભેદરૂપે છે. એને ખરેખર... આવ્યું હતું સવારમાં નહિ? એને આત્મા કહીએ. કારણપરમાત્માને આત્મા કહીએ એમ આવ્યું હતુંને? અરે..! પર્યાય ક્યાં ગઈ? સાંભળને પણ હવે. કારણપરમાત્મા ત્રિકાળ તેને ખરેખર આત્મા કહીએ. ૩૮મી ગાથા. ૩૮મી ગાથામાં ખરેખર આત્મા એમ આવે છે. નિયમસાર ૩૮. ખરેખર આત્મા હોય તે. એક સમયનો પર્યાય, રાગ એ આત્મા નહિ. સમજાણું કાંઈ? કેમકે એક સમયની પર્યાય છે જેની એ જેનામાં વળે છે એ જ આત્મા ખરો છે. શેઠ! આવી વાતું છે. આહા..હા..! અરે! દુનિયા હીરા ને માણેકની વાતું કરે. આ હીરા અને માણેકના દાગીના. ચૈતન્ય હીરો જેની આગળ દુનિયાની કિંમત બધી ઘટી ગઈ. આખી દુનિયામાં જેટલા હીરા અને માણેક એની બધાની કિંમત ગઈ. ધૂળ છે કહે છે. ચૈતન્ય હીરો ભગવાન ચમકતો અનંતગુણથી, એવા ભગવાનને સંસારદશામાં ભેદ અને રાગ અને રંગવાળો કહેતા તે રૂપીપણાને પામે છે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરેરે! આવી વાતું વીતરાગના ઘરની રહી ગઈ અને બહારના કડાકૂટા (કર્યા) એકલા. સમજાણું કાંઈ?

તે વખતે તે જીવ જરૂર રૂપીપણાને પામે છે. આહા..હા..! ટીકા તે પણ ગજબ વાત છેને! એક આત્માને સિદ્ધ કરવા કેટલા પ્રકારથી એને ભિન્ન પાડીને સિદ્ધ કરે છે. આહા..હા..! ભગવાનની દિવ્યધ્વનિમાં એમ આવ્યું. ત્રણ લોકના નાથ પરમાત્મા. નાથનો અર્થ રક્ષક નહિ, જાણનાર. એવા પરમાત્મા એના પડ્યા પંચમકાળમાં વિરહ. એવા ભગવાનની વાણી એમાં આ આવ્યું. એ કુંદકુંદાચાર્ય કહે છે કે અમે ત્યાંથી આ સંદેશ લાવ્યા છીએ. સમજાણું કાંઈ? આવે છેને કાંઈક નહિ? ભજનમાં નથી આવતું? સંદેશ સુણો. આવે છે. 'સુણો સહુ સંદેશ...' આવે છેને? એ આવે છેને એય..! ભક્તિમાં આવે છે. 'સહુ સુણો સંદેશ મહાવીરનો...' એ આવે છે ભક્તિમાં. આમાં હશે ક્યાંક. ભજન મંડળ શું કહેવાય? રત્નાવલી. મોટું છેને એમાં. સ્તવન મંજરી. 'અબ સુણો સહુ સંદેશ પ્રભુ આદેશ..' 'અબ સુણો સહુ સંદેશ પ્રભુ આદેશ...' આહા..હા..! ભગવાનની વાણીમાં આદેશ તરીકે આવ્યું. ભગવાન! તું જ્યાં છો સંસારમાં તું એમ કહે કે એ સંસારમાં છે ઈ હું. ભાઈ! એ રૂપીપણાનું લક્ષણ છે એ તો. સમજાણું કાંઈ? એ તારું લક્ષણ નથી. આહા..હા..!

**'અને રૂપીપણું તો કોઈ દ્રવ્યનું,...'** એટલે કોઈ પદાર્થનું **'બાકીનાં દ્રવ્યોથી અસાધારણ...'** એમ. પુદ્ગલ સિવાય બાકીના દ્રવ્યોથી અસાધારણ. **'એવું લક્ષણ છે. માટે રૂપીપણા (લક્ષણ) થી લક્ષિત (લક્ષ્યરૂપ થતું, ઓળખાતું) જે કાંઈ હોય તે જીવ છે.'** એમ થયું ત્યારે. આહા..હા..! ભેદના એક અંશથી ઓળખાય, રાગથી ઓળખાય એ

તો જીવ જ છે તારા હિસાબમાં થયું, જીવ એમાં નથી અને તું જીવ છો એમ માને છે. આહા..હા..! સમજાણું કાંઈ? મહાવીરનો સંદેશ 'જીવો અને જીવવા દ્યો.' રાડું પાડે આ. અહીં પછી ના પાડે કે ભાઈ એવો ન હોય ભગવાનનો સંદેશ. ભગવાનનો સંદેશ 'જીવો અને જીવવા દ્યો.' એ તો આયુષ્યથી જીવે અને આયુષ્યથી મરે એમાં શું? એ તો દુનિયા સાધારણ પણ કહે છે. ભગવાનનો સંદેશ તો આ છે. ભગવાન તો સંસાર અવસ્થામાં પણ તું જો રાગ અને ભેદને અને રંગથી એકત્વ થાય તો તો રૂપી થઈ ગયો એ તો અને રૂપી તો પુદ્‌ગલનું લક્ષણ છે. આહા..હા..! તારા ચૈતન્યનાથનું એ લક્ષણ નથી. આહા..હા..!

એ '**રૂપીપણા(લક્ષણ)થી લક્ષિત (લક્ષ્યરૂપ થતું, ઓળખાતું) જે કાંઈ હોય તે જીવ...**' ઠર્યો એ તો. સમજાણું? '**રૂપીપણાથી લક્ષિત તો પુદ્‌ગલદ્રવ્ય જ છે. એ રીતે પુદ્‌ગલદ્રવ્ય જ પોતે જીવ છે,...**' એમ ઠર્યું. આહા..હા..! જીવ અનંત આનંદ અને જ્ઞાનનો નાથ એ રહી ગયો એક કોર. સમજાણું કાંઈ? ભગવાનને ભરોસે ભગવાન રહી ગયો એક બાજુ. સમજાણું કાંઈ? અને આ ભરોસે ગયો કે હું તો ભેદવાળો છું, રાગવાળો છું, પુણ્યવાળો છું, કર્મવાળો છું, શરીરવાળો છું, ભાઈ! એ તો રૂપીનું લક્ષણ છે. રૂપી તો પુદ્‌ગલ છે, તો એ જીવ પુદ્‌ગલ ઠર્યો. આહા..હા..! કહો, ભગવાનજીભાઈ! આમાં પૈસા અને બાયડી, છોકરા ક્યાંય રહી ગયા હોં! એય..! શોભાલાલજી! આ બધા શેઠિયા બેઠા છે ઘણાય. એય..! પોપટલાલજી! આહા..હા..! કોણ કો'ક કહેતું કાલે રાતે કો'ક કહેતું હતું. કો'ક માણસ કહેતું હતું. બાયડી, છોકરા છે એ આપણા નહિ? રાતે કો'ક કહેતું હતુંને. એય..! દેવીલાલજી! કોની વાત હતીને કો'કની. કો'કની હતી. આહા..હા..! અરે! ભગવાન! કોના (બાયડી, છોકરા?) પ્રભુ! આહા..હા..! જેમાં અલ્પજ્ઞપણું પણ પાલવતું નથી. એક પર્યાયવાળો છે એ પાલવતું નથી એને. આહા..હા..! સમજાણું કાંઈ? એને આવા શરીરવાળો, રંગવાળો, પૈસાવાળો, છોકરા મારા, બાયડી મારી. અરે! બાયડી મારી ક્યાંય પડી રહી. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છોડેલું જ પડ્યું છે. છોડવું છે ક્યાં? એ છોડેલું છૂટું જ પડ્યું છે. એણે માન્યું છે કે આ મારામાં છે. એટલું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષ :- પણ પહેલા પોતાનું માન્યું ત્યારે તો છોડ્યુંને.

ઉત્તર :- કોણ માને? પોતાનું માને પછી છોડે લ્યો. પહેલું ઝેર ખાય પછી અમૃતનો ઓડકાર આવે. આહા..હા..!

અહીં તો ભગવાન કુંદકુંદાચાર્ય એમ સ્પષ્ટ કરીને કહે છે કે જો સંસારદશામાં પણ તે અવસ્થામાં તું આવ્યો હોય અને એ અવસ્થા તારી હોય... આહા..હા..! તો એ રૂપીપણાના લક્ષણે લક્ષિત તો પુદ્‌ગલ છે. તો જીવ પુદ્‌ગલ ઠર્યો. ભગવાન આત્મા ભિન્ન રહ્યો નહિ.

આહા..હા..! જીવ-અજીવ અધિકાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઘણાં ભેગા થઈને ઊંધું મારે એટલે ઓલી સાચી વાત હોય એ જાણે ખોટી ઠરાવે. શું કહે છે બહાર? ચોર કોતવાલને દંડે. આહા..હા..! આવો ભગવાન આત્મા પૂર્ણ આનંદ અને જ્ઞાનનો સાગર પ્રભુ એને તું સંસારદશામાં પણ રાગ અને રંગ અને ભેદવાળો માન તો પ્રભુ એ તો રૂપી થઈ જાય છે. અને એ રૂપી તો પુદ્‌ગલનું લક્ષણ છે, તો એ જીવ જ રૂપી થઈ ગયો. આહા..હા..!

મુમુક્ષુ :- ખોટું માને છે.

ઉત્તર :- ખોટી માન્યતા છે ભાઈ! તને રખડાવી મારે હોં ચોર્યાસીના અવતારમાં. આહા..હા..! ક્યાં નિગોદ અને ક્યાં નરક? ક્યાં પાતાળ સાતમી નરક અને નરકની નીચે પણ નિગોદ છે હોં. નિગોદ છે આખા લોક પ્રમાણે. હલકી જાત છેને. નરકના કરતા નિગોદનું દુઃખ અનંતું છે. કારણ કે પર્યાયમાં હીણી દશા થઈ ગઈ. હજી નારકીના જીવને તો ક્ષયોપશમ પણ છે કેટલોક, આને તો હીણી દશા થઈ ગઈ. અરેરે! આખો ભગવાન જેની પર્યાયનું પરિણમનમાં અલ્પ થઈ ગયું, એક થોડીક વાત રહી ગઈ, નહિતર તો એ જડ થઈ જાય. અનંતમે ભાગે, અક્ષરના અનંતમે ભાગે એની પર્યાયમાં ક્ષયોપશમ રહી ગયો. આહા..હા..! એવી દશામાં અનંત વાર ગયો પણ એ રૂપે થયો નથી. સમજાણું કાંઈ? એમ કહે છે. આહા..હા..! એક-એક ગાથા આમ ચડાવતા જાય છે.

‘**રૂપીપણાથી લક્ષિત તો પુદ્‌ગલદ્રવ્ય જ છે. એ રીતે પુદ્‌ગલદ્રવ્ય જ પોતે જીવ છે, પણ તે સિવાય બીજો કોઈ જીવ નથી. આમ થતાં,...**’ આમ થતાં. હવે મોક્ષની અવસ્થામાં. ‘**મોક્ષ-અવસ્થામાં પણ પુદ્‌ગલદ્રવ્ય જ પોતે જીવ (ઠરે) છે,...**’ કારણ કે આ રાગ અને રંગવાળો અને એનો મોક્ષ થયો એટલે કે એ ત્યાં ને ત્યાં પુદ્‌ગલ રહ્યું ઈ. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે આકરું! આ મગજમાં પેસવું કઠણ એટલે બિચારા કરે હોં લોકો. દુર્ગવાળો હતોને પંડિત. ભાગ્યો હોં એકદમ. એકાદ દિ’ વ્યાખ્યાન સાંભળ્યું... આહા..હા..! શું કહ્યું?

મુમુક્ષુ :- જેવું સાંભળ્યું હતું એવું જ જોયું.

ઉત્તર :- બરાબર. સાંભળ્યું હતું. ઊંધું મારે છે બધું. એવું દેખ્યું પ્રત્યક્ષ. રાગની ના પાડે છે કે રાગ વ્યવહારની ના. વ્યવહાર ધર્મ નહિ, વ્યવહારથી ધર્મ થાય નહિ, ભગવાનના દર્શનથી ધર્મ થાય નહિ. હાય.. હાય..! આ તો સાંભળ્યું હતું એવું જ આવ્યું. એય..! શેઠ! ભાગ્યો બિચારો હોં!

મુમુક્ષુ :- થોડું મધ્યસ્થ થઈને સાંભળવું જોઈએ.

ઉત્તર :- મધ્યસ્થ હોય શાંતિથી (સાંભળે). બાપુ! આ તો પરમાત્માના ઘરમાં જવાની વાત છે.

મુમુક્ષુ :- સાંભળવાની ક્ષમતા પણ જોઈએ.

ઉત્તર :- આહા..હા..! આ સમજીને સ્વીકારવું એ મહા ધીરજ જોઈએ. સમજાય છે કાંઈ? ... ચિંતારહિત થનારને તે નજરે શ્રદ્ધામાં આવે છે. સમજાણું કાંઈ? એ જગતની વિદ્વતા અને જાણપણાથી પણ નજરે પડે એવો નથી ભગવાન. આહા..હા..! પરલક્ષી જ્ઞાન પણ ખરેખર તો રૂપી છે એમ કહે છે. એમ કહ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? લીધા ને, ક્ષયોપશમ ભાવને. એ જાત ... રૂપી છે. ભગવાન સૂક્ષ્મ ચૈતન્યતત્ત્વ.

શ્રીમદ્ કહે છે કે અરે! સૃષ્ટિને ચૈતન્ય ચમત્કાર, ગુપ્ત ચમત્કારની શ્રદ્ધા નથી. ચૈતન્યનો ગુપ્ત ચમત્કાર કેટલો છે એની એને ખબરું નથી. સમજાણું કાંઈ? કારણ કે પર્યાયમાં પર્યાયનું જ ઘોલન. આ વસ્તુ અંદર... પર્યાય તો એક સમયની છે. ત્યારે વસ્તુ કોને કહીએ? વસ્તુ એક સમય રહે? વસ્તુ તો ત્રિકાળ રહે. એ ત્રિકાળ ઉપર નજર નહિ એટલે વિશ્વાસ આવતો નથી. બેસાડવું શી રીતે આ? પણ એવો જ છે. સમજાણું કાંઈ?

કહે છે કે '**મોક્ષ-અવસ્થામાં પણ પુદ્ગલદ્રવ્ય જ પોતે જીવ (ઠરે) છે, પણ તે સિવાય બીજો કોઈ જીવ (ઠરતો) નથી; કારણ કે સદાય પોતાના સ્વલક્ષણથી લક્ષિત એવું દ્રવ્ય બધીયે અવસ્થાઓમાં હાનિ...**' અપાય છેને મૂળ તો? અપાય એટલે અમૃતપણું પામતો નથી. એનો પદાર્થ છે એમાંથી બીજું થતું નથી. ઘસારો નથી, હીણો ન થાય, વસ્તુ હીણી અને ઘસારો કેમ થાય? આહા..હા..! હીરા વજના પણ જ્યારે ઘસારો ન પામે. આહા..હા..! હીરા વજના એવા રજકણથી બન્યા છે, ભલે કોલસામાંથી નીકળે ઈ, હીરા કોલસાની ખાણમાંથી નીકળે. એને હથોડા મારો તો એને ઘા ન પડે એના ઉપર. એક રજકણ દબાય નહિ અંદરથી. આહા..હા..! એવા અનંત રજકણોનું દળ એક દ્રવ્ય નહિ. છતાં જેને એમાં પરના સંગે એને ઘસારો અને હાનિ એ ચીજમાં નથી. તો આ ભગવાન આત્મા, જો તું રાગવાળો અને એનાથી માન તો ઘસારો પડી ગયો એ તો. દ્રવ્ય રહ્યું નહિ. સમજાણું કાંઈ? આવી વાત અને આવી પ્રરૂપણા ભારે ભાઈ! વળી કેટલાક એમ કહે, સભા જોઈને પ્રરૂપણા કરવી. હવે ક્યાં સુધી ગયો (સભા) જોવી. કેટલા વર્ષ સુધી જોવી છે તારે? શું કરવું છે તારે? તને બેસતું નથી એટલે એ વાત કહેવી ગોઠતી નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો .. સમયગ્દર્શન જ આ છે. એમ માને છેને. વ્યવહારી એટલે સમકિત લ્યો ત્યાં સુધી કહે છે. યશોવિજય. આવશ્યકમાં એમ કહ્યું છે. પણ એ આવશ્યક કરનાર પણ જૂઠો. આહા..હા..! સમજાણું કાંઈ? એ વાતું બધી જૂઠી. બાપુ! આ તો સત્યની વાત છે. સત્ય પરમેશ્વર એ જો વિકલ્પ અને રાગમાં સંસાર અવસ્થામાં પણ થઈ જાય તો એ તો રૂપીપણું થયું અને રૂપી ત્યાં મોક્ષમાં જાય તો પુદ્ગલનો મોક્ષ થયો. પુદ્ગલ રહ્યું ત્યાં.

જીવ તો રહ્યો નહિ. આહા..હા..! કેમકે જે જે રૂપે હોય એનો ઘસારો અને હીણપ તો આવે નહિ. આહા..હા..! જો રાગ અને ભેદરૂપ અને રંગરૂપ હોય તો એનો અભાવ અને ઘસારો તો કોઈ દિ' થાય નહિ. સમજાણું કાંઈ? એ રૂપીનું જે પણું છે એમાંને એમાં રહે. આહા..હા..! '**स्वनपायित्वा**' '**स्वनपायित्वा**' એમાં અનર્થપણું ન થાય. અર્થમાં અનર્થપણું ન થાય. જે રૂપીપણું છે એમાંથી અરૂપી થાય એમ બને નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! રૂપીને જો જીવ ઠરાવ તો એ રૂપીનો ઘસારો થાય અને ઘટે એવું તો બને નહિ. તો એ આત્મા રૂપી રહ્યો એકલો. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાનના ભગત થાવું એ મહાપુરુષાર્થ છે કહે છે. ભગવાન એટલે આત્મા. સમજાણું કાંઈ?

કહે છે કે '**કોઈ જીવ** (ઠરતો) **નથી; કારણ કે સદાય પોતાના સ્વલક્ષણથી લક્ષિત એવું દ્રવ્ય બધીયે અવસ્થાઓમાં...**' જો એ રૂપીપણે જીવ હોય તો રૂપીપણામાં ઘસારો અને ઓછાપણું કોઈ દિ' થાય નહિ. એટલે સદા રૂપી જ રહે એ તો. આહા..હા..! '**આમ થવાથી, તેના મતમાં પણ (અર્થાત્ સંસાર-અવસ્થામાં જ જીવનું વર્ણાદિ સાથે તાદાત્મ્ય માનનારના મતમાં પણ); પુદ્‌ગલોથી ભિન્ન એવું કોઇ જીવદ્રવ્ય નહિ રહેવાથી,...**' આહા..હા..! રાગ અને રંગના અસ્તિત્વથી જુદી ચીજ નથી એમ થયું એને. સમજાણું કાંઈ? રાગ અને રંગરૂપે જ આત્મા છે. એ તો રૂપી ઠર્યો. આહા..હા..! આહા..હા..! સંસાર અવસ્થામાં પણ તાદાત્મ્ય મતને માનારા, એનાથી જુદું કોઈ જીવદ્રવ્ય નહિ રહેવાથી. પુદ્‌ગલથી જુંદું જીવદ્રવ્ય નહિ રહેવાથી '**જીવનો જરૂર અભાવ થાય છે.**' ભગવાન આત્માની નાસ્તિ થાય. આહા..હા..! ભારે! આવી વાત સિદ્ધ કરવાની સમયસાર સિવાય બીજે નથી.

મુમુક્ષુ :- કડીબંધ બધી ગાથા.

ઉત્તર :- કડીબંધ કરી દીધી. ઓહો..હો..! ભાઈ! તું રાગવાળો રહે? સંસારમાં રાગવાળો? આહા..હા..!

'**ભાવાર્થ :- જો એમ માનવામાં આવે કે સંસાર-અવસ્થામાં...**' અવસ્થામાં. '**જીવનો વર્ણાદિક સાથે તાદાત્મ્યસંબંધ છે...**' એની સાથે એકમેક થઈ ગયા છે, એકમેક લક્ષણ છે. આહા..હા..! '**તો જીવ મૂર્તિક થયો;...**' રાગ અને રંગવાળો અહીંયાં માન તો તો જીવ મૂર્તિક થયો. આહા..હા..! એનું અમૂર્તપણું રહ્યું નહિ. એ અમૂર્ત તે આત્મા છે. આહા..હા..! રાગ એ મૂર્ત છે, જડ છે, અચેતન છે. આહા..હા..! જે ભાવે સ્વર્ગ મળે... સમજાય છે કાંઈ? જે ભાવે સર્વાર્થસિદ્ધનો ભવ પ્રાપ્ત થાય એ ભાવ બધા અચેતન છે. એ અચેતનની સાથે એકમેક થતાં તો અચેતન થઈ ગયો જીવ. એ ચૈતન્ય ભિન્ન અરૂપી રહ્યો નહિ. સમજાણું કાંઈ?

'**અને મૂર્તિકપણું તો પુદ્‌ગલદ્રવ્યનું લક્ષણ છે; માટે પુદ્‌ગલદ્રવ્ય તે જ જીવદ્રવ્ય**

ઠર્યું,...' તારે હિસાબે તો એ પુદ્ગલ તે જીવ ઠર્યો. જીવ જુદો રહ્યો નહિ. આહા..હા..! અહીં તો હજી શરીરથી જુદો માનવામાં પરસેવા ઉતરે. પંડિતોના પ્રશ્નો. એય..! રાજમલજી! જીવીત શરીરથી ધર્મ ક્રિયા થાય. આવે છેને? અમરચંદજી! બીજો પ્રશ્ન ખાણિયામાં. પહેલો પ્રશ્ન કર્મથી આ રખડે, બીજો પ્રશ્ન આ. આવા પ્રશ્ન! ભગવાન! તું શુ કરે છે ભાઈ! આહા..હા..! શરીર વિના આત્મા રહી શકે જ નહિ. એમને? જડ વિના આત્મા રહી શકે જ નહિ. કહે છે ઘણા. મોક્ષમાં શરીર વિના, ઇન્દ્રિયો વિના જીવ શી રીતે રહે? અને ઇન્દ્રિય વિના જાણે શી રીતે? અને એક અપેક્ષાએ તો ત્યાં પરમાત્મપ્રકાશમાં કહ્યું છે કે ઇન્દ્રિયનું જાણવું .. એ અપેક્ષાએ જડ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ જાણવું નથી થતું.

ઉત્તર :- એમાં જાણવાનું એને હોય જ નહિ એમ કહે છે મૂળ તો. સમજાણું? ઇન્દ્રિયથી જાણવું એ એનું સ્વરૂપ જ નથી. અલિંગગ્રહણમાં આવ્યું છેને? અલિંગગ્રહણ. જાણનારો ઇન્દ્રિયથી જાણતો નથી. આહા..હા..! અહીં કહે કે પણ ઇન્દ્રિય વિના કેમ જણાય? અહીં તો પહેલો બોલ ઉપાડ્યો એવો કે જાણનારો ઇન્દ્રિયથી જાણતો નથી. પહેલો બોલ આ છે. અલિંગગ્રહણ. જાણનારો ઇન્દ્રિયથી જાણતો નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ઇન્દ્રિયથી.. આ જડ ઇન્દ્રિયો બધી એના પ્રત્યક્ષનો વિષય એ નથી ભગવાન. ઇન્દ્રિયના પ્રત્યક્ષનો વિષય નથી. એ તો અંતરના ધ્યાનનો વિષય છે. સમજાણું કાંઈ?

જીવદ્રવ્ય ઠર્યું પુદ્ગલ. રાગ અને રંગવાળો સંસારદશામાં પણ જો કહે તો તો એ રૂપી પુદ્ગલ છે એવો ઠર્યો. આહા..હા..! '**તે સિવાય કોઈ ચૈતન્યરૂપ જીવદ્રવ્ય ન રહ્યું.**' ચૈતન્યરૂપ જીવદ્રવ્ય એમ કીધુંને? ભેદ અને રાગ અને રંગ એ ચૈતન્ય નહિ. એય..! આહા..હા..! આવી વાત. કુંદકુંદાચાર્ય મહાવિદેહમાં ગયા હતા. ભગવાન પાસે જઈને આ લઈને આવ્યા. આહા..હા..! ભાઈ! ભગવાન તો આમ કહે છે હોં! ઠેક ઠેકાણે કહ્યુંને જિનવર આમ કહે છે, જિનવર આમ કહે છે. તમે કહો તોપણ જિનવર છો તમે. જિનવર આમ કહે છે. કેવળી શ્રુતકેવળી ભણિદં. આવે છેને? આમાં પણ પહેલા આવ્યું.

**वंदित्तु सव्वसिद्धे धुवमचलमणोवमं गदिं पत्ते।**
**वोच्छामि समयपाहुडमिणमो सुदकेवलीभणिदं।।१।।**

લ્યો! એમાં ક્યાં કીધું છે કે કેવળીએ કીધું છે? એમ કહે છે. પણ આ અમૃતચંદ્રાચાર્યે કાઢ્યું ટીકામાં. અમૃતચંદ્રાચાર્ય પંચ મહાવ્રતધારી એના ગણધર. આહા..! માણસને.. શબ્દો આચાર્યોના, કુંદકુંદાચાર્યના ઘણા ટૂંકા હોય છે. ટૂંકામાં શું ભર્યું હોય છે એની ટીકા કરવી, સ્પષ્ટિકરણ કરવું એનું નામ ટીકા. કેવળી ભગવાન આમ બતાવે છે. આહા..હા..! ત્રણ કાળનું જ્ઞાન જેને છે. ભૂત, ભવિષ્ય જેને એક સમયમાં જણાઈ ગયા છે. પોતાની પણ ભૂત,

ભવિષ્યની અવસ્થા અનાદિ-અનંત એ જ્ઞાનમાં જણાઈ ગઈ છે. એવા ભગવાનના મુખમાંથી એમ આવ્યું... સમજાણું કાંઈ? કે તું ભેદ ને રાગ ને રંગ નહિ સંસાર અવસ્થામાં પણ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવી ચીજ ક્યાં હશે? લાલચંદજી! આ તો ભગવાનના માર્ગમાં છે. બીજા સાથે (સમન્વય થાય એવું નથી). કહે છેને, તમારું સાચું છે... તમારું સાચું છે... બાપા! ભાઈ! ભૂલ ખાય છે હોં! ભગવાનને ભૂલમાં આંટા નાખ્યા. આહા..હા..! ઓલું શું કહેવાય? વડોદરામાં છેને. ભૂલામણી, ભૂલભૂલામણી. એક ફેરી ગયા હતા. કેસ ચાલતો હતોને. ૧૯૬૩ની વાત છે. કેસ ચાલતો હતો. પૂરો થઈ ગયો. નવરા થઈને જાવું જોવા. તો ગર્યા અંદર. એ મહેંદીની હોય છે. નીકળવું કઈ રીતે? ઓલા માણસને પૂછ્યું. એક આનો લે. ચાર પૈસા. તે દિ' તો ચાર પૈસા ઘણા કહેવાયને. મહેંદીની ભૂલામણી કહે છે બાગમાં. આમ નીકળાય. એમ આ જગત રાગ અને રંગની ભૂલવણીમાં ગરી ગયું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ભૂલભૂલૈયામાં...

ઉત્તર :- ભૂલભૂલામણી. એ મહેંદીની હોય છે. કાપી નાખી હોયને સરખી આમ. ૬૩ની વાત છે. કેટલા વર્ષ થયા? ૬૫. નજરે તરે છે કે અહીંયાં હતા. અહીંથી અહીં થઈને અહીં નીકળો. એમ ત્યાં ઝાડને ઓળંગીને જવાય એમ ન હોય. કારણ કે મોટું આવડું કઠણ હોય એ. એ તો જ્યાં એને નીકળવાનું હોય ત્યાં માર્ગ ત્યાંથી નીકળાય. એમ અહીં જો આત્માને કાઢવો હોય રાગમાંથી તો એને સ્વભાવનો આશ્રય લેતા રાગમાંથી નીકળી જાય એવો છે. કારણ કે બધી ભૂલભૂલામણી છે. વ્યવહાર કરશું તો થાશે, ગુરુની કૃપા થશે તો થઈ જશે, આપણે સત્સમાગમ બહુ કરીએ તો થઈ જશે. વાત સાચી પણ એ સત્સમાગમ કોણ? સમજાણું કાંઈ? ભાઈએ લખ્યું છે એક ફેરી. સત્સમાગમ... તું સત્ નથી? સોગાનીએ લખ્યું છે. તુ સત્ નથી? તારા સત્નું હોવાપણું તને બેસતું નથી? અને બીજાના સત્ પાસેથી લેવા જા છો. આહા..હા..! કહો, ચંદુભાઈ! આહા..હા..!

'**જીવ ઠર્યાં, અન્ય કોઈ ચૈતન્યરૂપ જીવ ન રહ્યો.**' આહા..હા..! જાગૃત ચૈતન્યની પુંજી જેની છે. એવો જ્ઞાનરૂપ ભગવાન તો રહ્યો નહિ કાંઈ. '**આ રીતે સંસાર તેમ જ મોક્ષમાં પુદ્ગલથી ભિન્ન એવું કોઈ ચૈતન્યરૂપ જીવદ્રવ્ય નહિ રહેવાથી...**' ચૈતન્યરૂપ જીવદ્રવ્ય નહિ રહેવાથી '**જીવનો જ અભાવ થયો.**' આહા..! ભગવાનનો જ જેણે અભાવ કર્યો. સમજાણું કાંઈ? ભારે વ્યાખ્યા હોં ૨૯ બોલની. ચૌદ માર્ગણા અને ચૌદ જીવસ્થાન અને ચૌદ ગુણસ્થાન, સંયમલબ્ધિસ્થાન એ બધા કહે છે એક કડીમાં. એ બધાય તારા નથી, લે. કોઈને એમ લાગે કે અહીં વર્ણાદિ કર્યું છે એમાં. ઓલું ક્યાં છે? એ બધું છે જુઓ કડી આવશે.

**'આ વર્ણાદિક ગુણસ્થાનપર્યંત ભાવો છે તે બધાય...'** **'અહો જ્ઞાની જનો!'** છે શ્લોક ૩૯. એ ૩૯. છેને **'वर्णादिसामग्र्यम्'** નથી? આના પછી. ૬૭ ગાથાની ઉપર. ૬૭ ગાથા ઉપર ૩૯ કળશ. ૩ અને ૯ કળશ. **'અહો જ્ઞાની જનો!'** **'इदं वर्णादिसामग्र्यम्'** **'આ વર્ણાદિક ગુણસ્થાનપર્યંત ભાવો છે તે બધાય એક પુદ્‌ગલની રચના જાણો;...'** આહા..હા..! પાછા કોઈ કહે કે આમાં સંહનન અને રાગને લીધો છે. એ તો પહેલી વાત કરે છે. સમજાણું કાંઈ? ગુણસ્થાનમાં કહેશે, ૬૭માં કહેશે. આહા..હા..! આવી વાતું બેસે નહિને બધાને મગજમાં. એટલે પછી લાગે કે આ બધું.

મુમુક્ષુ :- અઘરું લાગેને.

ઉત્તર :- વાત સાચી. આ શું કહે છે આ?

મુમુક્ષુ :- અને બેઠા પછી નીકળે નહિ.

ઉત્તર :- ત્યાંથી છે એ જાય ક્યાં? છે એવો બેઠો એ જાય ક્યાં? સમજાણું કાંઈ?

**'અભાવ થયો. માટે માત્ર સંસાર-અવસ્થામાં જ વર્ણાદિભાવો જીવના છે એમ માનવાથી પણ જીવનો અભાવ જ થાય છે.'** અભાવ 'જ' પાછું એમ.

---

## ગાથા-૬૫-૬૬

एवमेतत् स्थितं यद्वर्णादयो भावा न जीव इति—

एक्कं च दोण्णि तिण्णि य चत्तारि य पंच इंदिया जीवा।
बादरपज्जात्तिदरा पयडीओ णामकम्मस्स।।६५।।
एदाहि य णिव्वत्ता जीवट्ठाणा उ करणभूदाहिं।
पयडीहिं पोग्गलमइहिं ताहिं कहं भण्णदे जीवो।।६६।।
एकं वा द्वे त्रीणि च चत्वारि च पञ्चेन्द्रियाणि जीवाः।
बादरपर्याप्तेतराः प्रकृतयो नामकर्मणः।।६५।।
एताभिश्च निर्वृत्तानि जीवस्थानानि करणभूताभिः।
प्रकृतिभिः पुद्गलमयीभिस्ताभिः कथं भण्यते जीवः।।६६।।

निश्चयतः कर्मकरणयोरभिन्नत्वात् यद्येन क्रियते तत्तदेवेति कृत्वा, यथा कनकपत्रं

कनकेन क्रियमाणं कनकमेव, न त्वन्यत्, तथा जीवस्थानानि बादरसूक्ष्मैकेन्द्रियद्वित्रिचतुःपंचेन्द्रिय-पर्याप्तापर्याप्ताभिधानाभिः पुद्गलमयीभिः नामकर्मप्रकृतिभिः क्रियमाणानि पुद्गल एव, न तु जीवः। नामकर्मप्रकृतीनां पुद्गलमयत्वं चागमप्रसिद्धं दृश्यमानशरीरादिमूर्तकार्यानुमेयं च। एवं गन्धरसस्पर्शरूपशरीरसंस्थानसंहननान्यपि पुद्गलमयनामकर्मप्रकृतिनिर्वृत्तत्वे सति तदव्यतिरेकाज्जीवस्थानैरेवोक्तानि। ततो न वर्णादयो जीव इति निश्चयसिद्धान्तः।

---

આ રીતે એ સિદ્ધ થયું કે વર્ણાદિક ભાવો જીવ નથી, એમ હવે કહે છે :-

જીવ એક-દ્વિ-ત્રિ-ચતુર્-પંચેન્દ્રિય, બાદર, સૂક્ષ્મ ને
પર્યાપ્ત આદિ નામકર્મ તણી પ્રકૃતિ છે ખરે. ૬૫.
પ્રકૃતિ આ પુદ્‌ગલમયી થકી કરણરૂપ થતાં અરે,
રચના થતી જીવસ્થાનની જે, જીવ કેમ કહાય તે? ૬૬.

ગાથાર્થ :— [एकं वा] એકેંદ્રિય, [द्वे] દ્વીંદ્રિય, [त्रीणि च] ત્રીંદ્રિય, [चत्वारि च] ચતુરિંદ્રિય, [पञ्चेन्द्रियाणि] પંચેંદ્રિય [बादरपर्याप्तेतराः] બાદર, સુક્ષ્મ, પર્યાપ્ત અને અપર્યાપ્ત [जीवाः] જીવ-એ [नामकर्मणः] નામકર્મની [प्रकृतयः] પ્રકૃતિઓ છે; [एताभिः च] આ [प्रकृतिभिः] પ્રકૃતિઓ [पुद्गलमयीभिः ताभिः] કે જેઓ પુદ્‌ગલમય તરીકે પ્રસિદ્ધ છે તેમના વડે [करणभूताभिः] કરણસ્વરૂપ થઈને [निर्वृत्तानि] રચાયેલાં [जीवस्थानानि] જે જીવસ્થાનો (જીવસમાસ) છે તેઓ [जीवः] જીવ [कथं] કેમ [भण्यते] કહેવાય?

ટીકા :— નિશ્ચયનયે કર્મ અને કરણનું અભિન્નપણું હોવાથી, જે જેના વડે કરાય છે(-થાય છે) તે તે જ છે—એમ સમજીને (નિશ્ચય કરીને), જેમ સુવર્ણનું પાનું સુવર્ણ વડે કરાતું (-થતું) હોવાથી સુવર્ણ જ છે, બીજું કાંઈ નથી, તેમ જીવસ્થાનો બાદર, સૂક્ષ્મ, એકેંદ્રિય, દ્વીંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિય, પંચેદ્રિય, પર્યાપ્ત અને અપર્યાપ્ત નામની પુદ્‌ગલમયી નામકર્મની પ્રકૃતિઓ વડે કરાતાં(-થતાં) હોવાથી પુદ્‌ગલ જ છે, જીવ નથી. અને નામકર્મની પ્રકૃતિઓનું પુદ્‌ગલમયપણું તો આગમથી પ્રસિદ્ધ છે તથા અનુમાનથી પણ જાણી શકાય છે કારણ કે પ્રત્યક્ષ દેખવામાં આવતા શરીર આદિ જે મૂર્તિક ભાવો છે તે કર્મપ્રકૃતિઓનાં કાર્ય હોવાથી કર્મપ્રકૃતિઓ પુદ્‌ગલમય છે એમ અનુમાન થઈ શકે છે.

એવી રીતે ગંધ, રસ, સ્પર્શ, રૂપ, શરીર, સંસ્થાન અને સંહનન-તેઓ પણ પુદ્‌ગલમય નામકર્મની પ્રકૃતિઓ વડે રચાયાં(-બન્યાં) હોવાથી પુદ્‌ગલથી અભિન્ન છે; તેથી, માત્ર

જીવસ્થાનોને પુદ્ગલમય કહેતાં, આ બધાં પણ પુદ્ગલમય કહ્યાં સમજવાં.

માટે વર્ણાદિક જીવ નથી એમ નિશ્ચયનયનો સિદ્ધાંત છે.

## ગાથા-૬૫-૬૬ ઉપર પ્રવચન

'આ રીતે એ સિદ્ધ થયું કે વર્ણાદિક ભાવો જીવ નથી, એમ હવે કહે છે :' હવે ૬૫ અને ૬૬.

एक्कं च दोण्णि तिण्णि य चत्तारि य पंच इंदिया जीवा।
बादरपज्जात्तिदरा पयडीओ णामकम्मस्स।।६५।।
एदाहि य णिव्वत्ता जीवट्ठाणा उ करणभूदाहिं।
पयडीहिं पोग्गलमइहिं ताहिं कहं भण्णदे जीवो।।६६।।

જીવ એક-દ્વિ-ત્રિ-ચતુર્-પંચેન્દ્રિય, બાદર, સૂક્ષ્મ ને
પર્યાપ્ત આદિ નામકર્મ તણી પ્રકૃતિ છે ખરે. ૬૫.
પ્રકૃતિ આ પુદ્ગલમયી થકી કરણરૂપ થતાં અરે,
રચના થતી જીવસ્થાનની જે, જીવ કેમ કહાય તે? ૬૬.

આટલું ભેળવ્યું અહીં. જીવસ્થાન. સમજાણું કાંઈ? પછી ગુણસ્થાન ભેળવશે. એમ કરીને બધું પૂરું કરશે ૬૮માં. આહા..હા..!

ટીકા તો એ છે. '**નિશ્ચયનયે કર્મ અને કરણનું અભિન્નપણું હોવાથી,...**' કરણ નામ સાધન અને કર્મ નામ કાર્ય એક જ હોય. કરણ બીજું અને એનું કર્મ બીજું, કરણ-કારણ બીજું અને કર્મ બીજું એમ હોઈ શકે નહિ એમ કહે છે. પુદ્ગલ કરણ અને એનાથી બનેલી આ ઇન્દ્રિયો આદિ માટે બધું જડ છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? એ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ-૧૩, મંગળવાર, તા. ૦૫-૦૯-૧૯૭૨**
**ગાથા- ૬૫-૬૬, કળશ-૩૮-૩૯ પ્રવચન-૧૫૪**

ગાથા-૬૫ અને ૬૬. જીવ-અજીવ અધિકાર. જીવનું વાસ્તવિક સ્વરૂપ શું છે અને અવાસ્તવિક શું છે વ્યવહારથી એનું આ વર્ણન છે. એનો આ ન્યાયનો આધાર આપે છે. '**નિશ્ચયનયે...**' ખરેખર દૃષ્ટિથી જોઈએ તો '**કર્મ...**' નામ કાર્ય અને કરણ નામ સાધન એનું અભિન્નપણું છે. કાર્ય અને કારણનું અભિન્નપણું છે એમ સિદ્ધ કરવું છે. કર્મ એટલે કાર્ય. છે? '**નિશ્ચયનયે કર્મ...**' એટલે કાર્ય અને કરણ એટલે એનું કારણ-સાધન એનું અભિન્નપણું છે. એક છે, બે થઈને એક છે. એમ હોવાથી, કાર્ય અને કારણ, કરણ-સાધન બે એક હોવાથી '**જે જેના વડે કરાય છે (-થાય છે) તે તે જ છે—**' જે જેના વડે... અહીં એમ સિદ્ધ કરવું છે કે પુદ્ગલ કરણ છે અને રાગ-દ્વેષ, સંહનન અને ભેદો એ એનું કાર્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા કારણ અને એનું કાર્ય એ ચીજ નથી.

'**જે જેના વડે કરાય છે (-થાય છે) તે તે જ છે—એમ સમજીને (નિશ્ચય કરીને), જેમ સુવર્ણનું પાનું સુવર્ણ વડે કરાતું (-થતું) હોવાથી સુવર્ણ જ છે,...**' સોનાનું પાત્ર અથવા પાંદડુ. આવે છેને આ સોનાના શું કહેવાય એ? પાના. પાના આવે છેને પાતળા? એ સોનાના કારણથી થયેલા એ પાનું સોનું જ છે. સોનું કરણ છે અને પાનું તેનું કર્મ, કર્મ એટલે કાર્ય. આહા..હા..! '**બીજું કાંઈ નથી,...**' એમ પાછી અસ્તિ-નાસ્તિ કરી. સુવર્ણ કારણ છે, સાધન છે, કરણ છે, એનાથી થતું સોનાનું પાનું તે તે કરણનું કાર્ય છે. કહો, સમજાય છે કાંઈ? એ સોનીની હથોડીનું કાર્ય નહિ એમ કહે છે. સોનાના પાના કરે છેને પાતળા? વરખ બનાવે પાતળા. બરફીમાં ચોડે. એ પાનું કાર્ય છે, કર્મ છે, કર્તવ્ય છે. સોનાના કારણે એ પાનું છે અને સોનું કરણ છે. એ બીજું નથી.

'**તેમ...**' આ દૃષ્ટાંત કહ્યો. '**જીવસ્થાનો...**' જીવમાં ભેદ પડે '**બાદર, સૂક્ષ્મ, એકેંદ્રિય, દ્વીંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિય, પંચેદ્રિય, પર્યાપ્ત અને અપર્યાપ્ત નામની પુદ્ગલમયી નામકર્મની પ્રકૃતિઓ વડે કરાતાં (-થતાં)...**' એ તો એક નામકર્મ પુદ્ગલ છે. નામકર્મમાં ૯૩ પ્રકૃતિ જડ છે એમાં એક નામકર્મની પ્રકૃતિ છે જે પ્રકૃતિના કારણે એ પ્રકૃતિ જડ છે તે કરણ છે અને '**એકેંદ્રિય, દ્વીંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિય, પંચેદ્રિય, પર્યાપ્ત અને અપર્યાપ્ત...**' તે તેનું કર્મ છે. એ જીવનું કર્મ નથી. આહા..હા..! '**અપર્યાપ્ત નામની**

**પુદ્ગલમયી નામકર્મની પ્રકૃતિઓ વડે કરાતાં (-થતાં) હોવાથી પુદ્ગલ જ છે,...'** એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌ ઇન્દ્રિય, પંચેન્દ્રિય, પર્યાપ્ત, અપર્યાપ્ત એ બધા પુદ્ગલ છે. એ '**જીવ નથી.**' જીવના ચૌદ સ્થાન જે ભેદ પડ્યા એ બધા કર્મની પ્રકૃતિને કારણે પડ્યા માટે એ પુદ્ગલ જ છે. સમજાણું? આવું આમાં આવે, ગોમ્મટસારમાં એ આવે કે કર્મને લઈને જ્ઞાનાવરણીયને લઈને જ્ઞાન રોકાય, દર્શનમોહને લઈને આમ થાય, નામકર્મને લઈને આમ થાય લ્યો! હવે માણસ કાઢે કે નહિ? એય..! એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે અને અહીંયાં સ્વભાવમાં અભેદમાં નથી એમ બતાવવું છે. આહા..હા..! એવી વાત છે. શું થાય? જ્ઞાનાવરણીય કર્મથી જ્ઞાન રોકાય એમ ગોમ્મટસારમાં કહેવું અને અહીં કહે કે કર્મની પ્રકૃતિથી એકેન્દ્રિયપણું, બે ઇન્દ્રિયપણું થાય એ અહીં કહેવું. તો કર્મનું કાર્ય થયું. ઉપાદાન પોતાનું એનાથી થયું એ તો આવ્યું નહિ ક્યાંય. એય..! પંડિતજી! નિમિત્તથી થયું એમ થયું. કઈ અપેક્ષાએ કહેવું છે? ભગવાન ચૈતન્યસ્વરૂપી પ્રભુ અભેદ એવી દૃષ્ટિ કરાવવા અને વસ્તુ એવી છે તેથી તેને કારણ કર્મનું ગણી અને તેના ચૌદ ભેદો જીવસ્થાન, જીવના ભેદો એ બધું કાર્ય, કર્મ, કરણ અને કાર્ય એનું છે, આત્માનું નથી. માટે એનું કારણ પુદ્ગલ માટે ચૌદ ભેદ પુદ્ગલના છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પુદ્ગલ જ છે, જીવ નથી.**' જુઓ, પાછું અસ્તિ-નાસ્તિ કર્યું. આ અનેકાંત કર્યું. '**એકેંદ્રિય, દ્વીંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિય, પંચેંદ્રિય, પર્યાપ્ત અને અપર્યાપ્ત...**' સમજાણું? એ પ્રકૃતિ નામકર્મની છે તેથી તેનાથી થયું માટે પુદ્ગલ છે. એકેન્દ્રિયપણું પુદ્ગલ છે. જ્ઞાનમય એ એકેન્દ્રિય અને બે ઇન્દ્રિયપણે કેમ થાય એ? સમજાણું કાંઈ? ગોમ્મટસારમાં, કર્મકાંડમાં પણ એ વાત આવે, સમયસારમાં એ વાત આવે. હવે એમાં ઉપાદાનથી થાય એમ રહે ક્યાં? બાપુ! એ વસ્તુ બીજી છે. ભિન્ન પડ્યો છે એ વ્યવહારે એકેન્દ્રિય આદિ, રાગાદિ, સુખ-દુઃખ આદિ એનામાં છે, પણ એ તો પર્યાયનું લક્ષ કરવા, પર્યાયનું જ્ઞાન કરાવવા એ વાત કરી છે. પણ એ વસ્તુસ્થિતિ આદરવા એ કહ્યું નથી. સમજાણું કાંઈ? એમાંને એમાં ૪૬માં કહ્યું. લ્યો વળી અહીં પાછું ૬૬માં આ કહે છે. અમારે ફાવાભાઈ કહેતાને, સવારમાં કાંઈક આવે એ નક્કી કરીએ ત્યાં બપોરે કાંઈક આવે. આમાં નિર્ણય શું કરવો? બુદ્ધિ ઓછી, સાધારણ બુદ્ધિ હોય અને હવે આ ધર્મની વાતું બહુ ઝીણી. હવે એનો મેળ કરવો કઠણ પડે અંદરથી. તમે સવારે કહેતા કે રાગ જીવનો છે, એકેન્દ્રિય જીવ, પ્રમાદ જીવ છે, પ્રમાદ જીવ કરે છે. બપોરે કહે કે પ્રમાદ અને રાગ જીવના નથી. એય..! ભાઈ! કઈ અપેક્ષાએ કહ્યું? વ્યવહારનું સ્વરૂપ એનો વિષય છે એટલું સિદ્ધ કર્યું. પણ એ આશ્રય કરવાલાયક છે અને એ જીવનું વાસ્તવિક યથાર્થ ત્રિકાળી વાસ્તવિક સ્વરૂપ છે એમ છે નહિ. આહા..હા..! 'જિનપ્રવચન દુર્ગમ્યતા..' આવે છેને? 'જિન પ્રવચન દુર્ગમ્યતા થાકે અતિ મતિમાન, અવલંબન

શ્રીસદ્‌ગુરુ ...' એનો ખ્યાલ આવવો.

એક કોર ગોમ્મટસાર કહે કે જ્ઞાનાવરણીયથી જ્ઞાન રોકાણું. કહો, સમજાણું કાંઈ? અહીં કહે કે નામકર્મથી એકેન્દ્રિય, બે ઇન્દ્રિયના ભેદ પડ્યા અને પુદ્‌ગલને કારણે રાગ અને દ્વેષ થયા માટે રાગ-દ્વેષ પુદ્‌ગલ છે. એક બાજુ કહે કે એ રાગ-દ્વેષ શુદ્ધનયે તારા છે માટે તેં કર્યા છે અને તારામાં છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! પ્રવચનસાર ૧૮૯ ગાથામાં એ આવે છે લ્યો! નિશ્ચયથી પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષ બિલકુલ નિશ્ચયથી તારા છે. વ્યવહારથી નિમિત્તના કહેવામાં આવે છે. કારણ કે પરચીજ છે તે વ્યવહાર છે અને તારામાં છે એ નિશ્ચય છે. એ તો એની પર્યાયમાં સિદ્ધ કરવા એનું વર્ણન કર્યું. પણ હવે જ્યારે આત્મા જે જેનો પૂર્ણ સ્વરૂપ છે, એમાં નથી અને એનો આશ્રય કરવો છે એટલે એમાં એ છે નહિ. એના ઉપર લક્ષ રાખ્યે કાંઈ ધર્મ થાય છે? એમ કહે છે. જેના ઉપર લક્ષ રાખ્યે ધર્મ ન થાય એ ચીજ એની નહિ. સમજાણું કાંઈ? લ્યો! ગુણ-ગુણીનો ભેદ પણ નહિ કહે છે. અલિંગગ્રહણમાં એમ કહ્યું. સમજાણું? અર્થાવબોધરૂપ ગુણવિશેષ એ જેનામાં નથી એવું દ્રવ્ય. અથવા ગુણ-ગુણીનો ભેદ જેમાં નથી એવું દ્રવ્ય તેને અહીં અલિંગગ્રહણ અને અવ્યક્ત અને વસ્તુ કહેવામાં આવે છે. અવ્યક્ત આવ્યું હતું ૪૯માં. અલિંગગ્રહણ આવ્યું ૧૭૨માં. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે એ પુદ્‌ગલ છે, જીવ નથી. પાછા 'પુદ્‌ગલ જ છે,...' નય છે તે સમ્યક્ એકાંતને બતાવનારી છે. આહા..હા..! સમજાય છે કાંઈ? .. છે એ વ્યવહાર પણ આ નય સમ્યક્ એકાંત બતાવે છે. નય છે એ એકાંતને બતાવે છે અને પ્રમાણ છે એ બેયને બતાવે છે. નય નિશ્ચયસ્વરૂપે રાગાદિ, ભેદાદિ પુદ્‌ગલ છે. વ્યવહારે એના છે એમ જ્ઞાન કરવું અને બે થઈને પ્રમાણજ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ધવલમાં તો એમ આવે છે કે નય છે એ મોક્ષનું કારણ છે લ્યો! આહા..હા..! બેય નય હોં.

મુમુક્ષુ :- છોડવા જેવું છે.

ઉત્તર :- છોડવા જેવો એક નયનો વિષય છે અને એક આદરવા યોગ્ય એક નય છેને. બેય નય મોક્ષનું કારણ છે એમ કહ્યું છે ત્યાં. નય મોક્ષનું જ કારણ છે એમ કીધું. નિશ્ચયનય એમ નહિ. એય..! આહા..હા..! વ્યવહારનયનો ગ્રંથ છેને. એટલે કે બીજો વિષય છે એવું જ્ઞાન-લક્ષ રાખીને જીવમાં નથી એવો જે આશ્રય કર્યો તો એ મોક્ષનું કારણ એમ કહેવામાં આવે છે. મોક્ષનું કારણ તો આ એક જ છે, પણ ઓલું જ્ઞાન એનું યથાર્થ તત્ત્વ છેને પર્યાયનું એને જાણે છે. એથી એને મોક્ષના કારણમાં ભેળવીને એમ કહેવામાં આવ્યું છે. એ વાત છે. હવે વાંચે ઓલા એને તો એમ થઈ જાય કે આ કુંદકુંદાચાર્યનું અને વીરસેનસ્વામીનું જુદું છે. સમજાણું કાંઈ?

'**અને નામકર્મની પ્રકૃતિઓનું પુદ્‌ગલમયપણું...**' પુદ્‌ગલમયપણું પાછું એમ. '**તો આગમથી પ્રસિદ્ધ છે...**' આગમમાં છે કે નામકર્મની એક પ્રકૃતિ છે. એનાથી આ ચિતરામણ થાય છે આ. ચિતરામણ છેને એનું શું નામકર્મનું ફળ? જેમ કુંભાર ચિતરેને. ઠામ જુદા-જુદા બનાવે. એમ નામકર્મ પર્યાયમાં ચિતરામણ એનું બધું ચિતરામણ આ છે. એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌ ઇન્દ્રિય એ નામકર્મનું ચિતરામણ છે, આત્માનું નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? '**આગમથી પ્રસિદ્ધ છે...**' એક વાત. '**તથા અનુમાનથી પણ જાણી શકાય છે કારણ કે પ્રત્યક્ષ દેખવામાં આવતા શરીર આદિ જે મૂર્તિક ભાવો છે તે કર્મપ્રકૃતિઓનાં કાર્ય હોવાથી...**' લ્યો! શરીરાદિ મૂર્તિક ચીજ છે એ મૂર્તિકનું કાર્ય હોવાથી. કર્મ મૂર્ત છે એનું '**કાર્ય હોવાથી કર્મપ્રકૃતિઓ પુદ્‌ગલમય છે એમ અનુમાન થઈ શકે છે.**' આ કાર્ય શરીરાદિ છે તો જડ છે તો એનું કારણ છે એ જડ છે અને એનાથી થયું માટે આ જડ છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! ભારે વાતું ભાઈ! કહો, સમજાણું?

'**એવી રીતે ગંધ, રસ, સ્પર્શ, રૂપ, શરીર, સંસ્થાન અને સંહનન-તેઓ પણ પુદ્‌ગલમય નામકર્મની પ્રકૃતિઓ વડે રચાયાં (-બન્યાં) હોવાથી પુદ્‌ગલથી અભિન્ન છે;...**' પુદ્‌ગલથી એકમેક છે. જ્યાં સુધી પુદ્‌ગલ છે ત્યાં સુધી એ બધું થાય છે. '**તેથી, માત્ર જીવસ્થાનોને પુદ્‌ગલમય કહેતાં, આ બધાં પણ પુદ્‌ગલમય કહ્યાં સમજવાં.**' જીવના ચૌદ ભેદો નામકર્મની પ્રકૃતિના કારણે થયેલા અને નામકર્મની પ્રકૃતિ આગમ પ્રસિદ્ધ મૂર્ત જડ છે. તો જડથી થયેલા કાર્ય તે જડ છે એમ ત્યાં સિદ્ધ થયું. એમ આ બોલો પણ સમજવા. ગંધ, રસ, સ્પર્શ બધું. '**માટે વર્ણાદિક જીવ નથી એમ નિશ્ચયનયનો સિદ્ધાંત છે.**' સમ્યક્ એકાંત શુદ્ધને આશ્રય કરાવવાની જે નય એનો એ સિદ્ધાંત છે કે એ ભેદો આત્માના નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આવું છે.

## શ્લોક-૩૮

(उपजाति)

निर्वर्त्यते येन यदत्र किञ्चित्
तदेव तत्स्यान्न कथञ्चनान्यत्।
रुक्मेण निर्वृत्तमिहासिकोशं
पश्यन्ति रुक्मं न कथञ्चनासिम्।।३८।।

અહીં આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—

શ્લોકાર્થ :— [येन] જે વસ્તુથી [अत्र यद् किञ्चित् निर्वर्त्यते] જે ભાવ બને, [तत्] તે ભાવ [तद् एव स्यात्] તે વસ્તુ જ છે [कथञ्चन] કોઈ રીતે [अन्यत् न] અન્ય વસ્તુ નથી; [इह] જેમ જગતમાં [रुक्मेण निर्वृत्तम् असिकोशं] સોનાથી બનેલા મ્યાનને [रुक्मं पश्यन्ति] લોકો સોનું જ દેખે છે, [कथञ्चन] કોઈ રીતે [न असिम्] (તેને) તલવાર દેખતા નથી.

ભાવાર્થ :— વર્ણાદિક પુદ્‌ગલથી બને છે તેથી પુદ્‌ગલ જ છે, જીવ નથી. ૩૮.

## કળશ-૩૮ ઉપર પ્રવચન

'અહીં આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—' લ્યો!

निर्वर्त्यते येन यदत्र किञ्चित्
तदेव तत्स्यान्न कथञ्चनान्यत्।
रुक्मेण निर्वृत्तमिहासिकोशं
पश्यन्ति रुक्मं न कथञ्चनासिम्।।३८।।

'**શ્લોકાર્થ :- જે વસ્તુથી જે ભાવ બને, તે ભાવ તે વસ્તુ જ છે કોઈ રીતે અન્ય વસ્તુ નથી;...**' એ સિદ્ધાંત કર્યો, પહેલો સિદ્ધાંત સ્થાપ્યો. '**જે વસ્તુથી જે ભાવ બને, તે ભાવ તે વસ્તુ જ છે...**' '**જેમ જગતમાં સોનાથી બનેલા મ્યાનને...**' મ્યાન-મ્યાન સોનાનું હોય છેને. '**લોકો સોનું જ દેખે છે, કોઈ રીતે (તેને) તલવાર દેખતા નથી.**' સોનાની તલવાર હોય છેને સોનાની તલવાર. કહેવાય શું? સોનાની તલવાર. તલવાર તો લોઢાની હોયને. મ્યાનમાં સમાણી તલવાર તો ... સોનું છે એ તલવાર નથી અને સોનું છે એ એનું મ્યાન છે. એમ આ ઉપર જે બધા શરીર, વાણી, મન, રાગાદિ એ બધા પુદ્‌ગલના છે, આત્માના નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? મ્યાનને કોઈ તલવાર ન કહે એમ શરીર, વાણી, રાગ, રંગને કોઈ આત્મા ન કહે એમ કહે છે. આહા..હા..! ભારે વાત ભાઈ!

'**સોનાથી બનેલા મ્યાનને લોકો સોનું જ દેખે છે,...**' એટલે? પુદ્‌ગલથી બનેલા બધા એકેન્દ્રિય આદિ રાગાદિ ભાવને તે પુદ્‌ગલના જ કહે છે એમ. સોનાથી બનેલા મ્યાનને

સોનું કહે છે. ઉપર છેને ઉપર? આહા..હા..!

મુમુક્ષુ :- દેખાય છે સોનું.

ઉત્તર :- એ ઉપરથી દેખાય છે શરીર, વાણી, મન, રાગાદિ. એ બધા પુદ્‌ગલથી થયેલા પુદ્‌ગલ દેખાય છે. એ આત્મા છે નહિ. કહો, સમજાણું કાંઈ? લ્યો! તત્ત્વાર્થસૂત્ર. ઉમાસ્વામીનું બનાવેલું. કુંદકુંદાચાર્યના શિષ્ય (કહે કે) ઉદયભાવ એ જીવ છે, પાંચ તત્ત્વો જીવ છે. અહીં કહે કે ઉદયભાવ એ પુદ્‌ગલ છે. આહા..હા..! ... કહો, સમજાણું કાંઈ? તત્ત્વાર્થસૂત્ર આવે છેને. દસલક્ષણીપર્વમાં વંચાય છે. સાંભળનારા શું, જે વાંચે જાય... જય નારાયણ! એક અધ્યાય દરરોજ પૂરો કરવો બસ. દસ દિવસમાં દસ અધ્યાય. ત્યાં એવું આવે છે, લ્યો. પાંચ ભાવો ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક, પારિણામિક. પાંચેય જીવતત્ત્વ છે. ચાર છે તે પર્યાય છે અને એક છે તે ત્રિકાળી દ્રવ્ય અને ગુણ છે. આહા..હા..!

અહીંયાં વસ્તુની દૃષ્ટિ અને વસ્તુનો સ્વભાવ (એની) દૃષ્ટિ કરાવવા અને વસ્તુનો આશ્રય લેવા, વસ્તુમાં એ આશ્રય કરવાલાયક એ ચીજ નથી માટે એ જીવ નથી. સમજાણું કાંઈ? આહા..! આગમમાં એમ કહ્યું છેને? આવ્યું હતુંને પહેલા એ? ૪૬માં કે ૪૪માં પૂછ્યું હતું. આગમમાં તો એને જીવના પર્યાય કીધા છે અને વળી તમે આ ક્યાં કાઢ્યું? એ આગમમાં કહ્યું છે એ વર્તમાન વ્યવહારનયનો વિષય જાણીને કહ્યું છે. પણ સર્વજ્ઞની આજ્ઞામાં એમ કહ્યું છે કે જીવના નથી એ પણ આગમ છે. સમજાણું કાંઈ? નિશ્ચયનયનું (કથન) યથાર્થ વસ્તુ તે પણ આગમ છે. વ્યવહારનયનો ઔપચારિક અને સંયોગિક કથન એ પણ આગમ છે, બેમાં સરખા ક્યાંથી લાવવા? સમજાણું કાંઈ? આહા..હા..!

**'સોનાથી બનેલા મ્યાનને લોકો સોનું જ દેખે છે, કોઈ રીતે (તેને) તલવાર દેખતા નથી.'** તેમ **'વર્ણાદિક પુદ્‌ગલથી બને છે...'** રંગ, ગંધ, રસ, સ્પર્શ આ બધી દશાઓ જડથી બને છે. શરીરના આકારો. સમજાણું કાંઈ? ૨૦-૨૦ વર્ષના જુવાન. ત્યાં એને કેટલા રોગ થાય. શું કહેવાય હિન્દી ભાષામાં એપેન્ડીક્સ. એપેન્ડીક્સ શું છે એ? પુંછડીનો રોગ. ૨૦-૨૦ વર્ષના જુવાન. એ ભાઈ રાડેરાડ પાડે. બબ્બે વર્ષના લગન હોય. આહા..હા..! એપેન્ડીક્સ સમજો છો? અને આ સારણગાંઠ ૨૦ વર્ષના જુવાન માણસને થાય. આંખમાં ફોલા, આંખમાં કાણા, આંખની નસ સુકાય. મગનભાઈ તો મોટી ઉંમરે. ક્યાં ગયા મગનભાઈ નથી? ગયા. કહો, સમજાણું કાંઈ? તો આંખમાંથી વળી રગ તુટીને લોહી નીકળે. ભાઈ આ તે કાંઈ...

મુમુક્ષુ :- માથામાંથી...

ઉત્તર :- અરે..! માથામાં સડે. ઓલો નહિ મરી ગયો બિચારો લ્યોને. મગનભાઈનો. ..ભાઈનો દીકરો. આવ્યો હતોને અહીં. જુવાન રૂપાળો. ઓપરેશન કર્યું. થોડું કર્યું ડોક્ટરે. થોડું

કર્યું ત્યાં આ..આ..આમ થયું આખું શરીર. જો આખું કરશે તો આ ઊડી જશે. એટલે બંધ કર્યું. હવે આ તો પુદ્ગલના ખેલ બધા. આહા..હા..! એને હવે એમ થયું કે ઓપરેશન મારું સારું થઈ ગયું. એય..! અનુપચંદભાઈ! તમારો ભાઈ. આવ્યો હતોને બિચારો અહીં આવ્યો હતો. બે વાર આવ્યો હતો. મરી ગયો હમણા. અહીં કાંઈક થઈ ગયું હતું. આ બધા અનંતા રજકણો પુદ્ગલ. કાંઈક થયું, અંદર થયું, અહીં થયું... અહીં થયું... અહીં થયું... આહા..હા..! એ બધા પુદ્ગલના કાર્ય. એમ અંદર રાગ અને દ્વેષ પણ ખરેખર પુદ્ગલના કાર્ય છે.

મુમુક્ષુ :- એ આત્માના ગુમડા છે.

ઉત્તર :- ગુમડા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'વર્ણાદિક પુદ્ગલથી બને છે તેથી પુદ્ગલ જ છે, જીવ નથી.'** એમ રાગ-દ્વેષ, સંહનન, શરીર બધા પુદ્ગલથી બને છે માટે પુદ્ગલ જ છે. કહો, એ બધા ચિતરામણ નામકર્મના ચિતરામણ છે. નામકર્મ. એ કુંભાર લઈને બેસે છેને ઓલો સળી પછી વાસણ બનાવે અનેક પ્રકારના. એમ નામકર્મ એક કુંભાર છે.

મુમુક્ષુ :- શાસ્ત્રમાં લખેલું છે.

ઉત્તર :- લખેલું છેને. નામકર્મ એ કુંભાર. .. કોઈ રૂપાળું, કોઈ કાળું, કોઈ આ ને કોઈ આ ને આ. કો'કનું અહીં બેઠી ગયેલું, કો'કને આમ થયેલું, ... કો'કને આમ બેસી ગયેલું છે. આહા..! આ નામકર્મનો કુંભાર આવું ચિતરે છે, આત્મા નહિ. આહા..હા..! એમ રાગ અને દ્વેષ પણ મોહકર્મ ચિતરે છે. અરે..અરે..! આહા..હા..! સમજાણું કાંઈ? નામકર્મની પેઠે જ પુદ્ગલથી રાગ-દ્વેષ થયા એમ કહેવામાં આવે છે. ત્યાં નામકર્મથી નહિ પણ મોહકર્મથી. કારણ કે મોહ .. એમ કહ્યું છેને. ગુણસ્થાન આદિ મોહયોગથી ઉત્પન્ન થયા. ગોમ્મટસાર.

મુમુક્ષુ :- મોહયોગ ભવા.

ઉત્તર :- મોહયોગ ભવા. એટલે આત્માથી ભવા એમ નથી કહેતા. આહા..હા..!

એટલે સોનાને જેમ લોકો સોનું જ ભાળે છે એમ ધર્મી પુદ્ગલથી બનેલા ભાવને પુદ્ગલ જ જોવે એમ કહે છે. એને જીવ જોતો નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? સોનાથી બનેલા પાંદડાને સોનાનું જ કાર્ય માને છે. એ પાંદડું. એમ એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, રાગ-દ્વેષ, પુણ્ય-પાપ આદિ સામાન્ય કર્મ બધું. ઓલામાં નામ હતું એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, આમાં બધા કર્મો, એ બધા કર્મોથી ચિતરાયેલા ભાવ છે, આત્માથી ચિતરાયેલા નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ કર્મના નિમિત્તથી થયેલા વિકારી પુણ્ય અને પાપ, કામ અને ક્રોધ, પુદ્ગલના કરણથી, કારણથી થયેલા એ પુદ્ગલ છે. હવે આમાં ઉપાદાનવાળાનું ક્યાં રહે? લ્યો! એય..! એ ઉપાદાન એનું છે ઈ. અશુદ્ધ ઉપાદાનનો ભાવ એ પુદ્ગલનો છે અને અશુદ્ધ ઉપાદાન એ પુદ્ગલ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એવો

ગોટો શાસ્ત્રને નામે ચાલ્યોને. એનો નિકાલ ન કર્યો. ભાઈ! એ તો પુદ્ગલ છેને. તારા સ્વભાવમાં તો ક્યાં એ છે? તારો સ્વભાવ તો ચૈતન્યમૂર્તિ પ્રભુ અને ઊંડે જા તો એ તો અનંત બેહદ જ્ઞાન અને આનંદનો કંદ છે. એવી ઊંડે જાતા એમાં ક્યાંય રાગ અને શરીર તો નથી, પણ આ ઊંડે જનાર પર્યાય પણ એમાં નથી. સમજાણું કાંઈ? એને ખરેખર આત્મા અને જીવ કહેવામાં આવે છે. કારણ કે એની દૃષ્ટિ કરતાં શાંતિ અને આનંદ આવે એ શાંતિ અને આનંદ તો જીવનો સ્વભાવ છે. દુઃખ અને રાગ-દ્વેષ કાંઈ જીવનો સ્વભાવ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કોણ આવ્યું હતું નહિ? કોઈક આવ્યું એ કહેતા હતા કે અરે! શાંતિ ક્યાંય નથી. ક્યાં શાંતો હતો? ધૂળમાંય નથી ક્યાંય. એક મુંબઈથી આવ્યા હતા કચ્છચી કો'ક. બે-ત્રણ જણા હતા. બિચારા દર્શન કરવા લોકો આવે ઘણા.

મુમુક્ષુ :- પાલિતાણા જતા રસ્તામાં આવે. મોટર ઉભી રાખે.

ઉત્તર :- આવે. તમારું નામ બહુ પ્રસિદ્ધ છે અમે સાંભળ્યું. કચ્છી હતા કો'ક. કાગળ લઈને આવ્યા હતા. અશોકભાઈનો કાગળ લઈને આવ્યા હતા. અશોક લાખાણી, મૂળજીભાઈનો. એનો કાગળ લઈને આવ્યા હતા. એના સંબંધી હતા. શાંતિ... શાંતિ (નથી). કીધું ધૂળમાંય ક્યાંય શાંતિ ન મળે. આ પૈસામાં નથી, શરીરમાં નથી આબરૂમાં નથી પુણ્ય અને પાપના ભાવમાં પણ નથી. આહા..હા..! શાંતિ તો પરમાત્માસ્વરૂપ પોતે એમાં શાંતિ છે. એની સાથે જોડાણ કર તો તને શાંતિ મળશે. ધંધા સાથે જોડાણ કરીને મરી ગયો એમને એમ. શેઠ! આહા..હા..! આમ કર્યું... આ કર્યું... આ કર્યું...

મુમુક્ષુ :- સુખી થયો કે મરી ગયો?

ઉત્તર :- મરી ગયો. સુખી ક્યાં હતો? મોહનભાઈ! કેમ હશે આ? લાદીમાં બહુ ધ્યાન રાખો તો મરી ગયો એમ કહે છે અહીં.

મુમુક્ષુ :- હવે ભાઈઓ રાખે છે. દીકરા રાખે.

ઉત્તર :- ભાઈઓ રાખે પણ એ હજી રાખવું પડે. પડાઈ ઊંડે ઈ હાથમાં રાખે. એની મેળાએ કરતા હોય. કહો, સમજાણું કાંઈ? છોકરાઓ-બોકરાઓ કરે બધું, ધ્યાન રાખે શેઠ. પછી કહે કે હમણા શેઠ નિવૃત્ત થયા છે. શું નિવૃત્ત થયા છે? ડાલચંદજી ને ફલાણા, ઢીંકણા, શું કર્યું? આ ક્યાં કર્યું? આ ક્યાં કર્યું હતું? પૂછી લે.

મુમુક્ષુ :- ટપાલ વાંચી લે.

ઉત્તર :- વાંચી લે. થઈ રહ્યું. અમારે એ હતા ત્યાં કુંવરજી અને આણંદજી બેય થઈ ગયેલા નકામા. બેસાડીને લાવે માણસ. બે કલાક બેસે. ટપાલ વાંચે બધી. આહા..હા..! અરે..! તારી ટપાલું હવે અહીંથી ક્યાં જાવું છે એને તો જો. ટપાલ આવી હવે. આ દેહ છૂટવાના કાળ આવ્યા. ૨૫-૨૫, ૪૦-૪૦, ૫૦-૬૦-૬૦ વર્ષ નીકળી ગયા. એટલા વર્ષ તો કાઢવાના

નથી. એ તો નક્કી છે કે નહિ? ૫૦ વર્ષ હોય એને ૫૦ નથી કાઢવાના. ૧૦૦ (વર્ષ) કોણ જીવતું હતું? આહા..હા..!

કહે છે કે ભાઈ! તું તો આત્મા. જેટલું પુદ્ગલથી બને એ બધું પુદ્ગલનું કાર્ય હોં. એ તો પુદ્ગલ કરણ અને એનું કરણ અને કર્મ બે જુદા ન હોય. એમ સિદ્ધાંત કરીને વાત કરી છેને? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! કર્તાકર્મ બે અભિન્ન હોય. આવે છેને એમાં પણ આવે છે. સમયસારમાં આવે છે અંદર પાછળ નહિ? સર્વવિશુદ્ધજ્ઞાન (અધિકારમાં). જયસેનાચાર્યે વળી એમ લખ્યું કર્તાકર્મ જુદાં છે એવું લખ્યું. એ વ્યવહારથી સમજાવ્યું છે. કર્તાકર્મમાં આવે છેને. એ તો જ્ઞાન કરાવ્યું છે. સમજાણું કાંઈ?

જેનાથી જે બને તે તેની ચીજ હોય. એમ પુદ્ગલથી જે બને તે પુદ્ગલની ચીજ હોય. આ તો સિદ્ધાંત. એમાં એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિયપણું અને રાગ અને દ્વેષ અને પુણ્ય અને પાપ અને ગુણસ્થાન, માર્ગણાસ્થાન એ બધા ભેદો અને રાગાદિ પુદ્ગલના લક્ષણે લક્ષે થાય માટે તે પુદ્ગલ જ છે. આહા..હા..! એ દાખલો આપશે ૬૮માં ગુણસ્થાન માટે જવનો. જવમાંથી જવ થાય. જવમાંથી ઘઉં થાય? જવ-જવ, દાણા થાયને જવના? આહા..હા..! એમાં જુવાની ફાટેલી શરીરની હોય, એમાં પાંચ-પચ્ચીસ લાખ પૈસા હોય, મકાન પાંચ લાખ, દસ લાખનું હોય, હીંડોળે બેઠો હોય અને બે-ચાર છોકરા હોય અને બેઠો હોય જાણે ચક્રવર્તી બેઠો હોય. આહા..હા..!

એ રાણપુરમાં જોયું હતું ૧૯૮૪માં. ખાટલો ભરવા આવેલો ભંગ્યો ઘરે. અપાસરાની જોડે છેને ઓલું લોટિયા વોરાનું? ત્યાં કો'કનો ભરતો હતો. ખાટલો ભરેને એ લોકો તો. એમાં કાળી બાયડી, તૂટલી હાંડલી, એક છોકરો, એક છોડી. ખાવા ટાણે ચારેય ભેગા થઈને છાશ અને રોટલો ખાતા હતા. એ તો જાણે બસ. આહા..હા..! અરે..! તું કોણ પ્રભુ? શું છે? ક્યાં તું અટકીને બેઠો? ક્યાંનો રાજા અને ક્યાંનું તેં ધણીપણું માન્યું? આહા..હા..!

દાખલો નથી આવતો? વિષ્ટાની ઓલામાં રાજા સૂતો દારૂ પીધેલો. દારૂ પીધેલો પછી વિષ્ટામાં સૂતો નીચે. એને બીજો કહે, અરે..! આ તમારું આસન નહિ ભાઈ! આમ આવો. સોનાનું આસન તમારું દિવાનખાનામાં છે. એ શોભે, આ શોભે નહિ. રાજકોટમાં જોયું હતું એકવાર એ. દારૂખાનું છેને ભાઈ! એ આવતો હતો. ...માં આવતો હતો. પછી .. પીને નીકળેલો બરાબર સરખાયનો. બહુ દારૂ પીને નીકળેલો. આહા..હા..! કીધું, આ અક્કલના ખાં દારૂ પીધેલા. એમ મોહના દારૂ પીધેલા. ઘરે બાયડી અમારી, છોકરા મારા, પૈસા મારા, એમ રાગ અમારો. મિથ્યાત્વનો દારૂ પીધો છે. લથડિયા ખાતા ઊભા છે બધા. કહો, પોપટભાઈ! તમારે તો છ-છ છોકરા હુશિયાર.

મુમુક્ષુ :- આપ બધા ઉપર ચોકડી મારો છો.

ઉત્તર :- ચાર ઉપાડે, મોઢા આગળ એક અગ્નિ લઈને નીકળે અને એક પાછળ પૂળો લઈને નીકળે. બીજાની જરૂર ન પડે. હીરાભાઈનો દાખલો આપતાને. હીરાભાઈને સાત છોકરા. ચાર ઉપાડવામાં કામ આવે. હોય તો ... (એક) મોઢા આગળ હાંડલી લઈને નીકળે, એક પુળો લઈને નીકળે પાછળ. આમાં કોણ તારું? ક્યાં ગયો અને શું છે તારા સ્થાન એની કાંઈ ખબરું નથી. પુદ્ગલના... આહા..હા..! વેપારમાં રોકાઈ ગયો. પુદ્ગલની ચિતરામણની દશા પોતાની માની, મૂઢ મિથ્યાત્વના દારૂ પીધા છે કહે છે. જે તારામાં નથી એને માનીને બેઠો છો. આહા..હા..! એ પુદ્ગલના કારણે થયેલું પુદ્ગલનું કર્મ. આહા..હા..! એ તારું સ્વરૂપ નહિ. આહા..હા..! તું તો ચિદાનંદ ભગવાન જ્ઞાનથી ભરેલો પરમાત્મા છો. એકેન્દ્રયથી માંડીને એમ આવે છેને. જયસેનાચાર્યદેવની ટીકામાં આવે છે, નહિ? એકત્વ નિશ્ચયગતમાં... એકેન્દ્રિયમાં એક જ દ્રવ્ય છે ભગવાન આત્મા. એમ જ છેને પણ વસ્તુ તો એમ જ છે. વસ્તુ એક સમયની પર્યાય છે, આખી ચીજ છે એ તો ભગવાન જ છે. ચાહે તો નિગોદમાં હો કે ચાહે તો પંચેન્દ્રિયમાં હોય કે ચાહે તો રાજા હોય કે રાંક હોય. સુંદર લોક એકેન્દ્રિયપણું. દ્રવ્ય તે સુંદર છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવી અંતર દૃષ્ટિ કર્યા વિના એના સંસારના નિવેડા આવે નહિ. પછી દુનિયા માને, ન માને, રાજી થાય, ન થાય.

## શ્લોક-૩૯

(उपजाति)

वर्णादिसामग्र्यमिदं विदन्तु
निर्माणमेकस्य हि पुद्गलस्य।
ततोऽस्त्विदं पुद्गल एव नात्मा
यतः स विज्ञानघनस्ततोऽन्यः।।३९।।

વળી બીજો કળશ કહે છે :—

શ્લોકાર્થ :— અહો જ્ઞાની જનો! [इदं वर्णादिसामग्र्यम्] આ વર્ણાદિક ગુણસ્થાનપર્યંત ભાવો છે તે બધાય [एकस्य पुद्गलस्य हि निर्माणम्] એક પુદ્ગલની રચના [विदन्तु] જાણો; [ततः] માટે [इदं] આ ભાવો [पुद्गलः एव अस्तु] પુદ્ગલ જ હો, [न आत्मा] આત્મા ન હો; [यतः] કારણ કે [सः विज्ञानघनः] આત્મા તો વિજ્ઞાનઘન

છે, જ્ઞાનનો પુંજ છે, [ततः] તેથી [अन्यः] આ વર્ણાદિક ભાવોથી અન્ય જ છે. ૩૯.

## કળશ-૩૯ ઉપર પ્રવચન

શ્લોક-૩૯.

वर्णादिसामग्र्यमिदं विदन्तु
निर्माणमेकस्य हि पुद्गलस्य।
ततोऽस्त्विदं पुद्गल एव नात्मा
यतः स विज्ञानघनस्ततोऽन्यः।।३९।।

ભાષા જુઓ! '**एकस्य हि पुद्गलस्य**' આહા..હા..! બીજા તારો આત્માનો અંશ નહિ એમાં. આહા..હા..! .. અન્ય છે.

'**શ્લોકાર્થ :- અહો જ્ઞાની જનો!**' આહા..હા..! હે ધર્માત્મા! ભાઈ! તું તો સ્વભાવનો ધરનાર છેને. જ્ઞાન અને આનંદના સ્વભાવનો ધરનાર તું જ્ઞાની છો. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણું પડે. આવો માર્ગ! ... નવરાશ ન મળે, નક્કી કરવાને વખત ન મળે. આ ઉપર ઉપર જઈને કરી આવ્યા ધર્મ. પોષા કર્યા ને સામાયિક કરી, પૂજા કરી આવ્યા અને જાત્રા કરી આવ્યા લ્યો. શેત્રુંજય અને સમ્મેદશિખરની. ધૂળમાંય નથી ત્યાં. ભગવાન તારો તો અહીં છે. ત્યાં ક્યાં ગોતવા ગયો? ભિખારી છો? આવે છે કે નહિ? યોગસારમાં. તનમંદિરમાં જીવ ભિન્ન, અજ્ઞાની દેરે દેખંત. શુભભાવ હોય ત્યારે જરી વિકલ્પ છે. ત્યાં ભગવાન ક્યાં છે? ભગવાન તો અહીં છે. સમજાણું કાંઈ? એક કોર મંદિરો સ્થાપવા, પ્રતિષ્ઠા કરવી મોટી-મોટી, ૧૨-૧૨ હજાર માણસ લ્યો ફતેહપુરમાં. ગામ નાનું. નહિ ગઢ, નહિ ... ગઢ નહિ... કરવું ક્યાં? માણસને ચાલવું શી રીતે? અહીંથી હાંકે તો ત્યાં સુધી ... ન મળે. વરઘોડો કાઢે ત્યારે. એ તો ભાઈ! બાપુ! એ તો એમ જ થવાનું ત્યાં હોય છે. એ કાંઈ તારા કર્યા થયા નથી. અને તેનો શુભભાવ અંદર હો એ પુદ્‌ગલનું સ્વરૂપ છે. આહા..હા..! ગજબ વાત છેને. સમજાણું કાંઈ? એમ દેખીને ઓલાએ કાઢી નાખી મૂર્તિ અને દેરાસર. સ્થાનકવાસીએ. ભાન વિના કાઢી નાખ્યું છે. એવો શુભભાવ હોય છે. શાશ્વત મંદિર છે. સ્વર્ગમાં શાશ્વત મંદિર છે તીર્થંકરોના. તીર્થંકરોની રત્નની પ્રતિમાઓ છે. પણ એ બધું જ્યારે સ્વરૂપમાં સ્થિર

ન હોય અને અશુભથી બચવું હોય તો એ આવે, પણ એ ધર્મનું રૂપ છે એમ નથી. એ બધું ખટકે છે માણસને કે આ ધર્મ નહિ? સમજાય છે કાંઈ? આહા..હા..!

ભાઈ! કહે છે કે '**હે જ્ઞાની જનો!**' '**इदं वर्णादिसामग्र्यम्**' '**આ વર્ણાદિક ગુણસ્થાનપર્યંત...**' ભાઈએ તો બધું નાખ્યું અંદર. ઓલામાં તો એકલા જડનું હતું. છે તો બધાને માટે આ સ્પર્શ ને... આ રંગ, ગંધ, રસ, શરીર જીવસ્થાન, ગુણસ્થાન, માર્ગણાસ્થાન આદિ ભાવો '**તે બધાય...**' '**एकस्य पुद्गलस्य हि निर्माणम्**' '**એક પુદ્ગલની રચના જાણો;...**' એ પુદ્ગલનું ચિતરામણ જાણ. આહા..હા..! સમજાણું કાંઈ? ધોળો સફેદ કાગળ માખણિયો હોય. હવે ઉપર ઓલું ચિતરામણ કરે તો કાગળમાં પેસે ક્યાં? સમજાણું કાંઈ? કાગળ એવા આવે છેને પોચા? પોચા આવે છે. ઘણા જાડા આવે છે. ઘણી જાતના આવે છે.

મુમુક્ષુ :- શું મહારાજ?

ઉત્તર :- કાગળ-કાગળ. કાગજ. આ પેપર નથી આવતો ધોળો કાગળ? જાડા આવે છે. પેપર આવા લાલ આવે છે લ્યોને. એથી પણ જાડા આવે છે. એમાં ચિતરામણ કરે તો એ ચિતરામણ કાગળમાં ન બેસે.

મુમુક્ષુ :- પાક્કા કાગળમાં ન પેસે.

ઉત્તર :- પાક્કા સુંવાળા હોય. સમજાણું કાંઈ?

એમ ભગવાન આત્મા સોનાથી બનેલી ચીજને સોનું માને. '**હે જ્ઞાની જનો!**' પુદ્ગલથી બનેલા રાગ અને વર્ણને તમે પુદ્ગલ જાણો, એ તમારી ચીજ નહિ. આહા..હા..! રાગ તારી ચીજ નહિ તો હવે હીરાભાઈનું શું કરવું આમાં? હે ધર્મી જીવો! આહા..હા..! એમ કહ્યું છે. યથાર્થ જ્ઞાનવાળા એમ. હે યથાર્થ જ્ઞાનવાળા ભગવાન! એ રંગ અને ગુણસ્થાન ભાવો તે બધા '**एकस्य पुद्गलस्य हि निर्माणम्**' બે ભેગા થઈને થયું છે એમ પણ નથી. આહા..હા..! થોડો જીવનો ભાગ અને થોડો પુદ્ગલનો ભાગ. આવે છેને ઓલા ... એ નાખે છે. રતનચંદજી ઈ નાખે છે જ્યાં ત્યાં. બાપુ! એ તો ઉપાદાનમાં થયું ત્યાં નિમિત્ત કોણ હતું, બેનું જ્ઞાન કરીને એમ કહ્યું છે. બેના ... કે દિ' થતા હતા? એ તો ૮૫ ગાથામાં કહ્યું નથી? બેની ક્રિયા એક થાય એ બે ક્રિયા કરે? એક દ્રવ્ય બે ક્રિયા કરે? એ તો ક્રિયાવાદી-મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

હે યથાર્થ વસ્તુના જાણનાર! એમ. રાગ અને રંગ તે પુદ્ગલના છે, એ તારા નહિ. જ્ઞાન અને આનંદ એ તારા. એ રંગ આદિ ગુણસ્થાન પર્યંત ભાવો છે. ભાવો છે હોં! નથી એમ નહિ. બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા એમ નથી. જગત છે જ નહિ, વ્યવહારનો વિષય છે જ નહિ એમ નહિ. છે. એ આશ્રય કરવાલાયક નથી. એ પુદ્ગલના કાર્ય છે, જાવ. ભગવાન આત્મા જેને આત્માને પ્રાપ્ત કરવો હોય એ આત્મામાં, આ પરના છે એમ જાણીને

સ્વનો આશ્રય કરવો એમ કહે છે. સમજાય છે કાંઈ? **'એક પુદ્ગલની રચના જાણો;...'** 'એક' **'हि'**નો અર્થ નથી આવ્યો. **'एकस्य पुद्गलस्य हि निर्माणम्'** **'એક પુદ્ગલની જ રચના જાણો; માટે આ ભાવો...'** ૨૯ બોલનો ઉકરડો નીકળ્યો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હિન્દીમાં છે **'हि'** નો અર્થ? આમાં નથી. .... જીવમાં છે વિકાર .. આમાં નથી. .. અમથો નાખ્યો હશે. જુઓને શું કહે છે?

મુમુક્ષુ :- ખરેખર...

ઉત્તર :- આ ખરેખર તો આવ્યુંને. એક પુદ્ગલની રચના. એમાં એકની જ રચના એમ ન આવ્યું. કારણ એક જ પુદ્ગલ કારણ એમ આવવું જોઈએ. કર્મ પુદ્ગલ .. છે. સમજાણું કાંઈ? એક જ પુદ્ગલની રચના. પુદ્ગલનું કરણ એક જ એનું કાર્ય છે. એનું જ આ કાર્ય બધું છે.

**'માટે આ ભાવો પુદ્ગલ જ હો,...'** એકના કારણે ઉત્પન્ન થયેલા માટે તે પુદ્ગલના જ છે. આત્માથી કાંઈ ઉત્પન્ન થયા નથી. આહા..હા..! આખો ઉદયભાવ એ પુદ્ગલનો જ છે, એ તારા નહિ, તારો નહિ. આહા..હા..! એથી .. કહે છે ભાઈ! તત્ત્વાર્થસૂત્રમાં. ગતિ, કષાય ને લેશ્યા ને... આવે છેને? કહે છે, એ બધી વાત ભલે કીધી પર્યાયને જણાવવા. પરમાર્થે વસ્તુની સ્થિતિ આત્મા જેને કહીએ, ખરેખર આત્મા કહીએ એની અપેક્ષાએ તે બધા પુદ્ગલના કાર્ય છે. પુદ્ગલ કરણ અને એનું એ કર્મ. કર્મ એટલે કાર્ય. **'જાણો;...'** છેને? આદેશ કરે છે. હે ધર્મી જીવો! હે યથાર્થ જ્ઞાનના કરનારા આત્માઓ! એમ કહે છે. એ પુદ્ગલના કરણથી ઉત્પન્ન થયેલા એક જ કારણે ઉત્પન્ન થયેલા. કારણ તારું જરીએ નહિ એમાં. સમજાણું કાંઈ?

**'પુદ્ગલની રચના જાણો; માટે આ ભાવો પુદ્ગલ જ હો,...'** ત્યાં **'पुद्गलः एव अस्तु'** આવી ગયું. **'પુદ્ગલ જ હો,...'** પુદ્ગલથી બનેલા તે પુદ્ગલ જ હો. જેની નજરું કરતાં રાગ થાય એ બધા પુદ્ગલ છે એમ કહે છે. સમજાણું કાંઈ? **'આત્મા તો વિજ્ઞાનઘન છે,...'** લ્યો! રાગ નહિ, સંહનન નહિ, ભેદ નહિ, એ તો વિજ્ઞાનઘન છે. સંહનન, રંગ, ગંધ, રસ, સ્પર્શ તો નહિ, પુણ્ય-પાપના ભાવ નહિ, પણ ગુણસ્થાન અને જીવના ભેદ નહિ. કેમકે એ તો વિજ્ઞાનઘન છે. આહા..હા..! સમજાણું કાંઈ? વિજ્ઞાનઘન છે. આહા..! શિયાળાના પહેલા ઘી હતાને? જાડાના દિન. જાડાના દિન હોયને. કપાસીયા ખાધા હોય, એનું ઘી એમાં આંગળી પેસવી તો મુશ્કેલ, તવેથો ન પેસે. તવેથો સમજ્યાને? ઓલા લોઢાનો. ખુરપો. ખુરપો-ખુરપો. આમ અંદર વળી જાય. હવે તો ભેળસેળ થઈ ગઈ બધી. આમાં આવ્યું હતું લખાણ. બહુ ભેળસેળ એક-એક ચીજમાં દગા. આહા..હા..! ... આ તો ...

ભેળસેળ-ભેળસેળ. લખાણ છે. એમ આ પણ ભેળસેળ થઈ ગયું ધર્મને નામે. રાગથી ધર્મ અને પુણ્યથી ધર્મ ભેળસેળ કરી નાખ્યું. સમજાણું કાંઈ? એ પુદ્ગલથી ધર્મ (થાય) એમ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, તપ એ તો વિકલ્પ રાગ, પુદ્ગલ છે એનાથી ધર્મ. ભેળસેળ કરી નાખી ભાઈ! તને વેપાર કરતા (આવડ્યો નહિ). નફો થાશે આમાં એમ જાણીને, ભેળસેળ કરવામાં. આહા..હા..!

મુમુક્ષુ :- .. ક્રિયા

ઉત્તર :- ..ની ક્રિયા. આહા..હા..! જીવીત શરીરની ક્રિયાથી ધર્મ થાય. એય..! લાલચંદજી! એ પ્રશ્ન મૂક્યો હતો ત્યાં જયપુરમાં. .. છેને એ ખાણિયા ચર્ચા. જયપુર. ૧૭ પ્રશ્નો. ઓલામાં પાંચ બીજામાં બાર. ભગવાન! આવું ક્યાંથી કાઢ્યું તેં? અહીં તો ભગવાન તો એમ કહે છે, ભાઈ! તારે ધર્મ કરવો હોય તો ધર્મ જે ચીજ વસ્તુ એમાં ભરેલા સ્વભાવ એ તારો ધર્મ, એનો આશ્રય કર તો ધર્મ થાય. વત્થુ સહાવો ધમ્મો. વસ્તુનો સ્વભાવ, ચૈતન્યનો સ્વભાવ વિજ્ઞાનઘન. જુઓ! આવ્યુંને અહીંયાં. એનો આશ્રય લે તો ધર્મ થાય. બાકી ક્યાંય ધર્મ-બર્મ છે નહિ. ભારે આકરું હોં! અજાણ્યા માણસ સાંભળે તો એમ લાગે કે આ તો .. અમે જે માન્યું એ જ અહીં દેખ્યું. દુર્ગવાળો કો'ક આવ્યો હશે, આપણને ખબર નથી. ભાઈ કહેતા હતા. અમે જેવું સાંભળતા કે વ્યવહારનો નાશ કરે છે, ફલાણું આમ કરે છે. એવું અહીંયાં પ્રત્યક્ષ દેખ્યું. વિષ્ટાનો કીડો વિષ્ટાની ગોળીયું લઈને ગુલાબ ઉપર બેસે તો ગંધ ઓલાની આવે. આહા..હા..! ગોળી લઈને આવ્યો હોયને. ગુલાબના છોડે બેઠેલો ભમરો, કાળો ભમરો જોયો વિષ્ટાનો. એલા પણ અહીં કેમ તું? ચાલને મારી સાથે. ચાલ ચાલ. બે ગોળીયું નાખીને આવ્યો. ગુલાબના ફૂલ ઉપર બેસાડ્યો. કેવું છે? કે જેવું ત્યાં છે એવું અહીં છે. આહા..હા..! ઓલાએ જોયું અંદર, આ તો ગોળીયું નાખી છે. એમ ઊંધા આગ્રહ લઈને બેસે ગોળીયું નાખીને. ત્યાં જેવું સાંભળ્યું હતું એવું અહીં છે લ્યો! આહા..હા..!

કહે છે, '**सः विज्ञानघनः**' એમ કહ્યુંને? તે ભગવાન આત્મા તો વિજ્ઞાનઘન છે. આહા..હા..! વિશેષ જ્ઞાનનો ઘન, જેમાં વિકલ્પનો પ્રવેશ નથી. અરે! જેમાં એક સમયની પર્યાયનો પ્રવેશ નથી, અવકાશ નથી જ્યાં. સમજાણું કાંઈ? એ વિજ્ઞાનઘન એમ છેને? '**सः विज्ञानघनः**' તે આત્મા તો જ્ઞાનનો પુંજ છે. એમાં વળી આ રાગ ને પુણ્ય ને શરીર ને ભેદ ક્યાંથી લાવ્યો તું? આહા..હા..! જીવ-અજીવનો અધિકાર તો જુઓ! બહુ કડક છે. લ્યો અમારી ગુજરાતી ભાષા આવી કડક છે. હિન્દીમાં ...

'**જ્ઞાનનો પુંજ છે,...**' આહા..હા..! ચૈતન્યનો સૂર્ય ઝળહળ જ્યોતિ છે એ તો. પૂર્ણ જ્ઞાન, પૂર્ણ સર્વજ્ઞ સ્વભાવી એવો પ્રભુ તો એ આત્મા છે. '**તેથી આ વર્ણાદિક ભાવોથી અન્ય જ છે.**' એ ભેદથી, રાગથી અને રંગથી અનેરો છે ભગવાન અંદર પૂર્ણાનંદનો નાથ,

ત્યાં દૃષ્ટિ મૂક તો તને શાંતિ વળશે. ત્યાં દૃષ્ટિ દે તો તને આત્મા છે એવો જણાશે. ત્યાં દૃષ્ટિ મૂક તો આત્મા છે એવો તને પ્રતીતમાં આવશે. બાકી ક્યાંય પ્રતીતમાં આવશે નહિ. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૬૭

शेषमन्यद्व्यवहारमात्रम्---

पज्जत्तापज्जत्ता जे सुहुमा बादरा य जे चेव।
देहस्स जीवसण्णा सुत्ते ववहारदो उत्ता।।६७।।
पर्याप्तापर्याप्ता ये सूक्ष्मा बादराश्च ये चैव।
देहस्य जीवसंज्ञा सूत्रे व्यवहारतः उक्ताः।।६७।।

यत्किल बादरसूक्ष्मैकेन्द्रियद्वित्रिचतुःपञ्चेन्द्रिय पर्याप्तापर्याप्ता इति शरीरस्य संज्ञाः सूत्रे जीवसंज्ञात्वेनोक्ताः अप्रयोजनार्थः परप्रसिद्धया घृतघटवद्व्यवहारः। यथा हि कस्यचिदाजन्मप्रसिद्धैकघृतकुम्भस्य तदितरकुम्भानभिज्ञस्य प्रबोधनाय योऽयं धृतकुम्भः स मृण्मयो, न धृतमय इति तत्प्रसिद्धया कुम्भे धृतकुम्भेव्यवहारः, तथास्याज्ञानिनो लोकस्यासंसारप्रसिद्धाशुद्धजीवस्य शुद्धजीवानभिज्ञस्य प्रबोधनाय योऽयं वर्णादिमान् जीवः स ज्ञानमयो, न वर्णादिमय इति तत्प्रसिद्धया जीवे वर्णादिमद्व्यवहारः।

હવે, આ જ્ઞાનઘન આત્મા સિવાય જે કાંઈ છે તેને જીવ કહેવું તે સર્વ વ્યવહારમાત્ર છે એમ કહે છે :—

પર્યાપ્ત, અણપર્યાપ્ત, જે સૂક્ષ્મ અને બાદર બધી
કહી જીવસંજ્ઞા દેહને તે સૂત્રમાં વ્યવહારથી. ૬૭.

ગાથાર્થ :— [ये] જે [पर्याप्तापर्याप्ताः] પર્યાપ્ત, અપર્યાપ્ત, [सूक्ष्माः बादराः च]

સૂક્ષ્મ અને બાદર આદિ [ये च एव] જેટલી [देहस्य] દેહને [जीवसंज्ञा] જીવસંજ્ઞા કહી છે તે બધી [सूत्रे] સૂત્રમાં [व्यवहारतः] વ્યવહારથી [उक्ताः] કહી છે.

ટીકા :— બાદર, સૂક્ષ્મ, એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, પંચેન્દ્રિય, પર્યાપ્ત, અપર્યાપ્ત- એ દેહની સંજ્ઞાઓને(નામોને) સૂત્રમાં જીવસંજ્ઞાપણે કહી છે, તે, પરની પ્રસિદ્ધિને લીધે, 'ઘીના ઘડા'ની જેમ વ્યવહાર છે-કે જે વ્યવહાર અપ્રયોજનાર્થ છે (અર્થાત તેમાં પ્રયોજનભૂત વસ્તુ નથી). તે વાતને સ્પષ્ટ કહે છેઃ-

જેમ કોઈ પુરુષને જન્મથી માંડીને માત્ર 'ઘીનો ઘડો' જ પ્રસિદ્ધ(જાણીતો) હોય, તે સિવાયના બીજા ઘડાને તે જાણતો ન હોય, તેને સમજાવવા ''જે આ 'ઘીનો ઘડો' છે તે માટીમય છે, ઘીમય નથી'' એમ (સમજાવનાર વડે) ઘડામાં 'ઘીના ઘડા' નો વ્યવહાર કરવામાં આવે છે, કારણ કે પેલા પુરુષને 'ઘીનો ઘડો' જ પ્રસિદ્ધ(જાણીતો) છે; તેવી રીતે આ અજ્ઞાની લોકને અનાદિ સંસારથી માંડીને 'અશુદ્ધ જીવ' જ પ્રસિદ્ધ છે, શુદ્ધજીવને તે જાણતો નથી, તેને સમજાવવા (-શુદ્ધજીવનું જ્ઞાન કરાવવા) ''જે આ 'વર્ણાદિમાન (વર્ણાદિવાળો) જીવ' છે તે જ્ઞાનમય છે, વર્ણાદિમય નથી'' એમ (સૂત્ર વિષે) જીવમાં વર્ણાદિમાનપણાનો વ્યવહાર કરવામાં આવ્યો છે, કારણ કે તે અજ્ઞાની લોકને 'વર્ણાદિમાન જીવ' જ પ્રસિદ્ધ છે.

---

## શ્રાવણ વદ-૧૪, બુધવાર, તા. ૦૬-૦૯-૧૯૭૨
## ગાથા- ૬૭-૬૮, કળશ-૪૦ પ્રવચન-૧૫૫

આ સમયસાર, જીવ-અજીવ અધિકાર. ૬૭મી ગાથા. 'હવે, **આ જ્ઞાનઘન આત્મા** સિવાય...' છેલ્લું આવ્યું હતુંને, વિજ્ઞાનઘન આત્મા. આત્મા તો વિજ્ઞાન-જ્ઞાનનો ઘન વસ્તુ છે. એમાં કર્મ, શરીર, રાગ આદિ ભેદ આદિ છે નહિ. એવી ચીજને જો જાણે, માને તો એમાં ઠરવાનો પ્રયત્ન કરે. સમજાણું કાંઈ? આ ચીજ જ આત્મા એકલો જ્ઞાન અને વિજ્ઞાનનો ઘન પુંજ છે. એવી દૃષ્ટિ અને શ્રદ્ધા અને જ્ઞાન કર્યા વિના એમાં જે રાગ અને એમાં માને તો એમાં ઠરે અને એમાં રહે, એ કાંઈ વસ્તુ નથી. વસ્તુ આવી જો અંદર જ્ઞાનમાં અને શ્રદ્ધામાં આવે તો એનું વલણ અંતરમાં રમવાનું અને ઠરવાનું થાય. આ માર્ગ છે. એ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનથી ધર્મની શરૂઆત થાય છે. પણ વાત આ આકરી લાગે.

'**જ્ઞાનઘન આત્મા સિવાય જે કાંઈ છે તેને જીવ કહેવું તે સર્વ વ્યવહારમાત્ર છે...**' કથનમાત્ર છે એમ કહે છે. વસ્તુ એમ નથી.

**पज्जत्तापज्जत्ता जे सुहुमा बादरा य जे चेव।**
**देहस्स जीवसण्णा सुत्ते ववहारदो उत्ता।।६७।।**
**પર્યાપ્ત, અણપર્યાપ્ત, જે સૂક્ષ્મ અને બાદર બધી**
**કહી જીવસંજ્ઞા દેહને તે સૂત્રમાં વ્યવહારથી. ૬૭.**

જીવને '**બાદર,...**' કહ્યો. બાદર છેને એ તો માત્ર વ્યવહારથી કથન કહેવામાં આવે છે. આહા..હા..! '**સૂક્ષ્મ,...**' કહ્યો. એ સૂક્ષ્મ પણ જીવ નથી. એ તો જ્ઞાનમૂર્તિ જીવ છે. એને સૂક્ષ્મનો વ્યવહાર કરીને કથન કર્યું. '**એકેન્દ્રિય,...**' જીવ છે. એ વ્યવહાર '**દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, પંચેન્દ્રિય, પર્યાપ્ત, અપર્યાપ્ત-એ દેહની સંજ્ઞાઓને (નામોને)...**' એ તો દેહના નામ છે. એના નામોને '**સૂત્રમાં જીવસંજ્ઞાપણે કહી છે,...**' એને જીવસંજ્ઞાના નામથી કહી છે. છે તો જડ બાદર, સૂક્ષ્મ આદિ. પર્યાપ્ત-અપર્યાપ્તપણું શરીરનું... દેહને સૂત્રમાં દેહની સંજ્ઞાઓને જીવ સંજ્ઞાપણે કહી છે એમ. છે તો દેહની એ બધી વસ્તુ.

એક જણાને પૂછ્યું કે ભાઈ, આમાં દ્રવ્યયોગ અને ભાવયોગ શું છે? એ અત્યારે જુદું કાંઈ નથી, બધું એક જ છે. આહા..હા..! અત્યારે જુદી ચીજ છે, એ તો જ્ઞાનઘન છે. એને જેટલા ઉપચારથી કથન કરો એ રાગી છે અને દ્વેષી છે ને પુણ્યવાળો છે ને પાપવાળો છે એ તો બધા વ્યવહારના કથન છે. સમજાણું કાંઈ? વ્યવહારવાળો છે અને રાગવાળો છે, એ દયા, દાનના, વ્રતના પરિણામવાળો છે એ કહેવું એ વ્યવહારથી સંજ્ઞા છે. આહા..હા..! સમજાણું કાંઈ? પરની પ્રસિદ્ધિને લીધી એ તો કહે છે. એ જીવસંજ્ઞા કેમ કીધી? દેહની સંજ્ઞાને જીવસંજ્ઞા કેમ કહી? તે પરની પ્રસિદ્ધિ છે. એને પ્રસિદ્ધિ છે. કોઈ દિ' હું આત્મા જ્ઞાનઘન છું એવું જાણ્યું નથી. એ પરની પ્રસિદ્ધિ. આ એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌ ઇન્દ્રિય, પર્યાપ્ત, અપર્યાપ્ત બધું પર છે એને જીવ કહીને પરની પ્રસિદ્ધિથી એને ઓળખાવ્યો છે. પણ એ છે નહિ.

''**ઘીના ઘડા'ની જેમ વ્યવહાર છે...**' ઘીનો ઘડો એમ કહેવાયને? ઘીનો ઘડો છે? ફક્ત ઘી એમાં રહે છે એટલા નિમિત્તનું લક્ષ લઈને એને ઘીનો ઘડો કહેવાય છે. પણ ઘીનો ઘડો નથી એ તો, ઘડો તો માટીનો છે કે ત્રાંબાનો જે હોય એ. ''**ઘીનો ઘડો' જ પ્રસિદ્ધ (જાણીતો) હોય,...**' '**પ્રયોજનભૂત વસ્તુ નથી. તે વાતને સ્પષ્ટ કહે છે :-**' '**જેમ કોઈ પુરુષને જન્મથી માંડીને માત્ર 'ઘીનો ઘડો' જ પ્રસિદ્ધ (જાણીતો) હોય,...**' ઘીનો ઘડો. ઓલા ઘડામાં ઘી પડ્યું હોયને. ઘીનો લાડવો નથી કહેતા? લાડવો સમજો છો? એ અમારી કાઠિયાવાડી ભાષા છે. ઘીનો લાડવો લાવજો કહે. લાડવો હોયને, રીઢું થઈ ગયેલું

બરાબર. રીઢું થઈ ગયું હોય બરાબર. ઘીનો લાડવો કાઢો. ઘીનો લાડવો છે? લાડવો એટલે સમજ્યા નહિ ઘડો એ. કાગળ નાખીને બહુ ઘસીને થાય. એ પુરુષને જન્મથી માંડીને. એણે એ જ જોયું છે કે ઘીનો ઘડો... ઘીનો ઘડો વારંવાર સાંભળ્યું હોય. ઘીનો ઘડો જ જાણીતો છે **'તે સિવાયના બીજા ઘડાને તે જાણતો ન હોય,...'** માટીનો ઘડો છે એ ઘીનો નથી એમ જાણતો ન હોય, જુદો છે એમ જાણતો નથી.

**'તેને સમજાવવા ''જે આ 'ઘીનો ઘડો'...'** એટલું. આહા..હા..! **''ઘીનો ઘડો' છે તે માટીમય છે,...'** સમજાણું કાંઈ? ઘીનો ઘડો છે એ માટીમય છે. માટીનો ઘડો છે. ઘીનો ઘડો કાંઈ થયો નથી. ઘીના ઘડા હોય છે? એમ દેહની સંજ્ઞા જીવને કીધી એથી કાંઈ દેહની સંજ્ઞાવાળો જીવ થઈ જાય? એમ કહે છે. **'ઘીમય નથી...'** પાછી અસ્તિ-નાસ્તિ કરે છે. ઘડો ઘીનો એટલું. છે તે માટીમય છે. સમજાણું કાંઈ? આ તો અસદ્‌ભૂત વ્યવહારથી વાત કરે છે લ્યો. પ્રયોજન એનું એ છે કે ઘીવાળો ઘડો એનો ખ્યાલમાં આવતા એ ઘીનો નથી એમ ખ્યાલ આવે એ માટે (અ)પ્રયોજનભૂત હોવા છતાં આ પ્રયોજન માટે આ વાત કરી છે. આહા..હા..! ઘીની તપેલી કહે છેને ઘણા. રોટલીમાં લેતા (કહે), તપેલી લાવો. આ તો સાદી ભાષા. ઘીની તપેલી. છેને અહીં તપેલી ત્યાં છે. ઉમરાળામાં તે વખતની અમારી. અમારે બહારની ઘીની તપેલી આવડી ત્રાંબાની મોટી હોય. એ છે ત્યાં. તે દિ'ની છે. ૧૦૦ વર્ષની છે. ૮૩ તો અહીં થયા. એ પહેલા એણે કરી હશે. ઘીની છે ત્રાંબાની. ત્યાં પડી છે. મોટી આવડી. નાની નહિ હોં આવડી મોટી. એની અંદર ઓલું આપે. શું કહેવાય આ? કલઈ. કલઈ આપે. ત્રાંબાની છે ત્રાંબાની. ઘીની તપેલી લાવો. રોટલીમાં નાખો. ઘીથી ખાલી તપેલી જોઈ ન હોય એને એ રીતે જણાવે, પણ જણાવતા કાંઈ ઘીની તપેલી થઈ જાય? **'કારણ કે પેલા પુરુષને 'ઘીનો ઘડો' જ પ્રસિદ્ધ (જાણીતો) છે;...'**

**'તેવી રીતે આ અજ્ઞાની લોકને અનાદિ સંસારથી માંડીને...'** અનાદિ સંસારથી માંડીને **''અશુદ્ધ જીવ' જ પ્રસિદ્ધ છે,...'** એ એકેન્દ્રિય અને બે ઇન્દ્રિય અને ત્રણ ઇન્દ્રિય અને રાગવાળો એ બધો અશુદ્ધ છે. જુઓ! ઓલો રાગ કરે છેને, એ રાગ છેને એ જીવ. એ રાગી જીવ છે, એ તો અશુદ્ધ જીવ છે. અશુદ્ધ જીવનું સ્વરૂપ ક્યાં છે? પણ એણે રાગ વિના, શરીર વિના કોઈ દિ' જીવ જુદો જાણ્યો નથી. પ્રસિદ્ધિ એની છે. એ દ્વારા તે જોવાય. રાગવાળો જીવ એટલે કે રાગવાળો એ છે જ્ઞાનમય, રાગમય નહિ. સમજાણું કાંઈ? **'અજ્ઞાની લોકને અનાદિ સંસારથી માંડીને 'અશુદ્ધ જીવ' જ પ્રસિદ્ધ છે, શુદ્ધજીવને તે જાણતો નથી,...'** શુદ્ધ ચૈતન્યઘન એ જીવ છે. આ તો મૂળ રકમ છે આખી. **'શુદ્ધજીવને તે જાણતો નથી, તેને સમજાવવા (-શુદ્ધજીવનું જ્ઞાન કરાવવા)...'** હેતુ તો ઓલા શુદ્ધ જીવનું જ્ઞાન કરાવવું છે. **''જે આ 'વર્ણાદિમાન (વર્ણાદિવાળો) જીવ'...'** એટલું.

રાગવાળો જીવ, પુણ્યવાળો જીવ '**છે તે જ્ઞાનમય છે,...**' એકલો જ્ઞાયક ચૈતન્યમય છે. અસ્તિ છેને? વસ્તુ છેને? તેથી અહીંયાં ગુણ દ્વારા સમજાવ્યું. એ તો જ્ઞાનમય ચીજ છે. જાણવા-દેખવાની ક્રિયા સિવાય એની કોઈ ક્રિયા છે નહિ. આહા..હા..! કહો, આ બીડીનો વેપાર કરી શકે નહિ એમ કહે છે ઈ. જ્ઞાનવાળો જાણવાનું કામ કરે બીજું શું કરે?

'**તેને સમજાવવા (-શુદ્ધજીવનું જ્ઞાન કરાવવા)...**' સમજાવવા એટલે ઓલો શુદ્ધ જીવ. ઓલો ઘડો માટીનો છે એમ જણાવવા. આ વર્ણાદિ, રાગાદિ, રંગાદિ '**જીવ**' છે **તે જ્ઞાનમય છે,...**' આહા..હા..! જીવ આની કોર રાખ્યો છે. વર્ણાદિવાળો જીવ છે તે જ્ઞાનમય છે. એ તો ચૈતન્યમૂર્તિ આનંદનું ધામ છે. સમજાણું કાંઈ? આ તો કહે હાલે-ચાલે એ જીવ, ત્રાસ પામે એ જીવ. આહા..હા..! હાલે-ચાલે (એ જીવ હોય તો) જડ પણ ચાલે છે, પરમાણુ ચાલે છે. તે જીવ છે જ નહિ. '**તે જ્ઞાનમય છે,...**' ભગવાન તો. આવી અંતર અનુભવ દૃષ્ટિ થયા વિના એના ધર્મની શરૂઆત જરીએ પહેલી થતી નથી. આવું ભાન થયા વિના જેટલા વ્રત ને તપ ને ભક્તિ ને વિનય આદિ કરે, એ તો સવારમાં કહ્યું હતું નહિ? એ બધું ઝેરના ઘડામાં જાય છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? એ તો સવારે જ્ઞાનીની વાત હતી. આ તો અજ્ઞાનીને આત્મા જ્ઞાનસ્વરૂપ છે, ચૈતન્યબિંબ છે એવું અંતર ભાન ન હોય એને બધો વ્યવહાર ઝેરના ભાસ, વ્યવહારાભાસ છે. કારણ કે જાગ્યા વિના વ્યવહાર કહે કોને? આહા..હા..! ભારે આકરું કામ, ભાઈ! આ પર્યુષણમાં તો ધમાલ ચાલતી હોય સ્થાનકવાસીમાં, દેરાવાસીમાં. આ પર્યુષણ આવે છે. આપણે દસલક્ષણી આવશે. શ્વેતાંબરના શરૂ થઈ ગયા. એય..! .. અપાસરા ઉભરાઈ જાશે માણસથી. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભદૈયા ભાદરવામાં આવનારા. કેટલાક એવા હોય છે. બારેય મહિના ન આવે, ભાદરવો આવે એટલે આવે. પર્યુષણને દિવસે આવે અપાસરે. પછી સામું જોવે નહિ. કેટલાય એવા પણ હોય. આહા..હા..!

મુમુક્ષુ :- બારેય મહિનાની પુષ્ટિ દસ દિવસ કરી લે.

ઉત્તર :- બાર મહિનાની પુષ્ટિ કરી લે આઠ દિવસમાં. આહા..હા..!

કહે છે, '**તે જ્ઞાનમય છે,...**' એ વર્ણ ને રંગ ને રાગમય નથી. આહા..હા..! એ વ્યવહારરત્નત્રયનો રાગ એ મય આત્મા નથી એમ કહે છે. સમજાણું કાંઈ? ચૈતન્યમૂર્તિ ભગવાન દેહદેવળમાં અંદર બિરાજે છે એ જ્ઞાનની મૂર્તિ છે, જ્ઞાનસ્વરૂપ છે. એ રાગ અને શરીરસ્વરૂપ એનું નથી. આહા..હા..! '**એમ (સૂત્ર વિષે)...**' સૂત્રમાં હોં સિદ્ધાંતમાં. '**જીવમાં વર્ણાદિમાનપણાનો વ્યવહાર કરવામાં આવ્યો છે,...**' સિદ્ધાંતમાં પણ ભગવાને કહ્યું એ વ્યવહારથી કહ્યો છે. બાદર જીવ છે ને રાગવાળો જીવ, મનુષ્ય જીવ છે, દેવ જીવ

છે લ્યો! દેવ જીવ, આ એકેન્દ્રિય જીવ, આ મનુષ્ય જીવ, આ પશુ જીવ, આ ઘોડાનો જીવ, ગાયનો જીવ. ગાયનો અને ઘોડાનો ક્યાંથી થયો? એ તો જડ છે. પણ લોકોને અનાદિથી સંયોગની ચીજ જ પ્રસિદ્ધ છે. એને એ દ્વારા કહીને ઓલું જણાવવું છે અંદર જ્ઞાનમય તે. ભાઈ! તું તો એકલો જ્ઞાનમય છો. આહા..હા..! સમજાય છે કાંઈ? પછી નિર્ણય કરે છે એ પર્યાય, પણ પર્યાય નિર્ણય કરે છે કે હું તો જ્ઞાનમય પૂર્ણ તે હું છું. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનમાં નિશ્ચય થાય છે એ વસ્તુનો કે હું તો એકલો જ્ઞાનમય ત્રિકાળી ધ્રુવ છું. આહા..હા..! સમજાણું કાંઈ? એવો અનુભવ અને નિર્ણય થયા વિના બધા એકડા વિનાના મીંડા છે. એ દેવ, ગુરુ અને શાસ્ત્રનો વિનય કરે, અપવાસ કરે લાંઘણો છે બધી. લંઘન-લંઘન. આહા..હા..!

મુમુક્ષુ :- આકરું લાગે.

ઉત્તર :- આકરું લાગે માણસને. એણે માન્યું છેને. પોતે ભગવાન છે એનો જ્યાં આશ્રય નથી ત્યાં પરને આશ્રયે માનવું એ તો મહામિથ્યાત્વ અને અજ્ઞાન છે. આહા..હા..! સીધી વાત છેને. ભગવાન જ્ઞાનમય છે એનો આશ્રય અને અવલંબન તો દૃષ્ટિમાં નથી. એથી એની દૃષ્ટિમાં તો દયા, દાન અને રાગાદિના પુણ્ય પરિણામ એ હું છું અને એ કરું છું હું અને કરનારો હું છું અને તેથી રાગવાળો હું છું એમ અજ્ઞાની માને છે. તો આ છોકરાવાળો અને પૈસાવાળો ક્યારે થાતો હશે?

મુમુક્ષુ :- કોઈ કાળે ન થાય. એક સમય પણ થાય.

ઉત્તર :- પણ ઓળખાવા પડે છેને લ્યો, આ પૈસાવાળા છે. એ તો ઘીના ઘડાની જેમ. શેઠ! પૈસાવાળો છે, પૈસાવાળો છે તે જીવ નહિ. એ જ્ઞાનમય છે. સમજાણું? આ શ્રીમંત છે, ગર્ભશ્રીમંત છે. ગર્ભમાં આવ્યો ત્યારથી એ લક્ષ્મીવાળો છે. કેટલાક એવા હોય છેને. .. પછી નવા થાય. પૈસા .. ગર્ભશ્રીમંત છે. બધી ઓળખાણ ઓલું જ્ઞાનને બતાવવા માટે છે. એ ગર્ભશ્રીમંત પણ નથી, ગરીબ પણ નથી અને તવંગર પણ નથી. આહા..હા..! આ ગર્ભશ્રીમંત છે તે જ્ઞાનમય છે એમ બતાવ્યું. આહા..હા..! ચૈતન્યસૂર્ય છે. એ ચૈતન્યસૂર્યને પરની પ્રસિદ્ધિથી ઓળખાવવો, એને ઓળખાવવી છે ઓલી ચીજ. સમજાણું કાંઈ?

વિશ્વાસ કોણ કરે છે? જ્ઞાન આત્મા. હું છું એમ નિર્ણય કોણ કરે છે? જ્ઞાન આત્મા. સમજાણું કાંઈ? એ એમ નિર્ણય કરે છે કે હું રાગાદિ નથી. રાગવાળો કહેતા છતાં રાગમય નથી એમ બતાવે છે. શરીરવાળો કહેતા છતાં દેહસહિત છું નહિ. આહા..હા..! દેહસહિત આત્મા છે એનો અર્થ કે એ દેહસહિત નથી. ફક્ત દેહસહિતનો પ્રસિદ્ધ છે એટલે એ દ્વારા ઓલું જ્ઞાનસ્વરૂપ છે અશરીરી એમ એ ભગવાન આત્માને બતાવે છે, દેહને નહિ. સમજાણું કાંઈ?

એ '**જીવમાં વર્ણાદિમાનપણાનો વ્યવહાર કરવામાં આવ્યો છે,...**' ભગવાને પણ સિદ્ધાંતને વિષે દિવ્યધ્વનિમાં પણ એને રાગવાળો જીવ અને મલિનભાવ કરે છેને, એનામાં મલિનભાવ છેને એ જીવ તે જ્ઞાનમય છે એમ સૂત્રમાં પણ એવો વ્યવહાર કહીને સમજાવ્યો છે. આહા..હા..! '**કારણ કે તે અજ્ઞાની લોકને 'વર્ણાદિમાન જીવ' જ પ્રસિદ્ધ છે.**' ''**વર્ણાદિમાન જીવ' જ...**' રાગથી ખાલી તો કોઈ દિ' જોયો નથી. આહા..હા..! પુણ્ય અને પાપના ભાવ, વ્યવહારરત્નત્રયના ભાવ એનાથી જુદો આત્મા છે એ તો કોઈ દિ' જાણ્યો નથી. એથી એને એમ થાય છે કે એ વ્યવહારરત્નત્રય છે એ આત્મામાં થાય માટે એ આત્માનું કાર્ય છે. એમ અજ્ઞાનીને ભાસ થાય છે-ભ્રમ પડી જાય છે. કહો, સમજાણું? અહીંયાં વર્ણાદિમય નથી અનેકાંત કર્યું. એ રાગવાળો જીવ, દેવ જીવ, મનુષ્ય જીવ, નારકી જીવ, પશુ જીવ. ના. એ નહિ. આહા..હા..! કોઈપણ સૂક્ષ્મ ભાવથી સમજાવ્યો હોય એને, જો ભાઈ ઓલો વિકલ્પ છેને, ક્યાં ઉઠે છે? જડમાં હોય? એમ કહીને વિકલ્પ ઉઠે છે ચૈતન્યની ભૂમિકામાં. એ ચૈતન્ય ભૂમિકા એ વિકલ્પમય નથી. સમજાણું કાંઈ? જ્ઞાનમય છે. આહા..હા..! ચૈતન્ય હીરો અરે! મનુષ્યપણું પામીને પણ ખોયો જગતે. એ ખોયો એને અહીં બતાવે છે. આહા..હા..! અરે! તારી પ્રસિદ્ધિ વિના કોની પ્રસિદ્ધિ? પરની? આહા..હા..!

જીવમાં વર્ણ એટલે રંગ આદિ વર્ણાદિપણાનો વ્યવહાર કરવામાં આવ્યો. '**કારણ કે તે અજ્ઞાની લોકને 'વર્ણાદિમાન જીવ' જ પ્રસિદ્ધ છે.**' તે ત્યાં જાય છેને. અજ્ઞાની લોકો. જૈનસંદેશમાં આવ્યું છે ભાઈ! લખાણ ભાઈનું છે, કૈલાસચંદજીનું. એમ કે કાનજીસ્વામી સમ્યગ્દર્શનની વાત કરે છે. કેટલાક સજ્જનો એમનો વિરોધ કરનારા ફર્સ્ટ ક્લાસ સમકિતને થર્ડ ક્લાસમાં ગોઠવવા માગે છે. એમાં છે. છેને ખુલાસો. એનો વેશ જરી... મેં કીધું, આ કોને કહે છે? ઓલાને કહે છે. સમજાણું કાંઈ? સમ્યક્ ફર્સ્ટ ક્લાસ ચીજ છે એને થર્ડ ક્લાસમાં ગોઠવવા માંગે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, ઓલું બહારનું જ્ઞાન અને બહારના વ્રતને એને અધિક બતાવવું છે. એનો અર્થ ઈ છે. ... ફર્સ્ટ ક્લાસ એને થર્ડ ક્લાસ (બતાવવા માંગે છે). અંગ્રેજી બેય શબ્દ વાપર્યા લ્યો! એય..! ફર્સ્ટ ક્લાસ અને થર્ડ ક્લાસનો શું અર્થ છે?

મુમુક્ષુ :- પહેલો અને ત્રીજો.

ઉત્તર :- ફર્સ્ટ ક્લાસ અને થર્ડ ક્લાસ. બીજો ક્યો? સેકન્ડ ક્લાસ. એને અહીંયાં થર્ડ ક્લાસમાં ગોઠવવા માગે છે. અરે ભાઈ! તું ગોઠવવા માગ તોપણ ઈ તો જેમ છે એમ રહેશે. ક્યાંથી ગોઠવાય? બાપુ! જેનો નંબર પહેલો એને તું છેલ્લો કરવા માગ, પણ પહેલો નંબર એ છેલ્લો થાય શી રીતે? સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન એ પહેલો નંબર છે. આહા..હા..!

પહેલા નંબરની પરીક્ષા આપતાને જ્યારે, પહેલે જ નંબરે હોય અમે ઘણીવાર તો. એકવાર બાર મહિના કાઢ્યા તો ત્યારે... પહેલું લખે ત્યારે બાર મહિને છેલ્લું નામ લખેને. ત્યારે બહુ દુઃખ લાગ્યું. આ શું? આપણને છેલ્લા? આ નિશાળમાં અહીં તો આપણે મોઢા આગળ. બાર મહિના ગારિયાધાર ગયા હતા ત્યારે, બહેનના ઘરે. પ્લેગ થયો હતો. પહેલા વહેલા તો પાસ લઈને આવે બેસાડે તો છેલ્લો. છેક છેલ્લો બેસાડ્યો, એવું લાગ્યું અંદરથી. આહા..હા..! આ ઘેંટા જેવા સાધારણને આગળ અને અમે છેલ્લે. નિશાળમાં નંબર પહેલો જ હોય સદાય. એમ આ સમકિતનો નંબર પહેલો છે. સમજાણું કાંઈ? પછી શ્રદ્ધા થઈ જશે, કરો વ્રત ને તપ એમ કહે છેને ઈ?

મુમુક્ષુ :- કાળલબ્ધિ આવશે ત્યારે થઈ જશે.

ઉત્તર :- કાળલબ્ધિ પણ તારો રાગ, રાગની મંદતા અને એ વ્રત, શાસ્ત્રનું જ્ઞાન એ કાળલબ્ધિ આવે ત્યારે થાય છે. એ સમયનો પર્યાય બધો કાળલબ્ધિ છે. એય..! આહા..! એ તો ૪૦ વર્ષ પહેલાં અમારે ચાલતું દામોદર શેઠ સાથે. ગરાસદાર માણસ વાણિયા. તે દિ' હોં તે દિ' દસ લાખ. ૪૦ હજારની ઉપજ તે દિ' ૬૦ વર્ષ પહેલા. વાણિયા મોટા, દામનગર. દામોદર શેઠ. ધોળા ઘોડા, ઘરે ઘોડા. ઓલા શું કહેવાય? આરબ બંદુક, તલવાર મોઢા આગળ મોટા રાજા જેવા વાણિયા. ધોતિયું પહેરે સાધારણ અને એક સાધારણ ઓઢે બસ. મોટા ગરાસિયા. ૬૦ વર્ષ પહેલાં ૪૦ હજારની ઉપજ. દસ લાખની ઊપજ અને મૂળિયાધાર ગામ છે એ આખું ગામ ઘરે. સમજાણું કાંઈ? એ એમ કહેતા અમને વારંવાર કે આ મહારાજ સમકિતની વાત કરે છે પણ સમ્યક્ તો કાળલબ્ધિએ થાય. એ કરતાં અમારા ગુરુ જે કરે છે, આ વ્રત પાળે, તપસ્યા કરે આ બધું તો પુરુષાર્થથી થાય. ભારે. એય..!

શ્રીમદ્દે કહ્યું છે એ તો. સમકિત મહાપુરુષાર્થથી થાય છે. એ કાંઈ વગર પુરુષાર્થે થાતું નથી. આખો ચૈતન્યમય જ્ઞાનગંજ પ્રભુ, પૂર્ણ આનંદ જેને અંદર અનુભવમાં પ્રતીતમાં આવે એ તે કાંઈ ઓછો પુરુષાર્થ છે? હવે એ પુરુષાર્થની કિંમત નહિ. અહીં વ્રત કરે અને અપવાસ કરે, આઠ દિ' ના અપવાસ-લાંઘણું કરશે આ બધા આઠ આઠ દિ' કેટલાક. સમજાણું કાંઈ? એય..! કપુરભાઈ! કલકત્તામાં એમ ચાલે છેને? આહા..હા..! ભાઈ! તારી કિંમત તને કર્યા વિના પરની કિંમત તું ટાંકવા ગયો તું ખોવાઈ ગયો એમાં. સમજાણું કાંઈ?

ત્રણ લોકના નાથ તીર્થંકર ભગવાનની વાણીમાં તો આમ આવ્યું. ભાઈ! તું તો જ્ઞાનસ્વરૂપ છોને. જાણનાર-દેખનાર ત્રણે કાળ, ત્રણ લોકમાં રાગાદિ અને શરીરથી તને ઓળખાવવો એ તો વ્યવહારનું કથન છે અને તે પણ એ વ્યવહાર નિશ્ચયને સમજાવવા માટે છે. સમજાણું કાંઈ? આહા..હા..! રાગવાળો જીવ એટલે કે રાગવાળો નહિ, શરીરવાળો જીવ એટલે શરીરવાળો નહિ, ગુણસ્થાનના ભેદવાળો જીવ (તે) ગુણસ્થાનના ભેદવાળો જીવ નહિ, જીવસ્થાનના

ભેદવાળો જીવના ભેદવાળો નહિ, માર્ગણાસ્થાનના ભેદવાળો જીવ તો માર્ગણસ્થાનના ભેદવાળો જીવ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અજ્ઞાની લોકને તો રંગવાળો અને વર્ણવાળો પ્રસિદ્ધ છે. જુઓ ઓલો દયા પાળે, વ્રત પાળે, ભક્તિ કરે ઈ જડ કરે કાંઈ? એમ અજ્ઞાનીને રાગવાળો જીવ પ્રસિદ્ધ છે. એને કહ્યો કે ભાઈ આ રાગવાળો છે તે જ્ઞાનમય છે. રાગવાળો છે એમ કરીને કીધું કે જ્ઞાનમય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

## શ્લોક-૪૦

(अनुष्टुभ्)

घृतकुम्भाभिधानेऽपि कुम्भो घृतमयो न चेत्।
जीवो वर्णादिमज्जीवजल्पनेऽपि न तन्मयः।।४०।।

હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [चेत्] જો [धृतकुम्भाभिधाने अपि] 'ઘીનો ઘડો' એમ કહેતાં પણ [कुम्भः धृतमयः न] ઘડો છે તે ઘીમય નથી (-માટીમય જ છે), [वर्णादिमत्-जीव-जल्पने अपि] તો તેવી રીતે 'વર્ણાદિવાળો જીવ' એમ કહેતા પણ [जीवः न तन्मयः] જીવ છે તે વર્ણાદિમય નથી (-જ્ઞાનઘન જ છે).

ભાવાર્થ :- ઘીથી ભરેલા ઘડાને વ્યવહારથી 'ઘીનો ઘડો' કહેવામાં આવે છે છતાં નિશ્ચયથી ઘડો ઘી-સ્વરૂપ નથી; ઘી ઘી-સ્વરૂપ છે, ઘડો માટી સ્વરૂપ છે; તેવી રીતે વર્ણ, પર્યાપ્તિ, ઈન્દ્રિયો ઈત્યાદિ સાથે એકક્ષેત્રાવગાહરૂપ સંબંધવાળા જીવને સૂત્રમાં વ્યવહારથી 'પંચેન્દ્રિય જીવ, પર્યાપ્ત જીવ, બાદર જીવ, દેવ જીવ, મનુષ્ય જીવ' ઈત્યાદિ કહેવામાં આવ્યો છે છતાં નિશ્ચયથી જીવ તે-સ્વરૂપ નથી; વર્ણ, પર્યાપ્તિ, ઈન્દ્રિયો ઈત્યાદિ પુદ્‌ગલસ્વરૂપ છે, જીવ જ્ઞાનસ્વરૂપ છે. ૪૦.

## કળશ-૪૦ ઉપર પ્રવચન

'હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-'

घृतकुम्भाभिधानेऽपि कुम्भो घृतमयो न चेत्।
जीवो वर्णादिमज्जीवजल्पनेऽपि न तन्मयः।।४०।।

**‘શ્લોકાર્થ :- જો ‘ઘીનો ઘડો’ એમ કહેતાં પણ...’ ‘कुम्भः घृतमयः न’ ‘ઘડો છે તે ઘીમય નથી (-માટીમય જ છે),...’** એ તો જડ, માટીમય છે ઘડો તો. આહા..હા..! એમ રંગવાળો, રાગવાળો જીવ કહેતાં એ તો જ્ઞાનમય જ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? જ્ઞાનમય એટલે લોકોને એમ લાગે કે આ શું ચીજ પણ આ? વસ્તુ છે, અરૂપી પદાર્થ છે, એ ચૈતન્યઘન જેનો સ્વભાવ છે. ધ્રુવમાં જેનો સ્વભાવ ધ્રુવપણે ચૈતન્ય વિજ્ઞાનઘન છે એને અહીંયાં આત્મા કહેવામાં આવે છે. એવા આત્માની અંતર દૃષ્ટિ કરે એને સમ્યગ્દર્શન થાય. એને આત્મા છે એવો યથાર્થ પ્રતીતમાં, અનુભવમાં આવે એને સમ્યક્ સાચું દર્શન થાય, આતમદર્શન થાય, એને સમ્યગ્દર્શન થાય. આહા..હા..!

અહીં તો સાધારણ બિચારી બાયું ને છોકરાઓ અપવાસ કરે ત્યાં તો... એક જણો કહે કે પણ આ અપવાસ-બપવાસ કરે એ કાંઈ શ્રદ્ધા વિના કરતા હશે? આ મહિના-મહિનાના અપવાસ કરે છે એ કાંઈ સમકિત વિના કરે? પણ સમકિત કોને કહેવું ઈ તને ખબર છે? મહિના-મહિનાના અપવાસ તો બધા અભવિઓ કરે છે તો એમાં શું છે? આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનની ક્રિયા કરે એ મોટો તપસ્વી છે. સમજાણું કાંઈ? જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એમાં અંતર વસ્તુનો અનુભવ કરી અને એ જ્ઞાન ક્રિયાભ્યાં મોક્ષ. એ જ્ઞાનમાં ઠરવું એ જ્ઞાનની ક્રિયા છે. જ્ઞાન ક્રિયામાં રાગની ક્રિયા અને જ્ઞાનસ્વભાવ બે થઈને મોક્ષ એમ છે નહિ. સમજાણું કાંઈ?

**‘એમ કહેતા પણ...’ ‘जीवः न तन्मयः’** એમ કહે છે જોયુંને? ઘીનો ઘડો એમ કહેતા પણ ઘડો છે તે ઘીમય નથી, માટીમય જ છે. **‘તેવી રીતે ‘વર્ણાદિવાળો જીવ’ એમ કહેતા પણ...’ ‘जीवः न तन्मयः’** જીવ તે રંગ અને રાગ સાથે એક થયો નથી. આહા..હા..! દયા, દાનનો વિકલ્પ છે એની સાથે ભગવાન આત્મા તન્મય એટલે તે રૂપે ભગવાન થયો જ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે આકરું લાગે. બાપુ! આકરું નથી, તારું સત્ આવું જ છે. સત્ એ સત્ છે, સત્ એ સરળ છે, સત્ એ સત્‌થી નભી અને ટકી રહ્યું છે. એ રાગને લઈને ટક્યું છે એમ છે નહિ. આહા..હા..! એ તો પોતાના જ્ઞાનપ્રાણ, દર્શનપ્રાણ, આનંદપ્રાણ, સત્તાપ્રાણને લઈને પ્રાણી એને કહેવામાં આવે છે. એના આવા પ્રાણને લઈને પ્રાણી કહેવામાં આવે છે. એય..!

મુમુક્ષુ :- ...ને લઈને નહિ?

ઉત્તર :- નહિ. સમજાણું કાંઈ? ભગવાન આત્માને જે પ્રાણી કહેવામાં આવે એ તો અનંત જ્ઞાન, દર્શન, આનંદ અને સત્તાના પ્રાણથી પ્રાણી કહેવામાં આવે છે. જડના પ્રાણ

આ માટીના એને લઈને પ્રાણી છે એ? એ તો વ્યવહારની વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..! અશુદ્ધ ભાવપ્રાણ, દસ પ્રાણ આ તો અજીવ છે, પણ અશુદ્ધ પર્યાયમાં દસ પ્રકારના ભાવપ્રાણ એ જીવ નહિ. સમજાણું કાંઈ?

'**जीवः न तन्मयः**' એમ કહીને (એમ કહે છે), ભગવાન આત્મા, એ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, શાસ્ત્ર ભણતરનો વિકલ્પ એવા રાગ સાથે ભગવાન તન્મય નથી. એ આત્મા તેની સાથે તન-રૂપે—તે રૂપે તે નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '(**જ્ઞાનઘન જ છે**).' થોડામાં પણ ઘણું લખ્યું છે. થોડું લખ્યું ઘણું કરીને વાંચજો. લખે છેને કાગળમાં? આ શાસ્ત્રમાં એમ લખ્યું છે. ભગવાન! થોડું કહ્યું, થોડું કહ્યું ઘણું કરીને જાણજો. જે આત્મા રાગ અને પુણ્ય અને સંસારના ઉદયભાવ એની સાથે તન્મય થતો જ નથી. તન્મય—તે રૂપે થયો જ નથી, તે રૂપે એ છે જ નહિ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

ઘીનો ઘડો કહેતા ઘડો માટીનો ઘીમય થઈ ગયો? ઘી સાથે તન્મય થઈ ગયો? ઘી નીકળી જાય તો ઘડો પણ નાશ થઈ જાય જો તન્મય થઈ જાય તો. ઘી આમ હોય ને ઘી ઢોળાણું લ્યો. તન્મય હોય તો ઘડો પણ ભેગો ઢોળાઈ જાય. ઘડો તો હાથમાં રહી જાય છે આમ. એમ રાગાદિ ઢોળાઈ જાય—નાશ થઈ જાય તોપણ જીવ તો એમને એમ રહે છે આત્મા. વસ્તુ તો જ્ઞાનમય અને આનંદમય છે. આહા..હા..! એવી ક્રિયાકાંડવાળાને જોડી દીધા છેને. આ તો જેને કલ્યાણ કરવું હોય એની વાત છે, ભાઈ! સમજાણું કાંઈ? બાકી તો શુભભાવ હોય છે, પુણ્ય હોય છે. એથી જન્મ-મરણ મટે એમ છે નહિ. એ ક્રિયાકાંડમાં રાગની મંદતા મિથ્યાત્વસહિત હોય. સમજાય છે કાંઈ? અરેરે! અવતારના અભાવ ન થાય એમાં કહે છે. અવતારના અભાવ વિનાની ચીજને શું ગણવી? સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- ઘીથી ભરેલા ઘડાને વ્યવહારથી 'ઘીનો ઘડો' કહેવામાં આવે છે છતાં નિશ્ચયથી ઘડો ઘી-સ્વરૂપ નથી; ઘી ઘી-સ્વરૂપ છે, ઘડો માટી સ્વરૂપ છે;...**' ઘી તો ઘી સ્વરૂપે રહ્યું છે. એ ઘડામાં હોય તો બહાર નીકળે. ઘી એ સ્વરૂપે છે? સમજાણું કાંઈ? એમ ચૈતન્ય હીરો જ્ઞાનથી ચમકતો ચેતન સ્વરૂપ, ચમત્કારિક સ્વરૂપ જે એક ક્ષણમાં ત્રણ કાળ, ત્રણ લોકને જાણે છતાં તે મય થાય નહિ. સમજાણું કાંઈ? ત્રણ કાળ ત્રણ લોકને જાણે જ્ઞાન એ તો જ્ઞાનની પર્યાયની ક્રિયાનું સામર્થ્ય છે. ત્રણ કાળ ત્રણ લોકને જાણે એટલે જ્ઞાન તન્મય લોકાલોક સાથે થઈ જાય છે? વાત એ છે, પણ અંદરમાં બેસાડવી જોઈએ હોં.

મુમુક્ષુ :- નથી બેસતી એનું શું કારણ?

ઉત્તર :- નહિ બેસવાનું કારણ ઉંધાપણાનો પુરુષાર્થ છે માટે. દરકાર ક્યાં છે ઓલા પૈસાની અને ઘી. ઘી શું આ બીડી. પૈસા પેદા થાય ને ડાલચંદજી ફલાણા અને ઢીંકણા-

ફીંકણા એ માંદા પડ્યા છે. એ આવ્યા હતાને ત્યાં ઈંદોર. તમારા ડાલચંદજી આવ્યા હતાને ઈંદોર? આવ્યા હતા. ત્યાંથી આવ્યા પછી માંદા પડ્યા. કોકને ઘરે ઉતર્યા હતા. પૈસાવાળો છે કો'ક, કપડાનો સંચો છે કપડાનો. ત્યાં ઉતર્યા હતા. ત્યાં ઓલાના ઘરે પગલા કરાવવા ગયા હતા, પ્રેસવાળાને ત્યાં ઉતર્યા હતાને. ત્યાંથી આવ્યા હતા, શેઠિયા આવ્યા હતા. રાજકુમાર સિંહ ત્યાં આવ્યા હતા. રાજકુમાર ... ઘરે આવ્યા હતા. હીરાલાલ શેઠ ત્યાં જવાનું હતું. પાંચસો રૂપિયા મૂક્યા હતા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, પાંચસો રૂપિયા ડાલચંદજીભાઈએ. એ તો ઠીક છે. આહા..હા..! આ તમારું મકાન જોવા ગયા હતા. કેટલા મહિના થયા? સાત-આઠ મહિના. નીચે ઓલા ભર્યા છેને. આમાં કીધું કોણ કરીને ખાય આમાં? અઢી-અઢી .. છે. પણ જે કાળે જે થવાનું હોય જડનું એ કરે કોણ? એના ઓરતા શા અને... આહા..હા..! સમજાણું કાંઈ? બહુ ધ્યાન રાખે તો...

મુમુક્ષુ :- .. નથી આવતી?

ઉત્તર :- એ .. પહેલું કહ્યું હતું. શેઠ ત્યાં આવ્યા હતા. વજુભાઈ હતા. વજુભાઈ છે કે નહિ? ક્યાં ગયા વજુભાઈ? કીધું, એટલું કહ્યું કે .. પ્રમાદ હતો ખરો કીધું ઘણાનો. પણ હવે એ વાત મૂકી દીધી છે અત્યારે. એની દરકાર.. ઘરના મકાન અને ઘરનું થતું હોય એમાં હોય એવી દરકાર નહોતી બધાને. વજુભાઈથી માંડીને હોં બધાયને. એવું શેઠ કહ્યું હતુંને? પ્રમાદ થોડો. બાકી તો થવાનું હોય એ થાય છે એમાં કાંઈ... એ તો પોપટભાઈને કીધું હતું. પોપટભાઈ .. ધ્યાન કેટલું બિચારાને? એને .. સમજ્યાને? .. છતાં ન થાય એ તો જડનું છે એમાં શું છે પણ હવે? ન થયું તો ન થયું. એમાં શું છે? બીજી રીતે થાશે. એમાં કાંઈ નહિ. જે રીતે થવાનું હોય તે રીતે થાશે. એમાં કોઈના કર્યા થાતા નથી. આહા..હા..! ધમાધમ તો જુઓ. આહા..હા..! .. કરનારો. એ તો એક રજકણ પણ જ્યાં ગોઠવાય એને કોઈ ગોઠવે એ વાતમાં કાંઈ માલ નથી હોં! પોપટભાઈ! પણ એ તો જોયુંને પ્રત્યક્ષ. કેટલી મહેનત કરી પોપટભાઈને .. તો નીકળ્યું બીજું. એ તો એમ જ નીકળે. એમાં શું? આહા..હા..! ભગવાનનો પુરુષાર્થ કરે અને આત્મા ન જાગે એમ કોઈ દિ' બને નહિ. ત્યાં પુરુષાર્થ કરે અને ત્યાં (બહારમાં) કામ જલ્દી થઈ જાય એમ ન બને. સમજાણું કાંઈ? પણ છે શું ?

મુમુક્ષુ :- ક્રમબદ્ધ આવી ગયું?

ઉત્તર :- બધું ક્રમબદ્ધ જ છે. પણ .. ધૂળમાં? આહા..હા..! શરીરનો મામલો પણ કેટલો સાચવશે તોપણ નહિ રહે, ફૂ થઈ જશે એ તને. અત્યાર સુધી સાચવ્યું હતું. આ

દવા કરી. હવે દવા-બવા શું? સાંભળને. આવડ્યું નહિ હોં ધ્યાન રાખતા. ડૉક્ટર ન બોલાવ્યો ટાણે એટલે જરી... ડૉક્ટર એમ કહે, બે કલાક મોડું થઈ ગયું એટલે હવે રોગ ઘેરાઈ ગયો છે. એમ કહે. નહિતર હું કરી દેત. ધૂળેય કરે નહિ, સાંભળને. આહા..હા..!

મુમુક્ષુ :- તો તો ડૉક્ટરો જ ન મરેને.

ઉત્તર :- ડૉક્ટરો મરે તો કેવા ક્ષણમાં મરી જાય આમ. આપણે હતોને આ હેમંતકુમાર.

મુમુક્ષુ :- હરગોવિંદ ડૉક્ટર મરી ગયા.

ઉત્તર :- હા, એ તો મરી ગયો પણ આપણા ભાવનગરના હોસ્પિટલના સર હેમંતકુમાર મોટો ડૉક્ટર મોટો. આખા દવાખાનાનો. બીજાનું ઓપરેશન કરતો હતો જરીક આમ. કાંઈક મને થાય છે. આમ થયું તો ઉડી ગયા ફૂ. શું પણ જડનું તો જે સમયે જે ક્ષેત્રે જે રીતે થવાનું એમાં ફેરફાર કરવા ત્રણ કાળમાં કોઈ (સમર્થ) નથી. સમજાણું? અભિમાન કરે કે અમને આ બરાબર ધ્યાન ન રાખ્યું, આમ કર્યું. ભાઈને એમ થયું હતુંને. નરસિંહભાઈના જમાઈ નહિ? જેતપુર. જીવનભાઈ. એનો એક દીકરો અહીં છેને, રાજકોટ છે. એને એમ થયું હતું. એ ઓપરેશન કો'કનું કરતો હતો. .. થઈ ગયું એકદમ. ઉડી ગયો. એનું કાંઈક લાગી ગયું. આખા શરીરમાં .. એમાં કરે કોણ પણ? એની સમયની જે પર્યાય થવાની એને રાખે કોણ અને અટકાવે કોણ? તું તો જ્ઞાનસ્વરૂપ છો. એમ જાણે કે એ કરે કો'કનું? સાંભળને. એય..! આહા..હા..! એ તો એકાંત થઈ જાય છે, વળી એમ કહે છે કેટલાક. હવે સાંભળને. કરી શકે નહિ. પોતાનું બધું કરે અને પરનું કાંઈ કરી શકે નહિ એનું નામ અનેકાંત છે. આહા..હા..! કહો, ભીખાભાઈ કેમ હશે?

મુમુક્ષુ :- બરાબર સાહેબ! આપ કહો છો એટલે શંકાનું સ્થાન નથી.

ઉત્તર :- પદવી ઉપર બેસે તો સરખાઈનું ધ્યાન તો રાખેને, બે કલાક જઈને ત્યાં. બંગડીનો વેપાર છેને? શેનો છે ભાઈને? આહા..હા..! શેના વેપાર કોના ભાઈ? વેપાર તારા વિકારના છે. પરના વેપાર ક્યાં કરી શકે છે? કહે છે કે એ રાગવાળો અને રાગના વેપારવાળો કહેવો એ પણ વ્યવહાર છે. કેમકે રાગ સાથે ભગવાન કોઈ દિ' તન્મય, તે રૂપે થયો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? સમાધિ... સમાધિ... સમાધિ... સમાધિ... ભગવાન જ્ઞાનસ્વરૂપ. આહા..હા..! સમજાણું કાંઈ? સિદ્ધ ભગવાન ... જૈનશાસનમાં વિરોધ થાતો હોય, વિરોધ થાતો હોય, કાંઈ વિકલ્પ આવતો નથી એમને. આવું આવું ઊંધુ ચાલે છે, આમ છે, તેમ છે. ઊંધું હોય તોપણ અમે તો જાણનાર છીએ. એને કેવળજ્ઞાનમાં પહેલેથી જણાઈ ગયું છે. આહા..હા..!

અહીં એ કહે છે કે ઘડો કહેવામાં આવે પણ નથી એ તો ઘી. '**તેવી રીતે વર્ણ, પર્યાપ્તિ, ઇન્દ્રિયો...**' પંચેન્દ્રિય જીવ, પર્યાપ્ત જીવ, બાદર જીવ, સૂક્ષ્મ જીવ, ગુણસ્થાનના

ભેદવાળો જીવ, એ **'એકક્ષેત્રાવગાહરૂપ સંબંધવાળા જીવને સૂત્રમાં વ્યવહારથી 'પંચેન્દ્રિય જીવ, પર્યાપ્ત જીવ, બાદર જીવ, દેવ જીવ,...'** લ્યો! દેવનો જીવ ઉપરથી આવ્યો હતો હમણા. ફલાણું છે અને ઢીંકણું છે. દેવનો જીવ મારો મિત્ર હતો તે આવ્યો હતો. શું કહેવાય એમાં? લેવા આવતો હશે? અજીવ જીવ હશે? સપનામાં આવ્યું હતું. હમણા નહોતું કીધું કેટલાક દિ' પહેલા? પ્રેમચંદભાઈ અને નારણભાઈ બેય આવ્યા. બેય આવ્યા. ... બેય આવ્યા જુઓ આ આવ્યા દેવ થઈને. અત્યારે તો માણસ થઈ ગયા. એવું ને એવું છે જુઓ! દેવમાં ગયા છે હોં આ બેય. .. જુઓ તમે સભા એમ કીધું. ... એ તો અંદર .. દેવજીવ છે એ? અને આ મનુષ્યનો આકાર અને આ મનુષ્ય આ જીવ છે એમ છે? એ તો જ્ઞાનસ્વરૂપી પ્રભુ ભગવાન. આહા..હા..! ચૈતન્યચમત્કાર જેમાં એક સમયની ત્રણ કાળ ત્રણ લોકની વાત જણાઈ જાય. થયું, થાય ને થશે એ બધું જ્ઞાન જાણે છે. સમજાણું કાંઈ? આહા..!

**'મનુષ્ય જીવ'** ઈત્યાદિ **કહેવામાં આવ્યો છે છતાં નિશ્ચયથી...'** ખરેખર **'જીવ તે-સ્વરૂપ નથી;...'** આહા..હા..! એ **'વર્ણ, પર્યાપ્તિ, ઈન્દ્રિયો ઈત્યાદિ પુદ્ગલસ્વરૂપ છે, જીવ જ્ઞાનસ્વરૂપ છે.'** હવે ગુણસ્થાનનો એક ભેદ રહી ગયોને એ બતાવે છે. ગુણસ્થાન તો જીવ છે કે નહિ? ગુણના ભેદ છેને એ બધા? એમ કહે. છેલ્લી ગાથા એ લીધી.

## ગાથા-૬૮

एतदपि स्थितमेव यद्रागादयो भावा न जीवा इति—

मोहणकम्मस्सुदया दु वण्णिया जे इमे गुणट्ठाणा।
ते कह हवंति जीवा जे णिच्चमचेदणा उत्ता।।६८।।
मोहनकर्मण उदयात्तु वर्णितानि यानीमानि गुणस्थानानि।
तानि कथं भवन्ति जीवा यानि नित्यमचेतनान्युक्तानि।।६८।।

मिथ्यादृष्टयादीनि गुणस्थानानि हि पौद्गलिकमोहकर्मप्रकृतिविपाकपूर्वकत्वे सति, नित्यमचेतनत्वात्, कारणानुविधायीनि कार्याणीति कृत्वा, यवपूर्वका यवा यवा एवेति न्यायेन, पुद्गल एव, न तु जीवः। गुणस्थानानां नित्यमचेतनत्वं चागमाच्चैतन्यस्वभावव्याप्तस्यात्मनोऽ-तिरिक्तत्वेन विवेचकैः स्वयमुपलभ्यमानत्वाच्च

प्रसाध्यम्।

एवं रागद्वेषमोहप्रत्ययकर्मनोकर्मवर्गवर्गणास्पर्धकाध्यात्मस्थानानुभागस्थानयोगस्थान-बंधस्थानोदयस्थानमार्गणास्थानस्थितिबंधस्थानसंक्लेशस्थानविशुद्धिस्थानसंयमलब्धिस्थानान्यपि पुद्गलकर्मपूर्वकत्वे सति, नित्यमचेतनत्वात्, पुद्गल एव, न तु जीव इति स्वयमायातम्। ततो रागादयो भावा न जीव इति सिद्धम्।

---

હવે કહે છે કે (જેમ વર્ણાદિ ભાવો જીવ નથી એ સિદ્ધ થયું તેમ) એ પણ સિદ્ધ થયું કે રાગાદિભાવો પણ જીવ નથી :—

**મોહનકરમના ઉદયથી ગુણસ્થાન જે આ વર્ણવ્યાં,**
**તે જીવ કેમ બને, નિરંતર જે અચેતન ભાખિયાં? ૬૮.**

ગાથાર્થ :- [यानि इमानि] જે આ [गुणस्थानानि] ગુણસ્થાનો છે તે [मोहनकर्मणः उदयात् तु] મોહકર્મના ઉદયથી થાય છે [वर्णितानि] એમ (સર્વજ્ઞનાં આગમમાં) વર્ણવવામાં આવ્યું છે; [तानि] તેઓ [जीवाः] જીવ [कथं] કેમ [भवन्ति] હોઈ શકે [यानि] કે જેઓ [नित्यं] સદા [अचेतनानि] અચેતન [उक्तानि] કહેવામાં આવ્યાં છે?

ટીકાઃ આ મિથ્યાદ્રષ્ટિ આદિ ગુણસ્થાનો પૌદ્ગલિક મોહકર્મની પ્રકૃતિના ઉદયપૂર્વક થતાં હોઈને, સદાય અચેતન હોવાથી, કારણના જેવાં જ કાર્યો હોય છે એમ કરીને (સમજીને, નિશ્ચય કરીને), જવપૂર્વક જે જવ થાય છે તે જવ જ હોય છે એ ન્યાયે, પુદ્ગલ જ છે -જીવ નથી. અને ગુણસ્થાનોનું સદાય અચેતનપણું તો આગમથી સિદ્ર થાય છે તેમજ ચૈતન્યસ્વભાવથી વ્યાપ્ત જે આત્મા તેનાથી ભિન્નપણે તે ગુણસ્થાનો ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન હોવાથી પણ તેમનું સદાય અચેતનપણું સિદ્ધ થાય છે.

એવી રીતે રાગ, દ્વેષ, મોહ, પ્રત્યય, કર્મ, નોકર્મ, વર્ગ, વર્ગણા, સ્પર્ધક, અધ્યાત્મસ્થાન, અનુભાગસ્થાન, યોગસ્થાન, બંધસ્થાન, ઉદયસ્થાન, માર્ગણાસ્થાન, સ્થિતિબંધસ્થાન, સંકલેશ-સ્થાન, વિશુદ્ધિસ્થાન, સંયમલબ્ધિસ્થાન-તેઓ પણ પુદ્ગલકર્મપૂર્વક થતાં હોઈને, સદાય અચેતન હોવાથી, પુદ્ગલ જ છે-જીવ નથી એમ આપોઆપ આવ્યું (-ફલિત થયું, સિદ્ધ થયું).

માટે રાગાદિભાવો જીવ નથી એમ સિદ્ધ થયું.

ભાવાર્થ :— શુદ્ધદ્રવ્યાર્થિક નયની દ્રષ્ટિમાં ચૈતન્ય અભેદ છે અને એના પરિણામ પણ સ્વાભાવિક શુદ્ધ જ્ઞાન-દર્શન છે. પરનિમિત્તથી થતા ચૈતન્યના વિકારો, જો કે

ચૈતન્ય જેવા દેખાય છે તોપણ, ચૈતન્યની સર્વ અવસ્થાઓમાં વ્યાપક નહિ હોવાથી ચૈતન્યશૂન્ય છે—જડ છે. વળી આગમમાં પણ તેમને અચેતન કહ્યાં છે. ભેદજ્ઞાનીઓ પણ તેમને ચૈતન્યથી ભિન્નપણે અનુભવે છે તેથી પણ તેઓ અચેતન છે, ચેતન નથી.

પ્રશ્ન :— જો તેઓ ચેતન નથી તો તેઓ કોણ છે? પુદ્‌ગલ છે? કે અન્ય કાંઈ છે? ઉત્તર :— પુદ્‌ગલકર્મપૂર્વક થતાં હોવાથી તેઓ નિશ્ચયથી પુદ્‌ગલ જ છે કેમ કે કારણ જેવું જ કાર્ય થાય છે.

આ રીતે એમ સિદ્ધ કર્યું કે પુદ્‌ગલકર્મના ઉદયના નિમિત્તથી થતા ચૈતન્યના વિકારો પણ જીવ નથી, પુદ્‌ગલ છે.

## ગાથા-૬૮ ઉપર પ્રવચન

'હવે કહે છે કે (જેમ વર્ણાદિ ભાવો જીવ નથી એ સિદ્ધ થયું તેમ) એ પણ સિદ્ધ થયું કે રાગાદિભાવો પણ જીવ નથી :—' એમ કરીને મૂળ તો ગુણસ્થાન બતાવવા છે. 'यद्रागादयो भावा न जीवा' એમ છેને? ઉપર છે.

**मोहणकम्मस्सुदया दु वण्णिया जे इमे गुणट्ठाणा।**
**ते कह हवंति जीवा जे णिच्चमचेदणा उत्ता।।६८।।**
**મોહનકરમના ઉદયથી ગુણસ્થાન જે આ વર્ણવ્યાં,**
**તે જીવ કેમ બને, નિરંતર જે અચેતન ભાખિયાં? ૬૮.**

આહા..હા..! ચૌદમું ગુણસ્થાન અચેતન. જ્ઞાનઘન તો જુદો છે એમાં ચૌદમું ગુણસ્થાન ક્યાં આવ્યું? સમજાણું કાંઈ? મોહકર્મના નિમિત્તથી એ તો ભંગ ભેદ પડ્યા. આ યોગના ભેદ .. પડ્યા. સમજાણું કાંઈ? બાર ગુણસ્થાન સુધી મોહકર્મનું નિમિત્ત અને એનો અભાવ. તેર અને ચૌદમાં એક યોગ અને યોગનો અભાવ. બધા પરલક્ષીભાવ એ તો અચેતન છે. આહા..હા..!

'ટીકા :- આ મિથ્યાદષ્ટિ આદિ ગુણસ્થાન...' જુઓ! જૈન પરમેશ્વર સિવાય આ વાત હોય નહિ. એવું પર્યાયનું સ્વરૂપ વ્યવહાર સાબિત કરી અને નિષેધે છે. આહા..હા..! એ 'ગુણસ્થાનો પૌદ્‌ગલિક મોહકર્મની પ્રકૃતિના ઉદયપૂર્વક થતાં હોઈને,...' જોયું! ઓલી

પર્યાપ્તિ અને એકેન્દ્રિયમાં નામકર્મની લીધી હતી. હવે એક ઘાતિનું લીધું. ઓલું એક અઘાતિનું લીધું હતું. આહા..હા..! આઠેય આવી ગયા .. સાથે. એક અઘાતિ કર્મના નિમિત્તથી પર્યાપ્ત અને અપર્યાપ્ત, ઢીંકણું ને ફીંકણું. આ ઘાતિનું નિમિત્ત છે લ્યો! બેય કર્મ છેને. આહા..હા..! **'મોહકર્મની પ્રકૃતિના ઉદયપૂર્વક થતાં હોઈને, સદાય અચેતન હોવાથી,...'** જ્ઞાનઘન ભિન્ન અંદર છે. આ ભેદ પડ્યો જે ગુણસ્થાનનો એ બધા અચેતન છે. આહા..હા..! **'કારણના જેવાં જ કાર્યો હોય છે...'** એ ન્યાયે પુદ્‌ગલ જ છે, જીવ નથી. છેને?

**'(સમજીને, નિશ્ચય કરીને), જવપૂર્વક જે જવ થાય છે...'** જવપૂર્વક જવ થાય. જવપૂર્વક ઘઉં થાય? બાજરો (થાય)? એમ પ્રકૃતિપૂર્વક થયા તે પ્રકૃતિ જડ છે એ પણ અચેતન છે ગુણસ્થાન, જાવ. મોહકર્મ જડ, એના નિમિત્તે થતો ભેદ એ પણ અચેતન છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'જવપૂર્વક જે જવ થાય છે તે જવ જ હોય છે...'** એમ પુદ્‌ગલ છે, પુદ્‌ગલપૂર્વક થયા તે પુદ્‌ગલ જ હોય એમ કહે છે. પુદ્‌ગલ જ છે, જીવ નથી. આહા..હા..! ભગવાન તો જ્ઞાનઘન, નિત્યાનંદ, સચ્ચિદાનંદ સ્વરૂપ એમાં ગુણસ્થાનના ભેદ કેવા? એ તો નિમિત્તથી, વ્યવહારથી કથન કર્યું હતું, પણ એમ છતાં જણાવ્યું કે આ ગુણસ્થાન તે જીવ નથી. એમ છેને! આ ઘડો ઘીનો છે એ માટીમય છે. આ ગુણસ્થાન છે તે જીવ નથી. જીવ તો જ્ઞાનમય છે. સમજાણું કાંઈ? એ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ વદ-૧૫, ગુરુવાર, તા. ૦૭-૦૯-૧૯૭૨
## ગાથા- ૬૮, પ્રવચન-૧૫૬

આ આત્મા અભેદ આનંદ અને જ્ઞાનથી ભરેલું તત્ત્વ અભેદ છે. એવા આત્માની અંતર દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને અનુભવ થાય છે, એ સિવાય બીજો કોઈ એનો ઉપાય નથી. સમજાણું કાંઈ? એથી આ જીવ અધિકાર છેને જીવ-અજીવ? જીવની પરિપૂર્ણતા

બતાવતા એને અજીવથી થયેલા વિકારો અને ભેદો એ બધા એના નહિ (એમ કહે છે). પરમાનંદ સ્વરૂપ, સવારે આવ્યું હતું, સહજ પરમાનંદ પિયૂષ. પરમાનંદના અમૃતમાં લીન એ સ્વરૂપ છે. ત્રિકાળ. પરમાત્મા પોતે અનંત સહજ અમૃત પરમાનંદનું અમૃતસ્વરૂપ એનાથી ભરેલું સ્વભાવવાળું તત્ત્વ જ એ છે.

અહીં કહ્યુંને. **'જવપૂર્વક જે જવ થાય છે તે જવ જ હોય છે એ ન્યાયે, પુદ્‌ગલ જ છે...'** એ ગુણસ્થાન આદિના ભેદો બધા પુદ્‌ગલ છે. આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ તો પુદ્‌ગલ છે. આહા..હા..! એક ઠેકાણે આમ કહે અને બીજે ઠેકાણે સાધન કહે ત્યારે એણે વિચાર કરવો પડશેને. સાધન તો એ ફક્ત ત્યાં હોય છે ભૂમિકામાં એથી બતાવ્યું છે. બાકી સાધન વ્યવહારના પરિણામ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિના પરિણામ એ બધાય બાધક છે, વિઘ્ન છે, બંધના કારણ છે. એક ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એનો આશ્રય કરવાથી જ જીવને મોક્ષનું કારણ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? તો કહે છે કે **'જવપૂર્વક જે જવ થાય છે...'** જવપૂર્વક કોઈ ઘઉં અને બાજરો થાય? એમ પુદ્‌ગલપૂર્વક એ ગુણસ્થાનના ભેદો... આહા..હા..! ભેદો પડે છે એ વિકલ્પ અને મોહને અને જોગને લઈને. એ બધા પુદ્‌ગલ છે કહે છે. પુદ્‌ગલના કારણે ઉત્પન્ન થયેલા માટે પુદ્‌ગલ છે.

ત્યારે બીજા કહે કે અમે તો એમ જ કહીએ છીએ કે વિકાર આદિ કર્મને લઈને થાય. કહે છેને? અને તમે પણ એમ કહો છો કે પુદ્‌ગલને લઈને થયા. કઈ અપેક્ષા છે? પર્યાયમાં થાય છે એ તો જીવની પોતાની દશામાં પોતાને કારણે થાય છે. પણ ત્રિકાળી સ્વભાવને જોતાં, ત્રિકાળી સ્વભાવનો આશ્રય લેતા એમાં એ નથી માટે જેમ કર્મ પર છે એમ એનાથી ભેદ થયેલા ભેદો અને રાગ પણ પર છે. એ અપેક્ષાએ પર છે એમ કીધું. એ અપેક્ષાએ કારણનું કાર્ય કહ્યું છે. સમજાણું કાંઈ? માટે એ કહ્યું પુદ્‌ગલ કારણ છે અને વિકાર એનું કાર્ય છે. કહો, પંડિતજી! ઉપાદાન ક્યાં આવ્યું? પણ વિકાર અને નિમિત્ત અને ભેદ બધી એક ચીજ ગણીને પરના કારણે થયેલી ચીજ છે, સ્વભાવને કારણે થયેલી નથી. આવી વાત તો છે પણ હવે એવી ગુંચવણમાં નાખી દીધી છેને. પછી વિરોધ આવે. વીતરાગ માર્ગ એક કોર આમ કહે કે પુણ્ય અને વિકલ્પ, દયા, વ્યવહાર આદિનો ભાવ એ બધો ઝેર છે, બંધનું કારણ છે અને એક બાજુ પાછા એ પરિણામને મોક્ષના કારણરૂપે વ્યવહાર કહે તો વિરોધ આવે. વીતરાગ વચનમાં વિરોધ હોય નહિ. સમજાય છે કાંઈ? અહીં કહ્યું છે એ ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિ જોતાં, અંતર વસ્તુ ભગવાન આત્માને જોતાં, અનુભવમાં આવતા એ બધા ભેદો રાગાદિ અંતર અનુભવમાં આવતા નથી. એથી કારણ જેવું કાર્ય કહ્યું છે. પુદ્‌ગલ કારણ છે અને રાગાદિ અને ગુણસ્થાન ભેદ એના કાર્ય છે. આહા..હા..!

આમ જુઓ તો એક એક સમયની પર્યાય દરેક દ્રવ્યની સ્વતંત્ર સત્ છે. સમજાણું કાંઈ?

પરને કારણે બિલકુલ નથી. અહીંયાં જે કહેવું છે એ બીજી અપેક્ષા છે.

ભગવાન ચૈતન્યસ્વરૂપનો અમૃતનો સાગર પ્રભુ છે એ કેમ બેસે? એક તો શરીરની જુવાની હોય ફાટેલી, એમાં વળી કાંઈક પૈસા હોય અને આબરૂ હોય. આહા..હા..! અને શાસ્ત્રના ભણતરના વાદવિવાદનું સાધન હોય. પંડિતજી! પછી કહે, નહિ, આ વાત અમારી સાચી, તમારી ખોટી છે. ભગવાન! .. સત્ સ્વરૂપ જે ભગવાન સત્ છે એમાં આ બધા ભાવો બધા અસત્ છે. એથી એ અસત્ ભાવો સત્માં આવતા નથી. એ અપેક્ષાએ પુદ્ગલ કારણ અને આ બધા કાર્યો કહેવામાં આવે છે. આ જવપૂર્વક જવ એમ કીધુંને? એ તારો સ્વભાવ નથી. એ અપેક્ષાએ એને વિભાવને, ગુણસ્થાનને પુદ્ગલ કારણ અને એનું આ કાર્ય માટે બેય પુદ્ગલ છે એમ કીધું છે. આહા..હા..! શું થાય પણ? વાત આ છે.

મહાપ્રભુ ચૈતન્ય આનંદકંદ છે. એની દૃષ્ટિમાં એને લેતા, એનો અનુભવ કરતાં એ બધા ભેદો અને રાગ અનુભવથી વેગળા રહી જાય છે. માટે એને પુદ્ગલના કારણનું કાર્ય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પણ પાછા ઉપાદાન-નિમિત્તની ચર્ચા આવે ત્યાં વળી એમ કહે કે જુઓ! એ પુદ્ગલને લઈને થાય છે. એ નિમિત્તની દલીલ બરાબર છે એમ કહે છે. ઓલી ૪૭ બોલ છેને. ઉપાદાનના.. અજીતપ્રસાદ ગયા હતા, ગુજરી ગયા બિચારા. મળ્યા હતા ત્યાં .. આવ્યા હતા વ્યાખ્યાનમાં. કહ્યું આવો. સાંભળો બાપુ. એ ખબર છે... એથી કોઈ વ્યક્તિ પ્રત્યે વિરોધ હોય? દ્વેષ હોય? સાંભળવા બેઠા .. ત્યાં આમ બતાવ્યું બધું. ગુજરી ગયા બિચારા.

મુમુક્ષુ :- મહાવીર જયંતિ.

ઉત્તર :- મહાવીર જયંતિ. પડી ગયા. અરેરે! આ આત્મા...

અહીં જવપૂર્વક જવ થાય કીધુંને? તો પુદ્ગલપૂર્વક પુદ્ગલ છે એ રાગાદિ દ્વેષ દયા, દાન અને વ્યવહારના વ્રત એ પુદ્ગલપૂર્વક થતા હોવાથી તેને પુદ્ગલ કહ્યા છે. આ અપેક્ષા છે. સમજાણું કાંઈ? કેમકે એનું અચેતનપણું તો આગમથી સિદ્ધ છે. છેને?

'**ગુણસ્થાનોનું સદાય અચેતનપણું...**' આહા..હા..! અચેતનપણું તો આગમથી, સિદ્ધાંતથી, વીતરાગની વાણીથી સિદ્ધ છે. તેમ જ... એ આગમ કીધું, હવે અનુભવ કહે છે. '**ચૈતન્યસ્વભાવથી વ્યાપ્ત જે આત્મા...**' ચૈતન્યસ્વભાવથી વ્યાપ્ત જે આત્મા. લ્યો અહીં વ્યાપ્ત આત્મા આવ્યો. નહિતર પર્યાય વ્યાપ્ય અને આત્મા વ્યાપક એ અપેક્ષા અહીં નથી. અહીં ચૈતન્યસ્વભાવથી પ્રસરેલો ભગવાન આત્મા. જાણકસ્વભાવથી રહેલો, પ્રસરેલો આત્મા, ચૈતન્યસ્વભાવથી જ વ્યાપેલો આત્મા એ ગુણસ્થાનના ભેદરૂપે વ્યાપતો નથી. આહા..હા..! ભારે આવી વાતું ભાઈ! સમજાણું કાંઈ? ઓલાને અચેતન કહ્યાને? ગુણસ્થાન, રાગ-દ્વેષ, દયા-દાન, વ્રત-ભક્તિના પરિણામ બધા અચેતન કહ્યા. ત્યારે આત્મા ચૈતન્ય સ્વભાવથી

વ્યાપ્ત છે. એ અચેતનથી વ્યાપ્ત નથી. આમ છે, ભાઈ!

ગોમ્મટસારમાં એમ આવે કે જ્ઞાનાવરણીય મોહનીયને લઈને જ્ઞાન રોકાણું, ... નથી કહે છે. અહીંયાં આ આવે કે પુદ્ગલપૂર્વક થયા માટે પુદ્ગલ. હવે એને શી રીતે માનવું? તારાથી થાય ત્યારે કર્મ નિમિત્ત કહેવાય. પણ બીજે બધે છેને. કર્તાકર્મમાં પણ આવશે. જીવની સત્તામાં એ ક્યાં છે? જેને જીવ કહીએ, આત્મા કહીએ એ તો ચૈતન્યસ્વભાવથી વ્યાપ્ત એની સત્તા છે. સમજાણું કાંઈ? વ્યવહારના રત્નત્રયના વિકલ્પોની સાથે વ્યાપ્ત એ આત્મા નથી. આહા..હા..! ભાઈ! દેહના ટાણા છૂટવાના આવ્યા. એને ટાણે પણ જો આ વાત વાદવિવાદમાં રાખશે તો ભવભ્રમણ નહિ મટે, ભાઈ! સમજાણું કાંઈ? માથે ભવભ્રમણનો માથે મોટો બોજો છે. એ સ્વભાવને આશ્રયે ટળે, બાકી કોઈ રીતે ઉપાય નથી. સમજાણું કાંઈ? નિર્ણય તો કરે. જ્ઞાનમાં એનો સ્વભાવનો સત્કાર તો કરે કે ઓહો..! ચૈતન્ય સ્વભાવથી વ્યાપ્ત ભગવાન એની દૃષ્ટિ કરવી, એનો આશ્રય લેવો એ એક જ ધર્મ છે. બાકી કોઈ પરના આશ્રયમાં જેટલા વિકલ્પ ઉઠે, ભગવાનનો આશ્રય લેવા જાય, શાસ્ત્રનો લેવા જાય, ગુરુનો લેવા જાય એ બધો વિકલ્પ અને રાગ. આહા..હા..! ભારે આકરું કામ હોં!

‘**જે આત્મા તેનાથી ભિન્નપણે તે ગુણસ્થાનો**...’ એટલે? જ્ઞાયકસ્વભાવ, ચૈતન્યભાવ એ વ્યાપ્ત એવો પ્રભુ એનો અનુભવ કરતાં, વસ્તુના સ્વભાવનો અંતર આશ્રય લેતાં જે અનુભવ થાય ‘**તે ગુણસ્થાનો ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન હોવાથી**...’ ભિન્નપણે એ તો ઉપલભ્ય છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ ગુણસ્થાન ચૌદ, જીવસ્થાન ચૌદ, માર્ગણાસ્થાન ચૌદ બધાય, કહે છે કે એ પુદ્ગલના પરિણામ હોં. ભાઈ! તું તો ચૈતન્યબિંબ પ્રભુ છોને અંદર. એ તારું સ્વરૂપ આત્મા તો ચૈતન્ય સ્વભાવ, જાણકસ્વભાવથી વ્યાપ્ત છે એ આવા ભેદ અને રાગથી વ્યાપ્ત છે નહિ. એ કારણે પુદ્ગલપૂર્વક હોવાથી પુદ્ગલને કારણે નિમિત્તથી હોવાથી એને પુદ્ગલ કહીને સ્વભાવનો અનુભવ કર એમ કહ્યું છે. સમજાણું કાંઈ? આકરું કામ ભારે.

‘**ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન હોવાથી પણ તેમનું સદાય અચેતનપણું સિદ્ધ થાય છે.**’ જ્ઞાન ભગવાન આત્મા જ્ઞાનથી વ્યાપ્ત છે એવો અંતર દૃષ્ટિએ અનુભવ કરતાં એના અનુભવથી ગુણસ્થાન તો ભેદરૂપે જુદા રહી જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! શું કહે આમાં માણસ? શું આમાં ધર્મ કરીએ. લ્યો કેટલાક કહે કે તમે ધર્મ નવો કાઢ્યો એમ કહે. આમાં લખ્યું છે કે નહિ? આમાં કેમ છે? આ સોનગઢનું લખેલું છે?

મુમુક્ષુ :- છાપ્યું તો સોનગઢમાંથી છેને.

ઉત્તર :- છાપે ગમે ત્યાં એનો અર્થ શું થયો?

મુમુક્ષુ :- સમજ્યા વિના...

ઉત્તર :- ના ના, એ તો એની દૃષ્ટિ (ખોટી), બેસતું નથી.

વસ્તુ મહાપ્રભુ ચૈતન્ય અને આનંદથી વ્યાપ્ત પ્રભુ. એવા આત્માની દૃષ્ટિ અને અનુભવ કરતાં એ અનુભવથી તો ગુણસ્થાન ભેદો ભિન્ન રહી જાય છે માટે તે ચૈતન્ય સ્વરૂપ છે નહિ. આહા..હા..! હજી તો આ શરીર અને માંસ અને હાડકા એનાથી જુદો માનવો ત્યાં પરસેવા ઉતરે. આ તો કો'કની ચીજ. ભેદ તો થાય છે રાગ એના પુરુષાર્થથી એની પર્યાયમાં. સમજાણું કાંઈ? આ તો કાંઈ એને લઈને નથી અને આ તો જડ માટી જગતનું તત્ત્વ છે. પણ એની ભાષા એવી છે. વીરસેનસ્વામીએ એવા લખાણ કેટલાક છે વ્યવહારના. જીવ અને શરીર અભિન્ન છે. વ્યવહારે તો શું કહે? ... અભિન્ન છે. આહા..હા..! ઘણું લખાણ. એ વાંચનારને એમ થાય. એ તો આમાં પણ એ આવ્યું? વ્યવહારનયે શરીર અને જીવ એક છે. સ્તુતિમાં આવ્યું નહોતું? એ કઈ અપેક્ષાએ? બેય નિમિત્ત-નૈમિત્તિક સંબંધને લઈને એક કહેવામાં આવે છે. પણ એ એક છે નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વ્યવહારનો અર્થ જ ઉપચાર છે, વ્યવહારનો અર્થ જ ઉપચાર છે. ખરેખર તો દ્રવ્ય સ્વરૂપ જે ત્રિકાળ (છે) એની અપેક્ષાએ પર્યાય વ્યવહાર પણ ઉપચાર છે. સાચી નિર્મળ હોં! આહા..! એક સમય, એક સમય એટલે શું? અને આ તો ત્રિકાળ ત્રિકાળ આદિ-અંત વિનાની ચીજ એકલું આનંદનું ચોસલું. આહા..હા..! આનંદનો કંદ એનો અનુભવ કરતાં-એની સામું જોતા એમાં ભેદ દેખાતો નથી, ભેદ આવતો નથી એમ કહે છે. સમજાણું કાંઈ? એથી તે સદાય અચેતનપણું સિદ્ધ થાય છે. આહા..હા..!

'**એવી રીતે રાગ,...**' લ્યો! એ વ્યવહારરત્નત્રયનો રાગ, ભગવાનના સ્મરણનો રાગ, દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા છે એવી શ્રદ્ધાનો રાગ એ પુદ્ગલ છે કહે છે. કેમકે જવપૂર્વક જવ થાય એટલે કારણ જેવું જ એ કાર્ય થાય. આહા..હા..! એક પ્રકૃતિનું કાલે લીધું હતું એકેન્દ્રિય, બે ઇન્દ્રિય. આ હવે અહીં મોહ લીધો. અઘાતિના નિમિત્તથી થતું કાર્ય તે તેનું (જડનું) છે. હવે અહીંયાં ઘાતિના નિમિત્તથી થતું કાર્ય તે જડનું છે. એકલો ભગવાન જુદો ચિદાનંદ સ્વરૂપે જ્ઞાનની મૂર્તિ. ઓહો..હો..! આ ધવલમાં, જય ધવલમાં જોવાય છેને એક દરિયો ફાટ્યો. ઓહો..હો..! અત્યારે તો એ મોઢે રહી શકે નહિ. એનો અભ્યાસ .. એવી ચીજ એ. વીરસેનસ્વામીનું એ લખાણ ઓહો..હો..! જેનો પર્યાયમાં આટલો ક્ષયોપશમ એના ગુણની શું વાત કરવી? અથવા હજી તો ક્ષયોપશમ પર્યાય. લાખો, કરોડો, અબજો શબ્દો ભર્યા છે. અબજોના અબજો. અપર્યાપ્તિમાં આમ છે, પર્યાપ્તિમાં આમ છે. ઓહો..હો..!

સવારે કહ્યું હતું કે સમકિત પલ્યોપમના અસંખ્ય ભાગ પ્રમાણે જો સમકિત સ્થાન રહે નિશ્ચયથી મોક્ષ થાય. એટલે કે પલ્યોપમનો અસંખ્ય ભાગ જો આવી જાય તો એને તો

મોક્ષ જ થાય. ક્ષયોપશમમાં .. આવે છેને. સંયમ ૩૨ વાર આવે તો મોક્ષ જ થાય. સંયમ સ્વરૂપમાં રમણતા આનંદની એને ૩૨ વાર આવ્યું એટલે મુક્તિ. ... અસંખ્ય ભાગમાં સમકિત આવે ... કારણ કે ક્ષયોપશમ .. આવે છેને. .. આહા..હા..! એક-એક વર્ણવ્યું છે એમાં, ગજબ વાત છે!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એકમાં ન હોય. આ તો અર્ધ... સમજાણું કાંઈ?

એવું સ્વરૂપ ભગવાન આત્માનું કે એનો અનુભવ અને પ્રતીત અસંખ્યમાં આવે એટલે કેવળજ્ઞાન થાય, થાય ને થાય જ. એમાં પંચમકાળની વાતું તો એને પાંચ, દસ, પંદર ભવે તો ખલાસ થઈ જાય. એવી સ્થિતિ છે. સમજાણું કાંઈ? એ ક્ષયોપશમનો પર્યાય એટલો.. અબજો... અબજો... અબજો... શબ્દો.. એ તો વળી આ લોકો પંડિતોએ અભ્યાસ કરીને કર્યું ગુજરાતીમાં અનુવાદ. બાકી તો દરિયો ભર્યો છે. ઓહો..હો..! એટલી તો એ ક્ષયોપશમ પંચમ આરાના જીવની એક પર્યાય, એની ક્ષાયિક પર્યાયની વાત શું કરવી? એવી એવી પર્યાયનો પિંડ પ્રભુ.

આવ્યું હતુંને? સામાન્ય ચૈતન્યમાં ચૈતન્યની વિશેષ વ્યક્તિઓ અંતરમગ્ન છે. અવ્યક્ત બોલ. છ બોલ. માટે તેને અવ્યક્ત કહીએ. શું કહેવું એને માટે કહે છે. મહાપ્રભુ. ... તો આ વૈંકુઠમાં પ્રભુ થઈ ગયો. વ્યંતરનો. .. વ્યંતરનો એનો ઓરડો જોવો તો વૈકુંઠ જેવો. સાધારણ પ્રાણીને તો બિચારાને એમ લાગે કે આ ત્યાંથી આવ્યો અને ભાસ થઈ ગયો હોય મગજમાં. તો એમ જ થઈ જાય કે હું વૈકુંઠમાંથી આવ્યો છું અને કદાચ બ્રહ્મચર્ય આદિ હોય તો પાછું જાવું હોય ત્યાં એટલે વળી વૈકુંઠમાં જઈએ છીએ. આહા..હા..! અરે.. ભાઈ! ઓલાને વળી સત્. રાધા-કૃષ્ણ છેને ત્યાં આગ્રા. રાધાસ્વામી. કેટલા કરોડોનું મકાન હોં. ૨૦૧૩માં ગયા હતા ત્યારે સાડા ત્રણ કરોડ રૂપિયા તો તે દિ' થયા હતા. હજી તો .. રાધાસ્વામી આગ્રામાં. જોયું છે તમે? અમે ગયા હતા. એકવાર જોવા ગયા હતા. જોયું છે કે નહિ? દયાલબાગ. સાડા ત્રણ કરોડ તે દિ' હોં! ૨૦૧૩ની સાલ. સાડા ત્રણ કરોડમાં તો પછી એ મકાનનું .. સુધી આવ્યું હતું. વૈષ્ણવ પંથ મોટો પંથ છે. .. માણસ એ બધા માને. સત્ .. સત્.. ભાઈ! ક્યાં સત્ છે એ? આ મહા સત્ જેની નજરું કરતા અનંતા આનંદનો સ્વાદ જેને આવે. જેનો આશ્રય લેતા, સમીપમાં જાતા મહાસત્ પ્રભુ જ્યાં સમીપમાં આવ્યો, સમીપમાં જાતા સમીપમાં આવ્યો એમ કહે છે. સમજાણું કાંઈ? એ સત્‌ની શું વાત!

મહાસત્ પ્રભુ, કહે છે, એમાં જે આ રાગ થાય... શુભ-અશુભ રાગ બેય એ પુદ્‌ગલ છે એમ કહે. કેમકે પુદ્‌ગલના નિમિત્તે થયું. કારણ એવું કાર્ય એમ સિદ્ધ કરવું છેને? આ અપેક્ષાએ સિદ્ધ કરવું છેને. તકરાર કરે, વાદવિવાદે પાર ન પડે પ્રભુ. સમજાણું કાંઈ? રાગને

એકલો પુદ્‌ગલ કહ્યો. બીજે ઠેકાણે રાગને સાધન કહ્યું. નિયતનો હેતુ. એય..! પંડિતજી! આવે છે કે નહિ? ભાઈને તો મોઢે છે. નિયતનો હેતુ. નિયત શબ્દ પડ્યો છે. વ્યવહાર નિયતનો હેતુ. વ્યવહાર પુદ્‌ગલ એ નિયત નિશ્ચયનો હેતુ. એ તો નિયતની ભૂમિકામાં ક્યા પ્રકારનો રાગની મર્યાદાવાળો ભાવ હોય છે એટલું જણાવવા તેને સાધક અને કારણ કહેવામાં આવે છે. અહીં તો કહે છે કે પુદ્‌ગલ કારણને લઈને રાગ થયો છે. હવે એ પુદ્‌ગલને કારણે રાગ અને રાગને કારણે પાછો નિશ્ચય ધર્મ! સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- એ તો પુદ્‌ગલથી ધર્મ થયો.

ઉત્તર :- પુદ્‌ગલથી ધર્મ થયો.

અહીંયાં જે કહે છે એ બીજી વાત છે. ભગવાન પૂર્ણાનંદનો નાથ અતીન્દ્રિય આનંદનો સાહેબો જેની નજરુંમાં જતા તે રાગ એમાં નજરની સાથે ભેગો આવતો નથી. સમજાણું કાંઈ? એથી એને પુદ્‌ગલના કારણે થયેલો તેને પુદ્‌ગલ કહેવામાં આવે છે. આહા..હા..! રાગ કીધોને? તો એમાં રાગ બધો આવી ગયો કે નહિ? કાલે આવ્યું હતું નહિ? વિષકુંભ. આહા..હા..! ભગવાનની વાણી સાંભળવાનો ભાવ પણ રાગ. આહા..હા..! એ વિષકુંભ. આ વાત જીરવવી કઠણ પડે માણસને.

એક જણો એમ કહેતો હતો બિચારો હોં. અરેરે! વીતરાગની વાણીથી પણ લાભ ન થાય? એને જીભ નહિ મળે. વાત તો સાચી છે, વાત તો સાચી છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ ત્રણ લોકના નાથ એની શ્રદ્ધા અને એની ભક્તિથી ધર્મનો લાભ ન થાય? આ લોકોને જીભ નહિ મળે કહે. જીભ શું, અશરીરી થાશે. વાત સાચી. પાંચેય ઈન્દ્રિય નહિ મળે. આહા..હા..! પાંચ ઈન્દ્રિય શરીરના અવયવો છેને? શરીર નહિ હોય તો પાંચ ઈન્દ્રિય કેવી? આહા..હા..! ઈન્દ્રિયથી તો અધિક ભિન્ન છે. ભિન્નવાળાને ભાનમાં ભિન્નનું ભાન થયું એને ઈન્દ્રિય કેવી? એને શરીર કેવા હવે? આહા..હા..! વર્તમાનમાં જ શરીર અને ઈન્દ્રિય એની નથી. પછી વળી પછી એને શરીર અને ઈન્દ્રિય મળશે (એ વાત જ ક્યાં રહી?). આહા..હા..! સમજાણું કાંઈ?

'**રાગ,...**' એમ '**દ્વેષ,...**' લ્યો! છે તો ચારિત્રમોહના ઉલટા પરિણામ. ચારિત્રમોહના ઉલટા પરિણામ છે આ દ્વેષ. કર્મને કારણે દ્વેષ થાય એમ કહે છે અહીં તો. એનો આશ્રય હતોને પુદ્‌ગલનો, પરનો. અહીંયાં આશ્રય ક્યાં હતો? ભગવાનનો આશ્રય લે તો ત્યાં તો આનંદ અને શાંતિ આવે. એટલે જેનો આશ્રય લીધો તે જાતનો એ છે એમ કહેવામાં આવે છે. '**દ્વેષ, મોહ,...**' આ પર તરફની સાવધાની વિકલ્પની જાત જેટલી છે એ બધી પુદ્‌ગલ છે. સ્વ તરફના સાવધાનમાં જે જતા આનંદ આવે એનાથી પર તરફમાં જતો મોહ તેની સાથે ભળતો, મળતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવું સ્વરૂપ! આહા..હા..! વીતરાગ

ત્રણ લોકના નાથ સભામાં આમ પ્રકાશે છે. સમજાણું કાંઈ? પરમેશ્વર સર્વજ્ઞદેવ એવા જિનચંદ્ર જિનચંદ્ર વીતરાગભાવથી શીતળભૂત થઈ ગયેલા એને ઈચ્છા વિના વાણીમાં આવું આવ્યું. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે જેને અંતર સ્વરૂપ ભગવાન પૂર્ણાનંદની દૃષ્ટિ અને ભાન થયા એનાથી દ્વેષ જુદો રહી જાય છે. એ ભાન કેવળજ્ઞાનીને બોલાવે છે. આવે છેને ધવલમાં? મતિ-શ્રુતજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે, આવ... આવ... ભાઈ આવ. સમજાણું કાંઈ? દ્વેષનો ભાવ દૂર રહી ગયો અને આત્માના અનુભવની દૃષ્ટિ કેવળજ્ઞાનને બોલાવે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? એને પડકાર મારે છે કે આવ હવે નજીક, દૂર નહિ રહેવાય તારાથી. સમજાય છે કાંઈ? અને કેવળજ્ઞાનની મૂડી જે આત્માની એને અમે જાણી છે. એ મૂડીના ભાનમાં અમે પોકાર કરીએ છીએ કે કેવળજ્ઞાન આવો અલ્પ કાળમાં. એ પડી જશું અને રાગમાં આવશું એ વાત ત્યાં રહેતી નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? ભીખાભાઈ! એય..! અહીં આવ.. આવ.. એમ કહે છેને માણસ?

અહીં તો કેવળજ્ઞાન એક સમયની પર્યાય ત્રણ કાળ, ત્રણ લોકને પરની અપેક્ષા વિના જે જાણે એવું નમો અરિહંતાણં સર્વજ્ઞપદ એ સર્વજ્ઞ સ્વભાવી ભગવાન આત્મા પરની અપેક્ષા વિનાનું તત્ત્વ એનો અનુભવ કરતાં એ બધો ભેદ અને દ્વેષ આદિ પર રહી જાય અને કેવળજ્ઞાન દૂર છે એને નજીક કરે. કનુભાઈ! આવો માર્ગ છે આ. જજ છે અમદાવાદ. ત્યાં આવું ક્યાં જજમાં હોય? કનુભાઈ! ત્યાં તો ગપ્પા મારવાના હોય બધા. આહા..હા..! આ તો ભગવાનના કાયદા છે. કેવળજ્ઞાની પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકર(ના કાયદા છે). આહા..હા..!

કહે છે કે એ '**મોહ,...**' એ પર પ્રત્યેનું કારણ તે કાર્ય છે. મારું નહિ. કારણ કે મારો સ્વભાવ જે ભગવાન પૂર્ણાનંદ એને જ્યાં હું ભેદજ્ઞાનથી, પરથી ભિન્ન પડીને અનુભવું છું ત્યાં એ મોહ ભિન્ન રહી જાય છે. સમજાણું કાંઈ? મારો હોય તો મોક્ષ થયા વિના રહે નહિ કહે છે. મેં મારા ભગવાનને પકડ્યો અને એમાં મોહ આવતો નથી માટે મોહ પર છે. એ પુદ્ગલના કારણે ઉત્પન્ન થયેલું પુદ્ગલ છે.

મુમુક્ષુ :- ભિન્નનો કર્તા ભિન્ન...

ઉત્તર :- ભિન્ન છે.

'**પ્રત્યય,...**' મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ. ચાર પ્રત્યય છેને આસ્રવ? મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ એ પુદ્ગલથી થયેલા પુદ્ગલ છે. કહો, સમજાણું કાંઈ? એક કોર કહે કે એ પાંચેય મિથ્યાત્વ, અવ્રત, કષાય, યોગ બંધના કારણ છે, જીવતત્ત્વમાં છે, ઉમાસ્વામી એમ કહે.. કુંદકુંદાચાર્ય એમ કહે કે જીવતત્ત્વમાં નથી. આહા..હા..! ... કઈ અપેક્ષાએ કહે છે? એ તો એની પર્યાયમાં એનાથી થાય છે એમ જણાવવા જીવતત્ત્વ કહ્યું. પણ ત્રિકાળ

સ્વભાવની દૃષ્ટિવંતમાં એ ભેગો અનુભવમાં આવતો નથી માટે એને પુદ્‌ગલ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**કર્મ,...**' એ તો ચોખ્ખા જડ છે. કર્મ પુદ્‌ગલથી થયા માટે કર્મ પુદ્‌ગલ. આ તો ભાવ, અહીંનો ભાવ ત્યાંથી થયો માટે પુદ્‌ગલ એમ. '**નોકર્મ,...**' શરીરાદિ, વાણી આદિ એ બધા પુદ્‌ગલ. '**વર્ગ, વર્ગણા,...**' પરમાણુના સરખા રસ દેવાના પરમાણુ એને વર્ગ કહીએ એનો ઘણા વર્ગોનો સમૂહ તેને વર્ગણા કહીએ. એનો ઘણી (વર્ગણાનો) સમૂહ તેને સ્પર્ધક કહીએ. '**અધ્યાત્મસ્થાન,...**' લ્યો! આત્મામાં પરને માનવાના જેટલા અધ્યવસાય સ્થાન .. એ બધા પુદ્‌ગલના છે. કહો, સમજાણું કાંઈ? કોને? એના ઉપર દૃષ્ટિ છે એને નહિ. જેને રાગ અને રાગનો અધ્યવસાય આત્મા સાથે એકપણે માન્યો એને નહિ. આ તો ભેદજ્ઞાન ચિદાનંદ સ્વરૂપ પ્રભુ સ્વભાવની ધ્રુવતાને દૃષ્ટિમાં લઈને અનુભવ થાય એ અનુભવમાં એ અધ્યાત્મસ્થાન આવતા નથી માટે તે જુદા રહી જાય છે. કહો, સમજાણું કાંઈ? આવો ધર્મ કઈ જાતનો? આમ તો પર્યુષણમાં દયા પાળો, અપવાસ કરો, વ્રત કરો, શું કહેવાય એ બધું?

મુમુક્ષુ :- .. છોડાવો.

ઉત્તર :- ... છોડાવો. ... દયા પાળો, અપવાસ કરો, વ્રત કરો, જાનવર છોડાવો, સિદ્ધચક્રની પૂજા કરો, શાંતિ શું કીધું? શાંતિસ્નાત્ર કરાવો. આવી વાત તો ક્યાંય આવતી નથી આમાં.

મુમુક્ષુ :- ઊંચી જાતની વાત છે.

ઉત્તર :- ઊંચી નહિ આ સાચી જાતની વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? પાંજરાપોળમાં ઢોર છોડો, વિધવાના આંસુ લુછો, કપડા વિનાવાળાને કપડા આપો, અનાજ વિનાનાને અનાજ આપો, તરસ્યાને પાણી પાવ, મકાન વિના માણસને મકાનનો આશરો આપો. એ તો સમજાય પણ ખરું એમાં કાંઈક.

મુમુક્ષુ :- ..માં બહુ જોર દે છે.

ઉત્તર :- ધૂળેય નથી જોર. એમાં શું છે? આહા..હા..! એનું જોર હોય કે રાગથી ભિન્ન પડવાનું જોર વિશેષ હોય? જો ભૂખ્યાનું જોર હોય તો એવું તો અનંત વાર કર્યું છે. આહા..હા..! રાગના વિકલ્પથી ભિન્ન પડીને સ્વભાવનો આશ્રય લેવો એ અનંતો પુરુષાર્થ છે. એમાં જોર છે. બાકી બધા થોથા છે. આહા..હા..! અપવાસ કરી કરીને મરી જાય ચોવિહાર કરે, નિર્જરા અધિકારમાં આવે છે, મહાવ્રતના બોજા પાળી પાળીને મરી જા, સુકાઈ જા. ધર્મ નથી. સમજાણું કાંઈ? સ્વરૂપચંદજી! આવો માર્ગ ભારે આકરો! ગુરુની સેવા કરવાથી કલ્યાણ થાય. અહીં કહે કે ગુરુ પરદ્રવ્ય છે હોં! એની સેવાનો ભાવ તો રાગ છે. સેવા શું કંઈ પગ દાબવા છે? ગુરુને પગ ક્યાં હતા? એ તો આત્મા છે. આહા..હા..! ઈ કહે ઈ માનવું એ પણ વિકલ્પ અને રાગ છે એમ કહે છે. સમજાણું કાંઈ? ત્રીજી ગાથામાં આવે છે. એક તો પોતે

અજ્ઞાની છે અને આત્માને પામેલાની સેવા કરી નથી. આવે છે? ત્રીજી ગાથામાં આવે છે. **'एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोए'** તને પોતાને આત્મજ્ઞાન શું છે એની ખબર નથી અને આત્મજ્ઞાન પામેલાની સેવા કરતો નથી. સેવા નથી એટલે? આ શું કહે છે એમ જાણીને અંતરમાં ઉતરવાની દરકાર કરતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે એ **'અધ્યાત્મસ્થાન,...'** આત્મા નહિ, એ તો બધા પુદ્ગલના. કોને? સ્વભાવના આશ્રયે જાય તેને. એને આશ્રયે જાય એ તો એના છે. સમજાણું કાંઈ? આવું તે ભારે પર્યુષણમાં લ્યો! મુંબઈમાં તો કેટલા માણસ ભેગા થાય લ્યો, ધમાલ બોલાવે તમારે. અઠમ કરો, ચોવિહારી અઠ્ઠાઈ કરે અને એક અઠમ કરે અને એક પોરસી કરે તો પચ્ચીસ અપવાસનો લાભ. જેઠાભાઈ! સાંભળ્યું છે કે નહિ? પણ ક્યાં તારા અપવાસ હતા, સાંભળને. ઉપ નામ સમીપમાં, આનંદના સમીપમાં જઈને વસવું એનું નામ ઉપવાસ છે. એની તો ખબર ન મળે. સમજાણું કાંઈ? ભગવાન આત્માને છોડીને ક્રિયાકાંડનો રાગ (થાય) એ તો ભગવાનને સમીપે છોડ્યો, વિકારની સમીપે ગયો. આહા..હા..! ભારે આકરી વાત ભાઈ! વીતરાગમાર્ગ ત્રણ કાળ, ત્રણ લોકમાં ક્યાંય છે નહિ, પણ વાડાવાળાને ખબર ન મળે સંપ્રદાયમાં જન્મ્યા એને પણ. આહા..હા..! આ તીર્થંકર પરમાત્માનું કહેણ છે. સમજાણું કાંઈ?

એક ફેરી કહ્યું હતું. અહીં કહ્યું હતુંને? સારા ઘરનું કહેણ આવે કન્યાનું તો વધાવી લે છે. છોકરો એકનો એક હોય અને સારા ઘરનું કહેણ આવે કરોડપતિનું. પોતે પાંચ-દસ હજારની મૂડી હોય અને કન્યા રૂપાળી અને સારી હોય પાછી. સાધારણ હોય તો તો ... કહેણ આવે એવું સ્વીકારી લે. અરે! તમને કોણ .. બાપા એમ કહે. તમે અમારે ઘરે આવ્યા.

એમ અહીંયા ત્રણ લોકના નાથનું કહેણ છે. ભગવાન આત્માની સમીપમાં જા તને ત્યાં આત્માનો આનંદ આવશે. સમજાય છે કાંઈ? દૂર ન રહે. સમીપમાં કર-લગન કર એની સાથે. આહા..હા..! સમજાણું કાંઈ? એ કહેણને કોણ ન વધાવે? આહા..હા..! દુનિયા દુનિયાની જાણે, દુનિયા દુનિયામાં પડી. સમજાણું કાંઈ? દુનિયાના વાદ અને વિવાદને આડે ક્યાંય હાથ આવશે નહિ. આહા..હા..! બધી ખબર નથી? આહા..!

કહે છે, અધ્યાત્મ સ્થાન પુદ્ગલના છે. આહા..હા..! **'અનુભાગસ્થાન,...'** એ તો ઠીક. કર્મના અનુભાગ છેને. પરમાણુમાં રસ દેવાની શક્તિ એ તો જડમાં છે, જડની છે. **'યોગસ્થાન,...'** કંપનના સ્થાન, આત્માનું કંપન થાય એના સ્થાન. આહા..હા..! મન, વચન અને કાયાના રજકણોના આલંબને પ્રદેશ કંપે એવા યોગસ્થાન. પંદર યોગ એ પુદ્ગલ છે કહે છે. સમજાણું કાંઈ? ભગવાન અકંપસ્વરૂપ પરમાત્મા એના સમીપમાં જતાં એ યોગો દૂર રહી જાય છે. સમજાણું કાંઈ? ઓહો..! એવી વીતરાગની વાણી ક્યાં છે? સમજાણું કાંઈ? પરમાત્મા ત્રિલોકનાથ ફરમાવે છે બાપુ! પ્રભુ! તું આવો છો હોં! તારી પર્યાયમાં

પર્યાયવાનનો આદર કરતા આ બધા યોગસ્થાન જુદા રહી જાય. તારામાં ભળશે નહિ, એનો મેળ તારી સાથે થાશે નહિ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

વાણિયાને ઘરે લગન હોયને. વાણિયા કરોડપતિ દશાશ્રીમાળી. ગરીબ વાણિયો હોય તો માંડવામાં વયો જાય અને કોળી, કણબી જો આવ્યા હોય ઓલા ઢોરની સાથે આવે ખરા લેવા સોપારી ને શું કહેવાય એ? ખારેક. અંદરમાં ન જઈ શકે, બારણે ઉભા રહે. એ દૂર રહે. કોળી સમજો છો? આ લગન હોય છેને લગન? ઢોલ વગાડેને? લગન હોય છેને. ઢોલ વગાડે. બાયું લેવા જાય. ઠામ, કુંભારના ઠામ લેવા જાય, વાસણ લેવા જાય. પછી ગાતા ગાતા જાય. ચાક વધાવવા જાય. પછી આવે વળતા એટલે ખારેક વહેંચે. પણ એ વાણિયાનો દીકરો ભલે ગરીબ હોય તો એ અંદર માંડવે જાય. કોળીનો દીકરો સાધારણ હોય તો માંડવે ન જાય. આપણે દૂર રહો. સમજાણું કાંઈ?

એમ અંતર અનુભવમાં યોગ અને સ્થાન બધા જુદા રહી જાય છે. ત્યાં રહે. બહાર રહે, અંદરમાં આવીશ નહિ તું. આહા..હા..! સમજાણું કાંઈ? 'આવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન' આહા..હા..! અરેરે! એ વાડા સંપ્રદાયમાં જન્મે એને સાંભળવા મળે નહિ. ઓલા કહે, અમે સ્થાનકવાસી છીએ, ઓલા કહે, અમે શ્વેતાંબર દેરાવાસી, ઓલા કહે, અમે દિગંબર છીએ, ઓલા વળી કહે અમે તેરાપંથી છે. આ તેરાપંથી છેને તુલસી? તેરાપંથી તો આત્માનું સ્વરૂપ છે એનો પંથી થાય એ તેરાપંથી છે. સમજાણું કાંઈ? ઈ કહે છે કે અમારા પંથમાં યોગસ્થાનનો મેળ નથી. ભગવાન આનંદનો ધામ પ્રભુ, આનંદ અને જ્ઞાનથી વ્યાપ્ત થયેલો પ્રભુ એનો જ્યાં અંતરમાં સત્કાર અને સ્વીકાર કરવા જઈએ છીએ ત્યાં યોગસ્થાનો દૂર રહી જાય છે. જો અમારા હોય તો કેમ ન ભળે? સમજાણું કાંઈ?

'**બંધસ્થાન,...**' એ તો કર્મના. કર્મના બંધના પ્રકાર છેને? પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ એ બધું જડ-જડ દૂર રહી ગયું. '**ઉદયસ્થાન,...**' લ્યો! એ કર્મના ઉદયસ્થાન ગતિ આદિ બધા. એ બધા પુદ્‌ગલ. આહા..હા..! '**માર્ગણાસ્થાન,...**' જ્ઞાનની પર્યાયને ગોતવી કઈ પર્યાયને, એ બધા વિકલ્પો. બહારનું પુદ્‌ગલ છે. આહા..હા..! આ આકરી વાત છેને એટલે વર્ણીજીને કાંઈક પૂછ્યું હતું. મનોહરલાલ વર્ણી. વસ્તુસ્વભાવ નથી. વસ્તુની જાત નથી માટે એને પુદ્‌ગલપરિણામ કહ્યા છે. જેનાથી થયા તેના તે છે, આત્માના નથી. જયપુરમાં આવ્યા હતાને પૂનમચંદજી! મનોહરલ માણસ નરમ. એટલે જરી ક્ષુલ્લકપણામાં આવી જાયને બિચારા. .. ઘણા માણસ સમાગમમાં આવે છે, નરમ માણસ છે. વાતચીતમાં નરમ માણસ છે. શું છે એ વાત પહેલી સાંભળવામાં નરમાશ તો કરવી જોઈએને. ભલે ભૂલમાં હોય, પણ એ ભૂલ કઈ જાતની છે એને જાણવા માટે એનો પ્રયત્ન તો કરવો જોઈએને. આહા..હા..! આ ક્યાં વાદવિવાદનો વિષય છે કે તું ખોટો અને અમે સાચા. આ તો માર્ગ આ છે એ

સાચો પકડે એ સાચો. આહા..હા..! કહે છે, એ ઉદયસ્થાનો, માર્ગણાસ્થાનો જીવના નહિ. એ **સ્થિતિબંધસ્થાન,** કર્મની મુદત. કર્મની મુદત-બુદત જડમાં મારામાં નહિ. ત્રીસ ક્રોડાક્રોડી, ચાલીસ ક્રોડાક્રોડી વાતું કરે છેને? એ મારામાં નહિ. એ એનામાં રહ્યા.

'**સંક્લેશ-સ્થાન,...**' લ્યો! અશુભભાવ. સમજાણું કાંઈ? સંક્લેશસ્થાન. શાસ્ત્રમાં બહુ વર્ણન છે.. સંક્લેશસ્થાન. ઉત્કૃષ્ટ કાંઈક એક-બે સમય જ રહે છે. સંક્લેશસ્થાન. .. ધવલમાં છે. સંક્લેશસ્થાન અશુભરાગ એ પુદ્ગલના છે, મારા નહિ. '**વિશુદ્ધિસ્થાન...**' એ કષાયની મંદતાના શુભના અસંખ્ય પ્રકાર. અસંખ્ય પ્રકાર શુભના. એ બધા પુદ્ગલ છે. કષાયની મંદતાના પરિણામ, ભગવાનની ભક્તિથી માંડીને મહાવ્રતના પરિણામ, દયા, દાનના વિકલ્પ એ બધા પુદ્ગલ છે કહે છે, તારી જાત નહિ. એ તારા અનુભવમાં આવતા નથી. અડતા પણ નથી કહે છે. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના અભેદ સ્વભાવની દૃષ્ટિમાં ભેદજ્ઞાનનો અનુભવ કરતાં એમાં એ ભળતા નથી. આહા..હા..!

'**સંયમલબ્ધિસ્થાન...**' લ્યો ઠીક! પર્યાયમાં રાગ ઘટતો જાય એવા લબ્ધિના ભેદો એ મારામાં નહિ, જા. આહા..હા..! હું તો એનાથી અધિક—ભિન્ન છું. કહો, સમજાણું કાંઈ? સંયમલબ્ધિસ્થાન. એ સંયમની પ્રાપ્તિના ભેદો એ બધા પુદ્ગલ છે, મારામાં નહિ. હું તો અભેદ ચૈતન્ય છું. આહા..હા..! '**તેઓ પણ પુદ્ગલકર્મપૂર્વક થતાં હોઈને, સદાય અચેતન હોવાથી,...**' લ્યો! સદાય અચેતન. '**પુદ્ગલ જ છે...**' '**પુદ્ગલ જ છે...**' ઠીક! ભાઈ! કથંચિત્ પુદ્ગલ અને કથંચિત્ આત્મા એમ કહોને. એ તો કઈ અપેક્ષાએ વાત છે. પોતાની પર્યાયમાં થાય છે એટલે જીવના છે. પુદ્ગલથી થતા, સ્વભાવની ગતિના અનુભવમાં આવતા નથી માટે પુદ્ગલ છે. સમજાય છે કાંઈ? પર્યુષણમાં આવું વ્યાખ્યાન હોય? ભગવાનજીભાઈ! તમારે અત્યારે નાઈરોબીમાં તો ધમાલ ચાલતી હશે ખુબ. વાત સાચી. પ્રભુ! તું ક્યાં દેખાડે છે તને? આહા..હા..! તારું દેખવાનું ભાન અંતરમાં અલૌકિક છે. એને દેખવા જતા કહે છે કે આ બધા ભાવો ભિન્ન રહી જાય છે, મારી સાથે આવતા નથી. આહા..હા..!

'**પુદ્ગલકર્મપૂર્વક થતાં હોઈને, સદાય અચેતન હોવાથી, પુદ્ગલ જ છે-જીવ નથી એમ આપોઆપ આવ્યું (-ફલિત થયું, સિદ્ધ થયું).**' ચૈતન્યસ્વભાવી ભગવાન એનો આશ્રય અને અવલંબન લેતા એના ભેદજ્ઞાનમાં, અનુભવમાં એ આવતા નથી માટે પર છે. સમજાણું કાંઈ? અહીં તો વાત કરવા માટે નથી વાત લીધી. વસ્તુનો અનુભવ કરનારને ભેદ છે જુદાં એમ કહ્યું ભાઈ! એમ જ છેને. આમ હોય છે. જુદા-જુદા શું જુદા કાંઈ ભાષા છે? સમજાણું કાંઈ? ભગવાન ચૈતન્યમૂર્તિ સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ આનંદનો નાથ અતીન્દ્રિય સ્વરૂપથી ભરેલો, એમાં વીતરાગની વાત અને વીતરાગનું માનવું, વીતરાગ કહે તે માનવું, ત્રણ લોકના નાથ કહે એની ભક્તિ એ બધા રાગ છે કહે છે. આહા..હા..! ઓલા નથી

હમણા ક્યાંક થાતા મુંબઈમાં? અમેરિકાના આવે છેને અહીંયાં? શ્રીકૃષ્ણ... શ્રીકૃષ્ણ... શ્રીકૃષ્ણ...

મુમુક્ષુ :- હરે કૃષ્ણ.

ઉત્તર :- હરે કૃષ્ણ. રાધા-કૃષ્ણ નહિ. હાથમાં ઓલી કરતાલ અને શરીર જરી ધોળા, લૂગડા પહેર્યા હોય લાલ, પરદેશી માણસો પણ હરે કૃષ્ણ... હરે કૃષ્ણ (કરે). પાંચ-પાંચ હજાર માણસ જોવા આવે. ચોટી રાખે બધા હવે ધૂળેય નથી ત્યાં હરે કૃષ્ણ, સાંભળને. સમજાણું કાંઈ? તારો કૃષ્ણ તો અંદર છે અહીં. તારો હરિ તો પરમાત્મા પોતે છે, અહીં છે. કોને તું ગા છો હરિ.. હરિ... હરિ... દુનિયા ગાંડી.

મુમુક્ષુ :- ગાંડાના ગામ ન હોય.

ઉત્તર :- એના ગામ જુદા હોય કાંઈ? ગામદીઠ ગાંડા હોય. ગામમાં કાંઈ ગાંડા જુદા ન હોય. આહા..હા..! એ અચેતન છે, જીવ નથી એમ ફલિત થયું, સિદ્ધ થયું. '**માટે રાગાદિભાવો જીવ નથી એમ સિદ્ધ થયું.**'

'**ભાવાર્થ :— શુદ્ધદ્રવ્યાર્થિક નયની...**' જોતાં. એમ કહે છે જુઓ! '**શુદ્ધદ્રવ્યાર્થિક નયની દૃષ્ટિમાં...**' અંતરમાં શુદ્ધ દ્રવ્યને જોતાં એ તો '**અભેદ છે અને એના પરિણામ પણ સ્વાભાવિક શુદ્ધ જ્ઞાન-દર્શન છે.**' એ અભેદનો આશ્રય લે ત્યારે સમ્યગ્દર્શન-જ્ઞાનના પરિણામ એ પણ નિર્મળ છે. '**પરનિમિત્તથી થતા ચૈતન્યના વિકારો, જો કે ચૈતન્ય જેવા દેખાય છે તોપણ, ચૈતન્યની સર્વ અવસ્થાઓમાં વ્યાપક નહિ હોવાથી ચૈતન્યશૂન્ય છે...**' આહા..હા..! પરમાત્માની ભક્તિ, પરમાત્માનું સ્મરણ, પરમાત્માનું નામસ્મરણ, ૐ... ૐ... ૐ... એ બધો રાગ ચૈતન્યથી શૂન્ય છે. કહો, શેઠ! એ ચૈત્યાલયમાં ચૈતન્યના ઢોલ વગાડે છેને? સવારમાં આવે છે. ભજન કરતા નથી? ઓલા મલારગઢમાં તો બહાર ગયા હતાને. એક તો ઢોલ મુસલમાનની જેવો એણે રાખ્યો હતો. તાબુત કરેને જેમ. હાથમાં લૂગડું હુ... હુ.. ઢોલ વગાડે. શું છે પણ આ? આ બેય શેઠિયા એના નાયક હતા ત્યાં. કહો, સમજાણું કાંઈ? એક જણો ઓલો ઢોલ નીચે વગાડતો હતોને. મકાન છેને. હું ઉપર બેઠો હતોને. ભાઈ હતાને, પન્નાલાલ સાગરવાળા હતા. પન્નાલાલ. ઓલો નીચે ઢોલ વગાડે ઢોલ વગાડે. ... મુસલમાનને .. દે છેને. એવી વાત અને એમાં માને કે અમને ધર્મ થાય છે. કહો, શેઠ! આ તમારા ઓલા પક્ષની માંડી બધી. આહા..હા..! એ વિશેષ વાત કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ-૧, શુક્રવાર, તા. ૦૮-૦૯-૧૯૭૨**
**ગાથા- ૬૮, કળશ-૪૧, પ્રવચન-૧૫૭**

૬૮મી ગાથા ચાલે છેને? એમાં પ્રશ્ન છેને પ્રશ્ન? પ્રશ્ન છે વચમાં. '**પ્રશ્ન :— જો તેઓ ચેતન નથી તો તેઓ કોણ છે?**' આ પ્રશ્ન છે. એટલે શું? કે જે આત્મા જે આ વસ્તુ છે અંદર એ ચૈતન્ય અને આનંદનું સ્વરૂપ છે આત્મા. એમાં, આ શરીર એ તો જડ છે પ્રત્યક્ષ. એમાં દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના વિકલ્પો ભાવ થાય એ પણ એક વિકાર છે. એ વિકારમાં ચૈતન્યપણાનો અભાવ છે. સમજાણું કાંઈ? જેમ આ શરીર ચેતન નથી, એમ એ પુણ્ય અને પાપના ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ, અશુભ, શુભરાગ એ બધા અચેતન છે. કેમકે ચૈતન્ય વસ્તુ ભગવાન આત્મા જ્ઞાનનો પુંજ તેનું કિરણ પણ રાગમાં નથી. સમજાય છે? એથી એ પૂછ્યું શિષ્યે કે પુણ્ય અને પાપના ભાવ, શુભ-અશુભ રાગ એ '**ચેતન નથી તો તેઓ કોણ છે?**' જેને સુખી થવું હોય એણે ચૈતન્ય સ્વરૂપ જ્ઞાનાનંદ છે એની દૃષ્ટિ કર્યે તે સુખી થાય. અનાદિથી પુણ્ય અને પાપના વિકલ્પો અચેતન, રાગ, વિકાર એમાં એની દૃષ્ટિ હોવાથી એમાં ચૈતન્યસ્વભાવનો અનાદર હોવાથી એ મિથ્યાત્વભાવથી દુઃખી છે. સમજાય છે કાંઈ? પ્રતિકૂળ સંયોગથી દુઃખી છે એ વ્યાખ્યા સાચી નથી.

મુમુક્ષુ :- વ્યવહારે તો સાચી છેને.

ઉત્તર :- વ્યવહારે એટલે એ તો નિમિત્તનું કથન છે. ફક્ત ભગવાન આત્મા ચૈતન્યબિંબ છે આ તો અંદર. જ્ઞાનનો પુંજ, આનંદનું રૂપ એવું એનું સ્વરૂપ આત્માનું એને મૂકીને જેટલા પુણ્ય અને પાપના ભાવ થાય, આ શરીર, વાણી, મન અને કર્મ એ તો જડ છે, પ્રત્યક્ષ છે પણ એ પુણ્ય-પાપના ભાવ થાય એ અચેતન છે. એની દૃષ્ટિ કરવાથી જીવ અનાદિથી દુઃખી છે. કહો, સમજાણું આમાં? તે કોણ છે ત્યારે? ચેતન નથી તો (કોણ છે)? '**પુદ્‌ગલ છે?**' આહા..હા..! '**પુદ્‌ગલ છે?**' એમ હજી પૂછે છે. (ચેતન) નથી તો છે કોણ? '**કે અન્ય કાંઈ છે?**' બીજું કાંઈ છે? એ અંદર પુણ્ય-પાપના ભાવ થાય, શુભ-અશુભ રાગ એ તે ચૈતન્ય છે કે '**પુદ્‌ગલ છે? કે અન્ય કાંઈ છે?**' ત્રીજું કાંઈ વળી છે લાકડું અંદર? એમ. આહા..હા..!

'**ઉત્તર :— પુદ્‌ગલકર્મપૂર્વક થતાં હોવાથી તેઓ નિશ્ચયથી પુદ્‌ગલ જ છે...**' ઠીક!

એ જડ કર્મ છે એક તેના સંગે, તેના લક્ષે, તેને આશ્રયે જે ભાવ થાય પુણ્ય અને પાપના એથી જડ પુદ્‌ગલને લક્ષે થાય માટે તે પુદ્‌ગલ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એનો આશ્રય કરવાથી, શુભ અને અશુભ વિકલ્પો એનો આશ્રય કરવાથી, એને ચેતન માનવા એ તો મિથ્યાત્વ અને ભ્રમ છે. એ દુઃખી છે. એ અનાદિકાળનો આ દૃષ્ટિએ દુઃખી છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ બધા ડાહ્યા ગણાયને મોટા-મોટા એ બધા દુઃખી હશે? આ ડૉક્ટરો કહેવાય મોટા ભણેલા, વકીલો કહેવાય મોટા.

મુમુક્ષુ :- એ માનતા નથી.

ઉત્તર :- માને ક્યાં? ભાન નથી કાંઈ. ચૈતન્ય કોણ છે અંદર આત્મા એની જાતમાં શું છે? એમાં શું ભરેલું છે? એ ક્યા સ્વરૂપે છે? એની એને ખબર નથી એથી એના ખબર વિનાનો આત્મા જે પોતે પોતાની ચીજને જાણીને જોઈ નથી એટલે પોતે અસ્તિત્વ તો છે તો ક્યાંક એનું હોવાપણું તો એણે માનવું પડે. એ ચીજ જે છે અનંત આનંદ અને જ્ઞાનનો પુંજ પ્રભુ એના ઉપર નજર નહિ, દૃષ્ટિ નહિ, પ્રત્યક્ષપણું નહિ, પર્યાયમાં તેનું લક્ષ નહિ, પર્યાયમાં તેનું પ્રગટપણું નહિ. એથી એને પ્રગટપણે જે પુણ્ય અને પાપના ભાવ થાય એ આત્મા છે. એવી જે દૃષ્ટિ છે એ મિથ્યાદૃષ્ટિ છે, એ જૂઠો છે, દુઃખી છે. સમજાણું કાંઈ? અન્ય કાંઈ નથી. ત્રણ બોલ નાખ્યા છે હોં!

**'ચેતન નથી તો તેઓ કોણ છે? પુદ્‌ગલ છે?'** ચેતનની તો ના પાડી તમે. **'કે અન્ય કાંઈ છે?'** બીજો પ્રશ્ન એમ. **'ઉત્તર :— પુદ્‌ગલકર્મપૂર્વક થતાં હોવાથી તેઓ નિશ્ચયથી પુદ્‌ગલ જ છે...'** લ્યો! આહા..હા..! ભગવાન આનંદમૂર્તિ પ્રભુ એના આશ્રય અને લક્ષે (જે ભાવ) થાય એ આત્મા અને પરના લક્ષે થાય એ બધા પુદ્‌ગલ જડ એમ કહે છે અહીં તો. આહા..હા..! ભારે! હજી તો શરીરથી જુદો માનવો આત્માને ત્યાં કઠણ પડે, પરસેવા ઉતરે. આ શરીરથી આત્મા જુદો હશે? પણ આ શું? આ તો માટી જડ છે. અહીંયાં તો પુણ્ય અને પાપના ભાવ શુભ અને અશુભ. દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ, રળવું, કમાવું એ બધા ભાવો બધા રાગ વિકાર, વિભાવ છે એને અહીંયાં પુદ્‌ગલ કહે છે. કેમકે પુદ્‌ગલપૂર્વક ઉત્પન્ન થયેલા તેથી તેને પુદ્‌ગલ કહે છે. ચૈતન્યના આનંદના સ્વભાવપૂર્વક નહિ થયેલા તેથી તેને ચૈતન્ય કહેતા નથી. આહા..હા..! ભારે આવી વાત!

**'કેમ કે કારણ જેવું જ કાર્ય થાય છે.'** છેને? ભગવાન અરૂપી આનંદઘન છે એમાં આ વિકારના ભાવો હિંસાના, જૂઠાના, ચોરીના, વિષયના, રળવાના, કમાવાના, પૈસા રાખવાના, વહેંચવાના, રળવાના એ બધા ભાવો પુદ્‌ગલ જડપૂર્વક થાય છે માટે એ ભાવ બધા પુદ્‌ગલ છે, એ જીવના ભાવ નથી. આહા..હા..! ભારે વાત!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વ્યવહારથી તે જીવના છે એમ કહ્યું પર્યાયમાં. બીજી રીતે કહીએ તો મોક્ષમાર્ગ (પ્રકાશકમાં) તો એમ કહ્યું કે નિશ્ચયથી જીવના છે અને વ્યવહારથી કર્મના છે એમ કહ્યું. સાતમા અધ્યયનમાં કહ્યું છેને. ભગવાન આત્મા જે વસ્તુ છે આત્મા એ તો ચૈતન્યનો પુંજ અને આનંદનો કંદ છે. વસ્તુ જે છે એ અનાદિ છે, અનંત છે અને પવિત્રતાના સ્વભાવથી ભરેલો ભાવવાળો છે. આ કોઈ દિ' (સાંભળ્યું નથી) સમજાણું કાંઈ? એના ત્રિકાળી સ્વભાવની શુદ્ધતાની અપેક્ષાથી જે કાંઈ કર્મના સંગે ઉત્પન્ન ભાવ થાય એને અહીંયાં પુદ્ગલ ગણીને, વિભાવ ગણીને એના સ્વભાવમાં ત્રિકાળ શુદ્ધમાં નથી એથી એ સ્વભાવનો આશ્રય કરે તો એ નીકળી જાય છે માટે તેને પુદ્ગલ કહેવામાં આવ્યા છે. ન્યાયથી પકડે તો સમજાય. બાકી એને આ કોઈ દિ' ખબર જ ન મળે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'કેમ કે કારણ જેવું જ કાર્ય થાય છે.'** પુદ્ગલ કારણ છે જડ કર્મ. એ કારણના કાર્યમાં, એની દશામાં પણ વિકાર થાય એ એનો જ છે. પુદ્ગલનું સ્વરૂપ, આત્માનું સ્વરૂપ નહિ એ. સ્વભાવની અપેક્ષાએ. પર્યાયમાં એના છે, ઉત્પન્ન થાય છે એનામાં, કાંઈ કર્મના રજકણમાં ઉત્પન્ન થતાં નથી. સમજાણું કાંઈ? પણ એક સમયની વિકારી દશા એ ત્રિકાળી સ્વભાવના આનંદ અને શુદ્ધતાની અપેક્ષાએ એમાં ચેતનપણું નથી માટે તેને અચેતન ગણીને પુદ્ગલના કારણે થયેલા પુદ્ગલ કહેવામાં આવે છે. આહા..હા..! ભારે કામ આકરું. સમજાણું કાંઈ?

**'આ રીતે એમ સિદ્ધ કર્યું કે પુદ્ગલકર્મના ઉદયના નિમિત્તથી થતા ચૈતન્યના વિકારો પણ જીવ નથી,...'** આહા..હા..! ભગવાન આત્મા સચ્ચિદાનંદ સિદ્ધસ્વરૂપ શુદ્ધ. જે સિદ્ધ થયા નમો સિદ્ધાણં એ સિદ્ધ થયા એના જે અનંત જ્ઞાન, દર્શન, આનંદ જે પ્રગટ થયું એ એના શક્તિના સ્વભાવમાં હતું તે પ્રગટ થયું છે. સમજાણું કાંઈ? એવી શક્તિવંત પ્રભુ જ્ઞાન અને આનંદની શક્તિવાળું તત્ત્વ એને આત્મા કહીએ. ગોટો ઘણો વાળ્યો છે એમાં જરી. ગુણ અને ગુણીનું લખ્યું છે. એ વીતરાગનું તત્ત્વ છે એ કઈ શૈલી છે લોકો એમ માને છે કે બધાનું ભેગું કરી અને પછી ભગવાને અનેકાંત ઠરાવ્યું. આહા..હા..! એમ નથી. આ તો સ્વતંત્ર વસ્તુ છે. આહા..હા..!

વસ્તુનો સ્વભાવ એક એક ભગવાન આત્મા ચૈતન્યનો પુંજ જે પૂર્ણ પ્રભુ, એવો સ્વભાવ જેને અવલંબ્યો અને અવલંબીને સ્થિર થયા એને પર્યાયમાં પૂર્ણ જ્ઞાન, દર્શન, આનંદ પ્રગટ થયા એને પરમાત્મા અરિહંત અને સિદ્ધ કહેવામાં આવે છે. કહો, સમજાણું? એ અનંત જ્ઞાન, દર્શન, આનંદ આવ્યા ક્યાંથી ભગવાનને? કાંઈ બહાર લટકે છે? દયા, દાન, વ્રતના રાગમાંથી આવ્યા? રાગમાં ક્યાં હતા ઈ? આહા..હા..! સમજાણું કાંઈ? એ તો ચૈતન્યના અંતર સ્વભાવમાં અનંત ચતુષ્ટયની શક્તિરૂપ સ્વભાવ ત્રિકાળ છે એને આત્મા કહીએ અને

એનો આશ્રય અને અવલંબન લે એને સુખની દૃષ્ટિ સમ્યગ્દર્શન-જ્ઞાનાદિ થાય. સમજાણું કાંઈ? ઓલા મુંબઈ કરતા જુદી જાતનું છે આ બધું. મુંબઈમાં ત્યાં ક્યાં હો..હા ને હોળી હોય રળવાની. આહા..હા..!

કહે છે '**પુદ્‌ગલકર્મના ઉદયના નિમિત્તથી થતા ચૈતન્યના વિકારો પણ જીવ નથી,...**' એને જીવ ભગવાને કહ્યા નથી. એ તો પુદ્‌ગલ છે બાપુ! આહા..હા..! જેમાં ચૈતન્યના નૂરનું પૂરનું જ્યાં વહે છે અંદર એનું કિરણ અને એનો અવયવનો અંશ પણ જેમાં નથી એવા ભાવને અહીંયાં પરમાત્મા પુદ્‌ગલ કહે છે. સમજાણું કાંઈ? એ દયા ને દાન ને ભક્તિ ને પૂજા ને વ્રત ને તપનો વિકલ્પ અને હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એનો વિકલ્પ બેય રાગ અને અચેતન છે. સમજાણું કાંઈ? એની દૃષ્ટિ કરવાથી અને એને પોતાના માનવાથી ભગવાન ભ્રમમાં પડ્યો ભ્રમણમાં રખડી રહ્યો છે. ચોર્યાસીના અવતારમાં રખડે છે. આહા..હા..! એથી અહીં ભગવાન કહે છે કે જો એ ભ્રમણા તારી ટાળવી હોય તો ભગવાન આત્મા ચૈતન્યગુણ સંપન્ન છે એવા રાગવાળો એ છે નહિ. એવી અંતર દૃષ્ટિ કર ચૈતન્યની તો તને સમ્યક્ વસ્તુ છે એની પ્રતીત થતાં તું સાચો થઈશ અને સુખી થઈશ. સમજાણું કાંઈ? પુણ્ય અને પાપના ભાવ મારા એ માની તું તો જૂઠો રહીશ, જૂઠો રહી અને દુઃખી થઈશ. પાટનીજી! આહા..હા..! એમાં વળી શરીર ને બાયડી, છોકરાના ધૂળ ને પાંચ-પચ્ચીસ લાખ પૈસા હોય ને બગીચા હોય. મરી ગયો. ઈ ક્યાં તારા? એ તો જડ પર છે. આ તો તારી હયાતીમાં પર્યાયમાં ઉપજે તે પણ જડ છે ત્યારે આ તો પર જડ છે. સમજાણું કાંઈ?

## શ્લોક-૪૧

तर्हि को जीव इति चेत्।

(अनुष्टुभ्)

अनाद्यनन्तमचलं स्वसंवेद्यमिदं स्फुटम्।
जीवः स्वयं तु चैतन्यमुच्चैश्चकचकायते।।४१।।

હવે પૂછે છે કે વર્ણાદિક અને રાગાદિક જીવ નથી તો જીવ કોણ છે? તેના ઉત્તરરૂપ શ્લોક કહે છે :-

શ્લોકાર્થઃ- [अनादि] જે અનાદિ છે અર્થાત્ કોઈ કાળે ઉત્પન્ન થયું નથી, [अनन्तम्] જે અનંત છે અર્થાત્ કોઈ કાળે જેનો વિનાશ નથી, [अचलं] જે અચળ છે અર્થાત્ જે કદી ચૈતન્યપણાથી અન્યરૂપ—ચળાચળ-થતું નથી, [स्वसंवेद्यम्] જે સ્વસંવેદ્ય છે અર્થાત્ જે પોતે પોતાથી જ જણાય છે [तु] અને [स्फुटम्] જે પ્રગટ છે અર્થાત્ છૂપું નથી—એવું જે [इदं चैतन्यम्] આ ચૈતન્ય [उच्चं:] અત્યંતપણે [चकचकायते] ચકચકાટ પ્રકાશી રહ્યું છે, [स्वयं जीवः] તે પોતે જ જીવ છે.

ભાવાર્થઃ- વર્ણાદિ અને રાગાદિ ભાવો જીવ નથી પણ ઉપર કહ્યો તેવો ચૈતન્યભાવ તે જ જીવ છે. ૪૧.

## કળશ-૪૧ ઉપર પ્રવચન

'હવે પૂછે છે કે વર્ણાદિક અને રાગાદિક...' જુઓ બેય. આ રંગ આદિ એ જડ છે એમ અંદર પુણ્ય-પાપનો રાગ એ જડ છે, અચેતન છે. 'જીવ નથી તો જીવ કોણ છે?' ત્યારે હવે. આહા..હા..! સમજાણું કાંઈ? 'તેના ઉત્તરરૂપ શ્લોક કહે છે :-' ૪૧. માથે ૪૧ શ્લોક છે.

अनाद्यनन्तमचलं स्वसंवेद्यमिदं स्फुटम्।
जीवः स्वयं तु चैतन्यमुच्चैश्चकचकायते।।४१।।

આહા..હા..! ભગવાન આત્મા અંદર છે એ કેવો છે? 'જે અનાદિ છે...' છે એની ઉત્પત્તિ ન હોય. સત્ છે... સત્ છે... સત્ છે... આત્મા સત્ છે. આદિ વિનાનો જ છે. એની આદિ કેવી? હોય એને આદિ કેવી? ન હોય એને આદિ કેવી? ન હોય તો પર્યાય નવી થાય, પણ વસ્તુ કાંઈ નવી થાય? વસ્તુ તો સતરૂપ છે અનાદિ છે. છે, છે અને છે. ચૈતન્યઘન ભગવાન આદિ વિનાનો, અનાદિ સત્ત્વ છે. કોઈ કાળે ઉત્પન્ન થયું નથી. કોઈ ઈશ્વરે એને ઉત્પન્ન કર્યો હોય કે નવો થયો હોય એવું છે નહિ. સત્ હોય એને નવું થવું શું અને ઉત્પન્ન કરે કોણ? સમજાણું કાંઈ? ઈશ્વર કર્તા-ફર્તા કોઈ છે નહિ. આહા..હા..! સ્વયંસિદ્ધ ચીજ છેને. છે એને ઉત્પત્તિ કેમ હોય? અરૂપી પણ સચ્ચિદાનંદ પ્રભુ આત્મા અરૂપી છે. એ અનાદિ છે. કોઈ કાળે ઉત્પન્ન થયું નથી. અનંત છે.

'કોઈ કાળે જેનો વિનાશ નથી,...' છે એનો ભવિષ્યમાં કાંઈ નાશ થાય? અને નાશ

થઈને ક્યાંય ભળી જાય? શેમાં ભળે? ચૈતન્ય નાશ થાય? વસ્તુ ચૈતન્ય રસકંદ એ ઊપજે કેમ અને નાશ થાય કેમ? એ તો અનાદિ-અનંત છે. '**જે અચળ છે અર્થાત્ જે કદી ચૈતન્યપણાથી અન્યરૂપ—ચળાચળ-થતું નથી,...**' વર્તમાનમાં કોઈ દિ' રાગરૂપ તે થયું જ નથી એમ કહે છે. આહા..હા..! આદિ વિનાનું અનંત છે. અનંત-ભવિષ્યમાં નાશ ન થાય એવું છે. વર્તમાનમાં રાગમાં જાય અને ચળાચળ થાય એવું છે નહિ. એ તો જ્ઞાનરૂપ સ્વરૂપ અનાદિ છે. કહો, સમજાણું કાંઈ?

'**જે અચળ છે અર્થાત્ જે કદી ચૈતન્યપણાથી...**' જાણક-દેખન સ્વભાવથી કોઈ દિ' ત્રણ કાળમાં વર્તમાનમાં પણ રાગમાં આવ્યું નથી, રાગરૂપ થયું નથી. આહા..હા..! એ અન્યરૂપ-ચળાચળ (થતું નથી). એટલે કે અચળ વસ્તુ છે એમ. મૂળ તો અચળની વ્યાખ્યા કરવી છેને. અચળ છે, જ્ઞાનસ્વરૂપે અચળ—ચળ્યું નથી. એવો ભગવાન કોઈ દિ' ચળીને રાગરૂપ થાય એવો એ આત્મા નથી. આહા..હા..! ભારે! હજી આત્મા કોણ છે એની પોતાની ખબર ન મળે અને બહારમાં ડહાપણના પાર ન મળે. આ વકીલાતના, મોટરના પાપમાં, ફલાણામાં, ઢીકણામાં. ઓહો..હો..! વાતું કરવા બેસે તો દેવનો દીકરો ઉતર્યો જાણે. આનું આમ હોય ને આનું આમ હોય ને આનું આમ હોય.

મુમુક્ષુ :- એમાં પ્રવીણતા મેળવી.

ઉત્તર :- પ્રવીણતા ધૂળેય નથી. રામજીભાઈ કહેતા કે અમારું વકીલાતનું મૂર્ખાઈ ભરેલું હતું. આ રામજીભાઈ કહેતા. એય..! એ વખતે તો એ પહેલાના વકીલમાં મોઢા આગળ હતાને. ૨૦૦ રૂપિયાનું એક દનિયું લેતા. એવી બુદ્ધિ તમારી આ બધી મૂર્ખાઈ ભરેલી હતી.

મુમુક્ષુ :- આત્માનું બુરુ કરનારી.

ઉત્તર :- ભૂંડું કરનારી. આહા..હા..! હે બુદ્ધા! બુદ્ધાવાળા. આહા..હા..! જેને ભગવાન ચૈતન્યના પ્રકાશના નૂરનું જેને ભાન નથી અને જેને જગતના ડહાપણનું અભિમાન છે એ મોટી મૂર્ખાઈમાં પડેલા છે અને મહાદુઃખી છે. શેઠ! આ બધા પૈસાવાળા સુખી કહેને તમને. સુખી કહે છે બધા ગાંડા. પાગલ હોયને એ પાગલને ડાહ્યો કહે. સારો પાગલ હોયને. આહા..હા..! બિચારા પૈસાવાળા, આબરૂવાળા, શરીરવાળા. વાળા એ બધા મિથ્યાદૃષ્ટિ દુઃખી છે. એને વાળા વળગ્યા છે. ઓલો વાળો નથી એક વાળો આવતો? પગમાં નીકળે એક વાળો. વાળો નીકળે પગમાં. દુઃખે. વાળો હોય છેને દરબાર! રોગ. આ વાળો હોય છે પગમાં. પાણીનું એવું હોય છેને .. પછી સડે અને લાંબો-લાંબો નીકળે. એમ આને તો કેટલા વાળા! આહા..હા..! રાગવાળો, બાયડીવાળો, આબરૂવાળો, મકાનવાળો, પૈસાવાળો, પત્નીવાળો. આહા..હા..! ભગવાન! તું એવો નથી હોં! તને તારી ખબર નથી. તું તો અનાદિ-અનંત અચળ તત્ત્વ છો. આહા..હા..! ભાઈ! તને ખબર નથી. તું ક્યાં છો? આમ બહારમાં નથી અત્યારે વાત

ચાલતી? તમે ક્યાં છો? એ હું અહીં મારી પાસે છું એમ બોલે. અત્યારે બોલે એમ જરી ભાષા જરી. ઓલા કહે એ મારી પાસે છું એમ કહે. એમ આ ક્યાં છો તું? કે મારા સ્વરૂપમાં ત્રિકાળી જ્ઞાનાનંદમાં છું હું. એ પુણ્ય અને પાપના વિકલ્પો એ મારા સ્વરૂપની જાત નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે એ તો અચળ છે ભગવાન. વસ્તુ છે સચ્ચિદાનંદ પ્રભુ એની આદિ નહિ, અંત નહિ, એનું વર્તમાનમાં ચળવું નહિ, ખસવું નહિ. એવા જ્ઞાનાનંદ સ્વભાવથી ભરેલો પ્રભુ છે. એને પરમાત્મા તીર્થંકરદેવ આત્મા કહે છે. સમજાણું કાંઈ? વળી કેવો છે? કે '**જે સ્વસંવેદ્ય છે અર્થાત્ જે પોતે પોતાથી જ જણાય છે...**' વેદાય એવો છે. આહા..હા..! એને કોઈ રાગ અને મનની જરૂર પડતી નથી. એના પ્રત્યક્ષ થવામાં અને એની પ્રતીત થવામાં અને એના ભાન થવામાં પોતાના જ્ઞાનથી પ્રગટ થાય એને બહારની કોઈની જરૂર નથી. એવો એ આત્મા છે. આહા..હા..! સ્વ-પોતાથી, સં-પ્રત્યક્ષ વેદાય એવો છે. આહા..હા..! જ્ઞાન જ્ઞાનથી જણાય. એ રાગથી, પુણ્યથી જણાય એવી ચીજ નથી. આહા..હા..! કહો, આ કહે છેને વ્યવહાર આપણે કરીએ તો પછી આત્માનું જ્ઞાન થાય. વ્યવહાર કરો. અહીં કહે છે કે પણ એ સ્વસંવેદ્ય છે. એ રાગથી વેદાય અને રાગથી જણાય એવી એ ચીજ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

પોતાના પ્રત્યક્ષ જ્ઞાન દ્વારા રાગ અને મનના અવલંબનને છોડી દઈને આ વસ્તુ ભગવાન પૂર્ણાનંદ છે એમ જ્યારે સ્વસંવેદનમાં આવે ત્યારે એને પોતાના જાણવામાં પરની અપેક્ષા આવતી નથી. ભારે કામ ભાઈ આવું! ભારે હશે? ભારે કામ એટલે? ઊંચુ. એનું તત્ત્વ ઊંચું છે એમ. ભાર વિનાનું એ તો અરૂપી છે. આહા..હા..! ત્રણ બોલ કહી, અનાદિ-આદિ નહિ જેની, છે એને આદિ શી? છે એનો નાશ શો? છે એ પોતાના સ્વભાવથી ખસીને જાય ક્યાં? અને છે એ પોતાથી જણાય એવો છે, પરથી જણાય એવો નથી. આહા..હા..! ભારે કામ આકરું. સમજાણું કાંઈ? એ શાસ્ત્રજ્ઞાનથી જણાય એવો નથી એમ કહે છે. મનથી જણાય એવો નથી, ઇન્દ્રિયોથી જણાય એવો નથી. આ ઇન્દ્રિય માટી આ તો જડ છે. એની તો એને ખબર નથી કે અમે જડ છીએ કે નહિ? આ જગતના જડ તત્ત્વો છે એને ખબર છે એને? એ તો જ્ઞાનસ્વરૂપ ભગવાન જાણે છે કે આ જડ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- યોગ્યતાએ જણાય?

ઉત્તર :- યોગ્યતા એટલે પોતાના સ્વભાવથી જણાય. પોતે સ્વસંવેદન થયુંને. વાસ્તવિક તત્ત્વનું સ્વરૂપ પહેલું ખ્યાલમાં લઈ અને પછી સીધું જ્ઞાન દ્વારા જણાય એવો આત્મા છે.

મુમુક્ષુ :- થોડી અપેક્ષા રહે.

ઉત્તર :- કોઈ અપેક્ષા આવતી નથી.

મુમુક્ષુ :- આપે કહ્યું એમાં તો આવ્યું.

ઉત્તર :- એ અપેક્ષા ક્યારે કહેવાય? કે નિરપેક્ષ થઈને વેદન કરે ત્યારે અપેક્ષા વ્યવહારે કહેવાય. આકરું કામ છે ભાઈ! વીતરાગ માર્ગ તીર્થંકર સર્વજ્ઞ પરમાત્મા... આહા..હા..! જેની એક સમયની પર્યાય.. આહા..હા..! જુઓને આ ધવલમાં આમ વાતું કરે છે તો કાંઈ મગજ કામ કરે નહિ. એવી ધારણા મુનિઓની, એટલી મુનિઓની ધારણા છે. ધવલ એક એક પુસ્તક૧૨-૧૨ રૂપિયાનું, ૧૦-૧૦ રૂપિયાનું. એવા ૪૦ પુસ્તક. એક એક કર્મનો એક એક પર્યાય અને એક એક .. અને એક એક કંપન્ન. કંપન્નની જઘન્ય અવસ્થા ક્યાંથી ઉત્પન્ન થાય? કોને હોય? એટલા પ્રકાર. સમજાણું કાંઈ? દરિયા ભર્યા છે મોટા ધવલમાં હોં. વીરસેનસ્વામીએ ટૂંકા સૂત્રમાંથી બહુ સ્પષ્ટીકરણ, ઘણું સ્પષ્ટીકરણ. આપણને તો એ કાંઈ વાંચવાનો એટલો વખત પણ ન મળે અને અંતરની આગળ આ બધું બહાર બધું જવાનું મન પણ ન થાય. સમજાણું કાંઈ? એટલું લખાણ સંતોએ કર્યું છે ઓહો..હો..! ભગવાનના શ્રીમુખે વાણી નીકળેલી એની સાથે સંબંધવાળાના આ ગ્રંથો છે. ધવલ, જય ધવલ, મહાધવલ. સમજાણું કાંઈ? વ્યવહારનયના ગ્રંથ છે.

આ ભગવાન તું જે છો એ તને તારાથી જણાય એવો તું છો. કહો, ભીખાભાઈ! આમાં શું કરવું આમાં? આહા..હા..! કહે છે કે એ ચીજનો સ્વભાવ જ એવો છે કે એની સન્મુખ થતા પરની અપેક્ષા રહેતી નથી અને જણાય એવો છે એમ કહે છે. દેવીલાલભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આ તું કોણ છો એમ કહે છે. હું, તું અને તે એવા સૂત્રો લખ્યા છેને મોતીલાલજીએ. ભાઈ! રાજકોટમાં દશાશ્રીમાળી વાણિયા હતા. વૈષ્ણવ. પછી સાધુ થયા. વ્યાખ્યાનમાં આવતા બધા ૮૯માં, ૯૦માં, ૯૫માં. પણ પોતાની વાત રાખીને. દશાશ્રીમાળી વાણિયા હતા. રેલના ઉપરી હતા કાંઈક. જાડી બુદ્ધિ. બોલે તો કાંઈ લાગે નહિ. આમ પગાર-બગાર હોય એમાં શું છે? પુણ્યને લઈને રળી ખાતા હોય. એથી કાંઈ બુદ્ધિ છે એમ છે? બાવા થયા પછી. કાંઈ ખબર ન મળે. આવ્યા, ચર્ચા થઈ. અહીં એકવાર આવ્યા હતા. કીધું, આત્મા છે તો એમાં કાંઈ ભૂલ છે? જો ભૂલ ન હોય તો પ્રત્યક્ષ આનંદ અનુભવ હોવો જોઈએ અને ભૂલ કબુલ કરો તો દ્વૈત થઈ જાય છે. અભેદ રહેતું નથી. એકલો અદ્વૈત કહેતા આ તો દ્વૈત થઈ જાય છે. ભૂલ અને ભૂલ વિનાની ચીજ. બે અને ભૂલ જેને લક્ષે થાય એવી ત્રીજી ચીજ. ત્રણ ચીજ સાબિત થાય છે. લોજિકથી, ન્યાયથી. જ્યારે આ આત્મા વસ્તુ જે છે એમાં જો ભૂલ ન હોય તો તો પરમ આનંદનો (અનુભવ જોઈએ). એ તો આનંદની મૂર્તિ છે. તો પરમ આનંદનું વેદન પ્રત્યક્ષ હોવું જોઈએ. અનાદિનું તો એ છે નહિ. વેદનમાં તો રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપની હોળી સળગે છે. સમજાણું કાંઈ? તો પછી જો રાગ ભૂલ છે તો ત્રિકાળી ભૂલ વિનાની ચીજ અને એક

દશાની ભૂલ એટલે પર્યાય, બે વાત સિદ્ધ થઈ જાય છે. અદ્વૈત રહેતું નથી. અદ્વૈત છે એમ કહે છે એ વાત ખોટી છે. સમજાણું કાંઈ? આમાં એણે અદ્વૈતમાં લીધેલું. આ ગપેગપ્પ માર્યા છે સ્થાનકવાસી સાધુએ. સમયસાર અદ્વૈતને .. ઢીંકણું છે. સાંભળને!

વસ્તુ અદ્વૈત. એ તો અદ્વૈતનો અર્થ? એ રાગની સાથે જોડાણ વિનાની ચીજ અખંડાનંદ છે એનું નામ અદ્વૈત છે. બધા થઈને એક છે અને રાગસહિત નથી એમ નથી. જો એમ હોય તો શાસ્ત્રકાર એને ઉપદેશ આપે કે સર્વ દુઃખથી મુક્ત થાય, આત્યંતિક દુઃખથી મુક્ત થાવ તો દુઃખ છે કે નહિ અંદર? તો દુઃખ છે શું એ? કે ભ્રમ. પણ ભ્રમ છે કે નહિ? તો એક કોર ભગવાન પૂર્ણાનંદ શુદ્ધ અને એક કોર ભ્રમ બે થઈ ગયા. તમારું અદ્વૈત અદ્વૈત રહ્યું નહિ. સમજાણું કાંઈ? અને તે ભૂલ કોને લક્ષે થાય એ ત્રીજી ચીજ થઈ ગઈ પાછી. ભૂલ કાંઈ સ્વભાવને લક્ષે ન થાય. સમજાણું કાંઈ? દોરડીમાં સર્પ માને છે તો સર્પ ક્યાંક ભાળ્યો હોય. એમાં આરોપ કરીને કહે કે આ સર્પ છે. બીજે બીજી ચીજ ભાળી હોય ત્યારેને? એમ જડ બીજી ચીજ હોય તો એને લક્ષે વિકાર થાય. અહીં એ વાત કરે છે. આહા..હા..! આવું તત્ત્વ સર્વજ્ઞ વીતરાગ સિવાય ક્યાંય ન હોય. ભલે ઉપરથી મેળવવા જાય. ક્યાંય નહિ મળે. આહા..હા..!

કહે છે, પ્રભુ! તું પરોક્ષ છો અનાદિથી પણ એ તારું સ્વરૂપ નહિ. આહા..હા..! રાગની આડમાં રહે એ તારી ચીજ નહિ એમ કહે છે. કનુભાઈ! આ કનુભાઈ જજ છે અમદાવાદના. એક વકીલ હોય, કોક જજ હોય, ડૉક્ટર હોય બધાની બુદ્ધિ સમજવા જેવી હોય. આ સમજે નહિ. આહા..હા..! કહે છે કે પ્રભુ તું કોણ છો? છે તું કોણ? ભગવાન એમ કહે છે કે તું છો એવો કે અનાદિ-અનંત છો, વર્તમાન તારા સ્વભાવથી ખસ નહિ એવો છો અને સ્વસંવેદન પોતાથી પોતે જણાય એવો છે. આહા..હા..! સમજાણું કાંઈ? એના લક્ષમાં દઢતા તો નક્કી કરે કે આ ભગવાન જણાય એ પોતાના જ્ઞાનથી વેદન જણાય પ્રત્યક્ષ. જ્ઞાનની મૂર્તિ છે એ જ્ઞાનની વર્તમાન પર્યાય, પ્રગટ અવસ્થા એનાથી અંતરમાં જતા સ્વસંવેદન થાય. સ્વનું નામ પોતાનું અને સં નામ પ્રત્યક્ષ આનંદનું વેદન થાય એ સ્વ પોતાથી થાય છે. એને ધર્મ કહેવામાં આવે છે. આહા..હા..! ભારે આકરી વાતું, ભાઈ! સમજાણું કાંઈ?

'ધાર તરવારની સોહ્યલી દોહ્યલી ચૌદમા જિનતણી ચરણ સેવા.' આનંદઘનજી કહે છે શ્વેતાંબરમાં. મસ્ત માણસ હતા. 'ધાર તરવારની સોહ્યલી, દોહ્યલી અનંતનાથની ચરણસેવા.' એટલે કે આ ભગવાન આત્મા એની સેવા એટલે રાગથી ભિન્ન પડી અને એનો સ્વીકાર થઈને એની સેવા કરવી એ તો મહાદોહ્યલી છે. સમજાણું કાંઈ? અનંતકાળના અણભ્યાસે, અનંતકાળના જડના અને રાગના અભ્યાસે ચેતનનો અભ્યાસ એને દુર્લભ થઈ પડ્યો છે. પણ દુર્લભ છે પણ અશક્ય નથી. સમજાણું કાંઈ? આહા..હા..! છ દ્રવ્ય છે, રાગ છે,

સંસાર પર્યાયમાં છે. ભૂલી જા એકવાર કહે છે. મારામાં એ નથી. આહા..હા..! હું તો એ જ્ઞાન અને આનંદના સ્વભાવથી ભરેલો પદાર્થ છું. એવી જ મારી સત્તાની હયાતી છે. મારી હયાતી માટે, મારા કબુલાત માટે બીજાની અપેક્ષા મને પડે એવો હું નથી. વીતરાગની વાણીની પણ ત્યાં જરૂર પડે એવો હું નથી એમ કહે છે. આહા..હા..!

સ્વ નામ પોતાથી. પોતે કોણ છે? જ્ઞાન અને આનંદ. સ્વસંવેદ્ય. સં એટલે પ્રત્યક્ષ. પ્રત્યક્ષ થવું સમ્યક્ પ્રકારે અંદર. એ સ્વસંવેદ્ય અને વેદાવાયોગ્ય અને જણાવાયોગ્ય. સીધો ભગવાન પોતાના સ્વભાવને જ્ઞાનની વર્તમાન નિર્મળ પર્યાય દ્વારા સીધો પ્રત્યક્ષ થાય એવું એનું સ્વરૂપ જ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ રાગ અને વિકલ્પની આડમાં રહે ઈ એની જાત નથી, એનો એ સ્વભાવ નથી, પણ અજ્ઞાનપણે ઉભું કરીને રાગમાં અટકેલો દેખાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન બધા છે આ દેહમાં. એ દેહદેવળમાં પરમાત્મા ચૈતન્યમૂર્તિ ભિન્ન છે. આહા..હા..! એક જણાએ તો કહ્યું હતું, ભગવાન આત્મા એ તો સાંભળ્યું ગોખેલું. ભગવાન આત્મા. સાંભળને હવે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. ભગવાન ત્રણ લોકનો નાથ અંદર છેને. અનંત-અનંત જ્ઞાનાનંદ સ્વભાવથી ભરેલો પદાર્થ છે. એને જાણવા માટે પરની અપેક્ષા નહિ એવી એ જાત છે. આહા..હા..! એવો આત્મા ન માને ત્યાં સુધી એને પ્રત્યક્ષ અનુભવ થાય નહિ. એમ માને કે મને કાંઈક જરૂર છે પરની અને આની તો એવો એ સ્વભાવ નથી. એથી એને પ્રત્યક્ષ જ્ઞાનનું વેદન થાય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'સ્વસંવેદ્ય છે અર્થાત્ જે પોતે પોતાથી જ જણાય છે...'** જે જ્ઞાનની વર્તમાન દશા પ્રગટ અંશ છે એ બહાર તરફ વળેલી છે રાગાદિમાં, એને એનામાં વાળતા એ સીધો જણાય એવો એ આત્મા છે. ભારે કામ. સમજાણું કાંઈ? **'અને જે પ્રગટ છે...'** એટલે શું? એ ઢાંક્યો રહે એવું તત્ત્વ નથી કહે છે. છૂપું રહે એવું તત્ત્વ નથી. આહા..હા..! ગોપવ્યો ગોપવાય નહિ એવું એ તત્ત્વ છે. પાટનીજી! આહા..હા..! એ છૂપું નથી. પ્રગટ વસ્તુ છેને. સત્ છેને. સત્... સત્... સત્... છે. જેના ધામમાં સત્પણું પડ્યું છે, સત્નો સાહેબો છે એ. એ પ્રગટ જ છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? હજી તો આત્મા કેવો એની વાત સાંભળી ન હોય. એને સમજ્યા વિના ધર્મ થઈ જાય. આ બધા ભક્તિ, પૂજા ને વ્રત ને તપ કરે. મરી જાય સુકાઈને તોપણ કાંઈ ધર્મ ન થાય અંદર. આહા..હા..! સમજાણું કાંઈ? પ્રભુ! તું તારાથી જણાય એવો છો. તને જાણવા માટે શાસ્ત્ર ને ગુરુ ને દેવની જરૂર નથી એમ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ના... ના... ના... એ તો નિમિત્તની વાતું છે. નિમિત્ત મળ્યું છતાં સ્વસંવેદન કરે તો ઓલાને નિમિત્ત-નૈમિત્તિક કહેવાય. દેશનાલબ્ધિ સાંભળી, જ્ઞાન એ બાજુનું થયું એ લક્ષે જણાય છે? ભગવાન પોતાની પૂર્ણતા, અખંડતા, અભેદતા, એકતા એ ઉપર દૃષ્ટિ આપતા સ્વસંવેદનથી જ જણાય એવો છે. આહા..હા..! વ્યવહારથી જણાય એવો નથી. વ્યવહાર કરતાં-કરતાં આપણને નિશ્ચય ધર્મ થાશે એવું વસ્તુનું સ્વરૂપ નથી એમ કહે છે. ભગવાનનો આમ હુકમ, આજ્ઞા આ છે. સમજાણું કાંઈ? જૈનના વાડામાં જન્મ્યા, પણ જૈન શું કહે છે એની ખબરું ન મળે, ભાન ન મળે. અને એવા ભાન વિનાના ગામના ગામ ભર્યા હોય. શેઠ! આહા..હા..! ભાઈ! તને તારા જાણવા માટે, તને જણાવા માટે પરની અપેક્ષા રહે એવો તું નથી. આહા..હા..! ભાઈ! તું પરમાત્મા અને તે પાંગળો નથી. એ તો પરમાત્મા છે. પૂર્ણાનંદ છે, એ રાંકાની ઓથ લે તો સમજાય એવો એ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? રાગની મંદતા કરો, આમ થાશે. કહે છે એ પુદ્‌ગલની ઓથ લઈને સમજાય એવો નથી.

**'स्फुट'** છે. છૂપું નથી. છૂપું રાખ્યું રહે એવું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આવો છે જ્યાં એમ નક્કી અને અનુભવ કર્યો એ છૂપો કેમ રહે? ઢાંક્યો કેમ રહે? સચ્ચિદાનંદ પ્રભુ છે, સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનો ભંડાર પ્રભુ એ છૂપો રહે એવું સ્વરૂપ નથી. આહા..હા..! કહો, ભીખાભાઈ! એના ગાણા સાંભળ્યા નથી એણે. આહા..! આહા..હા..! કેવળ કહ્યું હતુંને. કેવળ વીર્ય, એકલું વીર્ય, એકલું જ્ઞાન, એકલું દર્શન, એકલો આનંદ. એમાં કેવળને વળી બીજાની જરૂર પડે એવો એ આત્મા નથી. આહા..હા..!

મુમુક્ષુ :- અન્ય નિરપેક્ષ.

ઉત્તર :- નિરપેક્ષ. માણસને નથી કહેતા એવો હોય એને કે ગધેડા જેવો છો તું? એમ અહીં કેવળ પરમાત્મા છો તું એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ રાંકના ગજાથી માપથી મપાય જાય એવા નથી. સમજાણું કાંઈ? એ બાળકના ગજે જગતના કપડા ન મપાય. એ તો મોટાના ગજે કપડા માપીને લવાય. ખરું? એમ અજ્ઞાનીના ગજે આત્મા ન મપાય. સમજાણું કાંઈ? આહા..હા..! જ્ઞાન ભગવાન આત્મા પોતાથી પ્રત્યક્ષ, પર અપેક્ષા રાખ્યા વિના છૂપો ન રહે તે રીતે વેદન થાય એવી તારી ચીજ છે. આહા..હા..!

અને **'इदं चैतन्यम्' 'इदं चैतन्यम्' 'इदं'** 'આ...' પ્રત્યક્ષ બતાવે છે, એની હયાતી બતાવે છે. **'આ ચૈતન્ય અત્યંતપણે ચકચકાટ પ્રકાશી રહ્યું છે,...'** આહા..હા..! સૂર્યના કિરણોથી જેમ સૂર્ય પ્રકાશે છે એમ ભગવાન આત્મા ચૈતન્યના ચકચકાટથી પ્રકાશી રહ્યું છે. એને અહીંયાં આત્મા કહીએ. આહા..હા..! આવું વળી કેવું? અત્યારે તો પર્યુષણમાં ધમાલ ચાલતી હશે લ્યો. મુંબઈમાં અને રાજકોટમાં માણસ સમાય નહિ એટલું ભરાય. પર્યુષણનો

અર્થ એવો થાય. પરિ-સમસ્ત પ્રકારે, યુષ-જોડવું, ચૈતન્યમાં જોડાણ કરવું એનું નામ પર્યુષણ છે. હાંકે રાખે ગાડા એમને એમ. એય..! અપવાસ કરે, લાંઘણું.

મુમુક્ષુ :- ધામધુમ ચલી.

ઉત્તર :- 'ધામ ધુમે ધમાધમ ચલી જ્ઞાનમાર્ગ રહ્યો દૂર રે.' આહા..હા..! ...

સત્ કોન કહે? અને સત્‌નું શ્રદ્ધા-દર્શન સત્ કોને કહે? સત્ દર્શન, સમ્યક્ દર્શન, સત્યદર્શન, સાચી શ્રદ્ધા, સાચું દર્શન એ પૂર્ણાનંદનો નાથ અનંત ગુણનો પિંડ પ્રભુ ધ્રુવ અનાદિ-અનંત ચળે નહિ, ક્યાંય ચળ્યો નથી એવોને એવો છે. સાતમી નરકમાં રહ્યો કે નિગોદમાં રહ્યો.. આહા..હા..! એ પોતાના જ્ઞાનના આનંદ સ્વભાવથી ચળ્યો નથી. દ્રવ્ય ફીટીને કોઈ પર થયો નથી. સમજાણું કાંઈ? આ નરકમાં રવરવ નરકે ગયો ત્યાં પીડા અનંતી સહી, પણ ત્યાં અસંખ્ય પ્રદેશી આનંદનો કંદ કાંઈક કરમાઈ ગયો છે એમ છે નહિ. આહા..હા..! અને આ બહારની સગવડતાના પાર ન હોય. એકને બોલાવે ત્યાં પચ્ચીસ તૈયાર. ખમ્મા! શું છે શેઠ સાહેબ? શું છે? શું મોઢું માગે છે? ખાવાનું-પીવાનું, મોઢું માગે એટલે. આહા..હા..! એવી સુખની સગવડતામાં પડ્યો દુઃખી છે. છતાં એમાં સ્વભાવ દુઃખરૂપ થયો નથી. આહા..હા..! એ તો આનંદરૂપ પ્રભુ રહ્યો છે. એવી સગવડતામાં કલ્પના માની હું સુખી છું, સાતમી નરકના નારકીના વેશમાં રહ્યો દુઃખી છું, પણ એ કલ્પનાવાળો થયો નથી કોઈ દિ'. આહા..હા..! એના દ્રવ્યસ્વભાવને એ કલ્પના અડી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવું ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ સભામાં ઈન્દ્રોની સમક્ષ, સંતોના સ્વામી ગણધર, સંતોના સ્વામી, સંતોના ગણધર એના સમસ્તમાં પ્રભુ આમ કહેતા હતા. આહા..હા..! સમજાય છે કાંઈ? ભાઈ! તું તારાથી જણાય એવો છો. અમારાથી જણાય એવો તું નથી. આ વીતરાગ આમ કહે. આહા..હા.! ત્રણ લોકના નાથની વાણીમાં એમ આવ્યું છે. વાણીએ એમ સંભળાવ્યું કે અમારાથી તું જણાય નહિ. આહા..હા..! શેઠ!

મુમુક્ષુ :- કેવી રીતે જાણવું?

ઉત્તર :- કીધું નહિ?

મુમુક્ષુ :- એટલે કેવી રીતે જાણવું?

ઉત્તર :- આ જ્ઞાનથી જાણે એ સીધું. આ જ્ઞાનસ્વરૂપ ચકચકાટ ભર્યું છેને? ચકચકાટ ચૈતન્યસ્વભાવથી પ્રકાશનું પૂર પોતે પ્રભુ છે એને જ્ઞાન દ્વારા જાણવું અને અનુભવવું એવી જેની ચીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ક્યાંય આખી દુનિયામાં એને સુખ છે એવું જ્ઞાનીને ભાસતું નથી. ધર્મી જીવને રજકણથી માંડીને સર્વાર્થસિદ્ધનો ભવ કે રાંકથી માંડીને રાજાના વૈભવ (એમાં) ક્યાંય સુખ ભાસતું નથી. કેમકે ક્યાંય સુખ છે નહિ. આહા..હા..! અને ક્યાંય સુખ ભાસે એ મૂઢ જીવ છે. મોટો મૂર્ખ છે એમ કહે છે. આહા..હા..! સમજાણું

કાંઈ? 'મૂર્ખ માથે શિંગડા નહિ નિશાની હોય' એમ આવતું કાંઈક નિશાળમાં ભણતા ત્યારે. દૌલતરામ. મૂર્ખને માથે કાંઈ શિંગડા ઉગ્યા હોય? શોભાલાલજી!

એક ગામમાં મૂર્ખ હતો. ગામમાંથી કાઢ્યો (તો) બીજે ગયો. ત્યાં પાણી પડતું હતું ઉપરથી. કૂવામાંથી. તૃષા લાગી. પી ગયો એટલે આમ આમ કર્યું. ઓલો કહે એલા મૂર્ખ છો? એલા પણ તને ક્યાંથી ખબર પડી એની? પણ આ તારા લક્ષણે (ખબર પડી). પાણી પી લીધું તો હાથ લઈ લે તું. પાણીનો પ્રવાહ તો ચાલ્યો જાય છે. ઉપરથી એમાંથી પીને.. ત્યાં કૂવા ઉપર માણસ બેઠો હતો ઈ કહે, મૂર્ખ છો? પાણી બંધ કરો એમ કીધું. મૂર્ખ છો પણ પાણી તો મારું બંધ છે, તું હાથ લઈ લ્યેને હવે. અહીં ક્યાંથી ખબર પડી? તારા લક્ષણ જોને. એમ અજ્ઞાનીના લક્ષણ રાગ ને પુણ્ય ને બહારથી મારો આત્મા જણાય અને પરથી મારો આત્મા છે, એ તારા લક્ષણ મૂર્ખના જણાતા નથી? આવું ક્યાંથી જણાણું તમને? આ તારા લક્ષણથી. આહા..હા..!

ત્રણ લોકના નાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્મા પરમેશ્વર પરમેશ્વરને કહે છે. એ પરમેશ્વર પરમેશ્વરને કહે છે, તારી એટલી ઈશ્વરતા છે કે તને અનુભવવા માટે, તને જાણવા માટે અમારી જરૂર નહિ એવો તું પરમેશ્વર છો. રાગમાં રંગાયાને કેમ બેસે? સમજાણું કાંઈ? ભાઈ! તારામાં આનંદ પડ્યો છે, પ્રભુ! એટલો અતીન્દ્રિય આનંદ છે કે સ્વસંવેદનમાં લેતા જે આનંદનો અંશ આવે, એ આનંદ આગળ ઈન્દ્રના ઈન્દ્રાસનો સડેલા મીંદડા અને કૂતરાના કલેવર જેવા લાગે. સમજાણું કાંઈ? એવી તારી જાતની ભાત પડે અંદર ત્યારે તને ખબર પડે. કહો, દરબાર! હા તો પાડ એકવાર કે હું આવો છું. સમજાણું કાંઈ? વિશ્વાસ લાવ, અંદરથી વિશ્વાસ લાવ. એ કાંઈ બહારની હા પાડે કાંઈ મળે એવું નથી. આહા..હા..! જુઓને એક શ્લોક તે મૂક્યો છે ગજબનો છેને!

કહે છે કે એ તો ચૈતન્ય. 'આ ચૈતન્ય...' ચકચકાટ. હીરાના તેજમાં આંખ અંજાય જાય બહારની. એટલા પ્રકાશવાળી ચીજ હોય છેને. ચકચકાટ કરે એટલે આંખો કામ ન કરે. એમ કહે છે કે તારા ચકચકાટ આગળ રાગ કામ કરે નહિ. આહા..હા..! એવો ચૈતન્યનો નૂર પ્રભુ તને પ્રત્યક્ષ જણાય એવી તારી ચીજ, પ્રભુ! તને શું થયું આ? આહા..હા..! તેં ક્યાં નાખ્યા આરોપ અને ક્યાં નાખ્યા બધા ભાવ? આનાથી થશે, આવડો હું છું, આવડો હું નહિ, રાગવાળો છું, આવડો પૂર્ણ નહિ. શું થયું તને આ? સમજાણું કાંઈ? આહા..હા..! કહો, પૂનમચંદજી! ભારે વાતું આવી! મોટા સુધરેલા માણસ એવા બધા બેઠા હોય એને મૂર્ખ કહે. આ મૂર્ખા લાગે છે. સાંભળને ભાઈ! તારી મૂર્ખાઈની અમને ખબર છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી છતી ચીજને ગુપ્ત રહે, એ માને એને ગુપ્ત ન રહે એમ કહે છે. સમજાણું કાંઈ?

એ ચકચકાટ અત્યંતપણે પ્રકાશી રહ્યું છે 'તે પોતે જ જીવ છે.' ચૈતન્યના પ્રકાશના નૂરવાળું એ પોતે જીવ છે. રાગ અને પુણ્ય એમાં છે નહિ. એને આત્મા કહીએ એ આત્માને જાણે એ સુખી થાય, એ સંસારથી મુક્ત થાય, એ સિવાય બીજો મુક્ત થાય નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૪૨

(शार्दूलविक्रीडित)

वर्णाद्यैः सहितस्तथा विरहितो द्वेधास्त्यजीवो यतो
नामूर्तत्वमुपास्य पश्यति जगज्जीवस्य तत्त्वं ततः।
इत्यालोच्य विवेचकैः समुचितं नाव्याप्यतिव्यापि वा
व्यक्तं व्यञ्जितजीवतत्त्वमचलं चैतन्यमालम्ब्यताम्।।४२।।

હવે, ચેતનપણું જ જીવનું યોગ્ય લક્ષણ છે એમ કાવ્ય દ્વારા સમજાવે છેઃ-

શ્લોકાર્થઃ- [यतः अजीवः अस्ति द्वेधा] અજીવ બે પ્રકારે છે- [वर्णाधैः सहितः] વર્ણાદિસહિત [तथा विरहितः] અને વર્ણાદિરહિત; [ततः] માટે [अमूर्तत्वम् उपास्य] અમૂર્તપણાનો આશ્રય કરીને પણ (અર્થાત્ અમૂર્તપણાને જીવનું લક્ષણ માનીને પણ) [जीवस्य तत्वं] જીવના યથાર્થ સ્વરૂપને [जगत् न पश्यति] જગત દેખી શકતું નથી;- [इति आलोच्य] આમ પરીક્ષા કરીને [विवेचकैः] ભેદજ્ઞાની પુરુષોએ [न अव्यापि अतिव्यापि वा] અવ્યાપ્તિ અને અતિવ્યાપ્તિ દૂષણોથી રહિત [चैतन्यम्] ચેતનપણાને જીવનું લક્ષણ કહ્યું છે [समुचितं] તે યોગ્ય છે. [व्यक्तं] તે ચૈતન્યલક્ષણ પ્રગટ છે, [व्यञ्जित-जीव-तत्त्वम्] તેણે જીવના યથાર્થ સ્વરૂપને પ્રગટ કર્યું છે અને [अचलं] તે અચળ છે- ચળાચળતા રહિત, સદા મોજૂદ છે. [आलम्ब्यताम्] જગત તેનું જ અવલંબન કરો! (તેનાથી યથાર્થ જીવનું ગ્રહણ થાય છે.)

ભાવાર્થઃ- નિશ્ચયથી વર્ણાદિભાવો--વર્ણાદિભાવોમાં રાગાદિભાવો આવી ગયા-

જીવમાં કદી વ્યાપતા નથી તેથી તેઓ નિશ્ચયથી જીવનાં લક્ષણ છે જ નહિ; વ્યવહારથી તેમને જીવના લક્ષણ માનતાં પણ અવ્યાપ્તિ નામનો દોષ આવે છે કારણ કે સિદ્ધ જીવોમાં તે ભાવો વ્યવહારથી પણ વ્યાપતા નથી. માટે વર્ણાદિભાવોનો આશ્રય કરવાથી જીવનું યથાર્થ સ્વરૂપ ઓળખાતું જ નથી.

અમૂર્તપણું જો કે સર્વ જીવોમાં વ્યાપે છે તો પણ તેને જીવનું લક્ષણ માનતાં અતિવ્યાપ્તિ નામનો દોષ આવે છે, કારણ કે પાંચ અજીવ દ્રવ્યોમાંના એક પુદ્‌ગલદ્રવ્ય સિવાય ધર્મ, અધર્મ, આકાશ અને કાળ-એ ચાર દ્રવ્યો અમૂર્ત હોવાથી, અમૂર્તપણું જીવમાં વ્યાપે છે તેમ જ ચાર અજીવ દ્રવ્યોમાં પણ વ્યાપે છે; એ રીતે અતિવ્યાપ્તિ દોષ આવે છે. માટે અમૂર્તપણાનો આશ્રય કરવાથી પણ જીવનું યથાર્થ સ્વરૂપ ગ્રહણ થતું નથી.

ચૈતન્યલક્ષણ સર્વ જીવોમાં વ્યાપતું હોવાથી અવ્યાપ્તિદોષથી રહિત છે, અને જીવ સિવાય કોઈ દ્રવ્યમાં નહિ વ્યાપતું હોવાથી અતિવ્યાપ્તિદોષથી રહિત છે; વળી તે પ્રગટ છે; તેથી તેનો જ આશ્રય કરવાથી જીવના યથાર્થ સ્વરૂપનું ગ્રહણ થઈ શકે છે. ૪૨.

---

**ભાદરવા સુદ-૨, શનિવાર, તા. ૦૯-૦૯-૧૯૭૨**
**કળશ-૪૨-૪૩, પ્રવચન-૧૫૮**

કળશ છે ૪૨.

वर्णाद्यैः सहितस्तथा विरहितो द्वेधास्त्यजीवो यतो
नामूर्तत्वमुपास्य पश्यति जगज्जीवस्य तत्त्वं ततः।
इत्यालोच्य विवेचकैः समुचितं नाव्याप्यतिव्यापि वा
व्यक्तं व्यञ्जितजीवतत्त्वमचलं चैतन्यमालम्ब्यताम्।।४२।।

કોઈનો પ્રશ્ન એમ રહે કે આ ૬૮ ગાથામાં તો મોહના કારણે ગુણસ્થાનનો ભેદ વર્ણવ્યો છે. સમજાણું? અને ગોમ્મટસારમાં તો મોહજોગ ભવા ક્યું છે. બે કહ્યા છે. સમજાય છે કાંઈ? પણ એ જોગની અહીં કાંઈ કિંમત છે નહિ. અહીંયાં મોહને કારણે ભેદ પડ્યા એની વ્યાખ્યા છે. સમજાણું કાંઈ? એના પેટામાં એ જોગ આવી ગયું. હવે આ ગુણસ્થાનને

ગોમ્મટસારમાં મોહ જોગભવા, જયસેનાચાર્યની ટીકામાં મોહ જોગભવા, મોહ અને જોગથી ભેદ પડ્યો આ ૧૪નો અને પાઠમાં તો એકલા મોહકર્મના ઉદયે ચૌદ ગુણસ્થાન એમ કહ્યું. એમાં આવી ગયું એ. સમજાણું કાંઈ? ભેદ પડ્યો એ કર્મના નિમિત્તથી પડ્યો. અભેદ ચીજ છે એ જણાવવી છે. એને અહીંયાં લક્ષણ દ્વારા હવે વર્ણવે છે આ કળશમાં.

'यतः अजीवः अस्ति द्वेधा' **'અજીવ બે પ્રકારે છે-વર્ણાદિસહિત અને વર્ણાદિરહિત; માટે અમૂર્તપણાનો આશ્રય કરીને પણ (અર્થાત્ અમૂર્તપણાને જીવનું લક્ષણ માનીને પણ) જીવના યથાર્થ સ્વરૂપને જગત દેખી શકતું નથી;-'** શું કહે છે? કે વર્ણ, ગંધ, રસ, સ્પર્શ તો એનામાં નથી એથી એનાથી આત્મા જણાય એવો નથી. પણ એનામાં આ અમૂર્તપણું તો છેને. એ તો અરૂપી છે. તો અમૂર્તપણા વડે જણાય કે નહિ? ના. અમૂર્ત બીજા દ્રવ્યોનો પણ એ સ્વભાવ છે એથી બીજાથી ભિન્ન પડે એ અમૂર્તથી ભિન્ન નહિ પડે. સમજાય છે કાંઈ? અંદરમાં એ ચૈતન્ય લક્ષણથી જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... અંદર છે એ જાણનાર લક્ષણથી લક્ષ જુદું પડે છે. કેવળજ્ઞાની આત્મા છે એનાથી જુદું નહિ પડે. સમજાણું કાંઈ? તો તો કેવળજ્ઞાન જેને નથી એ આત્મા ન ઠરે. સમજાણું કાંઈ? એટલે અહીં બે વાત કરી. વર્ણાદિસહિત છે એ પણ જડ છે અને એક વર્ણાદિરહિત છે એ પણ એક અમૂર્ત છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ.

**'(અર્થાત્ અમૂર્તપણાને જીવનું લક્ષણ માનીને પણ) જીવના યથાર્થ સ્વરૂપને જગત દેખી શકતું નથી;...'** 'इति आलोच्य' **'આમ પરીક્ષા કરીને...'** ધર્માત્મા ભેદજ્ઞાનીઓએ એ રીતે પરીક્ષા કરીને. **'विवेचकैः'** ભેદજ્ઞાની. રાગ અને જડ બેયથી ભિન્ન થયેલા જ્ઞાનીએ એનું લક્ષણ જ્ઞાન માન્યું. એ જ્ઞાનલક્ષણે તે જણાય એવો છે. સમજાણું કાંઈ? અમૂર્ત કહેવા જાય તો અમૂર્ત તો પાછું પરમાં પણ જાય છે. અતિવ્યાપ્તિ થઈ જાય છે. કેવળજ્ઞાન કરવા જાય, કેવળજ્ઞાન લક્ષણ તો અવ્યાપ્તિ થઈ જાય. બધામાં કેવળજ્ઞાન છે નહિ અને જડપણું કહેવા જઈએ તો એ અસંભવ છે. એ ત્રણ દોષ આવે છે. કેવી પ્રશ્નોત્તર? પ્રવેશિકા, સિદ્ધાંત પ્રવેશિકા. આવે છે કે નહિ? છોકરાઓને ભણાવવામાં આવે છે સિદ્ધાંત પ્રવેશિકા. જૈન સિદ્ધાંત પ્રવેશિકા. એમાં અતિવ્યાપ્તિ, અવ્યાપ્તિ, અસંભવ નામના દોષને છોડીને એનું લક્ષણ શું છે એ સિદ્ધ કર્યું છે.

અહીં પણ એ કહે છે. **'ભેદજ્ઞાની પુરુષોએ અવ્યાપ્તિ અને અતિવ્યાપ્તિ દૂષણોથી રહિત...'** 'न' છેને? 'न अव्यापि अतिव्यापि वा' એટલે એમાં ન વ્યાપે એમ પણ નહિ અને બીજામાં વ્યાપે એમ પણ નહિ. એવા **'ચેતનપણાને જીવનું લક્ષણ કહ્યું છે...'** એ રાગથી જણાય એવો નથી એ સિદ્ધાંત ભેગો મૂક્યો. સમજાણું કાંઈ? વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ રાગ એનાથી જણાય એવો નથી. અમૂર્તથી જણાય એવો નથી કે અને અમૂર્ત તો

બીજાનું પણ લક્ષણ છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શથી જણાય એવો નથી કેમકે એ છે નહિ. જુઓ! લક્ષણમાં પણ આ નાખ્યું. ચૈતન્યલક્ષણ જાણનાર... જાણનાર... જાણનાર... જાણનારને દોરે જઈને, જાણનારના લક્ષણના સંધિએ જઈને લક્ષને પકડે તો એ લક્ષણ સાચું કહેવાય. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન થવામાં, ધર્મની પહેલી દશા થવામાં એ ચૈતન્ય જેનું લક્ષણ છે એવા લક્ષણ વડે કરીને અંદરમાં જો દ્રવ્યનું લક્ષ કરે તો એને સમ્યગ્દર્શન થાય. લ્યો આ એનો ઉપાય. પ્રથમ ધર્મનો ઉપાય આ. સમજાણું કાંઈ? હવે આ વિષય ફરીને આવશે.

**'ચેતનપણાને જીવનું લક્ષણ કહ્યું છે...'** એટલે જીવ ભગવાન આત્મા એ લક્ષ અને ચૈતન્ય જાણવું એનું લક્ષણ. કહો, સમજાણું આમાં? બહુ સાદી વાતે વાત કરી કે તારો અનુભવ કરવો હોય જીવની સત્તામાં, સત્તાનો સ્વીકાર કરવો હોય તો એ જાણન... જાણન... જાણન... જે લક્ષણ છે એ દ્વારા અંદર જા તો તે લક્ષણથી લક્ષને પકડાય છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? **'ચેતનપણાને જીવનું લક્ષણ કહ્યું છે તે યોગ્ય છે.'** **'સમુચિતં'** છે એમ. તે જ બરાબર અનુભવમાં આવવા લાયક છે. અનુભવમાં આવવાને લાયક એ જ છે. સમજાણું કાંઈ? ભારે! ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિ છે ત્રિકાળ, પણ એને વર્તમાન જે જ્ઞાનદશા છે એ દશા એનું લક્ષણ છે. એ લક્ષણ દ્વારા લક્ષના દ્રવ્યને પકડે તો તે લક્ષણની સફળતા અને દ્રવ્યનું યથાર્થ ભાન થયું કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં? આ તો આ લક્ષણને લઈને પકડાય એમાં તો વ્યવહાર પણ ઉડી ગયો.

મુમુક્ષુ :- લક્ષ અને લક્ષનો વ્યવહાર આવ્યો નહિ?

ઉત્તર :- એ વ્યવહાર એ તો અંદરનો આવ્યો. ઓલા રાગની મંદતા કરતાં-કરતાં જીવ જણાય. વ્યવહાર તો આ એકલો વ્યવહાર. જાણક સ્વભાવને દોરે જઈને દ્રવ્યને પકડ. સમજાણું કાંઈ? એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... શ્યામ વર્ણથી જણાય?

ઉત્તર :- ના જણાય. શ્યામ વર્ણથી શરીર જણાય. શ્યામ વર્ણથી ઓળખાવવું એ વસ્તુનું સ્વરૂપ નથી. ફલાણાના દીકરા હતા. સમજાણું? સમુદ્રવિજયના. એ વસ્તુ નથી. દીકરા કોના? ફલાણી માનો દીકરો હતો. શિવાદેવીનો. એ કેવું? એ ક્યાં એનું સ્વરૂપ છે? દીકરો કેવો એનો? તેમ તે રાગ કરે છે માટે કરનારો રાગ કરે માટે તે આત્મા છે એ ક્યાં એનું સ્વરૂપ છે? રાગ એના સ્વરૂપમાં ક્યાં અને રાગ કરવું એના ભાવમાં ક્યાં છે? સમજાણું કાંઈ? તેમ અમૂર્ત છે એ આત્મા. તો અમૂર્તપણું તો અંદર લક્ષમાં કરવા (જાય તો) અમૂર્ત તો ભેગું ધર્માસ્તિ, અધર્માસ્તિ આવી જાય છે. એ કાંઈ આત્મા પકડાય નહિ. તેમ કેવળજ્ઞાન તે આત્મા. કેવળજ્ઞાન તે આત્મા તો કેવળજ્ઞાન ન હોય એને આત્માને પકડવાનું કોઈ સાધન રહેતું નથી.

સમજાણું કાંઈ? આ દેહમાં કોણ છે આત્મા? કહે છે. તું કોણ છો? કેમ છો? કેમ જણાય એવો છો? કે ચૈતન્ય જાણવાનો જે સ્વભાવ, જાણવાની હયાતી જેમાં આ જણાય બધું એમાં એ પોતે જણાય એવો ચૈતન્ય લક્ષણનો સ્વભાવ છે. કહો, સમજાણું કાંઈ? આહા..!

એ **'ચેતનપણાને જીવનું લક્ષણ કહ્યું છે...' 'અવ્યાપ્તિ અને અતિવ્યાપ્તિ દૂષણોથી રહિત...'** થયું. એટલે કે ચેતનપણું બધામાં વ્યાપે જીવમાં, ક્યાંય ન વ્યાપે એમ નથી. તેમ ચેતનપણું અતિવ્યાપ્તિપણું બીજામાં પણ જડમાં વ્યાપે એમ પણ છે નહિ. આહા..હા..! ચૈતન્ય લક્ષણ એ આત્મા એમ જે અનુભવ થવો એ સમુચિત છે, એ બરાબર છે, એને માટે આ જ ઉચિત છે એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? બહુ ટૂંકું ભાઈ આ. બધું આમ કરવું, આ કરે ને આ કરે. મંદિર બનાવે, પૂજા કરાવે, ભક્તિ કરે, જાત્રા કરે. તો કહે છે કે આત્મા જણાય એવો નથી એમ કહે છે. સમજાણું કાંઈ? એ તો એનામાં ચૈતન્ય જાણવું... જાણવું... જાણવું... દેખવું એવો જે વર્તમાન વ્યક્ત પ્રગટ સ્વભાવ એ લક્ષણે જઈને અંદરમાં લક્ષ કરવું એ પણ એટલો ભેદ પડ્યો. પણ ભેદ પાડીને જવું છે દ્રવ્યમાં. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન આત્માનો પત્તો ચૈતન્ય લક્ષણથી મળશે. સમજાણું કાંઈ? કોઈ કહેને ભાઈ આ ઘરનો પત્તો ક્યાં? કે ફલાણી શેરીમાં, ૫૦ ઘરમાં વચલું ઘર. ત્યાં રહે છે એ. એમ આ ભગવાન ક્યાં રહે છે? એ ચૈતન્ય લક્ષણે લક્ષિત થવાને લાયકમાં એ રહે છે. એના ઘરમાં જાવું હોય તો ચૈતન્ય લક્ષણે જઈ શકાશે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પૂર્ણ સ્વરૂપ દ્રવ્ય તેનું લક્ષ છે. કોનું? લક્ષણનું. ચૈતન્ય જાણવું-જાણવું લક્ષણ એનું એ લક્ષ છે અને એ લક્ષનું આ લક્ષણ છે. સમજાણું કાંઈ? બીજી જંજાળ, પ્રપંચ વિસ્તાર છોડી દે. એક જ જ્ઞાન... જ્ઞાન... જાણે છે. જેની હયાતીમાં જાણવું થાય છે એ જાણવાના લક્ષણે અંદરમાં જા તો એનું લક્ષ પકડાયા વિના રહેશે નહિ, તો એનો અનુભવ થયા વિના રહેશે નહિ. એ એમ કહે છેને '**समुचितं**' સમ્યક્ પ્રકારે તે જ વ્યાજબી છે. સમજાણું કાંઈ? આહા..!

વળી લક્ષણ એ વળી પર્યાય. એક લક્ષણ ગુણ એ જુદી ચીજ. ગુણ લક્ષણ અને દ્રવ્ય લક્ષ. પણ એનો નિર્ણય કરનાર તો પર્યાય છે. સમજાણું કાંઈ? જ્ઞાન ત્રિકાળી ઉપયોગ એ લક્ષણ અને વસ્તુ તે એનું લક્ષ દ્રવ્ય. એનો નિર્ણય કોણ કરે? પ્રગટ પર્યાય તેનો નિર્ણય કરે. એ ગુણ લક્ષણ અને દ્રવ્ય લક્ષ એ પર્યાય નિર્ણય કરે, ગુણ નિર્ણય ન કરે. સમજાણું કાંઈ? ભારે ધર્મ ભાઈ! આ બધા વ્રતને તપને કરે તો પકડાય એવો નથી એમ કહે છે અહીં તો. કારણ કે વિકલ્પો રાગ એનામાં છે નહિ. એનું એ લક્ષણ જ નથી. આહા..હા..! એનું લક્ષણ તો ભગવાન ચૈતન્ય સ્વરૂપ. જાણન-દેખનના અસ્તિત્વથી અંતરમાં પકડાતા લક્ષને પકડતા એ લક્ષણ પકડી શકે છે. આહા..હા..! આ ઓછો પુરુષાર્થ છે? આ કર્યું નથી અને બાકી વ્રત ને તપ ને એવા અનંતા કર્યા તો એ પુરુષાર્થ ઓછો કે આ પુરુષાર્થ ઓછો?

આ પુરુષાર્થ છે. જેનું લક્ષણ પ્રગટ છે અને જે પર્યાયમાં આવતો નથી. વસ્તુ... વસ્તુ.. ભગવાન ... એને અંદરમાં જઈને પકડવો. સમજાણું કાંઈ? આ જ વીતરાગ માર્ગનો પહેલો પાયો અને ઉપાય છે. આચાર્યે ઘણું ફેરવીને વાત ટૂંકામાં લઈ લીધી છે. આહા..હા..!

ઓલામાં એમ કહે, અરિહંત મહાદેવો, ગુરુ. અમારા ગુરુ આવા છે. એ સમકિત છે. ..માં આવે છે. આમાં પણ કેટલાક કહે છેને. ત્યાં પણ એ ૨૮મા અધ્યયનમાં આવે છે. નવ તત્ત્વના નામ લઈને ... ભાવેણનો અર્થ મનથી માને એમ. મન ક્યાં એનું સ્વરૂપ છે? સમજાણું કાંઈ? ૨૮મા અધ્યયનમાં છે મોક્ષમાર્ગ. કેટલાકે અહીંથી વાંચી આવું અને પછી ત્યાં ગોઠવી દે છે. અમારામાં પણ છે.

મુમુક્ષુ :- એનામાં પણ ભૂતાર્થ શબ્દ તો આવે છે.

ઉત્તર :- ભૂતાર્થ શબ્દ આવે એમાં શું થઈ ગયું? દસ પ્રકારની રુચિમાં એ આવે છે. પણ ભૂતાર્થ ત્રિકાળ ભૂતાર્થ અને જ્ઞાન એનું લક્ષ કરે, જાણનાર એનું લક્ષ કરે, જાણવાના સ્વભાવ દ્વારા એ પકડાય. જાણવાના સ્વભાવ સિવાય વર્ણના લક્ષે, રાગને લક્ષે, પર્યાય એનું લક્ષણ અને જ્ઞાન એનું લક્ષ એમ પણ નહિ. પર્યાય એનું લક્ષ અને જ્ઞાન એનું લક્ષણ એમ પણ નહિ. સમજાણું કાંઈ? એ તો જાણનસ્વભાવ દ્વારા, જાણનસ્વભાવ દ્વારા અંતરમાં ઊંડા જતા, અંતરમાં ઊંડે ઉતરતા જે લક્ષ પકડાય તે લક્ષણનું લક્ષ છે. આહા..હા..! કહો, હવે આમાં કાંઈ શાસ્ત્ર પણ કામ ન આવે. આહા..હા..! કેમકે એની સત્તામાં જ્ઞાન સ્વરૂપ ત્રિકાળ છે અને ત્રિકાળને પકડવા માટે વર્તમાન જ્ઞાનનું લક્ષણ જ કામ કરે. સમજાણું કાંઈ? ભાષા સાદી નાખી છે પણ સાર નાખ્યો છે. આમ તો વાતો ઘણી આવે છે જૈન સિદ્ધાંત પ્રવેશિકામાં. લક્ષણ કોને કહેવાય? આવે છેને? છોકરાઓને સમજાવે છે. મોટા ન સમજે એ પણ છોકરા જેવા જ છેને? આહા..હા..!

મુમુક્ષુ :- જ્ઞાનમાં તો બેય જણાય છે સ્વ અને પર.

ઉત્તર :- પરની અહીં વાત નથી. પર્યાયમાં સ્વ-પર જણાય એવું એનું સ્વરૂપ છે, પણ એ લક્ષણ અંદરમાં જાય ત્યારે એને લક્ષણ કહેવાય છે. એ બહારમાં જાણવામાં રોકાય તો એ લક્ષણ જેનું છે ત્યાં તો ગયું નહિ. સમજાણું કાંઈ? જેની એક સમયની જ્ઞાનની પર્યાયમાં લોકાલોક જાણે એવી એની તાકાત. એથી અનંતગુણું હોય તોપણ જાણે એવી તાકાત છે. પણ એવી જે જ્ઞાનની પર્યાય પરનું લક્ષ રાખીને જાય તો એ આત્માનું લક્ષ થાય? એનું અને એનું લક્ષ રાખે તો આત્માનું લક્ષ થાય? સમજાણું કાંઈ? એ જાણવાની દશા એનો અર્થ જ થયો એ. '**भूदत्थमस्सिदो**' ભૂતાર્થ ચીજ છે ત્યાં પર્યાયને વાળવી. એ પર્યાયને અહીં જ્ઞાનલક્ષણે કરીને વાળવી એમ કહેવામાં આવ્યું. પાટનીજી! આહા..હા..!

ત્રણલોકનો નાથ એકલો જ્ઞાનના પુંજથી ભરેલો છે, કેવળજ્ઞાનમય છે. કેવળ એટલે એકલા

જ્ઞાનમય છે. કેવળજ્ઞાનમય છે એવો નિર્ણય કરનાર કોણ? પર્યાય, અનિત્ય જે પર્યાય તે નિત્યનો નિર્ણય કરે છે. આરે ઠીક! સમજાણું કાંઈ? એ જીવનું સમુચિત-બરાબર વ્યાજબી લક્ષણ કે જેનાથી લક્ષણથી આત્મા અનુભવમાં આવે છે. ઓહો..હો..! આ એકલું લક્ષ કરે એમ નહિ, લક્ષનો અર્થ જ અનુભવ છે. સમજાણું કાંઈ? જ્ઞાન જાણનાર છે અને જાણનાર છે એ જાણનાર લક્ષણ ત્રિકાળી ચીજનું છે. સમજાણું કાંઈ? એમ લક્ષણને અંતર વાળતા એનો અર્થ જ થઈ ગયો ઈ. '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो**' આવ્યું છેને? ૧૧મી ગાથા. ઓહો..હો..! વીતરાગની કહેણી, કથની અલૌકિક ગંભીર. ભગવાન! તને જાણવામાં ચિહ્નો હોય તો જાણવાના જ્ઞાનના લક્ષણ એ ચિહ્ન છે. એ લક્ષણે કરીને અંદરમાં ઉતરતા ધ્યેયને પકડે છે ઈ. આહા..હા..! ભાષા સાદી છે, ભાષા થોડી છે, પણ ભાવ અલૌકિક છે. સમજાણું કાંઈ? ઓહો..હો..!

જ્યાં વસ્તુ છે ત્યાં લક્ષણને વાળ. આહા..! જેનું એ લક્ષણ છે એમાં એને વાળ. આહા..હા..! એ સિવાય બીજું બધું ટાળ. ટાળવાનું પણ રહેતું નથી અહીં તો કહે છે. જ્ઞાનના લક્ષણે કરીને અંદરમાં જતા એનો લક્ષણનો સ્વભાવ જ એ છે. જેનું છે ત્યાં એ જાય. સમજાણું કાંઈ? વસ્તુના સ્વભાવનું એ લક્ષણ છે.

મુમુક્ષુ :- ઘણી વાર તો આપ આત્માને ધ્રુવ અને અપરિણામી કહો છો એ લક્ષણ...

ઉત્તર :- આ કીધુંને, શું કીધું આ? એ માટે તો વાત ચાલે છે. આમાં બીજું છે કાંઈ? ભૂતાર્થ તે શુદ્ધનય છે અને ભૂતાર્થનો આશ્રય કરે તે સમકિત છે એનો શું અર્થ થયો? કે આશ્રય કરનાર જે જ્ઞાનપર્યાય છે એ લક્ષણ છે. ત્રિકાળીની અંદરમાં જતા અભેદ થાય છે ત્યારે એને સમ્યગ્દર્શન, ધર્મની પહેલી શરૂઆત થાય છે. એ વિના લાખ વ્રત કરે ને તપ કરે ને ભક્તિ કરે ને દાન કરે ને પૂજા કરે. એ બધી રાગની ક્રિયામાં લાભ માનનાર મિથ્યાત્વને સેવે છે, મિથ્યાત્વની પુષ્ટિ કરે છે.

આ જેની પર્યાય છે, જેનું લક્ષણ છે, જે વડે લક્ષ થઈ શકે છે એ ચીજ હોય તો જાણવા દેખવાની વર્તમાન પર્યાય. આહા..હા..! એ પર્યાયને જેની છે ત્યાં લઈ જાય આ એનું એ લક્ષ કહેવાય. પછી આ લક્ષણ અને લક્ષ બે ભેદ પણ રહેતા નથી. સમજાણું કાંઈ? આવી તો સાદી વાત અને આ બધી કેમ ઊંધી કરી હશે? આ ખબર નથી. ભગવાન તો જ્ઞાનસ્વરૂપના ચિહ્નવાળો છે. પણ એ ચિહ્ન ક્યારે કહેવાય? એ અંદરમાં લઈ જાય તો. તો એનું લક્ષણ કહેવાયને? ત્યાંને ત્યાં રોકાય તો એનું લક્ષણ ક્યાં આવ્યું? વસ્તુનું લક્ષણ ક્યાં આવ્યું? એ તો પર્યાયનું લક્ષણ. પર્યાયનું લક્ષણ શું? (દ્રવ્ય) તો અનંત ગુણનો પિંડ છે. પર્યાય પણ અનંત ગુણની પર્યાય છે અંદર આ વર્તમાન. અનંત ગુણની પર્યાય છે જુઓ! પણ ઓલો આખો ક્યાં આવ્યો એમાં? અંશબુદ્ધિ તો અનાદિની છે એ તો એમ કહે છે.

સમજાણું કાંઈ? અને એ અનાદિની બુદ્ધિ ભ્રમ છે. એને ટાળવાની રીતની પદ્ધતિ આ એક છે. ઓલામાં એમ કહ્યું કે ભાઈ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કર. અહીં તો એની એ વાત છે કે લક્ષણથી અંદરમાં જા અને અંદર જ્ઞાન અને પ્રતીત થાય એને સમકિત અને જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તે ચૈતન્યલક્ષણ પ્રગટ છે,...'** જોયું! વ્યક્ત છે, શક્તિરૂપ નહિ. જ્ઞાન જાણવાનું લક્ષણ પ્રગટ છે એમ કહે છે. સમજાણું કાંઈ? જે જ્ઞાનની વર્તમાન દશા રાગને અને આને જાણે એમ વળેલી, જેનું લક્ષણ નહિ એનામાં વળેલી એ લક્ષણ જ નહિ. એ તો મિથ્યાભ્રમ છે, અજ્ઞાન છે. જેનું લક્ષણ છે એમાં વળતા તે વ્યક્ત જ વર્તમાન છે એમ કહે છે અહીં તો. શક્તિરૂપ, ધ્રુવરૂપની અહીં વાત નથી લક્ષણની. સમજાણું કાંઈ? નહિતર, ઉપયોગો લક્ષણ નિશ્ચય. લ્યો! આવે છેને? ઉપયોગ તે નિશ્ચય લક્ષણ છે એનું. ત્રિકાળ પણ એ નિશ્ચય ઉપયોગ ત્રિકાળ લક્ષણ છે. દ્રવ્યસંગ્રહમાં એવું આવે. ત્રિકાળ જ્ઞાનદર્શનનો ઉપયોગ તે આત્મા. એ ઉપયોગ તે આત્મા એને પ્રગટ દશા વડે જણાય? કે ધ્રુવથી જણાય? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ધ્રુવમાં અને અચળમાં શું ફેર?

ઉત્તર :- કાંઈ ફેર નથી. અચળ તો તે વસ્તુ છે અચળ. પર્યાયને અચળ કહેવી હોય તો એને એમ કહેવું કે પર્યાય જે ધ્રુવ તરફ વળી છે એ પર્યાય અચળ છે. એ જ્ઞાન રાગને માનતું નથી. અચળ સવારે આવ્યું હતું. સમજાણું? આ જ્ઞાન ચળતું નથી એમ નક્કી કોણ કરે પણ? જ્ઞાનગુણ અને ગુણી ભગવાન એ જ્ઞાન ચળતું નથી, પરમાં જતું નથી, એ નિર્ણય કોણ કરે? એ જ્ઞાનની પર્યાય. સમજાણું કાંઈ?

વ્યક્ત તે પ્રગટ છે. એ વ્યક્ત ચૈતન્ય લક્ષણ પ્રગટ છે. આહા..હા..! જાણવાની ધારા પ્રગટ છે એને અંતરમાં વાળતા **'व्यञ्जित-जीव-तत्तवम्'** જોયું! **'व्यञ्जित'** **'તેણે જીવના યથાર્થ સ્વરૂપને પ્રગટ કર્યું છે...'** **'તેણે જીવના યથાર્થ સ્વરૂપને...'** **'व्यञ्जित'** **'પ્રગટ કર્યું છે...'** પ્રગટ લક્ષણે પ્રગટ કર્યું છે તત્ત્વને. આહા..હા..! સમજાણું કાંઈ? એમ છે કે આવી વાત એને સાદી લાગેને સાધારણ. પણ એ સાધારણ નથી ભાઈ! પ્રગટ છે એ વસ્તુના સ્વરૂપને પ્રગટ કરે છે કહે છે. કેમકે જ્ઞાનસ્વરૂપ અંતર વળતા પ્રગટ છે તે આ વસ્તુ પ્રગટ છે એમ એ નક્કી કરે છે. હું તો ધ્રુવ છું, ચૈતન્ય છું. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મકથામાં તો આમ ઝપટ ચાલતી હોયને. આ હળવે-હળવે જાણે માંદા હોય માણસ એમ વાતું કરવી. એય..! નેમિદાસભાઈ! હળવે-હળવે વાતું કરે. પછી આ થાય ને... ઝપટ બોલેને અંદર. ભગવાન ઝપટ કોની? ભાષાની? કે જ્ઞાનની? જ્ઞાનની ઝપટ તો અંદરમાં જાય એને ઝપટ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

પાતાળના પાણીને જોવા હોય તો... જુઓ! આ કૂવામાં નથી પડતા માણસ? નાવા

નથી પડતા? કોશિયા પડે છે જોયાને? કોશિયા એટલે? કોષ પડેને કોષ જેમ? લોઢાની સમજ્યા? લોઢાની કોષ નથી હોતી? ખોદવાની. શું? કોષ હોય છેને લોઢાની? એમ બાળકો-છોકરાઓ પાણી હોયને ૨૫-૨૫ હાથ ઊંડું કૂવામાં એમાં સીધા પડે અને તાગ લઈ આવે તાગ હેઠે જઈને. બહાર આમ ન નીકળી શકે હાથ આમ કરીને. જુઓ, તાગ લઈ આવ્યો છું કહે. ત્યાં અમારે ઉમરાળામાં છે કૂવો. ત્યાં બધા છોકરાઓ નહાતા. સર્પ બેઠા હોય અંદર. પણ એને કરડે નહિ. છોકરાઓ ન્હાય. એમ એકવાર ઊભું જ્ઞાનનું લક્ષણ. આહા..હા..! સીધો કોશિયો નાખ અંદર કહે છે. તાગ લઈ આવ કે આ દ્રવ્ય. સમજાણું કાંઈ? બાપુ! એ કાંઈ વાતું નથી. લક્ષણથી આ લક્ષ અને એ સાધારણ વાતમાં વસ્તુ છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પ્રગટ જ્ઞાનની પર્યાયે અપ્રગટ દ્રવ્ય એવો એને એ પર્યાય પ્રગટ કરે છે. **'व्यञ्जित'** કીધુંને? **'व्यञ्जित'** કહો કે પ્રગટ સ્પર્શી જાય છે. પર્યાય એને સ્પર્શે છે એટલે પ્રગટ કરે છે કે આ આત્મા. આહા..હા..! એ હું. સમજાણું કાંઈ? આ ધાર્મિક ક્રિયા કહેવાય છે. સમજાણું કાંઈ? જાણવાના ભાવરૂપ દશા જે દેખાય છે પ્રગટ એ લક્ષણ દ્રવ્યનું છે, ચૈતન્યનું છે. ચૈતન્ય દ્રવ્ય એનું એ ચૈતન્ય લક્ષણ છે. એ લક્ષણેથી લક્ષ પકડતા વસ્તુ જ્ઞાનમાં પ્રગટ થાય છે. અને એમાં પ્રતીત થવી એનું નામ સમકિત કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

**'व्यञ्जित-जीव-तत्त्वम्'** એ જીવના તત્ત્વને એટલે કે જીવના સ્વરૂપને. આહા..હા..! જેવું જ્ઞાયકસ્વરૂપ ધ્રુવ ચૈતન્ય છે એને એ પ્રગટ કરે છે. અને તે અચળ છે. એ લક્ષણ અચળ છે. રાગ આદિમાં જતું લક્ષમાં, જેનું લક્ષ નહોતું અથવા જેનું લક્ષણ નહોતુ ત્યાં રાગ અને દયા, દાનના વિકલ્પને જાણવા જાતું એ હવે અહીં જાણનારને જાણવામાં આવ્યું એ જ્ઞાન અચળ રહે છે. સમજાણું કાંઈ? હવે ભાઈ આવી વાત તો અમારે સિદ્ધાંત પ્રવેશિકામાં પણ આવે છે. લ્યો! નહિ? આ છોકરાઓને નથી આવતું? છોકરા આવ્યા કે નહિ બોર્ડિંગ? સિદ્ધાંત પ્રવેશિકા. આવે છેને સિદ્ધાંત પ્રવેશિકામાં? લક્ષણ કોને કહેવું? અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ અસંભવ દોષ રહિત લક્ષણ. હમણા આમણે સાદુ કર્યું છે. જૈન તત્ત્વજ્ઞાન પુસ્તક છેને. જૈન તત્ત્વજ્ઞાન નહિ? આ રહ્યું. છપાણું છેને હમણા.

મુમુક્ષુ :- સાતમો.

ઉત્તર :- સાતમો ભાગ. જૈન તત્ત્વજ્ઞાન પાઠશાળા ભાગ પહેલો. બહુ સાદુ લક્ષણ છે. ...માં છે. પોતે જ રાગ અને સંસાર વિનાની સાદી ચીજ છે. સમજાણું કાંઈ?

કહે છે કે એ ચળાચળ વિનાનું સદા મોજૂદ છે. વસ્તુ મોજૂદ છે એમ જેણે પકડી જ્ઞાન દ્વારા, અરે..! જ્ઞાન પણ એમને એમ મોજૂદ રહે છે હવે. **'आलम्ब्यताम्'** **'જગત તેનું જ અવલંબન કરો! (તેનાથી યથાર્થ જીવનું ગ્રહણ થાય છે.)'** આ લક્ષણની વાત

કરે છે. હે જગતના જીવો! તમને પ્રગટરૂપ જ્ઞાનની દશા છે એ લક્ષણને અંદરમાં વાળો કે જેનાથી તે અનુભવમાં આવે.

'**ભાવાર્થ :- નિશ્ચયથી વર્ણાદિભાવો...**' એટલે રંગ, ગંધ, રસ, સ્પર્શ ભાવો એમાં રાગાદિ ભાવો આવ્યા. એમાં શુભ-અશુભ રાગ પણ ભેગા આવી ગયા. એ જીવમાં કદી વ્યાપતા નથી. દેખો! એક સમયની વ્યાપતા છે એની ના પાડી. એ તો પર્યાયમાં. દ્રવ્ય એમાં વ્યાપતું નથી. પહેલા આવી ગયું હતું. એક સમયમાં છે, પણ એક સમયમાં તન્મય થયું નથી. જ્ઞાયકભાવ રાગ સાથે તન્મય થયો જ નથી. '**જીવમાં કદી વ્યાપતા નથી તેથી તેઓ નિશ્ચયથી જીવનાં લક્ષણ છે જ નહિ;...**' કોણ? દયા, દાનના ભાવ અને રંગનો ભાવ. અંદર આ પીળો દેખાય એ આત્મા, ધ્યાનમાં ચકચકાટ આમ પ્રકાશ દેખાય લ્યો! અગ્નિની જ્યોતિ જેવો દેખાય. એ તો જડ છે. સમજાણું કાંઈ? આંખ મીંચેને પછી લાલ-પીળા દેખાય અંદર. આમ બહુ આંખો કરે તો વળી અંદર ચાકળા જેવા દેખાય ઝીણા-ઝીણા દાણા. પણ એ તો બધું જડ છે. ત્યાં ક્યાં આત્મા આવ્યો? સમજાણું કાંઈ? એ બધાને જાણનારની પર્યાય તે તેનું લક્ષણ. એ લક્ષણથી રાગ અને વર્ણમાં એ વ્યાપતો નથી, પણ લક્ષણમાં વ્યાપેલો છે.

'**વ્યવહારથી તેમને જીવના લક્ષણ માનતા પણ અવ્યાપ્તિ નામનો દોષ આવે છે કારણ કે...**' દરેક અવસ્થામાં એ રાગ વ્યાપતા નથી. પુણ્યનો ભાવ, કષાય મંદતાનો ભાવ એ જીવનું લક્ષણ માનતા અવ્યાપ્તિ (દોષ આવે છે). બધે ઠેકાણે (રાગ) વ્યાપતો નથી, રાગ બધે ઠેકાણે રહેતો નથી. ભગવાન આત્મા આનંદનું ભાન થતાં એ રાગ રહેતો નથી. તેથી તે '**અવ્યાપ્તિ નામનો દોષ આવે છે કારણ કે સિદ્ધ જીવોમાં તે ભાવો વ્યવહારથી પણ વ્યાપતા નથી. માટે વર્ણાદિભાવોનો આશ્રય કરવાથી જીવનું યથાર્થ સ્વરૂપ ઓળખાતું જ નથી.**' ઓલા રાગાદિ ભેગા નાખી દીધા હોં!

હવે રહ્યું '**અમૂર્તપણું જો કે સર્વ જીવોમાં વ્યાપે છે તો પણ તેને જીવનું લક્ષણ માનતા અતિવ્યાપ્તિ નામનો દોષ આવે છે,...**' કારણ કે અમૂર્ત તો એમાં પણ છે અને પાછું ધર્માસ્તિમાં પણ છે. એના સિવાય બીજે પણ એ લક્ષણ જાય છે. એ લક્ષણ કહેવાય નહિ. બીજા દ્રવ્યની સાબિતી, અમૂર્તપણાની સાબિતી, મૂર્તપણાની સાબિતી, રાગની સાબિતી. આહા..હા..! સમજાણું કાંઈ? '**તેને જીવનું લક્ષણ માનતાં અતિવ્યાપ્તિ નામનો દોષ આવે છે, કારણ કે પાંચ અજીવ દ્રવ્યોમાંના એક પુદ્‌ગલદ્રવ્ય સિવાય ધર્મ, અધર્મ, આકાશ અને કાળ-એ ચાર દ્રવ્યો અમૂર્ત હોવાથી, અમૂર્તપણું જીવમાં વ્યાપે છે તેમ જ ચાર અજીવ દ્રવ્યોમાં પણ વ્યાપે છે;...**' એટલે એ કાંઈ એનું લક્ષણ થયું નહિ. '**એ રીતે અતિવ્યાપ્તિ દોષ આવે છે. માટે અમૂર્તપણાનો આશ્રય કરવાથી...**' અતિવ્યાપ્તિ સમજાય

છે? અતિવ્યાપ્તિ એટલે શું કે આત્મામાં પણ છે અને બીજામાં પણ છે. એટલે એ અતિવ્યાપ્તિ થઈ. પોતા સિવાય બીજામાં પણ છે. '**પણ જીવનું યથાર્થ સ્વરૂપ ગ્રહણ થતું નથી.**'

'**ચૈતન્યલક્ષણ સર્વ જીવોમાં વ્યાપતું હોવાથી...**' કેવળ જ્ઞાન નહિ, પણ ચૈતન્ય જાણવું એ એનું લક્ષણ છે એટલી વાત છે. સમજાણું કાંઈ? '**ચૈતન્યલક્ષણ સર્વ જીવોમાં વ્યાપતું હોવાથી...**' આહા..હા..! નિગોદના જીવમાં પણ ચૈતન્યલક્ષણ તો છે. લક્ષણથી લક્ષ કરતો નથી, પણ લક્ષણ તો છે. સર્વ જીવોમાં છે એમ લીધુંને? અભવિમાં પણ છે. શું કીધું? '**ચૈતન્યલક્ષણ સર્વ જીવોમાં વ્યાપતું હોવાથી અવ્યાપ્તિદોષથી રહિત છે,...**' ક્યાંય નથી એમ નહિ. નિગોદના જીવમાં, સિદ્ધમાં બધે તે છે. આહા..હા..! '**અને જીવ સિવાય કોઈ દ્રવ્યમાં નહિ વ્યાપતું હોવાથી અતિવ્યાપ્તિદોષથી રહિત છે;...**' જાણવાનો સ્વભાવ લક્ષણ જીવ સિવાય ક્યાંય હોતો નથી. માટે અતિવ્યાપ્તિથી બીજામાં જાય એવું છે નહિ.

'**વળી તે પ્રગટ છે;...**' વ્યક્ત આવ્યું હતુંને? જાણવાની દશા પ્રગટ છે એને લક્ષણ વર્ણવ્યું છે. આનંદને ન વર્ણવ્યું કે કારણ કે આનંદ પ્રગટ નથી. સમજાણું કાંઈ? '**વળી તે પ્રગટ છે; તેથી તેનો જ આશ્રય કરવાથી જીવના યથાર્થ સ્વરૂપનું ગ્રહણ થઈ શકે છે.**' આહા..હા..! સમજાણું? '**તેનો જ આશ્રય કરવાથી...**' ભાષા જુઓ! લક્ષણનો આશ્રય કરવાથી. એનો અર્થ કે એ જ લક્ષણ છે અને એ લક્ષનું લક્ષણ છે એટલે એનો આશ્રય કરવા જાય તો લક્ષનો આશ્રય થઈ જાય. સમજાણું કાંઈ? ભારે વાત! ભાષામાં જાણે બહુ સરળ અને સાદુ છે. ભાવ તો ઘણા ઊંચા છે. '**જીવના યથાર્થ સ્વરૂપનું ગ્રહણ થઈ શકે છે.**' લ્યો!

## શ્લોક-૪૩

(वसंततिलका)

जीवादजीवमिति लक्षणतो विभिन्नं
ज्ञानी जनोऽनुभवति स्वयमुल्लसन्तम्।
अज्ञानिनो निरवधिप्रविजृम्भितोऽयं
मोहस्तु तत्कथमहो बत नानटीति।।४३।।

હવે, '**જો આવા લક્ષણ વડે જીવ પ્રગટ છે તોપણ અજ્ઞાની લોકોને તેનું અજ્ઞાન**

કેમ રહે છે?'- એમ આચાર્ય આશ્ચર્ય તથા ખેદ બતાવે છે :—

શ્લોકાર્થઃ- [इति लक्षणतः] આમ પૂર્વોકત જુદાં લક્ષણને લીધે [जीवात् अजीवम् विभिन्नं] જીવથી અજીવ ભિન્ન છે [स्वयम् उल्लसन्तम्] તેને (અજીવને) તેની મેળે જ (સ્વતંત્રપણે, જીવથી ભિન્નપણે) વિલસતું-પરિણમતું [ज्ञानी जनः] જ્ઞાની પુરુષ [अनुभवति] અનુભવે છે, [तत्] તોપણ [अज्ञानिनः] અજ્ઞાનીને [निरवधि-प्रविजृम्भितः अय मोहः तु] અમર્યાદપણે ફેલાયેલો આ મોહ (અર્થાત્ સ્વપરના એકપણાની ભ્રાન્તિ) [कथम् नानटीति] કેમ નાચે છે-[अहो बत] એ અમને મહા આશ્ચર્ય અને ખેદ છે! ૪૩.

## કળશ-૪૩ ઉપર પ્રવચન

'હવે, 'જો આવા લક્ષણ વડે જીવ પ્રગટ છે તોપણ અજ્ઞાની લોકોને તેનું અજ્ઞાન કેમ રહે છે?' -એમ આચાર્ય આશ્ચર્ય તથા ખેદ બતાવે છે :—' અરેરે! ભગવાન છે અને કેમ તને ભાનમાં આવતો નથી? સમજાણું કાંઈ? પ્રગટ જ્ઞાનની પર્યાયથી લક્ષણે જણાય એવો, પ્રગટ છે આવું સ્વરૂપ એનું છતાં જગતના જીવો કેમ તે જાણતા નથી? એમ ખેદ (કરે છે), રાગ છેને જરી.

जीवादजीवमिति लक्षणतो विभिन्नं
ज्ञानी जनोऽनुभवति स्वयमुल्लसन्तम्।
अज्ञानिनो निरवधिप्रविजृम्भितोऽयं
मोहस्तु तत्कथमहो बत नानटीति।।४३।।

અરેરે! આ મોહ કેમ નાચે છે? આવો પ્રગટ જ્ઞાનસ્વભાવી પ્રસિદ્ધ તો આત્મા છે. સમજાણું કાંઈ? બીજાની પ્રસિદ્ધિ કરનારું જ્ઞાન પ્રસિદ્ધ છે. આહા..હા..! છતાં 'આમ પૂર્વોકત જુદાં લક્ષણને લીધે જીવથી અજીવ ભિન્ન છે...' ભગવાન આત્માથી અજીવ તદ્દન જુદાં છે. શરીર, વાણી, મન, દયા, દાનના રાગ ભગવાન આત્માના લક્ષણથી, વસ્તુથી તો જુદાં, લક્ષણથી જુદાં છે. સમજાણું કાંઈ? જેનું એ લક્ષણ નથી ત્યાં એ લક્ષ કરે છે એ જ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? જાણવું જેનું લક્ષણ છે એના લક્ષમાં ન જતાં જાણવાની દશા જેનું એ લક્ષ નથી અથવા જેનું એ લક્ષણ નથી, એ જ્યાં રાગમાં દોરાય જાય છે એ ભ્રમ અને અજ્ઞાન છે. કહો, સમજાણું?

'**આમ પૂર્વોક્ત જુદાં લક્ષણને લીધે જીવથી અજીવ ભિન્ન છે તેને (અજીવને) તેની મેળે જ (સ્વતંત્રપણે, જીવથી ભિન્નપણે) વિલસતું-પરિણમતું જ્ઞાની પુરુષ અનુભવે છે,...**' એમ જરી લીધું છે. ખરેખર તો જ્ઞાનસ્વભાવથી પ્રગટ ભિન્ન વિલસતો પરમાત્મા જણાય છે એવી એ ચીજ છે. સમજાણું કાંઈ? '**स्वयम् उल्लसन्तम्**' '**તેને (અજીવને) તેની મેળે જ (સ્વતંત્રપણે, જીવથી ભિન્નપણે) વિલસતું-પરિણમતું...**' એવી રીતે લીધું છે. બીજી રીતે છે. ખરું સ્વરૂપ આમ છે. '**स्वयम् उल्लसन्तम्**' જ્ઞાનીજન અનુભવે છે એમ કહે છે. એ તો જ્ઞાનાનંદ પ્રભુ જ્ઞાન લક્ષણે સ્વયં ઉલ્લસિત છે એને ધર્મી અનુભવે છે. સમજાણું કાંઈ? ભાઈએ અર્થમાં એ કર્યું છે. અધ્યાત્મમાં. ઓલા શું કહેવાય? ગજાનન. એમાં જરી ફેર છે અર્થમાં.

'**આમ પૂર્વોક્ત જુદાં લક્ષણને લીધે જીવથી અજીવ ભિન્ન છે તેને...**' જીવથી અજીવ ભિન્ન છે એમ. '**जीवात् अजीवम् विभिन्नं**' છેને પાઠમાં એટલે જરી એમ લીધું. પણ એનો અર્થ એ ભિન્ન છે છતાં '**स्वयम् उल्लसन्तम्**' જ્ઞાની જીવ અનુભવથી અનુભવે છે. પોતાનો જ્ઞાનસ્વભાવ જ્ઞાનથી જણાતા સ્વયં અનુભવ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એથી અજીવ જુદું રહી જાય છે. એમ. પાઠમાં એટલું છે ખરુંને.

અજ્ઞાનીને અરેરે! '**निरवधि-प्रविजृम्भितः अय मोहः**' અરે! '**અમર્યાદપણે ફેલાયેલો આ મોહ...**' રાગ અને જ્ઞાનના લક્ષણને એકરૂપે માનનાર એવો જે મોહ સ્વયં ફેલાયેલો છે. આહા..હા..! અમર્યાદ જેને છે. આહા..હા..! '**(અર્થાત્ સ્વપરના એકપણાની ભ્રાન્તિ) કેમ નાચે છે...**' અરેરે! જ્ઞાનસ્વભાવે વિલસિત પ્રભુ, એને ભૂલીને જ્ઞાન રાગને માનીને કેમ ભૂલી રહ્યું છે? એમ કહે છે. સમજાણું કાંઈ? અરે! મોહ! એ રાગ તદ્દન ભિન્ન છે. ભગવાન રાગથી જ્ઞાનસ્વરૂપે તદ્દન ભિન્ન છે. આમ હોવા છતાં અરેરે! બેની એકતાનો મોહ આ શું નાચે છે? સમજાણું કાંઈ?

'**कथम् नानटीति કેમ નાચે છે...**' '**अहो बत**' '**એ અમને મહા આશ્ચર્ય અને ખેદ છે!**' આહા..હા..! ભગવાન જ્ઞાનસ્વરૂપ એ જ્ઞાનથી અનુભવમાં આવે એવી ચીજ છે કહે છે. અને તે અનુભવની જ્ઞાનની પર્યાય પ્રગટ છે. એનાથી ઉલ્લસિત એવું તત્ત્વ, અનુભવમાં આવે એવું જ એ તત્ત્વ છે છતાં આ મોહ કેમ નાચે છે? આહા..હા..! વીતરાગી મુનિઓ છે, ત્રણ કષાયનો અભાવ છે એને જરી આમ રાગ છે તો કહે છે, અરે! આ શું? જેનું પરિણમન જ્ઞાનલક્ષણવાળું જોઈએ, જ્ઞાનલક્ષણવાળો આત્મા એનું પરિણમન જ્ઞાન અને આનંદનું જોઈએ... સમજાણું કાંઈ? એને ઠેકાણે રાગ અને મોહનું પરિણમન કેમ નાચે છે? જે એનામાં નથી એવા ભાવે આ કેમ પરિણમન થઈ ગયું? એમ કહે છે. આહા..હા..! '**એ અમને મહા આશ્ચર્ય અને ખેદ છે!**' આહા..હા..!

પૂર્ણાનંદનો નાથ જ્ઞાનસ્વભાવે પ્રગટ લક્ષણે લક્ષિત થાય એવી એ ચીજ છે. એના લક્ષણે અનુભવમાં આવે એવી એ ચીજ છે. સમજાય છે કાંઈ? પ્રગટ પ્રત્યક્ષ જ્ઞાન થાય એવો જ એનો સ્વભાવ છે. જ્ઞાનમાં પ્રત્યક્ષ થાય લક્ષણ વડે એવો તો એનો સ્વભાવ છે. અરે! એવા સ્વભાવને ભૂલીને આ મોહનું નાચનું પરિણમન કેમ થયું? એમ કહે છે. અરેરે! આ મિથ્યાત્વનો ભ્રમ! ભગવાન આત્માના જ્ઞાનલક્ષણે જતાં આનંદનું ધામ થાય છે ત્યાં. એને ઠેકાણે અરેરે! પરપદાર્થમાં ક્યાંય પણ હિતબુદ્ધિ, સુખબુદ્ધિ, ઇન્દ્રિયોમાં, વિષયોમાં, ભોગમાં, પૈસામાં અરેરે! એને આ સુખબુદ્ધિનો નાચ ક્યાંથી થયો? એમ કહે છે. સમજાણું કાંઈ? કહો, પંડિતજી! એનામાં નથી એનું પરિણમન કેમ થયું આ તે? એમ કહે છે. સમજાણું કાંઈ? છતાં હવે કહે છે કે પ્રતિષેધ કરી કહે છે કે મોહ નાચે તો નાચો પણ આમ વસ્તુ તો છે ઈ છે. આહા..હા..! એ વાત કરશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૪૪

नानटयतां तथापि—-

(वसंततिलका)

अस्मिन्ननादिनि महत्यविवेकनाटये
वर्णादिमान्नटति पुद्गल एव नान्यः।
रागादिपुद्गलविकारविरुद्धशुद्ध-
चैतन्यधातुमयमूर्तिरयं च जीवः।।४४।।

**વળી ફરી મોહનો પ્રતિષેધ કરે છે અને કહે છે કે 'જો મોહ નાચે છે તો નાચો! તોપણ આમ જ છે' :—**

શ્લોકાર્થ :— **[अस्मिन् अनादिनि महति अविवेक-नाटये] આ અનાદિ કાળના મોટા અવિવેકના નાટકમાં અથવા નાચમાં [वर्णादिमान् पुद्गलः एव नटति] વર્ણાદિમાન**

પુદ્ગલ જ નાચે છે, [न अन्यः] અન્ય કોઈ નહિ; (અભેદ જ્ઞાનમાં પુદ્ગલ જ અનેક પ્રકારનું દેખાય છે. જીવ તો અનેક પ્રકારનો છે નહિ;) [च] અને [अयं जीवः] આ જીવ તો [रागादि-पुद्गल-विकार-विरुद्ध-शुद्ध-चैतन्यधातुमय-मूर्तिः] રાગાદિક પુદ્ગલવિકારોથી વિલક્ષણ, શુદ્ધ ચૈતન્યધાતુમય મૂર્તિ છે.

ભાવાર્થ :— રાગાદિ ચિદ્વિકારને (-ચૈતન્યવિકારોને) દેખી એવો ભ્રમ ન કરવો કે એ પણ ચૈતન્ય જ છે, કારણ કે ચૈતન્યની સર્વ અવસ્થાઓમાં વ્યાપે તો ચૈતન્યના કહેવાય. રાગાદિ વિકારો તો સર્વ અવસ્થાઓમાં વ્યાપતા નથી- મોક્ષ-અવસ્થામાં તેમનો અભાવ છે. વળી તેમનો અનુભવ પણ આકુળતામય દુઃખરૂપ છે. માટે તેઓ ચેતન નથી, જડ છે. ચૈતન્યનો અનુભવ નિરાકુળ છે, તેજ જીવનો સ્વભાવ છે એમ જાણવું. ૪૪.

## ભાદરવા સુદ-૩, રવિવાર, તા. ૧૦-૦૯-૧૯૭૨
## કળશ-૪૪, પ્રવચન-૧૫૯

.. એવો એ જીવ છે. એ રાગ અને પુણ્ય અને સંસારને ધારી રાખે એ જીવનું સ્વરૂપ જ નથી. શેઠ! સાંભળ્યું? આહા..હા..! આ દાન, દયા, ભક્તિ, વ્રત, પૂજા અને કામ-ક્રોધના વિકલ્પો એ બધો વિભાવભાવ, એ સ્વભાવભાવ ત્રિકાળ એનાથી વિરુદ્ધ ભાવ. છેને એમાં? રાગાદિ પુદ્ગલ વિકાર વિરુદ્ધ. આહા..હા..! એ તો શુદ્ધ ચૈતન્ય ધાતુ છે. રાગ અને વિકાર દયા, દાન, વિકલ્પના લક્ષણથી આનું સ્વરૂપ ભગવાન આત્માનું તો લક્ષણ જ વિલક્ષણ છે. લક્ષણ એનું વિલક્ષણ છે એનાથી. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન ચૈતન્ય પ્રભુ એ તો ચૈતન્ય શુદ્ધ ધાતુ, જ્ઞાન, આનંદ આદિને ધારી રાખેલું એ તત્ત્વ છે. એમાં એણે સંસાર રાગ અને દયા, દાન, કામ, ક્રોધ, અરે! મિથ્યાત્વ ધારી રાખે એ તત્ત્વ જ નથી, સ્વરૂપ જ નથી. આહા..હા..! ભારે આકરું પડે. જેઠાભાઈ! નવા માણસને તો એવું લાગે કે આ શું ધર્મ? આ પર્યુષણમાં તો અપવાસ કરવા, પોષા કરવા. અરે! સાંભળને ભાઈ! ધર્મ કરનારો કેવડો, કેવો છે એની ખબર વિના ધર્મ ક્યાં થાય? સમજાણું કાંઈ? ધર્મ કરનાર આત્મા એ આત્મા કેવડો અને કેવો છે એના ભાન વિના ધર્મ ક્યાં થાશે?

સમજાણું કાંઈ?

કહે છે... ઓહો..હો..! એક ઘાના બે કટકા કર્યા છે. એક બાજુ વિકલ્પથી માંડીને, મિથ્યાત્વથી માંડીને આખો સંસાર એ બધો પુદ્‌ગલનો નાચ. એક બાજુ શુદ્ધ ચૈતન્ય ધાતુ એમાં આ ... એક કોર ભગવાન રામ અને એક કોર આખું ગામ. સમજાય છે કાંઈ? આવી વ્યાખ્યા! તો પછી બધા એમ કહે કે એ ભૂલ તો કર્મની છે મારે શું? વળી ઓલામાં એમ કહેવાય કે જ્ઞાનાવરણીય, દર્શનમોહને લઈને આત્મામાં મિથ્યાત્વ થાય. વળી ઓલામાં એમ કહેવાય કે 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ' વળી અહીં ત્રીજામાં એમ કહે કે ભૂલ એ પુદ્‌ગલનો સ્વભાવ. હેમચંદજી! આહા..હા..! જો તો તારી લીલા. અનંત જ્ઞાનનો સાગર પ્રભુ એવો રાગમાં કેમ એ આવે? સમજાણું કાંઈ? એ વ્યભિચારના વેશ કેમ ધારણ કરે? આહા..હા..! પુણ્ય અને પાપના ભાવ એ બધા વ્યભિચારિણી ભાવ, વિભાવિક ભાવ એ પુદ્‌ગલના ભાવ તારા નહિ પ્રભુ! આહા..હા..! સમજાણું કાંઈ?

એ અનાદિથી નાચતો હોય તો એ રાગાદિ સંસાર. નિગોદથી માંડીને... આહા..હા..! ચૌદમા ગુણસ્થાન સુધીની દશા એ બધી પુદ્‌ગલનો નાચ છે. શેઠ! આ રીતે હોં! પોતે તો ચૈતન્યધાતુ જ્ઞાનપુંજ છેને. જ્ઞાનમાં જ્ઞાનસ્વરૂપ ચૈતન્યસ્વભાવ એવો ભગવાન એમાં ભૂલ કેમ હોય? ભગવાનમાં ભૂલ કેમ હોય? એમ કહે છે. એ મિથ્યાત્વની ભૂલ પરમાં સુખબુદ્ધિ, પરમાં પોતાનું માનવું અને પરનું કરી શકું એવો જે ભાવ, એવો જે મિથ્યાત્વભાવ એ પણ પુદ્‌ગલનું સ્વરૂપ છે કહે છે. નવનીતભાઈ! આહા..હા..! ભાઈ! તારી જાતમાં એ ભળી શકે નહિ, તારી જાતમાં એ રહી શકે નહિ. આહા..હા..! એ ચૈતન્ય એને ધારી શકે એવું સ્વરૂપ જ નથી. એ પુદ્‌ગલના સંયોગે થયેલો ભાવ, સંયોગી પુણ્ય-પાપ, મિથ્યાત્વ, અવ્રત, અજ્ઞાન, કષાય, પ્રમાદ, યોગ એ પાંચ બંધના કારણ કહીએ. આહા..હા..! કહે છે કે ભગવાન તો આત્મા અબંધસ્વરૂપી ચૈતન્યમૂર્તિ ભગવાન છેને. એમાં આ બધા બંધના ભાવો એ તો પુદ્‌ગલ જ નાચે છે, આત્મા નહિ. આહા..હા..! દેવીલાલજી! આહા..હા..!

જેને દૃષ્ટિ કરવી છે એ આત્મામાં એ વિકાર નહિ એમ કહે છે. જેને સમ્યગ્દર્શનની ધર્મની શરૂઆત કરવી છે એને એની ચીજમાં વિકાર-ફિકાર છે જ નહિ. એવો એ દૃષ્ટિનો વિષય ભગવાન છે. અબદ્ધસ્વરૂપી એમ કહ્યુંને? આહા..હા..! એક કોર આવે કે વિકાર તું જ કર. એ તારી ભૂલ છે. એ ચિદાભાસ છે, એ જડ નહિ, પરમાણુ નહિ, અજીવ નહિ. એક બાજુ કહે કે ભગવાન! એ બધો વિકારીભાવ અચેતન છે, જ્ઞાનસ્વભાવી વસ્તુ એમાંથી એ ક્યાં નીકળે? સમજાણું કાંઈ?

એ '**વર્ણાદિમાન પુદ્‌ગલ જ નાચે છે,...**' ઓહો..હો..! આ તો એકાંત નથી થતું? એય..! જેઠાભાઈ! તો પછી કર્મને લઈને વિકાર થાય એમ કહે છે એની સામું શેના પડ્યા

તમે?

મુમુક્ષુ :- પોતે કરે છે ત્યારે થાય છે.

ઉત્તર :- કરે છે ત્યારે થાય છે, પણ થાય છે એ પુદ્ગલનો વિકાર એમ ગણવામાં આવ્યો છે. પુદ્ગલથી થયો નથી. પુદ્ગલના પૂર્વક લક્ષમાં લઈને થયેલો છે તેથી તેને પુદ્ગલ કહેવામાં આવે છે. ગોમ્મટસારમાં એમ આવે કે આઠ કર્મને લઈને આત્મા રખડે. અહીં એમ આવે કે એ પુદ્ગલને લઈને જ રખડે છે. એય..! ભીખાભાઈ! કઈ અપેક્ષા છે ભાઈ? આહા..હા..! એ ગોમ્મટસારમાં તો જ્ઞાનાવરણીય આદિ કર્મ એ પોતે હીણી અને વિપરીત દશા કરે ત્યારે નિમિત્ત કોણ છે એનું ત્યાં જ્ઞાન કરાવ્યું છે. અહીંયાં હીણી દશા અને વિપરીત દશા... આહા..હા..! એ સ્વભાવનું સ્વરૂપ નથી એનું. ભગવાન ચિદાનંદ ત્રિકાળી નિત્યાનંદ નિત્ય આનંદનો નાથ... આહા..હા..! અવિનાશી સચ્ચિદાનંદ પ્રભુ એ કોઈ દિ' સંસારમાં આવ્યો જ નથી એમ કહે છે. દેવીલાલજી! સમજાણું કાંઈ? કઈ અપેક્ષાએ? વસ્તુ જે છે એ ક્યાં રાગમાં આવે? પર્યાયમાં રાગ, પુણ્ય-પાપ, મિથ્યાત્વ એ બધા ભાવો ક્ષણિક સંયોગીભાવ છે, એ એનો સ્વભાવભાવ નથી. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આત્મા રખડે? આત્માનો રખડવાનો સ્વભાવ છે? એય..! હીરાભાઈ! ભારે કામ ભાઈ! પ્રભુ! તું તો ચૈતન્યની મૂર્તિ છોને. જ્ઞાનનો સાગર છો, આનંદનો પિંડ છો. શુદ્ધતા છે તેની પ્રતીત કરવાને લાયક તું છો. મિથ્યાત્વ કરવાને લાયક એ તું નથી એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અનાદિકાળના નિગોદથી માંડીને. ગજબ વાત છેને! એક કોર ગોમ્મટસારમાં કહે ભાવપહુરકલંકા. પ્રચુર કલંક એને લઈને ત્યાં રહેલો છે ઈ. એ એની પર્યાયની એકતામાં રહ્યો એથી એમ કહ્યું. પણ ખરેખર એ સ્વભાવ એ ચૈતન્યના દ્રવ્યનો ક્યાં છે? સમજાણું કાંઈ? ભગવાન જ્ઞાનસ્વરૂપે એ ભૂલે કેમ? ઓલા બીજા કહે છે. જ્ઞાન છે એમાં અજ્ઞાન આવ્યું ક્યાંથી? એમ પૂછે છે ઘણા હોં! ઓલા વેદાંતવાળા. એ તો જ્ઞાનસ્વરૂપ છે એમાં ભૂલ આવી ક્યાંથી? અજ્ઞાન આવ્યું ક્યાંથી? જ્ઞાનમાં અજ્ઞાન ક્યાંથી આવે? ભાઈ! કઈ અપેક્ષાએ છે? એ જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ નિત્યાનંદ પ્રભુ એ દૃષ્ટિનો જે વિષય પૂર્ણ સ્વભાવ ભગવાન એ ભૂલે જ નહિ. ભૂલ થઈ છે પર્યાયમાં એ પરના લક્ષે થયેલી છે. સમજાણું કાંઈ? માટે આત્માને આશ્રયે નહિ થયેલી માટે પરને આશ્રયે થયેલી પરમાં જાય છે. આહા..હા..! કહો, ..ભાઈ! આવું બધું આ. ધંધાના વેપારમાં આવું બધું બેસતું હશે આ?

અરે! કહે છે, તેં કોઈ દિ' સંસારના રાગનો વેપાર કર્યો જ નથી. જીવસ્વભાવ કેમ કરે? સ્વભાવ કરે તો સ્વભાવ વિભાવ થઈ જાય. એમ ત્રણ કાળમાં બને નહિ. આહા..હા..!

અચેતન થઈ જાય. એ તો ચેતન છે જાણનાર-દેખનાર. અરે! એવા ભગવાનની વાર્તા પણ ક્યાં છે એને? એને કાને પડવાના કાળ પણ ક્યાં છે? સમજાણું કાંઈ? એક શ્લોકે પણ ગજબ કરી છે! ઓહો..હો..! દિગંબર સંતો પરમાત્માની પાસે બેઠેલા, રાગથી ખસી ગયેલા. પરમાત્મા એટલે પોતે હોં વળી પાછા. એય..!

કહે છે, **'वर्णादिमान् पुद्गलः एव'** આહા..હા..! **'एव'** 'જ' કહીને શું કહેવું છે તમારે? **'एव'** શબ્દ છેને? **'પુદ્‌ગલ જ...'** ભગવાન આનંદનો નાથ એ કેમ રાગમાં આવે? સમજાણું કાંઈ? એ તો ચૈતન્યનો પુંજ પ્રભુ આત્મા. સૂર્યના હજાર કિરણે ખીલતો જેમ સૂર્ય એમ આ તો અનંત... અનંત... અનંત... અનંત... જ્ઞાનના કિરણે ખીલતો સૂર્ય છે. એમાં રાગનું ખીલવું અને મિથ્યાત્વનું આવવું કેમ આવે? આ શું થયું કહે છે આ તને? એમ કહે છે. શોભાલાલજી! આહા..હા..! અરે ભગવાન! તારી વાત તને સાંભળવી મુશ્કેલ થઈ પડી! આહા..હા..! તારા ઘરમાં કોણ છે અને કેમ થયું છે એની તને ખબરું નહિ. અને ક્યાંકનો ક્યાંક માની.. આહા..હા..! કહે છે કે પણ એ માન્યતા પણ તારી ચીજ નહિ, લે. આહા..હા..! એય..! એ અભેદ જ્ઞાનમાં... પ્રભુ ચૈતન્ય તો એકરૂપ જ્ઞાન છે એમ કહે છે. આ વસ્તુ જે છે એ તો એકરૂપ વસ્તુ ચૈતન્યમૂર્તિ ભગવાન છે એમાં અનેકપણું કેમ આવે? એ પુદ્‌ગલ જ અનેકપણે દેખાય છે. આહા..હા..!

મુમુક્ષુ :- જાત જ જુદી છે.

ઉત્તર :- જાત જ જુદી. અંદર પ્રભુ! તું કોણ છો? કેવડો છો? તને ખબર નથી. ભાઈ! તું તો પૂર્ણાનંદનો નાથ છો. એ પૂર્ણાનંદનો નાથ તેને અહીંયાં આત્મા કહીએ. એ રાગ અને પુણ્ય અને પાપના ભાવ મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ એ પાંચેય પુદ્‌ગલ સ્વભાવ. સમજાણું કાંઈ? જેને આશ્રયે થયા તે તેના એમ ગણીને પુદ્‌ગલ કહ્યા છે. જેઠાભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું કીધું? હિતોપદેશ. આ ઉપદેશ જ આવો છે. ઈષ્ટોપદેશમાં એ વાત છે. ત્યાં કીધું છે, તારાથી થયેલું એમ કહ્યું છે. પણ એ તારાથી થયું એ કેમ થયું? એમ કહે છે. એ વસ્તુ પરને લક્ષે થયેલું પરના લક્ષમાં તારી અંદર આંખ આડી થઈ ગઈ. આહા..હા..! ત્રાસો થઈ ગયો છો તું. એ પરને લક્ષે (થયેલી) ત્રાસાઈ તે પરમાં જાય છે, તારા ઘરમાં આવતી નથી. આહા..હા..! આવો ઉપદેશ કેવો આ! પર્યુષણમાં આવું!

એ **'જીવ તો અનેક પ્રકારનો છે નહિ;...'** આ એની વ્યાખ્યા. શું કહ્યું? જીવ તો અનેક પ્રકારનો દેખાતો નથી કહે છે. એ તો એકરૂપે ચૈતન્યમૂર્તિ ઘન છે એમાં અનેકતા ક્યાંથી આવી? એ રાગાદિ-વિકારાદિ પુણ્ય-પાપના અસંખ્ય પ્રકાર, એક-એકના અસંખ્ય, એ બધા

પુદ્‌ગલ જ અનેક પ્રકારે દેખાય છે. કેમકે એક ન્યાયે એમાં ચૈતન્ય જાણક સ્વભાવનો અંશ આવ્યો નથી. નિમિત્તને આશ્રયે થયા એ તો બરાબર છે. સમજાણું કાંઈ? પણ એ મિથ્યા શ્રદ્ધા, અવ્રત, પ્રમાદ, કષાય, યોગ એ પાંચ બંધના કારણ કહ્યા એ ભાવમાં ચૈતન્યનો અંશ આવ્યો નથી. સમજાણું કાંઈ? ચૈતન્યનું કિરણ તો જ્ઞાનનું અને આનંદનું હોય. એમાં રાગનું કિરણ ક્યાંથી આવ્યું આ? સમજાણું કાંઈ? આ તો હળવે-હળવે સમજવા જેવી વાત છે. આ તો ઓલા પ્રોફેસરની જેમ એક કલાક બોલી જાય અને પછી... ન સમજે તોપણ બહુ સારું કર્યું, બહુ સારું કર્યું (એમ નથી). ચંદુભાઈ! ... આહા..હા..! આ તો બાપા જુદી ચીજ ભાઈ. કઈ અપેક્ષાના કથન અને કઈ અપેક્ષા ત્યાં સિદ્ધ કરે છે એ વાતને એણે બરાબર લક્ષમાં લેવી જોઈએ. આહા..હા..!

**‘અને...’** **‘अयं जीवः’** એ વાત કરી. નાચે તો પુદ્‌ગલ નાચે. અભેદ વસ્તુ અનેકરૂપે કેમ દેખાય? અનેકરૂપે દેખાય એ તો પુદ્‌ગલ જડ દેખાય છે. રાગાદિનું અચેતનપણું એ તો બધું જડ અચેતનપણે દેખાય છે. ભગવાન જ્ઞાનસ્વભાવી એ અનેકપણે કેમ દેખાય? **‘આ જીવ તો...’** **‘रागादि-पुद्गल-विकार’** લ્યો, આ પુદ્‌ગલ નાચે છે. એ જડના બધા ખેલ છે કહે છે, જીવના નહિ. આહા..હા..! એ ચોર્યાસીના અવતાર અને એના કારણ એ બધા જીવના ખેલ નહિ. એ તો જડના ખેલના પડદા છે બધા કહે છે. આહા..હા..! કહો, શાંતિભાઈ! વાડામાં પકડાણા એને ભારે આકરું પડે હોં! કહે છે, ત્યારે હવે છે કોણ? એકલો પુદ્‌ગલનો નાચ કીધો. એકરૂપ વસ્તુમાં અનેકપણું એ પુદ્‌ગલનું દેખાય છે ત્યારે હવે જીવ છે કોણ? સમજાણું કાંઈ?

**‘अयं जीवः’** **‘આ જીવ તો રાગાદિક પુદ્‌ગલવિકારોથી...’** વિરુદ્ધ. આહા..હા..! સમજાય છે કાંઈ? રાગાદિ ચૈતન્યના વિકારો એનાથી વિરુદ્ધ, એનાથી વિરુદ્ધ **‘શુદ્ધ ચૈતન્યધાતુમય મૂર્તિ છે.’** શુદ્ધ ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્યમય મૂર્તિ આત્મા છે. એને આત્મા કહેવામાં આવે છે. કહો, આ તો ક્યાંય ગયું અહીં ભીખાભાઈ! ગુરુથી મળે, દેવથી મળે, વાણીથી મળે...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સમજનાર કોણ છે ત્યારે? સમજનાર સમજવાની પર્યાય કરનાર કોણ છે? રાગ નહિ હોં. આહા..હા..!

ત્રિલોકનાથ તીર્થંકર સર્વજ્ઞદેવનું જુઓ આ ચૈતન્યના સ્વરૂપનું વર્ણન. સમજાય છે કાંઈ? જૈનમાં જન્મ્યા તો ઓલો કહે અમે સ્થાકનવાસી, ઓલા કહે અમે દેરાવાસી, ઓલા કહે અમે દિગંબર, ઓલા કહે અમે તેરાપંથી. અહીં પંથ-બંથ નથી વસ્તુમાં, સાંભળને! એ તો ચૈતન્યધાતુ ભગવાન એકરૂપે મૂર્તિ પ્રભુ છે. મૂર્તિ એટલે સ્વરૂપ. ચૈતન્ય વિકાર **‘રાગાદિક**

**પુદ્‌ગલવિકારોથી વિલક્ષણ,...**' આહા..હા..! અનેકપણાના વિકાર જે દેખાય તે અચેતન છે. એનાથી વિલક્ષણ વિરુદ્ધ ભાવવાળું તત્ત્વ તે '**શુદ્ધ ચૈતન્યધાતુમય મૂર્તિ છે.**' આહા..હા..! તે શુદ્ધ ચૈતન્યધાતુ ભગવાન એ દેહદેવળમાં પરમાત્મા રાગની પાછળ શુદ્ધ ચૈતન્યધાતુ બિરાજે છે. સમજાણું કાંઈ? એને આત્મા તરીકે જો અને માન. આહા..હા..! અહીં તો વ્યવહારરત્નત્રયના વિકલ્પને પુદ્‌ગલનો વિકાર કહ્યો. આહા..હા..! હવે એ પુદ્‌ગલનો વિકાર કારણ થાય અને આત્માને ધર્મ કાર્ય થાય! આહા..હા..! આ ખોટું પડે. સમજાણું કાંઈ? એને કહ્યું છે કારણ. એ તો એક નિમિત્તનું તે પ્રકારની સ્થિતિ ભૂમિકામાં કષાયની મંદતાની જાત કેટલી હોય? કેવી હોય? એવું જણાવીને સાધકનો આરોપ કહ્યો છે. વસ્તુ એ આત્મા નહિ. કહો, જેઠાભાઈ! આ બધા અપવાસ કરે બધા કરેને. સુકાઈ જાય બિચારા. આઠ-આઠ અપવાસ અને દસ-દસ અપવાસ. અરેરે! પ્રભુ! તું કોણ છો? શું તું કર? એ અપવાસનો વિકલ્પ એ તારી ચીજ છે નહિ.

મુમુક્ષુ :- શરીર એનું નથી.

ઉત્તર :- શરીર તો ક્યાંય રહી ગયું એક કોર. આ તો અપવાસ કર્યા, આઠ કર્યા, મહિનો કર્યા એવી જાતનો વિકલ્પ છેને એની પાસે? બીજું શું ક્યાં હતું ત્યાં? ત્યાં ક્યાં સંવર-નિર્જરા હતી? સમજાણું કાંઈ? એ તો એક વિકલ્પ છે અને એ વિકલ્પ તો પુદ્‌ગલનો વિકાર છે, એ આત્મા નહિ. જે આત્મા નહિ એનાથી કેમ કલ્યાણ થાય? સમજાણું કાંઈ? આહા..હા..!

અમૃતચંદ્રાચાર્ય, કુંદકુંદાચાર્ય પરમેશ્વરના દીકરા હતા. બધા કહે છેને પરમેશ્વરનો અવતાર ઈસુ. આ ઈસુ ખ્રિસ્તી. અરે! પરમેશ્વર કયો હતો તે એનો દીકરો આવ્યો વળી? આ તો પરમેશ્વર પૂર્ણ સ્વરૂપ ભગવાન પોતે છે. એની પર્યાય પ્રગટ થઈ એ એનો પુત્ર છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞ. સર્વજ્ઞ કીધુંને અહીંયાં? ચૈતન્યમૂર્તિ કીધુંને? એનો અર્થ કે શુદ્ધ જ્ઞાનમૂર્તિ એટલે સર્વજ્ઞસ્વભાવી. એવા સર્વજ્ઞસ્વભાવનું જેને ભાન થયું એ સર્વજ્ઞ પરમાત્મા પોતે તેનો એ પર્યાય પુત્ર છે, એની એ પ્રજા છે. સમજાણું કાંઈ? ઓલા બીજા ભગવાનનો પણ નહિ.

આ તો સર્વજ્ઞ-જ્ઞ ચૈતન્યમૂર્તિને. '**अयं जीवः**' ચૈતન્યમૂર્તિ '**एव**' એવો જે ભગવાન એકલો જ્ઞાનનો, કેવળ જ્ઞાનનો, કેવળ એકલા જ્ઞાનસ્વભાવરૂપ એવો જે આત્મા એની જેને દૃષ્ટિ થઈ, એનું જેને જ્ઞાન થયું, એ બધું પોતે પોતાના સર્વજ્ઞ સ્વભાવની પ્રજા નામ પુત્ર છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ રાગાદિ, અરે! વ્યવહારરત્નત્રયના વિકલ્પોને કાંઈક રાખોને. રાખ્યાને. પુદ્‌ગલનો સ્વભાવ છે એમ કહ્યુંને. ભાઈ! તારામાં હોય તો નીકળે કેમ? એમાં તારું તન્મયપણું હોય વસ્તુના સ્વભાવનું તો જુદા પડે કેમ? જુદા પડેલા એ તારા છે નહિ. સમજાય છે કાંઈ? એ રાગ પુણ્ય-પાપ આદિ પુદ્‌ગલ વિકારોથી વિલક્ષણ, એવા વિકલ્પોથી વિલક્ષણ—બીજા લક્ષણવાળો શુદ્ધ ચૈતન્યધાતુમય. એ તો શુદ્ધ ચૈતન્યધાતુ મૂર્તિ પ્રભુ છે.

સમજાણું કાંઈ? જેની નજર કરવાથી નિધાનની પ્રતીતિ થાય, શુદ્ધ ચૈતન્યધાતુ તે હું એવી પ્રતીતિ થાય એવો એ આત્મા છે. સમજાણું કાંઈ? ભાવાર્થ. લ્યો એક કલાકમાં પોણો કલાક તો ચાલ્યું. ચંદુભાઈ! આહા..હા..!

તારા કેટલા ગાણા ગાય ભાઈ! વાણી જડ અને તું ચૈતન્ય. વાણીને ખબર પણ નથી કે આ અંદર કોણ છે? વાણીને ખબર પણ નથી કે અંદર આ કોણ છે. એ વાણી આમ વાત કરે છે. સમજાણું કાંઈ? આ તો આત્મધર્મની વાત છે. આત્મધર્મ. આત્મધર્મ ક્યારે થાય? એ બધા પુણ્ય-પાપના રાગો પુદ્ગલના સ્વભાવ છે. એનું લક્ષ અને દૃષ્ટિ છોડી પૂર્ણ એકરૂપ જ્ઞાન દર્શનનો પિંડ પ્રભુ એકરૂપ છે. એ રાગાદિમાં અનેકરૂપે થયો નથી એવો જે આત્મા એમાં જઈને સ્થિર થઈને, એકાગ્ર થઈને જે દૃષ્ટિ થાય એને સમ્યગ્દર્શન કહે છે. કહો, સમજાણું કાંઈ? આ તો ધર્મની પહેલી દશાની વાત. આહા..હા..! ભીખાભાઈ!

'**રાગાદિ ચિદ્દ્વિકારને (-ચૈતન્યવિકારોને) દેખી એવો ભ્રમ ન કરવો...**' જોયું! ભગવાન આત્મામાં રાગાદિ, પુણ્યાદિ દેખીને એવી ભ્રમણા ન કરવી '**કે એ પણ ચૈતન્ય જ છે,...**' એ પણ ચૈતન્ય જ છે એમ. ચૈતન્ય ચૈતન્ય તો છે, પણ રાગાદિ પણ ચૈતન્ય છે એમ ભ્રમ ન કરવો. આહા..હા..! આઠ-આઠ વર્ષના બાળકો સમ્યગ્દર્શન પામી અંતર્મુહૂર્તમાં કેવળ (પામે). લઘુકાળ રહે ગર્ભમાં. જેટલો નાનામાં નાનો કાળ એટલો ગર્ભમાં રહે. જન્મીને નાનામાં નાના આઠ વર્ષની અંદરમાં કેવળજ્ઞાન પામે. આહા..હા..!

મુમુક્ષુ :- માપવાના ગજ...

ઉત્તર :- બધા માપ લખ્યા છે ધવલમાં. આવું આમ હોય, આવું આમ હોય. લઘુકાળ રહે. આહા..હા..! સિદ્ધાંતમાં શું ન આવે? ભગવાનની વાણીમાં તો આટલો કાળ રહે નાનામાં નાનો. પછી નીકળીને પણ નાનામાં નાના કાળમાં કેવળ પામે. એને પછી પામવાનો આંતરો ન હોય. પામે એને આંતરા શા પછી? સમજાણું કાંઈ? અરેરે! નિગોદમાંથી નીકળ્યો. એકાદ ભવ ક્યાંક કર્યો છે. એમાં અંદરમાં, કહે છે આવા ભગવાન આત્માની અંદરમાં વર્તમાન પર્યાયને અંતરમાં વાળી અને જેને આત્મા દેખાણો, શ્રદ્ધાણો, મનાણો અને અનુભવાણો. આહા..હા..! અને એ જીવને પણ અલ્પકાળમાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ (થાય) એવો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? એવો ભગવાન પૂર્ણાનંદની જ્યાં મીટ માંડે અંદર, જ્યાં પૂર્ણપણું પડ્યું ત્યાં મીટ માંડે તો પૂર્ણ દશા પ્રગટ થાય. સમજાણું કાંઈ? એ અપૂર્ણ દશા પ્રગટી સમકિત આદિ એના ઉપર મીટ નહિ. ભારે આકરું કામ.

જૈનદર્શન એટલે વિશ્વદર્શન. ઓલામાં લખ્યું છેને. ભડકે એમ ભાઈએ કીધુંને. વિશ્વદર્શન સમ્રાટ એમ કહ્યું છેને. વિશ્વદર્શન સમ્રાટ? વિશ્વદર્શન. એને ઘણો અભ્યાસ ઘણો. ભલે એ અમુક દૃષ્ટિ એ જુદી વાત છે, પણ અભ્યાસ એનો ઘણો છે. હુકમચંદજી નરમ માણસ છે.

લેકિન બાપુ! આવો અભ્યાસ .. કર્યો. ઘણો કાળ ગાળ્યો એણે. પુસ્તક બનાવ્યુંને? .. હજારો શાસ્ત્રના આધાર. અરે! આનો આધાર લઈને એકવાર જો એકાગ્ર થાય.. ..ની ડિગ્રી નહિ પણ આ તો કેવળજ્ઞાનની ડિગ્રી એને મળે. સમજાણું કાંઈ? આહા..હા..! એવો પરમાત્મા પોતે પૂર્ણાનંદનો નાથ. અરે! એની વાણીમાં કેટલું લાવવું? વાણીમાં કેટલું આવે? રાગ જ્યાં સ્વભાવથી વિરુદ્ધ અને રાગથી વિરુદ્ધ પ્રભુ, તો વાણીથી વિરૂદ્ધ ભગવાન અને ભગવાનથી વિરૂદ્ધ વાણી. આહા..હા..!

એ રાગ પુણ્ય-પાપના ભાવો, અરે! દેવ-ગુરુ-શાસ્ત્રને માને એવો જે વિકલ્પ, દેવ-ગુરુ-શાસ્ત્રને માને એવો રાગ અને પંચ મહાવ્રતનો રાગ એ બધા ચિદવિકાર દેખી એવો ભ્રમ ન કરવો કે એ પણ ચૈતન્યની જાત છે. એ ચૈતન્યમાં છે એમ ભ્રમ કરવો નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાનના મુખથી નીકળતી હશે જ્યારે... આહા..હા..! એને ગણધરોએ ગુંથ્યું. આ ચૈતન્યતત્ત્વ જે સ્વરૂપ, અનંતમે ભાગે વાણીમાં આવ્યું. ... ગણધરે પકડ્યું. એમાં પણ કેટલામે ભાગે લખાણું. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ગુણસ્થાન...

ઉત્તર :- .. બરાબર છે. એમાં એટલી વાત આવી. એમાં પાછા ... પૂર્વધારી નહોતા. ... અંગધારી. આહા..હા..! કહો.

કહે છે કે '**રાગાદિ ચિદ્‌વિકારને (-ચૈતન્યવિકારોને) દેખી એવો ભ્રમ ન કરવો કે એ પણ ચૈતન્ય જ છે, કારણ કે ચૈતન્યની સર્વ અવસ્થાઓમાં વ્યાપે તો ચૈતન્યના કહેવાય.**' .. કથન લીધું. એનો નિયમ કહ્યો. ભગવાન! તારી દરેક દશામાં તારામાં હોય તો તેને તારા કહેવાય. દરેક દશામાં ન હોય એને તારા કેમ કહેવા ભાઈ? '**કારણ કે ચૈતન્યની સર્વ અવસ્થાઓમાં વ્યાપે તો ચૈતન્યના કહેવાય. રાગાદિ વિકારો તો સર્વ અવસ્થાઓમાં વ્યાપતા નથી...**' અરે! ઉદયભાવની દશા આત્માની દરેક અવસ્થામાં વ્યાપતા નથી. આહા..હા..! ઉદયના બોલ આવે છેને ૨૧. ક્ષયોપશમના ૧૮. ૧૮ આવે છેને. ઉપશમના બે અને ક્ષાયિકના ૯. પારિણામિકના ત્રણ. એ ... વાત છે.

અહીં તો પરમપારિણામિક સ્વભાવભાવ એકરૂપ એને અનેકપણું રાગાદિ દેખીને આ ચૈતન્ય છે એમ ન માનવું, એનો ભ્રમ ન કરવો. કારણ કે ચૈતન્યની દરેક '**અવસ્થાઓમાં વ્યાપતા નથી-મોક્ષ-અવસ્થામાં તેમનો અભાવ છે.**' પોતાની દશા મોક્ષ થવાની છે. એમાં એ છે નહિ, એમાં રહેશે નહિ. '**વળી...**' ન્યાય આપે છે. '**વળી તેમનો અનુભવ પણ આકુળતામય દુઃખરૂપ છે.**' આહા..હા..! જુઓ, એ મિથ્યાશ્રદ્ધા, એ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ એ બધા આકુળતામય દુઃખરૂપ છે. ભગવાન આનંદસ્વરૂપ છે એ નહિ. સમજાણું કાંઈ? '**તેમનો અનુભવ પણ...**' એમ. અચેતન તો કહ્યા. .. દેખાય, પણ એનું વેદન

તે દુઃખમય છે, આકુળતામય દુઃખરૂપ છે. આહા..! અરે! દુઃખમય હોય એને આત્મા કેમ કહેવો? એમ કહે છે. વસ્તુ તે દુઃખરૂપ હોય? સ્વયંસિદ્ધ ચીજ એ દુઃખરૂપ હોય?

આ જિનેશ્વર તીર્થંકરોના સમવસરણમાં દુદુંભી-વાજા સાથે દિવ્યધ્વનિ આવેલી. સમજાણું કાંઈ? એમાં આ મુનિ જઈને આવું લાવ્યા લ્યો. કુંદકુંદાચાર્ય ત્યાં ગયા ભગવાન પાસે. આઠ દિ' રહ્યા. અરેરે! એમાં પણ શંકા હજી તો માણસને. આહા..હા..! બાપા! આ દેખાતું નથી એની રીત? વિશિષ્ટતા શું કહે છે એની વિશિષ્ટતા. ભગવાનની પાસે ગયેલા અને ભેટો કરવાનો ભાવ. આહા..હા..! એ પુણ્ય અને પાપના વિકલ્પનો અનુભવ આકુળતામય છે. ભગવાન આત્મામાં આકુળતા નહિ, એ તો આનંદમય છે. જ્ઞાન કહ્યું હતુંને? શુદ્ધ ચૈતન્યમય મૂર્તિ એની સાથે આનંદને ભેળવ્યું પાછું. જ્ઞાન અને આનંદમય છે એ તો. એમાં આ વિકલ્પો ઉઠે બધા એ પુદ્ગલ છે, અનેકપણે દેખાય છે. પણ એ મારા એવો ભ્રમ ન કરવો, એ તો દુઃખરૂપ છે. આહા..હા..! ભારે ભાઈ! આવું સ્વરૂપ વીતરાગે કહ્યું હશે? બીજાના ગજા નહિ બાપા! એ ત્રણલોકના નાથ કેવળી તીર્થંકર એની ૐ ધ્વનિમાં આ આવ્યું. ઈ એ કહે હોં! બીજાના ગજા નહિ એમાં. અજ્ઞાનીઓના ગજા નહિ કે આવી વાત એ કરે. જગત પાસે મૂકીને રાડ નાખી જાય બીજા. કહો, રતિભાઈ! આહા..હા..!

કહે છે '**તેમનો અનુભવ પણ આકુળતામય દુઃખરૂપ છે. માટે તેઓ ચેતન નથી,...**' દુઃખરૂપ હોય એ ચેતન હોય? ચેતનની જાત દુઃખરૂપ હોય? પોતે જાત તો આનંદરૂપ છે. સમજાણું કાંઈ? આહા..હા..! શું કહે છે આમાં માણસને, નવા માણસને તો પકડાવું કઠણ. હવે અહીં તો ઘણા પરિચયવાળા બીજા છે. આ તો ૩૮મું વર્ષ ચાલે છે અહીં સોનગઢમાં. આહા..હા..! હવે ક્યાં અજાણ્યા રહ્યા છે કેટલાક. આહા..! કહે છે એ અનુભવ આકુળતામય દુઃખરૂપ એ ચેતન નથી. એ '**જડ છે. ચૈતન્યનો અનુભવ નિરાકુળ છે,...**' ભગવાન આત્માનો અનુભવ તો આનંદમય હોય. એ આત્મા. આકુળતામય અનુભવ એ આત્મા હોય? '**તે જ જીવનો સ્વભાવ છે એમ જાણવું.**' લ્યો! અનાકુળ અને આનંદમય પ્રભુ છે એ જીવનો સ્વભાવ અને એને જીવ કહેવામાં આવે છે એમ જાણવું.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૪૫

(मन्दाक्रान्ता)

इत्थं ज्ञानक्रकचकलनापाटनं नाटयित्वा
जीवाजीवौ स्फुटविघटनं नैव यावत्प्रयातः।
विश्वं व्याप्य प्रसभविकसद्व्यक्तचिन्मात्रशक्त्या
ज्ञातृद्रव्यं स्वयमतिरसात्तावदुच्चैश्चकाशे।।४५।।

इति जीवाजीवौ पृथग्भूत्वा निष्क्रान्तौ।

इति श्रीमदमृतचन्द्रसूरिविरचितायां समयसारव्याख्यायामात्मख्यातौ जीवाजीवप्ररूपकः प्रथमोऽङ्कः।।

હવે, ભેદજ્ઞાનની પ્રવૃત્તિ દ્વારા આ જ્ઞાતાદ્રવ્ય પોતે પ્રગટ થાય છે એમ કળશમાં મહિમા કરી અધિકાર પૂર્ણ કરે છેઃ-

શ્લોકાર્થઃ- [इत्थं] આ પ્રમાણે [ज्ञान-क्रकच-कलना-पाटनं] જ્ઞાનરૂપી કરવતનો જે વારંવાર અભ્યાસ તેને [नाटयित्वा] નચાવીને [यावत्] જયાં [जीवाजीवौ] જીવ અને અજીવ બન્ને [स्फूट-विघटनं न एव प्रयातः] પ્રગટપણે જુદા ન થયા, [तावत्] ત્યાં તો [ज्ञातृद्रव्य] જ્ઞાતાદ્રવ્ય, [प्रसभ-विकसत्-व्यक्त-चिन्मात्रशक्त्या] અત્યંત વિકાસરૂપ થતી પોતાની પ્રગટ ચિન્માત્રશકિત વડે [विश्वं व्याप्य] વિશ્વને વ્યાપીને, [स्वयम्] પોતાની મેળે જ [अतिरसात्] અતિ વેગથી [उच्चैः] ઉગ્રપણે અર્થાત્ અત્યંતપણે [चकाशे] પ્રકાશી નીકળ્યું.

ભાવાર્થ :- આ કળશનો આશય બે રીતે છેઃ-

ઉપર કહેલા જ્ઞાનનો અભ્યાસ કરતાં કરતાં જયાં જીવ અને અજીવ બન્ને સ્પષ્ટ ભિન્ન સમજાયા કે તુરત જ આત્માનો નિર્વિકલ્પ અનુભવ થયો—સમ્યગ્દર્શન થયું. (સમ્યગ્દષ્ટિ આત્મા શ્રુતજ્ઞાન વડે વિશ્વના સમસ્ત ભાવોને સંક્ષેપથી અથવા વિસ્તારથી જાણે છે અને નિશ્ચયથી વિશ્વને પ્રત્યક્ષ જાણવાનો તેનો સ્વભાવ છે; માટે તે વિશ્વને જાણે છે એમ કહ્યું.) એક આશય તો એ પ્રમાણે છે.

બીજો આશય આ પ્રમાણે છેઃ જીવ-અજીવનો અનાદિ જે સંયોગ તે કેવળ જુદો

પડયા પહેલાં અર્થાત્ જીવનો મોક્ષ થયા પહેલાં, ભેદજ્ઞાન ભાવતાં ભાવતાં અમુક દશા થતાં નિર્વિકલ્પ ધારા જામી-જેમાં કેવળ આત્માનો અનુભવ રહ્યોઃ અને તે શ્રેણિ અત્યંત વેગથી આગળ વધતાં વધતાં કેવળજ્ઞાન પ્રગટ થયું. પછી અઘાતીકર્મનો નાશ થતાં જીવદ્રવ્ય અજીવથી કેવળ ભિન્ન થયું. જીવ-અજીવના ભિન્ન થવાની આ રીત છે. ૪૫.

ટીકા :— આ પ્રમાણે જીવ અને અજીવ જુદા જુદા થઈને (રંગભૂમિમાંથી) બહાર નીકળી ગયા.

ભાવાર્થ :— જીવ-અજીવ અધિકારમાં પહેલાં રંગભૂમિસ્થળ કહીને ત્યાર પછી ટીકાકાર આચાર્યે એમ કહ્યું હતું કે નૃત્યના અખાડામાં જીવ-અજીવ બન્ને એક થઈને પ્રવેશ કરે છે અને બન્નેએ એકપણાનો સ્વાંગ રચ્યો છે. ત્યાં, ભેદજ્ઞાની સમ્યગ્દૃષ્ટિ પુરુષે સમ્યગ્જ્ઞાન વડે તે જીવ-અજીવ બન્નેની તેમના લક્ષણભેદથી પરીક્ષા કરીને બન્નેને જુદા જાણ્યા તેથી સ્વાંગ પૂરો થયો અને બન્ને જુદા જુદા થઈને અખાડાની બહાર નીકળી ગયા. આમ અલંકાર કરીને વર્ણન કર્યું.

જીવ-અજીવ અનાદિ સંયોગ મિલૈ લખિ મૂઢ ન આતમ પાવૈં,
સમ્યક્ ભેદવિજ્ઞાન ભયે બુધ ભિન્ન ગહે નિજભાવ સુદાવૈં;
શ્રી ગુરુકે ઉપદેશ સૂનૈ રુ ભલે દિન પાય અજ્ઞાન ગમાવૈં,
તે જગમાંહિ મહંત કહાય વસૈં શિવ જાય સુખી નિત થાવૈં.

આમ શ્રી સમયસારની (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં જીવ-અજીવનો પ્રરૂપક પહેલો અંક સમાપ્ત થયો.

---

**ભાદરવા સુદ-૪, સોમવાર, તા. ૧૧-૦૯-૧૯૭૨**
**કળશ-૪૫, પ્રવચન-૧૬૦**

છેલ્લી ગાથા છે. ૬૮ છે એનો કળશ છે છેલ્લો. ૪૫ કળશ છે.

इत्थं ज्ञानक्रकचकलनापाटनं नाटयित्वा
जीवाजीवौ स्फुटविघटनं नैव यावत्प्रयातः।
विश्वं व्याप्य प्रसभविकसद्वयक्तचिन्मात्रशक्त्या
ज्ञातृद्रव्यं स्वयमतिरसात्तावदुच्चैश्चकाशे।।४५।।

કહે છે કે આ ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે. એ '**આ પ્રમાણે...**' '**ज्ञान-क्रकच-कलना-पाटनं**' '**જ્ઞાનરૂપી કરવતનો જે વારંવાર અભ્યાસ તેને નચાવીને...**' શું કહે છે? કે હું એક જ્ઞાનસ્વરૂપી આત્મા છું. મારા હોવાપણામાં શરીર, વાણી, પુણ્ય અને પાપ વિકલ્પો તો નથી પણ મારો સ્વભાવ જ એકલો જ્ઞાન અને આનંદ છે. એમ વારંવાર રાગથી જ્ઞાનને જુદું પાડવાની કરવત વડે. લાકડાના કરવત વડે બે કટકા કરે છેને? આહા..હા..! એમ આ ભગવાન આત્મા અનાદિનો રાગ અને શરીરની એકતાબુદ્ધિએ જાણે જીવ એમાં જ ગયો હોય એમ માનીને મૂઢ થઈને રહ્યો છે. પોતાની જાત અંદર શું છે? એને જાણવા અભ્યાસ કરવા (વખત લેતો નથી). રાગાદિ જે વિકલ્પ ઉઠે છે પુણ્ય અને પાપની લાગણીઓ એ તો આસ્રવતત્ત્વ છે, એ કાંઈ જીવતત્ત્વ નથી. એમ આ શરીર આદિ આ તો અજીવતત્ત્વ, જડ તત્ત્વ છે.

પોતે જ્ઞાનાનંદસ્વભાવ અંતર્મુખના રાગથી ભિન્ન પાડવાના અભ્યાસ દ્વારા. સમજાણું કાંઈ? આ એની ક્રિયા. ચૈતન્યસ્વભાવ એને રાગથી ભિન્ન પાડવાનો જે અભ્યાસ—ભેદજ્ઞાન એવો '**જ્ઞાનરૂપી કરવતનો જે વારંવાર અભ્યાસ...**' '**कलना**' છેને? એ કાંઈ એક ક્ષણમાં તરત વળે એવી એ ચીજ નથી એમ કહે છે. એનો અભ્યાસ વારંવાર (કરે). હું ચૈતન્ય જ્ઞાનાનંદ, સહજાનંદની મૂર્તિ છું. મારામાં એ દયા, દાન, વ્રતાદિના વિકલ્પો મારામાં નથી. તો શરીર, વાણી આ તો બધા છે ક્યાં? એ તો બહાર પર છે. એમ અંતરમાં જ્ઞાનરૂપી કરવત. ઓલું કરવત છે... કરવત સમજો છો? આરી. આરા કહે છેને તમારા હિન્દીમાં? આરા કરે ... આરા કરતા બે કટકા લાકડાના થાય. એમ અહીંયાં ભેદજ્ઞાનરૂપી કરવત. આહા..હા..! એ કોઈ રાગની, દયા, દાનની, વ્રતની, ભક્તિની, તપની ક્રિયા એનાથી પ્રાપ્ત થાય એવું નથી. કારણ કે એ એમાં નથી. સમજાણું કાંઈ?

જેને સુખી થવું હોય એટલે કે જેને ધર્મી થવું હોય એટલે કે જેને પરાધીનતાના દુઃખનો અભાવ કરવો હોય એણે આ હું જ્ઞાનાનંદ સ્વરૂપ છું એમ વારંવાર અંતરમાં રાગના વિકલ્પથી ભિન્ન કરવાનો જ્ઞાનરૂપી કરવતનો અભ્યાસ કરવો. લ્યો આ ક્રિયા છે. સમજાણું કાંઈ? અંતર્મુખનો જે આનંદ અને જ્ઞાનસ્વભાવી વસ્તુ ધ્રુવ આત્મા એનો, અહીં જ્ઞાનપ્રધાન પ્રગટ છેને જ્ઞાન અંશે, એથી કહે છે કે જ્ઞાનના અંતર અભ્યાસ દ્વારા '**વારંવાર અભ્યાસ તેને નચાવીને...**' એટલે? એ રાગરહિત સ્વભાવની જ્ઞાનની પરિણતિ પ્રગટ કરીને. જે રાગ અને પુણ્ય અને

પાપના પરિણામની પરિણતિ પર્યાયમાં છે એના સ્થાનમાં રાગથી ભિન્ન પાડવાનો જ્ઞાનઅભ્યાસ દ્વારા જ્ઞાનની પરિણતિ નામ પર્યાય પ્રગટ કરવી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આવો ધર્મ કેવો? કહો, ભગવાનજીભાઈ!

સુખી થવું હોય તો એટલે કે ધર્મી થવું હોય તો એટલે કે દુઃખને ટાળવું (હોય એણે આ જ્ઞાનાભ્યાસ કરવો). પણ હજી એને ભાસે ક્યાં છે કે આ પુણ્ય અને પાપના વિકલ્પો, રાગ એ બધા દુઃખ છે અને એ આત્માના સ્વરૂપમાં નથી. **'આ પ્રમાણે જ્ઞાનરૂપી કરવતનો વારંવાર અભ્યાસ...'** એમ છેને? **'कलना'** અંતર્મુખ ચૈતન્ય ભગવાન આત્મા જ્ઞાનનો સમુદ્ર છે એમાં એણે જ્ઞાન અને રાગથી ભિન્ન પાડીને એનો અભ્યાસ કરવો. આહા..હા..! આવી ક્રિયા!

મુમુક્ષુ :- ખરેખરી ક્રિયા છે.

ઉત્તર :- આમાં ઊનું પાણી પીવું એ કે દિ' આવ્યું?

મુમુક્ષુ :- એ બધું કર્યું.

ઉત્તર :- કર્યું? સમજાણું કાંઈ? આ બધા ડૉક્ટરના અભ્યાસ અને વકીલાતના અભ્યાસ ને અમેરિકાના અભ્યાસ બધા દુઃખરૂપ અને દુઃખની જાળ છે. સમજાણું કાંઈ? એને ખબર નથી કે આ હું શું કરું છું અને શું થાય છે? અને કેમાં મારું વર્તન છે? એની ખબર નથી. બેખબરો, મૂઢ. એ સંસારના જાણપણા અને રાગ-દ્વેષના પર્યાયમાં વિકારની, વિભાવની ક્રિયા એ બધું દુઃખરૂપ છે. ભગવાન આનંદમૂર્તિ... કહેશે હમણા. સમજાણું કાંઈ? **'अतिरसात्'** છેને? અતિ વેગથી કીધું છે. પણ મૂળ તો આનંદનો વેગ છે અંદર. **'अतिरसात्'** છેને છેલ્લો શબ્દ ભાઈ! છેલ્લો. આહા..હા..!

એ ભગવાન આત્મા એવા જ્ઞાનસ્વરૂપને અંતર્મુખ થઈને, બહિર્મુખથી ભિન્ન અભ્યાસ કરતા... કહો, આ અભ્યાસ નથી? આ બધા અભ્યાસ કરવા જાય છેને રખડવા નહિ? એય..! પરદેશમાં. અમેરિકા ને શું કહેવાય બધું? રશિયા ને લંડન. ધૂળેય નથી. દુઃખીના દાળિયા છે, બિચારાને ભાન પણ નથી. હું શેમાં વર્તું છું અને એ શું ચીજ છે? અહીં તો પરમાત્મા એમ ફરમાવે છે કે એ સંસારના જાણપણા અને સંસારની ક્રિયા જે દયા, દાન, વ્રત, કામ, ક્રોધના વિકલ્પો એનાથી ચૈતન્ય સ્વભાવને ભેદજ્ઞાનના અભ્યાસથી પરિણતિ કરીને. આહા..હા..! આકરું પડે એટલે માણસ... કહો, શેઠ! કેટલે દાને મળે આત્મા? પૈસાના દાને ન મળે? આહા..હા..!

એ તો ભેદજ્ઞાનનો અભ્યાસ કહેતા જ સંસારી જ્ઞાન અને રાગ, બેમાં એકતાપણે પ્રવર્તે છે. સમજાણું કાંઈ? અરે! શાસ્ત્રનું જ્ઞાન અને રાગ વિકલ્પ એ એમાં પ્રવર્તે છે. એનાથી એને ભેદજ્ઞાન કરવાનું છે. સમજાણું કાંઈ? આવી ક્રિયા હવે, આમાં માણસને શું સૂઝ પડે? આત્માને સૂઝ પડે. માણસ એટલે આ શરીરને સૂઝ ન પડે. આ તો માટી, જડ છે. રાગને પણ

સૂઝ ન પડે, એ તો અચેતન છે. સૂઝ તો પડે ભગવાન આત્માને. હું એક ચૈતન્યમૂર્તિ, અતીન્દ્રિય આનંદના રસથી ભરેલો પદાર્થ છું. એમ વિકાર અને સંસારના જાણપણાથી ભિન્ન અભ્યાસ કરતા જ્ઞાનને નચાવે નામ સ્વરૂપને પરિણમાવે. આહા..હા..! જે મોહ નાચતો... આવ્યું હતુંને? વાત એ લીધી છે. મોહ જે નાચતો અને રાગ મારો એવો મિથ્યાત્વભાવ એ નાચતો હતો, જે પરિણમતો હતો એ સ્વરૂપના બહારની પરિણતિ છે, એ દુઃખની દશા છે. એ અંદર આકુળતાની અગ્નિથી સળગી રહ્યો છે. સમજાણું કાંઈ? આહા..હા..! એને પાછો વાળ હવે કહે છે. જો સુખી થવું હોય, આત્મા છે તેની પ્રાપ્તિ કરવી હોય એટલે કે ધર્મ કરવો હોય... આહા..હા..! પાછો વાળ આમથી, ભાઈ! જેમાં રાગ પણ નથી અને જેમાં આકુળતા પણ નથી એવા સ્વભાવને રાગ અને આકુળતાના ભાવથી ભિન્નનો અભ્યાસ કરતા. લ્યો આ અભ્યાસ. શું અમારે કરવું? એમ કહે છે કેટલાક. આ કરવાનું નથી?

**'જ્યાં જીવ અને અજીવ બન્ને...'** **'स्फूट-विघटनं न एव प्रयातः'** **'પ્રગટપણે જુદા ન થયા, ત્યાં તો જ્ઞાતાદ્રવ્ય,...'** **'प्रसभ-विकसत्-व्यक्त-चिन्मात्रशक्त्या'** **'प्रसभ'** અત્યંત. **'विकसत्'** **'વિકાસરૂપ થતી...'** **'व्यक्त'** **'પોતાની પ્રગટ...'** દશા **'ચિન્માત્રશકિત...'** જ્ઞાનમાત્ર શક્તિએ પ્રગટ થયો પરમાત્મા કે હું તો જ્ઞાનસ્વરૂપ છું. એમ વેદનમાં જ્ઞાન અને આનંદ આવ્યો. સમજાણું કાંઈ? ...ભાઈ! આહા..હા..! કહે છે કે **'અત્યંત વિકાસરૂપ થતી પોતાની પ્રગટ ચિન્માત્રશક્તિ વડે વિશ્વને વ્યાપીને,...'** એ શ્રુતજ્ઞાનમાં પણ વિશ્વને જાણતો, લોકાલોકને જાણવાની શક્તિ રાખતો, કોઈ ચીજને મારી માનતો એ એનું સ્વરૂપ નથી, પણ લોકાલોકને જાણતો એવું એનું શ્રુતજ્ઞાનનું પણ સ્વરૂપ છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અંતર્મુખના અભ્યાસથી જેણે શક્તિમાંથી વ્યક્તતા નામ પ્રગટ દશા પ્રગટ કરી છે. જે પ્રગટ દશા વિકાર અને દુઃખરૂપ હતી એનાથી ભિન્ન પાડીને અંતર્મુખમાં જ્ઞાનને પ્રગટ કર્યું. અરે અરે! આ શું? ઓલા કહે કે સામાયિક કરો અને પોષા કરે અને પડિક્કમણા કરો. એય..! આ સામાયિક. ભગવાન જ્ઞાન શક્તિમાં સર્વજ્ઞ શક્તિ છે પણ તેને પુણ્ય-પાપના વિકલ્પથી, રાગથી અંતરમાં ભિન્ન પાડીને જ્યાં શક્તિનું પરિણમન વ્યક્ત થયું ત્યારે પ્રગટ થયો. પહેલા પ્રગટ નહોતો. એમ થયુંને? સમજાણું કાંઈ? પહેલા પ્રગટ નહોતો. આ ચૈતન્ય સ્વરૂપ છું એવો અનુભવ થતાં એ પ્રગટ થયો. પર્યાયમાં જ્ઞાનનું ભાન થતાં એ શક્તિમાંથી વ્યક્તતા થતાં એ પ્રગટ થયો. રાગ અને પુણ્યના પરિણામમાં અટકીને એ જે પ્રગટ હતો એના સ્થાનમાં ચૈતન્ય શક્તિથી ભરેલું સ્વરૂપ, એના તરફના અભ્યાસ દ્વારા પર્યાયમાં પ્રગટ થયો. સમજાણું કાંઈ? વસ્તુ તો છે ઈ છે. પર્યાયમાં જે રાગ અને પુણ્ય અને ભાવની એકતાનું અજ્ઞાન જે હતું એ અંતરના સ્વરૂપના અંતર અભ્યાસ દ્વારા ભિન્ન પાડીને જ્ઞાનનું પરિણમન સ્વરૂપનું કર્યું એ પ્રગટપણે બહાર આવ્યો એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે ભાઈ! ઓલા

તો ભગવાને બાર વર્ષના તપ કર્યા હતા.

મુમુક્ષુ :- કઈ જાતના?

ઉત્તર :- કઈ જાત એ વળી પછી વાત. સખે કરીને સૂતા નહિ, સખે કરીને ખાધુ નહિ, સખે કરીને પીધું નહિ. દુઃખ હશે ત્યાં. એમ વાતું કરે ઓલા વ્યાખ્યાન શરૂ કરેને. ભગવાન સખે કરીને, સુખે કરીને સૂતા નહિ, આહાર કરીને આહાર ખાધા નહિ, પાણી કરીને પાણી પીધા નહિ ત્યારે એને કેવળજ્ઞાન થયું એમ કહે. એમ છે. એ કહે છે કે પહેલું કષ્ટ કરે એવું બધું તો સુખ પ્રગટ થાય એમ કહે છે. પહેલા દુઃખનો અનુભવ કરે તો દુઃખના અનુભવમાંથી સુખ આવે એમ કહે છે. કહો, દેહે દુઃખં મહાફલં. નથી આવતું? આવે છે કે નહિ? દસવૈકાલિકમાં આવે છે. એવું મૂકે બહારમાં હોં! દેહે દુઃખં મહાફલં. ભાઈ! જેટલા પ્રમાણમાં અપવાસ થાય, ક્ષુધા લાગે, તૃષા લાગે એને સહન કરવું એ દેહે દુઃખં મહાફલ છે. આહા..હા..! મારી નાખ્યા જગતને. એય..! ઉંધેકાંધ નાખ્યા છે. એ સહન કરવું એ રાગ અને કષ્ટ છે એ તો, દ્વેષ છે. આહા..હા..!

ભગવાન આત્મા પોતાના સ્વભાવની સન્મુખતાના અને રાગની વિમુખતાના અભ્યાસે પરિણતિમાં પ્રગટ થાય છે. પરિણતિ એટલે? વર્તમાન દશામાંથી જ્ઞાન અને આનંદ છું એમ વેદતા તે પ્રગટ થાય છે. કહો, ચંદુભાઈ! ભારે આવું. આહા..હા..! એને એમાં શરીરના બળની જરૂર નહિ, મનના અવલંબનની જરૂર નહિ, ધનના ક્ષયની જરૂર નહિ, બીજાની મદદની જરૂર નહિ. એવો ભગવાન આત્મા પૂર્ણને સ્વીકારતા અપૂર્ણને રાગની દૃષ્ટિ છોડતા જે જ્ઞાનમાં પરિણમન થાય એ '**જ્ઞાતાદ્રવ્ય અત્યંત વિકાસરૂપ થતી...**' ભાષા શું છે જોયું? '**જ્ઞાતાદ્રવ્ય...**' '**ज्ञातृद्रव्य**' એમ છે. જ્ઞાતા-જાણનારું જે દ્રવ્ય વસ્તુ જે ભગવાન એ '**प्रसभ-विकसत्**' '**પોતાની પ્રગટ ચિન્માત્રશકિત વડે...**' જાણવાના સ્વભાવથી પ્રગટ થયું. એ જાણવાનો સ્વભાવ તો સર્વ વિશ્વનો છે જીવને. સમજાણું કાંઈ? વિશ્વમાત્ર રાગથી માંડીને, વિશ્વ એટલે સમસ્ત ચીજો. એને અડ્યા વિના જાણવું એવું એનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? અને એ રાગાદિ અને શરીરાદિના અસ્તિત્વને લઈને એનું જ્ઞાન થાય એવો એ ભગવાન આત્મા નથી. પોતાના અસ્તિત્વમાં મહાસત્તા પ્રભુ ચૈતન્યના હોવાપણામાં સર્વજ્ઞ સ્વભાવે ભરેલું જે હતું એને અંતરની એકાગ્રતા દ્વારા પર્યાયમાં પ્રગટ કર્યું, વિશ્વને જાણવાની શક્તિ પ્રગટ કરી. સમજાણું કાંઈ? એમાં ઘરે જઈને પૂછે બૈરા ન આવ્યા હોય તો, શું સાંભળ્યું? કાંઈક કહેતા હતા કે આત્મા આવો છે ને આત્મા આવો છે. કેમ ભોગીભાઈ! શું સાંભળી આવ્યા ત્યાં જઈને? આહા..હા..! ભાઈ! તારો આત્મા એવો છે કે જેની રાગથી ભિન્ન પડતાની પરિણતિમાં લોકાલોક જણાય, પણ લોકાલોકને પોતાનો માને કે કરે એવો એ નથી. સમજાણું કાંઈ?

અત્યંત '**ચિન્માત્ર શક્તિ વડે વિશ્વને વ્યાપીને, પોતાની મેળે જ...**' આહા..હા..!

એટલે કે રાગ અને નિમિત્તના સહાય વિના. સમજાણું કાંઈ? થોડું પણ એણે સત્ય જાણવું જોઈએ. લાંબા-લાંબા મોટા પૂંછડા વળગાડે અને સત્યમાં માલ કાંઈ ન હોય એથી શું થયું? ભાઈ! અરેરે! ચોર્યાસીના અવતારમાં એ રખડવાના પ્રવાહમાં તણાતો દુઃખી છે. તણાતો. સમજાણું કાંઈ? અનંત-અનંત ચોવીસી, અનંત-અનંત ચોર્યાસી યોનિમાં પ્રવાહરૂપે તણાતો, રખડતો એવો દુઃખી જીવ એ સ્વર્ગમાં પણ દુઃખી, પૈસાવાળા દુઃખી, રંક દુઃખી, રાજા દુઃખી, ગરીબ દુઃખી. એને જુદું પાડીને સુખી ધ્રુવ આત્મા એનો જે અભ્યાસ કરે એને જ્ઞાનમાં પરિણમનમાં, આનંદના રસસહિત પરિણતિ થાય એમ કહેવું છે.

મુમુક્ષુ :- 'अतिरसात्'.

ઉત્તર :- '**रसात्**' એનો આત્માનો રસ એને આવે. સમજાણું કાંઈ? આ વાત કેવી આ તે? પર્યુષણમાં આવી વાત હોય ઝાઝા માણસમાં? પણ બાપુ! સત્ય તો આવું જ છે. એ સત્ય આવું છે એની જ વાત હોય. સમજાણું કાંઈ? પર્યુષણનો અર્થ એ છે. પરિ-સમસ્ત પ્રકારે વસ્તુના સ્વરૂપમાં યોગ નામ જોડાઈ જવું એનું નામ પર્યુષણ. સમજાણું કાંઈ?

'**विश्वं व्याप्य अतिरसात्**' પોતાની મેળે અતિ આનંદથી. ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ જ્ઞાનનો ભંડાર. આ બધા પુસ્તકો અને ઈતિહાસની વાતું કરે બહાર. મોટો લેખ આવ્યો છે એય..! કેશવલાલનો. એમાં તમારું નામ ભૂલી ગયા છે. જેઠાલાલ શાહ લખ્યું છે. હિંમતભાઈ લખવું જોઈએ. જેઠાલાલ આવે છે છેલ્લે. સોનગઢ તરફથી જેઠાલાલ શાહ. એક મણિભાઈ. એ તમારા નામના મણિભાઈ ભૂલી હિંમતભાઈને, હિંમતભાઈ ભૂલીને મણિભાઈનું. આ બધા સાહિત્યવાળા કહેવાયને? બધા. સ્થાનકવાસીના, દેરાવાસીના. તમારું નામ નાખ્યું છે એમાં. પાછું એણે છેલ્લે સરવાળે એ નાખ્યું કે ભાઈ ગાથા તો એવી છે શાસ્ત્રમાં. એમ. ... શ્વેતાંબર હો કે દિગંબર હો, સમભાવ રાખે તેનું કલ્યાણ થશે. પણ સમભાવની વ્યાખ્યા શું? જેવું સ્વરૂપ છે એવું જાણીને અંદર ઠરવું એનું નામ સમભાવ છે અને બીજી રીતે કહે કે પરમાત્મા આવા હતા અને પરમાત્મા આહાર કરતા, પરમાત્માને રોગ થાય, એ તો એણે આત્મા શું છે એણે જાણ્યું નથી.

મુમુક્ષુ :- વિષમભાવ છે.

ઉત્તર :- એ તો વિષમભાવ છે. એને કેવા સમભાવે સંવર-નિર્જરાની દશાથી કેવળ થાય? ત્યાં કેવળના કારણ કેવા હોય? અને એ કોને આશ્રયે પ્રગટે? અને એ પ્રગટે જેને આશ્રયે એ કેવડો છે? સમજાણું કાંઈ? આહા..હા..! લોકોને સમન્વય કરીને, બધાને સરખા ભેગા કરીને... વિરોધ કરવો નહિ કોઈ સાથે એ જુદી વસ્તુ છે. વિરોધ કોની સાથે કરે? ભાઈ! એ પરમાત્મા શક્તિરૂપે તો પ્રભુ જ છે. પર્યાયની ભૂલ તું ટાળ તો બીજાની પર્યાયની ભૂલે ન જો. એને છે પર્યાયમાં. આ વસ્તુ તો પરમાત્મા છે. સમજાણું કાંઈ?

કહે છે '**अतिरसात्**' '**उच्चैः**' '**ઉગ્રપણે...**' આહા..હા..! એ રાગના વેગમાં તણાતો હતો એ આનંદના વેગમાં હવે આવ્યો. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પુણ્ય અને પાપના વિકલ્પોના રાગમાં તણાતો હતો. બૂડ્યો હતો. જળોદધિ સમુદ્રમાં ડૂબી ગયો હતો. સમજાણું કાંઈ? ભવરૂપી જળોદધિ. ભવના જળનો દરિયો. આહા..હા..! ભાષા વાપરે છે! ભવજળ ઉદધિ. ભવરૂપી પાણીનો દરિયો છે ચોર્યાસીના અવતાર. એને હવે કહે છે ઉગરી ગયો હવે. આહા..હા..! એ તરવાને માર્ગે આવી ગયો. એ તરવાને માર્ગે આવતા તરીને જાશે કેવળજ્ઞાનમાં. આહા..હા..! સમજાણું કાંઈ?

એ '**અતિ વેગથી...**' આનંદના રસથી એમ કહે છે મૂળ તો. દુઃખ નથી એમ કહેવું છે. સમજાણું કાંઈ? ઓલા રાગ અને પુણ્યના અને પાપના ભાવમાં દુઃખ અને આકુળતા હતી. એનાથી અંતરમાં ભેદજ્ઞાન દ્વારા શક્તિરૂપ જ્ઞાતૃદ્રવ્ય જે હતું એને પર્યાયમાં પ્રગટ કરીને જાણ્યો, એમાં એ વેગ આવ્યો આનંદનો. જેની દશામાં આનંદના ઉભરા આવ્યા. સમજાણું કાંઈ? આહા..હા..! જેની દશામાં એકલું દુઃખ અને આકુળતા હતી સંસારદશામાં અનાદિકાળની એનાથી ભેદ પાડીને ભગવાનને અંદરમાં ભેટા થતાં, ભેદજ્ઞાન થતાં જ્ઞાતૃદ્રવ્ય પર્યાયમાં પ્રગટ આવ્યું. એ તો છે ઈ છે. પણ પર્યાયમાં ભાન થયું એટલે જ્ઞાતૃદ્રવ્ય વિકસિત થયું કહેવાય. છેને એમ જુઓને.

'**જ્ઞાતાદ્રવ્ય, અત્યંત વિકાસરૂપ થતી પોતાની પ્રગટ ચિન્માત્રશક્તિ વડે વિશ્વને વ્યાપીને,...**' દ્રવ્ય તો દ્રવ્ય છે. સમજાણું કાંઈ? ભગવાન વિશ્વનો જાણનાર વિશ્વજ્ઞ, વિશ્વજ્ઞ એ છે. સમજાણું કાંઈ? એનું સ્વરૂપ જ વિશ્વજ્ઞ છે એટલે કે સર્વજ્ઞ છે. એવા સર્વજ્ઞ સ્વભાવી આત્માને રાગથી ભિન્ન પાડતા ભગવાન પ્રગટ્યો કહે છે. ભલે શ્રુતજ્ઞાન દ્વારા પ્રગટ્યો, પણ એ શ્રુતજ્ઞાનમાં પણ લોકાલોકને જાણવાની શક્તિ છે. ઓહો..! '**અત્યંતપણે પ્રકાશી નીકળ્યું.**' ચૈતન્યનું સ્વરૂપ જે જ્ઞાતૃદ્રવ્ય છે પદાર્થ એના તરફના વલણથી અને રાગથી ભિન્ન પડતાં, સમ્યગ્દર્શન થતાં '**અત્યંતપણે પ્રકાશી નીકળ્યું.**' જાણવા-દેખવાના પર્યાયના સ્વભાવ દ્વારા એ જ્યોત પ્રગટી. એને સમકિતી અને એને જ્ઞાની કહેવામાં આવે છે અને એને ધર્મી કહેવામાં આવે અને એ સુખી થયો. કહો, શેઠ! આ બધા પૈસાવાળા દુઃખી છે એમ કહે છે. તમારા છ-છ લાખના આરસપહાણના બંગલા ને... દુઃખમાં નિમિત્ત છે ઈ.

મુમુક્ષુ :- કેવળજ્ઞાનમાં પણ નિમિત્ત છે.

ઉત્તર :- કેવળજ્ઞાનમાં નિમિત્ત છે એ જુદી વસ્તુ થઈ. એ તો એ છે માટે કેવળજ્ઞાન થયું એમ છે? તો તો નિમિત્ત ન કહેવાય. એના સ્વભાવના સામર્થ્યમાં છે તે પ્રગટ થયું ત્યારે લોકાલોકને નિમિત્ત કહેવામાં આવે છે. અરે! લોકાલોકને પણ કેવળજ્ઞાન નિમિત્ત કહેવામાં આવે છે. એટલે શું કેવળજ્ઞાન થયું એટલે લોકાલોક રહે છે? થયો છે? સમજાણું કાંઈ?

એ વ્યાખ્યા નિમિત્ત-નિમિત્તની પ્રત્યક્ષતા જણાવે છે. એકબીજાને લઈને એમ જણાવતું નથી. પંડિતજી! આહા..હા..!

મુમુક્ષુ :- બચાવ ચાલે એવું નથી કાંઈ.

ઉત્તર :- ના, ત્યાં બચાવ પ્રભુ આગળ ક્યાં ચાલે છે? આહા..હા..! સૂરજ પાસે અંધારું જાય શી રીતે? એક ફેરી સૂરજે કીધું અંધકાર લાવજે. અંધકાર ગયો રાજા પાસે. કે આ સૂર્ય મને રહેવા નથી દેતો. (રાજા કહે), લાવજે એને મારી પાસે. આવજો બેય ભેગા. પણ હું હોવ ત્યાં એ ન હોય. કોની પાસે? દલીલ કોની કરે અને કોના કરે? શું કીધું સમજાણું? .... આહા..હા..! જ્યાં ચૈતન્યના પ્રકાશ ત્યાં રાગના અંધારા નહિ અને જ્યાં રાગના અંધારા ત્યાં ભગવાનનો પ્રકાશ નહિ. સમજાણું કાંઈ?

એ વિશ્વને પ્રકાશે એનો અર્થ? કે જે કાંઈ રાગ બાકી રહે એ બધું વિશ્વમાં જાય, પરમાં જાય છે. એને શ્રુતજ્ઞાની જ્ઞાનમાં જાણે છે કે આ છે. એ છે એ મારામાં નહિ અને એ છે માટે હું જાણું છું એમ પણ નહિ. સમજાણું કાંઈ? એ તો '**उच्चै:**' '**ઉગ્રપણે અર્થાત્ અત્યંતપણે...**' અધિકપણે, ભિન્નપણે '**પ્રકાશી નીકળ્યું.**' સમ્યગ્દર્શન થતાં, અરે! સમ્યગ્જ્ઞાન થતાં એ ભિન્નપણે પ્રકાશે છે. કહો, સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- આ કળશનો આશય બે રીતે છે :- ઉપર કહેલા જ્ઞાનનો અભ્યાસ કરતાં કરતાં...**' સ્વરૂપ તરફના વારંવારની અભ્યાસ એકાગ્ર કરતાં '**જ્યાં જીવ અને અજીવ બન્ને સ્પષ્ટ ભિન્ન સમજાયા...**' જ્યાં જીવ પોતાનો સ્વભાવ આનંદ અને જ્ઞાન એમ જ્યાં અનુભવમાં આવ્યો એટલે એ બે સમજાયા એમ કહેવામાં આવે છે. '**કે તુરત જ આત્માનો નિર્વિકલ્પ અનુભવ થયો...**' ત્યારે તેને નિર્વિકલ્પ અનુભવ થાય સમ્યગ્દર્શન થવાના કાળમાં. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? '**સમ્યગ્દર્શન થયું.**' જુઓ, આવી સમ્યગ્દર્શનની વ્યાખ્યા! નવનીતભાઈ! નવનીતભાઈ કહે છે કેટલીક વાર કે સમ્યગ્દર્શનની વ્યાખ્યા આવી સોનગઢ સિવાય ક્યાંય થાતી નથી. ભાઈ બોલે છે. આહા..! બાપુ! ભાઈ! તારી ચીજ જ આવી છેને. આહા..હા..! તારી મોટપની વાતું કરતા વાતમાં લજાઈ જાય એવી એ વસ્તુ છે. તેની શું વાત કરવી? આહા..હા..!

એવો ભગવાન પરિપૂર્ણ પ્રભુ એને જેણે રાગથી ભિન્ન પાડીને દૃષ્ટિમાં લીધો અને જ્ઞાનની વર્તમાન પર્યાયમાં તેને જ્ઞેય બનાવ્યો, નિર્વિકલ્પ અનુભવ થયો. રાગથી ભિન્ન પડી, વીતરાગી દશાનો અનુભવ થયો. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! જે કરવાનું છે આ, એને મૂકીને બીજે ચડી ગયો. ધર્મને નામે પણ બીજે ચડી ગયો. આહા..હા..! અરેરે! અવતાર જાય છે ભાઈ! આવો અવસર ફરીને મળવા (મહા દુર્લભ છે). સમજાણું કાંઈ? અનંત જીવો.. મોંઘુ લાગે પણ કરવા જેવું તો આ છે. આકરું લાગે તોપણ ઘર તો આ છે તારું. સમજાણું

કાંઈ? એવો ભગવાન..

**'સમ્યગ્દર્શન થયું. (સમ્યગ્દૃષ્ટિ આત્મા શ્રુતજ્ઞાન વડે વિશ્વના સમસ્ત ભાવોને સંક્ષેપથી અથવા વિસ્તારથી જાણે છે અને નિશ્ચયથી વિશ્વને પ્રત્યક્ષ જાણવાનો તેનો સ્વભાવ છે;...'** કહો, સમજાણું કાંઈ? પર્યાયમાં વિશ્વને જાણવાનો સ્વભાવ છે. પર્યાયમાં હોં! વસ્તુમાં તો છે પણ એ વસ્તુને જ્યારે જાણી અને પ્રતીતમાં આવી ત્યારે એ જ્ઞાન પણ વિશ્વને જાણવાની તાકાતવાળું છે. સમજાણું કાંઈ? આહા..હા..! શી રીતે આમાં મેળ કરવો? એય..! શીવલાલભાઈ! કહો, આમાં તો દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિથી ન થાય એવું આવ્યું. એય..! ભોગીલાલભાઈ!

મુમુક્ષુ :- એમ જ આવેને પણ.

ઉત્તર :- તમારા બાપ તો કહેતા કે ભક્તિ થાય. લ્યો ટોકરા વગાડે સવારમાં દરરોજ.

મુમુક્ષુ :- આવું સાંભળ્યું નહોતું.

ઉત્તર :- સાંભળ્યું નહોતું. વાત ઈ. પણ પાછળથી બિચારા નરમ પડી ગયા હતા. પહેલા તો શું કરે આ સાંભળવામાં આવ્યું ન હોય. એ ચીજ શું છે આ? અરે! એને પામવા માટે કોઈ બીજા તત્ત્વની જરૂર નથી. એવો એ પાંગળો નથી કે બીજાના ટેકે ચાલે. સમજાણું કાંઈ? આહા..હા..! કહો, જેઠાભાઈ!

મુમુક્ષુ :- સાંભળે તો .. ટેકો થાય.

ઉત્તર :- એ બીજી લાઈન હતી. પરમાત્મપ્રકાશમાં આત્માને પાંગળો કહ્યો છે. એ ઓલા શું કહેવાય? ખાણિયા ચર્ચામાં સામાવાળાએ દલીલ આપી, જુઓ, આત્મા તો પાંગળો છે. કર્મને લઈને વિકાર અને કર્મને લઈને ગતિ અને કર્મને લઈને રખડે. તમારે નહોતું આવ્યું આમાં ઉપર? મોહ નાચે તો નાચો એમાં આત્મા ક્યાં આવ્યો? એમ કહ્યું હતું ત્યાં. અરે! ભાઈ! કઈ અપેક્ષાએ કહ્યું છે બાપુ! આહા..હા..! એ તો પરથી જુદું પડતા એ બાકી કાંઈ રાગાદિ રહ્યો એની ક્રિયા જડની છે. એ જડનો આત્મા નાટક દેખનારો છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ તો જ્ઞાનરૂપી નાટકમાં જગતના ખેલોને જોનાર છે. કેમ થાય છે અને શું થયું? એમાં એનો ફેરફાર કરવાનો હક અને જ્ઞાનમાં એ સ્વભાવ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ અપેક્ષાએ પાંગળો કહ્યો. ત્યારે ઓલા વળગ્યા કે જુઓ કર્મને લઈને આ રખડે. સવારે નહોતું આવ્યું? બાપુ! શી રીતે કહ્યું ભાઈ!

ભેદજ્ઞાનના અભ્યાસમાં રાગ એનો નહિ, હવે રાગાદિ થાય એ બધું પરને લઈને છે. સમજાણું કાંઈ? ૭૫ ગાથામાં એ આવશે. જ્યાં પુણ્ય અને પાપના વિકલ્પથી પોતાના સ્વભાવના સામર્થ્યને જ્યાં પકડ્યું છે, કહે છે કે એ તો હવે સ્વભાવની પર્યાયમાં વ્યાપનારો છે. વિકારમાં વ્યાપ્યરૂપે થાય એ વ્યાપક તો કર્મ છે. જેઠાલાલભાઈ! આહા..હા..! બાપુ! જેના-મારા ઘરમાં

નહોતું એને હું શું આપું? એમ કહે છે. પણ જેણે માન્યું હતું કે રાગ મારો, એ તો એમાં જ વ્યાપે. સમજાણું કાંઈ? એ તો માન્યતાના વિષયની અપેક્ષા થઈ. પણ જેણે જાણ્યું કે રાગાદિ મારામાં છે જ નહિ, હું તો એક જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા છું, એને એ રાગાદિ થાય, એની અવસ્થા જીવની છે અને જીવ એમાં પ્રસરે છે, એમાં ક્યાં વિકાર હતો તે જીવ પ્રસરે. ભેદજ્ઞાનની વાત છે એ તો. આહા..હા..! કનુભાઈ! આ તો ન્યાયથી વાત છે. આહા..હા..! અરે! એણે કોઈ દિ' ન્યાય ન કર્યા હોં! કાંટે તોલવાના પા-ભાગ ફેર પડે તો અંદરમાં રાડુ નાખે. એ ઓછું મને આપ્યું. પાંચ શેરનું પોણા પાંચ શેર આપ્યું. કાંઈક ત્રાજવામાં ફેર છે કાં તોલવામાં ફેર છે કાં તમારા શું કહેવાય? કાટલામાં ફેર છે. પણ આ તારા માપમાં ફેર એની તને ખબર પડી? ભગવાનને કેમ માપવો અને કેમ જાણવો એની ખબર વિના ફેરફાર કરી નાખ્યો તેં આખા આત્માને. આહા..હા..! સમજાણું કાંઈ?

**'માટે તે વિશ્વને જાણે છે એમ કહ્યું.) એક આશય તો એ પ્રમાણે છે.'** બીજો આશય કેવળજ્ઞાનનો લે છે. **'બીજો આશય આ પ્રમાણે છે : જીવ-અજીવનો અનાદિ જે સંયોગ તે કેવળ જુદો પડ્યા પહેલાં...'** કેવળ જુદું પાડવા પહેલાં. એટલે કેવળજ્ઞાન થવા પહેલા. **'અર્થાત્ જીવનો મોક્ષ થયા પહેલાં, ભેદજ્ઞાન ભાવતાં ભાવતાં અમુક દશા થતાં નિર્વિકલ્પ ધારા જામી...'** આહા..! સમજાણું કાંઈ? એ ધ્યાન ધારા જામી સ્વરૂપમાં. **'જેમાં કેવળ આત્માનો અનુભવ રહ્યો :...'** એકલો આત્મા જ અનુભવમાં આનંદસહિત આવ્યો. **'અને તે શ્રેણિ અત્યંત વેગથી...'** 'अतिरसात्' છેને? ... **'તે શ્રેણિ અત્યંત વેગથી આગળ વધતાં વધતાં...'** સ્વરૂપમાં ધારાવાહી સ્થિરતા થતા, અંતરમાં જામતા **'કેવળજ્ઞાન પ્રગટ થયું. પછી અઘાતિકર્મનો નાશ થતાં જીવદ્રવ્ય અજીવથી કેવળ ભિન્ન થયું.'** સિદ્ધ થયો એટલે. **'જીવ-અજીવના ભિન્ન થવાની આ રીત છે.'** પહેલું સમ્યગ્દર્શન ભિન્ન થઈને થાય અને પછી ક્રમે-ક્રમે સ્થિર થઈને સર્વથા જીવ અને અજીવ જુદાં પડે. દૃષ્ટિની અપેક્ષાએ તો જુદાં પડી ગયા પણ સ્થિરતાની અપેક્ષાએ જરી જે અસ્થિરતા હતી એ જુદી પડીને એકલો રહી ગયો ભગવાન. એ પણ એક બીજો આશય છે. પ્રગટવા પહેલા એમ હતુંને અંદરમાં? શબ્દ એમ હતોને અંદર? જીવ અને અજીવ બન્ને પ્રગટપણે જુદા ન થયા ત્યાં તો જ્ઞાતા રહ્યો. એમ થયુંને? જુદા ન થયા એમ છેને શબ્દ? એ પૂર્ણની અપેક્ષા લીધી. એમ. આહા..હા..!

મુમુક્ષુ :- પહેલા ભાવથી ભિન્ન પછી ક્ષેત્રથી ભિન્ન.

ઉત્તર :- ભાવથી જુદો પડી ગયો, ક્ષેત્રથી જુદો પડી ગયો, પણ હજી અસ્થિરતાથી જુદો નથી એટલે એકલો જીવ ન થયો એટલે એમ લીધું. એકલો ભગવાન પૂર્ણાનંદની પ્રાપ્તિની પર્યાયથી પૂરો જુદો પડે ત્યારે અજીવને-જીવને પૂર્ણ રીતે જુદો પડ્યો એમ કહેવામાં આવે

છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

'**ટીકા :— આ પ્રમાણે જીવ અને અજીવ જુદા જુદા થઈને...**' પૂરા એમ. '(**રંગભૂમિમાંથી**) **બહાર નીકળી ગયા.**' અજીવ અજીવપણે થઈ ગયું, કર્મ અકર્મપણે પરિણમી ગયું, ભગવાન પૂર્ણાનંદપણે પરિણમી ગયો એમ કહે છે. આહા..હા..! એ અકર્મપણે પરિણમી ગયા પૂરા બધા અજીવ. સમજાણું કાંઈ? પણ આ શરૂઆત અને ભેદજ્ઞાનની દશા દ્વારા આ બધું થાય છે. એને રાખીને, ભેગું રાખીને થાય એમ છે નહિ. એવો એનો સ્વભાવ નથી.

'**ભાવાર્થ :— જીવ-અજીવ અધિકારમાં પહેલાં રંગભૂમિસ્થળ કહીને ત્યાર પછી ટીકાકાર આચાર્યે એમ કહ્યું હતું કે નૃત્યના અખાડામાં જીવ-અજીવ બન્ને એક થઈને પ્રવેશ કરે છે અને બન્નેએ એકપણાનો સ્વાંગ રચ્યો છે. ત્યાં, ભેદજ્ઞાની સમ્યગ્દષ્ટિ પુરુષે સમ્યગ્જ્ઞાન વડે તે જીવ-અજીવ બન્નેની તેમના લક્ષણભેદથી પરીક્ષા કરીને...**' દેખો અહીં તો સમકિતીની વાત છે આ. એને ઠેકાણે કહે કે આ સમયસાર છે એ ક્યાંય ઊંચી દશા (વાળાને માટે છે એમ કહે છે). આહા..હા..! સમજાણું કાંઈ? '**સમ્યગ્દષ્ટિ પુરુષે સમ્યગ્જ્ઞાન વડે તે જીવ-અજીવ બન્નેની તેમના લક્ષણભેદથી પરીક્ષા કરીને...** ' લક્ષણભેદથી. રાગાદિ આકુળતા અને ભગવાન આનંદ, રાગાદિ અચેતન અને ભગવાન ચેતન. આહા..હા..! બેના લક્ષણોથી ભિન્ન કરીને '**બન્નેને જુદા જાણ્યા તેથી સ્વાંગ પૂરો થયો અને બન્ને જુદા જુદા થઈને અખાડાની બહાર નીકળી ગયા.**' લ્યો! આ જીવ થઈ ગયો સિદ્ધ અને કર્મ થઈ ગયા અકર્મ. આહા..હા..!

મુમુક્ષુ :- રાગનું શું થયું?

ઉત્તર :- રાગ હતો જ ક્યાં? એ તો મફતનો ઉભો કર્યો હતો.

**જીવ-અજીવ અનાદિ સંયોગ મિલૈ લખિ મૂઢ ન આતમ પાવૈં,**
**સમ્યક્ ભેદવિજ્ઞાન ભયે બુધ ભિન્ન ગહે નિજભાવ સુદાવૈં;**
**શ્રી ગુરુકે ઉપદેશ સૂનૈ રુ ભલે દિન પાય અજ્ઞાન ગમાવૈં,**
**તે જગમાંહિ મહંત કહાય વસૈં શિવ જાય સુખી નિત થાવૈં.**

'**જીવ-અજીવ અનાદિ સંયોગ મિલૈ લખિ મૂઢ ન આતમ પાવૈં,...**' ભગવાન આત્મા જીવ, રાગાદિ, શરીરાદિ અજીવ '**અનાદિ સંયોગ મિલૈ...**' અનાદિનો સંયોગ. સુવર્ણમાં જેમ સુવર્ણ અને પત્થર ખાણમાં અનાદિના, એમ ભગવાન અનાદિના કર્મ અને રાગના સંબંધમાં રહેલો. સમજાણું કાંઈ? જે જેના સ્વભાવમાં નથી એના બંધમાં, સંબંધમાં, સંગમાં રહ્યો. કહે છે '**સંયોગ મિલૈ લખિ...**' પણ જુદા પાડીને '**મૂઢ ન આતમ પાવૈં,...**' લખિ એટલે જાણીને. આ ભગવાન આત્મા આનંદ અને જ્ઞાન છે અને રાગાદિ તે આકુળતા છે એ અજીવ છે, એ જીવ નહિ. આહા..હા..! એમ '**મૂઢ ન આતમ પાવૈં,...**'

**'સમ્યક્ ભેદવિજ્ઞાન ભયે બુધ...'** જ્ઞાની. સમ્યક્જ્ઞાન ભેદવિજ્ઞાન ભયે. શુભાશુભ પરિણામ વિકારના અને ભગવાન ભિન્ન તેના ભેદજ્ઞાનને પામીને. **'ભિન્ન ગહે...'** એ આત્માને રાગથી ભિન્ન પકડે. **'નિજભાવ સુદાવૈં;...'** પોતાનો જ્ઞાનાનંદ ભાવ તેને પકડે, તે રૂપે પરિણમે. **'સુદાવૈં;...'** ખરો દાવ માંડ્યો એણે કહે છે. આહા..હા..! બાજીગરે બાજી માંડી સ્વભાવમાં રમવાની એમ કહે છે. સમજાણું કાંઈ? બાજીગર રાગ અને રાગની રમતુંમાં રમતો હતો. બાજીગર રાગની રમતમાં રમતો હતો એને સ્વભાવના આરામમાં, રામમાં રમવા લાગ્યો. એનું નામ ધર્મ.

**'શ્રી ગુરુકે ઉપદેશ સૂનૈ...'** અહીં તો કહે છે કે એ ભેદજ્ઞાનનો ઉપદેશ ગુરુએ એવો જ આપેલો હતો. સમજાણું કાંઈ? વિકલ્પથી જુદું પાડવાનો ઉપદેશ એને આપ્યો હતો. એવો એ પામ્યો. સમજાણું કાંઈ? શ્રીગુરુનો ઉપદેશ પણ કેવો એ વાત આમાં આવી. એણે પણ એ ઉપદેશ કર્યો હતો કે વિકલ્પ છે એનાથી ભિન્ન તારી ચીજ છે એમાં તું જા એમ કહ્યું હતું. અમારી સામું જોવું મૂકી દે, અમારા પ્રત્યેનો રાગ મૂકી દે. આહા..હા..! એય..! શેઠ! બુંદેલખંડ. કરેલી બુંદેલ ખંડમાં આવ્યું? કરેલી નજીક છે. આજ પત્ર આવ્યો છે, ભાઈ! એમ કે આ પરમાગમ તમે કરો છો. આવો તરણનો ઉપાય તો બીજે ક્યાંય નથી. તો એક ભેગો ઉદાસીન આશ્રમ ભેગો બનાવો. એય..! શેઠ!

મુમુક્ષુ :- પોતે બનાવ્યું છે.

ઉત્તર :- આ શેઠે ઘણું કર્યું છે. મકાનો કર્યા છે રહેવાના કર્યા છે. શેઠ હતા. મહેનત કરીને એ ઉભા થાય બધા. આ તો બધા ત્યાં રખડતા. એય..! શેઠ! એવો કાગળ આવ્યો હતો કરેલીનો. કેવું નામ? પંચમલાલ. એમ કે આ પરમાગમના ઉદ્‌ઘાટન વખતે ચોર્યાસીમું વર્ષ તમારું બેસે છે. તો હવે એક કમી આ છે. ઉદાસીન આશ્રમ વ્રતી આવીને અજ્ઞાની બિચારા એમ કે સમજે. અરે! અમે તો કોઈને કહેતા નથી કે આવો. ... લોકો કરે અને કહે છે. સમજાણું કાંઈ? પત્ર આવ્યો છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પછી એમ કે વૃત્તિઓ.. પાછું લખ્યું છે એવું કે વ્રતીઓ આવીને અજ્ઞાન ટાળે. પણ એલા વ્રતી ક્યાંથી આવી ત્યાં? છે તો પ્રેમથી બિચારાએ લખ્યું છે. એમ કે આવો મંગળિક મહાપ્રસંગ જગતના ભાગ્ય ખીલ્યા તે આવું મળે છે. એમ બિચારાએ લખ્યું છે હોં ખુબ લખ્યું છે. મોટો કાગળ છે. કરેલી છે. બુંદેલખંડનું નામ લખ્યું છે. બુંદેલખંડમાં એમ કે આપના પગલા થવા જોઈએ. આ એમ કે એક આશ્રમ આવો થવો જોઈએ. ભાઈ આશ્રમ તારો અંદરમાં છે ત્યાં જાને હવે. આવે છેને? પ્રવચનસાર. ભાઈ! પહેલા આશ્રમ પામીને પછી સ્થિરતા ચારિત્ર થાય. આ જેમાં દેવ અને ગુરુ જેમાં રહ્યા છે એ આનંદમાં રહ્યા

છે એ આશ્રમ છે. ગાથામાં આવે છે એ. આહા..હા..! અરે! કુંદકુંદાચાર્યે તો બાકી નથી રાખ્યું. આહા..હા..! જગતને કરુણાથી તરબોળ કરી દીધા છે. આહા..હા..! ભગવાન! એકવાર ઉભો થાને. તારા આશ્રમમાં જા, તને બીજા આશ્રમની જરૂર પડશે નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ કે આ બહુ ૩૦-૩૦ રૂપિયાનો મહિને ખર્ચ ભોગવી શકે નહિ. મહિને ૨૦ રૂપિયાનો ખર્ચ રાખો તો માણસ આવી શકે. આમ છે, તેમ છે. .. એમ લખ્યું છે. ઘણું લખ્યું છે. આ શેઠિયાને સંભળાવીએ છે. બુંદેલખંડના શેઠિયા કહેવાયને, બેય રાજા છે. કહો, સમજાણું કાંઈ? અહીં તો હજી પરમાગમના ઠેકાણા નથી. અઢી વર્ષ, ત્રણ વર્ષ થયા. આ ત્રણ વર્ષ થયા. આ ભાદરવા સુદ ત્રીજે એનું મુહુર્ત કર્યું છે. ખાતમુહુર્ત. ત્રણ વર્ષ થયા. ૬૯માં. ભાદરવા સુદ ત્રીજ. આ ભગવાનજીભાઈએ ૨૧ હજાર રૂપિયા આપ્યા હતાને. આ ત્રણ વર્ષ થયા. આ ચોથું.

મુમુક્ષુ :- એમની ભાવના તો જલ્દી કરવાની છે.

ઉત્તર :- કેમ થાતું નથી પણ ત્યારે? ચીમનભાઈ આવે. એક દિ' આવે અને પછી પંદર દિ' જાય. હવે તો થોડા દિ'માં થઈ જશે. હવે કાળ પાકી ગયો છે. કોને? આહા..હા..!

અહીં તો કહે છે, '**શ્રી ગુરુકે ઉપદેશ સૂનૈ રુ ભલે દિન પાય...**' આહા..હા..! સ્વકાળ લબ્ધિ કહે છે મૂળ તો હોં. '**પાય અજ્ઞાન ગમાવૈં, તે જગમાંહિ મહંત કહાય...**' તે જગતમાં મહંત છે. જે બહિરાત્મા હતો તે અંતરાત્મા થયો. અંતરાત્મા થયો તે પરમાત્મા થશે. એથી '**મહંત કહાય વસૈં શિવ જાય...**' મુક્તિ થશે એની. સુખી '**નિત થાવૈં.**' નિત્ય અનાદિ, સાદિ-અનંત તે આનંદમાં રહેશે. આ એવું ભેદજ્ઞાનનું ફળ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

# પાઠકોની નોંધ માટે